12560

સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા, અસ્તેય
અને અપરિગ્રહ એ પાંચ યમ
પાળવાનું બધા મુમુક્ષુને સરજાયેલ છે.
મુમુક્ષુ બધાએ રહેવું જોઈએ. એ
મનુષ્યના ચારિત્ર્યનો પાયો ઉપરના
યમ પાળવા ઉપર રહ્યો છે. એ યમ
સંસારી બધા જીવને પાળવાના છે
એ વિષે શંકા નથી. વેપારી હોય છતાં
જૂઠું ન બોલીને આચરે. પરણેલ હોય
છતાં બ્રહ્મચર્ય પાળે. ખાતો છતાં મનુષ્ય
અહિંસા પાળી શકે છે. ચોરી ન કરવી
(અસ્તેય પાળવું) ને ધન કે વસ્તુનો
પરિગ્રહ સંસારમાં રહીને કરવો એ
મુશ્કેલ છે છતાં તે આદર્શ ધ્યાનમાં
રાખી રહે તો બાંધછોડ જોઈએ ને
ત્યારે વૈરાગ્યયુક્ત આ મનુષ્ય ત્યારે
મહાત્યાગ પણ કરી શકાય.
ઉપરનાં વ્રત જેણે પાળ્યાં તેણે બધી
ઉપાધિઓમાંથી નીકળવાના રસ્તા
મળી આવે છે.

૩૬

# ગાંધીજીનો અક્ષરદેહ

આ ગ્રંથમાં આવરી લીધેલા ૧લી ફેબ્રુઆરી ૧૯૨૮થી ૩૦ જૂન ૧૯૨૮ના ગાળા દરમિયાન ગાંધીજીએ પ્રમાણમાં "મુસાફરી અને કઠણ જાહેર પ્રવૃત્તિમાંથી" વિરામ લીધો. ખાદીપ્રચાર અર્થેની એમની અતિશ્રમદાયક દક્ષિણયાત્રા પૂરી કરીને ઘણોખરો સમય તેઓ આશ્રમમાં જ રહ્યા હતા. અખિલ ભારત ચરખા સંઘ અને તેની નીચે કામ કરતી સંસ્થાઓને વધારે મજબૂત કરવામાં આવે અને તેમનું કાર્યક્ષેત્ર વિસ્તારવામાં આવે તેમ જ ખાદીકાર્ય "બાળબચ્ચાં, સ્ત્રીપુરુષ, હિંદુમુસલમાન બધાં કરી શકે" એટલું જ ગાંધીજી ચાહતા નહોતા. તે એમ પણ ચાહતા હતા કે મિલો પણ પોતાના માલની કિંમતનું ચોક્કસ ધોરણ નક્કી કરીને, તેમનો નફો ઓછો કરીને અને ખાદીના વેચાણનું કામ ઉપાડી લઈને વિદેશી વસ્ત્રના બહિષ્કારના કામમાં મદદ કરે. "શક્ય હોય તો મિલોના સહકારથી, નહીં તો સહકાર વિના પણ" ગાંધીજી એ કાર્યક્રમ પાર પાડવા માટે મક્કમ હતા.

ચૌરીચૌરાની કરુણ ઘટનાને પરિણામે પડતા મૂકવામાં આવેલા પહેલા બારડોલી સત્યાગ્રહ પછી છ વર્ષે શરૂ કરવામાં આવેલો બારડોલીનો સત્યાગ્રહ આ ગાળાનો સૌથી મહત્ત્વનો બનાવ હતો. જમીનમહેસૂલની આકારણીમાં કરવામાં આવેલા અસાધારણ વધારાને કારણે આ ૧૯૨૮નો સત્યાગ્રહ ઊભો થયો. આ પ્રશ્નની તપાસ કરવા એક તટસ્થ તપાસપંચ નીમવાની ખેડૂતોએ માગણી કરી. પરંતુ સરકારે એ બાબતમાં જક્કી વલણ લેતાં ખેડૂતોએ સત્યાગ્રહ કર્યો. આ સત્યાગ્રહે મહેસૂલ નહીં ભરવાનું રૂપ લીધું. સરકારને આમાં પોતાની સત્તાને પડકાર થતો દેખાયો. સામુદાયિક ધરપકડો કરી, પોલીસો અને પઠાણો દ્વારા લોકોને દમદાટી અપાવી અને તેમનાં ઢોરઢાંખર તથા જર-જમીનો જપ્ત અને હરાજ કરી લડતને કચડી નાખવા સરકાર પોતાની બધી તાકાત સાથે તૂટી પડી. પરંતુ ખેડૂતો નીડર અને શાંત રહ્યા. ગાંધીજીએ દૂર રહ્યા રહ્યા આ લડતને દોરવણી આપી અને લોકોના કેસની તરફેણમાં પ્રજામત કેળવ્યો.

[ પાછલા ફ્લૅપ પર ચાલુ ]

Gandhi Heritage Portal

12560

## તિથિપત્ર

12560

| | | | |
|---|---|---|---|
| 26/3/77 | | | |

ગાંધી સ્મારક સંગ્રહાલય

ક્રા. સં. —

પ્ર. સં. 12560 વાંચવા માટે મુક્ત કર્યા તારીખ 22 AUG 1975

આ પુસ્તક છેલ્લે દર્શાવેલી તારીખ પહેલાં અથવા તે જ દિવસે પાછું આપી દેવું જોઈએ. તે તારીખ પછી જો પુસ્તક પાછું આપવામાં આવશે તો દરરોજના ૦૦-૦૫ ન. પૈ. લેખે અતિદેય આપવું પડશે.

Gandhi Heritage Portal

# ગાંધીજીનો અક્ષરદેહ

## ૩૬

[ફેબ્રુઆરી ૧૯૨૮થી જૂન ૧૯૨૮]

12560

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

# ગાંધીજીનો અક્ષરદેહ

[મહાત્મા ગાંધીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ]

## ૩૬

[ફેબ્રુઆરી ૧૯૨૮થી જૂન ૧૯૨૮]

REFERENCE BOOK

ગાંધી સ્મારક સંગ્રહ ગ્રંથાલય અમદાવાદ-૧૩

પ્રકાશક તરફથી ભેટ

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૩૮૦૦૧૪

Gandhi Heritage Portal

–X·156
GAN
12560

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૭૫

પહેલી આવૃત્તિ, ઍપ્રિલ ૧૯૭૫ : પ્રત ૩,૦૦૦

રૂ. ૧૬.૫૦

30 JAN 1983

મુદ્રક અને પ્રકાશક : શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૩૮૦૦૧૪

Gandhi Heritage Portal

# પ્રસ્તાવના

આ ગ્રંથમાં આવરી લીધેલા ૧લી ફેબ્રુઆરી ૧૯૨૮થી ૩૦ જૂન ૧૯૨૮ના પાંચ મહિનાના ગાળા દરમિયાન ગાંધીજી પ્રમાણમાં "મુસાફરી અને કઠણ જાહેર પ્રવૃત્તિમાંથી" વિરામ લઈ (પા. ૨૮) ઘણોખરો સમય આશ્રમમાં જ રહ્યા હતા. ખાદી-પ્રચાર અર્થેની અતિશ્રમદાયક દક્ષિણયાત્રા એમણે થોડા વખત પર જ પૂરી કરી હતી; વિદેશી વસ્ત્રોના બહિષ્કારના કાર્યક્રમના એક સબળ સાધન તરીકે ખાદીએ એક વિશેષ મહત્ત્વ મેળવ્યું હતું. ખાદીકાર્યનો ઉપયોગ હવે રાષ્ટ્રીય માગણી પાછળના એક પ્રભાવશાળી બળ તરીકે કરવાનો હતો અને "શકય હોય તો મિલોના સહકારથી નહીં તો સહકાર વિના પણ" (પા. ૭૫) ગાંધીજી એ કાર્યક્રમ પાર પાડવા માટે મક્કમ હતા. અખિલ ભારત ચરખા સંઘ અને તેની નીચે કામ કરતી સંસ્થાઓને વધારે મજબૂત કરવામાં આવે અને તેમનું કાર્યક્ષેત્ર વિસ્તારવામાં આવે તેમ જ ખાદીકાર્ય "બાળબચ્ચાં, સ્ત્રીપુરુષ, હિંદુમુસલમાન બધાં કરી શકે" (પા. ૧૭૦), એટલું જ ગાંધીજી ચાહતા નહોતા. તે એમ પણ ચાહતા હતા કે મિલો પણ પોતાના માલની કિંમતનું ચોક્કસ ધોરણ નક્કી કરીને, તેમનો નફો ઓછો કરીને અને ખાદીના વેચાણનું કામ ઉપાડી લઈને વિદેશી વસ્ત્રના બહિષ્કારના કામમાં મદદ કરે. મિલોએ આનો બહુ ઉત્સાહજનક પડઘો પાડયો નહીં અને ગાંધીજીને તરત જ સમજાઈ ગયું કે આ "પ્રયત્નમાંથી તુરતમાં કશું ફળ આવે એમ નથી" (પા. ૨૧૭). તેમ છતાં "અહિંસક પદ્ધતિમાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવનારી એક વ્યક્તિ તરીકે "મિલમાલિકો રાષ્ટ્રીય દૃષ્ટિબિંદુ સ્વીકારે તે માટે તેમણે ખંતપૂર્વક પ્રયત્ન કરવાનું ચાલુ રાખ્યું અને સાથે સાથે "જેઓ સમજાવેલા સમજે નહીં અને માર્ગમાં હઠ કરી આડા ઊભા રહેશે" (પા. ૨૧૭) તેઓની સામે સત્યાગ્રહ કરવાની ચેતવણી આપી.

સર જૉન સાઈમનના અધ્યક્ષપદ નીચેના વિલાયતી કમિશનના આગમન પ્રસંગે દેશભરમાં તેની સામે જે તોફાનો ફાટી નીકળ્યાં તેનો આ પુસ્તકમાં અછડતો ઉલ્લેખ જ જોવા મળે છે. કારણ કે ગાંધીજી "ઘણો વિચાર કર્યા પછી અને પોતાની ઇચ્છાને ખૂબ દબાવીને" એ કમિશનના બહિષ્કારમાં સક્રિય રીતે જોડાતાં દૂર રહ્યા કેમ કે એ જાણતા હતા કે તેમના વચ્ચે પડવાથી આમજનતા એ લડતમાં જોડાશે, અને તેથી "કદાચ નેતાઓને મૂંઝવણ થાત" (પા. ૧૪).

તે જ પ્રમાણે સરકારનો અને વિલાયતી કમિશનનો મક્કમ સામનો કરવા માટે યોજાયેલી સર્વપક્ષી પરિષદ બાબતમાં ગાંધીજીએ દુઃખભર્યું મૌન ચાલુ રાખ્યું. પરિષદનું કશું પરિણામ આવે એમ લાગતું નહોતું. અને દસ દિવસને અંતે જવાહરલાલ નેહરુને માટે બોજો અસહ્ય થઈ પડયો હતો (પા. ૫૬). ગાંધીજીએ લાગણીવશ થઈને એક કાગળમાં મોતીલાલ નેહરુને લખ્યું: "એક આખા રાષ્ટ્રનું વ્યવસ્થિત અપમાન થઈ રહ્યું હોય તે વખતે આપણે પોતાની જાતનું ભારે શોચનીય પ્રદર્શન કરી રહ્યા છીએ" (પા. ૬૬).

ચૌરીચૌરીની કરુણ ઘટનાને પરિણામે પડતા મૂકવામાં આવેલા પહેલા બારડોલી સત્યાગ્રહ પછી છ વર્ષે શરૂ કરવામાં આવેલો બારડોલીનો સત્યાગ્રહ આ ગાળાનો સૌથી મહત્ત્વનો બનાવ હતો. જમીન મહેસૂલની આકારણીમાં કરવામાં આવેલા અસાધારણ વધારાને કારણે આ ૧૯૨૮નો સત્યાગ્રહ ઊભો થયો. આ પ્રશ્નની તપાસ કરવા એક તટસ્થ તપાસપંચ નીમવાની ખેડૂતોએ

Gandhi Heritage Portal

માગણી કરી, પરંતુ સરકારે એ બાબતમાં જક્કી વલણ લેતાં ખેડૂતોએ સત્યાગ્રહ કર્યો. આ સત્યાગ્રહે મહેસૂલ નહીં ભરવાનું રૂપ લીધું. સરકારને આમાં પોતાની સત્તાને પડકાર થતો દેખાયો અને ખેડૂતોના જુસ્સાને કચડી કાઢવા પોતાની બધી તાકાત સાથે તે તૂટી પડી. સામુદાયિક ધરપકડો કરવામાં આવી, પોલીસો અને પઠાણો દ્વારા લોકોને દમદાટી આપવામાં આવી, અને તેમનાં ઢોરઢાંખર તથા જરજમીનો જપ્ત અને હરાજ કરવામાં આવ્યાં. પરંતુ વલ્લભભાઈ પટેલની અણનમ આગેવાની નીચે ખેડૂતો નીડર અને શાંત રહ્યા. ગાંધીજીએ દૂર રહ્યા રહ્યા આ લડતને દોરવણી આપી, વલ્લભભાઈ અને વિઠ્ઠલભાઈએ લખવાના કાગળના મુસદ્દા પણ એમણે ઘડ્યા, અને લોકોના કેસની તરફેણમાં પ્રજામત કેળવ્યો. કારણ "શાંત અને સંયમપૂર્ણ પ્રતિકાર કરવાની શક્તિ" અને "સામુદાયિક રીતે યાતનાઓ અને વિટંબણાઓ સહન કરવાની" તાલીમ આપતો હોવાથી આ મર્યાદિત અને સ્થાનિક સત્યાગ્રહ સ્વરાજ્યની દિશામાં એક પગલારૂપ પણ હતો. (પા. ૮૯).

પોતાના ચિંતનમાં ગાંધીજી વધુ ને વધુ અંતર્મુખ બનતા જતા હતા તેનું દર્શન આપણને આ પુસ્તકમાં થાય છે. પોતે જ પોતાના મૃત્યુની આગાહી કરી છે એવા એક છાપાના અહેવાલનો ઉલ્લેખ કરીને ગાંધીજીએ રાજગોપાલાચારીને લખ્યું : "૧૭મીએ મારું મૃત્યુ ન થયું એથી ઘણા દુ:ખી થયા છે. . . . કદાચ એ દુ:ખી થનારાઓમાં હું પોતે પણ એક હોઈશ. કદાચ મારું એક જાતનું મૃત્યુ તો થઈ ચૂક્યું છે, આપણે આગળ વિચાર કરીશું"(પા. ૧૧૫). ૧૯૨૬ના આરંભમાં ગાંધીજી સ્વેચ્છાએ સક્રિય રાજકારણમાંથી નિવૃત્ત થયા. ત્યાર પછીનાં બે વર્ષના તેમના ચિંતન અને આત્મનિરીક્ષણને પરિણામે ગાંધીજીમાં જાણે નવી સૂક્ષ્મ આધ્યાત્મિક દૃષ્ટિ ખીલી. આ ગાળા દરમિયાન ગાંધીજીએ ગીતાનો ઊંડો અભ્યાસ કર્યો અને આશ્રમના અંતેવાસીઓ આગળ ગીતા પર પ્રવચનો આપ્યાં. આત્મકથાના સાપ્તાહિક હપતાઓ લખતા ગયા તેમ તેઓ પોતાના ભૂતકાળના જીવન તરફ વધારે તટસ્થતાથી તેમ જ નમ્રતાથી જોતા થયા. જેન હાવર્ડ પરના તેમના ૧૨મી માર્ચના કાગળમાં ગાંધીજીએ લખ્યું : "પરંતુ મારો એવો ઈરાદો હતો કે લોકો મને એક નમ્ર શાંતિચાહક માણસ તરીકે ઓળખતા હોય તો તેમણે એ પણ જાણવું જોઈએ કે એક વખત હું નર્યો પશુ થઈ શક્યો હતો, જોકે સાથે સાથે હું એક પ્રેમાળ પતિ હોવાનો પણ દાવો કરતો હતો. એક વખત મારા એક મિત્રે મને પવિત્ર ગાય અને વિકરાળ વાઘના મિશ્રણ તરીકે વર્ણવ્યો હતો" (પા.૯૯). યંગ ઇન્ડિયાના લેખમાં પણ તેમણે કબૂલ કર્યું કે, "યુદ્ધમાં ભાગ લેવા પાછળનો મારો હેતુ બેશક મિશ્ર હતો" (પા. ૧૦૬). એમાં દુનિયાદારીની દૃષ્ટિએ હેતુ "સામ્રાજ્યના રાજપુરુષોની શુભેચ્છા મારફતે સ્વરાજ માટે લાયક બનવાનો હતો" (પા. ૧૦૭).

પડદા સામેની ઝુંબેશમાં પોતાની પુત્રીને મદદ કરવા બિહાર ગયેલા મગનલાલ ગાંધીનું ત્યાં ટૂંકી માંદગીમાં ૧૯૨૮માં એપ્રિલની ૨૩મીએ અવસાન થતાં ગાંધીજીને ભારે અંગત ખોટ સહન કરવી પડી. પોતાનો આ ભત્રીજો તેમના પછી આશ્રમનો હવાલો લે એવું ગાંધીજીનું સ્વપ્નું હતું અને તે માટે તે પ્રયત્ન પણ કરતા હતા. પણ હવે તેમને માટે કોઈ સાંત્વન નહોતું. એપ્રિલની ૨૬મીએ તેમણે ઍન્ડ્રૂઝને લખ્યું કે "આ કદાચ મારા જીવનની મોટામાં મોટી કસોટી છે." "મારો ઉત્તમ સાથી ગયો" એ લેખમાં મગનલાલને તેમણે "હાથ, પગ અને આંખ" તરીકે વર્ણવ્યા અને ઉમેર્યું કે, "આ લખું છું ત્યાં પોતાના પ્રિયતમના વિયોગથી ઘવાયેલી વિધવાનાં ડૂસકાં સંભળાય છે. એને બાપડીને શી ખબર હોય કે એના કરતાં મારું વૈધવ્ય આકરું છે!

Gandhi Heritage Portal

અને ઈશ્વરમાં મને જીવંત શ્રદ્ધા ન હોત, તો જે મને મારા પોતાના પુત્રો કરતાં પણ ઘણા વહાલા હતા...તેમને ગુમાવ્યાથી હું લવરીખોર પાગલ બની ગયો હોત. એમનું જીવન મારે માટે પ્રેરણારૂપ બન્યું છે, નૈતિક નિયમની અસરકારકતા અને સર્વોપરીતાનું સ્થાયી નિદર્શન બની ગયું છે" (પા. ૨૬૩). દેશસેવા, જગતસેવા, આત્મજ્ઞાન, ઈશ્વરદર્શન, એ નોખી વસ્તુઓ નથી, પણ એક જ વસ્તુનાં જુદાં જુદાં સ્વરૂપ છે. એ સત્ય મગનલાલે પોતાના જીવન દ્વારા કેવી રીતે શીખવ્યું એ ગાંધીજીએ પોતાના ગુજરાતી લેખમાં બતાવ્યું છે (પા. ૨૮૦). તેમના પુત્ર મણિલાલ ઉપરના ૭મી મેના પત્રમાં તેમણે લખેલું: "મારી જિંદગી બદલાયેલી હમણાં હું અનુભવી રહ્યો છું. અદૃશ્ય રીતે, અનિચ્છાએ પણ માંહે આંદોલન ચાલી રહ્યું છે. મગનલાલનો આત્મા મારી ઉપર સામ્રાજ્ય ભોગવી રહ્યો છે." (પા. ૨૯૬).

તેમ છતાં ઍની મેરી પિટર્સન ઉપરના એક પત્રમાં ગાંધીજીએ સમજાવ્યું તેમ ઈશ્વર પરની તેમની શ્રદ્ધાએ તેમના આ વિષાદને આનંદમાં પલટાવી નાખ્યો હતો અને તેમને "વધારે મહાન સેવા માટે, વધારે મહાન સમર્પણ માટે પ્રોત્સાહન" આપ્યું હતું (પા. ૩૦૫). તેથી તેમણે પોતાનું સમગ્ર ધ્યાન આશ્રમને, પોતાના "ઉત્તમ સર્જનને" (પા. ૧ તથા ૨૫૧) નવું સ્વરૂપ આપવા પર કેન્દ્રિત કર્યું હતું. અને તેથી જ "તેના આદર્શો સાથે તેને વધારે સુસંગત કરવા" તે મથતા હતા (પા. ૩૪૦). અહીં તેમ જ ગૂજરાત વિદ્યાપીઠમાં પણ (પા. ૭) તેઓ ગુણવત્તા માટે બધું જ ન્યોછાવર કરવા તૈયાર હતા. તેથી તેમણે આશ્રમના બંધારણમાં સુધારાવધારા કરાવ્યા, બ્રહ્મચર્યના નિયમને અનિવાર્ય બનાવ્યો, અને દરેક આશ્રમવાસીને માટે સંયુક્ત રસોડું હોવું જોઈએ એ માટે આગ્રહ રાખ્યો. જેમાં આશ્રમના "ઘણા સાથીઓનો ભાગ છે" એ નિયમાવલિ નવજીવનમાં પ્રસિદ્ધ કરવામાં આવી (પા. ૩૯૩થી ૪૦૪). અને તેના અંગે ટીકાટિપ્પણો અને સૂચનો માગવામાં આવ્યાં.

ગાંધીજીની યુરોપની શકય મુલાકાત, જે છેવટે ફળીભૂત થઈ નહીં, તેને વિશે પુસ્તકમાં અવારનવાર ઉલ્લેખો આવે છે. આ મુલાકાતનો મુખ્ય હેતુ શાંતિના ધ્યેયને ખાતર રોમાં રોલાં અને યુરોપના બીજા કાર્યકરોને મળવાનો હતો. "રોલાંને મળવાની મને ઉત્કંઠા છે. યુરોપના તે ડાહ્યામાં ડાહ્યા પુરુષ જણાય છે. તે મારામાં અસાધારણ રસ ધરાવે છે અને કોઈ એક વસ્તુ વિશેના મારા અભિપ્રાયમાં તેમને કશો દોષ દેખાય તો તે વ્યથિત થાય છે" (પા. ૧૧૫). પરંતુ ગાંધીજીની બાબતમાં હમેશાં બનતું આવ્યું છે તેમ મિત્ર માટેના માન કરતાં તેમને સત્યની ચિંતા વધારે હતી અને તેથી તેઓએ રોલાંને લખ્યું: "હું તમારી મારા વિશેની ભાવનાને લાયક બનવા માગું છું, પરંતુ તમારી ઉષ્માભરી મૈત્રીને હું જો સદા લાયક બનવા ચાહતો હોઉં, તો મારે મારી જાત પ્રત્યે પણ વફાદાર રહેવું જોઈએ" (પા. ૨૫). કાં તો એકબીજાને રૂબરૂ મળવાથી પરસ્પરનો ભ્રમ ભાંગી જવાનો ગાંધીજીને ભય હોય તેથી કે પછી જે મિશન માટે તેઓ માનસિક રીતે તૈયાર નહોતા તે મિશન માટે તેઓ વધુ પડતા સભાન હોય તે કારણે, આ મુલાકાત બાબત કોઈ પણ નિર્ણય પર આવવાનું તેમને માટે બહુ મુશ્કેલ બન્યું. મ્યુરિયલ લેસ્ટરને એક પત્રમાં તેમણે લખ્યું: "યુરોપ જવું કે નહીં તે બાબતનો નિર્ણય કરવા પૂરતી હિંમત હું એકઠી કરી શકતો નથી" (પા. ૨૨૫). પોતાની આ અસ્થિરતાથી ગાંધીજી પરેશાન પણ હતા. એપ્રિલની ૭મી તારીખે ડૉ. અનસારીને એક પત્રમાં તેમણે લખ્યું: "યુરોપની સૂચિત મુલાકાત મને હમણાં ખૂબ જ મૂંઝવી રહી છે. હું મારી જાતે નિર્ણય કરી શકતો નથી. હું જાણું છું કે મારે આવી ડામાડોળ સ્થિતિમાં રહેવું ન જોઈએ. પરંતુ મારી નબળાઈ ઢાંકવાથી મને શો ફાયદો?

Gandhi Heritage Portal

એને માટે હું કશું કારણ આપી શકતો નથી" (પા. ૨૦૦). આ બાબતમાં નિર્ણય કરવાની જવાબદારી ગાંધીજીએ રોલાં ઉપર છોડી અને રોલાંએ એ જવાબદારી લેવાની ના પાડતાં એ બાબત ત્યાં જ પડતી મૂકવામાં આવી.

એક લેખમાળા દ્વારા ગાંધીજીએ આજની શિક્ષણપ્રથાની પોકળતા ખુલ્લી પાડી અને ગ્રામ-જીવન પર આધારિત, ગ્રામલક્ષી કેળવણી બાબતના પોતાના વિચારો રજૂ કર્યા. ગાંધીજીએ તેમાં એવો આગ્રહ રાખ્યો કે સર્વ બાળકો કેવળ રામાયણ અને મહાભારતના ગ્રંથોથી જ નહીં પરંતુ, "તેના આધ્યાત્મિક તથા આધુનિક અર્થોથી" (પા. ૩૪૧) પણ માહિતગાર હોય. ફરીથી તેમણે જણાવ્યું : "મહાભારત રામાયણાદિમાં વર્ણવેલી વસ્તુના અક્ષરને વળગી રહેતાં આપણે અસત્યને માર્ગે દોરવાઈ જઈ ઊંધે માથે ખીણમાં પડી જવાના છીએ. તેના મર્મને સમજી તેનું પાલન કરવાથી અને તેને અનુભવમાં ઉતારવાથી આપણે અવશ્ય ઊંચે ચડવાના છીએ" (પા. ૪૪૯). રામનવમી વિશેના એક વાર્તાલાપમાં (પા. ૧૬૨–૪). આપણાં પુરાણોની કથાઓમાં રહેલો આધ્યાત્મિક અને રૂપકાત્મક ભાવ તેમણે વિસ્તારથી સમજાવ્યો. એ પુરાણો રામ અને કૃષ્ણમાં રહેલી આપણી કાવ્યમય શ્રદ્ધાને દૃઢ કરે છે અને એ રીતે પુરાણના નાયકને આપણા અંતઃ-કરણ ઉપર રાજ કરવા આપણા હૃદયના સિંહાસને સ્થાપે છે. આનાથી આપણને ક્ષણિક છતાં અલૌકિક આનંદનો અનુભવ થાય છે, અને ધર્મનું આચરણ સહજ અને સરલ બને છે. એક નિયમ તરીકે "બ્રહ્મચર્ય વિના આત્માનો સંપૂર્ણ વિકાસ અસંભવિત છે" (પા. ૪૫૦). એમ સ્થાપિત કરતાં એમને બ્રહ્મચર્ય અને બીજા સદ્‌ગુણોની ચાવી એકનિષ્ઠ ભક્તિમાં મળી આવી. "રામના અનન્ય ભક્ત અને સેવક" એવા હનુમાનની નિશ્ચલ દૃષ્ટિનું અનુકરણ કરીને નાનાં બાળકો પણ એવી એકનિષ્ઠ ભક્તિ કેળવી શકે છે (પા. ૧૮૨).

માનસિક દ્વિધામાંથી ઊભાં થતાં અનેક અનિષ્ટો અને આફતોના ઇલાજ તરીકે ગાંધીજીને "નિર્ણયાત્મક, દૃઢ, સ્પષ્ટ પગલું પ્રકાશિત સૂર્યસમું છે; જે બધા અંધકારને વિદારે છે એટલું જ નહીં પરંતુ રોગોનાં બધાં જંતુઓનો નાશ કરે છે" (પા. ૨૪૬). સાચો ધર્મ જીવનની નાનામાં નાની બાબતમાં પણ જણાઈ આવશે એવો તેમનો દૃઢ વિશ્વાસ હોવાથી તેમણે "આરોગ્ય ને સુખાકારીના રક્ષણને લગતા સામાજિક અને રાજકીય જીવનમાં જરા સરખી પણ અનિયમિતતાને આધ્યાત્મિક દારિદ્રની નિશાની" તરીકે ગણી (પા. ૪૪૨).

પુસ્તકમાં બે સ્મરણીય સંદેશાનો સમાવેશ થયેલો છે : એક સંદેશો ઇન્ટરનેશનલ ફેલોશિપને આપેલો છે, જેમાં તેઓ કહે છે : "ભ્રાતૃભાવની સાચી પ્રગતિ ભ્રાતૃભાવના મૂંગા કાર્યમાંથી જ મળી આવે છે. તે વિશેની ટનબંધી વાતો કરતાં, એક નાનકડું કાર્ય વધારે અસરકારક નીવડે છે" (પા. ૨૦૨). બીજો સંદેશો અમેરિકાના ખ્રિસ્તી યુવક સંઘને આપેલો છે. તેમાં તેઓ લખે છે : "ઈશ્વર સત્ય છે. એ સત્યને પહોંચવાનો માર્ગ જીવમાત્રની પ્રેમપૂર્વક સેવા કરવાનો છે" (પા. ૨૭૬).

Gandhi Heritage Portal

# વાચકોને સૂચના

ગુજરાતી લખાણ ફરીથી પ્રગટ કરતી વખતે મૂળને વધુમાં વધુ વફાદાર રહેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મુદ્રણના દેખીતા દોષો દૂર કરવામાં આવ્યા છે અને મૂળ લખાણમાં સંક્ષિપ્ત હોય તેવા શબ્દો આખા લખવામાં આવ્યા છે. નામો કે શબ્દોની જુદી જુદી જોડણી સુધારવામાં આવી છે.

મોટા કૌંસમાં આપેલી પ્રાસ્તાવિક નોંધ તથા લેખોની અંદર આપેલી તેવા જ કૌંસમાં મૂકેલી સામગ્રી સંપાદકોએ લખેલી છે. મૂળમાં આવતા ગોળ કૌંસો કાયમ રાખવામાં આવ્યા છે. ગાંધીજીએ ટાંકેલાં ભાષણો, અવતરણો વગેરેનાં મૂળ લખાણો હાંસિયો છોડી ચાલુ ટાઇપમાં જ છાપવામાં આવ્યાં છે. ગાંધીજીના શબ્દોમાં ન હોય તેવાં લખાણો, ભાષણો તથા અદાલતના કામકાજ વગેરેના પરોક્ષ હેવાલો ચાલુ ટાઇપ અને ચાલુ માપમાં પણ પાતળા લેડમાં, એટલે કે લીટીઓ વચ્ચે ચાલુ અંતર કરતાં ઓછું અંતર રાખીને છાપ્યા છે.

અંગ્રેજી અને હિંદી લખાણોનો તરજુમો અસલ લખાણને વફાદાર રહીને સરળતાથી સમજી શકાય એ રીતે કરવામાં આવ્યો છે.

લખાણની તારીખ ઉપલબ્ધ હોય અથવા અનુમાનથી નક્કી કરેલી હોય ત્યાં પાનને મથાળે જમણા હાથ પરના ખૂણામાં દર્શાવવામાં આવી છે. જો મૂળ લખાણ તારીખ વિનાનું મળ્યું હોય તો અનુમાનથી નક્કી કરેલી તારીખ, જરૂર મુજબ કારણો સાથે મોટા કૌંસમાં આપવામાં આવી છે. લખાણને અંતે લખાણનાં મૂળ તથા તારીખ આપવામાં આવ્યાં છે. એ તારીખ લખાણની પ્રસિદ્ધિની તારીખ છે. ગાંધીજીનાં જે લખાણો તારીખ વિનાનાં હોય અથવા જેની તારીખ ખાસ સંજોગો પ્રમાણે નક્કી થઈ શકી ન હોય તે પ્રગટ થયાની તારીખો પ્રમાણે ગોઠવવામાં આવ્યાં છે.

સત્યના પ્રયોગો અથવા આત્મકથાનો ઉલ્લેખ એ ગ્રંથની જુદી જુદી આવૃત્તિનાં જુદાં જુદાં પાનાંને લક્ષમાં લેતાં તે ગ્રંથના ભાગ અને પ્રકરણ પૂરતો મર્યાદિત છે.

મૂળ લખાણના ટૂંકાક્ષરી ઉલ્લેખોમાં એસ. એન. એટલે સાબરમતી સંગ્રહાલય, અમદાવાદના ઉપલબ્ધ દસ્તાવેજો; જી. એન. એટલે ગાંધી સ્મારક નિધિ અને સંગ્રહાલય, નવી દિલ્હીના દસ્તાવેજો; સી. ડબ્લ્યુ. એટલે "કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી"એ છૂટક વ્યક્તિઓ પાસેથી મેળવેલા પત્રો.

આ ગ્રંથને પ્રસ્તુત હોય તેવી સામગ્રી પરિશિષ્ટમાં આપવામાં આવી છે. લખાણોના આધારરૂપ સાહિત્યની યાદી તથા આ ગ્રંથ જે સમયને આવરે છે તેની તારીખવાર નોંધ ગ્રંથના અંત ભાગમાં આપવામાં આવી છે.

આ ગ્રંથમાં મૂળ અંગ્રેજી લખાણની જગ્યાએ, ગાંધીજીએ જાતે લખેલા હોય તેવા લેખો મૂળ ગુજરાતી તરીકે સામેલ કર્યા છે. એ લેખોની ક્રમસંખ્યા નીચે આપી છે :

૧, ૪, ૨૨, ૧૯૧, ૩૪૩, ૪૭૮.

અંગ્રેજી ગ્રંથનો પુરવણીનો લેખ તારીખ પ્રમાણે ૬(૧) તરીકે આપ્યો છે.

Gandhi Heritage Portal

# ઋણસ્વીકાર

આ પુસ્તકની સામગ્રી માટે અમે સાબરમતી આશ્રમ સંરક્ષક અને સ્મારક ટ્રસ્ટ અને સંગ્રહાલય; નવજીવન ટ્રસ્ટ અને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ; ગાંધી સ્મારક નિધિ અને સંગ્રહાલય અને નેહરુ સ્મારક સંગ્રહાલય અને પુસ્તકાલય નવી દિલ્હી; શ્રી ઘનશ્યામદાસ બિરલા, કલકત્તા; મિ. એલ્મર મૉડ, ચેમ્સફર્ડ; શ્રી એસ. આર. વેંકટરામન, મદ્રાસ; શ્રીમતી પ્રેમલીલાબહેન ઠાકરસી, પૂના; શ્રીમતી તેહમીનાબહેન ખંભાતા, મુંબઈ; શ્રીમતી રાધાબહેન ચૌધરી, નવી દિલ્હી; શ્રી શાંતિકુમાર મોરારજી, મુંબઈ; શ્રી ટી. નાગેશ રાવ, પુત્તુર, દક્ષિણ કેનેરા; શ્રી યુ. રાજાગોપાલા કૃષ્ણૈય્યા, શ્રી નારણદાસ ગાંધી, રાજકોટ; શ્રી શ્રીનાથ સિંહ, અલ્લાહાબાદ; શ્રી રવિશંકર મહારાજ; શ્રી હરિભાઉ ઉપાધ્યાય; શ્રીમતી મીરાંબહેન, ઇંગ્લંડ; મિ. એફ. એચ. બ્રાઉન, લંડન; શ્રી નારાયણ દેસાઈ, બારડોલી; શ્રી લાલચંદ જેચંદ વોરા, બગસરા; તથા નીચેનાં પુસ્તકોના પ્રકાશકોના આભારી છીએ : बापु, बापुना पत्रो–मणिबहेन पटेलने, बापुना पत्रो–सरदार वल्लभभाईने, बापुनी प्रसादी, पांचमा पुत्रने बापुना आशीर्वाद, बारडोली सत्याग्रहनो इतिहास.

નીચેનાં વર્તમાનપત્રો તથા સામયિકોના પણ અમે આભારી છીએ : बॉम्बे क्रॉनिकल, हिन्दु, नवजीवन, प्रजाबंधु, यंग इन्डिया અને मजूरसंदेश.

સંશોધન અને સંદર્ભ ગ્રંથોની સગવડો માટે ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટી પુસ્તકાલય, ગાંધી સ્મારક સંગ્રહાલય, ઇન્ડિયન કાઉન્સિલ ઑફ વર્લ્ડ અફેર્સ પુસ્તકાલય, માહિતી અને પ્રસારણ મંત્રાલયનો સંશોધન અને સંદર્ભ વિભાગ, નવી દિલ્હી, સાબરમતી સંગ્રહાલય અને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ; શ્રી પ્યારેલાલ નય્યર, નવી દિલ્હી તેમ જ દસ્તાવેજો તૈયાર કરવા માટે માહિતી અને પ્રસારણ મંત્રાલયનો ફોટો વિભાગ, નવી દિલ્હી અમારા આભારને પાત્ર છે.

Gandhi Heritage Portal

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય
અમદાવાદ

# અનુક્રમણિકા


પ્રસ્તાવના ૫
વાચકોને સૂચના ૯
ઋણસ્વીકાર ૧૦
૧. ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ (૧-૨-'૨૮) ૧
૨. એન. આર. મલકાનીને પત્ર (૧-૨-'૨૮) ૨
૩. મિસ મેયો ફરીથી (૨-૨-'૨૮) ૨
૪. ગૂજરાત વિદ્યાપીઠ (૫-૨-'૨૮) ૪
૫. મુંબઈના લોકોને અપીલ (૩-૨-'૨૮) ૮
૬. અમદાવાદની જાહેર સભાને સંદેશો (૩-૨-'૨૮) ૮
૬(૧). કુવલયાનંદને પત્ર (૩-૨-'૨૮) ૯
૭. રામેશ્વરદાસ પોદ્દારને પત્ર (૪-૨-'૨૮) ૯
૮. રેવાશંકર ઝવેરીને પત્ર (૬-૨-'૨૮) ૧૦
૯. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૭-૨-'૨૮) ૧૧
૧૦. ગૂજરાત વિદ્યાપીઠમાં મળેલ સભાને સંદેશો (૭-૨-'૨૮) ૧૨
૧૧. એન. આર. મલકાનીને પત્ર (૮-૨-'૨૮) ૧૨
૧૨. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૮-૨-'૨૮) ૧૩
૧૩. મિસિસ એલ. સી. ઉન્નીને પત્ર (૮-૨-'૨૮) ૧૩
૧૪. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૮-૨-'૨૮) ૧૪
૧૫. હડતાળ પછી? (૯-૨-'૨૮) ૧૪
૧૬. નોંધ (૯-૨-'૨૮) ૧૬
૧૭. ડૉ. એમ. એ. અનસારીને પત્ર (૧૧-૨-'૨૮) ૧૯
૧૮. મોતીલાલ નેહરુને પત્ર (૧૧-૨-'૨૮) ૨૦
૧૯. એ. ફેનર બ્રૉકવેને પત્ર (૧૧-૨-'૨૮) ૨૦
૨૦. લિલા બ્રૉકવેને પત્ર (૧૧-૨-'૨૮) ૨૧
૨૧. હેરલ્ડ એફ. બિંગને પત્ર (૧૧-૨-'૨૮) ૨૨
૨૨. બારડોલી તાલુકાના પ્રતિનિધિઓ સાથેનો વાર્તાલાપ (૧૨-૨-'૨૮) ૨૨
૨૩. રિચાર્ડ બી. ગ્રેગને પત્ર (૧૨-૨-'૨૮) ૨૩
૨૪. મિસિસ હાર્કરને પત્ર (૧૨-૨-'૨૮) ૨૪
૨૫. ગિરધારીલાલને પત્ર (૧૨-૨-'૨૮) ૨૫
૨૬. રોમાં રોલાંને પત્ર (૧૪-૨-'૨૮) ૨૫
૨૭. કસોટીએ (૧૬-૨-'૨૮) ૨૭
૨૮. મારી તબિયત (૧૬-૨-'૨૮) ૨૮
૨૯. સિંધમાં રેલરાહત કાર્ય (૧૬-૨-'૨૮) ૩૦


Gandhi Heritage Portal

૩૦. પત્રવ્યવહાર (૧૬–૨–'૨૮) ૩૦
૩૧. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર (૧૮–૨–'૨૮) ૩૧
૩૨. એલ્મર મૉડને પત્ર (૧૮–૨–'૨૮) ૩૨
૩૩. એસ્થર મેનનને પત્ર (૧૮–૨–'૨૮) ૩૨
૩૪. વાયોલેટને પત્ર (૧૮–૨–'૨૮) ૩૩
૩૫. હકીમ અજમલખાન સ્મારક (૧૯–૨–'૨૮) ૩૪
૩૬. બારડોલીના ખેડૂતો પ્રત્યે (૧૯–૨–'૨૮) ૩૫
૩૭. ડૉ. સી. મુથુને પત્ર (૨૧–૨–'૨૮) ૩૬
૩૮. એલિસ મૅકે કેલીને પત્ર (૨૧–૨–'૨૮) ૩૭
૩૯. રોહિણીબહેન પૂવિયાને પત્ર (૨૧–૨–'૨૮) ૩૭
૪૦. રામેશ્વરદાસ પોદ્દારને પત્ર (૨૧–૨–'૨૮) ૩૮
૪૧. નોરા એસ. બેલીને પત્ર (૨૨–૨–'૨૮) ૩૮
૪૨. દેવી વેસ્ટને પત્ર (૨૨–૨–'૨૮) ૩૯
૪૩. હેન્રી નીલને પત્ર (૨૨–૨–'૨૮) ૪૦
૪૪. એલ. લી. મૉન્સને પત્ર (૨૨–૨–'૨૮) ૪૧
૪૫. પી. સી. ઘોષને પત્ર (૨૨–૨–'૨૮) ૪૧
૪૬. લડવું જ પડે તો નીતિથી લડો (૨૩–૨–'૨૮) ૪૨
૪૭. ભૂતકાળની યાદ (૨૩–૨–'૨૮) ૪૩
૪૮. હાથસાળ વિરુદ્ધ રેંટિયો (૨૩–૨–'૨૮) ૪૫
૪૯. એનું મૂળ (૨૩–૨–'૨૮) ૪૫
૫૦. ઊર્મિલાદેવીને પત્ર (૨૩–૨–'૨૮) ૪૭
૫૧. ગૌરીશંકર ભાર્ગવને પત્ર (૨૩–૨–'૨૮) ૪૮
૫૨. બૉઈડ ડબલ્યુ. ટકરને પત્ર (૨૪–૨–'૨૮) ૪૮
૫૩. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૨૫–૨–'૨૮) ૪૯
૫૪. વાય. ભાસ્કરેને પત્ર (૨૫–૨–'૨૮) ૫૦
૫૫. રામચંદ્રનને પત્ર (૨૫–૨–'૨૮) ૫૧
૫૬. રેવાશંકર ઝવેરીને પત્ર (૨૫–૨–'૨૮) ૫૧
૫૭. ગાયને કોણ છોડાવશે? (૨૬–૨–'૨૮) ૫૨
૫૮. વિદ્યાર્થીઓનો સુંદર સત્યાગ્રહ (૨૬–૨–'૨૮) ૫૩
૫૯. વિલ્ફ્રેડ વેલૉકને પત્ર (૨૬–૨–'૨૮) ૫૫
૬૦. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર (૨૬–૨–'૨૮) ૫૫
૬૧. જવાહરલાલ નેહરુને પત્ર (૨૬–૨–'૨૮) ૫૬
૬૨. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર (૨૬–૨–'૨૮) ૫૭
૬૩. તુલસી મહેરને પત્ર (૨૬–૨–'૨૮) ૫૮
૬૪. એલ. ડબલ્યુ. રિચને પત્ર (૨૭–૨–'૨૮) ૫૮
૬૫. કે. બાલસુબ્રહ્મણ્યમને પત્ર (૨૭–૨–'૨૮) ૬૦
૬૬. કે. નરસિંહ આયંગરને પત્ર (૨૭–૨–'૨૮) ૬૧

Gandhi Heritage Portal

૬૭. પ્રાગજી કે. દેસાઈને પત્ર (૨૭–૨–'૨૮) ૬૨
૬૮. રામનારાયણ ચૌધરીને પત્ર (૨૭–૨–'૨૮) ૬૨
૬૯. રેવાશંકર ઝવેરીને પત્ર (૨૯–૨–'૨૮ પહેલાં) ૬૩
૭૦. અબ્બાસ તૈયબજીને પત્ર (૨૯–૨–'૨૮) ૬૪
૭૧. દુનીચંદને પત્ર (૨૯–૨–'૨૮) ૬૪
૭૨. બી. રાજારામ પાંડિયનને પત્ર (૨૯–૨–'૨૮) ૬૫
૭૩. મોતીલાલ નેહરુને પત્ર (૨૯–૨–'૨૮) ૬૬
૭૪. પદ્મરાજ જૈનને પત્ર (૨૯–૨–'૨૮) ૬૭
૭૫. દેવચંદ પારેખને પત્ર (૨૯–૨–'૨૮) ૬૭
૭૬. રેવાશંકર ઝવેરીને પત્ર (૨૯–૨–'૨૮) ૬૮
૭૭. પરદેશી પ્રચારકાર્ય (૧–૩–'૨૮) ૬૯
૭૮. અરાજ્ય કે કુરાજ્ય? (૧–૩–'૨૮) ૬૯
૭૯. ટૉલ્સ્ટૉય શતાબ્દી (૧–૩–'૨૮) ૭૨
૮૦. ગોરક્ષા પરના ગ્રંથોની સૂચિ (૧–૩–'૨૮) ૭૩
૮૧. મીરત નજદીકની ખાદી (૧–૩–'૨૮) ૭૩
૮૨. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર (૨–૩–'૨૮ કે તે પછી) ૭૪
૮૩. મોતીલાલ નેહરુને પત્ર (૩–૩–'૨૮) ૭૪
૮૪. જમનાલાલ બજાજને તાર (૩–૩–'૨૮) ૭૬
૮૫. ગુજરાતમાં ખાદીની ફેરી (૪–૩–'૨૮) ૭૬
૮૬. કાઠિયાવાડનાં ઢોરો (૪–૩–'૨૮) ૭૭
૮૭. બારડોલીમાં સત્યાગ્રહ (૪–૩–'૨૮) ૭૭
૮૮. રેવાશંકર ઝવેરીને પત્ર (૪–૩–'૨૮) ૭૯
૮૯. પ્રેમ મહાવિદ્યાલયના ટ્રસ્ટીઓના પ્રમુખને પત્ર (૫–૩–'૨૮) ૭૯
૯૦. એ. જે. સૉન્ડર્સને પત્ર (૫–૩–'૨૮) ૮૦
૯૧. વી. એસ. ભાસ્કરનને પત્ર (૫–૩–'૨૮) ૮૦
૯૨. આર. નોરા બ્રૉકવેને પત્ર (૫–૩–'૨૮) ૮૧
૯૩. રોલૅન્ડ હેઇઝને પત્ર (૫–૩–'૨૮) ૮૧
૯૪. ડબલ્યુ. બી. સ્ટારને પત્ર (૫–૩–'૨૮) ૮૨
૯૫. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૬–૩–'૨૮) ૮૩
૯૬. યુદ્ધ સામે યુદ્ધ (૮–૩–'૨૮) ૮૩
૯૭. પ્રેમ મહાવિદ્યાલય (૮–૩–'૨૮) ૮૫
૯૮. પરમ નિર્ણાયક (૮–૩–'૨૮) ૮૫
૯૯. મૃત્યુ નોંધ (૮–૩–'૨૮) ૮૭
૧૦૦. બારડોલી અને સરકાર (૮–૩–'૨૮) ૮૭
૧૦૧. મ્યુરિયલ લેસ્ટરને પત્ર (૮–૩–'૨૮) ૮૯
૧૦૨. સર ડૅનિયલ એમ. હૅમિલ્ટનને પત્ર (૯–૩–'૨૮) ૯૦
૧૦૩. પ્રેમલીલાબહેન ઠાકરસીને પત્ર (૯–૩–'૨૮) ૯૧

Gandhi Heritage Portal

૧૦૪. રેવાશંકર ઝવેરીને પત્ર (૯–૩–’૨૮) ૯૧
૧૦૫. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૧૦–૩–’૨૮) ૯૨
૧૦૬. ઈડા એસ. સ્કડરને પત્ર (૧૦–૩–’૨૮) ૯૩
૧૦૭. દુનીચંદને પત્ર (૧૦–૩–’૨૮) ૯૩
૧૦૮. ભૂપેન્દ્રનારાયણ સેનને પત્ર (૧૦–૩–’૨૮) ૯૪
૧૦૯. ડૉ. બિધાનચંદ્ર રૉયને પત્ર (૧૦–૩–’૨૮) ૯૫
૧૧૦. એ. એસ. મન્નાડી નાયરને પત્ર (૧૦–૩–’૨૮) ૯૫
૧૧૧. જૉન હેન્સ હોમ્સને પત્ર (૧૦–૩–’૨૮) ૯૬
૧૧૨. રામીબહેન ગાંધીને પત્ર (૧૦–૩- ’૨૮) ૯૭
૧૧૩. નોંધ (૧૧–૩–’૨૮) ૯૭
૧૧૪. અંત્યજોની હૂંડી કોણ સ્વીકારશે? (૧૧–૩–’૨૮) ૯૯
૧૧૫. જેન હાવર્ડને પત્ર (૧૨–૩–’૨૮) ૯૯
૧૧૬. બી. ડબલ્યુ. ટકરને પત્ર (૧૨–૩–’૨૮) ૧૦૦
૧૧૭. જે. બી. કૃપાલાનીને પત્ર (૧૨–૩–’૨૮) ૧૦૧
૧૧૮. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર (૧૨–૩–’૨૮) ૧૦૨
૧૧૯. અજમલ જામિયા ફંડના કોષાધ્યક્ષને પત્ર (૧૩–૩–’૨૮) ૧૦૨
૧૨૦. આપણી મિલો શું કરી શકે? (૧૫–૩–’૨૮) ૧૦૩
૧૨૧. તે કેમ કરવું? (૧૫–૩–’૨૮) ૧૦૫
૧૨૨. નોંધ (૧૫–૩–’૨૮) ૧૦૫
૧૨૩. હજી પણ એ વિશે (૧૫–૩–’૨૮) ૧૦૬
૧૨૪. નીલરતન સરકારને પત્ર (૧૬–૩–’૨૮) ૧૦૮
૧૨૫. મધુસૂદન દાસને પત્ર (૧૬–૩–’૨૮) ૧૦૮
૧૨૬. અ. ટે. ગિદવાણીને પત્ર (૧૬–૩–’૨૮) ૧૦૯
૧૨૭. વી. એસ. ભાસ્કરનને પત્ર (૧૬–૩–’૨૮) ૧૧૦
૧૨૮. શંકરને પત્ર (૧૬–૩–’૨૮) ૧૧૦
૧૨૯. વાયોલેટને પત્ર (૧૭–૩–’૨૮) ૧૧૧
૧૩૦. એન. ડી. ભોંસલેને પત્ર (૧૭–૩–’૨૮) ૧૧૧
૧૩૧. મથુરાદાસ ત્રિકમજીને તાર (૧૭–૩–’૨૮) ૧૧૨
૧૩૨. મથુરાદાસ ત્રિકમજીને પત્ર (૧૭–૩–’૨૮) ૧૧૨
૧૩૩. બહિષ્કારનું શસ્ત્ર (૧૮–૩–’૨૮) ૧૧૩
૧૩૪. એન. આર. મલકાનીને તાર (૧૯–૩–’૨૮) ૧૧૩
૧૩૫. જાલ ખંભાતાને પત્ર (૧૯–૩–’૨૮) ૧૧૪
૧૩૬. બહેરામજી ખંભાતાને પત્ર (૧૯–૩–’૨૮) ૧૧૪
૧૩૭. રેહાનાબહેન તૈયબજીને પત્ર (૧૯–૩–’૨૮) ૧૧૫
૧૩૮. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર (૧૯–૩–’૨૮) ૧૧૫
૧૩૯. માધવ વૉરિયરને પત્ર (૨૦–૩–’૨૮) ૧૧૬
૧૪૦. એન. આર. મલકાનીને પત્ર (૨૦–૩–’૨૮) ૧૧૬

Gandhi Heritage Portal

૧૪૧. સુરેશચંદ્ર બૅનરજીને પત્ર (૨૦–૩–'૨૮) ૧૧૭
૧૪૨. જવાહરલાલ નેહરુને પત્ર (૨૦–૩–'૨૮) ૧૧૮
૧૪૩. માર્સેલ કૅપીને સંદેશો (૨૦–૩–'૨૮) ૧૧૮
૧૪૪. માર્સેલ કૅપીને પત્ર (૨૦–૩–'૨૮) ૧૧૯
૧૪૫. ડૉ. બિધાનચંદ્ર રૉયને પત્ર (૨૦–૩–'૨૮) ૧૧૯
૧૪૬. ઝાકિર હુસેનને પત્ર (૨૦–૩–'૨૮) ૧૨૦
૧૪૭. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૨૦–૩–'૨૮) ૧૨૧
૧૪૮. રાધાબહેન ગાંધીને પત્ર (૨૦–૩–'૨૮) ૧૨૧
૧૪૯. ઍલિસ શેલેકને મુલાકાત (૨૦–૩–'૨૮) ૧૨૨
૧૫૦. ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને મુલાકાત (૨૦–૩–'૨૮) ૧૨૬
૧૫૧. ફ્રાન્ઝ રૉનોને પત્ર (૨૧–૩–'૨૮) ૧૨૬
૧૫૨. ટી. ડિ. મંજિયરલીને પત્ર (૨૧–૩–'૨૮) ૧૨૭
૧૫૩. મિસિસ જોસેફ એ. બ્રૉનને પત્ર (૨૧–૩–'૨૮) ૧૨૭
૧૫૪. પૂંજાભાઈને પત્ર (૨૧–૩–'૨૮) ૧૨૮
૧૫૫. નોંધ (૨૨–૩–'૨૮) ૧૨૮
૧૫૬. મિલો અને બહિષ્કાર (૨૨–૩–'૨૮) ૧૩૧
૧૫૭. ધર્મપરિવર્તન કે આત્મપરિવર્તન (૨૨–૩–'૨૮) ૧૩૩
૧૫૮. ફીજીવાસીઓ માટે (૨૨–૩–'૨૮) ૧૩૪
૧૫૯. પી. કે. મેથ્યુને પત્ર (૨૨–૩–'૨૮) ૧૩૪
૧૬૦. વૃદ્ધલગ્ન વિરુદ્ધ બાળલગ્ન (૨૫–૩–'૨૮) ૧૩૫
૧૬૧. રિચાર્ડ બી. ગ્રેગને પત્ર (૨૬–૩–'૨૮) ૧૩૬
૧૬૨. કે. એસ. આચાર્યને પત્ર (૨૬–૩–'૨૮) ૧૩૭
૧૬૩. એન. રામરાવને પત્ર (૨૬–૩–'૨૮) ૧૩૮
૧૬૪. એચ. એમ. પરેરાને પત્ર (૨૬–૩–'૨૮) ૧૩૮
૧૬૫. ડૉ. પી. એસ. કિચલુને પત્ર (૨૬–૩–'૨૮) ૧૩૯
૧૬૬. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર (૨૬–૩–'૨૮) ૧૩૯
૧૬૭. પ્રતાપ એસ. પંડિતને પત્ર (૨૬–૩–'૨૮) ૧૪૦
૧૬૮. એમ. પિગૉટને પત્ર (૨૭–૩–'૨૮) ૧૪૦
૧૬૯. મોતીલાલ નેહરુને પત્ર (૨૭–૩–'૨૮) ૧૪૧
૧૭૦. અમદાવાદના સફાઈ કામદારોની સભામાં ભાષણ (૨૭–૩–'૨૮) ૧૪૨
૧૭૧. ટી. કે. માધવનને પત્ર (૨૮–૩'–૨૮) ૧૪૫
૧૭૨. દેવનદાસ નારાયણદાસને પત્ર (૨૮–૩–'૨૮) ૧૪૬
૧૭૩. રામીબહેન ગાંધીને પત્ર (૨૮–૩–'૨૮) ૧૪૭
૧૭૪. એચ. એન. વેનને પત્ર (૨૮–૩–'૨૮) ૧૪૭
૧૭૫. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર (૨૮–૩–'૨૮) ૧૪૮
૧૭૬. ડૉ. અરુલમણિ પિચમુથુને પત્ર (૨૮–૩–'૨૮) ૧૪૯
૧૭૭. સૅમ હિગિનબૉટમને પત્ર (૨૮–૩–'૨૮) ૧૪૯

Gandhi Heritage Portal

૧૭૮. ‘જાતિદ્વેષનો વિજય’ (૨૯–૩–’૨૮) ૧૫૦
૧૭૯. ધાક બેસાડવાની નીતિ (૨૯–૩–’૨૮) ૧૫૦
૧૮૦. રાષ્ટ્રીય સપ્તાહ (૨૯–૩–’૨૮) ૧૫૧
૧૮૧. નોંધ (૨૯–૩–’૨૮) ૧૫૨
૧૮૨. ઉપવાસ-મહિમા (૨૯–૩–’૨૮) ૧૫૬
૧૮૩. બે સુધારા (૨૯–૩–’૨૮) ૧૫૭
૧૮૪. ઊર્મિલાદેવીને પત્ર (૩૦–૩–’૨૮) ૧૫૮
૧૮૫. અખિલ હિંદ ચરખા સંઘના મંત્રીને પત્ર (૩૦–૩–’૨૮) ૧૫૯
૧૮૬. શાંતિકુમાર મોરારજીને પત્ર (૩૦–૩–’૨૮) ૧૫૯
૧૮૭. એન. આર. મલકાનીને પત્ર (૩૦–૩–’૨૮) ૧૬૦
૧૮૮. મ્યુરિયલ લેસ્ટરને પત્ર (૩૦–૩–’૨૮) ૧૬૧
૧૮૯. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૩૦–૩–’૨૮) ૧૬૧
૧૯૦. તારનારો રામ (૩૦–૩–’૨૮) ૧૬૨
૧૯૧. અમદાવાદની મજૂર શાળાનાં બાળકો અને શિક્ષકોના મેળાવડામાં ભાષણ (૩૧–૩–’૨૮) ૧૬૪
૧૯૨. સુભાષચંદ્ર બોઝને પત્ર (૩૧–૩–’૨૮) ૧૬૬
૧૯૩. શાંતિકુમાર મોરારજીને પત્ર (૩૧–૩–’૨૮) ૧૬૭
૧૯૪. રાય હરેન્દ્રનાથને પત્ર (૩૧–૩–’૨૮) ૧૬૮
૧૯૫. સત્યાગ્રહીઓ સંભાળજો (૧–૪–’૨૮) ૧૬૯
૧૯૬. રાષ્ટ્રીય સપ્તાહ (૧–૪–’૨૮) ૧૭૦
૧૯૭. નોંધ (૧–૪–’૨૮) ૧૭૧
૧૯૮. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૧–૪–’૨૮) ૧૭૨
૧૯૯. ઉત્તમ ભિખ્ખુને પત્ર (૧–૪–’૨૮) ૧૭૨
૨૦૦. જવાહરલાલ નેહરુને પત્ર (૧–૪–’૨૮) ૧૭૩
૨૦૧. એચ. એમ. અહમદને પત્ર (૧–૪-’૨૮) ૧૭૪
૨૦૨. શ્વેબ કુરેશીને પત્ર (૧–૪–’૨૮) ૧૭૪
૨૦૩. સદાશિવમને પત્ર (૧–૪–’૨૮) ૧૭૫
૨૦૪. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૧–૪–’૨૮) ૧૭૫
૨૦૫. રામજીદાસ જૈનીને પત્ર (૧–૪–’૨૮) ૧૭૬
૨૦૬. રેમિંગ્ટન ટાઈપરાઈટર કંપનીને પત્ર (૧–૪–’૨૮) ૧૭૭
૨૦૭. સત્યાનંદને પત્ર (૩–૪–’૨૮) ૧૭૭
૨૦૮. રામીબહેન ગાંધીને પત્ર (૩–૪–’૨૮) ૧૭૮
૨૦૯. એન. આર. મલકાનીને પત્ર (૪–૪–’૨૮) ૧૭૮
૨૧૦. એ. એ. પૉલને પત્ર (૪–૪–’૨૮) ૧૭૯
૨૧૧. બી. શિવા રાવને પત્ર (૪–૪–’૨૮) ૧૮૦
૨૧૨. ન્યૂ ઇન્ડિયા પત્રને સંદેશો (૪–૪–’૨૮) ૧૮૧
૨૧૩. એકભક્તિ હનુમાન (૪–૪–’૨૮) ૧૮૧


Gandhi Heritage Portal

GAN 12560


૨૧૪. અસ્પૃશ્યોને યાદ કરજો (૫–૪–'૨૮) ૧૮૩
૨૧૫. બાધાત રાજ્ય અને યજ્ઞોપવીત (૫–૪–'૨૮) ૧૮૪
૨૧૬. અખિલ હિંદ ચરખા સંઘનો વાર્ષિક અહેવાલ (૫–૪–'૨૮) ૧૮૫
૨૧૭. શાસ્ત્રીનો આત્મભોગ (૫–૪–'૨૮) ૧૮૬
૨૧૮. એક મિલમાલિકના વિચારો (૫–૪–'૨૮) ૧૮૭
૨૧૯. નોંધ (૫–૪–'૨૮) ૧૮૯
૨૨૦. ડૉ. સી. મુથુને પત્ર (૫–૪–'૨૮) ૧૯૨
૨૨૧. જવાહરલાલ નેહરુને પત્ર (૫–૪–'૨૮) ૧૯૨
૨૨૨. શાંતિકુમાર મોરારજીને પત્ર (૫–૪–'૨૮) ૧૯૩
૨૨૩. બહેરામજી ખંભાતાને પત્ર (૬–૪–'૨૮) ૧૯૩
૨૨૪. ફ્રેડરિક અને ફ્રાન્સિસ્કા સ્ટૅન્ડેનેથને પત્ર (૬–૪–'૨૮) ૧૯૪
૨૨૫. શ્રીમતી એમ. એમ. સિંઘને પત્ર (૬–૪–'૨૮) ૧૯૪
૨૨૬. એમ. દીવાન નારાયણદાસને પત્ર (૬–૪–'૨૮) ૧૯૫
૨૨૭. વાય. આર. ગાયતોંડેને પત્ર (૬–૪–'૨૮) ૧૯૬
૨૨૮. ગંગારામને પત્ર (૬–૪–'૨૮) ૧૯૬
૨૨૯. એસ. રાધાકૃષ્ણનને પત્ર (૬–૪–'૨૮) ૧૯૭
૨૩૦. જે. બી. પેનિંગ્ટનને પત્ર (૬–૪–'૨૮) ૧૯૭
૨૩૧. જી. રામચંદ્રનને પત્ર (૬–૪–'૨૮) ૧૯૮
૨૩૨. ચાર્લી યુ. મૉર્સેલોને પત્ર (૬–૪–'૨૮) ૧૯૮
૨૩૩. એન. આર. મલકાનીને પત્ર (૭–૪–'૨૮) ૧૯૯
૨૩૪. આઈ. પી. થુરાઈરત્નમને પત્ર (૭–૪–'૨૮) ૧૯૯
૨૩૫. રૈહાનાબહેન તૈયબજીને પત્ર (૭–૪–'૨૮) ૨૦૦
૨૩૬. ડૉ. એમ. એ. અનસારીને પત્ર (૭–૪–'૨૮) ૨૦૦
૨૩૭. મિસિસ સૅમ હિગિનબૉટમને પત્ર (૭–૪–'૨૮) ૨૦૧
૨૩૮. એ. એ. પૉલને પત્ર (૭–૪–'૨૮) ૨૦૨
૨૩૯. ન્યૂઝ શીટ માટેનો સંદેશો (૭–૪–'૨૮) ૨૦૨
૨૪૦. જોસેફને પત્ર (૭–૪–'૨૮) ૨૦૩
૨૪૧. એસ. ગણેસનને પત્ર (૭–૪–'૨૮) ૨૦૩
૨૪૨. ઍલિસ શૅલેકને પત્ર (૭–૪–'૨૮) ૨૦૪
૨૪૩. એસ. એ. વઝેને પત્ર (૮–૪–'૨૮) ૨૦૪
૨૪૪. નારાયણને પત્ર (૮–૪–'૨૮) ૨૦૫
૨૪૫. જે. બી. કૃપાલાનીને પત્ર (૮–૪–'૨૮) ૨૦૫
૨૪૬. જવાહરલાલ નેહરુને પત્ર (૮–૪–'૨૮) ૨૦૬
૨૪૭. શંકરનને પત્ર (૮–૪–'૨૮) ૨૦૮
૨૪૮. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર (૧૦–૪–'૨૮ પહેલાં) ૨૦૯
૨૪૯. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર (૧૦–૪–'૨૮) ૨૧૦
૨૫૦. આલ્બર્ટ ગૉડમુન્નેને પત્ર (૧૧–૪–'૨૮) ૨૧૧


Gandhi Heritage Portal

૨૫૧. ચ. રાજગોપાલાચારીને પત્ર (૧૧–૪–'૨૮) ૨૧૧
૨૫૨. આર. આર. ઐથનને પત્ર (૧૧–૪–'૨૮) ૨૧૨
૨૫૩. સદાશિવ રાવને પત્ર (૧૧–૪–'૨૮) ૨૧૨
૨૫૪. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૧૧–૪–'૨૮) ૨૧૩
૨૫૫. સમયસરનું પ્રકાશન (૧૨–૪–'૨૮) ૨૧૩
૨૫૬. ખાદીનું સ્થાન (૧૨–૪–'૨૮) ૨૧૬
૨૫૭. નોંધ (૧૨–૪–'૨૮) ૨૧૮
૨૫૮. દક્ષિણ આફ્રિકાના હિંદીઓ (૧૨–૪–'૨૮) ૨૧૯
૨૫૯. મોતીલાલ નેહરુને પત્ર (૧૨–૪–'૨૮) ૨૧૯
૨૬૦. દેવચંદ પારેખને પત્ર (૧૨–૪–'૨૮) ૨૨૦
૨૬૧. ખાદીસેવક પ્રત્યે (૧૩–૪–'૨૮ પહેલાં) ૨૨૧
૨૬૨. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૧૩–૪–'૨૮) ૨૨૩
૨૬૩. એ. એલિગ્ઝને પત્ર (૧૩–૪–'૨૮) ૨૨૪
૨૬૪. મિસિસ બ્લેઅરને પત્ર (૧૩–૪–'૨૮) ૨૨૪
૨૬૫. મ્યુરિયલ લેસ્ટરને પત્ર (૧૩–૪–'૨૮) ૨૨૫
૨૬૬. ટી. નાગેશ રાવને પત્ર (૧૩–૪–'૨૮) ૨૨૫
૨૬૭. એસ. રામનાથનને પત્ર (૧૩–૪–'૨૮) ૨૨૬
૨૬૮. એક પત્ર (૧૩–૪–'૨૮) ૨૨૭
૨૬૯. ડૉ. એમ. એ. અનસારીને પત્ર (૧૪–૪–'૨૮) ૨૨૭
૨૭૦. વિઠ્ઠલદાસ જેરાજાણીને પત્ર (૧૪–૪–'૨૮) ૨૨૮
૨૭૧. દેવચંદ પારેખને પત્ર (૧૪–૪–'૨૮) ૨૨૯
૨૭૨. દલિતોની સેવા (૧૫–૪–'૨૮) ૨૩૦
૨૭૩. મણિબહેન પટેલને પત્ર (૧૫–૪–'૨૮) ૨૩૨
૨૭૪. સરોજિની નાયડુને પત્ર (૧૬–૪–'૨૮) ૨૩૩
૨૭૫. એની બેસંટને પત્ર (૧૬–૪–'૨૮) ૨૩૩
૨૭૬. ઉ. રાજગોપાલ કૃષ્ણૈયાને પત્ર (૧૬–૪–'૨૮) ૨૩૪
૨૭૭. રાજેન્દ્રપ્રસાદને કેબલ (૧૬–૪–'૨૮) ૨૩૪
૨૭૮. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને કેબલ (૧૭–૪–'૨૮) ૨૩૫
૨૭૯. કે. માધવન નાયરને પત્ર (૧૭–૪–'૨૮) ૨૩૫
૨૮૦. જવાહરલાલ નેહરુને પત્ર (૧૭–૪–'૨૮) ૨૩૬
૨૮૧. સર ડેનિયલ એમ. હૅમિલ્ટનને પત્ર (૧૭–૪–'૨૮) ૨૩૭
૨૮૨. હૅન્સ કોહુને પત્ર (૧૭–૪–'૨૮) ૨૩૮
૨૮૩. સિલોનની વિદ્યાર્થી પરિષદને સંદેશો (૧૮–૪–'૨૮) ૨૩૮
૨૮૪. આંખમાં ધૂળ (૧૯–૪–'૨૮) ૨૩૮
૨૮૫. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૧૯–૪–'૨૮) ૨૪૨
૨૮૬. મોતીલાલ નેહરુને પત્ર (૨૦–૪–'૨૮) ૨૪૨
૨૮૭. દેવચંદ પારેખને પત્ર (૨૦–૪–'૨૮) ૨૪૪


Gandhi Heritage Portal

૨૮૮. જૉન હેન્સ હોમ્સને પત્ર (૨૦–૪–'૨૮) ૨૪૪
૨૮૯. પેટ મૅટૉફને પત્ર (૨૦–૪–'૨૮) ૨૪૫
૨૯૦. એસ. ગણેસનને પત્ર (૨૧–૪–'૨૮) ૨૪૫
૨૯૧. શંકરનને પત્ર (૨૧–૪–'૨૮) ૨૪૭
૨૯૨. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર (૨૧–૪–'૨૮) ૨૪૮
૨૯૩. ડબલડે ડોરાન કંપનીને કેબલ (૨૧–૪–'૨૮ પછી) ૨૪૮
૨૯૪. જૂલિયા ઈસબ્રૂકરને પત્ર (૨૨–૪–'૨૮ પહેલાં) ૨૪૯
૨૯૫. કારકુનો વિ. કારીગર (૨૨–૪–'૨૮) ૨૪૯
૨૯૬. એલિઝાબેથ નુડસનને પત્ર (૨૨–૪–'૨૮) ૨૫૦
૨૯૭. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૨૨–૪–'૨૮) ૨૫૧
૨૯૮. અખિલ હિંદ ચરખા સંઘના મંત્રીને પત્ર (૨૨–૪–'૨૮) ૨૫૨
૨૯૯. મથુરાપ્રસાદને તાર (૨૩–૪–'૨૮ પહેલાં) ૨૫૩
૩૦૦. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર (૨૩–૪–'૨૮) ૨૫૩
૩૦૧. બ્રજકિશોરપ્રસાદને તાર (૨૩–૪–'૨૮) ૨૫૪
૩૦૨. દેવદાસ ગાંધીને તાર (૨૩–૪–'૨૮) ૨૫૪
૩૦૩. રાધાબહેન ગાંધીને તાર (૨૩–૪–'૨૮) ૨૫૪
૩૦૪. ખુશાલચંદ ગાંધીને તાર (૨૩–૪–'૨૮) ૨૫૫
૩૦૫. છગનલાલ ગાંધીને તાર (૨૩–૪–'૨૮) ૨૫૫
૩૦૬. જમનાદાસ ગાંધીને તાર (૨૩–૪–'૨૮) ૨૫૫
૩૦૭. શ્રીનાથસિંહને પત્ર (૨૩–૪–'૨૮) ૨૫૬
૩૦૮. કુંવરજી ખેતસી પારેખને પત્ર (૨૩–૪–'૨૮) ૨૫૬
૩૦૯. સંતોકબહેન ગાંધીને પત્ર (૨૩–૪–'૨૮ પછી) ૨૫૭
૩૧૦. તુલસી મહેરને પત્ર (૨૩–૪–'૨૮ પછી) ૨૫૭
૩૧૧. દક્ષિણ આફ્રિકાની હિંદી કોમને કેબલ (૨૪–૪–'૨૮) ૨૫૮
૩૧૨. જવાહરલાલ નેહરુને પત્ર (૨૪–૪–'૨૮) ૨૫૮
૩૧૩. કર્નાડ સદાશિવ રાવને પત્ર (૨૪–૪–'૨૮) ૨૫૯
૩૧૪. સતીશચંદ્ર દાસગુપ્તાને તાર (૨૫–૪–'૨૮) ૨૬૦
૩૧૫. દેવદાસ ગાંધીને તાર (૨૫–૪–'૨૮) ૨૬૦
૩૧૬. ચ. રાજગોપાલાચારીને તાર (૨૫–૪–'૨૮) ૨૬૦
૩૧૭. મારો ઉત્તમ સાથી ગયો (૨૬–૪–'૨૮) ૨૬૧
૩૧૮. સંયમની સમસ્યા (૨૬–૪–'૨૮) ૨૬૪
૩૧૯. યુરોપિયન મિત્રોને (૨૬–૪–'૨૮) ૨૬૬
૩૨૦. ચાર મહિનાનું કાર્ય (૨૬–૪–'૨૮) ૨૬૮
૩૨૧. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને કેબલ (૨૬–૪–'૨૮) ૨૬૮
૩૨૨. મહંમદ હબીબુલ્લાહને પત્ર (૨૬–૪–'૨૮) ૨૬૯
૩૨૩. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૨૬–૪–'૨૮) ૨૭૦
૩૨૪. એસ. ગણેસનને પત્ર (૨૬–૪–'૨૮) ૨૭૦


Gandhi Heritage Portal

૩૨૫. લૉર્ડ અર્વિનને પત્ર (૨૬–૪–'૨૮) ૨૭૧
૩૨૬. જે. બી. પિટીટને પત્ર (૨૬–૪–'૨૮) ૨૭૨
૩૨૭. જુગલકિશોરને પત્ર (૨૭–૪–'૨૮) ૨૭૩
૩૨૮. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૨૭–૪–'૨૮) ૨૭૪
૩૨૯. ફ્રેડરિક અને ફ્રાન્સિસ્કા સ્ટૅન્ડેનેથને પત્ર (૨૭–૪–'૨૮) ૨૭૫
૩૩૦. હસ્તાક્ષર સાથેનો સંદેશો (૨૭–૪–'૨૮) ૨૭૬
૩૩૧. કલ્યાણજી મહેતાને પત્ર (૨૮–૪–'૨૮) ૨૭૬
૩૩૨. મરજિયાત ગરીબીનો અર્થ (૨૯–૪–'૨૮) ૨૭૭
૩૩૩. આશ્રમનો પ્રાણ (૨૯–૪–'૨૮) ૨૭૯
૩૩૪. કુંવરજી ખેતસી પારેખને પત્ર (૨૯–૪–'૨૮) ૨૮૦
૩૩૫. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૨૯–૪–'૨૮) ૨૮૧
૩૩૬. સી. વિજયરાઘવાચારિયરને પત્ર (૨૯–૪–'૨૮) ૨૮૨
૩૩૭. લજપતરાયને પત્ર (૨૯–૪–'૨૮) ૨૮૨
૩૩૮. રવિશંકર મહારાજને પત્ર (૩૦–૪–'૨૮) ૨૮૩
૩૩૯. તારાબહેન જસવાણીને પત્ર (૩૦–૪–'૨૮) ૨૮૪
૩૪૦. એન. આર. મલકાનીને પત્ર (૧–૫–'૨૮) ૨૮૪
૩૪૧. એસ. રામનાથનને પત્ર (૧–૫–'૨૮) ૨૮૫
૩૪૨. ડૉ. બિધાનચંદ્ર રૉયને પત્ર (૧–૫–'૨૮) ૨૮૬
૩૪૩. મજૂરો અને માલિકો (૧–૫–'૨૮) ૨૮૭
૩૪૪. અબ્બાસ તૈયબજીને પત્ર (૨–૫–'૨૮) ૨૮૯
૩૪૫. શિસ્તની આવશ્યકતા (૩–૫–'૨૮) ૨૯૦
૩૪૬. આભાર (૩–૫–'૨૮) ૨૯૧
૩૪૭. વીરુમલ બેગરાજને પત્ર (૪–૫–'૨૮) ૨૯૧
૩૪૮. પી. ટી. પિલ્લાઈને પત્ર (૪–૫–'૨૮) ૨૯૨
૩૪૯. એલ. ક્રેન્નાને પત્ર (૪–૫–'૨૮) ૨૯૩
૩૫૦. હરિભાઉ ઉપાધ્યાયને પત્ર (૪–૫–'૨૮) ૨૯૩
૩૫૧. ભકિતને નામે ભોગ (૬–૫–'૨૮) ૨૯૪
૩૫૨. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર (૭–૫–'૨૮) ૨૯૬
૩૫૩. મીરાંબહેનને પત્ર (૭–૫–'૨૮) ૨૯૬
૩૫૪. બ્રજકૃષ્ણ ચાંદીવાલાને પત્ર (૭–૫–'૨૮) ૨૯૭
૩૫૫. મોતીલાલ નેહરુને પત્ર (૮–૫–'૨૮) ૨૯૭
૩૫૬. મીરાંબહેનને પત્ર (૯–૫–'૨૮) ૨૯૮
૩૫૭. મિલનું કાપડ વિરુદ્ધ ખાદી (૧૦–૫–'૨૮) ૨૯૯
૩૫૮. મિલમાલિકોના લોભ વિશે વધુ (૧૦–૫–'૨૮) ૩૦૦
૩૫૯. સંસ્કૃતિની વિનાશક કૂચ (?) (૧૦–૫–'૨૮) ૩૦૧
૩૬૦. બહેરામજી ખંભાતાને પત્ર (૧૦–૫–'૨૮) ૩૦૨
૩૬૧. મિસિસ ઈ. બ્યેરમને પત્ર (૧૧–૫–'૨૮) ૩૦૨


Gandhi Heritage Portal

૩૬૨. મેરી જે. કેમ્પબેલને પત્ર (૧૧–૫–'૨૮) ૩૦૪
૩૬૩. એસ. ગણેસનને પત્ર (૧૧–૫–'૨૮) ૩૦૫
૩૬૪. એની મેરી. પિટર્સનને પત્ર (૧૧–૫–'૨૮) ૩૦૫
૩૬૫. શચીન્દ્રનાથ મિત્રને પત્ર (૧૧–૫–'૨૮) ૩૦૬
૩૬૬. દેવચંદ પારેખને પત્ર (૧૧–૫–'૨૮) ૩૦૬
૩૬૭. મીરાંબહેનને પત્ર (૧૧–૫–'૨૮) ૩૦૭
૩૬૮. ટી. બી. કેશવરાવને પત્ર (૧૨–૫–'૨૮) ૩૦૭
૩૬૯. નિરંજનસિંહને પત્ર (૧૨–૫–'૨૮) ૩૦૮
૩૭૦. મોતીલાલ નેહરુને પત્ર (૧૨–૫–'૨૮) ૩૦૮
૩૭૧. શંકરનને પત્ર (૧૨–૫–'૨૮) ૩૦૯
૩૭૨. લજપતરાયને પત્ર (૧૨–૫–'૨૮) ૩૦૯
૩૭૩. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૧૨-૫–'૨૮) ૩૧૦
૩૭૪. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૧૨–૫–'૨૮) ૩૧૧
૩૭૫. ભગવાનજીને પત્ર (૧૨–૫–'૨૮) ૩૧૨
૩૭૬. તપની ઉજવણી (૧૩–૫–'૨૮) ૩૧૨
૩૭૭. બારડોલીનો યજ્ઞ (૧૩–૫–'૨૮) ૩૧૩
૩૭૮. પ્રાથમિક કેળવણી (૧૩–૫–'૨૮) ૩૧૪
૩૭૯. પી. વી. કરમચંદાણીને પત્ર (૧૩–૫–'૨૮) ૩૧૫
૩૮૦. શાંતિકુમાર મોરારજીને પત્ર (૧૩–૫–'૨૮) ૩૧૬
૩૮૧. લૉર્ડ અર્વિનને પત્ર (૧૬–૫–'૨૮) ૩૧૬
૩૮૨. આંખમાં ધૂળ (૧૭–૫–'૨૮) ૩૧૭
૩૮૩. દલિતવર્ગો અને બાધાત (૧૭–૫–'૨૮) ૩૨૦
૩૮૪. મગનલાલ ગાંધી સ્મારક (૧૭–૫–'૨૮) ૩૨૧
૩૮૫. હૈદરાબાદ રાજ્યમાં ખાદી (૧૭–૫–'૨૮) ૩૨૨
૩૮૬. હિંદુસ્તાન વિશેની હકીકતો: મિસ મેયોને પ્રત્યુત્તર (૧૭–૫–'૨૮) ૩૨૩
૩૮૭. અજમલ જામિયા ફંડના કોષાધ્યક્ષને પત્ર (૧૮–૫–'૨૮) ૩૨૪
૩૮૮. મહંમદ અલીને તાર (૧૯–૫–'૨૮ કે તે પછી) ૩૨૫
૩૮૯. પ્રાથમિક કેળવણી (૨૦–૫–'૨૮) ૩૨૫
૩૯૦. મણિબહેન પટેલને પત્ર (૨૧–૫–'૨૮) ૩૨૭
૩૯૧. ઝાકિર હુસેનને પત્ર (૨૩–૫–'૨૮) ૩૨૭
૩૯૨. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ (૨૪–૫–'૨૮) ૩૨૮
૩૯૩. ઍન્ડ્રૂઝની અંજલિ (૨૪–૫–'૨૮) ૩૨૯
૩૯૪. પુણ્યનો સોદો (૨૪–૫–'૨૮) ૩૨૯
૩૯૫. મ્યુનિસિપાલિટીની શાળામાં કાંતણ (૨૪–૫–'૨૮) ૩૩૦
૩૯૬. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૨૪–૫–'૨૮) ૩૩૧
૩૯૭. જે. એમ. સેનગુપ્તાને પત્ર (૨૪–૫–'૨૮) ૩૩૧
૩૯૮. મહમદ હબીબુલ્લાહને પત્ર (૨૪–૫–'૨૮) ૩૩૨


Gandhi Heritage Portal

૩૯૯. ટી. પ્રકાશમને પત્ર (૨૪–૫–'૨૮) ૩૩૨
૪૦૦. એક પત્ર (૨૪–૫–'૨૮) ૩૩૩
૪૦૧. એસ. રામનાથનને પત્ર (૨૪–૫–'૨૮) ૩૩૩
૪૦૨. મેહરસિંહ રેતને પત્ર (૨૪–૫–'૨૮) ૩૩૪
૪૦૩. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૨૪–૫–'૨૮) ૩૩૪
૪૦૪. એફ. એચ. બ્રાઉનને પત્ર (૨૫–૫–'૨૮) ૩૩૫
૪૦૫. જનકધારીપ્રસાદને પત્ર (૨૫–૫–'૨૮) ૩૩૬
૪૦૬. એચ. એસ. એલ. પોલાકને પત્ર (૨૫–૫–'૨૮) ૩૩૭
૪૦૭. કિશોરલાલ મશરૂવાળાને પત્ર (૨૫–૫–'૨૮) ૩૩૭
૪૦૮. હરિલાલ દેસાઈને તાર (૨૫–૫–'૨૮ પછી) ૩૩૮
૪૦૯. મહાદેવ દેસાઈને પત્ર (૨૬–૫–'૨૮) ૩૩૯
૪૧૦. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૨૬–૫–'૨૮) ૩૩૯
૪૧૧. સૅમ્યુઅલ આર. પેરીને પત્ર (૨૬–૫–'૨૮ પછી) ૩૪૦
૪૧૨. પ્રાથમિક કેળવણી (૨૭–૫–'૨૮) ૩૪૧
૪૧૩. કર્નાડ સદાશિવ રાવને પત્ર (૨૭–૫–'૨૮) ૩૪૩
૪૧૪. વાય. અંજપ્પાને પત્ર (૨૭–૫–'૨૮) ૩૪૩
૪૧૫. સત્યાનંદ બોઝને પત્ર (૨૭–૫–'૨૮) ૩૪૪
૪૧૬. ચ. રાજગોપાલાચારીને પત્ર (૨૭–૫–'૨૮) ૩૪૪
૪૧૭. સી. રંગનાથ રાવને પત્ર (૨૭–૫–'૨૮) ૩૪૫
૪૧૮. ગંગાપ્રસાદને પત્ર (૨૭–૫–'૨૮) ૩૪૬
૪૧૯. ભોજરાજ ખુશીરામને પત્ર (૨૭–૫–'૨૮) ૩૪૬
૪૨૦. મણિબહેન પટેલને પત્ર (૨૮–૫–'૨૮) ૩૪૭
૪૨૧. હરિલાલ દેસાઈને લખેલા પત્રનો મુસદ્દો (૨૮–૫–'૨૮) ૩૪૭
૪૨૨. દક્ષિણ આફ્રિકાની ઇંડિયન કૉંગ્રેસને કેબલ (૨૯–૫–'૨૮ કે તે પછી) ૩૪૮
૪૨૩. શંકરનને પત્ર (૩૦–૫–'૨૮) ૩૪૯
૪૨૪. ચ. રાજગોપાલાચારીને પત્ર (૩૦–૫–'૨૮) ૩૪૯
૪૨૫. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૩૦–૫–'૨૮) ૩૫૦
૪૨૬. વસુમતીબહેન પંડિતને પત્ર (૩૦–૫–'૨૮) ૩૫૧
૪૨૭. બારડોલી તાવણીમાં (૩૧–૫–'૨૮) ૩૫૧
૪૨૮. દક્ષિણમાં અસ્પૃશ્યતા (૩૧–૫–'૨૮) ૩૫૩
૪૨૯. શચીન્દ્રનાથ મિત્રને પત્ર (૩૧–૫–'૨૮) ૩૫૪
૪૩૦. જી. એન. કાનિટકરને પત્ર (૩૧–૫–'૨૮) ૩૫૪
૪૩૧. અ. ટે. ગિદવાણીને પત્ર (૩૧–૫–'૨૮) ૩૫૫
૪૩૨. અમદાવાદ ઇમ્પીરિયલ બૅન્ક ઑફ ઇન્ડિયાના મૅનેજરને પત્ર (૧–૬–'૨૮) ૩૫૬
૪૩૩. મથુરાદાસ ત્રિકમજીને પત્ર (૧–૬–'૨૮) ૩૫૬
૪૩૪. વિઠ્ઠલભાઈ ઝ. પટેલને પત્ર (૧–૬–'૨૮) ૩૫૭
૪૩૫. ફેવળરામને પત્ર (૨–૬–'૨૮) ૩૫૭


Gandhi Heritage Portal

૪૩૬. બારડોલી માહાત્મ્ય (૩–૬–’૨૮) ૩૫૮
૪૩૭. કેળવણી વિશે પ્રશ્નો–૧ (૩–૬–’૨૮) ૩૫૯
૪૩૮. વલ્લભભાઈ પટેલને પત્ર (૩–૬–’૨૮) ૩૬૦
૪૩૯. વસુમતીબહેન પંડિતને પત્ર (૪–૬–’૨૮) ૩૬૧
૪૪૦. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર (૪–૬–’૨૮) ૩૬૧
૪૪૧. બારડોલી દિન (૫–૬–’૨૮) ૩૬૨
૪૪૨. શાંતિકુમાર મોરારજીને પત્ર (૫–૬–’૨૮) ૩૬૨
૪૪૩. વિઠ્ઠલભાઈ ઝ. પટેલને પત્ર (૬–૬–’૨૮) ૩૬૩
૪૪૪. બહેચર પરમારને પત્ર (૬–૬–’૨૮) ૩૬૪
૪૪૫. વસુમતીબહેન પંડિતને પત્ર (૬–૬–’૨૮) ૩૬૪
૪૪૬. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૬–૬–’૨૮) ૩૬૫
૪૪૭. ચીમનલાલ વોરાને પત્ર (૬–૬–’૨૮) ૩૬૫
૪૪૮. બંને બાજુએ (૭–૬–’૨૮) ૩૬૬
૪૪૯. રોકડા વિરુદ્ધ ઉધાર (૭–૬–’૨૮) ૩૬૮
૪૫૦. દક્ષિણ આફ્રિકાના હિંદીઓ (૭–૬–’૨૮) ૩૬૯
૪૫૧. સર કૃષ્ણપ્રસાદને પત્ર (૭–૬–’૨૮) ૩૭૦
૪૫૨. સર લેસ્લી વિલ્સનને લખેલા પત્રનો મુસદ્દો (૭–૬–’૨૮) ૩૭૧
૪૫૩. વિઠ્ઠલભાઈ ઝ. પટેલને પત્ર (૭–૬–’૨૮) ૩૭૩
૪૫૪. મહાદેવ દેસાઈને પત્ર (૭–૬–’૨૮ પછી) ૩૭૩
૪૫૫. જે. બી. પેનિંગ્ટનને પત્ર (૮–૬–’૨૮) ૩૭૪
૪૫૬. સ્વેન્સ્કા કિરકાન્સને પત્ર (૮–૬–’૨૮) ૩૭૪
૪૫૭. ટી. દ. મંઝિયર્લીને પત્ર (૮–૬–’૨૮) ૩૭૫
૪૫૮. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૮–૬–’૨૮) ૩૭૫
૪૫૯. મિસિસ રશેલ એમ. રટરને પત્ર (૮–૬–’૨૮) ૩૭૬
૪૬૦. રામેશ્વરદાસ પોદ્દારને પત્ર (૮–૬–’૨૮) ૩૭૭
૪૬૧. વસુમતીબહેન પંડિતને પત્ર (૯–૬–’૨૮) ૩૭૭
૪૬૨. તૈયબઅલીને પત્ર (૯–૬–’૨૮) ૩૭૮
૪૬૩. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર (૯–૬–’૨૮) ૩૭૮
૪૬૪. કેદારનાથ બૅનરજીને પત્ર (૯–૬–’૨૮ પછી) ૩૭૯
૪૬૫. કેળવણી વિશે પ્રશ્નો–૨ (૧૦–૬–’૨૮) ૩૭૯
૪૬૬. બારડોલી યજ્ઞ (૧૦–૬–’૨૮) ૩૮૧
૪૬૭. બારડોલી દિવસ (૧૦–૬–’૨૮) ૩૮૩
૪૬૮. “પ્રભુ મોટો કે ગુરુ?” (૧૦–૬–’૨૮) ૩૮૩
૪૬૯. સંયમને શાની જરૂર હોય? (૧૦–૬–’૨૮) ૩૮૫
૪૭૦. ના. ર. મલકાનીને પત્ર (૧૦–૬–’૨૮) ૩૮૬
૪૭૧. જનકધારીપ્રસાદને પત્ર (૧૦–૬–’૨૮) ૩૮૭
૪૭૨. આર્થર મૂરને પત્ર (૧૦–૬–’૨૮) ૩૮૭

Gandhi Heritage Portal

૪૭૩. સદાનંદને પત્ર (૧૦–૬–'૨૮) ૩૮૮
૪૭૪. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૧૦–૬–'૨૮) ૩૮૯
૪૭૫. વિદ્યાર્થીઓ પ્રત્યે (૧૧–૬–'૨૮) ૩૮૯
૪૭૬. પ્રેમલીલાબહેન ઠાકરસીને પત્ર (૧૧–૬–'૨૮) ૩૯૨
૪૭૭. એસ. મુરાતોરીને પત્ર (૧૩–૬–'૨૮) ૩૯૩
૪૭૮. સત્યાગ્રહાશ્રમ (૧૦–૬–'૨૮) ૩૯૩
૪૭૯. બારડોલીનું બલિદાન (૧૪–૬–'૨૮) ૪૦૪
૪૮૦. બારડોલીનો કેસ શું છે? (૧૪–૬–'૨૮) ૪૦૬
૪૮૧. અખિલ હિંદ ચરખા સંઘનું સભ્યપદ (૧૪–૬–'૨૮) ૪૦૬
૪૮૨. રામદેવને પત્ર (૧૫–૬–'૨૮) ૪૦૭
૪૮૩. રિચાર્ડ બી. ગ્રેગને પત્ર (૧૫–૬–'૨૮) ૪૦૭
૪૮૪. વસુમતીબહેન પંડિતને પત્ર (૧૫–૬–'૨૮) ૪૦૮
૪૮૫. એસ. રામનાથનને પત્ર (૧૬–૬–'૨૮) ૪૦૯
૪૮૬. રામચંદ્રનને પત્ર (૧૬–૬–'૨૮) ૪૦૯
૪૮૭. રજાઓમાં ખાદી સેવા (૧૭–૬–'૨૮) ૪૧૦
૪૮૮. મારી નોંધ (૧૭–૬–'૨૮) ૪૧૧
૪૮૯. ગવર્નર અને બારડોલી (૧૭–૬–'૨૮) ૪૧૩
૪૯૦. કેળવણી વિશે પ્રશ્નો–૩ (૧૭–૬–'૨૮) ૪૧૪
૪૯૧. રામાનંદ ચૅટરજીને પત્ર (૧૭–૬–'૨૮) ૪૧૬
૪૯૨. સુરેન્દ્રનાથ બિશ્વાસને પત્ર (૧૭–૬–'૨૮) ૪૧૭
૪૯૩. ફ્લૉરેન્સ કે. ક્રેબ્સને પત્ર (૧૭–૬–'૨૮) ૪૧૮
૪૯૪. એન. સી. બારદોલાઈને પત્ર (૧૭–૬–'૨૮) ૪૧૮
૪૯૫. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૧૭–૬–'૨૮) ૪૧૯
૪૯૬. જવાહરલાલ નેહરુને પત્ર (૧૭–૬–'૨૮) ૪૨૦
૪૯૭. વિજયરાઘવાચારિયરને પત્ર (૧૭–૬–'૨૮) ૪૨૧
૪૯૮. ચ. રાજગોપાલાચારીને પત્ર (૧૭–૬–'૨૮) ૪૨૧
૪૯૯. વસુમતીબહેન પંડિતને પત્ર (૧૭–૬–'૨૮) ૪૨૨
૫૦૦. વિઠ્ઠલભાઈ ઝ. પટેલને પત્ર (૧૭–૬–'૨૮) ૪૨૩
૫૦૧. પ્રભાશંકર પટ્ટણીને પત્ર (૧૮–૬–'૨૮) ૪૨૩
૫૦૨. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૧૮–૬–'૨૮) ૪૨૪
૫૦૩. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર (૧૯–૬–'૨૮) ૪૨૪
૫૦૪. પ્યારેલાલ નય્યરને પત્ર (૧૯–૬–'૨૮) ૪૨૫
૫૦૫. મોતીલાલ નેહરુને પત્ર (૧૯–૬–'૨૮) ૪૨૬
૫૦૬. કે. એસ. સુબ્રહ્મણ્યમને પત્ર (૧૯–૬–'૨૮) ૪૨૭
૫૦૭. શંકરનને પત્ર (૨૦–૬–'૨૮) ૪૨૭
૫૦૮. જ્યારે ગુનેગાર ન્યાયાધીશ બને છે (૨૧–૬–'૨૮) ૪૨૯
૫૦૯. બારડોલીનો ગોટાળો (૨૧–૬–'૨૮) ૪૩૪
૫૧૦. નોંધ (૨૧–૬–'૨૮) ૪૩૭

Gandhi Heritage Portal

૫૧૧. જે. એમ. સેનગુપ્તાને પત્ર (૨૧–૬–'૨૮) ૪૩૯
૫૧૨. ઈથલ ઍન્ગસને પત્ર (૨૨–૬–'૨૮) ૪૪૦
૫૧૩. રામલાલ બાલારામ બાજપાઈને પત્ર (૨૨–૬–'૨૮) ૪૪૦
૫૧૪. કે. શ્રીનિવાસનને પત્ર (૨૨–૬–'૨૮) ૪૪૧
૫૧૫. દેવી વેસ્ટને પત્ર (૨૨–૬–'૨૮) ૪૪૧
૫૧૬. હૉરેસ ઍલેક્ઝાન્ડરને પત્ર (૨૨–૬–'૨૮) ૪૪૨
૫૧૭. ચ. રાજગોપાલાચારીને પત્ર (૨૨–૬–'૨૮) ૪૪૩
૫૧૮. એસ્થર મેનનને પત્ર (૨૨–૬–'૨૮) ૪૪૪
૫૧૯. બેન. એમ. ચેરિંગ્ટનને પત્ર (૨૨–૬–'૨૮) ૪૪૪
૫૨૦. વસુમતીબહેન પંડિતને પત્ર (૨૩–૬–'૨૮) ૪૪૬
૫૨૧. શાંતિકુમાર મોરારજીને પત્ર (૨૩–૬–'૨૮) ૪૪૬
૫૨૨. બહેચર પરમારને પત્ર (૨૩–૬–'૨૮) ૪૪૭
૫૨૩. કેળવણી વિશે પ્રશ્નો–૪ (૨૪–૬–'૨૮) ૪૪૭
૫૨૪. વિનાશકાળે (૨૪–૬–'૨૮) ૪૫૧
૫૨૫. ઢોરઉછેર (૨૪–૬–'૨૮) ૪૫૩
૫૨૬. 'શબ્દકોશ' (૨૪–૬–'૨૮) ૪૫૩
૫૨૭. સદાનંદને પત્ર (૨૪–૬–'૨૮) ૪૫૪
૫૨૮. લિલી મુથુકૃષ્ણાને પત્ર (૨૪–૬–'૨૮) ૪૫૪
૫૨૯. નીલકંઠને પત્ર (૨૪–૬–'૨૮) ૪૫૫
૫૩૦. કે. નટરાજનને પત્ર (૨૪–૬–'૨૮) ૪૫૬
૫૩૧. વિઠ્ઠલભાઈ ઝ. પટેલને પત્ર (૨૫–૬–'૨૮) ૪૫૭
૫૩૨. રામનાથને પત્ર (૨૭–૬–'૨૮) ૪૫૮
૫૩૩. ગોવર્ધનભાઈ આઈ. પટેલને પત્ર (૨૭–૬–'૨૮) ૪૫૮
૫૩૪. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૨૭–૬–'૨૮) ૪૫૯
૫૩૫. રિચાર્ડ બી. ગ્રેગને પત્ર (૨૭–૬–'૨૮) ૪૬૦
૫૩૬. એક સુધારો (૨૮–૬–'૨૮) ૪૬૧
૫૩૭. પડદાનો અંત (૨૮–૬–'૨૮) ૪૬૧
૫૩૮. પાર્વતીબહેનને પત્ર (૩૦–૬–'૨૮) ૪૬૩
૫૩૯. મથુરાદાસ ત્રિકમજીને પત્ર (૩૦–૬–'૨૮) ૪૬૩
૫૪૦. તારાબહેન જસવાણીને પત્ર (૩૦–૬–'૨૮) ૪૬૪

પરિશિષ્ટો :

૧. પરદેશમાં પ્રચાર ૪૬૫
૨. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીનો કેબલ ૪૬૭
૩. બારડોલીનો પ્રશ્ન શું છે? ૪૬૮

આધારરૂપ સાહિત્ય ૪૭૧
તારીખવાર વૃત્તાંત ૪૭૨
સૂચિ ૪૭૩

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

ગાંધીજીનો અક્ષરદેહ

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.

22 AUG 1975

Gandhi Heritage Portal

## અભ્યાસી પ્રત્યે

મારાં લખાણોના ઉદ્યમી અભ્યાસીને તેમ જ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઇચ્છું છું કે મને સર્વકાળે એકરૂપ દેખાવાની કશી પરવા નથી. સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. ઉંમરમાં હું ભલે વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ થતો અટકયો છે અથવા દેહ પડયા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. મને એક જ વસ્તુની પડી છે, ને તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે. અને તેથી કોઈને મારાં બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે, જો તેને મારા ડાહપણ વિશે શ્રદ્ધા હોય તો એક જ વિષયનાં બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને.

હરિજનબંધુ, ૩૦–૪–'૩૩ — ગાંધીજી

Gandhi Heritage Portal

# ૧. ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ[1]

[ફેબ્રુઆરી ૧, ૧૯૨૮][2]

હું અહીં તમારી પાસે આવ્યો છું તે સંબંધમાં તમને એક અભયદાન આપી દઉં છું. સીઝરની જેમ 'હું આવ્યો, મેં જોયું અને મેં જીતી લીધું' એમ કરવા હું અહીં નથી આવ્યો. તમે આમ કરો, તેમ કરો એમ કહી તમારાં જીવન હું ડહોળી નાખવા નથી ઇચ્છતો. હું તો માત્ર તમારી વચમાં આવીને પડયો છું, અને નમ્રતાપૂર્વક બને તેટલી તમારી સેવા કરવા ઇચ્છું છું. તમારા રોજના કાર્યક્રમમાં કે અધ્યાપકોના અધ્યાપનમાં હું ખલેલ કરવા ઇચ્છતો જ નથી. હું અહીં પડયો છું એટલે જે કોઈ વિદ્યાર્થીને મારી પાસે આવવું હોય તે આવી શકે, મને પૂછી શકે. આજ સુધી કુલપતિ તરીકે હું વિદ્યાપીઠની સેવા જોઈએ તેવી નથી કરી શકયો તેનું મને ભાન છે. પણ મારી એવી ઇચ્છા નહોતી તેથી એ નથી બન્યું એમ નથી. મારા સંજોગો જ એવા રહ્યા કર્યા કે હું ઇચ્છું તેટલી સેવા ન કરી શકું. મારા દિલમાં તો વિદ્યાપીઠને મેં હમેશાં સ્થાન આપેલું જ છે, અને હમણાં તેની સેવા કરવાની મને તક મળી છે તે ઈશ્વરનો હું મોટો અનુગ્રહ માનું છું. આજે તો મારા ઉપર ચડી ગયેલા કરજનું માત્ર વ્યાજ આપવા હું આવ્યો છું, અને તેય કુલપતિ મટી ગયા પછી. એ વ્યાજ સ્વીકારવું કે નહીં તે પણ તમારી મરજીની વાત છે.

તમે આ પ્રાર્થનામાં આવ્યા છો તેથી મને આનંદ થાય છે. પ્રાર્થનાનું રહસ્ય સમજીને તમે આવો તો મને આનંદ જ થાય, પણ મારો આગ્રહ નથી. તમે ન આવો તો મને દુઃખ થાય, પણ તેથી તમારી સામે હું દુઃખ નથી જ રાખવાનો.

અને હું તો તમને સાંજની પ્રાર્થનામાં મારી સાથે આશ્રમમાં લઈ જવાનો પણ લોભ રાખું છું. તેમ કરવામાં તમારો આશ્રમ સાથેનો સંબંધ વધારે ગાઢ થાય તેવી પણ મારી ઇચ્છા છે. એ મને બહુ પ્રિય લાગે. કારણ મારે તમને કહી દેવું જોઈએ કે આશ્રમને હું મારું સર્વસ્વ ગણું છું. જગતને મારું માપ મારી એ કૃતિ ઉપરથી કાઢવાને હું કહું. મારાં બીજાં કાર્યો ઉપરથી જગત મારું માપ ન કાઢો. મારે સારુ તો મેં એ જ ગજ રાખ્યો છે. આશ્રમની અપૂર્ણતાનું મને સંપૂર્ણ ભાન છે. તેની પાર વિનાની ત્રુટિઓ હું વર્ણવી શકું એમ છું, જેનો તમને ખ્યાલ પણ નહીં હોય. એ ત્રુટિઓમાં તમારા અનુભવમાં આવેલી ત્રુટિઓ ઉમેરો એટલે તો ત્રુટિઓનો મોટો સમૂહ થઈ જાય. છતાં હું તમને કહેવા ઇચ્છું છું કે આ ત્રુટિઓનાં ઉધાર પાસાં સામે આશ્રમના ગુણનું જમા પાસું મૂકી સરવાળો કરશો તો જમા પાસું વધી જશે એ વિશે મને શંકા નથી. એટલે તમારો સંબંધ આશ્રમ સાથે વિશેષે ગાઢ થાય એ મને ગમે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૫-૨-૧૯૨૮

૧. મહાદેવ દેસાઈના "આશ્રમમાં" એ લેખમાંથી આ ભાગ લીધો છે.

૨. નવજીવન, ૫-૨-૧૯૨૮ના રિપોર્ટ પ્રમાણે ૩૧ જાન્યુઆરીની સાંજે ગાંધીજી વિદ્યાપીઠ પહોંચી ગયા હતા અને આ ભાષણ તેમણે બીજે દિવસે સવારે પ્રાર્થનાસભામાં આપ્યું હતું.



Gandhi Heritage Portal

## ૨. એન. આર. મલકાનીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૧, ૧૯૨૮

પ્રિય મલકાની,

તમારો પત્ર મળ્યો. હું ઈચ્છું છું કે તમે તમારી અશ્રદ્ધા ખંખેરી નાખશો. ઠક્કર બાપા[1] ઉપર દબાણ લાવતા જ રહો. શ્રીયુત પુ.[2] ઉપરનો તેમનો પત્ર મારા પત્ર કરતાં વધારે વજનવાળો નીવડશે, કારણ કે તેમની ભલામણની પાછળ અનુભવનું બળ હશે. છતાં તમે મારી સાથે સંપર્કમાં રહેજો. યંગ ઇન્ડિયા મારફતે હું કશુંક કરી શકું તેમ હોઉં ત્યારે તમે મને અવશ્ય જણાવશો. પરંતુ તેમ કરો ત્યારે તમે મને તમે કરેલા કાર્યનો ટૂંકો અહેવાલ મોકલજો અને મારી પાસેથી શી અપેક્ષા રાખો છો તે લખી જણાવજો.

તમે છૂટા હો ત્યારે અખિલ ભારત અસ્પૃશ્યતાનિવારણનું કાર્ય હાથ પર લેવાને તમે તૈયાર છો કે નહીં તે તમારે મને જણાવવું રહે છે. પણ એનું પરિણામ તમે જાણો જ છો. તમારે સતત પ્રવાસમાં રહેવું પડે એમ છે. આ બાબતમાં જે કંઈ નિર્ણય કરો એ સંપૂર્ણ વિચાર કરીને અને દૃઢતાપૂર્વક કરો એમ હું ઈચ્છું છું.

પ્યાર.

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૮૮૧

## ૩. મિસ મેયો ફરીથી

મિસ મેયો ચોખ્ખી એવી ભ્રમણા સેવી રહ્યાં છે કે પોતે જે લખે છે તે હજારો અમેરિકન લોકોના કાને પહોંચે છે, જ્યારે આપણે હિંદુસ્તાનમાં જે કાંઈ લખીએ છીએ તે બહુમાં બહુ તો બસો-પાંચસો અમેરિકન લોકોને પહોંચે છે. અને તેથી જ તેઓ માને છે કે તેઓ પોતે તેમનો વિરોધ કરવાના હેતુવાળાં બીજાનાં લખાણોમાંથી કે ભાષણોમાંથી પોતાને અનુકૂળ આવે તેમ ખોટા અને અધકચરા ઉતારા આપવા અથવા અવળી રીતે રજૂ કરવા સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે! એમણે લિબર્ટી પત્રમાં આપેલા એક લેખમાં ફરીથી મારો ઉલ્લેખ કરવાનું માન મને આપ્યું છે અને પોતાના મધર ઇન્ડિયા પુસ્તક વિશેના મારા લખાણની[3] નાલેશી કરવાનો પ્રયત્ન કર્યો છે. આમ ઇરાદાપૂર્વક કરવાની ફરજ તેમને એટલા માટે પડી છે કે કેટલાક સંસ્કારી અમેરિકનો મારામાં વિશેષ શ્રદ્ધા ધરાવે છે; અને તેથી તેમને સતત ધાસ્તી રહે છે કે કદાચ મારા લેખની

૧. ભારત સેવક સમાજવાળા અમૃતલાલ વિ. ઠક્કર.
૨. પુરુષોત્તમદાસ ઠાકુરદાસ.
૩. જુઓ પુસ્તક ૩૪, પા. ૫૧૪-૨૨.

Gandhi Heritage Portal

તેમના અભિપ્રાય ઉપર વિશેષ અસર થાય. પરંતુ લિબર્ટી પત્રના પોતાના એક લેખમાં તો તેમણે હદ કરી છે. મારા મંત્રીઓ બાબતના તેમના ઉલ્લેખો બેસાવધ વાચકને છેતરવાનો ઉઘાડો પ્રયત્ન છે. મારે બે મંત્રીઓ છે. (હમેશાં કે નહીં તે જુદો જ મુદ્દો છે.) એ કથનના મારા ઇનકાર ઉપરથી એટલું અનુમાન તો કાઢી જ શકાય કે મિસ મેયો ભલે સત્યને ઇરાદાપૂર્વક વિકૃત કરતાં ન હોય છતાં તેઓ એક બેદરકાર લેખક તો છે જ. પરંતુ બે મંત્રીઓનું તેમણે જે વર્ણન કર્યું છે તે વાચકમાં એવી માન્યતા ઊભી કરે છે કે હું હમેશાં બે મંત્રીઓ રાખું છું. જે સંદેશાને તે મારો હોવાનું કહે છે તે મેં જ આપ્યો હતો એ કથનને વળગી રહેવાની તેમની વાત સત્યને છડેચોક છુપાવવાનો દોષ સાબિત કરે છે. તે એમ માનતાં લાગે છે કે તેમની અને મારી વચ્ચે મુલાકાતના સુધારેલા હેવાલની નકલ મારી પાસે નહીં હોય. તેમના કમનસીબે તેમણે કરેલી નોંધની નકલ મારા કબજામાં છે. 'ચરખાના ગુંજન' વિશેનો પૂરો ઉતારો નીચે પ્રમાણે છે:

> આ 'ચરખાનું ગુંજન' જ મારો અમેરિકનોને આપવાનો સંદેશો છે. અમેરિકાથી મળતાં પત્રો અને વર્તમાનપત્રોની કાપલીઓ એવું દર્શાવે છે કે લોકોનો એક વર્ગ અહિંસક અસહકારનું વધારે પડતું મૂલ્ય આંકે છે; અને બીજો વર્ગ તેને ઉતારી પાડવા પ્રયત્ન કરે છે એટલું જ નહીં, પણ આ હિલચાલ સાથે જે કોઈ સંકળાયેલા છે તેમના ઉપર અનેક પ્રકારના હેતુઓનું આરોપણ કરે છે. મારું તો એમ કહેવું છે કે આમ કે તેમ અતિશયોક્તિ નહીં કરો. તેથી, સાચા દિલના થોડા અમેરિકનો જો મારી હિલચાલનો પક્ષપાતરહિત અને ધૈર્યપૂર્વક અભ્યાસ કરશે તો, હું પોતે પ્રવર્તક હોવા છતાં હું જેને અપ્રતિમ માનું છું એવી આ હિલચાલને યુનાઇટેડ સ્ટેટ્સ કંઈક અંશે સમજી શકશે ખરું. હું જે કહેવા માગું છું તે એ છે કે અમારી હિલચાલનો સમગ્ર મર્મ વ્યાપક અર્થમાં ચરખામાં સમાઈ જાય છે. મારે મન તે બંદૂકના દારૂના સ્થાને છે: કારણ કે તે હિંદુસ્તાનના કરોડો માનવીઓ માટે, સ્વાવલંબન અને આશાનો સંદેશો લાવે છે. અને જ્યારે તેઓ ખરેખરા જાગ્રત થશે, ત્યારે તેમને સ્વાતંત્ર્ય મેળવવા માટે ખરેખર આંગળી પણ ઊંચી કરવી નહીં પડે. ચરખાનો સંદેશો ખરેખર શોષણની ભાવનાને નાબૂદ કરી, સેવાની ભાવનાની પ્રતિષ્ઠા કરવાનો છે. પશ્ચિમનો ગાજતો સૂર શોષણનો સૂર છે. હું બિલકુલ ઇચ્છતો નથી કે મારો દેશ એ ભાવના કે સૂરનું લેશમાત્ર પણ અનુકરણ કરે.

ઉપરના ઉતારામાંથી, બીજાં અગત્યનાં વિવરણરૂપ વાક્યો છોડી દઈને, માત્ર પહેલું જ વાક્ય ઉપાડી લઈને મિસ મેયો જે અવતરણ આપે છે, તેની પાછળનો ઉદ્દેશ મારી ઠેકડી ઉડાવવાનો છે. પરંતુ આખો પૅરેગ્રાફ મારા કહેવાના અર્થને તેમ જ મારા સંદેશાને સ્પષ્ટ સમજી શકાય એ રીતે રજૂ કરે છે. તેમના પુસ્તક વિશેનો મારો લેખ મેં મારી મુસાફરી દરમ્યાન લખ્યો હતો. તે વખતે નોંધ જો મારી પાસે હોત, તો મેં તેમાંથી જ ઉતારા આપ્યા હોત અને એ રીતે મારા લેખને મેં પુષ્ટિ આપી હોત; છતાં મારો દાવો છે કે જે સંદેશો ઉપરના સંપૂર્ણ પૅરેગ્રાફમાંથી ફલિત થાય છે, તે મિસ મેયો જે લેખને અસત્ય ઠરાવવા માગે છે, તેમાં કહેલી વાતથી જુદો નથી.

તેથી પોતાના રદિયાની જે બાબતને તે સાચી રીતે નજીવી જીભાજોડી કહે છે તેમાં પણ મને ખાતરી છે કે તે પૂરેપૂરાં નિષ્ફળ નીવડ્યાં છે. મારો એવો દાવો છે કે મારી સ્મૃતિએ મને દગો દીધો હોત તોપણ તેમને આપેલો મારો છેવટનો જવાબ પ્રત્યુત્તર વિનાનો અને સ્પર્શ્યા

Gandhi Heritage Portal

વિનાનો રહ્યો છે. પોતાનો કોઈ બચાવ જ ન રહેતાં તેમણે સત્યને છાવરવાનો પ્રયત્ન કરતા એક એવા કજિયાદલાલ વકીલની પદ્ધતિ અખત્યાર કરી છે કે જે વિરોધપક્ષના મજબૂત સાક્ષી પાસે એની યાદદાસ્ત ઉપરથી એવી હકીકત પરત્વે કહેવડાવે છે કે જે પૂરતી તપાસ પછી સાચી ન ઠરે અને આમ તેને બદનામ કરવાનો નિરર્થક પ્રયત્ન કરે. મારે એ કહેવું પડે છે તેથી દુઃખ થાય છે કે લિબર્ટીમાંનો તેમનો લેખ તેમને માત્ર આધાર ન રાખી શકાય એવાં લેખક જ નહીં પરંતુ સત્ય અને અસત્યની જેને પડી નથી એવાં અપ્રામાણિક વ્યક્તિ પણ સાબિત કરે છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २–२–१९२८

# ૪. ગૂજરાત વિદ્યાપીઠ[1]

પડી ભાંગતી જેવી લાગતી, જેમાંથી નિત્ય સંખ્યા ઘટતી જાય છે, જેની કેટલાક અવગણના કરે છે તે ગૂજરાત વિદ્યાપીઠનો ફાળો હિંદુસ્તાનની સ્વરાજની ચળવળના ઇતિહાસમાં સારો અંકાશે એવો મને વિશ્વાસ છે. આ વિદ્યાપીઠની હયાતી વિના બંગાળ, અલીગઢ, કાશી, બિહાર અને પંજાબની વિદ્યાપીઠો સ્થપાત કે નહીં તે શકની વાત છે. સ્થપાઈ ત્યારે તો સહુની નજર ગૂજરાત વિદ્યાપીઠ તરફ રહેતી હતી. ગુજરાતના સાહસની હરીફાઈ કરવાનું સહુને મન હતું.

તેમાં તૈયાર થયેલા સ્નાતકો ને તેને સેવા આપનારા અધ્યાપકોમાંથી કેટલાક અત્યારે તેમાં ન હોવા છતાં અસહકારના વાવટાને દીપાવી રહ્યા છે. આ વિદ્યાપીઠનો નાશ થાય તો દેશને નુકસાન પહોંચે ને આપણા પ્રત્યે આરંભશૂરા હોવાનો અપવાદ કરવામાં આવે છે તેનાં દૃષ્ટાંતોમાં આ એક દુઃખદ ઉમેરો થાય. પડી ગયેલી પ્રજાના જીવનને ઉજ્જ્વળ કરનારી સંસ્થાઓની ઉપર આખા જગતમાં હુમલા થતા આવ્યા છે. તેવા હુમલાથી ઊગરી આવેલી સંસ્થાઓએ હમેશાં જગતની ઉન્નતિમાં મોટો ફાળો આપ્યો છે. કેમ કે આપત્તિઓની સામે ઢળી જવાને બદલે જે વ્યક્તિઓ કે સંસ્થા ટટ્ટાર ઊભી શકે છે તે જગતને આત્મવિશ્વાસ, સ્વાશ્રય, વીરતા, દૃઢતા ઇત્યાદિનો પદાર્થપાઠ શીખવે છે.

એટલે ગુજરાતીઓ ઝટ વિદ્યાપીઠને સૂઈ જવા દે તેમ નથી. આચાર્ય આનંદશંકરભાઈની મદદ લઈ એક સમિતિ નીમી વિદ્યાપીઠે તપાસ કરાવી હતી તે તો વાંચનાર જાણે જ છે. ત્યારથી જ વિદ્યાપીઠને સારા પાયા ઉપર મૂકવાના ઇરાદાથી કેટલાક ફેરફારો કરવામાં આવ્યા હતા ને કેટલાક બીજા ફેરફારોનો વિચાર કરવામાં આવ્યો હતો.

તોફાની સમુદ્રમાં પડેલું વહાણ મતાધિકારથી રચાયેલા મંડળના હાથમાં નથી રાખવામાં આવતું; પણ તેવું મંડળ પોતાના રક્ષણને અર્થે જ રાજીખુશીથી તેનો કબજો વહાણવટાના શાસ્ત્રને જાણનારને સોંપી દે છે; ને તે શાસ્ત્રજ્ઞો જરૂર જણાયે વળી એક આરકાટીના હાથમાં પૂર્ણ કબજો મૂકી દે છે.

૧. આ જ વિષય પર ગાંધીજીએ ૨–૨–૧૯૨૮ના यंग इन्डियामां લખ્યું હતું. તેથી ક્રમ અંગ્રેજી પ્રમાણે રાખ્યો છે.

Gandhi Heritage Portal

વિદ્યાપીઠની નિયામક સભાએ કંઈક આવી જ રીતે પોતાના હાથમાં રહેલો કબજો સ્વેચ્છાએ જેને મતદારોનો નહીં પણ કેવળ વિદ્યાપીઠનો જ વિચાર કરવો રહ્યો હોય એવા નાનકડા મંડળને સોંપવાનું સાહસ કર્યું છે, ને ડહાપણ વાપર્યું છે. નિયામક સભાએ ગત માસની તા. ૨૮મીએ[૧] કરેલો આ ઠરાવ અગત્યનો હોવાથી નીચે પૂરેપૂરો આપું છું :

આ સભાનો એવો અભિપ્રાય છે કે :

૧. ગુજરાતે અસહકારની રાષ્ટ્રીય પ્રવૃત્તિને અંગે ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરીને અસહકારના આંદોલનમાં ભરતીઓટ થવા છતાં તેને સાચવી એથી રાષ્ટ્રની ઉપયોગી સેવા થઈ છે;

૨. પણ સંખ્યાની દૃષ્ટિએ જોતાં વિદ્યાપીઠમાં ઉત્તરોત્તર ઓટ જ થયાં કરી છે;

૩. ગુણદૃષ્ટિએ જોતાં પણ જો આંતરિક સંજોગો સારા હોત તો થયું છે તેના કરતાં ઘણું વધારે થઈ શકત;

૪. વિદ્યાપીઠના અસ્તિત્વમાં હાલ એ ભૂમિકા આવી છે કે જ્યારે વિદ્યાપીઠનું તંત્ર વધારે કાર્યકર કરવા માટે અને આ સાથેનાં ધ્યેયોનું વધારે એકાગ્ર પાલન થાય તે માટે વિદ્યાપીઠનું તંત્ર એક સ્થાયી મંડળને સોંપવાની આવશ્યકતા છે તેથી;

૫. અને આ સભાએ વિદ્યાપીઠની પુનર્ઘટના વિશે તા. ૪–૧૨–૧૯૨૭ના રોજ ઠરાવ કર્યો હતો તે પ્રમાણે;

આ સભા નીચે જણાવેલા સભ્યોમાંથી જેઓ આ સાથે જણાવેલાં ધ્યેયોને સ્વીકારવાની અને તેમનું પાલન કરવાની પ્રતિજ્ઞા લે તેમનું ગૂજરાત વિદ્યાપીઠ મંડળ નીમે છે; અને તેને વિદ્યાપીઠની તમામ સંસ્થાઓ તથા તેને લગતી તમામ મિલકત, જવાબદારીઓ અને હકો સોંપે છે અને તે મંડળને પોતાની સંખ્યામાં ૨૫ સુધી વધારો કરવાની, મરણ થતાં, રાજીનામું મળતાં, મંડળની પ્રતિજ્ઞાના ભંગને લીધે અથવા બીજા કોઈ પણ સબળ કારણસર કોઈ પણ સભ્યને મંડળની ⅘ બહુમતીથી બરતરફ કરતાં, અથવા બીજાં કોઈ પણ કારણોને લીધે જગ્યા ખાલી પડતાં બીજા સભ્યો નીમવા વગેરેની સત્તા તથા બીજા તમામ અધિકાર જે આ સભાને હોઈ શકે તે આપે છે.

**મંડળના સભ્યોનાં નામ**

| | |
|---|---|
| ૧. શ્રી વલ્લભભાઈ પટેલ | ૧૦. શ્રી વાલજી દેસાઈ |
| ૨. ,, નૃસિંહપ્રસાદ ભટ્ટ | ૧૧. ,, હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ |
| ૩. ,, કાકા કાલેલકર | ૧૨. ,, જુગતરામ દવે |
| ૪. ,, શંકરલાલ બૅંકર | ૧૩. ,, ગોકુળભાઈ ભટ્ટ |
| ૫. ,, મહાદેવ દેસાઈ | ૧૪. ,, સુખલાલજી પંડિત |
| ૬. ,, અબદુલ કાદર બાવાઝીર | ૧૫. ,, પરીક્ષિતલાલ મજમુદાર |
| ૭. ,, મણિલાલ કોઠારી | ૧૬. ,, ગોપાળરાવ કુલકર્ણી |
| ૮. ,, કિશોરલાલ મશરૂવાળા | ૧૭. ,, મામા ફડકે |
| ૯. ,, નરહરિ પરીખ | ૧૮. શ્રીમતી મણિબહેન વલ્લભભાઈ પટેલ |

૧. યંગ ઇન્ડિયા પ્રમાણે આ તારીખ ૨૯ જાન્યુઆરી, ૧૯૨૮ છે.

Gandhi Heritage Portal

**ધ્યેયો**

૧. વિદ્યાપીઠનું મુખ્ય કામ સ્વરાજપ્રાપ્તિને સારુ ચાલતી પ્રવૃત્તિઓને અર્થે ચારિત્ર્યવાન, શક્તિસંપન્ન, સંસ્કારી અને કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓ તૈયાર કરવાનું છે.

૨. વિદ્યાપીઠ તરફથી ચાલતી તથા તેણે માન્ય કરેલી પ્રત્યેક સંસ્થા સંપૂર્ણતાએ અસહકારી હોવી જોઈએ અને તેથી સરકારનો કોઈ પણ પ્રકારનો આશ્રય ન લઈ શકે.

૩. વિદ્યાપીઠ સ્વરાજ અને સ્વરાજપ્રાપ્તિના સાધન અહિંસામય અસહકારને અંગે ઉત્પન્ન થઈ છે. તેથી શિક્ષકો અને સંચાલકો સ્વરાજપ્રાપ્તિ માટે અહિંસા અને સત્યને અવિરોધી એવાં જ સાધનો સ્વીકારનારા અને તેને અમલમાં મૂકવા પ્રયત્નશીલ હોવા જોઈએ.

૪. વિદ્યાપીઠના સંચાલકો અને શિક્ષકો તથા વિદ્યાપીઠે માન્ય કરેલી સંસ્થાઓ અસ્પૃશ્યતાને કલંકરૂપ માનનારાં અને તેનું નિવારણ કરવા પ્રયત્નશીલ હોવાં જોઈએ, અને કોઈ પણ બાળક કે બાળાને અસ્પૃશ્ય હોવાને કારણે બહાર રાખવામાં કે તેને દાખલ કર્યા પછી તેની તરફ નોખી વર્તણૂક રાખવામાં ન આવવી જોઈએ.

૫. વિદ્યાપીઠની સંસ્થાઓમાં અને માન્ય કરેલી સંસ્થાઓમાં કામ કરનારો શિક્ષકવર્ગ, સંચાલકો વગેરે રેંટિયાની પ્રવૃત્તિમાં માનનારા અને અનિવાર્ય કારણ સિવાય નિયમિત રીતે કાંતનારા અને નિરંતર ખાદી પહેરનારા હોવા જોઈએ.

૬. વિદ્યાપીઠમાં સ્વભાષાને પ્રધાનપદ દેવામાં આવશે અને બધું શિક્ષણ સ્વભાષા દ્વારા આપવામાં આવશે.

સમજૂતી : બીજી ભાષાઓ શીખવતાં તે જ ભાષાને વાપરવામાં બાધ નહીં ગણાય.

૭. વિદ્યાપીઠમાં રાષ્ટ્રભાષા હિંદી-હિંદુસ્તાનીને આવશ્યક સ્થાન હશે.

નોંધ : હિંદી-હિંદુસ્તાની એ ભાષા કે જે ઉત્તરના સામાન્ય હિંદુમુસલમાન બોલે છે અને દેવનાગરી અથવા ફારસી લિપિમાં લખે છે.

૮. વિદ્યાપીઠમાં ઔદ્યોગિક શિક્ષણને બૌદ્ધિક શિક્ષણના જેટલું જ મહત્ત્વ આપવામાં આવશે અને રાષ્ટ્રના પોષક જે જે ઉદ્યોગો છે તેને સ્થાન આપવામાં આવશે, બીજાને નહીં.

૯. ભારતવર્ષનો ઉત્કર્ષ, શહેરો ઉપર નહીં પણ ગામડાં ઉપર અવલંબે છે, તેથી વિદ્યાપીઠના મોટાભાગના દ્રવ્યનો અને વિદ્યાપીઠના શિક્ષકોનો મુખ્ય ઉપયોગ ગામડાંમાં રાષ્ટ્રપોષક કેળવણીનો પ્રચાર કરવામાં થશે.

૧૦. કેળવણીનો ક્રમ ઘડવામાં ગ્રામવાસીઓની હાજતોને પ્રધાનપદ આપવામાં આવશે.

૧૧. વિદ્યાપીઠની નીચે ચાલતી સંસ્થાઓમાં બધા પ્રચલિત ધર્મોને વિશે સંપૂર્ણ આદર હોવો જોઈએ અને વિદ્યાર્થીઓના આત્મવિકાસને અર્થે ધર્મનું જ્ઞાન અહિંસા અને સત્યને દૃષ્ટિમાં રાખીને આપવામાં આવશે.

૧૨. પ્રજાના શારીરિક વિકાસને અર્થે વ્યાયામ અને અંગમહેનતની તાલીમ વિદ્યાપીઠમાં આવશ્યક ગણાશે.

આ ઠરાવ કરી નિયામકો જવાબદારીમાંથી મુક્ત નથી થતા, પણ જેમ પોતાને હાથેથી કબજો મૂકી દેવામાં જવાબદારી સમજ્યા છે તેમ જ બહાર રહેતાં તેઓ પોતાની જવાબદારી વધારે સમજશે એવી આશા રાખી શકાય. ડૂબતા વહાણનો કબજો વિશ્વાસપાત્ર ખલાસીઓને સોંપી દેતાં માલિકો ખરી જવાબદારીમાંથી હાથ નથી ધોતા, પણ ખલાસીઓ જે તેમના નોકર

Gandhi Heritage Portal

હતા તેમના હાથ નીચે પોતે કામ કરવામાં પોતાને કૃતાર્થ માને છે ને પોતાની માલેકીની રક્ષા કરવાનું ડહાપણ કરે છે. તે જ સ્થિતિ નિયામક સભાના સભ્યોની હોવી જોઈએ.

અને જેમ સ્થૂળ જવાબદારી જતી કરતાં નિયામકોની નૈતિક જવાબદારી વધી છે તે જ પ્રમાણમાં મંડળની જવાબદારી રહેલી છે. વિદ્યાપીઠની ચાલુ સ્થિતિ સુધારવાની આશા પોતાને હોય એવું જ મંડળ એ સંસ્થાના સંક્રાંતિકાળમાં તેનો કબજો લે. મંડળમાં એક પણ સભ્ય કે સભ્યો નામને સારુ નથી નીમવામાં આવ્યા, પણ કેવળ કામ અને કામની જ આશાએ. તેમણે સતત જાગૃતિ બતાવવી રહી છે.

ધ્યેયોનાં દેહ અને આત્માને મરણાંત લગી જાળવવામાં આ મંડળની સેવા ને તેની કિંમત રહ્યાં છે. જેઓ ધ્યેયોને વિશે પ્રતિજ્ઞા લે તેઓ જ મંડળમાં રહે એવો નિયમ હોવાથી સભ્યો ધ્યેયોને માનનારા તો હોવા જ જોઈએ. તેમનાં તે ધ્યેયોના સૂક્ષ્મતમ પાલનમાં વિદ્યાપીઠની વૃદ્ધિ રહેલી છે. તેમનામાં આત્મવિશ્વાસ હશે તો તેનો ચેપ વિદ્યાર્થીઓમાં ફેલાશે, ને વિદ્યાર્થીઓમાં ફેલાયેલો ચેપ પ્રજામાં ફેલાયા વિના ન જ રહે.

ધ્યેયોને ધ્યાનપૂર્વક વાંચનાર જોશે કે સરકારી ને અસહકારી વિદ્યાલયો વચ્ચે ક્યાંયે સરખામણી હોય જ નહીં. સરકારની છાયામાં રહેલી શાળા તે જ પુસ્તકનો એક ઉપયોગ કરશે, અસહકારી બીજો. આ લખતી વેળા પણ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ મારા આ કથનનો પદાર્થપાઠ આપી રહ્યા છે.

પણ અસહકાર — અહિંસા, સત્યના પેટામાં રહેલાં જે ધ્યેયો તરી આવે છે તેનો જરા વિચાર કરી લઈએ. અસ્પૃશ્યતાનો નિરપવાદ બહિષ્કાર, રેંટિયાયજ્ઞ, સ્વભાષા મારફતે જ શિક્ષા ને હિંદી-હિંદુસ્તાનીને અને ઔદ્યોગિક શિક્ષણને આવશ્યક સ્થાન આ બધી વિશેષતા છે. રાષ્ટ્રીય વિદ્યાપીઠને અંગે આ વસ્તુઓ નવીન નથી, પણ તેને મજકૂર ઠરાવમાં મૂકવાના બે અર્થ છે. એક તો એ કે તેના પાલનમાં કંઈક શિથિલતા હતી તે હવે નહીં સંખાય, એને વિશે માંડવાળ નહીં હોય. બીજો અર્થ એ કે ઠરાવમાં તેને સ્પષ્ટ રીતે મૂકીને નિયામકોએ પોતાનો તે તે ધ્યેયો પ્રત્યેનો વિશ્વાસ સ્પષ્ટ રીતે પ્રગટ કર્યો. તેવું જ મહત્ત્વનું ધ્યેય ગ્રામ્યશિક્ષા છે. બીજી કેળવણી કરતાં તેમાં વધારે ખરચ કરવું, તેને પ્રધાનપદ આપવું. આ વસ્તુનો અમલ આજ લગી નહીં જેવો થયો છે. હવે મંડળે આ સ્થિતિને શીઘ્રતાપૂર્વક બદલવી રહી છે.

શહેરોમાં રહેલાં રાષ્ટ્રીય વિદ્યાલયોમાં ભણતા વિદ્યાર્થીઓ પણ પોતાના ધર્મ આ ઠરાવથી સમજશે એમ હું માની લઉં છું. જે આશા સરકારી શાળાઓમાં જનાર વિદ્યાર્થીઓ રાખી શકે છે તે આશા રાષ્ટ્રીય વિદ્યાપીઠમાં ભણનારાઓને ત્યાજ્ય છે. સરકારી શાળામાં ઉત્તમોત્તમ કેળવણી પામનાર સરકારની સેવા કરવામાં અભિમાન માને, સરકારના દીવાની કે લશ્કરી ખાતામાં મોટો હોદ્દો મેળવવાની આશા રાખે. સરકારી શાળાઓ મારફત સરકાર પોતાને જોઈએ તેના કરતાં ઘણા વધારે નોકરો પ્રતિવર્ષ તૈયાર કરે છે. રાષ્ટ્રીય વિદ્યાપીઠમાં ભણતા વિદ્યાર્થીઓને જો તેને વિશે અભિમાન હોય તો તેનું પ્રથમ લક્ષ્ય રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં પડી જઈ આજીવિકા મેળવવાનું હોય. તે પ્રવૃત્તિઓની અનિશ્ચિતતામાં તેઓ નિશ્ચિતતા જુએ. તેઓ માને કે તેમના તે પ્રવૃત્તિઓમાં પડવાથી તે નિશ્ચિત થવાની જ છે. તેમને લાલચ પગારની નહીં પણ સેવાની હોય. રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં આજીવિકા માત્ર મળે તેથી તેઓ સંતોષ માને, અને બીજે ક્યાંયે વધારે પગારની લાલચ મળે તેને ઠેલે. આજે સ્થિતિ આવી નથી; એ સુધારવી નવા મંડળના ને વિદ્યાર્થીઓના હાથમાં છે. અંત્યજસેવા, મજૂરસેવા, ખાદીસેવા ઇત્યાદિ વ્યાપક અને રચનાત્મક

Gandhi Heritage Portal

કાર્યોમાં રાષ્ટ્રીય વિદ્યાપીઠોના જ વિદ્યાર્થીઓ હોવા જોઈએ. તેમાં કેટલાક પડયા છે પણ ઘણા વધારેની જરૂર છે. આ ખોટ પૂરી પાડવામાં મંડળની કાર્યદક્ષતા ને તેની કર્તવ્યપરાયણતા છુપાયેલાં છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૫–૨–૧૯૨૮

## ૫. મુંબઈના લોકોને અપીલ

હું આશા રાખું છું કે બહિષ્કાર[1] શાંતિપૂર્વક પસાર થશે અને પ્રજાના સંકલ્પની તાકાત બતાવી આપશે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ૩–૨–૧૯૨૮

## ૬. અમદાવાદની જાહેર સભાને સંદેશો[2]

ફેબ્રુઆરી ૩, ૧૯૨૮

મારી ઉમેદ છે કે આ સભા કોઈ નિશ્ચયાત્મક કાર્ય કર્યા વિના નહીં ઊઠી જાય. મહાસભા સમિતિએ એવું કાર્ય સોંપ્યું છે કે જો આપણે વિદેશી કાપડના બહિષ્કાર જેટલું પણ નિશ્ચયાત્મક કાર્ય ન કરીએ તો આપણી હાંસી થશે.

[મૂળ ગુજરાતી]

प्रजाबंधु, ૫–૨–૧૯૨૮

૧. સાઇમન કમિશનનો, જે કમિશન હિંદુસ્તાનમાં કેવી પદ્ધતિનો રાજવહીવટ હોવો જોઈએ તેની તપાસ કરવા નિમાયેલું હતું. "હડતાળ પછી?", ૯–૨–૧૯૨૮, પણ જુઓ.

૨. સાઇમન કમિશન સામે વિરોધ જાહેર કરવા તથા બનારસની સર્વપક્ષીય પરિષદે જાહેર કરેલ ઠરાવ પસાર કરવા પ્રાંતિક સમિતિ તરફથી ૩–૨–૧૯૨૮ને દિને શ્રી વલ્લભભાઈ પટેલને પ્રમુખપદે આ સભા મળી હતી. આ સંદેશો તેમણે વાંચી સંભળાવ્યો હતો.

Gandhi Heritage Portal

## ૬(૧). કુવલયાનંદને પત્ર

[ફેબ્રુઆરી ૩, ૧૯૨૮][1]

પ્રિય ભાઈ,

તમારો માયાળુ પત્ર મને મળ્યો છે. મેં યોગનાં આસનનો બિલકુલ ત્યાગ કર્યો નથી. શવાસન વિશે મેં બહુ કાળજી કરી નથી. તમારા કહ્યા પ્રમાણે ઊંડો શ્વાસ લેવાનું ચાલુ રાખ્યું છે, પરંતુ મેં મારા આહારમાં ક્રાંતિકારક ફેરફાર કર્યો છે. ધાર્મિક કારણોસર દૂધ પ્રત્યેનો મારો અણગમો તમે જાણો છો. હમણાં મુસાફરીનો કોઈ કાર્યક્રમ ન હોઈ હું સૂકાં અને લીલાં ફળોનો આહાર લઉં છું. એને હવે એક મહિનો વીતી ગયો છે. હું હમેશાં નારંગીનો રસ અથવા લાલ દ્રાક્ષ સાથે એક તોલા બદામનું ખરલમાં કાલવેલું દૂધ ત્રણ વખત લઉં છું. બે વાર અરધા નાળિયેરના છીણને નિચોવીને કાઢેલા દૂધ સાથે ધીમે તાપે બાફેલું કાચું પપૈયું અથવા કાચું કેળું લઉં છું. કાચા કેળાનો ઉપયોગ મેં માત્ર આજે જ શરૂ કર્યો છે. આ ફેરફાર પછી મારે ખુલાસાવાર દસ્ત માટે કોઈ જાતની દવા લેવી પડતી નથી. અને આંતરડાં પહેલાં કરતાં વધારે સારી રીતે કાર્ય કરી રહ્યાં છે. કદાચ તમને આ ફેરફાર ન ગમે. પરંતુ જો તમે મને નભાવી લઈ શકો, અને માર્ગદર્શન આપી શકો, તો જરૂર આપશો. જો તમારે વધારે વ્યાયામની ભલામણ કરવી હોય તો અવશ્ય કરવા વિનંતી છે. ડૉ. મુથુની સલાહ પ્રમાણે એક મહિનો થયો મેં મારું લોહીનું દબાણ મપાવ્યું નથી.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૫૦૫૪

## ૭. રામેશ્વરદાસ પોદ્દારને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મહા સુદ ૧૪ [ફેબ્રુઆરી ૪, ૧૯૨૮][2]

ભાઈ રામેશ્વરજી,

તમારા કાગળો મળતા જ રહે છે અને દરેક વખતે હું તમને શાંતિ મળો એવી પ્રાર્થના કરું છું.

હકીમજીના સ્મારક માટે તમે પૈસા મોકલ્યા એ સારું કર્યું.

પ્રયત્ન કરવાથી તમને ધીરે ધીરે સત્ય અને અહિંસાની ઝાંખી થતી જશે. જો તમારા સસરાને ભાંગનું વ્યસન હોય, તોપણ તેમના પ્રત્યે માયાળુ બનજો, અને તક મળતાં તેમને આ અનિષ્ટ

૧. મૂળમાં ૩–૧–૧૯૨૮ છે, તે ભૂલ થઈ હોય તેમ જણાય છે. તે ૩–૨–૧૯૨૮ જોઈએ. ૧૯૨૭ના ડિસેમ્બર ૩૧ પછી ગાંધીજી આશ્રમે આવ્યા પછી ખોરાકના પ્રયોગો શરૂ કરવામાં આવ્યા હોય એમ લાગે છે. તેમણે આ પ્રયોગ શરૂ કર્યાને 'એક મહિનો લગભગ થયો છે' એમ લખ્યું છે, તે ઉપરથી એમ લાગે છે કે આ પત્ર ફેબ્રુઆરી ૩, ૧૯૨૮ને દિવસે લખાયો હોવો જોઈએ.

૨. હકીમ અજમલખાનના સ્મારકના ઉલ્લેખ પરથી. ૧૯૨૭ના ડિસેમ્બરમાં એમનું અવસાન થયું હતું.

Gandhi Heritage Portal

ટેવમાંથી મુક્ત કરવા પ્રયત્ન કરશો. અત્યારના સંજોગોમાં જ્યારે બાળલગ્ન અને એવા બીજા ખરાબ રિવાજો ફાલીફૂલી રહ્યા છે, ત્યારે આવા અયોગ્ય સંબંધ બંધાય એ અનિવાર્ય છે.

જમનાલાલજીની વર્ધા જવાની સલાહ તદ્દન વાજબી છે અને બાબુને વર્ધા આશ્રમમાં રાખવાની વાત મને ગમે છે.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી : જી. એન. ૧૯૩

## ૮. રેવાશંકર ઝવેરીને પત્ર

અમદાવાદ,
સોમવાર [ફેબ્રુઆરી ૬, ૧૯૨૮][1]

મુ. રેવાશંકરભાઈ,

પરમ દિવસે ચિ. છગન[2] વગેરે આવ્યા. મોરબીના ઠાકોરસાહેબ સાથે ખૂબ વાતો થઈ છે. કપાસ ઉપરની જકાત ખાદીને અર્થે કાઢી નાખવાનું વચન આપ્યું છે. ગોરક્ષા વિશે પણ મારી પાસે માણસ માગ્યો છે. તમારી વાત પણ નીકળી હતી. તમે મોરબીમાં રહી આ બધાં કામ કરો ને ઠાકોરસાહેબની મદદ લ્યો એમ તેમણે કહ્યું છે. થોડોઘણો વખત પણ ત્યાં ગાળો તો સારું એમ તો હું માનું છું. મીરાંબહેનના કહેવા ઉપરથી જોઉં છું કે હવે તબિયત સારી રહે છે. ધીરુના[3] શા ખબર છે?

મોહનદાસના પ્રણામ

રેવાશંકર જગજીવન ઝવેરી
મણિભવન
લેબરનમ રોડ
ગામદેવી, મુંબઈ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૧૨૬૭

૧. ટપાલની છાપ પરથી.
૨. ડૉ. પ્રાણજીવન મહેતાના પુત્ર છગનલાલ મહેતા.
૩. છગનલાલ મહેતાનો પુત્ર; તેને ક્ષયનું દર્દ હતું.

Gandhi Heritage Portal

# ૯. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

આશ્રમ,
ફેબ્રુઆરી ૭, ૧૯૨૮

પ્રિય ઘનશ્યામદાસજી,

તમારો પત્ર મળતાં જરૂર ચિંતા થાય છે. દવાથી તો થાક લાગવો જ જોઈએ. મારા મત પ્રમાણે સંપૂર્ણ ઉપવાસ એ પ્રથમ ઉપાય છે. એનો મને કાંઈ ભય નથી. ઉપવાસથી નુકસાન થઈ જ ન શકે અને ઉપવાસ એક કે બે દિવસના નહીં પણ દસથી પંદર દિવસના હોવા જોઈએ. જો ઉપવાસ કરવા જ હોય, તો તમારે અહીં રહેવું જોઈએ. ઉપવાસનું શાસ્ત્ર જાણનાર એક-બે મિત્રો છે, તેમને બોલાવી શકીએ. રહેવાની સગવડ અહીં પૂરતી છે. આજકાલ અહીંની આબોહવા સારી છે. જો તમે ઉપવાસના નિષ્ણાતને પિલાની બોલાવવા માગતા હો, તો તેની પણ વ્યવસ્થા થઈ શકશે.

મારી એ મક્કમ માન્યતા છે કે કોઈ પણ કારણસર તમારે દિલ્હી જવાની જરૂર નથી. હું આજે એ બાબતમાં પૂજ્ય માલવિયાજી અને લાલાજીને લખું છું. હકીમ અજમલખાનના સ્મારક માટે यंग इन्डिया[1] અને नवजीवनમાં મેં એક અપીલ પ્રસિદ્ધ કરી છે. મારે મારી પાસેથી અને તમારા મિત્રો પાસેથી દાનો જોઈએ છે. જો તમે મોટી રકમ આપવાની ઇચ્છા ન ધરાવતા હો, તો મારી પાસે તમે દાનમાં આપેલ રૂ. ૭૫,૦૦૦ પડયા જ છે. રજા આપો તો તેમાંથી સારી સરખી રકમ લઈ લઉં. તમારું નામ મારે પ્રસિદ્ધ કરવું કે નહીં તે બાબત હું તમારા ઉપર જ છોડું છું. આ રકમમાંથી કંઈ પણ આપવા ઇચ્છતા ન હો, તો સંકોચ વિના મને લખી દેજો.

વર્તમાનપત્રોમાં આવતા મારી તબિયતના હેવાલોથી ગભરાતા નહીં. ચિંતાનું કોઈ કારણ નથી. દાક્તરો જરૂર બિવડાવે છે, પણ તેની મારા પર કોઈ અસર થતી નથી.

તમારો **મોહનદાસ**

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૧૫૩; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

૧. જુઓ પુસ્તક ૩૫, પા. ૩૯૧–૨ અને ૪૩૦–૧.

Gandhi Heritage Portal

## ૧૦. ગૂજરાત વિદ્યાપીઠમાં મળેલ સભાને સંદેશો[1]

ફેબ્રુઆરી ૭, ૧૯૨૮

હું આજની સભામાં દાક્તરોને આધીન થઈ નથી આવતો. આચાર્ય કૃપાલાની જાય છે, પણ વિદ્યાપીઠમાંથી નથી જતા એમ હું માનું છું. કારણ કે તેમનો આત્મા અહીં જ રહેશે. પ્રસંગોપાત્ત અહીં આવી જરૂર વ્યાખ્યાનો આપશે અને સમય આવે સુકાની થઈને પણ આવવા વચન આપી જાય છે. આચાર્ય કૃપાલાની સાથેનો મારો સંબંધ હું દક્ષિણ આફ્રિકાથી આવ્યો ત્યારનો છે. તેમની ત્યાગવૃત્તિ, સાદાઈ અને કર્તવ્યપરાયણતાનું સર્વ અનુકરણ કરે એમ ઇચ્છું છું.

[મૂળ ગુજરાતી]

પ્રજાબંધુ, ૧૨–૨–૧૯૨૮

## ૧૧. એન. આર. મલકાનીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી,
ફેબ્રુઆરી ૮, ૧૯૨૮

પ્રિય મલકાની,

તમારો પત્ર મને મળ્યો છે. યંગ ઇન્ડિયાના હવે પછીના અંકમાં તમારી નોંધ છપાઈ જાય તેનો હું ખ્યાલ રાખીશ.[2] આજે જે અંક છાપવા માટે ગયો છે, તેને માટે તે બહુ મોડી પડી ગણાય.

જો તમે અસ્પૃશ્યતાનિવારણના કાર્ય માટે તત્પર હો, તો હું પણ તમને લેવાને માટે તેટલો જ તત્પર છું. તમારું ત્યાંનું કાર્ય પૂરું થાય એટલે આપણે એની યોજનાઓ અને વહીવટની ચર્ચા કરીશું.

મારી તબિયતના અહેવાલોથી ગભરાતા નહીં. દાક્તરોનાં સાધનો ભડકામણાં પરિણામો બતાવે છે, અને તેથી જ મેં સંપૂર્ણ આરામ લેવા સંમતિ આપી છે. તેથી જ જેટલો પત્રવ્યવહાર કરવાની તેઓએ છૂટ આપી છે, તેટલો જ કરું છું. પરંતુ અંગત રીતે હું માનું છું કે મારી તબિયતમાં ખાસ કંઈ બગાડો નથી. અલબત્ત, મને થોડી નબળાઈ છે પણ તે તો જૂની ફરિયાદો છે.

તમારો સહૃદયી
બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૮૮૨

૧. આચાર્ય કૃપાલાની બનારસના ગાંધી આશ્રમમાં જોડાતાં તેમને શુભેચ્છા દર્શાવવા આ સભા મળી હતી. ગાંધીજીની નાદુરસ્ત તબિયતને કારણે સભાનું પ્રમુખસ્થાન અંબાલાલ સારાભાઈએ લીધું અને આ સંદેશો તેમણે વાંચી સંભળાવ્યો હતો.

૨. જુઓ "સિંધમાં રેલ રાહત કાર્ય", ૧૬–૨–૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૧૨. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૮, ૧૯૨૮

પરમ પ્રિય ચાર્લી,

મારી તબિયતના સમાચાર સાંભળી તમે ગભરાયા નહીં હો એમ હું આશા રાખું છું. હું જોઈ શકું છું ત્યાં સુધી તેમાં કશું ગભરાવા જેવું હતું નહીં અને છે પણ નહીં. પણ દાક્તરો પોતે જ ગભરાતા હતા, એટલે જ હું અગમચેતી રાખું છું અને સંપૂર્ણ આરામ લઉં છું. હું થોડોક પત્રવ્યવહાર કરું છું—પણ તે લખાવું છું, જાતે લખતો નથી.

મને તમને યાદ આપવા દો કે હજી તમારે શ્રદ્ધાનંદ વિશેની લેખમાળા[1] પૂરી કરવાની છે. આ સાથે કણીકરજીના પત્રની નકલ બીડી છે. એનો અર્થ તમે પત્ર વાંચ્યા પછી મારા કરતાં વધારે સમજી શકશો. હું આશા રાખું છું કે તમે છગનલાલ સાથે ઓરિસ્સા જશો કે જેથી તમે તેની પાસેથી શું કરાવવા માગો છો તે તેઓ બરાબર જાણી શકે.

આશ્રમમાં સૌને મારા સ્નેહ.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૬૫

## ૧૩. મિસિસ એલ. સી. ઉન્નીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૮, ૧૯૨૮

પ્રિય બહેન,

તમારા બંને પત્રો મને મળ્યા છે, જે મેં ઉત્તર આપવાને મારી પાસે રાખી મૂક્યા છે. કાલીકટમાં તમને મળીને બહુ જ આનંદ થયો અને તમારા કાગળો મળવાથી તેમ જ મારાં લખાણો તમને કંઈક સહાયભૂત થયાં છે એમ જાણીને તો ખૂબ જ આનંદ થયો. તમે નિયમિત રીતે કાંતો છો એ જાણીને મને આનંદ થયો અને તમે એ કાર્ય ધર્મભાવનાથી કરો છો એ જોતાં હું ઇચ્છું છું કે તમે સૂતરનો કસ અને આંક કેમ કાઢવાં તે શીખી જાઓ તો સારું. તમે યંગ ઇન્ડિયાનાં વાચક હશો, તો તે બાબતની સૂચના તમને પાછળના અંકોમાં મળી રહેશે. 'હાથ-કાંતણ ઉપરનો ઇનામી નિબંધ' પણ તમે વાંચી જાઓ એમ ઇચ્છું છું.[2]

જો તમે સવારના વહેલા ઊઠવામાં સફળ થાઓ, તો તેથી તમને જે શાંતિ અને આનંદ મળશે તે બીજી કોઈ વસ્તુથી નહીં મળે; અલબત્ત, એમાં શરત એ કે વહેલી સવારે તમારું સૌથી

૧. આ લેખમાળાના ત્રણ હપતા યંગ ઇન્ડિયાના ૨૨–૯–૧૯૨૭, ૨૯–૧૨–૧૯૨૭ અને ૫–૧–૧૯૨૮ના અંકોમાં છપાઈ ચૂક્યા હતા.

૨. હાથકાંતણ અને હાથવણાટ, લેખકો : એસ. વી. પુણતાંબેકર અને એન. એસ. વરદાચારી.

Gandhi Heritage Portal

પ્રથમ કાર્ય પરમાત્મા સાથે તદ્રૂપ થવાનું હોય. સંપૂર્ણ વિશ્વાસથી આપણે આપણી જાતને માતાને ખોળે મૂકી દઈએ છીએ તેના જેવું જ એ કંઈક છે.

હું આશા રાખું છું કે તમારો નિરામિષાહાર તમારી તંદુરસ્તીને અનુકૂળ થતો જતો હશે. જો તેમ ન થતું હોય તો તમે શું ખાઓ છો તે મને લખજો. કદાચ હું તમને કાંઈક માર્ગ-દર્શન આપી શકું.

તમારો સહૃદયી

મિસિસ એલ. સી. ઉન્ની
લક્ષ્મી વિલાસ, કાલીકટ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૬૬

## ૧૪. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

ફેબ્રુઆરી ૮, ૧૯૨૮

ભાઈ ઘનશ્યામદાસજી,

તમારો પત્ર મળ્યો. પચાવી શકાય એવી થોડીક વાનગીઓ તેલની બનાવી શકાય છે. પરંતુ આ પ્રયોગ દૂર બેઠાં બેઠાં થઈ શકે નહીં. અત્યારની પરિસ્થિતિમાં તમારે માટે ઉપવાસ જ ખૂબ અગત્યનો અને અતિ ઉત્તમ ઉપાય છે એ બાબતમાં મને લેશ પણ શંકા નથી.

તમારો **મોહનદાસ**

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૬૧૫૪; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

## ૧૫. હડતાળ પછી ?

ઘણો વિચાર કર્યા પછી અને મારી પોતાની ઇચ્છાને ખૂબ દબાવીને મેં વિલાયતી કમિશનના બહિષ્કાર વિશે અત્યાર સુધી કશું જ નથી લખ્યું. અલ્લાહાબાદના લીડર પત્રે મને બહિષ્કારની ચળવળમાં માથું ન મારવા અને તેના ઉપર મારી અસર ન નાખતાં જુદા જુદા પક્ષોને સ્વતંત્ર રીતે પોતાનું કાર્ય કરવા દેવા જે સૂચના કહેલી તેનું વજૂદ હું સમજ્યો હતો. મારા જોડાવાથી જનતા વધુ પ્રમાણમાં અને આગળ પડતો ભાગ લેત એ નિઃસંદેહ હતું, અને તેથી કદાચ નેતાઓને મૂંઝવણ થાત. પણ હવે હડતાળ[1] થઈ ચૂકી હોવાથી હું એકબે શબ્દો કહેવા મુખત્યાર છું. હડતાળમાં તેના પ્રબંધકર્તાઓએ જે ભારે સફળતા મેળવી છે તેને માટે હું તેમને મુબારકબાદી આપું છું. વિનીત, સ્વતંત્ર અને મહાસભા પક્ષ એ ત્રણેને એક જ પક્ષ તરીકે એક જ વેદી ઉપર એકઠા થયેલા જોઈ મને ઘણી જ શાંતિ થઈ. રાષ્ટ્રકાર્યને ખાતર જે થોકબંધ વિદ્યાર્થીઓ સરકારી કૉલેજોમાંથી ગેરહાજર રહ્યા તેમની હિંમત જોઈ હું ખુશ ખુશ થયો. રાષ્ટ્રીય ચળવળોને યોગ્ય વલણ આપવામાં અને મજબૂત કરવામાં આખી દુનિયામાં વિદ્યાર્થીસમૂહ ઘણો જ

૧. ૩ ફેબ્રુઆરી ૧૯૨૮ને દિવસે પડી હતી.

Gandhi Heritage Portal

અગત્યનો અને અસરકારક ભાગ લઈ રહેલ છે. જો હિંદુસ્તાનના વિદ્યાર્થીઓ ઓછું કરી બતાવે તો એ ભયંકર ખામી ગણાય.

આ લખવામાં મારો હેતુ એક ચેતવણી આપવાનો છે. હવે જો હડતાળ વીત્યા પછી તેની પાછળ બીજું સતત અને મજબૂત કામ ચાલુ નહીં રાખવામાં આવે તો હડતાળનાં મહેનત અને સફળતા એળે જવાનાં. લૉર્ડ સિંહાએ "હડતાળ તો એક ક્ષણિક વાદળ જ ઘેરાયું છે" એવી જે ટીકા કરવાની હિંમત કરી હતી તેને ખોટી પાડવી એ આપણી ફરજ છે. આપણે આટલું તો સમજી જ લઈએ કે આપણી મહેનતો અને વિરોધ છતાં, અંગ્રેજના ભલાઓના રક્ષણમાં રહી કમિશન તો પોતાને રસ્તે ચાલ્યું જશે. જ્યાં જ્યાં તેને ખરો આવકાર નહીં મળે ત્યાં ત્યાં તેને માટે આવકાર કૃત્રિમ રીતે ઊભો કરી આપવામાં આવશે. કમિશનને પોતાના તારણહાર તરીકે વધાવી લેવા અસ્પૃશ્યોનું એક નામધારી મંડળ તો ગયું જ હતું ના? એ મંડળના સભ્યો કરતાં અસ્પૃશ્યોને સમજવાનો હું વધુ દાવો રાખું છું, અને તેથી કહી શકું છું કે જો જાપાનીઓને અસ્પૃશ્યોના પ્રતિનિધિ ગણી શકાય તો કદાચ એ મંડળને પણ ગણી શકાય.

માટે હવે જો આપણે બહિષ્કારને સંપૂર્ણ કરવો હોય તો બધા પક્ષો તરફથી તેની યોગ્ય વ્યવસ્થા કરવા સારુ એક સંયુક્ત મંડળ નિમાવું જોઈશે, અને જ્યાં જ્યાં કમિશન જાય ત્યાં ત્યાં કદાચ ભ્રમમાં રહેલા લોકોને વારવાની પરમ ગોઠવણ કરવી પડશે. પણ એ ઉપરાંત દેશની તાકાતનું હજુ એક વધુ અને મોટું દર્શન આપવાની હું જરૂર જોઉં છું. મારો અવાજ અરણ્યરુદન જેવો હોય, તોપણ હજારમી વાર ફરીથી કહેતાં મને સંકોચ નથી થવાનો કે અંગ્રેજ ઉપર અસર પાડી શકે એવું અને ઝપાટાબંધ થઈ શકે એવું પરદેશી કાપડના બહિષ્કાર જેવું બીજું શસ્ત્ર એકે નથી. પણ જેમ બધાં કાર્યોમાં તેમ આમાં પણ યોજનાની અને વ્યવસ્થાની જરૂર રહેલી છે. કેટલાંક પ્રામાણિક સ્ત્રીપુરુષો પોતાનો સંપૂર્ણ વખત તેમાં જ આપી ખંતથી અનવરત મહેનત કરે તો જ આવું કામ પાર પડી શકે. એ સહેલું કામ નથી. જો સહેલું જ હોય તો તેમાં જે ભારે પરિણામોની આશા રહેલી છે તે પણ શાનાં નીપજે? દેશની સારામાં સારી શક્તિ તેમાં ખપે તો જ તે સફળ થાય. પણ આપણે એટલું તો સ્પષ્ટપણે કબૂલ કરીએ કે આટલું જો આપણાથી બની શકે એમ ન હોય તો બીજું કશું જ બની શકવાનું નથી.

મારું વલણ સ્પષ્ટ કરી દઉં. અત્યારે જે રીતે રાષ્ટ્રીય ચળવળ ફરીથી જાગ્રત થઈ રહી છે તેમાં દખલ કરવાની હમણાં પણ મારી મુદ્દલ ઇચ્છા નથી, અને હું જે કંઈ મદદ કરું તે કોઈ કોઈ વાર આ પત્રોમાં મારા વિચારો જણાવીને જ કરું. એથી રાષ્ટ્રની આબરૂ જાળવવા જે જુદા જુદા પક્ષો એક થઈ કાર્ય કરી રહ્યા છે તેમને એક અરજ કરવાના હેતુથી જ મેં આટલું લખ્યું છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ९-२-१९२८

ભાષાંતર: नवजीवन, १२-२-१९२८

Gandhi Heritage Portal

# ૧૬. નોંધ

## યુનિયન ઑફ સાઉથ આફ્રિકા

માનનીય શ્રી શ્રીનિવાસ શાસ્ત્રીના હિંમતભર્યા પ્રયત્નોથી દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓના સામાજિક દરજ્જામાં નિ:શંક સુધારો થયેલો છે અને સ્વમાનપૂર્વક જીવવા ઇચ્છતા ભારતીઓ માટે જીવન ઓછું ને ઓછું અસહ્ય બનતું જાય છે; છતાં તે ઉપખંડમાંથી અવારનવાર એવા સમાચાર મળ્યે જ જાય છે કે ત્યાં હિંદીઓ પોતાના નાગરિક તરીકેના સામાન્ય હકો ભોગવી શકે અને પોતાની સ્થિતિની સલામતી અનુભવી શકે એ માટે હજુ ઘણું કરવાનું બાકી રહે છે. દક્ષિણ આફ્રિકાની હિંદી કૉંગ્રેસના નવા વરાયેલા ઉપપ્રમુખ શ્રી આલ્બર્ટ ક્રિસ્ટોફર તરફથી તાજેતરમાં મળેલા કેબલ દ્વારા છેલ્લા આઘાતજનક સમાચાર સાંપડ્યા છે. શ્રી ક્રિસ્ટોફરે હમણાંના યુદ્ધ ઉપરાંત બોઅર યુદ્ધમાં પણ સ્વયંસેવક તરીકે પોતાની સેવાઓ આપી હતી. તેમનો જન્મ પણ દક્ષિણ આફ્રિકામાં થયો છે. અને તેઓ ઇંગ્લંડમાં પોતાનો અભ્યાસ પૂરો કરી તાજેતરમાં જ દક્ષિણ આફ્રિકા પાછા ફર્યા છે. તેમણે મોકલેલો કેબલ નીચે મુજબ છે :

> સબળ વિરોધ કર્યા છતાં દારૂવિષયક બિલ પાર્લમેન્ટમાં બીજા વાચન માટે મુકાઈ રહ્યું છે. આ બિલ દ્વારા લગભગ ત્રણ હજાર હિંદીઓ અને તેમનાં કુટુંબકબીલાનું ગુજરાનનું સાધન ઝૂંટવાઈ રહ્યું છે અને પરિણામે તેમને સૌને દેશ છોડવાની ફરજ પડશે. આ બિલ 'કેપટાઉન કરાર'નો શબ્દાર્થમાં અને ભાવાર્થમાં છડેચોક ભંગ કરે છે. આ નર્યો રંગભેદનો જ કાનૂન છે. જો આ બિલ પસાર થશે તો 'કેપટાઉન કરાર'ના ચૂરેચૂરા થઈ જશે. આ બાબતમાં તમે તમારી લાગવગ જલદી વાપરો એવી હૃદયપૂર્વક વિનંતી કરીએ છીએ.

દક્ષિણ આફ્રિકાના પ્રતિષ્ઠિત અખબારોના અભિપ્રાય પણ દક્ષિણ આફ્રિકાની કૉંગ્રેસની તરફેણમાં છે અને તેઓ જરૂર માને છે કે ગોળમેજી પરિષદને પરિણામે જે કરાર થયા છે, તેનું આ બિલ છડેચોક ઉલ્લંઘન કરે છે. તેઓ નિશ્ચિત રીતે પોતાનું મંતવ્ય રજૂ કરે છે કે હોટેલમાં તેમ જ દારૂની દુકાનોમાં પ્રામાણિકપણે પોતાનું પેટિયું રળનારા હિંદીઓના ધંધાવિષયક હક ઉપર આ ખરડો એક સીધી તરાપ જ છે. જો દક્ષિણ આફ્રિકાની પાર્લમેન્ટ આ બિલ પસાર કરવાનો આગ્રહ રાખશે તો તેનો અર્થ એટલો જ થશે કે તે આ કરારનો એક વધારે બળવાન પક્ષ હોવાથી તે ખૂબ જ સહેલાઈથી ઇચ્છામાં આવે ત્યારે અને પોતાને ફાવે તે રીતે કરેલા કરારનો ભંગ કરી શકે છે. અત્યારે તો આપણી સઘળી આશા શ્રી શાસ્ત્રીજીની વિવેકભરી મુત્સદ્દીગીરીમાં રહેલી છે. એ આ કટોકટી નિવારશે એટલું જ નહીં પણ એનાથી દક્ષિણ આફ્રિકાની સરકારની, દક્ષિણ આફ્રિકાની પાર્લમેન્ટની અને દક્ષિણ આફ્રિકાના ગોરાઓની પ્રતિષ્ઠા તે નહીં ઇચ્છતા હોય તોપણ સચવાશે. તેમ છતાં હિંદી વર્તમાનપત્રો અને ભારતીય જનતાના સબળ ટેકાની તેમને ભારે જરૂર છે.

### ચીનનું ઉદાહરણ[1]

એક મિત્રે મને ન્યૂયૉર્ક ટાઇમ્સમાંથી એક કાપલી મોકલી છે તેમાં ચીનના એક સુપ્રસિદ્ધ આગેવાન શ્રી કુ-હુંગ-ચિંગની તેમણે લીધેલી મુલાકાતનો હેવાલ છે. ચીન દેશની ઉચ્ચ સંસ્કૃતિ

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૧૨–૨–૧૯૨૮ના અંકમાંથી લીધું છે.

Gandhi Heritage Portal

12560

અને તેની નિંદા કરવાના પરદેશીઓના પ્રયત્ન વિશે બોલી, બહારના વેપારીઓએ ચીનમાં પાડેલાં ગાબડાં વિશે શ્રી કુ-હુંગ-ચિંગ જે કહે છે તે લગભગ અક્ષરશઃ હિંદુસ્તાનને પણ લાગુ પડે છે:

હું ઘણાં વર્ષો સુધી બહાર રહી મારા દેશમાં પાછો ફર્યો ત્યારે પહેલાં તો હું પોતે પણ અમારી દુર્દશા પ્રત્યે આંધળો હતો, એમ કહી ચીનના આગેવાન પ્રથમ પોતાનો દોષ કબૂલે છે, અને તેથી તેમની આગળની વાત પણ માનવી જ જોઈએ:

પહેલાં તો હું ચીનો છું એમ કબૂલ કરતાં શરમાતો. હવે મારા વારસાનો મને એટલો ગર્વ છે કે તમને બધાને (અમેરિકનોને) જંગલી ધારવા તૈયાર છું.

જુઓ, અમારી મુખ્ય અડચણ આર્થિક છે. જ્યારે ચિનાઈ લોકો તમારા દેશમાં આવવા મંડ્યા ત્યારે તમે અમેરિકનોએ માન્યું કે ઘણા ચિનાઈ મજૂરો આવી પડે તો તમારા ઉદ્યોગો નાશ પામે અને તમારું રહેણીકરણીનું ધોરણ નીચું ઊતરી જાય. તમે તાબડતોબ પગલાં લીધાં અને ચીન સામે બારણાં બંધ કર્યાં.

પણ અમે ચીના લોકોએ ભોગજોગે તમારા પરદેશી સંચાઓને અને સંચાથી બનેલા સસ્તા માલને અમારા દેશ પર ચડાઈ કરવા દીધી, અને પરિણામે આજે અમે પાયમાલ થયા. ૭૦ લાખ ચિનાઈ મજૂરો તમારા દેશમાં દાખલ થયા હોત તો તમારી આખી ઔદ્યોગિક રચના ભાંગી પડત.

મારી જુવાનીના વખતમાં મારા પોતાના ઘરમાં બૈરાંઓ કાંતતાં અને વણતાં. તે વખતે પૂરા દસ કરોડ લોકો કાંતતા-વણતા. ત્યાર પછી સસ્તું સુતરાઉ કાપડ બહારથી આવવા માંડયું; અને હવે આ દશ કરોડ બૈરાંઓ કમાઈ શકે એવો વ્યવસાય ન રહ્યો, અને તેમને પરાણે પુરુષોની રોજી પર જ જીવવું પડે છે. તમે બધાએ અમારા ઉપર જે સુલેહનામાં નાખ્યાં છે તેથી અમે તમારું અનુકરણ કરી તમને અમારે ત્યાંથી હાંકી કાઢી નથી શકતા. અમે તો બહારના વેપાર ઉપર કર નાખી શકવા જેટલું પણ સ્વરાજ નથી ભોગવતા.

હું જો ચિતારો હોઉં તો તમને એક કાર્ટૂન ચીતરી આપું કે જેથી તમારાં અન્યાયી સુલેહનામાં વિશે અમે શું ધારીએ છીએ એનો તમને બરોબર ખ્યાલ આવે. એક ચીનાને જમીન પર પડેલો કલ્પી લો. તેને એક પરદેશી પોતાના પગ તળે દબાવીને ઊભો છે. તે ચીનાને કહે છે: 'અલ્યા, ઊઠતો કેમ નથી?' ચીનો કહે છે: 'પહેલાં તારો પગ ઉપાડી લે.' પણ પરદેશી તેને જવાબ વાળે છે, 'ના, તું જ પહેલાં ઊઠ', અને તેમ કહેતાં પોતાનો પગ જોરથી દબાવે છે.

### અજમલ જામિયા ફંડ

નવજીવન–પત્રો દ્વારા જે અપીલ કરવામાં આવી હતી, તેના પરિણામે માત્ર નીચે જણાવેલી રકમો અત્યાર સુધી પ્રાપ્ત થઈ છે:

| | |
|---|---|
| શેઠ જમનાલાલ બજાજ | ૧,૦૦૦–૦–૦ |
| શ્રી રામેશ્વરદાસ, ધુળિયા | ૫૧–૦–૦ |
| ,, પ્યારેઅલી, મુંબઈ | ૧૦૦–૦–૦ |
| કુલ | ૧,૧૫૧–૦–૦ |

ગાંધી સ્મારક સંગ્રહાલય. અમદાવાદ-૧૩.

આ હજી ઘણો જ નબળો પ્રત્યુત્તર ગણાય. આ પત્રો દ્વારા થયેલી અપીલના પરિણામે જે પ્રત્યુત્તર મળે છે, તે ઘણી વાર કેટલીક પ્રવૃત્તિઓ પ્રત્યેનું લોકોનું વલણ દર્શાવે છે. દેખીતી



Gandhi Heritage Portal

રીતે, બે કોમો વચ્ચે જે તંગ સંબંધો પ્રવર્તી રહ્યા છે તેને પરિણામે વાચકોનો એક વિશાળ ભાગ આવી બાબતોમાં પ્રત્યુત્તર આપતાં દૂર રહે છે. હું એવી આશા રાખી શકું ખરો કે જ્યાં જ્યાં હિંદુમુસ્લિમ એકતામાં માનતાં હોય, હકીમજીને એક મહાન દેશભક્ત ગણતાં હોય અને જામિયા મિલિયાને ટેકો આપવાની જરૂરિયાત સ્વીકારતાં હોય એવાં સ્ત્રીપુરુષો વસતાં હોય તેઓ પોતાનો ફાળો તત્કાળ મોકલી આપશે એટલું જ નહીં પરંતુ પોતાના મિત્રો અને પાડોશીઓમાં આ વાતનો પ્રચાર કરી ભંડોળ એકઠું કરવા પણ પ્રવૃત્ત થશે? નાની કે મોટી રકમ જે આ ભંડોળ માટે પ્રાપ્ત થશે, તેનો નવજીવન પત્રોમાં સ્વીકાર કરવામાં આવશે.

### કર્ણાટક અને આંધ્રપ્રદેશના મિત્રોને

આ પ્રાંતોમાં કરવા ધારેલા પ્રવાસો બિલકુલ પડતા મૂકવામાં આવ્યા છે કે નહીં તે બાબતની વારંવાર પૂછપરછ થઈ રહી છે. તેના જવાબમાં એટલું જ જણાવવાનું છે કે શ્રી ગંગાધરરાવ દેશપાંડે અને દેશભક્ત કોંડા વેંકટપૈય્યાના દબાણને લઈને આ પ્રવાસો મેં મુલતવી રાખ્યા છે, છતાં એ પ્રવાસો તદ્દન રદ કરવાનો મેં કોઈ ઇરાદો સેવ્યો નથી. જો મારું સ્વાસ્થ્ય બરાબર રહેશે અને ઈશ્વરઇચ્છા હશે, તો ચોમાસું પૂરું થયા પછી હું આ પ્રવાસો હાથ ધરવા માગું છું. પરંતુ કોઈ ચોક્કસ ઋતુ ઉપર અત્યારથી મદાર બાંધવી સહીસલામત નહીં ગણાય. મારે માટે એટલી જ ખાતરી આપવી પૂરતી ગણાશે કે શક્ય હશે તો આ પ્રાંતોમાં અને બાકી રહેતા પ્રાંતોમાં વહેલામાં વહેલી તારીખે મને પ્રવાસ કરવાનું ગમશે. દરમ્યાન જે લોકોએ થેલી એકઠી કરી હોય, તેઓએ કાં તો તે મને અથવા તેની વ્યવસ્થા કરનારાઓને મોકલી આપવી.

### પંજાબમાં ૧૮૮૫માં ખાદી

કોઇમ્બતૂરથી શ્રી બાલાજીરાવ મારે માટે કેટલાયે ગ્રંથોમાંથી વારંવાર અમૂલ્ય હકીકતો એકઠી કરીને મોકલે છે, તેમાંથી નીચેનો સાર આપું છું. ઈ. સ. ૧૮૮૫માં સુતરાઉ કાપડના ઉત્પાદન વિશે શ્રી ઈ. બી. ફ્રાન્સિસે લખેલા એક લેખમાંથી આ સાર લેવામાં આવ્યો છે.[૧]

કાંતનારાઓને જે મહેનતાણું આપવામાં આવતું હતું તે જૂજ હોવા છતાં સારા કામ કરનારાં ઉપર તેની અસર થતી ન હતી—એમ તેના લેખક કહે છે. તેનું કારણ એ હતું કે તેઓ ફુરસદના કલાકો દરમ્યાન જ કામ કરતા હતા અને તેથી તેઓ જે કંઈ કમાતાં, તે તેની કાયમી આવકમાં ચોખ્ખો ઉમેરો જ હતો. જો આજે તે સ્થિતિ જુદી જ હોય, તો તેનું કારણ એ છે કે આજે રુચિ વિકૃત થતી જાય છે અને પરદેશી કાપડને આડકતરું રક્ષણ આપવાની કપટભરી નીતિ અખત્યાર કરી તેને આ દુઃખી દેશ ઉપર લાદવામાં આવ્યું છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ९-२-१९२८

૧. સાર અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

## ૧૭. ડૉ. એમ. એ. અનસારીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૧૧, ૧૯૨૮

પ્રિય ડૉ. અનસારી,

મારી તંદુરસ્તી માટે નાહક ચિંતા કરશો નહીં. ડૉક્ટરો તો હમેશાં ભડકાવવાના જ. આ વખતે નોંધાયેલું લોહીનું દબાણ મારા ઉપર કશી અસર કરતું દેખાતું નથી. મારું આરોગ્ય ઠીક ઠીક જળવાઈ રહ્યું છે. મારામાં ચાલવાની શક્તિ છે, અને હું એ કારણે ચત્તો સૂઈ રહું છું કે ડૉક્ટરો ફરજ પાડે છે અને કહે છે કે કેટલાક લોહીના દબાણના કિસ્સાઓ છેતરામણા હોય છે, અને ખાસ કરીને દર્દીને પોતાને એની દેખીતી અસર ન જણાતી હોય ત્યારે તે ખાસ ભયંકર હોય છે.

આ પત્ર હું અજમલ જામિયા ફંડ બાબતમાં લખાવી રહ્યો છું. અત્યારે તમે બધા મોટા મોટા લોકોના સંપર્કમાં રહો છો એટલે હું ઇચ્છું છું કે તમે તેમને આગ્રહપૂર્વક સમજાવો અને તેમની પાસે આ ભંડોળમાં નાણાં ભરાવો, પછી એ રકમ ભલે ગમે તેટલી હોય. મને ધાસ્તી છે કે આ બાબતમાં આપોઆપ પ્રત્યુત્તર જવલ્લે જ મળશે અથવા જ્યારે નામાંકિત પુરુષો અને સ્ત્રીઓએ ભંડોળમાં રકમ ભરી હશે ત્યારે જ તે મળશે. જો હું પથારીવશ ન હોત તો હિંદના આ પ્રદેશમાં એ કામ મેં જાતે જ ઉપાડી લીધું હોત. તેમ છતાં, તેમ કરવાની હું તદ્દન આશા ગુમાવી બેઠો નથી. ડેપ્યુટેશનમાં ઠેર ઠેર જઈને નાણાં એકઠાં કરવાની તમારી યોજના સફળ થાય એની મને બિલકુલ ખાતરી થતી નથી. તમારો અત્યારનો સમય તમારી પ્રૅક્ટિસ અને સીધા કૉંગ્રેસ કાર્ય માટે રોકાઈ ગયો છે ત્યારે તમને આ બાબતમાં સમય આપવાનું કહેવું અતિશય ક્રૂર ગણાય. અને છતાંય આ કાર્ય માટે પણ સમય કાઢ્યા સિવાય તમારો છૂટકો નથી.

"હડતાળ પછી?"[૧] એ નામનો મારો લેખ જો તમે વાંચ્યો ન હોય, તો કૃપા કરીને જોઈ જશો. જ્યાં સુધી તમે આ સાર્વત્રિક અને શક્ય એવી પરદેશી વસ્ત્રના બહિષ્કારની બાબત હાથ પર નહીં લો ત્યાં સુધી સાઈમન કમિશનના બહિષ્કારમાંથી જન્મેલી બધી શક્તિ વેડફાઈ જ જશે. વિધેયાત્મક કાર્યના સાથ વિનાનું પ્રત્યેક નકારાત્મક કાર્ય અંતે નિષ્ફળતામાં પરિણમે છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૬૯

૧. જુઓ પા. ૧૪.

Gandhi Heritage Portal

## ૧૮. મોતીલાલ નેહરુને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૧૧, ૧૯૨૮

પ્રિય મોતીલાલજી,

હું ફરીથી પથારીવશ થયો છું, અને હું ધારું છું કે તબિયતની આ ચડઊતર કોઈ દિવસ છેવટનું પરિણામ નક્કી કરશે. આ વખતના લોહીના દબાણની બાબતમાં વિચિત્ર હકીકત તો એ છે કે તેની મારા ઉપર કશી અસર જણાતી નથી. તેમ છતાં શકય હોય ત્યાં સુધી ડૉકટરોની સલાહને વશ વર્તું છું.

મને તમારો તાર મળ્યો હતો. તમે ફરીથી તમારા કાર્યમાં જોતરાઈ ગયા, તે પહેલાં હું તમને મળી ન શકયો તે માટે દિલગીર છું. પરંતુ હું ધારું છું કે એ અનિવાર્ય હતું.

જવાહર મને કહેતા હતા કે તમારી તબિયત પણ બહુ સારી રહેતી નથી. છતાં આશા રાખું છું કે દરિયાની મુસાફરી દરમ્યાન તમે પૂરી તંદુરસ્તી પ્રાપ્ત કરી લીધી હતી.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી ઉપરથી : એસ. એન. ૧૩૦૭૦

## ૧૯. એ. ફેનર બ્રૉકવેને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૧૧, ૧૯૨૮

પ્રિય ભાઈ,

બિડાણો સાથેનો તમારો પત્ર મળ્યો. પૉલ અને બીજાઓ દ્વારા તમારી તબિયતની પ્રગતિના અહેવાલો હું સાંભળતો જ રહું છું. પરંતુ એ બધા કરતાં વિશેષ આનંદ તો ત્યારે થયો જ્યારે તમારા હાથના અક્ષરના પત્ર મારફતે મેં જાણ્યું કે તમે તદ્દન સાજા થઈ જવા આવ્યા છો અને જાતે લાંબા પત્રો લખી શકો છો.

હા, મદ્રાસની હડતાળ દરમ્યાન થયેલી હિંસા ઘણી જ કમનસીબ હતી. સહેજ જેટલું નિયંત્રણ ઢીલું મુકાતાં પરિણામ હિંસામાં આવે છે.

શ્રી રનહૅમ બ્રાઉન તરફથી મને એક પત્ર મળ્યો હતો. હું ત્યાં જઈ શકીશ નહીં એમ જણાવતો એક પત્ર મેં તેમને લખ્યો છે. અને હજી પણ લાગે છે કે બહાર જઈને કરવાનું કાર્ય પણ હિંદની ભૂમિ પરથી વધારે સારી રીતે થઈ શકે. એ વિશે એમ કહી શકાય કે એ હજી એટલી તો પ્રાયોગિક ભૂમિકામાંથી પસાર થઈ રહ્યું છે કે તેને વિશે કોઈ ચોક્કસ દાવો

Gandhi Heritage Portal

કરી ન શકાય અને એ વિશે પૂર્ણ વિશ્વાસથી કાંઈ પણ ચોક્કસ કહી શકાય, તો ખુદ એ વસ્તુ યુદ્ધબંધીનો એક ઘણો જ અસરકારક પદાર્થપાઠ બનશે. પણ આ બંને પત્રો હું પુનર્વિચારણા માટે મારી પાસે રાખું છું. લોહીનું દબાણ કેમ રહે છે તે પણ હું જોતો રહીશ અને તે દરમ્યાન અંતરના અવાજની પ્રેરણા મને જવાનું કહેશે, તો હું હા કહેતાં અચકાઈશ નહીં.

યુવક હિલચાલ ખરેખર ભારે આકર્ષણનો વિષય છે. મિસિસ બ્રૉકવે તરફથી સમાચાર મળતાં મને આનંદ થયો હતો. હું તેમને સીધો જ પત્ર લખું છું.

તમારો સહૃદયી

એ. ફેનર બ્રૉકવે, એસ્કવાયર
જનરલ હૉસ્પિટલ
મદ્રાસ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૯૪૩

## ૨૦. લિલા બ્રૉકવેને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૧૧, ૧૯૨૮

બહેનશ્રી,

તમે મને લખ્યું તે સારું જ કર્યું. હું મદ્રાસમાં હતો ત્યારે જો મેં તમારા પતિને મળવાનો સમય કાઢ્યો ન હોત તો મેં મારી જાતને માફ ન કરી હોત. કૉંગ્રેસના અધિવેશન દરમ્યાન તેઓ અમારી વચ્ચે રહી ન શકયા તેથી અમને સૌને ખૂબ જ નિરાશા થઈ છે. પરંતુ તેઓ અને તેમના સાથીઓ ચમત્કારિક રીતે મોટર અકસ્માતમાંથી બચી ગયા એ ભારે આનંદની વાત છે.

તેમની બહેને તમારા કેબલનો ઉલ્લેખ કરતાં મિ. બ્રૉકવેની આંખમાં અશ્રુ આવેલાં જોઈને હું ખૂબ જ લાગણીવશ બની ગયો. માનવપ્રેમનું આવું સહજ પ્રદર્શન આપણને પ્રભુના પ્રેમની વધારે નજદીક લાવે છે.

ક્યારેક તમારે પણ હિંદ આવવા પ્રયત્ન કરવો જોઈએ. આ કોઈ પાસે લખાવેલા પત્ર માટે તમે મને ક્ષમા આપશો કારણ કે ડૉક્ટરોએ મને ચત્તા સૂઈ રહેવાની જ સલાહ આપી છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૨૩૭

Gandhi Heritage Portal

## ૨૧. હૅરલ્ડ એફ. બિંગને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૧૧, ૧૯૨૮

પ્રિય ભાઈ,

મિ. ફેનર બ્રૉકવે મારફતે તમારું અત્યંત માયાળુ અને ઉષ્માભર્યું નિમંત્રણ મળ્યું. હું તમને તરત હા કહી શકું એમ હોત તો કેટલું સારું! પરંતુ તેમ કરતાં કેટલીક પાયાની મુશ્કેલીઓ આડી આવે છે. એ વિશે મિ. ફેનર બ્રૉકવેને મેં લખ્યું છે. તેમ છતાં તમારું નિમંત્રણ હું મારી પાસે રાખું છું અને તેની પૂરી અસર હું મારા પર પડવા દઈશ, અને એના સ્વીકારનો મારો માર્ગ મને સ્પષ્ટ દેખાશે તો હવે પછી હું તમને એ વિશે વધારે લખીશ.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

હૅરલ્ડ એફ. બિંગ, એસ્કવાયર
ધ બ્રિટિશ ફેડરેશન ઑફ યુથ
૪૨૧, સેન્ટિનલ હાઉસ, સાઉધેમ્પ્ટન રો
લંડન, ડબલ્યુ. સી. ૧

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. તથા ૧૦૧૫ અને ૩૭૭૦

## ૨૨. બારડોલી તાલુકાના પ્રતિનિધિઓ સાથેનો વાર્તાલાપ

[ફેબ્રુઆરી ૧૨, ૧૯૨૮ પહેલાં]

વિદ્યાપીઠમાં ગાંધીજીને ત્રણ વાગ્યે જવાનું હતું. આ આગેવાનોને ગાંધીજીએ વિદ્યાપીઠ જતાં રસ્તામાં વાત કરવાનો સમય આપ્યો હતો. કલ્યાણજીએ વાત માંડી, લોકો નરમગરમ છે એમ જણાવ્યું, વધારો ન ભરવાને તો સૌ કોઈ રાજી છે એમ પણ ઉમેર્યું.

ગાંધીજી: એટલે?

કલ્યાણજી: મહેસૂલમાં ૨૨ ટકા વધ્યા છે તો ૨૨ ટકા ભરવાના રાખી મૂળ મહેસૂલ ભરી દેવું એટલી વાત ઉપર લોકો તૈયાર છે.

ગાંધીજી: એ તો ભયાનક છે. તમારે જ પૈસે સરકાર તમારી સાથે લડી લેશે અને પૈસા વસૂલ લેશે. જો લડત માંડવી હોય તો તે એવી જ શરત કરીને મંડાય કે મૂળ મહેસૂલ ભરવાને તૈયાર છીએ પણ તમે વધારો રદ ન કરો ત્યાં સુધી એકે પાઈ ન આપીએ. આ રીતે કરવાને લોકો તૈયાર છે?

કલ્યાણજી: કસબાનાં ગામોમાં કસ નથી, વાણિયાભાઈઓને વસવસો છે, એવો ડર પણ રહે જ કે બધી જમીન ખાલસા કરીને મૂળ માલિક રાનીપરજ લોકોને તે પાછી સોંપી દેવામાં આવે. બીજા લોકોમાંથી ઘણા પૂરું મહેસૂલ ન ભરવાને તૈયાર છે એમ અમને અમે જેટલાં ગામ ફર્યા તે ઉપરથી લાગ્યું.

Gandhi Heritage Portal

ગાંધીજી : વારુ, લડવાને તૈયાર છે એમ કબૂલ કરીએ. પણ મહેસૂલનો પ્રશ્ન એમનો સાચો છે કે? સરકાર ન કબૂલ કરે પણ દેશને સરકારનો અન્યાય ગળે ઊતરશે કે?

કલ્યાણજી : હા; નરહરિભાઈએ પોતાના લેખોમાં તે અન્યાયની વાત તો જાહેર આગળ મૂકેલી જ છે.

ગાંધીજી : નરહરિના લેખો વાંચેલા યાદ છે, પણ આ વધારાની સામેની દલીલો તેમાં વાંચેલી યાદ નથી. ગમે તેમ હોય એટલું યાદ રાખવાનું છે કે લોકલાગણી આપણી સાથે હોવી જ જોઈએ, અને તે માટે અન્યાય ચોખ્ખો દેખાઈ આવવો જોઈએ. વળી એક બીજી વાત. લડવાને તૈયાર તો થયા છે, પણ સત્યાગ્રહના મુદ્દા સમજીને તૈયાર થયા છે? જો એ ન સમજ્યા હોય, અને વલ્લભભાઈના જોર ઉપર જ ઊભા થયા હશે તો વલ્લભભાઈને અને તમને બધાને સરકાર ઉપાડી લે પછી તેઓ ટકી રહેશે ખરા?

કલ્યાણજી : એટલા ઊંડા ઊતરીને અમે તપાસ નથી કરી.

ગાંધીજી : એ જાણવું રહ્યું; પણ વલ્લભભાઈ શું કહે છે?

આ ચર્ચા થતી હતી ત્યાં વલ્લભભાઈ રસ્તા ઉપર ભેળા થયા. વલ્લભભાઈએ જણાવ્યું કે પોતે કેસ તપાસી ગયા છે અને લડત વાજબી લાગે છે. વલ્લભભાઈએ નિશ્ચય કરી લીધો છે એમ લાગતાંની સાથે જ ગાંધીજી બોલ્યા :

ત્યારે તો મારે એટલું જ ઇચ્છવું રહ્યું કે વિજયી ગુજરાતનો જય હો.

[મૂળ ગુજરાતી]

बारडोली सत्याग्रहनो इतिहास, પા. ૩૨–૩

## ૨૩. રિચાર્ડ બી. ગ્રેગને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૧૨, ૧૯૨૮

પરમ પ્રિય ગોવિંદ,

મને તમારો પોસ્ટકાર્ડ મળ્યો છે. તમારે પૂનામાં હવે વધારે લાંબા સમય સુધી નહીં રહેવું પડે તે જાણીને મને આનંદ થયો. ડૉક્ટરો માને છે કે હું ધીમે ધીમે તંદુરસ્તી મેળવી રહ્યો છું. વ્યક્તિગત રીતે મને લાગે છે કે મેં તે ગુમાવી જ નથી. અલબત્ત, થોડું વજન જરૂર ગુમાવ્યું હતું, પણ એ તો મેં ખુલ્લી આંખ રાખીને જ કહેલું હતું. વજન ગુમાવ્યા સિવાય ફળફળાદિ ઉપર ફરીથી જવાનો મુશ્કેલ પ્રયોગ હું કરી જ ન શકું; પરંતુ હાલમાં હું તે વધારે સારી દેખરેખ નીચે અને ડૉક્ટરોના નિરીક્ષણ નીચે કરી રહ્યો છું. તેથી આ નાનકડો ઊથલો કદાચ લાભદાયક બની રહેશે, કારણ કે તેણે, મને જે આરામની કદાચ જરૂર હતી, તે લેવાની ફરજ પાડી છે.

સિંધમાંના કાંતણકામ બાબતની તારીખનો સુધારો હું નોંધી રાખું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૭૧

Gandhi Heritage Portal

## ૨૪. મિસિસ હાર્કરને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૧૨, ૧૯૨૮

બહેનશ્રી,

તમારો પત્ર મળ્યો છે. આશ્રમમાં રહેવાનો ખર્ચ માસિક રૂ. ૨૦થી ૩૦ કરતાં વિશેષ હોવાનું જરૂરી નથી. પરંતુ એ વાત જાણવી ખાસ જરૂરી છે કે આશ્રમજીવનની તકલીફો તમે ઉઠાવી શકશો કે કેમ. અત્યાર સુધી તમે જે રીતે જીવવાને ટેવાયેલાં છો, તેનાથી એ જીવન એટલું તો જુદી રીતનું છે કે તમે આશ્રમજીવનનો સ્વીકાર કરવાનાં છો એ વાતથી મને ગભરામણ થાય છે. અને હવે હિંદના આ ભાગની ઠંડીની ઋતુ લગભગ પૂરી થઈ ગઈ છે. બપોર પછી ગરમી લાગવા માંડી છે. અને તમે સાબરમતીના ઉનાળાના દિવસોનો તાપ સહન કરી શકશો કે કેમ એનું મને આશ્ચર્ય થાય છે. કેટલીક વાર ગરમીનો પારો ૧૧૨° સુધી પહોંચી જાય છે, અને કયારેક તો ૧૧૫° સુધી પણ પહોંચે છે. હિંદના ગરમમાં ગરમ સ્થળ જેકોબાબાદથી સાબરમતી બહુ દૂર નથી.

તમે જ્યાં હો ત્યાં જ રહીને શા માટે આશ્રમજીવનના આદર્શો પ્રમાણે જીવી ન શકો? એ રીતે તમને ત્યાં બેઠાં બેઠાં દેખીતી ખામીઓ વિનાનું આશ્રમજીવન મળી રહેશે અને તમે ઇચ્છા પ્રમાણે આશ્રમજીવનના આદર્શોમાં સુધારો કે વધારો કરી શકશો.

તમારો સહૃદયી

મિસિસ હાર્કર
૩ સુનહરી બાગ
નવી દિલ્હી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૦૭૨

Gandhi Heritage Portal

## ૨૫. ગિરધારીલાલને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૧૨, ૧૯૨૮

પ્રિય લાલા ગિરધારીલાલ,

તમારો પત્ર મને વાંચી સંભળાવવામાં આવ્યો છે. મારી તબિયત વિશે ચિંતા કરવાની જરૂર નથી. જ્યાં સુધી ઈશ્વર આ શરીર દ્વારા કંઈક કામ લેવા ઇચ્છે છે, ત્યાં સુધી તે બધી કસોટીઓ અને પરીક્ષામાં ટકી નીકળશે. ડૉક્ટરોની સૂચનાઓનું હું પૂરેપૂરું પાલન કરું છું અને સંપૂર્ણ આરામ લઈ રહ્યો છું, જોકે મને પોતાને એની જરૂર લાગતી નથી. તમારે કામનાં બીજાં ગમે તેટલાં ભારે દબાણો હોય, છતાં જ્યારે મને જરૂર પડશે ત્યારે તમે અવશ્ય આવશો એની મને ખાતરી છે. મિત્રો હમેશાં મદદ કરવાને તૈયાર છે, એ વિચાર જ મારે માટે એક મોટું આશ્વાસન છે. અત્યારે મારી આસપાસ સારવાર કરનારા પૂરતા મિત્રો છે. મને લાગે છે, અને ડૉક્ટરો પણ માને છે કે હું એકધારી પ્રગતિ કરી રહ્યો છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૦૭૩

## ૨૬. રોમાં રોલાંને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૧૪, ૧૯૨૮

પ્રિય ભાઈ,

મીરાંએ મારે માટે તમારા છેક છેલ્લા પત્રનો તરજુમો કર્યો છે.

મારો સમગ્ર આત્મા તમારી દિલગીરીમાં આશ્વાસન દેવા દોડી આવે છે, ખાસ કરીને એટલા માટે કે જે પત્ર મેં તમને લખ્યો છે તેમાં હું તમને કઠોર હૃદયનો હોવાની શંકા થઈ છે. હું જે કંઈ વિચારું કે કરું એ બધું સાચું જ કરું એવી જે ઇચ્છા તમે રાખો છો એની ખરેખર હું કદર કરું છું. ખરેખર, હું તમારી મારા વિશેની ભાવનાને લાયક બનવા માગું છું, પરંતુ તમારી ઉષ્માભરી મૈત્રીને હું જો સદા લાયક બનવા ચાહતો હોઉં, તો મારે મારી જાત પ્રત્યે પણ વફાદાર રહેવું જોઈએ.

પ્રથમ મને એ કહેવા દો કે મીરાંના કાગળના વિચારો તેનું પોતાનું જ દૃષ્ટિબિંદુ રજૂ કરતા હતા છતાં તેમાં મારા વિચારો સાથે મેળ દેખાતો હતો. હું જાણું છું તે રીતે તેને કે

Gandhi Heritage Portal

મને પેલા બે ભલા ખેડૂતો[1] વિશે અભિપ્રાય બાંધવાનો સહેજ પણ ખ્યાલ ન હતો. તેમનું કાર્ય ખરેખર એક વીરકૃત્ય હતું. અમારા મનમાંનો ખ્યાલ યુદ્ધનો વિરોધ કરનારાની વીરતાનો હતો. અને તમે મોકલેલા કાગળ અને તેના મીરાંએ મને કરી બતાવેલા અર્થ ઉપરથી, યુદ્ધનો પ્રતિકાર કરનાર વીર ખુદ પોતાના જીવનમાં પ્રગટ કરી બતાવે છે એવી ખાસ પ્રકારની વીરતા મારા ધ્યાન બહાર જતી રહી. જૉન ઑફ આર્ક એક વીર સન્નારી હતાં. તેવી જ રીતે લીઑનિડૅસ અને હૉરેશ્યસ પણ વીર હતાં. પરંતુ દરેક દાખલાની વીરતા ભિન્ન ભિન્ન પ્રકારની છે અને તે પોતપોતાના ક્ષેત્રમાં ઉમદા અને પ્રશંસનીય છે.

આ ખેડૂતોએ આપેલા ઉત્તરોમાં યુદ્ધ તરીકે યુદ્ધ પ્રત્યેની કોઈ ચોક્કસ ઘૃણા અને તે યુદ્ધપ્રતિકારમાં વધારેમાં વધારે કષ્ટસહન કરવાનો તેમનો દૃઢ નિશ્ચય મારા ધ્યાન પર આવ્યો નથી. મારી યાદદાસ્ત જો પૂરું કામ આપતી હોય તો આ ખેડૂત મિત્રો સાદા ગ્રામજીવનનું પ્રતિનિધિત્વ કરનારા અને તેનું રક્ષણ કરનારા વીર પુરુષો છે. આ વીરો કંઈ લશ્કરી અદાથી યુદ્ધનો પ્રતિકાર કરનારા વીરો કરતાં ઓછા મૂલ્યવાન નથી. આપણે આ બધી વીરતાનું જતન કરવા માગીએ છીએ, પણ મને લાગે છે કે જો આપણે પ્રત્યેક પ્રકારની વીરતાનું જુદું મૂલ્યાંકન કરીશું તો આ વીર પુરુષોની અને સત્યના હેતુની વધારે સારી સેવા કરી શકીશું.

ગયા યુદ્ધમાં મેં ભજવેલા ભાગ વિશે તમે જિજ્ઞાસાપૂર્વક પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. એ પ્રશ્ન વાજબી છે. જાણે તમારા પ્રશ્નની આગાહી કરીને મેં મારા આત્મકથાના છેલ્લા પ્રકરણમાં[2] એનો જવાબ આપી દીધો છે. કૃપા કરીને તે સંભાળપૂર્વક વાંચશો અને તમે તમારી ફુરસદે મારી એ દલીલો વિશે શું ધારો છો તે મને અવશ્ય કહેશો.[3] હું તમારા અભિપ્રયને ઘણો કીમતી ગણીશ.

છેવટે, હું અવશ્ય પૂર્ણતા સુધી પહોંચવા માગું છું, પણ સાથોસાથ મને મારી મર્યાદાઓનું પણ પૂરેપૂરું ભાન છે, અને તે ભાન દિવસે દિવસે વધારે સ્પષ્ટ થતું જાય છે. કોને ખબર છે કે હું કેટલે ઠેકાણે હૃદયની કઠોરતા વ્યક્ત કરવામાં દોષિત બન્યો હોઈશ, અને જો તમે મારાં લખાણોમાં એક કરતાં વધારે સ્થળોએ હૃદયના ઔદાર્યની ખામી જોઈ હશે તો મને એ વાતનું લેશ પણ આશ્ચર્ય નહીં થાય. તમને હું માત્ર એટલું જ કહી શકું કે એથી વિરુદ્ધ દિશાના મારા પ્રાર્થનાપૂર્વકના પ્રયત્નો હોવા છતાં, એવી ખામીઓ રહેવા પામી છે. હું ધારું છું કે આદિ ખ્રિસ્તીઓ શેતાનને માત્ર એક અનિષ્ટ સિદ્ધાંત રૂપે માનતા ન હતા, પણ અનિષ્ટનો અવતાર માનતા હતા તે કારણ વિના નહોતું. જીવનના દરેક ક્ષેત્રમાં તે આપણા ઉપર વર્ચસ્વ જમાવતો લાગે છે અને આ સત્તાના ક્ષેત્રમાંથી તેને પદભ્રષ્ટ કરવો એ જ માનવજાતિનું મોટામાં મોટું ધર્મકાર્ય છે.

૧. રોમાં રોલાંએ ૭ માર્ચના તેમના જવાબમાં લખ્યું હતું: "… પેલા સેવોયના બે નિષ્ઠાવાન ખેડૂતો વિશે તમે જે કંઈ કહો છો તે હું સમજું છું. તમારી દલીલો હું માથે ચડાવું છું, છતાં હું એમ માનું છું કે કાંઈ નહીં તો યુરોપમાં ભાગ્યે જ એવાં થોડાં સ્ત્રીપુરુષો હશે, જેમની બાબતમાં યુદ્ધપ્રતિકાર સાથે હંમેશાં વિચારનાં બીજાં તત્ત્વોનું સંમિશ્રણ નહીં થયું હોય, કારણ કે ગમે તેટલો તીવ્ર હોવા છતાં લગભગ દરેક વિચાર માનવમાં સંપૂર્ણ રીતે શુદ્ધ હોતો નથી.

૨. જુઓ આત્મકથા ભાગ ૪, પ્રકરણ ૩૮.

૩. આના જવાબમાં મિ. રોલાંએ લખ્યું હતું: "તમારી એ વિચારસૃષ્ટિમાં પ્રવેશ કરવા અને તેની સાથે સંમત થવા ખૂબ જ મન છતાં, જો હું તમને એમ કહું કે હું તેમ કરી શકું એમ નથી, તો તમે મને ક્ષમા આપશો. . . ."

Gandhi Heritage Portal

મીરાં ઉપરનો તમારો આ પત્ર મારામાં તમને સદેહે મળવાની વધુ ને વધુ ઉત્કંઠા પેદા કરે છે, અને મારી તબિયત સારી હશે અને મારો અંતરનો અવાજ મને યુરોપ આવવાની પ્રેરણા આપશે તો આ વરસે તેમ કરી શકવાની કાંઈક ઝાંખી આશા મને રહે છે. બે આમંત્રણો વિશે હું ગંભીરતાપૂર્વક વિચારણા કરી રહ્યો છું અને એવું બને કે તમને મળવાની મારી ઇચ્છા મારા નિર્ણયને આ આમંત્રણોનો સ્વીકાર કરવાની તરફેણમાં ઉત્તેજે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

રોમાં રોલાં

છબી પરથી: એસ. એન. ૧૪૯૪૨

# ૨૭. કસોટીએ

રૉલેટ કાયદાની સામેની હિલચાલ સમયે વિદ્યાર્થીઓને વિશે જે બન્યું હતું તેનું પુનરાવર્તન થઈ રહ્યું છે. તે અમોલા દિવસોમાં એક વિદ્યાર્થીએ મારા ઉપર કાગળમાં લખેલું કે પોતાને શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યો છે તેથી તેને આપઘાત કરવાનું મન થઈ જાય છે. હવે આ વેળા એક વિદ્યાર્થી લખે છે:

> . . . ના વિદ્યાર્થીઓએ જન્મભૂમિની હાકલ સાંભળી અને તેને માથે ચડાવી. ૩જી તારીખે અમે હડતાળ પાડી. આ અમારી હિંમતને માટે અમારો દરેકનો બે રૂપિયા દંડ થયો છે. ગરીબ વિદ્યાર્થીઓની માફી ને અર્ધી માફી અને છાત્રવૃત્તિઓ બંધ થવા લાગી છે. કૃપા કરીને આચાર્યશ્રી . . . . ને એ વિશે કાગળ લખો અથવા યંગ ઇન્ડિયા દ્વારા તેમને સમજાવો. તેમને કહો કે નથી અમે ચોર ફાંસિયા કે નથી અમે એવું કંઈ કામ કર્યું. અમે તો ભારતમાતાનો અવાજ સાંભળી તેને માથે ચડાવી માતાને અપકીર્તિમાંથી ઉગારવા અમારાથી બની શકે તે કર્યું. તેમને જણાવો કે અમે બાયલા નથી. કૃપા કરી અમારી મદદે આવો.

આચાર્યને લખવાની સલાહ મારાથી સ્વીકારાય તેમ નથી. જો તેમને પોતાની જગ્યાએ કાયમ રહેવું હોય તો તેમણે કંઈક પગલું તો લેવું પડતું હશે ના? કેળવણીની સંસ્થાઓ સરકારના આશ્રય ઉપર અવલંબન રાખે ત્યાં સુધી સરકારને મજબૂત કરવા માટે જ તેમનો ઉપયોગ થવાનો. અને જે વિદ્યાર્થીઓ કે શિક્ષકો સરકાર વિરુદ્ધની પ્રજાકીય હિલચાલમાં ભાગ લે તેમણે તેનું પરિણામ સમજી લેવું જોઈએ. અને શાળામાંથી બરતરફ થવાના જોખમ માટે પણ તૈયાર રહેવું જોઈએ. દેશસેવાની દૃષ્ટિએ વિદ્યાર્થીઓ પ્રજાના મત સાથે ભળ્યા એ તેમણે યોગ્ય જ કર્યું અને એ તેમની બહાદુરી. ભારતનાતાની હાકલ તેમણે માથે ન ચડાવી હોત, તો દેશદાઝ વગરના કે તેથીયે ભૂંડા આરોપને પાત્ર તેઓ ઠરત. સરકારની દૃષ્ટિએ તો તેમણે બેશક ખોટું જ કર્યું અને તેનો ખોફ વહોર્યો. વિદ્યાર્થીઓ દૂધ અને દહીં બંનેમાં પગ ન રાખી શકે. જો તેમને પ્રજાનું દર્દ પોતાનું દર્દ કરવું હોય, તો આ શાળાઓમાંથી મળતી વિદ્વત્તાની દેશકાર્યની પાસે કાંઈ ગણના ન હોવી જોઈએ, અને તે જ્યારે દેશહિતથી વિરોધી નીવડે ત્યારે નિ:શંક તેને

Gandhi Heritage Portal

હોમી દેવી જોઈએ. ૧૯૨૦માં મેં આ વસ્તુ સ્પષ્ટ જોઈ, અને તે પછીના અનુભવે આ મત દૃઢ થયો છે. ગમે તે ભોગે પણ વિદ્યાર્થીઓએ સરકારી શાળાઓનો ત્યાગ કરવો તેના જેવો સહીસલામત અને ગૌરવભરેલો બીજો કોઈ રસ્તો નથી જ. પછી બીજા દરજ્જાનો રસ્તો એ છે કે સરકાર અને પ્રજાના રાહનો વિરોધ ઊભો થાય તેવે દરેક અવસરે પોતાની બરતરફીને માટે તૈયાર રહેવું. સરકાર સામેના બંડમાં બીજાં સ્થળોના વિદ્યાર્થીઓની માફક તેઓ આગેવાન ન થાય, તો પછી છેવટે દૃઢ અને સાચા સિપાહી તો થવું જ જોઈએ. ભારતમાતાની આજ્ઞા ઉઠાવવામાં તેમણે જે હિંમત બતાવી તેવી જ હિંમત તેમણે—પરિણામને વધાવી લેવામાં પણ બતાવવી જોઈએ. જે શાળાઓમાંથી તેમને કાઢી મૂકવામાં આવ્યા હોય, તેમાં દાખલ થવાનો પ્રયત્ન કરીને શરમ અને સ્વમાનભંગના ભાગી કોઈ ન થાય. પહેલી જ કસોટીએ જો તેઓ પડી ભાંગશે, તો તેઓએ બતાવેલી બહાદુરી બહાદુરી નહીં પણ ફિશિયારી નીવડશે.

મને કહેવામાં આવે છે કે હડતાળ પહેલાંના દિવસોમાં વિદ્યાર્થીઓએ વિદેશી કપડાંનો ત્યાગ કર્યો અને મોટા પ્રમાણમાં ખાદી ધારણ કરી. આ માત્ર 'બે ઘડીનું ચટકું હતું' એમ કહેવાવાનો કે બહારના દબાણ કે અંતરની લાલચને આધીન બની જેમ પલકારામાં વિદેશી કાપડ છોડયું તેવા જ પલકારામાં ખાદી પણ છોડી, એમ બનવાનો પ્રસંગ ન આવો. મારે મન આ દેશ માટે તો વિદેશી કાપડ એટલે પરરાજ્યની ધૂંસરી. આટલી વાત સ્વયંસિદ્ધ સિદ્ધાંત તરીકે સ્વીકારાય તો કેવાં રૂડાં વાનાં થાય?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १६–२–१९२८

ભાષાંતર: नवजीवन, १९–२–१९२८

## ૨૮. મારી તબિયત

મારી તબિયત ઘણા મિત્રોને ઉચાટનું કારણ થઈ પડે એથી મને બહુ ખેદ થાય છે. મારી પરવાનગીથી મારી તબિયત વિશે જે લખવું હોય તે અત્યાર સુધી મેં મહાદેવ દેસાઈને લખવા દીધું છે, અને તે એ દૃષ્ટિથી કે મારી તબિયત નાનું કે મોટું જે કાંઈ ગોથું ખાતી તે મુસાફરી દરમ્યાન બનતું અને તે થાકને લીધે થતું એમ મનાતું, તથા મુસાફરી દરમ્યાન જેના હાથમાં હું હોઉં તે મારા દેહના સ્વાસ્થ્ય વિશે જવાબદાર મનાય. પણ હવે સ્થિતિ બદલાઈ છે. મુસાફરી અને કઠણ જાહેર પ્રવૃત્તિમાંથી હું હાલ વિરામ લઉં છું. ગુજરાતમાંની કેટલીક પ્રવૃત્તિઓ, અને ખાસ કરીને જેને વિશે હું વિશેષપણે જવાબદાર છું એવી કેળવણીવિષયક પ્રવૃત્તિઓની પુનર્ઘટના કરવામાં મને ઠીક લાગે છે તેટલો જ ભાગ લઉં છું. તેથી મારી હમેશની શોખની વસ્તુ એટલે કે ખોરાકના અખતરા કરવાનું શરૂ કરવું મને આવશ્યક લાગ્યું છે. અવારનવાર જે મોટાં કામોમાં હું ગિરફતાર થયો છું તેમાંનાં ઘણાં જેટલા જ મહત્ત્વના મારે મન આ પ્રયોગો છે. આવો એક પ્રયોગ ચાલતો હતો તે દરમ્યાન જ આ વખતનો ઊથલો થયો. દાક્તરોની પરીક્ષાને પરિણામે જે ભયસૂચક ચિહ્નો કળાયાં છે તેવું કંઈ મને પોતાને નથી લાગ્યું. છતાં મેં દાક્તર મિત્રોની વાત સ્વીકારી છે કે ઘણી વાર લોહીના દબાણથી પીડાતા દરદીને શરીરમાં છૂપો બગાડ

Gandhi Heritage Portal

પેઠો હોય તેની માઠી અસર નથી કળાતી, તેથી તે વિશે બરોબર સંભાળ રાખવી જોઈએ. વળી સુયોગે દાક્તરોનાં યંત્રોને માપે પણ તબિયતમાં સુધારો માલૂમ પડયો છે. તેમને લોહીનું દબાણ હવે ઓછું જણાય છે. ઉપરાંત દાક્તર હરિભાઈ દેસાઈ અને તેમના સાથીઓના કહેવા મુજબ હું આરામ લઉં છું, અને તેમની દેખરેખ નીચે અને સલાહ લઈને ખોરાકના અખતરા કરું છું. દાક્તર મુથુએ ખોરાકના પ્રયોગોનો ખાસ અભ્યાસ કર્યો જણાય છે. તે પણ પત્રવ્યવહારથી મને સલાહસૂચના આપતા રહે છે.

આટલી ખબર આપી હવે છાપાંના ખબરપત્રીઓને મારી વિનંતી છે કે પોતાની કલમની ઉપર અંકુશ મૂકે અને હાલ મને અને મારી તબિયતને ભૂલી જાય. અને ઉચાટ કરનારા મિત્રોને મારી ભલામણ છે કે તેઓ મારી તબિયતની ચિંતા ન કરે. તેમને હું ખાતરી આપું છું કે મને મરવાની કંઈ ઉતાવળ નથી. એટલે માણસથી બની શકે તેવી, અને જે આદર્શોને આ દેહ સમર્પણ કરી છે અને જે દેહના કરતાં પણ વધુ મૂલ્યવાન છે તેવા આદર્શોને અવિરોધી હોય તેવી, બધી સંભાળ હું લઉં છું. મિત્રોએ યાદ રાખવું ઘટે છે કે જો પ્રજાને મારા આ શરીરનો ઉપયોગ હોય તો તેનું કારણ એ જ કે એ શરીરને આ આદર્શોને અર્થે એક થાપણ તરીકે ગણવાનો બનતો પ્રયત્ન કરવામાં આવ્યો છે. વળી પ્રારબ્ધવાદી ગણાવાનું જોખમ વહોરીને પણ તેમને મારી ભલામણ છે કે મારા જેવી આસ્થા તેઓ રાખે કે ઈશ્વરની ઇચ્છા વગર કોઈનો એક વાળ સરખોયે વાંકો થતો નથી; અને જ્યારે પરમાત્માને જ આપણા શરીરનો ઉપયોગ ન હોય, ત્યારે પછી પૈસા, પ્રતિષ્ઠા, દેશદાઝ, મિત્રતા, ઈત્યાદિ મદદથી લીધેલાં કાળજી, સાવધાની કે ચતુરાઈ કદી કશા કામમાં આવતાં નથી. આ આસ્થાનો એવો અર્થ નથી કે દેશભરમાં દાક્તર મિત્રો ઉમંગથી અને હેતથી મને જે મદદ કરે છે તેનો લાભ લેવા નથી ઇચ્છતો. એ મદદ હું ખુશીથી અને વફાદારીથી લઉં છું. કારણ કે ઈશ્વરે પોતાના ઇરાદાનો મને કશો ખ્યાલ આપ્યો નથી; પણ મારા મત પ્રમાણે ઈશ્વરે માનવી માત્રની જેમ મારા પર પણ બીજી મહત્ત્વની ફરજોની સાથે સાથે તે તે ફરજોને બાધક ન થઈ પડે ત્યાં સુધી શરીરની પૂરતી સંભાળ રાખવાની ફરજ પણ નાખી છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १६–२–१९२८

ભાષાંતર : नवजीवन, १९–२–१९२८

Gandhi Heritage Portal

## ૨૯. સિંધમાં રેલરાહત કાર્ય

ગુજરાત કરતાં જરા પણ ઊતરતું ન ગણાય એવા સિંધના રેલસંકટ વિશેની પ્રો. એન. આર. મલકાનીની નોંધનો પ્રથમ હપતો[1] નીચે પ્રસિદ્ધ કરતાં મને આનંદ થાય છે. પણ મેં અગાઉ કહ્યું જ હતું તેમ ગુજરાત તરફ આ બાબતમાં દેશનું ખાસ ધ્યાન તે હિંદના દાતાઓનું મહાન ઘર છે એટલા જ કારણસર નથી ગયું; પણ કદાચ એથીયે વિશેષ, તેનું એક કારણ એ પણ છે કે તેમાં વલ્લભભાઈ પટેલ જેવા પુરુષના નેતૃત્વ નીચે કાર્ય કરનારાઓનું એક એવું સંકલ્પશીલ દળ છે જે સંકટનિવારણના કાર્યને હાથ પર લઈ વ્યવસ્થિત કરી શકે છે. આવું વ્યવસ્થાતંત્ર ઊભું ન કરી શકવાના કારણે ઓરિસ્સા કરતાં સિંધે કંઈ ઓછું સહન કર્યું નથી. પણ નિવારી શકાય તેવું સંકટ દૂર કરવામાં વ્યવસ્થાતંત્રની ખામીનું બહાનું ચાલી શકે નહીં. જાહેર જનતાએ જાણવું જોઈએ કે ખુદ પ્રો. મલકાની પોતે મધ્યસ્થ સમિતિની દેખરેખ હેઠળ રેલ-સંકટનિવારણના કાર્યને વ્યવસ્થિત કરી રહ્યા છે. હું ધારું છું કે એ સમિતિ તેમને જે કંઈ મદદ જોઈએ તે આપી રહી છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १६–२–१९२८

## ૩૦. પત્રવ્યવહાર

બીજા કશા માટે નહીં તો કેવળ તેના સૂક્ષ્મ વિનોદ અને કટાક્ષ માટે ઉપરનું[2] લખાણ પ્રસિદ્ધ કર્યા સિવાય હું રહી શકતો નથી. હું જાણું છું કે સનાતની હિંદુ હોવાના મારા દાવાનો વારંવાર ઇનકાર થયેલો છે. એવો દાવો કરતો હોવા છતાં મારા કમનસીબે 'હિંદુ ધર્મનું કલંક' શબ્દો માટે હું જવાબદાર છું. ખ્રિસ્તી ધર્મના ઉપદેશની ભાવનાની વિરોધી હોવા છતાં, યુદ્ધની પ્રથાને, ખ્રિસ્તી રાજ્યોમાં યુદ્ધ સાર્વત્રિક બન્યું હોવાને કારણે જો ખ્રિસ્તી ધર્મ ઉપરના કલંક રૂપ ગણાવી શકાય, તો સાચા હિંદુ ધર્મમાં અસ્પૃશ્યતાને સ્થાન જ નથી એવું વધારેમાં વધારે સંખ્યામાં હિંદુઓનું માનવું થયું હોવા છતાં તેને પણ સરળતાથી હિંદુ ધર્મ ઉપરના કલંક સમાન ગણી શકાય. જો આ શબ્દો કોઈ હિંદુને દુઃખદાયક લાગતા હોય, તો એ તંદુરસ્તીની નિશાની છે. હિંદુઓની બહુમતીને જો આ શબ્દપ્રયોગ દુઃખરૂપ બની જશે, અને તેઓ આ આક્ષેપને ખોટો ઠરાવવા મથશે, તો તેનો ફરીથી ઉપયોગ કરવાનો પ્રસંગ જ નહીં આવે. અને જો તે

૧. અહીં આપ્યો નથી.

૨. ૯ ફેબ્રુઆરીનો શ્રી એસ. ડી. નાડકરણીનો પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખકે ગુજરાત વિદ્યાપીઠની પુનર્વ્યવસ્થા વિશેના ઠરાવમાં અસ્પૃશ્યતાનિવારણ સંબંધમાં "હિંદુ ધર્મ પરનું કલંક" એ શબ્દો વાપર્યા હતા તે વિશે વાંધો ઉઠાવ્યો છે. તેમણે સૂચવ્યું કે એ શબ્દોને બદલે "માનવજાત પરનું કલંક" એ શબ્દો મૂકવા જોઈએ અથવા તેને તદ્દન રદ કરવા જોઈએ.

Gandhi Heritage Portal

કલંકરૂપ હોય તો જે મુસલમાન ભાઈઓ હિંદુ ધર્મની નિર્મળતા અને સત્યપરાયણતામાં શ્રદ્ધા રાખે છે, તે પણ પોતાના એક હિંદુ સાથી સાથે શા માટે નહીં માને કે તે કલંકરૂપ છે?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १६–२–१९२८

## ૩૧. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૧૮, ૧૯૨૮

પરમ પ્રિય સી. આર.,

આ સાથે કેલપ્પનનો પત્ર બીડું છું. તેમની યોજના તે તમારી સાથે ચર્ચે એમ મેં તેમને કહ્યું છે. તમે જે કંઈ શકય માનો તે થવું જોઈએ. બધું ભંડોળ ખલાસ થઈ જશે એવી ધાસ્તી રાખી યોજનાનો અમલ કરતાં ખચકાશો નહીં. એ બાબતમાં મારી ઈંતેજારી એટલી જ છે કે જે કંઈ કાર્ય થાય તે નક્કર અને પ્રામાણિક હોવું જોઈએ.

હું આશા રાખું છું કે હવે તમે મારી તબિયત વિશે ચિંતા કરતા નહીં હો. દૂધની બાબતમાં મેં હજી કોઈ વ્રત લીધું નથી. જ્યાં સુધી મને ખાતરી ન થાય કે પ્રયોગ તદ્દન સફળ થયો છે ત્યાં સુધી હું તેમ કરીશ પણ નહીં અને મારા પર કેવળ હું એકલો જ ધ્યાન આપી રહ્યો છું એમ નથી પણ અમદાવાદના ડૉક્ટરો પણ મારા પર ધ્યાન આપી રહ્યા છે. મારા આ પ્રયોગો ઉપર તેમને કયારેય પણ મનાઈ ફરમાવવાની છૂટ છે અને તેને અટકાવવાનું મેં વચન આપ્યું છે. છતાં મને કોઈ પણ રીતે દૂધ લેતો કરવાની યુક્તિપ્રયુક્તિ શોધવાનો પ્રયત્ન કરવા કરતાં એવા ડૉક્ટરો કે વૈદ્યો શોધી આપો જેઓ દૂધને બદલે વધારે યોગ્ય આહાર શોધી કાઢે, જેથી હું શુદ્ધ શાકાહારી ભોજન લઈ શકું. મને ખાતરી છે કે તેમ થઈ શકે એમ છે જ. તેથી મારા સૂચન ઉપર અવશ્ય વિચાર કરશો.

સિંગાપુરના મિત્રો તરફથી તમને કંઈ સંદેશો મળ્યો છે? જો આપણે જવાના હોઈએ તો હું એપ્રિલના પહેલા અઠવાડિયામાં જ ઊપડવાનું ઇચ્છું, કારણ કે ગરમીની ઋતુ અમદાવાદમાં બરાબર એપ્રિલમાં શરૂ થઈ જાય છે અને એને ટાળી શકાય તો વધારે સારું. વળી સિંગાપુરથી બ્રહ્મદેશ જવાની વાત પણ ચાલે છે. એ વિશેની ચર્ચાવિચારણા મારે કરી લેવી છે, અને એ પણ કરવાનું હોય, તો હવે બહુ ઓછો સમય બાકી રહ્યો છે. વળી એ ઉપરાંત જુલાઈ અને ઑગસ્ટમાં[1] યુરોપ જવાનાં બે નિમંત્રણો પડેલાં જ છે. મારું વલણ તે સ્વીકારવાનું છે. મારા મનમાં એ વિચાર ચાલી રહ્યો છે. એક નિમંત્રણ વર્લ્ડ્ઝ યુથ પીસ મુવમેન્ટ — તરફથી છે. આ હિલચાલનું સંચાલન એક સારી સંસ્થા દ્વારા થઈ રહ્યું હોય એમ મને લાગે છે. તમે પણ આ આમંત્રણો સ્વીકારવાના વાજબીપણા વિશે અથવા ગેરવાજબીપણા વિશે વિચાર કરી શકો.

લક્ષ્મીની તબિયતનાં ઊથલો ન આવવો જોઈએ.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૦૬૩

૧. જુઓ "એ. ફેનર બ્રૉકવેને પત્ર", ૧૧–૨–૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૩૨. એલ્મર મૉડને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૧૮, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારા પત્ર બદલ હું તમારો આભાર માનું છું. ટૉલ્સ્ટૉયના ગ્રંથો હિંદમાં લોકપ્રિય બને તે માટે બનતું બધું કરવામાં હું એક પ્રકારનું માન સમજીશ; બહુ જ થોડા સમયમાં હું તમારા પત્રની યંગ ઇન્ડિયામાં નોંધ લેવાની આશા રાખું છું.[1]

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

એમ. એલ્મર મૉડ
માનદ વ્યવસ્થાપક મંત્રી
ટૉલ્સ્ટૉય સોસાયટી
ચેમ્સફર્ડ (ઇંગ્લંડ)

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: સી. ડબલ્યુ. ૪૫૧૪; એલ્મર મૉડના સૌજન્યથી

## ૩૩. એસ્થર મેનનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૧૮, ૧૯૨૮

પ્યારી બેટી,

એક જ કવરમાં તારા બે પત્રો મને મળ્યા હતા. મને એમ જ લાગ્યું હતું કે તું મને સદંતર ભૂલી ગઈ છે, અને છતાં હું જાણતો હતો કે તે બિલકુલ શકય નહોતું. મને મદ્રાસમાં મળ્યાં ત્યારે[2] . . . સ્વાસ્થ્યની મૂર્તિ જેવાં લાગતાં હતાં, અને તેમણે મને તારા વિશેની બધી વાત કહી હતી.

મારી તબિયતમાં જે ઊથલો આવ્યો છે, તેની તને ખબર પડી હશે. માનસિક કે શારીરિક શ્રમ પડે એવાં કોઈ ગંભીર કાર્ય કરવાની મને સખ્ત મનાઈ કરવામાં આવી છે. તેથી કાંતવાનું કાર્ય બાદ કરતાં હું પથારીમાં સૂઈ રહું છું. આ પત્ર તને કાંતતાં કાંતતાં લખાવી રહ્યો છું. પણ ચિંતા કરવાનું કોઈ કારણ નથી. મારી તબિયત સુધરી રહી છે અને થોડા જ દિવસોમાં મને હરવાફરવાની છૂટ મળશે એવી આશા રાખું છું.

૧. જુઓ "ટૉલ્સ્ટૉય શતાબ્દી", ૧-૩-૧૯૨૮.
૨. મૂળ પત્ર અહીં ફાટી ગયેલો છે.

Gandhi Heritage Portal

હા. આશ્રમ તેં જોયો હતો તેવો ને તેવો જ છે. તેની વસ્તી રોજેરોજ વધતી જાય છે અને બધાં અંતેવાસીઓને સમાવવા માટે અમારી પાસે ઘર બહુ જ ઓછાં છે.

તારા સરનામે તને યંગ ઇન્ડિયાની એક નકલ વિનામૂલ્યે મળતી રહે તેવી ગોઠવણ કરું છું, અને ફાજલ પાડી શકાય એટલા વધારેમાં વધારે પાછલા અંકો તને મોકલવાની વ્યવસ્થા કરું છું.

તમે બધાં પૂરી તંદુરસ્તીમાં છો એ જાણીને મને ખૂબ આનંદ થાય છે. મેનન ઇંગ્લંડમાં શું કરે છે? જેમને તું ઓળખે છે તે ...[1] હમણાં આશ્રમમાં છે ત્યારે તેમને કૃપા કરીને મારા પ્યાર પાઠવજે. સ્ત્રીઓના એક સંમેલનમાં હાજરી આપવા તેઓ દિલ્હી ગયાં હતાં. ત્યાંથી પાછા ફરતાં હમણાં થોડા દિવસ ગાળવા તે અહીં આવ્યાં છે. મીરાંબાઈ અહીં જ છે અને તેની તંદુરસ્તી ખરેખર બહુ સારી છે.

બાપુ

શ્રીમતી એસ્થર મેનન
૧૪, ઍાસિલ્વે,
ટારોક, ડેન્માર્ક

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૪૨૪૧

# ૩૪. વાયોલેટને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૧૮, ૧૯૨૮

વહાલાં વાયોલેટ,

તમારો પત્ર મને મળ્યો છે. તમે મને આટલી નિખાલસતાથી અને લંબાણથી લખ્યું તેથી હું ખૂબ જ ખુશી થયો છું. ઇન્દોરના માજી મહારાજાએ કરવા ધારેલું લગ્ન અનિષ્ટ હોવા છતાં તમે એ લગ્ન અને સાઈમન કમિશન વચ્ચેનો ભેદ સમજી શકશો એમ હું માનું છું. સાઈમન કમિશન એક જાહેર બાબત છે; જ્યારે લગ્ન એ ખાનગી પ્રસંગ છે. કોઈ લગ્ન હિંદના ત્રીસ કરોડ માનવીઓના ભાવિ ઉપર અસર કરી શકે નહીં, પરંતુ સાઈમન કમિશનનું કામકાજ સમગ્ર હિંદના ભાવિ ઉપર ખૂબ જ સારી કે માઠી અસર પાડી શકે. હવે તમે સાઈમન કમિશન સામેના લોકોના પુણ્યપ્રકોપને સમજી શકશો. કોઈ પણ માણસ કોઈ બિનઅધિકારી અંગ્રેજનાં કે ગોરાનાં દુષ્કર્મો માટે કશો વિચાર કરતું નથી. પરંતુ જ્યારે કોઈ અંગ્રેજ તેના દરજ્જાની રૂએ કશુંક ખોટું કામ કરે છે, ત્યારે તરત જ તેના પ્રત્યે રોષ વ્યક્ત કરવામાં આવે છે, અને તે બિલકુલ વાજબી પણ છે. જો તમે હજી પણ આ બંને બાબતો વચ્ચેનો ફરક ન સમજ્યાં હો અથવા તો આ બે બિના વચ્ચે મેં જે ભેદ પાડ્યો છે તેની કદર ન કરી શકતાં હો તો મને લખજો.

૧. મૂળ પત્ર અહીં ફાટી ગયેલો છે.



Gandhi Heritage Portal

એક લાખ રૂપિયાની કિંમતની ખાદી ત્યાંના લોકો ખરીદે, તો હું લંકા આવી શકું કે નહીં તે બાબત તમે મને પૂછો છો. મને એ બાબતમાં શંકા નથી કે લંકાના ઉદારદિલ લોકો એક લાખ રૂપિયા કરતાં પણ વધારે કિંમતની ખાદી ખરીદી શકે છે. તેમાં કશું નવીન કે વિચિત્ર નથી. પણ મને સિલોન આવવાને જે વસ્તુ લલચાવશે, તે તો ખાદીકાર્ય માટેનું બીજું દાન હશે. ખાદી ખરીદવી એ મૂલ્યવાન હોવા છતાં તે માત્ર અરસપરસ આપલેની બાબત છે; અને ખાદીકાર્ય માટેનું દાન, ગરીબમાં ગરીબ વર્ગમાં ખાદીના કાર્યક્ષેત્રને વિસ્તારવામાં મદદરૂપ બને છે.

તમારો સહૃદયી

મિસિસ વાયોલેટ
મિસિસ લીલી મોથુકૃષ્ણાને ત્યાં
કાસા–દેલ–માર
અલેકઝાન્ડ્રીઆ રોડ
વેલેવેટ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૭૫

## ૩૫. હકીમ અજમલખાન સ્મારક

વાંચનાર જાણે છે કે આ સ્મારક રાષ્ટ્રીય મુસ્લિમ વિદ્યાપીઠ જે દિલ્હીમાં ચાલે છે તેને અંગે છે. આ વિદ્યાપીઠ કેવળ મુસલમાનને સારુ નથી. તેમાં હિંદુ પણ જઈ શકે છે. તેમાં અધ્યાપકો પણ કેવળ મુસલમાનો નથી, હિંદુ અને ખ્રિસ્તી પણ છે. પણ જેમ ગૂજરાત વિદ્યાપીઠમાં મુખ્યત્વે હિંદુ વિદ્યાર્થીઓ જ હોય છે અને ભાગ્યે જ મુસલમાન આવે છે તેમ દિલ્હીની જામિયામિલિયામાં પણ ભાગ્યે જ હિંદુ વિદ્યાર્થી જાય છે. ગૂજરાત વિદ્યાપીઠમાં મુસલમાન વિદ્યાર્થીઓ ન આવવાનો દોષ જો તેના સંચાલકોનો હોય તો મુસ્લિમ વિદ્યાપીઠમાં હિંદુ વિદ્યાર્થીઓ ઘણા નથી જતા તેનો દોષ તે વિદ્યાપીઠના સંચાલકો પર મૂકી શકાય. અત્યારના આપણા ડહોળાયેલા વાતાવરણમાં જો બંનેના સંચાલકો અને અધ્યાપકો દ્વેષભાવરહિત અને પરસ્પર ઉદાર-વૃત્તિવાળા હોય તો આપણે ઈશ્વરનો પાડ માનીને સંતુષ્ટ રહેવું જોઈએ. મારો તો વિશ્વાસ છે કે જેમ ભવિષ્યમાં ગૂજરાત વિદ્યાપીઠ સ્વરાજ મેળવવામાં અને જાળવવામાં એટલે હિંદુમુસ્લિમ ઐકચ ઇત્યાદિ રચનાત્મક કાર્ય શોભાવવામાં મોટો ફાળો ભરશે તેમ જ દિલ્હીની વિદ્યાપીઠ કરશે. આ મારું ભવિષ્ય સાચું નીવડો યા ન નીવડો, પણ જો હકીમસાહેબ પ્રત્યે આપણો કંઈ પણ ધર્મ હોય, તેમનું સ્મારક કાયમ રાખવામાં આપણી પોતાની શોભા હોય, તો આપણે બધાએ યથાશક્તિ આ ફાળામાં ભરવું જોઈએ. ગોકળગાયના કરતાં પણ ધીમી ગતિથી આ ફાળામાં પૈસા આવી રહ્યા છે, તે ઉપરથી હું એમ સમજું છું કે જેમ બીજા ફાળાઓને ગુજરાતી પ્રજાએ વધાવી લીધા છે તેમ આને વધાવતી નથી. આમાં ભૂલ થાય છે એમ બતાવવાનો મારો ધર્મ સમજું છું. જેઓ હિંદુ મુસલમાનની વચ્ચે ઐકચ સાધવા ઇચ્છતા હોય તેમણે આ ફાળામાં મદદ કરવી ઘટે છે. લોકપ્રિય ફાળામાં આપવાનું સહુને મન થાય, અપ્રિય પણ શ્રેયસ્કર ફાળામાં આપવા વિશે લોકો કોઈ જાગ્રત કરનાર ન હોય તો ઉદાસીન રહે છે. આવા ઉદાસીન વર્ગ

Gandhi Heritage Portal

પ્રત્યે આ મારી અરજી છે. નવજીવનના વાંચનાર હમેશાં લોકપ્રિય વસ્તુઓને જ ઉત્તેજન આપનારા હોય છે એમ નથી. અપ્રિય પણ પ્રજાશક્તિની વૃદ્ધિ કરનારાં, સમાજનું ભલું કરનારાં કાર્યોમાં પણ નવજીવનના વાંચનારાઓએ પોતાનો ફાળો દ્રવ્યથી અને બીજી રીતે સારી રીતે આપ્યો છે. એ તેમની ઉદારવૃત્તિને અને વિવેકશક્તિને તેમણે અત્યારે વાપરવાની આવશ્યકતા છે. જામિયા-મિલિયા બે જાતની વિરોધી શક્તિ વચ્ચે કચરાઈ ન જવી જોઈએ. જામિયામિલિયા ચાલુ દ્વેષી વાતાવરણને પોષનારી ન હોવાથી સામાન્ય મુસલમાનવર્ગ તેને વિશે તટસ્થ રહેતો જોવામાં આવે છે, અને તેને મુસલમાનોએ જ પોષવી જોઈએ એમ ધારીને હિંદુઓ પણ તટસ્થ રહે, તો જામિયામિલિયા રખડી જ પડે, અને હકીમજીના સ્મારકની સ્થિતિ પણ એવી જ થઈ જાય. આમ ન થવા દેવાનો સ્વરાજવાદી હિંદુ મુસલમાનોનો વિશેષ ધર્મ છે. નવજીવનના વાંચનાર આ ધર્મનું પાલન કરશે એવી મારી ઉમેદ છે. ફાળો ભરનારને મારી સૂચના છે કે પોતે પોતાનો ફાળો મોકલીને સંતોષ ન માને, પણ પોતાના અડોશીપડોશી પાસેથી પણ ઉઘરાવી શકે તેટલું ઉઘરાવીને મોકલે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૯-૨-૧૯૨૮

# ૩૬. બારડોલીના ખેડૂતો પ્રત્યે

જ્યાં સ્વરાજનું નામ સાંભળવામાં આવ્યું છે એવો હિંદુસ્તાનનો એક પણ ખૂણો નથી કે ત્યાં બારડોલીનું નામ પણ સંભળાયું ન હોય. તેથી જે જે કામ બારડોલી તાલુકો કરે તેમાં વિશેષતાની અને બહાદુરીની આશા હિંદુસ્તાનને રાખવાનો અધિકાર છે. તમે સત્યાગ્રહ કરવાનું મહાગંભીર પગલું ભર્યું છે. એ સત્યાગ્રહ શોભાવ્યે જ તમારો છૂટકો થાય તેમ છે. તમે એ પગલું ન ભર્યું હોત તો કોઈ તમારો દોષ ન કાઢી શકત. પણ ભર્યા પછી પાછી પાની કરો તો આખું હિંદુસ્તાન હસશે. બારડોલીની મારફતે સ્વરાજ મેળવવાની જે લડત શરૂ થઈ હતી તે મુલતવી રહી તેમાં તો તમારો દોષ કોઈ કાઢી શકે તેમ નથી. બારડોલી તાલુકાથી દૂરના પ્રદેશમાં લોકોએ અવિવેક કર્યો અને બારડોલીની લડત મુલતવી રાખવાની સલાહ મળી એ તો સારું જ થયું. એ વિશે મને લવલેશ શંકા નથી. પણ ત્યાર પછી તમે ખાદી, અસ્પૃશ્યતા, ઈત્યાદિને વિશે જે પ્રતિજ્ઞાઓ કરેલી તેનું પાલન જોઈએ તેટલા પ્રમાણમાં તમે નથી કરી શક્યા એ આ પ્રસંગે તમને યાદ દેવરાવવું ઉચિત લાગે છે. અને એ તમારી શિથિલતાને લીધે આ વખતની તમારી પ્રતિજ્ઞામાં તમે ક્યાં લગી મક્કમ રહેશો એ વિશે મને શંકા રહ્યા કરે છે. તમારા દૃઢ વર્તનથી એ શંકાનું તમે નિવારણ કરશો એવી હું આશા રાખું છું.

શ્રી વલ્લભભાઈ પટેલે તમને ખૂબ ચેતવ્યા છે. તમારી લડત જીતવી વલ્લભભાઈના હાથમાં નથી. જીતની ચાવી તમારા જ ખીસામાં રહેલી છે. વલ્લભભાઈ ફાંસીએ જઈને પણ તમારી પ્રતિજ્ઞાનું પાલન ન કરી શકે. 'આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય' એ કહેવત પ્રમાણે પોતાની પ્રતિજ્ઞાનું પાલન પોતે જ કરવું રહે છે. તમારી લડતની સચ્ચાઈ વિશે બે મત હોય એમ હું જોતો નથી. પણ એ સચ્ચાઈ સિદ્ધ કરવાની શક્તિ તમારામાં નહીં હોય તો સાચી છતાંયે હારી જશો. જો સમજો તો તો માત્ર વિઘોટી ભરવાને ખાતર જ જમીન ખેડયા કરવી પડે

Gandhi Heritage Portal

તેના કરતાં વિઘોટી લેનાર ખાલસા કરે એટલે જંજાળ મટી. જો સરકાર તમને દાદ દેવા નહીં ઇચ્છે, અને તમે નમો નહીં તો, અને સરકાર તમારો નાશ જ કરવા ઇચ્છે, તો તમને જેલમાં નહીં મોકલે, પણ તમારી મિલકત ઉપર હાથ નાખશે. જેમ ખેડામાં તેમ અહીંયાં પણ તમારાં ઢોર વેચે, તમારાં વાસણ વેચે, તમારી જમીન વેચે, પણ ન વેચી શકે એવી એક અમૂલ્ય વસ્તુ તમારી પાસે છે : તે તમારો આત્મા, તમારું સ્વમાન. એક તરફ તમારાં શરીર અને તમારી બીજી બધી મિલકત અને બીજી તરફ સ્વમાનને મૂકો, તો સ્વમાનનું પલ્લું બહુ વજનદાર જ હમેશાં માલૂમ પડશે. એ સાચવવાનો મંત્ર સત્યાગ્રહમાં રહ્યો છે. તે સાચવવામાં જે કંઈ નુકસાન જાય તે સહન કરવા તમે તૈયાર રહેશો તો જીત તમારી જ છે, અને વલ્લભભાઈ જેવા નાયક મેળવવાને સારુ લાયક છો એમ ગણાશે, તેમ જ તમે પોતે બહાદુરની પંક્તિમાં મુકાશો. પ્રતિજ્ઞાનું પાલન કરીને તમને પોતાને, વલ્લભભાઈને, ગુજરાતને અને ભારતવર્ષને દીપાવજો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૯–૨–૧૯૨૮

## ૩૭. ડૉ. સી. મુથુને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૧, ૧૯૨૮

પ્રિય ભાઈ,

એક સારા ઝવેરીના પુત્રને હાડકાનો ક્ષયરોગ છે. સોલોનના એક સૅનેટોરિયમમાં તેને સારવાર આપવામાં આવી છે. ત્યાંથી તેને હવે મુંબઈ લાવવાનો પ્રબંધ થઈ રહ્યો છે. જો તમે આ દરદીની સારવાર કરવાનું સ્વીકારો તો તેના પિતા એને તમારી દેખરેખ નીચે મૂકવા ઇચ્છે છે. તમે સલાહ આપો તે પ્રમાણે તેને ગમે ત્યાં મોકલી શકાય એમ છે. તમને એમ લાગતું હોય કે એ બાબતનો છેવટનો નિર્ણય લેતાં પહેલાં એને મુંબઈમાં તપાસી લેવાનું ઇચ્છનીય છે, તો તે માટેનો ખર્ચ એના પિતાને ભારે પડે એમ નથી. આ બાબતમાં તમે તાર દ્વારા તમારી સલાહ મને મોકલશો તો હું ઘણો જ આભારી થઈશ; અને સમય બચાવવા એ તારની એક નકલ શ્રીયુત રેવાશંકર જગજીવન ઝવેરી, ૭ લેબર્નમ રોડ, ગામદેવી, મુંબઈ એ સરનામે મોકલશો તો વિશેષ આભારી થઈશ. તેમનું તારનું સરનામું "મરેલિટી" છે.

મારા ખોરાક વિશે પણ મારે તમને લખવાનું છે, પણ એ વિશે પાછળથી જણાવીશ. મારી તબિયત સુધરતી લાગે છે.

તમારો સહૃદયી

ડૉ. સી. મુથુ
ઍગ્મોર
મદ્રાસ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૭૬ તથા જી. એન. ૧૨૭૧

Gandhi Heritage Portal

## ૩૮. ઍલિસ મૅકે કેલીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૧, ૧૯૨૮

પ્રિય બહેન,

તમે મને જે લખો છો અને મધર ઇન્ડિયા પુસ્તકની ઝેરી અસર વિશે હું જે વાંચું છું તેથી મને ઘણું જ દુઃખ થાય છે. પરંતુ હું એ વિચારમાં આશ્વાસન લઉં છું કે હમેશાં સત્યનો અસત્ય ઉપર જય થાય છે અને આ પુસ્તક અસત્યથી ભરેલું છે.

શ્રી ધનગોપાલ મુકરજી સારું કામ કરી રહ્યા છે એ હું જાણું છું.

તમારો ચાર ડૉલરનો ચેક મેં યંગ ઇન્ડિયાના મૅનેજરને મોકલી આપ્યો છે, અને મને આશા છે કે તમને હવે તમારી નકલ મળતી રહે છે.

તમારો સહૃદયી

મિસિસ ઍલિસ મૅકે કેલી
૧૩૦ ઈસ્ટ ૪૦મો મહોલ્લો
ન્યૂ યૉર્ક સિટી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૨૪૪

## ૩૯. રોહિણીબહેન પૂવિયાને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૧, ૧૯૨૮

કુમારી રોહિણી પૂવિયા,

તમારા પત્રથી ન ધારેલો આનંદ થયો. બિલકુલ કામ કરવું નહીં અને બને એટલો સમય લાંબા થઈને સૂઈ રહેવું એવો ડૉકટરોનો મને સખ્ત હુકમ હોવાથી મારે તમને એટલું જ લખવાનું રહે છે કે હું તમને વારંવાર યાદ કરું છું અને તમે શું કરી રહ્યાં છો તે જાણવા માગું છું. મને આશા છે કે નજદીકના ભવિષ્યમાં તમને કાંઈક અનુકૂળ કામ મળી રહેશે. તમે ક્યાં હરોફરો છો તેની માહિતી મને જરૂર આપશો અને હું તમારા બધાય ભૂતકાળના ગુના માફ કરી દઈશ. સીતાએ અવારનવાર મળતા રહેવાનું વચન આપ્યું છે. તમારી તબિયત સારી રહે છે?

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૦૭૭

Gandhi Heritage Portal

## ૪૦. રામેશ્વરદાસ પોદ્દારને પત્ર

મંગળવાર [ફેબ્રુઆરી ૨૧, ૧૯૨૮][1]

ભાઈ રામેશ્વરદાસજી,

તમારો પત્ર મળ્યો. વર્ધા વિદ્યાલયમાં છોકરાઓને જરૂર મૂકો. આશ્રમમાં તેમની પૂરતી સંભાળ રાખવામાં આવશે. મનમાં રામનામ જપતા રહીને શાંતિ રાખો.

મારી તબિયત સારી છે.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી : જી. એન. ૧૯૪

## ૪૧. નોરા એસ. બેલીને પત્ર[2]

ફેબ્રુઆરી ૨૨ [૧૯૨૮][3]

તમારો પત્ર મળ્યો એ બદલ હું તમારો આભાર માનું છું. તેના જવાબમાં હું માત્ર એટલું જ કહી શકું કે ઈશ્વરે આપણને જે પ્રકાશ બક્ષ્યો હોય તે મુજબ આપણે દરેકે તેના પ્રત્યે ભાવ રાખીને તેને ભજવો જોઈએ.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૨૨૨

૧. ટપાલની છાપ પરથી.

૨. નાતાલના ઇન્ડિયન મિશનના નિરીક્ષક રેવરન્ડ એ. એ. બેલીનાં પત્ની.

૩. આ પત્ર નોરા એસ. બેલીના ૧૨ ડિસેમ્બર, ૧૯૨૭ના પત્રના જવાબમાં લખવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

# ૪૨. દેવી વેસ્ટને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૨, ૧૯૨૮

તમારા પત્રમાં તમે જે કાર્ડનો ઉલ્લેખ કર્યો છે તે હવે મળતું નથી. તેથી તમારી પાસે જે હોય તે મોકલવાનું રહે છે. તમને હવે ઇન્ડિયન ઓપીનિયન નિયમિત રીતે મળતું હશે. રામદાસનાં હમણાં એકાદ મહિના પહેલાં લગ્ન થયાં છે. તે અને તેનાં પત્ની આવતી કાલે રાજકોટ જવા ઊપડશે. તે ત્યાં સ્થિર થવા ઇચ્છે છે. યંગ ઇન્ડિયાનાં[1] પૃષ્ઠોમાં તમે લગ્નનો અહેવાલ વાંચ્યો હશે. તે ભવ્ય સાદાઈભર્યો પ્રસંગ હતો. તેને એથી વિશેષ સાદો બનાવી શકાયો ન હોત.

મને મારી તબિયત તદ્દન સારી લાગે છે, પણ ડૉક્ટરોને ચિંતા થાય છે એટલે તેમણે મને સંપૂર્ણ આરામ લેવા ફરજ પાડી છે. એથી મારે તમને લાંબો પત્ર ન લખાવવો જોઈએ. દેવદાસ અહીં છે. તે ટૂંક સમયમાં દિલ્હી જશે. છગનલાલ ગરીબ લોકોની સેવા કરવા ઓરિસ્સા ગયા છે.

તમારો સહૃદયી

કુમારી દેવી વેસ્ટ
૨૩ જૉર્જ સ્ટ્રીટ
લાઉથ, લિંક
ઇંગ્લંડ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૨૪૬

૧. જુઓ પુસ્તક ૩૫, પા. ૪૫૨-૩.

Gandhi Heritage Portal

# ૪૩. હેન્રી નીલને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૨, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો છે:[૧]

અંગ્રેજ રાજ્ય નીચે લાખો બાળકો પૌષ્ટિક ખોરાક વિના ભૂખે મરી રહ્યાં છે અને શિયાળામાં પૂરતાં વસ્ત્રના અભાવે ટાઢે થરથરી રહ્યાં છે. અને આ વાત હું જ્યાં હિંદના લોકોની એક નાનામાં નાની લઘુમતી વસે છે, એવાં હિંદનાં શહેરો વિશે નથી કહી રહ્યો પણ ખોટા પડવાના ભય વિના, હિંદનાં સાત લાખ ગામડાં વિશે કહી રહ્યો છું, જે ૧૯૦૦ માઈલ લાંબા અને ૧૫૦૦ માઈલ પહોળા ક્ષેત્રવિસ્તારમાં પથરાયેલાં છે:

હું ધારું છું કે 'બિનખ્રિસ્તી ધર્મો હેઠળ' વાળો તમારો પહેલો પ્રશ્ન બીજા પ્રશ્નમાં સમાઈ જાય છે. પરંતુ તમારા પહેલા પ્રશ્નને બ્રિટિશ રાજ્ય પહેલાંના હિંદ સાથે સંબંધ હોય, તો હું તમારે માટે એટલું જ અનુમાન તારવી શકું કે તે વખતે હિંદનાં બાળકો આજે અંગ્રેજ રાજ્ય નીચે છે, તેના કરતાં ખૂબ જ સુખી હતાં.

તમારા ત્રીજા પ્રશ્નનો ઉત્તર આપવો મુશ્કેલ છે. તમારા મનમાં ક્યા જિસસ છે? ઇતિહાસના જિસસ? ઇતિહાસનો વિવેચનાત્મક અભ્યાસી ન હોઈ હું ઇતિહાસના જિસસ વિશે કશું કહી શકું તેમ નથી. તમે શું ખ્રિસ્તી ધર્માનુયાયી ઇંગ્લંડ અને ખ્રિસ્તી યુરોપ જેમનું પ્રતિનિધિ છે તે જિસસ વિશે કહેવા માગો છો? જો એમ હોય તો મને લાગે છે કે તમારા પ્રશ્નનો જવાબ ક્યારનોય અપાઈ ગયો છે. જો તમે હજી શોધવા બાકી છે તેવા ગિરિપ્રવચનવાળા અધ્યાત્મવાદી જિસસનો ઉલ્લેખ કરતા હો, તો હું ધારું છું કે તે વખતે જ્યારે માણસો પ્રેમનો આદેશ જીવનમાં ઉતારતા હશે ત્યારે હિંદુસ્તાનનાં બાળકોની દશા અત્યારે છે તેના કરતાં થોડી વધારે સારી જ હોવાની.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

જજ હેન્રી નીલ, એસ્ક્વાયર
અમેરિકન એક્સપ્રેસ કં.
રુ સ્ક્રાઈબ
પારિ(સ) – ફ્રાંસ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૨૪૮

૧. ૩, જાન્યુઆરી ૧૯૨૮નો પત્ર. તેમાં લખ્યું હતું: "કૃપા કરીને મને હિન્દુસ્તાનનાં ગરીબ બાળકોની બિનખ્રિસ્તી ધર્મો હેઠળની અને બ્રિટિશ રાજ્ય હેઠળની સ્થિતિ વિશે કહો. તેની સરખામણીમાં જો જિસસનું હિંદ ઉપર સંપૂર્ણ વર્ચસ્વ હોત અને લોકો તેના ઉપદેશને અનુસરતા હોત, તો તમારા માનવા પ્રમાણે શી સ્થિતિ હોત તે પણ કહો..." (એસ. એન. ૧૪૨૨૪).

Gandhi Heritage Portal

# ૪૪. એલ. લી. મૉન્સને પત્ર

આશ્રમ,
સાબરમતી,
[ફેબ્રુઆરી ૨૨, ૧૯૨૮][1]

પ્રિય ભાઈ,

થોડા દિવસ પહેલાં રૂ. ૧,૧૯૦ના પોસ્ટલ ઑર્ડરો સાથે મળેલા તમારા બીજી ડિસેમ્બરના પત્ર બદલ તમારો આભાર માનું છું. ખાદીકાર્ય માટે દાન આપવા બદલ તથા પ્રતિવર્ષ એવું જ દાન અપાતું રહેશે એવી ખાતરી આપવા બદલ દાતાઓનો મારા તરફથી આભાર માનશો એવી વિનંતી કરું છું.

તમારો સહૃદયી

મૉ. એલ. લી. મૉન્સ
બૉકલ્યુ
ફ્રેન્ચ કોચીન ચાઈના

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૨૪૯

# ૪૫. પી. સી. ઘોષને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૨, ૧૯૨૮

પરમ પ્રિય પ્રફુલ્લબાબુ,

પથારીમાં જ પડયાં પડયાં તમારો કાગળ છેક આજે હાથ ઉપર લઈ શકયો છું, જોકે અત્યારે હું બિછાનામાં સૂતો નથી, પરંતુ રેંટિયો કાંતી રહ્યો છું; કારણ કે દાક્તરો પાસેથી મેં બે જાતની છૂટ મેળવેલી છે—બેઠાં બેઠાં રેંટિયો કાંતવાની અને પ્રાર્થના કરવાની. એ સિવાય બીજો જરૂરી બધો વ્યવહાર સૂતાં સૂતાં ડૉકટરોના માર્ગદર્શન અનુસાર કરવો પડે છે. આ રીતે સૂતો હોઉં કે કાંતતો હોઉં ત્યારે અગત્યનો થોડોક પત્રવ્યવહાર હાથ ધરું છું અને એ રીતે ચડેલી ટપાલને પહોંચી વળું છું. એમ કરતાં તમારો પત્ર મારા હાથમાં આવ્યો.

સમાધાનના[2] સમાચાર સાંભળી મને આનંદ થયો છે. હવે વધુ હિંસાનાં દૃશ્યો જોવા નહીં મળે એવી આશા રાખું છું.

૧. આ પત્ર ગાંધીજીએ ૨૨ ફેબ્રુઆરીના રોજ અંગ્રેજીમાં લખાવ્યો હતો અને મીરાંબહેનને તેનું ફ્રેન્ચમાં ભાષાંતર કરવા આપ્યો હતો. ફ્રેન્ચ ભાષાંતર ઉપર ફેબ્રુઆરીની ૨૪મીએ ગાંધીજીએ સહી કરી હતી.

૨. કોમિલ્લા હિંદુ મુસ્લિમ વચ્ચે થયેલ સમાધાન, જેને પરિણામે કોર્ટમાં ગયેલા કેસો પાછા ખેંચી લેવાયા હતા.

Gandhi Heritage Portal

કૉંગ્રેસ વિશે તમે જે કંઈ લખ્યું છે તે ઘણે અંશે સાચું છે;[1] અને જેઓ રચનાત્મક કાર્યમાં અને અહિંસામાં માને છે તેમણે વાતોડિયાવૃત્તિનો અને છળકપટનો સામનો માત્ર શાંત, ગંભીર, નિર્વૈર વૃત્તિવાળાં કાર્ય વડે કરવો જોઈએ એમ હું માનું છું. કૉંગ્રેસ સંસ્થાની અંધપૂજામાં હું માનતો નથી; પણ એ આપણા દેશની જૂનામાં જૂની રાજકીય સંસ્થા છે તેથી તેના પ્રત્યે યોગ્ય અદબ રાખવી જોઈએ અને કૂણી લાગણી ધરાવવી જોઈએ. બધી જ જાહેર સંસ્થાઓને ચડતીપડતીના દિવસોમાંથી પસાર થવું જ પડે છે. ઇંગ્લંડની આમની સભા જેવી પ્રજાકીય સંસ્થામાં પણ શું ઘણી વાર દંભ કે અર્થહીનતાનું તત્ત્વ જોવામાં નથી આવતું? હું જાણું છું કે એ સંસ્થા આપણા દેશ માટે અનુકરણરૂપ નથી પણ આજના સ્વરૂપમાં, બ્રિટિશ પ્રજા માટે આમસભાને ઉતારી પાડવાનું વાજબી નહીં લેખાય. જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં જ તેઓ તેને સુધારી શકે, સિવાય કે ત્યાં આમની સભા જે સભ્યતાનું પ્રતિનિધિત્વ ધરાવે છે તેને નિરર્થક માનતા અંગ્રેજો હોય. વ્યક્તિગત રીતે, હું કૉંગ્રેસ પ્રતિપાદન કરે છે તે આદર્શોને સંપૂર્ણપણે વળગી રહેવામાં માનું છું. અને તેથી જ્યારે એ આદર્શો અનુસાર સેવા કરી શકતો નથી ત્યારે મૂંગો રહું છું. અને તમને અને અહિંસક અસહકારમાં શ્રદ્ધા ધરાવતા તમારા બીજા સાથીઓને એ પ્રમાણે કરવા કહું છું. ભૂલ કરતા સાથીઓ અને ભૂલ કરતા કૉંગ્રેસીઓ પ્રત્યે પણ આપણે અહિંસક જ રહેવાનું છે.

તમારો સહૃદયી

ડૉ. પ્રફુલ્લચન્દ્ર ઘોષ
અભય આશ્રમ
કોમિલ્લા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૦૪૬

## ૪૬. લડવું જ પડે તો નીતિથી લડો[2]

અગાઉ ઉલ્લેખેલી બાબતની ચર્ચા નીચે કરી છે. નિદાન ધર્મયુદ્ધ કરાના અધિકૃત ભાષાંતરમાં આપેલા "કંઈ નહીં તો ધર્મયુદ્ધ કરો," એ અર્થ કરતાં ઉપર શીર્ષકમાં આપેલો "લડવું જ પડે, તો નીતિથી લડો," એ અર્થ મારી દૃષ્ટિએ વધારે સાચો છે.

[મૂળ અંગ્રેજી]
યંગ ઇન્ડિયા, ૨૩–૨–૧૯૨૮

૧. શ્રી પ્રફુલ્લચન્દ્ર ઘોષે ૧૯ જાન્યુઆરીએ લખેલા તેમના પત્રમાં જણાવ્યું હતું: "કૉંગ્રેસમાં મોટા પ્રમાણમાં અર્થહીનતા પ્રસરતી જાય છે, ... કૉંગ્રેસ પ્રમુખ અને તેના સામાન્ય મંત્રી 'આપણે વાતો કર્યા કરનારાઓની પ્રજા છીએ' – એ મતનાં ઉત્તમ ઉદાહરણો છે ... વ્યક્તિગત રીતે મેં કૉંગ્રેસમાંથી વિશ્વાસ ગુમાવ્યો છે અને તે ખાલી શેખી કરનારાઓની સંસ્થા છે એમ હું માનતો થયો છું."

(એસ. એન. ૧૪૦૪૬)

૨. આ લેખ ૧૫–૯–૧૯૨૭ના સ્વરાજ્યમાં પ્રસિદ્ધ થયો હતો, જેનું ભાષાંતર યંગ ઇન્ડિયામાં પ્રસિદ્ધ થયું હતું. ગાંધીજીની ટીકા માટે હવે પછીનું લખાણ જુઓ.

Gandhi Heritage Portal

# ૪૭. ભૂતકાળની યાદ

સ્વરાજ્ય પત્રમાં લખેલા એક લેખને માટે શ્રી શંકરરાવ દેવ અને શ્રી હરોળીકરને હિન્દુસ્તાનના ફોજદારી કાયદાની ૧૨૪ અ કલમ મુજબ પેલે દિવસે પૂનામાં તકસીરવાર ઠરાવવામાં આવ્યા હતા, અને બે વર્ષની સખત કેદની સજા થઈ હતી. તેમની સામે બે આરોપો હતા; એક તો ૧૨૧મી કલમ મુજબ શહેનશાહની સામે લડત માંડવાનો, અને બીજો ૧૨૪ અ પ્રમાણે બ્રિટિશ હિંદમાં કાયદેસર રીતે સ્થપાયેલી સરકાર સામે તિરસ્કાર ફેલાવવાનો પ્રયત્ન કરવાનો. સ્વરાજના અધિપતિ તરીકે શ્રી દેવે આ આરોપને પાત્ર થયેલો લેખ લખ્યો, અને શ્રી હરોળીકરે એ લેખ પ્રસિદ્ધ કર્યો. અન્યત્ર પ્રસ્તુત મરાઠી લેખનું ગુજરાતી ભાષાંતર આપવામાં આવે છે.

દાદાસાહેબ કરંદીકર અને બીજા જાણીતા વકીલોએ આરોપીઓનો બચાવ કરવાની માગણી કરી, પણ આરોપીઓએ એની સાફ ના પાડી. મિત્રોએ પણ બચાવ કરવાની સલાહ આપી. તેમણે કહ્યું કે આજકાલ તો સૌ વકીલ મારફત બચાવ કરે છે, અને તમે પણ તેમ કરશો તો તેમાં કાંઈ ખોટું નહીં દેખાય. પણ આ અસહકારીઓ એકના બે ન થયા. બીજા શું કરે છે તેની સાથે તેમને કશી લેવાદેવા નહોતી. તેમનો તો 'અસહકાર'નો સિદ્ધાંત હતો, અને તેથી લાભાલાભના વિચારથી આપવામાં આવતી સલાહને સાંભળવા તેઓ તૈયાર નહોતા. શ્રી શંકરરાવ દેવની મને યરવડા જેલમાં ઓળખાણ થયેલી. તેમણે અને શ્રી દાસ્તાનેએ તે વેળા એક બાબત સંબંધમાં કઠણ અનશન શરૂ કર્યું, અને તેમને વારવામાં મને બહુ મહેનત પડી હતી. શ્રી દેવ અને હરોળીકર પોતાના સિદ્ધાંત ઉપર દૃઢતાપૂર્વક કાયમ રહ્યા તે માટે હું તેમને ધન્યવાદ આપું છું. સ્વરાજ એ આવા અડગ સિદ્ધાંતીઓનું જ બનશે. પોતાના સ્ફટિક જેવા પવિત્ર બલિદાનથી તેમણે સ્વરાજને અવશ્ય નજદીક આણ્યું છે. રાષ્ટ્રીય ઉન્નતિમાં આવા એકાકી બલિદાનને કશું સ્થાન નથી, અથવા એનાં કાંઈ ભારે પરિણામો ન આવે એમ રખે કોઈ માનતું. કંઈ પરિણામ આવવાનું હશે તો તે આવાં શુદ્ધમાં શુદ્ધ બલિદાનોમાંથી જ આવશે. એથી જ સ્વરાજનો પાકામાં પાકો અને પવિત્રમાં પવિત્ર પાયો નખાશે.

પ્રસ્તુત લેખ બેશક ચાલુ રાજપદ્ધતિ સામે તિરસ્કાર ફેલાવવાને માટે જ લખાયેલો છે. આવો તિરસ્કાર ફેલાવવો એ દરેક રાષ્ટ્રવાદીનું ધર્મકૃત્ય છે. હું આશા રાખું છું કે દરેક મહાસભાવાદી ચાલુ રાજપદ્ધતિનો જાહેર શત્રુ છે. આપણે એ પદ્ધતિ ચલાવનારા માણસો સાથે લડાઈ નથી, પણ જો આપણે સ્વરાજને લાયક હોઈએ તો ચાલુ રાજ્યપદ્ધતિનો બધાં સત્ય અને શાંતિમય સાધનોએ નાશ કરવો જ રહ્યો.

વડી ધારાસભામાં સાઈમન કમિશનના બહિષ્કાર ઉપર જે વાદ થયો તે ચાલુ પદ્ધતિના તિરસ્કારનો એક પદાર્થપાઠ હતો. આમાં બધા પક્ષો ખરા દિલથી સાથે ભળ્યા એ ઈતિહાસમાં તેમનાં નામો હમેશાં યશસ્વી રાખશે. તિરસ્કારના પક્ષમાં પોતાનો મત આપવાની ખાતર સ્વર્ગસ્થ હરચંદરાય વિશનદાસ મરણ વહોરીને સિંધથી દોડ્યા દોડ્યા દિલ્હી ગયા. તિરસ્કારની જ દૃષ્ટિએ જોઈએ તો શ્રી દેવના કરતાં વધારે આકરા લેખો રોજ જોવામાં આવે છે. એમણે તો હિંદુઓ અને મુસલમાનોને એક વિચારયુક્ત વિનંતી કરી છે કે જે સરકાર દેશને ગુલામ બનાવી રહી

Gandhi Heritage Portal

છે તે સરકારના રક્ષણ વિના ચલાવતાં શીખો, અને જો લડવું હોય તો સીધી રીતે, પ્રામાણિક રીતે અને આબરૂભરી રીતે લડો. આ લેખ અનેક વાર હું વાંચી ગયો, અને મને લાગે છે કે હું કદાચ એની ભાષા ન વાપરત પણ એની વિચારસરણી તો આખી જ હું પોતાની કરી લેવાને માટે તૈયાર છું. અત્રે મહાભારતમાંથી જે શ્લોક ટાંક્યો છે તે વિરોધી ટીકાકારને કદાચ ન ગમે. પણ સંદર્ભ સાથે એ શ્લોક વાંચવામાં આવે તો એનો અર્થ સ્પષ્ટ છે. આપણને રાજા નથી. આપણે ત્યાં તો કાયદાના પવિત્ર નામનાં ઓઠાં તળે ચાલતી નોકરશાહી છે. એ રાજ્ય કરનારા નોકરો અનેક છે. એ આવે અને જાય છે, પણ તેમનું રાજ્ય કાયમ છે. એ રાજ્ય દૂષિત, હાનિકારક, અને આત્માને હણનારું રાજ્ય છે, અને તેનો ગમે તે ભોગે નાશ કર્યે જ છૂટકો છે. શ્રી દેવ અને તેમના જેવા જે ભોગ આપે તે ભોગ તો તેમના અહિંસાના સિદ્ધાંતને અવિરોધી હોવો જોઈએ. તેઓ સાચા કાયદાનું રાજ્ય સ્થાપવા માગે છે તે અવળે માર્ગે જનારા અથવા ઘાતકી લોકોને મારીને નહીં, પણ તેમનું રાજ્ય હઠાવવાના પ્રયત્નમાં મરીને. સ્વરાજની તેમની કલ્પના જ એવી છે કે આ મર્યાદા તેમણે સ્વીકાર્યે જ છૂટકો છે.

એટલે આ નિર્દોષ માણસોને જ શા સારુ કામ ચલાવવા માટે — અથવા રીબવા માટે? — ચૂંટી કાઢવામાં આવ્યા હશે તે હું સમજી શકતો નથી. જો તેઓ કેદમાં જવાને લાયક હોય તો લાલા લજપતરાય અને તેમના મિત્રોને તો વધારે સજા નહીં તો દેશપાર કરવાની સજા થવી જોઈએ. જો એમ કહેવામાં આવે કે વડી ધારાસભામાં જવાને લીધે તેના સભ્યોને કાયદા મુજબના ગુના કરવાનો અધિકાર મળે છે, જે ગુના કરવાનો અધિકાર બહારના સામાન્ય માણસોને નથી, તો મારે જણાવવું જોઈએ કે કાયદેસર સ્થપાયેલી સરકાર તરફ ઇરાદાપૂર્વક અને ગણતરીપૂર્વક તિરસ્કાર ફેલાવવાને માટે મારા જેટલો ગુનેગાર બીજો કોઈ જ ન હોય. આ સરકારનો નાશ કરવાને માટે જ, અને તે અર્થે તિરસ્કાર જેટલો વ્યાપક રૂપમાં ફેલાવી શકાય તેટલા વ્યાપક રૂપમાં ફેલાવવાને માટે જ મારા જીવનનું તંત્ર ચાલી રહ્યું છે. અને મને લાગે છે કે શ્રી દેવ અને હરોળીકરના લેખથી જેટલા માણસોની ઉપર અસર થાય તેના કરતાં તો મારાં વચનો અને લેખોથી ઘણા માણસોની ઉપર અસર થાય એમ છે. પણ હથિયારના બળે ચાલતી ભક્ષણનીતિ ઉપર રચાયેલી સરકારો પાસેથી નિષ્પક્ષપાણું, ન્યાય અને હિંમતની આશા ક્યાંથી રાખી શકાય?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–२–१९२८

ભાષાંતર : नवजीवन, २६–२–१९२८

Gandhi Heritage Portal

## ૪૮. હાથસાળ વિરુદ્ધ રેંટિયો

હાથસાળ એ જ માત્ર જાળવી રાખવા જેવી વસ્તુ છે અને તેની જાળવણી મિલમાં કાંતેલા સૂતરનો ઉપયોગ કરીને જ શક્ય બને; એવી જે અવિચારી દલીલો કેટલીક વાર આગળ ધરવામાં આવે છે તે સંબંધમાં શ્રી સી. બાલાજીરાવ લખે છે :

> ચરખાને ઉતારી પાડવાના હેતુથી જ જે લોકો હાથસાળને ઊંચે ચડાવે છે, તેમને અહીં અસરકારક જવાબ આપવામાં આવ્યો છે. લૉર્ડ કર્ઝને જ્યારે દિલ્હી દરબારમાં જાહેર કર્યું કે હાથપંખાને બદલે આપણે જેમ વીજળીના પંખા વાપરીએ છીએ તેમ હાથસાળને બદલે યાંત્રિક સાળોને સ્થાન આપવું અનિવાર્ય છે, ત્યારે તેઓ પોતાના ખાતા રાહેના વૈજ્ઞાનિક સલાહકારોના જ અભિપ્રાયો વ્યક્ત કરતા હતા.

અલબત્ત, જો આપણે હાથસાળનું આયુષ્ય મિલના સૂતર દ્વારા અથવા ચરખા સિવાયના કોઈ પણ સાધન દ્વારા લંબાવવા માગતા હોઈએ તો લૉર્ડ કર્ઝનના આ કથનને એક નિર્ણાયક જવાબ તરીકે ગણવાની જરૂર નથી. અને હું આશા રાખું છું કે આ પૃષ્ઠો એ વાત હમેશાં દીવા જેવી સ્પષ્ટ કરતાં રહે છે કે લૉર્ડ કર્ઝનની ભવિષ્યવાણી છતાં ચરખો જ હાથસાળને બચાવી શકશે. આપણા રાષ્ટ્રીય જીવનમાં ચરખો જો ખરેખર પોતાનો જૂનો દરજ્જો પ્રાપ્ત કરે તો હાથસાળ અને બીજા ઘણા ગૃહઉદ્યોગો આપોઆપ પુનર્જીવન પામવા જ જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–२–१९२८

## ૪૯. એનું મૂળ

છાપાંવાળાઓ લખે છે કે ૧૨મી માર્ચે મારું મૃત્યુ થવાનું છે એવી મને આગાહી થઈ છે, અને તેના પરિણામે હું બહુ ગમગીન છું. છાપાંવાળા એમ કહે છે કે હું મારો પોતાનો જોષી છું. આ મીઠી વાનીનો હું એકલો જ સ્વાદ લઈને બેસી રહ્યો હોત, પણ ઘણા મિત્રો જે ગપગોળાની કશી કિંમત નહીં તેને સાચો ગણી ચિંતાતુર થાય છે એથી મારે કંઈક લખવું પડે છે. જો આ મિત્રોએ છાપાંવાળાઓને ન માનવાની અને છાપાંમાં આવતી હકીકત તેના જાણનારને પૂછવાની મારી સલાહ માની હોત તો તેમની ચિંતા દૂર થાત. જે ખબરપત્રીએ આ ગોળો ઉડાવ્યો તે કેટલો સાચો છે એની તપાસ કરવા જેટલો તે ભલો થાત, તો જે લોકો આજે પૂછ-પરછ કરી રહ્યા છે તેમને તેટલી ચિંતા કરવી બચત. પણ ખબરપત્રીઓ જો પોતાની ખબર માટે આજે રાખે છે તેથી વધારે કાળજી રાખે, તો તો તેમનો ધંધો જ બંધ થઈ જાય!

ત્યારે મારે મિત્રોની જાણ માટે જણાવવું જોઈએ કે હું જોષી નથી, મને જ્યોતિષની કશી ખબર નથી; જો તે શાસ્ત્ર હોય જ તો તે શાસ્ત્રના મૂલ્ય વિશે મને શંકા છે, અને જેને ઈશ્વરમાં શ્રદ્ધા હોય તેણે તે શાસ્ત્ર વિશે કશી ભાંજગડમાં ન પડવું જોઈએ એમ હું માનું છું. વળી હું ગમગીન પણ થયો નથી, પણ સાચી વાત બની હતી તે આટલી: છ વર્ષ ઉપર મને સજા થઈ, ત્યારે મારી સાથે વાત કરતાં કોઈ મિત્રે પૂછેલું કે સ્વરાજ ક્યારે મળશે? મેં તેને કહેલું કે મને છ વર્ષની સજા કરવામાં કદાચ ઈશ્વરનો હાથ હોય, અને કદાચ એટલા સમયમાં આપણને

Gandhi Heritage Portal

સ્વરાજ મળે, અથવા તો છ વર્ષમાં મારું મૃત્યુ થાય; અને એમ પણ કહેલું કે સ્વાતંત્ર્ય મેળવવાને માટે છ વર્ષની મુદત પૂરતી છે. આ વચનનો પણ હિંદુસ્તાનની તે વેળાની સ્થિતિના અવલોકન ઉપર આધાર હતો, અને એ વચનનો મેં એટલો જ અર્થ કર્યો હતો કે આપણા સ્વાતંત્ર્યને માટે વ્યક્તિ તરીકે મારાથી જેટલું થાય તેટલું મારે કરી છૂટવું. મેં ૧૯૨૦માં પણ એવું વચન કાઢ્યું હતું કે અમુક શરતો પળાય તો એક વર્ષમાં સ્વરાજ મળે[૧] એવું જ વચન આ પણ હતું. પેલા વચનનું કાંઈ નહીં તો એટલું ફળ તો આવ્યું છે જ કે મારા ટીકાકારોને મારી મૂર્ખાઈ તરફ હસવાનું સુખ મળ્યું, અને મને તે યાદગાર વર્ષમાં દેશનો ભગીરથ પ્રયત્ન જોવાનો લહાવો મળ્યો. એક વર્ષ વીત્યું એટલે અમદાવાદમાં મહાસભા ભરાઈ, ત્યારે મેં કાંઈ પણ સંકોચ વિના કહેલું કે આપણને કાયદેસર સ્વરાજ નથી મળી શક્યું, તોપણ રાજ્યપ્રકરણી હિંદુસ્તાને પોતાને વિશે જે સ્વરાજ માની લીધું, અને જુદી જુદી કોમો વચ્ચે જે ઐક્ય દીસતું હતું, તે સ્વરાજ જ હતું. અને મેં એમ પણ કહેલું કે લોકોએ મેં કલકત્તા અને નાગપુરમાં જણાવેલી શરતો પાળી હોત તો એક વર્ષમાં કાયદેસર સ્વરાજ પણ મળત. પણ એવું સ્વરાજ એ એક વર્ષમાં ન મળ્યું તોપણ હું જેમ શાંત રહ્યો, તેમ જ હવે પેલા બીજા વચનમાં છ વર્ષ પૂરાં થવા આવ્યાં છે તોપણ,—અને પેલા ખબરપત્રીને જણાવું કે એ છ વર્ષો ૧૨મી નહીં પણ ૧૭મીએ પૂરાં થાય છે,[૨]—હું મારા શરીરના તત્કાળ પંચત્વ પામવાની તૈયારી નથી કરી રહ્યો; પણ ઊલટું એ શરીરને જેટલી સારી સ્થિતિમાં મૂકી શકાય તેટલું મૂકવાની દરેક પેરવી કરી રહ્યો છું, અને આવતા ઉનાળા માટે અને ચોમાસા માટે કેટલોક કામચલાઉ કાર્યક્રમ પણ હું ગોઠવી ચૂક્યો છું. ગમે તેમ હોય, મારી વાતનો સંગ્રહવા જેવો ભાગ તો માત્ર હિંદુસ્તાનના સ્વરાજ વિશેનો હતો, બીજા ભાગની કશી કિંમત ન હતી. કારણ કોઈ માણસ ગમે તેવો મોટો હોય તોપણ તેના એકના મરણ ઉપર કશો આધાર નથી રહેતો, ઘણો આધાર દેશના સ્વાતંત્ર્ય ઉપર રહે છે. એટલે આપણે વ્યક્તિઓને ભૂલી જઈને સ્વરાજ મેળવવા ઉપર બધી શક્તિ એકાગ્ર કરીએ. એ અમોલું સ્વરાજ પાર્લમેન્ટમાંથી કે બીજે ક્યાંયથી નથી મળવાનું, પણ આપણે ઇચ્છીએ એટલે મળવાનું છે, અને તે ૧૭મી માર્ચ પહેલાં પણ લેવું હોય તો મળે. એને માટે ભારે તૈયારીની જરૂર નથી, માત્ર માનસિક પરિવર્તન થવાની જરૂર છે—હિંદુ, મુસલમાન, પારસી, શીખ, ખ્રિસ્તીઓ, યહૂદી અને તમામ કોમોને એક અખંડ રાષ્ટ્રની ભાવના થવી જોઈએ, અને સૌને દેશમાં સમાન હિત છે એવી ભાવના થવી જોઈએ. વળી હિંદુઓએ એકબીજાને ઊંચાનીચા ન ગણવામાં અને કહેવાતા અસ્પૃશ્યોને પોતાનાં સ્વજન ગણવામાં પણ માનસિક પરિવર્તનના કરતાં કશી વધારે તૈયારીની જરૂર નથી. વળી આપણે પરદેશી કાપડનો સંપૂર્ણ બહિષ્કાર કરવામાં એનો સંકલ્પ કરીએ તો ઝાઝું કરવાનું નહીં રહે. વળી એક વાર હાસ્યને પાત્ર થવાનું જોખમ વહોરીને હું કહીશ કે જો આ ત્રિગુણ કાર્યક્રમ આપણે પૂરો કરીએ, તો પૃથ્વી ઉપર કોઈ સત્તા આપણને સ્વરાજ મેળવવામાં અટકાયત નાંખે એમ નથી. આપણો નાશ કરવો જેમ આપણા હાથમાં છે, તેમ આપણો ઉદ્ધાર કરવો પણ આપણા જ હાથમાં છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–२–१९२८

ભાષાંતર : नवजीवन, २६–२–१९२८

૧. જુઓ પુસ્તક ૧૮, પા. ૨૫૧, અને પુસ્તક ૧૯, પરિશિષ્ટ ૧, પા. ૫૧૦.

૨. ૧૯૨૨ના માર્ચની ૧૮મીએ ગાંધીજીને છ માસની જેલની સજા થઈ હતી. જુઓ પુસ્તક ૨૩, પા. ૧૦૩–૧૩.

Gandhi Heritage Portal

# ૫૦. ઊર્મિલાદેવીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૩, ૧૯૨૮

મારાં વહાલાં બહેન,

તમારો પત્ર મળ્યો. છાપાં સાચી વસ્તુઓ બાબતમાં પૂરેપૂરી અતિશયોક્તિ કરે છે. હું જાણું છું ત્યાં સુધી મારી તબિયતમાં કશો બગાડ થયો નથી. અલબત્ત, દૂધ વિનાના ફળાહારનો હું પ્રયોગ કરી રહ્યો છું. એટલે મને નબળાઈ તો લાગે. પરંતુ હું કડક દાક્તરી નિરીક્ષણ હેઠળ છું અને આ પ્રયોગ હું તેમની દેખરેખ નીચે અને તેમની પરવાનગીથી કરી રહ્યો છું. તેથી ચિંતા કરવાનું જરા પણ કારણ નથી.

તમારી આંખ બાબતમાં મને દુઃખ થયું છે. તમારે તેની પાસેથી શક્તિ બહારનું કામ ન લેવું જોઈએ. મહાદેવ હમણાં હમણાં બારડોલી અને સાબરમતી વચ્ચે આવજા કરે છે. તે વલ્લભભાઈને મદદ કરી રહ્યા છે. તે ગઈ રાતે બારડોલી ગયા અને સોમવારની સવાર પહેલાં પાછા નહીં ફરે.

યંગ ઇન્ડિયાના ચાલુ અંકમાં તમે મારા તરફથી ૧૨મી માર્ચ બાબતમાં પણ કશુંક જોશો.[૧] ખરેખર, છાપાંના અહેવાલો ફાયદા કરતાં નુકસાન વધારે કરે છે. પરંતુ મારે તમને લાંબો પત્ર લખવો ન જોઈએ. દાક્તરો હું સંપૂર્ણ આરામ લઉં એમ ઇચ્છે છે અને તેમની સૂચનાઓનું હું લગભગ અક્ષરશઃ પાલન કરું છું. હું લખીને અથવા લખાવીને બહુ જ થોડો પત્રવ્યવહાર કરું છું. અને મારું કાર્ય હું યંગ ઇન્ડિયા અને નવજીવનના સંપાદનકાર્ય પૂરતું સીમિત રાખું છું. અને થોડો સમય કાંતવાનું, પ્રાર્થનાસભામાં હાજરી આપવાનું અને વહેલી સવારે અને સાંજે થોડો સમય ફરવા જવાનું મેં ચાલુ રાખ્યું છે. એ સિવાયનો બાકીનો સમય હું મોટે ભાગે પથારીમાં પડયો રહું છું.

તમારો સહૃદયી

શ્રીમતી ઊર્મિલાદેવી
કાલીઘાટ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૮૧

૧. જુઓ આ પહેલાંનો લેખ.

Gandhi Heritage Portal

## ૫૧. ગૌરીશંકર ભાર્ગવને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૩ [૧૯૨૮][1]

ભાઈશ્રી,

મારે માટે લગ્નપ્રસંગે હાજરી આપવાનું ખરેખર શકય નથી. બીજી બધી વાત બાજુએ મૂકીએ તોપણ ડૉક્ટરોની સૂચનાઓનું ઉલ્લંઘન કરી શકાય તેમ નથી. પરંતુ આ લગ્ન નક્કી થયું છે એથી હું ખરેખર ખુશી થયો છું. હું આશા રાખું છું કે લગ્નવિધિ કશા પણ વિઘ્ન વિના પસાર થઈ જશે અને વરકન્યા સુખી અને દીર્ઘાયુ બની દેશની ઉપયોગી સેવા કરશે.

રામદાસ અહીં નથી; અને દેવદાસ માટે હમણાં સાબરમતી છોડવાનું બહુ અનુકૂળ નથી.

તમારો સહૃદયી

પંડિત ગૌરીશંકર ભાર્ગવ
'ફૂલનિવાસ'
સિવિલ લાઈન્સ
અજમેર

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૦૮૨

## ૫૨. બૉઈડ ડબલ્યુ. ટકરને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૪, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો આનંદદાયક પત્ર મળ્યો, જેની હું દિલથી કદર કરું છું; તેમ છતાં મારે તમારી સલાહનો અસ્વીકાર કરવો પડશે. 'અનિષ્ટનો પ્રતિકાર ન કરો'—નો અર્થ મારે મન કદી નિષ્ક્રિય પ્રતિકાર થતો નથી. જે પ્રતિકાર મારા જાણવામાં આવે છે અને જેનો મેં પ્રયોગ કર્યો છે તેને 'નિષ્ક્રિય પ્રતિકાર' નામ આપવું ખોટું છે. 'અનિષ્ટનો પ્રતિકાર ન કરો' એનો એટલો જ અર્થ થાય છે કે અનિષ્ટનો અનિષ્ટ સાધનોથી પ્રતિકાર ન કરો; અને તેથી એનો અર્થ અવશ્ય અનિષ્ટનો ભલાઈ વડે પ્રતિકાર કરો એમ જ થાય. અને અત્યારની ઘડીએ જો હું અનિષ્ટનો સક્રિય પ્રતિકાર કરતો ન લાગતો હોઉં, તો એ માત્ર એક આભાસ જ છે. કારણ કે તમે જો ભગવદ્‌ગીતાના નિત્યના અભ્યાસી હશો તો તમને એ શ્લોક યાદ આવશે કે "જે અકર્મમાં કર્મ જુએ છે, અને કર્મમાં અકર્મ જુએ છે."[2] અથવા તો એને જ મળતું બીજું અંગ્રેજી

૧. આ પત્ર ૧૯૨૮ના કાગળો ભેગો મળ્યો છે.
૨. અધ્યાય ૪, શ્લોક ૧૮.

Gandhi Heritage Portal

કથન પણ છે — "જે થોભે છે ને પ્રાર્થના કરે છે તે પણ સેવા કરે છે." ગમે તેમ કહો પણ આજે મારી સ્થિતિ બિલકુલ આ જાતની છે. જો હું બહિષ્કારની હિલચાલની દિશામાં મારો માર્ગ સ્પષ્ટ જોઈ શકું, તો એક ક્ષણને માટે પણ હું શાંત બેસી રહીશ એમ માનશો નહીં; પરંતુ માર્ગ સ્પષ્ટ નથી. તે ગમે તે દિવસે સ્પષ્ટ થઈ શકે. યંગ ઇન્ડિયાનાં પૃષ્ઠોમાં મેં જેની વાત વારંવાર કરી છે એ પ્રકારના બહિષ્કારમાં જાણીતા કાર્યકરોનો મારે જીવંત વિશ્વાસ જોઈએ છે. બીજા કોઈ પણ પ્રકારનો બહિષ્કાર સફળ ન થઈ શકે એ વિશે મારી પાકી ખાતરી થયેલી છે. તે જ રીતે એટલી જ ખાતરીપૂર્વક માનું છું કે જો તેની પાછળ પૂરતું કામ કરવામાં આવ્યું હોય તો આ પ્રકારનો બહિષ્કાર સફળ થવો જ જોઈએ. કલકત્તામાં જે વિરોધના મોટા દેખાવો થઈ રહ્યા છે તે આમ તો સારા છે, પણ તે મારે માટે બહુ સારા નથી. તેમની પાછળ કોઈ વાસ્તવિકતા નથી. તેમનો પણ ઉપયોગ હોય છે, પણ એક સક્રિય સૈનિક તરીકે તે મારામાં ઉત્સાહ પ્રેરી શકતા નથી.

હું ધારું છું કે મેં મારી વાત સ્પષ્ટ કરી છે. તેમ ન હોય તો કૃપા કરીને મને ફરીથી લખજો. મને અને મારી હિલચાલને તમે પૂરેપૂરી સમજો એવી મારી ઇંતેજારી છે.

તમારો સહૃદયી

રેવ. બૉઈડ ડબલ્યુ. ટકર
કૉલિન્સ હાઈસ્કૂલ
૧૪૦ ધરમતલા સ્ટ્રીટ
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૮૪

# ૫૩. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૫, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

તમારો પત્ર મળ્યો. હું એ તો જાણતો જ હતો કે કૉંગ્રેસ સમિતિઓ લગભગ નિદ્રામાં છે. તમે તાકીદ કરી છે એવી શંકા ઊભી કર્યા વિના જો તમે તેમનામાં ચેતન પૂરી શકો તો એ એક મોટી વાત કહેવાય.

આ બ્રિટિશ માલના બહિષ્કારના દેખાવ બાબતમાં શું હકીકત છે? અને વળી આ દશ હજાર સ્વયંસેવકો કેવા? હું જોઉં છું કે ડૉ. રાય પણ આ બાબત સાથે સંકળાયેલા છે. કૃપા કરીને તમે મને આ હિલચાલના અંદરના પ્રવાહોથી વાકેફ કરશો.

જો તમને માફક આવે તો તમે ત્રીજા વર્ગમાં મુસાફરી કરો તેનો મને બિલકુલ વાંધો નથી. નિખિલને તમે કયૂનીનું કટિસ્નાન આપો છો, એ જાણીને આનંદ થયો. બોઝબાબુની શા માટે સલાહ લેતા નથી? તે જલોપચારના નિષ્ણાત છે. બાઉ બઝારમાં તેમનું એક ઉપચાર-કેન્દ્ર હતું



Gandhi Heritage Portal

જ્યાં હું મારી સારવાર લેવા જતો. તે વખતે બોઝબાબુ બહારગામ હતા! પણ મઝુમદાર મને માલિશ કરતા અને વિદ્યુત-સ્નાન કરાવતા. ઘણી વખતે જ્યાં નિષ્ણાતો નિષ્ફળ જાય છે ત્યાં સાદા ઇલાજો સફળ થાય છે.

તમે 'સંકર' શબ્દનો મૌલિક અર્થ કર્યો પણ તે મારી 'વર્ણ'ની વ્યાખ્યા સાથે બંધબેસતો છે; અને આખરે મારી વ્યાખ્યા વેદની શબ્દશઃ વ્યાખ્યા જ છે. ગીતાનો ત્રીજો અધ્યાય બેશક ચાવી રૂપ અધ્યાય છે. પહેલા બે અધ્યાયો પ્રસ્તાવના રૂપે છે અને છેલ્લા પંદર અધ્યાયો ભાષ્યરૂપે છે. હું ધારું છું કે મેં તમને કહ્યું જ છે કે હમણાં અમે આશ્રમમાં ગીતાનો નિત્ય પાઠ કરીએ છીએ; અને આખી ગીતા એક પખવાડિયામાં પૂરી કરીએ છીએ. અધ્યાય સાત અને આઠ, બાર અને તેર, ચૌદ અને પંદર, અને સોળ અને સત્તરની દરેક જોડીનો પાઠ એક દિવસમાં કરવામાં આવે છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૦૮૫

## ૫૪. વાય. ભાસ્કરેને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૫, ૧૯૨૮

પ્રિય બહેન,

તમારો પત્ર મળ્યો. મને એ કહેતાં દુઃખ થાય છે કે સખ્ત દાક્તરી આજ્ઞા અનુસાર નવા બોજા, પછી ભલેને તે ગમે તેટલા હળવા હોય, ઉઠાવવાની મને સ્પષ્ટ મનાઈ છે! અને હાલની જવાબદારી પણ ઓછામાં ઓછી કરી નાખવાની સૂચના છે. આ સંજોગોમાં હું તમારી વિનંતીનો સ્વીકાર કરી શકતો નથી.

તમારો સહૃદયી

કુમારી વાય. ભાસ્કરે
વીમેન્સ ક્રિશ્ચિયન ટેમ્પરંસ યુનિયન
૭૪૨ પિટીટ હૉલ નજદીક
પૂના

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૦૮૭

Gandhi Heritage Portal

## ૫૫. રામચંદ્રનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૫, ૧૯૨૮

પ્રિય ભાઈ રામચંદ્રન,

તમારો મહાદેવ ઉપરનો તાર મેં ખોલ્યો છે. એમની સાથેના તમારા પત્રવ્યવહાર વિશે હું કશું જાણતો નથી, એટલે તેના ઉપર કશું પગલું લેતો નથી. મહાદેવ અત્યારે બારડોલીમાં છે. તે મોડામાં મોડા સોમવારે પાછા ફરશે, ત્યારે તે તમારા તાર બાબતમાં બધી હકીકત મને કહેશે અને પછી હું ઘટતું કરીશ.

તમારો સહૃદયી

શ્રીયુત રામચન્દ્રન
નારાયનાથ થૈકડ
ત્રિવેન્દ્રમ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૮૯

## ૫૬. રેવાશંકર ઝવેરીને પત્ર

સાબરમતી,
ફેબ્રુઆરી ૨૫, ૧૯૨૮

મુ. રેવાશંકરભાઈ,

દાક્તર મુથુનો તાર આજે આવી ગયો તે ઉપરથી મેં તાર[1] કર્યો છે એ મળી ગયો હશે. હવે જો ચિ. ધીરુ આવી ગયો હોય તો દાક્તર મુથુને આવવાનો તાર કરી દેવો એ મને તો સલાહકારક લાગે છે. તપાસ્યા વિના કંઈ નિશ્ચય ન કરી શકે એ એનું કહેવું બરોબર જ છે. દાક્તર મુથુની ફી શું છે એ તો મને ખબર નથી. ગમે તે હોય તે સહન કરી લેવી એ જ યોગ્ય છે.

મારી તબિયત ઠીક રહે છે. હજુ દાક્તરો બિછાના વશ તો રાખે જ છે. તમારી તબિયત સારી હશે.

ઠાકોરસાહેબની માગણીથી અહીંથી તેમનાં ઢોરની પરીક્ષા કરવા ને શાસ્ત્રીય રીતે ખોરાક બતાવવા ભાઈ પારનેરકર જે આ શાસ્ત્ર જાણે છે તેને મોકલ્યા હતા.

મોહનદાસના પ્રણામ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૧૨૭૨

૧. આ તાર મળતો નથી.

Gandhi Heritage Portal

## ૫૭. ગાયને કોણ છોડાવશે?

બ્રહ્મભટ કોમના ૭૦ વરસની નજીક પહોંચેલા એક વૃદ્ધ પુરુષ ચાર લગ્નો કરી ચૂકયા છે. ચારે સ્ત્રીઓ સ્વર્ગ પામી છે. તેમને પુત્ર નથી. ૧૫ વર્ષની એક બાળા છે. તેને પરણાવી દીધી છે. હવે પોતાનું ઘર ચલાવવા અને પુત્રની ઇચ્છાએ પાંચમી વેળા લગ્ન કરવા ઇચ્છે છે. આ ભાઈ વિલાયતની મુસાફરી કરી આવ્યા છે. ગાયકવાડી રાજ્યમાં સારી નોકરીમાં હતા. મોતિયાને લીધે આંખો ગયેલી છે. પોતાની છોકરીને વેચી દેનાર કોઈ નિર્દય બાપ મળે તેની રાહ આ બહુ પરણેલા વૃદ્ધ પુરુષ જોઈ રહ્યા છે. આવી રીતે કસાઈ ઘેર જતી ગરીબ ગાયને બચાવવાના હેતુથી બ્રહ્મભટ કોમના કેટલાક જુવાનો પ્રયત્ન કરી રહ્યા છે. તેમાંના એકે એમને આવા કામથી રોકવાને સારુ એક કાગળ લખ્યો. તેના જવાબમાં આ વૃદ્ધ પુરુષે લાંબો કાગળ લખ્યો છે. તેની નકલ મને મોકલવામાં આવી છે. તેમાંથી હું નીચે પ્રમાણે ઉતારાઓ કરું છું:[1]

મૂરખમાં ખપવાનું જોખમ વહોરીને મજકૂર કાગળ મેં છાપ્યો છે. જો બ્રહ્મભટ જ્ઞાતિમાં બાળાઓને સારુ લાગણીની શૂન્યતા હશે, એ જ્ઞાતિના હૃદયવાળા માણસોમાં કાયરતા હશે તો, અને એ કોમમાં જાહેર મત જેવું કંઈ જ નહીં હોય તો, આ કજોડું થતું કોઈ નહીં અટકાવી શકે. અને તેથી બ્રહ્મભટ કોમમાં ખોબા જેટલા પણ દયાવાળા જુવાનો કે દયાવાળી સ્ત્રીઓ હોય તેમણે ડરીને પોતાનું કર્તવ્ય ભૂલવાનું નથી. શાંતિમય સુધારણા પ્રેમથી જ અને ધીરજથી જ થઈ શકે છે. સ્વાર્થને વશ થઈને માણસ ગમે તેવો ક્રોધ કરે તે સહન કરવો રહ્યો. ગમે તેટલું પાંડિત્ય ચલાવે તેથી અંજાઈ ન જઈએ. ખંતથી અને જાહેર મત કેળવવાથી આવાં બે લગ્નો થતાં છેલ્લા બાર મહિનાની અંદર તો અટકી શકયાં છે. થયેલી સગાઈ તોડી નાખવામાં આવી, તો અહીં તો હજી સગાઈની વાત જ થયેલી છે; ત્યાં જો જાહેર મત કેળવી શકાય તો કોઈ ગરીબ ગાય ઘાતમાંથી બચી જવાનો પૂરો સંભવ છે.

હવે આ વિલાયત જઈ આવેલા ગૃહસ્થનો કાગળ જરા તપાસીએ. તેમણે વૃદ્ધ પુરુષને પ્રજા થવાના દાખલા આપીને શું સિદ્ધ કરવા ઇચ્છયું છે એ હું સમજી શકયો નથી. જે દલીલ એમણે વાપરી છે તે પાપ કરનારાઓની સનાતન દલીલ છે. નવલકથાઓમાં આપણે ખૂનીઓને સુંદર ભાષામાં ખૂનના ફાયદા વર્ણવતા જોયેલા છે. અને લૂંટારાઓ પણ પોતાના પરાક્રમની પ્રશંસા કરતા જોવામાં આવ્યા છે. પણ જો આપણે ન્યાય ન શોધવા બેસીએ તો પાપથી જેટલાં કાર્યો સર્યાં જોવામાં આવે છે, તેથી તે તે મનુષ્યોએ ભલે પોતાને સારુ લાભ માની લીધો હોય પણ જગતને લાભ નથી થયો. કજોડાંની રૂઢિને જ લઈએ. જે જે દૃષ્ટાંતો મજકૂર ઉતારામાં આપવામાં આવેલાં છે, તે તે દૃષ્ટાંતોમાં તે તે પુરુષોએ પોતાનો લાભ ભલે જોયો હોય; પણ સ્વાર્થ અને વિષયને વશ થયેલા આ અનુભવી વૃદ્ધ પુરુષ તેનો દુરુપયોગ કરી રહ્યા છે, અને પોતાના કાર્યનું સમર્થન કરે છે. તે તે બાળાઓએ વૃદ્ધોને પરણતી વેળાએ શા વિચાર કર્યા હશે, કેટલા નિસાસા મૂકયા હશે, તેનો વિચાર કરવાનો આ ગૃહસ્થને સમય નથી, વિચાર કરવાની તે આવશ્યકતા જોતા નથી. જો એક વૃદ્ધ પુરુષને પંદર વર્ષની કે તેર વર્ષની બાળાને પરણવાનો અધિકાર છે તો બધાને હોવો જોઈએ. અને જો બધા વૃદ્ધો આ ચાલનું અનુકરણ કરે

૧. આ ઉતારા અહીં આપ્યા નથી.

Gandhi Heritage Portal

તો પ્રજાના કેવા હાલ થાય એ આપણે સહેજે જોઈ શકીએ છીએ. આખા જગતમાં ક્યાંયે ડાહ્યા પુરુષો તરફથી કજોડાંની સ્તુતિ સાંભળવામાં આવી નથી. તેની નિંદા દરેક દેશમાં થયેલી છે. તેનાં અનેક માઠાં પરિણામો હિંદુસ્તાનમાં આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ. તેથી હું તો એવી આશા રાખું છું કે રોષમાં અને આવેશમાં લખેલો પોતાનો કાગળ મજકૂર ગૃહસ્થ નવી દૃષ્ટિએ જોશે, અને પોતાની વિષયવાસનાની ઉપર અંકુશ મેળવશે. અને જો અંકુશ ન જ મેળવી શકે તો તેમણે સ્વેચ્છાએ પરણવા તૈયાર થાય એવી કોઈ વિધવાને શોધવી જોઈએ.

પુત્રોત્પત્તિના મોહને છોડી દેવો ઘટે છે. પુત્રોત્પત્તિની ઇચ્છા એ હમેશાં પુણ્ય છે એમ નહીં કહી શકાય. જે પ્રજામાં સામાન્ય રીતે જન્મમરણનું રીતસર પ્રમાણ જળવાતું હોય ત્યાં પુત્રની ઇચ્છા કરતાં તે ઇચ્છાનો સંયમ કરવો એ પુણ્યકર્મ છે. હિંદુસ્તાનમાં અત્યારે હિંદુસ્તાનની ગુલામી સ્થિતિમાં જ્યાં સહુ ભયગ્રસ્ત રહે છે, પોતાનું, પોતાનાંનું કે પોતાની મિલકતનું રક્ષણ કરવાની શક્તિ ખોઈ બેઠા છે ત્યાં પ્રજાની ઉત્પત્તિને તો હું પાપકર્મ સમજું છું.

હવે રહી ચાકરીની ઇચ્છા. ચાકરીને સારુ પોતાનું જ માણસ જોઈએ એ કેટલો બધો વહેમ છે! પૈસા કે લાલચ આપીને એક બાપની પાસેથી તેની નિર્દોષ બાળા ઝૂંટવી લેવી અને તેને પોતાની સમજવી એમાં મને તો ઉદ્ધતાઈની પરિસીમા લાગે છે. એવી બાળાને પોતાની માનવાને બદલે 'એક ગુલામડી ખરીદેલ છે' એ વાક્ય સત્યને સૂચવે. ચાકરીને સારુ તો હજુ પૂરતા પૈસા આપીને સારા અને વફાદાર ચાકરો મળી શકે છે. મજકૂર વૃદ્ધ પુરુષના લેખમાં બીજા અઘટિત વિચારો છે તેને હું અત્યારે મૂકી દેવા ઇચ્છું છું. જો આ લેખ તેમની નજર તળે આવે તો શાંતિથી વિચાર કરવા અને જે અનુચિત સાહસ કરવા તેઓ તૈયાર થઈ રહ્યા છે તેમાંથી ઊગરી જવા નમ્રપણે વીનવું છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૬–૨–૧૯૨૮

## ૫૮. વિદ્યાર્થીઓનો સુંદર સત્યાગ્રહ

નવજીવનમાં ઘણી વાર લખાઈ ચૂક્યું છે કે સત્યાગ્રહ સર્વવ્યાપક હોવાથી જેમ રાજ્યપ્રકરણી તેમ જ સામાજિક અને ધાર્મિક ક્ષેત્રમાંયે વાપરી શકાય છે. અને જેમ રાજકર્તાની સામે તેમ સમાજની સામે, કુટુંબની સામે, માતાની સામે, પિતાની સામે, સ્ત્રીની સામે, પતિની સામે આ દિવ્ય શસ્ત્ર વાપરી શકાય છે; કેમ કે તેમાં હિંસાની ગંધ સરખી ન હોય, અને જ્યાં અહિંસા એટલે પ્રેમ જ પ્રેરક વસ્તુ છે ત્યાં ગમે તે સ્થિતિમાં નિર્ભયપણે આ શસ્ત્રનો ઉપયોગ થઈ શકે. આવો ઉપયોગ ધર્મજના સાહસિક વિદ્યાર્થીઓએ ધર્મજની સમાજની સામે થોડા દિવસ પહેલાં જ કરી બતાવ્યો. તે વિશેનાં કાગળિયાં મારી પાસે આવ્યાં છે. તેમાંથી નીચે પ્રમાણે હકીકત મળી આવે છે.

થોડા દિવસ પહેલાં એક ગૃહસ્થે પોતાની માતાના બારમાને નિમિત્તે જ્ઞાતિભોજન કરાવ્યું. ભોજનના દિવસ પહેલાં આ વિશે નવયુવકોમાં બહુ ચર્ચા થઈ. તેમને અને કેટલાક ગૃહસ્થોને આવી જાતના જમણ પ્રત્યે અણગમો તો પેદા થયો જ હતો, અને આ વખતે કંઈક પણ પગલું ભરવું જ જોઈએ એમ વિદ્યાર્થીમંડળે વિચાર્યું. છેવટે ઘણાએ નીચે પ્રમાણેની ત્રણ અથવા તો તેમાંથી એક કે વધારે પ્રતિજ્ઞાઓ લીધી :

Gandhi Heritage Portal

સોમવાર તા. ૨૩–૧–૧૯૨૮મીએ બારમાને અંગે જે મોટો જમણવાર થનાર છે, તેવા મોટા જમણવારોમાં (૧) અમે પંગતમાં બેસીને કે પિરસણ લઈને જમીશું નહીં; (૨) આ રૂઢિ સામે અમારો સખ્ત વિરોધ દર્શાવવા, તે ટંક પૂરતો ઉપવાસ કરીશું; (૩) આ કામમાં અમારે ઘર કે કુટુંબમાંથી જે કંઈ ત્રાસ સહન કરવો પડશે તે શાંતિથી અને રાજીખુશીથી સહન કરીશું.

અને તેથી જમણને દિવસે ઘણા વિદ્યાર્થીઓ, જેમાંનાં કેટલાંક કુમળાં બાળ હતાં તેમણે ઉપવાસ કર્યો. આ પગલાથી વિદ્યાર્થીમંડળે મોટેરા ગણાતા લોકોનો ક્રોધ વહોરી લીધો. આવા સત્યાગ્રહમાં વિદ્યાર્થીઓને આર્થિક જોખમ પણ ઓછું વહોરવાનું નથી હોતું. વડીલોએ વિદ્યાર્થીઓને મળતી આર્થિક મદદ અને મકાનોનો ઉપયોગ ખેંચી લેવાની ધમકી આપી. પણ વિદ્યાર્થીઓ મક્કમ રહ્યા. જમણને દિવસે ૨૮૫ વિદ્યાર્થીઓએ જમણમાં ભાગ ન લીધો, અને ઘણાએ તો લાંઘણ પણ કરી.

આ વિદ્યાર્થીઓને ધન્યવાદ ઘટે છે. ઉમેદ રાખું છું કે દરેક જગ્યાએ વિદ્યાર્થીઓ સામાજિક સુધારા કરવામાં આગળ પડતો ભાગ લેશે. જેમ સ્વરાજની ચાવી વિદ્યાર્થીઓના ખીસામાં છે, તેમ જ સમાજસુધારાની અને ધર્મરક્ષાની ચાવી તેઓ પોતાના ખીસામાં લઈને ફરે છે. પ્રમાદને લીધે કે બેદરકારીથી પોતાના ખીસામાં રહેલી અમૂલ્ય વસ્તુની તેમને ખબર ન હોય એ સંભવે છે. પણ ધર્મજના વિદ્યાર્થીઓનું જોઈને બીજા વિદ્યાર્થીઓ પોતાની શક્તિનું માપ કાઢી લેશે એમ હું આશા રાખું છું. મારી દૃષ્ટિએ તો સ્વર્ગવાસી બાઈનું ખરું શ્રાદ્ધ તો જુવાનિયાઓએ પોતાના ઉપવાસથી કર્યું. જેણે ભોજન આપ્યું તેણે તો પોતાના પૈસાનો દુરુપયોગ કર્યો, અને ગરીબોને સારુ ખરાબ દાખલો બેસાડયો. ધનિકવર્ગને પરમેશ્વરે પૈસો આપ્યો છે તેનો તેઓ પારમાર્થિક કામમાં ઉપયોગ કરે. તેમણે સમજવું જોઈએ કે ગરીબોથી વિવાહ વગેરેમાં કે મરણને પ્રસંગે નાતો જમાડી શકાય નહીં. આ ખરાબ રૂઢિથી ઘણા ગરીબો પાયમાલ થયા છે એમ પણ તેમણે જાણવું જોઈએ. જ્ઞાતિભોજનથી જે પૈસા ધર્મજમાં ખર્ચાયા તે જ જો ગરીબ વિદ્યાર્થીઓને સારુ, ગરીબ વિધવાઓને સારુ, ગોરક્ષાને અર્થે, ખાદીને અર્થે કે અંત્યજને સારુ ખર્ચાયા હોત, તો તે ઊગી નીકળત અને મરેલાના આત્માને શાંતિ મળત. ભોજન ભુલાઈ ગયું, તેનો કોઈને લાભ મળ્યો નહીં, અને વિદ્યાર્થીઓને અને બીજા ધર્મજના સમજદાર લોકોને તેથી દુઃખ થયું.

જે ભોજનને અંગે સત્યાગ્રહ થયો તે ભોજન બંધ ન રહ્યું એટલે સત્યાગ્રહ શા કામનો એમ કોઈ શંકા ન કરે. વિદ્યાર્થીઓ પોતે જાણતા હતા કે તેમના સત્યાગ્રહની તાત્કાલિક અસર થવાનો સંભવ ઓછો છે. પણ જો તેમનામાં જાગૃતિ કાયમ રહેશે, તો ફરી પાછું બારમું કરવાની હિંમત કોઈ શેઠિયાની નહીં ચાલે એમ આપણે માની શકીએ છીએ. ઘણા દિવસનો એકઠો થયેલો સડો ફૂંક મારતાં દૂર નથી કરી શકાતો. તેને સારુ ધીરજની અને આગ્રહની હમેશાં જરૂર હોય છે.

મહાજન ગણાતો વૃદ્ધવર્ગ સમય નહીં વિચારે? રૂઢિને સમાજ કે દેશની ઉન્નતિ પૂરતું સાધન ગણવાને બદલે તેઓ ક્યાં લગી તેના ગુલામ રહેશે? પોતાનાં બાળકોને જ્ઞાન લેવા દેશે, ને તેના ઉપયોગથી તેમને ક્યાં લગી બહિર્મુખ રાખી શકશે? ધર્માધર્મનો વિચાર કરવાવાળા શિથિલતા રાખે છે તે છોડી સાવધાન થઈ તેઓ ખરા મહાજન ક્યારે થશે?

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૬–૨–૧૯૨૮

Gandhi Heritage Portal

## ૫૯. વિલ્ફ્રેડ વેલૉકને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૬, ૧૯૨૮

પ્રિય ભાઈ,

કહેવાતી આત્મકથાનો ગ્રંથ તમને હસ્તાક્ષર કરીને મોકલું છું. તમને એ જાણીને રસ પડશે કે અત્યાર સુધી બંધાયેલા બધા ગ્રંથો ખાદીમાં જ બાંધવામાં આવ્યા છે, અને ખાદીમાં રોકેલા પ્રત્યેક રૂપિયામાંથી ઓછામાં ઓછા બાર આના સીધા સૌથી ગરીબ લોકોના ખિસ્સામાં જાય છે.

તમારો સહૃદયી

વિલ્ફ્રેડ વેલૉક
વિક્ટોરિયા ઍવેન્યુ, ક્વિન્ટન
બરમિંગહામ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૪૨૫૦

## ૬૦. વી. ઍસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૬, ૧૯૨૮

પ્રિય ભાઈ,

સર હબીબુલ્લાહ માટેની તમારી અર્ધસરકારી નોંધોની નકલો મને નિયમસર મળતી રહે છે. મણિલાલ અને બીજા મિત્રો પણ મને તમારી હિલચાલથી વાકેફ રાખે છે. તમારું વર્ષ પૂરું થતાં તમે દક્ષિણ આફ્રિકા છોડીને અહીં ન આવો એવી તમને આજીજી કરવા વિશેના તાકીદના પત્રો ક્યારના આવવા લાગ્યા છે. પત્રલેખકો તેમાં કહે છે કે તમે હવે ત્યાં રહેવાના દિવસો ગણી રહ્યા છો. તેઓને આ વાતનો ભય પેઠો છે; અને તેમના કરતાં વિશેષ ભય મને પેઠો છે અને કદાચ મારો ભય વધારે ગંભીર છે કારણ કે હું તો એ અર્થે બધું છોડીને બેઠો છું. હું માનું છું કે તંદુરસ્તીનાં ગંભીર કારણો સિવાય તમે અત્યારની ક્ષણે દક્ષિણ આફ્રિકા છોડીને અહીં આવશો, તો તે એક કરુણ રાષ્ટ્રીય ઘટના થઈ પડશે, એ કહેતાં મને દિલગીરી થાય છે. અને એ વાત સાચી છે કે અત્યારની ક્ષણે તમારા સિવાય બીજી કોઈ વ્યક્તિ સફળતાપૂર્વક તમારું સ્થાન લઈ શકશે નહીં. દક્ષિણ આફ્રિકાના તમારા વસવાટથી જે પરિચયો કેળવાયા છે તેમાંથી અવજ્ઞા ઊભી થતી નથી; એથી ઊલટું આપણા કામ માટે જેમનો આદર મહત્ત્વ ધરાવે છે તેમને તમારા તરફનો આદર વધ્યો છે. અને જેમ તમે યુરોપવાસીઓમાં લાગવગ ઊભી

Gandhi Heritage Portal

કરી છે, તેમ આપણા દેશવાસીઓમાંથી વિશ્વાસપાત્ર અનુયાયીઓ પણ તમે મેળવ્યા છે. તમે તેમને છોડી ન શકો. તેથી અવશ્ય તમે મને વિશ્વાસ બેસે એવો પત્ર લખશો. અલબત્ત, સરકાર આ બાબતમાં શું કરવા માગે છે તે હું જાણતો નથી.

सुज्ञेषु किंबहुना ?

સસ્નેહ

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[તા. ક.]

જો તમે અહીં હોત તો અત્યારનું આપણું રાજકારણ તમને પસંદ પડત નહીં.

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૮૮૧૪ તથા એસ. એન. ૧૧૯૬૩

## ૬૧. જવાહરલાલ નેહરુને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૬, ૧૯૨૮

વહાલા જવાહર,

તમારા પત્રો મળ્યા છે. દિલ્હીમાં જે કાંઈ બની રહ્યું છે, તેનો ખ્યાલ મને આવતો જ રહ્યો છે અને તમારા પત્રમાં તમે જે કંઈ કહ્યું છે તેનો એકેએક શબ્દ હું સમજી શકું છું. સર્વપક્ષી પરિષદની કાર્યવાહીને રોજેરોજ ધ્યાન ઉપર લેતો જાઉં છું અને તેના શબ્દોની પાછળનો મર્મ સમજતો જાઉં છું, ત્યારે હું કેટલો બધો વિષાદપૂર્ણ બની જાઉં છું, તેનો પૂરતો ખ્યાલ હું તમને આપી શકતો નથી. પિતાજીના તે ઉપર પ્રકાશ પાડતા પત્રે, દૂર રહ્યા રહ્યા મેં જે માન્યતા બાંધેલી તેને દૃઢ જ કરી છે. ત્યાર પછી કૃષ્ણદાસ ઉપરનો કૃપાલાનીનો પત્ર ગઈ કાલે આવ્યો. અને તેને છેલ્લો ઓપ આપવા માટે જાણે તમારો પત્ર[1] આજે મળ્યો. બર્કનહેડની ઉદ્ધતાઈ અને કમિશનના સભ્યોની કુટિલતા સામે આપણે કેવો કંગાળ દેખાવ કરી રહ્યા છીએ?

૧. અલ્લાહાબાદથી લખેલા ૨૩ ફેબ્રુઆરીના તેમના પત્રમાં જવાહરલાલ નેહરુએ લખ્યું હતું: "થોડા કલાકો અગાઉ મેં તમને લખી જણાવ્યું હતું કે સોમવાર અથવા મંગળવારની રાત સુધીમાં સાબરમતી પહોંચવા આશા રાખું છું. ત્યાર પછી તરત જ મને દિલ્હી જવાનું કહેણ આવ્યું. અને ત્યાં બંધારણનો મુસદ્દો ઘડવા માટે મદદ કરવા એક પખવાડિયા કે વધારે સમય માટે રોકાવાનો આદેશ મળ્યો. વ્યક્તિગત રીતે તો હું આ સર્વપક્ષી પરિષદથી ધરાઈ ગયો છું. તેની દસ દિવસની કાર્યવાહી પછી તેની તાણ મારા પર એટલી બધી રહી હતી કે બંડખોરી અને હુલ્લડની વૃત્તિથી બચવા હું નાસી આવ્યો. ત્રણ દિવસની ગેરહાજરી પછી મને કંઈક શાતા વળી છે, પરંતુ સર્વપક્ષી પરિષદનો બીજો અનુભવ કદાચ મારું માથું ભમાવી દે! આમ દિલ્હીની એની બેઠકોમાં હાજરી આપવા હું બિલકુલ ઇચ્છા રાખતો નથી. પણ શું થઈને ઊભું રહેશે તે હું જાણતો નથી. દિલ્હીથી હું આપને તાર કરીશ." (એસ. એન. ૧૩૦૭૯)

Gandhi Heritage Portal

જૉન સાઈમન પાસેથી મેં કશી વિશેષ આશા રાખી ન હતી. પરંતુ તેઓ નોકરશાહીની બધી જાણીતી તરકીબોનો આશ્રય લેશે એમ માનવા હું તૈયાર નહોતો; અને આ અસ્પૃશ્યો બાબતનો તેમનો છેલ્લો સોદો આખાયે ચિત્રની કુરૂપતામાં વધારો કરે છે. તેમ છતાં, આપણે ધીરજ ધરવી પડશે. આ વેદનામાંથી તમારે ધૈર્યપૂર્વક પસાર થવું પડશે. અને બની શકે ત્યાં સુધારવાનો પ્રયત્ન કરવો પડશે.

જરૂર, બને તેટલા જલદી આવો. હું આશા રાખું છું કે કમલા પોતાની શક્તિમાં વધારો ન કરતાં હોય, તો કંઈ નહીં પણ એ શક્તિ તે ટકાવી તો રહ્યાં જ હશે. તમે આવ્યા તે પહેલાં, પિતાજી અને હું બૅંગલોરમાં સાથે હતા, ત્યારે ઉનાળા દરમિયાન એની ઉત્તમ આબોહવાને કારણે તેમને ત્યાં રાખવા અમે વિચાર્યું હતું. એ વાત પિતાજીએ તમને કરી પણ હોય. કાંઈક કસોટી કરે એવી આબોહવાનાં તો હવે તો માત્ર ચાર જ અઠવાડિયાં બાકી છે. પણ બૅંગલોરથી ફક્ત ૩૫ માઈલ પર આવેલી નંદી હિલ્સ ઉપર તમે હમેશાં જઈ શકો, જ્યાં તમને ઠંડી ખુશનુમા આબોહવા મળી શકે. કમલાએ સ્વિટ્ઝર્લૅન્ડમાં જે કંઈ મેળવ્યું છે, તે તેમને કોઈ પણ હિસાબે ગુમાવવા ન દેવું જોઈએ.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૭૯

## ૬૨. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર

ફેબ્રુઆરી ૨૯, ૧૯૨૮

ચિ. મણિલાલ અને સુશીલા,

તમારા કાગળો મળ્યા છે. તાર પણ મળ્યો. તેનો જવાબ હું આપી ચૂક્યો છું. મને ભયંકર માંદગી હોય તો હું તાર કરાવ્યા વિના ન રહું. બીજા પણ તાર તો કરે. જોકે ભયંકર માંદગી-વાળો કંઈ સ્ટીમરની વાટ જુએ કે? એટલે ભયંકર માંદગી પછી પણ કામ છોડીને દોડી આવવાની ઇચ્છાને દાબવી એ જ ઠીક ગણાય.

રામદાસ અને નિર્મળા રાજકોટ તથા અમરેલી ગયાં છે. મારા જ કોઈ કામમાં ગૂંથાઈ જવું એટલો નિશ્ચય તો બંનેએ કરી નાખ્યો છે. માર્ચની ૧૫મી પહેલાં ક્યાં એ પણ ચોક્કસ થઈ જશે.

દેવદાસ હજુ અહીં છે. તબિયત સારી રહે છે. બ્રાયન ગેબ્રિયલ ત્રણ દિવસ રહી આજે મુંબઈ ગયેલ છે. તેની જ સ્ટીમરમાં આ કાગળ મળશે.

સુશીલાની તબિયત સાવ સારી થયેલી જોવા ઇચ્છું છું. અંગ્રેજીમાં કઈ ચોપડી ચાલે છે? મને અક્ષરનો નમૂનો મોકલવો.

મિ. કૅલનબૅકને કહેજો કે તેના આવવાની હું તો રાહ જોઈ રહ્યો છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૪૭૩૪

Gandhi Heritage Portal

## ૬૩. તુલસી મહેરને પત્ર

ફાગણ સુદ ૬ [ફેબ્રુઆરી ૨૬, ૧૯૨૮][1]

ચિ. તુલસી મહેર,

તમારો પત્ર મળ્યો. માંદગી એક એવી વસ્તુ છે કે એ ક્યાંથી અને કેમ આવે છે તે કોઈ ઘણી વાર જાણી શકતું નથી. એનું દુઃખ ન લગાડશો. પણ વધારે આંતરખોજ કરજો. અને માંદગી માટે પણ ઈશ્વરનો આભાર માનજો. જો આપણો દોષ જાણવામાં આવે તો તેને દૂર કરવા પ્રયત્ન કરજો. મને લખતા રહેશો. જરૂર લાગતાં દૂધ અવશ્ય લેવાનું રાખજો.

બાપુના આશીર્વાદ

શ્રી તુલસી મહેર
ચરખા પ્રચારક
શ્રી તુલસી ભાદુરજી
વીરગંજ થઈને
રક્ષોલ, બિહાર

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી : જી. એન. ૬૫૩૩

## ૬૪. એલ. ડબલ્યુ. રિચને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૭, ૧૯૨૮

પ્રિય રિચ,

તમારો લાંબો પણ કામકાજ સાથે સંબંધ ધરાવતો પત્ર મળતાં આનંદ થયો. તમારા કરતાં ઊલટી જ રીતે, હું કૌટુંબિક વાતચીતથી પત્ર શરૂ કરીશ. મિસ નુડસન પાસેથી સાંભળ્યું છે કે તમે તમારો એક પગ ખોયો છે. અત્યારે તે મારી સાથે જ રહે છે. તમે કેવી રીતે એક પગ ખોયો તેનું તેઓ કારણ આપી શક્યાં નથી. તમે એ કારણ જરૂર જણાવજો. અને મિસિસ રિચ શું કરે છે? અને એરિક અને હેરલ્ડના શા સમાચાર છે? દીકરીઓનાં નામ હું ભૂલી ગયો છું. મને આશા છે કે તેઓ મારા ઉપર સ્ત્રીદાક્ષિણ્યના અભાવનો આક્ષેપ નહીં મૂકે. તેઓ સઘળાં શું કરે છે? મારી બાબતમાં કહું તો, હું માંદગીના બિછાનેથી આ લખાવી રહ્યો છું. મને પોતાને ખાસ કંઈ માંદગી જણાતી નથી છતાં દાક્તરોએ હજી થોડો સમય કોઈ પણ પ્રકારનો શારીરિક કે માનસિક શ્રમ ઉઠાવવાની મનાઈ કરી છે. શ્રીમતી ગાંધીની તબિયત તદ્દન સારી છે. હરિલાલે તો મને લગભગ છોડી દીધો છે. તે દારૂ પીએ છે, બધું ખાય છે અને મજા કરે છે.

૧. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

પણ એક અર્થમાં એ બહાદુર છોકરો છે કે તે પોતાના દુર્ગુણો છુપાવતો નથી અને તેનો બળવો ખુલ્લો બળવો છે. જો તેણે તેના લેણદારોને દગો ન દીધો હોત, તો તેના બીજા દોષો મેં નભાવી લીધા હોત. લેણદારો પ્રત્યેની અપ્રામાણિકતા ચલાવી લઈ શકાય નહીં. તમે જાણો છો તેમ મણિલાલ ફિનિકસમાં છે અને રામદાસ અને દેવદાસ મને મારા કામમાં મદદ કરે છે. પોલાક અત્યારે હિંદુસ્તાનમાં છે અને તે પોતાના ધંધા અંગે મુસાફરી કરી રહ્યા છે. હું તેમને થોડી મિનિટ માટે મદ્રાસમાં મળ્યો હતો અને તેઓ ફરી લંડન આવવા ઊપડે તે પહેલાં આશ્રમમાં મળવા આવે એવો સંભવ છે. ઍન્ડ્રૂઝ અવારનવાર આશ્રમની મુલાકાતે આવે છે અને ત્રીજી માર્ચે તેઓ ફરીથી આવશે એમ લાગે છે. આ આશ્રમ એક મોટી અને વિકસતી જતી સંસ્થા છે. એક નાનું ગામડું જ કહેવાય એટલી લગભગ બસો માણસોની વસ્તી અમે અહીં નભાવી રહ્યા છીએ. અને રૂની બધી પ્રક્રિયા દ્વારા કાપડ ઉત્પન્ન થાય ત્યાં સુધીની બધી પ્રવૃત્તિઓ અમે કરી રહ્યા છીએ એટલું જ નહીં, પરંતુ અમે એક નાનું દુગ્ધાલય, એક નાનું ચર્માલય અને થોડી ખેતીનું કાર્ય પણ ચલાવીએ છીએ. અહીં ફળોનાં થોડાં ઝાડ પણ છે, અને અમે અમારાં શાકભાજી પણ ઉગાડીએ છીએ. અમે થોડું અનાજ પણ ઉત્પન્ન કરીએ છીએ; અને ઢોરઢાંખર માટે પૂરતો ચારો પણ પેદા કરીએ છીએ. ઘણુંખરું અમારી સાથે એક અથવા બે યુરોપિયનો હોય છે અને આ પ્રકારના મુલાકાતીઓનો સતત પ્રવાહ ચાલુ જ રહે છે. અહીંનું જીવન બહુ સાદું છે, છતાં હિંદુસ્તાનની પરિસ્થિતિ પ્રમાણે તો એ પૂરતું સાદું ન કહેવાય. હિંદના જનસમુદાયને દળી નાખતી આ ગરીબાઈનો તમને આટલે દૂરથી કશો ખ્યાલ આવી શકે એમ નથી. જો અમે હજી પણ ખર્ચ ઓછો કરીને અમારું કામ ચલાવી શકીએ તો હું આ ખર્ચ એકદમ ઓછો કરી દઉં. ભાડું બાદ કરતાં કપડાં સાથે એ ખર્ચ મહિને એક પાઉન્ડ જેટલો છે. અલબત્ત, અમારે ભાડું આપવું પડતું નથી. અમારે ત્યાં લગભગ ૭૫ છોકરાઓ અને છોકરીઓ છે. એમને માટે અમે શૈક્ષણિક પ્રયોગો કરતી નમૂનારૂપ કહી શકું એવી શાળા ચલાવીએ છીએ.

હવે કામકાજ વિશે લખીશ. મારો પોતાનો અભિપ્રાય એવો છે કે શાસ્ત્રીને કે ઍન્ડ્રૂઝને જે કંઈ મળ્યું છે તેનાથી તેઓ વધારે મેળવી શકયા ન હોત. હું તમારી સાથે સંપૂર્ણ રીતે સંમત થાઉં છું કે આ યુનિયનના મંત્રીઓ પર થયેલા કરારમાંથી છટકી જવા માટે દબાણ આવશે. પરંતુ શાસ્ત્રીને જો દક્ષિણ આફ્રિકામાં અચોક્કસ મુદત સુધી રહેવાની છૂટ મળશે, તો તેમની સાચી એટલે ન્યાયી મુત્સદ્દીગીરી અંતે દક્ષિણ આફ્રિકાની લુચ્ચાઈભરી મુત્સદ્દીગીરી ઉપર વિજય મેળવશે એવું હું માનું છું. ૧૯૦૬થી ૧૯૧૪ સુધીની આપણી લડતનો આપણે જો પૂરતો લાભ ઉઠાવવા માગતા હોઈએ, તો આપણે ન્યાયી રીતે વર્તવું જોઈએ, આપણા દોષોને દૂર કરવા જોઈએ અને મને એમ ચોક્કસ લાગે છે કે જેઓ ચોરીછૂપીથી દક્ષિણ આફ્રિકામાં ઘૂસી આવ્યા છે તેઓ લોભી થતા અટકે, તે બાબતનો સ્પષ્ટ એકરાર કરે, અને ભવિષ્યમાં કોઈને છેતરપિંડીથી દાખલ કરવા પ્રયત્ન ન કરે, તો હજી પણ પરિસ્થિતિનો ઉકેલ થઈ શકે તેમ છે અને ત્યાં વસતી આપણી પ્રજાની સ્થિતિ સુધારી શકાય તેમ છે. તેમ છતાં, જો હજી પણ ચોરીછૂપીથી ઘૂસેલા લોકોને માત્ર છુપાવવાનો જ પ્રયત્ન નહીં થાય પણ વધારે લોકોને માટે દ્વાર ખુલ્લાં રાખવાની ઇચ્છા રખાશે, તો હું માનું છું કે ભવિષ્યમાં આપણી કોમ દક્ષિણ આફ્રિકામાં સહેજ પણ સ્વમાન સાથે રહી શકશે નહીં. કોઈ પણ પ્રકારે તે ત્યાં ટકી તો રહેશે જ એ વિશે મને શંકા નથી. આવડી મોટી અને હૈયાઉકલતવાળી કોમને તદ્દન ભૂંસી નાખવાનું

Gandhi Heritage Portal

તો મુશ્કેલ બનશે. પણ ત્યાંનું જીવન ઘણું જ અધમ હશે – જ્યારે હું તો દક્ષિણ આફ્રિકાના હિંદીઓ માત્ર દક્ષિણ આફ્રિકાની નવરચનામાં જ નહીં પણ હિંદુસ્તાનની નવરચનામાં પણ માનવંતો ભાગ ભજવે એમ ઇચ્છું છું. જો દક્ષિણ આફ્રિકામાં આપણે ખેલદિલી બતાવીએ તો સંભવ છે કે આપણે વખત જતાં નાગરિક તરીકેના સંપૂર્ણ હકો મેળવી શકીએ. આ પત્ર તમે ઇચ્છો એવા કોઈ પણ મિત્રને વંચાવી શકો છો.

તમારા સૌ પ્રત્યે આદર સહિત.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૧૯૬૫

## ૯૫. કે. બાલસુબ્રહ્મણ્યમને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૭, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો. હું એ વિશે જેમ જેમ વધારે વિચાર કરું છું, તેમ તેમ મારો એ અભિપ્રાય વધારે દૃઢ થતો જાય છે કે બ્રિટિશ માલના બહિષ્કારનું બુમરાણ નકામું છે. મેં હિંદુસ્તાનની મિલોના બહિષ્કારનો વિચાર કર્યો નથી. મેં તો તેમને વિષે એટલું જ કહ્યું છે કે જૂના સ્થિર થયેલા વેપારને જેમ જાહેરાતની જરૂર હોતી નથી પણ નવા વેપારને હોય છે તેમ, ખાદીના જેટલી જાહેરાતની મિલોને જરૂર નથી.

તમારો સહૃદયી

શ્રીયુત કે. બાલસુબ્રહ્મણ્યમ
૬, લક્ષ્મી વિલાસ
મામ્બલમ્ (મદ્રાસ પાસે)

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૮૮

Gandhi Heritage Portal

# ૯૯. કે. નરસિંહ આયંગરને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૭ [૧૯૨૮][1]

પ્રિય ભાઈ,

ગયા મહિનાની ૧૮મી તારીખના પત્રના અનુસંધાનમાં હું મૅનેજરને તમને વિનિમય રૂપે યંગ ઇન્ડિયા મોકલવાનું કહું છું. તમે મોકલી કહો છો એ પૂર્તિ મેં જોઈ નથી.

મારો તમને એ સંદેશો છે કે હિંદી સામયિક જ્યારે હિંદ બહાર પ્રસિદ્ધ થાય છે ત્યારે તેણે બેવડી તકેદારી રાખવાની જરૂર હોય છે. હું આશા રાખું છું કે લોકો જ્યાં વસ્યા હોય ત્યાં તેમની હલકી રુચિને ઉત્તેજવાને બદલે તમારું સામયિક બહાદુરીપૂર્વક સામાજિક અને નૈતિક સુધારાનું સમર્થન કરશે અને પરદેશમાં વસેલા હિંદીઓને તેમની એ ફરજ તરફ ધ્યાન દોરશે કે તેઓ જે કોઈ દેશમાં જાય ત્યાં તેઓ હિંદી સંસ્કૃતિના ઉત્તમ અંશોના પ્રતિનિધિ બને. અને કંઈ નહીં તો છેવટે ખાદી ધારણ કરીને તો તેઓ તેમનો અને માતૃભૂમિ વચ્ચેનો સંબંધ જાળવી જ રાખે.

તમારો સહૃદયી

શ્રીયુત કે. નરસિંહ આયંગર
મૅનેજિંગ ડાયરેક્ટર
'ધ તામિલ નેશન'
૨૧૨, બાટુરોડ, કૌલાલંપુર (એફ. એન. યુ.)

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૨૫૧

૧. ૧૮ જાન્યુઆરી, ૧૯૨૮ના પત્રના જવાબમાં આ પત્ર લખાયો હતો.

Gandhi Heritage Portal

## ૯૭. પ્રાગજી કે. દેસાઈને પત્ર

ફેબ્રુઆરી ૨૭, ૧૯૨૮

ચિ. પ્રાગજી,

તમારો કાગળ મળ્યો છે. તમે ઠીક ગૂંચવણમાં પડી ગયા છો. ધીરજથી અને સત્યનિષ્ઠાથી બધી ગૂંચો ઊકલશે. લોભને વશ થઈને અસત્યને કદી ઉત્તેજન ન આપશો. મિ. રિચને[1] મારા વિચારો જણાવ્યા છે. તેનો કાગળ લાંબો છે તે મેં ધ્યાનપૂર્વક વાંચ્યો છે. જો હવે પછી ખોટા માણસોને લાવવાનો ધંધો સાવ બંધ થાય તો બાજી હાથ રહે એમ માનું છું. શાસ્ત્રીજીને બીજા વર્ગને સારુ રાખવાનો પ્રયત્ન કરજો. અહીંથી હું પણ કરીશ. મેઢનું કેમ ચાલે છે? હવે તમારા કેસનું શું પરિણામ સમજવું?

મારી તબિયત ઠીક રહે છે. ગભરાવાનું કશું કારણ નથી. બારડોલી આવવાનું મન તો થઈ જતું હશે તેને રોકજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૫૦૩૧

## ૯૮. રામનારાયણ ચૌધરીને પત્ર

ફેબ્રુઆરી ૨૭, ૧૯૨૮

ભાઈ રામનારાયણ,

તમારો કાગળ મળ્યો. શ્રદ્ધાનંદમાં મારે વિશે શું લખવામાં આવે છે તેનો મને ખ્યાલ જ ન હતો. હું કેવળ એક કે બે વર્તમાનપત્રો ઉપર થોડી મિનિટ માટે નજર ફેરવું છું. કોઈ મારો બચાવ કરે તે પણ હું ઇચ્છતો નથી. તે ઉપરાંત મારે ખાતર કોઈના ઉપર હુમલો કરવામાં આવે તે મને પસંદ નથી. આ પત્રનો તમે ઠીક લાગે તેવો ઉપયોગ કરજો. હું प्रतापને[2] લખું છું.

તમારો

**મોહનદાસ**

[મૂળ હિંદી]

बापू – मैंने क्या देखा क्या समझा? પા. ૧૬૧

૧. જુઓ "એલ. ડબલ્યુ. રિચને પત્ર", ૨૭–૨–૧૯૨૮.

૨. પ્રતાપ સામયિકે તેના તંત્રીલેખમાં વિનાયક સાવરકરે શ્રદ્ધાનંદ પત્રમાં લખેલા લેખની 'આકરી ટીકા' કરી હતી. ગાંધીજીએ પ્રતાપને લખેલો પત્ર મળી શક્યો નથી.

Gandhi Heritage Portal

# ૬૯. રેવાશંકર ઝવેરીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
[ફેબ્રુઆરી ૨૯, ૧૯૨૮ પહેલાં][1]

મુ. રેવાશંકરભાઈ,

તમારો કાગળ મળ્યો છે.

દાક્તર મુથુને તાર કર્યો તે ઠીક થયું. મને તો તેનો સારો અનુભવ થયો છે. પ્રખ્યાત તો બહુ છે. તેના નીકળવાના ખબર આવે ત્યારે મને તાર કરશો. એટલે હું ફરી તેને કાગળ લખીશ. તેના તારના જવાબમાં લખવું તો છે.

જો મળતાવડો માણસ જોવામાં આવે તો તમારી તબિયત પણ દેખાડજો. સોજા ચડી જાય છે તે હૃદયની નબળાઈ સૂચવે છે. હરવુંફરવું બંધ છે એ તો બરોબર છે. પણ તમારે સ્વચ્છ હવાની પૂરી જરૂર છે.

ચિ. જેકીને[2] મણિલાલ[3] તુરત તેડાવે છે. એડનમાં તેનું ઠીક ચાલતું જણાય છે. તેણે જેકીની મુસાફરીનું ખર્ચ ટૉમસ કુકને ત્યાં ભર્યું છે. તેને વધરાવળનું દરદ છે ને એડનમાં શસ્ત્રક્રિયા કરાવવા ઇચ્છે છે તેને અંગે તેડાવે છે. મારી માન્યતા તો એવી છે કે દરદ ન હોત તો પણ તેડાવત. છોકરાંઓને પણ બોલાવે છે. જેકીને અહીં પણ ગોઠી ગયું છે. તેનાં છોકરાં ખૂબ શીખી રહ્યાં છે. બધાંની તબિયત સારી રહે છે. પણ મને લાગે છે કે મણિલાલ તેડાવે છે એટલે જેકીનો એડન જવાનો ધર્મ સ્પષ્ટ છે. જેકી પણ જવા તૈયાર છે. આ વિશે તમારો અભિપ્રાય જણાવશો એટલે તે મુજબ અમલ કરે.

મને ઠીક રહે છે.

**મોહનદાસના પ્રણામ**

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૧૨૭૩

૧. પત્રનો સંદર્ભ જોતાં તે ૨૯–૨–૧૯૨૮ પહેલાં લખાયો લાગે છે. જુઓ "રેવાશંકર ઝવેરીને પત્ર", ૨૯–૨–૧૯૨૮.

૨. જેકી–જયાકુંવર, ડૉ. પ્રાણજીવન મહેતાનાં દીકરી.

૩. ડૉક્ટર મણિલાલ, જયાકુંવરના પતિ.

Gandhi Heritage Portal

## ૭૦. અબ્બાસ તૈયબજીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૯, ૧૯૨૮

પ્રિય ભર્‌ર્‌ર્‌ર,[1]

સરકાર અને બારડોલીના ઝનૂન સામે ટક્કર ઝીલનારા તમે પચીસ વર્ષના ભલા યુવાન છો. તમે ઇચ્છો તો હારનો પ્રશ્ન જ નથી.

તમારો
ભર્‌ર્‌ર્‌ર

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૯૫૬૨

## ૭૧. દુનીચંદને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૯, ૧૯૨૮

પ્રિય લાલા દુનીચંદ,

તમે લાલા સૂરજ ભાનુ સાથે મોકલાવેલો કાગળ મને મળ્યો છે. તેમણે સહેજ પણ કલ્પના ન કરી હોય, એવા કામ ઉપર મેં તેમને મૂકયા છે અને કહ્યું છે કે જ્યાં સુધી તેઓ સીધાસાદા શ્રમજીવી તરીકે જીવી ન શકે ત્યાં સુધી સંભવ છે કે આશ્રમજીવન સાથે તે એકરૂપ ન થઈ શકે. પણ તેમણે તે કામને સુંદર રીતે અને આનંદથી અપનાવ્યું હોય એમ દેખાય છે.

હવે તમારા દાન વિશે. હું જાણતો નહોતો કે તમે પસંદગીથી બનેલા આવા પાકા વાણિયા હશો. પરંતુ સ્વેચ્છાથી દરિદ્રનારાયણના આડતિયા તરીકે કામ કરતા, એથીય વધારે પાકા વાણિયા સાથે તમારે કામ પાડવાનું છે, એની ભાગ્યે જ તમને ખબર હશે. તમે લખો છો કે તમારા પુત્રનાં લગ્ન પ્રસંગે તમે રૂ. ૫૦૦નું દાન આશ્રમને માટે જાહેર કરેલું છે; અને મણિલાલ કોઠારી માટે તમે સ્વેચ્છાપૂર્વક કરેલું દેવું તમે, કાયદાની ભાષા વાપરીને કહું તો દાનની એ રકમના થોડાક ભાગને ખોટી રીતે વાળીને વસૂલ કરવાના છો. કોઈ પણ દાન, નૈતિક અથવા કાનૂની દેવું ચૂકવવામાં કેવી રીતે વાપરી શકાય? અને અખિલ હિંદ ચરખા સંઘનું દેવું ચૂકવવાના તમારા વચનને આશ્રમ જે ચર્માલય, દુગ્ધાલય, ખેતી, આરોગ્યના પ્રયોગો, રૂ ઉગાડવાની, પીંજવાની, કાંતવાની, વણવાની અને છાપવાની પ્રવૃત્તિમાં પડેલો છે અને જે સુતારકામ, લુહારકામ, શિક્ષણના

૧. ગાંધીજી અને અબ્બાસ તૈયબજી એકબીજાને આ શબ્દથી સત્કારતા.

Gandhi Heritage Portal

નૂતન પ્રયોગો, વિધવાઓની દેખરેખ, કહેવાતા અસ્પૃશ્યોની સંભાળ અને એવી બીજી પ્રવૃત્તિ ચલાવે છે, તેની સાથે શો સંબંધ હોઈ શકે? અને દાનની જાહેરાતના દિવસથી દાતા પોતાના દાનનો ટ્રસ્ટી બની જતો હોવાથી એ તારીખે નહીં ચૂકવાયેલા આ દાન ઉપર તેના દાતા પાસેથી તેટલા સમયનું બેવડું વ્યાજ શા માટે વસૂલ ન કરવું જોઈએ? એટલે તમારા ચેકનો હું છેવટનો નિકાલ કરું તે પહેલાં આ બધા કોયડાઓનો તમે ઉકેલ કરશો એવી વિનંતી કરું છું. અને આ પ્રશ્નનો નિકાલ કરવામાં, તમે શ્રીમતી દુનીચંદની પણ સલાહ લેશો એવી તમને વિનંતી કરું છું. કારણ કે જ્યારે તમારા ઘરની પરોણાગત માણવાનો મોકો મને મળ્યો હતો ત્યારે તેઓ મને તમારા કરતાં ઓછી વણિકવૃત્તિ ધરાવતાં માલૂમ પડયાં હતાં.

તમારો સહૃદયી

લાલા દુનીચંદ
ઍડ્વોકેટ
કૃપાનિવાસ
અંબાલા સિટી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૮૦

## ૭૨. બી. રાજારામ પાંડિયનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૯, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. તમારી માન્યતાઓ અમલમાં મૂકવાની તમારામાં હિંમત હોય, તો અલબત્ત તમે તમારા બન્ને છોકરાઓને શાળામાં મોકલશો નહીં અને તેના અભ્યાસ માટે ખાનગી ગોઠવણ કરશો અથવા તો તેમને રાષ્ટ્રીય શાળામાં મોકલશો. સાથે સાથે મારે એ પણ કહેવું જ જોઈએ કે તમે તમારો પત્ર જે સૂરમાં લખો છો તે મને પસંદ પડયો નથી. અને જો તમે આચાર્યને નિખાલસતાથી જણાવી દીધું હોત કે તમે તમારા છોકરાઓને રાષ્ટ્રે જાહેર કરેલા બહિષ્કારને કારણે શાળાએ નથી મોકલતા, તો તે ખૂબ જ ગૌરવભર્યું થયું હોત. તેમ કરતાં છોકરાઓને શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યા હોત, એ વાત સાચી છે, પરંતુ જો તેમ થયું હોત, તો તેમની બરતરફી સામે ચાલીને માગી લીધેલી અને તેથી ગૌરવભરી બની હોત.

તમારો સહૃદયી

શ્રીયુત બી. રાજારામ પાંડિયન
ભાસ્કર વિલાસ પૅલેસ
રામનદ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૯૦



Gandhi Heritage Portal

# ૭૩. મોતીલાલ નેહરુને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૯, ૧૯૨૯

પ્રિય મોતીલાલજી,

જવાહરે મને તમારા પત્ર માટે તૈયાર રાખ્યો હતો.[1] મને દુ:ખ થાય છે કે આપણા મિલનમાં વિલંબ થયો. પરંતુ એમાંથી કંઈક નક્કર પરિણામ આવે એટલા માટે તમે ત્યાં રહ્યા એનો મને આનંદ છે. એક આખા રાષ્ટ્રનું વ્યવસ્થિત અપમાન થઈ રહ્યું હોય તે વખતે આપણે પોતાની જાતનું ભારે શોચનીય પ્રદર્શન કરી રહ્યા છીએ. પરંતુ હું ધારું છું કે આપણે ખૂબ જ કથળેલી પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવાનો છે. હું એટલી આશા જરૂર રાખું છું કે વીસ જણાની સમિતિમાં પૂરતી હાજરી રહેતી હશે. આપણે અસમાનો વચ્ચેની કુસ્તીમાં ઊતર્યા છીએ. તેમાં એક બાજુએ એકમનથી વર્તતા હોશિયાર અને ભારેમાં ભારે વિચારણા પછી આખા સમયના કાર્ય કરનાર કાર્યકર્તાઓ છે, તો બીજી બાજુએ અનેક કાર્યો લઈને ફરનારા થોડો સમય કામ કરનારા અને લગભગ આપણી સંખ્યાના જેટલા જ અલગ અલગ માનસ ધરાવનારા આપણે છીએ. પરંતુ મારી આશા આપણા કાર્યના ન્યાયીપણામાં રહેલી છે.

તમારી આંખ તમને બહુ મુશ્કેલી ઊભી કરતી નહીં હોય એવી મને આશા છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૮૩

૧. ૨૪ ફેબ્રુઆરીના તેમના પત્રમાં મોતીલાલ નેહરુએ લખ્યું હતું : "... હું દિલગીર છું કે મારે માટે અને જવાહર માટે ૨૬મીએ સાબરમતી આવવા માટે નીકળવાનું બને એમ નથી. જે દિવસે મેં આપને જુદા જુદા પક્ષો વચ્ચેના મેળના અને મતભેદના મુદ્દાઓ વિશે લખ્યું તે જ દિવસે શ્રી ઝીણાએ જાહેર કર્યું કે મુસ્લિમ લીગ આ બધી બાબતમાં સંમત થઈ છે એમ માની લેવું ખોટું છે. કારણ કે તેણે હજી એના પ્રતિનિધિઓને આ પરિષદ માટે વિધિપૂર્વક નીમ્યા નથી. વધારામાં તેમણે એ પણ કહ્યું કે બેશક, તેમણે વ્યક્ત કરેલા અભિપ્રાયો તેઓ અંગત રીતે ધરાવતા હતા, પણ તેમને લાગ્યું કે તેમને લીગ તરફથી ચોક્કસ અધિકાર મળ્યો નહોતો એટલે એ અભિપ્રાયો બાબતમાં બાંયધરી આપવાનો પણ તેમને અધિકાર ન હતો. પરિણામે દસ દિવસ ચાલેલી લાંબી બેઠકો અને વિશાળ વિચારણાઓનું લગભગ કશું જ પરિણામ આવ્યું નથી. એ પણ જોવા મળ્યું કે દિવસે દિવસે પરિષદમાં ઓછી હાજરી થતી જતી હતી. અને છેવટે ૨૧મી તારીખે તે ૧૪ જેટલી થઈ હતી. ૨૬મી તારીખે મુસ્લિમ લીગની કાર્યવાહક સમિતિ મળવાની છે, અને શ્રી ઝીણાએ વચન આપ્યું છે કે તેમને પોતાના દૃષ્ટિબિંદુ સાથે સંમત કરવા તેઓ બનતું બધું કરશે. આ બધા સંજોગોમાં પરિષદ ચાલુ રાખવાનું મને નિરર્થક લાગ્યું અને તેથી મેં સૂચવ્યું કે આ પ્રશ્નની સમગ્ર વિચારણા માટે એક ઉપસમિતિ નીમવી અને તેણે જેમ બને તેમ વહેલી તકે મોકૂફ રહેલી પરિષદ આગળ પોતાનો અહેવાલ રજૂ કરવો. આ બાબતમાં સહુ સંમત થયા અને તે કાર્ય તરત આરંભી શકે એટલા માટે ૨૦ માણસોની એક સમિતિ નીમીને પરિષદને ૮મી માર્ચ સુધી મુલતવી રાખવામાં આવી. હજુ સંમતિનાં ઘણાં ક્ષેત્રો આવરી લેવાનાં બાકી છે, પરંતુ ૨૬મી પછી આપણે કાં તો તે બાબતમાં આગળ વધી શકીશું અથવા તે બાબતનો પ્રયત્ન જ છોડી દઈશું. મેં જણાવેલી બે અનિશ્ચિત ઘટનાઓમાંની એક વાત બનવા પામે, ત્યાં સુધી મારી હાજરી અહીં આવશ્યક છે એમ મને લાગે છે.... આમાંથી મુક્ત થતાંની સાથે હું આપને લખીશ અથવા તાર કરીશ."

Gandhi Heritage Portal

## ૭૪. પદ્મરાજ જૈનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૯, ૧૯૨૮

પ્રિય પદ્મરાજબાબુ,

તમારો પત્ર મળ્યો. યંગ ઇન્ડિયાનાં પૃષ્ઠોમાં મારા વિચારો વારંવાર અને સ્પષ્ટ રીતે વ્યક્ત કરવામાં આવ્યા છે. અત્યારની ક્ષણે ત્યાં શું થઈ રહ્યું છે તેનો મને ખ્યાલ નથી. પરંતુ તમે પંડિત માલવિયાજી પાસેથી સલાહ લો એમ હું સૂચવું છું. માંદગીને બિછાને પડેલી મારા જેવી વ્યક્તિ કરતાં તેઓ અત્યારની હિલચાલના આંતરપ્રવાહો વિશે વધુ જાણે છે. તેથી તમે જોશો કે હું માત્ર સ્વદેશી, બહિષ્કાર અને બીજા પ્રશ્નો વિશેના મારા સામાન્ય વિચારો વ્યક્ત કરીને મારા મનનું સમાધાન કરી રહ્યો છું.

તમારો સહૃદયી

શ્રી પદ્મરાજ જૈન
બંગાળ પ્રાંતીય હિંદુસભા
૧૬૦, હૅરિસન રોડ
કલકત્તા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૦૮૯

## ૭૫. દેવચંદ પારેખને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
બુધવાર [ફેબ્રુઆરી ૨૯, ૧૯૨૮][1]

ભાઈશ્રી ૫ દેવચંદભાઈ,

તમારો કાગળ મળ્યો. મને એક રસાયણશાસ્ત્રીએ કહ્યું કે તેલનો જો બરફ બનાવીએ તો ઍસિડ નીકળી જઈ બરફમાં કેવળ ચરબી જ રહી જાય છે.

મોરબીના ખબર તો સરસ આવ્યા. જો રેવાશંકરભાઈ હા પાડે તો તેને જ પ્રમુખ બનાવીએ. તે માંદા રહે તો તે વેળા કોઈને ચૂંટી લઈએ. આ તોડ મને તો સારામાં સારો લાગે છે.

ભાઈ ફૂલચંદ વગેરે બારડોલી ગયા એટલે હવે તમારી મદદમાં કોણ છે? મોરબી અંત્યજ-શાળાનું શું કર્યું? પરિષદના[2] ઠરાવોના અમલ વિશે પણ કંઈક કરો એમ ઇચ્છું છું. ચિલગોજાનું

૧. ટપાલની છાપ પરથી.
૨. કાઠિયાવાડ રાજકીય પરિષદ.

Gandhi Heritage Portal

અંગ્રેજી નામ તો મારી પાસે નથી. પણ તે મેવો હાથ આવ્યે તમને નમૂનો મોકલીશ. નામ પણ ખોળીશ.

બાપુના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૫૬૭૧

## ૭૬. રેવાશંકર ઝવેરીને પત્ર

બુધવાર, ફેબ્રુઆરી ૨૯, ૧૯૨૮

મુ. રેવાશંકરભાઈ,

તમારો કાગળ મળ્યો. તાર પણ મળ્યો. તાર ઉપરથી મેં દાક્તર મુથુને તમારે સરનામે કાલે જ કાગળ લખ્યો તે તેને પહોંચાડયો હશે. તેની પરીક્ષાનું પરિણામ જો તારથી ન જણાવ્યું હોય ને કાગળ પણ આજે ન લખાયો હોય તો તારથી જણાવજો. દાક્તર મુથુને પણ મને ખુલાસાવાર લખવાનું લખ્યું છે.

ચિ. જેકીને એડન જવાનું જરાયે મન નથી. તે તો આપણે જેમ કહીએ તેમ કરવા તૈયાર છે, પણ તેને વિશે આપણો શો ધર્મ છે તે વિચારવાનું રહ્યું. મણિલાલની ઇચ્છાની સામે થઈને જેકીબહેનને આપણે સંઘરી શકીએ? દાક્તર[1] આવી સ્થિતિમાં શું ઇચ્છે? મારે સ્વતંત્રપણે વિચાર કરવાનો હોય તો હું જરૂર જેકીને ન જવામાં ઉત્તેજન આપું. પણ મને ભાસે છે કે દાક્તર એમ ન ઇચ્છે ને કદાચ તમે પણ એમ ન ઇચ્છો. સ્ત્રીઓની દુઃખી હાલત મારાથી જોઈ જતી નથી. પતિઓ વિષયને વશ થઈ જે બોજો તેમની ઉપર મૂકે છે તેમાંથી મારાથી બનતું હોય તો હું એકેએકને ઉગારું. પણ જો ભગવાન બધું આપણી ઇચ્છા પ્રમાણે થવા દેત તો આ દુનિયા પણ ઊંધી જ વળત; તેથી તટસ્થ ભાવે જે થાય તે કરી છૂટવું રહ્યું.

મોહનદાસના પ્રણામ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૧૨૭૪

૧. દાક્તર પ્રાણજીવન મહેતા.

Gandhi Heritage Portal

## ૭૭. પરદેશી પ્રચારકાર્ય[1]

પરદેશમાં પ્રચાર કરવાના પ્રશ્ન વિશે ગરમાગરમ ચર્ચા શરૂ કરવાની મારી ઇચ્છા નથી; પરંતુ હું નીચેની બાબત એટલા માટે પ્રસિદ્ધ કરું છું કે તેમાં ઘણા કાર્યકર્તાઓના અભિપ્રાયોનો સારાંશ સમાયેલો છે. તેઓ એ અભિપ્રાયો જાહેરમાં વ્યક્ત કરતા નથી, એટલે એમ માનવું બરાબર નથી કે તેઓ એ અભિપ્રાય કોઈ પણ અર્થમાં નબળાઈને લઈને ધરાવે છે. જો ૧૯૨૦નો શુદ્ધ અસહકાર હાલના સમયમાં મોટા પાયા ઉપર જોવામાં ન આવતો હોય, તો એનો અર્થ એટલો જ થાય છે કે કેટલાકના હૃદયમાં તે ઊંડે ને ઊંડે ઊતરી રહ્યો છે, અને આજે દેશમાં જે કંઈ બની રહ્યું છે તે તેમની માન્યતાને દૃઢ કરી રહ્યું છે. પરંતુ તે વિશે ગમે ત્યારે વાચાળ બનીને તેઓ અસર પાડી નહીં શકે. એથી ઊલટું, તેમને એમ લાગે છે કે સમજપૂર્વકના મૌન દ્વારા જ તેઓ સ્વરાજ્યના પ્રશ્નોને વધારે સારી મદદ કરી શકશે; કારણ કે જ્યાં તેઓ વાણી દ્વારા સેવા કરી શકે તેમ નથી, ત્યાં મૂંગા રહીને જે કંઈ થઈ શકે તે સક્રિય રીતે કરીને જ તેઓ દેશને મદદ કરી શકશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १–३–१९२८

## ૭૮. અરાજ્ય કે કુરાજ્ય?

એક સન્માનિત અંગ્રેજ મિત્ર નીચે પ્રમાણે લખે છે:

જાહેર પ્રશ્નોના તમારા અભિપ્રાયો વિશે સામાન્ય રીતે હું મારો મત નથી ડહોળતો. પણ હાલના જ એક અગ્રલેખમાં ઘણા વખત ઉપર તમે જે વિચિત્ર વિચાર બતાવેલો તેની પુનરુક્તિ કરી છે. આથી મને તમને પૂછવાની ફરજ પડી છે કે મોટા નૈતિક પ્રશ્નોનો ઊહાપોહ કરનાર વ્યક્તિના શબ્દપ્રયોગોમાં જે ગાંભીર્ય અને વિચારીપણું હોવું જોઈએ એ તમારા આ શબ્દપ્રયોગમાં છે કે નહીં? તમે જાહેર કરો છો કે અંગ્રેજની ધૂંસરીમાંથી છૂટવાને ખાતર તમે અરાજ્ય પણ સ્વીકારવાને તૈયાર છો. કોઈ પણ હિંદી પરદેશી રાજ્યકર્તાની ધૂંસરીમાંથી સ્વતંત્ર થવા ઇચ્છે અને મથે એ વસ્તુ તદ્દન સ્વાભાવિક, સામાન્ય સ્વભાવને અનુકૂળ અને ગુણકારી છે. પણ પોતાની બુદ્ધિને ઠેકાણે રાખનાર વ્યક્તિ કોઈ પણ જાતના સુવ્યવસ્થિત રાજ્યની જગ્યાએ અવ્યવસ્થા પસંદ કરે એ તદ્દન ન સમજાય એવી વાત છે. કેમ કે એકમાં તો નિયમિતપણું, પછી તે સ્વેચ્છાજનિત હોય કે બહારના સંજોગોને લીધે હોય, રહેલું છે. પણ બીજામાં તો વ્યવસ્થાનો નાશ છે. અવ્યવસ્થા અથવા અરાજક બ્રહ્માના મુખમાં ભલે શોભે પણ મનુષ્યના મુખમાં તે અર્થરહિત, ભયંકર અત્યુક્તિ અને ભ્રમણા છે. એવો જ શબ્દ 'ઇન્ડિપેન્ડન્સ' (પૂર્ણ સ્વતંત્રતા) છે, કે જેની સામે તમે યોગ્ય રીતે ટકોર કરી હતી. વળી જેમ તમે પોતે અનેક વાર સ્વીકાર્યું છે તેમ મને પણ

૧. આ શીર્ષક હેઠળના ચક્રવર્તી રાજગોપાલાચારીના લેખ માટે જુઓ પરિશિષ્ટ ૧.

Gandhi Heritage Portal

લાગે છે કે જે ભાષા અથવા કૃત્યથી અજ્ઞાન લોકો ખોટી રીતે દોરવાઈ જાય એમ હોય એવી ભાષા અને કૃત્યોમાંથી, આપણો હેતુ શુદ્ધ હોય તોપણ, બચવામાં ડહાપણ રહેલું છે. અજ્ઞાની તો તમે એમાં જે અર્થ પૂર્યો ન હોય તે અર્થ બેસાડે. હવે તમારી અહિંસાની શરતનો વિચાર કર્યા વિના જ દરેક ઝનૂની માણસ તમારા આ મત ઉપર ભાર મૂકવાના. તમે દાવો કરો છો તેમ અહિંસાનું તત્ત્વ દૈવી, સહેતુક અને સારું ફળ નિપજાવનારું હોય તો તેનું લક્ષણ અથવા પરિણામ અવ્યવસ્થા ન જ હોય. તમે એ શબ્દ જો વિચારપૂર્વક વાપર્યો હોય તો મારે કહેવું જોઈએ કે તેથી તમે મનુષ્યજાતિની કશી સેવા નથી કરી. આજે જ્યારે બધે જ મનુષ્ય જાતિનું વલણ અવ્યવસ્થા પ્રત્યે ધપવાનું હોય છે ત્યારે તેને વ્યવસ્થિતપણાનો પાઠ શીખવવાની ખાસ જરૂર છે. . . . ખૂબ ઊંડી અને ઉમદા લાગણીને વશ થઈને તમે અવ્યવસ્થા શબ્દને બહુ તોળ્યા વિના વાપર્યો હોય તો વિચાર કરતાં મને આશા છે કે તમે તમારો આશય સ્પષ્ટ કરવાની જરૂર જોશો.

ઉપરનો પત્ર ખૂબ લાગણીપૂર્વક લખાયો છે તેમાં શક નથી, અને લખનાર મિત્રના વિચારો માટે મને એટલું બધું માન છે કે જો મારાથી બની શકે તો મારા મતને તેમના વિચારોને અનુકૂળ કરું. પણ તેમ અહીં બની શકે તેવું નથી જોતો.

શબ્દપ્રયોગ હેતુપૂર્વક અને વિચારપૂર્વક થયેલો. અવ્યવસ્થા અથવા અરાજ્ય એટલે કોઈ પણ જાતના રાજ્યનો કે પદ્ધતિનો અભાવ. રાજ્યના અથવા પદ્ધતિના અભાવમાંથી એ વસ્તુઓનો ભાવ સંભવી શકે છે, સંભવે છે. પણ રાજ્ય અને પદ્ધતિનાં પવિત્ર નામોના ઢાંકણ તળે પ્રવર્તી રહેલી કુરાજ્ય અને કુવ્યવસ્થામાંથી કદી સુરાજ્ય સંભવી ન શકે. મારા મિત્ર માને છે કે હાલના રાજ્યમાં એક જાતની સુવ્યવસ્થા રહેલી છે, પછી તે લોકોની ઇચ્છામાંથી ઉત્પન્ન થયેલી હોય કે બહારથી ઉત્પન્ન કરવામાં આવેલી હોય. આ માન્યતાને લીધે એમને મુશ્કેલી આવે છે. સંભવ છે કે તેમને મને અને મારે મને હાલની રાજ્યપદ્ધતિની કિંમત જુદી હોય. મારે હિસાબે તો આ રાજ્ય એક મહાકુરાજ્ય — મહાપાપ છે, જેમાં સદંશનો લવલેશ નથી. એ કુરાજ્યમાંથી સુરાજ્ય નીપજી જ ન શકે. હું અવ્યવસ્થાને કુવ્યવસ્થા કરતાં ક્યાંયે વધારે શ્રેષ્ઠ ગણું છું.

અને અહિંસાવાદી તેમ જ અજ્ઞાનીને મારા શબ્દોથી ગેરસમજ થવાપણું નથી. કેમ કે અવ્યવસ્થા હિંસામાંથી જ ઉદ્ભવી શકે એ પત્રલેખકની દલીલ હું સ્વીકારું છું. હું કેટલીયે વાર આ પત્રમાં જણાવી ચૂક્યો છું કે જો મારે હાલના રાજ્ય અને હિંસા વચ્ચે પસંદગી કરવી પડે તો હું હિંસાની જ પસંદગી કરું. જોકે હિંસાના મંડાણ ઉપર રચાયેલી લડતમાં હું પોતે ભાગ ન લઈ શકું. મારે માટે પસંદગીને વખતે હિંસા તરફ મત આપ્યા સિવાય છૂટકો જ ન રહે, કેમ કે અત્યારના રાજ્યને મત આપવાપણું તો હોય જ નહીં. આજે જે નિશ્ચેષ્ટપણું દેખાય છે તે ખરું જોતાં હિંસાનું જ એક ભયંકર સ્વરૂપ છે, અને તેને વધુ પ્રમાણમાં હિંસા વાપરીને અથવા તેની તૈયારી વડે દાબી રાખવામાં આવે છે. જે લોકો હિંસાનું રટણ કરતા છતાં મોત અથવા જોખમની બીકથી હિંસા નથી કરતા તેઓ હિંમતપૂર્વક બહાર આવી હિંસાને માર્ગે લડી લઈ સ્વાતંત્ર્ય ઝૂંટવી લે, અને તેમાં ન ફાવે તો પોતાના જન્મસિદ્ધ હક માટે લડતાં લડતાં વીરોની માફક મરણ પામે એ વધુ શ્રેયસ્કર નહીં?

મારો અહિંસાનો સિદ્ધાંત સારે સારે પ્રસંગે તેની ચર્ચા કરવા ખાતર નથી બંધાયો. એ સિદ્ધાંતને હું મારા પ્રત્યેક કાર્યક્ષેત્રમાં ક્ષણે ક્ષણે અમલમાં મૂકવા મથતો રહું છું. મારા પ્રયત્નો

Gandhi Heritage Portal

મારી પોતાની નબળાઈ અને અજ્ઞાનતાને લઈને ઘણી વાર ભાંગી પડે છે અને મારા જ સિદ્ધાંતની પૂર્તિને ખાતર મારે હિંસાના માર્ગને માનસિક અનુમતિ આપવી પડે છે. ૧૯૨૧માં બેતિયા[૧] જિલ્લાના ડરપોક ગામડિયાઓ પોતાના ગામને સિપાઈઓને હાથે લૂંટાતું જોઈ બૈરાંછોકરાંને નિરાધાર મૂકીને નાસી છૂટેલા, ત્યારે મેં તેમના બાયલાપણા માટે અને એવે પ્રસંગે ગમે તેવું હથિયાર હાથમાં લઈને પણ સામા ન થવા માટે તેમને સખત ઠપકો આપેલો. એક બીજી જગ્યાએ એક મંદિરમાં તોફાની ટોળું મૂર્તિ ભાંગવા અને લૂંટફાટ કરવા ધસી આવ્યું ત્યારે પાછલે બારણેથી મંદિરનો પૂજારી છાનોમાનો નાસી છૂટેલો. તેને માટે મારે જાહેર રીતે લજ્જા પ્રગટ કરવી પડેલી, અને તેને કહેવું પડેલું કે જો સામે થયા વિના પોતાને સ્થાને રહી મરી છૂટવાની એનામાં શક્તિ નહોતી તો સામે થઈને પણ મંદિર અને મૂર્તિની રક્ષા કરવાની ફરજ હતી. એ જ પ્રમાણે હિંદુસ્તાનને અહિંસામાં વિશ્વાસ ન હોય, અથવા તો અહિંસા પોતાનું કામ કરી લે ત્યાં સુધી રાહ જોવાની ધીરજ પણ ન હોય, તો આજે તે પોતાના જાન, માલ અને સ્વમાનની ખુવારી હાથપગ વાળીને જોઈ રહે છે તેના કરતાં હાલના કુરાજ્યમાંથી હિંસાને માર્ગે પણ છુટકારો મેળવી લે એ વધુ ઇચ્છવા જેવું છે.

બ્રિટિશ રાજ્યનીતિજ્ઞો (?) હિંદુસ્તાનની લૂંટ ટકાવી રાખવા માટે એક પક્ષને બીજા પક્ષ સાથે કેટલી શરમભરેલી રીતે લડાવી મારે છે! ‘બ્રિટિશ તાજનું અમોલું રત્ન’ પોતાના કબજામાં રાખવાને માટે હિંદુ-મુસ્લિમ ભેદનું એક સાધન તો તેમની પાસે હતું જ. હવે તેટલા એક સાધન વડે કદાચ ન ચાલે એવા ડરથી તેમણે અંત્યજોને શોધી કાઢ્યા છે. આજના નિરુપાય રાજાઓને તેમની પ્રજાની સાથે તેઓ લડાવી મારે છે. અને સર જૉન સાઇમનને પણ એ જ દાવ ખેલવાની જરૂર જણાય છે. કહેવાય છે કે સર જૉન સાઇમનની બુદ્ધિ બહુ પારદર્શી છે, પણ જ્યાં જ્યાં તેમને ભોળવવા માટે જે ઓઠાં ઊભાં કરવામાં આવ્યાં છે તેના ઉઘાડા પાખંડની પાર પણ એ બુદ્ધિ જઈ શકતી હોય એમ લાગતું નથી. આ જાતની કુવ્યવસ્થાએ પ્રજાને એટલી નિર્વીર્ય અને નિષ્પ્રાણ કરી મૂકી છે કે જેવી અગાઉ તે કદી નહોતી થઈ.

મારી પોતાની સ્થિતિ અને માન્યતા સ્પષ્ટ અને અદ્વિઅર્થી છે. મારે પ્રચલિત કુરાજ્ય કે અરાજ્ય બેમાંથી એકે નથી જોઈતું. અરાજકની વ્યથામાંથી પસાર થયા વિના સુરાજ્ય મળી શકે તો મારે જોઈએ છે. હાલની કુવ્યવસ્થાનો મારે અહિંસાથી નાશ કરવો છે, એટલે કે મારે કુકર્મીઓનાં હૃદય પલટાવવાં છે. મારું જીવન એ અર્થે નિવેદિત છે. અને આગલા ફકરાઓમાં મેં જે લખ્યું છે તે જગતની સૌથી મહાશક્તિ અહિંસાના પ્રયોગના મારા જ્ઞાનમાંથી સીધું ફલિત થાય છે. એ શક્તિની અમોઘતા વિશે મારી શ્રદ્ધા અચળ છે, અને તેવી જ રીતે કેવળ અહિંસક સાધનો દ્વારા જ હિંદુસ્તાનની સ્વરાજ મેળવવાની શક્તિ વિશે પણ મારી શ્રદ્ધા અચળ છે. પણ એ શક્તિ સત્ય હકીકતને દબાવવાથી ન પ્રગટી શકે, ભલેને તે સત્ય અથવા તે હકીકત ગમે તેવી ભૂંડી હોય. અહિંસાનો પાઠ પૂરેપૂરો શીખવા માટે હિંદુસ્તાનને ખૂનખાર દ્વંદ્વમાં ઊતરવું પડે એવું નારાયણ ન કરે એમ માગું. પણ જો એ વચલી મજલમાંથી પસાર થવાનું તેના નસીબમાં હશે, જેમ ઘણી વાર એમ થવું જરૂરનું જણાય છે, તો તો સ્વરાજને પંથે કૂચ કરવામાં એ મજલ પાર કર્યે જ છૂટકો છે, એમ સમજીને એ મજલ કર્યે જ છૂટકો છે, અને

૧. જુઓ પુસ્તક ૧૯, પા. ૭૯.

Gandhi Heritage Portal

એ હિંસા હાલની કહેવાતી વ્યવસ્થાના કરતાં બહેતર હશે, કારણ એ વ્યવસ્થા તો શુદ્ધ હિંસાનો ઢાંકપિછોડો જ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १-३-१९२८

ભાષાંતર નવજીવન, ૪-૩-૧૯૨૮

## ૭૯. ટૉલ્સ્ટૉય શતાબ્દી

ટૉલ્સ્ટૉય સાહિત્ય ઉપર અંગ્રેજોમાં મિ. એલ્મર મૉડ કરતાં બીજી કોઈ વધારે સારી અધિકારી વ્યક્તિ નથી. તેઓ લખે છે :

> તમને ટૉલ્સ્ટૉયમાં રસ છે એ જાણીને, ટૉલ્સ્ટૉય સોસાયટીના સભ્યોને હમણાં જ પાઠવેલો એક પરિપત્ર મોકલું છું. તેમ જ બર્નાર્ડ શૉના પત્રની એક નકલ પણ મોકલું છું.
>
> અમે ઇચ્છીએ છીએ કે આ શતાબ્દી આવૃત્તિને જાહેર વાચનાલયોમાં સ્થાન મળવું જોઈએ અને તેના પ્રકાશનથી ટૉલ્સ્ટૉયનાં કુટુંબીજનોને સહાય આપવાની સ્થિતિ પેદા થવી જોઈએ. રશિયાની ક્રાન્તિ પછી ટૉલ્સ્ટૉયનું કુટુંબ મુશ્કેલીમાં મુકાઈ ગયું છે.
>
> ગ્રંથપાલોને કે હિંદની કોઈ લાયબ્રેરીઓની સમિતિના કોઈ સભ્યોને આ આવૃત્તિ વિશે ઉલ્લેખ કરવાનો આપને કોઈ પ્રસંગ ઉપસ્થિત થશે, તો ટૉલ્સ્ટૉય સોસાયટીની સમિતિ તમારી ખૂબ જ ઋણી થશે.

ટૉલ્સ્ટૉય સોસાયટીની છાપેલી નોટિસમાંથી હું નીચેનો ફકરો લઉં છું.[૧]

તેનાં સેક્રેટરી મિસ એલ. ઈ. ઇલિયટ છે; અને તેમનું સરનામું લેડીવેલ હાઉસ, ગ્રેટ બેડોવ, ચેમ્સફર્ડ, ઇંગ્લંડ છે.

કોઈ પણ વ્યક્તિ ઓછામાં ઓછી એક પાઉંડ ને ૧ શિલિંગ ભરીને ટૉલ્સ્ટૉય સોસાયટીની સભ્ય બની શકે છે અને ઓછામાં ઓછા ૨ શિલિંગ ૬ પેન્સ આપીને સહાયક સભ્ય બની શકે છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १-३-१९२८

૧. ટૉલ્સ્ટૉય શતાબ્દી ગ્રંથોની કિંમત અને પ્રકાશન બાબતની વિજ્ઞપ્તિ અહીં ઉતારી નથી.

Gandhi Heritage Portal

## ૮૦. ગોરક્ષા પરના ગ્રંથોની સૂચિ

આગળ આપેલી યાદી[1] શ્રીયુત વાલજી ગો. દેસાઈએ અખિલ હિંદ ગોરક્ષા સંઘને ઉપયોગી થઈ પડે એ હેતુથી એ વિશેના વિસ્તૃત સાહિત્યમાંથી તારવીને બનાવી છે. એમ કરતાં એવું સૂચવવાનો હેતુ નથી કે ગાયોના ચાહકને માટે એ બધા સાહિત્યનો અભ્યાસ જરૂરી છે અથવા એ સાહિત્ય બહુ મૂલ્યવાન છે. આ પ્રશ્નનો કાળજીપૂર્વક અભ્યાસ કરનારને એ ઉપયોગી થઈ પડે એ હેતુથી એ તૈયાર કરવામાં આવી છે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૧–૩–૧૯૨૮

## ૮૧. મીરત નજદીકની ખાદી

મીરતની મુલાકાત પછી તરત જ ડૉ. રાયે મને પોતાની છાપ મોકલી આપી છે. હું નીચેનો ફકરો તેમના પત્રમાંથી લઉં છું[2]

> ... શહેરના ઉત્તર તરફના ૨૦ માઈલ દૂરના એક ગામમાં મને લઈ જવામાં આવ્યો. ત્યાંના ખેડૂતો પ્રમાણમાં વધારે સમૃદ્ધ છે. . . . મેં મુલાકાત લીધી એ લગભગ દરેક ઘરમાં માતા, પુત્રી અને કેટલીક વાર પુત્રવધૂ જેરકીમાં બેસીને ૧૦થી ૧૨ આંકનું સૂતર કાંતી રહી હતી. ગામમાં ને ગામમાં જ વણાતું જાડું કાપડ સ્થાનિક લોકો ઉપયોગમાં લે છે અને તૈયાર કરેલી પૂણીઓ ફેરિયાઓ વેચતા હતા. ખેતરોમાં પણ બીજા તૈયાર પાકોની બાજુમાં કપાસના ક્યારાઓ પણ જોવામાં આવતા હતા. 'સંસ્કૃતિ'ની કૂચે કમનસીબ ગ્રામવાસીઓને હજી પૂરેપૂરા આવરી લીધા નથી, પરંતુ તેનો આસ્વાદ તો તેઓએ લેવા જ માંડયો છે. . . . ત્યાંના આત્મભોગ આપનાર એકનિષ્ઠ કાર્યકરોની ટુકડીની મદદથી બનારસ ગાંધી આશ્રમ બને તેટલું કામ કરી રહ્યો છે. પણ યોગ્ય વ્યવસ્થાતંત્ર અને ભંડોળની ઘણી જ જરૂર છે.

જો આપણે આપણને સોંપાયેલા ટ્રસ્ટના સાચા સંરક્ષક હોઈએ તો પંજાબમાં કે હિંદના અન્ય ભાગમાં ચરખાનો ગુંજારવ બંધ ન થવો જોઈએ. બનારસ આશ્રમના કાર્યકરોના જે જૂથે ડૉ. રાયનું ધ્યાન ખેંચ્યું છે, તેઓ એ જિલ્લામાં અને તેની આસપાસના પ્રદેશોમાં ખાદી ઉત્પાદનને કાયમના પાયા ઉપર મૂકવા માટે કામ કરી રહ્યા છે. હવે આ આશ્રમનાં માબાપ જેવા, આચાર્ય કૃપાલાની તેમના કાર્યકરોની વચ્ચે હાજર છે, ત્યારે તેમનામાં બમણો ઉત્સાહ આવવો જોઈએ અને જાહેર જનતા તરફથી વધારે સબળ ટેકો અને પ્રશંસા મળવાં જોઈએ.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૧–૩–૧૯૨૮

૧. આ યાદી અહીં આપી નથી.

૨. અહીં થોડાક ઉતારા જ આપ્યા છે.

Gandhi Heritage Portal

## ૮૨. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર

શુક્રવાર [માર્ચ ૨ કે તે પછી, ૧૯૨૮][1]

વહાલાં બહેન,

તમારો પત્ર મળ્યો. નિખિલની તબિયત કંઈક સારી છે તે જાણીને હું ખુશી થયો છું. આરામ અને જલોપચારથી તદ્દન સારું થવાનો સંભવ છે.

રામાયણનો અભ્યાસ ખૂબ કરતાં રહેજો. તેની ચોપાઈ અને દોહરા વારંવાર વાંચજો અને તેના પર મનન કરજો. તમારા મનને સંપૂર્ણ રીતે શાંત રાખજો અને . . .[2] નિરાશા ન આવવા દેશો. આ ગીતાનો સંદેશો છે. રામનામનું પ્રયોજન પણ એ જ છે. જેઓના ઉપર ઈશ્વરની કૃપા હોય છે, તેઓ દુ:ખને દુ:ખ ગણતાં જ નથી. અમે હમેશાં અહીં એક શ્લોક ગાઈએ છીએ:

विपदो नैव विपदः संपदो नैव संपदः ।
विपद्विस्मरणं विष्णोः संपन्नारायणस्मृतिः ।।

તેનો અર્થ એ થાય છે કે દુ:ખ એ દુ:ખ નથી; અને સુખ એ સુખ નથી. વિષ્ણુની વિસ્મૃતિ એ દુ:ખ છે; અને નારાયણની સ્મૃતિ એ સુખ છે. જેને નારાયણનું સ્મરણ રહે છે, તેને વળી દુ:ખ કેવું?

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી: જી. એન. ૧૬૫૧

## ૮૩. મોતીલાલ નેહરુને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૩, ૧૯૨૮

વહાલા મોતીલાલજી,

તમારો પત્ર મળ્યો. મેં એ જવાહરલાલ સાથે ચર્ચ્યો છે, પણ એ સૂચવે છે, અને તેમાં મારી સંમતિ છે કે મેં તેમની પાસે વ્યક્ત કરેલા વિચારો સ્પષ્ટ રીતે કાગળ ઉપર મૂકી શકાય તો સારું, જેથી મારા વિચારનો સાચો અર્થ કરવામાં કશી ગેરસમજ ન રહે. અને એથી તે મને સાચી રીતે સમજ્યા છે કે નહીં એ પણ તેઓ જાણી શકે.

**મતદાર મંડળ**: વર્ષો પહેલાં દિલ્હીમાં મેં જે અભિપ્રાય વ્યક્ત કર્યો હતો તે જ અભિપ્રાય હજુ હું ધરાવું છું. તે એ છે કે આપણે જુદા મતદારમંડળના કે અનામત બેઠકના પક્ષકાર ન થવું જોઈએ. અનામત બેઠકની જરૂર ઉપસ્થિત થાય તો તેવી વ્યવસ્થા પરસ્પરની ઐચ્છિક

૧. નિખિલને આપેલા જલોપચારના ઉલ્લેખ પરથી લાગે છે કે આ પત્ર, ૨૫ ફેબ્રુઆરીના, સતીશચંદ્ર દાસગુપ્તાને લખેલા પત્ર પછી લખાયો હતો. એ પછીનો શુક્રવાર ૨૭ માર્ચે આવતો હતો.

૨. અહીં સ્પષ્ટ નથી.

Gandhi Heritage Portal

સંમતિથી થઈ શકે. પરંતુ જો મુસલમાનો સંમત ન થાય, તો અનામત બેઠકોની બાબતમાં આપણે પીછેહઠ કરવાની નથી. મહાસભા તેને વરેલી છે. તેથી હું ધારું છું કે આપણે માત્ર મહાસભાના પ્રસ્તાવને જ વળગી રહીએ અને હિંદુ અને મુસલમાનો એ ઠરાવને અમલમાં મૂકે એમ આશા રાખીએ. સર્વપક્ષ પરિષદ બધાને સ્વીકાર્ય એવી બીજી કોઈ પદ્ધતિ શોધી ન કાઢે તો આપણે કૉંગ્રેસે સૂચવેલી ગોઠવણને વળગી જ રહેવું જોઈએ.

**બંધારણ :** વ્યક્તિગત રીતે હું માનું છું કે જ્યાં સુધી આપણે તે માટેનો અધિકાર સંપાદન કર્યો નથી, ત્યાં સુધી આપણે બંધારણ ઘડી કાઢવા માટે તૈયાર નથી. પરંતુ આપણે જે કોઈ બંધારણ ઘડી કાઢીએ તે એ અર્થમાં છેવટની વસ્તુ હોવી જોઈએ કે આપણે તેને વધારે સારું કરી શકીએ, છતાં તેમાંથી એક તસુ જેટલા પણ પાછા ન હઠીએ. તેથી અંગત રીતે તો હું બંધારણ કરતાં, બધા પક્ષો વચ્ચે સૌ સ્વીકારે એવી કોઈ કાર્યસાધક વ્યવસ્થા પસંદ કરું. આ બંધારણ નહીં હોય, પણ તેનાં મુખ્ય અંગો હશે. દૃષ્ટાન્ત તરીકે હિંદુ-મુસ્લિમ વચ્ચેની વ્યવસ્થા, મતાધિકાર, દેશી રાજ્યો પ્રત્યેની નીતિ. જો આપણે આ વસ્તુને લોકપ્રિય બનાવવી હોય તો હું તેની અંદર દારૂનિષેધ અને પરદેશી કાપડના બહિષ્કારને એક અનિવાર્ય શરત તરીકે દાખલ કરું. અલબત્ત, આપણે સર્વ ધર્મો પ્રત્યે સમાનતાભર્યા વર્તાવની તથા કહેવાતા અસ્પૃશ્યોની સમાનતાની બાંયધરી આપવી જોઈએ. જે બાબતોમાં એકમતી હોવી જોઈએ તે બધી બાબતો મેં રજૂ કરી નથી પણ થોડી બાબતો દૃષ્ટાન્ત તરીકે આપી છે. હું ધારું છું કે આવી સર્વસંમતિથી આપણે આગળ જઈએ, તો ભૂલ કરી બેસીશું. કોઈ પણ હિસાબે, હું એટલું અવશ્ય ઇચ્છું છું કે આ પરિષદ કંઈક કાર્ય કર્યા સિવાય વિખેરાશે નહીં, અને તે વિખેરાય તો કાર્યવાહક સમિતિએ આ બાબત પોતાના હાથમાં લેવી જોઈએ અને જે કંઈ બાબતો માટે આ પરિષદ બોલાવવામાં આવી છે તે માટેનું પોતાનું અધિકૃત નિવેદન, કૉંગ્રેસ વતી બહાર પાડવું જોઈએ.

**બહાલી :** ઉપર આપેલી બે બાબતો કરતાં મારા અભિપ્રાય પ્રમાણે વધારે મહત્ત્વની બાબત અધિકારની છે. જ્યાં સુધી આપણે આ બધાની પાછળ આપણું પોતાનું બળ ઉત્પન્ન ન કરી શકીએ, ત્યાં સુધી આપણે રાજદ્વારી ભિક્ષુકોની સ્થિતિ કરતાં આગળ વધી શકીશું નહીં, અને અત્યાર સુધી મેં મારો સમય આ એક જ બાબત ઉપર વિચાર કરવામાં આપ્યો છે અને હું શક્ય હોય તો મિલોના સહકારથી, નહીં તો સહકાર વિના પરદેશી માલનો બહિષ્કાર કરવા સિવાય બીજું કશું વિચારી શકતો નથી. જો તેની પાછળ લોકમતનું પીઠબળ ઊભું કરી શકીએ તો આપણે તેને મર્યાદિત સમયમાં અવશ્ય સફળ બનાવી શકીએ. જો મારું ચાલે તો હું આ એક બાબત ઉપર બધું લક્ષ કેન્દ્રિત કરું. જોકે હજી સુધી મેં જાહેરમાં કશું કહ્યું નથી, છતાં બંગાળમાં જે કંઈ ચાલી રહ્યું છે તે મને બિલકુલ ગમતું નથી. મારી સમજ પ્રમાણે તે નિષ્ફળ જવાનું જ છે અને તે નિષ્ફળતામાંથી ભારે નુકસાન થવાનું છે એ હું જોઈ શકું છું; અને પરદેશી માલના બહિષ્કાર કરતાં ભિન્ન રીતે જો તે આપણે ઇચ્છીએ એટલા પ્રમાણમાં સફળ ન થાય તો એ કોડીનું છે. આ પ્રશ્નની વિચારણામાં જવાહરલાલે અને મેં અમારો મોટાભાગનો સમય ગાળેલો છે. અને તે તમને બધી બાબત રૂબરૂમાં સમજાવશે. તેઓ દિલ્હી જવા ઊપડે એ પહેલાં જો અમે આ ચર્ચા પૂરી ન કરી શકીએ તો એમને બને એટલા વહેલા છૂટા કરીને અહીં મોકલો જેથી તરત જ અમે આગળ ચર્ચા કરી શકીએ.

Gandhi Heritage Portal

હું સમજું છું કે નજદીકના ભવિષ્યમાં તમે અહીં આવો એવી અપેક્ષા મારે રાખવાની નથી.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૦૯૫

## ૮૪. જમનાલાલ બજાજને તાર

સાબરમતી,
માર્ચ ૩, ૧૯૨૮

જમનાલાલ બજાજ

વર્ધા

જરૂરી હોય તો દિલ્હી જઈશ. તબિયત સરસ છે. નૈતિક કારણોને લઈને ગઈ કાલથી દૂધ લેવાનું શરૂ કર્યું છે.

બાપુ

[મૂળ ગુજરાતી]

पांचमा पुत्रने बापुना आशीर्वाद – પા. ૪૬

## ૮૫. ગુજરાતમાં ખાદીની ફેરી

શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણી લખે છે :[૧]

ગુજરાતમાં આવા કામની આવશ્યકતા હતી. આરંભ થયો છે એટલે તે જારી રહેશે તો ખાદીમય વાતાવરણ કરવામાં મદદ મળશે. સ્થાનિક સ્વયંસેવકોની મદદ બધે મળશે જ એટલું ગુજરાતને વિશે તો હું અવશ્ય માની લઉં છું.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ૪–૩–૧૯૨૮

૧. પત્ર અહીં આપ્યો નથી. ગુજરાતમાં ઘેર ઘેર ફરી ખાદીનું વેચાણ કેવી રીતે થતું હતું તેની વિગત એમાં આપી છે.

Gandhi Heritage Portal

## ૮૬. કાઠિયાવાડનાં ઢોરો

કાઠિયાવાડથી ઢોરઉછેરના એક જાણભેદુ લખે છે :[1]

આ કાગળ મુખ્યત્વે રાજાઓએ ને તેમના અમલદારોએ વિચારવા યોગ્ય છે. ઢોરરક્ષાના જે ઉપાયો આમાં બતાવ્યા છે તે જુદી જુદી રીતે આ પત્રમાં ચર્ચાઈ ગયા છે. પણ કાઠિયાવાડને જ અંગે ત્યાંના અનુભવીએ તે જણાવ્યા છે અને તેથી તેને અહીં રજૂ કરું છું. કાઠિયાવાડનાં ગાય-બળદ એક વેળા પ્રખ્યાત હતાં. તે આજે કસાઈઘર ચાલ્યાં જાય, તે આજે આર્થિક દૃષ્ટિએ બોજારૂપ ગણાય, એ કાઠિયાવાડના પ્રત્યેક રાજ્યને સારુ શરમાવાની વાત છે.

આ સુધારામાં નથી બહુ પૈસાની જરૂર, નથી મોટા સાહસની જરૂર. કેવળ આળસ મૂકવાની અને મોટી રાજદરબારી ખટપટોમાંથી થોડી ફુરસદ મેળવવાની વાત છે. નકામા આખલાને ખસી કરવા, ઢોરના ચારાને પદ્ધતિસર કરવો, એ કાંઈ મહાપ્રયાસનું કામ નથી. રાજ્યોએ થોડી શિષ્ય-વૃત્તિ આપી કેટલાક વિશારદોને તૈયાર કરવા જોઈએ. દરમ્યાન જે મળે તેની મદદ લઈ કામ કરવું જોઈએ.

પાંજરાપોળના મુખીઓએ પણ ઉપરની સૂચનાઓ ધ્યાનમાં લેવા યોગ્ય છે. અપંગ ઢોરોને અવશ્ય પાળવાં જોઈએ. પણ સાજાંતાજાં ઢોરોને કતલખાને જતાં અટકાવવાની આવશ્યકતા હજારગણી વધારે છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૪–૩–૧૯૨૮

## ૮૭. બારડોલીમાં સત્યાગ્રહ

આ અંકમાં વાચક સરકાર અને શ્રી વલ્લભભાઈની વચ્ચેનો પત્રવ્યવહાર જોશે. આ પત્ર-વ્યવહાર એક દૃષ્ટિએ દુ:ખદ પ્રકરણ છે. હું જ્યાં સુધી જોઈ શકું છું ત્યાં સુધી તો શ્રી વલ્લભ-ભાઈએ રજૂ કરેલી હકીકતો કે તેની ઉપર રચેલી દલીલોમાં ક્યાંયે ઊણપ નથી. સરકારના ઉત્તરમાં ચાલાકી, ઉડાઉજવાબી અને તોછડાઈ છે. આમ અમલ માણસને આંધળો બનાવે છે, ને તેના અભિમાનમાં તે મનુષ્યત્વ ખોઈ ભાન ભૂલી જાય છે, એ દુ:ખદ પ્રકરણ છે. માણસની આવી ભૂલોનાં હજારો પ્રકરણો અનુભવવામાં આવે, તોપણ દરેક નવા પ્રકરણ વેળા તેનું દુ:ખ તો લાગશે જ. કેમ કે પોતે દોષ કરતો છતો મનુષ્ય ઊંડે ઊંડે સારું જ ચાહનારો છે તેથી બીજાનાં ઉદ્ધતાઈ, અવિવેક ઇત્યાદિથી દુ:ખ જ પામશે.

હું હકીકત અને દલીલોના ગુણદોષોમાં નહીં ઊતરું. વાંચનારની આગળ ગુણદોષો તપાસવા પૂરતું સાહિત્ય ન હોય; હોય તો તે વાંચવા-વિચારવા પૂરતી તેને ધીરજ ન હોય. પણ કેવળ ન્યાયને માર્ગે જ જનાર તટસ્થ વાંચનારને પણ વલ્લભભાઈની માગણી વાજબી જણાયા વિના નહીં રહે. વલ્લભભાઈ નથી કહેતા : 'મારી દલીલ સરકારે કબૂલ રાખવી જ જોઈએ.' તે તો

૧. અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

કહે છે : 'સરકાર એક પક્ષ, લોક બીજો પક્ષ છે. બંનેની વચ્ચે હકીકત વિશે જ મતભેદ છે. આ મતભેદનો નિવેડો કરનાર એક તટસ્થ પંચ હોવું જોઈએ. તે જે ચુકાદો આપે તે લોકો વતી વલ્લભભાઈ કબૂલ રાખશે.'

વલ્લભભાઈના પત્રનું મધ્યબિંદુ, તેનો નિચોડ આ છે. સરકાર અને લોકોની વચ્ચે આ પંચ હોય? સરકાર સર્વોપરી નથી? આ પ્રશ્ન ઊભો થાય છે. કાયદાના પ્રશ્નોમાં તો આ સરકાર પણ કહેવાતી રીતે અદાલતના પિંજરામાં ઊભવા તૈયાર ગણાય છે. મહેસૂલને સરકાર અદાલતની બહાર રાખે છે. આનું કારણ સમજવું સામાન્ય મનુષ્યની અક્કલ બહાર છે. આપણે અત્યારે એ કારણની પંચાતમાં ન ઊતરીએ.

પણ જ્યારે મહેસૂલના પ્રશ્નો સામાન્ય રીતે કાયદા બહાર છે, ત્યારે લોકો વતી વલ્લભભાઈ પંચ ન માગે તો શું કરે? સરકારને અરજી કરીને બેસી રહેવાની સલાહ આપે? એવી સલાહ આપવી હોય તોયે લોકોએ જ તેવી બારી વલ્લભભાઈ સારુ ઉઘાડી નહોતી રાખી. તેઓ અરજીઓ કરી ચૂક્યા, અરજી કરી આપવાનું કામ વલ્લભભાઈનું ન મળે, તેથી તેઓ અરજી કરી આપનાર પાસે ગયા. ત્યાં ન ફાવ્યા એટલે વલ્લભભાઈ પાસે સત્યાગ્રહના યુદ્ધમાં સરદારી કબૂલ કરાવવા ગયા.

સત્યાગ્રહના કાનૂન પ્રમાણે વલ્લભભાઈએ સરકારની પાસે વિનયવિષ્ટિ કરી: "તમે ખોટા ન હો એમ સંભવે, લોકોએ મને ભોળવ્યો હોય એમ બને. પણ તમે પંચ નીમો ને તેની પાસે ઈન્સાફ કરાવો. તમારી ભૂલ થઈ ન જ હોય એવો દાવો તમે નહીં કરો." આ વિષ્ટિનો સરકારે અનાદર કરવાની ગંભીર ભૂલ કરી લોકોને સત્યાગ્રહ કરવાનો માર્ગ સાફ કરી આપ્યો છે.

પણ સરકાર તો કહે છે કે વલ્લભભાઈ તો પરાયા છે, બહારના છે, પરદેશી છે. અને તેમના પરદેશી સાથીઓ જો બારડોલી ન ગયા હોત તો લોકો મહેસૂલ ભરી જ દેત, એવો તેના કાગળનો ધ્વનિ છે. ઊલટો ચોર કોટવાળને દંડે છે. બારડોલી જ્યાં લગી હિંદુસ્તાનમાં છે, ત્યાં લગી વલ્લભભાઈને કે કાશ્મીરથી માંડી કુમારિકા લગીમાં અથવા કરાંચીથી માંડી દિબ્રૂગઢ લગીમાં રહેનાર હિંદીને બહારનો કેમ કહેવાય, તે નથી વલ્લભભાઈ સમજતા કે નથી બીજા કોઈ આપણામાંના સમજી શકવાના. પરદેશી, પરાયા, બહારના તો સરકારના અંગ્રેજી અમલદારો છે; અને વધારે સ્પષ્ટ રીતે કહીએ તો આ પરાઈ, બહારની સરકારના બધા અમલદારો, પછી તે કાળા હો કે ધોળા. સરકારનું 'લૂણ' ખાનારા સરકારનો જ પક્ષ લે. દ્રોણ ભીષ્માદિ જેવાને પણ યુધિષ્ઠિરને જવાબ આપવો પડ્યો : 'જેનું લૂણ અમે ખાઈએ છીએ તેના અમે તો કહેવાઈએ.' આ પરાઈ સરકાર વલ્લભભાઈ જેવાને બારડોલી પરત્વે પરદેશી કહે એ કેવી વક્રતા? ધોળે દીએ અંધારું થયું ગણાય. આવા જ કારણે મારા જેવાએ સરકારને વફાદાર રહેવામાં પાપ સમજી અસહકાર સાધ્યો. જ્યાં અવિનય આટલી હદ સુધી પહોંચે ત્યાં ન્યાયની આશા શી રાખવી?

આ સરકારને ન્યાય કોણ શીખવે? કેવળ સત્યાગ્રહી. બુદ્ધિવાદથી સરકાર અપરાજિત છે. બળિયાનું બળ જ તેની બુદ્ધિ હોય છે. તે તલવારની અણીએ ન્યાય જોખે છે.

આ તલવાર સત્યાગ્રહની બેધારી તલવાર આગળ બુઠ્ઠી છે. જો બારડોલીના સત્યાગ્રહીઓમાં સત્યનો આગ્રહ હશે, તો કાં તો પંચ નિમાશે, અથવા વલ્લભભાઈની દલીલનો સ્વીકાર થશે, અને વલ્લભભાઈ પરદેશી મટી સ્વદેશી ગણાશે.

Gandhi Heritage Portal

બીજા પ્રશ્નો આ પત્રવ્યવહારમાંથી નીકળે છે તેનો વિચાર હવે પછી. બાજી બારડોલીના લોકોના હાથમાં છે એટલું તેઓ યાદ રાખશે તો બસ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૪–૩–૧૯૨૮

## ૮૮. રેવાશંકર ઝવેરીને પત્ર

રવિવાર [માર્ચ ૪, ૧૯૨૮][1]

મુ. ભાઈ રેવાશંકરભાઈ,

તમારો કાગળ મળ્યો છે. ચિ. ધીરુને વિશે જે કરો તે વિશે મને ખબર હમણાં તો દેતા રહેશો. તમારે જ એની સાથે જવું પડશે કે કોઈ બીજું જશે? મારી પાસેથી કોઈ માણસની જરૂર છે? જેકીને વિશે સમજ્યો છું.

મોહનદાસના પ્રણામ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૧૨૭૬

## ૮૯. પ્રેમ મહાવિદ્યાલયના ટ્રસ્ટીઓના પ્રમુખને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૫ [૧૯૨૮][2]

પ્રમુખશ્રી
પ્રેમ મહાવિદ્યાલય ટ્રસ્ટીઝ
વૃન્દાવન

ભાઈશ્રી,

પ્રેમ મહાવિદ્યાલયના ટ્રસ્ટીઓએ આચાર્ય ગિદવાણીની જગ્યાએ અધ્યાપક જુગલકિશોરની નિમણૂક સર્વાનુમતે કર્યાનો તમારો તાર મળતાં આનંદ થયો. શ્રીયુત જુગલકિશોરની બાર મહિના સુધીની સેવાઓનો લાભ તમે ખુશીથી લઈ શકો છો.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૦૯૭

૧. ટપાલની છાપ પરથી.

૨. પત્રની વિગતો પરથી લાગે છે કે પત્ર ૧૯૨૮ના વર્ષમાં લખાયો છે. જુઓ "પ્રેમ મહાવિદ્યાલય," ૮–૩–૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૯૦. એ. જે. સૉન્ડર્સને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૫, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર તથા રૂ. ૫૦ના મનીઑર્ડર બદલ હું તમારો આભાર માનું છું. કૃપા કરીને વિદ્યાર્થીઓને મારો આભાર પહોંચાડજો અને કહેજો કે દરિદ્રનારાયણ માટેની ભેટનો આ પ્રથમ જ હપતો છે અને તેઓ કાયમ ખાદી પહેરે એવી હું આશા રાખું છું.

તમારો સહૃદયી

એ. જે. સૉન્ડર્સ, એસ્ક્વાયર
બરસર
ધ અમેરિકન કૉલેજ, મદુરા

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૦૩૬

## ૯૧. વી. એસ. ભાસ્કરનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૫, ૧૯૨૮

પ્રિય ભાઈ ભાસ્કરન,

તમારો પત્ર મળતાં આનંદ થયો. તમે જે કંઈ નુકસાન કર્યું છે તે માટે અલબત્ત હું તમને ક્ષમા આપું છું. પરંતુ તમારો પત્ર તમારે વિશે મેં જે કંઈ સાંભળ્યું હતું તેનું સમર્થન કરે છે, અને તે બેશક, ગેરવાજબી હતું.

હવે તમે મને વિનંતી કરો છો કે તમે ઉપાડેલા પૈસા હું મારી લાગવગથી ભરપાઈ કરું અને કહો છો કે તમે ઉપવાસ કે એવું બીજું પ્રાયશ્ચિત્ત સ્વીકારવા તૈયાર છો. એ સાચું પ્રાયશ્ચિત્ત નહીં ગણાય. તમારે હવે કોઈ પણ રીતે મારાથી પ્રભાવિત થયા વિના શ્રી રામનાથન કે રાજાજી કહે તેને તાબે થવું જોઈએ. તમારે લેવાનો સાચો માર્ગ આ જ છે. અને જો તમે પૈસા ભરપાઈ ન કરી શકો, તો તમારે આનંદપૂર્વક તેમના નિર્ણયને સ્વીકારવો જોઈએ અને ભવિષ્યમાં પ્રામાણિક માર્ગે કમાઈ લેવાની અપેક્ષા રાખવી જોઈએ.[1]

તમારો સહૃદયી

શ્રી વી. એસ. ભાસ્કરન
પોસ્ટ માસ્તર, રાણીપેટ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૦૯૮

૧. પુ. ૩૫, પા. ૪૬૪ પણ જુઓ.

Gandhi Heritage Portal

## ૯૨. આર. નોરા બ્રોકવેને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૫, ૧૯૨૮

પ્રિય બહેન,

તમારો પત્ર મળતાં અને મિ. બ્રોકવેનું સ્વાસ્થ્ય ઘણું સારું છે તે જાણીને મને આનંદ થયો. હું આશા રાખું છું કે તબિયત દિવસે દિવસે ઝડપથી સુધરતી હશે.

અત્યારે પંડિત નેહરુ અહીં છે અને મેં તમારો પત્ર તેમને વંચાવ્યો છે.

તમારો સહૃદયી

મિસ આર. નોરા બ્રોકવે
સેઈન્ટ ક્રિસ્ટોફર ટ્રેઈનિંગ કૉલેજ
કિલપૉક
મદ્રાસ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૦૯૯

## ૯૩. રોલૅન્ડ હેઇઝને[1] પત્ર

માર્ચ ૫, ૧૯૨૮

પ્રિય ભાઈ,

શ્રીયુત્ હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય પત્ર દ્વારા જણાવે છે કે નજદીકના ભવિષ્યમાં તમે કદાચ હિંદની મુલાકાત લો એવો સંભવ છે. જો સાચે જ તમે આવો અને ગુજરાતની મુલાકાત લો તો આ નાનકડા આશ્રમને તમારું ઘર ગણવા વિનંતી છે.

તમારો સહૃદયી

મિ. રોલૅન્ડ હેઇઝ
ધ અમેરિકન એક્સપ્રેસ કંપની
પૅરિસ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૨૫૩

૧. અમેરિકન હબસી ગાયક.



Gandhi Heritage Portal

# ૯૪. ડબ્લ્યુ. બી. સ્ટારને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૫, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારા દાન સાથેનો માયાળુ પત્ર મને મળ્યો છે, અને તે બન્ને માટે હું તમારો આભાર માનું છું. દાનની અલ્પ રકમ માટે તમારે ક્ષમાયાચના કરવાની ન હોય. નાનું દાન પૈસાની કિંમતની દૃષ્ટિએ ગમે તેટલું નાનું હોય, પણ તે ઉદાર હૃદયમાંથી આવે છે, તો મોટું બની જાય છે અને તમારી બાબતમાં એમ જ છે એની મને ખાતરી છે.

વકીલના ધંધાને સુધારવાનું કામ ઘણું મોટું છે. વેઠ ઉતારીને એ સુધારી શકાય નહીં. હું એવો દૃઢ અભિપ્રાય ધરાવું છું કે દાક્તરો અને વકીલોને કોઈ પણ પ્રકારની ફી લેવા દેવી ન જોઈએ. તેના બદલામાં તેમને રાજ્ય દ્વારા જ નક્કી કરેલી રકમ મળવી જોઈએ અને એ રીતે જાહેર જનતાને તેમની સેવા મફત મળવી જોઈએ. લોકો કર મારફતે નાગરિકોને અપાયેલી આવી સેવા માટેનું વળતર સરકારને આપોઆપ આપતા જ હોય છે. ગરીબો પર તેનો કર નહીં પડે છતાં પણ ગરીબ અને તવંગર બંનેને એકસરખી સારવાર અને આવડતનો લાભ મળી શકશે. આજે ગરીબ વર્ગને શ્રેષ્ઠ તબીબી જ્ઞાન અને ઉત્તમ વૈદકીય સલાહ અલભ્ય છે.

તમારો સહૃદયી

ડબલ્યુ બી. સ્ટાર
મૅનેજર
હાઈલૅન્ડ સ્પ્રિંગ્સ ફાર્મ
સિસ્કો, ટેક્ષાસ, (યુ.એસ.એ.)

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૨૫૪

Gandhi Heritage Portal

## ૯૫. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

માર્ચ ૬, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

તમારો પત્ર મને મળ્યો છે. ઠરાવો સારા જણાય છે. હું આશા રાખું છું કે તેનો અમલ કરવામાં આવશે. જેઓ ખાદીને ચાહે છે અથવા તેને માટે પૈસા લઈને કાર્ય કરે છે તેઓ એ ન પહેરતા હોય છતાં સભ્ય થઈ શકે એ વિચાર મને રુચતો નથી.

બાપુ

સસ્નેહ,

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૧૫૮૯

## ૯૬. યુદ્ધ સામે યુદ્ધ

એક પત્રલેખક લખે છે :

આ લખવાનું મારું બહાનું એ છે કે સત્ય અને અહિંસાના અનુયાયી તરીકે આપની આત્મકથાના એક પ્રકરણમાં આપે જે યુદ્ધ પ્રત્યેનું આપનું વલણ દર્શાવ્યું છે તેણે દેખીતી રીતે જ અનેક લોકોને વિચારતા કરી દીધા છે, અને મારા કરતાં વધારે શક્તિશાળી માણસો એ વિશે આપને લખતા રહેશે. પરંતુ હું તેના વિશેનાં મને સૂઝયાં છે એવાં કેટલાંક પાસાં વિશે લખું છું. સત્ય અને અહિંસાના સાચા અનુયાયી માટે પોતે તેનો પ્રતિકાર ન કરી શકે તોયે અનિષ્ટની બાબતમાં બાંધછોડ ન કરવી જોઈએ એ શું પાયાનો સિદ્ધાંત નથી? કેટલાક લોકો કહે છે તેમ યુદ્ધ એ અનિવાર્ય અનિષ્ટ છે; પણ યુદ્ધ પૂરું થઈ રહ્યા પછી યુદ્ધની અમાનુષતા વિશેનું લોકોને ભાન થશે એવી આશાથી એને ટેકો આપવાનું બહાનું બરાબર નથી. તેમ કદી થઈ ન શકે. એથી ઊલટું, માણસના હૃદયની નિષ્ઠુરતા વધારે તીવ્ર બને છે અને જીવનની પવિત્રતા વિશેની ભાવનાનો લોપ થાય છે. આપની માફક જ અરાજકતાવાદી દલીલ કરી શકે અને એમ કહી શકે કે "અમે યુરોપના દેશોનું આક્રમણ અને ત્રાસવાદને અટકાવી શકીએ તેમ નથી. અમે જનતાની તાકાતથી ત્રાસવાદનો પ્રતિકાર કરી શકીએ તેમ નથી; પણ જો તેમને આવી પદ્ધતિની દુષ્ટતા, એ પદ્ધતિને તેમની સામે જ વાપરીને માત્ર દેખાડી આપી શકીએ, તો તેઓ એ પદ્ધતિ પ્રત્યેના તેમના વલણની મૂર્ખતા જોઈ શકે અને પરિણામે આપણે યુદ્ધથી મુક્ત થઈ શકીશું અને દુનિયાને ત્રાસવાદમાંથી મુક્ત કરી શકીશું. જ્યાં સુધી આપણા રાજ્યકર્તાઓ હિંસાનો ઉપયોગ કરે છે અને જ્યાં સુધી આપણે ત્રાસવાદને તિરસ્કારીએ છીએ, ત્યાં સુધી તેના પ્રતિકાર રૂપે એ જ હથિયારો આપણે વાપરીએ તો શું ખોટું? હા, એ હથિયારોથી આપણી વિવેકબુદ્ધિ જકડાઈ જવી ન જોઈએ." શું છેલ્લા મહાયુદ્ધે રાષ્ટ્રને અને ખાસ કરીને વિજેતાઓને ખરેખર

Gandhi Heritage Portal

લાભ કર્યો છે? વિજયને પરિણામે ભૌતિક રીતે, નૈતિક રીતે, અને સામાજિક રીતે તેમને ઘણું ખોવું પડયું છે. તેઓનાં નૈતિક ધોરણોમાં ઊથલપાથલ થઈ ગઈ છે; અને અત્યારના જીવન પાછળનો સંઘર્ષ અને આંતરરાષ્ટ્રીય વ્યવહારમાં સત્ય અને પ્રામાણિકતાની અવગણના રોજેરોજ વધારે ને વધારે ખુલ્લી થતી જાય છે. ગમે તેવા ન્યાયી યુદ્ધમાંથી પણ કાંઈ શુભ વસ્તુ કદી જન્મી શકે? એમાં સક્રિય કે નિષ્ક્રિય રીતે સંમત થઈ જવાને બદલે તેનો પ્રતિકાર કરવાને તથા ધ્યેયને માટે કષ્ટ ઓઢી લેવાને કોઈ પણ બંધાયેલા નથી? શું આપ એમ નથી માનતા કે યુદ્ધમાં જેમણે સક્રિય રીતે ભાગ લીધો હતો, તેના કરતાં શાંતિવાદી-ઓએ ધ્યેયની વધારે સેવા કરી છે? આપ જે કહો છો તે તો કદાચ ૧૯૧૪ના આપના મનની પરિસ્થિતિનું વર્ણન છે. તે વખતે આપ એમ માનતા હતા કે બ્રિટિશ માનસમાં ન્યાયની વૃત્તિ પડેલી છે. અત્યારેય શું આપને એમ લાગે છે કે આપે જે લખ્યું હતું, તે વાજબી છે? આવતી કાલે જો બીજું વિશ્વયુદ્ધ જાહેર કરવામાં આવે, તો યુદ્ધ પછી શું આપ પરિસ્થિતિને વધારે સારી બનાવી શકશો? એવી આશામાં શું આપ યુદ્ધમાં મદદ આપવા તૈયાર થશો? હું જાણું છું કે મેં મારો પક્ષ આપની સમક્ષ ઉત્તમ રીતે રજૂ કર્યો નથી, પરંતુ હું આપને જે કહેવાની કોશિશ કરી રહ્યો છું તે આપ સમજી શકો એમ છો, અને આપનો જવાબ મળતાં મને આનંદ થશે.

હું પત્રલેખક સાથે સંમત થાઉં છું કે તેણે પોતાનો પ્રશ્ન ‘ઉત્તમ રીતે’ વ્યક્ત કર્યો નથી; પરંતુ તે એવા વાચકોનું તો અવશ્ય પ્રતિનિધિત્વ ધરાવે છે, કે જેઓ ગંભીર ગણાતાં લખાણોને ફક્ત એટલા જ માટે સંભાળપૂર્વક વાંચતા નથી કે તે લખાણો એક સાપ્તાહિકમાં લખાયાં છે. આ પત્રલેખક જેવા વાચકો આત્મકથાનું એ પ્રકરણ ફરીથી વાંચશે, તો તેઓ એમાંથી એવું તારતમ્ય કાઢશે કે :

(૧) યુદ્ધમાં હું માનતો હતો એટલા ખાતર મેં મારી સેવા નહોતી આપી. મેં તે એટલા માટે આપી હતી કે છેવટે આડકતરી રીતે પણ હું યુદ્ધમાં ભાગ લેવાથી દૂર રહી શકતો નહોતો.

(૨) યુદ્ધમાં ભાગ લેવાનો પ્રતિકાર કરવાનો અધિકાર મારી પાસે નહોતો.

(૩) જેમ અનિષ્ટમાં ભાગ લેવાથી અનિષ્ટને દૂર રાખી શકાય એમ હું માનતો નથી તેમ યુદ્ધમાં ભાગ લઈને તેને નાબૂદ કરી શકાય એમ હું માનતો નથી.

(૪) અરાજકતાવાદીનું ત્રાસવાદમાં સામેલ થવું ઈરાદાપૂર્વકનું, સ્વેચ્છાપૂર્વકનું અને આગળથી વિચારી રાખેલું છે, એ કારણે તેની દલીલ અપ્રસ્તુત છે.

(૫) કહેવાતા વિજેતાઓને બેશક યુદ્ધે કશો ફાયદો કર્યો નથી.

(૬) જે શાંતિવાદીઓએ યુદ્ધનો પ્રતિકાર કરતાં જેલ ભોગવી છે તેમણે જરૂર શાંતિના હેતુની સેવા કરી છે.

(૭) જો આવતી કાલે બીજું યુદ્ધ જાહેર કરવામાં આવે, તો હાલના રાજ્યતંત્ર વિશેના મારા વિચારોને લક્ષમાં લેતાં હું કોઈ પણ સ્વરૂપે તેમાં મદદ નહીં કરું; એથી ઊલટું, આ યુદ્ધમાં બીજાઓ કશી મદદ ન આપે એવું તેમને સમજાવવા હું ખૂબ જ પ્રયત્ન કરું અને આ યુદ્ધમાં તેની હાર થાય એ રીતના, અહિંસા સાથેના સુસંગત અને શકય એવા બધા જ પ્રયત્ન કરું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ८–३–१९२८

Gandhi Heritage Portal

## ૯૭. પ્રેમ મહાવિદ્યાલય

છેક અસહકારના દિવસો પહેલાંનું, સરકારી સહાય, સ્વીકૃતિ કે જોડાણ ન ધરાવતું હોય એવું, રાજા મહેન્દ્ર પ્રતાપનું આ ગૌરવપૂર્ણ સર્જન છે. આવી બધી જ સંસ્થાઓની માફક તેને ચડતીપડતીમાંથી પસાર થવું જ પડયું છે, પરંતુ તે બધામાંથી તે નિષ્કલંક રીતે બહાર નીકળી વિકાસ પામ્યું છે. હમણાં જ તેણે તેનો વાર્ષિકોત્સવ ઊજવ્યો. ડૉ. અનસારી એ વાર્ષિકોત્સવના પ્રમુખ હતા. મારી પાસે રજૂ થયેલા હેવાલમાં જણાવ્યું છે કે, "આ ઉત્સવની શરૂઆત તકલી કાંતવાના નિદર્શન દ્વારા અને રાષ્ટ્રધ્વજની વંદના દ્વારા થઈ અને હિન્દુસ્તાની સેવાદળના સ્વયં-સેવકોએ ઝંડાગીત ગાયું અને ત્યાર બાદ, 'વંદે માતરમ્' ગાવામાં આવ્યું." અહેવાલમાં પછી આગળ કહ્યું છે :[1]

જે સંસ્થા માટે આચાર્ય ગિદવાણી આટલો મોટો દાવો કરી શકયા, તેને માટે મારી પાસેથી ટેકો મેળવવાની અપેક્ષા રાખવાનું બધી રીતે યોગ્ય જ હતું. વાચક કદાચ જાણતા નહીં હોય કે આચાર્ય ગિદવાણી કરાંચી નગરપાલિકાએ ઊભી કરેલી એક નવી જગ્યા ઉપર જાય છે. પ્રેમ મહાવિદ્યાલયના ટ્રસ્ટીઓને આચાર્ય કૃપાલાનીના બનારસ આશ્રમના અધ્યાપક શ્રીયુત જુગલકિશોરની સેવાઓ ઊછીની આપવામાં આવી છે; પરંતુ સમજ એવી છે કે શ્રીયુત જુગલકિશોર આચાર્ય ગિદવાણી વતી કામ કરશે, તોપણ શ્રી ગિદવાણી મહાવિદ્યાલયમાં રસ લેવાનું ચાલુ રાખશે અને શકય હશે તેટલે અંશે તેના સંચાલન અંગે માર્ગદર્શન કરવાનું ચાલુ રાખશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ८-३-१९२८

## ૯૮. પરમ નિર્ણાયક

સંસ્કૃત કાવ્યો અને શાસ્ત્રના નામે જે કંઈ સંસ્કૃત ભાષામાં લખાયું તેને અંધશ્રદ્ધાથી વળગી રહેવાના જવાબમાં શ્રીયુત્ એસ. ડી. નાડકર્ણી નીચેના શ્લોકો મને મોકલે છે. આ શ્લોકો તર્કને જ છેવટના નિર્ણાયક તરીકે ગણતા અધિકૃત ગ્રંથોમાંથી લેવામાં આવ્યા છે :

अपि पौरुषमादेयं शास्त्रं चेद्युक्तिबोधकम् ।
अन्यत्त्वार्षमपि त्याज्यं भाव्यं न्याय्यैकसेविनाम् ।।
युक्तियुक्तमुपादेयं वचनं बालकादपि ।
अन्यत्तृणमिव त्याज्यमप्युक्तं पद्मजन्मना ।।

શાસ્ત્ર, ભલે મનુષ્યરચિત હોય, પણ તે જો બુદ્ધિગમ્ય હોય, તો તેનો સ્વીકાર કરવો અને તે ગમે તેટલું 'પ્રેરિત' ગણાતું હોય પણ તેની વિરુદ્ધ જતું હોય, તો તેનો અસ્વીકાર કરવો. આપણે આપણામાં રહેલી ન્યાયવૃત્તિથી જ દોરાવું જોઈએ. કોઈ પણ કથન બાળકના મુખેથી ઉચ્ચારાયેલું હોય તોપણ જો બુદ્ધિની કસોટીએ યોગ્ય લાગે, તો તેને સ્વીકારવું

૧. ઉતારો અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

જોઈએ, પરંતુ તે બ્રહ્મવાક્ય ગણાતું હોય છતાં તેની વિરુદ્ધનું હોય તો તેનો તૃણવત્ ગણીને અનાદર કરવો જોઈએ.

**– યોગવાસિષ્ઠમાંથી** (न्याय प्रकरणम्)

समयश्चापि साधूनां प्रमाणं वेदवद् भवेत् ।

"સાધુ પુરુષોએ સ્વીકારેલી માન્યતાને વેદપ્રમાણ જેટલી જ પ્રમાણભૂત લેખવી જોઈએ."

माधवस्मृतिમાંથી (બીજું નામ) माधवीय व्याख्या

આ શ્લોકો બતાવે છે કે શાસ્ત્રોએ બુદ્ધિનો કદી અનાદર કરેલો નથી પરંતુ તેને ટેકો આપ્યો છે અને તેથી જ કહેવાતાં 'શાસ્ત્રવચનો' દ્વારા અન્યાય કે અસત્યને કદાપિ ટેકો ન આપી શકાય.

## જેમને સફળ થવું હોય તેમને માટે

એક બાજુ એટલી બધી નિરાશા વ્યાપી છે અને બીજી બાજુ સફળતા વિશે એટલી બધી બડાઈ હાંકવામાં આવે છે કે એક મિત્રે મોકલેલાં થોડાંક સૂત્રો હું ખુશીથી નીચે ઉતારું છું. તે વચનો નિરાશ થનારાઓને સતેજ કરશે અને બડાઈ હાંકનારને ચેતવણીરૂપ બનશે. ભારેમાં ભારે મુશ્કેલીઓ સામે જો લોકો ખંતપૂર્વક મંડ્યા રહે છે તો તેમને માટે કશું જ અશક્ય હોતું નથી. પરંતુ જે લોકો કેવળ મિથ્યા પ્રલાપ, બડાઈ અને બહાદુરીનો કેવળ દેખાવ જ કરે છે, તેઓ કશું કરી શકતા નથી.

પ્રત્યેક ઉમદા કાર્ય શરૂમાં અશક્ય હોય છે.

**– કાર્લાઈલ**

મોટા ભાગની બાબતોમાં સફળતા, સફળ થવામાં કેટલો સમય લાગશે એ જાણવા પર આધાર રાખે છે.

**– મૉન્ટેક**

જેઓ અત્યંત ખંતપૂર્વક કામ કરે છે તેમને જ સફળતા વરે છે.

**– નેપોલિયન**

સતત ઉદ્યમ અને આત્મશ્રદ્ધા જ મુશ્કેલીને ઝાંખી પાડે છે; અને ઉપર ઉપરની અશક્યતાને નમાવે છે.

**– જેરેમી કોલિયર**

પાણીની જેમ ચંચળ રહીને તું કદાપિ શ્રેષ્ઠતા પ્રાપ્ત નહીં કરી શકે.

કદી ઢીલો નહીં પડતો જ્ઞાનતંતુ, કદી ઝાંખી નહીં પડતી આંખ અને કદી અસ્થિર ન થતો વિચાર – આ બધાં વિજયનાં માલિકો છે.

**– બર્ક**

દિવસ દરમિયાન ગમે તેટલા કર્કશ કે ક્ષુબ્ધ બન્યા હો, તોપણ તમે જ્યાં સુધી તમારા મનની સમતુલા પ્રાપ્ત ન કરો, તમારી ઈન્દ્રિયોની શક્તિ સમતુલિત ન બને અને તમારું ચિત્ત શાંત ન થાય ત્યાં સુધી ઊંઘશો નહીં.

**– કાર્ટરાઈટ**

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ८–३–१९२८

Gandhi Heritage Portal

# ૯૯. મૃત્યુનોંધ[1]

## સ્વ. લૉર્ડ સિંહા

ભારતના આ નામાંકિત સેવકને અનેક અંજલિઓ આપવામાં આવી છે, તેમાં હું આદરપૂર્વક મારી ઉમેરું છું. જ્યારે જ્યારે ભારતનું નવસર્જન કરનારાઓના કાર્યનું મૂલ્યાંકન કરવામાં આવશે, ત્યારે આધુનિક ભારતના નવઘડતરમાં લૉર્ડ સિંહાએ આપેલા ફાળાનું ભારે ગૌરવ કરવામાં આવશે. રાજકાજની બધી બાબતોમાં તેમની સલાહસૂચના હમેશાં લેવામાં આવતી હતી અને તેની ભારે કિંમત અંકાતી હતી. લૉર્ડ સિંહાના અવસાનથી આપણો દેશ વધારે રાંક બન્યો છે.

## એક મહાન સુધારક

ગુજરાતના જાહેર જીવનમાંથી મૃત્યુએ સર રમણભાઈ નીલકંઠને એકાએક ઝડપી લીધા છે. તેઓ એક મહાન ચારિત્ર્યશાળી પુરુષ, ભારે ઉત્સાહી અને સાહસિક સુધારક, અપ્રતિમ નિષ્ઠા ધરાવતા પ્રજાસેવક, અને ગુજરાતી સાહિત્યને કેટલોક કાયમી રહે એવો ફાળો આપનાર વિદ્વાન હતા. અનેક ગુજરાતીઓની સાથે સાથે તેમના દુ:ખી કુટુંબને હું મારા આદરપૂર્વકનું આશ્વાસન પાઠવું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૮–૩–૧૯૨૮

# ૧૦૦. બારડોલી અને સરકાર

શ્રી વલ્લભભાઈ પટેલ અને મુંબઈ સરકાર વચ્ચે બારડોલી તાલુકામાં થયેલી મહેસૂલની આકારણી વિશે જે પત્રવ્યવહારની આપલે થઈ છે તે જાહેર કાર્યકર્તાને માટે વિચાર કરવાનો ખોરાક પૂરો પાડે છે. અને જે સરકારના અમલ નીચે આપણે જીવી રહ્યા છીએ તેનું માનસ સાચા સ્વરૂપમાં પ્રગટ કરે છે. વલ્લભભાઈની કીર્તિ લોકોમાં પ્રસરેલી છે, સરકાર પણ એમને ઓળખે છે. ભારે કાર્યશક્તિ, પ્રામાણિકતા અને ઉદ્યમવાળા એક જાહેર કાર્યકર તરીકેની તેમની લાયકાત સ્વીકારવાની તેને ફરજ પડી છે. અમદાવાદ શહેર સુધરાઈના કાર્યને તેણે બિરદાવ્યું છે. ગુજરાતમાં આવેલી રેલના કારણે તેમણે પૂરરાહત કાર્ય કર્યું, તેની થોડા સમય અગાઉ જ સરકાર અને પ્રજા દ્વારા પ્રશંસા પણ કરવામાં આવી હતી.

પરંતુ એઓ જ્યારે સરકારને મૂંઝવણ ઊભી થાય, તેની પ્રતિષ્ઠા જોખમાય તેવો પ્રસંગ ઉપસ્થિત કરે અને સરકારના અસ્તિત્વ માટે જરૂરી એવી જમીન મહેસૂલ ખોવાની પરિસ્થિતિ નિર્માણ કરે, ત્યારે તેમનું કાર્ય ગણનાપાત્ર નથી લેખાતું. સરકારને પોતાની પ્રતિષ્ઠા જાણે કે જમીન મહેસૂલની પ્રાપ્તિ સાથે જ સંકળાયેલી લાગે છે. તે આબરૂ ખાતર આબરૂમાં માનતી જ લાગતી નથી.

તેથી જ આ બાબત અંગે લખાયેલા પહેલા જ પત્રના ઉત્તરમાં સરકારે વલ્લભભાઈના શુભેચ્છાના હેતુ ઉપર શંકા પ્રગટ કરી છે અને તેઓ બહારના માણસ છે અને બારડોલી તાલુકા

૧. જુઓ “નોંધ”, ૧૧–૩–૧૯૨૮.

Gandhi Heritage Portal

સાથે તેમને કશું લાગતુંવળગતું નથી એમ લખીને તેમનું અપમાન કરવાનું મુનાસબ માન્યું છે. આ બાબતનો સરકારનો છેલ્લો પત્ર નામદાર ગવર્નર સાહેબ પણ આમાં ભાગીદાર છે એ વાત પુરવાર કરીને આ અપમાનને મહત્ત્વ આપે છે. છતાં શ્રીયુત વલ્લભભાઈએ આ પત્રનો સૌજન્યપૂર્વક એવો અર્થ તારવ્યો હતો કે સરકાર જે નીતિ અખત્યાર કરી રહી છે, તેની સાથે ગવર્નર સાહેબ અવશ્ય સંમત હશે, પરંતુ આ પત્રમાં જે રીતે એ નીતિને વ્યક્ત કરવામાં આવી છે એ રીત સાથે તેઓ સંમત ન પણ હોય; કારણ કે આવી અપમાનકારક ભાષા તો, પ્રજાવર્ગના થોડો પણ પ્રતિકાર કે સ્વતંત્રતા દર્શાવતા પત્રવ્યવહારમાંથી છંછેડાયેલા સરકારી ખાતાંના સેક્રેટરીઓ હમેશાં વાપરતા જ આવ્યા છે. ગવર્નરસાહેબનું નામ આ અપમાનજનક ભાષા સાથે સાંકળવામાં આવ્યું છે તે એમ બતાવે છે કે ગવર્નરો ગમે તેટલી શુભેચ્છાવાળા પુરુષો હોય, છતાં તેઓ નોકરશાહીના ભરડામાંથી છટકી શકતા નથી. કહેવત છે કે "વિનાશ પહેલાં અહંકાર આવે છે ને પતન પહેલાં તુમાખી આવે છે."

નોકરશાહી એના સલામત અને સ્થિર સ્થાનેથી ચાહે તેટલાં અપમાનો તેના ઉપર ખડકવા પ્રયત્ન કરે, છતાં આ શાબ્દિક અપમાનને સહન કરવાને વલ્લભભાઈનો વાંસો પૂરતો સાબૂત છે. આ અપમાનનો ઉલ્લેખ હું કેવળ એટલા માટે કરું છું કે એક ઉત્તમ કક્ષાના જાહેર પ્રજાસેવકને ઉતારી પાડનાર અને તેને અપમાનિત કરવાની ધૃષ્ટતા કરનાર સરકારનું માનસ કેટલું હીન અને બિનજવાબદાર છે તે બાબત ઉપર હું પ્રજાનું ધ્યાન ખેંચવા માગું છું.

પણ હાલપૂરતું આપણે એટલું સમજી લઈએ કે આવી સાદી બાબતમાં સરકાર આટલી બધી અસ્વસ્થ શા માટે થઈ ગઈ છે. મોજૂદ કાયદાની મર્યાદા બહાર જમીન મહેસૂલ એ સરકારનો પોતાનો ખાસ વિષય ગણાય છે. કાયદા પ્રમાણે મહેસૂલ-આકારણી અને તેની વ્યવસ્થાનો વિષય કારોબારી સત્તાનો ગણાય છે. આ સત્તાને લોકના કે કાયદાના નિયંત્રણ નીચે લાવવાના બધા પ્રયત્નો વ્યર્થ નીવડ્યા છે. સરકારને એના રોજેરોજ વધતા જતા ખર્ચને પહોંચી વળવા બહોળા પ્રમાણમાં નાણાંની જરૂર પડે છે. આ ખર્ચનો સૌથી મોટો ભાગ લશ્કરી ખર્ચનો છે. જમીન મહેસૂલ એ મન ફાવે તેમ વધારી શકાય એવું સાધન છે. કારણ કે એ મોટામાં મોટા વર્ગને આવરી લે છે. અને એ વર્ગ એવો છે જેને કશું કહેવાનો અધિકાર નથી અને જેને વિનાસંકોચ નિચોવી શકાય છે. પ્રજા ઉપર કરવેરા નાખ્યા પહેલાં તેને સાંભળવાનો અધિકાર સ્વીકારાય, અને તેમ ન થાય, ને તેનામાં સફળતાપૂર્વક પ્રતિકાર કરવાની શક્તિ કેળવાય, તો બિનજવાબદાર તંત્રનો આપોઆપ અંત જ આવે. સરકારે જમીન મહેસૂલમાં જે વધારો કર્યો છે તેને બારડોલી પસંદ કરતું નથી. તેથી તેના લોકોએ સરકારને અરજીઓ કરી, થયેલા અન્યાયને નિવારવા બધાં જ બંધારણીય સાધનોનો ઉપયોગ પણ કરી જોયો. તેમ છતાં જ્યારે તેઓ નિષ્ફળ ગયા ત્યારે તેમણે વલ્લભભાઈનાં સલાહસૂચનો માગ્યાં અને સત્યાગ્રહ કરીને સરકારનો સામનો કરવા અંગે તેમની પ્રત્યક્ષ દોરવણી માગી.

વલ્લભભાઈએ તેમની વિનંતી સ્વીકારી. ખેડૂતોનો કેસ તપાસી જોયો. તેમને તે ન્યાયી લાગ્યો. એમ છતાં સરકારને મૂંઝવણમાં ન મૂકવા અને પ્રજાને નાહકની યાતનામાં ઊતરવું ન પડે એટલા ખાતર તેમણે સરકારને વિનંતી કરી, અને સરકાર અને ખેડૂતો વચ્ચે માનપૂર્વકનું સમાધાન થઈ શકે એવી દરખાસ્ત મૂકી. એ દરખાસ્તનો ઉદ્દેશ એ હતો કે જો સરકારને બારડોલીના ખેડૂતોનો પ્રશ્ન ન્યાયી ન લાગતો હોય, તો તેણે આ પ્રશ્નનો નિકાલ કરવા એક નિષ્પક્ષ પંચ નીમવું અને બંને પક્ષોનાં મંતવ્યો તપાસ્યા પછી એ પંચ જે નિર્ણય કરે તેનો સૌએ સ્વીકાર કરવો.

Gandhi Heritage Portal

આ બાબતની વલ્લભભાઈએ ખાતરી પણ આપી. છતાં ખૂબ જ ન્યાયી અને તર્કશુદ્ધ સૂચનનો સરકારે અસ્વીકાર કર્યો અને તેને ફગાવી દીધું.

એટલે જાહેર જનતાને સરકારના નિર્ણય વિરુદ્ધ લોકોનો જે અભિપ્રાય છે તેને સ્વીકારી લેવાનું કહેવામાં આવ્યું નથી. તેમને તો માત્ર એક નિષ્પક્ષ પંચની માગણીને ટેકો આપવાનું અને એવું પંચ નીમવામાં ન આવે તો મહેસૂલની આકારણી સામે શાંતિપૂર્વક વિરોધ કરવાના અને તેનાં બધાં પરિણામો સહન કરવાના — જેમાં જમીનની જપ્તીનો પણ સમાવેશ થઈ જાય છે — લોકોના બહાદુરીભર્યા નિર્ણયને ટેકો આપવાનું કહેવામાં આવ્યું છે.

વલ્લભભાઈએ આ સત્યાગ્રહને સ્વરાજ્ય માટેના સત્યાગ્રહથી જુદો પાડયો છે એ બરોબર જ છે. આ લડતને ઈ. સ. ૧૯૨૨માં બારડોલીએ ગણાવી હોત એવી સ્વરાજ્ય મેળવવા માટેની ના-કરની લડત તરીકે ગણાવી શકાય નહીં. આ સત્યાગ્રહનું ક્ષેત્ર મર્યાદિત છે; તેનો હેતુ કેવળ સ્થાનિક છે. એનો અર્થ સ્પષ્ટ છે જ. બારડોલીના ખેડૂતો માને છે કે તેમના ઉપર થયેલી આ અન્યાયી અને આપખુદ આકારણીનો પ્રતિકાર કરવાનો દરેક વ્યક્તિનો અધિકાર છે એટલું જ નહીં, પણ તેમ કરવું એ તેની ફરજ પણ છે. આ સત્યાગ્રહ અવશ્ય સ્થાનિક અને મર્યાદિત છે છતાં તેની સાથે આખા હિન્દુસ્તાનને સંબંધ છે; કારણ કે જે બારડોલી માટે સાચું છે તે દેશના ઘણા ભાગો માટે સાચું છે. આડકતરી રીતે આ લડતને સ્વરાજ્ય સાથે પણ લેવાદેવા છે; કારણ કે જે કંઈ પ્રજામાં અન્યાયનો પ્રતિકાર કરવાનું ભાન જગાડે છે, અને જે કંઈ તેનામાં શાંત અને સંયમપૂર્ણ પ્રતિકાર કરવાની શક્તિ પેદા કરે છે, અને તેમ કરતાં સામુદાયિક રીતે યાતનાઓ અને વિટંબણાઓ સહન કરવાની ટેવ પાડે છે તે પ્રજાને સ્વરાજ્યની વધારે નજદીક લઈ જાય છે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૮–૩–૧૯૨૮

## ૧૦૧. મ્યુરિયલ લેસ્ટરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૮, ૧૯૨૮

વહાલાં મ્યુરિયલ,

આ પત્ર શ્રીયુત રાજેન્દ્રપ્રસાદ દ્વારા તમને સુપરત કરવામાં આવશે. તેઓ મારા સહકાર્યકરોમાંના એક ઉત્તમ કાર્યકર્તા છે. તમે તેમને તમારી બધી પ્રવૃત્તિઓ દેખાડશો અને તેમની પાસેથી મારે વિશે અને આશ્રમ વિશે જે કંઈ જાણવું હોય તે જાણશો.

સસ્નેહ,

તમારો બાપુ

મિસ મ્યુરિયલ લેસ્ટર

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૬૫૫૬

Gandhi Heritage Portal

# ૧૦૨. સર ડૅનિયલ એમ. હૅમિલ્ટનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૯, ૧૯૨૮

પ્રિય ભાઈ,

આપણા બન્નેના મિત્ર રેવરન્ડ મિ. હૉજ મને જણાવે છે કે તમે મને ઘણા જ ભાવથી મોકલેલા હાથે વણેલા સ્કાર્ફની તેમ જ બૅન્કિંગ પદ્ધતિ વિશેના બે અભ્યાસપૂર્ણ નિબંધોની પહોંચ મેં તમને મોકલી નથી એવી ફરિયાદ તમે કરતા હતા. મને બરાબર યાદ છે કે જ્યારે હું બૅંગલોરમાં માંદગી પછી વિશ્રાંતિ લઈ રહ્યો હતો, ત્યારે તેને માટે આભાર માનતો ટૂંકો પત્ર મેં તમને મોકલ્યો છે. દેખીતી રીતે જ એ પત્ર ગેરવલ્લે[1] ગયો લાગે છે. તેથી કૃપા કરી આ પત્રને તમે જે પ્રેમભરી ભેટ મોકલી હતી અને તમે જે ખૂબ જ રસપ્રદ નિબંધો મોકલ્યા હતા તે બદલના આભારના પ્રતીક તરીકે સ્વીકારશો.

સ્કૉટલૅન્ડની બૅંકિંગ પદ્ધતિનું તમારું વર્ણન મને ખૂબ જ માહિતી આપનારું લાગ્યું. સ્ટૅટ્યુટરી કમિશન સમક્ષ તમે જે પુરાવો આપ્યો છે તેની નકલ હવે મને મળી છે. હું ચોક્કસ માનું છું કે એ વાંચતાં મને રસ પડશે.

તમારો સહૃદયી

સર ડૅનિયલ એમ. હૅમિલ્ટન
વૉરન હિલ
લોટન ઇસેક્સ
ઇંગ્લંડ

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૯૦૭

૧. જુઓ પુસ્તક ૩૪, પા. ૧૫૧.

Gandhi Heritage Portal

## ૧૦૩. પ્રેમલીલાબહેન ઠાકરસીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૯, ૧૯૨૮

વહાલાં બહેન,

તમારો પ્રેમાળ કાગળ મળ્યો છે. દાક્તરો હવાફેરનું તો કહેશે જ, પણ મારી લોભની વાત તો મેં તમને ઘણું કરીને કહી હશે. એ પ્રમાણે હવાફેર ને સાથે સાથે મારું કામ પણ કરી લેવાની ઇચ્છા રાખું છું અને તે દૃષ્ટિએ પત્રવ્યવહાર પણ ચલાવી રહ્યો છું. બાકી તમારા અતિથિ થવું મને અવશ્ય ગમે. સિંહગઢ હવાફેર કરવાને જવાનું થાય તો તમારું સ્મરણ કરીશ. મારી તબિયત સારી રહે છે.

**મોહનદાસના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૪૮૧૧; શ્રી પ્રેમલીલા ઠાકરસીના સૌજન્યથી

## ૧૦૪. રેવાશંકર ઝવેરીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૯, ૧૯૨૮

મુરબ્બી રેવાશંકરભાઈ,

ભાઈ મહાદેવને કાગળ લખવાનું તમને કહેલું તેમાં એક બાબત રહી ગયેલી એમ મને ધારતી છે. મહાદેવ અહીંયાં નથી કે તેને પૂછી શકું. દાક્તર અનસારી વિશે લખવાનો ઇરાદો હતો. દાક્તર અનસારી પોતે બહુ કુશળ માણસ છે એમાં શક નથી, પણ તેની પાસે પોતાની કંઈ ખાસ હિકમત આ વિષયમાં નથી પણ એક સ્વીસ દાક્તરના ઇલાજને એ માન આપે છે. એ ઇલાજ અનેક ઘોડાઓમાંથી ખેંચેલું સીરમ છે. એક નળીના તે એક હજાર પાઉન્ડ લે છે, પણ એ કંઈ બધાને જ લાગુ પડે છે એમ નથી. એ માણસની શોધ યુરોપના બધા દાક્તરો પ્રમાણ પણ નથી માનતા. મને લાગે છે કે આપણે તેમાં પડવાને કશુંયે કારણ નથી. એક સારા દાક્તરના હાથમાં તેને મૂકી દઈને આપણે શાંત થવું ઘટે છે.

મેં હમણાં દૂધ શરૂ કર્યું છે. મારી તબિયત સારી રહે છે.

**મોહનદાસના પ્રણામ**

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૧૨૭૮

Gandhi Heritage Portal

## ૧૦૫. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૧૦, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

તમારા બંને પત્રો મને મળ્યા છે. બહિષ્કાર વિશેના ઉત્તેજનાપૂર્ણ અહેવાલો વાંચ્યા પછી મારા મનમાં જે ભીતિ પેદા થઈ હતી, તેનું તે માત્ર સમર્થન જ કરે છે અને મને એ જાણીને દુઃખ થાય છે કે ડૉ. રાય જેવા પુરુષે, જે જાહેરનામું પૂરેપૂરું નકામું છે એવું પોતે જાણતા હતા તેમાં પોતાની સહી આપી છે.

તમારા લેખમાંની દરખાસ્ત મને ગમતી નથી. મને લાગે છે કે આપણે કોઈ પણ સંજોગોમાં, પરદેશી સૂતરના ઉપયોગની વાતમાં સંડોવાવું ન જોઈએ. આપણે આવી પ્રવૃત્તિઓને પોતાની મેળે જ ચાલવા દેવી જોઈએ અથવા તેનું નિયમન જેમને ખાદી પર જીવંત શ્રદ્ધા ન હોય એવા લોકો પર છોડવું જોઈએ. જો આપણે પરદેશી સૂતરનો ઉપયોગ કરવામાં પડી જઈશું તો તમે જોશો કે આપણે આપણી પ્રવૃત્તિની મૂળભૂત વાતનો ત્યાગ કરી દીધો હશે. આ બાબત વિશે તમે પૂરો વિચાર કરો; અને તેમને જરૂર હોય તો તમારી સહાય અને પ્રવૃત્તિ ખાદી પૂરી પાડવામાં જ મર્યાદિત કરો એમ ઇચ્છું છું. આપણી પોતાની મિલો પણ તેમની ઇચ્છા હોય તો અને તેમનામાં રાષ્ટ્રીય ભાવના વિકાસ પામી હોય તો તે આમાં સાથ આપી શકે. પણ આ ક્ષેત્રમાં પણ આપણી સંસ્થાએ ખૂબ જ સજાગ રહેવું પડશે.

હેમપ્રભાદેવી, નિખિલ અને તારિણી ગિરિડિહ ગયાં છે એ જાણીને મને આનંદ થયો. હેમપ્રભાદેવી તરફથી મને એક ખૂબ જ નિરાશાભર્યો પત્ર મળ્યો છે. તેમની પોતાની તબિયત પણ સારી ન હતી એમ સાંભળ્યું. મને તેમના સ્વાસ્થ્ય વિશે જે હોય તે કૃપા કરીને જણાવશો.

તમારો સહૃદયી
બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૧૫૮૭

Gandhi Heritage Portal

## ૧૦૬. ઈડા એસ. સ્કડરને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૧૦, ૧૯૨૮

બહેનશ્રી,

તમારા મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે તમે મને અને શ્રીમતી ગાંધીને યાદ કર્યાં તે બદલ હું તમારો આભાર માનું છું. જેમાં મારા નામે નિભાવાતો વૉર્ડ હોય, એવી કોઈ હૉસ્પિટલ કે સંસ્થા નથી એ જાણીને તમને નવાઈ લાગશે. જો તેવું કંઈ હોય, તો તેમાં દગો જ સમજજો. કારણ, મારી પાસે દાન આપવા માટે રાતી પાઈ પણ ન હોય, તો મારા નામને તે વૉર્ડ સાથે કેવી રીતે જોડી શકાય? જો મિત્રને હું વૉર્ડ કે બિછાનાં આપવા લલચાવી શકું, તો તેમનાં જ નામ તેમની સાથે જોડવાં જોઈએ. પરંતુ અત્યારે તો એવી કોઈ પણ વ્યક્તિ મારા ધ્યાનમાં નથી, જેને હું હૉસ્પિટલ માટે વૉર્ડ અર્પણ કરવાનું કહી શકું. મારી બધીયે લાગવગ ચરખા અર્પણ કરાવવામાં, અને કહેવાતા અસ્પૃશ્યોની સંસ્થાઓને સહાય આપવાનું કહેવામાં અથવા તો ગાય જેવાં મૂંગાં પશુઓ માટે પૈસા મેળવવામાં ખલાસ થઈ ગઈ છે.

તમારો સહૃદયી

મિસ ઈડા સ્કડર
વેલોર

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૦૯૩

## ૧૦૭. દુનીચંદને પત્ર

આશ્રમ, સાબરમતી,
માર્ચ ૧૦, ૧૯૨૮

પ્રિય લાલા દુનીચંદ,

તમારો પત્ર મળ્યો. કહેવત છે કે ધર્મની ગાયના દાંત ગણવાના ન હોય. તે મુજબ મારે તમારી શરતો સ્વીકારવી જોઈએ અને જેના ઉપર આશ્રમનો કાયદેસરનો અધિકાર હોઈ શકે, તે વ્યાજ[1] જતું કરવું જોઈએ. પરંતુ ખાતરી રાખજો કે શ્રીયુત કોઠારી મારા જેટલા ઉદાર નથી; અને તમે જો તેમને તમારું દેવું સમયસર ભરપાઈ નહીં કરો, તો તે તમારા ઉપર બરાબર વાણિયાશાહી વ્યાજ ચડાવે એવો પૂરો સંભવ છે અને તે કદાચ ચક્રવૃદ્ધિ વ્યાજની પણ માગણી કરે તો મને નવાઈ નહીં લાગે.

લાલા સૂરજભાનુ વિશે મને લાગે છે કે, તેઓ તેમનાં પત્ની સાથે અહીં આવે એ વાત અહીંનું વ્યવસ્થાપક મંડળ પસંદ નહીં કરે. તેમના નિર્ણય માટેનાં કારણો આપતો

૧. જુઓ "દુનીચંદને પત્ર", ૨૯–૨–૧૯૨૮.

Gandhi Heritage Portal

એક પત્ર તેમને રવાના થઈ રહ્યો છે. અને એ જો સાચું હોય, કે થોડા વખત બાદ તે સાઈકલ-પ્રવાસ ઉપર જવા માગે છે, તો આશ્રમ કોઈ આવા પ્રવાસ માટે તબિયત સુધારવાનું સ્થળ ભાગ્યે જ હોઈ શકે. આશ્રમનું સર્જન તો જેઓ રાષ્ટ્રની ઉન્નતિના કોઈ પણ નમ્ર કાર્યમાં ઉપયોગી થવા માગતા હોય અને સ્વીકારેલા કાર્યને પરિણામની દરકાર કર્યા સિવાય દૃઢતાપૂર્વક વળગી રહેતા હોય તેમને માટે કરવામાં આવ્યું છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૦૯૪

## ૧૦૮. ભૂપેન્દ્રનારાયણ સેનને પત્ર

આશ્રમ, સાબરમતી,
માર્ચ ૧૦, ૧૯૨૮

પ્રિય ભાઈ ભૂપેન,

તમારો પત્ર મળ્યો. હું ધારું છું કે તમારે માટે સારામાં સારો રસ્તો એ છે કે તમારે લોન ભરપાઈ કરી આપવી અને ત્યાર પછી ગ્રાન્ટ માટે અરજી કરવી અને આ ગ્રાન્ટનો એના પોતાના ગુણદોષ ઉપર વિચાર થવા દેવો. આવી ગ્રાન્ટ તમને મળે એવું મારું વ્યક્તિગત વલણ છે. પણ વ્યવસ્થાપક મંડળ જ્યાં સુધી આ પ્રશ્ન વિશે મને પૂછે નહીં ત્યાં સુધી તેના પર દબાણ ન કરવા મેં નક્કી કર્યું છે.

તમારી તબિયત સારી હશે એવી મને આશા છે.

તમારો સહૃદયી

શ્રીયુત ભૂપેન્દ્રનારાયણ સેન
ઈ–૭૬, કૉલેજ સ્ટ્રીટ માર્કેટ
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૧૦૦

Gandhi Heritage Portal

## ૧૦૯. ડૉ. બિધાનચંદ્ર રૉયને પત્ર

આશ્રમ, સાબરમતી,
માર્ચ ૧૦, ૧૯૨૮

પ્રિય ડૉ. રૉય,

આ બિલ[1] શેનું છે અને જો તે હું ચૂકવું એમ તમે આશા રાખતા હો તો મારે એ શેમાંથી ચૂકવવું? કારણ હું પોતે જાહેર દાન ઉપર જીવું છું. આશ્રમના ભંડોળને હું ખાનગી હેતુ માટે વાપરી શકું નહીં. આશ્રમના પ્રત્યેક અંતેવાસી માટે જો હું નિષ્ણાતોની સહાય અને સલાહની જોગવાઈ ન કરી શકું તો, મારે માટે એ લેવી એ કંઈ [નાનોસૂનો] વૈભવ ન ગણાય. પણ ૪૬ રૂપિયા અથવા કાંઈ પણ નાની રકમ પણ મારે મારા લોહીના અથવા શરીરના કોઈ પણ ભાગના પૃથક્કરણ માટે કાઢી આપવી એ તો જુલમ જ ગણાય. તેથી જો આ બિલ આપવાનું જ હોય તો તેની ચુકવણી તમારા ઉદાર ગજવામાંથી જ થવી જોઈએ.

તમારો સહૃદયી

ડૉ. બિધાન રૉય
૩૬, વેલિંગ્ટન સ્ટ્રીટ
કલકત્તા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૧૦૨

## ૧૧૦. એ. એસ. મન્નાડી નાયરને પત્ર

આશ્રમ, સાબરમતી,
માર્ચ ૧૦, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો છે. મેં તે ડૉ. રૉયને મોકલ્યો છે અને તેની સાથે જે પત્ર[2] લખ્યો છે તેની નકલ આ સાથે બીડી છે. મારી સામે જે નૈતિક મુશ્કેલી આવીને ઊભી રહી છે તેની તમે કદર કરશો. દુનિયામાં હું સમૃદ્ધમાં સમૃદ્ધ વ્યક્તિ છું એવો જોકે મેં દાવો તો કર્યો છે, છતાં સાથે સાથે તમે મારી ભીષણ ગરીબાઈ સમજી શકશો. હું સ્વીકારી લઉં છું કે મારા અને ડૉ. રૉયના વ્યવહારમાં તમારે સહન કરવું પડે એમ ન થવું જોઈએ. તેમની પાસેથી કે કૅપ્ટન બસુ પાસેથી તમને રાહત ન મળે, તો આ પ્રસંગ ઉપરથી તમે એવો બોધપાઠ લેજો કે મહાત્માઓ અથવા તેમના નામનો ઉપયોગ કરનારાઓ સાથે તમારે કોઈ સંબંધ રાખવો નહીં. મહાત્માઓ

૧. જુઓ આ પછીનો પત્ર.
૨. જુઓ આ પહેલાંનો પત્ર.

Gandhi Heritage Portal

તો આ ખૂબ ભારથી દબાયેલી પૃથ્વી ઉપર વધારે ભારરૂપ થતા ખૂબ જ લપસણા ઘરાકો હોય છે.

તમારો સહૃદયી

શ્રીયુત એ. એસ. મન્નાડી નાયર
પ્રોફેસર ઑફ બાયોકેમેસ્ટ્રી
મદ્રાસ મેડિકલ કૉલેજ
મદ્રાસ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૧૦૧

## ૧૧૧. જૉન હેન્સ હોમ્સને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૧૦, ૧૯૨૮

ભાઈશ્રી,

રાહતફંડ માટેના ૧૦ ડૉલરના તમારા વધુ દાનની હું ફરીથી પહોંચ સ્વીકારું છું. આ બધી રકમો રાહતફંડ સમિતિના મંત્રીને મોકલી દેવામાં આવી છે. પરંતુ, હું આશા રાખું છું કે આ રકમોના દાતાઓનો તેમની ઉદારતા માટે આભાર માનવાની અને તેમના પ્રત્યે મારી આભારવૃત્તિ પ્રગટ કરવાની તમે કંઈક વ્યવસ્થા કરી જ હશે.

અહીંની સામાન્ય પરિસ્થિતિ વિશે હું તમને એટલી જ ચેતવણી આપી શકું કે તમે વર્તમાનપત્રોના અહેવાલો પરથી કયાસ ન બાંધશો. કમિશન ઊંધે રસ્તે દોરે છે. તે સામે અહીં ઉગ્ર વિરોધ જરૂર છે પણ અસરકારક અહિંસક સામનો કરવા હજી અમે પૂરતા સંગઠિત નથી. આમ છતાં મને પૂરેપૂરી ખાતરી છે કે એવો પ્રતિકાર અનિવાર્ય છે અને તે ગણતરીના દિવસોમાં આવી રહ્યો છે.

તમારો સહૃદયી

રેવરન્ડ જૉન હેન્સ હોમ્સ
૧૨ પાર્ક એવિન્યૂ ઍન્ડ ૩૪મી સ્ટ્રીટ
ન્યૂયૉર્ક સિટી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૫૧૮૧

Gandhi Heritage Portal

# ૧૧૨. રામીબહેન ગાંધીને પત્ર

સત્યાગ્રહાશ્રમ,
સાબરમતી,
માર્ચ ૧૦, ૧૯૨૮

ચિ. રામી,

આ વખતે કાગળ આવ્યા ખરો. તમારી બધાંની તબિયત સરસ રહેતી હશે. આવતી કાલે ચિ. કુમી આવે છે. તુલસીદાસ મુંબઈ જશે.

ચિ. દેવદાસ દિલ્હી ગયો છે. મારી તબિયત ઠીક રહે છે. છોકરાંઓને મારવાની અને ખિજાવાની ટેવ કાઢી નાખવી. રમાડીને તેઓની પાસેથી ઘણું કામ લઈ શકાય. ખાવાપીવાની ટેવ નિયમસર હોવી જોઈએ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: એસ. એન. ૯૭૦૮

# ૧૧૩. નોંધ

## સદ્‌ગત રમણભાઈ

સર રમણભાઈ ગુજરાતને રડતી મૂકીને ચાલી નીકળ્યા છે. રમણભાઈ એટલે ગુજરાતના આધુનિક જીવનનો ઇતિહાસ. રમણભાઈ એટલે સંસારસુધારો. રમણભાઈ ગરીબના બેલી હતા. અમદાવાદના શહેરી જીવનમાં તેઓ ઓતપ્રોત રહેતા. ગુજરાતી ભાષાની તેમની સેવા ઊંચા પ્રકારની હતી. તેમની શુદ્ધ નીતિની અસર તેમના સંબંધમાં આવનારની ઉપર પડ્યા વિના રહેતી જ નહીં. રમણભાઈનો વિનોદ તેમનાં પુસ્તકોમાં નીતરી આવે છે, પણ તેમણે જિંદગીને વિનોદ રૂપે નહોતી જોઈ. જિંદગીને તેમણે કર્તવ્યપરાયણ કરવામાં તેની સાર્થકતા માની. કોઈ પણ શુભ કામમાં રમણભાઈની મદદ હોય જ. દેશહિતના કામમાં તેમનો ફાળો પૂરતો જ મળે.

જે જે વસ્તુને રમણભાઈએ સેવારૂપ માની હોય, તેમાં પોતાનું શરીર કસી નાખવામાં તેમણે કદી પાછું પગલું નથી ભર્યું. પોતાની સખત માંદગીમાં પણ અને રાજ્યપ્રકરણમાં પૂરો મતભેદ હોવા છતાં તેમણે વલ્લભભાઈની મ્યુનિસિપાલિટીની સેવાની કિંમત જાણી હતી, ને તેમને પ્રસંગો પડતાં પૂરી મદદ દેતાં ચૂકયા જ નથી. અમદાવાદની જાહેર સંસ્થાઓ એવી ભાગ્યે જ હશે કે જેણે રમણભાઈના નામની ઇચ્છા ન રાખી હોય.

આવા ગુજરાતના રત્નનો વિયોગ તેમનાં કુટુંબીઓને જ સાલે એમ નથી, પણ એ વિયોગદુ:ખમાં ગુજરાત આખી ભાગીદાર છે.

આજકાલ રૂઢિ એવી થઈ ગઈ છે કે જે રાજ્યપ્રકરણમાં અને તેમાંયે જે જલદ રાજ્ય-પ્રકરણમાં ભાગ ન લેનારા હોય તેમની શાંત, અદૃષ્ટ સેવાની કિંમત ઓછી અંકાય છે. મારો નમ્ર મત છે કે આ ભૂલ છે. કાળ તો એ ભૂલ સુધારી લેશે. જે માણસ એક પણ વિધવાનાં



Gandhi Heritage Portal

આંસુ લૂછે છે, જે એક પણ બાળાને લગ્નના નામે ઓળખાતા પશુયજ્ઞમાંથી બચાવી લે છે, જે એક પણ અંત્યજની નિઃસ્વાર્થ સેવા કરે છે, તે દેશની અને સમાજની શુદ્ધ સેવા કરે છે, ને સંભવ છે કે મહાધુરંધર રાજ્યપ્રકરણી યોદ્ધાની લડત ભુલાઈ જશે, ત્યારે આવી ખૂણેખાંચરે થતી સેવા ફળ આપ્યા જ કરતી હશે. જે સેવાની પાછળ તાળીના અવાજ નથી પણ જેની પાછળ પ્રભુના આશીર્વાદ છે, તે સેવા તો ખરી છે જ. આવી સેવા રમણભાઈની હતી. તાળીના અવાજો પણ તેમને ભાગે આવ્યા હતા. પણ રમણભાઈને જેની કોઈ દહાડો દરકાર નહોતી તેનું વર્ણન શું? રમણભાઈ તો વીર યોદ્ધા હતા. જુવાનિયાઓની કિકિયારી અને સિસોટી વચ્ચે પણ પોતાના વિચાર ને પોતાના સ્થાનને વળગી રહેતાં તેમને કોણે નથી જોયા? એમના ગુણો આપણામાં ઊતરો એમ આપણે પ્રાર્થના કરીએ.

## લૉર્ડ સિંહા

લૉર્ડ સિંહાના અવસાનથી ભારતવર્ષને ભારે ખોટ ગઈ છે. લૉર્ડ સિંહા ભારતવર્ષના એક સ્તંભ હતા. પોતાની બુદ્ધિના બળથી તે મોટામાં મોટા હોદ્દાને પહોંચી શક્યા હતા. અસહકારના યુગમાં તે હોદ્દાની કિંમત હવે બહુ રહી નથી એ ખરું, પણ તે હોદ્દો મળતાં જે શક્તિની આવશ્યકતા હતી, તે શક્તિની બૂજ તો આજે પણ છે. લૉર્ડ સિંહા તે હોદ્દાઓ ગોતવા નહોતા ગયા, પણ તે તે હોદ્દાઓ તેમને ગોતવા નીકળ્યા હતા એમ કહેવાય. પણ હું તેમણે જુદે જુદે વખતે ભોગવેલા મોટા મોટા હોદ્દાઓ વિશે અહીં લખવા નથી ઇચ્છતો. તે તો બીજાં અખબારોમાંથી વાંચનારે જાણી લીધું હશે. તેમની સાથેના મારા પરિચયની થોડી નોંધ આપી દેવા ઇચ્છું છું.

લૉર્ડ સિંહાનાં પ્રથમ દર્શન મને ૧૯૧૫ની મહાસભામાં થયાં. આ મારો બીજી મહાસભાનો અનુભવ હતો. આ મહાસભામાં તો મને તેમની હોશિયારીનો જ પરિચય થયો હતો. તેમના ભાષણની વિદ્વત્તા તો સહુને ગમી હતી. સામ્રાજ્યની તેમની ટીકા વજનદાર હતી. મહાસભા સમિતિમાં તેમની કામ લેવાની પદ્ધતિ સહુને ગમતી હતી.

તેમની બુદ્ધિનું અનુકરણ આપણે બધા ન કરી શકીએ. પણ જે ગુણનું અનુકરણ કરી શકાય તેવા એક ગુણની ઝાંખી મેં તેમના માનમાં થયેલા મેળાવડામાં કરી, તે ગુણ તેમની નમ્રતા.

પણ આ નમ્રતાની વધારે ઝાંખી મેં દેશબંધુ દાસ સ્મરણાર્થે થયેલા ફાળા વખતે કરી હતી. તે ફાળાની ઉત્પત્તિમાં જો તેમનું નામ મળે તો સારું એમ અમને સહુને લાગેલું. બધા પક્ષોના લોકોને લાગ્યું કે તેમનું નામ મળે તો ફાળો વધારે સારી રીતે થઈ શકશે, ને બધા પક્ષોના માણસો તેમાં સહેજે આવશે. તેમને ત્યાં જવાવાળાઓમાં હું પણ હતો. તેમની શરીર-પ્રકૃતિ આ વેળા બહુ સારી નહોતી, પણ જ્યારે જ્યારે જરૂર પડતી ત્યારે તેઓ મળતા. પોતાનું નામ ખુશીથી આપ્યું, ને પોતાનાથી બને તે મદદ કરવાનું કહ્યું. પ્રસંગોમાં તેમની નમ્રતા, તેમનો વિનય, તેમની મોટાઈનું મને બહુ સારું ભાન થયું, ને મેં જોયું કે આ ગુણ આપણા બધા વડીલોમાં હોય તો ભારતવર્ષ વધારે દીપે. મેં જોયું કે તેઓ માનના ભૂખ્યા નહોતા, પણ બીજાને માન આપવા સદા તત્પર હતા. જેને માન ન જોઈએ તે જ માનને લાયક હોય છે, અધિકારને ઠેલનારને અધિકાર વળગે છે. આવી સુંદર સ્થિતિ લૉર્ડ સિંહાની હતી. એ વિનય ને નમ્રતા આપણા બધામાં ઊતરો.

[મૂળ ગુજરાતી]

**नवजीवन**, ११–३–१९२८

Gandhi Heritage Portal

## ૧૧૪. અંત્યજોની હૂંડી કોણ સ્વીકારશે?

આ હૂંડી વહેલી બહાર પડવી જોઈતી હતી. પણ માંદાનો કારભાર પણ માંદો જ ચાલે એ ન્યાયે આ હૂંડીને પ્રગટ કરતાં ઢીલ થઈ છે. તેથી જેઓ હૂંડી સ્વીકારવા તૈયાર હોય તેઓ વ્યાજસહિત નાણાં ભાઈ મૂળચંદ પારેખને મોકલશે એવી ઉમેદ છે. અંત્યજસેવા કંઈ બધા હિંદુઓને ભાવતી નથી. તેથી જેઓ અસ્પૃશ્યતાને હિંદુ ધર્મના રોગરૂપે ઓળખતા થયા છે તેમની આમાં મદદ દેવાની બેવડી ફરજ છે એ નહીં ભુલાય, એવી ઉમેદ રાખું છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૧–૩–૧૯૨૮

## ૧૧૫. જેન હાવર્ડને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૧૨, ૧૯૨૮

પ્રિય બહેન,

તમારો લાંબો પત્ર મળતાં મને ઘણો આનંદ થયો. શ્રીમતી ગાંધી વિશે તેમ જ આત્મકથાનાં[1] પ્રકરણોમાં મેં વર્ણવેલા દુ:ખદ પ્રસંગ વિશે તમે જે કહો છો તેના શબ્દ શબ્દને હું મારી સંમતિ આપું છું. અલબત્ત, તમે એવી કલ્પના નથી કરી કે એ ક્રૂરતાનું સ્મરણ કરતાં હું ગર્વ લઉં છું અથવા તો આજે પણ હું એવી ક્રૂરતા કરી શકું તેમ છું. પરંતુ મારો એવો ઈરાદો હતો કે લોકો મને એક નમ્ર શાંતિચાહક માણસ તરીકે ઓળખતા હોય તો તેમણે એ પણ જાણવું જોઈએ કે એક વખત હું નર્યો પશુ થઈ શક્યો હતો, જોકે સાથે સાથે હું એક પ્રેમાળ પતિ હોવાનો પણ દાવો કરતો હતો. એક વખત મારા એક મિત્રે મને પવિત્ર ગાય અને વિકરાળ વાઘના મિશ્રણ તરીકે વર્ણવ્યો હતો તે સબળ કારણ વિના નહોતું.

એક વખત તમે વિચાર્યું હતું તે મુજબ જો તમે તમારો સુંદર પત્ર બાળી નાખ્યો હોત તો તે ઘણું જ ખેદજનક લેખાત. તમે મને સહેજ પણ અવિનયી કે અસભ્ય લાગ્યાં નથી. પણ ખૂબ જ સ્વાભાવિક અને તેથી પ્રેમાળ જ લાગ્યાં છો. હું ખરેખર ઈચ્છું છું કે તમારા પ્રિય ભાઈ સાથે હું વધારે ઘનિષ્ઠ સંબંધ સાધી શક્યો હોત તો સારું હતું, પણ એમને ચાહી શકું અને તેમની ઊંચી લાયકાતની કદર કરી શકું એટલો તો હું તેમને જરૂર પિછાનતો હતો.

તમારો સહૃદયી

મિસ જેન હાવર્ડ
'રોઝમેરી'
૫૦, પૅન્ડોરા રોડ
મેલ્વર્ન
જોહાનિસબર્ગ (ટ્રાન્સવાલ દક્ષિણ આફ્રિકા)

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૧૯૬૭

૧. જુઓ આત્મકથા ભાગ ૪, પ્રકરણ ૧૦.

Gandhi Heritage Portal

# ૧૧૬. બી. ડબલ્યુ. ટકરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૧૨, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમે મારાં મંતવ્યો સામે જે દલીલ કરી રહ્યા છો, તેની રીત મને ગમે છે. આપણા વચ્ચેનો મતભેદ હું ઓરિસ્સામાં પણ કળી ગયો હતો. મારે મન વ્યક્તિગત અને સામાજિક પરિસ્થિતિ વચ્ચે ફરક નથી. સાથે સાથે જે પ્રકારનું સમાધાન તમે સૂચવ્યું છે તે માટે પણ પૂરતો અવકાશ માત્ર એટલા કારણસર છે કે હું મારી વ્યક્તિગત વર્તણૂકમાં પણ આદર્શોની બાબતમાં હમેશાં સમાધાનશીલ રહ્યો છું, અને તે કેવળ એટલા માટે નહીં કે એ મને પસંદ હોય છે, પણ એટલા માટે કે સમાધાન અનિવાર્ય બન્યું હોય છે. અને તેથી સામાજિક અને રાજકીય બાબતમાં હું માનું છું તે આદર્શોનું સંપૂર્ણ પાલન કરવા મેં કદી જબરદસ્તી કરી નથી. એવા પ્રસંગો હમેશાં આવે છે કે જેમાં માણસે કહેવું પડે છે કે આટલે સુધી, એથી આગળ નહીં, અને આવા પ્રત્યેક પ્રસંગે માણસે પ્રસંગના ગુણદોષને લક્ષમાં લઈને ભેદરેખા દોરવી પડે છે. સાધારણ રીતે કહીએ તો જ્યાં કોઈ હિલચાલનું એકંદર પરિણામ ખરાબ રહ્યું છે ત્યાં અસહકારને મેં એક માત્ર ઇલાજ માન્યો છે; અને જ્યાં એકંદર પરિણામ માનવજાતના કલ્યાણમાં હોય ત્યાં સમાધાનને આધારે સધાતા સહકારને મેં સૌથી ઇચ્છનીય વસ્તુ ગણી છે. અત્યારે જો હું કેટલીક રાજકીય હિલચાલોથી મારી જાતને અલગ રાખતો દેખાતો હોઉં, તો તેનું કારણ એ છે કે તેમનું વલણ સ્વરાજ્યને નજીક લાવનારું નહીં, પણ એમાં વિલંબ કરવા તરફનું રહ્યું છે. એવું બને કે મારા નિર્ણયમાં મેં ભૂલ કરી હોય. એમ હોય તો તે તદ્દન સ્વાભાવિક છે, કારણ કે હું મારી જાતને ભૂલથી પર માનતો નથી. ગઈ લડાઈમાં ભાગ લેવા વિશેના આત્મકથાના તાજેતરના પ્રકરણમાં[1] મેં જે વિચારો લંબાણથી વ્યક્ત કર્યા છે, તેમાં તમે કદાચ આ મુદ્દાને કાંઈક લંબાણથી સમજાવેલો જોશો. તમારા કોયડાનો ઉકેલ હું આપી ન પણ શકયો હોઉં. છતાં હવે તમારા પ્રશ્નનો જવાબ મેં આપ્યો છે કે નહીં તે મને જણાવશો.

ઍન્ડ્રૂઝ અહીં છે અને તે થોડા વધારે દહાડા અહીં રોકાશે. તમે અહીં થોડા દહાડા આવી શકો અને થોડા દહાડા શાંતિપૂર્વક મારી સાથે ગાળો તો કેવું સારું! જો એમ થઈ શકે તો તમારા પત્રોમાં જે કેટલાક અગત્યના પ્રશ્નો તમે ઉપાડો છો તેની ચર્ચા પણ કરી શકીએ. છતાં એનો અર્થ એવો તો નથી જ કે પત્રવ્યવહાર દ્વારા એ પ્રશ્નો તમે ચર્ચી ન શકો. જરૂરી લાગે ત્યાં સુધી અવશ્ય ચર્ચા કરશો.

તમારો સહૃદયી

બી. ડબલ્યુ. ટકર
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૦૪

૧. જુઓ આત્મકથા, ભાગ ૪, પ્રકરણ ૩૮.

Gandhi Heritage Portal

# ૧૧૭. જે. બી. કૃપાલાનીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ
સાબરમતી,
માર્ચ ૧૨, ૧૯૨૮

પ્રિય પ્રોફેસર,

સંઘના મંત્રીના પહેલી માર્ચના પત્ર બાબતમાં હું એમ કહેવા માગું છું કે આપણા માર્ગમાં ગમે તેટલી મુશ્કેલી હોય છતાં, આપણું લક્ષ્ય, સામાન્ય બજારમાં પોતાનું સૂતર લાવનાર કાંતનારાઓની સંપૂર્ણ યાદી મેળવવાનું હોવું જોઈએ. ખુદ આ પ્રવૃત્તિ માટે એ ખૂબ જ જરૂરી છે એમ હું માનું છું. જો આપણે આ કાંતનારાઓની ખરેખર સેવા કરવા ઇચ્છતા હોઈએ, તો આપણે તેમની સાથે સીધો સંપર્ક સાધવો જ જોઈએ. તેમ કરવામાં થોડો વખત લાગે પરંતુ જ્યાં સુધી આપણા કાંતનારાઓને આપણે ઓળખીએ નહીં, તેમના પોતાના ઘરમાં તેમને ઓળખીએ અને તેઓ કેવી રીતે કામ કરે છે તે જોઈએ નહીં, તેઓ પોતાનું રૂ ક્યાંથી મેળવે છે અને કાંતણ સિવાયનો તેમનો બાકીનો વખત તેઓ કેવી રીતે ગાળે છે તેની તથા બીજી એવી બાબતોની ખબર રાખીએ નહીં, ત્યાં સુધી આપણું કાર્ય અધૂરું છે. જેમ આપણે હિસાબ રાખવો કે ન રાખવો એ બાબતમાં અથવા આપણને મળતા સૂતરની ગુણવત્તા અને જથ્થો જાણવા બાબતમાં કાર્યકરો ફાજલ પાડવા ન પાડવાનો પ્રશ્ન ઉપસ્થિત નથી કરતા, તેમ આપણે જો આ બાબતને આપણા કાર્યનો એક આવશ્યક ભાગ લેખીશું, તો તેને માટે કાર્યકરો ફાજલ પાડવા કે ન પાડવાનો પ્રશ્ન ઊભો થશે નહીં. આ બાબતનાં તમને વિશેષ લખવાનો અત્યારે મારી પાસે સમય નથી. બીજી બધી બાબતમાં હું કૃષ્ણદાસ દ્વારા જ તમને લખું છું. કાર્યક્ષેત્ર બાબતમાં હવે તકલીફ નહીં હોય એમ હું આશા રાખું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : ૧૩૧૦૫

Gandhi Heritage Portal

## ૧૧૮. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૧૨, ૧૯૨૮

પ્રિય બહેન,

તમારા બધા પત્રો મને મળ્યા છે.

હવે તમારી તબિયત સારી હશે. કદાચ ન પણ હોય તોપણ હું ઇચ્છું છું કે તમે સ્વસ્થ રહેજો. ઈશ્વરની તો એવી આજ્ઞા છે કે "આપણે દુ:ખથી ઉદ્વેગ ન પામીએ અને સુખની સ્પૃહા ન કરીએ."[૧] અને આવા જ પ્રસંગે આપણે આપણા અભ્યાસનો ઉપયોગ કરવાનો છે; એ જ એનો સાચો ઉપયોગ છે. તમારે અનિલના દેહનું સ્મરણ છોડવું જોઈએ. એ દેહ પંચતત્ત્વનો બનેલો હતો અને એ પંચમહાભૂતોમાં ફરી ભળી ગયો છે. છતાં તેમાં વસેલો આત્મા તો અમર જ છે. તો પછી ચિંતાનું શું કારણ છે? મીરાંબાઈની માફક આપણે પણ કહીએ: "જે બનવાનું હોય તે ભલે બને." બધું રામ જ કરે છે એમ સમજી સંતોષ માનીએ. તુલસીદાસજીના ગ્રંથમાંથી રામનામનો મહિમા ધ્યાનપૂર્વક વાંચતાં રહો. એક નામને જ આધારે આપણે જીવીએ અને એનો જ જપ જપતાં જપતાં આપણે મરીએ એ જ પ્રાર્થના હમેશાં કરતાં રહો.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: જી. એન. ૧૬૫૫

## ૧૧૯. અજમલ જામિયા ફંડના કોષાધ્યક્ષને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૧૩, ૧૯૨૮

માનદ્ કોષાધ્યક્ષ
અજમલ જામિયા ફંડ
૩૯૫/૯૭ કાલબાદેવી રોડ
મુંબઈ

**વિષય: અજમલ જામિયા ફંડ, તમારો ૧૦મી માર્ચનો પત્ર**

ભાઈશ્રી,

તા. ૩જી માર્ચના મારા પત્રનો તમે હજી ઉત્તર આપ્યો નથી એ લખતાં મને દુ:ખ થાય છે. દિલ્હીની જામિયા મિલિયાના શ્રી ઝાકીર હુસેનને ઉપરોક્ત કોષને માટે જે રકમ દાનમાં મળી છે તથા જે તેમણે દિલ્હીની સેન્ટ્રલ બૅન્કમાં જમા કરાવી છે, તેની તમને મોકલેલી યાદીની

૧. ભગવદ્ગીતા ૨, ૫૬.

Gandhi Heritage Portal

એક નકલ તેઓ શેઠ જમનાલાલજીની સૂચના અનુસાર અમને પણ મોકલતા રહ્યા છે. તેમની પહેલી યાદી અમે ૮મી માર્ચના યંગ ઇન્ડિયામાં પ્રસિદ્ધ કરી છે. એમણે રૂ. ૧,૪૯૨-૧૩-૦ની બીજી એક યાદી અમને મોકલી છે, જે અમે યંગ ઇન્ડિયાના આવતા અંકમાં પ્રસિદ્ધ કરવાના છીએ. એ યાદીમાં તમે ચાલુ મહિનાની તારીખ ૩જી તથા ૧૦મીએ મોકલેલાં નામો અમે ઉમેર્યાં છે. યંગ ઇન્ડિયામાં અત્યાર સુધી પ્રસિદ્ધ થયેલાં નામોની યાદી હું તમને હિસાબના ચોપડા સાથે સરખાવી જોવા વિનંતી કરું છું અને તેમાં કંઈ ભૂલ રહી જવા પામી હોય, તો તે તમે અમને સમયસર જણાવશો જેથી હવે પછીના યંગ ઇન્ડિયાના અંકમાં તેને સુધારી લઈ શકાય. ઝાકીર હુસેન દ્વારા વખતોવખત જે નામોની યાદીઓ મોકલવામાં આવે છે, તે અમે પ્રસિદ્ધ કરી શકીએ કે કેમ તે બાબતમાં પણ અમને સલાહ આપવા વિનંતી છે અથવા એમ ન કરવું હોય તો તમે જ એ યાદી અમને સોમવાર કરતાં વધારે મોડી ન મળે એ રીતે મોકલી આપશો?

યંગ ઇન્ડિયામાં અગાઉ રૂ. ૧,૨૫૪-૦-૦ની રકમની અમે સ્વીકૃતિ દર્શાવ્યા પછી, ૩જી માર્ચે તમે મોકલેલી ટીપ મુજબ રૂ. ૧,૫૧૯-૦-૦ની રકમ તમે કેવી રીતે મેળવી શક્યા છો તે સમજી શકાતું નથી.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૯૧૧

## ૧૨૦. આપણી મિલો શું કરી શકે?

આપણા ઇતિહાસના આ કટોકટીના પ્રસંગે આપણે કાંઈક પણ ખરું બળ દાખવવું જોઈએ એમ દરેક જણ બહુ ઇચ્છે છે. અને દિવસે દિવસે દીવા જેવું ચોખ્ખું દીસતું જાય છે કે કેવળ વિલાયતી કાપડના જ નહીં પણ વિદેશી કાપડમાત્રના બહિષ્કાર દ્વારા જ આ બળ મેળવી શકાય અને દાખવી શકાય. આ બહિષ્કારમાં આપણી મિલો અગત્યનો ભાગ ભજવી શકે, અરે, જો તેઓ ધારે તો પરિણામ વિશે પ્રશ્ન જ ન રહે એવો ભાગ ભજવી શકે.

આજ નહીં તો કોઈક દહાડો તો તેમણે આ પરદેશી સરકાર અને પ્રજા બેનાંથી એકનો જ પક્ષ સ્વીકાર્યે છૂટકો છે. મિલોની હસ્તીનો ઘણો આધાર સરકારની કૃપા નહીં તો ઉદાસીનતા ઉપર તો છે જ. થૉરોએ સત્ય જ કહ્યું છે કે દુષ્ટ સરકારના રાજ્યમાં ધનવાન હોવું એ પાપ છે, અને ગરીબાઈમાં ગુણ છે. પૈસાદારનો પૈસો, સારું કે નરસું જે રાજ્ય હોય તેના જ તાબામાં હમેશાં છે.

પણ જો મિલોની હસ્તીનો આધાર સરકારની ઉદાસીનતા કે કૃપા ઉપર છે, તો તેટલે જ દરજ્જે તેનો આધાર પ્રજાની ઉદાસીનતા કે કૃપા ઉપર પણ છે. પ્રજા જ્યાં સુધી અજ્ઞાન, ગાફેલ કે છિન્નભિન્ન હોય ત્યાં સુધી પ્રજાની દરકાર ન કરવી મિલોને પોસાય. પણ પ્રજાનાં છેલ્લાં સાત વર્ષો કંઈ એળે નથી ગયાં. આખી પ્રજામાં જે જાગૃતિ વ્યાપી છે તે કદી બુઝાવાની નથી. પ્રજા ક્યારે અને કેવા રૂપે પોતાની શક્તિ દાખવશે તે કોણ કહી શકે?

છતાં મિલોની સ્થિતિ એવી છે કે તેઓ ધારે તો ઘણું કરી શકે. થોડી હિંમત, દેશના સાચા હિત માટે થોડી લાગણી અને થોડો આપભોગ જો તેઓ બતાવે, તો તેઓ સરકારની તેમ જ

Gandhi Heritage Portal

પ્રજાની બંનેની સેવા કરી શકે તેમ છે. તેઓ સરકારની દૃષ્ટિ પલટાવી શકે, અને પ્રજાની લડતને આગળ ધપાવી શકે.

મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે આ બંને કાર્યો સાધવાનાં અનેક સાધનો છે. તે આ રહ્યાં:

૧. ધમધોકાર નફાનાં અને ખોટનાં એવાં અમુક વર્ષોની ઓછામાં ઓછી સરેરાશ કાઢી, તેઓ અમુક ભાવ નક્કી કરી નાખે.

૨. બહિષ્કારનો પ્રબંધ કરનારા નેતાઓ સાથે મળીને મસલત કરી પ્રજાને માટે કેવી જાતનો અને કેટલો માલ જોઈએ તે નક્કી કરે.

૩. ખાદી કાર્યાલયો જે પ્રકારનો માલ સહેલાઈથી અને તુરતાનુરત ઉત્પન્ન કરી શકે તેમ હોય તેવો માલ ઉત્પન્ન કરવાનું તેઓ બંધ કરે, અને તેમ કરીને જે જાતનો માલ આજે તેઓ ખાદી કાર્યાલયના કરતાં વધારે સહેલાઈથી તૈયાર કરી શકે છે તે તૈયાર કરવા માટે પોતાની શક્તિને છૂટી કરી શકે છે.

૪. અમુક નફાથી વધારે ન કરવો એમ નક્કી કરે, અને કોઈ વખતે તેથી વધારે નફો થાય, તો તેનો ઉપયોગ બહિષ્કારનું કાર્ય પાર પાડવા અર્થે, અથવા તે કાર્ય માટે જરૂર ન હોય તો મજૂરોની સ્થિતિ સુધારવા અર્થે કરે.

આનો અર્થ એ કે સાંગોપાંગ પ્રામાણિકપણું, ખંત, પરસ્પર વિશ્વાસ તથા મજૂર, મિલવાળા અને ઘરાક વચ્ચે સ્વેચ્છાબદ્ધ અને પ્રત્યેકને માનભરી એવી ત્રિપુટી સધાવી જોઈએ. એનો અર્થ એ પણ છે કે વિશાળ પાયા ઉપર સંગઠન બાંધવાની શક્તિ આવવી જોઈએ. જો અહિંસાને માર્ગે આપણે વિદેશી કાપડનો બહિષ્કાર સિદ્ધ કરવો હોય તો ઉપર મેં ગણાવી તે બધી પરીક્ષામાંથી વહેલું કે મોડું પાર ઊતર્યે જ છૂટકો છે.

મારા નમ્ર મતે તો આપણે આ કાર્ય માટે સંપૂર્ણ લાયકાત ધરાવીએ છીએ. આ ઉદ્દેશ પાર પાડવાને આવશ્યક સંગઠન કરનાર સંસ્થા તો આપણી પાસે જ પડી છે. પ્રશ્ન એટલો જ છે કે એ બધું સાધવાનો સંકલ્પ આપણે કર્યો છે? આ કાર્યને માટે જોઈતી વિશાળ દૃષ્ટિ કે સ્વદેશપ્રીતિ મિલમાલિકોમાં છે? જો તેમનામાં હોય તો તેઓ પહેલ કરી શકે છે.

પણ મારી જે માન્યતા છે તે ફરી એક વાર કહી જાઉં: બહિષ્કાર તત્કાળ પાર ઉતારવો હોય તો ખાદી અને ખરી સ્વદેશી મિલની વચ્ચેનો સહકાર ઇષ્ટ છે, પણ અનિવાર્ય નથી. ખરી સ્વદેશી મિલ એવો પ્રયોગ કરું છું તેનું કારણ હિંદુસ્તાનમાં સ્વદેશી કહેવાતી પણ શુદ્ધ પરદેશી મિલો પણ છે કે જે દેશમાં છે માટે જ સ્વદેશી કહેવાય છે, બાકી તેના ભાગીદારો, સંચાલકો તથા તેની પાછળ રહેલી દૃષ્ટિ સંપૂર્ણ રીતે નહીં તોપણ મુખ્યત્વે વિદેશી જ છે.

હવે, જો ખરી સ્વદેશી મિલો પરદેશી કાપડના બહિષ્કારમાં આગેવાની કે સાથ ન દઈ શકે, કે દેવાની નામરજી બતાવે, તોપણ મારી તો ખાતરી છે કે રાજદ્વારી દૃષ્ટિ ધરાવનારા હિંદીઓમાં સંકલ્પ, શ્રદ્ધા અને કાર્ય કરવાનું શહૂર હોય તો એકલી ખાદીથી પણ બહિષ્કાર બરોબર સાધી શકાય.

વરાળ, તેલ કે વીજળીથી ચાલતાં યંત્રોનો હિસાબ કરીએ, તો જોઈતી શક્તિ પૂરી પાડે એટલાં યંત્રો આપણી પાસે નથી; પણ ધંધા વગરના અને કામને માટે ઝંખતા અને વળી આ કામને માટે ખાસ લાયક એવાં માણસોની શક્તિનો અખૂટ ભંડાર દેશમાં ભર્યો છે. પણ એવો

Gandhi Heritage Portal

દિવસ ક્યારે આવે કે આવી જીવતીજાગતી મનુષ્યશક્તિને જાણવાની અને તેનો ઉપયોગ કરવાની શ્રદ્ધા આપણામાં આવે!

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १५-३-१९२८

ભાષાંતર: नवजीवन, १८-३-१९२८

## ૧૨૧. તે કેમ કરવું?

શ્રીયુત શંકરરાવ દેવ જેના સ્થાપક, પ્રમુખ અને માર્ગદર્શક દેવદૂત છે એવા પશ્ચિમ ખાનદેશ જિલ્લા મંડળની પ્રસિદ્ધિ यंग इन्डियामां ક્યારની થઈ ગઈ છે. આ મંડળની મુખ્ય પ્રવૃત્તિ ગ્રામપુનર્રચનાની છે. અને તેને ખાતરી થઈ ગઈ છે કે જો આ ગ્રામોદ્ધારની પ્રવૃત્તિનું લક્ષ્ય લોકોની કારમી ગરીબાઈ દૂર કરવાનું અને તેમને સમૃદ્ધ કરવાનું હોય તો ગ્રામપુનર્નિર્માણની પ્રવૃત્તિઓ સાથે કાંતણકામ કેન્દ્રમાં રહેવું જોઈએ. આ મંડળનું બધું કાર્ય બની શકે એટલું ચોકસાઈભર્યું છે. પુનર્નિર્માણના કાર્ય માટે કોઈ ગામમાં ઠરીઠામ બેસતાં પહેલાં શ્રી એસ. વી. ઠક્કર પોતે થોડો સમય એ તાલીમ લઈ રહ્યા છે. આવી પ્રવૃત્તિ ચાલી રહી હોય એવાં કેન્દ્રોમાં તેઓ શ્રી બાલુભાઈ મહેતા સાથે ફરી રહ્યા છે. તેમણે મંડળના પ્રમુખને જે ટૂંકો અહેવાલ મોકલ્યો છે, તે ખરેખર વાંચવાલાયક છે; તેથી જેઓ આ કાર્ય કરી રહ્યા છે તેમને માર્ગદર્શક થઈ શકે એવો કેટલોક અગત્યનો ભાગ હું નીચે ફરી રજૂ કરું છું.[૧]

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १५-३-१९२८

## ૧૨૨. નોંધ

### અખિલ હિંદ ચરખા સંઘનું સભ્યપદ

આગળ આપેલ સારાંશ[૨] ખૂબ જ સ્પષ્ટ છે. સભ્યપદના ત્રણેય વર્ગની સંખ્યામાં ૧૯૨૭ના વર્ષના આંકડા કરતાં ઘટાડો થયો હોય એમ જણાય છે. તેનું કારણ એ છે કે તેના સભ્યપદ માટે કાં તો પ્રચાર થયો જ નથી અથવા તો તદ્દન નહીંવત્ થયો છે, કારણ કે ચરખા સંઘે યોગ્ય રીતે જ એવી નીતિ અખત્યાર કરી છે કે યજ્ઞાર્થે કાંતણ પાછળ કોઈ ખર્ચ કરવો નહીં. પ્રચાર કરવો પડે અને પગારદાર મારફતે ઉત્તેજન આપવું પડે ત્યારે એ પ્રવૃત્તિ એની બધી કિંમત ગુમાવી બેસે છે. પરંતુ જો પ્રત્યેક સભ્ય એક નવો સભ્ય બનાવવાનું માથે લે તો આ સભ્યપદની સંખ્યા સહેલાઈથી બમણી કરી શકાય. જ્યારે સભ્યપદની સંખ્યામાં ઘટાડો થયો છે ત્યારે ખાદીના ઉત્પાદન તથા વેચાણમાં દેખીતી રીતે વધારો થઈ રહ્યો છે તેમ જ વળતર લઈ કાંતનારાઓની સંખ્યા પણ વધી રહી છે, એ એક નોંધપાત્ર હકીકત છે.

૧. અને ૨. અહીં આપ્યા નથી.

Gandhi Heritage Portal

યુવાન કાંતનારાઓની જાણ માટે ચરખા સંઘની કાઉન્સિલનો ઠરાવ ફરીથી રજૂ કરું છું. યુવાન કાંતનારાઓની સંખ્યામાં વધારો કરવા બાબતમાં રાષ્ટ્રીય શાળાઓ ઘણો મોટો ભાગ ભજવી શકે તેમ છે:

ઠરાવ કરવામાં આવે છે કે ચરખા સંઘના યુવાન કાંતનારા સભ્યોનો બ વર્ગ ઊભો કરવામાં આવે છે. આ વર્ગ એવા યુવાન કાંતનારાઓનો બનેલો હશે કે જેમની ઉંમર ૧૮ વર્ષ કરતાં ઓછી હોય, જેઓ નિયમિત ખાદી પહેરતા હોય, અને જેઓ ૨૦૦૦ વાર વળદાર અને સમાન સૂતર ચરખા સંઘને વાર્ષિક લવાજમ તરીકે આપતા હોય.

### બોધપ્રદ આંકડા

હું હમેશાં જાહેર સભાઓમાં વારંવાર કહેતો આવ્યો છું કે ૧,૫૦૦ ગામડાંઓમાં ૫૦,૦૦૦ કાંતનારાઓ અખિલ હિંદ ચરખા સંઘની સેવાઓનો લાભ લઈ રહ્યા છે. જે સૂતર ઉત્પન્ન થયું એને આધારે અખિલ હિંદ ચરખા સંઘે આ નિવેદન ૧૯૨૭માં કર્યું હતું. ત્યાર પછી એક વર્ષ કરતાં પણ વધુ સમય પસાર થઈ ગયો છે. કુલ સંખ્યા મેળવવા માટે પ્રત્યક્ષ પુરાવો મેળવવાનો પણ પ્રયત્ન થયો છે અને તે અનુસાર અખિલ હિંદ ચરખા સંઘ દ્વારા મદદ મેળવનારા કાંતનારાઓ, વણનારાઓ અને પીંજનારાઓની ગણતરી કરવામાં આવી છે. આ નોંધની નીચે આપેલા કોઠામાં[1] એ આંકડા આપ્યા છે. એટલું સ્પષ્ટ છે કે તેમાં બધા પ્રાંતોએ જરૂરી આંકડા મોકલ્યા નથી અને પ્રાંતની બધી સંસ્થાઓએ અખિલ હિંદ ચરખા સંઘે માગેલી બધી હકીકતો રજૂ કરી નથી. નીચે આપેલા આંકડા દરેક રીતે હોય તેના કરતાં ઓછા હોવા જોઈએ; અને છતાં તે અગાઉના ૫૦,૦૦૦ કાંતનારા તથા ૧,૫૦૦ ગામડાંના કરતાં સ્પષ્ટ વધારો બતાવે છે. પણ પ્રબુદ્ધ લોકમતનો સંગીન ટેકો માગી લેતી હિલચાલનો આ તો માત્ર રસાસ્વાદ જ છે. જો સફળ ખાદીની માગની ગૅરંટી મળી શકે તો ખાદી ઉત્પાદનને ઘણો અવકાશ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १५–३–१९२८

## ૧૨૩. હજી પણ એ વિશે

છેલ્લા યુદ્ધમાં મેં ભાગ લીધો હતો તે વિશેના આત્મકથાના પ્રકરણે હજી પણ કેટલાક મિત્રો અને ટીકાકારોને મૂંઝવણ ઊભી કરી છે. અહીં એ બાબતનો એક વધુ પત્ર આપ્યો છે.[2]

યુદ્ધમાં ભાગ લેવા પાછળનો મારો હેતુ બેશક મિશ્ર હતો. બે વસ્તુઓ હું યાદ કરી શકું છું. વ્યક્તિ તરીકે હું યુદ્ધનો તદ્દન વિરોધી હોવા છતાં મારી પાસે અસરકારક અહિંસક પ્રતિકાર કરવા જેવો કોઈ અધિકાર ન હતો. અહિંસક પ્રતિકાર પાછળ અનાસક્ત સેવાભાવ અને દિલનો પ્રેમ હોવો જોઈએ. દાખલા તરીકે, જ્યાં સુધી કોઈ જંગલી મનુષ્ય મારાં કોઈ સ્નેહપૂર્ણ કાર્ય

૧. અહીં આપ્યો નથી.

૨. આ પત્ર અહીં આપ્યો નથી. આત્મકથા ભાગ ૪, પ્રકરણ ૩૮ અને ૩૯નો ઉલ્લેખ કરી પત્ર-લેખક પૂછે છે કે, "લડાઈમાં ભાગ લેવાની તમને શાથી પ્રેરણા મળી? કંઈક લાભ મેળવવાની આશાએ લડાઈમાં જોડાવું બરાબર છે? ગીતા કહે છે કે ફળ મેળવવાની દૃષ્ટિએ આપણે કંઈ કામ ન કરવું જોઈએ. તો ગીતાના આ કથન સાથે તમે જે કર્યું તેનો મેળ કઈ રીતે બેસાડવો એ મને સમજાતું નથી."

Gandhi Heritage Portal

અથવા બીજાં કોઈ સાધનને કારણે મને તેનો મિત્ર સમજવા ન લાગે ત્યાં સુધી હું એને પશુબલિદાન કરતો અટકાવી ન શકું. જગતનો કાજી બનીને હું એનાં અનેક દુષ્કૃત્યોનો ન્યાય તોળી ન શકું. હું પોતે અપૂર્ણ છું અને તેથી બીજા પાસેથી સહિષ્ણુતા અને ઔદાર્યની અપેક્ષા ગખું છું, તેથી જ્યાં સુધી મને સફળ પ્રતિકાર કરવાની તક ન મળે ત્યાં સુધી હું દુનિયાની અપૂર્ણતાઓને સહન કરું છું. મને લાગ્યું છે કે જો પૂરતી સેવા દ્વારા હું સામ્રાજ્યમાં યુદ્ધોનો અને તેની યુદ્ધવિષયક પ્રવૃત્તિનો સામનો કરવાની શક્તિ અને શ્રદ્ધા પ્રાપ્ત કરી શકું, તો એ મારે માટે એક બહુ જ સારી વાત ગણાય; કારણ કે જનસમુદાયમાં અહિંસાનો પ્રયોગ કેટલી હદ સુધી કરી શકાય એની કસોટી કરવા માટે જ હું મારા પોતાના જીવનમાં એનો પ્રયોગ કરી રહ્યો છું.

બીજો ઉદ્દેશ સામ્રાજ્યના રાજપુરુષોની શુભેચ્છા મારફતે સ્વરાજ માટે લાયક બનવાનો હતો. સામ્રાજ્ય માટેની જીવનમરણની લડત હતી, તે વખતે તેની સેવા કર્યા વગર હું કદી એવી લાયકાત મેળવી ન શકું. અત્રે એટલું સમજી જ લેવું જોઈએ કે આ હું ઈ. સ. ૧૯૧૪ વખતના મારા મનની વાત લખી રહ્યો છું, કે જ્યારે હું સામ્રાજ્યમાં માનતો હતો અને એવી શ્રદ્ધા ધરાવતો હતો કે જો સામ્રાજ્ય ઇચ્છે તો તે હિંદને એના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં મદદ કરી શકે. આજે જે રીતે હું અહિંસક બળવાખોર થયો છું, તેવો જ તે વખતે હોત, તો યુદ્ધમાં બેલાશક મેં મદદ કરી જ ન હોત; પરંતુ અહિંસક રીતે જે કંઈ પ્રયત્ન થઈ શકે એમ હોત તે દ્વારા જ મેં સામ્રાજ્યના ઉદ્દેશને પરાસ્ત કરવાનો પ્રયત્ન કર્યો હોત.

તે વખતે યુદ્ધ પ્રત્યેનો મારો વિરોધ અને અશ્રદ્ધા આજના જેટલાં જ દૃઢ હતાં. પરંતુ એક વાતનો આપણે હમેશાં સ્વીકાર કરવો પડે છે કે દુનિયામાં કેટલીક એવી બાબતો છે જેનો અંદરથી વિરોધ હોવા છતાં આપણે તે કરતા હોઈએ છીએ. હું જેટલો યુદ્ધનો વિરોધી છું તેટલો જ ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણીનો જીવ લેવાનો પણ વિરોધી છું. પણ કોઈક દિવસ હું એના વિના ચલાવી શકીશ એવી આશાએ હું જીવહિંસા કર્યે જાઉં છું. એ છતાં મને પોતાને અહિંસાનો પૂજારી કહેવડાવવાને માટે મારો આ પ્રયાસ પ્રામાણિક, જહેમતપૂર્વકનો અને એકધારો હોવો જોઈએ. મોક્ષ અથવા દેહ ધારણ કરવાની આવશ્યકતામાંથી મુક્તિ મેળવવાની કલ્પનાનો આધાર પૂર્ણતાએ પહોંચેલાં સ્ત્રીપુરુષો સંપૂર્ણ રીતે અહિંસક રહે એના ઉપર છે. બીજા બધા પરિગ્રહની જેમ શરીરના પરિગ્રહ સાથે થોડી પણ હિંસા રહેલી હોય છે, પછી ભલે તે નહીંવત્ હોય. હકીકત એ છે કે પરસ્પર વિરોધી જણાતા દાવા વચ્ચે સાચા ધર્મનો માર્ગ શોધવાનું હમેશાં સહેલું નથી.

છેવટમાં, ગીતાના જે શ્લોકનો ઉલ્લેખ કર્યા છે તેનો બેવડો અર્થ થાય છે. તેનો પહેલો અર્થ એ છે કે આપણા કોઈ પણ કાર્યની પાછળ સ્વાર્થી હેતુ ન હોવો જોઈએ. સ્વરાજ્ય મેળવવાનો હેતુ કંઈ સ્વાર્થી હેતુ ગણાય નહીં. બીજો અર્થ એ છે કે કર્મફળની અનાસક્તિ રાખવી એનો અર્થ એવો નથી કે કર્મના ફળ વિશે આપણે અજાણ રહેવું, અથવા તેની ઉપેક્ષા સેવવી, અથવા તેનો અસ્વીકાર કરવો. વળી અનાસક્તિનો અર્થ એવો થતો નથી કે ધારેલું ફળ કદાચ પ્રાપ્ત ન થાય તેટલા ખાતર કર્મનો ત્યાગ કરવો. ઊલટું, નિયત સમયે ધારેલું પરિણામ અચૂક આવશે જ એવી અડગ શ્રદ્ધાની એ સાબિતી છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १५–३–१९२८

Gandhi Heritage Portal

## ૧૨૪. નીલરતન સરકારને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૧૬, ૧૯૨૮

પ્રિય શ્રી નીલરતન સરકાર,

આશ્રમ સાથે મેં એક નાનકડા ચર્માલયની સ્થાપના કરી છે, જેમાં હું વિદ્યુત્શક્તિથી ચાલતાં યંત્રો વાપરતો નથી. એની પાછળનો વિચાર એ છે કે તે દ્વારા ગ્રામજનતાને ઉપયોગી બને એવા એક આદર્શ ચર્માલયનો નમૂનો ઊભો કરવો. તમે અથવા તમારી મોટી સંસ્થામાંના કોઈ આશ્રમના આ નાના ચર્માલય માટે ઉપયોગી થઈ પડે તેવું ચામડું કેળવવા વિશેનું સાહિત્ય મોકલી શકો એમ છો? અને અમારા માર્ગદર્શન માટે કોઈ સૂચનો કરી શકો એમ છો?

જો તમે ચર્માલયના સંશોધન કાર્યાલયમાં કામ કરતા શ્રીયુત દાસ પાસે આ વાત તમારી મેળે મૂકવા ન ધારી હોય, તો તેમની પાસેથી આ પ્રકારની મદદ મારે માટે મેળવવા માટે આ પત્ર એમને બતાવવા હું તમને વિનંતી કરી શકું?

આશ્રમના અમે બધા માણસો ચર્માલયો કેમ ચલાવવાં તે વિશે કંઈ પણ જ્ઞાન ધરાવતા નથી; અને તેથી પહેલેથી જ હું મરેલાં ઢોરનું ચામડું કેવી રીતે ઉતારવું તથા પશુના એ મૃત શરીર ઉપરથી ઉતારેલું ચામડું કેવી રીતે કમાવવું વગેરે બધું જ શરૂથી શીખવા માગું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૧૩૯૪

## ૧૨૫. મધુસૂદન દાસને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૧૬, ૧૯૨૮

પ્રિય ભાઈ,

ખૂબ જ વિચાર અને માથાકૂટ કર્યા પછી મેં આશ્રમમાં યંત્રની મદદ સિવાય ચાલતું એક નાનકડું ચર્માલય શરૂ કર્યું છે. આ કામમાં મને કોઈ પણ પ્રકારની તાલીમવાળી સહાય સાંપડી નથી; હા, એક વ્યક્તિની સહાય જરૂર છે, જેણે આ બાબતમાં અમેરિકામાં સાધારણ અનુભવ મેળવ્યો છે. અને જે મારા જેવો જ એક ધૂની માણસ છે. તમે જે મહાન રાષ્ટ્રીય સાહસ હાથ ધર્યું છે તેમાં નડતી મુશ્કેલીઓમાં ભાગ પડાવવા અને તમારે શિરેથી બોજો હળવો કરવામાં હું સફળ થયો નથી, છતાં આશ્રમમાં હું આ નાનકડું ચર્માલય સ્થાપી શક્યો છું તે તમારી પ્રેરણાને જ આભારી છે. તમે આ વિષયના સાહિત્યની યાદી તેમ જ ચામડાંની કળા વિશેની માર્ગદર્શિકા વગેરે મેળવી આપવામાં મને મદદ કરી શકો ખરા? તમે એમ માનતા હો કે અંગ્રેજીમાં એવી કોઈ પુસ્તિકા નથી, તો તમે પોતે તમારા બહોળા અને વિવિધ અનુભવોમાંથી પ્રચાર

Gandhi Heritage Portal

માટે ઉપયોગી થઈ પડે એવી થોડી સૂચના લખી આપશો? ત્યાં ચર્માલયમાં શું કાર્ય થઈ રહ્યું છે? કોની દેખરેખ નીચે એ કાર્ય ચાલે છે? હું એટલું ઉમેરવા માગું છું કે મારો વિચાર આ આશ્રમ ચર્માલયને ગામડાં માટેનું નમૂનારૂપ ચર્માલય બનાવવાનો છે જેથી તેઓ તેમનાં જ મૂએલાં ઢોરનાં ચામડાંને ઉતારી, તેને કમાવી તેમ જ કેળવીને ઉપયોગમાં લઈ શકે. મરેલાં ઢોરની ચામડી કેમ ઉતારવી તે બાબતમાં ઘણા લોકો પાસે મેં માર્ગદર્શન માગ્યું પણ તેમાં મને સફળતા મળી નથી. ગામડાના ચામડું કેળવનારા માણસો પાસેથી ચામડું લાવ્યા પછી તેનું શું કરવું તે ચામડું કમાવવા વિશે કાંઈક જાણનાર દરેક જણ કહી શકે છે; પણ હું મરેલાં ઢોરનો કબજો લઉં, તો તેના મૃતશરીર ઉપરથી ઓછે ખર્ચે અને આરોગ્યનો ખ્યાલ રાખીને ચામડું કેવી રીતે ઉતારું અને તેના શરીરના બીજા ભાગો જેવા કે હાડકાં, આંતરડાં વગેરેનો ઉપયોગ ખાતર માટે કેવી રીતે કરું એ વિશે હજી સુધી કોઈએ મને કંઈ પણ કહ્યું નથી.

તમારો સહૃદયી

શ્રીયુત મધુસૂદન દાસ
મિશન રોડ
કટક

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૧૩૯૫

## ૧૨૬. અ. ટે. ગિદવાણીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૧૬, ૧૯૨૮

પ્રિય ભાઈ ગિદવાણી,

હું જોઉં છું કે તમે કામે જોડાઈ ગયા છો. તમારો પત્ર આવ્યો ત્યારે બ્રજકૃષ્ણ અહીં હતા. દિલ્હી પહોંચ્યા પછી તેમણે તમને કોઈ સારા માણસનું નામ તેમ જ સરનામું મોકલવા વચન આપ્યું છે. તે આજે ગયા અને બે દિવસમાં દિલ્હી પહોંચવાની ધારણા રાખે છે.

તમારે હવે ગંગાબહેન પાસે મને પત્ર લખાવવો જોઈએ. હું આશા રાખું છું કે તમારી સૌની તબિયત વૃંદાવનમાં હતી તેના કરતાં વધારે સારી રહેતી હશે.

તમારો સહૃદયી

શ્રીયુત અ. ટે. ગિદવાણી
૬, કિવન્સ રોડ
કરાંચી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૧૦૭

Gandhi Heritage Portal

## ૧૨૭. વી. એસ. ભાસ્કરનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૧૬, ૧૯૨૮

પ્રિય ભાઈ ભાસ્કરન,

તમારો પત્ર મળ્યો. મને એ જાણીને આનંદ થાય છે કે તમારી બાબતનો નિકાલ આવી ગયો છે અને તમારે કશું ખાસ આર્થિક નુકસાન સહન કરવાનું આવ્યું નથી.

મને આશા છે કે રાજાજી તરફથી તમને સંતોષકારક પત્ર મળશે.

હાલમાં તમે શું કરો છો?

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૧૦૮

## ૧૨૮. શંકરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૧૬, ૧૯૨૮

પ્રિય ભાઈ શંકર,

તમારો પત્ર મળ્યો. પત્રો બાબતમાં અત્યાર સુધી મેં તમારી પૂરી ઉપેક્ષા કરી છે; છતાં તમે કદી મારા મનથી ખાસ એ કારણે દૂર તો રહ્યા નથી. મેં રસોડામાં સક્રિય ભાગ લેવાનું અને સવારના પહોરમાં એક કલાક સુધી શાક સમારવાનું કામ માથે લીધું છે. સંયુક્ત કાર્યમાં મારો એ એક ફાળો છે. ગિરિરાજને બહુ જ નબળાઈ લાગતી હતી અને તેના ઉપર કામનો વધારે પડતો બોજો હતો. તેથી આજકાલ જે આદર્શ ગામડું સર્જાઈ રહ્યું છે ત્યાં તે ગયા છે. પ્યારેલાલે થોડા વખત માટે તેનું કામ માથે લીધું છે.

મારી તબિયત સારી રહે છે. મને એ કહેતાં દિલગીરી થાય છે કે મને દૂધનો આહાર ફરીથી શરૂ કરવાની ફરજ પડી છે. જોકે હું ફરીથી લીલાં અને સૂકાં ફળો ઉપર જઈ શકીશ એવી આશા છે ખરી.

તમે મને માલિશ લેતો જોયો હતો, તે હજી ચાલુ છે. સ્વીડિશ બહેનનું માલિશ વધારામાં ચાલે છે. એ બહુ જ સાદી ચીજ છે.

મથુરાદાસને કહેશો કે પત્ર લખવાનો સમય મને મળતો નથી.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૦૯

Gandhi Heritage Portal

## ૧૨૯. વાયોલેટને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૧૭, ૧૯૨૮

પ્રિય બહેન વાયોલેટ,

તમારો લાંબો અને રસપ્રદ પત્ર મને મળ્યો છે. હું તમારા અભિપ્રાયને માન આપું છું. પણ તમારી સાથે સંમત થઈ શકતો નથી. છતાં એ જાણીને મને આશ્ચર્ય થાય છે કે કોઈ ખાનગી વ્યક્તિ ખાનગીમાં અસત્ય આચરણ કરે અને જાહેર વ્યક્તિ અથવા કૉર્પોરેશન અસત્યાચરણ કરે એ બે વચ્ચે તમે ભેદ પાડી શકતાં નથી. તમે સૂચવો છો એ રીતે વ્યક્તિગત વર્તાવને લોકો કેવી રીતે રૂંધી શકે? એ એક સામાજિક સુધારણાની બાબત છે, અને તેથી જ વ્યક્તિઓ માટે પણ એ વાત આવશ્યક છે કે તે સારી રીતે જીવન વિતાવે અને એમની આસપાસના વાતાવરણને એમના જીવનથી દુઃખ કે ત્રાસ [ન] પહોંચાડે.

તમારો સહૃદયી

શ્રીમતી વાયોલેટ
શ્રીમતી લીલી મુથુકૃષ્ણાને ત્યાં
૪૭૫, હેમ્ડન લેઈન
વેલાવત્તો
કોલંબો
સિલોન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૧૧૦

## ૧૩૦. એન. ડી. ભોંસલેને પત્ર[૧]

સાબરમતી,
માર્ચ ૧૭, ૧૯૨૮

પ્રિય ભાઈ,

મને શ્રી જયકર તરફથી હમણાં જ સમાચાર મળ્યા છે અને તે પરથી હું જોઉં છું કે સર પુરુષોત્તમદાસ હવે પ્રમુખ રહ્યા નથી, તેમ છતાં તેમણે જે અભિપ્રાય મોકલ્યો છે તે આ પ્રમાણે છે:

> તેમ છતાં તેઓ એવો મત ધરાવે છે કે આ યોજના એક ઉપયોગી યોજના છે. તે તમને એક સાવચેતી રાખવા સૂચવે છે કે તમે જે કંઈ સહાય આપવા ઈરાદો રાખતા હો, તે જો ફાળાના સ્વરૂપે હોય તો તેની સાથે એ શરત હોવી જોઈએ કે તેનું રોકાણ

૧. મુંબઈમાં દલિતવર્ગના વિદ્યાર્થીઓનાં છાત્રાલય બાંધવાની યોજનાના અનુસંધાનમાં આ પત્ર લખાયો હતો. ત્યાર પછી આ પત્રની નકલ "બબન ગોખલેને પત્ર", ૨૨-૧૨-૧૯૨૮ સાથે બીડવામાં આવી હતી. જુઓ પૃ. ૩૮.

Gandhi Heritage Portal

કે ખર્ચ કરવાની જવાબદારી તમારા પોતાના પસંદ કરેલા થોડા એવા માણસોના હાથમાં હોય, જેમની સત્યનિષ્ઠા અને નિર્ણયશક્તિ ઉપર તમે સંપૂર્ણ ભરોસો રાખી શકો. તેમને ભરોસો છે કે આ યોજનામાં સમાજને ઉપયોગી થવાની ખૂબ જ શક્યતા છે અને તે આપના ટેકાને પાત્ર છે. અત્યારે સંચાલકોના હાથમાં જે ભંડોળ છે, તે માત્ર બસો-પાંચસો રૂપિયા જ છે. અને જો તેમાં ઉમેરો કરવામાં ન આવે તો સંસ્થા માટે કાર્યનો આરંભ કરવાનું મુશ્કેલ બનશે.

એટલે તેમાંથી હું તમને આજ સુધી સૂચવતો આવ્યો છું તે જ અર્થ નીકળે છે કે ટ્રસ્ટડીડ કરવું જોઈએ. હું હવે તમને એટલું જ સૂચવી શકું છું કે શેઠ જમનાલાલજી મુંબઈ આવે ત્યારે તમારે તેમને મળવું જોઈએ. તેઓ ત્યાં બે કે ત્રણ દિવસમાં આવશે. હું તેમને બધાં કાગળિયાં આપું છું, અને આ ટ્રસ્ટ વિશે તેમને સંતોષ થશે તો હું કંઈક કરી શકીશ.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
જયકર પ્રાઈવેટ પેપર્સ, પત્રવ્યવહાર ફાઈલ નં. ૪૨૨
નેશનલ આર્કાઇવ્સ ઑફ ઇન્ડિયાના સૌજન્યથી

## ૧૩૧. મથુરાદાસ ત્રિકમજીને તાર

માર્ચ ૧૬, ૧૯૨૮

છાપાની ખબર તદ્દન ખોટી છે; મારી તબિયત સરસ છે.

[મૂળ ગુજરાતી]
બાપુની પ્રસાદી, પા. ૯૧.

## ૧૩૨. મથુરાદાસ ત્રિકમજીને પત્ર

માર્ચ ૧૭, ૧૯૨૮

હમણાં તમારો તાર મળ્યો. આ વખતે તો છાપાંવાળાઓએ જુલમ જ કર્યો છે. તેની ઉપર કામ ચલાવવું જોઈએ. પણ અસહયોગી ઠર્યા એટલે શું? મને તો કંઈ જ નથી.

[મૂળ ગુજરાતી]
બાપુની પ્રસાદી, પા. ૯૧

Gandhi Heritage Portal

## ૧૩૩. બહિષ્કારનું શસ્ત્ર

જેઓ સરકારવેરો ભરવા તૈયાર થાય છે તેમની સામે બારડોલીના સત્યાગ્રહીઓ બહિષ્કારનું શસ્ત્ર વાપરવા તૈયાર થઈ જતા સાંભળ્યા છે. બહિષ્કારનું શસ્ત્ર જલદ છે, ને મર્યાદામાં રહીને સત્યાગ્રહી વાપરી શકે છે. બહિષ્કાર હિંસક અને અહિંસક હોઈ શકે છે. સત્યાગ્રહીથી અહિંસક બહિષ્કાર જ વપરાય. અત્યારે તો હું બંને બહિષ્કારનાં થોડાં દૃષ્ટાંતો જ આપવા ઇચ્છું છું.

સેવા ન લેવી તે અહિંસક બહિષ્કાર. સેવા ન દેવી એ હિંસક હોઈ શકે.

બહિષ્કૃતને ત્યાં જમવા ન જવું, તેને ત્યાં વિવાહાદિના પ્રસંગોમાં ન જવું, તેની સાથે સોદો ન કરવો, તેની મદદ ન લેવી એ અહિંસક ત્યાગ છે.

બહિષ્કૃત માંદો હોય તો તેની સારવાર ન કરવી, તેને ત્યાં દાક્તર ન જવા દેવો, તેનું મરણ થાય તો મરણક્રિયામાં મદદ ન કરવી, તેને કૂવા, મંદિર વગેરેના ઉપયોગથી દૂર કરવો એ હિંસક બહિષ્કાર છે. ઊંડો વિચાર કરતાં માલૂમ પડશે કે અહિંસક બહિષ્કાર લાંબો સમય નભી શકે છે, ને તે તોડાવવામાં બહારની શક્તિ કામ નથી કરી શકતી. હિંસક બહિષ્કાર લાંબો વખત ન ચાલે, ને તેને તોડાવવામાં બહારની શક્તિનો પુષ્કળ ઉપયોગ થઈ શકે. હિંસક બહિષ્કાર લડતને છેવટે નુકસાન જ કરે છે. આવા નુકસાનના દાખલા અસહકારના યુગમાંથી ઘણાયે આપી શકાય છે. પણ આ પ્રસંગે મેં ભેદ પાડી બતાવ્યો છે, તે જ બારડોલીના સત્યાગ્રહીઓ અને સેવકોને સારુ બસ હોવું જોઈએ.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૮–૩–૧૯૨૮

## ૧૩૪. એન. આર. મલકાનીને તાર

સાબરમતી,
માર્ચ ૧૯, ૧૯૨૮

મલકાની, પૂર રાહત સમિતિ
હૈદરાબાદ સિંધ

તમારે રાજીનામું આપવું જોઈએ.[1]

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૮૮૩

૧. જુઓ “એન. આર. મલકાનીને પત્ર”, ૨૦–૩–૧૯૨૮.



Gandhi Heritage Portal

## ૧૩૫. જાલ ખંભાતાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૧૯, ૧૯૨૮

ચિ. જાલ,

તમારી તબિયત નાદુરસ્ત હોવાના ખબર વાંચી દિલગીર થયો છું. ઈશ્વરના હુકમ વિના એક પાંદડું પણ નથી ખરતું એમ સમજી ઈશ્વર ઉપર ભરોસો લાવી તેનું જ ધ્યાન ધરી ધીરજ રાખવી. તેની મરજી હશે તો સારું થઈ જશે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૦૧૩; શ્રીમતી તેહમીનાબહેન ખંભાતાના સૌજન્યથી

## ૧૩૬. બહેરામજી ખંભાતાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૧૯, ૧૯૨૮

ભાઈશ્રી ૫ ખંભાતા,

તમારો કાગળ આજે જ મળ્યો. બેટાને સારુ મારા આશીર્વાદ તો છે જ. ગભરાટમાં યુરોપ ઊપડી જવાની કશી જરૂર હું નથી જોતો. આપણે ઈશ્વર ઉપર આધાર રાખીએ. ત્યાંના કોઈ સારા દાક્તર જોખમ લેતા હોય તો ત્યાં જ ઑપરેશન કરાવવામાં હું હાનિ નથી જોતો. નાના દેશમુખને તમે બતાવેલ છે? ચિ. જાલને કહેજો કે હિંમત રાખે. મને ફરી ખબર લખજો. તમારી તબિયત હવે કેવી રહે છે?

જો ત્યાં કોઈ દાક્તરની હિંમત ન ચાલે ને તમને શાંતિ રહે તો યુરોપ જરૂર જજો. મારા કાગળને મનાઈહુકમ ન સમજતા. આપણે અધીરાઈમાં કંઈ ન કરીએ ને દેહ ક્ષણભંગુર છે એમ વિચારી લઈ તેને વિશે અતિમોહ ન રાખીએ એટલું જ મારે તો સમજાવવું છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૦૧૨; શ્રીમતી તેહમીનાબહેન ખંભાતાના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૧૩૭. રૈહાનાબહેન તૈયબજીને પત્ર

માર્ચ ૧૯, ૧૯૨૮

પ્રિય બહેન રૈહાના,

અલબત્ત, તું આવી શકે ત્યારે જરૂર આવજે અને તારી ઇચ્છા હોય ત્યાં સુધી રહેજે.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૯૬૦૭

## ૧૩૮. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૧૯, ૧૯૨૮

પ્રિય સી. આર,

તમારો પત્ર મળ્યો. બદામ અને ગરીબ બિચારી મગફળી જે હિમાલયમાં વસતી જાતિઓનો ખોરાક છે તેને વિશે તમે તમારા આહારશાસ્ત્રની દૃષ્ટિએ જે નિરર્થક વાંધો લીધો છે અને લાંબી-ચોડી વાત કહી છે, તેમાં તમે છક્કડ ખાઈ ગયા છો. નોંધી રાખશો કે આ પ્રયોગ હાલ પૂરતો જ મુલતવી રાખ્યો છે, પરંતુ વહેલોમોડો એ હું ફરી ચાલુ કરવાનો છું. અને કહેવાતા દાક્તરી અભિપ્રાયના દબાણને વશ થવાનો નથી. તમે ઉલ્લેખ કર્યો છે એવું દુ:ખ ભોગવ્યા સિવાય હું ૬ વર્ષ સુધી ઓછામાં ઓછો કાચી માંડવીના આહાર ઉપર રહ્યો હતો. પરંતુ આ વિશે પાછળથી લખીશ.

યુરોપ જવા વિશે તમારો શો અભિપ્રાય છે? રોલાંને મળવાની મને ઉત્કંઠા છે. યુરોપના તે ડાહ્યામાં ડાહ્યા પુરુષ જણાય છે. તે મારામાં અસાધારણ રસ ધરાવે છે અને કોઈ એક વસ્તુ વિશેના મારા અભિપ્રાયમાં તેમને કશો દોષ દેખાય તો તે વ્યથિત થાય છે. મને લાગે છે કે અમે એકમેકને ન મળીએ તો એ એક કરુણતા ગણાશે. બીજાં કોઈ પણ કારણ કરતાં આ કારણ જ મારા દિલને હલાવી મૂકે છે.

ઍન્ડ્રૂઝે તમને શું લખ્યું છે તે હું જાણતો નથી. પણ તમારા અભિપ્રાયનું વજન મારે મન ઍન્ડ્રૂઝના અભિપ્રાયના વજન જેટલું જ હશે, તેથી આ બાબતમાં મારે શું કરવું તે તમે મને નિર્ભય રીતે કહો.

૧૭મીએ મારું મૃત્યુ ન થયું એથી ઘણા દુ:ખી થયા છે. . . . કદાચ એ દુ:ખી થનારાઓમાં હું પોતે પણ એક હોઈશ. કદાચ મારું એક જાતનું મૃત્યુ તો થઈ ચૂક્યું છે, આપણે આગળ વિચાર કરીશું.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૧૧

Gandhi Heritage Portal

## ૧૩૯. માધવ વૉરિયરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૦, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો છે. આટલે દૂરથી તમને માર્ગદર્શન આપવું મુશ્કેલ છે. પરંતુ આ બાબતમાં તમે જેમ બને તેમ ધીમેથી પણ દૃઢતાથી આગળ વધો એમ સૂચવું છું. જો તમે કોઈ મહત્ત્વાકાંક્ષી યોજના પાછળ ઝુકાવશો તો લાંબે ગાળે તે તમને મૂંઝવણમાં મૂકશે.

તમારો સહૃદયી

શ્રીયુત એમ. આર. માધવ વૉરિયર, બી. એ. એલએલ. બી. પ્રેસિડેન્ટ, મ્યુનિસિપલ કાઉન્સિલ, કિવલોન, ત્રાવણકોર

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૧૧૫

## ૧૪૦. એન. આર. મલકાનીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૦, ૧૯૨૮

પ્રિય ભાઈ મલકાની,

તમારો પત્ર મને મળ્યો છે. તમને મારો તાર[1] મળી જ ગયો હશે. કૉલેજમાં તમે કેવળ તમારી આજીવિકા મેળવવા માટે જ રહો, એ વિચાર સાથે સંમત થવા હું મારી જાતને સમજાવી શક્યો નથી. રેલરાહત ફંડ તરફથી આજીવિકા અર્થે તમે કાંઈક લો તેમાં હું કશું ખોટું જોતો નથી. હું એ બાબતમાં ઠક્કરબાપા સાથે પત્રવ્યવહાર કરી રહ્યો છું અને તમારા અત્યારના દરજ્જાને નુકસાન પહોંચાડ્યા સિવાય કોઈ પણ રીતે એ શક્ય હશે તો હું એ જરૂર કરીશ. તમે મારી મારફત પૈસા મેળવો કે રેલરાહત ફાળા મારફત મેળવો, તે જાહેર ફંડમાંથી જ હશે. ‘માનદ’ શબ્દ જે અર્થમાં આપણે વાપરીએ છીએ, એ અર્થમાં માનદ સેવાઓ માટે કાંઈક લેવાની વાત શરમજનક ન લેખાવી જોઈએ. શ્રમજીવી તેની રોજીનો અધિકારી છે, અને જ્યારે તે એ અધિકાર કરતાં વિશેષ કંઈ લેતો નથી ત્યારે તેની બધી સેવા માનદ જ ગણાય. તમારી સેવા માટેની રોજી સાધારણ રીતે દેશના કેટલાક ભાગમાં છે તેથી કાંઈક વધારે છે, એ કમનસીબ છતાં અનિવાર્ય છે. જો તમારું માનદ વેતન રેલરાહત ભંડોળમાંથી આબરૂભેર ન લઈ શકાતું

૧. જુઓ “એન. આર. મલકાનીને તાર”, ૧૯-૩-૧૯૨૮.

Gandhi Heritage Portal

હોય, તો તેની જવાબદારી હું પોતે લઈશ. પણ તમને કેટલા પૈસાની જરૂર પડશે તે મને કહો એમ હું ઇચ્છું છું.

ઠક્કરબાપાએ મને લખ્યું છે કે તેઓ ભીલ આશ્રમમાંથી એક સારો કાર્યકર તમને મોકલી રહ્યા છે. અને એક તો તેમણે તમને મોકલી પણ દીધો છે. છતાં કોઈ ખાસ વ્યક્તિ વિશે તમારા મનમાં ખ્યાલ હોય, તો તેનું નામ આપવામાં અચકાશો નહીં એવી મારી વિનંતી છે. એવી વ્યક્તિ ફાજલ પાડી શકાય એમ છે કે નહીં તે હું જાતે જ જોઈશ.

તમારો સહૃદયી
**બાપુ**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૮૮૪

12560

ગાંધી સ્મારક સંગ્રહાલય. અમદાવાદ-૧

# ૧૪૧. સુરેશચંદ્ર બૅનરજીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૦, ૧૯૨૮

પ્રિય સુરેશબાબુ,

તમે જેટલા કાંતનારાઓને સેવા આપી રહ્યા છો, તે બાબતનો મંત્રી દ્વારા આવેલો પત્ર મેં જોયો છે. તમે એટલું પણ જોઈ શકતા નથી કે તમારે માટે ખૂબ ચોકસાઈથી હિસાબ-કિતાબ રાખવાનું જેટલું જરૂરી છે, તેટલું જ તમારી દેખરેખ નીચે કામ કરતા કાંતનારાઓનો અંગત સંપર્ક જાળવવાનું પણ જરૂરી છે. જો તમે આવી અગમચેતી નહીં રાખો તો તમે જોશો કે આખીયે વ્યવસ્થા એક દિવસ પાનાના મહેલની માફક પડી ભાગશે. અઠવાડિયાના કયા દિવસે તમને કોનું સૂતર મળ્યું એ જાણવું બહુ જરૂરનું નથી, પણ લોકો જ્યાં ખરેખર કાંતે છે ત્યાં તમે કાર્યકરને મોકલો અને તેઓ કેવી સ્થિતિમાં કાંતે છે તે જાણો અને તેમની સાથે વાતચીત કરો એ વધારે અગત્યનું છે. ખરેખર, આ કંઈ અશક્ય કે બહુ મોટું કામ નથી. કાંતનારાઓ જ્યારે આડતિયાને સૂતર આપવા આવે છે અને પછી ઘેર જાય છે, ત્યારે ફક્ત તેમની પાછળ પાછળ તમારે તેમને ઘેર જ જવાનું. તેમ કરતાં એકાદ દિવસ તેઓ તમને ટાળે પણ સદાને માટે તેઓ તમારાથી દૂર રહેશે નહીં. જે વખતે તેઓ તમારામાં અવિશ્વાસ કરતા અટકશે, તે વખતથી જ તેઓ તેમની ખાનગી વાત તમને કહેશે. અલબત્ત, તમારી પાસે ઠીક ઠીક પ્રામાણિક હોય એવા કેટલાક આડતિયા હોવા જોઈએ. અને તે એવા હોવા જોઈએ કે તમે કોઈ દૂતને કાંતનારાઓને ત્યાં તપાસ કરવા મોકલો, તો તે બાબતમાં તેઓ વાંધો ન લે. અને આ સાદી વસ્તુ જો તમારી શક્તિની બહાર હોય, તો તમે આડતિયાની દયા ઉપર જ તમારું કાર્ય કરી શકશો. કોઈ દિવસ તેઓ તેમના ગ્રાહકોનું કામ બંધ કરી દે અથવા તમારા ઉપર એવી શરતો લાદવાનો પ્રયત્ન કરે કે જેનો સ્વીકાર કરવાનું અશક્ય હોય અથવા તમારા સ્વમાનને

Gandhi Heritage Portal

માટે હાનિરૂપ હોય. તેથી હું ઇચ્છું છું કે મારા કહેવાથી શ્રી બૅંકર તમને વારંવાર જે સૂચન કરી રહ્યા છે તેનું મહત્ત્વ તમે સમજશો.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૧૩

## ૧૪૨. જવાહરલાલ નેહરુને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૦, ૧૯૨૮

પ્રિય ભાઈ જવાહર,

તમારા બે પત્રો મને મળ્યા છે. તમે ઉલ્લેખ કર્યો હતો તે મિત્રને[1] સંદેશો મોકલવાના મારા વચનનું પાલન કરવા જ હું આ પત્ર લખું છું. તેમણે હવે મને સીધું લખ્યું છે. પણ સંદેશો આપવા મેં તમને વચન આપ્યું હતું, એટલે એ તમને જ મોકલું છું.

બહિષ્કાર અને મિલો વિશેના મારા લેખો તમે ધ્યાનપૂર્વક વાંચતા હશો એવી હું આશા રાખું છું. મિલમાલિકો સાથે હું વારંવાર ચર્ચાવિચારણા અર્થે સભાઓ પણ યોજી રહ્યો છું. તેઓ આ ચર્ચાને પરિણામે કોઈ નિશ્ચિત વાત ઉપર આવશે કે કેમ એની મને ખબર નથી. પણ તમને ક્યાંક ભૂલ કે નબળાઈ થતી લાગતી હોય તો મને જણાવશો.

કમલાની તબિયત કેમ છે? ગરમીની ઋતુ દરમિયાન તમે તેને ક્યાં રાખવા માગો છો?

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૧૬

## ૧૪૩. માર્સેલ કૅપીને સંદેશો

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૦, ૧૯૨૮

જ્યાં સુધી બળવાન દ્વારા નિર્બળના શોષણનું મુખ્ય કારણ દૂર કરવામાં ન આવે ત્યાં સુધી જાતિઓ અને રાષ્ટ્રો વચ્ચે જીવંત મેળ સાધવાનું શક્ય નથી. “સૌથી શક્તિશાળી જ જીવતા રહે” એ કહેવાતા સિદ્ધાંતને આપણે નવેસરથી ઘટાવવો પડશે.

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૧૭

૧. જુઓ આ પછીનો લેખ.

Gandhi Heritage Portal

## ૧૪૪. માર્સેલ કૅપીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૦, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મને મળ્યો છે. તે મળ્યા પહેલાં આપણા બંનેના મિત્ર પંડિત જવાહરલાલ નેહરુ મારફતે મને તમારો સંદેશો મળ્યો હતો. તમારો પત્ર મળતાં પહેલાં મેં તેમને વચન આપી દીધું હતું, એટલે મારો સંદેશો[1] મેં તેમના દ્વારા મોકલી આપ્યો છે.

તમારો સહૃદયી

માર્સેલ કૅપી
૭૮ રુ દ લાસોમસન
પૅરિસ (ફ્રાન્સ)

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૪૨૬૪

## ૧૪૫. ડૉ. બિધાનચંદ્ર રૉયને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૦, ૧૯૨૮

પ્રિય ડૉ. રૉય,

તમારો પત્ર મને મળ્યો છે. એ બદલ તમારો આભાર માનું છું.

ડૉ. અનસારીની મુલાકાત વિશે જે સમાચાર છાપાંમાં છપાયા છે તે બદનક્ષી ભરેલા છે. તે સમાચારે ઘણા મિત્રોને અસ્વસ્થ કરી દીધા છે. અને જોહાનિસબર્ગ અને સિયામથી મળેલા તાર-સંદેશાઓના પણ મારે જવાબ આપવા પડ્યા છે. હું ધારું છું કે હવે તો તમને સાચી વાતની ખબર પડી ગઈ હશે કે ડૉ. અનસારીની મુલાકાતને મારા સ્વાસ્થ્ય સાથે કશો સંબંધ નથી. જો એમ હોત તો મારા શરીરની સંભાળ રાખનાર સ્નેહી તરીકે તમને આશ્રમમાંથી સીધા સમાચાર મોકલ્યા વિના રહેત નહીં. ડૉ. અનસારી તો જમનાલાલજી અને ડૉ. ઝાકિર હુસેન સાથે મુસ્લિમ રાષ્ટ્રીય વિદ્યાપીઠ બાબતમાં માત્ર મને મળવા આવ્યા હતા. અને તેઓ આવ્યા એટલે દુ:ખ દેનારાં હથિયારો સાથે લાવ્યા અને તેમણે મને તપાસ્યો પણ ખરો. તપાસને

૧. જુઓ આ પહેલાંનો લેખ.

Gandhi Heritage Portal

અંતે મારી સ્થિતિ તેમને સંતોષકારક લાગી હતી. લોહીનું સિસ્ટૉલિક[1] દબાણ ૧૪૯ અને ડાયાસ્ટૉલિક દબાણ ૯૨ સવારમાં હતું અને સાંજના સિ. ૧૫૨ અને ડા. ૯૮ હતું.

તમારો સહૃદયી

ડૉ. બિધાનચંદ્ર રૉય
કલકત્તા

[મૂળ અંગ્રેજી]
એસ. એન. ૧૩૧૨૦

## ૧૪૬. ઝાકિર હુસેનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૦, ૧૯૨૮

પ્રિય ભાઈ ઝાકિર,

તમારો પત્ર અને લૉર્ડ અર્વિનના પત્રની[2] નકલ મને મળ્યાં છે. લૉર્ડ અર્વિનનો પત્ર ખાસ કરીને મારા મુસદ્દા[3] પ્રમાણેનો પત્ર મોકલવાનું બેવડી રીતે ઉપયોગી બનાવે છે. અલબત્ત, તેમાં જરૂરી સુધારા કરવાના રહેશે. હું આશા રાખું છું કે ડૉ. અનસારી છેવટે જે પત્ર લખે તેની નકલ મને મોકલશો.

રહેવાનાં મકાનોની આરોગ્યવિષયક પરિસ્થિતિ ખાસ ચીવટ માગી લે છે એ હકીકત ઉપર દેવદાસે તમારું ધ્યાન ખેંચ્યું છે કે નહીં તેની મને ખબર નથી. તેના ધ્યાન પર આવેલી ખામીઓ તમને બતાવવા તમે દેવદાસને કહો એમ હું ઇચ્છું છું.

નિમંત્રણો[4] મોકલવામાં અને તમે આશ્રમમાં હતા ત્યારે આપણે સાથે ચર્ચા કરીને નક્કી કર્યા મુજબનો કાર્યક્રમ પાર પાડવામાં તમે વિલંબ નહીં કરો એવી હું આશા રાખું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૧૧૯

૧. સિસ્ટૉલિક એટલે હૃદય સંકોચાય ત્યારે અને ડાયાસ્ટૉલિક એટલે સંકુચિત થયા બાદ હૃદય પહોળું થાય ત્યારે.

૨. ૧૭ માર્ચ, ૧૯૨૮ના પોતાના પત્ર સાથે ઝાકિર હુસેને ત્યારના વાઇસરૉય લૉર્ડ અર્વિનનો ડૉ. અનસારીને લખાયેલો ૧૬ માર્ચ ૧૯૨૮નો પત્ર ગાંધીજીને મોકલ્યો હતો. જેમાં બીજી બાબતો સાથે લખ્યું હતું: "... સામાન્ય રીતે હું આ કાર્યમાં અવશ્ય સાથસહકાર આપીશ કારણ કે મરહૂમ હકીમ અજમલખાને પોતાનું જીવન માંદાં અને આજારી માણસોની સેવામાં અર્પણ કર્યું હતું. અને તેમનું સ્મારક ખડું કરવાની જે દરખાસ્ત કરવામાં આવી છે તે તેમના જેવા પુરુષની સ્મૃતિ જાળવી રાખવા માટે સુયોગ્ય છે. હકીમ અજમલખાન(ના પુત્ર) દ્વારા મને ખબર મળ્યા છે કે એ બાબતમાં એક અપીલ બહાર પાડવામાં આવી છે. અને તેથી હું તેની સાથે સંમત થાઉં છું."

૩. આ મુસદ્દો મળી શક્યો નથી.

૪. ઝાકિર હુસેને તેમના પત્રમાં લખ્યું હતું: "ડૉ. અનસારી પાછા ફરશે કે તરત જ હું જામિયા સંસ્થાપક સમિતિના સભ્યોને નિમંત્રણો મોકલવાની આશા રાખું છું." (એસ. એન. ૧૪૯૧૩).

Gandhi Heritage Portal

## ૧૪૭. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૦, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

આ બહિષ્કારની હિલચાલ એક દુ:ખદ વસ્તુ છે. 'મિલો અને બહિષ્કાર'[૧] ઉપરનો મારો લેખ કાળજીથી તમે વાંચો એમ હું ઇચ્છું છું. હું મિલમાલિકો સાથે પણ સંપર્ક જાળવી રહ્યો છું. તમને મારી દલીલમાં ક્યાંય ભૂલ લાગે તો તે તરફ મારું ધ્યાન દોરવાનું ચૂકશો નહીં.

મારા સ્વાસ્થ્ય બાબતનો તાર આ વખતે તદ્દન બદનક્ષીભર્યો હતો. કારણ કે તેને કોઈ પાયો જ ન હતો. હું જાણું છું તે પ્રમાણે અત્યારે મારી તબિયત જેવી છે તેવી ક્યારેય ન હતી. ડૉ. અનસારી અને જમનાલાલજી મારી સાથે રાષ્ટ્રીય મુસ્લિમ વિદ્યાપીઠની બાબતમાં ચર્ચા કરવા આવેલ, બીજા કશાયની નહીં.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૧૨૧

## ૧૪૮. રાધાબહેન ગાંધીને પત્ર

આશ્રમ,
મંગળવાર [માર્ચ ૨૦, ૧૯૨૮][૨]

ચિ. રાધિકા,

તમારાં સરસ પત્તાં મળ્યાં છે. મેં કહેલું બધું યાદ રાખજો. શરીર ખૂબ સાચવવું, અને સૌને પ્રેમથી નવરાવજો. રુખીને ઠીક થતું જાય છે, પણ હજી ચાલેહાલે તો કંઈક લોહી દેખા દે છે. દાક્તર જોઈ ગયા છે. આ તરફની કશી ચિંતા નથી રાખવાની. દુર્ગાને પણ લખવાનું કહેવું, અને લખાવવું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૮૬૬૮, શ્રીમતી રાધાબહેન ચૌધરીના સૌજન્યથી

૧. જુઓ "આપણી મિલો શું કરી શકે", ૧૫-૩-૧૯૨૮.
૨. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

# ૧૪૯. ઍલિસ શૅલેકને મુલાકાત

માર્ચ ૨૦, ૧૯૨૮

મહાત્મા ગાંધીએ મિસ ઍલિસ શૅલેકને આશ્રમમાં ૨૦મી માર્ચે ચાર વાગ્યે મુલાકાત આપી, દાખલ થતાં તેમણે કહ્યું:

મારા આસન ઉપર હું બેસી રહ્યો છું, તે બદલ મને માફ કરશો. હું ઊભો રહી શકું તેમ નથી.

મિ. શૅ: હું થોડા પ્રશ્નો પૂછી શકું?

ગાંધીજી: અલબત્ત, જરૂર પૂછો.

પ્ર. તમારો પ્રભાવ વધતો જાય છે કે ઘટતો જાય છે?

ઉ. એ પ્રશ્નનો ઉત્તર આપવો મુશ્કેલ છે, પરંતુ આમજનતાને લાગેવળગે છે ત્યાં સુધી હું ધારું છું કે તે વધતો જાય છે.

પ્ર. બ્રિટિશ લોકોએ હિંદનું કશું ભલું કર્યું નથી એવું તમે માનો છો એ સાચું છે? અને તમે રેલવેને પણ નુકસાનકારક લેખો છો?

ઉ. અમુક અંશે તે સાચું છે. હિંદમાંના બ્રિટિશ રાજ્યની એકંદર અસર બૂરી જ થઈ છે. રેલવેએ ભલું કર્યું છે તેના કરતાં નુકસાન વધારે કર્યું છે.

પ્ર. દુષ્કાળ વખતે રેલવે ઉપયોગી નહોતી થઈ?

ઉ. થોડા સમય માટે તે ઉપયોગી થઈ હશે; પરંતુ મોટે ભાગે રેલવેએ ગ્રામવાસીને એને પોતાને માટે જે કંઈ જોઈએ છે તે તેની પાસેથી ઘસડી લઈ જવાનું જ કાર્ય કર્યું છે.

પ્ર. પણ તેને માટે તેને પૈસા મળે છે ને?

ઉ. પણ પૈસાને તે ખાઈ શકતો નથી. જો તમે સહરાના રણમાં રહેતાં હો અને તમારી પાસે તમને જીવતાં રાખવા પૂરતું જ પાણી હોય, તો તમને ગમે તેટલું કોઈ સોનું આપે તો પણ એ પાણી વેચો ખરાં?

પ્ર. પરંતુ તેમની પાસે જે કંઈ વધારાનું છે તે જ તેઓ વેચતા નથી?

ઉ. તેઓ જ્યારે પોતાનો કાચો માલ વેચે છે, ત્યારે તેઓ તેમનો જન્મસિદ્ધ હક્ક જ વેચે છે. તેઓ તેમ કરે છે કારણ કે તેમનામાં સાચી સમજ નથી. જો તમારા હૃદયમાં મારે માટે ભલાની લાગણી હોય, તો તમે મારી પાસેથી કાચું ચામડું લઈને મને તૈયાર જોડા લેવાની સલાહ આપશો? અથવા મારું રૂ વેચીને મને તૈયાર કપડું ખરીદવાનું કહેશો? હું મારા દેશબંધુ-ઓને પોતાનું રૂ સંઘરવાનું, તેને કાંતવાનું અને તેમાંથી તેમનું કપડું તૈયાર કરવાનું કહું છું.

પ્ર. લોકો કહે છે કે જ્યાં રેલવે હોય છે ત્યાં ભૂખમરો હોતો નથી. દુકાળ પડે ત્યારે, તેઓ જ્યાં પુષ્કળ અન્ન પાક્યું હોય ત્યાંથી તેને તેની જ્યાં જરૂર હોય ત્યાં ઝડપથી લઈ જાય છે.

ઉ. જેમણે આ રેલવેની યોજના કરી છે તેમણે લોકોના કલ્યાણનો વિચાર કર્યો નથી. તેમણે તો માત્ર દૂર દૂરના શૅરહોલ્ડર્સ અથવા માલિકોનો જ વિચાર કર્યો છે. દુકાળ વખતે થતો લાભ બીજા ગેરલાભોનો વિચાર કરીએ તો નજીવો જ ગણાય. તે તો કોઈ લૂંટારો મારું બધું લૂંટી જાય, અને પછી નહીં જેવું પાછું આપે તેના જેવું ગણાય.

Gandhi Heritage Portal

પ્ર. રેલવે ન હોત તો હિંદુસ્તાનની સ્થિતિ છે તેના કરતાં વધારે સારી હોત?

ઉ. બીજી શરતોનું પાલન થતાં એ બાબતમાં મને કશી શંકા નથી.

પ્ર. રેલવેને કઈ રીતે ઉપયોગી બનાવી શકાય?

ઉ. આ બાબતમાં લોકોનાં સાચાં હિત સાથે સુસંગત હોય એવી નીતિ અખત્યાર કરવી જોઈએ, એટલે કે રેલવે આવ્યા પહેલાં લોકો જેવા સ્વાવલંબી હતા તેવા જ સ્વાવલંબી તેઓ રહેવા જોઈએ. આજે તો તેઓ શરીરથી અને મનથી દરિદ્ર થઈ રહ્યા છે. તેઓ પોતાના કાચા માલનો સારામાં સારો ઉપયોગ કેમ કરવો તે જાણતા હતા. તેઓ તેમના રૂમાંથી કપડું બનાવતા; ચામડામાંથી પગરખાં બનાવતા; અને પોતાના અન્નમાંથી રોટલો બનાવતા. આજે આથી ઊલટી પ્રક્રિયા થઈ રહી છે. કરોડો માણસો પોતે ઉત્પન્ન કરેલી કાચી વસ્તુઓ પરદેશ નિકાસ કરે અને તેમાંથી ઉત્પન્ન થયેલો તૈયાર માલ પોતાના ઉપયોગ માટે દેશમાં આયાત કરે તેના કરતાં બીજી વધારે નુકસાનકારક વસ્તુ હું જોઈ શકતો નથી. ગામડામાં જ તૈયાર થયેલો પાકો માલ દેશમાં બીજે સ્થળે લઈ જવાનું ઉપયોગી કામ રેલવે કરી શકે.

પ્ર તો પછી લોકોને આ બધું કામ કરતાં શીખવવા માટે, દેશમાં એક વ્યાપક હિલચાલ ઉપાડવી જોઈએ.

ઉ. પહેલાં પ્રાંત પ્રાંત વચ્ચે પુષ્કળ વેપાર ચાલતો હતો.

પ્ર. વિદેશી પદ્ધતિ શું સસ્તી નથી?

ઉ. નહીં. તે હોય તોપણ, અમારી પોતાની જ પેદાશ ઊંચા દામે પણ સસ્તી જ પડવાની. દાખલા તરીકે, આશ્રમમાં અમે અમારાં શાકભાજી જાતે ઉગાડવા નક્કી કર્યું ત્યારે શરૂઆતમાં તેની કિંમત બજારકિંમત કરતાં વધારે પડવા લાગી. પરંતુ હવે અમે બહારના કરતાં વધારે સારાં અને સસ્તાં ઉગાડી શકીએ છીએ અને અમારા આશ્રમના માણસોને તેમાંથી રોજી પણ મળે છે.

પ્ર. હું જરા નિખાલસતાથી વાત કરું? મને બંગાળમાં કહેવામાં આવ્યું હતું કે ખાદી બ્રિટિશ કાપડ કરતાં વધારે મોંઘી અને ખરબચડી છે; અને જે સ્ત્રીઓ ખાદી પહેરવાની પ્રતિજ્ઞા લે છે તેમનાં અંદરનાં કપડાં પરદેશી કાપડનાં બનેલાં હોય છે.

ઉ. ખાદી વધારે ખરબચડી હોય તો દેશ પ્રત્યેની ભક્તિ એટલો ત્યાગ માગી લે છે. થોડાંક વર્ષો અગાઉ અમે ખાદી ઉત્પન્ન કરતા તેના કરતાં અત્યારે વધારે સારી ખાદી ઉત્પન્ન કરીએ છીએ એ બાબતમાં કશી શંકા નથી, તેમ જ અમે ખાદીની કિંમત હવે ઠીક ઠીક ઓછી કરી શક્યા છીએ. જે બહેનો વિશે તમને કહેવામાં આવ્યું, તેમને મારે એટલું જ કહેવાનું છે કે એક વાર ખાદી પહેરવાની પ્રતિજ્ઞા લીધા પછી, કોઈ પણ પ્રકારનું પરદેશી કાપડ પહેરવું તેમને માટે ઉચિત નથી.

પ્ર. તમારા ઉદ્દેશો અને આદર્શો કયા કયા છે?

ઉ. મારે મારા દેશને માટે અહિંસક અને સત્યમય સાધનો દ્વારા સંપૂર્ણ સ્વાતંત્ર્ય જોઈએ છે.

પ્ર. અહિંસા દ્વારા તમે આટલે સુધી પહોંચી શકશો એમ તમે માનો છો?

ઉ. મારી પોતાની દૃઢ શ્રદ્ધા અને માન્યતા છે કે અમે બીજી રીતે નહીં પણ અહિંસા દ્વારા જ અમારું સ્વાતંત્ર્ય મેળવી શકીશું. હિંસક સાધનો વડે નહીં પણ અહિંસક સાધનો વડે જ એ મળશે એ વાત મને વધારે શક્ય લાગે છે.

Gandhi Heritage Portal

પ્ર. સ્વાતંત્ર્યનો તમે શું અર્થ કરો છો?

ઉ. ભૂલો કરવાનું અને તેને સુધારવાનું સ્વાતંત્ર્ય મારે જોઈએ છે. હું વધારેમાં વધારે ઊંચે ચડી શકું અને નીચે પડી પણ શકું એટલું સ્વાતંત્ર્ય જોઈએ છે. મારે કાખઘોડી નથી જોઈતી.

પ્ર. શું તમે એમ નથી માનતા કે બ્રિટિશ લોકો તમને ઘણા જ સહાયભૂત થયા છે?

ઉ. દરેક મહત્ત્વની બાબતોમાં તેઓ ખૂબ જ નુકસાનકર્તા નીવડ્યા છે. 'તેઓ' કહેતાં હું બ્રિટિશ સરકાર સમજું છું.

પ્ર. અને શા માટે?

ઉ. તેનું કારણ એ છે કે તેઓએ લોકોના આર્થિક, માનસિક અને નૈતિક વિકાસને પોલા બનાવી દીધા છે.

પ્ર. શું તમે એમ માનતા નથી કે તેઓએ હિંદના આર્થિક વિકાસમાં મદદ કરી છે?

ઉ. સરકારના પોતાના જ અમલદારોના અહેવાલ મુજબ પચાસ વર્ષ પહેલાં હિંદ ગરીબ હતું તેના કરતાં આજે વધારે ગરીબ છે. થોડીક વ્યક્તિઓ ભલે સમૃદ્ધ થઈ હોય, પરંતુ સામાન્ય રીતે ગરીબી વધારે ઊંડી જઈ રહી છે. ધનસંપત્તિની થોડીક હેરફેર થઈ હશે; પણ એકંદરે દેશમાં ક્યાંય સમૃદ્ધિ દેખાતી નથી.

પ્ર. સરકાર કહે છે કે પહેલાં કદી આટલા બધા ખરીદનારા ન હતા.

ઉ. જો સરકાર એમ કહેતી હોય કે લોકો તે વખતે ખરીદી શકતા નહોતા અને અત્યારે ખરીદી શકે છે, તો એ એની ભૂલ છે. એ અર્થમાં એ સાચું છે કે તે દિવસોમાં લોકો ઘણી બધી વસ્તુઓ ખરીદતા નહોતા, જ્યારે આજે તેઓ એ ખરીદે છે, અને આજે, ખરીદવાનો માલ પણ વધારે મળે છે.

પ્ર. પણ બ્રિટિશ માલનો બહિષ્કાર કરવાનો અર્થ શો? ઇંગ્લંડ પોતાના માલને ખાસ પસંદગી આપતું નથી. દુનિયાની બધી પ્રજાઓ માટે મુક્ત સ્પર્ધાની છૂટ છે.

ઉ. ના. એ વાત સાચી નથી. મુક્ત સ્પર્ધા પ્રવર્તે છે એવો માત્ર ભાસ થાય છે. ઇંગ્લંડ છૂપી રીતે અનેક તરકીબોથી પોતાના માલને પસંદગી આપે જ છે. મુક્ત સ્પર્ધા માત્ર દેખાવ પૂરતી જ છે; પરંતુ હકીકતમાં ત્યાં મુક્તતા પ્રવર્તતી નથી. પરંતુ પરદેશીઓનો પક્ષ લેવા અંગ્રેજો નિષ્પક્ષપાત હોય તોપણ મારો એમની સાથેનો ઝઘડો તો રહેવાનો જ. મારે ભારતીય હિતો માટે પ્રથમ પસંદગી જોઈએ છે.

પ્ર. કેવી રીતે?

ઉ. બધા જ પરદેશી કાપડની નિકાસ બંધ કરીને અને દેશમાં જ પેદા થઈ શકે એવી ચીજો આયાત કરવા બદલ ભારે કર નાખીને.

પ્ર. પણ તમારી ઉત્પાદન કિંમત ઘણી વધારે હશે.

ઉ. ઊંચા કે નીચા ભાવો કંઈ દેશની સમૃદ્ધિ કે ગરીબીનું અનિવાર્ય ચિહ્ન નથી. મારાં શાકભાજી માટે હું બીજા કોઈ પર આધાર રાખું તે કરતાં ભલે વધારે મોંઘું પડે છતાં તે હું જાતે જ ઉગાડું એ વધારે સારું છે, પછી હું કુશળ વ્યવસ્થા દ્વારા તેની કિંમત ઘટાડવાનો પ્રયત્ન કરીશ. અમદાવાદમાં શાકભાજી થોડાં સસ્તાં મળે છે તેના ફાયદા કરતાં જાતે શાકભાજી ઉગાડતાં જે કુશળતા, સવલત, અને આપણે પોતાનું શાક ઉગાડીએ છીએ એવું જ્ઞાન મળે છે તે ઘણું વધારે ફાયદાકારક હશે. એવી જ રીતે કાપડના ઉત્પાદનમાં પણ અમને અમારાં સાધનો દ્વારા

Gandhi Heritage Portal

તે ઉત્પન્ન કરવા દેવામાં આવે તો અમે બહુ જ થોડા સમયમાં એ ઉત્પન્ન કરી શકીએ. અને તદ્દન સસ્તું બનાવી શકીએ.

પ્ર. પરદેશી હરીફાઈથી મુક્ત હોય એવો કોઈ દેશ હાલ દુનિયામાં નથી.

ઉ. મને માફ કરશો. જર્મની એક એવો દેશ હતો. જર્મનીએ પરદેશથી આવતી ખાંડ સામે મોટી જકાતી દીવાલ ઊભી કરી; અને પછી એણે સફળતાપૂર્વક શ્રેષ્ઠ પ્રકારની ખાંડ ઉત્પન્ન કરી. દરેક રાષ્ટ્ર પોતાના નવા ઉદ્યોગોનું સહાય દ્વારા અને જકાત દ્વારા રક્ષણ કરે છે.

પ્ર. તમે શું એમ કહેવા માગો છો કે બધી પરદેશી આયાતો બંધ કરી દેવી જોઈએ અને હિંદે માત્ર પોતાને ત્યાં જ ઉત્પન્ન થયેલો માલ વાપરવો જોઈએ?

ઉ. આપણે જે માલ ઉત્પન્ન ન કરી શકીએ તે પરદેશો પાસેથી ખરીદ કરી શકીએ; દાખલા તરીકે, બ્રિટન અથવા તો જર્મની પાસેથી આપણે આયોડિન ખરીદીએ; અરબસ્તાન પાસેથી આપણે મોતી ખરીદીએ; જોહાનિસબર્ગ પાસેથી આપણે હીરા પણ ખરીદીએ; અને લિવર-વાળી ઘડિયાળો ઇંગ્લંડ પાસેથી પણ લઈએ; વળી સારાં વાંચવાલાયક પુસ્તકો ઇંગ્લંડ, અમેરિકા અને દુનિયાના બધા દેશો પાસેથી ખરીદીએ. અલબત્ત, આપણે સોય અને ટાંકણીઓ — બંને ગમે તેટલાં ભયંકર હથિયારો (!) હોવા છતાં — પરદેશો પાસેથી ખરીદીએ; અને બીજી હું ગણાવી શકું તે અનેક વસ્તુઓ અવશ્ય લઈએ. અને બીજા દેશોને જે વસ્તુઓ જોઈએ તે નફો લઈને આપણે તેમને વેચીએ; પરંતુ તેમ કરતાં આપણે કોઈ પણ માલ કોઈના ઉપર લાદીશું નહીં. દાખલા તરીકે, હું અફીણ ઉગાડતો હોઉં, તો ચીન અથવા અમેરિકા ઉપર તેને તેમની મરજી વિરુદ્ધ લાદવાનું પસંદ નહીં કરું.

પ્ર. પણ જો તમે પોતાની વસ્તુઓ ઉત્પન્ન કરો, તો તમારે મજૂરોના પ્રશ્નોનો સામનો નહીં કરવો પડે?

ઉ. હા, એ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેનો નિકાલ પણ આપમેળે જ થઈ જશે.

પ્ર. તમે તેનો ઉકેલ મૂડીવાદી રીતે કરશો કે સામ્યવાદી રીતે કરશો?

ઉ. રાષ્ટ્રીય દૃષ્ટિએ, સમગ્ર લોકોનાં હિતની દૃષ્ટિએ.

પ્ર. પરંતુ ઉદ્યોગમાં મૂડીરોકાણ કોણ કરશે?

ઉ. અમે પોતે જ. આપણી મૂડી આપણાં સ્ત્રીપુરુષોમાં જ રહેલી છે; અને અમારી પાસે તે લાખોની સંખ્યામાં છે.

પ્ર. તમારા ઉદ્યોગો રાજ્ય દ્વારા ચલાવશો કે દેશ દ્વારા?

ઉ. તે કેવી રીતે ચલાવવામાં આવશે તે અગત્યનું નથી — સિવાય કે ખાસ વર્ગના હિતમાં નહીં પણ લાખો લોકોના હિતમાં ચલાવવામાં આવે — આ સિદ્ધાંતની ખાતરી મળતાં માત્ર નામથી તેને ગમે તે ચલાવે એની મને ચિંતા નથી.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૨૮૪

Gandhi Heritage Portal

## ૧૫૦. ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને મુલાકાત

અમદાવાદ,
માર્ચ ૨૦, ૧૯૨૮

દિલ્હીથી પ્રસિદ્ધ થયેલો એક અહેવાલ જણાવે છે કે ગાંધીજીએ વિયેનામાં ભરાનારી એક યુવક પરિષદમાં હાજરી આપવાનું આમંત્રણ લગભગ સ્વીકાર્યું છે. અને તેઓ બહુ જ ટૂંકા સમયમાં યુરોપ જવા ઊપડશે. આ વિશે તેમની મુલાકાત લેતાં તેમણે કહ્યું કે એ નિવેદન બિલકુલ સમય પહેલાં થયેલું ગણાય. તેમણે ઉમેર્યું કે હજી સુધી કશું નક્કી થયું નથી. અને ત્યાં જવું કે નહીં એ વિશે હજી તેઓ પોતે સ્પષ્ટ નથી.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ૨૨-૩-૧૯૨૮

## ૧૫૧. ફ્રાન્ઝ રૅનોને પત્ર[૧]

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૧, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારા પત્ર બદલ હું તમારો આભાર માનું છું. હું યુવકોને એટલું જ કહી શકું છું કે તેઓએ પોતાના યૌવનની પ્રચંડ શક્તિને પવિત્ર સેવાકાર્યની દિશામાં વાળવી જોઈએ. અને તેને ભાષણો, લેખો અને બીજી એવી પ્રવૃત્તિઓ જે આજકાલ જબરી ફૅશનનો વિષય થઈ પડી છે તેમાં વેડફી ન નાખવી જોઈએ.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૨૬૫

૧. વેલ્ટજુગેન્ડલીગા, વર્લ્ડ ફેડરેશન ઑફ યુથ ફૉર પીસના મંત્રીએ તેમના ૧૦ માર્ચ, ૧૯૨૮ના પત્રમાં ગાંધીજીને "માર્ગદર્શન માટે થોડી લીટીઓ લખી મોકલવાની વિનંતી" કરી હતી. (એસ. એન. ૧૪૨૨૫).

Gandhi Heritage Portal

## ૧૫૨. ટી. ડિ મંજિયરલીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૧, ૧૯૨૮

પ્રિય ભાઈ,

આટલા બધા લાંબા સમય પછી તમારો પત્ર મળતાં આનંદ થયો. તમે કહેલાં બંને પુસ્તકો આરોગ્યની ચાવી અને તકલી શિક્ષક તમને મોકલું છું. અને તેમાં હાથકાંતણ વિશેનો નિબંધ ઉમેરું છું.

હવે બીજા પૅરેગ્રાફ વિશે[1] મને માત્ર એટલું જ કહેવાનું ગમે કે હું જીવનની સાદાઈનો પરમ ઉપાસક છું, છતાં મેં એવું શોધી કાઢ્યું છે કે જ્યાં સુધી આવી સાદાઈનો પડઘો અંતરમાંથી ન ઊઠતો હોય ત્યાં સુધી એ નિરર્થક છે. કહેવાતા સુધરેલા જીવનની વ્યવસ્થિત આધુનિક કૃત્રિમતાને હૃદયની સાદાઈ સાથે કશી નિસબત ન હોઈ શકે. જ્યાં આ બંને વચ્ચે મેળ ન હોય ત્યાં હમેશાં નરી આત્મવંચના કે દંભ જોવા મળે છે.

તમારો સહૃદયી

ટી. ડિ મંજિયરલી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૪૨૬૭

## ૧૫૩. મિસિસ જોસેફ એ. બ્રૉનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૧, ૧૯૨૮

વહાલાં બહેન,

શ્રીમતી શર્મન દ્વારા રૂપિયા ૭૦નો ચેક તમે મોકલ્યો એ તમારી અને તમારી ક્લબનાં સભ્યોની વિચારશીલતા બતાવે છે. તમે હૃદયપૂર્વક મોકલેલી ભેટની હું કદર કરું છું. જેમણે રેંટિયાનો સંદેશો ફેલાવવામાં જ પોતાનું જીવન અર્પણ કર્યું હોય એવી વ્યક્તિની જરૂરિયાતો પૂરી કરવા હું તમારા ચેકનો ઉપયોગ કરું છું.

તમારો સહૃદયી

મિસિસ જોસેફ એ. બ્રૉન
આર. એફ. ડી. ૩
બર્મિંગહામ
મિશીગન, યુ. એસ. એ.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૪૨૬૮

૧. ૨૭ ડિસેમ્બર, ૧૯૨૭ના એક પત્રમાં આ લેખકે લખ્યું હતું કે: "... માનવજાત વધારે સાચી વસ્તુઓ પાછળ ખર્ચવાને વધારે સમય અને વધારે શક્તિ મેળવી શકે તે માટે વધારે સાદું જીવન જીવવાની જરૂરિયાત સમજે એ જોવાનું મને કેટલું ગમે તે તમે જાણો છો?"

Gandhi Heritage Portal

## ૧૫૪. પૂંજાભાઈને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
માર્ચ ૨૧, ૧૯૨૮

ચિ. પૂંજાભાઈ,

તમારું પત્તું મળ્યું છે. શનિવારે સાંજે જરૂર આવજો. સાંજે વખત નહીં આપી શકું તો રવિવારે આપીશ અને તમારે ધારેલે વખતે તમને રવાના કરી દઈશ. તમારી તબિયત હવે તદ્દન સારી થઈ હશે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૪૦૦૯

## ૧૫૫. નોંધ

### રેંટિયો : એક સાબિત થયેલી જરૂરિયાત

સંયુક્ત પ્રાંતમાં આવેલું અકબરપુર એક નાની જગ્યા છે, જ્યાં પ્રોફેસર કૃપાલાનીજીના ખાદી કાર્યકરોના જૂથે સાત વર્ષ સુધી કામ કર્યું છે. અત્યારે જેમાં ઊતરવાની જરૂર નથી એવાં કેટલાંક કારણોસર આ દળને અકબરપુરમાંથી ખસી જવું પડ્યું. એ દળના ખસી જતાં ત્યાં જે કરુણ દૃશ્ય જોવા મળ્યું અને છેવટે કોઈ ને કોઈ રીતે એ કેન્દ્રને કેવી રીતે ચાલુ રાખવું પડ્યું તેનું વર્ણન જવાહરલાલ કરે છે. અખિલ હિંદ ચરખા સંઘને તેમણે લખેલા પત્રમાંથી નીચેનો અગત્યનો ભાગ વાચકો રસપૂર્વક વાંચશે.

> મેં તમને ક્યારનુંયે કહ્યું છે કે ગાંધી આશ્રમે અકબરપુર છોડી દીધું છે. તત્કાળ પૂરતી અમે તેની જવાબદારી ઉઠાવી છે. કારણ કે અમને લાગ્યું છે કે આપનો નિર્ણય ન આવે, ત્યાં સુધી અમારે કાર્ય ચાલુ રાખવું જ જોઈએ. જો અમે તે જવાબદારી ઉઠાવી ન હોત તો કાર્ય થંભી જાત અને તેને નવેસરથી ચાલુ કરવાનું મુશ્કેલ બનત. ઉપરાંત, લાગણીની દૃષ્ટિએ પણ એ શહેર છોડવું જરા મુશ્કેલ હતું. કેટલાંયે વર્ષો થયાં આ કેન્દ્ર સારી રીતે જાણીતું થયેલું છે. અને કેટલાયે વણકરો અને બીજા એની સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. તેને એકદમ છોડી દેવાથી આજુબાજુના આખાયે વિસ્તાર પર બૂરી અસર પડી હોત. અને એના ઉપર નભતાં અનેક ગરીબ કુટુંબોની આર્થિક હાલત કથળી ગઈ હોત. ખરેખર અમને કહેવામાં આવ્યું હતું કે ગાંધી આશ્રમ બંધ કરી દેવાનો નિર્ણય જાહેર કર્યો ત્યારે કેટલાંક હૃદયસ્પર્શી દૃશ્યો જોવામાં આવ્યાં હતાં. ઘણી વાર કાંતનાર બહેનો જે થોડે દૂરના કેન્દ્રમાં પોતાનું સૂતર વેચતી હતી, તે એ કેન્દ્ર બંધ થતાં માઈલો સુધી પગે ચાલીને આ મુખ્ય કેન્દ્રમાં આવી અને તેમનું સૂતર ખરીદવામાં નહીં આવે એમ

Gandhi Heritage Portal

સાંભળતાં રડી પડી. પોતાની પત્નીઓ તથા કુટુંબીજનો સાથે ઘણા વણકરો અકબરપુરની ઑફિસે આવ્યા અને કહ્યું કે અમે સત્યાગ્રહ કરીશું. છેલ્લાં સાત વર્ષ થયાં અમે આશ્રમ માટે કાર્ય કરતા આવ્યા છીએ. અને હવે એકાએક અમને મુશ્કેલીમાં મૂકી દેવામાં આવે છે. આ સંજોગોમાં આશ્રમનું સંચાલન માથે લેવાની ના પાડવી અમારે માટે કેટલી મુશ્કેલ હશે એ આપ સમજી શકશો. પણ અલબત્ત, લાગણીવશ થઈને આવા પ્રશ્નનો નિર્ણય થઈ શકે નહીં. અકબરપુર એક રીતે કેટલાક નોંધપાત્ર ફાયદા ધરાવે છે અને સાથે સાથે એક ઘણો મોટો ગેરલાભ પણ ધરાવે છે. વણાટના કેન્દ્ર તરીકે એ પ્રખ્યાત છે; અને અત્યારે હિંદુસ્તાનનું કેટલુંક સુંદરમાં સુંદર વણાટકામ તેની પડોશમાં આવેલા ટંડામાં થાય છે. કમનસીબે, આ વણાટકામ — જેને જામદાની કામ કહેવામાં આવે છે — તે પરદેશી સૂતરમાંથી કરવામાં આવે છે, બીજી રીતે જોઈએ તો અકબરપુરની આસપાસ કાંતણકામ બહુ જ થોડું થાય છે. અને કેન્દ્રને જો ચલાવવું જ હોય તો વણાટ માટેનું સૂતર બીજેથી લાવવું જ પડે. ગાંધી આશ્રમ હું ધારું છું તે પ્રમાણે આ સૂતર ખાસ કરીને, બિહારની સરહદ બહારથી અને મુઝફ્ફરપુર નગરમાંથી મેળવતો હતો. અમારે માટે સંયુક્ત પ્રાંતની ઉત્તરે આવેલા મોરાદાબાદ, બિજનોર વગેરે જિલ્લાઓમાંથી તે લઈ આવવું સુગમ પડશે. સૂતરને મોકલવાનો ખર્ચ બહુ નથી.

જો ખાદી ઘી અથવા અનાજ જેટલી પ્રચલિત થઈ શકી હોત, તો કોઈ પણ કેન્દ્ર બંધ કરવાનો કદી વિચાર જ આવ્યો ન હોત. આપણી પાસે ભંડોળ અને કાર્યકરો બંને પૂરતા પ્રમાણમાં હોત તો માત્ર ૧૬,૦૦૦ ગામડાંઓમાં જ નહીં, પણ હિંદનાં ૭,૦૦,૦૦૦ ગામડાંમાં આપણે પ્રતિનિધિઓ રાખ્યા હોત. જ્યારે આપણે જાણીએ છીએ કે પરદેશી સરકારના ઓછામાં ઓછા દરેક ગામડામાં બે પ્રતિનિધિઓ તો હોય જ છે ત્યારે આ કોઈ અવ્યવહારુ મહત્ત્વાકાંક્ષા નથી. અંગ્રેજોના આગમન પહેલાં કોઈએ આ વાત સૂચવી હોત તો એ માણસને તદ્દન હસી કાઢવામાં આવ્યો હોત, પણ વિચાર કરતાં સમજાશે કે શાહીવાદી બ્રિટન હિંદનાં પ્રજાતંત્રી ગામોમાં ૧૭મી સદીમાં પોતાના પ્રતિનિધિઓ હોવાની આશા રાખે એ વાત જેટલી હાસ્યાસ્પદ થાય તેના કરતાં પ્રત્યેક ગામડામાં ચરખાની પુનઃસ્થાપના કરવાની વાત અરધી પણ હાસ્યાસ્પદ ન ગણાવી જોઈએ. અકબરપુરની આસપાસ રહેતી આ બહેનોએ જે વાત કહ્યાનો અહેવાલ મળે છે તે વાત જ સાબિત કરે છે કે ચરખો કેવી આવશ્યક જરૂરિયાત પૂરી પાડે છે અથવા આ પ્રાચીન દેશના પ્રત્યેક ગામડામાં પૂરી પાડી શકે છે. જામદાની જેવા દૂર દૂર સુધી ખંકાયેલા વસ્ત્ર માટે આપણા શક્તિશાળી વણકરોને પરદેશી સૂતર ઉપર આધાર રાખવો પડે છે એ પરિસ્થિતિ આપણી દેશભક્તિ માટે શોભારૂપ નથી; કારણ કે ફક્ત અર્ધી સદી પહેલાં પડોશી બહેનોના પવિત્ર હાથે કંતાયેલા સૂતરમાંથી એ જ કાપડ વણવામાં તેઓ ગૌરવ લેતા હતા. આપણા બજારમાં જથ્થાબંધ આવતા પરદેશી સૂતર જેવું જ બારીક અને મજબૂત સૂતર આપણા દેશમાં પણ હાથ-કાંતણથી બહુ જ ટૂંકા સમયમાં ઉત્પન્ન થઈ શકશે.

## એ સાચું હોઈ શકે?

નવી દિલ્હીના આર્યસમાજના પ્રમુખ લખે છે:[૧]

સિમલાના પહાડોમાં બાઘાટ રાજ્ય આવેલું છે. અને તેના રાજ્યકર્તા એક સુસંસ્કૃત હિંદુ રાજવી છે . . . આ રાજ્યની વસ્તી લગભગ દશ હજારની છે અને તે મુખ્યત્વે

૧. અહીં માત્ર અમુક ભાગ જ આપ્યા છે.



Gandhi Heritage Portal

રજપૂત, કાનેટ અને બ્રાહ્મણોની છે. બીજી જાતિઓમાં કોળી, ચમાર વગેરે છે, જેને હલકી જાતિઓ ગણવામાં આવે છે. કોળીઓ મુખ્યત્વે ખેતી ઉપર ગુજારો કરે છે, છતાં તેમના પર લદાયેલી સામાજિક ગેરલાયકાતો સંખ્યાબંધ છે. પોતાના જ હિંદુ ભાઈઓ તરફથી આ લોકોને જે અમાનુષી વર્તન સહેવું પડે છે, તેનાથી ગદ્ગદિત થઈને સિમલાની આર્યસમાજે તેમનો સામાજિક દરજ્જો ઊંચો લાવવા માટે એમને પોતાના પડખામાં લીધાં. અને તેઓ વ્યવસાયે વૈશ્ય હોવાથી તેમને યજ્ઞોપવીત પણ આપ્યું . . . આ કાર્યથી ત્યાંના સવર્ણ હિંદુઓ નાખુશ થયા લાગે છે, અને તેમણે આ ભાઈઓને યજ્ઞોપવીત આપવાના અધિકારને પડકાર કર્યો છે. તેથી તે રાજ્યના રાજવીએ પોતે ૬ જાન્યુઆરી ૧૯૨૮ના રોજ તાત્કાલિક તપાસ ચલાવી અને બીજે જ દિવસે પરાપૂર્વથી ચાલતી આવતી રૂઢિરસમોનું કારણ આગળ કરી લગભગ દસ જેટલા ગરીબ કોળીઓને છ મહિનાની કેદ સાથે બસો રૂપિયાનો દંડ કર્યો. આ કમનસીબ માણસોને પોતાનો બચાવ કરવાની કોઈ તક આપવામાં ન આવી. એટલું જ નહીં પણ આર્યસમાજનો જે પંડિત આ પ્રસંગે સદ્ભાગ્યે હાજર હતો, તેને આ બાબતમાં આર્યસમાજનું દૃષ્ટિબિંદુ શું હતું તે વિશે કશું પણ કહેવાની તક આપવામાં આવી નહીં. હવે એવા સમાચાર મળી રહ્યા છે કે જેલમાં તેમને જનોઈ ઉતારી નાખવાનું દબાણ કરવામાં આવે છે.

આગળ આપેલા ફકરામાં જે સમાચાર છે તે ન માની શકાય એવા દેખાય છે. કોળીઓને કોઈ પણ રીતે અસ્પૃશ્ય, દલિત કે પતિત વર્ગમાં ગણી ન શકાય. જો તેઓ પોતે પોતાના ખેતરમાં ખેતી કરતા હોય, તો વર્ણની વ્યાખ્યા પ્રમાણે તેઓ વૈશ્ય જ ગણાવા જોઈએ. અને તેથી તેમને યજ્ઞોપવીત પહેરવાનો સંપૂર્ણ અધિકાર છે. પરંતુ એમ એક વાર કદાચ માની લઈએ કે ધર્મ તેમ કરવાનો તેમને અધિકાર આપતો નથી, તોપણ એવા સમાચાર માનવા તો હું બિલકુલ તૈયાર ન હતો કે કોઈ પણ રાજ્યમાં કોઈ પણ માણસ જનોઈ પહેરે એ કાયદાની દૃષ્ટિએ ફોજદારી ગુનો ગણાય. વળી, જે કમનસીબ લોકો એમ માનતા હતા કે જનોઈ ધારણ કરવામાં તેઓ કોઈ ઈષ્ટ અથવા પુનિત ધાર્મિક પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યા હતા તેમને બચાવ કરવાની અને સાક્ષી લઈ આવવાની પણ તક ન આપવામાં આવી એ પણ એક કલ્પનામાં ન આવી શકે એવી બિના છે; અને જો આ શિક્ષાનો અને ફારસરૂપ કેસ ચલાવ્યાનો અહેવાલ સાચો હોય તો આ જેલવાસીઓના શરીર ઉપરથી પરાણે જનોઈ ઉતરાવવાની વાત વિશે મને જરા પણ નવાઈ ન લાગે. બાઘાટ રાજ્ય સામે તેમણે કરેલા આક્ષેપોના સમર્થનમાં બીજી કંઈ વિગતો હોય તો તે મને મોકલવા આર્યસમાજના પ્રમુખને વિનંતી કરું છું અને રાજ્યના સત્તાવાળાઓ જો મને આ બાબતમાં પોતાનું મંતવ્ય મોકલવા ઇચ્છશે તો તે હું આવકારીશ અને ખુશીથી પ્રગટ કરીશ.

[મૂળ અંગ્રેજી]

यग इन्डिया, २२–३–१९२८

Gandhi Heritage Portal

# ૧૫૬. મિલો અને બહિષ્કાર

મિલો સાથે નિકટ સંબંધ ધરાવનાર અને પરદેશી કાપડના બહિષ્કારમાં આપણી મિલો પૂરેપૂરો ફાળો આપે એવી ઇચ્છા રાખનાર એક મિત્ર કેટલાક પ્રશ્નો પૂછે છે. તે તેના ઉત્તર સાથે નીચે આપું છું:

૧. કિંમતનું એક ધોરણ આપ શા આધારે રખાવવા ઇચ્છો છો? કારણ બધી મિલો સરખી નથી. કોઈ સારી છે, તો કોઈ નરસી છે; કોઈ પવાયત ઘણી વાપરે છે, તો કોઈ ઓછી; કોઈનું અનામત ફંડ બીજા કરતાં વધારે હોય છે; મુંબઈની મિલો અમદાવાદ અને ઉત્તરની મિલો કરતાં ઓછો નફો કરે છે. અને એવા અનેક નાનામોટા ભેદો છે.

આનો એક સામાન્ય જવાબ તો એ આપી શકાય કે 'મન ચંગા તો કથરોટમેં ગંગા.' મિલો તો ત્યારે જ પોતાનો ફાળો આપી શકશે કે જ્યારે મિલોવાળા પોતાનો પ્રમાદ ખંખેરી નાખશે, ખૂબ વિચારતા થઈ જશે, અને તે પણ વળી શૅરવાળાઓ, ડિરેકટરો અને એજંટોના સ્વાર્થનો નહીં, પણ દેશના હિતનો વિચાર કરતા થઈ જશે. પણ આ બાબતમાં મારો કહેવાનો ભાવ વધારે સ્પષ્ટ કરવાને અર્થે હું જણાવીશ કે બહિષ્કારમાં જોડાવા ઇચ્છતી બધી મિલોએ બધા ભેદોને સરખા કરી લેવા પડશે, અને એક જ ધોરણસર કિંમત નક્કી કરવી પડશે. આનો અર્થ એટલો તો ખરો જ કે કેટલીક મિલોએ પોતાના નફાનો મોટો ભાગ જતો કરવો પડશે. જો તેમની દેશભક્તિ સાચી અને પ્રગતિશીલ હશે તો જે મિલો નફો કરે છે તેઓ ખોટમાં કામ કરનારી મિલોને સોડમાં લેશે, અને જેટલા તફાવતો દૂર કરી શકાય તેટલા દૂર કરવામાં આવશે. મારી કલ્પના પ્રમાણે તો મિલોને કુલ સરવાળે ખોટ ન જવી જોઈએ, અને ખરીદનારને ભોગે તેમણે નફો ન કરવો જોઈએ.

૨. ખાદી ન બનાવવાની ખોળાધરી તો થોડી મિલો આપશે. પણ ઊતરતા આંકનું સૂતર કાઢનારી મિલો વિશે શું? ખાદીની આપની કસોટી શી?

આ તો એક સામાન્ય શાહજોગ વ્યવહારની વાત છે, અને ખાદી કાર્યાલયો તથા મિલો વચ્ચે સમજૂતી કરી લેવાની વાત છે. આજે તો મારે દિલગીરી સાથે કહેવું જોઈએ કે કેટલીક સારી મિલોવાળા પણ, ગામડાંમાં ખાદીનું વાતાવરણ વધતું જાય છે તેનો કેવળ અણઘટતો લાભ લેવાને માટે પોતાના કાપડ ઉપર 'ખાદી'ની છાપ મારતાં શરમાતા નથી. જો ખાદી કાર્યાલયો અને મિલો વચ્ચે વ્યવહારુ સમજૂતી થઈ શકે તો બંને કેવું કેવું કાપડ ઉત્પન્ન કરી શકે તે વિશે ચોક્કસ મર્યાદા બાંધવી પડશે. કાપડની ઉત્પત્તિ ઉપર જેમ લડાઈમાં ઘણી વાર 'કંટ્રોલ' (અંકુશ) મૂકવામાં આવે છે તેવો અંકુશ મૂકવો જોઈશે. હિંસા ઉપર રચાયેલી લડાઈમાં જે આપણે મનેકમને કરીએ છીએ, તે અહિંસા ઉપર રચાયેલી આ લડતમાં સ્વેચ્છાએ કરવું પડશે. જો આપણામાં જરાય અહિંસા હશે તો તેનું બાહ્ય પણ અનિવાર્ય ચિહ્‌ન સ્વેચ્છાથી એટલે કે લોકમત ઉત્પન્ન કરીને તેને બળે બહિષ્કાર જેવી હિલચાલો ગોઠવવાની આપણી શક્તિમાં દેખાશે.

૩. નફાની શી રીતે મર્યાદા બાંધી શકશું? રૂના ભાવમાં વધઘટ થવાનો કશો મેળ હોતો નથી. એ આપને કહેવાની થોડી જ જરૂર છે?

Gandhi Heritage Portal

રૂના બજારને આપણે કાબૂમાં ન રાખી શકીએ એમ આ પ્રશ્નમાં માની લેવામાં આવતું જણાય છે. જો આ દેશહિતના મહાકાર્યમાં મોટા મોટા ભડ મિલોવાળા જોડાય તો તેઓ જરૂર રૂના બજારને કાબૂમાં રાખી શકશે. અમેરિકા આજે રૂના ભાવ પોતાની ચપટીમાં રાખે છે, તેનું કારણ એ છે કે આપણે બેવકૂફીથી, વિચાર વિના, અને સ્વાર્થાંધ થઈને આપણું રૂ પરદેશ મોકલીએ છીએ. પણ જો આપણે સંપૂર્ણ બહિષ્કાર કરવો હોય – અને કરવો તો જોઈએ જ, – અને જો આપણામાં સાચી રાષ્ટ્રભાવના ખીલી હોય, આપણને આપણા વિશે તથા પ્રજા વિશે પૂરી શ્રદ્ધા હોય, તો આપણે રૂના બજાર ઉપર કાબૂ મેળવવો જોઈએ; અને એ જ વિદેશી કાપડના બહિષ્કારનો અર્થ છે.

> ૪. જો આપ પ્રામાણિકતા, ઉદ્યમ, પરસ્પર વિશ્વાસ ઉપર વધારે પડતો ભાર મૂકશો તો મરી રહ્યા છો.

મારી પાસે બંદૂકનું હથિયાર નથી, અને મળતું હોય તોયે મારે એ જોઈતું નથી; એટલે જે ગુણો મારા મિત્રના અભિપ્રાય પ્રમાણે આજે બહુ ઓછા જોવામાં આવે છે, તે ગુણો ઉપર મારે ભાર મૂકયે જ છૂટકો. પણ એ મિત્રને જે ભય છે તે ભય મને નથી; એટલું જ નહીં પણ એ ગુણો આજે પૂરતા પ્રમાણમાં ન હોય તો તે પૂરતા પ્રમાણમાં ખીલે ત્યાં સુધી રાહ જોવાની ધીરજ મારામાં છે, કારણ પ્રજા તરીકે આપણે એ ગુણો પ્રગટ ન કરી શકીએ તો આપણે ટટ્ટાર ઊભી શકવાના જ નથી. અને મને એટલી પણ ખાતરી છે કે હિંસા, છળપ્રપંચ અને એવાં લક્ષણો ખીલવવાની તાલીમ લેતાં જેટલો સમય લાગશે તેનાથી ઓછો સમય સત્ય, અહિંસા અને તેને અંગે બીજા જે ગુણો આવશ્યક છે તે ખીલવતાં લાગશે.

કાગળ લખનાર મિત્ર મારા આગલા લેખમાં[1] રહી ગયેલી વાતોની સૂચના કરે છે:

> ૧. બહિષ્કારની યોજનામાં જોડાનારી મિલોએ પરદેશી સૂતર અથવા પરદેશી બનાવટી રેશમ ન વાપરવું. આજે ઘણી મિલો આ વાપરે છે.
>
> ૨. બહિષ્કારમાં જોડાનારી મિલોએ પરદેશી કંપનીમાં વીમો ન ઉતરાવવો.
>
> ૩. તેમણે પરદેશી કાપડ લઈને તેના ઉપર 'સ્વદેશી'ની છાપ ન મારવી.

આમાંની પહેલી અને ત્રીજી સૂચના તો કરવાની મેં જરૂર નહોતી જોઈ, કારણ સૌ આ પ્રમાણે કરશે એમ મેં માની લીધું હતું. બીજી સૂચના ઉપર હું આગ્રહ મૂકવાને તૈયાર ન થાઉં, જો એ આગ્રહથી ખાદી અને મિલો દ્વારા બહિષ્કાર કરવાની આ નવી યોજનાને ખલેલ પહોંચે. મને સ્વદેશી વીમાકામને ઉત્તેજન મળે એ બહુ ગમે, પણ મારી ખાતરી છે કે સ્વરાજની આડે મોટો અંતરાય પરદેશી કાપડના જેવો છે તેવો બીજા કશાનો નથી. જો આ હિલચાલને હઠાવી શકાય તો બીજા નાના નાના ડુંગરા-ટેકરાઓ તો સહેલાઈથી હઠાવી શકાશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २२–३–१९२८

ભાષાંતર: नवजीवन, २५–३–१९२८

૧. જુઓ "આપણી મિલો શું કરી શકે?", ૧૫–૩–૧૯૨૮.

Gandhi Heritage Portal

# ૧૫૭. ધર્મપરિવર્તન કે આત્મપરિવર્તન

બંધુત્વપ્રચારકોની પરિષદમાં[1] મેં તો સ્પષ્ટ કર્યું જ હતું કે હું જગતના મુખ્ય ધર્મોની વાત કરતો હતો; અને મારો કહેવાનો આશય એ હતો કે એ બધા મુખ્ય ધર્મો થોડેઘણે અંશે સાચા છે, પણ બધા જ અપૂર્ણ તો છે જ. એટલે આમાં અને મિ. આયર્લૅન્ડના કહેવામાં કશો ભેદ નથી. પણ ધર્મપરિવર્તન વિશેના તેમના અને મારા વિચારમાં તાત્ત્વિક ભેદ છે એમ આયર્લૅન્ડના પત્રથી છાપ પડે છે. રૂપકમાત્ર સદોષ હોય છે, છતાં ગુલાબની સુવાસનું રૂપક આપણે જરા આગળ ચલાવીએ. ગુલાબ પોતાની સુવાસ અનેક રીતે નહીં પણ એક જ રીતે ફેલાવે છે, જેને નાક ન હોય તે એ સુવાસ નથી લઈ શકવાનો, એ સુવાસ કાંઈ જીભ, કાન કે ત્વચાથી તો ન જ લઈ શકાય, એને માટે ઘ્રાણેન્દ્રિય જોઈએ. એટલે આધ્યાત્મિકતાની સુવાસ પણ આધ્યાત્મિક ઇન્દ્રિય દ્વારા જ લઈ શકાય. એટલે બધા ધર્મોએ એ ઇન્દ્રિય જાગ્રત કરવાની આવશ્યકતા સ્વીકારી છે. એ જાગૃતિ એ એક પુનર્જન્મ છે. અતિશય આધ્યાત્મિકતાવાળો મનુષ્ય, જેમણે તેને કદી ન જોયો હોય અને જેમને તેણે કદી ન જોયાં હોય તેવાં લાખો માણસોનાં હૃદયને, વાણી કે કશા હલનચલન વિના, સ્પર્શી શકે છે. જ્યારે આધ્યાત્મિકતા વિનાનો, વાણી ઉપર મહાપ્રભુત્વવાળો પ્રચારક તેના શ્રોતાઓનાં હૃદયને નથી સ્પર્શી શકવાનો. આ કારણે મારી નમ્ર માન્યતા છે કે આજકાલનાં ઘણાં મિશનોનો પ્રયત્ન વ્યર્થ છે, એટલું જ નહીં પણ ઘણી વાર હાનિકારક છે.

વળી આ મિશનોના પ્રયત્નના મૂળમાં બીજી એક વસ્તુ ગૃહીત હોય છે. તે એ કે અમારી માન્યતા કેવળ અમારે માટે જ નહીં પણ આખા જગતને માટે સાચી; જ્યારે સાચી વાત એ છે કે ઈશ્વર હજારો અને લાખો અદૃશ્ય અને અકળ કળાએ આ મર્ત્યલોકને લાધે છે.[2] એટલે મિશનરીઓના પ્રયત્નમાં સાચી નમ્રતા, સાચો વિનય નથી — સાચો વિનય તો તેનું નામ કે જેમાં માનવમર્યાદાઓનો સહજ સ્વીકાર હોય અને ઈશ્વરની અમર્યાદ શક્તિનું ભાન હોય. કહેવાતા જંગલી કરતાં આધ્યાત્મિક દૃષ્ટિએ હું ચડિયાતો છું એવી મને જરાય લાગણી નથી, અને આધ્યાત્મિક ચડિયાતાપણાની લાગણી નખોદ વાળે છે. આધ્યાત્મિકતા તો ઇન્દ્રિયગ્રાહ્ય, પૃથક્કરણીય અને સિદ્ધ થઈ શકે એવી વસ્તુ છે.[3] જો મારામાં તે વર્તમાન હોય, તો પૃથ્વી ઉપર એકે સત્તા એવી નથી કે જે મારી પાસેથી તે લઈ શકે, અને તેની અસર યથાકાળે થયા વિના નહીં રહે.

આથી ઊલટું, વૈદકનું કે બીજાં શાસ્ત્રોનું જ્ઞાન એ એવી વસ્તુ છે કે તેમાં હું બીજા કરતાં અદકો હોઉં તો તેનું જ્ઞાન મને ભલે હોય, અને જો મને મારા માનવબંધુઓ પ્રત્યે પ્રેમ હોય તો મારે સ્વાભાવિક રીતે મારા જ્ઞાનનો તેમની સાથે ભાગ ભરવો જોઈએ. પણ અધ્યાત્મની જે બાબતો છે તે તો હું ઈશ્વરના ઉપર જ છોડું, અને તેમ કરીને મારા માનવબંધુઓ અને મારી વચ્ચેનો સંબંધ પવિત્ર, સાચો અને મર્યાદિત રાખું. પણ આ દલીલ વધારે લંબાવવામાં સાર નથી જોતો. એ વસ્તુ જ એવી છે કે જેમાં દલીલથી છેવટનો નિકાલ ન થઈ શકે;

૧. જુઓ પુ. ૩૫, "બંધુત્વના વિષય પર ચર્ચા", ૧૫–૧–૧૯૨૮ પહેલાં.
૨. અને ૩. જુઓ "બે સુધારા", ૨૯–૩–૧૯૨૮.

Gandhi Heritage Portal

ખાસ કરીને મારી જે વૃત્તિ મેં અહીં પ્રગટ કરી છે તે ધ્યાનમાં લેતાં મારા તરફથી તો ન જ થઈ શકે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २२–३–१९२८

ભાષાંતર : नवजीवन, २५–३–१९२८

## ૧૫૮. ફીજીવાસીઓ માટે[1]

દીનબંધુ જે કંઈ કહે છે તે જોકે સત્ય છે અને સત્ય સિવાય બીજું કશું નથી, છતાં મને ભય છે કે બ્રિટિશ શાહીવાદી શાસકો જો દુનિયાના કોઈ પણ ભાગમાં વસતા હિંદી વસાહતીઓને પૂરતું પ્રલોભન આપે, તો તેઓ તેને વશ થાય અને તેમની સ્થિતિ માત્ર શિયાળવાં જેવી જ છે એ વાત ન સમજતાં તેઓ માનવા લાગે કે તેઓ ત્યાં "સમાન ભાગીદારો" છે. શાહીવાદીઓ કદી એટલું પ્રલોભન નહીં જ આપે અને હિંદી વસાહતીઓમાં રહેલી ચતુરાઈ શાહીવાદના માયાના પાતળા પડદામાંથી બધું જોઈ લે એ હકીકતથી આ બાબતમાં આશા બંધાય છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २२–३–१९२८

## ૧૫૯. પી. કે. મૅથ્યુને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૨, ૧૯૨૮

પ્રિય ભાઈ,

અત્યાર સુધી તમારા પત્રનો જવાબ હું આપી શકયો નથી તે બદલ દિલગીર છું. શાળાઓ માટે રેંટિયા યોગ્ય નથી એ સમજવા તમે यंग इन्डियाના પાછલા અંકો[2] વાંચો એમ હું ઇચ્છું છું. શાળામાં તો તકલી જ દાખલ કરવી જોઈએ. અનુભવે શીખવ્યું છે કે રેંટિયા કરતાં તકલી જ દરેક રીતે વધારે સારું પરિણામ બતાવી શકે છે. એનાં કારણો यंग इन्डियाનાં પૃષ્ઠોમાં આપેલાં છે. અને એને માટે તમને કોઈ મોટી ઇમારત કે ગણનાપાત્ર ખર્ચની જરૂર રહેતી નથી.

તમારો સહૃદયી

પી. કે. મૅથ્યુ એસ્ક્વાયર, બી. એ. બી. એલ.
ક્રિસ્ટવા મહિલાલયમ્
અલવાયે
(ત્રાવણકોર)

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૧૨૪

૧. આ શીર્ષક હેઠળનો સી. એફ. ઍન્ડ્રૂઝનો લેખ અહીં આપ્યો નથી.
૨. જુઓ પુસ્તક ૩૨, પા. ૨૨.

Gandhi Heritage Portal

## ૧૬૦. વૃદ્ધલગ્ન વિરુદ્ધ બાળલગ્ન

એક ગૃહસ્થ સુરતથી લખે છે:[1]

આમાં બાળલગ્નની જેટલી ટીકા છે એ ઘણે અંશે સાચી છે. લખનાર જો નવજીવનનાં આગલાં લખાણો વાંચી જાય, તો તેને માલૂમ પડશે કે બાળલગ્નની સખત ટીકા નવજીવનમાં અનેક વાર થયેલી છે. અને તે લખાણોથી કેટલાંક બાળલગ્નો થતાં અટકયાં છે એ પણ હું જાણું છું. પણ તેમાં હજુ ઘણો મોટો સુધારો થવાનો અવકાશ છે. વૃદ્ધલગ્નનો જેટલો અણગમો સમાજમાં પેદા થયો છે તેટલો અણગમો બાળલગ્નનો નથી. મારી દૃષ્ટિએ બંને વસ્તુઓ પૂરી વખોડવા લાયક છે, એટલે બાળલગ્નના અણગમા વિશે લખનાર અને મારી વચ્ચે મતભેદ નથી. મારા હાથમાં સત્તા હોય, અથવા મારી કલમમાં પૂરતું બળ હોય, તો હું તેનો ઉપયોગ પ્રત્યેક બાળલગ્નને રોકવામાં કરું. જે માબાપો પોતાનાં છોકરાંનાં બાળપણમાં લગ્ન કરે છે તેઓ તેમનાં દુશ્મન બને છે, અને તેમને પરાધીન અને નમાલાં બનાવી મૂકે છે.

પણ લખનારનો હેતુ બાળલગ્નની નિંદા કરીને વૃદ્ધ લગ્નની સ્તુતિ કરવાનો હોય એવું જણાય છે. વૃદ્ધલગ્નના જે લાભો લખનાર સૂચવે છે તે કેવળ હાસ્યજનક લાગે છે, એટલું જ નહીં પણ ગરીબ બિચારી કન્યાની લાગણીનો તેમાં વિચાર સરખોયે નથી, અથવા જે છે તે કેવળ તેની આર્થિક સ્થિતિ પૂરતો જ. જે જે કન્યાઓના વિવાહો વૃદ્ધ પુરુષોની સાથે કરવામાં આવે છે તેમાં કન્યાઓની સંમતિ નથી લેવામાં આવતી એ તો લખનાર ભૂલી જ જતા લાગે છે, અથવા તેનો વિચાર તેમની દૃષ્ટિએ અનાવશ્યક હોવો જોઈએ. લગ્ન એક ધાર્મિક વિધિ છે તેનું તો લખનારને ભાન સરખુંયે હોય એમ નથી જણાતું, અને લખનારનો એથી પણ વધારે દોષ તો એ જોવામાં આવે છે કે વૃદ્ધલગ્ન એ બેવડું બાળલગ્ન છે એ વાત ભુલાઈ ગઈ છે; કેમ કે વૃદ્ધલગ્નમાં કન્યા તો બાળક જ હોય છે અને જે વૃદ્ધ પુરુષ વૃદ્ધ હોવા છતાં પરણવાનો વિચાર કરે છે એ બાળક જ ગણાય, અથવા બાળકથી પણ ઊતરતો. કન્યાને તો વર જીવતાં છતાં પણ એક પ્રકારનું વૈધવ્ય જ ગણાય. જે વૃદ્ધ પુરુષો પોતાના વિકારોને રોકવા અસમર્થ હોય તેથી અથવા કોઈ બીજા કારણસર લગ્ન કરવા ઇચ્છે, તે પોતાના જેવી જ કોઈ વૃદ્ધ સ્ત્રી અથવા પુખ્ત ઉંમરે પહોંચેલી એવી સ્ત્રી જે વૃદ્ધની સાથે સંબંધ બાંધવા તૈયાર હોય તેની સાથે કરે તો સમાજને ઓછામાં ઓછી હાનિ થવાનો સંભવ છે.

### ધન્યવાદ

જે લેખનો ઉલ્લેખ ઉપલા લેખમાં છે તેનું પરિણામ એ આવ્યું છે કે એક ગરીબ બાઈ બચી ગઈ છે. કેમ કે જે વૃદ્ધ પુરુષ એક બાળાને પરણવા તૈયાર થયા હતા, તેમણે એ લેખ વાંચીને જ પોતાની ભૂલ જોઈ અને ફરી લગ્ન કરવાનો વિચાર છોડી દીધો. આ શુભ પરિણામને સારુ મજકૂર ભાઈને હું ધન્યવાદ આપું છું. આપણે ઉમેદ રાખીએ કે જ્યારે જ્યારે વળી પાછા તે વિકારવશ થાય ત્યારે ત્યારે બાળાનું, સમાજનું અને દેશનું હિત વિચારે, ઈશ્વરનું સ્મરણ કરે, અને શાંત થાય. આ દૃષ્ટાંત ઉપરથી સમાજસેવકો વધારે ઉત્સાહિત બનો. મર્યાદા

૧. આ પત્ર અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

જાળવીને દૃઢતાપૂર્વક અને વખતસર સમાજમાં થનારા કે બીજા અન્યાયોની સામે પગલાં ભરાય તો તે અન્યાયો અટકાવી શકાય છે, એવું આપણે આ અને આવાં બની ગયેલાં દૃષ્ટાંતો ઉપરથી સમજી શકીએ છીએ.

### બીજી ગાય બચશે?

કેટલીક કન્યાઓ બુઢ્ઢાઓને વેચાઈ જતી બચી ગઈ છે તે ઉપરથી રાણપુરના એક ગૃહસ્થ લખે છે:[1]

આ કાગળ ઉપરથી આ લગ્ન ન કરવા ભાવનગરના મોઢવણિક ભાઈને હું અવશ્ય વીનવું છું. પંચાવન વર્ષની ઉંમરે જે બાળા તેમની પૌત્રી થવાને લાયક છે તેની સાથે લગ્ન કરતાં તેમને કંપારી છૂટવી જોઈએ. ભાવનગરી મોઢજ્ઞાતિના શેઠો પણ આ લગ્ન અટકાવવાને સારુ જેટલાં પગલાં ભરવાં જોઈએ એટલાં ભરશે એવી મારી ઉમેદ છે. ખરું તો એ છે કે જ્યાં મહાજન જાગ્રત છે, ત્યાં આવા કિસ્સામાં નાની જ્ઞાતિઓના શેઠ જ નહીં પણ મહાજન માત્ર અને આગળ વધીએ તો રાજ્ય બાળાઓના રક્ષક છે; અને આવી રીતે વેચાઈ જતી બાળાઓને ઉગારી લેવાનો તેમનો ધર્મ છે. યુવકવર્ગ તે બધાના ચોકીદાર છે. અને યુવકવર્ગ જ્યાં નીતિનું, વિનયનું અને વીરતાનું કવચ પહેરીને પોતાના કર્તવ્યનું પાલન કરે, ત્યાં બધી ગરીબ ગાયોની રક્ષા થવી જ જોઈએ, અને થઈ શકે એમાં શક નથી.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૫-૩-૧૯૨૮

## ૧૬૧. રિચાર્ડ બી. ગ્રેગને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૬, ૧૯૨૮

પ્રિય ભાઈ ગોવિંદ,

તમારો વાતચીતથી ભરપૂર પત્ર મળ્યો. તમે કોઈ પણ જાતની તકલીફ વિના આટલું બધું અંતર ચાલવા શક્તિમાન થયા તે જાણીને મને આનંદ થયો. મારી તબિયત સારી થતી જાય છે. તમે એનિમા વિશે લખ્યું છે તે મેં ધ્યાનમાં લીધું છે. બેંગલોરમાં જે દાક્તરોના માર્ગદર્શન નીચે હું હતો તેઓ પરમૅન્ગેનેટ ઉપર વધારે ભાર મૂકતા હતા, પણ તેનું દ્રાવણ બહુ જ પાતળું. દ્રાવણ બરોબર ગુલાબી રંગનું જોઈએ.

ગણેસને તમારા પુસ્તકનું કામ કેટલુંક આગળ કર્યું છે? તે ક્યારે તૈયાર થશે એમ લાગે છે?

તમને સર્વને સસ્નેહ,

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૨૮

૧. આ પત્ર અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

# ૧૬૨. કે. એસ. આચાર્યને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૬, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મને મળ્યો છે. સાદાઈ તો હૃદયની બાબત છે. પરંતુ રખેને આપણે આપણી જાતને છેતરીએ, આદર્શ તો એ છે કે ગરીબમાં ગરીબ માણસ પાસે જે વસ્તુ ન હોય તે આપણે ન રાખવી જોઈએ.

તમે તમારી પત્નીને તેની ઇચ્છા વિરુદ્ધ ઘરેણાંનો ત્યાગ કરવાની ફરજ પાડી શકો નહીં. પરંતુ તમારે પાશવી વાસના વિનાના નિઃસ્વાર્થ પ્રેમ દ્વારા અને તમારા હમેશ વધતા આત્મસંયમ દ્વારા એને જીતવા પ્રયત્ન કરવો જોઈએ.

તમારા પિતાનો અસ્વીકાર કર્યા સિવાય અને તેમની સેવા કરવાને સદા તત્પર રહીને, તમે તેમનાથી જુદા રહી શકો છો. અને તમે સૂચવો છો તે પ્રમાણે અંત્યજના છોકરાને તમારે ત્યાં ઉછેરી શકો છો.

મને દહેશત છે હું તમારાં બહેનને અહીં નહીં રાખી શકું, કારણ કે તે હિંદુસ્તાની જાણતાં નહીં હોય. તેમને આપવી જોઈતી બધી તાલીમ તમારે ત્યાં જ આપવી જોઈએ.

તમારો સહૃદયી

શ્રીયુત કે. એસ. આચાર્ય
સહાયક શિક્ષક
સરકારી હાઈસ્કૂલ
દેવનગિરિ

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૧૨૭

Gandhi Heritage Portal

## ૧૬૩. એન. રામરાવને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૬, ૧૯૨૮

એન. રામરાવ એસ્ક્વાયર
સેક્રેટરી ટુ ગવર્નમેન્ટ
ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ
સેક્રેટરિયેટ
બેંગલોર

શ્રીમાન સાહેબ,

બદનવલ કાંતણ કેન્દ્ર વિશેના શ્રીયુત પૂજારીના અહેવાલ સાથેના તમારા પત્ર બદલ હું તમારો આભાર માનું છું. યંગ ઇન્ડિયાનાં[1] પૃષ્ઠોમાં આ કાર્ય પ્રત્યે ધ્યાન ખેંચવામાં આવેલું જ હતું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૧૩૦

## ૧૬૪. એચ. એમ. પરેરાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૬, ૧૯૨૮

પ્રિય ભાઈ પરેરા,

સરનામું ઉપર છાપ્યું છે તે પ્રમાણે છે. સાંકેતિક સરનામું રાખ્યું નથી. 'ગાંધી, સાબરમતી,' એટલું લખશો તોયે પહોંચી જશે.

તમારો સહૃદયી

એચ. એમ. પરેરા એસ્ક્વાયર
૨૨૧ ઓક સ્ટ્રીટ
બેલૂર

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૨૭૧

૧. આ ચ. રાજગોપાલાચારીના લેખમાં લેવાયેલ છે. "એક રાજ્યનું ખાદીકેન્દ્ર", યંગ ઇન્ડિયા, ૮-૩-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૧૬૫. ડૉ. પી. એસ. કિચલુને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૬, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારું ઉષ્માભર્યું નિમંત્રણ મળ્યું છે. કેવળ સ્વાસ્થ્યનાં કારણોસર પણ મારે પરિષદમાં હાજર ન રહેવું જોઈએ. તમારી ભવિષ્યવાણી સાચી પડે અને પંજાબના હિંદુ, મુસલમાન અને શીખ વચ્ચે જો હૃદયની એકતા થાય તો મારા હૃદયને આનંદ થશે. હું જાણું છું કે પછી હિંદુમુસ્લિમ ઐક્ય સિદ્ધ થઈ ચૂક્યું હશે અને એ એકતાની શક્તિમાં મારો એટલો વિશ્વાસ છે કે પછી તો સ્વરાજ મળવાની પણ ખાતરી મળી ચૂકી ગણાય.

ગમે તેમ પણ હું આશા રાખું છું કે પરિષદ ખાદીને ભૂલશે નહીં કે તેની ઉપેક્ષા કરશે નહીં.

તમારો સહૃદયી

ડૉ. પી. એસ. કિચલુ
અધ્યક્ષ
સ્વાગત સમિતિ
૧૩મી પંજાબ પ્રાંતીય પરિષદ
અમૃતસર

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૨૯

## ૧૬૬. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૬, ૧૯૨૮

તમારો કાગળ મળ્યો છે. હું બીજું કંઈ નક્કી કરું તે પહેલાં રોમાં રોલાંના પત્રની રાહ જોઉં છું. તમે મહાદેવને લખેલા પત્રમાં જે દલીલ કરી છે, તેની મેં અપેક્ષા રાખી જ હતી, પણ આ કંઈ પ્રેમપત્ર નથી. આ પત્ર ડૉ. એમ. ઈ. નાયડુનો આ સાથે બીડેલો પત્ર મોકલવાને જ લખેલો છે. તમે જાતે એનો જવાબ લખશો અને તે પણ ઝડપથી. મેં એમને કહ્યું છે કે તમે તેનો જવાબ આપશો.

તમારો સહૃદયી

બિડાણ–૧
શ્રીયુત રાજગોપાલાચારી
ગાંધી આશ્રમ
તિરુચેંગોડુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૩૧

Gandhi Heritage Portal

## ૧૬૭. પ્રતાપ એસ. પંડિતને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૬, ૧૯૨૮

પ્રિય ભાઈ પ્રતાપ,

મારે માટે હું તમારી પાસે ચર્માલય બંધાવી શક્યો નથી, છતાં અત્યારે જેને ચર્માલય જેવું ગણી શકાય એવું કંઈક મારી પાસે છે; કારણ કે મારી પાસે મારા જેવો જ એક ધૂની માણસ છે જે તેમાં કેમ કામ કરવું તે વિશે ઠીક ઠીક જાણે છે. તમે અમદાવાદ આવો ત્યારે તે જુઓ એમ હું ઇચ્છું છું. હું ઇચ્છું છું કે ચામડું કમાવવાને લગતું એવું સાહિત્ય તમે મને મોકલો કે જે એક મામૂલી માણસ પણ સમજી શકે અને તેમાંથી માર્ગદર્શન લઈને કંઈક કરી શકે. અથવા એ મને ક્યાંથી મળી શકે તે જણાવશો.

તમારો સહૃદયી

પ્રતાપ એસ. પંડિત

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૫૩૬૩

## ૧૬૮. એમ. પિગૉટને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૭, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મને મળ્યો છે. તમે કહો છો કે ૩,૦૦૦ રૂપિયા મારે મન બહુ નજીવા ગણાય અને તે વિધવા અને તેના પુત્રને માટે ઘણા ગણાય. તમે ભાગ્યે જ જાણતા હશો કે આ વિધવા બહેન કરતાં પણ હું વધારે ગરીબ છું. કારણ કે હું એવી કોઈ મિલકત ધરાવતો નથી, જેને માટે હું કોઈ પણ કાયદાની કોર્ટે જઈ શકું. પ્રિવી કાઉન્સિલમાં જવાનો તો સવાલ જ નથી. મારી પાસે મારી પોતાની એવી કોઈ મૂડી નથી. કેટલાંક ચોક્કસ ટ્રસ્ટોના ભંડોળનો હું એક નમ્ર ટ્રસ્ટી છું. વિશ્વાસભંગ કર્યાનો આક્ષેપ વહોર્યા સિવાય હું એ ફંડનો, નિર્ધારિત કામ સિવાયના બીજા કામમાં ઉપયોગ કરી ન શકું. તમારે કોઈ ધનવાન માણસ પાસે જવું જોઈએ.

તમારો સહૃદયી

એમ. પિગૉટ એસ્ક્વાયર
હૈદરાબાદ (સિંધ)

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૩૨

Gandhi Heritage Portal

## ૧૯૯. મોતીલાલ નેહરુને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૭, ૧૯૨૮

પ્રિય મોતીલાલજી,

જે પત્રની હું અપેક્ષા રાખતો હતો, તે રજિસ્ટર્ડ પત્ર હોઈને આજે જ મળ્યો. તે ઘણો લાંબો પત્ર છે. હું યુરોપ જાઉં એમ તે[1] ઇચ્છે છે, પરંતુ એ પોતે પણ જૂન પહેલાં પોતાને સ્થળે નહીં હોય એમ લાગે છે. મને જવાની બિલકુલ ઉતાવળ નથી. એટલા માટે તેની પાસેથી વધુ સમાચાર આવે તેની રાહ જોઉં છું. ગમે તેમ પણ આ સૂચિત મુલાકાત બાબતમાં હું હજી મારું ચિત્ત પરોવી શકતો નથી. મારું હૃદય તો બહિષ્કારમાં ખૂંચેલું છે. જો આપણે બહિષ્કાર બાબતમાં વાટાઘાટો ન કરી શકીએ, તો તો ખાદી કાર્યક્રમ ચાલુ રાખવામાં મને પરમ સંતોષ રહેશે. ખાદી હિલચાલે જે અજબ અસર કરી છે, તેનું દર્શન કરવા હું તમને આગ્રહ કરીશ. જો મિલમાલિકો પ્રામાણિકપણે વર્ત્યા હોત તો આપણે જબરી ફાળ ભરી હોત. મિલોએ જે ખાદી ઉત્પન્ન કરી છે તેના આંકડા હવે મને મળ્યા છે. છેલ્લાં ત્રણ વર્ષના આંકડા નીચે પ્રમાણે છે:

ડિસેમ્બરના અંત[2] સુધીના નવ મહિનાના આંકડા આપ્યા છે.

| | ૧૯૨૫ | ૧૯૨૬ | ૧૯૨૭ |
|---|---|---|---|
| પાઉંડ | ૨,૨૮,૮૭,૯૭૦ | ૨,૭૨,૩૬,૩૩૭ | ૩,૩૯,૭૭,૮૫૧ |
| વાર | ૬,૫૦,૪૮,૪૮૭ | ૭,૪૩,૧૩,૨૮૦ | ૯,૪૩,૮૦,૩૬૮ |

ખાદી બાબતમાં મિલો કેવી ઝડપથી પ્રગતિ કરી રહી છે, તે આ આંકડા પરથી તમે જોઈ શકશો. ૯ કરોડ ૪૩ લાખ વાર કેવળ એક જ વર્ષમાં! એનો અર્થ એટલો જ થયો કે એટલા બધા પૈસા ગરીબોનાં મોઢાંમાંથી લઈ લેવામાં આવ્યા! વળી એ હકીકત ખાદીની હિલચાલની શક્યતા પણ દર્શાવે છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૧૩૩

૧. રોમાં રોલાં.
૨. "બહિષ્કાર વિશે એક મિલમાલિકના વિચારો", ૫-૪-૧૯૨૮ પણ જુઓ.

Gandhi Heritage Portal

## ૧૭૦. અમદાવાદના સફાઈ કામદારોની સભામાં ભાષણ[1]

માર્ચ ૨૭, ૧૯૨૮

ભાઈઓ અને બહેનો,

તમારા ભાઈઓએ બે ભજન સંભળાવ્યાં તેથી મને અત્યંત સંતોષ થયો છે. એ ભજન મીઠાં હતાં અને જ્યારે હું એ ભજન સાંભળતો હતો ત્યારે મને થયું કે તમારી અને મારી વચ્ચે એટલે કે અમારી વચ્ચે કોઈ પણ પ્રકારનો તફાવત કે ભેદ નથી.

મારે કોઈ પણ સભામાં નહીં જવું જોઈએ એવો દાક્તરોનો અભિપ્રાય છે અને હું પણ માનું છું કે સભાઓમાં જવા જેવું લાયક મારું શરીર થયું નથી, પણ જ્યારે તમારા ભંગીના મહાજનની મને ભાઈ શંકરલાલે વાત કરી ત્યારે મેં કહ્યું કે હું તમને મળવા જરૂર આવવાનો. આ જ અરસામાં થોડો વખત કાઢીને આવવાની મેં વાત કરી હતી. એટલે આજે તમારી સભા માટે પહેલવહેલો હું નીકળ્યો છું.

મેં તમને શરૂઆતમાં કહ્યું તેમ તમારું ભજન સાંભળીને મને તમારી અને અમારી વચ્ચે કોઈ પણ ભેદ છે એમ ન લાગ્યું. મને તમારું ભજન સાંભળતાં થયું કે તમે એ જ છો જે ઉચ્ચવર્ણના હિંદુઓ છે. ઉચ્ચ વર્ણના હિંદુઓ અને તમારી વચ્ચે કાંઈ ભેદ નથી. પણ એમણે હિંદુઓએ — તમારો ત્યાગ કર્યો છે, તેથી તમારામાં કેટલીક ખામીઓ આવી ગઈ છે. એ ખામીઓ માટે તમે જવાબદાર છો તેના કરતાં ઉચ્ચવર્ણના હિંદુઓ વધારે જવાબદાર છે. પણ એમ કહી હું તમારી ખામીઓ ઢાંકવા નથી માગતો.

પાયખાનાં સાફ કરતાં તમને આવડે એના કરતાં વધારે મને આવડે. પણ તમે તો મને હમણાં જ કહ્યું કે અમારા જેવા માણસ પાયખાનાં સાફ કરવા માંડે તો તમે અટકાવો. એવો તમને ઇજારો હોય જ નહીં. પાયખાનાં સાફ કરવાનું કામ ઊંચવર્ણના લોકો હલકામાં હલકું કામ ગણે છે, હું એને સારામાં સારું કામ ગણું છું, સેવાનું કામ ગણું છું. એ સેવાનો ઇજારો કોઈને ન હોય, જ્યાં સુધી પાયખાનાં સાફ કરવાનું કામ નઠારામાં નઠારું કામ મનાશે, જ્યાં સુધી એનો ઇજારો તમે રાખી બેસશો ત્યાં સુધી મારે અમદાવાદમાં આવવું મને માથાના ઘા જેવું લાગવાનું. એટલી ગંદકી મને આ શહેરમાં લાગે છે. હું તો મારું પાયખાનું પોતે સાફ રાખું, નહીં તો મારાં છોકરાં રાખે. તમે શું કામ એવું ગણો કે આપણા કામમાં કોઈ ન પડે? તમને થવું જોઈએ કે આ તો સેવાનું કામ છે, અમારું કામ તો વધારેમાં વધારે જરૂરનું છે. તમારા મનમાં થવું જ જોઈએ કે એ સેવાનું કામ બીજા કરે તેમાં શું ચિંતા, શું હરકત છે.

તમારા મનમાંથી એ વિચાર કાઢી નાખો કે આ પાયખાનાં સાફ કરવાનું બીજા કોઈ ન કરે. અમદાવાદ શહેરની શેરીઓ હું તો હાઈસ્કૂલના છોકરાઓ ભેગા કરીને સાફ કરી દઉં. તો અમદાવાદ રૂપાળું શહેર થઈ જાય. અમદાવાદની શેરીઓ સાફ કરવાની ચાવી તમારી પાસે છે. જો તમે બધા એ કાર્યને સેવાનું કાર્ય સમજી કરો, વેઠ ઉતારવાની દૃષ્ટિએ નહીં પણ શહેરની

૧. આ સભા ધીકાંટા મગનભાઈની વાડીમાં સાંજે ૭-૩૦ વાગ્યે મળી હતી. તેમાં કસ્તૂરબા ગાંધી, વલ્લભભાઈ પટેલ, અનસૂયાબહેન સારાભાઈ વગેરે હાજર રહ્યાં હતાં. સભાનો પ્રારંભ ભજનથી થયો હતો.

Gandhi Heritage Portal

તંદુરસ્તીનો આધાર તમારા ઉપર છે એમ માની એ કાર્ય ચીવટથી કરો તો ભાઈ વલ્લભભાઈની[૧] મૂંઝવણો દૂર થઈ જાય. અને બધા શહેરીઓ તમને યશ આપે અને કહે કે અહીંના ભંગીઓ એવા છે જે બીજા કોઈ કરતાં પ્રામાણિકતામાં ઊતરતા નથી. પણ બીજા શહેરીઓ એમની સરખામણીમાં લજવાય એમ છે.

તમારામાંથી કોઈ એક ભાઈએ કહ્યું કે તમારામાંથી દારૂની બદી ઓછી થઈ છે અને બે આની જેટલી જ રહી છે. મને એમાં વિશ્વાસ નથી આવતો. ગોધરાના તમારા એક ભંગી ભાઈએ જ મને કહ્યું હતું કે અમારા લોકો કહે કે અમે દારૂ નથી પીતા ત્યારે તમે એકાએક ન માનતા, એ જ ગોધરાના ભંગીઓએ ઈશ્વરને દરમ્યાન રાખી દારૂ છોડવાની પ્રતિજ્ઞા લીધી હતી, અને સહી આપી હતી. હું ત્યાં બીજી વાર ગયો ત્યારે મને ખબર પડી કે જેમણે સહી આપી હતી તે પીતા થઈ ગયા હતા. એમણે મને એ કહ્યું ત્યારે હું શરમાયો. મને દાઝ લાગી હોત તો લાંઘણ કરવા બેસત. પરમેશ્વરને દરમ્યાન રાખીને સોગંદ લીધેલા એમણે તોડ્યા ત્યારે મારે શું કરવું? માટે મને એમ ભાસે છે કે તમે બે આની ગણાવેલા છે તે ચૌદ આની હશે અને નહીં પીનારા બે આની હશે. તમે એમાં સુધારો કરજો.

તમે કહ્યું કે તમારા બધાને માથે કરજ છે. તમે કહ્યું એમ ખોરાક સારુ તમે કરજ કરો છો એ વાત હું નથી માનતો. તમને પૂરો પગાર મળે છે એમ હું નથી કહેવા માગતો, પણ હું સમજું છું કે માણસ આટા સારુ કરજ નથી કરતો. માણસ વ્યસન સારુ કરજના બોજામાં આવી પડે છે, વિવાહવાજન સારુ કરજ કરે છે, ખોરાકના માટે માણસ કરજ કરતો નથી. લૂખો-સૂકો રોટલો માણસ ચલાવી લે છે. તમારે વ્યસન છોડવાં જોઈએ. મહાજનનો અર્થ જ એ છે કે તમારે પોતાનો સુધારો કરવો, પૈસાને સાચવતાં શીખવું, હિસાબ રાખતાં શીખવું.

તમે ભણેલા નથી એનું મને દુ:ખ નથી. પણ તમે ગણેલા નથી એનું મને દુ:ખ થાય છે. માણસ સરવાળા-બાદબાકી ન કરી શકે, એને કોઈ છેતરી શકે એ દુ:ખની વાત છે. અક્ષર જાણ્યા વિના આંકડાઓનું જ્ઞાન તમે મેળવી બેઠા હો તો તમે ગણી શકો કે આટલું કમાયા તો આટલું વાવરશું. તમને ગણતાં ન આવડે તો તમને છેતરનારની ખબર નથી પડવાની. માટે હું કહું છું કે તમે ગણતા થઈ જાઓ. શું કરવું શું ન કરવું એ તમારે સમજી શકવું જોઈએ. તમારા છોકરાઓને માટે મહાજને નિશાળો કાઢી છે તેમાં એમને મોકલો. પણ એમને એકલું અક્ષરજ્ઞાન મળે એટલાથી મને સંતોષ થવાનો નથી. એમની કુટેવો છોડી દે તો જ મને સંતોષ થાય.

ગોધરાનો જ ફરીથી દાખલો આપું. ગોધરાના ભંગીના છોકરા નિશાળે આવી શીખ્યા કે એઠવાડ નહીં ખાવો જોઈએ. એમનાં માબાપે એમને એ માટે માર્યા. એમનાં મા-બાપોએ કહ્યું : 'કેમ તમે એઠવાડ ખાતા નથી?' એ લોકો કહે : 'અમારા છોકરા એઠવાડ ખાતા મટશે તો કેમ ચાલશે? અમારા છોકરાને દૂધપાક ખાવા નહીં મળે, અમારે ખાવા માટે પૈસા કાઢવા પડશે.'

એમ તમારા છોકરા ભણવા આવે અને ઘેર આવીને કહે કે, 'અમે એઠવાડ નહીં ખાઈએ.' અને તમે તમાચો મારો તો એ શીખ્યું શું કામ આવે?

માટે તમને કહું છું કે તમે પ્રતિજ્ઞા લો કે, 'અમને સૂકો રોટલો મળશે તો ખાઈશું પણ અપમાન કરીને આપવામાં આવે તે નહીં લઈએ. સીધી રીતે દાણો આપવામાં આવશે તે લઈશું.' એ કરો તો તમારી કિંમત વધી એમ માનું.

૧. શ્રી વલ્લભભાઈ પટેલ આ વખતે અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા.

Gandhi Heritage Portal

મને તો એમ જ થાય છે કે ઘરની અંદર સુધારા કરવાના છે. તમે તમારી નોખી નાત માનતા હો તો તેમાં સુધારા કરો. દારૂ પીતા હો તો છોડો, જુગાર ખેલતા હો તો છોડો, પરમાટી છોડો, એઠવાડ છોડો.

બહેનો સમજે કે છોકરાંને કેવી રીતે ઉછેરવાનાં છે. બહેનોનું કોઈ અપમાન કરે તો એમને લાગી જવું જોઈએ. એમને ટેક પણ હોવો જોઈએ. આપણે પણ માણસ છીએ એમ તમને લાગવું જોઈએ.

તમારાં કપડાં સાફ રાખો, તમે પાયખાનાં સાફ કર્યાં હોય તે વખતનાં કપડાં ઘેર આવી ઉતારી નખાય. ભગવાનનું નામ ભજે તેણે સ્વચ્છતાના-શૌચના નિયમો પાળવા જ જોઈએ. એ તમે કરો તો મારા જેવા અસ્પૃશ્યને સ્પૃશ્ય માનનારાને સગવડ પણ થઈ પડે. એ કરવામાં વરસો નહીં જોઈએ. એ તો માત્ર તમારા મનમાં ઊતરી જવું જોઈએ. તમે ૧૫૦૦ કુટુંબ છો તો તમે સુધારો ઝપાટાબંધ કરી શકો. તમારામાંથી ૨૫–૩૦ માણસ સુધારા માટે નીકળી પડે તો તમે છ માસમાં તમારાં બધાં ઘરની સ્થિતિ સુધારી શકો. બીજા માણસોને વધારે પગાર મળે છે એમ તમે વધુ પગાર જરૂર લઈ શકો છો. તમને વધારે પગાર મળે એ તો હું પહેલું માનું. તમે તો અતિશય જરૂરી કાર્ય કરી રહ્યા છો એટલે તમને વધારે પગાર મેળવવાનો હક છે. પણ જેનો દારૂમાં પગાર જતો રહેતો હોય, જેના પૈસાનો સદુપયોગ ન થતો હોય તેને વધારે પગાર મેળવવામાં હું મદદ નથી કરી શકતો. તમે જ્યારે એને માટે લાયક થાઓ ત્યારે વધારે પગાર માગજો.

મહાજનનો પાયો આપણી શુદ્ધિ છે. એને આપણે આત્મશુદ્ધિ કહીએ છીએ. ૧૯૨૦ની સાલથી આપણે કહીએ છીએ કે સ્વરાજ મેળવવા માટે આપણે આત્મશુદ્ધિ કરવી. હું તો જોઈ જ રહ્યો છું કે આત્મશુદ્ધિના રસ્તા પર આપણે નહીં ચાલીએ અને હકો માટે માગણી કર્યા કરીએ તો લડાઈ લડાઈ જ રહેવાની. માટે હું કહું છું કે આપણે બીજાને ગાળો ન દઈએ પણ શુદ્ધ થઈ જઈએ. આપણે શુદ્ધ થઈ જઈશું એટલે કોઈ આપણને ધમકાવી શકવાનું નથી અને આપણને જોઈતું મળી જ રહેશે.

### આગેવાનોને

તમારામાંથી આ ન સમજ્યા હો તેને સમજાવજો. તમે સુખી છો એટલે તમારો તો વિશેષ ધર્મ છે. તમારી નાતને તમે ચડાવો પછી તો તમારા પગાર વધારાની બાબતમાં મને રસ પણ આવવાનો છે. પછી તો વલ્લભભાઈ સાહેબને કહું : 'ભંગી ભાઈઓની તપાસ કરો. મોટા નોકરોનો વિચાર કરો છો તો તમે ભંગીઓનો પણ વિચાર કરો.' એના પહેલાં મારી માગણી, મારી વિનંતી છે એ સ્વીકારો. પછીથી તમારી પૈસા સંબંધી સ્થિતિ સુધારવા માટે મ્યુનિસિપાલિટીની, શેઠિયાઓની મદદ મેળવી શકાય. અને પગાર ઓછો મળતો હોય તો લેવાય.

તમે મહાજન બાંધ્યું એ ઘણું સરસ છે. તમે ખાદીની ટોપી પહેરીને આવ્યા છો. એક દિવસ પણ તમે ખાદીની ટોપી પહેરો તે મને ગમે છે. પણ તમારી પાસે ખાદીની માગણી નથી કરતો. પહેલી તો તમારાં દુર્વ્યસન છોડવાની માગણી કરું છું. દુર્વ્યસનમાં ફસાઈ ગયા હો તો તમારી ખાદીની ટોપી લજવાય. પહેલાં તમે આ સુધારો કરો. પછી ખાદીની ટોપી પહેરાવવી એ મારે મન નજીવી વાત છે.

Gandhi Heritage Portal

બહેનો અને ભાઈઓ, મેં જે વાત કરી છે તે તમે યાદ રાખશો તો તમને લાભ છે, મને લાભ છે અને અમદાવાદ શહેરને લાભ છે એ ખચીત માનજો.[૧]

[મૂળ ગુજરાતી]

મજૂર સંદેશ, ૨–૪–૧૯૨૮

## ૧૭૧. ટી. કે. માધવનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૮, ૧૯૨૮

પ્રિય ભાઈ માધવન,

તમારો પત્ર મને મળ્યો છે. ત્યાં જે સ્થિતિ પ્રવર્તે છે, તેનું તમે મને નિરાશાજનક ચિત્ર આપ્યું છે. અત્યારે મારી તમને એટલી જ સલાહ છે કે તમારે શાંતિપૂર્વક ત્યાં જાહેર મત કેળવવો. તમે મને લખો છો તે પરથી એમ લાગે છે કે ત્યાંનું રાજ્યતંત્ર સહાનુભૂતિ વગરનું નથી; તે ભીરુ અને રૂઢિચુસ્ત મત પ્રત્યે ખૂબ જ લાગણીપ્રધાન છે. તમારે મને એ પણ જણાવવું જોઈએ કે તમે સુચીન્દ્રમ્ અથવા થિરુવરપ્પુમાં સત્યાગ્રહ કરવા તૈયાર છો કે નહીં?

તમારો સહૃદયી

શ્રીયુત ટી. કે. માધવન
એસ. એન. ડી. પી. યોગમ
વાઇકોમ
(ત્રાવણકોર રાજ્ય)

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૮૯૩–એ

૧. અંગ્રેજી પુસ્તકમાં આ ભાષણ પ્રજાબંધુમાંથી આપ્યું છે.



Gandhi Heritage Portal

## ૧૭૨. એમ. દેવનદાસ નારાયણદાસને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૮, ૧૯૨૮

ભાઈશ્રી,

મને તમારા બંને પત્રો મળ્યા છે. સંચાલક મંડળ આગળ હું તમારું નામ મૂકી શકું તે પહેલાં તમે તમારા પત્રમાં આપી છે તેના કરતાં ઘણી વધારે માહિતીની મને જરૂર પડશે. તમારી ઉંમર, તમારાં માબાપ જીવે છે કે નહીં અને જીવનમાં તમારું ધ્યેય શું છે તે તમારે જણાવવું જ જોઈએ. કરાંચીમાં રહીને જ્યાં સુધી ઓછામાં ઓછા છ મહિના સુધી તમે તમારી જાતની કસોટી કરી ન જુઓ ત્યાં સુધી તમને કોઈ પણ હિસાબે દાખલ કરી શકાય નહીં. એ કસોટીઓ નીચે પ્રમાણે છે:

(अ) તમે પોતે તૈયાર કરેલી પૂણીમાંથી ઓછામાં ઓછું દરરોજ એક કલાક કાંતવું.

(ब) તમને ન આવડતું હોય તો હિંદી શીખી લેવું. જેથી તમે શુદ્ધ રીતે બોલી-લખી શકો.

(क) બીજા બધા પ્રકારના કાપડને બાજુએ મૂકી ખાદી પહેરતા થવું.

(ड) તમારાં માબાપની ખુલ્લા દિલની પરવાનગી મેળવવી.

તમારો સહૃદયી

શ્રીયુત એમ. દેવનદાસ નારાયણદાસ
વિદ્યાર્થી ધોરણ ૭
ન્યૂ હાઈસ્કૂલ
કરાંચી

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : ૧૩૧૩૬

Gandhi Heritage Portal

## ૧૭૩. રામીબહેન ગાંધીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૮, ૧૯૨૮

ચિ. રામી,

તારું પત્તું મળ્યું છે. જેવા અક્ષર આ વખતે કાઢ્યા છે તેવા જ સારા અક્ષર હમેશાં કાઢવા. હવે પછી લખે ત્યારે મને હમેશનો કાર્યક્રમ મોકલવો. ત્યાંનાં હવાપાણી કેવાં લાગે છે એ પણ લખવું. મારી યુરોપ જવાની વાત ચાલી રહી છે ખરી, પણ હજુ કંઈ નક્કી નથી થયું. જવાનું થાય તોપણ વાર છે. ત્યાં કંઈ વાંચવાનો વખત મળે કે? બિહારની એક કન્યાની શિક્ષિકા તરીકે ચિ. રાધા બિહાર ગઈ છે તેની સાથે જ દુર્ગા પણ તેને મદદ કરવા ખાતર ગઈ છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : એસ. એન. ૯૭૦૯

## ૧૭૪. એચ. એન. વેનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૮, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો આવકારપાત્ર પત્ર મળ્યો. આશ્રમમાં તમે મને મળવા માગો છો એ વાત મને કહેતાં શ્રી ઍન્ડ્રૂઝ ભૂલી ગયા છે. ૮મી એપ્રિલે તમને મળતાં મને ખૂબ જ આનંદ થશે. તમને હરકત ન હોય તો સાંજના પાંચને બદલે ચાર રાખશો; પરંતુ હું તમારે માટે પાંચ વાગ્યે પણ તૈયાર રહીશ.

તમારો સહૃદયી

એચ. એન. વેન એસ્ક્વાયર
મેઇડન્સ હૉસ્ટેલ
દિલ્હી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૧૯૭૦

Gandhi Heritage Portal

## ૧૭૫. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૮, ૧૯૨૮

પ્રિય ભાઈ સી. આર.,

યુરોપની સૂચિત મુલાકાત વિશેનો તમારો પત્ર મને મળ્યો છે. મને હજી ત્યાં જવાની અંદરથી ઇચ્છા થતી નથી; તેમ જ એ મુલાકાત સફળ થાય એવો મને મારામાં વિશ્વાસ પણ નથી; છતાં રોલાં સાથેની મુલાકાત માટે હું હજી આકર્ષણ ધરાવું છું. પશ્ચિમમાં મારી જે કંઈ ખ્યાતિ છે તે એમને જ આભારી છે. અને મને લાગે છે કે જો હું તેમને મોઢામોઢ મળું, તો ઘણા મુદ્દા વિશેની ભ્રમણાઓનું નિરસન થઈ જાય. એવું બને કે અમે હતા તેના કરતાં વધારે નિકટ આવીએ. એકબીજાને ઓળખીએ છીએ તેના કરતાં વધારે સારી રીતે ઓળખતા થઈએ એને હું ખૂબ જ અગત્ય આપું છું.

સ્વાસ્થ્યની દૃષ્ટિએ તો કશો લાભ થવાનો નથી એ તમારી વાત સાથે હું સંમત થાઉં છું. કદાચ તંદુરસ્તી બાબતમાં એથી સહન પણ કરવું પડે, અને તંદુરસ્તી કંઈ આ પ્રવાસનો મુખ્ય મુદ્દો ન હોઈ શકે. એ રીતે વિચાર કરું તો, હિંદુસ્તાનનું કોઈ પણ હિલ-સ્ટેશન મારે માટે ખૂબ જ સારું નીવડે.

તમારી સાથે મને પણ એમ લાગે છે કે મારી ગેરહાજરી કદાચ ખાસ કરીને બારડોલીમાં ગરબડ ઊભી કરે. પરદેશી કાપડનો બહિષ્કાર પણ મારી ગેરહાજરીમાં કોઈ રીતે પ્રગતિ ન કરી શકે. પરંતુ હવે તમે સૌ જ્યારે કલકત્તામાં એકઠા થઈ રહ્યા છો ત્યારે હું ઇચ્છું કે તમારી કાઉન્સિલની સભામાં તમે આ સૂચિત મુલાકાત વિશે ચર્ચાવિચારણા કરી જોશો. હું કેવળ એકલો પડી ન જાઉં અને આખરે સત્યનો સ્વીકાર કરવા પૂરતો હું નમ્ર બનું એ માટે હું ખૂબ જ આતુર છું; પછી એ સત્ય ગમે ત્યાંથી આવ્યું હોય.

પૈસા ઉચાપત થયાની જે હકીકત તમે લખી છે તે જાણીને હું દિલગીર થયો છું; પરંતુ તે બાબતમાં અસ્વસ્થ ન થવાની અથવા એની ચર્ચા ન કરવાની તમારી ચેતવણી હું સ્વીકારીશ.

તમે રામચંદ્રન વિશે જે કહો છો તે હું સમજું છું. હું ઇચ્છું છું કે તમે તેને એક પ્રેમભર્યો કાગળ લખો અને થોડુંક જતું કરીને પણ તમારા તરફ આકર્ષો. એ એક જાતનો 'ચેટ્ટી' પણ છે. કારણ કે તેણે જામિયામાં ખાદીકાર્યમાં અજબ કામ કરી બતાવ્યું છે.

પૈસા ઉચાપત કરવાની બાબતમાં તમે જે ઉલ્લેખ કર્યો છે તે વિશે મારે એક વાત કહેવી જોઈએ. જો ઉચાપત કરનાર માણસ રૂપિયા ૫૦૦ ભરી દે અને જાહેર માફી માગે, તો તમને સંપૂર્ણ સંતોષ થવો જોઈએ. પણ આ તો એક માહિતી વિનાના માણસનો અચોક્કસ અભિપ્રાય છે એમ માનશો.

કેવળ દૂધ ઉપર રહેવાના મારા સાહસભર્યા પ્રયોગ માટે તમારે શું કહેવાનું છે? ખરેખર તો આ દૂધ અને પાણીનો પ્રયોગ છે. મારી એવી વાતથી તમે દિગ્મૂઢ થઈ ગયા એવું સાંભળવા હું માગતો નથી.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૧૨૩

Gandhi Heritage Portal

## ૧૭૬. ડૉ. અરુલમણિ પિચમુથુને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૮, ૧૯૨૮

બહેનશ્રી,

તમારા પત્ર અગાઉ તમે મોકલેલું નાનું ઇન્સ્યૉર્ડ પાર્સલ મળ્યું. અને તે કોના તરફથી આવ્યું હશે તેની અજાયબી અનુભવતો હતો. મહાદેવે તે બાબતમાં સાચી અટકળ કરી. તમે તમારું કીમતી ઝવેરાત જે રીતે અર્પણ કરી દીધું છે, તે બદલ હું તમને અભિનંદન આપું છું. યંગ ઇન્ડિયામાં[1] નામ પ્રસિદ્ધ કર્યા સિવાય એક યા બીજી રીતે હું એની નોંધ લેવા માગું છું.

તમારો સહૃદયી

ડૉ. અરુલમણિ પિચમુથુ
પંથડી નં. ૧
મદુરા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૧૩૪

## ૧૭૭. સૅમ હિગિનબૉટમને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૮, ૧૯૨૮

પ્રિય ભાઈ,

યમુનાના કિનારા ઉપરનું તમારું ખેતર જોવાનો લાભ મને મળ્યો ત્યારે મને યાદ છે કે મેં એક એવી કરામત જોઈ હતી જેનાથી તમે સૂર્યની ગરમી દ્વારા તમારું પાણી ગરમ કરતા હતા. તમે મને જણાવશો કે એ કેવળ તમારા મકાન ઉપરની પાણીની ટાંકી જ હતી અને તે સંપૂર્ણ સૂર્યપ્રકાશમાં ખુલ્લી રાખી હતી કે કોઈ યાંત્રિક યુક્તિ વડે એ ટાંકી ઉપર સૂર્યનાં કિરણોને તમે કેન્દ્રિત કર્યાં હતાં?

તમારો સહૃદયી

સૅમ હિગિનબૉટમ એસ્ક્વાયર
ઍગ્રિકલ્ચરલ ઇન્સ્ટિટ્યૂટ
અલ્લાહાબાદ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૧૩૭

૧. જુઓ "નોંધ", ૫-૪-૧૯૨૮નું પેટામથાળું "સ્ત્રીઓ અને ઝવેરાત."

Gandhi Heritage Portal

## ૧૭૮. 'જાતિદ્વેષનો વિજય'[1]

મને ખાતરી છે કે ઍમ્સ્ટર્ડૅમ ઇન્ટરનૅશનલ જો જોહાનિસબર્ગના વ્હાઈટ ટ્રેડ્ઝ યુનિયન જેવી પરિસ્થિતિમાં મુકાયું હોત તો તે આ યુનિયન કરતાં જુદી રીતે વર્ત્યું ન હોત અથવા તો જો એના સભ્યો આ યુનિયનના સભ્યો જેવી પરિસ્થિતિમાં મુકાયા હોત તોપણ તેઓ મિ. રામસે મૅકડોનલ્ડ કે મિ. લૅન્સબરી કરતાં જુદી રીતે વર્ત્યા ન હોત.

[મૂળ અંગ્રેજી]

यंग इण्डिया, २९–३–१९२८

## ૧૭૯. ધાક બેસાડવાની નીતિ

તાજેતરમાં નિમાયેલી હંટર કમિટી પાસે જુબાની આપતાં જનરલ ડાયરે કબૂલ કર્યું હતું કે જલિયાંવાલા બાગના અત્યાચારો ધાક બેસાડવા માટે હતા. આ વાત સ્વીકારતાં આ ભૂતપૂર્વ જનરલે કોઈ નવો સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો નથી. ખરેખર, "દુનિયાની સૌથી શક્તિશાળી ગણાતી સિવિલ સર્વિસે" પોતાની મહત્તાનો પાયો ધાક બેસાડવાની નીતિ પર રચ્યો છે.

પ્રેસ પર જતાં પહેલાં મળતી માહિતી અનુસાર એમ જાણવા મળે છે કે આ સુવિદિત નીતિ અનુસાર બારડોલીના ખેડૂતોને બળજબરીથી નમાવવા માટે તેમની સામે ઝડપી પગલાં લેવાઈ રહ્યાં છે. ખાલસા કરવાની આઠ પ્રાથમિક નોટિસો બારડોલીના કેટલાક સત્યાગ્રહીઓ ઉપર બજાવવામાં આવી છે. આ વ્યક્તિઓનાં નામ પણ ખાસ ચીવટથી પસંદ કરવામાં આવ્યાં છે, કારણ કે તેમાંના બધા વણિક કોમની જાણીતી વ્યક્તિઓ છે. આ પસંદગી કદાચ એટલા માટે કરવામાં આવી છે કે વણિક કોમ નબળી અને પોચી ગણાતી હોઈ તેમને જપ્તીની નોટિસ આપીને તેમને સહેલાઈથી તાબે કરી શકાય. અધિકારીવર્ગનું કહેવું એવું હશે કે એ સ્વાભાવિક જ છે કે વાણિયાઓ નરમ પડી જતાં બીજી કોમો પણ નબળી પડવાની. ધાક બેસાડવાના આ પ્રથમ દમામથી સત્યાગ્રહીઓએ બીવું ન જોઈએ. વારંવાર તેમને કહેવામાં આવ્યું છે કે જપ્તી તો ઠીક પણ તેથીયે વધારે ખરાબ વસ્તુઓની તેમણે અપેક્ષા રાખવાની છે. તેમનામાં શક્તિ હોય તો તે તેમણે હવે બતાવી આપવાની છે.

[મૂળ અંગ્રેજી]

यंग इण्डिया, २९–३–१९२८

૧. ગાંધીજીએ જેના ઉપર ટીકા કરી છે તે સી. એફ. ઍન્ડ્રૂઝનો લેખ અહીં આપ્યો નથી. તેમાં તેમણે લખ્યું છે કે યુરોપની આંતરરાષ્ટ્રીય મજૂર ચળવળના એક "જાતિદ્વેષનો વિજય" એ નામના બુલેટિને ગોરા મજૂરોની સાઉથ આફ્રિકન ટ્રેડ્ઝ યુનિયન કૉંગ્રેસની એ વાત પર નિંદા કરી હતી કે તેણે કાળા મજૂરોના ઇન્ડસ્ટ્રિયલ અને કૉમર્શિયલ વર્કર્સ યુનિયન જે ઍમ્સ્ટર્ડૅમ ઇન્ટરનૅશનલ એટલે કે ઇન્ટરનૅશનલ ફેડરેશન ઑફ ટ્રેડ્ઝ યુનિયન સાથે ક્યારનુંયે જોડાઈ ગયું છે, તેને પોતાની સાથે જોડવાનો ઇનકાર કરી દીધો હતો. વળી રામસે મૅકડોનલ્ડે અને ઇંગ્લંડની પાર્લમેન્ટના મજૂર પક્ષે જાતિભેદની ભૂમિકા ઉપર સાઇમન કમિશનની નિમણૂક કરી તે માટે શ્રી ઍન્ડ્રૂઝે આ લેખમાં દુઃખ વ્યક્ત કર્યું છે.

Gandhi Heritage Portal

# ૧૮૦. રાષ્ટ્રીય સપ્તાહ

દર સાલ નિયમિત આવતી ઋતુઓની માફક રાષ્ટ્રીય સપ્તાહ આપણી સામે આવતું રહે છે, અને ૧૯૨૨થી તેનો યોગ્ય પ્રત્યુત્તર વાળવામાં આપણે વધતેઓછે અંશે ઊણા ઊતર્યા છીએ. ૬ઠ્ઠી એપ્રિલથી ૧૩મી એપ્રિલ સુધીના દિવસો આપણે માટે ખાસ અધિકારના, આંતરદર્શનના, ઉત્કટ રાષ્ટ્રીયપ્રવૃત્તિના અને આત્મશુદ્ધિના દિવસો ગણાવા જોઈએ. આ કીમતી સાત દિવસો આપણી સિદ્ધિ-અસિદ્ધિઓનો ક્યાસ કાઢવાના અને આત્મનિરીક્ષણ માટે રહેવા જોઈએ. ઈ. સ. ૧૯૧૯ની છઠ્ઠી એપ્રિલની સવારે હિંદુસ્તાનમાં આત્મસન્માનની પ્રથમ ભાવના જાગી ઊઠી, હિંદુ, મુસલમાન અને રાષ્ટ્રના બીજા લોકો એકબીજાને સગા ભાઈ માનવા લાગ્યા; હકીકતમાં, જો તેઓ પોતાને આ દેશનાં સંતાન માને તો તેઓ સગા ભાઈ છે જ.

૬ઠ્ઠી એપ્રિલ ૧૯૧૯ને દિવસે હિંદમાં સ્વદેશીની સાચી ભાવના જાગી; જેના પરિણામ રૂપે ખાદી આંદોલન ચાલ્યું; જે અત્યારે છેલ્લામાં છેલ્લા પ્રાપ્ત થયેલા આંકડા મુજબ ૯૦,૦૦૦ ગરીબ કાંતનારાઓને રોટલો આપી રહ્યું છે.

આમ જાગ્રત થયેલો ભાવનાનો જુવાળ ૧૯૨૦ અને ૧૯૨૧ સુધી આગળ વધ્યે જ ગયો અને અમને લાગ્યું કે હવે કાયદા મુજબનું સ્વરાજ હાથવેંતમાં છે. પરંતુ એ સ્વરાજ આવ્યું નહીં અને હતાશા વ્યાપી ગઈ. ત્યાર પછી ઉત્તરોત્તર આપણી પ્રવૃત્તિમાં ઓટ આવતી ગઈ. હિંદુમુસલમાનો અત્યારે એકબીજાનાં ગળાં કાપવા પર આવી ગયા છે.

સ્વદેશીને બદલે આપણે સમાધાન થાય ત્યાં સુધી બ્રિટિશ માલના બહિષ્કારનો પોકાર પાડવા તૈયાર થયા છીએ. જાણે કે બધાં વિદેશી કાપડ સિવાય પણ જાપાનના સોંઘા કેલિકો સહિત ત્યાંનો બધો માલ સ્વદેશીનું એટલે કે ખાદીનું સ્થાન લઈ શકવાનો ન હોય એ રીતે તેને ટેકો આપવામાં આવે છે. ખૂબ જ સંશોધન, વિચારણા અને અનુભવ બાદ ૧૯૨૦-૨૧માં આપણે એવા નિર્ણય ઉપર આવી ગયેલા લાગતા હતા કે કોઈ એક માત્ર વ્યવહારુ, અસરકારક અને જરૂરી સ્વદેશી હોય તો તે ખાદી જ છે અને તે બ્રિટિશરોની સાથે સમાધાન થતાં સુધી નહીં, પણ હમેશને માટે અથવા હિંદનાં ભૂખે મરતાં લાખો માણસો માટે ખાદી કરતાં વધારે સારો અને વધારે રોજી આપનારો રસ્તો શોધી કાઢીએ નહીં ત્યાં સુધી, બીજા પરદેશી માલથી જુદા એવા બ્રિટિશ માલનો બૉયકૉટ કરવાના સમર્થનમાં મને કોઈ નવી દલીલ દેખાઈ નથી. એવી કોઈ નવી પરિસ્થિતિનું નિર્માણ પણ થયું નથી, જે આપણને એમ સૂચવે કે બ્રિટિશ માલનો બહિષ્કાર જ વ્યવહારુ દરખાસ્ત છે. અને બ્રિટિશ સિવાયના પરદેશી કાપડના ઉપયોગથી હિંદના હિતને કંઈ બહુ મોટી હાનિ થવાની નથી.

હું ઇચ્છું છું કે જેઓ બ્રિટિશ માલના બહિષ્કારના પોકારને ટેકો આપી રહ્યા છે તેઓ પોતાના કાર્યક્રમ ઉપર ગંભીરતાપૂર્વક વિચાર કરે. અને જરૂર હોય તો પોતાની યોજનામાં ફેરફાર કરી ખાદીની હિલચાલમાં સાચા દિલની એવી શ્રદ્ધાથી જોડાય કે ખાદી અને કેવળ ખાદી જ બ્રિટિશ માલનો જ નહીં પણ બધા વિદેશી માલનો બહિષ્કાર સાધી શકે એમ છે.

તેઓ એમ કરે કે ન કરે, હું ચોક્કસ માનું છું કે બ્રિટિશ માલના બહિષ્કાર સાથે બીજા દેશના વિદેશી માલને ટેકો આપવાની વાતને તેઓ સિદ્ધાંત બનાવી ન શકે. અને જો

Gandhi Heritage Portal

મારી એ ધારણા સાચી હોય તો રાષ્ટ્રીય સપ્તાહ દરમ્યાન તેઓ ખાદીના વેચાણને ટેકો આપે. ખાદીની પ્રવૃત્તિ છેલ્લાં સાત વર્ષથી જે રીતે ચાલતી આવી છે, તેનો તેઓ અભ્યાસ કરશે તો તેમને જણાશે કે રેંટિયામાં તેમણે કદી સ્વપ્ને પણ ન કલ્પી હોય એવી શક્તિ પડેલી છે. રાજ્યદ્વારી રીતે વિચાર કરતા હિંદના બુદ્ધિશાળી વર્ગનો જો તેને હૃદયપૂર્વકનો અને સક્રિય ટેકો મળે તો આપણી મિલોની કોઈ પણ જાતની મદદ વિના પરદેશી કાપડનો બૉયકૉટ પાર પાડવાને તે શક્તિમાન છે. મિલોના સક્રિય અને વ્યવસ્થિત ટેકાથી પરદેશી માલનો બહિષ્કાર ખૂબ જ સહેલો બને છે; અલબત્ત, જો તેઓ પોતાની બાજી રાષ્ટ્રના હિતમાં રમે તો સફળતા માટેનું હુકમનું પાનું તેમના હાથમાં છે. તેમની પાસે એક સુવ્યવસ્થિત અને વિશાળ સંગઠન મોજૂદ છે. તેઓ જો એ સંગઠન દેશની સેવા અર્થે વાપરે તો બહિષ્કારની લડત સરળ બની શકે અને પ્રજાના હાથમાં તેઓ જે શક્તિની ખૂબ જ જરૂર છે તે શક્તિ મૂકી શકે.

અને હિંદુઓ અને મુસલમાનો શા માટે પેલા મૂલ્યવાન સાત દિવસો યાદ ન કરે અને બધો ભય તથા એકબીજાનો અવિશ્વાસ અને નબળાઈ ખંખેરી ન નાખે?

વળી કહેવાતા અસ્પૃશ્યો, જેમને આપણે હિંદુઓએ દબાવી દેવાનો ગુનો કર્યો છે તેમને પણ હું આ સપ્તાહમાં ન ભૂલું. સમાજના આપણા એક ષષ્ઠાંશ ભાગને (અથવા જે કંઈ તેની સંખ્યા હોય તેને) દબાવવામાં આપણે આપણી જાતને જ નીચી પાડી છે, એટલું સમજવા જેટલી દૃષ્ટિ આપણી પાસે નથી? કોઈ પણ માણસ પોતે ખાડામાં ઊતર્યા સિવાય અને પાપ વહોર્યા સિવાય બીજાને તેમાં લઈ જઈ શકતો નથી. દબાયેલા લોકો પાપ કરતા નથી. પોતે જેને દબાવે છે તેની સામેના ગુના માટે દમન કરનારે જ જવાબ આપવાનો રહેશે.

[મૂળ અંગ્રેજી]

यंग इण्डिया, २९–३–१९२८

## ૧૮૧. નોંધ

### રાષ્ટ્રીય સપ્તાહ માટે ખાસ

શ્રીયુત વિઠ્ઠલદાસ જેરાજાણી (ખાદી ભંડાર, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ) લખે છે:[૧]

હું અવશ્ય આશા રાખું છું કે શ્રી જેરાજાણીની વાજબી ઇચ્છા અને આશાને લોકો તરફથી પૂરતો પ્રત્યુત્તર મળશે. મુંબઈ ઉપર હમેશાં રાષ્ટ્રીય મિજાજની અસર પડતી જ હોય છે. મુંબઈએ જ પ્રથમ ખાદી ભંડાર ઉઘાડીને રાષ્ટ્રીય ખાદી હિલચાલનો પાયો નાખ્યો છે. તેમણે પત્રમાં આપેલા આંકડા બોધપ્રદ છે; આ આંકડાઓમાં ૧૯૨૧માં જે મોટી ખાધ જોવામાં આવે છે તેનું કારણ એ છે કે કાલબાદેવી રોડ ઉપર એક બીજો મોટો ખાદીભંડાર ખોલવામાં આવ્યો છે. છતાં પછીનાં વર્ષોના આંકડા મુંબઈ રાજદ્વારી રીતે જાગ્રત થયેલા હિંદુસ્તાનની સાચી પારાશીશી

૧. આ પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખકે રાષ્ટ્રીય સપ્તાહ દરમ્યાનના ૧૯૨૨થી ૧૯૨૭ના વર્ષના ખાદીવેચાણના આંકડા આપ્યા છે. તેમાં તેમણે આશા રાખી છે કે ખાદીની ગુણવત્તા, તેના પ્રકારની વિવિધતા તથા વધતી જતી રાષ્ટ્રીય ભાવનાને લીધે આગામી રાષ્ટ્રીય સપ્તાહ દરમ્યાન, લોકો તરફથી ભારે પ્રત્યુત્તર મળી રહેશે. એપ્રિલની ૧લીથી ૧૫મી તારીખ સુધી ખાદીના વેચાણ ઉપર રૂપિયે એક આનાનું વળતર પણ તેમાં તેમણે જાહેર કર્યું છે. “રાષ્ટ્રીય સપ્તાહ”, ૧–૪–૧૯૨૮ પણ જુઓ.

Gandhi Heritage Portal

છે એ વાતની પૂરેપૂરી સાબિતીરૂપ પુરવાર થાય છે. ૧૯૨૭ના વર્ષના આંકડા ખાદીપ્રચારમાં ૧૯૨૬ના વર્ષના આંકડા કરતાં નિશ્ચિત સુધારો બતાવે છે. મુંબઈ ૧૯૨૨ના આંકડા સુધી પહોંચી જશે ? જો આપણે માત્ર જોઈતો ત્યાગ અને સંકલ્પશક્તિ બતાવી આપીએ, તો એટલો વધારો પણ, આપણે ઇચ્છીએ અને કરી શકીએ એવા બહિષ્કાર માટે જે કંઈ જરૂરી છે તેની બરોબરીનો ન ગણાય.

બીજી એક વિજ્ઞપ્તિ મારી પાસે શુદ્ધ ખાદી ભંડાર, રીચી રોડ, અમદાવાદ પાસેથી આવી છે. તે ખાદી ભંડાર, રાષ્ટ્રીય સપ્તાહ દરમિયાન ખાદીની જુદી જુદી જાત ઉપર રૂપિયે એક આનાથી ચાર આના સુધી વળતર આપવા માગે છે.

હું આશા રાખું છું કે બધાં ખાદી મંડળો, પછી તે ચરખાસંઘની માલિકીનાં હોય કે તેણે માન્ય કરેલાં હોય, રાષ્ટ્રીય સપ્તાહ દરમિયાન ખાદીને લોકોના ધ્યાન ઉપર મૂકવા ખાસ પ્રયત્ન કરશે અને જાહેરજનતા તેનો ઉદાર પ્રત્યુત્તર વાળશે.

## બંગાળમાં ખાદીયાત્રા

બંગાળમાં કદાચ એ વાત ઉપર ભાર દર્શાવવાની જરૂર છે કે શ્રીયુત સતીશચન્દ્ર દાસગુપ્તા દ્વારા જે ખાદીપ્રવાસ યોજાઈ રહ્યો છે, તે અખિલ હિંદ દેશબંધુ સ્મારક યાત્રાના એક ભાગરૂપ જ છે. શેઠ જમનાલાલજી, શ્રીયુત રાજગોપાલાચારી, શ્રીયુત મણિલાલ કોઠારી અને શ્રીયુત શંકરલાલ બૅંકર ખાદીપ્રચાર માટે આવતા મહિનાની પાંચમી તારીખથી બંગાળમાં પ્રવાસે નીકળવાના છે. દેશબંધુના અવસાન સમયે એક અખિલ હિંદ સમિતિએ એ વાત નક્કી કરી હતી કે બંગાળના બેતાજ બાદશાહ સ્વર્ગસ્થ ચિત્તરંજન દાસ માટેના અખિલ હિંદ સ્મારકનું કેન્દ્ર અને પ્રચારક્ષેત્ર ખાદી રહેશે. હાલમાં બંગાળમાં સ્વદેશી પ્રવૃત્તિનો એક મોટો જુવાળ ચડી રહ્યો છે. પરંતુ મને દહેશત છે કે સ્વદેશીનો સાચો અર્થ આ સરળ પણ જીવનદાયી શબ્દની આસપાસ જે શબ્દોનું જંગલ ખડું કરવામાં આવ્યું છે, તેમાં ભુલાઈ જતો લાગે છે. તેના મૂળ અર્થને જ આપણે વળગી રહીએ અને જો તેમ કરીશું, તો આપણે જોઈ શકીશું કે તેમાંથી 'ખાદી' સિવાય બીજો કોઈ પણ અર્થ નિષ્પન્ન થતો નથી. "સ્વદેશી" એટલે "પોતાના જ દેશનું". ગામડાના લોકોની દૈનિક વપરાશની ચીજોમાં કાપડ જ એક એવી વસ્તુ છે જે "પોતાના દેશમાં નીપજતી નથી." તેમ છતાં ગામડાંના લોકો સહેલાઈથી કોઈ પણ વસ્તુ ઉત્પન્ન કરી શકે તેમ હોય તો તે કાપડ જ છે. અને તેથી જ 'તેઓ સમજી શકે તેવું અને જેના વિના તેઓ ભૂખે મરે એવું કોઈ સ્વદેશી હોય તો તે બીજું કંઈ જ નહીં પણ ખાદી જ છે. તેથી જ પ્રત્યેક દેશભક્તને માટે 'ખાદી' જ સાચું સ્વદેશી હોઈ શકે. તેથી હું આશા રાખું છું કે શેઠ જમનાલાલજી અને તેમના સાથીઓ જ્યાં જ્યાં જશે ત્યાં ત્યાં બંગાળ તેમને પૂરા હૃદયથી સહાય કરશે. ખરીદેલી ખાદીનો પ્રત્યેક વાર અને સ્મારકકાર્ય માટે અપાયેલું પ્રત્યેક દાન બહિષ્કારની હિલચાલને અને દેશના ગરીબમાં ગરીબ માણસોને મદદરૂપ થઈ રહેશે.

## બહિષ્કાર અને વિદ્યાર્થીઓ[1]

એક મહાવિદ્યાલયના આચાર્યશ્રી લખે છે:[2]

> બહિષ્કારની હિલચાલના પ્રવર્તકો વિદ્યાર્થીઓને એમાં ખેંચી રહ્યા છે. . . . પોતાની શાળાઓ અને મહાવિદ્યાલયો છોડી વિદ્યાર્થીઓ કોઈ પણ દેખાવોમાં ભળે છે ત્યારે સ્થાનિક

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર ખરી કેળવણી, પા. ૩૭૭–૮માંથી લીધું છે.
૨. અમુક ભાગ જ અહીં આપ્યા છે.

Gandhi Heritage Portal

તોફાનીઓ સાથે તેઓ મળી જાય છે, બદમાશોના બધા અનર્થો માટે એમને જવાબદાર થવું પડે છે, અને ઘણી વાર પોલીસોના દંડૂકાના પહેલા પ્રહારો એમના પર પડે છે. તદુપરાંત, એમની શાળા અને મહાવિદ્યાલયના સત્તાવાળાઓ એમના પર ખફા થાય છે, અને એઓ જે શિક્ષા ફરમાવે છે એ પણ એમને વેઠવી પડે છે. અને પોતાની આજ્ઞાનો ભંગ થતો હોવાથી એમના વાલીઓ નાણાં અટકાવે અને જિંદગી બરબાદ જાય એ તો જુદું. રજાના દિવસોમાં અભણ ગામડિયાઓને શિક્ષણ આપવાની, જનસુખાકારીના જ્ઞાનનો ફેલાવો કરવાની વગેરે યુવક પ્રવૃત્તિઓ હું સમજી શકું છું. પરંતુ એમને પોતાનાં જ માબાપો અને શિક્ષકોની સામે થતા, રસ્તાઓ પર સંદિગ્ધ લોકોની સોબતમાં ફરતા, અને કાયદો અને સુવ્યવસ્થાના ભંગમાં મદદ કરતા જોવા એ દુ:ખદ દૃશ્ય છે. પોતાના દેખાવો વધારે અસરકારક કરવા માટે વિદ્યાર્થીઓને પોતાના યોગ્ય કાર્યમાંથી ન ખેંચી જવાની સલાહ રાજપુરુષોને આપવા હું આપને વિનંતી કરું છું. વસ્તુત: એમ કરીને તેઓ દેખાવોની કિંમત ઘટાડે છે. . . .

સક્રિય રાજકીય કામમાં વિદ્યાર્થીજગત ભાગ લે એ વસ્તુને હું વખોડી કાઢીશ એવી આશાથી આ પત્રલેખકે મને લખ્યું છે. પણ એમને નિરાશ કરવા પડે છે તે માટે હું દિલગીર છું. ૧૯૨૦-૨૧માં શાળાઓ અને મહાવિદ્યાલયોનો ત્યાગ કરાવી કેદનાં જોખમવાળી રાજકીય ફરજો અદા કરવામાં રોકાવા લલચાવવામાં મારો ભાગ નજીવો નહોતો, એ એમણે જાણવું જોઈતું હતું. હું માનું છું કે, સ્વદેશની રાજકીય હિલચાલમાં આગેવાનીભર્યો ભાગ લેવો એ વિદ્યાર્થીઓની સ્પષ્ટ ફરજ છે. દુનિયામાં બધે એઓ એમ કહી રહ્યા છે. હિંદુસ્તાનમાં કે જ્યાં રાજકીય ભાન છેક હમણાં સુધી મોટેભાગે અંગ્રેજી કેળવણી પામેલા વર્ગમાં જ મર્યાદિત હતું ત્યાં, ખરેખર, એમની ફરજ તો ઊલટી વધારે છે. ચીનમાં અને મિસરમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિને શક્ય કરનારા ત્યાંના વિદ્યાર્થીઓ જ હતા. એમનાથી હિંદુસ્થાનમાં કેમ પાછા પડાય?

આચાર્યશ્રી આગ્રહ કરાવી શકે એવી વસ્તુ તો એ હોઈ શકે કે, વિદ્યાર્થીઓએ અહિંસાના નિયમો પાળવા જોઈએ અને તોફાનીઓથી ન દોરવાતાં એમના પર અંકુશ મેળવવો જોઈએ.

### મૅકૉલેનાં સ્વપ્નો

મૅકૉલેના લાઈફ ઑફ લેટર્સ નામના પુસ્તકમાંથી એક મિત્ર નીચેનાં અવતરણો[1] મને મોકલે છે:

> ૭મી માર્ચ ૧૮૩૫ના દિવસે લૉર્ડ વિલિયમ બૅન્ટિકે નક્કી કર્યું કે "બ્રિટિશ સરકારનો મહાન હેતુ હિંદુસ્તાનના વતનીઓમાં યુરોપના સાહિત્ય અને વિજ્ઞાનનો પ્રચાર કરવાનો હોવો જોઈએ;" જાહેર શિક્ષણ સમિતિમાંથી બે પૌર્વાત્યો નિવૃત્ત થતાં. . . મૅકૉલેએ પ્રમુખનું કાર્ય સ્વીકાર્યું. . . .
>
> લૉર્ડ મૅકૉલેએ કહ્યું: "આપણી અંગ્રેજી શાળાઓ અજબ રીતે વિકસી રહી છે. . . . હિંદુઓ ઉપર આ શિક્ષણની બહુ ભારે અસર થઈ છે. કોઈ પણ હિંદુ, જેણે અંગ્રેજી શિક્ષણ લીધું હોય, તે પોતાના ધર્મને કદી હૃદયપૂર્વક વળગી રહેતો નથી. . . . મારી દૃઢ માન્યતા છે કે જો આપણી કેળવણીની યોજનાનો અમલ કરવામાં આવશે, તો આજથી ત્રીસ વર્ષ પછી બંગાળના ભદ્ર વર્ગમાં કોઈ પણ હિંદુ મૂર્તિપૂજામાં માનતો નહીં હોય. . . ."

અંગ્રેજી ભણેલો વર્ગ પોતાના ધર્મની માન્યતાઓ છોડી દેશે એવું મૅકૉલેનું સ્વપ્ન સિદ્ધ થયું કે નહીં એની મને માહિતી નથી. પરંતુ આપણે એટલું તો જાણીએ જ છીએ કે તેમનું એક

૧. અમુક ભાગ જ અહીં આપ્યો છે.

Gandhi Heritage Portal

બીજું એવું સ્વપ્નું હતું કે અંગ્રેજી ભણેલા હિંદીઓ મારફતે અંગ્રેજી રાજકર્તાઓ માટે કારકુનો અને એના જેવા બીજા માણસો ઊભા કરવા. આ સ્વપ્ન ખરેખર તેમણે ધાર્યું હતું તે કરતાં પણ વિશેષ સિદ્ધ થયેલું જણાય છે.

## સંઘર્ષ વચ્ચે શાંતિ

મારા સોમવારના મૌન માટે એક મિત્ર વખતોવખત સુંદર વસ્તુઓ મોકલે છે. આ પહેલાં મેં વાચકોને તેમાંની કેટલીકના ભાગીદાર બનાવ્યા છે. મારી બાંડીમાં એવો એક બીજો હપતો ઘણા સમય થયાં પડી રહ્યો હતો તેનો વાચક સાથે આસ્વાદ લેવાનું પ્રલોભન હું રોકી શકતો નથી. છેલ્લા બે ઉતારા સિવાયનાં બધાંય અવતરણો બૌદ્ધ ધર્મનાં લખાણોમાંથી છે. છેલ્લાની પહેલાંનું ઈમર્સનનાં લખાણોમાંથી લીધું છે. અને સૌથી છેલ્લું એક હિંદુ કહેવત છે.

સુંદર રંગવાળાં પણ સુગંધ વિનાનાં ફૂલની જેમ આચરણમાં ન મૂકનારના સુંદર શબ્દો નિરર્થક છે.

જીવનની ચડતીપડતીથી ચલિત ન થતું અને દુ:ખ કે કામક્રોધથી અસ્વસ્થ ન બનતું મન ભારેમાં ભારે આશીર્વાદરૂપ છે.

હજી સુધી એવો કોઈ માણસ જન્મ્યો નથી કે જન્મશે પણ નહીં કે જેની હમેશાં પ્રશંસા થતી હોય કે નિંદા થતી હોય.

મજબૂત ખડકને જેમ પવન હલાવી શકતો નથી, તેમ જ્ઞાની માણસો સ્તુતિ કે નિંદાથી પોતાની ફરજમાંથી ચળતા નથી. તો પછી, આપણો તિરસ્કાર કરનારને ન તિરસ્કારતાં આપણે સુખેથી જીવીએ.

આપણા પ્રત્યે ઘૃણા કરનારની વચ્ચે ઘૃણામુક્ત બનીને જીવીએ.
પીડાતા લોકો વચ્ચે આપણે પીડામુક્ત બનીને સુખે જીવીએ.
દિલનાં દુ:ખી માણસો વચ્ચે આપણે વેદનાથી મુક્ત થઈને જીવીએ.
કામગરા માનવીઓ વચ્ચે આપણે ચિંતામુક્ત બનીને સુખપૂર્વક જીવીએ.
ચિંતાથી ઘેરાયેલા લોકો વચ્ચે આપણે ચિંતારહિત બનીને રહીએ.
કોઈ ચીજને આપણી પોતાની ન ગણાવતા હોવા છતાં આપણે સુખે જીવીએ.
આપણે સુખનું ભોજન કરતા તેજસ્વી દેવો જેવા થઈશું.
ધૈર્ય એ સૌથી મોટી પ્રાર્થના છે.
આ દુનિયામાં ધિક્કાર કદી ધિક્કારથી અટકાવી શકાતો નથી.
ધિક્કાર પ્રેમથી નાબૂદ થાય છે. પ્રેમનો સ્વભાવ જ એવો છે.
પૂજ્યભાવ અને નમ્રતા
સંતોષ અને કૃતજ્ઞતા
યોગ્ય અવસરે ઈશ્વરની વાણીનું શ્રવણ.
આ સૌથી મોટામાં મોટો આશીર્વાદ છે.

જેમ મા, પોતાના જીવનનું જોખમ ખેડીને પણ પોતાના બાળકનું, એકના એક બાળકનું રક્ષણ કરે છે, તેમ માણસે બધાં પ્રાણીઓ વચ્ચે રહીને સૌના પ્રત્યે અસીમ શુભેચ્છા કેળવવી.

ઉપર, નીચે, આખા જગત પ્રત્યે માણસે અપાર શુભેચ્છા કેળવવી જોઈએ. તે ભેદભાવ કે વિરોધની કોઈ પણ લાગણીથી મુક્ત અને નિષ્કલંક હોવી જોઈએ; માણસ ઊભો

Gandhi Heritage Portal

હોય, ચાલતો હોય, બેઠો હોય કે સૂતો હોય, તેની જાગ્રત અવસ્થામાં તેણે દૃઢતાપૂર્વક મનની આ સ્થિતિમાં રહેવું જોઈએ. હૃદયની આવી સ્થિરતા દુનિયામાં શ્રેષ્ઠ ગણાય છે.

સત્યનિષ્ઠાથી, સંયમથી, અને આત્મનિયમનથી પોતાની જાતને જાગ્રત કરીને જ્ઞાની પુરુષ પોતાને માટે એક એવો દ્વીપ સરજી શકે છે, જેને કોઈ પણ પૂર ડુબાવી શકતું નથી.

ફૂલના રંગ કે સુગંધને નુકસાન પહોંચાડ્યા સિવાય જેમ મધમાખી સુધારસ લઈને ઊડી જાય છે તેમ, બુદ્ધિમાન માણસોએ સત્ય પર સ્થિર થવું જોઈએ.

હે પ્રભુ, તેં મારા હોઠને વાણી તો એક શીખવી છે પણ મૌન તો હજાર હજાર શીખવ્યાં છે.

બુદ્ધ પણ એક અવતારમાં ગાડું ખેંચનાર ઘોડો બન્યા હતા: અને બીજાઓનો બોજો ખેંચતા હતા.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २९–३–१९२८

# ૧૮૨. ઉપવાસ-મહિમા

પોલૅન્ડથી એક અધ્યાપક મને કાગળો લખે છે તેમાંથી ઘણી વાર મેં ઉતારા આપ્યા છે.[1] એક પત્રમાં તેમણે મારા ઉપવાસોનો ઉલ્લેખ કર્યો છે, તેમાંનો કેટલોક ભાગ અહીં ઉતારું છું:[2]

આ દિશામાં જે પ્રયોગો કરી રહ્યા છે તેવા વાચકોને ઉપયોગી થાય એટલા હેતુથી આ કાગળ હું પ્રસિદ્ધ કરું છું. ઉપવાસની શરીર અને નીતિ ઉપર થતી અસર તો રોજ રોજ સ્વીકારાતી જાય છે. ઘણાંયે દર્દોમાં અનેક દવા અને ભયંકર ઇન્જેક્શનોના કરતાં વિવેકપૂર્વક કરેલા ઉપવાસ વધારે અસરકારક ઇલાજ નીવડે છે. 'ભયંકર ઇન્જેક્શનો' કહું છું તે એટલા માટે નહીં કે તેથી દુઃખ થાય છે, પણ તેથી અનેક નવી ઉપાધિઓ વધે છે. દવાઓથી કેટલું નુકસાન થાય છે તેની આપણને પૂરી ખબર પડતી નથી. પણ ઉપવાસથી નુકસાન થવાના ઘણા દાખલા ભાગ્યે જ આપી શકાશે. ઉપવાસ કરનારાઓની સ્ફૂર્તિ વધ્યાનો તો લગભગ સૌને જ અનુભવ છે, કારણ શરીર અને મનને સાચો આરામ ઉપવાસમાં જ મળી શકે છે. કેવળ કામ કરવાનું બંધ કરવાથી ભાગ્યે જ આરામ મળે છે, કારણ ઘણા દાખલાઓમાં તો પાચનતંત્રના ઉપર ખૂબ કામનો બોજો પડેલો હોવાથી તેને જ આરામ આપવાની જરૂર હોય છે.

ઉપવાસની નીતિ ઉપર ઘણી અસર થાય છે, પણ તે એટલી જ સહેલાઈથી સિદ્ધ નથી થઈ શકતી.[3] કારણ નીતિનાં પરિણામ આણવાને માટે મનનો પણ સહકાર જોઈએ. અને ઉપવાસમાં

૧. જુઓ પુસ્તક ૩૩, પા. ૨૩૩–૫. અને પુસ્તક ૩૪, પા. ૩૦૬–૮.

૨. અહીં આપ્યો નથી. પત્રલેખકે એમાં ઉપવાસના પોતાના પ્રયોગો વિશે જણાવ્યું હતું અને કહ્યું હતું કે એનાથી માત્ર શારીરિક સ્ફૂર્તિ રહે છે એટલું જ નહીં પણ આધ્યાત્મિક લાભ પણ થાય છે.

૩. પત્રલેખકે લખ્યું હતું: "મારી સામે જ્યારે નૈતિક કે બુદ્ધિની ગૂંચ આવે છે ત્યારે હું ઉપવાસ કરું છું. . . . એક વખત એક મુદ્રક સાથે મને મુશ્કેલી થઈ, બીજી વધારે નફાકારક વસ્તુ છાપવા માટે એણે મારા કામમાં વિલંબ કર્યો. ઉપવાસથી હું એનું મન ફેરવવામાં સફળ થયો. . . ."

Gandhi Heritage Portal

આત્મપ્રતારણાનો ભય રહે છે. ઘણા દાખલા હું જાણું છું કે જેમાં આત્મશુદ્ધિ અર્થે વધારે પડતા ઉપવાસ કરવામાં આવ્યા હતા. અમુક હદ સુધી એ બહુ કીમતી છે, જો ઉપવાસ કરનારને પોતાના કૃત્યનું બરાબર ભાન હોય. રમજાન મહિનાના રોજા ઉપરાંત પેગંબર સાહેબ વધારે ઉપવાસ કરતા તેનું અનુકરણ તેમના શિષ્યો કરતા. તેમને પેગંબર સાહેબે જે ચેતવણી આપી હતી તેમાં ઘણું વજૂદ હતું. પેગંબર સાહેબ તેમને કહેતા, 'હું તો ઉપવાસ કરું છું ત્યારે માલિક પૂરતો ખોરાક મારા આત્મા માટે મોકલે છે, તમને તેવો ખોરાક મળતો નથી.' શરીરના ઉપવાસ વધતા જાય, તેમ તેમ આહારને માટે લાલસા વધતી જતી હોય તો આત્મશુદ્ધિ અર્થે કરેલા ઉપવાસ શા અર્થના છે?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २९–३–१९२८

ભાષાંતર: नवजीवन, १–४–१९२८

## ૧૮૩. બે સુધારા

ચાલુ મહિનાની ૨૨મી તારીખના यंग इन्डियाना[1] પૃષ્ઠ ૯૩ ઉપર મિ. આયર્લૅન્ડના પત્રની પાદટીપમાં બે શોચનીય ભૂલો અજાણતાં રહી ગઈ છે. કૉલમની લગભગ વચ્ચે નીચે પ્રમાણે લખેલું છે:

"આપણને ન સમજાય તેવી લાખો રીતે ઈશ્વર પૃથ્વી ઉપર પહોંચી જાય છે." સ્ટેનોગ્રાફરે "આપણને (પંડ) શબ્દને બદલે 'પૃથ્વી' (earth) શબ્દ સાંભળ્યો અને આ ભૂલ થવા પામી. એટલે અર્થ પૃથ્વી ઉપર નહીં પણ આપણા સુધી થાય. આ પછીની છઠ્ઠી લીટી આ પ્રમાણે છે: "આપણે જોઈ શકીએ એવી અનેક વસ્તુઓની માફક એ છે." વગેરે. આ વાકચનો સંદર્ભ તપાસતાં સમજાશે કે "નથી" શબ્દ વાકચમાંથી દેખીતી રીતે છપાવો રહી ગયો છે. તે વાકચ આ પ્રમાણે વંચાવું જોઈએ: "વસ્તુઓની માફક એ નથી." વગેરે.

यंग इन्डिया, २९–३–१९२८

1. જુઓ "મતભેદ" ૨–૩–૧૯૨૮.

Gandhi Heritage Portal

# ૧૮૪. ઊર્મિલાદેવીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૩૦, ૧૯૨૮

વહાલાં બહેન,

તમારો પત્ર મળ્યો છે. તમને કોઈ ને કોઈ વિટંબણા હોય જ છે. પરંતુ તે બધીને આત્મશુદ્ધિના સાધન તરીકે ગણવી જોઈએ. ધીરેનની બાબતમાં કંઈ પણ સલાહ આપવાનું મુશ્કેલ છે.[1] આદર્શની દૃષ્ટિએ તેણે કારાવાસના કે હદપારીના કોઈ પણ હુકમને તાબે ન થવું જોઈએ અને તેમ કરતાં જે શિક્ષા કરવામાં આવે તે સ્વીકારવી જોઈએ. પણ એ વસ્તુ તેણે પોતે નક્કી કરવાની છે. હુકમનો તે અનાદર કરે એ પહેલાં, મારા ખ્યાલ મુજબ, અંતરથી તેને એમ લાગવું જોઈએ કે હુકમનો અનાદર કરવો એ ધર્મ છે અને એ અનાદરને માટે કારાવાસ વેઠવો એ કોઈ બોજો નહીં પણ આનંદનો વિષય છે. અને આવો આનંદ ફક્ત ત્યારે જ મળી શકે છે જ્યારે કોઈ એમ માને છે કે કારાવાસ માત્ર વ્યક્તિના જ નહીં પણ સમસ્ત રાષ્ટ્રના વિકાસમાં પણ સહાયભૂત થાય છે. છતાં આ કિસ્સામાં ખરેખર શું કરવું જોઈએ, તે હું વિશ્વાસપૂર્વક કહી શકતો નથી. હું જાણું છું એના કરતાં ધીરેનને તમે વધારે સારી રીતે જાણો છો. અને છેવટે તો તમે ધીરેન પાસે જે કરાવવા માગો છો તે જ ખાસ કરીને એ કરશે. તમારે પણ એ વાતનો વિચાર કરવો જ કે તમે તેના કારાવાસને અને યાતનાઓને ક્યાં સુધી સહન કરી શકશો. અને ત્યાર પછી જ કાંઈક નિર્ણય ઉપર આવવું જોઈએ. અલબત્ત, ધીરેન જો હદપારીના હુકમને તાબે થાય, તો તે આશ્રમમાં આવે એવો સંભવ છે, અને જો તેમ થશે તો તે એની ઇચ્છા હશે ત્યાં સુધી અહીં રહી શકશે.

સૂચિત મુલાકાત વિશે હજી કશું નક્કી કરવામાં આવ્યું નથી.

તમારો સહૃદયી

શ્રીમતી ઊર્મિલાદેવી
૪એ, નાફરકુંડુ રોડ
કાલીઘાટ, કલકત્તા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૨૬

૧. ઊર્મિલાદેવી લખે છે : "... ધીરેનની બાબતમાં પણ મુશ્કેલી ઊભી થઈ છે. સરકાર તેને બંગાળમાંથી હદપાર કરવા માગે છે. આ અણધારી આપત્તિ ટાળી શકાય એમ માનતી નથી. અલબત્ત, તે ઑર્ડર ઉપર સહી કરવાની ના પાડી શકે, પણ એમ કરવા જતાં એના ઉપર કેસ થાય અને એવું બને કે પરિણામે તેને ત્રણ વર્ષની સખત મજૂરી સાથેની જેલ મળે ..." (એસ. એન. ૧૩૧૨૬)

Gandhi Heritage Portal

## ૧૮૫. અખિલ હિંદ ચરખા સંઘના મંત્રીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૩૦, ૧૯૨૮

મંત્રી, અખિલ હિંદ ચરખા સંઘ
અમદાવાદ

મહેરબાન સાહેબ,

ચાલુ મહિનાની ૨૮મી તારીખના ક્રમાંક ૨૧૯૯ના ખાનગી એજન્સીઓ વિશેના તમારા પત્રના અનુસંધાનમાં લખવાનું કે આ બાબતમાં એકદમ અભિપ્રાય આપવો મુશ્કેલ છે. ખાનગી એજન્સીઓ ઉપર હજી પણ વધારે પ્રમાણમાં કાબૂ મેળવવો જોઈએ એમ હું માનું છું. એ વિશે કંઈ સલાહ આપું એ પહેલાં, તામિલનાડ એજન્સી પાસેથી ચોક્કસ સૂચનો મેળવવાં વધારે ઠીક થશે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૧૩૯

## ૧૮૬. શાંતિકુમાર મોરારજીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૩૦, ૧૯૨૮

પ્રિય ભાઈ શાંતિકુમાર,

તમારે બધી વધારાની નવી હકીકતો તેમ જ આંકડા મને મોકલવાનું ચાલુ રાખવું જ જોઈએ. થોડા દિવસ અગાઉ તમે મોકલેલું સંયુક્ત 'બૅલૅન્સ-શીટ' આ સાથે બીડું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૨૫ તથા સી. ડબલ્યુ. ૪૭૮૬; શ્રી શાંતિકુમાર મોરારજીના સૌજન્યથી

Gandhi Heritage Portal

# ૧૮૭. એન. આર. મલકાનીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ
સાબરમતી,
માર્ચ ૩૦, ૧૯૨૮

પ્રિય ભાઈ મલકાની,

તમારો પત્ર મને મળ્યો છે. તમારી જરૂરિયાતો, અને બીજી કોઈ પણ બાબત વિશે મને લખતાં તમારે અચકાવું ન જોઈએ. તમને સંતોષ આપવાને મારાથી બનશે તેટલું કરીશ. પણ સંભવ છે કે તમારે માથે મુસીબતોનો સામનો કરવાનું આવી પડે. રાષ્ટ્રીય સેવકના ભાગ્યમાં ગૃહકંકાસ પણ ઘણી વખત લખાયેલો હોય છે.

ઠક્કરબાપા તમારા પગાર બાબતમાં સર પુરુષોત્તમદાસને મળ્યા હતા અને સર પુરુષોત્તમદાસ, તમે મધ્યસ્થ સમિતિમાંથી પગાર લો એને સ્વાભાવિક ગણે છે અને રૂપિયા ૧૫૦ તદ્દન વાજબી ગણે છે. હવે મારે તેમને રૂપિયા ૨૦૦ માટે લખવું પડશે. એ બાબતમાં કશી મુશ્કેલી ઊભી થવાનો સંભવ હું જોતો નથી.

જેઠાલાલ કે પરીક્ષિતલાલને ફાજલ પાડી શકાશે કે નહીં તે શોધી કાઢવાનો હું પ્રયત્ન કરું છું. કલ્યાણજી કે નરહરિભાઈને ફાજલ પાડવા અશક્ય છે. નરહરિએ પોતે પોતાના કામની યોજના આંકી લીધી છે અને કલ્યાણજીએ તો બારડોલીમાં જ દટાઈ રહેવું જોઈએ. પણ મારી પાસે હાલમાં આવા કામને માટે એક શક્તિશાળી વેપારી ફાજલ છે. તે છે જયસુખલાલ ગાંધી. તે અમરેલી ખાદી કાર્યાલયની જવાબદારી સંભાળતા હતા. તેની હમણાં પુનર્વ્યવસ્થા થઈ રહી છે અને જયસુખલાલ મુક્ત કરાઈ રહ્યા છે. પ્રત્યુત્તરમાં તમારો કાગળ બરોબર સમયસર આવ્યો છે, જેથી તેમને છૂટા રાખી શકાશે. પરંતુ અમરેલીના મુખ્ય કાર્યાલયને સમેટી લેવા અને ત્યાંનો બધો માલ અહીં મોકલવા માટે એમને અમરેલી મોકલવાની જરૂર છે. આ કામમાં એકાદ પખવાડિયું વીતી જવા સંભવ છે. આ કામ કરવા તેઓ તૈયાર છે કે કેમ એ બાબતમાં મેં હમણાં જ તેમની સાથે વાતચીત કરી છે. અમરેલીનું કાર્ય સમેટી લેવા હું તેમને સીધા ત્યાં જવા દઉં એ શરતે તેઓ તૈયાર થયા છે. આજે મેં તમને એક તાર[1] કર્યો છે. જો તમારો જવાબ મને તરત નહીં મળે તો તમારો છેવટનો જવાબ મળ્યા પછી તમારે એક પખવાડિયું રાહ જોવી પડશે.

તમારો સહૃદયી
બાપુ

શ્રીયુત એન. આર. મલકાની
પીપલ્સ પૂર રાહત સમિતિ
હૈદરાબાદ (સિંધ)

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૯૫૧

૧. આ તાર મળતો નથી.

Gandhi Heritage Portal

## ૧૮૮. મ્યુરિયલ લેસ્ટરને પત્ર

માર્ચ ૩૦, ૧૯૨૮

તમારા કેબલનો જવાબ મેં આપ્યો છે. હજી સુધી કોઈ બાબત નક્કી નથી. મારે શું કરવું એ વિશે મેં હજી કોઈ સ્પષ્ટ નિર્ણય કર્યો નથી. હમણાં હું મશ્યર રોમાં રોલાં સાથે પત્રવ્યવહાર કરી રહ્યો છું. કંઈક નિર્ણય ઉપર આવવામાં તેમનો છેવટનો પ્રત્યુત્તર મને મદદરૂપ થશે. જો યુરોપની મુલાકાત નક્કી થશે અને હું સમયસર ત્યાં પહોંચી શકીશ, તો હું ખુશીથી ઉદ્‌ઘાટન-ક્રિયા[1] કરીશ. હું જોઈ શકું છું ત્યાં સુધી હું સમયસર પહોંચી શકું એમ નથી. જો કંઈ પણ નક્કી થશે, તોપણ મે મહિના પહેલાં તો હિંદ છોડવાનો પ્રસંગ ઉપસ્થિત નહીં જ થાય. તેથી તમે આ બાબતમાં બીજી કંઈ ગોઠવણ કરો એમ હું સૂચવું છું.

અલબત્ત, તમારી સાથે રહેવાની બાબતમાં તો જો તમે મને અને મારા સાથીઓને આશ્રય આપી શકો તો એમ કરવું મને ગમશે. કારણ કે હું જો આવીશ તોપણ એકલો તો નહીં જ હોઉં.

તમારો સહૃદયી

મિસ મ્યુરિયલ લેસ્ટર
કિંગ્સલે હૉલ
પોવિસ રોડ
બો
લંડન, પૂ. ૩

[મૂળ અંગ્રેજી]
છબી પરથી એસ. એન. ૧૪૯૪૯

## ૧૮૯. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
રામનવમી, [માર્ચ ૩૦, ૧૯૨૮][2]

ભાઈ ઘનશ્યામદાસજી,

તમારો પત્ર મળ્યો છે. યુરોપ જવા વિશે હજી હું નિર્ણય કરી શક્યો નથી. જવાનું મન થતું નથી. તેની પાછળ રોમાં રોલાંને મળવાની ઇચ્છા તો છે જ. પરંતુ એ બાબતમાં એમના પત્રની હું રાહ જોઉં છું. એક કાગળ આવ્યો છે, પણ તેનાથી જવાનો નિશ્ચય થતો નથી. કોઈ પણ હિસાબે મારે જવાનું થશે જ તો તે મે મહિનામાં થશે અને ઑક્ટોબરમાં હું પાછો આવી જઈશ. થોડા દિવસ પણ હું તમારી સાથે મસૂરીમાં રહી શકું તો તે માટે હું પ્રયત્ન કરીશ. ૧૩ એપ્રિલ[3] સુધી હું અહીં રહેવા માગું છું.

૧. જુલાઈની ૭મીએ હાથઉદ્યોગની વસ્તુઓના એક સ્થાનની.
૨. પત્રની વિગત પરથી સ્પષ્ટ લાગે છે કે તે ૧૯૨૮માં લખાયો છે.
૩. રાષ્ટ્રીય સપ્તાહનો છેલ્લો દિવસ.



Gandhi Heritage Portal

પરદેશી કાપડના બહિષ્કાર[1] બાબતમાં મિલોના જે સહકાર વિશે મેં લખ્યું તે વિશે તમારો અભિપ્રાય મને જણાવશો.

તમારી તંદુરસ્તી વિશે મને વિગતવાર લખશો. હવે તમે કાંઈ ખાઈ શકો છો કે?

તમારો

**મોહનદાસ**

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી; સી. ડબલ્યુ. ૬૧૫૫; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

## ૧૯૦. તારનારો રામ

માર્ચ ૩૦, ૧૯૨૮

આપણે જે રામના ગુણ ગાવા છે તે રામ વાલ્મીકિના રામ નહીં, તુલસીરામાયણના રામ પણ નહીં, — જોકે તુલસીરામાયણ મને અત્યંત પ્રિય છે અને એને હું અદ્વિતીય ગ્રંથ માનું છું, એ વાંચવા માંડું ત્યારે વાંચતાં ધરાતો નથી; તોપણ આપણે આજે તુલસીદાસના રામનું સ્મરણ નથી કરવાનું કે નથી ગિરધરકૃત રામાયણના રામનું; તો પછી કાલિદાસના કે ભવભૂતિના રામનું તો શાને જ? ભવભૂતિના उत्तररामचरितમાં બહુ સૌંદર્ય છે, પણ એમાં એ રામ નથી કે જેનું નામ લઈને આપણે તરી શકીએ, અથવા જેનું નામ દુ:ખને વખતે લીધા કરીએ. અસહ્ય વેદનાથી પીડાતાને હું કહું છું કે 'લો રામનામ', ઊંઘ ન આવતી હોય તોપણ કહું કે 'લો રામનામ', એ રામ તે કોઈ દશરથના કુંવર કે સીતાના પતિ રામ નહીં. એ દેહધારી રામ જ નહીં. જે આપણા હૃદયમાં વસે છે તે રામ દેહધારી હોય જ નહીં. અંગૂઠા જેવડી વસ્તુ હૃદય અને તેના પણ કોઈ ઊંડાણમાં જે રામ સમાયો છે તે રામ દેહધારી હોય એમ બને નહીં, અથવા તો તે કોઈ વર્ષના ચૈત્ર માસની નવમીએ જન્મ્યા એમ ન જ હોય. એ તો અજન્મ છે. એ તો પૃથ્વીને પેદા કરનાર છે, સંસારનો સ્વામી છે. એટલે જે રામનું આપણે સ્મરણ કરવા ઇચ્છીએ છીએ અને જેનું સ્મરણ કરવું જોઈએ એ રામ આપણી કલ્પનાના રામ, બીજાની કલ્પનાના રામ નહીં.

આટલું યાદ રાખીએ તો આપણને અનેક પ્રશ્નો ઊઠયા કરે છે તે ન ઊઠે. ઘણી વાર પ્રશ્ન થાય કે વાલિનો વધ કરનાર રામ તે પૂર્ણ પુરુષ કેમ હશે? મારી પાસે પણ આવા આવા અનેક પ્રશ્નો આવે છે, એટલે હું મનમાં હસું છું. જેણે છળથી કે સીધી રીતે કોઈનો વધ કર્યો હોય, અથવા દેહધારી કોઈ દશ મસ્તકનો રાવણ હોય તેનો નાશ કર્યો હોય તેણે તેમાં શું ભારે કામ કર્યું? આજનો જમાનો તો એવો છે કે વીશ ભુજાવાળો જ નહીં, પણ અસંખ્ય ભુજાવાળો કોઈ રાવણ પેદા થાય તો તેના ઉપર પણ તોપની પાછળ ઊભેલો એક બાળક એક જ ગોળો વછોડીને તેની ભુજા ને માથાં ઉડાવી દે. તેને આપણે અલૌકિક બાળક નહીં ગણીએ, એને આપણે મોટો રાક્ષસ માનીએ. હું માનું છું કે રાક્ષસના મોટાભાઈ જેવી શક્તિ આપણે નથી મેળવવા ઇચ્છતા. તેની પૂજા કરીને આપણે શાંતિ ન અનુભવીએ. આપણે પૂજા કરીએ

૧. જુઓ : "આપણી મિલો શું કરી શકે?" ૧૫-૩-૧૯૨૮.

Gandhi Heritage Portal

અંતર્યામીની, એ અંતર્યામી જે સૌના અંતરમાં છે, છતાં સૌથી જુદા છે અને સૌના સ્વામી છે. એને જ વિશે આજે આપણે ગાયું કે 'નિર્બલ કે બલ રામ.' એમાં તો 'દ્રુપદસુતા નિર્બલ ભઈ'ની પણ વાત આવી! હવે દ્રૌપદી અને દેહધારી રામનો ક્યાં મેળ ખાય? છતાં દ્રૌપદીની લાજ રામે રાખી એમ કવિએ ગાયું. એમાં તો એ રામ છે જે બધાને સામાન્ય છે, છતાં જેને કોઈ ઓળખી નથી શકતા. તે રામનું આપણે સ્મરણ કરીએ છીએ. આ અંતર્યામી રામ અને કૃષ્ણમાં ભેદ નથી.

રામનવમીનું પર્વ એટલા માટે યોજ્યું કે એ નિમિત્તે આપણે કાંઈ સંયમ પાળીએ, બાળકો કાંઈક નિર્દોષ આનંદ લે, રામાયણ વાંચીને કંઈક બોધ મેળવે. દેહધારી મનુષ્ય પરમેશ્વરને બીજી રીતે ઝટ નથી ઓળખી શકતો. એની કલ્પના વધારે દૂર દોડી નથી શકતી એટલે એ માને છે કે પરમેશ્વર મનુષ્યરૂપે અવતર્યો. હિંદુ ધર્મમાં ઉદારતાનો પાર નથી એટલે ઈશ્વરને માછલી-રૂપે, વરાહરૂપે અને નરસિંહરૂપે અવતરતો વર્ણવ્યો છે.

આમ મનુષ્યે દેહાધ્યાસથી ઈશ્વરને દેહધારી કલ્પ્યો છે, અને જ્યારેત્યારે તેને અવતાર લેતો કલ્પ્યો છે. ધર્મની ગ્લાનિ થાય અને અધર્મ ફાટી નીકળે ત્યારે ધર્મનું રક્ષણ કરવા માટે એ અવતરે છે એમ કહ્યું એ વાત પણ મેં કહ્યું તે રીતે અને તેટલે અંશે સાચી છે. નહીં તો અજન્મને અવતરવાનું શું? કોઈ પણ ઐતિહાસિક પુરુષ ઈશ્વરરૂપે અથવા ઐતિહાસિક ઈશ્વર પુરુષાદિરૂપે અવતર્યો એમ માનવાનું કારણ નથી. ઈશ્વરના બધા ગુણ કોઈ મનુષ્યમાં ઊતરે તો તે ઈશ્વરરૂપે અવતર્યા એમ કહેવાય. જે જે મહાપુરુષો થઈ ગયા તેમના ગુણો જોઈને તેમને મનુષ્યોએ સંપૂર્ણ કે અંશ-અવતાર કલ્પ્યા. અને આમ જાણતાં છતાં, વાલ્મીકિ કે તુલસીદાસના રામને નિમિત્તે જુદા જુદા ઉપાસકોએ પોતાના એ જ ઈશ્વરને વર્ણવ્યો છે, તે ભજનો ગાવામાં કાંઈ દોષ નથી. પણ મેં જે વાત તમને પ્રથમ કહી સંભળાવી તે સદા યાદ રાખીએ તો આપણે ભ્રમજાળમાં પડવાનું ન રહે. આપણને કોઈ કોયડા મૂકી ગૂંચવવા ઇચ્છે તો તેને કહીએ કે અમે કોઈના દેહધારી રામને નથી પૂજતા, અમે તો અમારા નિરંજન નિરાકાર રામને પૂજીએ છીએ, એને સીધા નથી પહોંચી શકતા એટલે જેમાં ઈશ્વરને મૂર્તિમંત કલ્પ્યો છે તે ભજનો ગાઈએ છીએ અને નિરંજનને પહોંચવાનો પ્રયત્ન કરીએ છીએ.

આપણે દેહરૂપી દીવાલની પાર ન જોઈ શકીએ ત્યાં સુધી સત્ય અને અહિંસાના ગુણ આપણામાં પૂર્ણપણે નથી પ્રગટી શકવાના. જ્યારે સત્યના પાલનનો વિચાર કરીએ ત્યારે દેહા-ધ્યાસ તજવો જ જોઈએ, કારણ સત્યના પાલન માટે મરવું જોઈએ. તેમ જ અહિંસાનું. દેહ એ તો અભિમાનનું મૂળ છે. દેહને વિશે જેને રાગ રહેલો છે તે અભિમાનથી મુક્ત ન થઈ શકે. આ દેહ મારો છે એમ જ્યાં લગી મને છે ત્યાં લગી હું સર્વથા હિંસામુક્ત તો થતો જ નથી. ઈશ્વરને જોવાની જેની અભિલાષા છે તેણે દેહની પાર જવું પડશે, પોતાના દેહનો તિર-સ્કાર કરવો પડશે, મોતની ભેટ કરવી પડશે.

આ બે ગુણો સાંપડે તો જ આપણે તરી જઈએ, તો જ બ્રહ્મચર્યાદિનું પાલન કરી શકીએ. એ પાલન કરવા ઇચ્છીએ તો સત્ય વિના કેમ ચાલે? સત્યનું મુખ તો સુવર્ણમય પાત્રથી ઢાંકેલું છે. સત્ય બોલવાનો, આચરવાનો ડર શાનો હોય? અસત્યરૂપી ઝગઝગતું ઢાંકણ દૂર ન કરીએ ત્યાં લગી સત્યની ઝાંખી કેમ થાય? કોઈ ગુનો કરે તેના ઉપર રોષ કરવાને બદલે તેના ઉપર પ્રેમ કરવો આપણને ગમે છે ખરો? સંસાર અસાર છે એમ ગાઈએ છીએ છતાં અસારને સમજીએ છીએ ખરા?

Gandhi Heritage Portal

રામ તો કહે છે કે મારો ભેટો કરવો હોય તો આ સંસારમાંથી ભાગજો. પણ શરીરને ભગાડયે ભગાતું નથી. અસારતાની વૃત્તિ કેળવી કર્તવ્યરૂપે ચોવીસ કલાક કામ કરતાં છતાં આપણે રામને મળી શકીએ છીએ. એ જ વસ્તુ ગીતાજી શીખવે છે. ગીતાને હું તેથી જ આધ્યાત્મિક શબ્દકોશ માનું છું. તુલસીદાસે તે જ વસ્તુ આપણને સુંદર કાવ્યરૂપે શીખવી છે.

પણ ચાવી મેં જે આપી છે તે જ છે અને તે એ કે આપણી કલ્પનાનો રામ જ આપણને તારનારો છે. આપણે સહુ તુલસીદાસની જેમ તેનું સુંદર કાવ્ય ન રચી શકીએ, પણ જીવનમાં ઈશ્વરને ઉતારીને તેને કાવ્યમય કરી શકીએ.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ૧-૪-૧૯૨૮

## ૧૯૧. અમદાવાદની મજૂર શાળાનાં બાળકો અને શિક્ષકોના મેળાવડામાં ભાષણ[1]

માર્ચ ૩૧, ૧૯૨૮

પૂજ્ય અનસૂયાબહેન, બાળકો, ભાઈઓ અને બહેનો,

બાળકોની સાથે મળવાનો મેં કોઈ પણ વખત ધારેલો હોય તે જ વખતે મળવાનો હું પ્રયાસ કરું છું, તે છતાં કોઈ વેળાએ એ વખત સાચવી શકાતો નથી. તેમ આજે થઈ ગયું છે. તમારા આ લખાણમાં જ મારી તબિયત વિશે ઉલ્લેખ છે, અને તે જ કારણે આજે વખત સાચવી શકયો નથી. મોડા થવા બદલ મારે માફી માગવી જોઈએ.

તમને બાળકોને જોઈ મને અત્યંત આનંદ થાય છે. મેં ગઈ સાલ કેટલુંક તમને કહ્યું હતું તેની નોંધ લેવાઈ છે અને તે સૂચનાઓ ઉપર ધ્યાન અપાયું છે એ જાણી રાજી થાઉં છું.

### બહારની અને અંદરની સ્વચ્છતા

સ્વચ્છતા તરફ મારી આંખ અત્યંત ઝીણવટથી જાય છે. મારી આંખનું જેટલું તેજ હતું એટલું નથી છતાં હું જોઈ શકું છું કે જેટલી સ્વચ્છતા જોઈએ એટલી સ્વચ્છતા હજી બાળકોમાં આવી નથી.

ખાદી પહેરવાનો અર્થ જ એ છે કે આપણે બહારથી ખૂબ સ્વચ્છ રહેવું અને આપણી આ બહારની સ્વચ્છતા અંતરની સ્વચ્છતાની નિશાની હોય.

### ટિળક સ્વરાજ ફંડના પૈસા

અત્યારે જે અહેવાલ વાંચવામાં આવ્યો છે તેમાં જણાવવામાં આવ્યું છે કે નિશાળોની માગણી વધતી જાય છે. એ સારી સ્થિતિ છે, પરંતુ અહેવાલમાં એક ખેદની વાતનો ઉલ્લેખ નથી. મિલમાલિક મંડળ પાસેથી ટિળક સ્વરાજ ફંડમાંથી તમને મળતા પૈસાની બાબતમાં જેટલી

૧. અમદાવાદના મજૂર મહાજન સંઘ તરફથી યોજાયેલ આ મેળાવડો મ્યુનિસિપલ હૉલમાં મળ્યો હતો. જેમાં ૭૦૦ બાળકોએ તકલી ઉપર કાંતણ કર્યું. અંગ્રેજીમાં આ ભાષણનો ટૂંક હેવાલ હિન્દુમાંથી લીધો છે, પણ ગુજરાતીમાં મૂળ ભાષણ મળતું હોવાથી તે અહીં આપ્યું છે.

Gandhi Heritage Portal

ઉદારતા રાખી શકાય એટલી ઉદારતા મિલમાલિકો તરફથી બતાવવામાં નથી આવતી. તમને આ ફંડના જેટલા પૈસા મળવા જોઈએ તે જોખમમાં આવી પડ્યા છે એવો મને ભાસ થાય છે. એ સંબંધી હું વાટાઘાટ કરી રહ્યો છું. હું આગેવાન માલિકોને વીનવી રહ્યો છું કે ટિળક સ્વરાજ ફંડમાં જે પૈસા ભરવામાં આવ્યા હતા તે પૈસા ઉપયોગ કરવા તમને બિનશરતે મળવા જોઈએ. 'બિનશરતે' એનો અર્થ એ કે તમારી નિશાળોનો વહીવટ ચાલતો હોય તેમાં પડ્યા વગર અને એ સંબંધી કોઈ પણ શરતો કર્યા વગર એ પૈસા મળવા જોઈએ.

## 'એને ચલાવનારો ઈશ્વર'

એ પૈસા વીનવતાં મળે તો લેવા, પરંતુ આપણે મનમાં તો આગ્રહ જ રાખવો કે નિશાળો પડી ભાગવાની નથી. એને ચલાવનારો ઈશ્વર છે. બાળકો સમજે કે આપણને ભણાવનાર ઈશ્વર છે. શ્રી અનસૂયાબહેન અને તેમની સાથે કામ કરતા શિક્ષકો એમ માને કે આપણે તો નિમિત્ત માત્ર છીએ. એની ઈચ્છા ન હોય તો તમે ભણી ન શકો. માટે આપણે ઈશ્વર ઉપર વિશ્વાસ રાખીને કામ લઈએ. ટિળક સ્વરાજ ફંડમાંથી પૈસા નહીં મળે તો બીજા હર કોઈ પાસેથી લાવીશું, જાહેર પ્રજા પાસેથી મેળવીશું, પરંતુ શાળાઓ તો ચાલશે જ એવી મારી આશા છે.

## શિક્ષકોને —

મેં ગઈ સાલ શિક્ષકોને કેટલીક સૂચનાઓ આપી હતી. આ સાલ વળી એક બીજી સૂચના કરું છું.

શિક્ષકો ચોપડીઓના મોહને છોડી દે. બાળકોને શીખવવા ચોપડીઓનો ઉપયોગ છોડી દે. ચોપડીઓ મારફતે શિક્ષણ આપવાથી નકામો પૈસાનો વ્યય થાય છે, છોકરાઓની આંખ પણ બગડે છે અને બુદ્ધિ પણ બગડે છે એ વિચિત્ર વાત છે. પણ હું અનુભવી છું. મેં ૨૦-૨૫ વર્ષના યુવાનો અને યુવતીઓને જોયાં છે જેઓ વાંચ્યા જ કરે છે પણ જેમને એના અર્થની સમજ ન પડે.

## ઈન્દ્રિયોની કેળવણી

અર્થની સમજ પડે તે માટે વિદ્યાર્થીને સાંભળવાની જરૂર પડે છે. મેં વાંચેલું તો નથી પણ મને કહેવામાં આવ્યું છે કે રશિયામાં સેંકડો નિશાળો છે. ત્યાં મજૂર છોકરાઓને મફત શિક્ષણ અપાય છે. એ શિક્ષણ કાન મારફતે અપાય છે, આંખ મારફતે અપાય છે, નાક મારફતે અપાય છે. નાકની મારફતે પણ શીખવી શકાય. સુગંધ અને દુર્ગંધની સમજ ઘ્રાણેન્દ્રિયની કેળવણીથી આવે. સ્પર્શેન્દ્રિયથી પણ કેળવણી અપાય. ટૂંકમાં, એ લોકો ઈન્દ્રિયોનો સદુપયોગ શીખવી રહ્યા છે.

આપણી નાકની ઈન્દ્રિયને કેળવણી મળી હોય અને કોઈ શેરીમાં ગંદવાડ હોય તો તરત જ આપણે તે સાફ કરી નાખવા પ્રેરાઈએ. આપણા શહેરીઓ, આપણા વડીલો સાફ ન કરતા હોય તો આપણે કરી દઈએ.

આજે તમારી આંખમાં સમજનો અભાવ હું જોઉં છું, તે શિક્ષણ આ રીતે આપવામાં આવ્યું હોય તો હું ન જોઉં. એટલે હું કહું છું કે ચોપડીઓમાંથી જે શીખવાનું છે તે પૂરતું નથી.

આખું વરસ વંચાવીને રામાયણ ન શીખવાય તો બાળકોને હસાવતાં હસાવતાં સાત દિવસમાં કાન મારફતે શીખવી શકાય. આંખનો ઉપયોગ ચિત્રકામ માટે છે. તમે બાળકો ઈન્દ્રિયો મારફતે

Gandhi Heritage Portal

ઝપાટાબંધ કેળવણી લઈ શકો એમ હું માનનારો છું. આટલા બધા છોકરાઓ મારફતે બની શકે તો આપણે આદર્શ શિક્ષણ શું છે તે બતાવી શકીએ.

પછીથી તમારે ત્યાંના શિક્ષણથી લોભાઈ મોટા માણસોના છોકરા તમારી શાળાઓમાં આવતા થશે.

મજૂરોના અને મોટા ગણાતાઓના છોકરા સાથે બેસી કેમ ભણી ન શકે, એમાં કેમ વિભાગ હોઈ શકે તેની મને ખબર પડી નથી. પણ આજે તો આ વિભાગો છે એ કબૂલ કરવું જોઈએ.

**બાળકોને —**

બાળકોને ઉદ્દેશીને ગાંધીજીએ કહ્યું :

બાળકો, તમે અહીં જે ભણી રહ્યાં છો એ સાર્થક કરવું હોય તો એક વસ્તુ તમે ન ભૂલશો, તમે સાચને ન છોડશો. તમારા શિક્ષકોને, બાપને દગો ન દેજો. બાકીના દોષો તમારામાં હશે તો તે કાઢતાં જરાય અડચણ આવવાની નથી. સત્યનો પાયો નહીં હોય તો ગમે તેટલો શિક્ષણનો ઓપ તમે ચડાવ્યો હશે તોય તે નકામો છે, નિર્જીવ છે એ નક્કી સમજજો.

[મૂળ ગુજરાતી]

મજૂર સંદેશ, ૯–૪–૧૯૨૮

## ૧૯૨. સુભાષચંદ્ર બોઝને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૩૧, ૧૯૨૮

પ્રિય ભાઈ,

ઘણા લાંબા સમયથી તમને થોડા શબ્દો લખવાની ઇચ્છા હતી. મને એમ કહેવામાં આવ્યું કે હું તમને મદ્રાસમાં મળી શકીશ પણ તેમ બની શક્યું નથી.

તમે મને કૃપા કરીને સમજાવશો કે શા માટે તમે બધા વિદેશી માલના બહિષ્કારને બદલે બ્રિટિશ માલના અને મુખ્યત્વે બ્રિટિશ કાપડના જ બહિષ્કારની હાકલને પસંદગી આપી છે? અને બ્રિટિશ માલનો બહિષ્કાર પણ કેવળ સમાધાન થાય ત્યાં સુધી જ ચાલુ રાખવાનું પસંદ કરો છો?

હું આશા રાખું છું કે તમારી તબિયત પાછી પહેલાં હતી એવી થઈ ગઈ હશે.

તમારો સહૃદયી

શ્રીયુત સુભાષચંદ્ર બોઝ
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૪૩

Gandhi Heritage Portal

# ૧૯૩. શાંતિકુમાર મોરારજીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૩૧, ૧૯૨૮

પ્રિય ભાઈ શાંતિકુમાર,

તમારો પત્ર મને મળ્યો છે. મારા વિચાર પ્રમાણે મિલમાલિકોએ નીચેની શરતો સાથે સંમત થવું જોઈએ :

(૧) બધાં હિતોનું પ્રતિનિધિત્વ ધરાવતી ખાસ સમિતિ દ્વારા જ ભાવોનું નિયમન કરવું જોઈએ.

(૨) ગુણવત્તા અને જથ્થાની બંને દૃષ્ટિએ ઉત્પાદનનું નિયમન પણ આ સમિતિએ જ કરવું જોઈએ.

(૩) મિલોએ ખાદીના નામ હેઠળ કોઈ પણ પ્રકારના કાપડનું વેચાણ બંધ કરવું જોઈએ અને આ શરતોનો સ્વીકાર થયાની તારીખ પછી વધારેમાં વધારે ત્રણ મહિનાની મુદતની અંદર, ખાદી સાથે સ્પર્ધા કરે એવું કોઈ પણ પ્રકારનું કાપડ ઉત્પન્ન કરવાનું બંધ કરવું જોઈએ અને આ હેતુ માટે મિલોએ કયું કાપડ ઉત્પન્ન ન કરવું એનો નિર્ણય આ સમિતિ વખતોવખત કરતી રહેશે.

(૪) મિલો માત્ર મિલકાપડના વેચાણની જ વ્યવસ્થા કરશે એટલું જ નહીં, પણ આ રીતે ઊભી કરેલી એજન્સીઓ દ્વારા તેઓ ખાદીનું વેચાણ પણ કરશે.

(૫) મિલોએ કોઈ પણ પ્રકારનું પરદેશી સૂતર, પરદેશી રેશમ, પરદેશી ઊન કે બનાવટી રેશમનો ઉપયોગ કરવો નહીં.

(૬) મિલોએ પરદેશી કાપડના બહિષ્કારની હિલચાલ સાથે પૂરા દિલથી તદ્રૂપતા અનુભવવી જોઈએ; અને આ હેતુ લક્ષમાં રાખીને તેઓ પોતાની બધી શક્તિનો ઉપયોગ, કાપડના વેપારીઓ ઉપર, બીજા દલાલો ઉપર તેમ જ શક્ય હોય ત્યાં સુધી બજાર ઉપર કાબૂ મેળવવામાં કરવો જોઈએ.

(૭) મિલો સાથે જો કોઈ પણ પ્રકારની સ્પષ્ટ સમજૂતી થાય, તો ખાદી ભંડારો પણ સ્વાભાવિક રીતે જ આ સમિતિએ નક્કી કરેલી શરતો મુજબ મિલનું કાપડ વેચનાર એજન્સી બની જશે.

(૮) આ કાર્યના પ્રચાર માટે વારંવાર જે ભંડોળની જરૂર પડે તે ભંડોળ મિલોએ ઉક્ત સમિતિને સોંપવું જોઈએ. મારા અભિપ્રાય મુજબ આ ભંડોળ એક લાખ રૂપિયા કરતાં વધવું ન જોઈએ.

આ કાગળ ઉતાવળથી લખાવી રહ્યો છું. અને તેથી જો તેમાં ક્યાંય ક્ષતિ હોય, તો યંગ ઇન્ડિયાના[1] બે અંકોમાં બતાવેલી શરતો એમાં ઉમેરી લેજો. આ પત્ર કોઈ પણ હિસાબે તમે

૧. જુઓ "આપણી મિલો શું કરી શકે ?", ૧૫-૩-૧૯૨૮ અને "પરદેશી માલનો બહિષ્કાર — કેટલાક પ્રશ્નો", ૨૨-૩-૧૯૨૮.

Gandhi Heritage Portal

પ્રસિદ્ધ કરશો નહીં. અને તમે કૃપા કરીને ધ્યાનમાં રાખશો કે આ કેવળ મારા વ્યક્તિગત વિચારો જ છે; અને જો આ વાતચીતમાંથી કશુંક તાત્ત્વિક પરિણામ નીપજશે, તો લાગતા-વળગતા સૌની એક ઔપચારિક સભા યોજવી જ પડશે.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

શ્રીયુત શાંતિકુમાર
મુંબઈ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : સી. ડબલ્યુ. ૪૭૮૭ : શ્રી શાંતિકુમાર મોરારજીના સૌજન્યથી

## ૧૯૪. રાય હરેન્દ્રનાથને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૩૧, ૧૯૨૮

ભાઈશ્રી,

મને તમારો માયાળુ તાર મળ્યો છે. હું પરિષદમાં હાજરી આપી નહીં શકું તે માટે ખૂબ જ દિલગીર છું. તેમ છતાં તમને સૌને સફળતા ઇચ્છું છું. અને આશા રાખું છું કે પરિષદ કરોડો મૂંગાં દેશવાસીઓની પ્રતિનિધિરૂપ ખાદીને નહીં ભૂલે.

તમારો સહૃદયી

શ્રીયુત રાય હરેન્દ્રનાથ
અધ્યક્ષ, સ્વાગત સમિતિ
બંગાળ પ્રાંતીય પરિષદ
ચાંદરી, કલકત્તા

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૧૪૨

Gandhi Heritage Portal

# ૧૯૫. સત્યાગ્રહીઓ સંભાળજો

જનરલ ડાયરને જ્યારે માજી હંટર કમિટીના એક સભ્યે જલિયાંવાલાની કતલ બાબત સૂચક પ્રશ્ન પૂછ્યો, 'તમારો વિચાર નાદીરશાહી ચલાવી લોકોનાં મનમાં સરકારનો રુઆબ પેદા કરવાનો હતો?' ત્યારે તેણે તે સૂચનાનો ઉત્સાહપૂર્વક સ્વીકાર કરી, 'હા' કહી હતી. પણ નાદીરશાહીનો આરંભ કંઈ જનરલ ડાયરથી નહોતો થયો. એ તો હિંદી નોકરશાહીનો પરંપરાનો વારસો ને ઇજારો છે. પણ આ નાદીરશાહીને જનરલ ડાયરે પ્રખ્યાતિ આપી એમ કહી શકાય. તેથી આપણે તેને ડાયરશાહીને નામે પણ ઓળખીએ છીએ. ડાયરશાહીની નીતિ ઉપર નોકરશાહીની હસ્તી નિર્ભર છે તેથી પ્રસંગ આવ્યે નોકરશાહી તેનો આશ્રય લેતાં ચૂકતી નથી. તેને મન બારડોલીમાં આ પ્રસંગ આવી પહોંચ્યો જણાય છે. તેથી બીકણ ને પોચા ગણાતા વાણિયા સત્યાગ્રહીઓની ઉપર નાદીરશાહીનો આરંભ થયો છે એમ કહેવાય. આઠ વણિક સત્યાગ્રહીઓ ઉપર નોટિસ પહોંચી છે કે જો તેઓ ૧૨મી એપ્રિલ પહેલાં તેમની નોટિસોમાં જણાવેલી જમીનનું મહેસૂલ નહીં ભરી જાય તો તે બધી જમીન ખાલસા થશે. એક વણિક ગૃહસ્થની ઉપર નોટિસમાં ૧૬૦ રૂપિયાના આકારની જમીન બતાવી છે. સરકાર રૂ. ૧૬૦ની જપ્તી લાવત તો આપણને કદાચ બહુ દોષ કાઢવાપણું ન હોત, પણ રૂ. ૧૬૦ને સારુ હજારો રૂપિયાની કિંમતની જમીન ખાલસા કરવી એટલે જ નાદીરશાહી. આ રાજનીતિમાં અમુક પ્રસંગોમાં તમાચાનો ઉત્તર તમાચો નહીં પણ ફાંસી હોય છે. એક રૂપિયાના લેણાને પેટે એક હજાર લેનારને આપણે જાલિમ કહીએ, તેને દશ માથાવાળો રાવણ કહીએ.

આગળબુદ્ધિ ગણાતા વાણિયા આનો જવાબ છેવટે શો આપશે? પોતાની ભીરુતા સિદ્ધ કરી બતાવશે કે સત્યાગ્રહી સેનામાં જોડાયાની યોગ્યતા સિદ્ધ કરી બતાવશે?

વલ્લભભાઈએ એક વાર નહીં પણ અનેક વાર ચેતવણી આપી છે કે સરકારે જમીન ખાલસા કરવાના, જેલમાં મોકલવા વગેરેના અધિકાર કાયદા વડે લઈ રાખ્યા છે, અને એ અધિકારોનો અમલ કરતાં તે મુદ્દલ અચકાય એવી નથી એમ તેણે અનેક વેળા સિદ્ધ કરી આપ્યું છે. એટલે ખાલસાની નોટિસથી તેણે કે બીજા કોઈએ હેબતાઈ જવાનું નથી. તેમણે વિશ્વાસ રાખવાનો છે કે ખાલસા થયેલી જમીન સરકારને નથી પચવાની કે નથી તે જમીન લિલાઉ વેચાણમાં લેનાર કોઈ દ્રોહી નીકળી પડે તો તેની થવાની. આમ લૂંટેલી જમીન કાચો પારો છે ને તે ફૂટી નીકળ્યા વિના ન જ રહે.

પોતાની ટેકના કરતાં કે આબરૂના કરતાં જમીન વધારે નથી. જમીન નથી તેવા અસંખ્ય મનુષ્યો આ દેશમાં પડયા છે. જમીનવાળાની જમીન ગઈ રેલમાં ઘસાઈ ગઈ ને તેની ઉપર રેતીનાં રણ જામ્યાં છે. ગુજરાતીઓ જેમ આસમાનીને ધીરજ ને વીરતાપૂર્વક વશ થયા, તેમ બારડોલીના સત્યાગ્રહીઓ આ સુલતાની રેલને વશ થાઓ ને પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧–૪–૧૯૨૮

Gandhi Heritage Portal

# ૧૯૬. રાષ્ટ્રીય સપ્તાહ

આગામી રાષ્ટ્રીય સપ્તાહ નવમી સપ્તાહ છે. આ સપ્તાહમાં આપણી પ્રજાની ઉત્તરોત્તર પ્રગતિનો હિસાબ હોવો જોઈએ. પણ તેને બદલે આપણે ઘણે ઠેકાણે નિરાશા જોઈએ છીએ. આ સપ્તાહ આપણે સારુ રાષ્ટ્રીય સરવૈયું કાઢવાનો, આત્મનિરીક્ષણ કરવાનો, આત્મશુદ્ધિ કરવાનો, હિંદુ-મુસલમાન-પારસી ઇત્યાદિએ પોતાનાં હૃદય એક કરવાનો, હિંદુએ અસ્પૃશ્ય મનાતાં ભાઈ-બહેનોની ભેટ કરવાનો, તેમની સેવા કરવાનો, હિંદુ-મુસલમાન ઇત્યાદિએ ખાદીમય બની વિદેશી કાપડનો બહિષ્કાર કરવાનો સમય છે.

પણ રાષ્ટ્રનાં આ પોષક અંગોને અત્યારે આપણે ભૂલી ગયા લાગીએ છીએ. તે તે વસ્તુ વિશે જેને શ્રદ્ધા છે તે તો પ્રયત્ન કરે જ છે. પણ તેને અત્યારે વ્યાપક સ્વરૂપ નથી અપાતું. તે વિના સ્વરાજ ન મળી શકે એવું જે બધાને મુખે પહેલાં હતું તે આજે આપણે નથી સાંભળતા.

આ સ્થિતિ બદલવાનો પ્રયત્ન રાષ્ટ્રીય સપ્તાહમાં થવો જોઈએ. બધાં ને બધી રાષ્ટ્રીય સંસ્થાઓ એવો પ્રયત્ન કરે અથવા ન કરે તોયે આ રચનાત્મક કાર્ય વિશે જેમને અવિચળ શ્રદ્ધા છે તેઓ તો મહાપ્રયત્ન જરૂર કરે. એવા પ્રયત્નોમાંથી જ ફરી વ્યાપક પ્રવૃત્તિ પેદા થશે, થવાની છે એ વિશે કોઈ શંકા ન લાવે.

બાળબચ્ચાં, સ્ત્રીપુરુષ, હિંદુમુસલમાન બધાં કરી શકે ને નરી આંખે દેખી શકાય એવું તો એક ખાદીકાર્ય છે. બહિષ્કારની વાત ચોમેર ચાલી રહી છે. પણ બહિષ્કારને વિશે અત્યારે આપણે ભ્રમણામાં પડયા જણાઈએ છીએ. કોઈ કહે છે બ્રિટિશ માલનો બહિષ્કાર કરો, કોઈ કહે છે માત્ર બ્રિટિશ કાપડનો અને તે પણ સમાધાની થતાં લગી, કોઈ કહે છે પરદેશી કાપડ માત્રનો. આ બધી વસ્તુ સાથે સાથે ન ચાલે તેવી છે. પહેલા બેની રાડ વીસ વરસ સુધી ચાલ્યા બાદ ૧૯૨૦ની સાલમાં પ્રજાએ દીર્ઘ વિચાર કરી જોયું કે પરદેશી કાપડનો, ને તે પણ ખાદીની વાટે, બહિષ્કાર એ એક જ બહિષ્કાર શકય ને કર્તવ્ય છે. વળી આ પરદેશી કાપડના બહિષ્કારની કલ્પના કોઈ શરતનો આશ્રય નથી લેતી પણ તે હમેશાંને સારુ છે. અને જે વસ્તુ હમેશાંને સારુ હોય તે થોડી થાય તોયે લાભદાયક જ છે. જ્યારે શરતનો આશ્રય લેનારી વસ્તુ યોગ્ય પ્રમાણમાં ફળે તો જ લાભદાયી હોય, થોડી માત્રામાં ફળે તો તેથી નુકસાન પણ થવા જાય.

એટલે આપણે ભ્રમણામાંથી નીકળી જઈ પરદેશી કાપડના બહિષ્કારને સારુ અથવા કહો કે હિંદુસ્તાનના ગરીબોને સારુ, ખાદીનો પ્રચાર સતત પ્રયત્ન કરી કરવો ઘટે છે. તે પ્રચાર અર્થે સહુ —

૧. જે ખાદી ન ધારણ કરતા હોય તે કરે ને બીજાને ધારણ કરવા ઉપદેશે;

૨. જેટલું કંતાય તેટલું કાંતે ને બીજાને કાંતવા પ્રેરે; અને

૩. આ કાર્યને સારુ જેટલું દાન દઈ શકાય તેટલું દે ને પાડોશીની પાસેથી ઉઘરાવે.

આને અંગે ભાઈ વિઠ્ઠલદાસ જેરાજાણી લખે છે તે નોંધ લેવા યોગ્ય છે.[1]

૧. અહીં આપી નથી. જુઓ "નોંધ", ૨૯–૩–૧૯૨૮નું પેટામથાળું "રાષ્ટ્રીય સપ્તાહ માટે ખાસ."

Gandhi Heritage Portal

આમાં આપેલા આંકડા વિચારવા યોગ્ય છે. રાજ્યપ્રકરણને જાણનારું હિંદુસ્તાન શું ધારે છે તે જાણવાને સારુ મુંબઈ પારાની શીશી છે. પહેલા વર્ષના આંકડાને પહોંચવું એ મુંબઈને સારુ ભારે સાહસ નથી. બહિષ્કાર સફળ કરવાને સારુ તો તે સમુદ્રમાં બિંદુરૂપ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧-૪-૧૯૨૮

# ૧૯૭. નોંધ

## ઓરિસ્સાની દુર્દશા

શ્રી છગનલાલ ગાંધીના એક કાગળમાંથી નીચેનો ભાગ લઉં છું:[1]

વાંચનાર યાદ રાખે આ રઝળતાં ભૂખે મરતાં, રેતીમાંથી વીણી કાઢેલી ફેંકી દીધેલી છાલ ખાનાર છોકરાં આપણાં સગાં ભાઈબહેન છે. જો હિંદને આપણે માતા કહી—માની મલકાઈએ છીએ તો આ ઉત્કલનાં રેઢિયાળ બાળકોને આપણે ભાઈબહેન સમજ્યે જ છૂટકો છે. તેમનું સ્વરાજ શું હોઈ શકે? તેમની પાસે સ્વરાજની વ્યાખ્યા કરાવવા બેસીએ તો તેઓ શું બતાવશે? તેમનાં પેટ આપણે તેમના ભણી દાનમાં કાચા ચાવલ ફેંકીને ભરશું? તેઓને કેળાની છાલ રેતીમાંથી વીણવા દઈશું? તેઓને વાસી અનાજ ખાવા દઈશું? કે તેઓને ઉદ્યમી બનાવી, કંઈ ધંધો આપી માણસ બનાવશું? ઓરિસ્સાના ભૂખમરાના ઈલાજની શોધમાં સ્વરાજ છુપાયેલું છે એમ મારી અલ્પમતિ કહે છે.

## સસ્તી ખાદી

રીચીરોડ પર આવેલા શુદ્ધ ખાદી ભંડારના વહીવટદાર નીચેની નોંધ મોકલે છે:[2]

જો આપણે પરદેશી કાપડનો બહિષ્કાર કરવા ઇચ્છતા હોઈએ તો આ નાનકડી દુકાનમાં પડેલી ખાદી તો સપ્તાહના એક જ દિવસમાં ઊપડી જાય. આવી એક દુકાનને માંડમાંડ ખર્ચ કાઢવાપણું ન હોય.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧-૪-૧૯૨૮

૧. પત્ર અહીં આપ્યો નથી. દુકાળના પંજામાં સપડાયેલા ઓરિસ્સાનો ભયાનક ચિતાર એમાં આપ્યો છે.

૨. અહીં આપી નથી. ૬થી ૧૩ એપ્રિલ સુધીના રાષ્ટ્રીય સપ્તાહ દરમ્યાન ખાદીમાં જે જુદું જુદું વળતર અપાયું તેના દર એમાં આપ્યા છે. જુઓ “નોંધ”, ૨૯-૩-૧૯૨૮નું પેટામથાળું “રાષ્ટ્રીય સપ્તાહ માટે ખાસ”

Gandhi Heritage Portal

## ૧૯૮. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

તમારો પત્ર મળ્યો. અલબત્ત, જો આપણે મિલમાલિકોના માલની જાહેરાત કરવાનું માથે લઈશું તો જે કંઈ જોઈતું હશે તે તેઓ ખુશીથી આપશે. પરંતુ જો તેઓ આપણી શરતો નહીં સ્વીકારે તો એમ કરવાનું આપણે માટે શક્ય નથી. છેલ્લામાં છેલ્લા પત્રવ્યવહારની નકલમાં તમને રસ પડશે. તમે આખીય વસ્તુને કૃપા કરીને તદ્દન ખાનગી ગણશો.

હેમપ્રભાદેવીને તેમની ઇચ્છા વિરુદ્ધ પણ તેમના ઉપર સવાર થઈ જતો વિષાદ છોડી દેવાનું સમજાવી શકાય તો કેવું સારું!

તમારો સહૃદયી

બિડાણ – ૨

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૪૪

## ૧૯૯. ઉત્તમ ભિખ્ખુને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મને મળ્યો છે; એ બદલ હું તમારો આભાર માનું છું. મારી બ્રહ્મદેશની સૂચિત મુલાકાત વિશે કોઈએ તમને કંઈ કહ્યું હોય, તો તે માટે હું ખરેખર દિલગીર છું. જો કદાપિ હું બ્રહ્મદેશ આવીશ, તોપણ બરમી લોકો પાસેથી હું કાંઈ પણ ફાળાની અપેક્ષા રાખતો નથી. જો હું આવું, તો જ્યાં સુધી હું ત્યાંની રાજકીય પરિસ્થિતિનો બરાબર અભ્યાસ કરું નહીં અને તે વિશે કશુંક કહેવાનો વિશ્વાસ ધરાવું નહીં, ત્યાં સુધી મારે એ વિશેના મારા વિચાર એકદમ વ્યક્ત ન કરવા જોઈએ.

તમારો સહૃદયી

રેવરંડ ઉત્તમ ભિખ્ખુ
સ્વેઝાદી ક્યાઉન્ગ
આકયાબ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૪૫

Gandhi Heritage Portal

# ૨૦૦. જવાહરલાલ નેહરુને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧, ૧૯૨૮

પ્રિય ભાઈ જવાહર,

તમારો પત્ર મને મળ્યો છે.

મિલમાલિકો સાથેની વાટાઘાટોમાં કેટલી પ્રગતિ થઈ રહી છે, તે બીડેલા પત્રવ્યવહારની નકલો તમને કહેશે. છતાં હું તમારી સાથે એકમત થાઉં છું કે અત્યારની ઘડીએ એમાંથી કંઈ પરિણામ આવવાનું નથી. પરંતુ યોગ્ય સમયે આ વાટાઘાટો સફળ પણ થાય. એક સમય એવો હતો કે જ્યારે મિલમાલિકો બહિષ્કારના પ્રચારના પૂરેપૂરા વિરોધી હતા. આ વાટાઘાટો પૂરી થયા પછી હું તમને લખીશ.

જોકે રોમાં રોલાંનો પહેલો અપેક્ષિત પત્ર આવ્યો છે અને તે મારી સૂચિત મુલાકાતની રાહ જોઈ રહ્યા છે, છતાં તેનાથી મને નિર્ણય ઉપર આવવામાં મદદ મળી નથી. જેમ જેમ ચોક્કસ નિર્ણય લેવાનો સમય નજદીક આવતો જાય છે, તેમ તેમ મારી અશ્રદ્ધા વધતી જાય છે. આવતે અઠવાડિયે રોલાં તરફથી કેબલ આવે પણ ખરો અને કદાચ તે મારી મુલાકાતનું ભાવિ નક્કી કરશે. દરમ્યાનમાં સિંગાપુર જવાનું બંધ રહ્યું છે. અત્યાર પૂરતો હું ઠરીઠામ થઈને અહીં જ બેઠો છું. હું જો યુરોપ નહીં જાઉં તો બ્રહ્મદેશ જઈશ, ત્યાં બે મહિના ગાળવાનું મારે માથે ચડેલું છે, કોઈ પહાડી જગ્યાએ રહી મારા ત્યાંના વસવાટ દરમ્યાન હું ભંડોળ એકઠું કરનાર છું.

હું તમારા એ અભિપ્રાય સાથે બિલકુલ સંમત છું કે કોક દહાડો આપણે શ્રીમંતો અને વાચાળ બુદ્ધિશાળી વર્ગ સિવાયની એક વ્યાપક હિલચાલ શરૂ કરવી પડશે. પણ એ વખત હજી આવ્યો નથી.

ઉનાળાના મહિના કમલા ક્યાં પસાર કરવાનાં છે, તે તમે મને કહ્યું નથી.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૪૭

Gandhi Heritage Portal

# ૨૦૧. એચ. એમ. અહમદને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧, ૧૯૨૮

ભાઈશ્રી,

મને તમારો પત્ર મળ્યો છે. હું તે પત્ર એક મિત્રને[1] આપું છું. એ તમારા પ્રશ્નોના મારા કરતાં વધારે સારી રીતે ઉત્તર આપી શકે તેમ છે. અને તેમને મેં તમને સીધો જ ઉત્તર આપવા કહ્યું છે.

તમારો સહૃદયી

એચ. એમ. અહમદ, એસ્ક્વાયર
શૂમન્સ્ટર ૧૭
બર્લિન એન. ડબલ્યુ. ૬

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી: એસ. એસ. ૧૪૨૭૬

# ૨૦૨. શ્વેબ કુરેશીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧, ૧૯૨૮

પ્રિય ભાઈ શ્વેબ,

તમે ક્યારેય મને પત્ર લખતા નથી અને ગમે તેમ પણ એ તમારા ખરાબ દૃષ્ટાંતનું હું અનુકરણ કરું છું. એ અનિચ્છનીય વ્યવહાર અટકાવી દેવાની હવે મને તક સાંપડી છે.

હું આ સાથે એક પત્ર બીડું છું. તેમાંના બે પ્રશ્નના ઉત્તરો તમે મારા કરતાં વધારે સારી રીતે આપી શકો એમ છો. મેં અહમદને લખ્યું છે કે મેં પત્ર તમને મોકલ્યો છે. તેથી કૃપા કરીને તેમના બે પ્રશ્નોનો બને તેટલો ટૂંકો જવાબ લખશો. તમે હાલમાં શું કરો છો? તમને હમણાં કેમ છે? હું અવશ્ય તમારી પાસેથી મોટી વસ્તુઓની આશા રાખું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૧૪૮

૧. જુઓ આ પછીનો પત્ર.

Gandhi Heritage Portal

## ૨૦૩. સદાશિવમને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧, ૧૯૨૮

પ્રિય ભાઈ સદાશિવ,

કલકત્તાના શ્રીયુત જીવણલાલજીને આરામ અને હવાફેરની જરૂર છે. તેને બૅંગલોર જવાની સલાહ આપવામાં આવી છે. માસિક ભાડા ઉપર તમે તેમને માટે નાનો બંગલો કે ફ્લૅટ મેળવી શકશો? તે સારી રીતે હવાઉજાસવાળો અને મોકળાશવાળો હોવો જોઈએ. વસ્તીથી એ જેમ દૂર હોય તેમ વધારે સારું. કારણ કે માંદગી પછીના આરામ માટે અને તંદુરસ્તી પાછી મેળવવા માટે તેની જરૂર છે. તેની આસપાસનું વાતાવરણ આરોગ્યવર્ધક હોવું જોઈએ. આવો બંગલો મળી શકતો હોય, તો તે બાબતમાં છેવટનું નક્કી કરતાં પહેલાં ભાડાની શરતો અને આજુબાજુની પરિસ્થિતિ વિશે તમે મને તાર કરો એમ હું ઇચ્છું છું. તમે આ બાબતને જેમ બને તેમ વહેલી હાથ ધરશો એવી મારી તમને વિનંતી છે.

શ્રીયુત જીવણલાલજીના મદ્રાસના એજંટ કદાચ આ બાબતમાં તમને મળશે. તેમના ધંધાની એક શાખા મદ્રાસમાં છે. કૃપા કરીને તેને મદદ કરશો.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૧૪૯

## ૨૦૪. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧, ૧૯૨૮

પરમ પ્રિય ચાર્લી,

તમારા પત્રો મને નિયમિત રીતે મળતા રહે છે. પણ તમને લખવાનો સમય મને મળતો નથી. મને તમારો તાર પણ મળ્યો હતો. રોલાંના જે પત્રની રાહ જોવાતી હતી તે આવી ગયો છે. મારા યુરોપ જવાનો વિચાર તેમને ગમતો લાગે છે અને તેઓ કેટલાંય મંડળોને મને નિમંત્રણ આપવાને પ્રેરી રહ્યા છે. પરંતુ નિર્ણય લેવાનો સમય જેમ જેમ પાસે આવતો જાય છે, તેમ તેમ હું વધારે ને વધારે આત્મવિશ્વાસ ગુમાવતો જાઉં છું. નિર્ણય પર આવતાં પહેલાં હું તેમના તરફથી આવનારા કેબલની હજી રાહ જોઉં છું.

શ્રી મુકુલ ડે અહીંયાં છે અને તેમણે આવતાંની સાથે કામકાજ શરૂ કરી દીધું છે.

Gandhi Heritage Portal

અંબાલાલ સાથે હજી હું વાત કરી શક્યો નથી. હું તેમ કરવાનું ભૂલીશ નહીં. રતિનાં પત્નીને ક્ષયરોગ નહીં હોય એવી હું આશા રાખું છું. ગુરુદેવને તમે યુરોપમાં લાંબો આરામ લેવાનું સમજાવી ન શકો? આટલી બધી ઝડપથી વૃદ્ધ થઈ જવાનું તેમને માટે કંઈ કારણ નથી.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૧૫૦

## ૨૦૫. રામજીદાસ જૈનીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મને મળ્યો છે. મને ભય છે કે આશ્રમની બાબતમાં 'ડુંગર દૂરથી રળિયામણા' જેવું હોય. મને નથી લાગતું કે તમારી અત્યારની ઉંમરે અને અત્યાર સુધી પાડેલી ટેવોને લીધે, પ્રમાણમાં તમારા સુંવાળા જીવનને બદલે તમે આશ્રમ જીવનની કઠિનતા બરદાસ્ત કરી શકો. પરંતુ તમે ગંભીરતાપૂર્વક આશ્રમમાં રહેવા ઇચ્છા ધરાવતા હો, તો તમારે સૌથી પહેલાં તો તેના બંધારણનો અભ્યાસ કરવો જોઈએ અને ત્યાર પછી ત્યાં આવીને થોડા દિવસ રહેવું જોઈએ અને અહીંનું જીવન જાતે જ જોઈ લેવું જોઈએ.

હું દિલગીર છું કે આ લખતી વખતે મારી પાસે આશ્રમના બંધારણની કોઈ નકલ નથી. પણ નટેસને પ્રસિદ્ધ કરેલાં મારાં લખાણો અને ભાષણોમાં એ આપેલી છે. ત્યાર પછી બંધારણમાં ફેરફારો થયા છે, પણ કોઈ ખાસ ગણનાપાત્ર ફેરફાર થયો નથી. એમાંથી તમે જાણી શકશો કે આશ્રમમાં રહેનારે બ્રહ્મચર્ય પાળવું આવશ્યક છે.

તમારો સહૃદયી

રાયસાહેબ રામજીદાસ જૈની
પો. ઑ. મજિઠા, જિ. અમૃતસર

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૧૩૮ એ

Gandhi Heritage Portal

## ૨૦૬. રેમિંગ્ટન ટાઇપરાઇટર કંપનીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧, ૧૯૨૮

મેસર્સ રેમિંગ્ટન ટાઇપરાઇટર કં., લિમિટેડ
યુસુફ બિલ્ડિંગ
ચર્ચગેટ સ્ટ્રીટ અને એસ્પ્લેનેડના ખૂણા ઉપર
મુંબઈ,

ભાઈશ્રી,

મને રેમિંગ્ટન ટાઇપરાઇટર નં. ૬૧૬૨૫ મળ્યું છે, જે મેં તમને સહેજસાજ સમારકામ તથા સુધારા માટે મોકલ્યું હતું.

મને કહેતાં ખૂબ જ આનંદ થાય છે કે મશીન મને સંપૂર્ણ રીતે સંતોષકારક કામ આપી રહ્યું છે.

તમારો આભાર

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૧૪૯

## ૨૦૭. સત્યાનંદને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૩, ૧૯૨૮

પ્રિય સત્યાનંદબાબુ,

તમારો પત્ર મને મળ્યો છે. પ્રસંગોપાત્ત તમે મને જરૂર યાદ કરો છો એ જાણી મને આનંદ થાય છે. યંગ ઇન્ડિયાનાં પૃષ્ઠોમાંથી તમે જોયું હશે કે પરદેશી કાપડના બહિષ્કારના કાર્યનો બોજો ઉઠાવવા માટે મિલમાલિકોને સમજાવવા હું મારું બનતું બધું કરી રહ્યો છું. અત્યારની ક્ષણે આપણે વાટાઘાટો કરતાં આગળ કદાચ ન વધી શકીએ, તોયે ભવિષ્યના કાર્ય માટેની ભૂમિકા તો તેથી તૈયાર થઈ જ ગઈ હશે.

યુરોપ જવાના ઔચિત્ય બાબતમાં હજી મારું મન ઢચુપચુ છે. તેથી હું તે બાબતમાં નિષ્ક્રિય થઈ ગયો છું અને અંદરથી આદેશ આવે તેની રાહ જોઈ રહ્યો છું. હવે પછીના પખવાડિયામાં કદાચ એ બાબતમાં નક્કી થઈ શકશે. તેમ છતાં મિલમાલિકો સાથેની વાટાઘાટો



Gandhi Heritage Portal

ચોક્કસ સ્વરૂપ પકડે, તો અલબત્ત, હું ન પણ જાઉં; કારણ હું અંદરથી એમ માનીને પ્રસન્ન થાઉં છું કે બહિષ્કારને સફળ રીતે આગળ વધારવા હિંદુસ્તાનમાં મારી સતત હાજરીની જરૂર પડશે.

તમારો

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૫૫

## ૨૦૮. રામીબહેન ગાંધીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૩, ૧૯૨૮

ચિ. રામી,

તારો કાગળ મળ્યો છે. આ વખતના અક્ષર સરસ ન ગણાય. લીટીઓ વાંકી છે. કુસુમની તબિયત સુધારવી જોઈએ. રાષ્ટ્રીય સપ્તાહમાં ખાદીનું વિશેષ કામ કરવાનો લોભ રાખજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : એસ. એન. ૯૭૦૭

## ૨૦૯. એન. આર. મલકાનીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૪, ૧૯૨૮

પ્રિય ભાઈ મલકાની,

તમારો તાર મને મળ્યો છે. હું જયસુખલાલ ગાંધીને નહીં પણ આ કાગળ સાથે મથુરાદાસને મોકલું છું. તેઓ કદાચ આ કાર્યને માટે વધારે યોગ્ય છે; કારણ કે તેમનું અંગ્રેજીનું જ્ઞાન વધારે સારું છે અને પોતે કચ્છી હોવાથી ત્યાંના ઘણા લોકોની ભાષા અને ખાસિયતો તેઓ જાણે છે, અલબત્ત, તેઓ સારીસરખી કસોટીમાંથી પસાર થયેલા કાર્યકર છે. અત્યાર અગાઉ ઘણાં વર્ષોથી તેઓ ખાદીને લગતું કામ કરી રહ્યા હતા અને વ્યાપારી રીતિનીતિનું તેમને સારું જ્ઞાન છે. તેમનો જન્મ અને ઉછેર મલબારમાં થયો હતો. ખરી રીતે તો તે લક્ષ્મીદાસ સાથે જ અહીં આવેલા. ચરખાસંઘનો વિકાસ કરવા કાકાસાહેબે તેમને હમણાં વિદ્યાપીઠમાં રોક્યા હતા. તેથી તેની સેવા વિદ્યાપીઠ દ્વારા અત્યારે તો તેમને ઉછીની આપવામાં આવે છે. એમનું માનદ વેતન પણ વિદ્યાપીઠ જ આપશે. એમનું પ્રવાસખર્ચ હાલપૂરતું તમારા ખાતામાંથી એટલે કે કમિટીના હિસાબમાંથી આપવામાં આવે છે. પરંતુ તેમને રેલવે ખર્ચ આપવામાં કંઈ

Gandhi Heritage Portal

મુશ્કેલી હોય તો, મહેરબાની કરીને તમે મને જણાવશો. હું એમ માની લઉં છું કે ૧૫મી મે પછી તેમને રાખવાની તમને જરૂર નહીં પડે. એ સમય પછી તમને બીજા કોઈની જરૂર લાગે, તો મારે બીજા કોઈને મોકલવા પડશે; કારણ કે પહેલી જૂને કાકાસાહેબને તેમની જરૂર પડશે. અને તે પહેલાં તેમને પોતાના કુટુંબને કાલિકટ તેડવા જવું પડશે.

તમારા પોતાના માનદ વેતન બાબતમાં ઠક્કરબાપા તરફથી હવે મને પત્ર મળી ગયો છે. એમાં તેઓ કહે છે કે તમે પણ એમને જણાવ્યું હતું કે તમારે રૂપિયા ૧૫૦ કરતાં વધારેની જરૂર નહીં પડે. આ શું વાત છે? ૨૦૦ રૂપિયાનો મને વાંધો નથી, પણ હું જાણવા માગું છું કે પહેલાં તમને ૧૫૦ રૂપિયા પૂરતા લાગ્યા અને પાછળથી તમારે માગણી વધારવી કેમ પડી? આપણે જે કરીએ તે બધું વિચારપૂર્વક કરીએ અને તેમાં દૃઢ રહીએ. આપણા પુનરુદ્ધારની આશા મને એક જ વાતમાં દેખાય છે કે આપણામાંના કંઈ નહીં તો થોડા લોકો નિશ્ચય કરવાની અગમચેતી વગેરે ગુણો ખીલવે. આ વિશે તમે માઠું લગાડશો નહીં, તેમ જ જ્યાં સુધી રાહતકાર્ય કરતાં કરતાં તમે એટલાથી સાચેસાચ ચલાવી ન શકો ત્યાં સુધી ૧૫૦ રૂપિયા ઉપર પાછા જવાનું રાખશો નહીં. પણ તમને હવે એમ લાગતું હોય કે આ બાબતમાં અગાઉ ગણતરી કરી કહેવામાં તમારી ભૂલ થઈ છે અને તમે આ રકમ શ્રીમતી મલકાની અને કુટુંબીજનો સાથે ઘટતી વિચારણા કર્યા સિવાય નક્કી કરી છે તો તમારે અવશ્ય એ બાબતનો વિનમ્ર એકરાર કરવો જોઈએ; અને પછી ૨૦૦ રૂપિયા માટે માગણી કરવી જોઈએ. આ હું શા માટે લખી રહ્યો છું એ તમે સમજી તો શકો છો ને? હું ઇચ્છું છું કે તમે મારી અપેક્ષાને અનુરૂપ થાઓ.

તમારો સહૃદયી

**બાપુ**

શ્રીયુત એન. આર. મલકાની

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૯૨૭

## ૨૧૦. એ. એ. પૉલને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૪, ૧૯૨૮

પ્રિય ભાઈ રાજન,

તમે મને ઘણો જ મુશ્કેલ પ્રશ્ન પૂછયો છે. પણ તમારી આખીયે દલીલ પર ખૂબ જ વિચાર કર્યા બાદ, ફેલોશિપ માટે તમે પૂરા સમયનું માનદ વેતન લો એમ કહેવાનું મારું વલણ વધતું જાય છે. જો તમારું ધ્યાન બે સોંપાયેલાં કાર્યમાં વહેંચાયું હશે તો તમે પૂરા દિલથી એ કામ કરી શકશો નહીં. એક અથવા બીજાને કે બન્ને કાર્યોને તેથી સહન કરવું પડે અને બે પરસ્પર વિરોધી લાગતાં કાર્ય વચ્ચે ખેંચતાણ ઊભી થાય ત્યારે તો ખાસ કરીને એમ બને. પ્રત્યેક શ્રમજીવી પોતે જે શ્રમ કરે છે, તેને માટે તે કાંઈક મેળવવાનો અધિકારી છે એ

Gandhi Heritage Portal

સિદ્ધાંતને લક્ષમાં રાખીને તમે જે ફેલોશિપ સ્વીકારી છે તેનું માનદ વેતન સ્વીકારો તેમાં હું કોઈ પણ પ્રકારનો નૈતિક વાંધો જોતો નથી.

તમારો સહૃદયી

શ્રીયુત એ. એ. પૉલ
૭, મિલર રોડ
કિલપૉક
મદ્રાસ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૬૦

## ૨૧૧. બી. શિવા રાવને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૪, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો છે. તમારે માટે હું વધારેમાં વધારે આ સાથેના બિડાણ જેટલું કરી શકું છું.[૧] તમારે એક લેખ જોઈએ છે. તમે પથ્થરમાંથી લોહી મેળવી શકો, તો મારી પાસેથી લેખ મેળવી શકો.

તમારો સહૃદયી

શ્રીયુત બી. શિવા રાવ
થિયૉસૉફિકલ સોસાયટી
અડયાર,
મદ્રાસ – ૩

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : ૧૩૧૫૮

૧. જુઓ આ પછીનો પત્ર.

Gandhi Heritage Portal

## ૨૧૨. ન્યૂ ઇન્ડિયા પત્રને સંદેશો

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૪, ૧૯૨૮

હું ન્યૂ ઇન્ડિયા દેશની ઘણાં વર્ષો સુધી ઉપયોગી સેવા કરે એવી શુભેચ્છા પ્રગટ કરું છું. તેનું પુનર્જીવન સ્વરાજના આગમનને ઝડપી બનાવો.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૧૫૮

## ૨૧૩. એકભક્તિ હનુમાન

[એપ્રિલ ૪, ૧૯૨૮][૧]

જે કામ કરતા હોઈએ તે કામમાં બધી ઇન્દ્રિયો પરોવી દઈએ એ હનુમાનના અનુકરણનો પહેલો પાઠ છે. એ કરવાને માટે આંખને નિશ્ચલ અને ચોખ્ખી રાખવી જોઈએ. આંખ આખા શરીરનો દીવો છે, અને શરીરનો તેમ આત્માનો દીવો છે એમ કહીએ તો ચાલે, કારણ જ્યાં સુધી આત્મા શરીરમાં વસે છે ત્યાં સુધી તેની પરીક્ષા આંખથી થઈ શકે છે. માણસ પોતાની વાચાથી કદાચ આડંબર કરીને પોતાને છુપાવી શકે, પણ તેની આંખ તેને ઉઘાડો પાડશે. તેની આંખ સીધી, નિશ્ચલ ન હોય તો તેનું અંતર પરખાઈ જશે. જેમ શરીરના રોગ જીભની પરીક્ષા કરીને પારખી શકીએ છીએ તેમ આધ્યાત્મિક રોગો આંખની પરીક્ષા કરીને પારખી શકાય. એટલે બાળકોને બાળપણથી જ નિશ્ચલ આંખ રાખવાની ટેવ પાડવી જોઈએ.

હનુમાનની આંખ નિશ્ચલ હતી, અને તે સદા બતાવતી હતી કે રામનું નામ જેમ તેમની જીભ ઉપર નિરંતર હતું તેમ તેમના હૃદયમાં ભરેલું હતું, અને તેમને રોમેરોમે વ્યાપેલું હતું.

આપણે અખાડાઓમાં હનુમાનની સ્થાપના કરીએ છીએ એ મને ગમે છે, પણ તેનો અર્થ એ નથી કે આપણે કેવળ શરીરે બળવાન થવા ઇચ્છીએ છીએ અથવા હનુમાનના શરીર-બળની જ આરાધના કરીએ છીએ. શરીરે બળવાન જરૂર થઈએ, પણ એ પણ જાણી લઈએ કે હનુમાનનું શરીર રાક્ષસી નહોતું; તે તો વાયુપુત્ર હતા, એટલે તેમનું શરીર હલકુંફૂલ જેવું હતું અને છતાં કસાયેલું હતું. પણ હનુમાનની વિશેષતા તેમના શરીરબળમાં નહોતી, તેમની ભક્તિમાં હતી. તે રામના અનન્ય ભક્ત હતા, તેમના ગુલામ હતા. રામના દાસત્વમાં જ તેમણે સર્વસ્વ માન્યું, અને તેમને જે સેવાનું કામ સોંપવામાં આવ્યું તે તેમણે વાયુના વેગે કર્યું. એથી હનુમાનની આરાધના કરીએ છીએ. અને વ્યાયામશાળામાં હનુમાનની સ્થાપના કરીએ છીએ એ એ અર્થે કે વ્યાયામ કરીને પણ આપણે દાસ બનવાના છીએ — ભારતના દાસ,

૧. પ્રજાબંધુના હેવાલ પ્રમાણે આ ભાષણ એપ્રિલની ૪થીએ હનુમાન જયંતી અંગે આપવામાં આવ્યું હતું. નવજીવનમાં પણ આ ભાષણ હનુમાન જયંતી પ્રસંગે અપાયાનો ઉલ્લેખ છે.

Gandhi Heritage Portal

જગતના દાસ અને તેમ કરીને ઈશ્વરના દાસ બનવાના છીએ. એ દાસત્વમાંથી આપણે ઈશ્વરની ઝાંખી કરશું.

એટલે હનુમાનની આરાધના કેવળ એમના બ્રહ્મચર્યને માટે જ કરીએ છીએ એમ પણ ન કહો. સેવકમાત્ર બ્રહ્મચર્યનું પાલન કરનારો તો હોય જ, જેણે સેવાનું વ્રત લીધું છે તે ઇંદ્રિયવિષયનું સેવન કેમ કરી શકે? અરે પિતામાતાની સેવા જેટલી સંકુચિત સેવા માટે પુત્રે સંયમી બનવાની આવશ્યકતા છે, જેમ હું વિષયી બન્યો હતો[1] તેમ વિષયી બનીને તે સેવા ન થઈ શકે. તેમ જ જેને આશ્રમની સેવા કરવી છે, સ્ત્રીપુરુષો બાળકબાળાઓની સેવા કરવી છે તેને પણ વિષયનું સેવન કરવું કેમ પોસાય? અને આશ્રમની સેવા એ તો જરાક જેટલી છે, સમુદ્રમાં બિંદુમાત્ર છે. એટલે જેને જગતની સેવા કરવી છે તે તો વિષયથી ભાગતો જ ફરે.

પણ વિષયની અંદરથી મન ઉઠાવી લેવું હોય તો તે કેવળ ઉપવાસથી કે તપશ્ચર્યાથી ન થાય, પણ તે હનુમાનના જેવી ભક્તિથી થાય, એટલે બ્રહ્મચર્ય અને બીજી બધી વસ્તુની કૂંચી એકનિષ્ઠ ભક્તિમાં છે. આપણે દરરોજ સાયંકાળે બોલીએ છીએ:

विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः ।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ।।[2]

નિરાહારીની ઇંદ્રિયો ભલે શાંત થાય, પણ વિષયો માટેનો રસ શાંત નથી થતો; ઇંદ્રિયો શિથિલ થાય છે ત્યારે ઘણે ભાગે મન વધારે ચંચળ બને છે, મન વિષયો તરફ વધારે ધાય છે; એ રસ પણ રામજીનાં દર્શનથી શાંત થાય છે. આ હનુમાનનો કોલ છે, અથવા હનુમાનના જીવનમાંથી પદાર્થપાઠ શીખવાનો છે.

અગાઉ મેં કદી ન વાપરેલું એવું વિશેષણ મેં બ્રહ્મચર્યને વિશે કાલે વાપર્યું છે, તે એ કે મેં હનુમાનના બ્રહ્મચર્યને સાત્ત્વિક બ્રહ્મચર્ય કહ્યું, અને તેમ કરતાં, બ્રહ્મચર્યની સ્તુતિ કરતાં સાત્ત્વિક, રાજસી અને તામસી એવા બ્રહ્મચર્યના ત્રણ ભેદો દેખાયા. હનુમાનનું સાત્ત્વિક બ્રહ્મચર્ય હતું, જ્યારે મેઘનાદનું બ્રહ્મચર્ય રાક્ષસી હતું. રાક્ષસી બ્રહ્મચર્ય પાળનારમાં ક્રોધ હોય, અભિમાન હોય. સાત્ત્વિકમાં સમર્પણ હોય. બંને શરીરબળમાં એકબીજાથી ગાંજ્યા જાય એમ નહોતું. પણ હનુમાન મેઘનાદને હરાવી શક્યા, કારણ મેઘનાદ અભિમાની હતો જ્યારે હનુમાન ભક્તિભીના હતા તેથી તેમનું બળ વિશેષ હતું.

એટલે આંખ સાવ ચોખ્ખી રાખવી, હાથપગ ચોખ્ખા રાખવા, જીભ ચોખ્ખી રાખવી, અને તેમ કરીને હનુમાનનું કાંઈક પણ અનુકરણ કરવાને શક્તિવાન થવું. બ્રહ્મચર્યનું પાલન કરીને શરીરને સુદૃઢ જરૂર કરવું છે, પણ તે એટલા માટે કે આપણે શરીર વાટે પણ રામની ભક્તિ કરવી છે, અને રામભક્ત બનીને જગતના સેવક બનવું છે.

બાહ્ય સાચવવાથી અંતર આપોઆપ સચવાઈ જ જશે એમ નથી, પણ બાહ્ય સાચવતા જઈશું અને તે કેવળ બાહ્યાડંબર નહીં હોય તો કોઈ કાળે મન પણ સ્થિર થઈ રહેશે, અને તો જ કોક દિવસ હનુમાનની હરીફાઈ પણ કરી શકીશું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૮–૪–૧૯૨૮

૧. જુઓ આત્મકથા, ભાગ ૧, પ્ર. ૯.
૨. જુઓ ભગવદ્ગીતા, ૨. ૫૯.

Gandhi Heritage Portal

## ૨૧૪. અસ્પૃશ્યોને યાદ કરજો

આ અંક પ્રસિદ્ધ થયા પછી બે જ દિવસમાં, રાષ્ટ્રીય સપ્તાહ આવી પહોંચ્યું હશે. એક વખતે આપણે આત્મશુદ્ધિના કાર્ય તરીકે મદ્યનિષેધ માટે દારૂની દુકાનોએ પિકેટિંગ કરતા. કોઈમ્બતૂર આદિ દ્રાવિડ ઍસોસિયેશનના[1] સભ્યો તરફથી મળેલા એક માનપત્રનો નીચેનો ફકરો હું વાંચું છું ત્યારે મને એ દિવસોની યાદ તાજી થાય છે.

> જૂની વ્યવસ્થા હજી થોડે અંશે પણ પલટાઈ નથી, અને સવર્ણ હિંદુઓ અમારા આત્માઓને પણ તિરસ્કારે છે એટલે તેઓ અમને મંદિરોમાં જઈને ઈશ્વરનું પૂજન કરવા દેતા નથી. . . . ખ્રિસ્તી દેવળો અને મસ્જિદોના દરવાજા અમારા માટે સદા ખુલ્લા મુકાયેલા હોય છે અને તેના સંચાલક મિશનરીઓ અમને હૃદયપૂર્વકનો આવકાર આપે છે. અમારી શેરીમાં કે તેની નજદીક અમારી કોમના વસવાટના સ્થળે દારૂનાં પીઠાં સ્થાપીને સરકાર અમારા યુવાનોને દારૂ પીવા લલચાવી રહી છે. જો ઉદ્યોગ માટેની સંસ્થાઓ આ પીઠાંઓની જગ્યા લે અને આબકારી કંટ્રોલરોને બદલે સામાજિક કાર્યકરો અમારી સાથે મૈત્રી સાધતા થાય, તો બહુ જ થોડા સમયમાં અમારી પ્રગતિ નિશ્ચિત રીતે થઈ શકે એમાં અમને બિલકુલ શંકા નથી. તેથી અમારી જાતિને વિનાશમાંથી ઉગારવા માટે અમારા રહેઠાણ નજીક ઔદ્યોગિક શાળાઓ ખોલવામાં મદદ કરવા હૃદયપૂર્વકની અપીલ કરીએ છીએ.

આ રાષ્ટ્રીય સપ્તાહ દરમ્યાન સરકારે શું કર્યું છે ને શું નથી કર્યું તેના વિચાર કરવાની આપણે જરૂર નથી, પરંતુ આપણે શું કર્યું છે અને શું કરી શકીએ તેનો વિચાર કરવાનો આપણો ધર્મ છે. અસ્પૃશ્યતાની વિરુદ્ધ જાહેર અભિપ્રાય દિનપ્રતિદિન મજબૂત થતો જાય છે એમાં કશી શંકા નથી, છતાં તે દિશામાં જાહેર કાર્ય હજી સબળ થયું નથી. દલિત વર્ગોને માટે જાહેર મંદિરોના ટ્રસ્ટીઓ પાસે તેનાં દ્વાર ખુલ્લાં મુકાવવામાં પણ હજી આપણે શક્તિમાન થયા નથી; તેમ જ એક દારૂના પીઠાની જગ્યાએ એક ઔદ્યોગિક શાળા ઊભી કરવામાં અથવા આગ સમાન દારૂના પીણાને બદલે, તેઓ નિર્મળ વાતાવરણ વચ્ચે આરોગ્યદાયી પૌષ્ટિક પીણાં મેળવી શકે, એવું એક જાહેર ઉપાહારગૃહ સ્થાપવામાં પણ આપણે સફળ થયા નથી

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૫–૪–૧૯૨૮

૧. અહીં માત્ર અમુક જ ભાગ આપ્યા છે.

Gandhi Heritage Portal

# ૨૧૫. બાધાત રાજ્ય અને યજ્ઞોપવીત

ગયા માર્ચની ૨૨મીના यंग इन्डिया[૧] અંકમાં જે નોંધ મેં લખી છે, તેના અનુસંધાનમાં બાધાત રાજ્યના કોળીઓ પ્રત્યેની વર્તણૂક બાબતમાં નવી દિલ્હીના આર્યસમાજના પ્રમુખ લખે છે:[૨]

આ સમાજના પ્રમુખ રાયસાહેબ લાલા ગંગારામ જેવા પ્રસિદ્ધ પુરુષ છે. તેઓ જાણીતા દાનવીર છે અને દિલ્હીના જાહેર કાર્યકર્તા પણ છે. લાલા ગંગારામના આ પૃષ્ઠોમાં પ્રગટ થયેલા આગળના પત્રમાં કરેલા આક્ષેપોની સચ્ચાઈ વિશે તેમના આ પત્રથી જરા પણ શંકા રહેતી નથી. પહેલાં મેં એવી આશા રાખી હતી કે તેમના ખબર આપનારાઓએ બાધાત રાજ્યના બનાવો વિશે અત્યુક્તિ કરી હશે અને જનોઈ પહેરવાના કહેવાતા અસ્પૃશ્યના કૃત્યને ફોજદારી ગુનો તો નહીં જ ગણ્યો હોય. તે રાજ્યના મુખ્ય પ્રધાને લાલા ગંગારામને જે પત્ર લખ્યો છે, તેની એક નકલ મારી પાસે છે. તે આ મુજબ છે:

> ૧૦ જાન્યુઆરી, ૧૯૨૮ના તમારા પત્રના જવાબમાં ખેદપૂર્વક જણાવવાનું કે રાજ્ય તમને ચુકાદાની નકલ આપી શકે નહીં, કારણ કે આર્યસમાજ આ દાવામાં પક્ષકાર નથી.

મારાથી ટીકા કર્યા સિવાય રહી શકાતું નથી કે આ જવાબ અત્યંત સુરુચિભંગ કરનારો છે. એ કોઈ અંગ્રેજ અધિકારીઓના ટૂંકા અને ઘડી રાખેલા જવાબોની હલકી નકલ છે, જે તેઓ તકલીફ આપતા સવાલો પૂછનારા પત્રલેખકોને સામાન્ય રીતે આપતા હોય છે. પરંતુ આ માનનીય સદ્‌ગૃહસ્થો, નિયમ તરીકે હોદ્દાને અને મોભાને માન આપતા હોય છે અને અણઘડ રીતે પોતાના જવાબોને બંધબેસતી વાતો ઉપજાવી કાઢતા નથી. બાધાત રાજ્યના મુખ્ય પ્રધાને લાલા ગંગારામના સામાજિક દરજ્જાની (ઇલકાબની વાત છોડું તોપણ) અવગણના કરવાની ધૃષ્ટતા બતાવી છે; અને તેમનું ઇરાદાપૂર્વક અપમાન કરવા ખાતર લાલા ગંગારામે પોતાના પત્રમાં જે વાત કદી કહી નથી તેની કલ્પના કરી છે; કારણ કે તેમણે ચુકાદાની નકલ કદી માગી નથી તેમ જ તેમણે આ કમનસીબ કોળીઓ સામેના કેસના પક્ષકાર હોવાનો દાવો કર્યો નથી. અલબત્ત, આ બાબત મુખ્યત્વે હિંદુ સભાએ હાથ ધરવા જેવી છે. સભા આ કહેવાતા અસ્પૃશ્યો જનોઈ ધારણ કરે એ વાતનું સમર્થન કરે છે કે નહીં તેની મને માહિતી નથી. તે સમર્થન કરતી હોય કે ન કરતી હોય, પરંતુ જેઓ યજ્ઞોપવીત પહેરવા ઇચ્છતા હોય, તેના ઉપર જુલમ કરવામાં આવે તેમાં તો તે સંમતિ નહીં જ આપી શકે. જે ઘડીએ જનોઈ એક ઇજારો બને છે અને તેના ભંગ માટે સજાનો ખ્યાલ જોડાય છે, તે ઘડીએ જનોઈ પવિત્ર રહેતી નથી. જનોઈ એટલા માટે પવિત્ર ગણાતી હતી કે તેના પહેરનારાઓ વિદ્યા અને ધર્મભાવનાવાળા પુરુષો હતા. બાધાત રાજ્યનો કહેવાતો કિસ્સો જો ચેપી નીવડશે તો તે જલદીથી અવનતિનું ચિહ્ન બની જશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૫–૪–૧૯૨૮

૧. જુઓ, "નોંધ", ૨૨–૩–૧૯૨૮નું પેટામથાળું, "તે સાચું હોઈ શકે?"

૨. આ પત્ર અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

# ૨૧૯. અખિલ હિંદ ચરખા સંઘનો વાર્ષિક અહેવાલ

અખિલ હિંદ ચરખા સંઘે તેનો બીજો વાર્ષિક અહેવાલ બહાર પાડયો છે. તે સંપૂર્ણ વ્યાપારી રીતે તૈયાર થયેલો બોધપ્રદ દસ્તાવેજ છે. તેનું મુદ્રણકાર્ય ૩૧ આઠપેજી ફરમાઓમાં થયેલું છે. પરિશિષ્ટોએ ૨૪ પૃષ્ઠો રોકયાં છે. હું વાચકને પહેલાં તેનાં પરિશિષ્ટો વાંચવાની સલાહ આપું છું. સંઘની આવક તથા ખર્ચની યોગ્ય રીતે ઑડિટ થયેલી અને પ્રમાણભૂત મીમાંસા તે વિગતવાર રજૂ કરે છે. એક દૃષ્ટિ નાખતાં જ તે જોઈ શકશે કે સંઘ તરફથી એક મોટામાં મોટા ને વિશાળમાં વિશાળ રાષ્ટ્રીય ઉદ્યોગ પાછળ ૨૦ લાખ કરતાં પણ વધારે રૂપિયા રોકવામાં આવ્યા છે. જો તે તેના આંકડાઓનો સંભાળપૂર્વક અભ્યાસ કરશે, તો પોતાની આવકનો એક ભાગ આ ઉદ્યોગમાં રોકવાનું મૂલ્ય તે સમજી શકશે અને તેમાં રોકાણ કરવાથી તેને થનારો લાભ એવાં ગરીબ ગામડાંઓની સમૃદ્ધિ હશે કે જેના શ્રમ ઉપર જ તેની પોતાની આવક અવલંબે છે. પરિશિષ્ટોમાં તે અખિલ હિંદ ચરખા સંઘના ઠરાવો પણ વાંચી શકશે કે જેમાં તેની સામાન્ય નીતિ સમજાવવામાં આવી છે અને કઈ શરતે લોન આપવામાં આવી છે તેની જાણ કરવામાં આવી છે. અને ખાદી ભંડારો દ્વારા કેવી રીતે ઉધાર વેચાણની નીતિ અખત્યાર કરવામાં આવી છે; અને કયા ખાનગી ખાદી ભંડારોને અને ખાદીની ફેરી કરનારાઓને મદદ અપાય છે તે સઘળી બાબતોનો તેમાં સ્પષ્ટ ખુલાસો તે મેળવી શકશે. તેની અંદર તે અખિલ હિંદ ચરખા સંઘનું બંધારણ, તેની જુદી જુદી એજન્સીઓનાં નામો અને સરનામાં અને બીજી મૂલ્યવાન માહિતી પણ તે મેળવી શકશે.

પરિશિષ્ટોમાં નજર નાખ્યા પછી તેની પાસે અરધો કે પૂરો કલાક ફાજલ હોય તો તે અહેવાલ વાંચવાનું શરૂ કરે અને જો તે તેમ કરશે, તો ખાદીએ કેવી પ્રગતિ કરી છે તે એ જાણી શકશે. અખિલ હિંદ દેશબંધુ સ્મારક ભંડોળની પરિસ્થિતિથી પણ તે વાકેફ થશે. જ્યારે ૧૯૨૫-૨૬ના વર્ષ દરમિયાન ખાદીનું ઉત્પાદન ૨૩,૭૯,૬૭૦ રૂપિયાનું થયું હતું, ત્યારે ૧૯૨૬-૨૭ના વર્ષમાં કુલ ઉત્પાદન ૨૪,૦૬,૩૭૦ રૂપિયાનું થયું હતું અને સમયના એ જ ગાળા દરમિયાન ખાદીનું વેચાણ અનુક્રમે ૨૮,૯૯,૧૪૩ અને ૩૩,૪૮,૭૯૪ રૂપિયાનું થયું હતું. આ હકીકતથી ખાદી કાર્યમાં મૂડી રોકનારાઓ એટલું આશ્વાસન જરૂર મેળવી શકે કે તે ખોટ કરતો ઉદ્યોગ નહીં પણ વાજબી રીતે પ્રગતિ કરતું કાર્ય છે. આગળ પ્રસિદ્ધ થયેલા અહેવાલમાં જણાવેલા ૫૦,૦૦૦ કાંતનારાઓની સામે આ અહેવાલમાં ૮૩,૩૩૯ કાંતનારાઓ અને ૫,૧૯૩ વણકરો વાર્ષિક સેવા આપી રહ્યા છે. અગાઉના અહેવાલનાં ૧૫૦૦ ગામડાંઓની સામે આ અહેવાલમાં એવાં ૨૩૮૧ ગામડાં નોંધાયેલાં છે, કે જ્યાં સંઘની એજન્સી દ્વારા હાથે કાંતવાનું કાર્ય ચાલી રહ્યું છે. વળી જેમ ગત અહેવાલમાં કાંતનારાઓ તેમ જ ગામડાંઓના આંકડાઓનો અંદાજ ઈરાદાપૂર્વક બને તેટલો નીચો આપવામાં આવ્યો હતો, તેવી જ રીતે આ અહેવાલની સમીક્ષામાં પણ તે નીચો જ આપવામાં આવ્યો છે. કુલ ખાદી ઉત્પાદન કેન્દ્રો ૧૭૭ છે. તેમાં ૬૨ ચરખા સંઘ દ્વારા, ૪૧ સહાય દ્વારા અને ૭૪ સ્વતંત્ર રીતે ચાલે છે. ૨૦૪ એવાં ખાદીકેન્દ્રો છે જેમાંનાં ૧૧૫ ચરખા સંઘ દ્વારા, ૪૪ સહાય આપીને અને ૪૫ સ્વતંત્ર રીતે ચાલે છે; અને મધ્યસ્થ કચેરીની સીધી દેખરેખ નીચે કાર્ય કરતા કાર્યકરોની સંખ્યા તેમ જ સહાય મેળવતી સંસ્થાઓના

Gandhi Heritage Portal

કાર્યકરોની કુલ સંખ્યા ૭૪૮ની છે. આ આંકડામાં સ્વતંત્ર સંસ્થાઓમાં કાર્ય કરતા માણસોનો સમાવેશ થતો નથી. સૂતરની ગુણવત્તાના સુધારા વિશે અહેવાલ જણાવે છે:[1]

આ વાતની નોંધ લેતાં સંતોષ થાય છે કે જ્યારે ખાદીની ગુણવત્તામાં સુધારો થતો જાય છે, ત્યારે તેની કિંમતમાં એકધારો ઘટાડો થઈ રહ્યો છે. નીચેની હકીકત ટેક્નિકલ ડિપાર્ટમેન્ટ દ્વારા, ખાદીની ખાસ સેવા અર્થે રજૂ કરવામાં આવી છે, તે રસપૂર્વક વંચાશે:[2]

અહેવાલના બીજા બોધપ્રદ ફકરાઓને તો મારે છોડી જ દેવા પડશે. વાચકની ભૂખ સંતોષવાને મેં પૂરતી હકીકત આપી છે એવી હું આશા રાખું છું. અને જે વાચકોને આ અહેવાલ જોઈતો હોય, તે અખિલ હિંદ ચરખા સંઘ, મિરઝાપુર, અમદાવાદ, એ સરનામેથી ચાર આનાની ટપાલની ટિકિટો મોકલીને મેળવી શકશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ५–४–१९२८

## ૨૧૭. શાસ્ત્રીનો આત્મભોગ

પોતાની નિમણૂકની મુદત પૂરી થયા પછી પણ, પરમ માનનીય શ્રીનિવાસ શાસ્ત્રીએ દક્ષિણ આફ્રિકામાં રહેવાનું નક્કી કર્યું છે એ હકીકત, અહીં દક્ષિણ આફ્રિકાના પ્રશ્નમાં રસ લઈને જેઓ તે ઉપખંડમાં બનતા બનાવોનું ચિંતાપૂર્વક નિરીક્ષણ કરી રહ્યા છે, તેમનાં હૃદયને તો આનંદિત કરશે જ પણ સાથે સાથે ત્યાં જઈને વસેલા લોકોનાં હૃદયને પણ આનંદિત કરશે. શાસ્ત્રીજીની બાબતમાં તેમની અતિપરિચયતાને કારણે યુરોપિયનો તેમની અવજ્ઞા કે ઉપેક્ષા કરતા નથી થયા, પરંતુ તેમના આ 'એજન્ટ જનરલ' પ્રત્યે તેઓ મૈત્રી અને શાંતિના પુરસ્કર્તા તરીકે જોવા પ્રેરાય છે. સૂક્ષ્મ ન્યાયવૃત્તિ ધરાવવાની સાથે સાથે શાસ્ત્રીજી જરૂર જણાય ત્યાં મક્કમ પણ રહેતા હોવાથી યુરોપિયનો તેમના તરફ વિશ્વાસ અને આદરથી જોવા પ્રેરાયા છે. તેમના કાર્યની કદર જાણનારા ત્યાંના હિંદીઓ પણ આપણા આ પ્રતિષ્ઠિત દેશબંધુની ગુણવત્તા ઓળખવામાં અને તેને મૂલવવામાં પાછળ રહ્યા નથી; અને તેથી જ, કોઈ પણ રીતે શક્ય હોય તો, તેઓ તેમનો આફ્રિકાનો વસવાટ લંબાવવાનો આગ્રહ કરી રહ્યા હતા. હું ઇચ્છું છું કે તેઓ હવે સંગઠિત બનીને અને પોતાના પક્ષે કરારનું પાલન કરવામાં સાચા નીવડીને શાસ્ત્રીજી પ્રત્યે તેમનો પ્રેમ અને કદરદાની પ્રદર્શિત કરે. શ્રીયુત શાસ્ત્રીને તેમના આ આત્મભોગ માટે હું અભિનંદન આપું છું. કેમ કે તેમની મુદત પૂરી થતાં ઘેર પાછા ફરવાને તેઓ કેવા આતુર હતા તે હું જાણું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ५–४–१९२८

૧. અને ૨. ઉતારા અહીં આપ્યા નથી.

Gandhi Heritage Portal

## ૨૧૮. એક મિલમાલિકના વિચારો

અમદાવાદના એક મિલમાલિક લખે છે:[1]

આ પત્રની નિખાલસતા મને બહુ ગમે છે. બીજા મિલમાલિકો પણ ભાવ અને જાતનું ધોરણ નક્કી કરવાની શકયતા વિશે આ ભાઈના જેવો જ વિચાર ધરાવતા હોય તો કેવું સારું! રૂના ભાવમાં થતી વધઘટથી કાપડના ભાવમાં બહુ ફેર પડતો નથી એ જાણીને પણ આનંદ થાય છે. અને એ પત્ર લખનાર સજ્જનના વિરુદ્ધ વિચાર છતાં મારે જણાવવું જોઈએ કે જો પરદેશી કાપડનો બહિષ્કાર શકય હોય તો કાપડના ભાવ ઉપર પણ અંકુશ રાખી શકાય. કારણ અમેરિકા આપણા રૂના ભાવને પોતાની ઇચ્છા પ્રમાણે વધારી-ઘટાડી શકે છે તેનું કારણ એક જ છે કે આપણે ઢગલેઢગલા રૂ પરદેશ મોકલીએ છીએ, અને તે પણ જે દેશોમાં અમેરિકા રૂ મોકલે છે તે જ દેશોમાં મોકલીએ છીએ. જો કાપડ ખરીદનાર દેશભક્તિથી પ્રેરાઈ મોંઘે ભાવે પણ કાપડ લેશે એવી આશા રાખી શકાય — અને એ આશા વ્યર્થ નથી નીવડી — તો રૂ ઉગાડનાર ખેડૂત પણ દેશભક્તિથી પ્રેરાઈ ત્યાગ કરવા પ્રેરાશે એવી આશા જરૂર રાખી શકાય. અરે સાચી વાત તો એ છે કે પરદેશી કાપડના બહિષ્કારના મહત્ત્વનું મૂળ એ જ્ઞાનમાં રહેલું છે કે બહિષ્કાર સફળ થવા માટે પ્રજાના પ્રત્યેક અંગે એ પ્રવૃત્તિમાં સ્વેચ્છાપૂર્વક જોડાવું જોઈશે. ગામડામાં વસતા કરોડો લોકો એમાં સ્વેચ્છાથી ઊલટભેર ન જોડાય તો બહિષ્કાર સફળ ન થઈ શકે. મારો એ પ્રવૃત્તિ વિશેનો વિશ્વાસ જતો નથી, કારણ આમવર્ગની દાનત સાફ છે એમ હું જાણું છું. માત્ર શિક્ષિત વર્ગ પોતાની અશ્રદ્ધાને લીધે આડે આવે છે. જો તેઓ પોતાનો ભય, અશ્રદ્ધા છોડીને પ્રવૃત્તિની આગેવાની લે તો આમવર્ગ તેમની પાછળ ચાલશે. અને આ બહિષ્કાર જ એક એવી વસ્તુ છે કે જેમાં સક્રિય રીતે જોડાવાને માટે આમવર્ગને બહુ મોટો ત્યાગ કરવાની જરૂર ન પડે.

પત્ર લખનાર કહે છે કે આપણી મિલો કાપડ બનાવવામાં કૃત્રિમ રેશમ વાપરે એમાં અડચણ નથી. હું એ વિચાર સાથે મળતો નથી થઈ શકતો. તેમણે પરદેશી રંગ અને આરની સાથે કૃત્રિમ રેશમની સરખામણી કરી છે તે ઉતાવળી છે. આજે આપણે પરદેશી રંગ અને આરનો નહીં પણ પરદેશી કાપડનો બહિષ્કાર ઇચ્છીએ છીએ. એટલે દરેક જાતનું પરદેશી સૂતર, પછી તે સાચું અથવા બનાવટી રેશમી હોય, ઊની હોય કે સુતરાઉ હોય, તોપણ તેનો બહિષ્કાર કર્યે જ છૂટકો છે; નહીં તો પછી એવી દલીલ શા સારુ ન કરીએ કે પરદેશી કૃત્રિમ રેશમ વાપરવામાં વાંધો ન હોય તો પરદેશી સૂતર, પરદેશી ઊન અને પરદેશી રેશમ વાપરવામાં શો વાંધો?

પણ પરદેશી રૂની વાત જુદી છે. પરદેશી રૂના બહિષ્કારની જરૂર નથી કારણ એ કાચો માલ છે. વર્ષમાં ઓછામાં ઓછા ચાર મહિના કામ ન મળવાને લીધે ભૂખે મરતા આમવર્ગને માટે આપણને પરદેશી સૂતર અને પરદેશી કાપડના બહિષ્કારની આવશ્યકતા છે, કારણ તેવું સૂતર અને કાપડ તેઓ ઘેરબેઠાં કાંતી શકે છે અને વણી શકે છે.

૧. આ પત્ર અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

વળી જો દેશી મિલોના કાપડને લીધે આ ગરીબ લોકોનો એક જ ઉદ્યોગ હરાઈ જાય, અને તેઓ કામ વિનાના થઈ પડે તો તે કાપડ પણ આપણને અસહ્ય થઈ પડે. એટલે આપણા રાષ્ટ્રીય જીવનના અર્થશાસ્ત્રમાં મિલોનું એટલે જ અંશે સ્થાન છે કે જેટલે અંશે આપણાં કરોડો ઘરોમાં ચાલતા હાથકાંતણના રાષ્ટ્રીય ઉદ્યોગમાં તેઓ વૃદ્ધિ કરી શકે. જો તેઓ એ ઉદ્યોગની સાથે હરીફાઈ કરે અને તેનું સ્થાન લઈ લે તો તો તેઓ અંતરાય રૂપ જ છે. તેમની પ્રવૃત્તિનું સ્વાભાવિક વહન બેશક ગામડાંની કાંતનારી અને ગામડાના વણકર બંનેને રુખસદ આપવા તરફ જ છે. પણ જો મિલમાલિકો, મિલએજન્ટો અને મિલોના શૅરવાળાઓ સાચી રાષ્ટ્રભાવનાવાળા થાય, અને પોતાની પ્રવૃત્તિ લોકોને સૂચવવાને અર્થે નહીં પણ પ્રથમ તેમના હિતને અર્થે અને પછી પોતાના લાભને અર્થે ચલાવે, તો જ તેઓ બહિષ્કારની પ્રવૃત્તિને સમજી શકશે અને તેમાં જોડાઈ શકશે, એટલું જ નહીં પણ આગેવાની કરી શકશે. જો તેઓ આ બાબતમાં દીર્ઘદૃષ્ટિથી જુએ તો તેમને કશું ખોવાનું નથી, અને મેળવવાનું ઘણું છે એ તો ઉપરનો પત્ર સ્પષ્ટ કરે છે. અરે એ તો સ્વતઃસિદ્ધ વાત છે. પરદેશી કાપડના સંપૂર્ણ બહિષ્કારથી આમવર્ગને નિયમિત કામ મળશે એની ખાતરી છે, તો સાથે સાથે છેવટે મિલોને પણ નિયમિત નફો મળશે એની પણ ખાતરી છે.

પણ કાંઈ નહીં તો છેલ્લાં સાત વર્ષોનો મિલઉદ્યોગનો ઈતિહાસ જોતાં તો એવી આશા નથી પડતી કે મિલો આ પ્રસંગનું મહત્ત્વ સમજી દેશ પ્રત્યેની પોતાની ફરજ સમજી લઈને તે અદા કરવાને આગળ આવશે. ખાદીની તરફ અમીદૃષ્ટિ રાખી તેને પોષણ આપવાને બદલે આપણી મિલોએ તો ખાદીની સાથે અનીતિભરી, દેશદ્રોહી અને અયોગ્ય હરીફાઈ ચલાવી છે. સને '૨૫–'૨૬–'૨૭માં મિલોએ ઉત્પન્ન કરેલ ખાદીના આંકડા જુઓ:

| | ૧૯૨૫ | ૧૯૨૬ | ૧૯૨૭ |
|---|---|---|---|
| રતલ | ૨,૨૮,૮૭,૯૭૦ | ૨,૭૨,૩૬,૩૩૭ | ૩,૩૯,૭૭,૮૫૧ |
| વાર | ૬,૫૦,૪૮,૪૮૭ | ૭,૪૩,૧૩,૨૮૦ | ૯,૪૩,૮૦,૩૬૮ |

આટલું કરોડો વાર જાડું કાપડ તેમણે ખાદી તરીકે વેચ્યું છે; અને કેટલીક મિલોએ તો બેશરમ રીતે રેંટિયાની છાપ વગેરે સાધનો વાપરી, મહાસભાસમિતિઓએ ઉત્પન્ન કરેલા ખાદી વાતાવરણનો હડહડતો દુરુપયોગ કરતાં પણ પાછું ફરીને જોયું નથી. આવી રીતે જે મિલોએ જાડું કાપડ ઉત્પન્ન કરી તેને ખાદી તરીકે ખપાવ્યું, તેમણે દેશની સ્પષ્ટ અસેવા કરી છે એમ કહેતાં દુઃખ થાય છે.

જો હવે તેમની આંખ ખૂલી હોય તો, અને બીજા કશા હેતુથી નહીં તો દેશને કરેલી પારાવાર હાનિને માટે મોડું મોડું પણ કાંઈ પ્રાયશ્ચિત્ત કરવા માટે, તેમણે મેં સૂચવેલી શરતે, અથવા બીજી તેવી જ કાર્યસાધક શરતે, બહિષ્કાર પ્રવૃત્તિની આગેવાની લેવી જોઈએ, અથવા તે નહીં બની શકે તો તેમાં જોડાવું જોઈએ.

પણ આ ઉપર આપેલા આંકડા જેમ એક દુઃખદ વસ્તુ પ્રગટ કરે છે તેમ એક આશાજનક વસ્તુ પણ પ્રગટ કરે છે. ખાદી લોકોમાં આટલી બધી પ્રિય થઈ પડી છે એની તો મારા જેવા આશાવાદી અને ખાદીના ખાંને પણ ખબર નહોતી. એ આંકડા બતાવે છે કે આપણે જાણીએ છીએ તેના કરતાં ઘણા વધારે લોકો માતૃભૂમિની હાકલને માન આપી પોતાનાં રુચિ અને ભાવ બદલી, પહેલાં ઝીણું કાપડ વાપરતા હતા તેને બદલે હવે જાડું કાપડ

Gandhi Heritage Portal

વાપરતા થયા છે. ઘણી વાર તો જરૂર તેમણે અગાઉ જેટલી કિંમત ખરચી દેતા તેના કરતાં વધારે કિંમત આપીને કાપડ ખરીદ્યું હશે, અને તેમણે મિલની ખાદી ઘણે ભાગે સાચી ખાદી માનીને અને તેના ઉપર મહાસભાની છાપ છે એમ માનીને જ ખરીદી હશે. આમવર્ગને માટે તીવ્ર પ્રેમ રાખનારને આ આંકડામાંથી, અને તેમાંથી કાઢેલાં મારાં યોગ્ય અનુમાનોમાંથી, વિચાર કરવાને માટે પુષ્કળ વસ્તુ મળશે અને આશાનું પણ એટલું જ કારણ મળશે.

મારી યુરોપની મુલાકાતનો કાગળ લખનાર ભાઈને ડર છે. તો તે વિશે તેમને ખાતરી આપું કે જો થોડા સમયમાં બહિષ્કારની કાર્યસાધક યોજના પાકે તો મારે યુરોપ જવું નથી.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૫–૪–૧૯૨૮

ભાષાંતર : નવજીવન, ૮–૪–૧૯૨૮

## ૨૧૯. નોંધ

### આફ્રિકનો અને હિંદીઓ

દીનબંધુ ઍન્ડ્રૂઝ તાજેતરમાં અહીં હતા ત્યારે તેમણે, ટ્રાન્સવાલમાં હિંદીઓ તરફથી શરૂ થયેલી આફ્રિકનોથી હિંદીઓને અલગ પાડવાની હિલચાલ વિશે ગુરુદેવે છાપાંમાં આપેલાં લખાણ તરફ મારું ધ્યાન દોર્યું હતું અને તે બાબતમાં મારો અભિપ્રાય પણ માગ્યો હતો. આ હિલચાલને કશી અગત્ય આપવાની જરૂર નથી એમ હું માનું છું. કારણ કે મને લાગે છે કે તેને કોઈ પાયો નથી. હિંદીઓનાં અને આફ્રિકનોનાં હિતો એટલાં બધાં સમાન છે કે હિંદીઓ આફ્રિકનોને અલગ પાડવાનો વિચાર સેવી જ ન શકે. આફ્રિકનોની સહાનુભૂતિ અને મૈત્રી સિવાય તેઓ દક્ષિણ આફ્રિકામાં લાંબો સમય ટકી જ ન શકે. હિંદી પ્રજાના વિશાળ વર્ગે પોતે આ આફ્રિકનો કરતાં કંઈક વિશેષ છે એવો અભિમાનનો ભાવ કદી દાખવ્યો હોય એવું મારી જાણમાં નથી. પરંતુ દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓમાં એવી કોઈ હિલચાલ જડ ઘાલશે તો એ એક કરુણતા જ નીવડશે. એ કહેવાની જરૂર નથી કે ગુરુદેવે આ બાબતને તિરસ્કારતો જે અભિપ્રાય તેમની સબળ વાણીમાં વ્યક્ત કર્યો છે, તેની સાથે હું પૂર્ણ રીતે સંમત થાઉં છું. આ કહેવાતી હિલચાલના નેતાઓ તરફથી કહેવાયું છે કે “આપણા એજન્ટ જનરલ જ આપણને આટલી હલકી સપાટીએ લઈ જવા પ્રયાસ કરી રહ્યા છે એમ માનવું એ ભારતીય ભાવનાને, ભારતીય રાષ્ટ્રીય સ્વમાન અને સંસ્કૃતિને હિણપત લગાડનારું છે.” તે જો સાચું હોય તો દક્ષિણ આફ્રિકાના ગોરાઓ આપણી પ્રત્યે જે અનુચિત વર્તાવ રાખી રહ્યા છે, તેનો પ્રતિકાર કરવાનું આપણે માટે મુશ્કેલ બની જશે; અને આપણા વિરુદ્ધનો તેમનો દાવો સબળ થશે. અને સૌથી વિશેષ તો દક્ષિણ આફ્રિકાના ગોરાઓ તેમના તિરસ્કાર અને પૂર્વગ્રહને આપણી વિરુદ્ધ સક્રિય બનાવી શકે એમ છે, જ્યારે દક્ષિણ આફ્રિકાના વતનીઓ પ્રત્યેના આપણા એવા વર્તાવના પ્રત્યાઘાતો આપણી વિરુદ્ધમાં જ પડી શકે.

### સ્ત્રીઓ અને ઝવેરાત

તામિલનાડુનાં એક લેડી ડૉક્ટરે તેના એક પત્ર સાથે તેમાં વર્ણવેલી ભેટ મોકલી છે. મારા અભિપ્રાય પ્રમાણે આ પત્ર એ ભેટના મૂલ્યને વધારે છે અને તે બીજાને દૃષ્ટાંતરૂપ નીવડે

Gandhi Heritage Portal

એવો સંભવ જણાતાં, તેના લખાણને ટૂંકાવીને, અને દાતાનું નામ, રાજા અને સ્થળના નામને છોડી દઈને હું તે નીચે આપું છું:

> તમને એટલું જણાવવા બહુ થોડી લીટીઓ લખવા માગું છું કે ગઈ કાલે મેં આપને એક હીરાની વીંટી અને એરિંગની જોડી પારસલ દ્વારા મોકલી છે. આ વસ્તુઓ રાજમહેલમાંની મારી સેવાઓની સ્મૃતિરૂપે જ્યારે . . . રાજાને પાટવી કુંવરનો જન્મ થયો ત્યારે મને આપવામાં આવી હતી. જ્યારે તમે અમારા રાજમહેલ નજીકથી પસાર થયા, ત્યારે સરકારના ભયને લઈને, રાજાએ તમને પોતાના મહેલમાં નિમંત્રણ આપવાની હિંમત ન બતાવી એમ મને કહેવામાં આવ્યું ત્યારે મને ઘણું દુઃખ થયું. તમારી આ મુલાકાત પછી હમેશાં મારી સાથે રહેતાં આ ઝવેરાત તરફ જોતાં મને જે લાગણી થઈ, તેની તમે કલ્પના કરી શકશો. જ્યારે હું તેના તરફ જોતી હતી, ત્યારે મારા હૃદયમાં કટુતાનો ભાવ પેદા થયો અને તરત જ, તે જેમને વિશે આપ અહીં હતા ત્યારે બોલ્યા હતા, તે લાખો ભૂખે મરતાં દેશજનો પ્રત્યેની સહાનુભૂતિમાં ફેરવાઈ ગયો. મનમાં જ હું બોલી: “ઝવેરાત શું પ્રજાના પૈસામાંથી જ બનેલાં નથી? અને તેને મારાં પોતાનાં ગણીને રાખવાનો મને શો અધિકાર છે?” એ પછી તે આપને મોકલી આપવાનો મેં નિશ્ચય કર્યો. આપ તેને ખાદી સેવાના એક કાર્યમાં વાપરી શકો અને તેમ કરીને ભૂખે મરતાં કરોડોને થોડી સહાય કરી શકો. મને ચોક્કસ લાગે છે કે આ ચીજો મારી પેટીના એક ખૂણામાં પડી રહે તેના કરતાં તેનો વધારે સારો ઉપયોગ થાય તો સારું. એક મિત્રે તેની ૫૦૦ રૂપિયા જેટલી કિંમત આંકી છે. તેથી તેટલી કિંમતનો વીમો ઉતરાવી પાર્સલ મોકલ્યું છે. હું એટલી જ આશા રાખું છું કે સખી ગૃહસ્થ, એ મોકલવાના સંજોગોનો વિચાર કરીને, આપે છે તેના કરતાં વધારે કિંમત આપશે. આ કાગળનો આપને યોગ્ય લાગે તેવો ઉપયોગ કરશો.

જ્યારે ભયનું કોઈ કારણ હોતું નથી, ત્યારે આપણે કેવી રીતે ભયની કલ્પના કરીએ છીએ એનું આ નોંધપાત્ર દૃષ્ટાંત છે. એવા ઘણા રાજાઓ છે જેમણે ખુલ્લી રીતે અને સ્વેચ્છાપૂર્વક ખાદીપ્રચારને ટેકો આપ્યો છે અને તેમ કરીને આ પત્રલેખક લખે છે તેમ, જેમના શ્રમને લઈને જ રાજવીઓની સંપત્તિનો મોટો ભાગ ઉત્પન્ન થાય છે, તેવાં લાખો ગરીબ દેશજનોની સેવા કરી છે. એ સાચું છે કે ખાદી રાજકીય મહત્ત્વ ધરાવે છે જ. પરંતુ હજી આપણે એ ભૂમિકાએ પહોંચ્યા નથી કે જ્યારે ખાદીને ટેકો આપવાની વાતને સરકાર સહેલાઈથી ફોજદારી ગુના તરીકે જાહેર કરી શકે. માનવસેવાની પ્રત્યેક પ્રવૃત્તિનો ઉપયોગ રાજકીય હેતુસર કરી શકાય છે; પરંતુ એ કારણે તેનાં માનવસેવાનાં પાસાં અંગે પણ બહિષ્કાર કરવામાં આવે તો તે દુઃખની વાત થશે. પણ અહીં એટલું કહેવું બિલકુલ વાજબી ગણાશે કે લેડી ડૉક્ટરે જે રાજવીનો ઉલ્લેખ કર્યો છે તે એવા એકલા રાજવી નથી, જે ખાદીને જાહેરમાં ટેકો આપતાં ડરતા હોય અથવા મારા જેવા અદના જાહેર સેવક પ્રત્યે સૌજન્ય દાખવતાં ભડકતા હોય. એ તો સારું જ છે કે રાજાએ કરેલા મારા બહિષ્કારે એક બહેનના હૃદયમાં આ મૂલ્યવાન ભેટ આપવાની પ્રેરણા ઉત્પન્ન કરી. પરંતુ આ નોંધ જે બહેનોની નજરે ચડે, તેમને હું એ વાત સમજવા વિનંતી કરું છું કે દેશનાં લાખો ભૂખ્યાં જનોને સહાય કરવા અર્થે આ દાતા-બહેનને જે બનાવે વિચાર કરતાં કરી દીધી અને પરિણામે તેના હૃદયમાં અર્પણની ભાવના જન્મી, તેવો પ્રસંગ પોતાના જીવનમાં પણ આવે ત્યાં સુધી તેમણે એની માફક રાહ જોવાની જરૂર નથી.

Gandhi Heritage Portal

એવા અનુભવ વિના પણ એ સમજવું મુશ્કેલ નથી કે જ્યાં સુધી દેશમાં લાખો ભૂખ્યાં સ્ત્રીપુરુષો ધંધા અને અન્નના અભાવે પીડાઈ રહ્યાં છે, ત્યાં સુધી પોતાના અંગને શણગારવા કે આત્મ-સંતોષ ખાતર આ મૂલ્યવાન રત્નો રાખવાનો બહેનોને લેશમાત્ર અધિકાર નથી. આ પૃષ્ઠોમાં આ પહેલાં મેં કહ્યું છે તેમ ભારતની શ્રીમંત બહેનો જો પોતાની શોખની ચીજોનો ત્યાગ કરશે અને ખાદીમાં શકય હોય એટલા જ શણગારથી સંતોષ માનશે તો તેનાથી એક પ્રચંડ નૈતિક ભાવનાનું મોજું ઉત્પન્ન થતાં તેની દેશના કરોડો માનવીઓ ઉપર અને આ ભૂખ્યા બાંધવો ઉપર જે જબરી અસર થશે તે વાત બાજુએ રાખીએ તોપણ, શ્રીમંત બહેનોના આવા ત્યાગના પ્રતાપે સમગ્ર ખાદીયોજનાને આગળ ધપાવવાનું પુણ્ય હાંસલ થશે.

## કર્વે જ્યુબિલી

કર્વે જ્યુબિલી સમિતિના પ્રમુખ શ્રીયુત વી. એમ. જોશીની નીચેની અપીલ પ્રસિદ્ધ કરતાં મને ભારે આનંદ થાય છે:[1]

પ્રો. કર્વે એવા સામાન્ય કોટિના પુરુષ નથી કે તેમને લાડ લડાવતી જાહેર જનતાને તેઓ સંતોષી શકે એટલાથી પોતે સંતોષાઈ જાય. કેટલીક વાર એ જનતા અભિમાની અને હાજરી લઈ નાખનારી સાબિત થાય છે, તેમ છતાં જો તેના ફુરસદના કલાકો દરમ્યાન માણસે તેની થોડી સેવા કરી હોય, તો તેને માટે તે સોમાંથી નવ્વાણું વખત સારા ગુણોનું પ્રમાણપત્ર આપી દે છે. પરંતુ પ્રો. કર્વેએ જે સ્વામીની સેવા કરી છે, તે કદી ઉદાર નથી, સહેલાઈથી પ્રસન્ન થઈ જાય તેવો નથી, જોકે તે હમેશાં ન્યાયી છે. તેમનો આ સ્વામી એમનું અંતઃકરણ છે. એમનું આત્મવિલોપન, પોતાના કર્તવ્ય પ્રત્યેની અપ્રતિમ નિષ્ઠા, એમની અદમ્ય શક્તિ, બધા સંજોગો વચ્ચે જળવાઈ રહેતી એમની પ્રામાણિકતા, વિરોધના વાતાવરણ વચ્ચે પણ નહીં ડગનારી એમની શ્રદ્ધા અને તેમનો અદમ્ય આશાવાદ——એ દેશની પ્રથમ પંક્તિની રાષ્ટ્રીય સંપત્તિ છે. આ મહાન શક્તિઓને તેમણે જે કાર્યો માટે અર્પણ કરી છે, તે વિશે મતભેદ હાઈ શકે. પરંતુ એ મહાન ગુણો વિશે બે મત હોઈ જ ન શકે અને આ મહાન ગુણો ખુદ આ કાર્ય કરતાં ખૂબ જ કીમતી અને ચિરંજીવી રહેશે. જ્યુબિલીના આયોજકોએ ૨૫,૦૦૦ રૂપિયા જેવી રકમ એકઠી કરવાનું નમ્ર કાર્ય સ્વેચ્છાપૂર્વક સ્વીકાર્યું છે. આ રકમ પ્રો. કર્વેને તેમના કાર્ય માટે અર્પણ કરવાની છે. મૂંગા અને નિઃસ્વાર્થી કાર્યકર્તાઓમાં અત્યંત મહાન એવા આ સેવકની અસર નીચે ઊછરેલાં અને સંપર્કમાં આવેલાં અથવા જેમણે એમના આજીવન શ્રમનો લાભ ઉઠાવ્યો છે તેવાં ભાઈબહેનો તરફથી જ આ રકમ સત્વરે એકઠી થવી જોઈએ.

यंग इन्डिया, ५–४–१९२८

૧. અપીલ અહીં આપી નથી.

Gandhi Heritage Portal

## ૨૨૦. ડૉ. સી. મુથુને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૫, ૧૯૨૮

પ્રિય ડૉ. મુથુ,

તમારી ચિઠ્ઠી મને મળી છે. તમારા સાહસને બધી રીતે સફળતા ઇચ્છું છું. હું સમજું છું તે પ્રમાણે તો તમારી પદ્ધતિમાં ફેફસાંના ક્ષયવાળા દર્દીઓની ખુલ્લી હવા અને આહાર [વડે] સારવાર થાય છે. તમે તો જાણો છો કે મને દવાદારૂ અને એવી ચીજો પ્રત્યે અણગમો છે. આપણા સુક્કા દેશમાં જે રોગો ન થવા જોઈએ તેવા રોગોના ઇલાજ માટે, નિસર્ગોપચાર કહી શકાય તેવા અને દવાદારૂ સિવાય થતા દરેક પ્રામાણિક પ્રયત્નને હું આવકારું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૬૧

## ૨૨૧. જવાહરલાલ નેહરુને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૫, ૧૯૨૮

પ્રિય ભાઈ જવાહર,

યંગ ઇન્ડિયાના ચાલુ અંકમાં મિલો ઉપરનો મારો લેખ[1] તમે જોશો. એમના તરફથી હમણાં એક છેલ્લું પગલું આપણને પૂછ્યા સિવાય સ્વદેશી સંઘ સ્થાપવા માટેનું છે. મારા પ્રયાસમાંથી કશું સંગીન પરિણામ આવે એમ માનશો નહીં. તેઓ ભલે પોતાની યોજનાઓને બધાં સાધનો વાપરીને આગળ ધપાવે. મારી સમજ પ્રમાણે આપણે ખાદીફેરી ઉપર આપણું ધ્યાન કેન્દ્રિત કરવું જ જોઈએ.

યુરોપની મુલાકાત માટે હજી છેવટનો નિર્ણય લઈ શકાયો નથી. હું એ ટાળ્યા કરું છું અને રોલાં તરફથી તે બાબતમાં કંઈક આગળ ઇશારો મળે તે ઉપર મેં એ વાતને ટાળી છે. આ ઇશારો આવતે અઠવાડિયે મળવો જોઈએ.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૬૨

૧. જુઓ "એક મિલમાલિકના વિચારો", ૫-૪-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૨૨૨. શાંતિકુમાર મોરારજીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૫, ૧૯૨૮

પ્રિય શાંતિકુમાર,

તમારો પત્ર મને મળ્યો છે. આગળ શું થાય છે તે જોવા હું થોભીશ.

તમારો સહૃદયી
**બાપુ**

[મૂળ અંગ્રેજી]

મૂળ પરથી: સી. ડબલ્યુ. ૪૭૮૮; શ્રી શાંતિકુમાર મોરારજીના સૌજન્યથી

## ૨૨૩. બહેરામજી ખંભાતાને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૬, ૧૯૨૮

પ્રિય ભાઈ ખંભાતા,

એડનથી તમારો રેડિયો-સંદેશો મળ્યો છે. મેં જવાબ આપ્યો ત્યારે મને ખબર ન હતી કે એ રેડિયો-સંદેશો હતો. તેથી મેં તમારા મુંબઈના સરનામે તાર[1] કર્યો છે. શ્રી કાપડિયાએ તે તાર સ્વીકારીને તેની પહોંચ મોકલી છે. હું આશા રાખું છું કે જાલે આ મુસાફરી આરામથી કરી હશે અને તેને અને તમને તેથી લાભ થયો હશે.

ઑસ્ટ્રિયન મિત્રોને ઉદ્દેશીને લખાયેલો એક પત્ર[2] હું આ સાથે બીડું છું. જો તમે વિયેનામાં ઑપરેશન કરાવવાનું નક્કી કરો, તો તેઓ તમને ડૉક્ટરની પસંદગી કરવામાં માર્ગ-દર્શન આપશે.

ઈશ્વર જાલ ઉપર આશીર્વાદ વરસાવો. તમને સૌને પ્રેમ સહિત,

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૧૬૭

૧. મળતો નથી.
૨. જુઓ આ પછીનો પત્ર.



Gandhi Heritage Portal

## ૨૨૪. ફ્રેડરિક અને ફ્રાન્સિસ્કા સ્ટૅન્ડેનેથને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૬, ૧૯૨૮

પ્રિય મિત્રો,

આ પત્ર લાવનાર શ્રી ખંભાતા, મારા પ્રિય મિત્ર અને સહકાર્યકર છે. તેમના ડૉકટરોની સલાહ અનુસાર, તેઓ તેમના એકના એક પુત્રને તપાસાવવાને, અને જરૂર પડે તો ઑપરેશન કરાવવા યુરોપ ગયા છે. મને ખાતરી છે કે સારા સર્જનની પસંદગી માટે તમે તેમને દરેક રીતે મદદ કરશો અને આપી શકાય એટલી દોરવણી આપશો.

તમારો સહૃદયી

ડૉ. અને મિસિસ સ્ટૅન્ડેનેથ
ગ્રાઝ (સ્ટીરિયામાં)
ટ્રાઉટમૅન્સડોર્ફગૅસ્સે–૧
(ઑસ્ટ્રિયા)

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૨૮૧

## ૨૨૫. શ્રીમતી એમ. એમ. સિંઘને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૬, ૧૯૨૮

પ્રિય બહેન,

તમારો પત્ર મળ્યો છે. આશ્રમના સભ્યને ઓળખતા ન હોય તેવા અજાણ્યા લોકોને સાધારણ રીતે આશ્રમમાં રહેવા દેવામાં આવતા નથી. તેથી જો તમે ગંભીરતાપૂર્વક આશ્રમમાં રહેવાનો વિચાર કરતાં હો તો, તમારી બધી જ માહિતી આપી એ બાબત આશ્રમના સંચાલક મંડળના મંત્રીને જણાવવા હું તમને સૂચવું છું. અને હું તમને એ પણ જણાવી દઉં કે અત્યારે તો આશ્રમ પૂરેપૂરો ભરેલો છે.

તમારો સહૃદયી

શ્રીમતી એમ. એમ. સિંઘ
અપ્ટન હાઉસ
ન્યૂ કૅન્ટોનમૅન્ટ રોડ
દહેરાદૂન

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૧૬૩

Gandhi Heritage Portal

## ૨૨૬. એમ. દીવાન નારાયણદાસને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૬, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મને મળ્યો છે. માનવ સંબંધોનું નિયમન જો ગણિતના નિયમ મુજબ થતું હોય, તો તમે જે દરખાસ્ત કરો છો તે યોગ્ય ગણાય. પણ જેમ ૩૦ ટંકનું ભોજન દસ ટંકમાં એકસાથે ખાઈ જવું એ ૩૦ ટંકનું ભોજન દરરોજ નિયમિત ખાવા બરાબર નથી, તેમ છ મહિનાનું કાંતણ ૧૫ દિવસમાં પૂરું કરો એ ચાલી ન શકે. આની પાછળ ખ્યાલ એ છે કે તે દ્વારા માણસની સતત ધૃતિ અને શિસ્તને ચકાસવી.

તમારાં માતાપિતા સામે સત્યાગ્રહ કરીને તેમની પાસેથી પરાણે અનુમતિ મેળવવી એ તમારે માટે પૂરતું નહીં થાય. તેમની અનુમતિ તમારે ખંત અને ચારિત્ર્યબળ દ્વારા જ મેળવવી જોઈએ.

તમારો સહૃદયી

શ્રીયુત એમ. દીવાન નારાયણદાસ
ક્રિશ્ના કૉટેજ
ન્યૂ હાઈસ્કૂલ બિલ્ડિંગ
હસનઅલી એફીન્ડિ રોડ
કરાંચી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૧૬૪

Gandhi Heritage Portal

## ૨૨૭. વાય. આર. ગાયતોંડેને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૬, ૧૯૨૮

પ્રિય ભાઈ ગાયતોંડે,

તમે ઝટ અભિપ્રાય આપ્યો એ બદલ હું તમારો આભાર માનું છું. તમે જે પુસ્તકો વિશે વચન આપ્યું છે તેની હું રાહ જોઈશ.

તમે કહો છો કે ડ્રમનો ઉપયોગ કરવામાં આવે તો ઍંજિન જરૂરી બનશે. પણ જે અમેરિકન મિત્ર વિશે મેં તમને લખ્યું હતું, તેમની પાસેથી મને એ જાણવા મળ્યું કે ડ્રમને માણસ અથવા પશુની મદદથી બહુ મુશ્કેલી વિના અને બહુ ઓછા ખર્ચે ચલાવી શકાય. નાના ચર્માલયના વિકાસ માટે આવું ડ્રમ તમને જરૂરી લાગે છે ખરું?

તમારો સહૃદયી

વાય. આર. ગાયતોંડે એસ્ક્વાયર
બી. ૧૨ આંબેવાડી
ગિરગાંવ, મુંબઈ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૧૩૯૭

## ૨૨૮. ગંગારામને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૬, ૧૯૨૮

ભાઈશ્રી,

બાઘાત રાજ્યના[1] કોળીઓ વિશે મેં ફરી લખ્યું છે, તે તમે જોશો. એ ખરેખર આઘાત લાગે એવી બાબત છે. મને તમારો પ્રથમ પત્ર મળ્યો ત્યારે મને ખ્યાલ ન આવ્યો કે મારા પત્રલેખક તો મારા જૂના મિત્ર રાયસાહેબ છે. તેથી જ્યારે મને એ વાતની ખબર પડી ત્યારે મને આનંદ થયો.

આ દીવાન કોણ છે? અને બાઘાત રાજ્યનો શો દરજ્જો છે? તેની વસ્તી કેટલી છે? ત્યાં જાહેર લોકમત જેવું કંઈ છે કે નહીં? આ રાજ્યમાં જવું હોય તો કેવી રીતે જવાય? શું કોળીઓએ ભયથી જનોઈનો ત્યાગ કર્યો છે કે?

તમારો સહૃદયી

લાલા ગંગારામ
આર્ય ફાર્મ
દિલ્હી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૬૫

૧. જુઓ "બાઘાત રાજ્ય અને યજ્ઞોપવીત", ૫-૪-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૨૨૯. એસ. રાધાકૃષ્ણનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૬, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારા માયાળુ પત્ર બદલ તમારો આભાર માનું છું. યુરોપની સૂચિત મુલાકાત માટે હજી કશું નક્કી નથી. મારે માટે કોઈ નિર્ણય કરવાનું મુશ્કેલ છે.

તમે જે લેખ મારી પાસે માગ્યો છે, તે બાબતમાં તમે મારી ઉપર દયા લાવો એમ હું ઇચ્છું છું. હું એટલો બધો ખાલીખમ થઈ ગયો છું અને મારે યંગ ઇન્ડિયા અને નવજીવનને એટલો બધો સમય આપવો પડે છે કે બીજા કોઈ લખાણ માટે ભાગ્યે જ સમય રહે છે.

તમારો સહૃદયી

પ્રો. એસ. રાધાકૃષ્ણન
૪૯/આઈ. સી. હરીશ મુકરજી રોડ
ભવાનીપુર
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : ૧૩૧૬૬

## ૨૩૦. જે. બી. પેનિંગ્ટનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૬, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારા બે પત્રો મળ્યા છે. તે બદલ હું તમારો આભાર માનું છું. હું કામમાં એટલો બધો રોકાયેલો રહું છું કે હજી તમારી ચોપડી હાથમાં જ લઈ શકયો નથી.

જો તમે એમ ધારતા હો કે મારાં યંગ ઇન્ડિયાનાં લખાણો અને મિસ મેયોના પુસ્તક વચ્ચે કશો ફરક નથી, તો મારી પાસે મિસ મેયોના કૃત્ય વિરુદ્ધ રજૂ કરવાને વધારે દલીલો નથી. જો તમારો હિંદનો અનુભવ મિસ મેયોના અનુભવ સાથે મળતો થતો હોય, તો કોઈ પણ દલીલ તમને તમારી માન્યતા વિરુદ્ધ પલટાવી શકશે નહીં.

તમારો સહૃદયી

જે. બી. પેનિંગ્ટન, એસ્ક્વાયર
૫, એવેલ પાર્ક ગાર્ડન્સ
એવેલ, સરે

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૨૮૦

Gandhi Heritage Portal

## ૨૩૧. જી. રામચન્દ્રનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૬, ૧૯૨૮

પ્રિય ભાઈ રામચંદ્રન્,

મારા અગાઉના પત્રના અનુસંધાનમાં હું આ સાથે એક બિડાણ મોકલું છું. એમાં કરેલું સૂચન તમે જેમ બને તેમ જલદી સ્વીકારો એ માટે હું આતુર છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૯૧

## ૨૩૨. ચાર્લી યુ. મૉર્સેલોને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૬, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મને મળ્યો છે. હું કોઈ પણ જાતના ચમત્કારો કરતો નથી, તેમ ચમત્કારમાં હું માનતો પણ નથી. ઈશ્વર તમને જે આપે તેથી સંતોષ રાખવાની હું તમને સલાહ આપું છું. તમે એ વાત યાદ રાખો કે એવા ઘણા માણસો છે જે તમારા કરતાં પણ વધારે ખરાબ સ્થિતિમાં જીવન ગુજારે છે. અને આખરે તો, શારીરિક અંધાપો નૈતિક અંધાપાની સરખામણીમાં અરધો પણ ખરાબ નથી. અને આપણી શારીરિક ક્ષતિઓ ઉપર આપણે કશું પ્રભુત્વ ધરાવી શકતા નથી પણ નૈતિક નબળાઈઓ ઉપર તો અવશ્ય પ્રભુત્વ ધરાવી શકીએ છીએ. તેથી જો ચમત્કાર જેવી કોઈ વસ્તુ હોય, તો તેને માણસે પોતાના નૈતિક કલ્યાણ પાછળ અજમાવી જોવી જોઈએ.

તમારો સહૃદયી

ચાર્લી યુ. મૉર્સેલો, એસ્ક્વાયર
પો. બૉ. ૧૨૩, વૉટર્લૂ
ન્યૂ યૉર્ક, યુ. એસ. એ.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૨૮૨

Gandhi Heritage Portal

## ૨૩૩. એન. આર. મલકાનીને પત્ર

એપ્રિલ ૭, ૧૯૨૮

પ્રિય ભાઈ મલકાની,

તમારો પત્ર મને મળ્યો છે. મને તમારા બજેટની જરૂર નહોતી. તમારી વીમાની પૉલિસી રદ કરવાનું મારે તમને કહેવું જ ન જોઈએ. મારા મન ઉપર જેનો ભાર રહેતો હતો, તે જ હકીકત કેવળ મેં તમને મોકલી છે. મારી પૂછપરછથી તમારું મન વ્યથિત ન થવું જોઈએ. આપણે સૌએ જેવા છીએ તેવા જ દેખાવાનો પ્રયત્ન કરવો જોઈએ. અને જો આપણે તેમ કરી શકીશું, તો આપણે કોઈ પણ પ્રશ્નો વિશે ચિંતા કરવાનું રહેશે નહીં. ૨૦૦ રૂપિયા હું મેળવીશ અને તે પણ સ્વમાન ગુમાવ્યા સિવાય. પણ તમારી પાસેથી હમેશાં ઊંચામાં ઊંચી આશા રાખવાના મારા અધિકારને તમે અબાધિત રાખશો એમ ઇચ્છું છું. તમારે દહેજ માટે શું કામ ચિંતા કરવાની હોય? તમારે તો એક કોડી પણ આપવાની નથી. દીકરીઓને આમિલ કુટુંબમાં શા માટે ચાહીને પરણાવવી જોઈએ? તમારે તમારી દીકરીઓને, તેમની નાતજાત ભૂલી જવાનું શિક્ષણ અત્યારથી જ આપવું જોઈએ. તેઓ સમગ્ર હિંદની છે. અને જો તમે મારા વર્ણાશ્રમના વિચારોમાં માનતા હો તો આ વસ્તુ તદ્દન સરળ બની જાય છે.

અલબત્ત, તમારે તેને ભાડા અને ખોરાક સિવાય ત્યાં કશું આપવાની જરૂર રહેશે નહીં.

પ્યાર.

**બાપુ**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૮૮૫

## ૨૩૪. આઈ. પી. થુરાઈરત્નમને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૭, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો કાગળ મને મળ્યો. હું વિદ્યાર્થી પરિષદને સઘળી રીતે સફળતા ઇચ્છું છું. હું ઇચ્છું છું કે વિદ્યાર્થીઓ તેમના પોતાના દેશનાં લાખો ભૂખ્યાં જનોને નહીં વીસરે અને તેમને માટે, મદદ કરવાની એક માત્ર અસરકારક રીત ખાદી ધારણ કરવી એ છે.

તમારો સહૃદયી

શ્રીયુત આઈ. પી. થુરાઈરત્નમ્
મંત્રી, વિદ્યાર્થી પરિષદ
ચવકાચેરી, સિલોન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૭૨

Gandhi Heritage Portal

# ૨૩૫. રેહાનાબહેન તૈયબજીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૭, ૧૯૨૮

પ્રિય બહેન રેહાના,

કાગળ ન લખવા કરતાં કોઈ પાસે લખાવેલો કાગળ વધારે સારો. સૌહેલાને મારાં અભિનંદન અને બેબીને બંને ગાલે, હોઠે, કપાળે અને માથા વચ્ચે અનેક અનેક ચૂમીઓ.

તારાં વધારે ગીતો સાંભળવાનો વખત મળ્યો હોત તો કેવું સારું થાત?

તારો સહૃદયી

કુમારી રેહાના તૈયબજી
કૅમ્પ, બરોડા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૧૬૯

# ૨૩૬. ડૉ. એમ. એ. અનસારીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૭, ૧૯૨૮

પ્રિય ડૉ. અનસારી,

તમારો પત્ર મળ્યો છે. તમે વાઈસરૉયને લખેલા પત્ર બાબતમાં હું તમારી સાથે સંમત થાઉં છું. અલબત્ત, હું તમારા એ દૃષ્ટિબિંદુ સાથે પૂરેપૂરો સંમત થાઉં છું કે જો દેશી રજવાડાં આપણને મદદ કરે, તો આપણે તે આનંદથી સ્વીકારીશું. પરંતુ હું એ પણ જાણું છું કે જે સંસ્થા ચોખ્ખી રીતે અસહકારમાંથી જન્મી છે અને જે એ જ વાતાવરણમાં વિકસી છે, તેને મદદ કરવાની એ રજવાડાં હિંમત જ નહીં કરે. પરંતુ તે અસહકારી સંસ્થા છે એમ ચોક્કસ જાણ્યા પછી પણ જો તેઓ મદદ કરે તો આપણે તે સહર્ષ સ્વીકારવી જોઈએ.

યુરોપની સૂચિત મુલાકાત મને હમણાં ખૂબ જ મૂંઝવી રહી છે. હું મારી જાતે નિર્ણય કરી શકતો નથી. હું જાણું છું કે મારે આવી ડામાડોળ સ્થિતિમાં રહેવું ન જોઈએ. પરંતુ મારી નબળાઈ ઢાંકવાથી મને શો ફાયદો? એને માટે હું કશું કારણ આપી શકતો નથી. તેમ છતાં મોડામાં મોડો, આવતા પખવાડિયામાં મારે તે બાબતમાં નિર્ણય કરી લેવો જોઈશે. ત્યાં જવાથી શરીરનું સ્વાસ્થ્ય સારું થાય એ બાબતનું મને આકર્ષણ નથી. મોં. રોમાં રોલાં સાથેનું મિલન અને યુરોપના મુખ્ય માણસો સાથેની શાંત ચર્ચાવિચારણા આ બંને બાબતો મને યુરોપ ખેંચી જવાને પૂરતી છે. હવે ઈશ્વર મને કેવી રીતે દોરે છે તે આપણે જોઈએ.

Gandhi Heritage Portal

બેગમ અનસારી અને ઝોહરા તેમના નવા રહેઠાણમાં હું રહેવા આવું એમ ઇચ્છે છે. પણ તેથી શો ફાયદો? હું ત્યાં હોઉં છું તે વખતે તેઓ બુરખો ઓઢીને મારાથી ખાસ્સાં દૂર રહે છે. જો તેઓ હું ત્યાં આવું એમ ચાહતાં હોય તો પડદા નીચે ઢાંકી રાખેલી તેમની બિનજરૂરી બંગડીઓ તેમ જ બીજું ઝવેરાત તેમણે ખુલ્લું કરવું પડશે કે જેથી તેમને નકામા બોજાથી હું હળવાં કરી શકું અને તે કોઈ સદ્કાર્યમાં વાપરી શકું.

જામિયાના ભંડોળને લાગેવળગે છે ત્યાં સુધી મને શંકા છે કે આપણે વ્યક્તિગત મિત્રો સિવાય બીજા કોઈ પાસેથી ભંડોળ મેળવવા ઉપરાંત બીજું કંઈ કરી શકીશું નહીં; અને આ થઈ શકે તે માટે એ બંધારણ અને ટ્રસ્ટ-ડીડ મેળવવું જરૂરનું છે. તેથી એ કાર્યની તાકીદ કરવા વિનંતી છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૧૭૦

## ૨૩૭. મિસિસ સૅમ હિગિનબૉટમને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૭, ૧૯૨૮

પ્રિય બહેન,

તમારા પતિને[૧] જે પૂછપરછ કરેલી, તેનો તમે તાત્કાલિક ઉત્તર આપ્યો એ બહુ જ સારું કર્યું. તમે જ્યારે તેમને પત્ર લખો ત્યારે મારા આદરપૂર્વક પ્રણામ પાઠવશો.

યુરોપની સૂચિત મુલાકાત વિશે હજી કશું ચોક્કસ નથી. અને કદાચ હું યુરોપ જાઉં તો પણ, હું નથી ધારતો કે જે થોડા મહિના હું આ યાત્રાને આપી શકું તેમાં હું યુરોપ અને અમેરિકા બંનેની મુલાકાત સાંકળી લેવાને શક્તિમાન થાઉં.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૧૭૧

૧. જુઓ "સૅમ હિગિનબૉટમને પત્ર", ૨૮-૩-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૨૩૮. એ. એ. પૉલને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૭, ૧૯૨૮

પ્રિય ભાઈ રાજન,

ન્યૂસ શીટના મે માસના અંક માટેનો મારો સંદેશો આ સાથે સામેલ છે. જો હું દરેક અંકમાં સંદેશો આપવાનું કબૂલું, તો માનજો કે હુ પીધેલ હાલતમાં જ હતો; અને આવી હાલતમાં આપેલાં વચનોની કંઈ કિંમત હોતી નથી.

જોસેફના બનેવી ગુજરી ગયા છે તેની મને જાણ જ ન હતી. તમે મને તેની જાણ કરી એ સારું કર્યું.

હું ધારું છું કે તમારા આગલા પત્રનો મારો જવાબ[1] તમને સમયસર મળી ગયો હશે.

તમારો સહૃદયી

એ. એ. પૉલ, ઍસ્ક્વાયર
૭ મિલર રોડ
કિલપૉક
મદ્રાસ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૭૩

## ૨૩૯. ન્યૂસ[2] શીટ માટેનો સંદેશો

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૭, ૧૯૨૮

ભ્રાતૃભાવની સાચી પ્રગતિ ભ્રાતૃભાવના મૂંગા કાર્યમાંથી જ મળી આવે છે. તે વિશેની ટનબંધી વાતો કરતાં, એક નાનકડું કાર્ય વધારે અસરકારક નીવડે છે.

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૧૭૨

૧. જુઓ "એ. એ. પૉલને પત્ર", ૪-૪-૧૯૨૮.
૨. ઇન્ટરનૅશનલ ફેલોશિપ માટેનું.

Gandhi Heritage Portal

## ૨૪૦. જોસેફને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૭, ૧૯૨૮

પ્રિય ભાઈ જોસેફ,

રાજન પૉલ મને કહે છે કે તમારા બનેવી ગુજરી ગયા છે. તમને અને તમારાં વિધવા બહેનને મારા તરફથી સહાનુભૂતિ મોકલું છું. મિસિસ જોસેફને કહેશો કે હજી સુધી મેં એક પણ શબ્દ કહ્યો નથી, છતાં મેં તમારે ત્યાંથી વિદાય લીધી તે સમયનું છેલ્લું દૃશ્ય હું હજી ભૂલી શક્યો નથી. એ દૃશ્ય જે પ્રેમનું પ્રમાણપત્ર હતું, તે પ્રેમનું હું હંમેશાં જતન કરીશ.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૧૬૮

## ૨૪૧. એસ. ગણેસનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૭, ૧૯૨૮

પ્રિય ભાઈ ગણેસન,

ડૉ. મેરી સ્ટોપ્સની સમીક્ષાવાળો તમારો પત્ર મને મળ્યો. હું એ યંગ ઇન્ડિયામાં પ્રસિદ્ધ કરવા માગતો નથી, કારણ કે એ પત્ર મને તો ગંભીરતાપૂર્વક લખાયેલાં પ્રકરણોની ગંભીર સમીક્ષા નહીં પણ તેમનાં પુસ્તકોની અને તેમની પદ્ધતિની એક જાહેરખબર જેવો જ લાગે છે.

તમારો સહૃદયી

બિડાણ: ૧ ફાઈલ
શ્રીયુત એસ. ગણેસન
૧૮, પાયક્રૉફ્ટ્સ રોડ
ટ્રિપ્લિકેન, મદ્રાસ

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૧૭૪

Gandhi Heritage Portal

## ૨૪૨. ઍલિસ શૅલેકને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૭, ૧૯૨૮

પ્રિય બહેન,

મુલાકાતની[૧] નોંધ સાથેનો તમારો પત્ર મળ્યો. આ નોંધમાં સારી પેઠે સુધારા કરવાની જરૂર હતી. તેથી તેની એક સ્વચ્છ નકલ મોકલું છું.

તમારો સહૃદયી

મિસિસ ઍલિસ શૅલેક
ઑસ્ટ્રિયન પત્રકાર
નેરૉન હૉટેલ
લાહોર

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૨૮૪

## ૨૪૩. એસ. એ. વઝેને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૮, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો કાગળ મને મળ્યો છે. તમારાં બહેનને આશ્રમમાં લેતાં મને આનંદ થશે. પરંતુ તે આશ્રમના કઠોર જીવનને જીરવી શકશે કે કેમ તેની મને શંકા છે. વળી, અત્યારે અમારે ત્યાં બહુ જ ઓછી જગ્યા છે. તેથી જો તે આવે તો તેને કોઈ બહેન કે બહેનો સાથે ભેગાં રહેવું પડશે. આશ્રમના કામમાં તેણે ભાગ લેવો પડશે. વરસના આ સમય દરમિયાન અમદાવાદમાં ઋતુ ઘણી જ ગરમ હોય છે. અને જો તે હિંદુસ્તાની પૂરેપૂરું જાણતાં ન હોય તો મૂંઝાઈ જશે. તેને સંભવિત લાગતી આ બધી મુસીબતો છતાં તેની આવવાની ઇચ્છા હોય તો મને જણાવશો, તો તમારો પત્ર હું વ્યવસ્થાપક મંડળ સમક્ષ મૂકીશ. તમે મને એ પણ લખશો કે તમારાં બહેન અહીં કેટલો સમય રહેવા ઇચ્છે છે.

તમારો સહૃદયી

એસ. એ. વઝે એસ્ક્વાયર

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૭૬

૧. જુઓ ઍલિસ શૅલેકને મુલાકાત", ૨૦-૩-૧૯૨૮.

Gandhi Heritage Portal

# ૨૪૪. નારાયણને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૮, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો કાગળ મને મળ્યો છે. મને એ વાતમાં સંદેહ નથી કે તમે પોતે પૂરેપૂરા તૈયાર ન હો ત્યાં સુધી લગ્નના વિચારનો તમારે વિરોધ કરવો જોઈએ.

તમારો સહૃદયી

શ્રીયુત નારાયણ
૨૭, થર્ડ ક્રૉસરોડ
બસવનગુડી પો. ઑ.
બૅંગલોર, (દ. હિ.)

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૧૭૮

# ૨૪૫. જે. બી. કૃપાલાનીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૮, ૧૯૨૮

પ્રિય પ્રોફેસર,

તમે કદાચ જાણતા હશો કે કૃષ્ણદાસ હમણાં અહીં નથી. પરંતુ તેમણે તમારો ૨૫ માર્ચનો પત્ર મને મોકલ્યો છે. તમે એમ શા માટે કહો છો કે કાંતનારાઓનું પત્રક રાખવું એનો અર્થ એક ઝૂંપડીએથી બીજી ઝૂંપડીએ જઈ સૂતર ખરીદવું એવો થાય? મેં આવું કંઈ સૂચવ્યું જ નથી.[1] મેં એટલું જ સૂચવ્યું છે કે જેમની સાથે દલાલો વ્યવહાર કરે છે તે કાંતનારાઓને આપણે ઓળખવા જોઈએ. આપણે દલાલોને તદ્દન કાઢી નાખવા માગતા નથી. આપણે તેમની દયા ઉપર પણ રહેવું ન જ જોઈએ તેમ કાંતનારાઓને ખરેખર શું આપવામાં આવે છે તે બાબતમાં અંધારામાં પણ રહેવું ન જોઈએ. આ પત્રક તેથી અમુક અમુક ગાળે ભરવું જોઈએ. એક વખત આપણે જાણી લઈએ કે કાંતનારા કોણ કોણ છે, તેઓ કયાં રહે છે, તેઓને શું મહેનતાણું મળે છે, અને તેઓ શો ધંધો કરે છે; પછી કહો કે, છ મહિના સુધી તો ફરી પત્રક બનાવવાની ભાંજગડ કરવાની જરૂર રહેતી નથી. વાસ્તવિક રીતે જોઈએ તો ખુદ દલાલો સાથે અને તેમની

૧. અખિલ હિંદ ચરખાસંઘનાં બધાં કેન્દ્રોને ગાંધીજીએ જણાવ્યું હતું કે કાંતનારાઓ અખિલ હિંદ ચરખા સંઘના ડેપો પર કેટલું સૂતર મોકલે છે તેનો હેવાલ તૈયાર કરવો. જુઓ "જે. બી. કૃપાલાનીને પત્ર"; ૧૨–૩–૧૯૨૮ અને "નોંધ", ૧૫–૩–૧૯૨૮નું પેટામથાળું, "બોધપ્રદ આંકડા".

Gandhi Heritage Portal

મારફતે મજૂરો સાથે સંપર્કમાં આવવું તમારે માટે મુશ્કેલ ન થવું જોઈએ. હજી પણ હું મારી વાત સ્પષ્ટ કરી શક્યો છું કે નહીં તેની મને ખબર નથી. આ સઘળાનું સક્રિય સંચાલન હું જાણતો ન હોવાથી, જેનો મને ખ્યાલ પણ ન હોય એવી મુશ્કેલીઓ પણ કદાચ તમારી આગળ ઉપસ્થિત થાય. તેવે વખતે તમે તે મુશ્કેલીઓ વિશે લખશો તો એ હઠાવવા હું કદાચ નક્કર સૂચનો કરી શકું.

મૂડીની અછત વિશે હું જમનાલાલજી અને શંકરલાલ સાથે ચર્ચાવિચારણા કરીશ. તમને કેટલી જોઈશે તે તમે ચોક્કસ કહેતા નથી. ફરી ભરપાઈ કરી દેવામાં આવે તો બાબુ શિવપ્રસાદ ગુપ્તા એ રકમ વ્યાજ વગર ધીરવા તૈયાર છે અને જો તે તૈયાર હોય તો આવી લોનનો ગાળો કેટલો હશે?

તમારા પત્રનો છેલ્લો ફકરો બરોબર નથી. કોઈ પણ સંજોગોમાં તમે નિરાશાથી દબાઈ જઈ ન શકો. તમને ગમે તેવી મુશ્કેલીઓ આવે, તોપણ તમારે આશ્રમને વળગી રહેવું જ જોઈએ. તમારાથી બીજું કામ લઈ શકાય જ નહીં. નિયમિત રીતે લખવાનું રાખશો.

હવે તમે પૂરેપૂરા સાજા થઈ ગયા છો કે હજી કંઈ મુશ્કેલી રહી છે? જો કંઈ પણ હોય, તો હવે તમે ડૉ. અનસારીને પ્રમાણમાં નવરા થયેલા જોશો.

તમારો સહૃદયી

પ્રો. કૃપાલાની
ગાંધી આશ્રમ
બનારસ કૅન્ટોનમેન્ટ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૧૭૭

## ૨૪૯. જવાહરલાલ નેહરુને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૮, ૧૯૨૮

પ્રિય ભાઈ જવાહર,

તમારો પત્ર મળ્યો છે. પિતાજીએ, મને, તેઓ આ મહિનાના છેલ્લા અઠવાડિયામાં મિલ-માલિકો સાથે મંત્રણા કરવા મુંબઈ ફરી પાછા આવવાના છે, એવું કદી કહ્યું હોવાનું મને યાદ નથી. પરંતુ તેમણે અને મેં પરદેશી કાપડના બહિષ્કાર બાબતમાં લંબાણથી ચર્ચા કરી હતી. અને તેમણે એ પ્રશ્ન અંગે શેઠ લાલજી, શાંતિકુમાર, શેઠ અંબાલાલ, શેઠ કસ્તૂરભાઈ અને શેઠ મંગળદાસ સાથે મંત્રણા કરી હતી. તે એક સારી મંત્રણા હતી; પરંતુ એમાં કશું પણ ચોક્કસ કાર્ય થયું નહોતું. હવે મેં સાંભળ્યું છે કે મિલમાલિકો એમનો પોતાનો સ્વદેશી સંઘ સ્થાપવા ઇચ્છે છે. એનો અર્થ અલબત્ત, એટલો જ થાય છે કે આપણે કોઈ જાતના સમાધાન પર આવતા નથી.

Gandhi Heritage Portal

આજે લાલાજી અહીં બે દિવસ હતા એટલે એમની સાથે મારે લાંબી ચર્ચા થઈ હતી. તેઓ પરદેશી કાપડના બહિષ્કાર માટે ખૂબ જ ઉત્સાહ ધરાવે છે. મેં તેમને તે માટેનું સાહિત્ય પૂરું પાડયું છે. તેમણે એવું પણ સૂચવ્યું કે મારે થોડાક નેતાઓને નિમંત્રણ આપવું જોઈએ અને તેમની સાથે બહિષ્કાર વિશે મંત્રણા કરવી જોઈએ. મેં તેમને કહ્યું કે તેમ કરવાની મારી હિંમત નથી. એ એવા અભિપ્રાયના છે કે જો દેશમાં બહિષ્કારનો તીવ્ર પ્રચાર હાથ ધરવો હોય, તો મારે દેશની બહાર ન જવું જોઈએ. એ અભિપ્રાય સાથે અલબત્ત હું સંમત થાઉં છું; પણ રાજકીય દૃષ્ટિએ જાગ્રત થયેલું હિંદ જ્યાં સુધી મારી સાથે એ બાબતમાં ખરા દિલથી સંમત ન હોય અને વિદેશી કાપડ સામે અને ખાસ કરીને બ્રિટિશ કાપડ સામે જે કામચલાઉ બહિષ્કારની હિલચાલ ચાલુ છે, તે છોડી દેવામાં ન આવે, ત્યાં સુધી હું સખત પ્રચાર હાથ ધરી ન શકું. તેથી આપણે અત્યારે તો એવી કામચલાઉ ગોઠવણ કરી છે કે જાણીતા નેતાઓ જો સ્વેચ્છાપૂર્વક નિર્ણય કરી ચોક્કસ કાર્ય કરવાનું નક્કી કરે તો મારે મારો યુરોપ જવાનો વિચાર છોડી દેવો. એથી ઊલટું, એવો કશો નિર્ણય ન થાય અને યુરોપ જવા માટે હું મારો રસ્તો સ્પષ્ટ રીતે જોઈ શકું તો મારે યુરોપ જવું જોઈએ; અને લાલાજી અને એમના જેવા બીજા જેઓ એમના જેવા વિચાર ધરાવે છે, તેઓએ, મિલો તેમને સાથ આપે કે ન આપે, તોપણ સખત પ્રચારનું વાતાવરણ કેળવવું જોઈએ. તેથી હું સૂચવું છું કે તમારે આ બાબતમાં ડૉ. અનસારી અને બીજા મિત્રો સાથે ચર્ચા કરવી જોઈએ. હું ધારું છું કે તેઓ બધા પંજાબ જવા સંમત થશે અને ખાદી દ્વારા પરદેશી કાપડનો બહિષ્કાર કરવાનો ઠરાવ પસાર કરશે. દેશમાં ઉત્પન્ન થતા મિલના કાપડનો તેમાં કશો ઉલ્લેખ ન કરવા હું તમને ચેતવું છું. તમે માત્ર એટલું જ કહી શકો: "રાષ્ટ્રની એકતા દર્શાવવાનું એકમાત્ર અસરકારક સાધન પરદેશી કાપડના બહિષ્કારમાં જ રહેલું દેખાય છે. તેથી આ પરિષદ લાગતાવળગતા સૌને સંપૂર્ણ રીતે પરદેશી કાપડનો બહિષ્કાર કરવાનો અને હાથે કાંતેલી અને હાથે વણેલી ખાદી અપનાવવાનો આગ્રહ કરે છે; એમ કરતાં પછી ભલે કોઈને પોતાના પોશાકની ટેવ અને રુચિમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઊભી થાય અથવા થોડો આર્થિક ભોગ આપવો પડે." મિત્રો સાથે આ બાબતમાં તમે જે ખાનગી ચર્ચાવિચારણા કરો તેનું પરિણામ મને જણાવતા રહેશો અને મારે યુરોપ જવાનો વિચાર છોડી દેવો કે નહીં, તે બાબતમાં યોગ્ય સલાહ આપશો. એ વિશે ડૉ. અનસારી ખરેખર નિર્ણય લેવાની સ્થિતિમાં હોવા જોઈએ.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: ૧૩૧૭૯

Gandhi Heritage Portal

# ૨૪૭. શંકરનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૮, ૧૯૨૮

પ્રિય ભાઈ શંકરન્,

આજે વહેલી સવારે એટલે કે પ્રાર્થના બાદ તરત પ્યારેલાલ સાથે વાત કરતાં હું તમારો જ વિચાર કરી રહ્યો હતો, ત્યાં જ તમારો પત્ર આવ્યો છે. એક એવી કલ્પના કરો કે વહાણ ભાંગી પડયા પછી એક ટાપુ પર તેમાંથી બચેલાં અનાથોની એક વસાહત હોય; તેઓ બધા અપરણિત પુરુષો હોય; તેઓ તેમને માબાપ હતાં કે નહીં તે વિશે પણ કશું જાણતા ન હોય; વળી એથી યે જરા આગળ કલ્પના કરો કે આ અનાથો લખીવાંચી શકતા હોય અને તેમના વાચન દરમિયાન તેમને ખબર પડે કે તેમને બધાને માબાપ હતાં. એ પછી ધારો કે એમના વાચન દરમિયાન એમના હાથમાં અચાનક 'આપણી સ્વયંભૂ ઉત્પત્તિ' એ નામનું તત્ત્વજ્ઞાનથી ભરપૂર પુસ્તક આવી ચડે. ત્યારે એ તત્ત્વજ્ઞાનવિષયક પુસ્તકમાં કરેલા વિધાન અનુસાર તેમને સૌને એમ લાગે ખરું કે તેમની ઉત્પત્તિ સ્વયંભૂ હતી? આ કહેવાતું પુસ્તક માબાપ વગરનાં આ સાદાંભોળાં અનાથોની મોટે ભાગે તેમને માતાપિતા હોવાની દઢ માન્યતાને જેમ ફેરવી શકે નહીં, તેમ તમે ઈશ્વરના ઇનકાર વિશે જે તત્ત્વચર્ચાસભર પુસ્તક વાંચ્યું છે તેણે તમને તમારી ઈશ્વર વિશેની માન્યતામાંથી ચળાવવા ન જોઈએ. તમને માબાપ હતાં એ પાયાની હકીકતનો જો તમે સ્વીકાર કરો તો જગતનું કોઈ આદિ કારણ હોવું જ જોઈએ એ મૂળભૂત વાતનો તમે સ્વીકાર ન કરો એ શી રીતે ચાલે? એ વિશે ખાતરી કર્યા પછી એ આદિ કારણને તમે ઈશ્વર અથવા બીજા કોઈ નામ દ્વારા સંબોધો એની સાથે મને ઝાઝી નિસ્બત નથી. આ રીતે જગતના મૂળ કારણરૂપ પરમાત્મામાં મારી શ્રદ્ધા દઢ થાય છે ત્યારે, એ પરમાત્મા ન્યાયી છે કે નહીં અથવા સાધારણ રીતે આપણી આસપાસ ઉપર ઉપરથી જોતાં અન્યાય થતો ભાસે છે તે બરોબર છે કે નહીં એવા પ્રશ્ન ઉઠાવવાનું મારે માટે બિનજરૂરી બની જાય છે. એ અંગે અનેક સિદ્ધાંતો છે. હું તો 'કારણ અને પરિણામ'ના સિદ્ધાંતમાં, એટલે કે કર્મના સિદ્ધાંતમાં માનું છું. માણસની સઘળી આશંકાઓનું નિરસન કરવાની તે શક્તિ ધરાવે છે. છતાં તે દ્વારા તમારી શંકાઓનો તમને પ્રત્યુત્તર ન મળતો હોય તો તમારે ધીરજપૂર્વક રાહ જોવી જોઈએ, પ્રતીક્ષા કરવી જોઈએ અને પ્રાર્થના પણ કરવી જોઈએ. તો કોઈ દિવસ અવશ્ય પ્રકાશ સાંપડશે. પરંતુ જો તમે આ આદિ કારણની વાતમાં જ માનતા ન હો, તો તમારે માટે આશા નથી. કેમ કે, તો પછી તમે કોને પ્રાર્થના કરશો? તેથી જ ઈશ્વરની માન્યતાને તમે દઢતાપૂર્વક વળગી રહો એમ હું ઇચ્છું છું—પછી એમ કરતાં શંકાકુશંકા ભલે ઊભી થાય. તમે તમારાં માબાપનું અસ્તિત્વ તર્ક દ્વારા સિદ્ધ કરી શકશો? તો શું તમે એમ નહીં કહેશો કે "હું તર્ક દ્વારા સિદ્ધ કરી શકું કે ન કરી શકું, તોપણ મારાં માબાપના અસ્તિત્વની હકીકત એક નક્કર બાબત છે?" તમને એ વિશે પ્રશ્ન કરનારાઓને, તમે સંતોષકારક દલીલો દ્વારા સંતોષી ન શકો તો તમે કહેશો કે "મારી તર્કબુદ્ધિ એ બાબતમાં દોષિત ભલે હોય, પરંતુ આ હકીકતમાં

Gandhi Heritage Portal

કશો દોષ ન હોઈ શકે.'' એવી જ રીતે તમારે તમારી જાતને અવશ્ય કહેવું જોઈએ કે "ભલે હું ઈશ્વરના અસ્તિત્વને તર્ક દ્વારા સિદ્ધ કરી શકતો ન હોઉં, તોપણ જગતના આદિ કારણ વિશેની માનવજાતની માન્યતા ને તેના અનુભવનો મારે સ્વીકાર કરવો જ જોઈએ.''

જો હજી પણ તમને સંતોષ થયો ન હોય તો અવશ્ય તમારે મને ફરીથી પૂછવું જોઈએ.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૭૫ અને ૧૩૧૮૦

## ૨૪૮. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર

[એપ્રિલ ૧૦, ૧૯૨૮ પહેલાં][1]

ચિ. મણિલાલ અને સુશીલા,

તમારા કાગળ મળ્યા છે. હું હાલમાં તો ટપાલ ચૂક્યો હોઉં એવું જણાતું નથી. સુશીલાનો અભ્યાસ ચાલે છે એ તો સારું છે. પણ મને ચિંતા શરીરની છે. શરીર બરોબર બાંધવાને સારુ જે પ્રયત્ન થાય તે કરો એમ ઇચ્છું છું.

નીમુ હાલ અહીં છે. રામદાસ ખાદીની ફેરી સારુ નીકળ્યો છે. પછી ઘણેભાગે જમનાદાસની નિશાળમાં જશે. તે બંને તેમાં કામ કરશે. દેવદાસ દિલ્હી ગયો છે.

મારા યુરોપ જવાની વાત ચાલી રહી છે. મારું મન કંઈ નક્કી વિચાર કરી શકતું નથી. એક અઠવાડિયામાં નક્કી થઈ જશે.

બાપુના આશીર્વાદ

[તા. ક.]

ભાઈ પ્રાગજીને કહેજો તેનો કાગળ મળ્યો છે. મને નોખો લખવા જેટલો સમય નથી. હવે બંનેનું નક્કી થઈ ગયું હોય એમ જણાય છે.

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૪૭૨૨

૧. જુઓ આ પછીનો પત્ર.



Gandhi Heritage Portal

## ૨૪૯. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૦, ૧૯૨૮

ચિ. મણિલાલ અને સુશીલા,

આજે મને પોતાને લખવાનો વખત નથી. આ રાષ્ટ્રીય સપ્તાહ ચાલે છે તેથી કાંતવામાં શરીર ખમી શકે એટલો અને બચી શકે એટલો વખત આપું છું. તેથી આ કાગળ લખાવી રહ્યો છું. હવે તમે પાછાં ફિનિક્સમાં સ્થિર થયાં હશો. મને તો એ જ ગમે છે. પોતાના પાઠ લેવાને સારુ સુશીલા બેત્રણ વખત શહેરમાં જાય તો બસ થવું જોઈએ. છેવટે તો ભાષાનું જ્ઞાન તેમ જ બીજું જ્ઞાન પોતાની જ મહેનતથી મળી શકે છે. હવે સુશીલાનું શરીર તદ્દન સારું થઈ ગયું હશે. ગઈ કાલે વેઇન મને મળી ગયા. મણિલાલને મળવાની થોડી વાતો થઈ. કંઈ ખાસ વાતમાં તો મેં એમને ન ઉતાર્યા. પણ અહીંથી સારા વિચારો લઈને તે ગયા છે એટલી મારા ઉપર તો છાપ પડી છે.

રામદાસ ખાદીની ફેરીએ કાઠિયાવાડમાં ફરે છે. નીમુ અહીં છે. દેવદાસ દિલ્હીમાં જામિયા-મીલિયામાં કાંતવા વગેરેનું શીખવે છે. અત્યારે તો આશ્રમમાં અખંડ રેંટિયા ચાલી રહ્યા છે. કિશોરલાલ બહુ માંદા પડી ગયા હતા તે હવે સામાન્ય ઉપચારોથી ઠીક થતું જાય છે એવા ખબર છે. તમને તો તે તરફના પત્રો આવ્યા જ કરતા હશે એટલે હું કંઈ લખતો નથી.

ગીતાજીનો અભ્યાસ કંઈ ચાલે છે કે?

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૪૭૩૫

Gandhi Heritage Portal

## ૨૫૦. આલ્બર્ટ ગૉડમુન્નેને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૧, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારા ભાઈ વિશેનો તમારો પત્ર મને મળ્યો છે. હું એમને દરરોજ મળું છું કારણ કે હમણાં હું ભોજન માટે બધા સાથે સામાન્ય રસોડે જમવા બેસું છું, જ્યાં તે પણ પોતાનું ભોજન લે છે. તમે એમને વિશે મને લખ્યું તેથી આનંદ થયો. હું મારી નજર તેમના ઉપર રાખીશ, પણ મારે તમને એ પણ કહેવું જોઈએ કે હમણાં હમણાં આશ્રમમાં રહેનારાંઓ સાથે નિકટના સંપર્કમાં આવી શકું એટલો સમય હું કાઢી શકતો નથી. વળી આશ્રમમાં રહેનારાંઓની સંખ્યા પણ વધી રહી છે. તેથી તમારા ભાઈનું મારું નિરીક્ષણ મર્યાદિત રહેશે.

મનીઑર્ડર હજી મળ્યો નથી, પણ તે યોગ્ય સમયે મળી જશે.

તમારો સહૃદયી

આલ્બર્ટ ગૉડમુન્ને, એસ્ક્વાયર
પ્રોક્ટર અને નોટરી
૧૦ પૅવિલિયન સ્ટ્રીટ, કૅન્ડી

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૧૫૭-અ

## ૨૫૧. ચ. રાજગોપાલાચારીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૧, ૧૯૨૮

પ્રિય સી. આર.,

મારા પત્રની નકલ સાથે એક બિડાણ મોકલું છું. તે બાબતમાં જે કંઈ જરૂરી હોય, તે તમે કરશો. કદાચ તમે આ લોકોને ઓળખતા હશો.

શ્રીયુત ચ. રાજગોપાલાચારી
ખાદી પ્રતિષ્ઠાન
સોદપુર

[મૂળ અંગ્રેજી[

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૧૮૩

Gandhi Heritage Portal

## ૨૫૨. આર. આર. ઐથનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૧, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મને મળ્યો છે. મને ધાસ્તી છે કે હું તમને કંઈ પણ ઉપયોગી માર્ગદર્શન નહીં આપી શકું. તમારી સંસ્થાની હું કશી કલ્પના પણ કરી શક્યો નથી. પરંતુ તમે અમદાવાદ આવવાની ઇચ્છા ધરાવતા હો તો આવતે અઠવાડિયે સોમવાર સિવાય ગમે તે દિવસે બપોરે ચાર વાગ્યે હું તમને મળી શકીશ.

તમારો સહૃદયી

આર. આર. ઐથન, એસ્ક્વાયર
જનરલ સેક્રેટરી,
ઇન્ટરનેશનલ પીસ કેમ્પેઈન
૧૫૦ વૉટસન હૉટેલ
મુંબઈ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૮૫

## ૨૫૩. સદાશિવ રાવને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૧, ૧૯૨૩

પ્રિય ભાઈ સદાશિવ રાવ,

તમારા ત્રણે પત્રો મને મળ્યા છે. તમે જણાવો છો એવી બાબતમાં હું ઇચ્છું એટલી મદદ કરી શકતો નથી. જોકે હું ઘણાય શ્રીમંત મિત્રોને ઓળખું છું, તોપણ તમે સૂચવો છો તે રીતે મારી લાગવગનો ઉપયોગ હું કરી ન શકું. તેથી તમારી હોડીને તમારે પોતે જ ચલાવવી પડશે અને મુશ્કેલીઓનો સામનો બહાદુરીપૂર્વક કરવો પડશે. તમને કોઈનો આશ્રય ન મળે તોયે શું? શું લાખો માણસો એ રીતે રહેતાં નથી? અને તમારી દીકરીઓએ એવી કેળવણી મેળવી છે કે તેઓ તમે કશી જોગવાઈ ન કરો તોપણ પોતે પોતાનું જાતે ફોડી લે એમ છે. તેથી તમારા ઉપર જે કટોકટી આવી પડી છે, તેનો સામનો કરવા તમે એક મરદ તરીકે શક્તિ કેળવો એમ હું ઇચ્છું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૧૮૪

Gandhi Heritage Portal

# ૨૫૪. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૧, ૧૯૨૮

પરમ પ્રિય ચાર્લી,

તમારો પત્ર મળ્યો છે. ગુરુદેવ આટલા બધા બીમાર છે અને તેમને લોહીનું દબાણ વધ્યું છે એ ખૂબ જ દુઃખદાયક છે. આ ફેફસાંના ક્ષયનું દર્દ હિંદુસ્તાનની એક ભયંકર આફત છે. જો અલ્ટ્રાવાયોલેટ કિરણોના સિદ્ધાંતમાં કશું વજૂદ હોય — અને હું ધારું છું કે છે — તો હિંદુસ્તાનમાં કોઈ પણ વ્યક્તિ આ દુષ્ટ દર્દથી પીડાવી ન જોઈએ.

તમને યાદ હશે કે શ્રદ્ધાનંદવાળી લેખમાળા તમારે પૂરી કરવાની છે.

હું અંબાલાલને હજી મળ્યો નથી, પણ હું આપણી વાતચીત ભૂલ્યો નથી.

સી. એફ. ઍન્ડ્રૂઝ
શાંતિનિકેતન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૫૨

# ૨૫૫. સમયસરનું પ્રકાશન

યંગ ઇન્ડિયાના વાચકો રિચાર્ડ બી. ગ્રેગના નામથી પરિચિત છે. તેઓ અમેરિકાના ધારાશાસ્ત્રી છે અને બે વર્ષ પહેલાં ખાદીના સંદેશાથી હિંદ પ્રત્યે આકર્ષાયા હતા. તેઓ આ હિલચાલનો અભ્યાસ કરી રહ્યા છે અને જ્યારથી તેઓ હિંદ આવ્યા છે, ત્યારથી ખાદીપ્રવૃત્તિનો ખૂબ ઝીણવટથી અભ્યાસ કરી રહ્યા છે. એક વર્ષના શ્રમ બાદ તેમણે આ હિલચાલ ઉપર એક પુસ્તક લખ્યું છે, જેમાં તેમણે અત્યંત મૌલિક દૃષ્ટિકોણથી ખાદીપ્રવૃત્તિનું મૂલ્યાંકન કર્યું છે. તેમના દરેક વિધાનનું આ પુસ્તકમાં આંકડાઓ અને હકીકતો વડે સમર્થન કરવામાં આવ્યું છે અને પાદટીપોમાં તેમણે ઉપયોગમાં લીધેલા આધારોની નોંધ કરી છે. આ પુસ્તક એસ. ગણેસન, ૧૮ પાયક્રૉફ્ટ્સ રોડ, ટ્રિપ્લીકેન, મદ્રાસ, એ સ્થળેથી પ્રકાશિત કરવામાં આવ્યું છે; અને તેની કિંમત ૧રૂ. ૮આ. ૦પાઈ છે. એક પૂઠાથી બીજા પૂઠા સુધી તેમાં ૨૨૫ પૃષ્ઠો છે; જેમાંનાં ૧૬૫–૨૨૫ સુધીમાં સાત પરિશિષ્ટો આપેલાં છે. આ પુસ્તકમાં ૧૨ પ્રકરણો છે. વાચક એ વાત પણ સમજી લે કે મિ. ગ્રેગ જ્યારે ગામડાં વિશે લખે છે, ત્યારે તેમણે કાંઈક અંશે જોયેલી હોય એવી વસ્તુઓ વિશે જ લખે છે. તેમની પ્રસ્તાવનાના પહેલા ત્રણ ઊઘડતા ફકરા[1] બતાવી આપે છે કે મિ. ગ્રેગે કેવી પદ્ધતિથી કાર્ય કર્યું છે.

૧. આ ફકરા અહીં આપ્યા નથી. ગ્રેગ લખે છે : "જૂના વખતમાં હિંદુસ્તાન ઘણો સમૃદ્ધ દેશ ગણાતો, અને કંઈ નહીં તોયે મુસલમાનોએ જીત્યો તે પહેલાં તેની સંપત્તિ લોકોમાં સારા પ્રમાણમાં

Gandhi Heritage Portal

આ ગરીબી નિવારવા માટે જ મિ. ગ્રેગે આ સંશોધન હાથ ધર્યું અને દરિદ્રતાનિવારણ અર્થે જે જે યોજનાઓ સૂચવવામાં આવી હતી, તે વિશે પૂરતી તપાસ કર્યા પછી તેમને એવા અનુમાન ઉપર આવવાની ફરજ પડી હતી કે તે માટેનો કોઈ એક માત્ર ઉકેલ હોય, તો તે રેંટિયો જ છે. લેખક કહે છે:[1]

> [2]અમેરિકામાં ઔદ્યોગિક અને મજૂરોના પ્રશ્નોનો (મોટે ભાગે સુતરાઉ કાપડની મિલોમાં) સાત વર્ષ સુધી અભ્યાસ અને જાતઅનુભવ કરનાર અને હિંદુસ્તાનમાં ખાદીની પ્રવૃત્તિનો અભ્યાસ કરનાર માણસને આ યોજના કેવી લાગી છે તે જણાવવાનો આ નાનકડા પુસ્તકનો ઉદ્દેશ છે. છેલ્લાં અઢી વર્ષમાં મેં ગામડાંઓનું અને ખાદી પ્રવૃત્તિઓનાં કેન્દ્રોનું નિરીક્ષણ કર્યું છે. મારા અભ્યાસનો હેતુ મુખ્યત્વે કરીને મારા પોતાના વિચારો વિશદ કરવાનો હતો. . .

મિ. ગ્રેગના સંશોધનકાર્યની મૌલિકતા ત્યાં જ દેખાઈ આવે છે કે તેમણે આ પ્રશ્નને તેમના પ્રથમ પ્રકરણમાં જ યંત્રશાસ્ત્રના દૃષ્ટિકોણથી તપાસવાનો આરંભ કર્યો છે; અને તેઓ જ્યારે એ પાસાનો વિચાર કરવા બેસે છે, ત્યારે તેઓ એ નિર્ણય પર આવે છે કે કોઈ પણ દેશની સમૃદ્ધિ યંત્રશક્તિ અથવા યંત્રસામગ્રીના એકત્રિત થવા ઉપર આધાર રાખતી નથી, પરંતુ તેના સાચા ઉપયોગ ઉપર આધાર રાખે છે. તેમની આ બાબતની દલીલનો આરંભ તેઓ આ રીતે કરે છે:

> [3]કોઈ પણ જાતના યંત્ર કરતાં શક્તિનો સાચો ઉપયોગ જ વધુ અગત્યની વાત છે, એવા મિ. ફૉર્ડના વિચારને અનુસરીને આપણે શારીરિક શક્તિનાં મૂળ તત્ત્વો અને તેનો ઉપયોગ ટૂંકમાં તપાસી જઈએ અને પછી ખાદીની સૂચનાને તે કસોટીએ કસી જોઈએ. પહેલાં આપણે યંત્રશાસ્ત્રને લગતી દલીલો ટૂંકમાં રજૂ કરીશું અને પછી તેનો વિગતમાં ઊતરીને વિચાર કરીશું.
>
> હવે બધી ભૌતિક શક્તિ છેવટે તો સૂર્યમાંથી જ આવે છે. ભૂતકાળમાં વનસ્પતિએ સૂર્યની જે શક્તિનું રૂપાંતર કરીને તેને સંઘરી રાખી એ ભંડારોમાંથી જ આપણને કોલસો અને પેટ્રોલિયમ મળે છે. સૂર્યનાં કિરણો સમુદ્રના જળની વરાળ બનાવી, વાદળાં અને વરસાદના રૂપમાં તેને જમીન અને નદીઓમાં પાછું મોકલે છે. એમાંથી જ જલશક્તિ ઉત્પન્ન થાય છે. ઘોડા, ઢોર અને માણસની યાંત્રિકશક્તિ પણ સૂર્યના તાપથી પોષાયેલા છોડ ઉપર પાકેલા ખોરાકમાંથી આવે છે. અત્યારે યાંત્રિક ઉદ્યોગોમાં જે શક્તિ વપરાય છે, અને જે શક્તિનો ઉપયોગ ભૂતકાળમાં માણસે પોતાની આર્થિક પ્રવૃત્તિઓમાં કરેલો છે, તે બધી તેને સૂર્યશક્તિના અખૂટ પ્રવાહમાંથી જ મળેલી છે. પ્રાચીન ઋગ્વેદમાં ભગવાન સવિતાની સ્તુતિ કરવામાં આવી છે તે યોગ્ય જ છે. તેના એક મંત્રમાં કહ્યું છે:

વહેંચાયેલી હતી...પરંતુ આજે પણ જોકે હિંદુસ્તાન ભારે સંપત્તિનું મૂળ ગણાય છે તેમ છતાં તેના લોકોની ગણતરી દુનિયાના ગરીબ લોકોમાં થાય છે... મદ્રાસ યુનિવર્સિટીના અધ્યાપક ગિલ્બર્ટ સ્લેટરે કહ્યું છે કે "હિંદુસ્તાનની ગરીબાઈ એ ભયાનક સત્ય છે." (અવતરણનું ભાષાંતર ખાદીનું વ્યાપક અર્થશાસ્ત્ર એ પુસ્તકમાંથી લીધું છે.)

૧. અહીં એક જ ઉતારો આપ્યો છે.

૨. અને ૩. આ બે ફકરાનું ભાષાંતર ખાદીનું વ્યાપક અર્થશાસ્ત્ર, એ પુસ્તકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

"સૂર્યદેવ યંત્રો (યમન સાધનો=વૃષ્ટિપ્રદાન ઇત્યાદિ ઉપાયો) વડે પૃથિવીને સુખમાં રાખે છે. તેણે આકાશને નિરાલંબ સ્થાનમાં દૃઢ રાખ્યું છે. ઘોડાની પેઠે અંગો હલાવનાર, પાશોથી બદ્ધ મેઘરૂપધારી સમુદ્રનું નિરાલંબ અંતરિક્ષમાં દોહન કરે છે." (ऋग्वेद, મંડળ ૧૦, સૂક્ત ૧૪૯)

સૂર્યની શક્તિ પહેલાં જેટલી વપરાતી હતી તેના કરતાં વધુ વાપરે અને અસરકારક રીતે તેનું રૂપાંતર કરે એવી કોઈ પણ યોજના યાંત્રિક તેમ જ આર્થિક દૃષ્ટિએ જોતાં લાભદાયી લેખાય.

સાધારણ રીતે આપણે રેંટિયાને યંત્ર નથી ગણતા, પણ ખરું જોતાં તે યંત્ર જ છે. માલ ઉત્પન્ન કરવામાં સ્ત્રી, પુરુષ કે બાળકમાં રહેલી યાંત્રિક શક્તિને તે ઉપયોગમાં લે છે. હાથસાળમાં પણ એમ જ થાય છે. એ યાંત્રિક શક્તિ મનુષ્યના આહારમાંથી ઉત્પન્ન થાય છે. પ્રમાણ, રીતિ અને પદ્ધતિમાં ફેર હોવા છતાં વરાળયંત્ર કે જળયંત્રમાં જે રીતે કામ થાય છે તે જ રીતે અહીં પણ થાય છે. અર્થાત્ અહીં પણ સૂર્યની શક્તિ યાંત્રિક શક્તિમાં રૂપાંતર પામે છે.

આજે હિંદીઓની ઘણી મોટી સંખ્યા બેકાર છે. તેઓ પણ અન્નરૂપી બળતણથી ચાલતાં 'એન્જિનો' છે, પણ માલ ઉત્પન્ન કરનાર કોઈ સાંચા સાથે તેમને જોડવામાં આવ્યાં નથી. ગાંધીજી તેમને રેંટિયા સાથે જોડવા માગે છે. અને સૂર્યની શક્તિના ભારે પ્રમાણમાં થઈ રહેલા બગાડને અટકાવવાનું સૂચવે છે.

જો આપણે હિંદમાં યાંત્રિક શક્તિનો ઉપયોગ વધારવા માગતા હોઈએ તો આ જ ટૂંકામાં ટૂંકો અને સસ્તો માર્ગ છે. 'એન્જિનો' તો તૈયાર છે. માણસમાં પણ બળતણ (ખોરાક)ની શક્તિનું યાંત્રિક શક્તિમાં રૂપાંતર કરવાનું સામર્થ્ય, વરાળયંત્ર જેટલું જ છે. બધી માગને પહોંચી વળવાને જોઈએ એટલાં કાંતવાનાં અને વણવાનાં સાધનો પણ તૈયાર છે. વધારાની માગ ઊભી થતાં હિંદના કારીગરો તેને ઝટ અને સસ્તામાં પહોંચી વળે એમ છે. કારણ કે તેમને એ માટે કોઈ વિશિષ્ટ પ્રકારની કારીગરી શીખવાની જરૂર પડવાની નથી. બીજા કોઈ પ્રકારના યંત્ર કરતાં રેંટિયા અને હાથસાળની ઝડપ અને ઉત્પન્ન, હિંદુસ્તાનનાં બજારની માગ તેમ જ ઉત્પાદકોની તેને પહોંચી વળવાની શક્તિને સૌથી વધુ અનુકૂળ છે. આ યંત્ર ખરીદવાને પરદેશથી આણેલી મૂડીની જરૂર પડતી નથી, અને તેથી ભારે વ્યાજ અથવા પરદેશીઓના કાબૂથી ઊભી થતી મુશ્કેલીઓ પણ રહેતી નથી. આવું કારખાનું ચલાવવામાં કાંઈ ખર્ચ લાગતું નથી. અને મળે તેવા મજૂરો પાસેથી સહેજ પણ વધારે તાલીમ આપ્યા સિવાય કામ લઈ શકાય છે. એ યંત્ર ચલાવવાને માટે ઓછામાં ઓછી તાલીમની જરૂર પડે છે અને બીજાં કોઈ પણ પ્રકારનાં યંત્રો ચલાવવાને માટે જોઈતી તાલીમના કરતાં તે સહેલાઈથી મેળવી શકાય છે. માણસથી ચાલતા રેંટિયા સારુ બળતણ કે શક્તિનું ખર્ચ, પ્રજાના આજના ખોરાકી ખર્ચ કરતાં જરા પણ વધારે નહીં આવે. સ્થાનાંતર કરવામાં ઓછામાં ઓછું ખર્ચ કરીને હિંદના દરેક પ્રાંતમાં કાચો માલ મેળવી શકાય એમ છે. માલની ખપત તો બધે જ છે.

બીજાં પ્રકરણોમાંથી અવતરણો આપવાના પ્રલોભનને મારે રોકવું જોઈએ. પરંતુ આગળ આપેલા ઉતારાઓ જો વાચકને લલચાવનારા નીવડયા જ હોય તો તે પછીનાં પ્રકરણો ખૂબ

Gandhi Heritage Portal

રસિક અને સંપૂર્ણ રીતે બોધ આપનારાં નીવડશે એની હું ખાતરી આપું છું. બાકીનાં અગિયાર પ્રકરણોનાં મથાળાંનાં કેવળ નામ આપીને આ ઝડપી સમીક્ષા હું પૂરી કરીશ. તે વાંચીને વાચકને ખાતરી થશે કે એ નામ પૂરતાં સૂચક છે.

પ્રકરણો

૨.[1] યાંત્રિક વિગતો
૩. મિલ-કાપડ અને ખાદી વચ્ચેની હરીફાઈ
૪. હરીફાઈ ઘટાડનારાં તત્ત્વો
૫. ખરીદશક્તિમાં વધારો
૬. ઉત્પત્તિ અને વહેંચણી
૭. બેકારી
૮. રૂ વિષે થોડીક શાસ્ત્રીય માહિતી
૯. વ્યવહારમાં કેમ ચાલે છે?
૧૦. કેટલાક વાંધા
૧૧. સુધારાની બીજી યોજનાઓ સાથે રેંટિયાની સરખામણી
૧૨. કિંમતની કસોટીએ
ઉપસંહાર

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२–४–१९२८

## ૨૫૬. ખાદીનું સ્થાન

પરદેશી કાપડના બહિષ્કારની લડત ચલાવવામાં, દેશનું હિત જળવાય તેવી શરતે, મિલ-માલિકોની સક્રિય સહાનુભૂતિ મેળવવાની મારી આશાને વ્યર્થ માનનારા કેટલાક ખાદીપ્રેમી મિત્રો મને ખૂબ આગ્રહથી ચેતવી રહ્યા છે કે આ મિલમાલિકોના ઉંબરા નાહકના શા ભાંગી રહ્યા છો? એમની ચેતવણીની મને કિંમત છે. એમાંના કેટલાક ખાદીપ્રવૃત્તિમાં ઘડાયેલા અને અનુભવી કામ કરનારા છે; પણ મિલમાલિકો આજે નહીં તો કોક દિવસ તો રાષ્ટ્રીય દૃષ્ટિ સ્વીકારશે એવી મારી આશા હું છોડતો નથી. અહિંસાની નીતિમાં હું અડગ શ્રદ્ધા રાખનારો રહ્યો, એટલે હું તો જેમ અંગ્રેજોને હિંદીઓનું કલ્યાણ હિંદીઓની દૃષ્ટિએ જોવાનું સમજાવવાની એક પણ તક ન છોડી શકું, તેમ જ મિલવાળાઓને પણ રાષ્ટ્રીય દૃષ્ટિ સ્વીકારવાનું સમજાવવાની એક પણ તક જવા દેવી મને નહીં પાલવે. ગમે તેમ હોય તોપણ જો અહિંસાનાં સાધનોએ આપણે સ્વરાજ મેળવવું હોય તો તેના માર્ગમાં અંતરાય નાખનારાઓના બારણે ચડી તેમને તે અંતરાયો દૂર કરવાને માટે વીનવવા જોઈશે. હિંસક વિપ્લવ ચાલતો હોય તે વેળા જેઓ વિપ્લવની વિરુદ્ધ હોય તેઓ દેશી કે પરદેશી ગમે તે હોય તોપણ તેમને જિંદગીનું જોખમ ખેડવું જ પડે છે, તેમ અહિંસક વિપ્લવમાં જેઓ વિરુદ્ધ હોય, જેઓ સમજાવેલા સમજે નહીં

૧. પ્રકરણોનાં મથાળાં खादीका व्यापक अर्थशास्त्रની અનુક્રમણિકામાંથી આપ્યાં છે.

Gandhi Heritage Portal

અને માર્ગમાં હઠ કરી આડા ઊભા રહેશે તેમને અહિંસક બળવાખોરોના સત્યાગ્રહનો મુકાબલો કરવો પડશે.

એટલે મિલમાલિકો પ્રજાની સાથે કઈ શરતે સહકાર કરી શકે તે જણાવવામાં મેં કશું ખોટું નથી કર્યું. એ શરતો ન જણાવી હોત તો ખોટું થાત ખરું. જો એ શરતો તેઓ સ્વીકારે તો ખાદીને એટલે આમવર્ગને કશું ખોવાપણું નથી. કારણ આજે મિલો આમવર્ગને ચૂસવાને માટે ચાલી રહી છે તેને બદલે આમવર્ગની સેવાને માટે તે ચલાવવામાં આવે તો, આજે તેઓ રેંટિયા અને હાથસાળની જગ્યા લઈ બેઠી છે તેને બદલે તેના કાર્યમાં તે મદદ કરતી થઈ જશે. હવે મેં જે શરતો તેમને જણાવી છે તે સ્વીકારતાં તેમને સંકોચ થાય તો તેનું કારણ તો અચૂક એ જ હશે કે રાષ્ટ્રહિતની દૃષ્ટિ સ્વીકારીને તેમને જે ફેરફારો કરવા પડે તેથી તેઓ ભડકે છે, જેમ અંગ્રેજો સાચા રાષ્ટ્રસેવક બનતાં પોતાના જીવનમાં જે પલટો કરવો પડે તેથી ભડકે છે. એટલે ખાદીપ્રેમીઓને હું કહેવા ઇચ્છું છું કે મિલમાલિકોના ઉંબરા ભાંગી રહ્યો છું તેથી ડરવાનું કશું કારણ નથી. જો આપણી શ્રદ્ધા દૃઢ હોય, જો ખાદીમાં આપણે આરોપીએ છીએ તેવી ટકી રહેવાની શક્તિ હોય, જો આમવર્ગને ખાદીની ભૂખ હોય, અને જો આમવર્ગને કેળવવાનો આપણો પ્રયત્ન આપણે ચાલુ રાખશું તો તેઓ જરૂર આપણને જવાબ દેશે. ખાદી તો, તો જ પડી ભાંગશે કે જો ખાદીપ્રેમીઓ તેમની શ્રદ્ધામાં ડગશે, અથવા તો તેમની શ્રદ્ધાને કશો પાયો ન હશે — એટલે કે જો આમવર્ગમાં હડહડતું દળદર ન હોય, અથવા તેમને વર્ષમાં કશો સમય બચતો ન હોય, અથવા તો સમય બચતો હોવા છતાં કરોડોને માટે સૌથી વધારે યોગ્ય અને વ્યવહારુ ઉદ્યોગ એ હાથકાંતણ ન હોય તો ખાદી પડી ભાંગવાની છે.

પણ આ ત્રણે પક્ષ સાચા છે, અને તેની ઉપર મારી ખાદી વિશેની સહજ શ્રદ્ધા અવલંબેલી છે, તેથી હું મિલમાલિકોના ઉંબરા ભાંગી રહ્યો છું. તદ્દન સંભવ છે, કદાચ હવે લગભગ ચોક્કસ કહેવાય, કે મિલમાલિકોની દોસ્તી કરવાના મારા પ્રયત્નમાંથી તુરતમાં કશું ફળ આવે એમ નથી. પણ આજે નહીં તો ભવિષ્યમાં, જો તે દરમ્યાન આપણે પરદેશી કાપડનો બહિષ્કાર ન કરી લીધો હશે તો, કાંઈ પગલાં લેવા માટે આજનું કરેલું કામ ઉપયોગમાં આવશે.

એટલે, પુનરુક્તિ કરવાને ભયે પણ, બહિષ્કારની કોઈ પણ યોજનામાં ખાદીનું શું સ્થાન છે તેનો વળી વિચાર કરવો એ લાભદાયક થઈ પડશે. મારા અભિપ્રાય પ્રમાણે પરદેશી કાપડનો બહિષ્કાર આવશ્યક અને શક્ય એટલા જ માટે છે કે તે આમવર્ગની સાથે સંબંધ ધરાવે છે, આમવર્ગને તેથી લાભ છે અને તેમના સહકારથી જ તે સાધ્ય છે. પરદેશી કાપડનો બહિષ્કાર જો દેશી મિલોથી જ થઈ શકતો હોય તો તે બહિષ્કારનું મૂલ્ય ક્ષણિક જ હોય, અને કેવળ મિલો વડે બહિષ્કાર કરવો એ તુરતમાં તો હું અશક્ય માનું છું. મારા અભિપ્રાય પ્રમાણે કેવળ ખાદીને લીધે જ આ બહિષ્કાર શક્ય અને વિચારવા યોગ્ય થઈ પડ્યો છે. અરે એ એટલો તો શક્ય લાગે છે કે જો હિંદુસ્તાનનો રાજદ્વારી વર્ગ ખાદી વેચવાનું ઉપાડી લે તો પરદેશી કે દેશી મિલનું તસુ પણ કપડું ન હોય તોપણ દેશને જોઈતી બધી ખાદી એક વર્ષમાં ઉત્પન્ન કરી શકાય એમ છે. આમ કહેવામાં મેં એ વસ્તુ માની લીધી છે કે ગામડાં ઘણે ભાગે પોતાની ખાદી ઉત્પન્ન કરી લેશે, અને ખાદીઉત્પત્તિનાં ક્ષેત્રો હાથે સૂતર ન કાંતી લેનારા માટે ખાદી ઉત્પન્ન કરશે. છેલ્લાં સાત વર્ષોનો અનુભવ બતાવે છે કે દેશમાં એકાએક કાપડનો દુકાળ પડે અને આમવર્ગને કાપડ ઉત્પન્ન કરવાનું ઉત્તેજન મળે તો તેમની પાસે

Gandhi Heritage Portal

પોતાને જોઈતી ખાદી ઉત્પન્ન કરવા પૂરતી કુશળતા અને દેશમાં જ મળી આવે એવાં યંત્રો છે. હા; પણ આને માટે રાજદ્વારી વર્ગની મનોવૃત્તિમાં અને પહેરવેશની રીતભાત અને શોખોમાં જબરદસ્ત ફેરફાર કરવા પડશે. મને શંકા નથી કે એ લોકોનો મોટો ભાગ આજે આ ફેરફાર કરવાને તૈયાર નથી થતો તે જ્યારે જોશે કે ખાદીના ઓઘ સામે ટકી શકાય તેમ નથી ત્યારે તેઓ પોતાની મેળે સમજી જશે. અને ખાદીનો ઓઘ અચૂક કરવાને માટે ખાદી કાર્યકર્તાઓએ દૃઢતા, પ્રામાણિકતા, શાસ્ત્રીય કુશળતા અને ચોકસાઈથી કામ કરવું પડશે. મ મિલવાળાઓની સાથે યારી કરવા માંડી છે, અને તેમની સાથે જોડાઈને પરદેશી કાપડનો બહિષ્કાર તત્કાળ સાધવાના ઉપાયોની ચર્ચા કરી છે, તે એટલા જ માટે કે જો તેમની દાનત હોય તો તેઓ દેશની સેવા કરવાનો લાભ લઈ શકે છે, અને સાથે સાથે પોતાનો સ્વાર્થ પણ સાધી શકે છે. દરમ્યાન ખાદી શાંત અદૃશ્ય રીતે રાષ્ટ્રીય રુચિ અને શોખોમાં પરિવર્તન કરી રહી છે, અને મેં સૂચવી છે તેવી સંધિ ન થાય તો ખાદી પોતે પોતાની મેળે, પોતાને અવસરે, પરદેશી કાપડનો બહિષ્કાર સાધ્યા વિના નહીં રહે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२–४–१९२८

ભાષાંતર : नवजीवन, १५–४–१९२८

# ૨૫૭. નોંધ

### વચનભંગ ?

ગયે વર્ષે જ્યારે હું ગંજામ જિલ્લામાં આવેલા બરહામપુરમાં ગયો હતો, ત્યારે મને એક એવા મંદિરમાં લઈ જવામાં આવ્યો હતો જે કહેવાતા અસ્પૃશ્યો સહિત સૌ કોઈને માટે ખુલ્લું હતું એમ મને કહેવામાં આવ્યું હતું. મારી સાથે કેટલાક અંત્યજ મિત્રો પણ હતા. થોડાં અઠવાડિયાંમાં મારા ઉપર એક એવું જણાવતો પત્ર આવ્યો કે મંદિરના ટ્રસ્ટીઓએ આ મંદિરમાં હરિજનોને પ્રવેશ કરવાની મનાઈ જાહેર કરી છે. આ કથન માનવા હું નારાજ હતો. તેથી મેં એ બાબતની તપાસ કરી અને મને જે જવાબ મળ્યો તે અહીં રજૂ કર્યો છે[1] :

ઉપર આપેલી હકીકત સાચી હોય તો તે ટ્રસ્ટીઓ દ્વારા અપાયેલા વચનનો સ્પષ્ટ ભંગ જ ગણાય. એ વચન માત્ર મને જ નહીં, પરંતુ મારી મારફતે બરહામપુરની જનતાને જાહેર રીતે આપવામાં આવ્યું હતું. એ બાબતમાં ટ્રસ્ટીઓ કોઈ બચાવ કે ખુલાસો કરી શકે એવી સ્થિતિમાં છે કે નહીં તે જાણવા હું આતુર છું. આ ખાસ કિસ્સામાં બેશક, હરિજનો પાસે સત્યાગ્રહ કરવાનો સ્પષ્ટ મુદ્દો છે. છતાં હું આશા રાખું છું કે બરહામપુરની જાહેર જનતાને કહેવામાં આવ્યું છે તે પ્રમાણે હકીકતમાં પ્રતિબંધ જારી હોય તો તે દૂર કરવાનો આગ્રહ રાખી પોતાના સ્વમાનને જાળવશે.

૧. ૨૨ માર્ચ, ૧૯૨૮નો આ પત્ર મળી શક્યો નથી. પત્રલેખકનો પત્ર અહીં રજૂ કર્યો નથી. તેણે તેમાં લખ્યું હતું કે મંદિરના ટ્રસ્ટીઓ પહેલાં કરતાં પણ હરિજન પ્રવેશના પ્રશ્ન પ્રત્યે વધારે કડક થયા છે; અને પરિણામે કોંગ્રેસની અસ્પૃશ્યતાનિવારણની હિલચાલમાંથી હરિજનો શ્રદ્ધા ગુમાવી રહ્યા છે.

Gandhi Heritage Portal

"માન્જેર્કાનો માનવ કરોળિયો"

કોઈમ્બતૂરના શ્રીયુત સી. બાલાજીરાવનો હું નીચેની છાપાની કાપલી માટે ઋણી છું.[1]

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२-४-१९२८

## ૨૫૮. દક્ષિણ આફ્રિકાના હિંદીઓ

દક્ષિણ આફ્રિકાની ઇન્ડિયન કૉંગ્રેસના મંત્રીને, ગૃહખાતાના પ્રધાને ૨૪ ફેબ્રુઆરી, ૧૯૨૮ના રોજ લખેલા નીચેના પત્રમાં કહેવાતા અપ્રમાણિત પ્રવેશ બાબતમાં સંઘ સરકારે આપેલ છૂટછાટની નોંધ કરવામાં આવી છે.[2]

આ પત્રમાં કલમ (સી)માં આપેલી પત્નીઓ અને બાળકો વિશેની શરતનો જો વધારે પડતી કડકાઈથી અમલ કરવામાં ન આવે તો છૂટછાટનો અમલ સારી રીતે થવા પામે.[3]

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२-४-१९२८

## ૨૫૯. મોતીલાલ નેહરુને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૨, ૧૯૨૮

પ્રિય ભાઈ મોતીલાલજી,

તમારો પત્ર મળ્યો. મિલમાલિકોને પક્ષે શું થઈ રહ્યું છે તેની પૂરી માહિતી વિના મેં લખ્યું જ ન હતું. તેઓ એક જુદું જ સંગઠન કરી રહ્યા છે, જેને આપણા કાર્ય સાથે કશો સંબંધ નહીં હોય. છતાં એ બાબતમાં હું તમારી સાથે તદ્દન સંમત છું કે તેમનો સંપૂર્ણ સહકાર મેળવવા પ્રયાસો કરવામાં આપણે જરા પણ કચાશ ન રાખવી જોઈએ. અહીં રહીને એ બાબતમાં જે કંઈ થઈ શકે તે હું કરી રહ્યો છું અને તમે મને એ બાબતમાં સર પુરુષોત્તમદાસ સાથે તમને કેટલી સફળતા મળી છે તે જણાવશો. પરંતુ તમે ચરખાની હિલચાલની શક્યતાઓનો અભ્યાસ કરો એમ હું ઇચ્છું છું. તમે માનતા લાગો છો એટલી બધી એ નકામી નથી. આ

૧. અહીં આપી નથી. છેલ્લી પંદર પેઢીથી પ્રાપ્ત કરેલી કુનેહથી આ "માનવ કરોળિયો" એક મિનિટમાં સેંકડો વાર સૂતર કાંતી શકતો હતો તેનો ઉલ્લેખ એમાં છે.

૨. આ પત્ર અહીં આપ્યો નથી. અમુક શરતોએ દક્ષિણ આફ્રિકાની યુનિયન સરકારે ઈ. સ. ૧૯૧૩-ના ૨૨મા ઍક્ટના પ્રકરણ ૧૦મામાં, ઈ. સ. ૧૯૨૭ના ૩૭મા ઍક્ટના પ્રકરણ ૫ મુજબ સુધારો કર્યો હતો. તે અનુસાર મળેલી છૂટછાટ એ હતી કે : "જો કોઈ હિંદી એમ સાબિત કરી શકે કે ... તે ઑરેન્જ ફ્રી સ્ટેટ સિવાયના યુનિયન સરકારના કોઈ પણ પ્રાંતમાં ૧૯૨૪ની ૫ જુલાઈ પહેલાં દાખલ થયો હતો તો તેની વિરુદ્ધ આ કલમનો કડકાઈપૂર્વક અમલ કરવામાં આવશે નહીં."

૩. આ શરત એ હતી કે જે પત્નીઓ અને છોકરાંને ૫ જુલાઈ, ૧૯૨૭ પહેલાં યુનિયન ઑફ સાઉથ આફ્રિકાના પ્રદેશમાં લાવવામાં ન આવ્યાં હોય તેમને પ્રવેશ મળશે નહીં.

Gandhi Heritage Portal

પ્રશ્નને ફરી એક વાર ખૂબ જ ટૂંકાણમાં મને તમારી પાસે મૂકવા દો. મિલો પોતે રાજદ્વારી પુરુષોને સંતોષ થાય એટલા સમયમાં બહિષ્કાર સાધી શકે એમ નથી. પરંતુ જો મિલો ચરખાના કાર્યમાં સહકાર આપીને ખેલદિલીપૂર્વક બહિષ્કારના કાર્યમાં જોડાય, તો તેઓ એટલી મુદતમાં કોઈ પણ દેશભક્તિની સાચી અપેક્ષાઓ પૂર્ણ કરી શકે. ચરખો એકલો પણ યોગ્ય સમયની અંદર પરદેશી કાપડનો બહિષ્કાર સાધી શકે પરંતુ તે સિદ્ધિની ઝડપનો આધાર રાજદ્વારી પુરુષો એ કાર્ય કેટલી તમન્નાથી કરી શકે તેના ઉપર અવલંબે છે. અને ખાદીના એક ઉત્પાદક તરીકે, હું કોઈ પણ માણસ સાથે લગભગ અમર્યાદિત જથ્થો પૂરો પાડવા અંગે વાટાઘાટ કરવા તૈયાર છું — સિવાય કે તે તેની ગુણવત્તા વિશે અમુક હદની બહાર મને બાંધવા ન ઇચ્છે અને તેની કિંમત વિશે રકઝક ન કરે.

અખિલ હિંદ ચરખા સંઘના અહેવાલની[1] એક પ્રત તમને મોકલું છું અને સાથે એક ચોપાનિયું પણ બીડું છું જે ૫ મિનિટમાં વાંચી શકાય તેમ છે, છતાં કેટલાક અસર કરે એવા આંકડા એ આપે છે. ખાદીની હિલચાલની પ્રગતિની આડે આવતી એકમાત્ર ચીજ કોઈ હોય, તો તે ખાદીની માંગની અને મૂડીની તંગી છે.

રોમાં રોલાંના અપેક્ષિત જવાબની હું હજી રાહ જોઈ રહ્યો છું. જો તે કેબલ નહીં કરે તો કદાચ આવતા અઠવાડિયામાં તેમના તરફથી મને પત્ર મળે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૮૨

## ૨૬૦. દેવચંદ પારેખને પત્ર

ગુરુવાર [એપ્રિલ ૧૨, ૧૯૨૮][2]

ભાઈશ્રી ૫ દેવચંદભાઈ,

કાઠિયાવાડનું ખાદીકામ ને તેને લગતો બધો સામાન તથા કરજ અખિલ ભારત ચરખા સંઘને સોંપી દેવાના નિશ્ચય ઉપર હું આવ્યો છું. આપણે નોખી જવાબદારી રાખીએ તેનો અર્થ એ છે કે મારે પૈસાની જવાબદારીની ચિંતા વેઠવી. હવે આ બાબત રીતસર ઠરાવ કરવો જોઈએ એમ લાગે છે. તેથી આ ઠરાવ સમિતિમાં કરાવી નાખજો અથવા સર્ક્યુલરથી સંમતિ લઈ લેજો.

મનસુખલાલનાં ઘર તેના લેણા પેટે ભાઈ રેવાશંકર અનુપચંદ લેવા ઇચ્છતા હોય એમ લાગે છે. આ બાબતમાં તમે કંઈ જાણતા હો તો લખશો. ભાઈ વાલજી કહે છે કે એ ઘર રેવાશંકરથી ન લેવાય એવો તમારો અભિપ્રાય છે.

મોરબી અંત્યજશાળાનું શું થયું?

બાપુના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

પત્રની નકલ પરથી : જી. એન. ૫૭૨૯

૧. જુઓ "અખિલ હિંદ ચરખા સંઘનો વાર્ષિક અહેવાલ", ૫-૪-૧૯૨૮.
૨. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

# ૨૯૧. ખાદીસેવક પ્રત્યે[1]

એપ્રિલ ૧૩ ૧૯૨૮ પહેલાં

ખાદીસેવક મંડળની કલ્પના મારી છે. સરકારનું જેવું 'નોકરશાહી'નું મંડળ છે તેવું આપણું પણ એક સેવકમંડળ હોય તો સારું એમ મને લાગ્યું હતું. સરકારના નોકરમંડળને તો 'શાહી' કહ્યું છે, કારણ તેઓ નોકર કરતાં 'શાહી' ચલાવે છે. પણ આપણી 'શાહી' નથી, કારણ આપણે તો સાચી સેવા કરવા ઇચ્છીએ છીએ. આ મંડળમાં દાખલ થવાને માટે અમુક વર્ષનો અભ્યાસક્રમ રાખવામાં આવ્યો, કારણ ખાદીસેવક થવા માટે શિક્ષણ અને યોગ્યતા જોઈએ. ખાદીશાસ્ત્ર એ અતિશય ગંભીર તેમ જ અતિશય વિસ્તૃત વિષય છે, કારણ એ શાસ્ત્ર દ્વારા આપણે હિંદુસ્તાનના ૩૩ કરોડની સેવા કરવા ઇચ્છીએ છીએ, અને તેમની સેવા દ્વારા દુનિયાની સેવા કરવા ઇચ્છીએ છીએ. આમ એ અનુભવશાસ્ત્ર છે. આથી ઊલટું, ખગોળશાસ્ત્ર એ અનુભવશાસ્ત્ર નથી. ખાદીશાસ્ત્ર એ અનુભવશાસ્ત્ર છે, એમાં થતા પ્રયોગો અને તેનાં પરિણામો અનુભવગમ્ય છે, ૩૩ કરોડ લોકો એનો પ્રત્યક્ષ અનુભવ લઈ શકે છે. એટલે એની મર્યાદા જ્યાં સુધી ઈશ્વરના નામની મર્યાદા પહોંચે છે ત્યાં સુધી પહોંચે છે.

એ શાસ્ત્રની વિશાળતાનું માપ તો એથી થઈ શકે કે સૂતર ઉત્પન્ન કરનારી અને કાપડ વણનારી મિલોમાં જેટલી ક્રિયાઓ થાય છે તે બધી ક્રિયાઓ આપણે ઘેર બેઠાં કરવી પડે છે. એ મિલો ચલાવવાવાળાઓએ એ પ્રથાઓ વિશે અનેક પુસ્તકો પણ વાંચ્યાં છે, જે પુસ્તકોનો અભ્યાસ તે તે ક્રિયામાં નિષ્ણાત થનારાઓ માટે આવશ્યક છે. એક જ ક્રિયા લો. જેમ મિલવાળાને કપાસની પરીક્ષા કરવી પડે છે તેમ આપણે પણ કરવી પડે છે. કપાસની શક્તિ, કપાસ એકઠો કરવાનું શાસ્ત્ર જેટલું તેમને જાણવું પડે છે તેટલું આપણને જાણવું પડે છે. આપણો પહેલો પાઠ જ કપાસ વિશેનો છે, અને તે અતિ મહત્ત્વનો છે. કેટલુંક જે મિલોને નથી કરવું પડતું તે આપણે કરવું પડે છે. દાખલા તરીકે મિલોને જરાયે પડી નથી કે કપાસિયાનું બીજ કપાસ લોઢતાં અખંડ રહે છે કે નષ્ટ થાય છે, જ્યારે આપણને તેવી બેદરકારી ન પોષાય. આપણે તો કપાસિયામાં પૂરેપૂરું સત્ત્વ રહે એ ઇચ્છીએ છીએ, આપણે તે બળદ અને ઢોરોને આપવા ઇચ્છીએ છીએ, અને તેમાંથી તેલ કાઢવા ઇચ્છીએ છીએ. આ બધી વસ્તુઓ સાથે મિલોને કશી લેવાદેવા નથી.

આપણી પાસે ગમે તેટલાં સાધનો હોય, અને આપણો ગમે તેટલો પ્રયત્ન હોય, તોપણ પ્રયોજન વિના એ બધાં સાધનો અને પ્રયત્ન બેકાર છે. એ પ્રયોજન દેશસેવા છે. એ વસ્તુ એટલી ગૂઢ છે કે એમાં જેટલા ઊંડે જાઓ તેટલા ઊંડા જઈ શકાય છે. મિલો પારાવાર પરિશ્રમ ઉઠાવે છે, કારણ તેમને સ્વાર્થદૃષ્ટિ છે, તેમને પૈસા કમાવા છે, તેમના તંત્રમાં દંડનીતિને સ્થાન છે, ઇનામનીતિને પણ સ્થાન છે, અને ઇનામનીતિ એ દંડનીતિ નહીં તો બીજું શું? આપણે ત્યાં સ્વાર્થ નથી, દંડનીતિયે નથી. પણ સ્વાર્થ નથી એટલે મિલો જેટલો પરિશ્રમ

૧. આ લેખ અંગે મહાદેવ દેસાઈ જણાવે છે: આશ્રમમાં ખાદી સેવક મંડળમાં જોડાવા માટે ચૂંટાયેલા વિદ્યાર્થીઓ માટે ખાદી વિદ્યાલય ચાલે છે. એમાં અનેક પ્રાંતોના વિદ્યાર્થીઓ છે. રાષ્ટ્રીય સપ્તાહ દરમ્યાન એ વિદ્યાર્થીઓને ઉદ્દેશીને હિંદીમાં વ્યાખ્યાન અપાયું હતું. તેનો આ સાર છે.

Gandhi Heritage Portal

આપણે ન કરીએ એ બરોબર નથી. આપણું કામ જેટલું નિ:સ્વાર્થ છે તેટલું વધારે પરિશ્રમને લાયક છે. એમાં જેટલો પ્રેમ અને ઉદ્યમ આપીશું તેટલા ઝટ જીતવાના છીએ. સર જગદીશચંદ્ર બોઝ એક ઝાડનું પાંદડું લઈને તેનું કેટલું પૃથક્કરણ છે, તેને ઇન્દ્રિય છે કે નહીં, મનુષ્યોની જેમ તેને 'માત્રાસ્પર્શ'નો અનુભવ છે કે નહીં, એ બધું ઝીણવટથી તપાસીને તેનું પરિણામ જગતની આગળ મૂકે છે. આ શું તેઓ દ્રવ્ય માટે કરે છે? ના. કીર્તિ માટે? ના. કેવળ નિ:સ્વાર્થભાવથી કરે છે. પણ તેનો ઉદ્દેશ જ્ઞાન છે. પણ આપણા પ્રયોગો કેવળ જ્ઞાનને માટે નથી. આપણું તો અનુભવશાસ્ત્ર છે, અને આપણે પ્રત્યક્ષ પરિણામો જોવા ઇચ્છીએ છીએ. અમુક કપાસમાંથી કેટલું રૂ નીકળે, કેટલું સૂતર નીકળે, અને તેટલા સૂતરમાંથી કેટલું કપડું નીકળે એ આપણે કાળજીથી તપાસવાનું છે, અને તેમ કરી કેટલા માણસો કેટલું કામ આપીને આખા દેશની કાપડની જરૂરિયાતને પહોંચી વળી શકે એનો હિસાબ આપણે કાઢી શકીએ છીએ.

આ શાસ્ત્રને હસ્તગત કરવા માટે જેટલું જ્ઞાન મેળવી શકો તેટલું મેળવો, જેટલા પ્રયોગો કરવા હોય તેટલા કરો. એ માટે તમારા દિલમાં ઉત્સાહ જોઈએ, ધગશ જોઈએ, લગની જોઈએ. જે માણસ ભક્તિભાવથી એ શાસ્ત્રની સાધના કરશે તેને ભગવાન બુદ્ધિયોગ આપશે.

પણ આપણે આટલું શાસ્ત્રનું જ્ઞાન લઈએ એટલું જ પૂરતું નથી. એકલું જ્ઞાન મિલમાં ચાલે, આપણામાં તો એ જ્ઞાન ઉપરાંત ચારિત્ર્ય જોઈએ. તમે આજીવિકા માટે નહીં પણ સેવા-ભાવથી આવ્યા છો, તમે ખાદીમાં તમારું જીવન આપશો એ ભાવનાથી આવ્યા છો. અને એ માટે ચારિત્ર્યની બહુ આવશ્યકતા રહેશે. ચારિત્ર્ય વિના તમે લોકોમાં શી રીતે જઈ શકશો? તમારી સેવા કોણ સ્વીકારશે? કારખાનામાં કામ કરનાર માણસના ચારિત્ર્યનો કોઈ વિચાર ન કરે, પણ તમારા ચારિત્ર્ય વિશે સૌ કોઈ પૂછશે. વળી તમારે સેવક બનીને લોકો પાસે જવાનું છે; નાદીરશાહ બનીને નથી જવાનું, જો બની શકે તો મજૂર બનીને તેમની વચ્ચે રહેવાનું છે, એ માટે સંયમી જીવન જોઈશે.

અને ચારિત્ર્ય બતાવનારું પહેલું ચિહ્ન તમારી સ્વચ્છતા હશે. તમે સ્વચ્છતાના નિયમ કડક રીતે પાળીને લોકો ઉપર પ્રભાવ પાડી શકશો, બીજી રીતે ન પાડી શકો. અને નિયમ પાળવા ખાતર નહીં, પણ એ નિયમ પાળ્યા વિના તમારાથી રહેવાય નહીં, એવું થવું જોઈએ. સ્વચ્છતા એ તમારો સ્વભાવ થઈ જાય, ક્યાંયે અસ્વચ્છતા આંખને દેખી ન ગમે, ગમે તેણે ગમે ત્યાં અસ્વચ્છતા રાખી હોય તે આપણી આંખમાં ખૂંચે અને તેને સાફ કર્યા વિના જીવને સુખ ન વળે, એવી વૃત્તિ તમારામાં ઉત્પન્ન થવી જોઈએ.

આપણે તો રાષ્ટ્રયજ્ઞમાં આપણને હોમવાના છીએ, એ યજ્ઞમાં હોમાવાને માટે આપણે પવિત્ર અને સ્વચ્છ હોવું જોઈએ. ગંદી વસ્તુને બાળવામાં કશો ફાયદો હોય છે ખરો? પણ સુગંધી વસ્તુને બાળવાથી વાતાવરણ સ્વચ્છ થાય છે, અને સુગંધ પ્રસરે છે. એટલે આપણે ચંદન જેવા સ્વચ્છ બની આ યજ્ઞમાં આહુતિ થઈએ. આ આશ્રમની કલ્પના એ જ હેતુથી થયેલી છે. રાષ્ટ્રયજ્ઞમાં આશ્રમ ધૂપ બને, અને બીજે ક્યાંય બદબો હોય તે બદબોને મિટાવે એ આપણું ધ્યેય છે. એ ધ્યેય આશ્રમનું એકલાનું નથી પણ પ્રત્યેક ખાદીસેવકનું છે.

અને તમારા કાર્યનું કેટલું ઊંચું સ્થાન છે તેની તમને ખબર છે? મને કોઈ પૂછે કે ગોસેવા, ચર્માલય વગેરે પ્રવૃત્તિની સરખામણીમાં ખાદીની પ્રવૃત્તિને તમે કયું સ્થાન આપો, તો હું જરૂર પ્રથમ સ્થાન ખાદીને જ દઈશ. એ વસ્તુ જ તુલસીદાસની ભવ્ય ઉપમામાં વર્ણવ્યા પ્રમાણે દેખીતી નીરસ પણ વધારેમાં વધારે લોકોપકારક છે:

Gandhi Heritage Portal

साधुचरित्त जिमि सरिस कपासू ।
निरस बिसद गुनमय फल जासू ।।

કાંતવાનું કેવું નીરસ લાગે છે? પંજાબીઓ તો મને કહેતા એ સ્ત્રીઓનું કામ અમારાથી ન થઈ શકે. વળી ખાદીસેવામાં કંઈ માનપાન ન મળે, મોટા પગાર ન મળે; ગોસેવામાં દુગ્ધાલયના તજ્જ્ઞ બનો અને ચર્મવિદ્યા વિશારદ બનો તો ભારે પગારો મળે. ખાદીમાં એવાં પગારનાં પ્રલોભનો નથી, કારણ એમાં કરોડોનું કામ રહેલું છે. આખા દેશમાં ખાદીનું સંગઠન કરવા માટે સાત લાખ ખાદીસેવકો જોઈએ. એમને મોટા પગાર આપેલા કેમ પોષાય? સાત લાખ ગોસેવકો કે સાત લાખ ચર્મવિદ્યા વિશારદોની દેશને જરૂર ન પડે. પણ ખાદી માટે તો આટલા વિના ન ચાલે. એટલી એ સેવાની અગત્ય છે, એટલા વિસ્તાર અને પ્રમાણમાં એની આવશ્યકતા છે. નીરસ લાગતું છતાં એના જેવું સરસ કાર્ય ભાગ્યે જ કોઈ હશે. એ કાર્યમાં તમે ખૂબ રસ લૂંટતા થાઓ તો તમે તમને સુશોભિત કરશો, આશ્રમને સુશોભિત કરશો, દેશને સુશોભિત કરશો.

[મૂળ હિંદી]

हिन्दी नवजीवन, १९–४–१९२८

ભાષાંતર : નવજીવન, ૧૫–૪–૧૯૨૮

## ૨૬૨. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૩, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

ખાદીના દાવાનું સમર્થન કરવા મેં તમારા કાગળનો કેવી રીતે ઉપયોગ કર્યો છે, તે તમે જોઈ શકશો.[1] જે પ્રવાસ અત્યારે ચાલી રહ્યો છે તેને વિશે જાણવા માટે હું આતુર છું અને એથી વિશેષ તો હું એ જાણવા માગું છું કે તેની અસર તમારી તંદુરસ્તી ઉપર કેવી થઈ રહી છે.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૧૫૮૮

૧. અહીં "ખાદીનું સ્થાન", ૧૨–૪–૧૯૨૮નો ઉલ્લેખ છે એમ માની શકાય.

Gandhi Heritage Portal

## ૨૬૩. એ. એલિંગ્ઝને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૩, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પ્રેમાળ પત્ર મળ્યો છે. યુરોપ જવાના નિમંત્રણને મારે સ્વીકારવું કે નહીં તેનો નિર્ણય કરવાની મારામાં હિંમત નથી. તેથી હું મારો નિર્ણય કરું તે પહેલાં યુરોપથી જે પત્ર આવવાની અપેક્ષા છે તેની હું રાહ જોઉં છું. અને હકીકત એ પ્રમાણેની હોઈ એ બાબતમાં તમે મારી પાસેથી કોઈ નિવેદનની આશા રાખો છો કે નહીં એ હું જાણતો નથી. છતાં હું એટલું કહી શકું કે હું બચાવી શકું તે બધો સમય હું ચરખાના સંદેશના વ્યાપક પ્રચાર માટે વાપરીશ.

તમારો સહૃદયી

એ. એલિંગ્ઝ, એસ્ક્વાયર
ન્યૂસ એડિટર
ઇંગ્લિશમૅન
૯ હૅર સ્ટ્રીટ
કલકત્તા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૧૮૭

## ૨૬૪. મિસિસ બ્લેઅરને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૩, ૧૯૨૮

પ્રિય મિસિસ બ્લેઅર,

ઘણા લાંબા સમય પછી તમારો પત્ર મળતાં આનંદ થયો. રાષ્ટ્રીય સપ્તાહ દરમિયાન તમે લાખો ભૂખ્યાં માણસોને યાદ કર્યાં એ ઘણું સારું કર્યું. તમારી આ ઉંમરે અને બિલકુલ પ્રતિકૂળ વાતાવરણમાં તમે નિયમિત અને સારી રીતે કાંતી ન શકો એ હું બરાબર સમજી શકું છું. પરંતુ તમે આપણા દેશના ગરીબ માનવો વિશે હમેશાં વિચાર કરતાં રહો છો, તે મારા હૃદયને શાતા આપનારું નીવડે છે. રાષ્ટ્રીય સપ્તાહ દરમિયાન તમે થોડીઘણી ખાદીનું વેચાણ કર્યું?

તમારો સહૃદયી

મિસિસ બ્લેઅર
મૉલ વિલા ૩
દાર્જીલિંગ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૧૮૯

Gandhi Heritage Portal

## ૨૬૫. મ્યુરિયલ લેસ્ટરને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૩, ૧૯૨૮

તમારો બીજો કેબલ મળ્યો છે. હું જોઈ શકું છું કે ગમે તેમ પણ તમે સમૃદ્ધ દેશના રહેવાસી છો. હું ગરીબ દેશનો વતની છું; તેથી કેબલ-સંદેશા મોકલતાં પહેલાં પચાસ વાર વિચાર કરવાની મારે જરૂર ઉપસ્થિત થાય છે અને દર વખતે મારી જાતને મારે કહેવું પડે છે કે તેમાં વપરાતો એકેક રૂપિયો ૬૪ ભૂખ્યાં પેટોને દરેકને એક કલાકનું કામ આપી ભોજન આપવા શક્તિમાન થાય છે, કારણ કે રૂપિયાના ચોસઠમા ભાગમાંથી ખરીદેલા લોટમાંથી એક ભૂખ્યો માણસ એક ટંકનું ભોજન પામી શકે છે. તેથી જો આપણે મળવાનું થાય જ તો આ બધા કેબલ પાછળ, તમે પૉપલરનાં ગરીબ માણસોનું પ્રતિનિધિત્વ ધરાવી રહ્યાં હોવા છતાં, કરેલા ખર્ચનો તમારે હિસાબ આપવો પડશે.

યુરોપ જવું કે નહીં તે બાબતનો નિર્ણય કરવા પૂરતી હિંમત હું એકઠી કરી શકતો નથી. તેથી રોમાં રોલાંના અપેક્ષિત પત્રની હું રાહ જોઈ રહ્યો છું. આ અપેક્ષિત પત્ર છેવટનો નિર્ણય કરવાની મને ફરજ પાડશે. તમારા ઉષ્માભર્યા પત્ર પછી પણ યુરોપ જવા બાબતનો નિર્ણય કરવામાં હું મંદ કેમ છું તે વાતની મને સમજ પડતી નથી.

તમારો સહૃદયી

મિસ મ્યુરિયલ લેસ્ટર

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૯૫૫

## ૨૬૬. ટી. નાગેશ રાવને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૩, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો છે. હું તેનો જલદી ઉત્તર આપી ન શક્યો તે માટે દિલગીર છું. હું તમને એટલી જ સલાહ આપી શકું છું કે તમે તમારાં પત્નીથી બિલકુલ જુદા રહો, નિર્મળ સાત્ત્વિક ખોરાક લો, ચોવીસે કલાક સ્વચ્છ અને તાજી હવામાં રહો, અને તમારા જાગૃતિના કલાકો તંદુરસ્ત પ્રવૃત્તિથી ભરી દો, અને જ્યારે શરીર થાકી જાય ત્યારે સ્વસ્થ વાચન અને



Gandhi Heritage Portal

ચિંતન કરતા રહો. જ્યાં સુધી તમે પોતાની જાત ઉપર કાબૂ નહીં મેળવ્યો હોય, ત્યાં સુધી તમે તમારા શિષ્યો ઉપર નહીં જેવી જ અસર પાડી શકશો.

તમારો સહૃદયી

શ્રીયુત ટી. નાગેશ રાવ
અધ્યાપક
બોર્ડ હાઈસ્કૂલ
પુત્તૂર, દક્ષિણ કેનેરા

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૯૨૦૫: ટી. નાગેશ રાવના સૌજન્યથી

## ૨૬૭. એસ. રામનાથનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૩, ૧૯૨૮

પ્રિય ભાઈ રામનાથન્,

આ સાથે એક લાંબો પત્ર છે જે તમને મોકલવાની મને ફરજ પડી છે. . .[૧] એ તેમના પત્ર સાથે બીડેલી પત્રવ્યવહારની નકલો ઉપરથી હું ધારું છું કે તેમને તેની અપ્રામાણિકતા વિશેની છેવટની સાબિતી મળી ગઈ હશે.[૨] હું તેમને છેવટનો ઉત્તર મોકલી શકું તે પહેલાં હું એ જાણવા માગું છું કે. . .ની[૩] સહીવાળો કોઈ લેખિત કે છાપેલો કૉન્ટ્રેક્ટ થયો છે કે કેમ અને જો તેણે સહી કરી હોય, તો તેમાં જામીનગીરી આપોઆપ જપ્ત થવાની કોઈ કલમ છે કે કેમ તે મને જણાવશો. જો તે જપ્ત થવા બાબતનો કોઈ લેખિત કરાર ન થયો હોય, તો કોર્ટની દરમિયાનગીરી સિવાય, તમે જપ્ત થવાની જાહેરાત કરો એ શું વાજબી છે?

તમારો સહૃદયી

બિડાણ એક ફાઈલ

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૫૯૩

૧. અને ૩. નામો છોડી દીધાં છે.
૨. જુઓ આ પછીનો પત્ર.

Gandhi Heritage Portal

# ૨૬૮. એક પત્ર[1]

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૩, ૧૯૨૮

ભાઈશ્રી,

મને તમારો પત્ર મળ્યો છે. તમારે જાણવું જોઈએ કે હવે સંઘનું[2] સંચાલન મારા અધિકાર હેઠળ નથી. શેઠ જમનાલાલ બજાજ તેના વહીવટી વડા છે; પરંતુ હું તમારા કિસ્સામાં રસ લઈ રહ્યો છું અને મેં શ્રીયુત રામનાથનને લખ્યું છે. તેમના તરફથી સમાચાર મળતાં હું તમને ફરીથી લખવાની આશા રાખું છું. દરમિયાન મને એટલું કહેવા દો કે તમે મોકલેલા કાગળો જોતાં, તમારી વિરુદ્ધ બહુ જ મજબૂત કેસ હોવાનું મને દેખાય છે. શ્રીયુત રામનાથન્ પાસે તમારી વિરુદ્ધ લાંચરુશવત અને ભ્રષ્ટાચારના ચોક્કસ પુરાવા હોય, તો તમારી પાસે શો બચાવ હોઈ શકે તે મને સમજાતું નથી.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૯૨

# ૨૬૯. ડૉ. એમ. એ. અનસારીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૪, ૧૯૨૮

પ્રિય ડૉ. અનસારી,

મને તમારો પત્ર મળ્યો છે. જો મિલમાલિકોના પ્રતિનિધિઓની બેઠક યોજાય અને યોગ્ય સમય પહેલાં તમે મને ખબર આપશો, તો હું તેમાં હાજર રહીશ. પરંતુ હજી સુધી મોતીલાલજી તરફથી એ બાબતમાં કશા સમાચાર નથી.

હું મિલમાલિકોના પ્રતિનિધિઓના સતત સંપર્કમાં છું અને હું સમજું છું તે પ્રમાણે આ વાટાઘાટમાંથી કશું પરિણામ આવવાનું નથી. મિલમાલિકોએ પોતાનું અલગ મંડળ ઊભું કરવા નિર્ણય કર્યો છે; અને તેમાંથી રાજકારણને તેઓ તદ્દન દૂર રાખવા માગે છે. સર પુરુષોત્તમદાસે આ મંડળના પણ પ્રમુખ થવાની ના પાડી છે. અને હું ધારું છું કે તેઓ એવા અનુમાન પર આવ્યા છે કે અત્યારની ઘડીએ મિલમાલિકો કોઈ પણ મહત્ત્વનું પગલું ભરશે નહીં. શ્રીયુત

૧. જેમને આ પત્ર લખાયો છે તેમનું નામ નથી આપ્યું. જુઓ આ પહેલાંનો પત્ર.
૨. અખિલ હિંદ ચરખા સંઘ.

Gandhi Heritage Portal

બિરલા પણ મને લગભગ એ જ સૂરમાં લખે છે, છતાં તેઓ તો મિલમાલિકો વગરની જ બહિષ્કારની હિલચાલ ઇચ્છે છે. મિલમાલિકો સાથે ખૂબ જ વાતો અને પત્રવ્યવહાર કર્યા પછી, હું પણ એ દૃષ્ટિબિંદુ તરફ ઢળતો થયો છું. છતાં એનો અર્થ એવો થતો નથી કે મોતીલાલજીના ખ્યાલમાં જે પરિષદ છે તે આપણે ન બોલાવવી જોઈએ.

શું શું ચાલી રહ્યું છે તે બાબતમાં તમે મને વાકેફગાર રાખતા રહેશો. યંગ ઇન્ડિયાનાં પૃષ્ઠોમાં મિલો વિશે મેં જે કંઈ લખ્યું છે તે તમે વાંચી જાઓ એમ હું ઇચ્છું છું. તમારી પાસે એ લેખો ન હોય તો હું તમને મોકલી શકું.

હું ઇચ્છું છું કે જામિયાનું બંધારણ હવે તમે ઢીલ કર્યા વિના નક્કી કરી દેશો.

તમારો સહૃદયી

ડૉ. એમ. એ. અનસારી
અમદાવાદ પૅલેસ
ભોપાલ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૯૧

## ૨૭૦. વિઠ્ઠલદાસ જેરાજાણીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૪, ૧૯૨૮

ભાઈશ્રી ૫ વિઠ્ઠલદાસ,

આ તમારા કાગળના જવાબમાં. જો બહિષ્કાર ઉગ્ર સ્વરૂપ પકડે તો આપણા પાસે જોઈતાં છાયલ અને ધોતિયાં ખાદીનાં નથી. જેઓ લંગોટ પહેરવી પડે તોયે ખાદીથી જ ચલાવશે તેવાને તો પૂરા પડીએ, પણ જેઓ તેમ કરવા તૈયાર ન હોય છતાં વિદેશી વસ્ત્રના બહિષ્કારથી બીજાં કંઈ પણ કપડાં મળે તો ભાગ લેવા તૈયાર થાય તેને આપણે મિલનાં ધોતિયાં સાડી પૂરાં પાડીએ. આનો અર્થ એ થયો કે આપણે નિશ્ચય કરેલી વસ્તુઓ સિવાય મિલો બીજાં કપડાં પેદા કરી જ ન શકે અને તેઓની દુકાનમાંયે બીજાં કપડાંને સારુ ખાદી જ વેચાય. આ વાત મિલો કબૂલ ન કરે એ હું સમજી શકું છું, પણ એ કબૂલ ન કરે ત્યાં લગી આપણાથી તેઓની સાથે સમજૂતી ન થઈ શકે. મારી માગણીનો અર્થ એ છે કે મિલોએ ખાદીનું સ્થાન હમેશાંને સારુ સ્વીકારવું રહ્યું. આ સમજાયું ન હોય તો મને પૂછજો. ત્યાંનું કામ રખડાવીને અહીંયાં આવો એમ મારી માગણી નથી. જ્યારે આવવાનું થાય અને ચર્ચા કરવાનો પ્રસંગ મળે ત્યારે કરજો. આવજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : એસ. એન. ૯૭૬૪

Gandhi Heritage Portal

## ૨૭૧. દેવચંદ પારેખને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૪, ૧૯૨૮

ભાઈશ્રી દેવચંદભાઈ,

તમારો કાગળ મળ્યો છે. મનસુખભાઈ વિશે સમજ્યો છું. જોકે મને કંઈ જ ગમ પડતી નથી. હું તો એ અભિપ્રાયનો છું કે માણસની ઉપર કંઈ કરજ હોય તો બાયડી છોકરાંઓને ધણીએ ઉપાર્જન કરેલા દ્રવ્યમાંથી કશુંયે રાખવાનો અધિકાર નથી. પણ આ કેસમાં શું બન્યું છે એની મને ખબર નથી. મનસુખભાઈનું નામસ્મરણ કરતા તેના સ્મારકને સારુ કંઈ થયું છે કે? એ પૂછવાનું યાદ આવે છે. ખાદી બાબત નીચે પ્રમાણે ઠરાવની આવશ્યકતા છે?

"કેમ કે કાઠિયાવાડ રાજકીય પરિષદની પાસે ઘણા વ્યવસાયો છે, તેના પાસે ખાદીકાર્યની જવાબદારી ભોગવવા પૂરતા માણસો અને દ્રવ્ય નથી અને ગાંધીજી જે આજ લગી દ્રવ્યની જવાબદારી ભોગવતા આવ્યા છે તે ભોગવી શકે એવું તેની પાસે શરીર સાધન નથી અને અખિલ ભારત ચરખાસંઘ મજકૂર ઉઠાવવા તૈયાર છે તેથી આ પરિષદની સમિતિ કાઠિયાવાડ ખાદીકાર્યનો તમામ વહીવટ, તેને લગતી તમામ મિલકત અને તમામ જવાબદારી અખિલ ભારત ચરખાસંઘને સોંપે છે."

અંત્યજ-કાર્યને સારુ મૂળચંદભાઈને પૈસા મળી ગયા છે કે? ભાઈ ફૂલચંદ તમારી સાથે નથી એટલે હવે તમારી પાસે શી મદદ છે? પરિષદનું બીજું કંઈ કામ હાલ થાય છે?

બાપુના
વંદે માતરમ્

[તા. ક.]

તમે તો ખાદી બાપુની સારી વેચી ગણાય.

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૫૭૨૯

Gandhi Heritage Portal

## ૨૭૨. દલિતોની સેવા

દલિતોની સેવા કરનાર પોતાની ને સમસ્ત સમાજની સેવા કરે છે, કેમ કે બીજાનું દલન કરનાર પોતે દળાય છે. બીજાને ખાડામાં ઉતારનાર પોતે તેમાં ઊતરે છે, અને તેથી પડેલાને ઉપાડનાર પોતે ચડે છે.

આપણાં જ ભાંડુઓની મોટી સંખ્યાને અસ્પૃશ્ય બનાવી આપણે જગતના અસ્પૃશ્ય બનવાની અણીએ પહોંચ્યા હતા તેમાંથી હવે બચી જવાનો સંભવ છે એમ કદાચ કહી શકાય, કેમ કે હિંદુ સમાજમાં આ પાપને ધોવાનો પ્રયત્ન અનેક દિશાઓમાં ને અનેક પ્રાંતોમાં ચાલી રહ્યો છે.

આ પ્રયત્નોમાં સહુથી મોટો ને સફળ પ્રયત્ન કદાચ અમદાવાદમાં શ્રી અનસૂયાબહેનની મારફત ચાલતો હશે.

ગત માસમાં હું બે સભાઓમાં જઈ આવ્યો, તેમાં એક ભંગી ભાઈઓના મહાજને કરેલી સભા હતી અને બીજી મજૂરોની શાળાઓનાં બાળકોનો મેળાવડો[1] હતો. આમાં મુખ્ય ભાગે દલિત કોમનાં બાળકો હતાં. તેમનું વર્ણન મારી પાસે વાંચવામાં આવ્યું હતું, તેમાંથી નીચેનો ભાગ સહુએ મનન કરવા યોગ્ય છે:[2]

આવી સુવ્યવસ્થા નીચે આટલી કાળજીથી, આટલી સંખ્યામાં મજૂરોનાં બાળકો ક્યાંયે ભણતાં હોય એવું મારી જાણમાં નથી.

આ સાહસને મિલના માલિકોએ વધાવી લેવું ઘટે છે. તેમને તેઓ તરફથી મદદ મળે છે. તે અટકી જવાની વાતો સાંભળવામાં આવી છે. મારી ઉમેદ છે કે તેવું નહીં થાય, એટલું જ નહીં પણ આ ખર્ચમાં મોટો ને વધતો જતો ફાળો તેમનો હોય એ ઇષ્ટ ને આવશ્યક છે. મિલમાલિકોનો આ સાહસને પૂર્ણ મદદ દેવાનો ધર્મ છે એવો મારો નમ્ર અભિપ્રાય છે.

આ પ્રયત્નમાં એક વિશેષતા એ પણ છે કે મજૂરો પોતાનો ફાળો આ શાળાઓ ચલાવવામાં સારા પ્રમાણમાં આપે છે, ને છેવટનો ઉદ્દેશ એ છે કે મજૂરોને જ ખર્ચે આ શાળાઓ ચાલે. આ ઉદ્દેશને પહોંચતાં પહેલાં મજૂરોની આર્થિક સ્થિતિ સુધરવી જોઈશે. તેમનામાં ત્યાગબુદ્ધિ વધવી જોઈશે, ને તેમનામાં બાળકેળવણીનો પ્રેમ વધવો જોઈશે. દરમ્યાન મિલમાલિકો અને બીજા સુખી ગૃહસ્થોએ આ શાળાઓને નભાવવી ઘટે છે.

ભંગીઓની સભામાં[3] જે અનુભવ થયો એ ધ્યાન ખેંચે એવો હતો. ભંગી ભાઈઓમાં શુદ્ધ ઉચ્ચારણથી ભજન ગાનારા હતા. તેમનાં ભજનો સાંભળીને એમ નહીં લાગે કે એઓ કોઈ પણ રીતે બીજાના કરતાં ઊતરતા હશે. તેમનામાં અક્ષરજ્ઞાન ઘણું ઓછું હતું. તેમની સ્થિતિ કરજદાર, પગાર ટૂંકા ને તેમનામાં શરાબ પીનારાની સંખ્યા ઓછી નહીં. તેમનામાંનો મોટો ભાગ એઠું માગનારો ને ખાનારો પણ ખરો. તેમને જોઈને તથા સાંભળીને એમ જ લાગે કે તેમનામાં જેટલા દોષ છે તેને સારુ ઊંચ વર્ણના કહેવાતા હિંદુ જવાબદાર છે, ને તેમના ગુણને

૧. જુઓ "અમદાવાદમાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓના મિલન પ્રસંગે ભાષણ", ૩૧-૩-૧૯૨૮.
૨. અહીં આપ્યો નથી.
૩. જુઓ "અમદાવાદના સફાઈ કામદારોની સભામાં ભાષણ", ૨૭-૩-૧૯૨૮.

Gandhi Heritage Portal

સારુ તેઓ હિંદુ ધર્મના મૂળમાં રહેલી શક્તિને આભારી છે. હિંદુ ધર્મના સંસ્કારે કચરાયેલા ભંગીમાંથી પણ સભ્યતા છેક નાબૂદ નથી કરી. જો આપણે તેમને જાનવરતુલ્ય ન માન્યા હોત, તો તેમને સડેલું અનાજ કે એંઠવાડ ન આપત, તો તેમને શરાબની બદીમાંથી બચાવી લેત, ને નિર્દય વ્યાજ લેનારના પંજામાંથી મુક્ત રાખત. હવે આનો હાથ ઝલાયો છે, એટલે આશા રાખી શકાય છે કે જેની સેવાથી આપણે શહેરોમાં નભી શકીએ છીએ એવા સમાજના અતિ ઉપયોગી અંગની સ્થિતિ સુધરશે.

દલિત કોમોની સ્થિતિમાં આંતરિક સુધારણાનો યત્ન ભલે શ્રી અનસૂયાબહેન જેવાં કરે, પણ તેમને ઘર કોણ બંધાવી આપે? અમદાવાદના મજૂરોની ઘોલકી મેં જોયેલી છે. તેઓ જે કોટડીઓમાં રહે છે તેને ઘર કહેવાય જ નહીં. તેમને ઘર બંધાવી આપવાનું કામ ખાનગી વ્યક્તિનું નથી. તે કામ વિશેષે કરીને સુધરાઈ ખાતાનું છે, અથવા મિલના માલિકોનું છે. મિલના માલિકો પોતાનો ધર્મ ન સમજે તો સુધરાઈખાતું પોતાની જવાબદારીને ભૂલી નથી શકતું. મજૂરોને સારુ યોગ્ય મકાનો બાંધવાં એ જેટલું તેમને સારુ જરૂરનું છે તેટલું જ શહેરના આરોગ્યને સારુ જરૂરનું છે.

### ભંગી વિ. ઢેડ

દલિત કોમોની સ્થિતિ વિશે લખતાં એક ત્રીજી સભામાં[1] હું થોડા જ દિવસ પૂર્વે જઈ આવ્યો. ત્યાંનો દુઃખદ પ્રસંગ પણ વર્ણવી જાઉં. કોચરબમાં અંત્યજશાળા છે. તે વિદ્યાપીઠના સ્નાતકો ચલાવે છે. તેની પાછળ તેઓ ઠીક મહેનત લેતા જણાય છે. તેમાં વિદ્યાર્થીઓની સંખ્યા સારી હતી. તેઓ બધા ઢેડ હતા. શિક્ષકોને ભંગીનાં બાળકોનો વિચાર આવ્યો. તેમને નિશાળમાં નોતરવાનો શિક્ષકોએ નિશ્ચય કર્યો. ભંગી બાળકો આવ્યાં એટલે ઢેડ બાળકોનાં માબાપે પોતાનાં છોકરાંને ઉઠાડી મૂકયાં. તેમાંથી કેટલાંક પાછાં આવ્યાં, પણ ઘણાં બહાર રહ્યાં. તેથી શિક્ષકોએ વિચાર્યું કે હું જાઉં તો કદાચ ઢેડ માબાપો માને ને પોતાનાં છોકરાંને મોકલે. હું ગયો. પણ થોડાં જ ઢેડ માબાપો સભામાં આવ્યાં. એક ભાઈ આવ્યા તેમણે મને ચોખ્ખો જવાબ દીધો:

"ભંગીને તે વળી ઢેડ અડે?" આભડછેટના પરંપરાથી ચાલતા ધર્મનું આ સનાતની ઢેડ ભાઈએ સમર્થન કર્યું.

"પણ જો ઢેડ ભંગીને અડતાં અભડાય તો વાણિયાબ્રાહ્મણ ઢેડને કેમ અડે?" મેં પૂછ્યું.

"વાણિયા બ્રાહ્મણને અમને અડવાનું અમે કયાં કહીએ છીએ? છો અમને ન અડે." આમ કહી આ ઢેડ ભાઈએ મને હરાવ્યો.

હાથનાં કર્યાં આમ આપણને હૈયે વાગે છે. જો આભડછેટનો સડો બહુ આગળ ચાલત તો આપણે બધા એકબીજાથી અભડાત ને પછી વણમોતે મરત. પણ હવે તેને ઢેડ માને કે વાણિયા-બ્રાહ્મણ માને, અસ્પૃશ્યતાનો સાપ ઝાઝા શ્વાસ લઈ શકે તેમ નથી.

શિક્ષકોએ પોતાના નિશ્ચયને વળગી રહેવાનું છે. ઢેડ ભાઈઓની ઉપર રોષ ન કરવો, પણ ઢેડ બાળકોને રાખવાને સારુ એક પણ ભંગી બાળકને જતો ન કરે. ભંગી બાળકો જેટલાં આવે તેટલાંને પ્રેમપૂર્વક ભણાવે, ને તેમાં જ પોતાના કાર્યની સફળતા માને. તેમની નિશ્ચલતા અને શ્રદ્ધાનો ચેપ જરૂર ઢેડ ભાઈઓને લાગશે, ને જો ભંગી બાળકોમાં સ્વચ્છતા, સત્ય, પ્રેમ, જ્ઞાન,

૧. આ સભાનો કોઈ અહેવાલ મળતો નથી.

Gandhi Heritage Portal

વગેરે તેઓ જોશે, તો પોતાનાં બાળકોને મોકલ્યા વિના તેઓ રહી જ નહીં શકે. અસ્પૃશ્યતાનો મેલ ધોવા ઇચ્છનારે જેનો સહુ ત્યાગ કરે છે તેના સંગ્રહથી આરંભ કરવો રહ્યો છે. એવા સુધારકોને જાણું છું જેઓ માને છે કે 'ઢેડની સેવા કરતાં પહેલાં આપણે આપણી તો કરી લઈએ. આપણે સુધરી લઈએ પછી ઢેડને સુધારશું.' આ વિચારશ્રેણીમાં બે દોષો છે. એક તો અધીરાઈ અને બીજો અજ્ઞાન. અધીરાઈ એટલા સારુ કે આપણે અગવડોની સામે થવાનું ધૈર્ય ખોઈ બેસીએ છીએ. અજ્ઞાન એટલા સારુ કે આપણે સમજતા નથી કે હિંદુજાતિમાં જે મોટો સુધારો કરવાનો છે તે તો આ અસ્પૃશ્યતાનો મેલ ધોવાનો છે. દૂધમાં ઝેરનો સ્પર્શ હોય તોપણ તે જેમ નકામું થઈ પડે છે, તેમ જો હિંદુજાતિમાં અસ્પૃશ્યતાનો સ્પર્શ સરખોયે રહેવા દઈએ તો તે જાતિ નકામી થઈ પડે છે. આ કલંકને ધોતા બીજા સુધારા અટકી નથી પડતા. આ કલંકને રહેવા દઈને થયેલા બીજા સુધારા લગભગ નજીવા થઈ પડે છે. ક્ષયના રોગવાળાનાં થોડાં ગૂમડાં સાફ કર્યાં તોયે શું, ને ન કર્યાં તોયે શું?

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૫-૪-૧૯૨૮

## ૨૭૩. મણિબહેન પટેલને પત્ર

સાબરમતી,
રવિવાર, એપ્રિલ ૧૫, ૧૯૨૮

ચિ. મણિ,

ત્યાં ગયા પછી કાગળ સરખોયે નથી એ બરાબર ન કહેવાય. ત્યાંનો કાર્યક્રમ જણાવજો. અનુભવો લખજો.

આ સાથેનો કાગળ વાંચી લંકા[૧] જવાનું મન થાય તો લખજો. (રાષ્ટ્રીય) સપ્તાહ[૨] કેમ ઊજવી?

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

બાપુના પત્રો ૪: મણિબહેન પટેલને, પા. ૬૫

૧. કોલંબોમાં કૉલેજમાં ખાદીનો પ્રચાર કરવા.

૨. ૧૯૧૯ના એપ્રિલની છઠ્ઠી તારીખ રૉલેટ ઍક્ટના વિરોધમાં સત્યાગ્રહ કરવા માટે મુકરર થઈ હતી. તે દિવસથી દેશમાં દમનનો દોર ચાલ્યો અને ૧૩મી એપ્રિલે જલિયાંવાલા બાગમાં કતલ થઈ. એ એક અઠવાડિયામાં બનેલા ઐતિહાસિક બનાવોની યાદમાં એ સપ્તાહ રાષ્ટ્રીય સપ્તાહ તરીકે ઊજવાય છે.

Gandhi Heritage Portal

## ૨૭૪. સરોજિની નાયડુને પત્ર

એપ્રિલ ૧૬, ૧૯૨૮

વહાલાં મીરાંબાઈ,

હું તમારી પાસેથી પદ્મજા વિશે માહિતી મેળવવા વિચારી રહ્યો હતો. તેને કહેજો કે તેણે જલદી સાજા થઈ જવાનું છે, નહીં તો એની ગણતરી બહાદુર છોકરીમાં નહીં થાય. તે ક્યાં સુધી ત્યાં રહેવા ઇચ્છે છે? તમારી અમેરિકાની યાત્રા બાબતમાં શું થયું?

હું તો ભીરુ બની ગયો છું. યુરોપ જવું કે નહીં તે હું નક્કી કરી શકતો નથી.

સસ્નેહ,

**કાંતનાર**

શ્રીમતી સ. નાયડુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૧૯૨

## ૨૭૫. એની બેસંટને પત્ર

સાબરમતી,
એપ્રિલ ૧૬, ૧૯૨૮

વહાલાં ડૉ. બેસંટ,

તમારી ચિઠ્ઠી બદલ હું તમારો આભાર માનું છું. જે હિલચાલ વિશે તમે લખો છો, તેમાં કદાચ હું ન પણ જોડાઉં. મને લાગે છે કે આપણે વધારે પડતાં સંસ્થાઓ અને મંડળો સ્થાપી રહ્યાં છીએ, પરંતુ તેમાં કાર્ય કરવાને માટે આપણી પાસે પૂરતાં સ્ત્રીપુરુષો નથી.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૧૯૩

Gandhi Heritage Portal

## ૨૭૬. ઉ. રાજગોપાલ કૃષ્ણૈયાને પત્ર

એપ્રિલ ૧૬, ૧૯૨૮

ભાઈ રાજગોપાલ,

ઈશ્વર સર્વશક્તિમાન હોઈ ગમે તે કરી શકે છે. હિંસાનો પ્રતિકાર હિંસાથી ન થવો જોઈએ.

મહાભારતનું ઐતિહાસિક અર્થઘટન કરીને કોઈ ધર્મનું જ્ઞાન મેળવી શકે નહીં. અને મહાભારત કંઈ ખરેખર ઇતિહાસ નથી.

તમારો

**મોહનદાસ ગાંધી**

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૯૨૩૮; શ્રી રાજગોપાલ કૃષ્ણૈયાના સૌજન્યથી

## ૨૭૭. રાજેન્દ્રપ્રસાદને કેબલ[૧]

[એપ્રિલ ૧૬, ૧૯૨૮ કે તે પછી]

રાજેન્દ્રપ્રસાદ

જયાવતી

લંડન

પરિષદ સફળ થાઓ.

**ગાંધી**

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૪૩૮૧

૧. યુવક પરિષદ માટે સંદેશો માગતાં ૧૬ એપ્રિલને દિવસે મળેલા કેબલના જવાબમાં આ કેબલ કરવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

## ૨૭૮. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને કેબલ[1]

અમદાવાદ,
એપ્રિલ ૧૭, ૧૯૨૮

પરમ માનનીય શાસ્ત્રી
પ્રિટોરિયા

ધારું છું કે ૧૯૧૪ના સમાધાનમાં સર્ટિફિકેટોને અસર નહીં થાય.[2]

**ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૧૯૭૪

## ૨૭૯. કે. માધવન નાયરને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૭, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મને મળ્યો છે. તમારા કાર્યમાં વિચારનો ગૂંચવાડો છે. જો તમારા મિત્ર માટે લૉ-મેમ્બરશિપ ધરાવવાનું યોગ્ય હોય તો તે જાહેર જનતાના દૃષ્ટિબિંદુ અનુસાર તેમ જ ખાનગી

૧. સા. આ. ઇં. કોં. (સાઉથ આફ્રિકન ઇન્ડિયન કૉંગ્રેસ) જોહાનિસબર્ગ તરફથી એપ્રિલ ૧૩, ૧૯૨૮ના રોજ મળેલા સંદેશાના જવાબરૂપે આ કેબલ હતો. મળેલો સંદેશો આ પ્રમાણે હતો : "નવા કાયદાની કલમ પાંચ અનુસાર દક્ષિણ આફ્રિકામાં વસનારા હિંદીઓ માટે ગંભીર પરિસ્થિતિ (ઊભી થઈ છે). કલમ પાંચનો જો કડક અમલ કરવામાં આવે, તો સત્યાગ્રહ દ્વારા મેળવેલા હકોની ભૂમિકાના ફુરચેફુરચા ઊડી જશે; અને રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ ધરાવનારાઓને છેક શરૂઆતથી હક પ્રાપ્ત થયેલા છે, તેમના ઉપર પણ માઠી અસર થશે. ગેરકાયદેસર પ્રવેશ થયો હોય એવી કોઈ પણ ક્ષતિ મળી આવે તો તેને દરગુજર તો કરવામાં આવે છે, પરંતુ તેમાં એક શરત એ છે કે તેમણે પોતાનાં હાલનાં સર્ટિફિકેટો પરત કરવાં પડશે અને તેને બદલે તેમને રહેઠાણનો હંગામી અધિકાર આપનારા પત્રો આપવામાં આવશે જેમાં પત્નીઓ અને બાળકોના પ્રવેશનો હક રહેશે નહીં. આ અંગે તેમણે નવેમ્બર ૧ પહેલાં અરજી કરવાની રહેશે. ત્યાર પછી હિંદીઓની તપાસ, દેશનિકાલ, અને હતાશા અનિવાર્ય થઈ પડશે. આ કલમના ક્ષેત્રને મર્યાદિત બનાવવા, અમે ઓછામાં ઓછું ૧૯૧૪ની ભેદરેખા જાળવવાનો અને ગાંધી-સ્મટ્સ કરારની ભાવના જળવાઈ રહે એવો આગ્રહ કર્યો છે. આવી છૂટછાટ મેળવવા બાબતમાં દબાણ કરવા આપ શાસ્ત્રીને કેબલ કરો એવી વિનંતી કરીએ છીએ. જવાબ તાત્કાલિક આપો."
(એસ. એન. ૧૧૯૭૪)

૨. જવાબમાં શાસ્ત્રીએ ૧૮ એપ્રિલ, ૧૯૨૮ના રોજ આ પ્રમાણે કેબલ કર્યો : "તમારો કેબલ મળ્યો. ૧૯૧૪ પહેલાં સર્ટિફિકેટ ધરાવનારાઓ બાબતમાં ખાસ વર્તાવની જોગવાઈ સિવાય જ ગઈ રાત્રે મંત્રીશ્રીએ છૂટછાટની શરતો જાહેર કરી છે." (એસ. એન. ૧૧૯૭૪)

Gandhi Heritage Portal

દૃષ્ટિબિંદુ અનુસાર બંને રીતે યોગ્ય હોવું જોઈએ; અને તમે તમારી વ્યક્તિગત હેસિયતથી તેમને અભિનંદન આપો એ વાજબી ગણ્યું હોય, તો તમે તમારા જાહેર અધિકારની રૂએ પણ તેને જાહેર રીતે અભિનંદન આપો એ તેટલું જ વાજબી ગણાવું જોઈએ. તમારા કોઈ મિત્રની ફાંસી આપનાર તરીકે નિમણૂક થઈ હોય, એ જગ્યા માટે ભલે મોટો પગાર મળતો હોય અથવા જેઓ તેની નિમણૂક કરે છે તેઓ તેને માનવાળી જગ્યા ગણતા હોય તોપણ તમે તેને ખાનગી કે જાહેર રીતે અભિનંદન નહીં આપો. એક સમયે શું આપણે એમ વિચારતા નહોતા કે અત્યારની સરકારના સભ્યો ફાંસી આપનાર જેવા છે? તમારા કોઈ મિત્રને કાયદા પ્રધાનનું પદ આપવામાં આવે એ ખરેખર તિરસ્કાર કરવા જેવી બાબત જ ગણવી જોઈએ, પરંતુ કદાચ અત્યારની સરકાર અને તેના સંચાલકો વિશેના મારા અભિપ્રાય સાથે તમે સંમત ન પણ થતા હો. જો તેમ હોય તો તમે તમારી ખાનગી વર્તણૂકનો જાહેરમાં બચાવ કરી શકો છો અને તેની સાથે જોડાયેલી તાત્પૂરતી થોડી અપ્રીતિ વહોરવાનું જોખમ તમે ખેડી શકો છો. આખરે તો તમારા પોતાના અંતરાત્માનો સારો અભિપ્રાય તમારે માટે તદ્દન પૂરતો થવો જ જોઈએ.

આપણા ખાનગી અભિપ્રાય અને લાગણીઓને જો દાબી દેવામાં આવે તો આપણે દંભી બની જઈએ, એમ જે તમે કહો છો એ તદ્દન સાચું છે. જાહેર સેવકોએ જ્યારે દંભી બની જવાની પરિસ્થિતિ આવશે ત્યારે એ દિવસો આપણે માટે બૂરા જ ગણાશે.

તમારો સહૃદયી

શ્રીયુત કે. માધવન નાયર, એમ.એલ.સી.
કાલિકટ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૮૬

## ૨૮૦. જવાહરલાલ નેહરુને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૭, ૧૯૨૮

પ્રિય ભાઈ જવાહર,

તમારો પત્ર મને મળ્યો છે. તમે પંજાબ જાઓ છો એમ તમે મને લખ્યું હતું ત્યારે પણ મને ખબર ન હતી કે તમે પરિષદના પ્રમુખ તરીકે જાઓ છો. એ વાત તમે જાણો છો? જ્યારે ડૉ. કિચલુએ મને પત્ર લખ્યો ત્યારે પ્રમુખ કોણ થવાના છે એ વિશે એમણે મને કશું લખ્યું નહોતું. તોપણ તમે પ્રમુખપદ લીધું એ વાતની મને જાણ થઈ ત્યારે મને આનંદ થયો હતો.

તમને પરિષદમાં જે કંઈ જોવા મળ્યું તે હું અલબત્ત, બધે ઠેકાણે જોઉં છું. દરેક જગ્યાએ હું ગંભીરતાનો પૂરેપૂરો અભાવ અને સતત કાર્યશક્તિ માગી લે તેવાં કોઈ પણ નક્કર કાર્ય કરવાની વૃત્તિનો અભાવ જોઉં છું. પરિષદમાં તમારા જોવામાં પણ એ આવ્યું કે નહીં તે હું કહી શકતો નથી.

Gandhi Heritage Portal

પંજાબમાં હિંદુમુસ્લિમ ઐક્ય વિશે તમને કંઈ આશા દેખાય છે?

યુરોપની મુલાકાત વિશે હજી પણ હું તમને ચોક્કસ ખબર આપી શકું તેમ નથી.

મિલો વિશેના ફારસની બધી વાત તો તમે હવે પિતાજી પાસેથી જાણો છો.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૯૪

## ૨૮૧. સર ડૅનિયલ એમ. હૅમિલ્ટનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૭, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારા પ્રેમાળ પત્ર તેમ જ નિમંત્રણ બદલ હું તમારો આભાર માનું છું. જો હું યુરોપ જઈશ, તો જરૂર હું તમારા ઘરનું સ્વાગત પ્રેમથી સ્વીકારીશ અને એકમેકને રસ પડે એવી બાબતો તમારી સાથે ચર્ચીશ.

આધુનિક નાણાતંત્ર વિશેનો તમારો નિબંધ મને ખરેખર ગમ્યો છે. તેના ઉપરનું બીજું કોઈ સાહિત્ય હોય અને હું અભ્યાસ કરું એમ તમે ઇચ્છતા હો, તો મહેરબાની કરીને તમે મને માર્ગદર્શન આપશો; અને જો તમે બૅંકિંગના વિષયને સામાન્ય લોકો સમજી શકે એવો સહેલો બનાવતો લોકભોગ્ય લેખ કે લેખમાળા લખવા જેટલો સમય આપી શકો તો તે લેખ કે લેખમાળા હું યંગ ઇન્ડિયાનાં પૃષ્ઠોમાં ખુશીથી પ્રસિદ્ધ કરીશ.

તમારો સહૃદયી

સર ડૅનિયલ હૅમિલ્ટન
બાલમેકારા, કાઈલ
રૉસ-શાયર
સ્કૉટલૅન્ડ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૨૯૩

Gandhi Heritage Portal

# ૨૮૨. હૅન્સ કોહ્‌નને પત્ર

એપ્રિલ ૧૭, ૧૯૨૮

તમારો પત્ર મળ્યો છે. આ સૂચવાયેલી યુરોપની મુલાકાત મારે માટે ભારે ચિંતાનું કારણ બની ગઈ છે. એ વિશે છેવટનો વિચાર કરી શકું એટલા માટે, હું મેં. રોમાં રોલાંના પત્રની રાહ જોઈ રહ્યો છું.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૯૫૧

# ૨૮૩. સિલોનની વિદ્યાર્થી પરિષદને સંદેશો

એપ્રિલ ૧૮, ૧૯૨૮

પરિષદને સફળતા ઇચ્છતો ગાંધીજી તરફથી એક સંદેશો મળ્યો હતો; અને તેમાં એવી આશા વ્યક્ત કરવામાં આવી હતી કે વિદ્યાર્થીઓ આ પ્રસંગે લાખો ભૂખ્યાં દેશબાંધવોને ભૂલશે નહીં. એમને મદદ કરવાની સૌથી વધારે અસરકારક રીત ખાદી ધારણ કરવી એ જ છે.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૧૯–૪–૧૯૨૮

# ૨૮૪. આંખમાં ધૂળ

હિંદના ઉદ્યોગોને ઈંગ્લંડે પાયમાલ કર્યા એ મૂળ મુદ્દો ઇતિહાસસિદ્ધ છે. પણ લોકોની આંખમાં ધૂળ નાંખી, અથવા આડકતરા મુદ્દાઓ ઉઠાવી મૂળ મુદ્દાના બચાવમાં રજૂ થયેલા પુરાવામાં ભૂલો બતાવી અથવા ભૂલો બતાવવાનો દાવો કરીને લોકોનાં મન ભમાવીને તેમની પાસે મૂળ મુદ્દો ભુલાવવાને માટે સરકાર તરફથી અને સરકારની વતી અજબ પ્રયત્નો થાય છે. હિંદુસ્તાનમાં અંગ્રેજી સત્તાનો પાયો નંખાયો ત્યારથી આજ સુધીનો ઇતિહાસ હિંદુસ્તાનના ઉદ્યોગોના અને હિંદુસ્તાનના પૌરુષના નાશનો ઇતિહાસ છે એ વાત કબૂલ કરવી સરકારને પાલવતી નથી. રેશમનાં કોકડાં ભરનારાઓએ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનાં પ્યાદાંના ત્રાસથી બચવાને ખાતર પોતાના અંગૂઠા કાપી નાખ્યાની વાત અનેક વાર લેખોમાં અને ભાષણોમાં વર્ણવવામાં આવી છે. આ વાતને ખોટી પાડવાનો હાલ સરકાર તરફથી પ્રયત્ન ચાલી રહ્યો છે. વણકરને અંગૂઠો જ ન હોય તો પછી તેની પાસે શું કામ લેવામાં આવે? એ ઇતિહાસસિદ્ધ વાતને જૂઠી પાડવાને માટે જે વિલિયમ બોલ્ટસ નામના મુસાફરના વર્ણનના આધારે સ્વ. રમેશચંદ્ર દત્તે પોતાના ઇતિહાસમાં આ અંગૂઠા કાપવાની વાત પહેલી જાહેર કરી હતી, તે વિલિયમ

૧. તે જેરુસલેમના શાંતિસંઘ સાથે સંકળાયેલા હતા.

Gandhi Heritage Portal

બોલ્ટસની વહી ઉકેલાઈ રહી છે. વિલિયમને જૂઠો ઠરાવનાર લેખક એમ નથી કહી શકતો કે બોલ્ટસે ખોટો પુરાવો રજૂ કર્યો, પણ તે તો કહે છે કે બોલ્ટસ લુચ્ચો લફંગો હતો, એટલે તેના વચન ઉપર વિશ્વાસ મૂકી શકાય એમ નથી. વળી કહેવાય છે કે બોલ્ટસ તો કંપનીનો બરતરફ થયેલો નોકર હતો, અને કંપનીએ તેને બરતરફ કરવાના ઠરાવમાં આ પ્રમાણે વર્ણવ્યો હતો: 'એ તો કંપનીનો નાલાયક અને હરામખોર નોકર હતો. દેશમાં વેપાર કરવામાં એણે ત્રાસ ગુજારવામાં બાકી નથી રાખી, અને તે વેપારની દૂષિત નીતિને એ હમેશાં જડસાની જેમ વળગી રહ્યો.' સાક્ષીઓના ચારિત્ર ઉપર હુમલો કરીને તેમની જુબાની ખોટી ઠરાવવાની યુક્તિ કરનારા લુચ્ચા વકીલો કોનાથી અજાણ્યા છે? જાણે ખરાબ ચારિત્રનો સાક્ષી એકે સાચી હકીકત રજૂ જ ન કરી શકે! હું બેધડક જણાવીશ કે વિલિયમ બોલ્ટસ ગમે તેવો ખરાબ માણસ હોય, પણ તેણે અંગૂઠા કાપવાની જે વાત કરી છે તે ત્યાં સુધી ખોટી ન જ માનવી જોઈએ, જ્યાં સુધી તે ખોટી ન ઠરે. અને એ વાત માનવાલાયક નથી એવો તો કશો પુરાવો આપવામાં આવતો નથી. ઊલટી એટલી વાત તો તદ્દન સંભવિત છે કે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ચાલુ કારમા ત્રાસમાંથી બચવાને માટે વણકરો યુક્તિ શોધે. જે કામ ન કરવામાં આવે તો અસહ્ય સજાની ધમકી આપવામાં આવતી હતી, તે કામ કરવાને કેવળ અશક્ત બની જવાની યુક્તિ પોતાના જ અંગૂઠા કાપવા વિના બીજી કઈ હોઈ શકે?

અને વિલિયમ બોલ્ટસ તો બિચારો અનેકમાંથી એક સાક્ષી હતો. સ્વ. રમેશચંદ્ર દત્તે તો અનેકવિધ સાક્ષીઓનો પુરાવો આપી, કોઈ પણ રીતે ન તોડી શકાય એવાં પ્રમાણોથી, હિંદુસ્તાનના ઉદ્યોગોનો નાશ કરવાનો ભયંકર આરોપ સરકાર ઉપર મૂકયો છે. તે તોડવાની સરકારની મકદૂર હોય તો તોડે! ઠંડે પેટે ઈરાદાપૂર્વક હિંદના ઉદ્યોગોનો નાશ કરવામાં આવ્યો હતો કે નહોતો એ જ મુખ્ય મુદ્દો છે. જો તે નાશ કરવામાં આવ્યો હતો તો એક સાક્ષીની જુબાની રદ થાય તોયે સરકારના ગુનામાં કશો ફેર પડતો નથી. સો સાક્ષીઓએ સાક્ષી પૂરી છે તેમાંનો એક સાક્ષી જૂઠો છે એવી વાત ગુનેગારના મુખમાં નથી શોભવાની. પણ અહીં તો વાત એ છે કે વિલિયમ બોલ્ટસે કહેલી વાત ન માનવા માટે કશો મુદ્દાનો પુરાવો રજૂ કરવામાં આવતો નથી.

જે મૂળ વાત છે—હિંદુસ્તાનના ઉદ્યોગના નાશની—તે તો ઊભી જ રહે છે, એ બતાવવા માટે શ્રી રમેશ દત્તના **આર્થિક ઇતિહાસ**માંથી થોડા યોગ્ય ઉતારાઓ આપીશ:

> ગયાં બે પ્રકરણોમાં આપેલી હકીકત ઉપરથી જણાશે કે હિંદુસ્તાનની વસ્તીનો મોટો ભાગ ઓગણીસમા સૈકાના પહેલા દશકા સુધી અનેક ઉદ્યોગોમાં રોકાયેલો હતો. વણાટનો ઉદ્યોગ એ રાષ્ટ્રીય ઉદ્યોગ તરીકે મોજૂદ હતો; લાખો સ્ત્રીઓ રેંટિયો ચલાવીને કુટુંબની આવકમાં પાંચ પૈસા વધારતી હતી; રંગારાના, ચમારના અને ધાતુકારીગરીના ધંધા પણ લાખોને કામ આપતા. પણ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની નીતિ જ હિંદી ઉદ્યોગોને પોષવાની નહોતી. આગલા એક પ્રકરણમાં જણાવવામાં આવ્યું છે કે છેક ૧૭૬૯માં કંપનીના ડિરેક્ટરો કાચા રેશમની બનાવટોને ઉત્તેજન અપાય, અને રેશમી કાપડ ન વણાય એમ ઇચ્છતા હતા. તેમણે એવા પણ હુકમ કર્યા હતા કે રેશમના વણકરોએ કંપનીના કારખાનામાં કામ કરવું, અને જો તેઓ બહાર કામ કરવા જાય તો સરકારના હુકમની રૂએ તેમને કઠણ સજા કરવી. આ હુકમની ધારેલી અસર થઈ. રેશમી અને સુતરાઉ માલ પડી ભાંગ્યો, અને અગાઉના જમાનામાં યુરોપ અને એશિયાની બજારોમાં એ માલ મોકલનારી પ્રજા એ જ માલ વિલાયતથી વધારે ને વધારે મગાવતી થઈ ગઈ.

Gandhi Heritage Portal

આ ત્રાસદાયક રીતો વડે વિલાયતથી રેશમી અને સુતરાઉ માલની આયાતને એટલું તો ઉત્તેજન આપવામાં આવ્યું કે સને ૧૭૯૪માં ૧૫૬ પાઉન્ડનો માલ આવતો હતો તે ૧૮૧૩માં ૧,૦૮,૮૨૪ પાઉન્ડનો થઈ ગયો. ૧૮૧૩માં કંપનીનો પટ્ટો તાજો કરવામાં આવ્યો અને તે તાજો થાય તે પહેલાં તપાસ થઈ હતી તે દરમ્યાન અગત્યનો પુરાવો રજૂ થયો હતો. શ્રી રમેશ દત્ત કહે છે: 'હિંદી માલનો વિચાર કરતાં આમની સભાએ એ તપાસ ચલાવી કે કઈ રીતે હિંદમાં માલ બનતો અટકાવી બ્રિટિશ માલ દાખલ કરી શકાય, હિંદના ઉદ્યોગને ભોગે બ્રિટિશ ઉદ્યોગને શી રીતે ઉત્તેજન આપી શકાય.'

ઈંગ્લંડની વ્યાપારનીતિ હેન્રી સેન્ટ જૉર્જ ટકરે આ પ્રમાણે વર્ણવી હતી:

> હિંદના સંબંધમાં આપણે શી વ્યાપારનીતિ ગ્રહણ કરી છે તે જણાવું? રેશમી માલ અને ગર્ભસુતરાઉ માલ આપણા બજારમાં આવતો બંધ કરવામાં આવ્યો છે; અને હમણાં હમણાં તો કંઈક અંશે ૬૭ ટકા જકાત નખાવાને લીધે, પણ મુખ્યત્વે કરીને ચડિયાતા સંચાને લીધે, હિંદુસ્તાનનો જે મુખ્ય વેપાર સુતરાઉ માલનો કહેવાતો હતો તે આ દેશમાં આવતો અટક્યો છે એટલું જ નહીં, પણ ઊલટા હવે આપણે સુતરાઉ માલ હિંદમાં મોકલવા માંડયા છીએ. આમ હિંદ જે ઉદ્યોગોવાળો દેશ હતો તે કેવળ ખેતી કરનારો દેશ થઈ પડયો છે.

સર વિલિયિમ વિલ્સન હંટર સરકારી સિવિલિયન હતા, અને જેમ્સ મિલે હિંદુસ્તાનનો ઈતિહાસ શરૂ કરેલો તે તેમણે પૂરો કર્યો. હિંદના ઉદ્યોગનાશના સંબંધમાં તેમના આ ઉદ્‌ગારો છે:

> સને ૧૮૧૩માં કંપનીનો પટ્ટો તાજો કરવા પ્રસંગે તપાસ થઈ તે દરમ્યાન એવી જુબાની પડી હતી કે તે વખતે હિંદુસ્તાનનો સુતરાઉ અને રેશમી માલ ઈંગ્લંડમાં બનેલા તેવા માલની સરખામણીમાં બ્રિટિશ બજારમાં ૫૦થી ૬૦ ટકા ઓછી કિંમતે વેચી શકાતો. આ કારણથી હિંદી માલ ઉપર ૭૦થી ૮૦ ટકા જકાત નાખીને અથવા તેને આવતો બિલકુલ અટકાવીને ઈંગ્લંડના માલનું રક્ષણ કરવું પડયું. જો આમ ન કરવામાં આવ્યું હોત તો — જો અટકાયતી જકાતો અને કાયદા ન કરવામાં આવ્યા હોત તો — પેઈલી અને માન્ચેસ્ટરની મિલો ચાલુ થવાની સાથે જ બંધ થઈ જાત અને પાછળથી વરાળના બળે પણ તે ભાગ્યે જ ચાલુ કરી શકાત. હિંદી કારીગરીના ભોગે તે ઊભી થઈ. હિંદ સ્વતંત્ર હોત તો તેણે આનું સાટું વાળ્યું હોત; બ્રિટિશ માલ ઉપર અટકાયતી જકાતો નાખી હોત, અને પોતાની કારીગરીનો સંહાર થતો અટકાવ્યો હોત. આત્મરક્ષણાર્થે આટલું કરવાની તેને છૂટ નહોતી, કારણ કે તે તો પરાધીન થઈ પડયું હતું. બ્રિટિશ માલના ઢગલા કાંઈ પણ જકાત વિના હિંદુસ્તાનમાં પરાણે ઠાલવવામાં આવ્યા, અને પરદેશી વેપારીઓએ જે હરીફની સાથે ન્યાયની રીતે ફાવી શકાય તેમ નહોતું તે હરીફને અન્યાયી સત્તાની બળજોરી વાપરીને હંફાવ્યો અને આખરે ગૂંગળાવી નાખ્યો.

સર ટૉમસ મનરો કહે છે:

> કંપનીના નોકરો મુખ્ય વણકરોને એકઠા કરીને માત્ર કંપનીને જ માલ પૂરા પાડવાની કબૂલાત તેઓ ન આપે ત્યાં સુધી તેમની ઉપર પહેરો રાખતા.

જે કાંઈ માલ ઉત્પન્ન થતો તેની વ્યવસ્થા કેવી કરવામાં આવતી તેનું વર્ણન શ્રી રમેશ દત્તે આ પ્રમાણે આપ્યું છે:

Gandhi Heritage Portal

એક વાર વણકરે કંપની પાસે પૈસા લીધા કે થઈ રહ્યું, તેની ઉત્પન્ન કરવાની જવાબદારી કદી પૂરી જ ન થાય. તે જો ઢીલ કરે તો તેને તાકીદ કરવાને માટે તેના માથા ઉપર પટાવાળો બેસાડવામાં આવતો અને તેના ઉપર અદાલતમાં કામ પણ ચાલી શકતું. અને પટાવાળો મૂકવામાં આવે એનો અર્થ એ કે વણકર દોઢ પેન્સ અથવા એક આનાનો દંડ આપે. આ પટાવાળાની પાસે છડી રહેતી તેનો તે ઘણી વાર સદુપયોગ કરી લેતો! કેટલીક વાર વણકરોને દંડ કરવામાં આવતો, અને તે ન ભરે તો તેનાં પિત્તળનાં વાસણો જપ્તીમાં લેવામાં આવતાં. આમ વણકરોનાં ગામોનાં ગામો કંપનીની કોઠીનાં ગુલામ બન્યાં હતાં. . . . આ રીતની ગુલામી કેવળ રિવાજની વાત નહોતી, કાયદાની રૂએ તેને મંજૂરી મળી હતી. એવો કાયદો કરવામાં આવ્યો હતો કે 'જે વણકરને કંપની પાસેથી બાનું મળ્યું હોય તેણે કોઈ પણ સંજોગોમાં બીજા કોઈ પણ દેશી કે પરદેશીને કંપનીએ લખી આપેલાં પોતાનાં માલ અથવા મજૂરી વેચવાં નહીં;' 'કબૂલેલો માલ આપતાં તે ચૂકે તો વેપારી રેસિડન્ટને તેને તાકીદ કરવાની ખાતર તેના ઉપર પટાવાળા મૂકવાનો અધિકાર રહેશે;' 'અને તે માલ બીજાને વેચે તો તેની ઉપર દીવાની અદાલતમાં કામ ચાલી શકશે;' 'એકથી વધારે સાળ રાખનાર અને એકથી વધારે વણકર રાખનાર સાળવી જો કબૂલેલા તાકા મુદતસર તૈયાર ન કરી આપે તો તેણે દરેક તાકાની કિંમત દીઠ ૩૫ ટકા દંડ આપવો પડશે;' અને 'વેપારી રેસિડન્ટો અથવા તેમના અમલદારોને વણકરો પાસે જતાં અટકાયત ન કરવાનો જમીનદારો અને ખેડૂતોને હુકમ કરવામાં આવે છે;' અને 'તેમને કંપનીના વેપારી રેસિડન્ટો તરફ અપમાનભરેલું વર્તન બતાવવાની સખત મનાઈ કરવામાં આવે છે.' આવા અસહ્ય અંકુશમાં પડેલા વણકરો અંગૂઠા કાપી તેમાંથી મુક્ત થાય તેમાં શી નવાઈ?

આવી રીતે ઇરાદાપૂર્વક નાશ કરવામાં આવેલા અને કરોડો લોકોની આવકમાં વૃદ્ધિ કરનારા ઉદ્યોગને સજીવન કરવાની દરેક દેશપ્રેમી હિંદીની ફરજ છે, અને દરેક અંગ્રેજે તો આ મહાન દેશ પ્રત્યે તેમના વડવાઓએ કરેલા ભયંકર પાપનો પશ્ચાત્તાપ કરવાની તક વધાવી લેવી જોઈએ. પણ પશ્ચાત્તાપની વાત તો બાજુએ રહી, આજે તો ૧૫૦ વર્ષ ઉપર ચાલુ થયેલી નીતિને વળગી રહેવામાં આવે છે અને તે પાપનો બચાવ કરવાને એકે પ્રયત્ન બાકી રાખવામાં નથી આવતો, એ દુઃખની વાત છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १९–४–१९२८

नवजीवन, २२–४–१९२८



Gandhi Heritage Portal

## ૨૮૫. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૧૯, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

મને તમારો પત્ર મળ્યો છે. તમે મને તમારી પોતાની તબિયત વિશે તો કંઈ કહેતા જ નથી. હું આશા રાખું છું કે તમારી તબિયત સારી હશે. આ પ્રવાસથી વધારે ખાદીનું વેચાણ થાય છે? જાહેર સભાઓમાં જે લોકોને ઉદ્‌બોધન કરવામાં આવે છે, તેમના તરફથી સારો પ્રત્યુત્તર મળે છે કે વ્યક્તિઓ પાસેથી જ ભંડોળ એકત્રિત થાય છે?

તમારો સહૃદયી
બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૧૫૮૯

## ૨૮૬. મોતીલાલ નેહરુને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૦, ૧૯૨૮

પ્રિય મોતીલાલજી,

તમારો પત્ર મને મળ્યો છે. અત્યારને તબક્કે મિલમાલિકો પાસેથી આપણે કશી પણ આશા રાખવી નહીં એવી શોધ હું રોજેરોજ કરી રહ્યો છું. તેઓ માત્ર દબાણને જ વશ થશે અને કૉંગ્રેસ કરતાં સરકારના દબાણની અસર તેમના પર વિશેષ થાય છે. પરંતુ આપણે અધીરા ન બનીએ. આપણે પરદેશી કાપડના બહિષ્કારને અને હિંદી મિલના કાપડના બહિષ્કારને એક ત્રાજવે ન તોળવો જોઈએ. મિલના કાપડ પ્રત્યેની નકારાત્મક વૃત્તિ મિલો ઉપર અંકુશ મૂકવામાં પૂરતી અસરકારક નીવડશે. તેમના પ્રત્યેનો વિધેયાત્મક બહિષ્કાર દેશબાંધવોના એક વર્ગમાં માત્ર દુર્ભાવના ઉત્પન્ન કરશે અને તે આપણને પરદેશી કાપડના બહિષ્કારમાં મદદરૂપ નહીં થાય. જનસમુદાયના હૃદયમાંથી રાષ્ટ્રશક્તિનો આવિર્ભાવ જ્યાં સુધી એકાએક થશે નહીં ત્યાં સુધી, આપણને કરોડો માણસો પાસે પહોંચવામાં સફળતા નહીં મળે. આપણે બધું કરી છૂટીએ છતાં થોડા સમય માટે તો, લોકો હિંદી મિલોનું જ કાપડ ખરીદવાના અને એ ઉપરાંત એક બાજુ જાપાનની અને લૅંકેશાયરની મિલો અને બીજી બાજુ હિંદી મિલો વચ્ચે તીવ્ર હરીફાઈ થશે. તેથી આપણે આપણા બધા પ્રયત્નો, શહેરના લોકોના અને આપણા કાબૂ હેઠળનાં

Gandhi Heritage Portal

થોડાં ગામડાંના લોકોના માનસમાં ફેરફાર કરવા માટે અને તેમની પાસે ખાદીનો સ્વીકાર કરાવવા માટે કરવા પડશે. જો આપણે આ કાર્ય કરવાનો નિશ્ચય કરીએ, તો ખાદીનો સંદેશો છેક જનસમૂહ સુધી પહોંચી જશે. ત્યારે આપણી તેમ જ પરદેશી મિલોને ધક્કો લાગશે અને ત્યારે આપણી મિલો માટે, આપણી પડખે ઊભા રહેવાનો સમય પાકશે. આપણી મિલો આપણી પડખે ઊભી રહેતાંની સાથે છ મહિનાની અંદર પરદેશી કાપડનો બહિષ્કાર સફળ થશે. તેથી કાર્યક્રમ ચોક્કસ રીતે આ પ્રમાણે હોવો જોઈએ :

આપણે હિંદી મિલોને તદ્દન એકલી છોડી દઈએ. ખાદીનો સ્વીકાર કરવામાં કોઈ પણ ભોગને મોટો ન ગણવા લોકોને વિનંતી કરી ખાદીને કેન્દ્રમાં રાખીને આપણે પરદેશી કાપડના બહિષ્કાર માટે વંટોળિયા જેવી ઝુંબેશ શરૂ કરીએ. આપણને આપણી જાતમાં અને આપણા લોકોમાં શ્રદ્ધા હોવી જોઈએ અને આપણે એમ માનવું જોઈએ કે મને પોતાને નજીવો દેખાતો આ ત્યાગ તેઓ કરી શકે છે. પણ હું કબૂલ કરું છું કે અત્યારની ક્ષણે બહિષ્કારનું સંચાલન કરવા જે વ્યવસ્થા-તંત્ર જોઈએ તેનો હજી આપણે ખ્યાલ પણ કર્યો નથી. રાજકીય દૃષ્ટિવાળા પુરુષો જેઓ આજે દેશના મંચનો કબજો ભોગવી રહ્યા છે તેઓ એ દિશામાં કશું ગંભીર કામ કરવાનું હજી વિચારતા નથી. તેઓ કોઈ પણ રચનાત્મક કાર્યમાં કેન્દ્રિત થઈ શકે તેમ નથી. જવાહર તેમના પત્રમાં આ વાતાવરણનું સાચું જ વર્ણન કરે છે કે "હવામાં હિંસા વ્યાપેલી છે." બંગાળમાં થતા પરદેશી કાપડના બહિષ્કાર વિશે આપણે છાપામાં ખૂબ જ વાંચીએ છીએ અને સાંભળીએ છીએ. પણ લગભગ દર અઠવાડિયે મને ત્યાંથી જે પત્રો મળે છે તે સૂચવે છે કે ત્યાં સાચી રીતનો બહિષ્કાર નથી. તેની પાછળ કોઈ વ્યવસ્થાતંત્ર નથી અને તેની પાછળ કોઈ નિશ્ચયબળ કાર્ય કરતું નથી. આ બધી પરિસ્થિતિ વિશે વિચાર કર્યા પછી મારે શું કરવું તે બાબતની તમે સલાહ આપશો?

રોમાં રોલાં તરફથી આવનાર પત્ર મોડામાં મોડો આવતા મંગળવાર સુધીમાં મળવો જોઈએ. એ પછી મારે ઝટ નિર્ણય ઉપર આવવું પડશે. ધારો કે રોમાં રોલાંનો એ પત્ર મારા વલણને યુરોપની મુલાકાત તરફ ઢળતું કરે, તો પછી બહિષ્કાર બાબતની વાતચીત લક્ષમાં રાખીને, મારી પાસે તમે શું કરાવવા ઇચ્છો છો? બહિષ્કાર ખાતર હું યુરોપ ન જાઉં એમ તમે ઇચ્છો છો? એ બાબતમાં તમારો જે નિર્ણય હશે તે હું સ્વીકારીશ. વ્યક્તિગત રીતે હું યુરોપની મુલાકાત માટે બહુ ઉત્સુક નથી, પરંતુ હિંદમાં બધું સમુંસુતરું ચાલે અને રોમાં રોલાં હું યુરોપની મુલાકાત લઉં એમ ઇચ્છતા હશે, તો મને લાગે છે કે યુરોપમાંથી મળેલાં નિમંત્રણો સ્વીકારવા હું બંધાયેલો છું. તમે મને તમારો નિર્ણય તારથી મોકલશો? જવાહર તમારી સાથે જ હશે અને સંભવ છે કે ડૉક્ટર અનસારીનું મંતવ્ય તમને જાણવા મળશે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૧૯૭

Gandhi Heritage Portal

## ૨૮૭. દેવચંદ પારેખને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૦, ૧૯૨૮

ભાઈશ્રી દેવચંદભાઈ,

તમારો પત્ર મળ્યો. રેવાશંકરભાઈનો કાગળ વાંચીને તેને આગ્રહ કેમ કરી શકાય કે તમે એમ જ ઇચ્છો છો કે રેવાશંકરભાઈ માત્ર પોતાનું નામ જ આપે અને એની પાસેથી કામ કશું ન લેવું? અને એમ ઇચ્છતા હો તો કોઈ સારા કામ કરનાર કામચલાઉ મદદનીશ પ્રમુખને શોધી લેવો જોઈએ. આ બધા કામને સારુ તમે મુંબઈ જઈ આવો એ તો ઇષ્ટ છે જ. કદાચ રેવાશંકરભાઈ એવા મદદનીશ પ્રમુખને કે સ્વતંત્ર પ્રમુખનું નામ વાતો કરતાં બતાવી શકશે. હવે મને લખજો કે તમે શું ઇચ્છો છો એટલે તે પ્રમાણે કરીશ.

બાપુના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૫૬૯૧

## ૨૮૮. જ્હૉન હેન્સ હોમ્સને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૦, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર[1] મને મળ્યો. હું તમારી ઇચ્છાનો વિરોધ કરી શકતો નથી, પણ હું તમે જે કહો છો તે માની લઉં છું. હું તમને નીચેનું એક જ વાક્ય મોકલું છું:

ટૉલ્સ્ટૉયનું જીવનને મોટામાં મોટું પ્રદાન મારા, અભિપ્રાય મુજબ, એ છે કે પરિણામની પરવા કર્યા વગર તેમણે હંમેશાં પોતાની માન્યતાઓને વ્યવહારમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે.

મારી તંદુરસ્તી બાબતની તમારી પૃચ્છા માટે તમારો આભાર. અત્યારની ક્ષણે તો મારી તબિયત સારી છે એમ મને દેખાય છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: ૧૪૨૮૭

૧. મિ. હોમ્સે આ પત્રમાં લખ્યું હતું: “ટૉલ્સ્ટૉય શતાબ્દીની સ્મૃતિમાં પ્રગટ થનારા યુનિટી પત્રના ખાસ અંકમાં આપની કલમની અંજલિ નહીં હોય તો તે અપૂર્ણ ગણાશે.”

Gandhi Heritage Portal

# ૨૮૯. પેટ મૅટૉફને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૦, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મને મળ્યો છે, એને માટે હું તમારો આભાર માનું છું. હું ધારું છું કે યોગ્ય સમયે મને તમારી ચોપડી[1] મળી જશે.

તેમના નવા ઘરમાં[2] રહેતા ડૂકોબૉર્સની સ્તુતિ વિશે તમે જે કાંઈ લખશો તેમાં મને ખૂબ જ ઊંડો રસ પડશે.

હું દિલગીર છું કે હું મારા કોઈ પણ ફોટોગ્રાફ રાખતો નથી. હું યંગ इन्डिया નામનું સાપ્તાહિક પત્ર ચલાવું છે, જેનો તાજામાં તાજો અંક મોકલું છું.

રશિયાથી હમણાં જ આવેલા તમારા નવા નેતા[3] વિશે પણ જાણવાનો હું રસ ધરાવું છું.

તમારો સહૃદયી

પેટ મૅટૉફ, એસ્ક્વાયર
થ્રુમ્સ, બી. સી.
ફ્રી કૅનેડા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૪૨૮૮

# ૨૯૦. એસ. ગણેસનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૧, ૧૯૨૮

પ્રિય ભાઈ ગણેસન,

તમારા પત્રનો છેલ્લો ફકરો હું સમજ્યો નથી. એનો જવાબ હું પહેલાં આપું છું. જોકે હું એટલું જ સમજું છું કે મિ. ગ્રેગનું પુસ્તક હજી થોડા સમય સુધી તમે પ્રકાશિત કરી શકશો નહીં. આ પુસ્તક વિશે યંગ इन्डियाનાં પૃષ્ઠોમાં વારંવાર ધ્યાન ખેંચવામાં આવ્યું હોઈ, તે જો

૧. મેસેજ ઑફ ડૂકોબૉર્સ એ નામનું પુસ્તક.

૨. પત્રલેખકે લખ્યું હતું કે ડૂકોબૉર્સને "રશિયામાં ૧૮૯૫–૯૬માં ત્રાસ આપવામાં આવતો હતો; તેનું કારણ એ હતું કે તેમણે બંદૂકો અને બીજાં વિનાશક દ્રવ્યો બાળી નાખ્યાં હતાં." અને "૧૮૯૯માં તેઓને કૅનેડા ચાલ્યા જવાની છૂટ આપવામાં આવી હતી."

૩. પીટર પી. વેરિજિન.

Gandhi Heritage Portal

મોડું પ્રસિદ્ધ થશે, તો તે વાત અસહ્ય બનશે. આ પત્ર મળ્યે તમે એ પુસ્તક પ્રસિદ્ધ કરવાના જ હો તો ક્યારે પ્રગટ કરશો તે જણાવશો.

તમે ડૉ. સ્ટોકસને સેલ્ફ રિસ્ટ્રેન્ટ વ. સેલ્ફ ઇન્ડલ્જન્સનું[1] પુસ્તક મોકલ્યું છે તે વિશે ક્ષમા માગવાની કોઈ જરૂર નથી. અલબત્ત, તમે એમનાં પુસ્તકોની સમીક્ષા કરી છે અને વધારામાં તેમની જાહેરખબર પણ કરી છે, એટલે તમે મારું પુસ્તક તેમને મોકલ્યા વિના રહી જ ન શકો. એમાં તમે કશું ખોટું કર્યું નથી. છતાં તેઓ મારા પુસ્તક વિશે જે કંઈ લખે તે પ્રસિદ્ધ કરવા બેશક બંધાયેલા નથી; સિવાય કે તમને સ્વતંત્ર રીતે એમ લાગે કે તે એક સારી અને તર્કપૂર્ણ સમીક્ષા છે. અને જો તમને તેમની સમીક્ષા પ્રસિદ્ધ કરવાનું મન ન થાય તો તમે તેમની સમીક્ષા શા માટે પ્રસિદ્ધ નથી કરતા, તેનાં સીધેસીધાં કારણો તેમને કહેશો, તો તમે તેમની સેવા કરી ગણાશે.

હવે તમારા વિશે. હું તમને માત્ર એક જ વસ્તુ સૂચવી શકું એમ છું. તમારે તમારા સંકલ્પ વિશે ખૂબ જ મક્કમ રહેવું; એટલે તમે જોશો કે તમારી બધી મુશ્કેલીઓ અદૃશ્ય થઈ જશે. આપણી મુશ્કેલીઓ ખરેખર ત્યારે જ ઊભી થાય છે જ્યારે આપણે આપણી નબળાઈ અને કર્તવ્યની અનિશ્ચિતતાનાં મોજાં ઉપર અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં ઊછળતા હોઈએ છીએ. નિર્ણયાત્મક, દૃઢ, સ્પષ્ટ પગલું પ્રકાશિત સૂર્ય સમું છે; જે બધા અંધકારને વિદારે છે એટલું જ નહીં પરંતુ રોગોનાં બધાં જંતુઓનો નાશ કરે છે. આપણાં દુઃખોનો અને વિટંબણાઓનો મોટો ભાગ આપણી સંશયાત્મક સ્થિતિમાંથી જ ઊભો થયો હોય છે.

આવતે અઠવાડિયે મેં યુરોપ જવાનું નક્કી કરી દીધું હશે અને જો હું જવાનો નિર્ણય કરું તો તે ક્યાંક મે માસની અધવચ હશે, અથવા તે મહિનાના પહેલા અઠવાડિયામાં પણ હોય એવો સંભવ લાગે છે; તમારી ઇચ્છા થાય ત્યારે જરૂર આવજો. પરંતુ તમે અહીં આવો, તે પહેલાં તમે જાહેર કરેલાં વચનો પૂરાં કરીને જ આવશો.

સંતતિ-નિયમનનાં પ્રકાશનો વિશેની જાહેરખબરો છાપવાનું તમે બંધ કર્યું છે તે જાણીને હું રાજી થયો છું.

તમારો

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૧૯૯

૧. ગુજરાતીમાં નીતિનાશને માર્ગે એ નામથી પ્રગટ થયું છે.

Gandhi Heritage Portal

## ૨૯૧. શંકરનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૧, ૧૯૨૮

પ્રિય ભાઈ શંકરન્,

તમારો પત્ર મને મળ્યો છે. તો હવે તમે કૉંગ્રેસ સમિતિના પ્રમુખ બન્યા છો. આ ઘણું સારું છે. અને ગિરધારીલાલ ખાદીમાં આટલો ઊંડો રસ લઈ રહ્યા છે એ જાણીને હું રાજી થયો.

હું તમારો પત્ર શ્રીયુત વિઠ્ઠલદાસ જેરાજાણી ઉપર ઘટતું કરવા માટે મોકલું છું.

હું તમારી સાથે એ બાબતમાં તદ્દન સંમત થાઉં છું કે ખાદીની સંસ્થામાં કોઈ જાતની બેદરકારી ન હોવી જોઈએ. અને છેતરપિંડી તો કદી ન હોવી જોઈએ. શી શરતો ઑફર કરી શકાય તે માટે હું જેરાજાણીને લખું છું.

જો તમે આદિ કારણમાં માનતા હો, તો તમારે આદિ કારણ "શા માટે", એ પ્રશ્નને નિરર્થક ગણવો જોઈએ. બધી વસ્તુઓને બુદ્ધિના પ્રાબલ્ય નીચે લાવવી અને તેનો તે રીતે વિચાર કરવો એ પ્રશંસનીય અને કાયદેસરનું છે. છતાં માનવ અપૂર્ણ પ્રાણી છે એ જોતાં આપણે વિનમ્ર રીતે એ વાત સ્વીકારવી જોઈએ કે એવી વસ્તુઓ પણ હોઈ શકે છે જે બુદ્ધિના પ્રદેશની બહારની હોય.

તમે અનેક ક્ષેત્રોમાં તમારી સેવાનો લાભ આપી રહ્યા છો એ જાણી મને આનંદ થયો છે. તમને જે ફરજ સોંપવામાં આવી છે, એમાં તમે જરા પણ ઢીલા પડશો એવો ભય હું સેવતો નથી.

યુરોપની મુલાકાત વિશે હજી હું કશો નિર્ણય કરી શક્યો નથી.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૨૦૦

Gandhi Heritage Portal

## ૨૯૨. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૧, ૧૯૨૮

વહાલાં બહેન,

તમારો પત્ર મળ્યો છે. તમારે ધીરે ધીરે કામ કરવાનું શરૂ કરી દેવું જોઈએ. તમારી જાતને વધારે પડતો શ્રમ આપવાની જરૂર નથી. નિખિલની તબિયત બગડે તો જરા પણ વિહ્વળ ન થશો. અને જ્યારે જ્યારે તમને માનસિક અસ્વસ્થતા જણાય, ત્યારે અમે જે શ્લોક હમેશાં બોલીએ છીએ તેનું સ્મરણ કરશો:

દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ સુખેષુ વિગતસ્પૃહઃ ।
વીતરાગભયક્રોધઃ સ્થિતધીર્મુનિરુચ્યતે ।।[1]

શ્રીમતી હેમપ્રભાદેવી
રૂબી લૉજ
પો. ઑ. બુરગન્ડા
ગિરિડિહ
ઈસ્ટ ઇન્ડિયન રેલવે

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી: જી. એન. ૧૬૫૬

## ૨૯૩. ડબલડે ડોરાન કંપનીને કેબલ

[એપ્રિલ ૨૧, ૧૯૨૮ પછી][2]

યુનિટીવાળા રેવરન્ડ હોમ્સની અને મૅકમિલન પબ્લિશર જેઓ પુસ્તક પ્રકાશનના બધા હકો ધરાવે છે તેમની સલાહ લો.

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૪૭૪૫

૧. ભગવદ્ગીતા, ૨. ૫૬.

૨. આ કંપનીએ ૨૧ એપ્રિલ, ૧૯૨૮ના કેબલ દ્વારા આત્મકથાની અમેરિકન આવૃત્તિ પ્રસિદ્ધ કરવા રજા માગી હતી.

Gandhi Heritage Portal

## ૨૯૪. જૂલિયા ઇસબ્રૂકરને પત્ર

[એપ્રિલ ૨૨, ૧૯૨૮ પહેલાં][1]

પ્રિય બહેન,

તમારો ગયા મહિનાની સાતમી તારીખનો પત્ર મળ્યો. જો હું યુરોપ જઈશ જ અને મને સમય હશે તથા મારી તબિયત બરોબર હશે તો હું ખુશીથી પરિષદમાં હાજરી આપીશ.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૯૪૪

## ૨૯૫. કારકુનો વિ. કારીગર

શ્રી રણછોડલાલ અમૃતલાલે કારકુનોના વીમા વિશે નીચેની યોજના[2] મને મોકલી છે:

આ યોજનામાં વીમાનો જેટલો ભાગ છે તે વિશે હું થોડું જ સમજું, એટલે કોઈક પણ જાતનો વીમો કારકુનોનું હિત ઇચ્છીને કરવામાં આવ્યો હોય એ વીમાના યુગમાં સારો જ હશે એમ હું માની લઉં છું. યોજનામાં રહેલી હકીકતની સહાયકારક ટીકા તો વીમાના શાસ્ત્રી જ કરી શકે, અને હું માની લઉં છું કે એવા કોઈ ભલા શાસ્ત્રીની મદદ શ્રી રણછોડલાલે લીધી હશે. મિલમાલિકો અને બીજી પેઢીઓ, જેઓ સેંકડો કારકુનોને નભાવે છે તેમણે કારકુનોના હિતમાં તેમને કુટુંબીજન સમજીને રસ લેવો જોઈએ એ વિશે બે મત હોય જ નહીં. આજ લગી આ સંબંધ કેવળ શેઠનોકર જેટલો જ રહ્યો છે, અને તેમાં કૌટુંબિક ભાવના બહુ ઓછી જ પેદા થયેલી છે, એવું મેં મારા ભ્રમણમાં બધે જોયું છે. તેથી આ યોજનાના જેવાં પગલાં વધાવી લેવા જેવાં ગણું છું. વીમા સિવાયની બીજી વસ્તુઓ બતાવેલી છે તે પણ શુભ હેતુસૂચક છે.

કલમ ૩માં દાક્તરી મદદ વિશે લખેલું છે તે મારી દૃષ્ટિએ મફત હોવાને બદલે સાચી, તાત્કાલિક અને કિફાયત ભાવે મળવી જોઈએ, કેમ કે કારકુનો પરાધીનો અથવા રાંક જેવા થઈ જવાની સ્થિતિમાં મુકાઈ જાય એવું મફત મદદથી થઈ જવાનો સંભવ છે. વળી જ્યાં અમુક મદદ મફત મળે છે ત્યાં બેદરકારી પેદા થાય છે અથવા દુરુપયોગ થાય છે, એ ભયમાંથી પણ કારકુનોએ બચી જવાની આવશ્યકતા છે. કારકુનો કે કારીગરોના રોગ ઓછા પગાર ને તેમની સ્થિતિને વિશે રહેલી સામાન્ય બેદરકારી છે. મજકૂર યોજનામાં સૂચવેલી મદદો પગારની ઊણપને પહોંચી વળવાનો સીધો ને સાદો ઉપાય છે, ને તેથી તે આવકારદાયક છે.

કારીગરના કરતાં કારકુનની સ્થિતિ કેટલેક અંશે વધારે દયામણી છે એ નિર્વિવાદ વાત છે. આ વસ્તુનો તાદૃશ ચિતાર મારી પાસે ૧૯૧૫ની સાલમાં જ ખડો કરવામાં આવ્યો હતો. કલકત્તામાં મારવાડી કર્મચારીમંડળ મને મળ્યું હતું તેણે પોતાની લાચારીનું જે વર્ણન મારી પાસે મૂક્યું તે ખરેખર કરુણાજનક હતું.

૧. આ કાગળ દેખીતી રીતે જ ૨૨ એપ્રિલ, પહેલાં લખાયો હોવો જોઈએ કારણ કે તે તારીખે ગાંધીજીએ યુરોપ ન જવાનો નિર્ણય કર્યો. જુઓ "સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર", ૨૨-૪-૧૯૨૮.

૨. અહીં આપી નથી.

Gandhi Heritage Portal

કારકુનોની સંખ્યા ઓછી, તેમની સહનશક્તિ ઓછી ને તેમનો સંપ ઓછો. વળી કારીગર કુટુંબના બધા કમાય, ઘણે ભાગે કમાનારા હોય, જ્યારે કારકુનના કુટુંબમાં ઘણી વેળા તે એકલો જ કમાવાવાળો હોય. આ સ્થિતિ સુધારવામાં કારકુનોએ પોતે પૂરો ભાગ લેવો ઘટે છે. તેમનામાં સંપ હોવો જોઈએ. કુટુંબને પરાધીન રહેવા દેવાને બદલે બીજાંને અને મુખ્યત્વે પોતાની સ્ત્રીને કંઈક પણ કામમાં રોકાઈ શકે એવી તેને મદદ ને કેળવણી દેવી જોઈએ. કારકુનો આત્મ-વિશ્વાસ ખોઈ બેસવાથી ઘણી વેળા દીન જેવા રહે છે, એમ માને છે કે એક ઠેકાણેથી નીકળ્યા તો બીજે ઠેકાણે ઊભવાની જગ્યા જ તેમને નહીં મળે. જે પ્રામાણિક છે, પોતાના કામમાં હોશિયાર છે, જેનું શરીર સારું છે, ને જે ઉદ્યમી છે તેને કોઈ દહાડો યોગ્ય નોકરી મળતાં મુશ્કેલી નથી આવી.

જ્યારે આપણે સામાજિક નીતિનો પાઠ ભણી ગયા હોઈશું, ત્યારે આપણે જોઈશું કે કારીગર, કારકુન અને શેઠ એ એક જ શરીર અથવા તંત્રનાં અવિભાજ્ય અંગો છે. તેમાં નથી કોઈ મોટો, નથી કોઈ નાનો. તેમના સ્વાર્થ પણ પરસ્પર વિરોધી નથી, પણ એક જ છે, ને એક-બીજા ઉપર અવલંબન કરનારા છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૨-૪-૧૯૨૮

## ૨૯૬. એલિઝાબેથ નુડસનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૨, ૧૯૨૮

વહાલાં મિસ નુડસન,

આટલા બધા લાંબા સમયથી તમારા કંઈ સમાચાર કેમ નથી એનું મને આશ્ચર્ય થતું હતું. તમે કરાંચીમાં આટલી સફળતા મેળવી રહ્યાં છો, તેથી હું ખુશી થયો છું. રાષ્ટ્રીય સપ્તાહને લઈને મેં તેલની માલિશ અને તમે કહેલી એ બંને માલિશ બંધ કરી દીધી છે. અને કામનું દબાણ બહુ જ રહ્યા કરે છે તેથી હું એ ફરીથી ચાલુ કરી શકયો નથી. પરંતુ માલિશ બંધ કર્યા છતાં, મારા વજનમાં લગભગ બે પાઉન્ડનો વધારો થયો છે. કામનું દબાણ ઓછું થતાં હું ફરી માલિશ શરૂ કરીશ.

ગંગાબહેનની તબિયત સુધરી પણ નથી કે બગડી પણ નથી. છેલ્લા બે દિવસથી તેમને તાવ આવે છે. કલકત્તાવાળા દર્દી દશ દિવસ પહેલાં આશ્રમ છોડી ગયા છે. શ્રીયુત કોઠારી અત્યારે દાર્જીલિંગમાં છે.

તમારો સહૃદયી

મિસ એલિઝાબેથ નુડસન
ડૉ. ચિરનંદાણીને ત્યાં
ન્યૂ ટાઈમ્સ બિલ્ડિંગ્ઝ
કરાંચી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૨૦૧

Gandhi Heritage Portal

# ૨૯૭. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૨, ૧૯૨૮

તમે જાણીને કદાચ દિલગીર થશો કે મેં આ વર્ષે યુરોપ ન જવાનું નક્કી કરી દીધું છે. યુરોપથી જે જુદાં જુદાં નિમંત્રણો મળ્યાં હતાં તેના જવાબમાં મારું ત્યાં જવું જરૂરી નહોતું, છતાં મને લાગ્યું કે જો રોલાં એમ માનતા હોય કે અમે બંનેએ જે એક કામ ઉપાડયું છે તે આગળ ધપાવવા માટે હું ત્યાં જઈને તેમને મળું એ જરૂરી છે, તો હું ત્યાં જઈશ અને સાથોસાથ યુરોપનાં બીજાં નિમંત્રણોનો પણ સ્વીકાર કરીશ. તેમના તરફથી જે પત્રની રાહ જોવાતી હતી તે પત્ર હવે આવી પહોંચ્યો છે. હું તમને એ પત્રની નકલ મોકલું છું, જેથી તમે મારો નિર્ણય વધારે સારી રીતે સમજી શકો. હું ખાસ તેમને મળવા ખાતર જ યુરોપ જાઉં એ માટે રોલાં અચકાય છે. એ બતાવે છે કે એક કલાકાર તરીકે અને મારા સંદેશાના ભાષ્યકાર તરીકે એમને લાગે છે કે મારું અહીંનું અગત્યનું કામ છોડીને તેમને મળવા ખાતર હું યુરોપ જાઉં તે જરૂરી નથી. અને મને ત્યાં જવાનું કહેવાનો અથવા ત્યાં જવાનો મારો પ્રસ્તાવ સ્વીકારવાનો તેમના અંતરમાંથી સાદ ઊઠતો નથી. તેથી મને લાગે છે કે મેં તેમને લખેલા પત્રમાં સચ્ચાઈ હશે તો, એટલે કે ત્યાં જવાના નિશ્ચય પાછળ કેવળ એમને મળવાનો જ આશય હશે તો, એમના પત્રને મારે મારી પ્રાર્થનાના જવાબરૂપે મળેલો ઈશ્વરીય નિર્દેશ માનવો જોઈએ. જેમ જેમ દિવસ જતા હતા તેમ તેમ અત્યારની ક્ષણે યુરોપ જવા બાબતમાં મારા અંતઃકરણનો ખચકાટ દૃઢ થતો જતો હતો, અને મને એમ પણ લાગતું હતું કે યુરોપને આપી શકું એવું મારી પાસે કશું નથી, જ્યારે અહીં મારી પાસે ઘણાં કામ કરવાનાં પડયાં છે. આશ્રમનો સાદ અવિરતપણે આવ્યા જ કરે છે. દિવસે દિવસે સ્પષ્ટ થતું જાય છે કે મારે આશ્રમને જો ન્યાય કરવો હોય તો જેને હું મારું ઉત્તમ સર્જન ગણું છું, તેને મારો બધોયે સમય ન આપી શકું તો કંઈ નહીં, પણ સમયનો મોટો ભાગ તો મારે એને આપવો જ જોઈએ.

જો યુરોપ ન જાઉં તો બ્રહ્મદેશ જવાનું મારા મનમાં હતું. પણ હવે મને લાગે છે કે બ્રહ્મદેશ જવાની પણ જરૂર નથી; અને જો બ્રહ્મદેશને મારી જરૂર ન હોય, તો હું મારો ઉનાળો આશ્રમમાં જ ગાળીશ.

ગરમી મને પરેશાન કરતી નથી. મારી તબિયત ઠીક ચાલે છે. અને એવી બીજી ઘણી બાબતો છે જેને હું અહીં રહું તો હાથ ઉપર લઈ શકું. તેથી એકંદરે મને લાગે છે કે મારે જવું ન જ જોઈએ; પણ આટલો કામચલાઉ નિર્ણય કરી શકું છું કે જો બધું સમુંસુતરું ઊતરે તો આવતે વર્ષે હું યુરોપ જઈશ, એટલે આજથી જ બધી તૈયારીઓ અને પ્રબંધ કરવા માટે મને પૂરતો સમય મળી રહે અને હું કશી પણ મુશ્કેલી વિના જઈ શકું. કદાચ મારાથી જઈ શકાય એમ હશે અને કંઈ મુશ્કેલી નહીં આવે તો સમય બચાવવા માટે હું અમેરિકા પણ થતો આવીશ.

Gandhi Heritage Portal

અંબાલાલ સાથે મારે લાંબી વાતચીત થઈ હતી. તેમણે કહ્યું કે તેમણે પોતાના પૈસા મોકલી આપ્યા છે પણ હિસાબનું પાકું સરવૈયું પ્રસિદ્ધ થયું ન હોય ત્યાં સુધી એ આથી આગળ વધી શકશે નહીં. હિસાબ રાખવાની પદ્ધતિથી તેમને અસંતોષ થયો હતો અને તે માટે ગુજરાતીઓની સમિતિ હોવી જોઈએ એમ એ દૃઢતાપૂર્વક માનતા હતા, કારણ કે પૈસાનો મોટો ભાગ ગુજરાતીઓ પાસેથી જ મળેલો હતો. સમજી શકયો છું ત્યાં સુધી હું તેમને તેમના નિર્ણયમાંથી ચલિત કરી શકયો નથી, પરંતુ તેમણે એમ પણ કહ્યું હતું કે પોતાનો અભિપ્રાય આપવામાં તેઓ તેમની સહજ પ્રેરણાથી નહીં પણ બીજા દાતાઓના અભિપ્રાયથી દોરવાયા છે.

મરીચિએ તમારી દાંતની સ્થિતિ વિશે, કહો કે તમે બોખા થઈ ગયા છો એ વિશે, મને વિગતે લખ્યું છે. બોખા થવું એ કંઈ મહાન આપત્તિ નથી. જ્યારે દાંત રોગનું મૂળ થઈ પડયા હોય અને સ્વાસ્થ્યને હાનિકારક બનતા હોય ત્યારે તો તે ચોક્કસ ફાયદાકારક જ છે.

શ્રદ્ધાનંદ વિશેની લેખમાળા તમારે પૂરી કરવાની છે એ સ્મરણમાં રાખશો. તમારે ગ્રેગના પુસ્તક ઉપર કંઈક લખવું જોઈએ.

હું આશા રાખું છું કે ગુરુદેવને હવે પહેલાં કરતાં ઘણું સારું હશે.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૯૫૮

## ૨૯૮. અખિલ હિંદ ચરખા સંઘના મંત્રીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૨, ૧૯૨૮

મંત્રી
અ. હિં. ચ. સંઘ
અમદાવાદ

ભાઈશ્રી,

પ્રકાશમની ગૅરંટીવાળી લોન બાબતમાં મને તમારો પત્ર મળ્યો છે. મેં તેમને લખ્યું[૧] છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૯૪

૧. આ પત્ર મળતો નથી.

Gandhi Heritage Portal

## ૨૯૯. મથુરાપ્રસાદને તાર

[એપ્રિલ ૨૩, ૧૯૨૮ પહેલાં][1]

તમારો પત્ર મળ્યો. રાધા પાછી ફરવા તૈયાર હોય ત્યારે તેની સાથે રાજકિશોરી અને રામનંદન ભલે આવે. મગનલાલની હાલત વિશે દરરોજ તાર કરતા રહેશો. સનેપાતનું કારણ શું છે?

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૬૫૧

## ૩૦૦. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર

એપ્રિલ ૨૩, ૧૯૨૮

ચિ. મણિલાલ અને સુશીલા,

આ કાગળ લખતી વેળા મારી પાસે પટણાનો તાર પડયો છે કે મગનલાલ મરણપથારીએ છે. રાધા અકસ્માતથી ત્યાં છે. તેની ચાકરીમાં પટણાના મિત્રો કશી મણા નથી રાખતા. ગમે તે ક્ષણે મગનલાલની વિદાયગીરીનો તાર આવે. જેને હું મારો વારસ ગણું છું તે વારસો મૂકીને ચાલવાની તૈયારી કરે એ કેવી માયા? તમે બધા પાછળ રહેલા મગનલાલને પગલે ચાલી શકો તો!

તમારા બંનેના કાગળ મળ્યા છે. મિ. વેઈને મારો સંદેશો આપ્યો હશે. તે મને મળી ગયા એ તો તમને જણાવી ચૂક્યો છું ના?

રામદાસ હજુ કાઠિયાવાડમાં ખાદીની ફેરી કરી રહ્યો છે. ચારપાંચ દિવસમાં આવવો જોઈએ. છગનલાલ માંદા પડવાથી ઓરિસ્સાથી આલમોડા ગયા છે. ત્યાં પ્રભુદાસ તબિયતને મથે છે. પણ હવે તો ખાદીકામ જ કરી રહ્યો છે.

સુશીલાના અંગ્રેજી અક્ષર ને ભાષાંતરનો નમૂનો જોઈએ. હવે વજન કેટલું છે? ચિત્રકળામાં શું કરે છે?

સોરાબજી ગજા ઉપરાંત ખર્ચ કરે તો તેને મિત્ર તરીકે રોકવાનો ધર્મ ન ભૂલતા. તેની ખર્ચાળ પ્રકૃતિનો ગેરલાભ કદી ન ઉઠાવશો. તમારી મર્યાદા પૂરી જાળવજો. મારું યુરોપ જવાનું મેં મુલતવી રાખ્યું છે.

બાપુના આશીર્વાદ

[તા. ક.]

હમણાં તાર મળ્યો છે કે મગનલાલને ઈશ્વર ઉપાડી ગયો છે.

બાપુ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૪૭૩૬

૧. ૨૩ એપ્રિલે મગનલાલ ગાંધીનું અવસાન થયું.

Gandhi Heritage Portal

## ૩૦૧. બ્રજકિશોરપ્રસાદને તાર

[એપ્રિલ ૨૩, ૧૯૨૮][1]

તાર મળ્યો. ઈશ્વરની ઇચ્છા. રાધાબહેનને કોઈની સાથે મોકલો. રાજકિશોરી ભલે સાથે આવે. ઉત્તરક્રિયા તદ્દન સાદી હોવી જોઈએ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૬૫૧

## ૩૦૨. દેવદાસ ગાંધીને તાર

[એપ્રિલ ૨૩, ૧૯૨૮]

મગનલાલનો વહેલી સવારે દેહાંત થયો છે. જતા નહીં. રાધાને કોઈની સંભાળ નીચે મોકલવા તાર કર્યો છે.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૬૫૧

## ૩૦૩. રાધાબહેન ગાંધીને તાર

[એપ્રિલ ૨૩, ૧૯૨૮]

રાધા

શંભુશરણને ત્યાં

તમે બહાદુર થશો એમ ઇચ્છું છું. ઈશ્વરની ઇચ્છાને અધીન થાઓ અને રામનામનું રટણ કરો. તમે યોગ્ય સથવારે આવો છો. પ્યાર.

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૬૫૧

૧. ૨૩ એપ્રિલે થયેલા મગનલાલ ગાંધીના અવસાનના સમાચાર મળ્યા પછી આ અને આ પછીના તાર કરાયા એ સ્પષ્ટ છે.

Gandhi Heritage Portal

## ૩૦૪. ખુશાલચંદ ગાંધીને તાર

[એપ્રિલ ૨૩, ૧૯૨૮]

ખુશાલભાઈ ગાંધી
રાજકોટ

મગનલાલ પટણામાં સવારે ગુજરી ગયા. તમને એ દીકરો જેટલો વહાલો હતો તેથીયે મને અદકો હતો તે તમે જાણો છો. શોક ન કરશો. એનું મૃત્યુ ધન્ય હતું. નારણદાસ આજ રાત્રે જાય છે. શિવલાલભાઈનાં કુટુંબીજનોને ખબર આપો.

**મોહનદાસ**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૯૫૧

## ૩૦૫. છગનલાલ ગાંધીને તાર

[એપ્રિલ ૨૩, ૧૯૨૮]

મગનલાલ પટણામાં સવારે ગુજરી ગયા. રાધા તરત જ પાછી ફરશે. કોઈ પણ જાતનો શોક કરવાનો નથી. આપણા પોતાના ઉપદેશને અમલમાં કેમ મૂકવો એ જાણવું જ જોઈએ. તમારે આરામ લેવાનું ચાલુ રાખવું જોઈએ.

**બાપુ**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૯૬૧

## ૩૦૬. જમનાદાસ ગાંધીને તાર

એપ્રિલ ૨૩, ૧૯૨૮

જમનાદાસ ગાંધી
જીવનલાલ કંપનીને ત્યાં
કંસારા ચાલ
કાલબાદેવી
મુંબઈ

મગનલાલ સવારે ગુજરી ગયા. કોઈ પણ જાતનો શોક કરવાનો નથી. નક્કી કરેલા કાર્યક્રમમાં કોઈ ફેરફાર કરશો નહીં.

**બાપુ**

[મૂળ અંગ્રેજી]

મૂળ પરથી : સી. ડબલ્યુ. ૮૬૯૭; શ્રી નારણદાસ ગાંધીના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૩૦૭. શ્રીનાથસિંહને પત્ર

વૈશાખ સુદ ૪, [એપ્રિલ ૨૩, ૧૯૨૮][1]

શ્રીનાથસિંહજી,

તમારો પત્ર મળ્યો છે. બિરલા કુટુંબના છોકરાઓને હું ઓળખું છું; અને તેથી તેમને મેં સંદેશો મોકલ્યો હતો. જે વર્તમાનપત્ર અને તંત્રી મહાશયને પણ હું જાણતો ન હોઉં તે બધાં જો સંદેશાની માગણી કરે અને હું તેમને સંદેશો મોકલ્યા કરું તો મારો બધો સમય એમાં જ ચાલ્યો જાય.

તમારો મોહનદાસ

શ્રીનાથસિંહજી
તંત્રી, बाल सखा
ઇન્ડિયન પ્રેસ લિમિ.
અલ્લાહાબાદ

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૨૯૭૩; શ્રી શ્રીનાથસિંહના સૌજન્યથી

## ૩૦૮. કુંવરજી ખેતસી પારેખને પત્ર

મૌનવાર [એપ્રિલ ૨૩, ૧૯૨૮][2]

ચિ. કુંવરજી,

તમારો પત્ર મળ્યો છે. બાળરાનું કામ બંધ થાય તો શું કરવું એનો વિચાર તમે જેસુખલાલની સાથે કરજો. તમારા છેલ્લા પૅરેગ્રાફનો ઉદ્દેશ હું સમજ્યો નથી. પણ તમારી પાસે હાલ વધારે પગારવાળી નોકરીની માગણી હોય ને તમારો તે લેવાનો વિચાર થાય તો હું તમને ખાદીમાં જ રહેવાનો આગ્રહ નહીં કરું. તમે ખાદીમાં રહો તો કેવળ પરમાર્થ ભાવથી ને પૈસાનો લોભ છોડીને જ જેમ રામદાસ રહે છે તેમ રહો એમ ઇચ્છું છું. કોઈને કોઈનું દબાણ ન જ લાગવું જોઈએ. મને તો તમારું કામ પસંદ જ છે. આશ્રમમાં જ તમને રાખવા હું તો ઇચ્છું. પણ આશ્રમમાં બ્રહ્મચર્યનું પાલન કરતા હોય તેને જ રાખવા વિશેની હાલ ચર્ચા ચાલી રહી છે. કશો નિર્ણય નથી થયો. પણ આશ્રમમાં નહીં તો બીજે પણ તમને ગોઠવવામાં મુશ્કેલી ન આવે એમ હું માનું છું.

મગનલાલનો પટણામાં દેહાંત થયો છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: એસ. એન. ૯૭૧૦

૧. આ પત્ર ઉપર ૨૪-૪-૧૯૨૮ની છાપ છે. પણ તિથિ પ્રમાણે જોતાં એ લખાયો ૨૩ મીએ હશે. વૈશાખ સુદ ૪ એ વર્ષે ૨૩ મીએ આવતી હતી.

૨. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

## ૩૦૯. સંતોકબહેન ગાંધીને પત્ર

[એપ્રિલ ૨૩, ૧૯૨૮ પછી][૧]

ચિ. સંતોક,

શેઠ ઘનશ્યામદાસ બિરલાએ કેશુને લઈ લેવાનું કબૂલ કર્યું છે એટલે હવે તેની ચિંતા ન કરશો. ઈશ્વર તેનું સારું જ કરશે. તમે બધાં કામમાં ઓતપ્રોત થઈ જશો. તબિયત સંભાળજો.

મને કાગળ લખજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની નકલ પરથી: સી. ડબલ્યુ. ૮૬૭૨; શ્રીમતી રાધાબહેન ચૌધરીના સૌજન્યથી

## ૩૧૦. તુલસી મહેરને પત્ર

સાબરમતી આશ્રમ,
[એપ્રિલ ૨૩, ૧૯૨૮ પછી][૨]

ભાઈ તુલસી મહેર,

તમે મગનલાલ વિશે જે પ્રમાણે લખો છો તે પ્રમાણે જ છે. આપણે સૌ પહેલાંનાં કરતાં વધારે સાબદા થઈએ. તમારા કામની ભરતીઓટથી સુખદુ:ખ ન માનવું. પણ આસક્તિ રાખ્યા સિવાય જેટલું થઈ શકે તેટલું કરવું.

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી: જી. એન. ૬૫૩૪

૧. રાધાબહેન ચૌધરી જણાવે છે કે આ પત્ર, ૧૯૨૮ના એપ્રિલની ૨૩મીએ મગનલાલ ગાંધીનું અવસાન થયું તે પછી તરત જ લખાયો છે.

૨. આ પત્ર મગનલાલ ગાંધીના અવસાન પછી લખાયો લાગે છે.



Gandhi Heritage Portal

## ૩૧૧. દક્ષિણ આફ્રિકાની હિંદી કોમને કેબલ[1]

એપ્રિલ ૨૪, ૧૯૨૮

તંદુરસ્તી સારી. શાસ્ત્રીનો સંતોષકારક જવાબ[2] મળ્યો છે. મગનલાલનું ગઈ કાલે અવસાન થયું.

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૧૯૭૭

## ૩૧૨. જવાહરલાલ નેહરુને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૪, ૧૯૨૮

પ્રિય ભાઈ જવાહર,

તમારો પત્ર મને મળ્યો છે. મગનલાલના અવસાનને લીધે મારા ઉપર જે આપત્તિ આવી પડી છે તે વિશે અલબત્ત, તમે તો જાણો જ છો. તે છેક જ અસહ્ય છે. છતાં હું સિંહમહોરું રાખી રહ્યો છું.

"શાંતિપૂર્ણ અને કાયદેસરનાં સાધનો"વાળો શબ્દપ્રયોગ છોડીને તેને બદલે "બધાં શક્ય સાધનો દ્વારા" શબ્દો મૂકવાનું કૉંગ્રેસને જણાવતો ઠરાવ મેં વાંચ્યો નથી. સ્વાતંત્ર્ય હજી હું ગળી જઈ શકું તેમ છું પણ "બધાં સાધનો દ્વારા" તો ગળે ન જ ઊતરે એવી વાત છે. પરંતુ હું ધારું છું કે કોઈ પણ ઝેર પચાવવા જેટલાં આપણાં પેટ આપણે મજબૂત કરવાં પડશે. તેમ છતાં, હું આશા રાખું છું કે તમારી ઇચ્છા અને શક્તિની બહાર જઈ તમે તમારી જાતનું કોઈને શોષણ કરવા દેશો નહીં કે લાભ લેવા દેશો નહીં.

હવે એ દેખીતી રીતે સ્પષ્ટ થઈ ગયું છે કે મિલમાલિકો કૉંગ્રેસ સાથે કંઈક સોદો કરવા માગતા હતા. પરંતુ આ નિષ્ફળ ગયેલી વાટાઘાટોથી મને દુ:ખ થતું નથી. એનાથી તો વાતાવરણ ચોખ્ખું થયું છે.

૧. દક્ષિણ આફ્રિકાની હિંદી કોમના "તબિયતના સમાચાર મોકલો" એ કેબલના જવાબમાં આ કેબલ કરવામાં આવ્યો હતો.

૨. એમના લાંબા કેબલમાં શાસ્ત્રીએ જણાવ્યું હતું કે ૧૯૧૪ના કરારની સમજૂતી સામે વિરોધ નહીં ઉઠાવાય, અને દક્ષિણ આફ્રિકાના મંત્રીઓ જાણી જોઈને આપેલાં વચનનો ભંગ નહીં કરે. શાસ્ત્રીના કેબલના પાઠ માટે જુઓ પરિશિષ્ટ ૨.

Gandhi Heritage Portal

રોમાં રોલાંના જે કાગળની હું રાહ જોતો હતો તે રવિવારે મળ્યો. હું તેમના ઉપર જે બોજ નાખવા માગતો હતો, તે ઉઠાવવા તેઓ તૈયાર નથી. તેથી હું આ વર્ષે જઈશ નહીં. પણ એ વિશે તમે યંગ ઇન્ડિયા[1]નાં પૃષ્ઠોમાં વાંચશો.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૨૦૩

## ૩૧૩. કર્નાડ સદાશિવ રાવને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૪, ૧૯૨૮

પ્રિય ભાઈ સદાશિવ રાવ,

તમારો પત્ર મને મળ્યો છે, જે મને ખૂબ જ ગમ્યો છે. તમારી પુત્રીઓ ભલે મારા સંપર્કમાં રહે. પરદાનશીન સ્ત્રીઓ કરતાં પણ વધારે ખરાબ ન થવું હોય તો તેઓએ બહાદુર બનવું જ જોઈએ. કારણ કે જેઓ વરણાગિયું જીવન જીવે છે, તેઓ પરદાનશીન કરતાં પણ, મારા અભિપ્રાય મુજબ, વધારે ખરાબ જીવન ગાળે છે. અને જેમણે પ્રજાના સાચા સેવક બનવું છે, તેમણે સ્વેચ્છાપૂર્વકની ગરીબી સ્વીકારવી પડે છે, અને તે એક આશીર્વાદરૂપે, માત્ર પરાણે સ્વીકારેલી સ્થિતિ તરીકે નહીં.

તમારો સહૃદયી

શ્રીયુત સદાશિવ રાવ કર્નાડ
કોડાઈબેઈલ
મૅંગલોર

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૨૦૨

૧. જુઓ "યુરોપિયન મિત્રોને", ૨૬-૪-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૩૧૪. સતીશચંદ્ર દાસગુપ્તાને તાર[1]

સાબરમતી,
એપ્રિલ ૨૫, ૧૯૨૮

સતીશચંદ્ર દાસગુપ્તા
ખાદી પ્રતિષ્ઠાન
સોદપુર

તમારો તાર[2] તમને છાજે તેવો છે. તમે આજે કરી શકો એમ છો એવી ઉત્તમમાં ઉત્તમ સેવા તમારું શરીર સુધારવાની છે. જેથી હું બીજા આઘાતમાંથી બચું.

બાપુ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૧૫૯૦

## ૩૧૫. દેવદાસ ગાંધીને તાર

[એપ્રિલ ૨૫, ૧૯૨૮][3]

રાધા સાથે અહીં પાછા ફરો.

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૬૪૯

## ૩૧૬. ચ. રાજગોપાલાચારીને તાર[4]

એપ્રિલ ૨૫, ૧૯૨૮

મગનલાલના દેહાંત પહેલાં જ યુરોપની મુલાકાત છોડી દીધી છે. જમનાલાલજીએ યાત્રાએ જવું જોઈએ. મગનલાલ જે વારસો પાછળ મૂકી ગયા છે તેને હું લાયક બનું.

બાપુ

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૬૮૩

૧. ૨૪ એપ્રિલ, ૧૯૨૮ના સતીશચંદ્ર દાસગુપ્તાના તારની પાછળ આ તાર લખાયો હતો. એમના એ તારના જવાબમાં આ તાર હતો.

૨. આ તાર આ પ્રમાણે હતો : "મગનભાઈની જગ્યા પૂરી શકાય નહીં; પરંતુ જરૂર હોય તો હું ત્યાં સેવા આપવા તૈયાર છું."

૩. સતીશચંદ્ર દાસગુપ્તાને કરેલા તારના લખાણની નીચે જ આ તાર લખાયો હતો. જુઓ આ પહેલાંનો તાર. લાગે છે કે બંને તાર એક જ તારીખે કરવામાં આવ્યા હતા.

૪. રાજગોપાલાચારીના નીચેના તારના જવાબમાં આ તાર કરવામાં આવ્યો હતો : "જમનાલાલજી પટણા ગયા છે. આવતી કાલે પાછા ફરવાના છે. તમે આ સૂચન ઉપર ગુસ્સે થશો; પરંતુ પ્રાર્થનાપૂર્વક આગ્રહ કરું છું કે તમારે યુરોપ જવું જોઈએ; અને આશ્રમના વેરાન દૃશ્યને હમણાં જમનાલાલજીના હાથમાં છોડવું જોઈએ; અને તેમણે, તેઓ આશ્રમમાં રહી શકે એટલા માટે, યાત્રાનો કાર્યક્રમ મુલતવી રાખવો જોઈએ. તારથી "આર્ટલ્યુમિનિયમ", એ સરનામે જવાબ આપો."

Gandhi Heritage Portal

# ૩૧૭. મારો ઉત્તમ સાથી ગયો

જેને મેં મારા સર્વસ્વના વારસદાર કહ્યા હતા તે હવે ચાલ્યા ગયા છે. મગનલાલ ખુશાલદાસ ગાંધી અમારા કાકાના એક પૌત્ર, છેક ૧૯૦૪થી મારા કામમાં મારી સાથે રહેલા હતા. મગનલાલના પિતાએ પોતાના બધા પુત્રોને દેશના હિત અર્થે સમર્પણ કરી દીધા છે. શેઠ જમનાલાલજી અને અન્ય સાથીઓની સાથે સ્વર્ગસ્થ મગનલાલ ગાંધી, આ મહિનાની શરૂઆતમાં બંગાળ ગયા હતા. બિહારમાં તેઓ પોતાની ફરજ બજાવતા હતા ત્યારે તેમને ખૂબ તાવ આવ્યો અને પટણામાં બ્રજકિશોરપ્રસાદની રક્ષા અને સંભાળ નીચે નવ દિવસની માંદગી ભોગવી, પ્રેમ અને કુશળતા તેમને જે કંઈ ભક્તિભરી સારવાર આપી શકે, તે બધી સ્વીકારીને તેઓ આ દુનિયામાંથી ચાલ્યા ગયા છે.

મગનલાલ ગાંધી ૧૯૦૩માં, કંઈક કમાવાને અર્થે મારી સાથે દક્ષિણ આફ્રિકા આવ્યા હતા. પરંતુ એમણે ભાગ્યે જ એક વર્ષ વસ્તુભંડારનું કાર્ય કર્યું હશે, ત્યાં તેમણે સ્વેચ્છાપૂર્વકની ગરીબીનો એકાએક કરાયેલો મારો સાદ સાંભળ્યો, તેને સ્વીકાર્યો અને ફિનિક્સ આશ્રમની વસાહતમાં જોડાયા; અને એક વાર મારી સાથે જોડાઈ ગયા પછી કદી પણ ડગ્યા નથી કે નિષ્ફળ ગયા નથી. જો તેમણે પોતાની બધી શક્તિ દેશસેવાને સમર્પિત ન કરી હોત, તો તેમની અસંદિગ્ધ શક્તિ અને અવિશ્રાંત ઉદ્યમથી તેઓ અવશ્ય એક મહાન શાહસોદાગર બની શક્યા હોત. છાપખાનામાં મૂકવામાં આવતાં તેમણે બહુ જ સહેલાઈથી અને ઝડપથી મુદ્રણકલાની આંટીઘૂંટીઓ પૂરેપૂરી શીખી લીધી હતી. આ પહેલાં તેમણે કોઈ ઓજાર કે યંત્ર કદી હાથમાં લીધું ન હતું. છતાં એન્જિનરૂમમાં, મશિનરૂમમાં અને કંપોઝીટરનાં ટેબલ પર એમણે ખૂબ જ કુશળતા બતાવી. इन्डियन ओपीनियनના ગુજરાતી વિભાગનું સંપાદન તેઓ એટલી જ આસાનીથી કરતા. ફિનિક્સ આશ્રમની યોજનામાં કુટુંબ પૂરતી ખેતીને પણ સ્થાન હતું. એટલે તેઓ એક સારા ખેડૂત પણ થયા. મારો ખ્યાલ છે કે ફિનિક્સની વસાહતમાં સૌથી સારો બગીચો તેમનો જ હતો. એ નોંધવું રસપ્રદ થશે કે यंग इन्डियाનો સૌ પ્રથમ અંક અમદાવાદથી પ્રસિદ્ધ કરવામાં આવ્યો, તેના ઉપર પણ તેમના એ શ્રમની નિશાનીઓ પડેલી છે જેની એ વખતે ખૂબ જરૂર હતી.

તેમનું શરીર ખડતલ હતું. પોતે જે કાર્યને વરેલા હતા, તેને આગળ ધપાવવામાં એ શરીર તેમણે ઘસી નાખ્યું. મારી આધ્યાત્મિક કારકિર્દીનો તેમણે ઝીણવટથી અભ્યાસ કર્યો અને તેને અનુસર્યા. અને મારા સાથીઓ આગળ મેં જ્યારે જીવનના એક નિયમ તરીકે બ્રહ્મચર્યને સત્યની શોધમાં પડેલા પરિણીત લોકો માટે પણ રજૂ કર્યું ત્યારે આ આચારનું સૌન્દર્ય અને તેની આવશ્યકતા સમજીને તેનો સ્વીકાર કરનાર એ પહેલા પુરુષ હતા; અને મને ખ્યાલ છે ત્યાં સુધી આ નિયમપાલન અર્થે તેમને ભયંકર સંઘર્ષમાંથી પસાર થવું પડયું અને તેને માટે તેમને ભારે કિંમત ચૂકવવી પડી, છતાં તેમણે આ નિયમને પોતાના જીવનમાં ચરિતાર્થ કરી બતાવ્યો; અને પોતાના વિચારો પત્ની પર પરાણે ન લાદતાં એ વાત ધૈર્યપૂર્વક તેમને ગળે ઉતારી અને તેમને પણ સાથે લીધાં.

Gandhi Heritage Portal

સત્યાગ્રહનો પ્રારંભ થયો ત્યારે પણ તે મોખરે જ હતા. તેમણે દક્ષિણ આફ્રિકામાં રાજદ્વારી હકો માટે જે નૈતિક લડાઈ ચાલતી હતી, અને જેને મેં બીજા કોઈ સુયોગ્ય શબ્દની ગેર-હાજરીમાં — "પૅસિવ રિઝિસ્ટન્સ" — જેવા અપૂર્ણ અને ભૂલ ખવડાવનારા શબ્દો વડે ઓળખાવી હતી, તેને માટેનો અર્થપૂર્ણ શબ્દ પણ તેમણે જ શોધી આપ્યો હતો. તે વખતે આ ચળવળનું સદાગ્રહ નામ — જે મેં ફેરવીને સત્યાગ્રહ[1] રાખ્યું હતું — સૂચવવા માટેનાં કારણો આપતો તેમનો સુંદર પત્ર અત્યારે મારી પાસે હોત તો કેવું સારું થાત! તેમણે આ અહિંસક લડતની આખી ફિલસૂફી ક્રમશઃ એવી રીતે સમજાવી કે વાચકને તેમણે પસંદ કરેલા નામની પ્રતીતિ થયા વિના રહે નહીં. મને સ્મરણ છે કે તેમના બધા પત્રવ્યવહારની માફક એ પત્ર ન માની શકાય એટલો ટૂંકો અને મુદ્દાસરનો હતો.

લડત દરમિયાન તે કદી કામથી થાકતા નહીં, માથે આવેલાં કામને ટાળતા નહીં, અને પોતાની બહાદુરી વડે તેઓ આસપાસના સર્વ સાથીઓને હિંમત અને આશાનો ચેપ લગાડતા. જ્યારે સૌ કોઈ જેલમાં ગયા અને જ્યારે મારા પોતાના વ્યક્તિગત દાખલાથી, કારાવાસને સામેથી નોતરવો એ પારિતોષિક રૂપ ગણાતું હતું, ત્યારે તેઓ વધારે જવાબદાર કામ ઉઠાવવા પાછળ રહ્યા. તેમણે તેમનાં પત્નીને બહેનોની મંડળીમાં જોડાવા માટે મોકલી આપ્યાં.

હિંદમાં પાછા ફર્યા પછી જે કડક નિયમપાલન સાથે અમે આશ્રમ સ્થાપ્યો તે કડક નિયમપાલન પણ એમને જ આભારી છે. અહીં એમને એક સાવ નવું અને મુશ્કેલ કાર્ય સોંપાયું હતું. એમણે એ સફળ કરી બતાવ્યું. અસ્પૃશ્યતા તેમને માટે ખૂબ જ આકરી કસોટી હતી. એક ક્ષણને માટે જાણે કે એમનું હૃદય પાછું પડયું પરંતુ તે માત્ર ક્ષણને માટે જ. તેમણે જોયું કે પ્રેમને સીમા હોતી નથી. અને તેથી જ અસ્પૃશ્યો માટે જો કહેવાતા ઉચ્ચ વર્ણો જ જવાબદાર હોય તો અસ્પૃશ્યો સાથે સમાન ભાવે જીવન જીવવું જરૂરી છે.

આશ્રમનો ઉદ્યોગ વિભાગ ફિનિક્સ આશ્રમની પ્રવૃત્તિથી ભિન્ન પ્રકારનો હતો. અહીં તો અમારે નવેસરથી વણવાનું, કાંતવાનું, પીંજવાનું અને કપાસ લોઢવાનું શીખવાનું હતું. આ બધાં કાર્ય માટે ફરીથી મેં મગનલાલ તરફ દૃષ્ટિ દોડાવી. આ કલ્પના મારી હતી પણ એને કાર્યાન્વિત કરનારા હાથ તો તેમના જ હતા. તે વણવાનું શીખ્યા અને રૂમાંથી ખાદી બને તે પહેલાંની બધી પ્રક્રિયાનો પણ તેમણે અભ્યાસ કરી લીધો. એ આજન્મ યંત્રવિદ્ હતા.

જ્યારે આશ્રમમાં ડેરીનું કાર્ય શરૂ કરવામાં આવ્યું ત્યારે તેમણે ઉત્સાહપૂર્વક એ કાર્યમાં ઝુકાવ્યું, તેના સાહિત્યનો અભ્યાસ કર્યો, દરેક ગાયને નામ આપ્યું અને આશ્રમની વસાહતના પ્રત્યેક પશુના તેઓ મિત્ર બની ગયા.

અને જ્યારે તેમાં ચર્માલયનો ઉમેરો કરવામાં આવ્યો, ત્યારે તેમણે હિંમતથી એ કામ સ્વીકાર્યું; અને જરાક નિરાંત મળે કે તરત ચામડું કમાવવાના સિદ્ધાંતોનો અભ્યાસ કરવાની એમની ઇચ્છા હતી. રાજકોટની હાઈસ્કૂલની શૈક્ષણિક તાલીમ ઉપરાંત તેઓ પાકા અનુભવની શાળામાં ઘણું શીખ્યા. તેમણે ગામડાંના સુતારો, વણકરો, ખેડૂતો, ભરવાડો અને આવા બીજા સામાન્ય ગ્રામજનો પાસેથી જ્ઞાન મેળવ્યું.

ચરખા સંઘના યંત્રવિભાગના તેઓ નિયામક હતા, અને ગુજરાતમાં આવેલા તાજેતરના પૂર દરમ્યાન, વલ્લભભાઈએ એમને વિઠ્ઠલપુરની નવી નગરવસાહત બાંધવાના કાર્યની જવાબદારી સોંપી હતી.

૧. જુઓ પુસ્તક ૨૯, પા. ૬૬.

Gandhi Heritage Portal

તેઓ એક દૃષ્ટાંતરૂપ પિતા હતા. તેમણે પોતાનાં અત્યાર સુધી અપરિણીત રહેલાં સંતાનો—એક પુત્ર અને બે પુત્રીઓ—ને તેઓ દેશને માટે પોતાની જાત સમર્પી શકે એવું શિક્ષણ આપ્યું. એમનો પુત્ર કેશુ મિકેનિકલ એન્જિનિયરિંગ ક્ષેત્રે ઘણી સારી શક્તિ દર્શાવી રહ્યો છે. એ બધી શક્તિ તેણે પોતાના પિતાની માફક સામાન્ય સુતારો અને લુહારોને કામ કરતા જોઈને પ્રાપ્ત કરી હતી. તેમની સૌથી મોટી અઢાર વર્ષની પુત્રી રાધાએ હમણાં જ બિહારમાં સ્ત્રીઓની સ્વાધીનતાના હિતમાં એક મુશ્કેલ અને નાજુક કાર્ય સ્વીકાર્યું છે. અલબત્ત, રાષ્ટ્રીય શિક્ષણ કેવું હોવું જોઈએ તેની સારી એવી સમજ મગનલાલને હતી; અને તેથી આશ્રમના શિક્ષકો સાથે તેની સાચી અને વિવેચનાત્મક ચર્ચા તેઓ વારંવાર કરતા.

આ ઉપરથી વાચક એવો ખ્યાલ ન કરે કે તેઓ રાજકારણની કોઈ વાત જાણતા નહોતા. તેઓ જરૂર જાણતા હતા, પરંતુ તેમણે મૂંગી, નિઃસ્વાર્થ રચનાત્મક સેવાનો માર્ગ પસંદ કરી લીધો હતો.

તેઓ મારા હાથ, પગ અને આંખ હતા. દુનિયા ભાગ્યે જ જાણે છે કે મારી કહેવાતી મહત્તાનો આધાર એમના જેવા શાંત, નિષ્ઠાવાન, શક્તિશાળી અને નિર્મળ સ્ત્રી તેમ જ પુરુષ કાર્યકર્તાઓના સતત પરિશ્રમ અને સખત કામ પર કેટલો બધો રહેલો છે. અને એ બધામાં મગનલાલ મારે મન મહાનમાં મહાન, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અને પવિત્રમાં પવિત્ર પુરુષ હતા.

આ લખું છું ત્યાં પોતાના પ્રિયતમના વિયોગથી ઘવાયેલી વિધવાનાં ડૂસકાં સંભળાય છે. એને બાપડીને શી ખબર હોય કે એના કરતાં મારું વૈધવ્ય આકરું છે! અને ઈશ્વરમાં મને જીવંત શ્રદ્ધા ન હોત, તો જે મને મારા પોતાના પુત્રો કરતાં પણ ઘણા વહાલા હતા, જેમણે મને કદી છેતર્યો નથી કે જેમણે મને કદી નિરાશ કર્યો નથી, જેઓ ઉદ્યમના અવતાર હતા, અને જેઓ આશ્રમનાં ભૌતિક, નૈતિક અને આધ્યાત્મિક પાસાંના સાચા ચોકીદાર હતા તેમને ગુમાવ્યાથી હું લવરીખોર પાગલ બની ગયો હોત. એમનું જીવન મારે માટે પ્રેરણારૂપ બન્યું છે, નૈતિક નિયમની અસરકારકતા અને સર્વોપરીતાનું સ્થાયી નિદર્શન બની ગયું છે. એમણે એમના જ જીવનમાં મને માત્ર થોડાક દિવસોમાં નહીં, થોડાક મહિનાઓમાં નહીં, પરંતુ ચોવીસ વર્ષના લાંબા ગાળા—અફસોસ કે હવે તે ગાળો બહુ ટૂંકો લાગે છે—દરમ્યાન મને પ્રત્યક્ષ કરી બતાવ્યું છે કે દેશની સેવા, માનવજાતિની સેવા અને આત્મસાક્ષાત્કાર કે ઈશ્વરનું જ્ઞાન બધા શબ્દો એક જ અર્થ બતાવનારા છે.

મગનલાલ મૃત્યુ પામ્યા છે, પરંતુ તેઓ તેમના કાર્ય દ્વારા ચિરંજીવ છે; આશ્રમમાં જનાર કોઈ પણ વ્યક્તિ, એ કાર્યની છાપ, એની ધૂળના કણ કણ ઉપર અંકાયેલી જોઈ શકશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६-४-१९२८

Gandhi Heritage Portal

## ૩૧૮. સંયમની સમસ્યા

હું ત્રીસ વર્ષનો છું, પરણેલો છું. મારી પત્ની લગભગ મારા જેવડી જ છે. અમને પાંચ સંતાન થયાં છે. સારે નસીબે એમાંનાં બે ગુજરી ગયાં છે. બાકીનાં સંતાનો પ્રત્યેની મારી જવાબદારીનું મને ભાન છે. પણ તે અદા કરવી મારે માટે અશક્ય નહીં તો મુશ્કેલ તો છે જ. આપે સંયમનો ઉપદેશ આપ્યો છે. ત્રણ વરસથી તે હું પાળું છું પણ ખરો. પરંતુ મારું એ પાલન પત્નીની મરજી વિરુદ્ધ છે. તે તો બાપડા સંસારી જીવ જેને જીવનનું સુખસર્વસ્વ માને છે તેનો જ આગ્રહ કર્યા કરે છે. આપ તો ઉચ્ચ આદર્શની દૃષ્ટિ રાખી આ વસ્તુને પાપ કહો, પણ મારી પત્ની એને એ દૃષ્ટિએ જોતી નથી. હજી વધારે છોકરાં થાય તેનીયે તેને બીક નથી. જવાબદારીનું જે ભાન હોવા વિશે હું અભિમાન ધરાવું છું તે તેને નથી જ. મારાં માબાપ પણ ઘણે ભાગે પત્નીનો જ પક્ષ તાણે છે, અને ઘરમાં રોજ રોજ કજિયાકંકાસ ચાલે છે. હું પત્નીની વાસનાને તૃપ્ત કરતો નથી એટલે એ ચિડિયણ થઈ ગઈ છે, અને ધૂળ જેવી વાતમાં પણ તે ઊકળી ઊઠે છે. આ મુશ્કેલીમાંથી કેમ ઊગરવું એ મારે માટે કોયડો છે. આજે મારે છોકરાં છે તે વધારે પડતાં છે. એમનું પોષણ કરવા જેટલી મારી ગતિ નથી. પત્ની એકની બે થાય એમ લાગતું નથી. તેને કહ્યે હું વિષયભોગ કરતો નથી એટલે કદાચ એ આડે રસ્તે ચડે, ગાંડી થઈ જાય કે આપઘાત કરે. હું ખરું કહું છું: કોઈ કોઈ વાર મન થઈ આવે છે કે આપ રખડતાં કૂતરાં વિશે જેમ કરો તેમ દેશના કાયદામાં છૂટ હોય તો અકારાં બાળકોને હુંયે ગોળીએ ઉરાડી દઉં. છેલ્લા ત્રણ મહિનાથી મેં એકથી બીજી વેળા ખાધું નથી, નાસ્તો સુદ્ધાં કર્યો નથી, માથે વેપારની જવાબદારીઓ પડી છે. એટલે મારાથી લાંબા ઉપવાસ ખેંચી શકાય એમ નથી. પત્નીને તો મારી કશી દયા આવતી નથી. તે માને છે કે હું તો તૂત કરું છું. સંતતિ-નિયમન ઉપરનું સાહિત્ય હું જાણું છું. લલચાવી મૂકે એવું તે લખાયેલું છે. વળી, મેં આપની આત્મસંયમ ઉપરની ચોપડી વાંચી છે. હું તો સૂડી વચ્ચે સોપારી જેવો થઈ ગયો છું.

આ એક જુવાને લખેલા મર્મવેધી કાગળનો લગભગ એમના જ શબ્દોમાં આપેલો સાર છે. એમણે પોતાનું પૂરું નામઠામ આપ્યું છે, અને કેટલાંક વરસથી હું એમને ઓળખું પણ છું. એ જણાવે છે કે પહેલાં નામ આપતાં ડર લાગેલો એટલે એમણે બે વાર મને નનામું લખ્યું હતું, અને આશા રાખી હતી કે હું યંગ ઇન્ડિયામાં તેમની બાબત ચર્ચા કરીશ. મને આ જાતના એટલા બધા નનામા કાગળો મળે છે કે એમને વિશે ચર્ચા કરતાં મને સહેજ સંકોચ થાય છે. આ કાગળને વિશે પણ મને ખટકો તો રહે જ છે, જોકે હું જાણું છું કે એ શુદ્ધ બુદ્ધિથી લખાયેલો છે અને એના લખનાર સાધકવૃત્તિના છે એની મને ખબર છે. પણ આવા કિસ્સાઓનો મને ઠીક ઠીક અનુભવ છે એવો મારો દાવો છે, અને વળી આવા દાખલાઓમાં મારી ચિકિત્સાએ સારો ફાયદો કર્યો છે, એટલે મારે મારી ચોખ્ખી ફરજમાંથી ખસી જવું ન જોઈએ.

અંગ્રેજી ભણેલા હિંદીઓની બાબતમાં હિંદુસ્તાનની સ્થિતિ બેવડી મુશ્કેલીભરી છે. સામાજિક સંસ્કારિતાની દૃષ્ટિએ ધણીધણિયાણી વચ્ચે લગભગ આસમાનજમીન જેટલું અંતર હોય છે અને

Gandhi Heritage Portal

બેઉનો જોગ ખાવો લગભગ અશક્ય છે. કેટલાક જુવાનો પોતાની પત્નીઓને સાવ વહેતી મૂકી પોતે જાણે જગ જીત્યા એમ માને છે, જોકે તેઓ જાણે છે કે તેમની નાતજાતમાં ફારગતી જેવું નથી અને તેથી તેમની સ્ત્રીઓથી ફરી લગ્ન કરી શકાય એમ નથી. વળી બીજા અનેક પોતાની પત્નીઓને કેવળ વિષયની પૂતળીઓ જ ગણે છે, અને તેમની વચ્ચે બૌદ્ધિક સહચાર જેવું કશું જ હોતું નથી. ખોબા જેટલા છતાં હવે વધતી સંખ્યાના માણસોના અંતરમાં રામ જાગે છે. અને આ પત્રલેખકે જણાવી છે તેવી નૈતિક કિંકર્તવ્યતાની સમસ્યા તેમની સામે ઊભી છે.

મારા મત પ્રમાણે તો સ્ત્રીપુરુષનો સંભોગ ત્યારે જ ધર્મ્ય ગણાય જ્યારે તે બંને પક્ષની ઇચ્છાથી થયો હોય. એક પક્ષને બીજા ઉપર બળજોરી કરવાનો અધિકાર છે એવું હું માનતો જ નથી. અને મારી આ વાત જો ખરી હોય તો પતિએ પત્નીની વિષયભોગની કાકલૂદીને તાબે થવું જ જોઈએ એવું કશું નીતિબંધન નથી. પણ આમ વશ ન વર્તવાથી પતિના માથા ઉપર મોટી અને ગંભીર જવાબદારી આવી પડે છે. તેણે શ્રેષ્ઠતાના ગુમાનમાં આવીને પત્ની તરફ તુચ્છભાવે ન જોવું જોઈએ. એણે નમ્રભાવે સમજવું જોઈએ કે જે એને પોતાને માટે આવશ્યક વસ્તુ નથી તે એની પત્ની માટે તો દેહધર્મ જેવું છે. તેથી પત્ની સાથે એણે અત્યંત માયાળુ-પણે અને પ્રેમપૂર્વક વર્તવું જોઈએ. એણે શ્રદ્ધા રાખવી જોઈએ કે એની પોતાની પવિત્રતાથી પત્નીની વાસના શુદ્ધતમ શક્તિમાં પલટાઈ જશે. એટલે એણે એની પત્નીના મિત્ર થવું પડશે, માર્ગદર્શક થવું પડશે, ચિકિત્સક થવું પડશે. એણે નિખાલસ દિલે પોતાની વાત તેની આગળ કરવી જોઈએ. એણે અથાગ ધીરજથી પોતાના આચરણના મૂળમાં રહેલું ધર્મતત્ત્વ, પતિપત્ની વચ્ચેના સંબંધનું સાચું સ્વરૂપ અને લગ્નનો સાચો અર્થ તેને સમજાવવાં જોઈશે. આમ કરતાં એ જોશે કે આજ લગી ઘણી વસ્તુઓ જે એને ઝાંખી ઝાંખી દેખાતી હતી તે હવે નીતરી તરી આવે છે, અને એનો સંયમ સાચો હશે તો એ પત્નીને પોતા તરફ વધુ વાળી શકશે.

આ દાખલામાં મારે કહેવું જોઈએ કે વિશેષ સંતતિ ન થાય એવી ઇચ્છા કંઈ વિષયભોગનો ઇનકાર કરવા માટે પૂરતું કારણ ન ગણાય. વધારે છોકરાં નભાવવાં પડે એ બીકે પત્નીની વિષયેચ્છાને અવગણવી એ લગભગ કાયરતા લાગે છે. કુટુંબની અમર્યાદ જનસંખ્યા ઉપર દાબ મૂકવો એ ઠીક વાત છે, પરંતુ તેમાં બંને પક્ષોની સંમતિ હોય અને દરેક જણ સંયમ માટે પ્રયત્નશીલ હોય. પણ એક શય્યાના અધિકારનો ઇનકાર કરવા માટે એ પૂરતું કારણ ન ગણાય.

અને છોકરાં થાય એથી અકળાવું શા માટે? કોઈ પણ પ્રામાણિક, મહેનતુ અને બુદ્ધિશાળી માણસ થોડાંઘણાં છોકરાંને પોષવા જેટલું તો જરૂર કમાઈ શકે. હું કબૂલ કરું છું કે આ પત્ર-લેખકની જેમ જેઓ પોતાનો આખો વખત દેશસેવામાં ગાળવા માટે નિખાલસ પ્રયત્ન કરી રહ્યા છે તેમને માટે મોટું અને વધતું જતું કુટુંબ નભાવવું અને સાથે સાથે દેશનાં જે લાખો બાળકો અધભૂખ્યાં છે તેમની સેવા કરવી એ મુશ્કેલ છે. મેં મારા પત્રોમાં ઘણી વાર જણાવ્યું છે કે હિંદુસ્તાન જ્યાં સુધી ગુલામ છે ત્યાં સુધી પ્રજોત્પત્તિ કરવી યોગ્ય નથી. પણ આને માટે યુવકયુવતીઓએ લગ્નમાં જ ન ઊતરવું જોઈએ, પણ દંપતીમાંથી એકને બીજાને ના પાડવાની છૂટ નથી મળતી. એ ના પાડવી ત્યારે જ યોગ્ય ગણી શકાય જ્યારે પરમ પુરુષાર્થને માટે અંતરમાંથી બ્રહ્મચર્યપાલનની પ્રેરણા થાય. અને એવી સ્પષ્ટ પ્રેરણા આવે ત્યારે તો સામા પક્ષ ઉપર પણ તેની સુંદર અને સબળ અસર થયા વગર રહે જ નહીં. માની લો કે અમુક વખત સુધી એવી અસર પણ ન થાય, તોયે સંયમને વળગી રહેવામાં જ તેનો ધર્મ રહેશે; પછી ભલે એમાં સાચા

Gandhi Heritage Portal

પક્ષની જિંદગી જોખમાઈ જવાનું જણાય કે તેને ગાંડપણ વળગવા જેવું લાગે. સત્ય કે દેશભક્તિ કરતાં બ્રહ્મચર્યના ધર્મપંથમાં ત્યાગવીરતાની ઓછી આવશ્યકતા નથી જ. આટલું કહ્યા પછી મારે ભાગ્યે જ ઉમેરવાની જરૂર રહે છે કે કૃત્રિમ સંતતિનિયમન એ કેવળ અનાચાર છે, અને મારા વિવેચનમાં જીવનનો જે આદર્શ મેં કલ્પ્યો છે તે આદર્શમાં એને લવલેશ સ્થાન નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६–४–१९२८

ભાષાંતર: संयम अने संततिनियमन, પા. ૮૭–૯

# ૩૧૯. યુરોપિયન મિત્રોને

મારું યુરોપ જવાનું એટલું બધું ગવાયું છે કે એ મુલાકાત આ વર્ષે તો નહીં જ થાય એમ જણાવતાં મને અતિશય ખેદ થાય છે. ઑસ્ટ્રિયા, હોલૅન્ડ, ઇંગ્લંડ, સ્કૉટલૅન્ડ, ડેનમાર્ક, સ્વીડન, જર્મની અને રશિયાના જે મિત્રોએ મને નિમંત્રણો મોકલ્યાં હતાં, તેમને હું એટલું જ કહી શકું કે તેમને મારા કરતાં વધારે અફસોસ નથી થવાનો.

કોણ જાણે કેમ યુરોપ અને અમેરિકાની મુલાકાતથી હું ભડકું છું. એટલે મને મારા દેશના લોકો કરતાં આ મોટા ખંડોના લોકો વિશે વધુ અવિશ્વાસ છે એમ નહીં, પણ મને મારે વિશે જ અવિશ્વાસ રહે છે. આરોગ્યને કારણે અથવા દૃશ્યો જોવાને અર્થે પશ્ચિમ યાત્રા કરવાની મને જરાય ઇચ્છા નથી. તેમ જ ત્યાં જઈને સભાઓ ગજવવાની જરાય ઇચ્છા નથી. મને મહાત્મા તરીકે ગવાવાની ચીડ છે. જાહેર ભાષણો અને જાહેર સમારંભોનો ભયાનક ત્રાસ સહન કરવા જેવી મારી તબિયત પાછી કદી થશે કે કેમ તે વિશે શંકા છે. એટલે જો ઈશ્વરની મને કદી યુરોપ મોકલવાની ઇચ્છા હોય તોપણ હું તો ત્યાંના આમવર્ગના હૃદયમાં પ્રવેશ કરવાને અર્થે, ત્યાંના યુવકવર્ગની સાથે હૃદયની ગોષ્ઠી કરવાને અર્થે અને સમાનધર્મીઓને — સત્ય સિવાય ગમે તે ભોગે શાંતિને ચાહનારાઓને — મળવાના સદ્‌ભાગ્યને અર્થે જાઉં.

પણ મને લાગે છે કે હજી મારી પાસે એવો સંદેશ નથી કે જે મારે પોતે જઈને યુરોપને આપવાનો હોય. સત્ય અને અહિંસાનો મારો સંદેશો તો વિશ્વને માટે છે, પણ હજી સુધી તો મને એમ લાગે છે કે એ સંદેશ મારા પોતાના દેશમાં કરેલા મારા કામ મારફતે જ હું ઉત્તમ રીતે આપી શકું. જો એ સંદેશની સફળતા હિંદુસ્તાનમાં પ્રત્યક્ષ બતાવી શકું તો એ સંદેશ પૂરેપૂરો અપાઈ ગયો એમ કહેવાય. જો હિંદને મારા સંદેશનો કશો ઉપયોગ નથી એવા અનુમાન ઉપર હું આવું તો તે સંદેશમાં મને ગમે તેટલી શ્રદ્ધા હોય તોયે તે સંદેશ સાંભળનારાઓ બહાર શોધવા હું ન જ જાઉં. એટલે જો હું હિંદુસ્તાનની બહાર જાઉં તો તે એ વિશ્વાસને કારણે કે મારા સંદેશનો હિંદુસ્તાનમાં અચૂક, ભલે ધીમો, સ્વીકાર થઈ રહ્યો છે, — એ વાત બધાને હું કદાચ સિદ્ધ ન કરી આપી શકું તે જુદી વાત છે.

એટલે મને યુરોપ બોલાવનારા મિત્રોની સાથે હું ડરીડરીને પત્રવ્યવહાર ચલાવતો હતો તે દરમ્યાન મને લાગ્યું કે મારે કાંઈ નહીં તો મૉ. રોમાં રોલાંને મળવાને માટે યુરોપ જવાની જરૂર છે. યુરોપની સામાન્ય મુલાકાતના સંબંધમાં મને પોતાને મારે વિશે અશ્રદ્ધા હોવાને લીધે, પશ્ચિમના એ વિપશ્ચિત પુરુષની મુલાકાતને હું મારી યુરોપ યાત્રાનું મુખ્ય કારણ બનાવવા ઇચ્છતો

Gandhi Heritage Portal

હતો. એટલે મેં તેમને મારી મૂંઝવણ લખી જણાવી અને તેમને અતિશય સ્પષ્ટ રીતે પૂછ્યું કે "યુરોપ હું કેવળ આપને મળવાના જ મુખ્ય કારણે આવું તો આપ યોગ્ય ગણો કે નહીં ?" ઉત્તરમાં તેમણે મને મીરાંબાઈ મારફતે એક ઉત્તમ કાગળ લખ્યો છે જેમાં તેઓ જણાવે છે કે "સત્યની ખાતર પણ મારે જણાવવું જોઈએ કે કેવળ મને મળવાના જ મુખ્ય કારણે આપ યુરોપ આવો એ તો ન જ બને. કેવળ મને મળવાની ખાતર આપ આપનું કામ છોડીને આવો એમ હું ન ઇચ્છું." મને એમના આ પત્રમાં ખોટી નમ્રતા ન દેખાઈ, મને એમાં સ્વચ્છ સત્યનું દર્શન થયું. તેમણે મને ઉત્તર લખ્યો ત્યારે તેઓ જાણતા હતા કે મારી યુરોપ જવાની ઇચ્છા તેમની સાથે વિવેકની વાતો કરવાને માટે નહોતી, પણ જે અહિંસાનું કાર્ય તેમને મારા જેટલું જ પ્રિય છે તે કાર્યને અર્થે હતી. પણ એમ સ્પષ્ટ જણાય છે કે અમે એકબીજાને મળીને, અહિંસાના પ્રસારાર્થે, એકબીજાને વધારે સમજી શકીએ એટલા ખાતર મને બોલાવવાનો બોજો ઉઠાવવાની એમની નમ્રતાએ એમને ના પાડી. પણ મારે તો એ બોજો એમના ઉપર જ નાખવો હતો, — જો એમને લાગે કે સત્યની ખાતર પણ અમારે પ્રત્યક્ષ મળવું જોઈએ. એટલે આ સંબંધમાં સ્પષ્ટ દિશાદર્શનને માટે હું ઈશ્વરને વીનવી રહ્યો હતો તેના જવાબમાં જ જાણે મને મોં. રોલાંનો પત્ર મળી ગયો છે. અને મોં. રોલાંની મુલાકાતનું કારણ છોડીને બીજે કારણે તો યુરોપ જવાને મારું અંતર કહેતું જ નહોતું.

આમ મારે આટલો ખુલાસો જાહેરમાં કરવો પડયો છે, કારણ ઉનાળામાં જ મારી યુરોપ જવાની બહુ વકી છે એ વાત, મારી ઇચ્છા વિરુદ્ધ, છાપાંમાં પ્રસિદ્ધ થઈ ગઈ હતી. મારા નિર્ણયને માટે મને દુ:ખ થાય છે, પણ એ જ નિર્ણય સાચો લાગે છે. કારણ જ્યારે યુરોપ જવાને મને અંતરની જરાય પ્રેરણા થતી નથી, ત્યારે અહીં ઘણુંયે કરવાનું છે એવો આદેશ મને સતત મળી રહ્યો છે. અને હવે તો મારા સર્વોત્તમ સાથીના મૃત્યુને લીધે આશ્રમમાં જ મારા પગ બંધાઈ ગયા લાગે છે.

પણ યુરોપના મારા ઘણા મિત્રોને એક વસ્તુ હું કહી શકું છું. અને તે એ છે કે જો આવતે વર્ષે બધું કુશળ હોય અને તેઓ તે વેળા પણ મને મળવા ઇચ્છે તો ઉપર જણાવેલી મર્યાદાઓની અંદર હું આ વખતની મુલતવી રહેલી મુલાકાત આવતે વર્ષે લઈશ, અને તે તો મારો સંદેશ આપવાને હું તૈયાર થઈ ગયો હોઉં કે ન હોઉં તોપણ લઈશ. મારા અનેકાનેક મિત્રોને પ્રત્યક્ષ મળવાનો લાભ કાંઈ નાનોસૂનો નથી.

આ ખુલાસામાં એક બીજી શરત પણ હું જણાવી દઉં. તે એ કે હું કદી પશ્ચિમ જવા પામું તો ત્યાં હું મારાં વ્રતો અને નિયમોની મર્યાદામાં રહીને ત્યાંની હવાને અંગે જે કાંઈ પહેરવાઓઢવાના અને રહેણીના ફેરફાર કરવા પડે તે સિવાય મારી હાલની રહેણી અને પહેરવેશ કાયમ રાખીશ. કારણ મને આશા છે કે મારું બાહ્ય એ અંતરને વ્યક્ત કરનારું છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६-४-१९२८

ભાષાંતર: नवजीवन, २९-४-१९२८

Gandhi Heritage Portal

## ૩૨૦. ચાર મહિનાનું કાર્ય

સાસવણનો વૈશ્ય વિદ્યાશ્રમ, જેણે ગયા વર્ષથી ખરેખરી ધગશથી રચનાત્મક કાર્યક્રમ શરૂ કર્યો છે, તેણે ચૈત્ર મહિના સુધીનો ચાર માસનો નીચેનો અહેવાલ[1] મોકલ્યો છે:

ઉપર આપેલા ચાર મહિનાના કાર્યનો સારાંશ આ વિદ્યાશ્રમના વધતા જતા કાર્યનો પુરાવો છે. સાચો હૃદયપૂર્વકનો પ્રયત્ન શું કરી શકે છે તેની કોઈ સાબિતી જોઈતી હોય, તો આ અહેવાલ તે પૂરી પાડે છે. જ્યાં રેંટિયો કામ કરવામાં નિષ્ફળ જાય છે, ત્યાં ખરી રીતે રેંટિયો નિષ્ફળ નથી જતો પણ એના ચાલકો નિષ્ફળ જાય છે —કારણ કે તેમનામાં શ્રદ્ધાનો અભાવ હોય છે. સાસવણ આશ્રમના વિદ્યાર્થીઓએ કરેલા પ્રામાણિક પ્રયત્નનું અનુકરણ જગતના બધા વિદ્યાર્થીઓ પણ કરે. આ કટારોમાં વખતોવખત જે આંકડા પ્રસિદ્ધ થાય છે તેના ઉપરથી કોઈ પણ કાળજીવાળો માણસ ગણિતનો હિસાબ માંડી બતાવી શકે છે કે સમસ્ત રાષ્ટ્રને જોઈતું કાપડ ઉત્પન્ન કરવા માટે ચરખા પર કે તકલી પર કમમાં કમ એક કલાક રોજ કાંતનાર કેટલાં બાળકો જોઈએ. ખરેખર! રેંટિયાના સાદા સૌન્દર્યમાં દેશની દરિદ્રતા નિવારવાની રામબાણ દવા હોવાની કલ્પના આપણે કરી શકીએ તો કેટલું સારું!

[મૂળ અંગ્રેજી]

**यंग इन्डिया, २६–४–१९२८**

## ૩૨૧. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને કેબલ[2]

સાબરમતી,
એપ્રિલ ૨૬, ૧૯૨૮

પરમ માનનીય શાસ્ત્રી
મૉરિત્સબર્ગ

મેં દક્ષિણ આફ્રિકા જુલાઈ ૧૯૧૪માં છોડયું. યુનિયન સરકાર અને મારી વચ્ચેની બધી સમજૂતી મારા પ્રયાણ પહેલાંની જ હોઈ શકે. છળકપટથી પ્રવેશ કરેલો હોય તેવા લોકોના હક્કના રક્ષણ માટે હું વ્યક્તિગત રીતે પૂછી શકું નહીં. પરંતુ જેમને છળકપટથી લખાયેલાં કાગળિયાં મળ્યાં હતાં, તેમને માટે મેં રક્ષણ માગ્યું હતું અને મેળવ્યું હતું. કારણ કે છેવટ મેં સરકારને સાબિત કરી આપ્યું હતું કે તેમના પોતાના જ સરકારી અધિકારીઓ આ છળકપટના પક્ષકાર છે અને પરિણામે પરિસ્થિતિ એટલી હદે પહોંચી હતી કે પ્રામાણિક માણસોને પણ પ્રવેશ મેળવવાનું મુશ્કેલ બન્યું હતું, જોકે પાછલે બારણેથી તેઓ તેમ કરી શકતા હતા. આ ઉપરથી જોઈ શકાશે કે નાતાલ અને ટ્રાન્સવાલની પરિસ્થિતિમાં ફરક છે. છળકપટ અલબત્ત

૧. અહીં આપ્યો નથી.

૨. ૨૪ એપ્રિલ, ૧૯૨૮ના કેબલના જવાબમાં આ કેબલ થયો હતો; એની વિગત માટે જુઓ પરિશિષ્ટ ૨.

Gandhi Heritage Portal

દરેક જગ્યાએ હતું, પરંતુ ટ્રાન્સવાલમાં તે જેટલા મોટા પ્રમાણમાં લગભગ ખુલ્લંખુલ્લા વ્યાપ્ત હતું તેટલું એ બીજે વ્યાપ્ત નહોતું. તેની શરૂઆત ભ્રષ્ટ થઈ ચૂકેલા અને ભ્રષ્ટ થવાને તત્પર એવા અધિકારી દ્વારા થતી. છતાં મારી વિદાય પછીના સમય માટે અહીં બેઠાં કશું કહેવાનો મારાથી દાવો થઈ શકે નહીં; પરંતુ સર્વસામાન્ય કારણને અનુસરીને હબીબુલ્લાહ પ્રતિનિધિમંડળના આગમનથી, ત્યાં જે નવું પ્રકરણ ઊઘડયું અને નવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ, તેને તમારી નિયુક્તિથી વજન અને સ્થિરતા પ્રાપ્ત થયાં. હવે પ્રત્યેક બાબતની વિચારણા, આ નવી દૃષ્ટિને કેન્દ્રમાં રાખીને, તેની ગુણવત્તા ઉપર જ થવી જોઈએ — પછી ભલે કોઈ પણ બાબતમાં ભૂતકાળની સીધી કે આડકતરી ખાતરી મળી હોય કે ન મળી હોય. છતાં મને લાગે છે કે જેઓ સ્મટ્સ-ગાંધી કરાર પહેલાં પ્રવેશ પામ્યા છે, તેઓને સંપૂર્ણ બિનશરતી રક્ષણ મળવું જોઈએ. આખરે, આ સંખ્યા બહુ જ જૂજ હશે. મારો આ અભિપ્રાય જાણ્યા પછી પણ તમે જે કંઈ કરશો તે અત્યારના સંજોગોમાં ઉત્તમ અને માનપૂર્વકનું જ હશે. અને મારી બધી તાકાતથી હું ખાસ કરીને ટ્રાન્સવાલના હિંદીઓના પ્રવેશની બાબતમાં ટેકો આપવાનું ચાલુ રાખીશ. સર મહંમદને, ખાનગી રાખવાની સૂચના સાથે, આની નકલો મોકલી છે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૧૯૭૪

## ૩૨૨. મહંમદ હબીબુલ્લાહને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૬, ૧૯૨૮

પ્રિય ભાઈ,

આપણા બંનેના મિત્ર શાસ્ત્રીના કહેવાથી, અમારા બે વચ્ચે જે કેબલ સંદેશાઓની આપલે થઈ છે તેની નકલ આ સાથે મોકલું છું. મારા કેબલ[1]માં જે વલણ મેં લીધું છે, તેમાં કદાચ કંઈ અસ્પષ્ટ હોય તો તે બાબતમાં મારો ખુલાસો માગતાં અચકાશો નહીં.

જોકે હું આ આખોયે તારવ્યવહાર ખાનગી ગણવા માગું છું, તોપણ તેની નકલો ઍન્ડ્રૂઝને મોકલવાની છૂટ લઉં છું; કારણ કે આપણા દેશજનોની આફ્રિકાની સ્થિતિ વિશે તેઓ બધું જાણે છે.

તમારો સહૃદયી

માનનીય સર મહંમદ હબીબુલ્લાહ
સદસ્ય, વાઇસરૉયની કાઉન્સિલ
સિમલા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૧૯૭૭

૧. જુઓ આ પહેલાંનો કેબલ.

Gandhi Heritage Portal

## ૩૨૩. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૯, ૧૯૨૮

મગનલાલ વિશે તમારો તથા ગુરુદેવનો એમ બંને તાર મળ્યા. આ કદાચ મારા જીવનની મોટામાં મોટી કસોટી છે. પરંતુ અત્યાર સુધી તો એવું દેખાય છે કે જે ઈશ્વરે મને આ કસોટી મોકલી છે, તે જ ઈશ્વર મને બળ આપી તેમાંથી પસાર થવામાં મદદગાર થઈ રહ્યો છે.

એટલે હવે કામની વાત ઉપર આવું. આ સાથે શાસ્ત્રી અને મારી વચ્ચે થયેલા કેબલ વ્યવહારની નકલો બીડી છે. મારા જવાબમાં ક્યાંય મેં ભૂલ કરી હોય, તો મહેરબાની કરીને મને કહેશો. જુલાઈ ૧૯૧૪ પછી હું દક્ષિણ આફ્રિકાથી દેશમાં રવાના થયો ત્યાર પછીનાં શાસ્ત્રીએ ઉલ્લેખ કર્યો છે એ કાગળિયાં — ખાસ કરીને ૧૯૧૫ની ગોઠવણના અને તાજેતરના ખરડા બાબતનાં — તમારી પાસે હોય તો મને રજિસ્ટર્ડ પોસ્ટથી મોકલવા વિનંતી છે.

સી. એફ. ઍન્ડ્રૂઝ
શાંતિનિકેતન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૧૯૭૮

## ૩૨૪. એસ. ગણેસનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૯, ૧૯૨૮

પ્રિય ભાઈ ગણેસન,

हिस्टरी ऑफ सत्याग्रह इन साउथ आफ्रिकानी[1] પ્રસ્તાવના[2] આ સાથે મોકલું છું. શ્રીયુત દેસાઈ ઇંતેજારી રાખે છે કે આખું પુસ્તક, તેનું પૂઠું તથા બીજું બધું જે રૂપમાં બહાર પાડવાનું છે તે પ્રમાણેની તેની પ્રૂફ કૉપી તમારે મોકલવી જોઈએ, અને આ બધું તમે બધી નકલોના બાઈન્ડિંગનું કામ પૂરું કરો તે પહેલાં મળી જવું જોઈએ. તેઓ મને કહે છે કે તમારે ત્યાં મુદ્રણની જવાબદારી સંભાળે છે તે માણસ તદ્દન બેદરકાર લાગે છે; અને એમ પણ કહે છે કે તેમણે પોતે કરેલા અગત્યના સુધારા પણ તેણે કર્યા નથી. આ પુસ્તકમાં આવી ભૂલો ન જ રહેવી જોઈએ એ જોવાને તેઓ ખૂબ આતુર છે.

૧. ગુજરાતીમાં दक्षिण आफ्रिकाना सत्याग्रहनो इतिहास એ નામે પ્રસિદ્ધ થયું છે.
૨. 'આમુખ'ને બદલે આ ભૂલથી લખાયું લાગે છે. એની વિગત માટે જુઓ પુસ્તક ૨૯.

Gandhi Heritage Portal

મેં તમને ક્યારનોયે તાર[1] કરી દીધો છે કે તે પુસ્તક મગનલાલ ગાંધીને અર્પણ કરવાનું છે.

જાહેર ખબર વિશેનો તમારો પત્ર મને મળ્યો છે. આ પ્રકાશનો માટે મને જાહેર ખબર આપવી જરૂર ગમે, પણ તેમ કરવામાં મને ભય લાગે છે. પરંતુ તે હું બીજી કોઈ રીતે કરી શકું, તો તે હું ખુશીથી સ્વીકારું. એક રસ્તો મિ. ગ્રેગનું પુસ્તક તમારા હાથમાંથી લઈ લેવાનો છે. તેની પડતર કિંમત શું છે? તમારે તેને કંઈ આપવાનું હોય છે?

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૨૦૫

## ૩૨૫. લૉર્ડ અર્વિનને પત્ર

સાબરમતી,
એપ્રિલ ૨૬, ૧૯૨૮

પ્રિય ભાઈ,

દિલ્હીની આપણી મુલાકાત[2] દરમ્યાન મેં આપને ખાદી વિશેનું સાહિત્ય મોકલવાનું વચન આપ્યું હતું. મિ. ગ્રેગનું પુસ્તક બહાર પડે ત્યાં સુધી એ સંબંધી બીજાં માહિતીદર્શક ચોપાનિયાં મોકલવાનું મેં મુલતવી રાખ્યું હતું. બીજાં ચોપાનિયાં મદ્રાસ અને બિહારના બે સુવિખ્યાત ધારાશાસ્ત્રીઓના તે સંબંધી વિચારો રજૂ કરે છે.

આપે જે કહ્યું કે આપને સારો એવો સમય રહેશે, તો આપ મારી સાથે ખાદીની શક્તિ સંબંધમાં વાતચીત કરવા ધારો છો, એ આપની ઉદારતા બતાવે છે.

હું છું
આપ નામદારનો મિત્ર
**મો. ક. ગાંધી**

નામદાર વાઈસરૉય
સિમલા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૫૯૬

૧. તાર મળતો નથી.
૨. જુઓ પુસ્તક ૩૫, પા. ૬૦, ૬૧–૬૨ અને પરિશિષ્ટ ૫.

Gandhi Heritage Portal

## ૩૨૬. જે. બી. પિટીટને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૬, ૧૯૨૮

પ્રિય મિ. પિટીટ,

પરદેશ વસતા હિંદીઓની સ્થિતિ ધ્યાનમાં લઈને તેમને માટે જે ખર્ચ કરવો પડે છે, તે માટેના ભંડોળ માટે તમને વિનંતી કરવાનો હું વિચાર કરતો હતો, ત્યાં મને પરમ માનનીય શ્રી શાસ્ત્રી તરફથી એક લાંબો ખાનગી કેબલ મળ્યો; જેનો જવાબ આપતાં મને રૂ. ૯૨–૪–૦ થયા. આ કેબલ વ્યવહાર હજી કેટલો લાંબો ચાલશે તેની મને ખબર નથી.

શ્રી બનારસીદાસ મારી પાસે નથી પણ ફીજીના તોતારામ સનાઢ્ય છે. કંઈ નહીં તો નામથી તો તમે તેમને ઓળખો છો એની મને ખાતરી છે. તેઓ પોતાનાં પત્ની સાથે આશ્રમમાં રહે છે. તેઓ નિયમિત રીતે રૂપિયા ૫૦ લે છે અને તેમને ફીજી અંગે વિશેષ ખર્ચ કરવાની છૂટ છે. બધા ખર્ચનો હિસાબ રાખવામાં આવે છે અને તેનો હિસાબ પણ પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેની એક નકલ આ સાથે બીડું છું. તોતારામજી પોતાનો ફાજલ વખત આશ્રમમાં બાળકોને હિંદી શીખવવાના કાર્યમાં આપે છે. હું ઇચ્છું છું કે તમારું ઍસોસિયેશન[1] આ બધા ખર્ચનો બોજો મારા ખભા ઉપરથી લઈ લે. તોતારામજીને અપાતા આખાયે માનદ વેતનની જવાબદારી ઍસોસિયેશન પોતે ઉઠાવવા ન ઇચ્છે તો છેવટ અરધી જવાબદારી તો તે મારી સાથે જરૂર ઉઠાવે. હું તોતારામજીએ પ્રસિદ્ધ કરાવેલ ખાનગી પ્રસારણ માટેનો હિસાબ પણ મોકલું છું.

આશ્રમની પ્રવૃત્તિને લગતો બધો ખર્ચ મને ખાનગી મિત્રોની ઉદારતાથી મળતો રહે છે. પરંતુ પરદેશ વસતા હિંદીઓ સંબંધી પ્રવૃત્તિનો ખર્ચ ઍસોસિયેશને ઉઠાવવો જોઈએ. તેથી આ પત્રને બે વિભાગમાં વહેંચાયેલો હોય એમ ગણવા હું તમને વિનંતી કરું છું. પહેલો ભાગ સામાન્ય ખર્ચ સંબંધમાં છે જે મારા ચોપડા તપાસતાં આજ સુધીમાં આશરે રૂ. ૫,૦૦૦ જેટલો થાય છે. ખર્ચ કેવી રીતે થયો છે, તે દર્શાવતો આ બાબતના હિસાબનો ઉતારો આશ્રમની ખાતાવહીમાંથી હું મોકલી શકું તેમ છું. બીજો ભાગ અત્યારે કેબલ-સંદેશાઓ માટે જે કંઈ ખર્ચ કરી રહ્યો છું તેને લગતો છે.

ઍસોસિયેશનની સમિતિ તેના ભંડોળમાંથી વાજબી રીતે જે કંઈ આપવા વિચારશે તે બદલ હું આભારી થઈશ.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૮૫૯

૧. ઇમ્પીરિયલ સિટિઝનશિપ ઍસોસિયેશન.

Gandhi Heritage Portal

# ૩૨૭. જુગલકિશોરને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૭, ૧૯૨૮

પ્રિય ભાઈ જુગલકિશોર,

ઘણા લાંબા સમય પછી તમારો પત્ર મળતાં મને આનંદ થયો. પ્રેમ મહાવિદ્યાલયમાં તમારું કામ કેમ ચાલતું હશે એનો જ હું વિચાર કરતો હતો.

કાંતનારાંઓનાં રજિસ્ટર રાખવાની મારી યોજના તમે ધારો છો તેથી અરધીયે મહત્ત્વાકાંક્ષી નથી. પ્રત્યેક કાર્યકર્તાએ કાંતનારાઓ સાથે ઘનિષ્ઠમાં ઘનિષ્ઠ સંબંધ રાખવો જોઈએ એ બાબતમાં આપણે જેટલી ચોકસાઈ અને જેટલો આગ્રહ રાખીએ તેટલાં ઓછાં. છતાં એ કેટલું વિચિત્ર છે કે બીજા કોઈના કરતાં આપણે કાંતનારાઓનું વધારે પ્રતિનિધિત્વ કરતા હોવા છતાં આપણા કાર્યકરો એમનો ઓછામાં ઓછો સંપર્ક ધરાવે છે! પરંતુ આપણે તેમની સાથે આવા નિકટના સંપર્કમાં ન આવીએ, અને આપણી સગી બહેનોનાં જીવનને સમજીએ છીએ તેમ તેમનાં જીવનને ન સમજી શકીએ, તોપણ આપણે એટલું તો જાણવું જ જોઈએ કે તેઓ કોણ છે, ક્યાંથી આવે છે, અને તેમણે કાંતેલું સૂતર આપણને કોના દ્વારા પૂરું પાડવામાં આવે છે. એટલે જ મેં કહ્યું કે જેનું સૂતર બજારમાં મુકાય છે, તે દરેક કાંતનારનું નામ શું છે અને તેનું રહેઠાણ ક્યાં છે તે આપણે શોધી કાઢવું જોઈએ. કંઈ નહીં તો આટલો પ્રાથમિક સંપર્ક તો આપણે તેમની સાથે જરૂર કેળવીએ. આને માટે સતીશબાબુએ પોતાની પુસ્તિકામાં જણાવ્યું છે એવું કોઈ લાંબું રજિસ્ટર રાખવાની જરૂર નથી. તેઓ પણ જ્યારે ફેણી બજારમાંથી સૂતર ખરીદે છે, ત્યારે તે રજિસ્ટરની પૂરેપૂરી વિગતો નોંધવાનું તેમનાથી બની શકતું નથી. અત્રાઈ હાટમાં તેમનું રજિસ્ટર સંપૂર્ણ રીતે રખાતું હતું અને રાખવામાં આવે છે. ત્યાં તેમણે લોકો પાસે પહેલી જ વાર કંતાવવાનું કાર્ય શરૂ કર્યું અને તેમનો સંપર્ક રાખ્યો. છતાં વધારેમાં વધારે સૂતરનો જથ્થો તો તેમને ફેણી બજારમાંથી જ મળે છે. મારું રજિસ્ટર તેથી કાંતનારાઓની વસ્તીગણતરીના પત્રક જેવું છે — જેનો ઉપયોગ કાયમને માટે થઈ શકે અથવા અમુક અમુક સમયે ફરી બનાવી તેને ઉપયોગમાં લઈ શકાય. તેથી તમે જોઈ શકો છો કે જે સાદી રીત મેં સૂચવી છે, તે માટે તમારે વધારાના સ્ટાફની જરૂર રહેતી નથી.

ગાંધી આશ્રમ આ યાદી આપશે નહીં એવી કોઈએ પણ મને ફરિયાદ કરી નથી. હું ધારું છું કે ધીરેને જે દલીલ કાંતનારાઓનાં રહેઠાણ શોધી કાઢવાની બાબતમાં કરી હતી, તે મેં જોઈ હતી અને તે દલીલનો પ્રતિકાર કરીને, માર્ગ કેમ કાઢી શકાય, અને મુશ્કેલી હળવી કેમ કરી શકાય, તે વિશે મેં લખ્યું પણ હતું. ધીરેને જે મુશ્કેલીઓ રજૂ કરી હતી, તે બાબતમાં તે કંઈ એકલો ન હતો. તે બધા માટેની સામાન્ય મુશ્કેલી હતી અને બધા જ ધીમે ધીમે તે મુશ્કેલી પાર કરી રહ્યા છે.

કાંતનારાઓ સાથે જીવંત સંપર્ક સ્થાપવા માટે આપણી પાસે સ્ત્રીકાર્યકરો હોવાં જોઈએ. શાંતિદેવીને તે વિશે કહો કે હું પ્રથમ એ બાબતમાં તેમનાથી જ શરૂઆત કરવા માગું છું.



Gandhi Heritage Portal

હવે તમારી યોજના વિશે. મને તેનો વિચાર એકંદર રીતે ગમે છે. પણ ત્યાં તમે તેને કેવી રીતે અમલમાં મૂકી શકશો તે હું જાણતો નથી. આખરે જેઓ પોતાનું કામ પૂરેપૂરું જાણતા હોય તેવા પ્રામાણિક અને શક્તિશાળી શિક્ષકોની તમને જરૂર પડશે. હજી એવા શિક્ષકો આપણી પાસે બહુ નથી. પરંતુ તમારી યોજના ઘડી કાઢો અને સૌ પ્રથમ અવિધિસર રીતે તે જમનાલાલજી પાસે મોકલો અને તે તેમને કેવી ગમે છે તે જુઓ.

ત્યાં ભરત હવે કેમ ચાલે છે અને વિદ્યાર્થીઓમાં કાંતણ કેવી રીતે પ્રસરી રહ્યું છે તે મને જણાવશો.

આ દરમ્યાન, તમે મગનલાલના દેહાંત વિશે જાણ્યું હશે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૨૦૪

## ૩૨૮. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

એપ્રિલ ૨૭, ૧૯૨૮

ભાઈ ઘનશ્યામદાસજી,

તમારા બન્ને પત્રો મળ્યા છે. પરંતુ આજે પણ તેનો સંપૂર્ણ જવાબ આપવાનો પૂરતો સમય નથી રહ્યો.

મગનલાલ વિશે હું શું લખું? ઝેરનો પ્યાલો પીવા કરતાં આ ખોટ સહન કરવી મને વધારે કપરી લાગે છે, પરંતુ ઈશ્વરની મારા પર મોટી કૃપા છે કે હું શાંત છું.

શિક્ષિતવર્ગ તૈયાર ન થાય ત્યાં સુધી બહિષ્કાર વિશે આપણે શું કરી શકીએ? હવે તો એ તદ્દન સ્પષ્ટ થઈ ગયું છે કે મિલો પાસેથી કશી આશા રાખવી નકામી છે. તમારી તબિયત સુધરી રહી છે એ જાણીને હું ખુશી થયો. મારી આ ખુશીમાં અલબત્ત સ્વાર્થ છે જ. પણ એમાં હું શું કરું?

તમારો **મોહનદાસ**

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૬૧૫૬; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૩૨૯. ફ્રેડરિક અને ફ્રાન્સિસ્કા સ્ટૅન્ડેનેથને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૭, ૧૯૨૮

વહાલા મિત્રો,

૨૮ માર્ચના છેલ્લા પત્ર સહિત તમારા બધા પત્રો મને મળ્યા છે. આના આગળના પત્રોનો મેં તમને જવાબ આપ્યો હોય એમ હું ધારતો નથી, કારણ કે તેમાં તમે મને એવો ઈશારો કર્યો હતો કે તમારું આવવાનું ખર્ચ શું થશે અને તમારા પાસપોર્ટ માટે કંઈ મુશ્કેલી ઊભી થશે કે કેમ એ વાતનો ચોક્કસ ખ્યાલ આપતો તમારો બીજો પત્ર મને મળશે. તમારા અત્યારના પત્રમાં હું તમારા પાસપોર્ટ વિશે જાણી શક્યો છું; પણ એમાં પ્રવાસના ખર્ચ વિશેનો કોઈ ઉલ્લેખ તમે કર્યો નથી. જો તમે તે બાબતનો કંઈક ચોક્કસ ખ્યાલ આપો તો મિત્રોને હું મળી શકું અને તેમને આ રકમ મને આપવા વિનંતી કરું.

મારા તરફની બાંયધરી[1]ની જરૂરિયાત જણાતી હોય તો કૃપા કરી આ પત્ર રજૂ કરશો. તમારા મારી સાથેના વસવાટ દરમ્યાન તમારા ખર્ચને માટે કોઈ મુશ્કેલી ઊભી નહીં થાય, તેમ જ તમે હિંદુસ્તાન મારા નિમંત્રણથી જ આવો છો એવી એ તમને બાંયધરી આપે છે.

હવે અલબત્ત, તમે નવેમ્બર કે ડિસેમ્બર પહેલાં અહીં આવો એમ હું ઇચ્છતો નથી. એનું કારણ માત્ર એટલું જ કે આ ગરમીની ઋતુ છે; અને ઑક્ટોબરના અંત સુધી વત્તેઓછે અંશે ગરમી ચાલુ રહે છે.

તમે જોઈ શકશો કે મેં કરવા ધારેલી યુરોપની મુલાકાત યંગ ઇન્ડિયામાં[2] સંપૂર્ણ રીતે આપેલાં કારણોસર બંધ રાખી છે. આવતે વર્ષે મારું સ્વાસ્થ્ય બરોબર હશે તો હું યુરોપ ચોક્કસ આવીશ. એનો અર્થ એ થાય છે કે તમારા કાર્યક્રમમાં તમારે કેટલોક ફેરફાર કરવો પડશે. છતાં તમે તમારી હિંદુસ્તાનની મુલાકાત રદ કરો એમ હું ઇચ્છતો નથી, કેમ કે મારી ઇચ્છા છે કે તમે હિંદુસ્તાનને તમારી સગી આંખે જુઓ અને તેને તમારી કલ્પનાના હિંદુસ્તાન સાથે સરખાવો. તેથી જો તમે કોઈ પણ રીતે આવી શકો એમ હો તો તમે મારી યુરોપની સૂચિત મુલાકાત થાય કે ન થાય તેનો વિચાર કર્યા વિના આવો એમ હું ઇચ્છું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૩૦૨

૧. જેમને આ પત્ર લખેલો તેમને બ્રિટિશ પાસપોર્ટ કન્ટ્રોલ ઑફિસરે લખ્યું હતું : "જો તમે મહાત્મા ગાંધીના ખાસ આમંત્રણથી હિંદુસ્તાનનો પ્રવાસ કરવા માગતા હો, તો માત્ર એમના એવા કાગળની જ જરૂર રહેશે, જેમાં તેઓ તમારું ખર્ચ આપવાની બાંયધરી આપે છે એટલો જ માત્ર ઉલ્લેખ હોય." (એસ. એન. ૧૪૩૦૧).

૨. જુઓ, "યુરોપિયન મિત્રોને", ૨૬-૪-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૩૩૦. હસ્તાક્ષર સાથેનો સંદેશો[1]

સાબરમતી,
એપ્રિલ ૨૭, ૧૯૨૮

ઈશ્વર સત્ય છે. એ સત્યને પહોંચવાનો માર્ગ જીવમાત્રની પ્રેમપૂર્વક સેવા કરવાનો છે.

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૨૬૩

## ૩૩૧. કલ્યાણજી મહેતાને પત્ર

એપ્રિલ ૨૮, ૧૯૨૮

ભાઈશ્રી ૫ કલ્યાણજી,

પરિષદમાં મારાથી તો હાજર રહી શકાય એમ નથી એ તમે જાણો છો. હાજર રહી નથી શકતો તેનું મને દુ:ખ છે. પણ હું અત્યારે લાચાર થઈ પડયો છું. અત્યારે ચાલતી લડતની અંદર રાનીપરજનાં ભાઈબહેનો પોતાનો ફાળો આપી રહ્યાં છે એ વાત જેટલી સંતોષકારક છે તેટલી જ તેઓને શોભાવનારી છે. આ લડતને હું નિર્ભયતા કેળવવાની અને આત્મશુદ્ધિની માનું છું. જેઓ પોતાને રાનીપરજ કહેવડાવે તે ભય તો કેમ જ રાખે? અને આત્મશુદ્ધિના યજ્ઞમાં દારૂ, જુગાર કે એવાં વ્યસનો અથવા તો પરદેશી કાપડ શોભે જ કેમ? તેથી હું આશા રાખું છું કે રાનીપરજનાં ભાઈબહેનો રેંટિયાને વધારે સ્થાન આપશે, ખાદીનો વધારે વધારે ઉપયોગ કરશે અને શરાબ વગેરે વ્યસનો છોડી દેશે.

**મોહનદાસના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૨૬૮૩

૧. બાલગટનની વરમોન્ટ યુનિવર્સિટીના બાઇરન એન. કલાર્કને આ સંદેશો મોકલવામાં આવ્યો હતો. તેઓ ખ્રિસ્તી યુવક સંઘની રાજ્ય કમિટીના સેક્રેટરી પણ હતા.

Gandhi Heritage Portal

# ૩૩૨. મરજિયાત ગરીબીનો અર્થ

છગનલાલ જોશી સત્યાગ્રહાશ્રમના મંત્રી છે. તે મુંબઈ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના 'સ્કૉલર' હતા. એ પદનો ત્યાગ કરી અસહકારના યુગમાં આશ્રમમાં આવ્યા ને ત્યારથી આશ્રમ-પ્રવૃત્તિમાં રહ્યા છે. તેમની ઉપર પંદરેક દિવસ પહેલાં સાક્ષીસમન્સ આવ્યો. આ સમન્સ આપી જનાર સિપાઈ ઘણી બેદરકારીથી વર્ત્યો. છગનલાલ જોશી કોનું નામ એમ પોકારતો તે આવ્યો. મેં આ સાંભળ્યું. તેથી તેને મેં છગનલાલ જોશીને જરા દૂરથી આંગળી ચીંધી બતાવ્યા. તેણે તેમને સમન્સ આપ્યો. છગનલાલ જોશી તે વાંચી લે ત્યાં લગી ઊભા રહેવા કહેતાં 'લેતા હો તો લો' કહી ચાલતો થયો.

જોશીએ મને સમન્સ વંચાવ્યો. કેસ વિશે તે કંઈ જાણતા નહોતા એમ મેં જોયું. હવે શું કરવું એ પ્રશ્ન થઈ પડ્યો. જવાને નહોતો વખત, નહોતા ભાડાના પૈસા.

વખત અને પૈસા આશ્રમના હતા, કેમ કે આશ્રમવાસીએ પોતાનું બધું આશ્રમને સોંપ્યું હોય. આશ્રમવાસીની પ્રત્યેક ક્ષણ આશ્રમને સારુ હોય. આશ્રમમાં મળતા પૈસાનો ઉપયોગ દાન દેનારે આંકેલા કામને અંગે જ હોય. ઉપર મુજબના સાક્ષીસમન્સ આવે તેના જવાબમાં જવાના મુસાફરીખર્ચના પૈસા આશ્રમમાંથી ન વપરાય. એટલે છગનલાલ જોશીની સ્થિતિ ઉત્કલના રાંક જેવી થઈ. ભેદમાત્ર એટલો કે ઉત્કલના રાંકને કોઈ પૈસા આપે તો તે લઈને પરિગ્રહ રાખે. છગનલાલ જોશીને કોઈ પૈસા આપે તોયે તેમનાથી તે પૈસાનો આશ્રમના કાર્યની બહાર ઉપયોગ ન થાય. આ મરજિયાત ગરીબીની વિશેષતા ને તેનો અંકુશ.

ત્યારે ઉત્કલના રાંકને આવો સાક્ષીસમન્સ મળે તો તે શું કરે? પેલો સિપાઈ તો તેને તેનો અર્થ સમજાવી નથી ગયો, કોરટ સુધી પહોંચવાની મુસાફરીના પૈસા નથી આપી ગયો. આ કેસમાં કોરટ પ્રાંતિજ લાઇન ઉપરના તલોદ સ્ટેશને હતી. હવે કાગળને ન સમજવાથી અને કોઈ સમજાવે તોયે પૈસા ન હોવાથી પેલો ઉત્કલનો રાંક બેઠો જ રહે ના?

તેથી છગનલાલ જોશીએ નિશ્ચય કર્યો: "મારે પણ બેઠા રહેવું, ને થાય તે થવા દેવું. તો જ મારી મરજિયાત ગરીબી સાર્થ ગણાય. તો જ ગરીબોની રક્ષા કરવાનો માર્ગ મળે."

બેચાર દિવસમાં જોશી ઉપર કોરટના અપમાનનું વૉરંટ નીકળ્યું. જોશી ગયા. બજાવણી અમલદારે કહ્યું, "નીમેલી તારીખે આવવાનું વચન આપો તો વૉરંટ નહીં બજાવીએ."

જોશીએ કહ્યું, 'તમે મને ભાડાભત્તાના પૈસા આપો તો હું હાજર રહેવા તૈયાર છું.'

આમ કરવા દેવાનો અમલદારને અધિકાર નહોતો. તેથી જોશીને અમદાવાદના પહેલા વર્ગના મૅજિસ્ટ્રેટ પાસે ખડા કર્યા. મૅજિસ્ટ્રેટ સાહેબને પૂરી તપાસ કરવાની ફુરસદ જ ક્યાંથી હોય? પેલા સમન્સના જવાબમાં કેમ હાજર ન થયા તે સમજાવવા જોશીએ પ્રયત્ન કર્યો ત્યારે આ અંગ્રેજી સલ્તનતનો પગાર ખાતા, તેના વાતાવરણમાં ઘડાયેલા મૅજિસ્ટ્રેટ સાહેબ બોલ્યા:

"તમારે 'ઍજિટેશન' કરવું હોય તો બહાર કરજો. હું તો તમે હાજર રહેવા જામીન આપો તો છોડી મૂકું, નહીં તો કેદમાં રહો."

Gandhi Heritage Portal

ભાડાભથ્થા વિના જોશી જામીન આપવાના હોત તો પ્રથમ જ કાં ન જાત?

તાપ સખત હતો, કેમ કે આ વાત ગયે મંગળવારે જ બની. જોશીએ હવે વધારે પગપાળા જવાની ના પાડી. તેથી તેમને વાહનમાં લઈ જવા પડ્યા. છેવટે પહેરા નીચે આ કેદીને તલોદ લઈ ગયા. મૅજિસ્ટ્રેટને જોશીને જોઈને પોતાની ભૂલનું કંઈક ભાન થયું. તેમને ભાડુંભથ્થું આપી કેસને દિવસે હાજર રહેવાની કબૂલાત લઈ જોશીને છોડી મૂક્યા.

કહે છે કે આ સાદા કાર્યની ને જરાક જેટલી હિંમતની અસર તલોદના લોકો જેમણે જાણ્યું તેમની ઉપર સારી પડી; તેઓ રાજી થયા.

જેઓ સ્વેચ્છાએ ગરીબ થઈ સેવક બન્યા છે, તેઓ આમ વર્તે તો ગરીબો ઉપર થતા જુલમનો બહુ વહેલો અંત આવે.

મૅજિસ્ટ્રેટની બેદરકારી ને તેનો અવિવેક ધ્યાન ખેંચે એવાં છે. સમન્સ ઉપરથી જોઈ શકાયું છે કે વગર તપાસે તેણે સમન્સ કાઢેલો, કાઢ્યા પછી ભાડાભથ્થાની તજવીજ ન રાખી. મને કહેવામાં આવ્યું છે કે સાક્ષીને ભાડુંભથ્થું મોકલવાનો રિવાજ નથી. જો એમ હોય તો ગરીબો ઉપર કેટલો બધો ત્રાસ હોવો જોઈએ? પછી મૅજિસ્ટ્રેટે વૉરંટ કાઢીને તો ગરીબો પ્રત્યેની પોતાની ગુનેગાર બેદરકારી જ સિદ્ધ કરી. સમન્સ મળ્યો કે નહીં તેનો તેની પાસે કંઈ જ પુરાવો નહોતો. જેને સમન્સ મોકલેલ તેની સહીની તો જરૂર ગણાતી જ હશે? આ 'ન્યાયખાતા'માં કેટલો ઘોર અન્યાય છુપાયેલો હશે એની આપણને કલ્પના માત્ર જ આવી શકે.

જો છગનલાલ ઉત્કલનું મૂંગું ગરીબ પ્રાણી હોય તો તલોદમાં શું થયું હોત એ કોણ કહી શકે? કેટલી ગાળોનો વરસાદ તેની ઉપર વરસ્યો હોત, મૅજિસ્ટ્રેટે કેવી લાલ આંખ કરી હોત? તે બિચારો રાંક જેને ફરિયાદનાં ઘણાં કારણો હતાં તે પોતે ગુનેગાર ઠર્યો હોત!

ગરીબો પ્રત્યે આવી વિચારહીન, ઉદ્ધત વર્તણૂકને સારુ જોકે સલ્તનત જવાબદાર છે છતાં આટલું કહ્યા વિના ન ચાલે કે જે દેશી અમલદારો આમ વર્તે છે તેમને તેવી વર્તણૂકને સારુ કશું કારણ નથી. આવી વર્તણૂક અમલદારોમાં બ્રિટિશ રાજ્ય પહેલાં પણ હતી એમ લાગે છે. તેઓ કાં ગરીબો પ્રત્યે સભ્ય થતાં ન શીખે? પણ તેઓ ન શીખે તો સ્વેચ્છાએ ગરીબ થયેલા સેવકો તેમને વિવેકપૂર્વક સત્યાગ્રહ કરી પાઠ શીખવે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯-૪-૧૯૨૮

Gandhi Heritage Portal

## ૩૩૩. આશ્રમનો પ્રાણ

શ્રી વલ્લભભાઈને જ્યારે મગનલાલ ગાંધીના દેહાંતના ખબર મળ્યા ત્યારે તેમણે તાર કર્યો: "આશ્રમનો પ્રાણ ચાલ્યો ગયો." આમાં અતિશયોક્તિ નહોતી. તેમના વિના સત્યાગ્રહાશ્રમની હસ્તી જ હું નથી કલ્પી શકતો. મારાં અનેક કાર્યોની ઉત્પત્તિનું કારણ મગનલાલની હસ્તીનું જ્ઞાન હતું. જો કોઈની વચ્ચે ને મારી વચ્ચે અભેદ હતો તો તે મગનલાલ અને મારી વચ્ચે. "અમુક વાતમાં એને દુઃખ લાગી જશે તો?" એવો ભય આપણને દીકરાને વિશે, સ્વપત્ની વિશે પણ ઘણી વાર રાખવો પડે છે. મગનલાલને વિશે આવો ભય મને કદી રાખવો જ પડયો નથી. તેમની પાસે અઘરામાં અઘરું કામ લેતાં મને સંકોચ નથી થયો. તેમને મેં અનેક વેળા કફોડી સ્થિતિમાં મૂકેલ છે એ તેમણે મૂંગે મોઢે સહન કર્યું હતું. એક પણ કામ તેમણે હલકું નથી ગણ્યું.

જો મારામાં કોઈના ગુરુ થવાની લાયકાત હોત તો હું તેને મારા પ્રથમ શિષ્ય તરીકે ઓળખાવત.

જિંદગીભરમાં એક વાર એક ભાઈને મને ગુરુ ગણવાની મેં છૂટ આપી ને ગુરુપણામાંથી હું તૃપ્ત થઈ રહ્યો. એ તેનો દોષ નહોતો, પણ મારી અપૂર્ણતા એ હું જોઈ શકયો. જે ગુરુ થાય તેનામાં શિષ્યને જે કામ સોંપે તે કરવાની શક્તિ આપવાની કળા હોવી જોઈએ. તે મારામાં નહોતી, આજે પણ નથી.

પણ જો મગનલાલ શિષ્ય નહીં હતા, તો સેવક અવશ્ય હતા. કોઈ પણ સરદારને મગનલાલના કરતાં વધારે સારો, વધારે વફાદાર સેવક ન મળે એમ હું માનું છું. આ અનુમાન થયું. પણ એમના જેવો બીજો સેવક મને નથી મળ્યો, એ અનુભવનો પુરાવો છે. મારાં સદ્‌ભાગ્ય એવાં છે કે મને હમેશાં શ્રદ્ધાવાન, નીતિવાન, બુદ્ધિશાળી અને કાર્યદક્ષ સખા કહો કે સેવક મળ્યા છે. આ બધા સખા–સેવકોમાં મગનલાલ સર્વોપરી હતા.

મગનલાલમાં જ્ઞાન, ભક્તિ અને કર્મની ત્રિવેણી સદાય વહેતી હતી. અને મગનલાલે પોતાનાં જ્ઞાન અને ભક્તિને કર્મયજ્ઞમાં હોમી બધાને જ્ઞાન અને ભક્તિનું ખરું સ્વરૂપ બતાવ્યું. અને તેમનું પ્રત્યેક કર્મ આ ચેતન જ્ઞાનમય ને શ્રદ્ધામય હોવાથી તેમનું જીવન સંન્યાસની પરાકાષ્ઠાએ પહોંચ્યું હતું. મગનલાલે સર્વસ્વનો ત્યાગ કર્યો હતો. તેમના એકે કર્મમાં મેં કદી સ્વાર્થ નથી જોયો. નિઃસ્વાર્થ–નિષ્કામ–કર્મ એ જ ખરો સંન્યાસ છે એમ તેમણે એક વાર નહીં, ટૂંકી મુદતને સારું નહીં, પણ અનેક વાર, અનેક પ્રસંગોએ ને ચોવીસ વર્ષ લગી અખંડિત રીતે બતાવી આપ્યું હતું.

મગનલાલના પિતાશ્રીએ તેમના ચારે પુત્રોને એક પછી એક દેશસેવાને અર્થે મને સોંપ્યા. મગનલાલ મને ૧૯૦૩માં પ્રાપ્ત થયા. દ્રવ્યોપાર્જન અર્થે તે મારી સાથે દક્ષિણ આફ્રિકા આવ્યા. બીજા મિત્રોને તેમ તેમને ૧૯૦૪માં દેશસેવાને અર્થે ગરીબીનો સ્વીકાર કરવા મેં નોતર્યા. તેમણે શાંત ચિત્તે મારું કહેવું સાંભળી ગરીબીનો સ્વીકાર કર્યો. ત્યારથી માંડીને દેહાંત લગી તેમનો પ્રવાહ એક જ ગતિએ અખંડિત ચાલતો આવ્યો.

Gandhi Heritage Portal

દિવસે દિવસે હું જોતો આવ્યો છું કે મારી શોભામાત્ર મારું 'મહાત્માપણું,' પરાવલંબી છે. ઘણા સાથીઓની શોભાએ હું શોભ્યો છું. પણ કોઈએ એ શોભામાં મગનલાલના કરતાં વધારે ભાગ નથી લીધો. મારી પ્રત્યેક બાહ્ય અને આધ્યાત્મિક પ્રવૃત્તિમાં તેમણે મને જ્ઞાનપૂર્વક પૂરો સાથ આપ્યો છે. જેવું માન્યું છે તેવું કરવાના પ્રચંડ પ્રયત્નનો મગનલાલના કરતાં વધારે સારો નમૂનો મારી દૃષ્ટિએ નથી આવતો. વિચાર ને આચારની સમાનતા સાધતાં, સાધવામાં મગનલાલે ચોવીસે કલાક જાગૃતિ રાખી હતી. તેમાં તેમણે તેમનું શરીર નિચોવી નાખ્યું.

આ ચિત્રમાં ક્યાંયે જો જાણ્યે કે અજાણ્યે અતિશયોક્તિ ન હોય તો કહી શકાય કે જે દેશમાં ધર્મ આમ મૂર્તિમંત થઈ શકે તે દેશનો કે ધર્મનો જય જ છે. તેથી ઇચ્છું છું કે મગનલાલના જીવનનો અભ્યાસ પ્રત્યેક દેશસેવક કરે, ને તે તેને ગમે તો તેનું અનુકરણ દૃઢતાપૂર્વક કરે. જે મગનલાલને સારુ શક્ય હતું તે પ્રયત્નવાન મનુષ્યમાત્રને સારુ શક્ય છે. મગનલાલ ખરા સિપાહી હતા તેથી તે ખરા સરદાર પણ થઈ શક્યા. કેમ કે જેઓ તેમનો તાપ સહન કરી શક્યા છે તેમને હું મારી આસપાસ અત્યારે રડતા જોઈ રહ્યો છું.

આ દેશને તેમ જ જગતને સાચા સિપાહીનો ખપ છે. દેશસેવા, જગતસેવા, આત્મજ્ઞાન, ઈશ્વરદર્શન, એ નોખી વસ્તુઓ નથી, પણ એક જ વસ્તુનાં જુદાં જુદાં સ્વરૂપ છે. આનું દર્શન મગનલાલે પોતાના જીવનમાં કર્યું ને બીજાને કરાવ્યું. જેને જિજ્ઞાસા થાય તે તેમના જીવનનો અભ્યાસ કરી એ જોઈ શકે છે.

[મૂળ ગુજરાતી]

**નવજીવન, ૨૯–૪–૧૯૨૮**

## ૩૩૪. કુંવરજી ખેતસી પારેખને પત્ર

રવિવાર [એપ્રિલ ૨૯, ૧૯૨૮][૧]

ચિ. કુંવરજી,

તમારો પત્ર મળ્યો. અર્થપ્રાપ્તિને લીધે જ તમે ખાદીકામમાં પડ્યા છો એવું મને કોઈ દહાડો લાગ્યું જ નથી પણ તમારા પ્રશ્નમાંથી જ મારો પ્રશ્ન નીકળ્યો. તમે ખાદીકાર્યમાં જ રહી સંતુષ્ટ રહી શકશો? તેમાં અર્થલાભ નથી તે તો તમે જાણો જ છો. તેમાં સૂકો રોટલો જરૂર છે. તમારા કાગળ ઉપરથી એમ સમજી લઉં છું કે જો બ્રહ્મચારી જ આશ્રમમાં રહી શકે એવો નિયમ થાય તો તમે આશ્રમમાં નહીં રહી શકો. તોપણ તમારો સમાસ ખાદીકાર્યમાં કરવામાં હરકત નહીં આવે એમ માનું છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : એસ. એન. ૯૭૧૧

૧. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

## ૩૩૫. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૯, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

તમારો પત્ર મળ્યો. મારે તમારી કઈ રીતની મદદ જોઈએ છે તે વિશે મેં તમને કહ્યું છે. તમે આશ્રમમાં આવવાની ઑફર કરો છો છતાં પત્રને છેડે તમારે લખવું પડે છે કે "મને ભય છે કે શારીરિક યોગ્યતાની દૃષ્ટિએ લાંબો સમય હું એમ કરી શકીશ નહીં." તમારી સાધના તમારી જાતને તંદુરસ્ત બનાવવામાં રહી છે, એટલે તમારે માટે તમે જ્યાં છો ત્યાં જ રહીને આરામ કરી આરોગ્ય પ્રાપ્ત કરો એ વધારે સારું છે. હું તો તમને ગિરિડીહ જઈને નિખિલની પાસે રહો એમ પણ સૂચવું.

કોઈ ગામડામાં જઈને તેનો વિકાસ કરવાના કામમાં તમે દટાઈ જાઓ એ વિચાર મને ખૂબ જ ગમે છે. ત્યાં જો તમને ચોખ્ખું પાણી પીવા મળે અને જો તમે મચ્છરદાનીનો ઉપયોગ કરો તો બીજા કોઈ પણ સ્થળ કરતાં તમારા શરીરને કદાચ તમે વધારે સારો આરામ આપી શકો.

મેં સાંભળ્યું છે કે તમે દૂધનો ઉપયોગ કરતા નથી. જો આ સાચું હોય તો તે ખરાબ છે. નિષ્કારણ શરીરને ઘસી નાખીને તમે તમારા પ્રિય કાર્યની સેવા નહીં કરી શકો.

પ્યાર

તમારો બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૧૫૯૧

Gandhi Heritage Portal

## ૩૩૬. સી. વિજયરાઘવાચારિયરને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૯, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો ખરખરાનો પત્ર મને મળ્યો છે. ઈશ્વરની ઇચ્છા પૂર્ણ થાઓ.

તમારા પત્રના બીજા ભાગના સંબંધમાં લખવાનું કે મુંબઈમાં હું શું કરી શકું? સહાય કરવાની મારી શક્તિમાં મને વિશ્વાસ નથી. આ પ્રશ્નનું મારું નિરાકરણ, સાધારણ રીતે અપેક્ષા રાખી શકાય છે તે કરતાં ઘણું જુદું છે. પહેલાં કદી હતી તેના કરતાંયે આજે મને વધારે ખાતરી થઈ છે કે કોમી પ્રશ્નનો નિકાલ કાયદાને વચ્ચે લાવ્યા વગર લાવવો જોઈએ; અને તેવી સ્થિતિએ પહોંચવા માટે, જો આંતર યુદ્ધની સ્થિતિ પેદા થતી હોય તો, તે ભલે થતી. પરંતુ આવી ગાંડી દરખાસ્ત કોણ સાંભળશે?

તમારો સહૃદયી

શ્રીયુત સી. વિજયરાઘવાચારિયર
કોડાઈકૅનાલ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૨૦૭

## ૩૩૭. લજપતરાયને પત્ર

આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૯, ૧૯૨૮

પ્રિય લાલાજી,

મને આપનો લાક્ષણિક પત્ર મળ્યો છે. દક્ષિણમાં અસ્પૃશ્યતા કેવું રૂપ ધારણ કરે છે, તેનું આપને પ્રત્યક્ષ દર્શન થયું તેથી મને આનંદ થયો. જેમની પાસે જઈ શકાતું નથી અને જેઓને આપણી નજરથી દૂર રહેવું પડે છે તેમને મોઢામોઢ મળવા અને તેમની સાથે વાતચીત કરવા આપ ત્યાં લાંબો સમય આપી શક્યા હોત તો મને ખૂબ ગમત.

આ અસ્પૃશ્ય અને અદર્શનીય ગણાતા લોકોની પણ નજદીક પહોંચવામાં ખાદી કેટલો મહત્ત્વનો ભાગ ભજવી રહી છે તે આના અનુસંધાનમાં હું આપને કહેવા માગું છું. કારણ કે ખાદીને લીધે જ પહેલાં અશક્ય અથવા અકલ્પ્ય ગણાતો સંપર્ક શક્ય બન્યો છે. છતાં આ તો માત્ર ઉલ્લેખ જ છે. આડ મુદ્દો ઊભો કરી આપને ખાદીના પક્ષમાં ખેંચવાના હેતુથી એ લખ્યું નથી.

આપ આ વિષયનો ગંભીરતાપૂર્વક અભ્યાસ કરી રહ્યા છો તેથી હું ખુશી થયો છું. અને એ વાતની પણ મને ખુશી છે કે આપ એ બાબતમાં કોઈ ઉતાવળા નિર્ણય ઉપર આવવા

Gandhi Heritage Portal

માગતા નથી. ભલે આપ આખરે ગમે તે નિર્ણય પર આવો, પણ તે બાબતમાં અસ્પૃશ્યતા-નિવારણ પ્રત્યેની આપની ભાવના જેવી જ ભાવના રાખશો એમ હું ઇચ્છું છું. કહેવાતા સનાતન ધર્મમાં માનતાં વર્તુળોમાંથી અથવા કોઈ પણ અન્ય વર્તુળમાંથી આવતી દલીલો આપે અસ્પૃશ્યતા બાબતમાં જે વલણ અખત્યાર કર્યું છે તેમાંથી આપને ચળાવી શકશે નહીં. તેથી છેવટના નિર્ણય ઉપર આવો તે પહેલાં હું ઇચ્છું છું કે આપ એ પ્રશ્નનો પૂરેપૂરો અભ્યાસ કરશો.

ખાદી માટે મને આપની જરૂર છે. એથી ખાદીકાર્યને કેટલો બધો લાભ થાય તે હું જાણું છું. પરંતુ જેના પ્રમાણપત્ર ઉપર હું મારા કાર્યનો સોદો કરી શકું એવા આશ્રયદાતા તરીકે મારે આપની જરૂર નથી. પોતે લીધેલા વલણમાંથી જેને કોઈ ચલિત ન કરી શકે અને જે ખાદીના ઉત્કર્ષ માટે પોતાની ઉત્તમ શક્તિથી કામે લાગી જાય એવા એક સહકાર્યકર તરીકે મારે આપની જરૂર છે. એટલે એ બાબતમાં બંધાઈ જતાં પહેલાં હાલ તો એ વિષયના અભ્યાસ પછી આપને કંઈ શંકા હોય તો તેની મારી સાથે ચર્ચા કરો એમ હું ઇચ્છું છું. ખાદીની બાબતમાં આપ ખુશીથી મારી સાથે અથવા જેઓ તેનો વિરોધ કરી રહ્યા છે તેમની સાથે પત્રવ્યવહાર કરી શકો છો. પરંતુ એક વાતનું હું આપની પાસેથી વચન લેવા માગું છું કે ખાદી વિશેની કોઈ પણ ટીકા આપને પ્રતીતિકર લાગે અથવા જવાબ ન આપી શકાય તેવી દેખાય તોપણ મારી સાથે તેની ચર્ચા કર્યા સિવાય આપ તેનો સ્વીકાર નહીં જ કરો. મને આપને ખાતરી આપવા દો કે ખાદીપ્રવૃત્તિમાં એવા માણસો પણ પડ્યા છે, જેમણે તે વિષયનો પાકો અભ્યાસ કર્યો છે અને જેઓ એમને લાગે કે જે પૂર્વ ધારણાથી એમણે એમ કર્યું છે એને કશો આધાર નથી તો તે જ ક્ષણે ખાદીને છોડી દેવા તૈયાર છે.

હા, મગનલાલનું અવસાન ખરેખર મારા ઉપર આવી પડેલો ભારેમાં ભારે ફટકો છે. પરંતુ સ્વાતંત્ર્યની લડત દરમિયાન આપણી પાસે, સૌથી વહાલાંની વિદાય વખતે પણ આંસુ સારવાનો સમય થોડો જ હોય છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૫૯૭

## ૩૩૮. રવિશંકર મહારાજને પત્ર

મૌનવાર, એપ્રિલ ૩૦, ૧૯૨૮

ભાઈશ્રી રવિશંકર,

તમે નસીબદાર છો. જે ખાવાનું મળે તેથી સંતુષ્ટ, ટાઢતડકો સરખાં, ચીંથરાં મળે તો ઢંકાઓ ને હવે જેલમાં જવાનું સદ્ભાગ્ય તમને પહેલું. જો ઈશ્વર અદલાબદલી કરવા દે ને તમે ઉદાર થઈ જાઓ તો તમારી સાથે જરૂર અદલાબદલી કરું. તમારો ને દેશનો જય હો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની નકલ પરથી : સી. ડબલ્યુ. ૨૯૩૫; શ્રી રવિશંકર મહારાજના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૩૩૯. તારાબહેન જસવાણીને પત્ર

સાબરમતી,
સોમવાર [એપ્રિલ ૩૦, ૧૯૨૮][1]

ચિ. તારા,

તારો કાગળ મળ્યો છે. હું ફરવા જાઉં છું ત્યારે તું રોજ યાદ આવે છે. તબિયતને ખૂબ સાચવજે. તારાં વ્રતો બધાં પાળજે. મને કાગળ લખ્યા કરજે.

મગનલાલનું તો સાંભળ્યું જ હશે. નવજીવન તો બરોબર લે છે ના?

ચિ. દિવાળીને આશીર્વાદ.

તારા પ્રશ્નો હમણાં જોઈને બીજે વખતે લખીશ.

બાપુના આશીર્વાદ

ચિ. તારાબહેન ધીરજલાલ જસવાણી
ભાઈ મોહનલાલ ખંડેરિયાને ત્યાં
વાંકાનેર

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૮૭૮૦

## ૩૪૦. એન. આર. મલકાનીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
મે ૧, ૧૯૨૮

પ્રિય ભાઈ મલકાની,

તમારો પત્ર મને મળ્યો છે. यंग इन्डियाના[2] હવે પછીના અંકમાં મિલના કાપડ વિશે લખવા આશા રાખું છું. જયરામદાસને હું હમણાં જ લખું છું.[3]

મગનલાલ મૂકી ગયા છે તે વારસાને લાયક થવાનો હવે મારે પ્રયત્ન કરવાનો છે.

મથુરાદાસ ગયા પછી, અહીંથી જયસુખલાલને મોકલવાની જરૂર પડશે કે કેમ તે વિશે તમે મને વખતસર જણાવશો. તમે પૂરરાહતનું કાર્ય માથે લીધેલું હોઈ, બીજું કોઈ પણ કાર્ય તમને ગમે તેટલું આકર્ષક લાગે, તોપણ તેમાં સક્રિય ભાગ લઈને સ્વીકારેલા કામને જોખમમાં નહીં મૂકો એમ હું માની જ લઉં છું. ભગવદ્ગીતાનો આ શ્લોક સ્મરણમાં રાખશો :

૧. ટપાલની છાપ પરથી.
૨. જુઓ "મિલનું કાપડ વિ. ખાદી", ૧૦-૫-૧૯૨૮.
૩. આ પત્ર મળતો નથી.

Gandhi Heritage Portal

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः[1] ॥

તમારો સહૃદયી
બાપુ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૮૮૬; તથા એસ. એન. ૧૩૨૧૨

## ૩૪૧. એસ. રામનાથનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
મે ૧, ૧૯૨૮

પ્રિય ભાઈ રામનાથન્,

તમારો...[2] વિશેનો પત્ર મળ્યો છે. હું જોઈ શકું છું કે તમારા કાયદામાં દોષ છે. "...[3] પાસેથી તમને કશું લેખિત ન મળ્યું હોય તો, મને ખાતરી છે કે કામદારોની બેદરકારી કે વિશ્વાસઘાતને લીધે થયેલું નુકસાન આપણે પોતે તો ભરપાઈ ન જ કરી શકીએ, પછી ભલેને કામદારોએ રોકડ જામીનગીરી કેમ ન આપી હોય! એ એક ખતરનાક સિદ્ધાંત છે એટલું તમે કેમ જોઈ શકતા નથી? જો આવો કાયદો હોય તો કામદારોએ તેમના માલિકોની દયા ઉપર જ જીવવાનું રહે; કારણ તેઓ પોતે જ એકી સાથે ન્યાય તોળનારા અને ન્યાયનો અમલ કરનારા બની જાય. માલિકને જે બેદરકારીભર્યું અથવા દગાફટકાવાળું વર્તન દેખાય, તે કામદારને પ્રામાણિકપણે તેવું ન પણ લાગે; અને કાયદામાં પણ તેવું ન હોય. તેથી, કાયદા અનુસાર ચાલતા કોઈ પણ સુવ્યવસ્થિત સમાજમાં, અસંદિગ્ધ રીતે લખાયેલા દસ્તાવેજોની જરૂર ઉપસ્થિત થાય છે; અને આવો દસ્તાવેજ જો આપણી પાસે ન હોય, તો કામદારોએ જે રોકડ જામીનગીરી આપી હોય છે, તેને કોઈ ખાસ પ્રકારની બેદરકારી કે દગાફટકા માટે જપ્ત કરી શકાય નહીં. તેથી...ની બાબતમાં તમે ગમે તે કરો.... હું તમને સૂચવું છું કે તમે અત્યાર સુધી જે જે કામદારો પાસેથી રોકડ જામીનગીરી લીધી હોય, તેમની પાસેથી તમારે આવા લેખિત દસ્તાવેજો મેળવી લેવા જોઈએ.

...,ને વિશે હું સૂચવું છું કે તમે તેની અપ્રામાણિકતાની સાબિતીમાં તમારી પાસે જે હકીકતો હોય તે જણાવો. તેને કહો કે સંઘના રિવાજ મુજબ અને તેની સાથે તમે કરેલી મૌખિક સમજૂતી અનુસાર, સંઘને થયેલા નુકસાનની બાંયધરી તરીકે તમે તેની જામીનગીરીની રકમ ધરાવો છો; અને તેની ઇચ્છા હોય તો તેને ન્યાયની કચેરીએ લઈ જવાની અથવા તેને બે સભ્યોના લવાદ પર છોડવાની ઑફર કરો, જેમાંથી એકને તે નીમે અને બીજાને આપણે નીમીએ.

૧. પરાયો ધર્મ સુલભ હોય છતાં તેના કરતાં પોતાનો ઊતરતો ધર્મ પણ વધારે સારો છે. સ્વધર્મમાં મોત પણ સારું છે; પરધર્મ ભયાનક છે. (અ. ૩ – ૩૫).
૨. ૩. નામ આપ્યાં નથી.

Gandhi Heritage Portal

તમારો જવાબ આવ્યા પછી જ, મેં . . .ને લખવાનું વચન આપ્યું છે. તેમને લખતાં પહેલાં હું તમારા જવાબની રાહ જોઈશ.[૧]

તમારો સહૃદયી
**બાપુ**

શ્રીયુત એસ. રામનાથન્
મંત્રી
અ. ભા. ચ. સંઘ, તામિલનાડુ
ઈરોદ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૯૩

## ૩૪૨. ડૉ. બિધાનચંદ્ર રૉયને પત્ર

આશ્રમ,
સાબરમતી,
મે ૧, ૧૯૨૮

પ્રિય ડૉ. બિધાન,

તમારો પત્ર મને[૨] ઊંચે ચડાવે છે, પણ મારે મારા અભિમાનને આધીન ન થવું જોઈએ. સરકાર સાથે કોઈ પણ રીતે સંકળાયેલી યુનિવર્સિટી સાથે એક અસહકારી તરીકે મારે કશી લેવાદેવા ન હોઈ શકે એ હકીકતને બાજુએ મૂકીએ તોપણ, હું મારી જાતને કમલા-વ્યાખ્યાનો[૩] માટે લાયક અને યોગ્ય માણસ માનતો નથી. સર આશુતોષે એના વ્યાખ્યાતાઓ વિશે જે ખ્યાલ બાંધ્યો હશે તે ખ્યાલ મુજબની સાહિત્યવિષયક સિદ્ધિઓ મારી પાસે નથી.

તેથી તમે એક એવી જવાબદારી મારા ખભા ઉપર નાખવાનું કહો છો, જેને તે ઉઠાવી શકે એમ નથી. મારી તબિયત ઠીક ઠીક સારી રહે છે. હું મારા સમયની રાહ જોઈ રહ્યો છું; અને દેશ તૈયાર થશે કે તરત જ તેને રાજકીય ક્ષેત્રમાં દોરવણી આપતો તમે મને જોઈ શકશો. એ વિશે મારા મનમાં હું ખોટી નમ્રતા રાખતો નથી. હું બેશક, મારી પોતાની રીતે એક રાજકારણી પુરુષ છું, અને દેશના સ્વાતંત્ર્ય માટે મારી પાસે એક યોજના છે. પણ હજી મારે માટે સમય આવ્યો નથી, અને કદાચ એમ બને કે આ જિંદગીમાં તે ન પણ આવે. જો તે નહીં આવે તો હું આંસુનું એક ટીપું પણ પાડીશ નહીં. આપણે સૌ અત્યારે ઈશ્વરના હાથમાં છીએ. તેથી જ હું તેના માર્ગદર્શન માટે રાહ જોઉં છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૨૧૦ એ

૧. રામનાથનના પત્ર સાથે આ પત્રની નકલ અખિલ ભારત ચરખા સંઘના મંત્રીને મોકલવામાં આવી હતી.

૨. ડૉ. રૉયે ગાંધીજીને કલકત્તા યુનિવર્સિટીમાં વ્યાખ્યાન આપવા માટે નોતર્યા હતા. આગળના વ્યાખ્યાતાઓ ઍની બેસંટ, શ્રીનિવાસ શાસ્ત્રી અને સરોજિની નાયડુ હતાં.

૩. આશુતોષ મુકરજીએ આ વ્યાખ્યાનોની યોજના કરી હતી.

Gandhi Heritage Portal

# ૩૪૩. મજૂરો અને માલિકો

મે ૧, ૧૯૨૮

કદાચ એ ઉચિત હશે કે મજૂરો માટેનું બાલગૃહ એ પોતાને જે મજૂર માને છે તેવા માણસને હાથે ખોલાવવામાં આવે, જોકે મને પોતાને જ્યારે કસ્તૂરભાઈએ[1] વાત કરી ત્યારે સહેજ સંકોચ અવશ્ય થયો હતો. એનું કારણ એ નહોતું કે મને આ વસ્તુ પસંદ નથી, પણ મારા વ્યવસાયમાંથી છૂટવું એ મુશ્કેલ હતું, અને મારે બદલે બીજા કોઈ એ ખોલે અથવા કોઈ મિલ-માલિક એ ખોલે તો સારું એમ મને લાગતું હતું. પણ પ્રેમનો પાશ એ હમેશાં વિકટ વસ્તુ છે. એટલે હું એ બંધનમાંથી મુક્તિ ન મેળવી શક્યો.

જ્યારે મેં અમદાવાદમાં આશ્રમ કાઢવાનો નિશ્ચય કર્યો ત્યારે અમદાવાદ એ મહાગુજરાતની રાજધાની છે, અને વેપારનું મોટું મથક છે, તેમ જ અમદાવાદમાં પુષ્કળ મિલો છે એ પણ એક વિચાર હતો. મેં પોતે માનેલું કે અમદાવાદના ધનાઢ્ય શેઠિયાઓ પાસે યોગ્ય મદદ મળવામાં મુશ્કેલી ન આવે અને કદાચ શહેરની સેવા પણ થઈ શકશે. એ આશામાં હું તદ્દન નિષ્ફળ ગયો એમ તો ન જ કહેવાય. એ આરંભકાળનાં મને જોકે થોડાં કડવાં સ્મરણો છે, છતાં મિલ-માલિકોની સાથેના સંબંધનાં મીઠાં સ્મરણો પણ છે. અમદાવાદની આશા મેં છોડી નથી. એ શહેર પાસે મોટાં કામો થવાની હું આશા રાખું છું. અમદાવાદમાં આજે ઘણું કરવાનું બાકી છે, અને તેમાં મજૂરોની સ્થિતિ વિશે ઘણું કરવાનું બાકી છે એમ મજૂર તરીકે, મજૂરોના હૃદયમાં વસવાનો પ્રયત્ન કરનાર માણસ તરીકે હું કહું છું.

મજૂરો સાથેનો મારો પરિચય ટૂંકો નથી. લગભગ હું આવ્યો ત્યારથી એ સંબંધ ચાલ્યો આવે છે એમ કહી શકાય. એથી કહું છું કે માલિકોએ પોતાનો ધર્મ પૂરો નથી બજાવ્યો. કેટલીક જગ્યાએ તો મજૂરોની પ્રાથમિક જરૂરિયાતો પણ પૂરી પાડવામાં આવી નથી. આમાં કેટલાક અપવાદો છે, કેટલાક માલિકોએ મજૂરોના હિતની દિશામાં પ્રયાસો કર્યા છે. એવા પ્રયાસોમાંનો આજનો પ્રયાસ એક છે.

શેઠ કસ્તૂરભાઈ, તમે મજૂરોના હિત વિશે કાઢેલા ઉદ્ગારો તમને અને અમદાવાદને શોભાવે એવા છે. તમે 'પોર્ટ સનલાઇટ'થી હરખાયા, પણ મારે કહેવું જોઈએ કે 'પોર્ટ સનલાઇટ'એ આપણો આદર્શ નથી થઈ શકતું. મારો આદર્શ એ છે કે લીવર બ્રધર્સના જેટલું તો કરીએ જ, ન કરીએ તો શરમ કહેવાય, પણ તેટલું કરીને સંતોષ ન માની શકાય. હિંદુસ્તાનની સભ્યતાનો વિચાર કરીએ, આપણા શાસ્ત્રકારોએ તે વેળાના સમાજનાં જે ચિત્રો આપ્યાં છે તે સાચાં માનીએ તો આપણો આદર્શ 'પોર્ટ સનલાઇટ'થી પણ આગળ જવો જોઈએ. મેં 'પોર્ટ સનલાઇટ'નું સાહિત્ય વાંચ્યું છે, લીવર બ્રધર્સ ઉપર હું આશક છું, પણ આપણો આદર્શ તેમના કરતાં આગળ જાય છે. ત્યાં હજુ માલિક અને મજૂરોના વિભાગો રહેલા છે. આપણા દેશમાં જ્યાં અસ્પૃશ્યતાને સ્થાન છે ત્યાં આવી વાત કરવી એ નાને મોઢે મોટી વાત કહેવાય, પણ આદર્શની વાત કરતાં જે આદર્શ મોટામાં મોટા તરીકે સ્વીકારાયો છે, અને જેને હું મોટામાં

૧. રાયપુર મૅન્યુફૅક્ચરિંગ કંપનીના એજન્ટ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ ગાંધીજીને ઉદ્ઘાટનવિધિ કરવા વિનંતી કરી હતી.

Gandhi Heritage Portal

મોટો માનું છું, તે તમારી આગળ ન કહું તો મારી ફરજમાંથી ચૂકું, તમારા પ્રત્યે દ્રોહ કરું. મજૂરો અને માલિકો વચ્ચે સંબંધ પિતાપુત્રનો છે, અથવા સગા ભાઈનો છે. 'હું શેઠ છું અને મજૂરો અમારા નોકર છે' એવી ભાષા મેં અમદાવાદના મિલમાલિકો પાસેથી સાંભળી છે. અમદાવાદ જે ધર્મપ્રિય કહેવાય છે અને જે અહિંસાધર્મનું મથક મનાય છે ત્યાં એવી માન્યતા કેમ હોય? એ અહિંસાધર્મ નથી. શેઠોએ પોતાનાં ધન, સત્તા, બુદ્ધિનો ઉપયોગ જે માણસ તેના અજ્ઞાનને લીધે અથવા આપણી ભ્રમણાને લીધે મજૂર તરીકે ઓળખાય છે તેના હિત માટે જ કરવો જોઈએ, એટલે આપણો આદર્શ 'પોર્ટ સનલાઇટ'થી આગળ જવો જોઈએ. હું તો તમારી પાસે એ આશા રાખું કે જે મજૂરો છે, જેમની મજૂરીને લીધે માલિકો શોભી શકે છે અને નાચી શકે છે તેમને માટે જ તમારા કમાયેલા બધા પૈસાનો ઉપયોગ થવો જોઈએ. તમારા ધનના તમે એમને ભાગીદાર બનાવો. તમે આ બધું કાયદો કરીને કરો, નહીં તો આપણા દેશમાં લૂંટફાટ ચાલે એવું હું નથી કહેવા માગતો. હું તો બંને વચ્ચે પિતાપુત્રનો સંબંધ ઇચ્છું છું, પિતા પુત્રને માટે જે કરે છે તે પ્રેમને વશ થઈને, કાયદાને કારણે નહીં. તમે પ્રેમના કાયદાને વશ થઈને હમેશાં એવું કામ કરતા આવો તો મજૂર તરીકે જે ફરિયાદો તમારી પાસે કરવામાં આવે છે તે ન સાંભળવી પડે, મજૂરોનાં યુનિયનો પણ ન કરવાં પડે. આદર્શ આપણો એ હોવો જોઈએ કે શ્રી અનસૂયાબહેન, શંકરલાલ અને મને કશું કરવાપણું ન રહે. એ તો ત્યારે જ થાય કે કોઈ પણ મજૂર એવો ન રહે કે જે મિલને પોતાની ન માનતો હોય, જે ગદ્ધામજૂરીની દરરોજ ફરિયાદ કરતો હોય, જેનામાં મિલમાલિકો પ્રત્યે દ્વેષ હોય.

તમે તો બતાવ્યું છે કે માલિકો આટલું કરી શકે તો તેમને નુકસાન થવાનો સંભવ નથી. લીવર બ્રધર્સને કશો ગેરફાયદો થયો નહોતો, નાતાલમાં પણ તેમણે તો બીજું 'પોર્ટ સનલાઇટ' બનાવવાનો ઉદ્યોગ કર્યો હતો. આપણે જેમ જેમ દુનિયાનો અનુભવ લેતા જઈએ તેમ તેમ લાગે છે કે જેટલું મજૂરોને વધારે આપતા જઈશું તેટલું આપણને વધુ મળતું જશે. પછી તમારે મજૂરો માટે ચોકીદાર ન નીમવા પડે. તેઓ સમજશે કે એ મિલકત અમારી છે, અમારા ભાઈની છે, એનું અહિત ન કરી શકાય.

મારી પાસે વખત નથી કે આ વસ્તુ હું તમને વધારે સમજાવું, મારી જિંદગીના બધા અનુભવો તમને કહું. તમે મને આટલો સમય આપ્યો છે તો મારા મનમાં જે વસ્તુ રમી રહેલી છે તેના બિંદુ તરીકે હું મૂકું છું.

મુંબઈમાં જે ઉલ્કાપાત ચાલે છે તે અહીં નથી તે માટે તમે મને આપેલા યશ માટે હું નાલાયક છું એમ તો કેમ કહું? શંકરલાલ અને શ્રી અનસૂયાબહેને જે પ્રવૃત્તિ ચલાવેલી છે તે પ્રમાણે એ ન ચાલતી હોત તો અહીં સ્થિતિ જુદી જ હોત એ વિશે કાંઈ શંકા છે? જે શક્તિ અમદાવાદના મિલમાલિકો ધરાવે છે તે મુંબઈના મિલમાલિકો નથી ધરાવતા એનું કારણ તમારો દયાભાવ છે એ વાત સાચી. અમદાવાદના શેઠો અમેરિકાના માલિકોની જેમ મજૂરોને દબાવવા માટે મારા નથી રાખતા, તેમણે મારા રાખવાની શક્તિનો ઇરાદાપૂર્વક ત્યાગ કરેલો છે. મારા ટીકાકારો કહે છે કે મિલમાલિકો અને મજૂરો વચ્ચેના સંબંધનાં આ મારાં સ્વપ્નાં છે. અમદાવાદના માલિકો પણ મારા રાખી શકાય તો રાખે એવા છે. હું માનું છું કે એ ખોટી વાત છે. મારું સ્વપ્નું અમદાવાદના માલિકો સાચું પાડો, અને શ્રી અનસૂયાબહેન અને શંકરલાલ જે કામ કરી રહ્યાં છે તે સીધી રીતે આટોપવાનો સમય આવે એમ કરો, અને તે આટોપવાનો સમય ન આવે ત્યાં સુધી તેમના પ્રયત્નને ઉત્તેજન આપો એટલું માગી લઉં છું.

Gandhi Heritage Portal

મેં અહીંની શાંતિને માટે યશ તો સ્વીકારી લીધો, પણ હું તો નિમિત્તમાત્ર છું. ખરો યશ તો અનસૂયાબહેન અને શંકરલાલને ઘટે છે. હમેશાં મજૂરોમાં ફરવું, કામ કરવું, તેમનાં સુખ-દુ:ખના અનુભવ લેવા એ તો એ ભાઈબહેન કરે છે, એ હું નથી કરી શકતો. એ લોકોના પ્રયત્નને તમે પોષશો તો ૨૫,૦૦૦નું મકાન બાંધી બાલગૃહ કરવાની જરૂર ન પડશે, દાક્તરની જરૂર ન પડશે. હું આ પ્રયત્નની અવગણના નથી કરતો. પણ હું તો મારા મન સાથે એટલું પૂછું કે આવાં બાલગૃહોમાં કોઈ ધનિક માતા પોતાના બાળકને મોકલે ખરી? આપણે તો એવી સ્થિતિ લાવવી જોઈએ કે કોઈ પણ મજૂર માતાને પોતાના બાળકથી વિખૂટાં પડવાનો સંભવ જ ન આવે, જેવી કેળવણી આપણા બાળકને આપણે આપી શકીએ છીએ તેવી તેમનાં બાળકોને પણ મળે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૬–૫–૧૯૨૮

## ૩૪૪. અબ્બાસ તૈયબજીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૨, ૧૯૨૮

પરમ પ્રિય ભર્રર્ર,

મારા તરફથી તમને કોઈ પણ પત્ર મળ્યો નથી, તે બાબતમાં તમે જે અનુમાન કર્યું છે, તે તદ્દન સાચું છે.[૧] ઈશ્વર મહાન છે, ભલો છે અને દયાળુ પણ છે.

હું બારડોલીના બનાવોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરી રહ્યો છું. તમે કહો છો તે એકેએક શબ્દને વલ્લભભાઈ બરાબર પાત્ર છે. તમે એવી માન્યતાથી ખુશ ન થશો કે જો સરકાર તમને એના અતિથિ તરીકે નોતરશે, તો તે તમને સાબરમતી જેલમાં જ રાખશે. સાબરમતીના આ અતિથિઘરથી[૨] આશ્રમ ખૂબ જ નજદીક છે.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૯૫૬૩

૧. મગનલાલ ગાંધીના અવસાન પછી ગાંધીજીએ એક પણ પત્ર તેમને લખ્યો નહોતો.

૨. બારડોલીની લડતમાં તે વખતે અબ્બાસ તૈયબજી વલ્લભભાઈ પટેલને મદદ કરી રહ્યા હતા. તેમણે રવિશંકરની ધરપકડ તથા મુકદ્દમાનો અહેવાલ આપતાં, પોતાની ધરપકડની શક્યતાનો ઉલ્લેખ પણ કર્યો હતો.



Gandhi Heritage Portal

## ૩૪૫. શિસ્તની આવશ્યકતા

ખાદીસેવામાં કામ કરતા કેટલાક કાર્યકર્તાઓ લખે છે:[1]

અહીં આદર્શોનો સ્પષ્ટ ગૂંચવાડો જોવા મળે છે. ઊંચનીચના વિકૃત ખ્યાલોએ લગભગ બધી રાષ્ટ્રીય સંસ્થાઓમાં ગેરશિસ્ત પેદા કરી છે. કેટલાક લોકો એમ માને છે કે દરજ્જાના ભેદભાવને દૂર કરવાનો અર્થ અરાજકતા અને સ્વચ્છંદતાને પરવાનો આપવો એવો થાય છે. ખરું જોતાં આવો ભેદ નાબૂદ કરવો એટલે જ સંપૂર્ણ શિસ્તપરાયણતા. સંપૂર્ણ એ કારણે કે જે સંસ્થાની સાથે આપણે સંબંધ ધરાવીએ છીએ, તેનાં નિયમનોનું સ્વેચ્છાપૂર્વકનું પાલન એટલે આત્મનિયમન. માણસ પોતે જ એક અદ્ભુત તંત્ર છે; અને તેને લાગુ પડે છે તે વસ્તુ પોતે જે સામાજિક કે રાજકીય સંસ્થાનો સભ્ય હોય તેને પણ લાગુ પડે છે. જેમ શરીરના જુદા જુદા અવયવોમાં એકબીજાથી કોઈ ચડતા-ઊતરતા ગણાતા નથી, અને શરીર તંદુરસ્તીની સ્થિતિમાં હોય છે, ત્યારે તે બધા અવયવો મનના સ્વેચ્છાપૂર્વકના નિયમન હેઠળ રહીને કાર્ય કરે છે, તેમ કોઈ પણ સંસ્થાના સભ્યોએ કોઈને પણ ઊંચા કે નીચા ન ગણતાં તેમણે સંસ્થાના મનને, — કહેતાં ઉપરીને, — સ્વેચ્છાથી વશ વર્તવાનું હોય છે. પરંતુ જે સંસ્થા પાસે આ દોરવણી આપનાર મન નથી અથવા જેના સભ્યો એકબીજા પ્રત્યે સહકારની ભાવના કેળવી શકતા નથી, તે પક્ષાઘાતથી પીડાય છે અને તે મરણાવસ્થામાં છે.

જે પત્ર મેં અહીં રજૂ કર્યો છે તેની નીચે સહી કરનારા પત્રલેખકો એટલું સમજી શકતા નથી કે નિયમિત હાજરી આપવાના શિસ્તના પ્રાથમિક નિયમને પણ જો તેઓ અનુસરવા ન માગતા હોય, તો તેઓ જેના સભ્ય છે એ ખાદી ઑફિસ, તેના દરિદ્રનારાયણની સેવાના આદર્શને લાભપ્રદ રીતે અમલમાં મૂકી ન શકે. સરકારી ઑફિસોની ફરજિયાત શિસ્ત કરતાં ખાદી ઑફિસની સ્વેચ્છાપૂર્વકની શિસ્ત વધારે કડક હોવી જોઈએ એ વાત તેઓ સમજી લે. ખાદી ઑફિસના ઉપરી જો પોતાની ઑફિસમાં હમેશાં સમયસર હાજર ન રહેતા હોય, તો એવો પૂરતો સંભવ છે કે તે ઑફિસમાં નથી હોતા ત્યારે ખાદી સંબંધી બીજા કોઈ કામમાં અન્ય સ્થળે રોકાયેલા હોય. વળી ખાદી ઑફિસના કર્મચારીગણને માત્ર નિયત કલાકો દરમ્યાન કામ કરવાનું હોય છે, જ્યારે તેમના ઉપરીને વિશ્રાંતિ અને આનંદ માટે ભાગ્યે જ સમય મળતો હોય છે; અને તે જો પ્રામાણિક હોય અને પોતાની ઉચ્ચ પદની જવાબદારી સમજતો હોય તો ખાદીને આદર્શ સ્થિતિએ પહોંચાડવા માટે તેને રાતદિવસ કામ કરવું પડે છે. ચાલુ સંસ્થામાં કામ કરવું એ એક વાત છે, જ્યારે દુનિયામાં મોટામાં મોટી સંસ્થા બનવાના ઉદ્દેશવાળી આ નવી સ્થપાયેલી સંસ્થામાં દાખલ થવું એ જુદી જ વાત છે. આવી સંસ્થાને ચપળ, બુદ્ધિશાળી અને પ્રામાણિક એવા એક માણસની દેખરેખની નહીં પણ હજારોની દેખરેખની જરૂર પડે છે. કાર્યકર્તાઓએ

૧. આ પત્ર અહીં આપ્યો નથી. કાર્યકરોએ એવી ફરિયાદ કરી હતી કે તેમને ખાદી કાર્યાલયમાં વખતસર આવવાની ફરજ પાડવામાં આવતી હતી, છતાં વ્યવસ્થાપક પોતે નિયમિત નહોતા. તેમણે એવો સવાલ કર્યો હતો કે "… એક જ ક્ષેત્રમાં કાર્યકરો વચ્ચે આ દરજ્જાનો ભેદભાવ શા માટે રહેવો જોઈએ ?"

Gandhi Heritage Portal

આવા બનવા માટે ચાલુ સંસ્થાઓમાં જોડાઈને પૂરી શક્તિથી પોતાની જાત ઉપર સખતમાં સખત શિસ્ત લાદવી જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૩–૫–૧૯૨૮

## ૩૪૬. આભાર

મારા જીવનની મોટામાં મોટી કસોટીમાં દૂર દૂરના અને નજદીકના મિત્રોએ માયાળુ સંદેશાઓ મોકલીને મને લાગણીવશ કરી દીધો છે. મગનલાલ ગાંધીનું મૃત્યુ મારા પહેલાં થશે એવી કલ્પના મેં કદી કરી નહોતી એ મારે માટે મૂર્ખાઈભર્યું હતું છતાં સાચું છે. વ્યક્તિઓ, સંસ્થાઓ અને કૉંગ્રેસ સમિતિઓ તરફથી જે કેબલ-સંદેશાઓ, તારો અને પત્રો મને મળ્યા તે મારે માટે ભારે આશ્વાસનરૂપ નીવડયા છે. સંદેશા મોકલનારાઓને હું વ્યક્તિગત રીતે જવાબ આપી શકતો નથી તે માટે તેઓ મને ક્ષમા આપશે. હું તે સૌને ખાતરી આપું છું કે તેઓએ મારા પ્રત્યે જે સ્નેહ દર્શાવ્યો છે તેને તેમ જ મગનલાલ ગાંધીએ અમારી વચ્ચેના સમાન આદર્શ માટે ભક્તિભાવપૂર્ણ જે મૂંગી સેવા અર્પણ કરી છે તેને લાયક બનવા હું પ્રયત્ન કરીશ.

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૩–૫–૧૯૨૮

## ૩૪૭. વીરુમલ બેગરાજને પત્ર

આશ્રમ,
સાબરમતી,
મે ૪, ૧૯૨૮

પ્રિય ભાઈ,

મને તમારો પત્ર મળ્યો છે. તમારા પ્રશ્નોના એક વકીલ તરીકે ઉત્તારો આપું એમ તમે ઇચ્છતા નથી; કારણ કે મારું કાયદાનું જ્ઞાન કદાચ ન પણ સ્વીકારાય. પરંતુ એક સામાન્ય વ્યક્તિ તરીકે મને લાગે છે કે તમે ઉલ્લેખેલી અને તમે વર્ણવેલા સંજોગોમાં ધારણ કરાયેલી મિલકતો પર બાવાનો કે તેની વિધવાનો કે બીજા કેસમાંના બ્રાહ્મણનો અધિકાર નથી.

તમારો સહૃદયી

શ્રીયુત વીરુમલ બેગરાજ
'સિંધી' ઑફિસ સક્કર

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૨૧૪

Gandhi Heritage Portal

## ૩૪૮. પી. ટી. પિલ્લાઈને પત્ર

આશ્રમ,
સાબરમતી,
મે ૪, ૧૯૨૮

ભાઈશ્રી,

પરદેશી કાપડની હોળી કરવી અને મનુસ્મૃતિને બાળવી એ બે વાતને હું સમાન ગણતો નથી. પરદેશી કાપડને બાળી નાખવું એ એક નુકસાનકારક ચીજને બાળી નાખવા બરાબર છે; પરંતુ મનુસ્મૃતિને બાળવી એ માત્ર વિદેશી વસ્ત્રની જાહેર ખબર બાળવા બરાબર છે અને એ કેવળ બાલિશ ગુસ્સો જ બતાવે છે. એ ઉપરાંત મનુસ્મૃતિને હું અનિષ્ટ તરીકે લેખતો નથી. એમાં એવું ઘણું છે જે પ્રશંસાપાત્ર છે. પરંતુ એના અત્યારના સ્વરૂપમાં બેશક એમાં કેટલુંક એવું છે જે ખરાબ છે અને તે પાછળથી ઘુસાડવામાં આવ્યું હોય એમ લાગે છે. તેથી એક સુધારક, એ પ્રાચીન સ્મૃતિમાં જે કંઈ શ્રેષ્ઠ છે તે સંગ્રહી રાખશે, અને તેમાં જે નુકસાનકારક અથવા શંકાસ્પદ મહત્ત્વવાળું છે તેને તેમાંથી ચાળી કાઢશે.

જો આપણે અંદરના પ્રયત્નથી સ્વરાજ્ય મેળવવા માગતા હોઈએ તો હિંદુમુસલમાન ઐક્યની માફક અસ્પૃશ્યતાનિવારણને પણ હું સ્વરાજ્યપ્રાપ્તિની એક પૂર્વશરત તરીકે ગણું જ છું. પરંતુ અંગ્રેજ રાજકર્તાઓ જ્યારે, અસ્પૃશ્યતાનિવારણને આપણે સંપૂર્ણ રીતે સિદ્ધ નથી કરી શક્યા એ કારણે સ્વરાજ્યનો ઇનકાર કરે છે, ત્યારે તેમના પ્રતિકારને હું દંભી અને ગેરકાનૂની ગણું છું.

તમારો સહૃદયી

શ્રીયુત પી. તિરકૂટસુંદરમ્ પિલ્લાઈ
સિન્દુપ્પોન્દુરાઈ
તિનેવેલી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૨૧૧

Gandhi Heritage Portal

## ૩૪૯. એલ. ક્રૅન્નાને પત્ર

[મે ૪, ૧૯૨૮][1]

તમારા પત્રના છેલ્લા ફકરામાં મારા વિશે જે ઉલ્લેખ છે, તે આદિથી અંત[2] સુધી ઉપજાવી કાઢેલો છે એમ કહેતાં મને દુઃખ થાય છે. બ્રિસ્ટલના ડીન ખરેખર હેવાલમાં જણાવ્યા પ્રમાણે જ બોલ્યા હોય તો એ જાણીને મને દિલગીરી જ થાય.

એલ. ક્રૅન્ના એસ્ક્વાયર

ખ્રિસ્તી યુવક સંઘ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૪૩૪૫

## ૩૫૦. હરિભાઉ ઉપાધ્યાયને પત્ર

વૈશાખ ૧૫, મે ૪, ૧૯૨૮

ભાઈ હરિભાઉ,

રાયચંદભાઈનાં લખાણો બાબતમાં હું પૂંજાભાઈને મળીશ. મિ. ગ્રેગના પુસ્તકનું હિંદી ભાષાંતર જરૂર કરો. આ બાબતમાં ચરખા સંઘ તરફથી પૈસા મળવાની આશા ઓછી છે.

૧. "એલ. ક્રૅન્નાને પત્ર", ૧૩–૭–૨૮ સાથેનું આ એક બિડાણ હતું. જુઓ પુસ્તક ૩૭. તેમના ૧૮ મેના પત્રમાં એનો ઉલ્લેખ કરતાં મિ. ક્રૅન્નાએ આ તારીખ આપી હતી.

૨. આ અગાઉ ક્રૅન્નાએ ટેકો આપનાર સભ્યોને ઉદ્દેશેલો એક પત્ર ગાંધીજીને મોકલ્યો હતો અને તેની સાથે સેન્ટ્રલ ક્રિશ્ચિયન ઍડ્વોકેટમાંથી એક અપીલ બીડી હતી, જે આ પ્રમાણે હતી:

હમણાં જ બ્રિસ્ટલના ડીને કહ્યું: "મારા એક મિત્રે મને શ્રી ગાંધી વિશે એક આશ્ચર્યકારક વાત કહી. ભારતીય હિતોના એક પુરસ્કર્તા તરીકેની પોતાની એક પરદેશયાત્રા પછી તેઓ જ્યારે કલકત્તા ગયા, ત્યારે લોકોની એક મોટી મેદનીએ તેમને આવકાર આપ્યો. તે દિવસના તે લોકપ્રિય વીરપુરુષ હતા. આખીયે જગ્યા, હું ધારું છું તે પ્રમાણે ૧૫,૦૦૦ બંગાળીઓ, જે તેમનું સ્વાગત કરવા આવ્યા હતા તેમનાથી ખીચોખીચ ભરાઈ ગઈ હતી. આ મેદાનમાં હાજર રહેલામાં મારા મિત્ર એકલા જ અંગ્રેજ હતા. ત્રણ કલાક સુધી આ સભામાં બંગાળીઓએ પોતાનાં તેમ જ તેમનાં વખાણ કરતાં ભાષણો કર્યાં; અને ત્યાર પછી એ મહાન ઘડી આવી જ્યારે શ્રી ગાંધી ઊભા થયા ત્યારે આખી વિશાળ સભા પોતાના મહાન વક્તાને સાંભળવા પોતાના પગ પર ઊભી થઈ ગઈ. તેમનું આ ભાષણ માત્ર એક જ વાક્યનું બનેલું હતું: 'જે માણસનું મારા ઉપર ઋણ છે અને આખુંયે હિંદ જેના પ્રત્યે ઋણ ધરાવે છે, તે એ માણસ છે જેણે ભારતની ધરતી ઉપર કદી પગ મૂક્યો નથી— અને તે છે ઈશુ ખ્રિસ્ત;' અને ત્યાર પછી તેઓ બેસી ગયા."

ક્રૅન્નાએ પૂછ્યું હતું: "આ વાતને તમારો ટેકો છે?"

Gandhi Heritage Portal

'મધ્ય પ્રદેશમાં ખાદી' એ નામનો લેખ નવજીવનમાં પ્રસિદ્ધ થશે. યંગ ઇન્ડિયામાં તેનો સારાંશ આપવા હું કોશિશ કરીશ.

બાપુના આશીર્વાદ

શ્રી હરિભાઉ
ખાદી કાર્યાલય
અજમેર

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૬૦૫૯; શ્રી હરિભાઉ ઉપાધ્યાયના સૌજન્યથી

## ૩૫૧. ભક્તિને નામે ભોગ

શ્રી જયદયાલજી ગોયનકાના પ્રયાસથી આજકાલ મારવાડી સમાજમાં ભક્તિરસ ઉત્પન્ન કરવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. તેને અંગે ભજનમંડળીઓ સ્થપાઈ છે ને ભજનભવનો પણ ચાલે છે. આવું એક ભવન કલકત્તામાં ગોવિંદભવનને નામે નીકળ્યું છે. તેમાં શ્રી જયદયાલજીની પ્રેરણાથી એક ભાઈને મૂકવામાં આવ્યા હતા. તેમણે ભક્તિને નામે વિષયભોગ ભોગવ્યા. તેમણે સ્ત્રીઓની પાસેથી પૂજા અંગીકાર કરી, તેમને સ્ત્રીઓ ભગવાન ગણી પૂજવા લાગી, તેમણે સ્ત્રીઓને પોતાનું જૂઠું ખવરાવ્યું ને વ્યભિચારમાં ઉતારી. ભોળી સ્ત્રીઓએ માની લીધું કે 'આત્મજ્ઞાની'ની સાથેનો શરીરસંગ વ્યભિચાર ન ગણાય.

આ બનાવ દુઃખદાયક છે, પણ મને તેથી આશ્ચર્ય નથી થતું. ભક્તિને નામે વિષયભોગ ભોગવાતા ચોમેર જોવામાં આવે છે. અને જ્યાં લગી ભક્તિનું રહસ્ય સમજવામાં નથી આવ્યું ત્યાં લગી ધર્મને નામે ધાડ જ પડે એમાં નવાઈ શી? જો બગભગતોમાંથી અનિષ્ટ પરિણામો ન નીપજે તો આશ્ચર્ય ગણાય.

રામનામનો, દ્વાદશમંત્રનો હું પૂજારી છું, પણ મારી પૂજા આંધળી નથી. જેનામાં સત્ય છે, તેને રામનામ નૌકારૂપ છે. પણ જે ઢોંગથી રામનામ ઉચ્ચારે છે, તેનો ઉદ્ધાર રામનામથી થાય એવું હું માનતો નથી. અજામિલ ઇત્યાદિનાં દૃષ્ટાંતો આપવામાં આવે છે, તે કાવ્યો છે અને તેમાંય રહસ્ય છે. તેમને વિશે શુદ્ધ ભાવનાનું આરોપણ છે. "રામનામથી મારા વિષયો શાંત થશે," એમ માનનારને રામનામ ફળે, તારે. "રામને નામે હું મારાં કામોને પોષું," એમ વિચારી જે ઢોંગી રામનામનું ઉચ્ચારણ કરે છે તે તરતો નથી, તે ડૂબે છે—

"જૈસી જિસકી ભાવના ઐસા ઉસકો હોય."

ભક્તજનોએ બે વાત વિચારવા યોગ્ય છે.

એક, ભક્તિ એટલે નામઉચ્ચારણ જ નહીં, પણ તેની સાથે રહેલું સતત યજ્ઞકાર્ય. આજ-કાલ એવી માન્યતા જોવામાં આવે છે કે સંસારી કામને ધર્મ કે ભક્તિની સાથે કશો સંબંધ નથી. આ અસત્ય છે. સત્ય તો એ છે કે આ જગતનાં સર્વ કાર્યોને ધર્મઅધર્મની સાથે સંબંધ છે. એક સુતાર કેવળ દ્રવ્ય એકઠું કરવા સારુ સુતારી કરે છે તેમાં લાકડાની ચોરી કરે છે ને

Gandhi Heritage Portal

કામ બગાડે છે. આ અધર્મ થયો. બીજો સુતાર પરોપકારાર્થે—માનો કે દરદીને સારુ ખાટલો બનાવે છે, તેમાં ચોરી નથી કરતો ને પોતાની બધી શક્તિનો ઉપયોગ કરે છે, અને ખાટલો બનાવતો રામનામ લે છે. આ ધર્માર્થે થયેલું કામ છે. આ સુતાર ખરો રામભક્ત છે. ત્રીજો રામનામ લેવાને નિમિત્તે જાણી જોઈને કે અજ્ઞાનથી સુતારી ધંધો છોડી બેસે છે, પોતાને સારુ ને છોકરાંને સારુ ભિક્ષા માગે છે, દરદીને સારુ કંઈ બનાવવું હોય તોપણ કહેશે: "મારે તો રામ સાચા. હું ન જાણું દરદીને, ન જાણું સુખીને." આ અજ્ઞાનકૂપમાં પડેલો પામર પ્રાણી છે.

મનુષ્ય ભગવાનને વાચાથી જ નથી ભજતો, પણ વાચાથી, મનથી ને કાયાથી ભજે છે. ત્રણમાંથી એક પણ ન હોય તો તે ભક્તિ નથી. ત્રણેનો મેળ રસાયણી મેળવણ જેવો છે. રસાયણી મેળવણમાં એક પણ વસ્તુ તેની માત્રામાં ન હોય તો તો જે વસ્તુ બનાવવાની હોય છે તે બનતી જ નથી. આજના ભક્તો વાણીના વિલાસમાં ભક્તિની પરિસીમા સમજતા જોવામાં આવે છે, ને તેથી છેવટે ભક્ત મટી ભ્રષ્ટાચારી થાય છે ને બીજાને ભ્રષ્ટ કરે છે.

બીજું, આકૃતિવાળો મનુષ્ય ભગવાનને કઈ રીતે ને કયાં ભજે? ભગવાન તો સર્વ સ્થળે છે તેથી તેને ભજવાનું સારામાં સારું ને સમજી શકાય તેવું સ્થાન પ્રાણીમાત્ર છે. પ્રાણીમાત્રમાં જે દુ:ખી છે, જે અપંગ છે, જે નિરાધાર છે, તેની સેવા તે ભગવદ્‌ભક્તિ છે. રામનામ ઉચ્ચારણ પણ તે શીખવાને અર્થે હોય. રામનામ જો આમ સેવામાં ન પરિણમે તો તે નિરર્થક છે ને બંધનરૂપ થાય, જેમ ગોવિંદભવનના ભાઈને વિશે થયું.

આ દૃષ્ટાંત ઉપરથી ભક્તમાત્ર ચેતે.

હવે બહેનોને બે બોલ. જે પુરુષ પોતાની પૂજા કરાવે છે તે તો ભ્રષ્ટ થાય જ છે; પણ બહેનો કાં ભ્રષ્ટ થાય? જો બહેનોને મનુષ્યની પૂજા જ કરવી છે તો કાં આદર્શ સ્ત્રીની પૂજા ન કરે? વળી જીવતાની પૂજા શાને સારુ? જ્ઞાની સોલનનું વાક્ય હૃદયમાં કોતરવા યોગ્ય છે: "કોઈ પણ મનુષ્ય જીવતો છતો સારો છે એમ ન કહી શકાય."[૧] આજે સારા તો કાલે નઠારા થયા છે. વળી દંભીને તો આપણે ઓળખી જ નથી શકતા. તેથી જ પૂજા કેવળ ભગવાનની હોય. મનુષ્યની પૂજા કરવી જ જોઈએ તો તેના મૃત્યુ પછી જ હોય. કેમ કે પછી આપણે તેના ગુણની જ પૂજા કરીએ છીએ, તેની આકૃતિની નહીં. પુરુષોએ આ વાત ભોળી બહેનોને આગ્રહ અને વિનયપૂર્વક ફરીફરીને બતાવવાની આવશ્યકતા છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૬–૧–૧૯૨૮

૧. સોલનનું વાક્ય આ પ્રમાણે છે:
"મર્યો નથી ત્યાં સુધી કોઈ માણસને સુખી ન કહો."

Gandhi Heritage Portal

## ૩૫૨. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર

મૌનવાર, મે ૭, ૧૯૨૮

ચિ. મણિલાલ ને સુશીલા,

આ વખતે તમને શું લખું? મારા નૈમિત્તિક કામમાં તો કંઈ જ ખલેલ નથી પડી, કંઈ વિચારો પણ નથી કરતો, છતાં મારી જિંદગી બદલાયેલી હમણાં હું અનુભવી રહ્યો છું. અદૃશ્ય રીતે, અનિચ્છાએ પણ માંહે આંદોલન ચાલી રહ્યું છે. મગનલાલનો આત્મા મારી ઉપર સામ્રાજ્ય ભોગવી રહ્યો છે. તેનું મૃત્યુ મને મીઠું લાગે છે. મારે પહેલું મરવું છે એમ તેણે, મેં, અમે બધાયે માની લીધેલું. પણ તેમ થાત તો તે પિસાઈ જાત એવો વિસ્તાર મારી સામે હું જોયા કરું છું. હવે તે કેમ મર્યાદિત કરી શકાય એ બધા વિચારી રહ્યા છીએ. અમે કોઈ તેને પહોંચી વળશું કે નહીં એ હજુ હું જાણતો નથી. પણ ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખીને બેઠો છું. જેણે આજ લગી વહાણ હંકાર્યું તે હજુ હંકાર્યે જશે. પછી મગનલાલ મરો કે બીજા મરો. આપણે બધા જશું પણ આપણે જે સત્ય વિચારેલું કે આચરેલું હશે તે તો નહીં જ મરે.

બીજાઓને આજે કાગળ લખાય તેમ નથી.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૪૭૩૭

## ૩૫૩. મીરાંબહેનને પત્ર

મે ૭, ૧૯૨૮

ચિ. મીરાં,

તારો પત્ર મળ્યો છે. હું ધારું છું કે હવે તું ત્યાં સારી પેઠે ગોઠવાઈ ગઈ હોઈશ. ગમે તેમ, પણ તારી તંદુરસ્તી માટે જે સગવડ જોઈએ તે મેળવવાનો આગ્રહ રાખજે.

સુધારેલો અનુવાદ હું કાળજીપૂર્વક જોઈ ગયો છું. તે ઘણો સારો છે.

વલ્લભભાઈ ઇચ્છે તો તારે પ્રસંગોપાત્ત તેમની સભાઓમાં જવું જોઈએ.

પ્યાર,

બાપુ

તા. ક.

સુરેન્દ્રે ગઈ કાલે ચર્માલયની જવાબદારી લીધી છે.

શ્રીમતી મીરાંબહેન
સ્વરાજ આશ્રમ
બારડોલી
(સુરત થઈને)

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૩૦૧; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૩૫૪. બ્રજકૃષ્ણ ચાંદીવાલાને પત્ર

મે ૭, ૧૯૨૮

ચિ. બ્રજકૃષ્ણ,

તમારો પત્ર આવ્યો છે. કટિસ્નાન છોડી દેવાની જરૂર નથી. આલમોડા જરૂર જાઓ. દિલ્હીમાં લો છો, તે જ ખોરાક ત્યાં લેજો, પરંતુ ભૂખ વધારે લાગે તો વધારે ખાવામાં કોઈ હરકત નથી.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી: જી. એન. ૨૩૫૭

## ૩૫૫. મોતીલાલ નેહરુને પત્ર

આશ્રમ,
સાબરમતી,
મે ૮, ૧૯૨૮

પ્રિય મોતીલાલજી,

તમારો પત્ર મળ્યો. તમારી ઇચ્છાની વિરુદ્ધ જવાની મારામાં શક્તિ ન હોવાથી, મેં હમણાં જ એવી મતલબનો તાર[1] કર્યો છે કે તમારી ઇચ્છા પ્રમાણે હું મુંબઈમાં હોઈશ. પરંતુ મેં મારા તારમાં કહ્યું છે તે પ્રમાણે અત્યારની ક્ષણે હું સક્રિય સેવા આપી શકું તેવી મારી શ્રદ્ધા નથી. મારા વિચારો એક ગાંડા માણસ જેવા છે. અહીં મગનલાલના મૃત્યુએ મારા ઉપર જબરદસ્ત બોજો નાખ્યો છે; પરંતુ તે એવું કાર્ય છે, જે મને ગમે છે અને જે હું પાકું કરી શકું તો તે આજે નહીં તો ભવિષ્યમાં દેશને માટે બહુ ઉપયોગી થાય એવો પૂરો સંભવ છે. અને મુંબઈ આવીને માત્ર એક દિવસમાં હું ત્યાં કશુંક કરી શકીશ એવી વ્યર્થ આશા સેવીને અહીંના કામથી મારી જાતને અલગ કરવી એ વિચાર પણ મને આનંદપ્રદ લાગતો નથી. પરંતુ તમે તમારી આજ્ઞા રદ ન કરો તો ૧૯મીએ[2] તમે મને મુંબઈમાં જોશો.

૧. આ મળી શક્યો નથી.

૨. ૩ મે, ના તેમના પત્રમાં મોતીલાલ નેહરુએ લખ્યું હતું: "ડૉ. અનસારીએ કૉંગ્રેસ કારોબારીની બેઠક ૧૯મી મેએ ભરવા જવાહરને સૂચના આપી છે. . . . કારોબારી સમિતિ જ પરિસ્થિતિનાં જુદાં જુદાં પાસાં ઉપર સંપૂર્ણ રીતે વિચારણા કરશે અને અત્યારની ક્ષણે દેશના શ્રેષ્ઠ હિતમાં શું કરવું તેનો નિશ્ચય કરશે. આપણે આ પ્રમાણે નિર્ણય કરી લઈશું ત્યાર પછી જ, સર્વપક્ષ પરિષદ કે જે કોઈ પક્ષની પરિષદ રચાય તેની આગળ આપણી દૃઢ માન્યતામાંથી જન્મેલ શ્રદ્ધાને જોરે આપણે આપણા વિચારો ભારપૂર્વક રજૂ કરી શકીશું. . . . આવી બેઠકો ચાલતી હોય ત્યારે તમારી હાજરી મુંબઈમાં હોય એટલું જ અત્યારે તો ઇચ્છું છું. તેથી જે લોકોને તમારી સલાહ લેવાની ઇચ્છા હોય તેઓ તમને મળી શકે."

Gandhi Heritage Portal

તમે ઉલ્લેખ કરો છો એવાં કોઈ પણ મોટાં રાજકીય મંડળને સ્વરાજ્ય માટેનું બંધારણ ન જોઈતું હોય, તો તેમાં આપણે શું કરી શકીશું? આપણે તેમના ઉપર કોઈ પણ પરિસ્થિતિ ઠોકી બેસાડી શકીશું નહીં; કારણ કે કોઈને મંત્રમુગ્ધ કરવાની આપણાથાં શક્તિ નથી.

ધારાસભા દ્વારા થતા કોમી પ્રશ્નના નિરાકરણમાં મને શ્રદ્ધા નથી. અને લગભગ દરેક વિષય ઉપરના મારા આકરા વિચારોને કોણ સાંભળશે? પરંતુ આ મારા વિચારોને બાજુએ રાખીએ તોપણ જ્યાં સુધી મુંબઈનાં મિલનમાં આપણે પ્રતિનિધિત્વપૂર્ણ હાજરી ન મેળવી શકીએ, ત્યાં સુધી તો ત્યાં ભેળા મળવામાં ડહાપણભરી રાજદ્વારી કુનેહ છે ખરી? તેથી આ મિલન પહેલાં એક વાત નક્કી કરી નાખવાની જરૂર છે કે જેઓ આ મિલનમાં હાજરી આપે એમ આપણે સૌ ઇચ્છીએ છીએ; તેઓ એમાં આવશે કે કેમ તેની ખાતરી કરી લેવી; અને જો તેમના ઉત્તરો નકારમાં આવે તો કેવળ ભવિષ્યનો કાર્યક્રમ નક્કી કરવા માટે કૉંગ્રેસની કારોબારી સમિતિની સભા બોલાવવી. તેની યોગ્યાયોગ્યતાની ખાતરી વગર જ આ સૂચન હું કરું છું. પરિસ્થિતિથી સંપૂર્ણ રીતે વાકેફ ન હોઈ, હું જાણું છું કે મારા અભિપ્રાયને બહુ વજન ન આપાવું જોઈએ. એક માત્ર તમે જ તેના નિર્ણાયક હોઈ શકો.

મિલોની બાબતમાં મળશું ત્યારે.

તમારો સહૃદયી

પંડિત મોતીલાલ નેહરુ
આનંદ ભવન
અલ્લાહાબાદ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૨૧૮

## ૩૫૬. મીરાંબહેનને પત્ર

[મે ૯, ૧૯૨૮][૧]

ચિ. મીરાં,

તારો પત્ર મળ્યો. પાછળથી પૂરતી તકેદારી રાખી શકે તો ઠંડા પાણીનું સ્નાન કરવામાં કશી ચિંતા નહીં. જે સંજોગો તેં વર્ણવ્યા તે જોતાં આ સ્નાન લગભગ અનિવાર્ય હતું. ભવિષ્યમાં એ યાદ રાખવું ઠીક કે આવા સંજોગોમાં સ્નાન કરતાં સ્પંજ કરવું વધારે સારું છે. પ્યારેલાલને કહેજે તે મને પત્ર લખે. છોટેલાલ તેમના કામ ઉપર ચડી ગયા છે.

બાપુ

[મૂળ અંગ્રેજી]
મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૩૦૨; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

૧. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

# ૩૫૭. મિલનું કાપડ વિરુદ્ધ ખાદી

એક મિત્ર આ ભાવનો કાગળ લખે છે:

> કેટલાયે મહાસભાવાદીઓ આજકાલ ખાદીની સાથે સાથે મિલના સ્વદેશી કાપડના ઉપયોગની પણ હિમાયત કરી રહ્યા છે. મહાસભાની ખાદીની દુકાનોમાં મિલના કાપડને સ્થાન આપવાની પણ હિલચાલ ચાલી રહી છે. આ બાબતનો આપનો સ્પષ્ટ અભિપ્રાય ન દર્શાવો? આપનો અભિપ્રાય શો છે તે હું જાણું છું, પણ મહાસભાના બધા કાર્યકર્તાઓ જાણતા નથી. બહિષ્કારની હિલચાલમાં મિલનું સ્વદેશી કાપડ કેટલો અને કેવો હિસ્સો લઈ શકે એ વિશેના આપના હમણાંના લેખો લક્ષમાં લઈને તો આપના માર્ગદર્શનની તેમને ખાસ આવશ્યકતા હોય.

ખાદી વિશેના મહાસભાના ઠરાવોનો એક જ અર્થ થઈ શકે એમ છે, બીજો અર્થ શક્ય જ નથી. એટલે જેમને તે ઠરાવો પાળવા હોય તેમને માટે તો મિલોમાં બનેલું કપડું વાપરવાનું છોડવા સિવાય બીજો રસ્તો નથી. પણ આજકાલ જે અરાજક ઊભરાઈ રહ્યું છે તે જોતાં મહાસભાવાદીઓના અમુક વર્તનના બચાવમાં અથવા વિરોધમાં મહાસભાના ઠરાવો ટાંકવાનો કશો અર્થ રહેતો નથી.

એટલે મહાસભાવાદીઓ પરદેશી કાપડને બદલે મિલનું કાપડ વાપરી શકે કે તેની ફેરી કરી શકે કે કેમ એ પ્રશ્નનો ફરી વિચાર કરીએ. બંગાળનો અનુભવ આપણે જાણીએ છીએ. બંગભંગ વખતની બંગાળની સ્વદેશી હિલચાલ મિલમાલિકોના લોભ અને અપ્રામાણિકતાને લીધે અટકી પડી હતી. તેમણે ભાવો વધારી દીધા હતા, અને સ્વદેશીને નામે પરદેશી કાપડ પણ ઠસાવી દીધું હતું. આજના અવસરે તેઓ વધારે સારી રીતે વર્તશે એમ માનવાને કશો આધાર નથી. ઊલટું, ખોટી ખાદી વિશે જે હકીકતો મેં બહાર પાડી છે તે બતાવે છે કે મિલો સ્વદેશી ભાવનાનો કાપડ વાપરનારાઓના વિશાળ હિતને અર્થે નહીં પણ પોતાના સંકુચિત હિતને અર્થે દુરુપયોગ કરવામાં વિલંબ કરશે નહીં.

પણ જો મિલો સરખી રીતે વર્તે તોપણ મહાસભાવાદીઓને મિલનું કાપડ વાપરવાની અથવા તેની જાહેરાત કરવાની કશી જરૂર નથી. મિલો સરખી રીતે વર્તે એટલે તેઓ ખાદીની જાહેરાત કરે અને વેચે, તેઓ ખાદીની ભાવનાને પી જાય, અને મિલકાપડ કરતાં ખાદી ચડિયાતી છે એમ સ્વીકારે.

એટલું તો સ્પષ્ટ સમજી લેવાની જરૂર છે કે મિલવાળા ઇચ્છે તોપણ એકલી મિલો આપણા જમાનામાં પરદેશી કાપડનો બહિષ્કાર કરી શકે એમ નથી. એટલે પરદેશી કાપડના બહિષ્કારને માટે દેશમાં એવા કોઈ સંગઠનની જરૂર છે જે કેવળ ખાદીપ્રચારમાં જ પોતાની શક્તિનો ઉપયોગ કરતું હોય. એ સંગઠન સને ૧૯૨૦થી મહાસભા છે. ખાદી ઉત્પત્તિ અને ખાદી પ્રચાર આપોઆપ મિલોના લોભ ઉપર અંકુશ મૂકે છે, અને — કદાચ એમ કહેવું વિચિત્ર લાગતું હોય તોપણ — મિલોને પરદેશી કાપડની સાથેની હરીફાઈને પહોંચી વળવામાં આડકતરી રીતે પણ ઘણી જ અસરકારક રીતે ઉત્તેજન આપે છે. મહાસભાવાદીઓ ખાદીના જ ભક્ત બનશે તો ખાદીનો પાયો કાયમ થશે, અને જ્યાં મહાસભાની ખાસ અસર પડતી ન હોય ત્યાં મિલોને પોતાના

Gandhi Heritage Portal

કાપડનો પ્રચાર કરવાનું અનુકૂળ કરી મૂકશે. એટલે જ મિલોએ ખાદીના પ્રચારનો કદી વિરોધ કર્યો નથી. ઊલટું, મિલોના ઘણા એજન્ટોએ મને ખાતરી આપી છે કે ખાદીપ્રચારથી તેમને લાભ થયો છે, કારણ એ પ્રચારથી વિદેશી કાપડના બહિષ્કારનું વાતાવરણ ઉત્પન્ન થયું છે, અને તેમનું જાડું કાપડ વેચવાની તેમની સુગમતા થઈ છે. ખાદીનો આત્યંતિક પ્રચાર બંધ કરો, મિલ-કાપડની સાથે ખેલ ખેલો, અને તમે જોશો કે તમે ખાદીનો નાશ કરશો, એટલું જ નહીં પણ જતે દિવસે મિલકાપડનો પણ નાશ કરશો, કારણ તે પોતાને એકલે બળે પરદેશી કાપડની સામે ટક્કર ઝીલી શકે એમ નથી. દેશી અને પરદેશી મિલોની હરીફાઈમાં, જો ખાદીભાવના ન હશે તો શુદ્ધ સ્વદેશી ભાવનાની હૂંફ વિના તે હરીફાઈ પડી ભાંગશે.

આખરે આ વાત પણ બીજીના જેટલી જ મહત્ત્વની છે કે ખાદીની અગણિત કિંમત દેશવ્યાપી લોકશિક્ષણને, લોકજાગૃતિને અને વધતા જતા ભૂખમરાને સારી રીતે પહોંચી વળવાની તેની શક્તિમાં રહેલી છે. મિલનું કાપડ આમવર્ગને કશું જ કામ નથી આપતું, કશી જ આર્થિક મદદ નથી કરતું, ત્યારે ખાદીનો એકેએક વાર આમવર્ગને કામ અને પૈસો આપે છે, અને કામ અને રોજીને અભાવે થતા તેમના બેવડા નાશને અટકાવે છે. એટલે દરેક દેશહિતચિંતક દેશભક્તનો ખાદીના આત્યંતિક ઉપયોગ અને પ્રચાર વિના છૂટકો નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १०–५–१९२८

ભાષાંતર : नवजीवन, १३–५–१९२८

## ૩૫૮. મિલમાલિકોના લોભ વિશે વધુ

મિલો ખોટી ખાદી ઉત્પન્ન કરે છે તેના આંકડા પેલે દિવસે મેં આપ્યા હતા તે નવ મહિનાના હતા. હવે મારી પાસે દશ મહિનાના આંકડા આવ્યા છે.[1] જુઓ વસ્તુસ્થિતિ પોકારીને કહેનારા એ અજબ આંકડા :

**ખાદી ડુંગરી અથવા ખદ્દર નામથી ઉત્પન્ન થતા કાપડના એપ્રિલથી જાન્યુઆરીના આંકડા**

| | ૧૯૨૫–૨૬ | ૧૯૨૬–૨૭ | ૧૯૨૭–૨૮ |
|---|---|---|---|
| રતલ | ૨,૫૮,૨૨,૪૪૨ | ૩,૧૧,૯૧,૧૬૯ | ૩,૭૦,૩૬,૨૦૬ |
| વાર | ૭,૩૨,૪૪,૨૩૮ | ૮,૫૪,૩૧,૬૧૧ | ૧૦,૩૦,૬૧,૦૭૨ |

આ બતાવે છે કે મિલોએ દર મહિને ઓછામાં ઓછી એક કરોડ વાર ખાદી ઉત્પન્ન કરી, એટલે ૨૦ લાખ રૂપિયાની ખાદી ઉત્પન્ન કરી, એટલે આજે એક વર્ષમાં જેટલી શુદ્ધ ખાદી ઉત્પન્ન થાય છે તેટલી ઉત્પન્ન કરી. આનો અર્થ એ થાય છે કે ભૂખે મરતા કરોડો લોકોને મદદ કરવાને માટે યોજાયેલી હિલચાલ દ્વારા ગરીબના ખિસ્સામાં પડતા પૈસા છીનવી લેવા જેવું થાય છે. અધમતાની આ અવધિ છે. મિલમાલિકોએ જો ખાદીને ગેરવાજબી અને અપ્રામાણિક હરીફાઈથી મારી નાખવાને બદલે અપનાવી હોત તો તેમણે દેશની સેવા કરી હોત.

૧. જુઓ "એક મિલમાલિકના વિચારો", ૫–૪–૧૯૨૮.

Gandhi Heritage Portal

પણ તેમણે તો કેટલાક વેપારીઓ બનાવટી ઘીને શુદ્ધ ઘી તરીકે વેચીને ભોળા લોકોને ઠગે છે તેવી ઠગબાજી ચલાવી. સરકારની જેમ તેમણે લોકોના અજ્ઞાનની ઉપર વેપાર કર્યો, અને એવી ઠગબાજીનો ધંધો કરનારા બધાને જેમ ખબર પડી છે તેમ એ મિલવાળાઓને પણ ખબર પડશે કે આ વેળા તેમની ઠગબાજી ન ચાલે. કેટલાક લોકોની આંખમાં હમેશાં ધૂળ નાખવી ભલે શક્ય હોય, બધા લોકોની આંખમાં બધો વખત ધૂળ નાખવી અશક્ય છે. મૂડીવાળાઓને પોતાના ઉત્કર્ષને માટે અપ્રામાણિક થવાની કશી જ જરૂર નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १०–५–१९२८

ભાષાંતર : नवजीवन, १३–५–१९२८

## ૩૫૯. સંસ્કૃતિની વિનાશક કૂચ (?)

આ લખી રહ્યો છું તે સમયે (૧૯૧૭), જોકે પરદેશી કાપડ શાન રાજ્યમાં કેટલેક અંશે આયાત થઈ રહ્યું છે, છતાં શાન સ્ત્રીઓમાં પોતાનાં તેમ જ કુટુંબીજનોનાં કપડાં જાતે જ વણી લેવાનો રિવાજ છે. . . . જે રૂમાંથી કપડાં બનાવવામાં આવે છે, તે પણ સ્થાનિક ઉગાડવામાં આવે છે, અને તેમાંથી જ બહેનો કપડાં તૈયાર કરે છે. . . .શાનનાં ગામડાંઓમાં લગભગ દરેક ઘરમાં કેટલીક વાર વાંસમાંથી બનાવેલી, તો કેટલીક વાર ભારે લાકડામાંથી બનાવેલી હાથસાળો હોય છે; અને તે સાધારણ રીતે રહેવાના ઓરડા હેઠળની ખુલ્લી જગ્યામાં જમીન પર રાખવામાં આવે છે. કાચું રૂ, કાલાંને સૂર્યપ્રકાશમાં સૂકવીને તૈયાર કરવામાં આવે છે અને તેની અંદરના કપાસિયા સામાન્ય રીતે વપરાતા બે રોલરવાળા નાના ચરખામાંથી રૂને પસાર કરીને છૂટા પાડવામાં આવે છે. ત્યાર પછી વાયોલિનના ગજ જેવા આકારના સાધન વડે ફરતી ટોપલીમાં મૂકેલા રૂને ઉડાડીને એ રીતે અમુક અંશે પીંજાયેલા રૂને એકઠું કરવામાં આવે છે. આ રીતે રૂના તંતુઓ છૂટા પાડ્યા પછી તેમાંથી પૂણી બનાવવામાં આવે છે. ત્યાર પછી પૂણીને ૮ ઇંચ લાંબી અને ⅛ ઇંચ જાડી લાકડી ઉપર વીંટવામાં આવે છે અને તેનું જેમાં એકી સાથે અનેક તાર કંતાય છે એવા કાંતવાના સંચા વડે સૂતરમાં રૂપાંતર કરવામાં આવે છે. "શાન અને કાચીબ જિલ્લાની बर्मिझ ટેક્સ્ટાઈલમાંથી" . . . લૉરા ઇ. સ્ટાર્ટ, ૧૯૧૭ની બૅન્ક ફિલ્ડ સંગ્રહસ્થાનમાંની નોંધ.

જે જાતનું જીવન આપણે જીવી રહ્યા છીએ તે તરફ આપણને ધકેલી દેનાર આજની ઉન્માદક કેળવણીની સંમોહક અસર જો આપણા પર ન હોત, તો લોકોની ચંચળ ભૌતિક સ્થિતિ સુધારવાની દૂર દૂરની, મોઘમ અને ઘણી વાર વ્યર્થ લાલસામાં, તેમના હાથમાંથી હાલના પ્રામાણિક ધંધા ઝૂંટવી લેવાના કામને આપણે પાપ માન્યું હોત. સંસ્કૃતિનો અર્થ જો સત્ત્વનો ખ્યાલ રાખ્યા વિનાનું ખાલી બાહ્ય રૂપાંતર હોય, તો તે શંકાસ્પદ મૂલ્યવાળી વસ્તુ જ ગણાય. અને છતાં શ્રીયુત બાલાજીરાવે મોકલેલો ઉપરના ફકરાનો અર્થ એવો જ થાય છે. વેપારવણજની સુધારક અસરના અંચળા હેઠળ બ્રહ્મદેશની નિર્દોષ પ્રજાને ગરીબ બનાવવામાં આવી રહી છે અને તેને પશુની દશામાં ધકેલવામાં આવી રહી છે. શ્રીયુત મધુસૂદન દાસે એક સ્થળે બતાવી

Gandhi Heritage Portal

આપ્યું છે તે પ્રમાણે જે લોકો માત્ર ઢોરઢાંખર સાથે રહીને કામ કરે છે પરંતુ હાથઉદ્યોગ છોડીને હાથની કારીગરીને વીસરી જાય છે, તેઓ માત્ર શરીરથી જ કંગાળ નથી બનતા પરંતુ મનથી પણ કંગાળ બને છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १०–५–१९२८

## ૩૬૦. બહેરામજી ખંભાતાને પત્ર

મે ૧૦, ૧૯૨૮

ભાઈશ્રી ૫ ખંભાતા,

તમારો કાગળ મળ્યો છે. તમારા તારને વિશે તો હું લખી ચૂક્યો છું. બેટા જાલને વિશે કશું દુ:ખ ન માનજો. તેનો આત્મા તો અમર છે. વળી તે તો ખૂબ ચડેલો આત્મા હતો એટલે તે તો હાલ જ્યાં હોય ત્યાં સુખમાં જ છે. દુ:ખ માનીએ તો તે કેવળ આપણા ક્ષણભંગુર સ્વાર્થનું જ છે. તમારી તબિયત સારી કરી શકાય તો કરજો. કયુનેના કોઈને હું ઓળખતો નથી. તમારા જોવામાં તેનું સ્થાન આવે તો તે તો જે બીજાનું કરતા હશે તે તમારું પણ કરશે. મારા સામાન્ય કાગળનો ઉપયોગ તો કરાય જ.

તમને બંનેને,

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૭૫૪૦

## ૩૬૧. મિસિસ ઈ. બ્યેરમને પત્ર

આશ્રમ,

સાબરમતી,

મે ૧૧, ૧૯૨૮[૧]

આજે મારે તમારા પ્રશ્નોના ઉત્તરો આપવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આશ્રમની પ્રાર્થના વિશે તમે જે કહો છો તે મોટે ભાગે સાચું છે. હજી પણ એ આત્મા વગરની ઔપચારિક વસ્તુ છે, પરંતુ હું એને એટલા માટે ચાલુ રાખી રહ્યો છું કે મને આશા છે કે તે એક દિવસ આત્મસભર વસ્તુ બની જશે. પશ્ચિમમાં કે પૂર્વમાં માનવસ્વભાવ લગભગ સરખો જ હોય છે. તેથી મને આશ્ચર્ય થતું નથી કે પૂર્વની પ્રાર્થનામાં તમને કશું વિશિષ્ટ દેખાતું નથી; ઘણુંખરું આશ્રમની પ્રાર્થના થોડું પૂર્વનું અને થોડું પશ્ચિમનું મિશ્રણ જ છે. પશ્ચિમમાંથી

૧. પત્ર મેની ૧૦મીએ લખાવાયો હશે અને એ ફરી વંચાઈને બીજે દિવસે રવાના થયો હશે એમ જણાય છે.

Gandhi Heritage Portal

જે કંઈ સારું હોય તે લેવા સામે તેમ જ પૂર્વમાં જે કંઈ ખરાબ હોય તે છોડી દેવા સામે મારા મનમાં કોઈ પૂર્વગ્રહ ન હોવાથી, આ પ્રાર્થનામાં બંને દૃષ્ટિનું સહજ મિશ્રણ છે. સમૂહ-જીવન માટે સામુદાયિક પ્રાર્થના જરૂરી છે; અને તેથી તેનું કોઈ સ્વરૂપ હોવું પણ આવશ્યક છે. તે કારણસર તેને દંભપૂર્ણ કે નુકસાનકારક ન ગણવી જોઈએ. આવી સામૂહિક પ્રાર્થનાનો સંચાલક સારો માણસ હોય, તો એ પ્રાર્થનાસભાનું વાતાવરણ સામાન્ય રીતે સારું જ હોય છે. આવી સામૂહિક પ્રાર્થનાઓમાં પ્રામાણિકપણે અને બુદ્ધિપૂર્વક ભાગ લેવાથી બેશક ઊંડી આધ્યાત્મિક અસર થાય છે. સામૂહિક પ્રાર્થનાનો હેતુ વ્યક્તિગત પ્રાર્થનાનું સ્થાન પચાવી પાડવાનો નથી. તમે કહ્યું તેમ વ્યક્તિગત પ્રાર્થના તો હૃદયપૂર્વકની અને અનૌપચારિક હોવી જોઈએ. એ વખતે જ તમે અનંત સાથે એકતાલ અનુભવી શકો છો; સામૂહિક પ્રાર્થના અનંત સાથે એકતાન થવામાં સહાયક છે. કારણ કે મનુષ્ય એક સામાજિક પ્રાણી છે અને જ્યાં સુધી સમાજ પ્રત્યેની પોતાની ફરજ તે ન બજાવે, ત્યાં સુધી તે ઈશ્વરને શોધી ન શકે. અને કદાચ સમૂહ પ્રાર્થનામાં હાજર રહેવાની ફરજ તેને માટે સૌથી મહત્ત્વની છે. એ આખા સમૂહના હૃદયને શુદ્ધ કરનારી પ્રક્રિયા છે. પરંતુ દરેક માનવરચિત સંસ્થાની માફક, જો માણસ સંભાળ ન રાખે તો, અવશ્ય આવી પ્રાર્થનાસભાઓ ઔપચારિક અને દંભી પણ બની જાય છે. માણસે આવી પ્રાર્થનામાં ઔપચારિકતા અને દંભ ન પ્રવેશે, તેને માટેની પદ્ધતિઓ ખોળી કાઢવી જોઈએ. બધી, ખાસ કરીને આધ્યાત્મિક, બાબતોમાં છેવટે તો વ્યક્તિની અંગત રુચિ જ મહત્ત્વની છે.

પ્રાર્થનાનું હાજરીપત્રક કોઈ સામાન્ય હાજરીપત્રક નથી; એ તો દૈનિક યજ્ઞનાં એટલે ત્યાગનાં પરિણામોની નોંધ હોય છે. પોતે કેટલું કાંત્યું છે તે દરેક જણ કહે છે. કાંતણ પાછળ યજ્ઞની ભાવના રહેલી છે. એની પાછળ કરોડોની સેવા દ્વારા ઈશ્વરદર્શન કરવાનો વિચાર રહેલો છે. પ્રત્યેક દિવસ પૂરો થતાં પહેલાં દરેક આશ્રમવાસી સ્ત્રીપુરુષે પોતાના વચન પ્રમાણેનું યજ્ઞકાર્ય પૂરું કર્યું છે કે નહીં તેનો એકરાર કરવો જરૂરી ગણાય છે. તેથી એ પ્રાર્થના પછીનું કામકાજ નથી. પરંતુ પ્રાર્થનાને સંપૂર્ણ બનાવનારી વિધિ છે. પ્રાર્થનાની શરૂઆતમાં એ કાર્ય કરવામાં આવતું નથી, કારણ કે જેઓ મોડા પડે છે, તેમને આ કાર્યક્રમ પાછળ રાખવાથી, પોતાનો એકરાર રજૂ કરવાની તક મળે. એ પણ યાદ રાખવું જરૂરી છે કે આ યજ્ઞ છાની રીતે કરવાનો યજ્ઞ નથી. એ ખુલ્લી રીતે કરવાનો યજ્ઞ છે.

જેમ કૃષ્ણ, બુદ્ધ, મહંમદ અને જરથુષ્ટ્રના સંદેશ માનવહૃદયની આકાંક્ષાના પ્રત્યુત્તર છે, તેમ ખ્રિસ્તી ધર્મ અથવા ઈશુ ખ્રિસ્તનો સંદેશ પણ એવો એક પ્રત્યુત્તર જ છે, એવો મારો અભિપ્રાય છે. આ બધા સંદેશ જુદી જુદી જગ્યાએ અને જુદે જુદે વખતે યોજાયા અને અપાયા હોવા છતાં તે સાર્વત્રિક મૂલ્ય પણ ધરાવે છે. પ્રત્યેક સંદેશ તેના જમાનાની ખાસ જરૂરિયાત પ્રમાણે કોઈ એક વસ્તુ ઉપર બીજા કરતાં વિશેષ ભાર મૂકે છે. ધર્મનિષ્ઠ માણસ આ બધા સંદેશાનો લાભ લેતાં અચકાશે નહીં અને પોતાની વૃત્તિ પ્રમાણે તે એક કરતાં બીજામાંથી વધારે પ્રેરણા મેળવશે.

હું અવશ્ય માનું છું કે નૈતિક કાર્યો અને તેની નૈતિક અસરની ગૂઢ સુંદરતા જોવામાં જ સાચી કલા રહેલી છે, અને તેથી જ સૌંદર્ય અથવા કલાને નામે લોકો જે બધું સ્વીકારે છે, તેમાં કદાચ કલા પણ હોતી નથી ને સૌંદર્ય પણ હોતું નથી.

Gandhi Heritage Portal

હું ધારું છું કે મેં તમારા બધા પ્રશ્નોના જવાબ આપી દીધા છે. જો કોઈ પણ પ્રશ્નનો ઉત્તર ભુલાઈ ગયો હોય, તો મને જણાવશો અને મારા ઉત્તરોમાં ક્યાંય હું અસ્પષ્ટ હોઉં કે મેં અજાણતાં કંઈ વાત ટાળી હોય એમ લાગે તો અવશ્ય લખશો.

તમને બંનેને પ્યાર.[1]

તમારો સહૃદયી

મિસિસ ઈ. બ્યેરમ
યુનાઈટેડ થિયૉસૉફિકલ કૉલેજ
બૅંગલોર

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૨૨૧ અને ૧૫૩૬૫

## ૩૬૨. મેરી જે. કૅમ્પબેલને પત્ર

આશ્રમ,
સાબરમતી,
મે ૧૧, ૧૯૨૮

બહેનશ્રી,

તમારો માયાળુ પત્ર મળ્યો છે, એ બદલ હું તમારો આભાર માનું છું.

દારૂબંધીમાં માનતી બહેનોના વિશ્વસંમેલનને હું એક જ સંદેશો આપવાનું વિચારી શકું અને તે એ કે જ્યાં બહેનો મારફત દારૂબંધીની ચળવળ ચલાવવામાં આવતી હોય એવા દરેક દેશની હકીકતોનો આ સંમેલનમાં ભેગી થયેલી બહેનો અભ્યાસ કરે. એ પછી જ તેઓ તેનો યોગ્ય ઉકેલ લાવી શકશે. કારણ કે મને સમજાયું છે કે સુધારણાની ઘણીયે હિલચાલો પાછળ આવી હકીકતોનો પાયો જ હોતો નથી. એ બાબતમાં હું હિંદુસ્તાનનો દાખલો જ આપું છું. દારૂ-નિષેધ અર્થે કાર્ય કરતી ઘણી જ થોડી સંસ્થાઓ એ વાતથી વાકેફ છે કે હિંદમાં લોકો નહીં પણ હાલની સરકારની નીતિ જ સંપૂર્ણ દારૂબંધીને રોકી રહી છે.

મને પડેલી ખોટ વખતે તમે જે સહાનુભૂતિ દર્શાવી છે, તે બદલ હું તમારો આભાર માનું છું અને કોક દિવસે આપણે મળીશું એવી તમારી ઈચ્છામાં હું મારો સૂર પુરાવું છું.

તમારો સહૃદયી

મિસ મેરી જે. કૅમ્પબેલ
દિલ્હી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૨૨૦

૧. પુ. ૩૪, પા. ૧૫૫–૬ પણ જુઓ.

Gandhi Heritage Portal

## ૩૬૩. એસ. ગણેસનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
મે ૧૧, ૧૯૨૮

પ્રિય ભાઈ ગણેસન,

તમે જે યાદી માગી છે, તે બાધ ન હોય તો તમને પૂરી પાડવા હું યંગ इन्डियाના વ્યવસ્થાપકને કહું છું.

જો તમે પૂરતા મિત્રોનો ટેકો મેળવી શકો, તો આ પેઢીને લિમિટેડ કંપનીમાં ફેરવી નાખવામાં હું કશો વાંધો જોતો નથી. ભારે વ્યાજની લોન લઈને તમે આ વ્યવસાય ચાલુ રાખો એ વિચાર સાથે હું સંમત થઈ શકતો નથી.

મિ. ગ્રેગના પુસ્તકનો બોજો તમારા ખભા ઉપરથી ઉઠાવી લેવા વિશે મેં કહ્યું હતું તેનો અર્થ એ હતો કે તે તમને કંઈ મદદરૂપ થાય. એમ હોય તો તે પુસ્તકો ખરીદી લેવામાં આવે એવી વ્યવસ્થા કરવા પ્રયત્ન કરું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૨૨૧–એ

## ૩૬૪. એની મેરી પિટર્સનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
મે ૧૧, ૧૯૨૮

પ્રિય વહાલાં પિટર્સન,

તમારો પત્ર મળતાં આનંદ થયો. હું જાણું છું કે તમે સ્નેહને કારણે જ લખતાં નહોતાં; સ્નેહ નથી એટલા માટે નહીં. મને તમે વારંવાર યાદ આવો છો.

જો હું આ વિશ્વને ઈશ્વરવિહીન અને માનવસૃષ્ટિને હેતુવિહીન ગણું તો મગનલાલનું મૃત્યુ જરૂર એક મોટો પ્રહાર છે; પરંતુ જ્યારે હું અનુભવું છું કે પ્રત્યેક વસ્તુમાં ઈશ્વરનો હાથ છે, ત્યારે વિષાદ પોતે આનંદમાં પલટાઈ જાય છે અને મને વધારે મહાન સેવા માટે, વધારે મહાન સમર્પણ માટે પ્રોત્સાહન આપે છે.

તમારો સહૃદયી

મિસ મેરી પિટર્સન
કોડાઈ કૅનાલ

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૨૨૨



Gandhi Heritage Portal

## ૩૬૫. શચીન્દ્રનાથ મિત્રને પત્ર

આશ્રમ,
સાબરમતી,
મે ૧૧, ૧૯૨૮

ભાઈશ્રી,

મને તમારો પત્ર મળ્યો છે. વિદ્યાર્થીઓને હું માત્ર એટલું જ કરવાની સલાહ આપી શકું તેમ છું કે જેમને ખર્ચે તેઓ સરકારી શાળાકૉલેજોમાં ભણે છે તે ગરીબમાં ગરીબ લોકો સાથે જો તેઓ તાદાત્મ્ય સાધવા માગતા જ હોય તો ખર્ચ અને પરિણામોનો વિચાર કર્યા વગર તેમણે હિંમતપૂર્વક જ ખાદી અને કાંતણ અપનાવવાં જોઈએ.

તમારો સહૃદયી

શ્રીયુત શચીન્દ્રનાથ મિત્ર
૫/૨ કાન્તાપુકુર લેન
બાગ બઝાર
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૬૦૦

## ૩૬૬. દેવચંદ પારેખને પત્ર

મે ૧૧, ૧૯૨૮

ભાઈ દેવચંદભાઈ,

ભાઈ ભગવાનજી આવ્યા હતા તે કહે છે કે ભાઈ રેવાશંકર અને મનસુખભાઈનાં પત્ની વચ્ચે તકરાર વિશે પંચ નિમાય તો ઠીક. પંચના નામમાં કૃષ્ણાલાલ ઝવેરીનું નામ સૂચવે છે અથવા તમે ઇચ્છો તે. આ સૂચના તો તમે કબૂલ કરશો જ એમ માની લઉં છું.

બાપુના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૫૬૯૯

Gandhi Heritage Portal

## ૩૬૭. મીરાંબહેનને પત્ર

મે ૧૧, ૧૯૨૮

ચિ. મીરાં,

તારો તાવ ગયો છે એ જાણી આનંદ થયો. તારે સુદૃઢ બનવું જ જોઈએ. અને તારું વજન મને મોકલવું. તું ત્યાં વલ્લભભાઈના કારભાર નીચે છે. જો તેમને તારી જરૂર પડે તો તું ત્યાં રહી શકે છે અને તેઓ ઇચ્છે તેટલા પ્રમાણમાં તું લડતમાં પણ ભાગ લઈ શકે છે. અગાઉ નક્કી કર્યું છે તે કરતાં તારે ત્યાં વધારે વાર રોકાવાનું હોય, તો તારી વસ્તુઓ લેવા માટે તારી ઇચ્છા હોય ત્યારે તું આવી શકે.

પ્યાર.

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૩૦૩; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૩૬૮. ટી. બી. કેશવરાવને પત્ર

આશ્રમ,
સાબરમતી,
મે ૧૨, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો કાગળ મને મળ્યો છે. આખાયે હિંદુસ્તાનમાં ઠેરઠેર મારી માન્યતા મુજબનાં આદર્શ દુગ્ધાલયો અને ચર્માલયો સ્થપાય તો મને બીજા કશાથી ન થાય એટલો આનંદ થાય. પરંતુ કમનસીબે જે ગૌશાળાઓ અત્યારે અસ્તિત્વ ધરાવે છે, તેને પણ મારા દૃષ્ટિબિંદુ પ્રમાણે ફેરફાર કરી ચલાવવાનું શક્ય બન્યું નથી. મેં તેમને વારંવાર વ્યક્તિગત રીતે પત્રો લખ્યા છે, તોપણ તેમના તરફથી મારા મંત્રીને જરૂરી વિગત પૂરી પાડવા પૂરતો પણ જવાબ આપવામાં આવ્યો નથી.

તમે યંગ ઇન્ડિયામાં જોઈ શકો છો તે પ્રમાણે આ કાર્ય માટે આર્થિક સહાય પણ બહુ સાંપડતી નથી. જે કંઈ નક્કર સહાય મળે છે, તે જાહેર જનતા પાસેથી નહીં પણ વ્યક્તિગત મિત્રો પાસેથી મળે છે. પ્રત્યેક દાનની રકમ અને સૂત્રદાન યંગ ઇન્ડિયાનાં પૃષ્ઠોમાં અમુક સમયે પ્રસિદ્ધ કરવામાં આવે છે. આશ્રમનાં ગૌશાળા તથા ચર્માલય બંને અમુક અંશે ભેગા કરેલા ફંડમાંથી ચલાવવામાં આવે છે.

હું ધારું છું તમારા બધા પ્રશ્નોના જવાબ આમાં આવી જાય છે.

તમારો સહૃદયી

શ્રીયુત ટી. બી. કેશવરાવ
પ્રાણીદયા જ્ઞાનપ્રસારક સંઘ
દેવનગર
મૈસૂર રાજ્ય

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૨૨૩ તથા જી. એન. ૧૬૧

Gandhi Heritage Portal

## ૩૬૯. નિરંજનસિંહને પત્ર[1]

મે ૧૨, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો. મારા સત્યના પ્રયોગો પુસ્તકનું પંજાબી ભાષાંતર પ્રગટ કરવામાં કશો બાધ ન હોઈ શકે. પરંતુ તેમાંથી કોઈ પણ વસ્તુ છોડી ન દેવી જોઈએ.

તમારો

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૨૧૫

## ૩૭૦. મોતીલાલ નેહરુને પત્ર

આશ્રમ,

સાબરમતી,

મે ૧૨, ૧૯૨૮

પ્રિય મોતીલાલજી,

આશ્રમમાં ગાળેલો પ્રત્યેક દિવસ મારે માટે હમણાં કીમતી છે એટલે હું ચાલુ માસની ૧૬મી નહીં પણ ૧૭મી તારીખે મુંબઈ પહોંચવા ધારું છું. જવાહર પણ હું એથી વધારે વહેલો મુંબઈ આવું એમ અપેક્ષા રાખતા નથી. તમે પોતે મને તમારા તારમાં કહો છો કે ૧૬મીએ બપોર પછી તમે મુંબઈમાં હશો. તેથી જો ૧૬મીએ જરૂર ન હોય અને જો તમે મને ત્યાંની ફરજમાંથી તદ્દન મુક્ત કરવા ન માગતા હો તો હું ત્યાં ૧૭મીએ પહોંચવા ધારું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૨૨૪

૧. પત્ર મેળવનાર અમૃતસરની ખાલસા કૉલેજના રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક હતા.

Gandhi Heritage Portal

## ૩૭૧. શંકરનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
મે ૧૨, ૧૯૨૮

પ્રિય ભાઈ શંકરન્,

તમારો પત્ર મળ્યો છે. તમે લખ્યું તેથી રાજી થયો. પણ તમારી ભૂલ થતી લાગે છે. બધાને હું મગનલાલ બનાવવા માગતો નથી. એ કામ અશકય જ બને. પરંતુ આશ્રમને હું એવા પાયા ઉપર મૂકવા માગું છું કે જેથી તેનું સંચાલન સરળ થઈ શકે. જો આપણે સહિયારું રસોડું ચલાવતા હોઈએ, તો તે બધાંને માટે સામાન્ય હોવું જોઈએ. ખરું ને? પરંતુ એમાં પણ સૌ આશ્રમવાસીઓની એકંદર સંમતિ લીધા વિના હું કશું કરીશ નહીં. કોઈ પણ સંજોગોમાં, અત્યારે આશ્રમનું જે બંધારણ છે તે પ્રમાણે, સંચાલક મંડળની સંમતિ વિના મારાથી કશું થઈ શકે નહીં. આ સંચાલક મંડળમાં સત્તાવાર રીતે મારો અવાજ નથી. છતાં બધાય મને સાંભળે છે, તે વાત અલબત્ત સાચી છે. અહીં આ ફેરફારો થઈ રહ્યા છે, ત્યારે તમે હાજર હોત તો સારું. પણ તમે તો ફરજ ઉપર છો. એટલે ત્યાં રહ્યા છતાં અહીં હોવા બરાબર જ છો.

જ્યાં સુધી તમારી અવેજીમાં હું બીજા કોઈને ન શોધી શકું ત્યાં સુધી તમને બારડોલી ન મોકલી શકું. અને હમણાં ને હમણાં એમ કરવું શકય નથી.

બાપુ

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી એસ. એન. ૧૩૨૨૫

## ૩૭૨. લજપતરાયને પત્ર

આશ્રમ,
સાબરમતી,
મે ૧૨, ૧૯૨૮

પ્રિય લાલાજી,

આપનો પત્ર મને મળ્યો છે. કૃપા કરીને એમ ન ધારશો કે 'આશ્રયદાતા' શબ્દપ્રયોગ મેં કોઈ માઠા અર્થમાં કર્યો હતો.[1] મેં જે કંઈ કહ્યું હતું, અને હું જે કંઈ કહેવા માગું છું, તે મને સ્પષ્ટતાથી ફરી કહેવા દો. ખાદીની અને ખાદીની હિલચાલની આપ દૂર રહ્યા રહ્યા પ્રશંસા કર્યા કરો એમ હું ઇચ્છતો નથી. અસ્પૃશ્યતાનિવારણની ઝુંબેશમાં જેમ આપે ઝંપલાવ્યું છે તેમ ખાદીની હિલચાલમાં પણ આપ ઊંડી શ્રદ્ધા અને પૂરી લગનથી ઝુકાવો એમ હું ઇચ્છું છું. અસ્પૃશ્યતાનિવારણની બાબતમાં આપ કેવળ તેના નિવારણના ગુણો ગણાવીને સંતોષ માનતા નથી પણ એ અનિષ્ટની નાબૂદી માટે આપની મહાશક્તિ કામે લગાડો છો, એટલે છાપાંમાં આપની વિરુદ્ધ જે કંઈ ટીકાઓ આવે તેમ હોય તેની રાહ ન જોતાં જે લોકો

૧. જુઓ "લજપતરાયને પત્ર", ૨૯-૪-૧૯૨૮.

Gandhi Heritage Portal

આપની સામે ટીકા કરે એવો સંભવ હોય તેમને તેમના વિચારો આપને જણાવવાનું કહો એમ હું ઇચ્છું. અલબત્ત, ખાદી વિશેના સાહિત્યનો બીજી વારનો અને ગંભીર અભ્યાસ કર્યા પછી, અને ખાસ કરીને ગ્રેગનું પુસ્તક વાંચ્યા પછી આપની માન્યતા દૃઢ બની હોય તો જુદી વાત. હું જાણું છું કે આપનું સ્વાસ્થ્ય આપને ઝડપી પ્રવાસ માથે લેવા દે એમ નથી. પરંતુ હું શું ઇચ્છું તે આપ જાણો છો અને તે તો આપ આ બાબતની માત્ર હૃદયપૂર્વકની દૃઢ પ્રતીતિ થાય તો જ આપી શકો.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૨૨૬

## ૩૭૩. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

આશ્રમ,
સાબરમતી,
મે ૧૨, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

તમારા ખોરાકની તમે મને વિગતવાર માહિતી આપી તેથી આનંદ થયો. મને એમ લાગે છે કે તમારે ચણાના લોટની કોઈ વસ્તુ ન લેવી જોઈએ. ખાસ કરીને ચણાના લોટની તળેલી વાનગીઓ ભોજનમાં લઈએ છીએ, ત્યારે તેને સહેલાઈથી પચાવી શકાતી નથી. તેની અંદર રહેલું પ્રોટીન મેળવવા માટે તમે તે લો છો એમ હું ધારું છું. પરંતુ જલદી પચી જતા ઘઉંની સારી રીતે શેકેલી રોટલી કે ભઠિયારાનો પાઉં પણ તેને બદલે લો તો શું ખોટું છે? મને લાગે છે કે તમે પૂરતું દૂધ લેતા નથી. એક દૂધનો પ્યાલો એટલે આઠ ઔંસ થાય; અને તે તમે બે વાર લો તો એક શેર થાય. તમે જે કાર્ય કરો છો તેને હિસાબે આટલું પૂરતું ન ગણાય. તમારે લગભગ બશેર દૂધ લેવું જોઈએ.

તમને ભાત લેવાની જરૂર છે કે નહીં તે હું જાણતો નથી. જરૂર લાગે તો અવશ્ય લેશો. તમારા ખોરાકમાં ફળો બહુ થોડાં છે. વચ્ચે વચ્ચે સંતરાં લો છો તેટલું જ પૂરતું નથી. પ્રાણીઓ દ્વારા મળતાં વિટામિનની જેમ જ આપણને વનસ્પતિમાંથી મળતાં વિટામિન લેવાની પણ જરૂર પડે છે. અને વનસ્પતિમાંથી મળતાં વિટામિન ખાસ કરીને તાજાં શાકભાજીમાંથી અથવા તાજાં ફળોમાંથી મળી રહે છે. શાકભાજી જો રંધાયેલાં ન હોય, તો તાજાં ફળોની જેમ સહેલાઈથી પચી શકતાં નથી. અને જે ક્ષણે કોઈ વસ્તુને તમે રાંધો છો, તે જ ક્ષણે વિટામિનનો થોડો ભાગ તો તમે ગુમાવો જ છો.

જલોપચાર એટલે કે કટિસ્નાનથી તમને કેમ લાગે છે? હું સૂચવું છું તે ખોરાક સાથે એનાથી તમારું સ્વાસ્થ્ય સુધરવું જોઈએ. અને જો તમે વધારે છૂટથી ખોરાક લો અને પ્રસંગોપાત્ત ઉપવાસ કરો, તો તેથી તમને ઘણો ફાયદો થશે.

Gandhi Heritage Portal

તમે લખો છો તે પરથી તો નિખિલને ખોવા માટે આપણે તૈયારી રાખવી જોઈએ. કોઈ અનુભવી કુદરતી ઉપચાર કરનારની દેખરેખ અને સારવાર હેઠળ તેને મૂકવાનું મને ખૂબ મન છે.

જમનાલાલજી મને કહે છે કે તમને મારી સાથે થોડા દિવસો ગાળવાનું મન છે. એ તમે ગમે તે સમયે કરી શકો છો. નિખિલ પણ અહીં સાથે હોય તો સારું અને જો તેને મૃત્યુને અધીન થવાનું જ હોય, તો ભલે અહીં તેમ થાય. પરંતુ અહીંની હવા તેને અને તમારા સૌને માટે કદાચ ખૂબ જ કસોટી કરનારી નીવડે.

પ્યાર. **બાપુ**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૨૨૭

## ૩૭૪. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

મે ૧૨, ૧૯૨૮

ભાઈ ઘનશ્યામદાસજી,

તમારો પત્ર મળ્યો.

જમનાલાલજી અહીં આવ્યા છે. હું તેમની સાથે વ્યાયામ વિશે વાતચીત કરીશ. તેમને તેની જરૂર છે.

તમે કયાં આસનો કરો છો? મારી તબિયત સારી છે એમ કહી શકાય.

સતીશબાબુને આપી શકાય તે મદદ આપવી ઠીક થશે. તે ભારે ત્યાગી અને નિર્મળ પુરુષ છે.

તમારો
**મોહનદાસ**

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૧૬૭, શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૩૭૫. ભગવાનજીને પત્ર

મે ૧૨, ૧૯૨૮

ભાઈશ્રી ૫ ભગવાનજી,

મેં દેવચંદભાઈને તો લખ્યું જ છે.[1]

ઈશ્વર વિશેનો તમારો લેખ સાચવી રાખ્યો છે. કોઈક દહાડો તો લખીશ એમ આશા છે.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૫૮૧૧

## ૩૭૬. તપની ઉજવણી

એક મિત્ર લખે છે[2]:

આટલી હિંમત બતાવવાને સારુ ને અયોગ્ય રૂઢિ તોડવાને સારુ હું આ મિત્રને ધન્યવાદ આપું છું. આ દૃષ્ટાંતનું અનુકરણ બીજા શ્રાવકો, વૈષ્ણવો વગેરે કરે તો દેશમાં થતાં લોકસેવાનાં કાર્યોને મદદ મળે, અને ધર્મને નામે ભોગો ભોગવાય છે તે કંઈક અંશે અટકે.

આપણું મન ભોગોમાં એટલું બધું રચ્યુંપચ્યું રહે છે કે આપણે શુદ્ધમાં શુદ્ધ વસ્તુને ભોગનું નિમિત્ત કરી મૂકીએ છીએ. ઉપવાસાદિનું આધ્યાત્મિક ફળ છોડીને આપણે તેની મારફતે મોટાઈ મેળવવામાં રોકાઈ જઈએ છીએ, ને ઉપવાસાદિને પાછળથી ઘણા સ્વાદો કરવાનું વાહન બનાવી મૂકીએ છીએ.

ખરું જોતાં તો જેઓ તપ વગેરે કરે છે તેમનો ધર્મ છે કે તેની ડાંડી ન પીટે કે ન પિટાવે, તેને વિશે નિરભિમાન રહે. અને સગાં વગેરે આવાં તપનો સદુપયોગ કરવા માગે તો તેને અંગે ગુપ્તપણે કે તટસ્થભાવે ઉપયોગી દાન કરે.

આ મિત્રના કાગળમાં એક બીજો ઉલ્લેખ પણ છે. અનાથાશ્રમ, બાલાશ્રમ વગેરે સંસ્થાઓ આવે સમયે પોતાને ત્યાં મિષ્ટાન્ન ભોજન નિમિત્તે દાન મળવાની આશા રાખે છે. આ શોચનીય રિવાજ છે. અનાથને આશ્રમો સ્થાપી સનાથ બનાવવાં જોઈએ. અને જો તેમને સનાથ બનાવવાં હોય તો ભીખેલાં ભોજનો તેમને કદી ન અપાય. અનાથાશ્રમો ચલાવવા સારુ દાન મેળવાય

૧. જુઓ "દેવચંદભાઈને પત્ર", ૧૧-૫-૧૯૨૮.

૨. પત્ર અહીં આપ્યો નથી. જૈનોમાં એકાંતરા વ્રતને અંતે વૈશાખ સુદ ૩ને દિવસે જે ઉત્સવ થાય છે તેનો એમાં પત્રલેખકે ઉલ્લેખ કર્યો છે અને એ જે રીતે ઊજવાય છે તેની એમાં એમણે ટીકા કરી છે. એ પ્રસંગને લગ્ન જેવો કરી નાખી એમાં લોકો કંકોત્રીઓ લખે છે, લહાણી કરે છે, જમવાનું કરે છે અને ગીતો ગાય છે; ચાંલ્લા પણ તેઓ સ્વીકારે છે. પત્રલેખક જણાવે છે કે તેમણે એ દિવસ રૂઢિ પ્રમાણે ન ઊજવ્યો અને ૨૦૧ રૂપિયા બચાવી એ ગાંધીજીને એમને ગમે તે કાર્યમાં વાપરવા માટે મોકલ્યા.

Gandhi Heritage Portal

તે એક વસ્તુ છે. તેમાં રહેલાં અનાથોને દાનીઓ પોતાની ઇચ્છા પ્રમાણે ભોજન જમાડે એ નોખી વસ્તુ છે. એકમાં સંસ્થાને ચલાવવાનો આશય છે, બીજામાં અનાથોનું માનભંગ થાય છે. વળી, આમ ભોજનનો સ્વીકાર કરનારી સંસ્થા સંસ્થાવાસીઓના આરોગ્યને જોખમમાં નાંખે છે, ને તેમને સ્વાદીલા કરી મૂકી તેમનું જીવતર બગાડે છે. તેથી આવા પ્રકારની સંસ્થાઓ ભોજનને બદલે દાનનો જ સ્વીકાર કરવાનો આગ્રહ રાખે ને દાનીઓ ભોજનરૂપ દાન ન દેવાનો આગ્રહ રાખે તો પ્રજાના કલ્યાણમાં ભાગ લેશે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, १३–५–१९२८

# ૩૭૭. બારડોલીનો યજ્ઞ

બારડોલીમાં જે યજ્ઞ ચાલી રહ્યો છે તેને અંગે વલ્લભભાઈએ આજ લગી કંઈ આર્થિક મદદ નથી માગી પણ હવે તે માગવાનો અવસર આવ્યો છે. શ્રી રવિશંકર અને શ્રી ચિનાઈ જેવા સત્યાગ્રહી સિપાહીઓ કેદમાં જઈ બેઠા છે. બીજાઓ પણ જશે. જવા જ જોઈશે. લોકોમાં દૈવત હશે તો, ને સરકારને પોતાની હઠ છેવટ લગી નહીં જ મેલવી હોય તો, નહીં એક સેવક કેદની બહાર રહેશે, નહીં એક ખાતેદાર માલમિલકતવાળો રહેશે કે કેદની બહાર રહેશે. બધી લડાઈ અમુક હદ લગી સરખી જ છે, પછી તે સત્યાગ્રહી હોય કે પશુબળની હોય. બંનેમાં ભોગ આપવાપણું તો છે જ. યુરોપના મહાન વિગ્રહમાં બંને પક્ષના લડવૈયા પાયમાલ થયા. બંનેના યોદ્ધાઓએ પોતાના પ્રાણ છોડયા. જર્મનીના અસંખ્ય લોકો ઘરબાર વિનાના થયા. પણ અહીં સત્યાગ્રહ અને પશુબળનું સામ્ય પૂરું થાય છે. સત્યાગ્રહી પોતે જ પાયમાલ થાય છે. તે સામેનાને પાયમાલ કરવાના ક્ષણિક રસનો ઇરાદાપૂર્વક ત્યાગ કરે છે, ને પોતે કરેલા ત્યાગમાં જ રસ લૂંટે છે. તેથી સત્યાગ્રહી લડતને યજ્ઞ તરીકે ઓળખાવાય. તેમાં આત્મશુદ્ધિ છે.

આ યજ્ઞમાં આર્થિક મદદ આજ લગી બારડોલીમાંથી જ મુખ્ય ભાગે મળી રહી છે. જેણે સ્વેચ્છાએ કંઈ મદદ મોકલી છે તેનો સ્વીકાર કરવામાં આવ્યો છે. હવે તેમ કરી લેવું ગજા ઉપરવટ ગણાય. બારડોલીના લોકોની પાસે આવતી કાલે ન ઘર હોય, ન બાર હોય, ન ખેતર હોય, ન ઢોર. તેવી સ્થિતિમાં વલ્લભભાઈને બહારની મદદ માગવાનો અધિકાર છે. વલ્લભભાઈની ભિક્ષાપત્રિકા સહુ વાંચે ને જેને બારડોલીની લડત ગમે છે, જે તેમાં શુદ્ધિ ને વીરતા જુએ છે, તે બધા યથાશક્તિ પોતાનો ફાળો ભરે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, १३–५–१९२८

Gandhi Heritage Portal

# ૩૭૮. પ્રાથમિક કેળવણી

૧

ગૂજરાત વિદ્યાપીઠનો એક ઉદ્દેશ એ છે કે તેની મુખ્ય પ્રવૃત્તિ ગામડાંની કેળવણીને અંગે હોવી જોઈએ. અને આજે મોટે ભાગે ગામડાંની કેળવણી એટલે પ્રાથમિક કેળવણી એવો જ અર્થ થાય છે. આ વિદ્યાપીઠનું કાર્ય મહેતા કે લહિયા તૈયાર કરવાનું નથી, પણ ગ્રામસેવકો તૈયાર કરવાનું છે. વિદ્યાપીઠે જો શહેરની નજીક રહેવું છે, તો શહેરનું વલણ બદલી શકાય તો બદલવામાં ફાળો ભરવાનું તેનું કામ છે. એટલે કે આજે શહેરો ગામડાંના નાશ ઉપર આબાદ થતાં જાય છે તેને બદલે ગામડાંની સેવાને અર્થે નભે એવાં બને.

આવું બનવું શક્ય હોય કે ન હોય, પણ વિદ્યાપીઠે તો શહેરમાંથી જેટલા યુવકો ને યુવતીઓને એ દૃષ્ટિવાળાં કરી શકાય તેમને એવાં કરવાનું છે.

તેની પ્રાથમિક કેળવણીનો વિચાર જુદી જુદી રીતે કરાય એ આવશ્યક છે.

આ લેખમાં તો એક જ વિચાર છણી લેવા ઇચ્છું છું.

ઘણાં વર્ષોના મનન પછી ને કંઈક પ્રયોગો કર્યા પછી હું એ નિર્ણય ઉપર આવ્યો છું કે પ્રાથમિક કેળવણી ઓછામાં ઓછા એક વર્ષ લગી પુસ્તક વિના જ અપાવી જોઈએ, ને ત્યાર બાદ પણ વિદ્યાર્થીઓમાં પુસ્તકોનો ઓછામાં ઓછો ઉપયોગ થવો જોઈએ.

બારાક્ષરીનું જ્ઞાન લેતાં, એકડા ને કક્કા ઘૂંટતાં, બાળકની બીજી ઇન્દ્રિયો રૂંધાય છે, ને તેની બુદ્ધિ ખીલવાને બદલે તેનો વિકાસ અટકે છે. બાળક જન્મતાં જ જ્ઞાન લેવા માંડે છે, પણ તે મુખ્યત્વે આંખથી અને કાનથી. બોલતું થાય છે કે તુરત ભાષાજ્ઞાન લેતું થાય છે. તેથી જ જેવાં માબાપ તેવું બાળક થાય છે. જો માબાપ સંસ્કારી હોય તો બાળક શુદ્ધ ઉચ્ચાર કરે છે, ને ઘરમાં ચાલતા શુદ્ધ આચારનું અનુકરણ કરે છે. આ જ તેની ખરી કેળવણી છે. અને જો આપણી સભ્યતા છિન્નભિન્ન ન થઈ ગઈ હોત તો બાળકો સારામાં સારી કેળવણી તો પોતાનાં ઘરમાં જ પામતાં હોત.

અત્યારે આપણી પાસે એવો શુભ પ્રસંગ નથી. બાળકોને નિશાળે ખેંચ્યે જ છૂટકો છે.

પણ જો નિશાળે આવે તો તેને નિશાળ ઘર જેવી લાગવી જોઈએ, ને શિક્ષકો માબાપ જેવા લાગવા જોઈએ. કેળવણી પણ સભ્ય ઘરમાં અપાવી જોઈએ તેવી હોવી જોઈએ. એટલે કે બાળકોને પ્રાથમિક જ્ઞાન શિક્ષકોને મોંએથી મળે. અને આમ કેળવણી અપાતાં બાળક કાન ને આંખની મારફતે જેટલું જ્ઞાન એક વર્ષમાં પામે, તે તેટલી મુદતમાં મળેલા પેલા કક્કાના જ્ઞાન કરતાં દશગણું વધારે હશે.

સામાન્ય ઇતિહાસભૂગોળનું જ્ઞાન બાળક વિનોદમાં ને વાર્તારૂપે પહેલા વર્ષમાં પામશે. કેટલાંક કાવ્યો તેણે શુદ્ધ ઉચ્ચારણની સાથે મોંએ કર્યાં હશે. આંક તેણે સહેજે મોંએ કરી લીધા હશે. અને બાળકની ઉપર અક્ષર ઓળખવાનો બોજો નહીં પડવાથી તેનું મન કરમાતું અટકશે, તેની આંખનો દુરુપયોગ અટકશે.

બાળકના હાથનો ઉપયોગ પાટીમાં વાંકાચૂંકા અક્ષરો કઢાવવામાં થવાને બદલે અને અક્ષરોની અઘરી સંજ્ઞાઓ સમજવાને બદલે ભૂમિતિની રેખાઓ કાઢવામાં ને ચિત્રો ઓળખવામાં થશે. આ હાથની ખરી પ્રાથમિક કેળવણી છે.

Gandhi Heritage Portal

અને જો આપણે ગુજરાતનાં અથવા ભારતવર્ષનાં કરોડો છોકરાંને કેળવણી આપવા ઇચ્છતા હોઈએ તો પ્રાથમિક કેળવણી બીજી રીતે નહીં જ આપી શકાય.

કરોડો બાળકોને પુસ્તકો પહોંચાડવાં એ આ દેશને સારુ આજની સ્થિતિમાં લગભગ અશક્ય વસ્તુ છે. હું કબૂલ કરવા માગું છું કે પ્રાથમિક કેળવણીને સારુ બાળકોને જો પુસ્તકો આપવાં આવશ્યક હોય તો ગમે તે ખરચ પડે તોયે તે પહોંચાડવાનો પ્રયત્ન થવો જ જોઈએ. પણ જ્યારે આવાં પુસ્તકો અનાવશ્યક અને નુકસાનકારક મનાય ત્યારે આ વ્યાવહારિક દલીલનો ઉપયોગ કરી શકાય એવો છે. જે નૈતિક દૃષ્ટિએ અનાવશ્યક કે નુકસાનકારક છે તે વ્યવહાર-દૃષ્ટિએ પણ ન કરવા લાયક જોવામાં આવે છે. શુદ્ધ સભ્યતામાં નીતિ અને વ્યવહાર વિરોધી વસ્તુઓ નથી, ન હોવાં જોઈએ.

આવી કેળવણી હાલના પ્રાથમિક શાળાના શિક્ષકોથી ન આપી શકાય એ સ્પષ્ટ છે. આ મહેતાઓ મારીકૂટીને બારાક્ષરી શીખવે, થોડા આંક કદાચ શીખવે. સામાન્ય જ્ઞાન, જે બાળકો પહેલા વર્ષમાં પામવાની મેં કલ્પના કરી છે તે બિચારા મહેતાને પોતાને જ હોતું નથી. શુદ્ધ ભાષા બોલતાં તેઓ પોતે જ જાણતા નથી, તો બાળકો શું પામે?

આ વિચાર આપણે બીજા ભાગમાં કરશું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૩–૫–૧૯૨૮

# ૩૭૯. પી. વી. કરમચંદાણીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
મે ૧૩, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારા માયાળુ પત્ર બદલ હું તમારો આભાર માનું છું. મેં રેડિયમની સારવાર વિશે સાંભળ્યું છે.[1]

તમારી પાસેની શીશીઓ મોકલવા તમે કહ્યું, તે બદલ તમારો આભાર માનું છું. પરંતુ તમારી ઑફરનો હું સ્વીકાર કરી શકતો નથી, કારણ કે કોઈ પણ ઔષધો લેવાની અનિચ્છાની વાત બાજુએ મૂકું, તોપણ હવે મને લોહીનું દબાણ બહુ હોય એમ લાગતું નથી.

તમારો સહૃદયી

કૅપ્ટન પી. વી. કરમચંદાણી, આઇ. એમ. એસ.
ઇન્ડિયન મિલિટરી હૉસ્પિટલ
પિશિન
બલૂચિસ્તાન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૨૨૮

૧. ગાંધીજીના લોહીના દબાણની સારવાર માટે શ્રી કરમચંદાણીએ રેડિયમ ક્લોરાઇડનો ઉપયોગ કરવા સૂચવ્યું હતું.

Gandhi Heritage Portal

## ૩૮૦. શાંતિકુમાર મોરારજીને પત્ર

રવિવાર, મે ૧૩, ૧૯૨૮

ચિ. શાંતિકુમાર,

તમને આશીર્વાદ વગર માગ્યે છે જ. તમે ઘણું જીવીને ઘણી સેવા કરો. સુમતિએ તમને વર્ષગાંઠને દહાડે શી ભેટ આપી? તે રોજ કાંતે છે? નિરંતર ખાદી પહેરે છે? નિરંતર દરિદ્રનારાયણનો વિચાર કરે છે? આવી આવી ભેટો દરેક વર્ષગાંઠે આપ્યા કરે તો તમારું બંનેનું ભલું થાય ને દરિદ્રનારાયણનો બેડો પાર થાય.

તમારા ચેકનો ઉપયોગ તમારી ઇચ્છા પ્રમાણે કરીશ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: સી. ડબલ્યુ. ૪૭૦૪; શ્રી શાંતિકુમાર મોરારજીના સૌજન્યથી

## ૩૮૧. લૉર્ડ અર્વિનને પત્ર

સાબરમતી,
મે ૧૬, ૧૯૨૮

પ્રિય ભાઈ,

મને પડેલી ખોટનો ઉલ્લેખ કરતા આપના પત્રની હું હૃદયથી કદર કરું છું. મને હમણાં જ યાદ આપવામાં આવે છે કે ગયે વર્ષે નડિયાદમાં મગનલાલ ગાંધીનો આપની સાથે પરિચય કરાવવામાં આવ્યો હતો.

હું છું
આપ નામદારનો વફાદાર મિત્ર
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૩૮૬

Gandhi Heritage Portal

12560

# ૩૮૨. આંખમાં ધૂળ

બારડોલીની લડતનો રંગ જામ્યો છે. ખાલસાની નોટિસો જે ઝડપથી અપાઈ રહી છે તે જોતાં એમ લાગે છે કે આખો બારડોલી તાલુકો સરકારના કબજામાં આવી જશે, અને તેમની છ લાખ રૂપરડીના બદલામાં તેઓ ચાહે તો છ અબજ વસૂલ કરી લઈ શકે એમ છે. બારડોલીના લોકો બહાદુર હશે તો આ જમીન જવાથી તેમના પેટમાંનું પાણી હાલવાનું નથી. તેમની મિલકત જશે, પણ દરેક સજ્જન અને સન્નારીને વહાલામાં વહાલી વસ્તુ જે આબરૂ તે તેમણે જાળવી હશે. જેના હૃદયમાં શૌર્ય ભર્યું છે, અને જેના હાથપગમાં કામ કરવાની શક્તિ છે તેમને મિલકત ખોવાનો જરાય ડર ન હોવો જોઈએ.

પણ ખાલસાની નોટિસથી ધારેલું કામ — લોકોને ડરાવવાનું કામ — પાર ન પડયું એટલે હવે કાર્યકર્તાઓને જેલમાં પૂરવાનું શસ્ત્ર સરકારે ઉપાડયું છે. પંજાબમાં માર્શલ લૉ ચાલતો હતો તે વેળા ન્યાયનાં ફારસો થતાં તેવાં ફારસો આજે ચાલી રહ્યું છે. સરકારી વકીલ આરોપીની ખો ભુલાવી દે એવી સજાની માગણી કરે છે, અને એ કામને માટે ખાસ નીમેલો મૅજિસ્ટ્રેટ તેમની માગણી વધાવી લઈ ખો ભુલાવી દે એવી સખ્ત કેદની સજા કરે છે. જેમ ખાલસાથી લોકોના ઉપર કશી અસર થતી નથી તેમ મોઢે માગી લીધેલી આ સજાઓની પણ કશી અસર નથી થવાની. સ્વેચ્છાએ ભોગવેલું કષ્ટ, કષ્ટ ભોગવનારની કશી હાનિ કરતું નથી.

પણ જે વસ્તુ ખૂંચે છે તે અમલદારોની અપ્રામાણિકતા અને ઉદ્ધતાઈ છે. ઉત્તર વિભાગના કમિશનરે તેમને કાગળ લખનાર એક જણ ઉપર કાગળ લખ્યો છે જેમાં અપમાન ભરેલા કટાક્ષો અને અસત્યો ભર્યાં છે.

આ લડત ખેડાના ચળવળિયાઓએ ઊભી કરી એ કટાક્ષમાં હડહડતું અસત્ય છે. એ લડત શરૂ કરનાર બારડોલીના જ લોકો હતા. હા, તેમણે માત્ર શ્રી વલ્લભભાઈ પટેલની મદદ અને સલાહ લઈને એ લડત ઉઠાવી, અને શ્રી વલ્લભભાઈને તો હું ધારું છું કે કમિશનર કંઈક ઓળખે છે. કમિશનરે જે અર્થમાં 'ચળવળિયા' શબ્દ વાપર્યો છે તે અર્થમાં શ્રી વલ્લભભાઈને ચળવળિયા કહેવાય કે કેમ તે તો વાચકને વિચારી લેવાનું સોંપું છું.

વળી કમિશનરે પોતાના કાગળમાં સરકારી અમલદારો ઉપર જાસૂસી હલ્લા અને એવા જ અપમાનજનક ત્રાસ વર્તાવવામાં આવે છે એમ જે કહ્યું છે તે પણ જૂઠાણું જ છે.

વળી કાર્યકર્તાઓને 'બારડોલીના લોકો ઉપર જીવનારા અને તેમને અવળે માર્ગે દોરવનારા ચળવળિયાનું ટોળું' કહીને વર્ણવવામાં આવ્યા છે. આ અપમાન એવું છે કે વધારે સારા વખતમાં અને પ્રજાને પોતાના બળનું ભાન હોત તો કમિશનરની પાસે જાહેર માફી મગાવવામાં આવે. તેમને હું ખબર આપું છું કે જેમને તે ક્રોધ અને સત્તાના મદમાં ચળવળિયાઓનું ટોળું કહે છે તેઓ પ્રજાના આબરૂદાર સેવકો છે, જેઓ પોતાની સેવા બારડોલીને મોટો ત્યાગ કરીને આપી રહ્યા છે. આમાં વલ્લભભાઈ પટેલ બૅરિસ્ટર ઉપરાંત વયોવૃદ્ધ અબ્બાસ તૈયબજીસાહેબ પણ છે. તેઓ પણ બૅરિસ્ટર છે, અને એક વાર વડોદરામાં મુખ્ય ન્યાયાધીશ હતા. આમાં ઈમામસાહેબ બાવાઝીર છે, જેઓ ફકીર જેવા છે અને બારડોલીની પાસે કોડીની તેમને સ્પૃહા નથી. વળી ત્યાં ડૉ. સુમંત મહેતા અને તેમનાં તેમના જ જેવાં સંસ્કારી પત્ની શારદાબહેન છે. ડૉક્ટર

ગાંધી સ્મારક ... 1975
Gandhi Heritage Portal

સુમંતની તબિયત તો કેટલોક સમય થયાં બહુ નબળી છે, પણ તેઓ પોતાના આરોગ્યના મોટા જોખમે બારડોલી ગયા છે. આ ચારે ખેડાના નથી એ કમિશનર સાહેબને રોશન થાય. આ પછી ત્યાં ઢસાના દરબારસાહેબ છે, અને તેમનાં ભડ પત્ની ભક્તિબા છે. બંનેએ દેશને માટે પોતાના રાજનો ભોગ આપ્યો છે. તેઓ બારડોલીના લોકો ઉપર પેટ ભરતાં નથી. આ ઉપરાંત ડૉક્ટર ચંદુલાલ અને ત્રિભુવનદાસ ત્યાં કામ કરી રહ્યા છે, તેઓ પણ ખેડાના નથી. આ ઉપરાંત ફૂલચંદ શાહ અને તેમનાં પત્ની તથા તેમના સાથી શિવાનંદ, જે હવે તો જેલમાં જઈ પહોંચ્યા છે, આ પણ ખેડાના નથી; અને કેટલાંયે વર્ષોથી તેમણે મૂંગી સેવાને પોતાનાં જીવન અર્પણ કર્યાં છે. આ બધાં અને બીજાં જેમનાં નામો આપી શકું એમ છું તેઓ બારડોલીની હાય સાંભળીને ત્યાં ગયાં છે. જો કમિશનરમાં આબરૂનો છાંટો પણ હોય તો તેમણે આ સજ્જનો અને સન્નારીઓની સ્વેચ્છાએ માફી માગવી જોઈએ. સાચું જોઈએ તો બારડોલીમાં કામ કરતા કાર્યકર્તાઓમાં ખેડાના કાર્યકર્તાઓની સંખ્યા બહુ ઓછી છે.

કમિશનરે પોતાના કાગળમાં બારડોલી વિશે મુંબઈ ધારાસભાના ઠરાવનો આડંબરભર્યો ઉલ્લેખ કર્યો છે. પણ એ અગાઉ એ જ ધારાસભાએ સરકારની વિરુદ્ધ બે વાર મત આપેલા અને તેને સરકાર ધોળીને પી ગઈ છે તે વાત તો તેઓ સાહેબ ખાઈ ગયા છે. કારણ તેનો ઉલ્લેખ કરવામાં સરકારની જ નામોશી છે.

વળી સત્યાગ્રહ આદર્યા પહેલાં બારડોલીના ખેડૂતોએ 'રાજમાન્ય' કહેવાતો દરેક ઉપાય લીધો હતો અને તેમાં તેમનું કશું વળ્યું નહોતું, એ મહત્ત્વની હકીકત પણ કમિશનરસાહેબ ગળી ગયા છે.

કમિશનર જણાવે છે: "જો બારડોલીના સંકટમાં પડેલા ખેડૂતો પોતાની લડત છોડી દે તો ખોટા વર્ગમાં મુકાયેલા હોય એવા કોઈ પણ ગામડાના મહેસૂલનો તેઓ ફરી વિચાર કરવાને રાજી છે." આમ કહીને તે લોકોની આંખમાં ધૂળ નાંખવા માગે છે. કારણ મૂળ મુદ્દો એ નથી કે અમુક ગામ યોગ્ય વર્ગમાં મુકાયેલું છે કે નહીં. મૂળ મુદ્દો તો એ છે કે મહેસૂલ જે રીતે વધારવામાં આવ્યું છે, તે રીત તદ્દન અયોગ્ય છે. અને બારડોલીના લોકો એવો આગ્રહ નથી કરતા કે તેમનો મુદ્દો સ્વીકારવામાં આવે. તેમનો આગ્રહ તો એટલો જ છે કે તેમની ફરિયાદ કેટલી સાચી છે તે તપાસ કરવાને માટે એક સ્વતંત્ર અને નિષ્પક્ષ પંચ નીમવામાં આવે, અને પંચનો ગમે તે ઠરાવ હોય તેનો અમલ કરવામાં આવે. આમાં મહેસૂલ ન આપવાની વાત જ ક્યાં છે? અમુક ખેડૂતો કે અમુક ગામોને દાદ મળવાની વાત જ ક્યાં છે? આખો પ્રશ્ન જ સિદ્ધાંતનો છે. યોગ્ય તપાસ વિના મહેસૂલ વધારવાનો સરકારના હકનો બારડોલીના લોકો ઇનકાર કરે છે. આની સાથે હું એ પણ જણાવું કે આ લડત સ્વરાજ મેળવવાને માટે યોજાયેલી કર ન ભરવાની લડત નથી. આ લડત તો એક આખા તાલુકાના લોકોની ચોક્કસ ફરિયાદની દાદ મેળવવા માટે જ છે.

એટલે કમિશનરના પત્રનાં નીચેનાં વાક્યોમાં ઉદ્ધતાઈની પરાકાષ્ઠા અને હડહડતું જૂઠાણું ભરેલાં છે:

> જે ચળવળિયાઓનું ટોળું ગરીબ ખેડૂતો ઉપર જીવે છે અને તેમને ખોટે રસ્તે ચડાવે છે તેમનાથી એ બાપડાઓનું સત્યાનાશ ન વળે તે વિશે મારા કરતાં વધારે ચિંતા બીજા કોઈને નહીં હશે.

Gandhi Heritage Portal

ખેડા જિલ્લાના પાંચ તાલુકાઓમાંથી આ ચળવળિયા આવે છે. એ તાલુકામાં રેલને લીધે બે વરસ સુધી મહેસૂલમાં ફેરફાર કરવાનું મુલતવી રાખવામાં આવ્યું છે. છેલ્લા સાત-આઠ મહિનામાં સરકારે ખેડા જિલ્લામાં પ્રલયસંકટનિવારણને માટે લગભગ અડધો કરોડ રૂપિયા આપ્યા છે. જો આ ચળવળિયાઓ બારડોલીમાં ફાવી જાય તો ખેડા જિલ્લામાં જમીન-મહેસૂલ અને તગાવી વસૂલ થવાના સાંસા પડે.

સરકારને હું ખાતરી આપું છું કે જો 'ચળવળિયાઓ' ફાવશે તો તગાવી વસૂલ થવામાં તો કશી મુશ્કેલી ન આવે. જો એ લેનારાઓ ન ભરે તો તે વસૂલ કરવા માટે 'ચળવળિયાઓ'ના સરદાર વલ્લભભાઈ પટેલ તેમને વગર પગારના કલેક્ટર મળી રહેશે. પણ સાચી વાત તો એ છે કે જો 'ચળવળિયાઓ' ફાવશે તો ઉત્તર વિભાગના કમિશનરે લોકોના માનવંતા સેવકોનું અપમાન કરવાની અને જૂઠાણાં બોલવાની હિંમત ધરી છે તેવી હિંમત સરકારી અમલદારો નહીં ધરશે, અને બારડોલીના વધારા જેવા ભયંકર, અયોગ્ય અને અન્યાયી વધારા સામે લોકોને કાંઈક દાદ મળશે.

હવે લોકોને બે બોલ. સરકારનું રાજ્ય ફૂટ પડાવવાની નીતિ ઉપર જ નભી રહ્યું છે. એ આંખમાં ખૂંચે એવી રીતે બતાવવાને માટે સરકારે મોટે ભાગે હિંદુ વસ્તીવાળા તાલુકામાં મુસલમાન અમલદારો અને ભાડૂતી પઠાણો ઠસાવવાનું ડહાપણ ડહોળ્યું છે. પણ સત્યાગ્રહી તરીકે લોકો સહેલાઈથી સરકારના પેચને પહોંચી વળી શકે એમ છે. અમલદારો ને પઠાણોને તેઓ મિત્ર સમજે, તેમનો અવિશ્વાસ ન કરે, અથવા કોઈ પણ રીતે તેમનો ડર ન રાખે અને તેમને પજવે નહીં. એ અમલદારો આપણા દેશબંધુઓ છે, અને એ પઠાણો આપણા પડોશીઓ છે. સરકારને પોતાની ભૂલની ખબર પડવામાં અને હિંદુની ઇજ્જત મુસલમાનને અને મુસલમાનની ઇજ્જત હિંદુને સરખી જ પ્યારી છે એમ સમજવામાં વાર નહીં લાગે. આ વસ્તુ પ્રત્યક્ષ રીતે સિદ્ધ કરવાની તક બારડોલીના લોકોની પાસે પડેલી જ છે. સત્યાગ્રહનું શાસ્ત્ર એ પ્રેમનું શાસ્ત્ર છે. એનું તેઓ પૂરેપૂરું પાલન કરશે તો તેઓ આપખુદ કમિશનરનું પાષાણ હૃદય પણ પિગળાવી શકશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १७–५–१९२८

ભાષાંતર: नवजीवन, २०–५–१९२८

Gandhi Heritage Portal

# ૩૮૩. દલિતવર્ગો અને બાઘાત

આખરે બાઘાત રાજ્યના રાણાસાહેબે પંજાબ, આર્ય પ્રતિનિધિસભા તરફથી મોકલવામાં આવેલા પ્રતિનિધિમંડળને આ માસની ૫મી તારીખે મુલાકાત આપી છે. આ પ્રતિનિધિમંડળમાં રાયસાહેબ લાલા ગંગારામ, પંડિત ચમુપતિ, એમ. એ., લુધિયાણાના દીવાન રામશરણદાસ, પંડિત ધર્મવીર વેદાલંકાર અને સિમલાના ઍડ્વોકેટ લાલા શંકરનાથનો સમાવેશ થતો હતો. પ્રતિનિધિમંડળ મોકલવાનો હેતુ બાઘાત રાજ્યે ત્યાંના આર્યસમાજે ઉદ્ધારેલા કોળીઓએ ધારણ કરેલાં ઉપવીત બાબતમાં રાજ્યે લીધેલા વલણ વિશે ચર્ચા કરવાનો હતો.

મુલાકાત દરમિયાન જે કંઈ બન્યું તેનું નીચેનું મંજૂર થયેલું નિવેદન કરવાની પ્રતિનિધિમંડળને છૂટ આપવામાં આવી છે.

> પ્રતિનિધિમંડળના સભ્યોએ, તેમનું હૃદયપૂર્વક આતિથ્ય કરવા બદલ રાણાસાહેબનો આભાર માન્યો અને પ્રસ્તુત બાબતમાં શાસ્ત્રની તથા આર્ય પ્રતિનિધિસભાની પરિસ્થિતિ સમજાવી. મહારાજાસાહેબે સભ્યોને ધ્યાનપૂર્વક સાંભળ્યા અને ખાતરી આપી કે વ્યવસ્થિત રીતે સ્થપાયેલાં ધાર્મિક મંડળોને તેમના રાજ્યમાં ધર્મપ્રચાર કરવાની સંપૂર્ણ છૂટ આપવામાં આવે છે. સભ્યોએ, જે સૌજન્યથી પ્રતિનિધિમંડળને સાંભળવામાં આવ્યું અને એને પ્રોત્સાહનભર્યો ઉત્તર આપ્યો તે બદલ આભાર વ્યક્ત કર્યો અને વિદાય લીધી.

સર્વ સંમતિથી રજૂ થયેલા આ નિવેદનમાં રાજ્ય તરફથી વધારે પડતી સાવચેતી અને ભારે ભીતિ રાખવામાં આવી હોય એમ જણાઈ આવે છે. દલિતવર્ગને જે અન્યાય થયો છે તેનો અને એક મહાન ધાર્મિક સંસ્થાનું જે અપમાન થયું તેનો રાજ્યે જો નિખાલસતાથી જાહેર એકરાર કર્યો હોત તો રાજ્યની જાહેર જનતામાં તેની પ્રતિષ્ઠા વધી હોત. ખેર, આટલી નાની કૃપા માટે આપણે આભારની લાગણી વ્યક્ત કરીએ. રાણાસાહેબે આપેલા વચનનું સંપૂર્ણ પાલન કરવામાં આવશે તો અન્યાય અને અપમાન ભુલાઈ જશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १७–५–१९२८

Gandhi Heritage Portal

# ૩૮૪. મગનલાલ ગાંધી સ્મારક

અખિલ ભારત ચરખા સંઘના કાર્યવાહક મંડળે તારીખ ૧૨મીની પોતાની બેઠકમાં નીચેનો ઠરાવ પસાર કર્યો હતો :

> ઠરાવવામાં આવે છે કે સદ્ગત શ્રી મગનલાલ ગાંધીની સ્મૃતિ કાયમ રાખવાને માટે એક ખાદી સંગ્રહસ્થાન સ્થાપવું, અને તે માટે એક લાખ રૂપિયાની માગણી જાહેર પ્રજા પાસે કરવી. સ્મારકનું સ્થાન અને તેની વ્યવસ્થાની વિગત કાર્યવાહક મંડળે નક્કી કરવી.

ભારતના તમામ ભાગોમાંથી અને દૂર દક્ષિણ આફ્રિકામાંથી મને જે આશ્વાસનના તારો અને પત્રો મળ્યા છે તે બતાવે છે કે સદ્ગતનું લોકોનાં હૃદયને વિશે કેવું સ્થાન હતું. સદ્ગતના જેવા ભલા અને લોકપ્રિય મૂંગા કાર્યકર્તાને સ્મારક ઘટે છે. અખિલ ભારત ચરખા સંઘના કાર્યવાહક મંડળે ખૂબ વિચાર કર્યા પછી એવો નિર્ણય કર્યો કે કોઈ યોગ્ય સ્થળે ખાદી સંગ્રહસ્થાન સ્થાપવાના કરતાં સદ્ગતનું બીજું વધારે સારું સ્મારક ન થઈ શકે. સદ્ગતને પોતાને એ કલ્પના સૂઝેલી હતી. અને સત્યાગ્રહાશ્રમના એક ઓરડામાં તેમણે એક નાનકડું સંગ્રહસ્થાન કરવા પણ માંડયું હતું. પણ જે રીતે ખાદીની પ્રગતિ થઈ છે તેથી આવશ્યક થાય છે કે આ સંગ્રહસ્થાનને માટે એક કાયમનું અને વિશાળ મકાન હોય, અને સદ્ગતને તથા ખાદીની પ્રવૃત્તિને તે ઘટતું હોય. આવું સંગ્રહસ્થાન એક લાખથી ઓછી કિંમતે ન જ થઈ શકે, એટલે જ કાર્યવાહક મંડળે ઓછામાં ઓછી એક લાખની રકમ ઠરાવી છે. આ ખાદી સંગ્રહસ્થાનને ગંભીર અભ્યાસ અને શિક્ષણનું મંદિર બનાવવું હોય તો તે વધારવા માગીએ તેટલું વધારી શકાય. એક લાખ રૂપિયા વડે તો કાર્યવાહક મંડળ કેવળ નાનકડી છતાં ઠીક ઠીક શરૂઆત કરવાની અને સદ્ગતની કલ્પનાને ચિરસ્થાયી સ્વરૂપ આપવાની આશા રાખે છે. લોકો તરફથી આ માગણીનો જવાબ મળે તેના પ્રમાણમાં સંગ્રહસ્થાનમાં વિધવિધ વસ્તુઓ હોઈ શકશે; જેવી કે કપાસની ખેડની ભૂત અને વર્તમાન રીતો વિશેનું સંપૂર્ણ સાહિત્ય, ભૂત અને વર્તમાનમાં ઉત્પન્ન થયેલી ઝીણામાં ઝીણીથી માંડીને જાડામાં જાડી ખાદીના નમૂના, રેંટિયા, ચરખા, પીંજણ અને સાળના પ્રાચીનમાં પ્રાચીનથી માંડીને અર્વાચીનમાં અર્વાચીન નમૂના. વળી સંગ્રહસ્થાનની સાથે થોડી જમીન પણ હોય, જેમાં કપાસ ઉગાડવાના પ્રયોગો થતા હોય — આ પ્રયોગો પારકાને પરસેવે કરોડાધિપતિ થનારાઓને માટે તેમ જ જગતની રૂની બજારની દૃષ્ટિએ નહીં પણ ગરીબ ગામડિયાની દૃષ્ટિએ થાય. સત્યાગ્રહાશ્રમમાં સદ્ગત આ પ્રયોગો કરતા હતા. આશ્રમમાં ઉગાડવામાં આવતો કપાસ કાંતનારાઓમાં બહુ પ્રિય થઈ પડયો છે. પોતાના ખેતર પર ઉગાડેલો અને સ્વચ્છ રીતે વીણેલો કપાસ, જેને દબાવવાની સત્ત્વનાશક ક્રિયામાંથી પસાર થવાની જરૂર રહેતી નથી તે પીંજનારનો ઘણો સમય અને મહેનત બચાવે છે, અને કાંતનારને લાંબો તાર ખેંચવાની સુગમતા થાય છે. જો લોકો આ માગણીનો જવાબ ઉદારતાથી આપે, અને ભરાયેલી રકમ કાર્યવાહક મંડળે માગેલી ઓછામાં ઓછી રકમથી વધી જાય, તો આ અને એવી બીજી ઘણી વસ્તુઓ સ્મારક તરીકે સ્થાપવા ધારેલા સંગ્રહસ્થાનમાં થઈ શકે.

આ યોજનાને અમલમાં મૂકવાને માટે યોગ્ય મંડળ એ અખિલ ભારત ચરખા સંઘનું જ હોઈ શકે. સંગીન રચનાત્મક કાર્ય કરવાને પ્રતિજ્ઞાબદ્ધ પુરુષો એના કાર્યવાહકો છે.



Gandhi Heritage Portal

સંગ્રહસ્થાન ક્યાં રાખવું એ નક્કી થયું નથી, કારણ કાર્યવાહક મંડળ પાસે અનેક સ્થાનોનાં નામો છે. સાબરમતીનું નામ સ્વાભાવિક રીતે પહેલું સૂઝે છે, અને જો બીજી રીતે એ યોગ્યમાં યોગ્ય સ્થળ જણાય તો કાર્યવાહક મંડળ એ જ પસંદ કરશે. મંડળ સંગ્રહસ્થાનને સદ્‌ગત જેવા સુવ્યવસ્થિત હતા તેવું સુવ્યવસ્થિત બનાવવાની ઉમેદ રાખે છે. એટલે સ્થાન પસંદ કરવામાં કાર્યવાહક મંડળ કેવળ લાગણીથી ન જ દોરાય.

સ્મારક માટે આવેલાં નાણાંની પહોંચ યંગ इन्डिया ને નવજીવનમાં સ્વીકારવામાં આવશે. નીચેને ત્રણ ઠેકાણે તે મોકલી શકાય: અખિલ ભારત ચરખા સંઘના મંત્રી શ્રી શંકરલાલ બૅંકર, મિરઝાપુર, અમદાવાદ; અથવા શેઠ જમનાલાલજી બજાજ, ૩૯૫ કાલબાદેવી રોડ, મુંબઈ; અથવા વ્યવસ્થાપક, સત્યાગ્રહાશ્રમ, સાબરમતી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १७–५–१९२८

ભાષાંતર: નવજીવન, २०–५–१९२८

## ૩૮૫. હૈદરાબાદ રાજ્યમાં ખાદી

એ આનંદની વાત છે કે હિંદુસ્તાનના રાજાઓ રાષ્ટ્રીય અર્થકારણમાં ખાદીનું સ્થાન સ્વીકારવા લાગ્યા છે. આ પંક્તિમાં નવામાં નવું આવનાર હૈદરાબાદ રાજ્ય છે. નિઝામના રાજ્યના ઔદ્યોગિક ખાતાએ તેના ઇન્સ્પેક્ટરને સત્યાગ્રહ આશ્રમમાં ખાદીની કારીગરી શીખવા માટે હમણાં જ મોકલ્યા છે અને સાથે સાથે બે યુવાન ભાઈઓને જુદી જુદી પ્રક્રિયા શીખવા મોકલ્યા છે. એ યુવાન ભાઈઓ અભ્યાસક્રમ પૂરો કરી શક્યા નહોતા કારણ અહીંની આબોહવા અને કદાચ આશ્રમનું જીવન તેમને માફક ન આવ્યાં. મુદ્દો એ છે કે શરૂઆત થઈ ગઈ છે. ઇન્સ્પેક્ટર મૌલવી મહંમદ અલી ઉત્સાહી લાગતા હતા અને પહેલાં કદી ન સમજ્યા હોય એટલું રેંટિયાનું મહત્ત્વ તેઓ સમજ્યા હોય એમ લાગ્યું. હૈદરાબાદ રાજ્યનું હુન્નરઉદ્યોગ ખાતું અખિલ હિંદ ચરખા સંઘ સાથે વિશેષ સંપર્કમાં રહેશે એમ હું આશા રાખું છું. અને તે મૈસૂરમાં જેમ થઈ રહ્યું છે તેમ હૈદરાબાદ રાજ્યમાં પણ ખાદી કાર્યને વ્યવસ્થિત રૂપમાં સંગઠિત કરશે. હજી ગઈ કાલે જ મૈસૂરમાં શ્રી દીવાન મિરઝા ઇસ્માઈલે દલિત વર્ગના ઉદ્ધાર માટે થતા ખાદીકાર્યનું નિરીક્ષણ કર્યું હતું. શ્રીયુત પૂજારી જેઓ દીવાનની સાથે હતા તેમણે મને લખ્યું છે કે તેમણે ખાદીકાર્યની પ્રશંસા કરી હતી અને ઉમેર્યું હતું કે કાંતણકામ ખેડૂતને પૂરક ઉદ્યોગ પૂરો પાડે છે એટલું જ નહીં પરંતુ રેંટિયો પણ દલિતવર્ગનો ઠીક ઠીક ઉદ્ધાર કરતો હોય એમ લાગે છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १७–५–१९२८

Gandhi Heritage Portal

# ૩૮૯. હિંદુસ્તાન વિશેની હકીકતો : મિસ મેયોને પ્રત્યુત્તર

ઘણા જ દુ:ખની લાગણી સાથે અને બેશક સંકોચ અનુભવીને હું નીચેના અને તે પછી આવનારાં પ્રકરણો[1] માટે અત્રે જગ્યા આપવા પ્રવૃત્ત થાઉં છું. મિસ મેયોને જવાબ આપવામાં આપણે કંઈક વધારે પડતું તો નથી કરી રહ્યા ને, એવો મને વહેમ જાય છે. મિસ મેયોએ કરેલી બદનક્ષીના જે રદિયા અવારનવાર છાપાંઓમાં પ્રસિદ્ધ થયા છે અને થઈ રહ્યા છે તે મિસ મેયોના વાચકો વાંચે છે તેની મને ખાતરી થાય, તો દીનબંધુનો પ્રત્યુત્તર પ્રસિદ્ધ કરવામાં મને બહુ સંકોચ અનુભવવાની જરૂર ન રહે. પણ મને ધાસ્તી છે કે આ રદિયા મૂળ પુસ્તકના વાચકો પાસે પહોંચતા નહીં હોય એટલે તેનું ઘણુંખરું મૂલ્ય માર્યું જાય છે. મિસ મેયો એક ભારે અનિષ્ટ સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે. કોઈ પણ પ્રજા કદી દુનિયાને ભયરૂપ ન બની શકે, અને હિંદુસ્તાન તો નહીં જ. પરંતુ મધર ઇન્ડિયા જેવા પુસ્તકનાં લેખિકા જેવા ગ્રંથકારો પોતે જ દુનિયાને ભયરૂપ છે. અને મને એ વાતની ખાતરી નથી કે ગમે તેવા શુદ્ધ અને જોરદાર પ્રત્યુત્તરો વડે આવા લેખકો સાથે કામ લઈ શકાય. બીજી રીતે કહીએ તો મને મૂંઝવી રહેલો પ્રશ્ન એ છે કે જૂઠું બોલતી જીભો અને કલમોને માત્ર સાચું બોલતી જીભો અને લેખિનીઓ દ્વારા પહોંચી વળાય ખરું? જો મિસ મેયોના દુષ્ટ પ્રચારને સફળતાપૂર્વક રોકવો હોય તો એનાથી તદ્દન જુદું અને વધારે ઉદાત્ત હોય એવું કશું કરવાની જરૂર નથી? પરંતુ મારી પાસે દીનબંધુ ઍન્ડ્રૂઝનાં જેવાં લખાણોની અવેજીમાં બીજું કોઈ તૈયાર અને અસરકારક સાધન નથી. અને યંગ ઇન્ડિયાએ પ્રતિપાદિત કરેલા સિદ્ધાંતમાં અમે બંને માનતા હોવા છતાં અને ફરી વિચાર કર્યા છતાં તેઓ એ વિચારને વળગી રહે છે કે તેમના આ રદિયાને હજી પણ અવકાશ છે તેથી, તેમની વાતનો હું વધુ વિરોધ કરી શકતો નથી. આ અગાઉ મિસ મેયોનાં વિકૃત લખાણમાં માનનાર એક પણ સ્ત્રી કે પુરુષનો ભ્રમ જો ઍન્ડ્રૂઝના લેખો વાંચીને દૂર થશે તો મને જેમ અવશ્ય સંતોષ થશે તેમ ઍન્ડ્રૂઝને પણ થશે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૧૭-૫-૧૯૨૮

૧. સી. એફ. ઍન્ડ્રૂઝના આ લેખો અહીં આપ્યા નથી.

Gandhi Heritage Portal

# ૩૮૭. અજમલ જામિયા ફંડના કોષાધ્યક્ષને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,[1]
સાબરમતી,
મે ૧૮, ૧૯૨૮

કોષાધ્યક્ષ
અજમલ જામિયા ફંડ
૩૯૫, કાલબાદેવી રોડ
મુંબઈ

ભાઈશ્રી,

**અજમલ જામિયા ફંડ**

૧૦ મેનો તમારો પત્ર મળ્યો. ૨૧–૪–૨૮ના રોજ અમને મોકલેલી યાદીની નકલમાંના સરવાળાની ભૂલ બાબત તમારું ધ્યાન ખેંચવાની મને જરૂર ઊભી થઈ છે. તમે તે રૂ. ૬,૯૩૫–૧–૦ મૂક્યો છે જ્યારે બરાબર ગણતાં સરવાળો રૂ. ૬,૮૮૪–૯–૦ થાય છે. એટલે રૂ. ૫૦–૮–૦નો ફરક પડે છે. તેથી આ સપ્તાહના યંગ ઇન્ડિયાના અંકમાં જે આંકડા પ્રસિદ્ધ થયા છે તેને તમારા ચોપડા સાથે સરખાવશો અને ભૂલ ક્યાં રહી ગઈ છે તે તપાસી મને જણાવશો જેથી તે આવતા અંકમાં સુધારી શકાય.

"સપ્તાહમાં ઉઘરાવેલો વધુ ફાળો" એ યાદીમાં નીચેનાં નામો અને તેના દાનની રકમોનો ઉલ્લેખ કર્યો નથી. આમ એટલા માટે કર્યું છે કે આશ્રમના અંતેવાસીઓ પાસેથી ઉઘરાવેલી રકમ એકસામટી આપવાનું અમને વધારે સારું લાગ્યું છે. મંત્રી તમને સંપૂર્ણ યાદી મોકલી રહ્યા છે જેથી તમે તેમાં બાકી રાખેલા આંકડા પૂરી શકો.

રહી ગયેલાં નામો અને દાનો:[2]

કમનસીબે આ અઠવાડિયાના યંગ ઇન્ડિયામાં જે યાદી પ્રસિદ્ધ થઈ છે તેમાં આંકડાની એક ભૂલ રહી ગઈ છે. સરવાળામાં આઠ આના વધી જાય છે. હું પ્રેસને મોકલેલી મૂળ યાદીમાં જોવાનો પ્રયત્ન કરું છું. તેમાંથી હું ભૂલો શોધી કાઢવા અને તે પછીના અંકમાં સુધારવા ઇચ્છું છું.

હવે જ્યારે નવી યાદી મોકલો ત્યારે મહેરબાની કરીને અમને આ અઠવાડિયાના અંકમાં પ્રસિદ્ધ કરવા મોકલેલ છેલ્લી, એટલે કે તમારા ૧૦મી મેના કાગળ પછી મોકલેલી યાદી સહિતની આખી યાદી મોકલશો. આશ્રમના દાતાઓનાં નામ કાઢી નાખવા વિનંતી છે. વ્યક્તિઓના નામે નાની રકમો લખવા કરતાં આશ્રમને નામે એક આખી રકમ આપવી એ વધારે સારું લાગ્યું છે. તમે આવતા અંકમાં યાદી છપાવવા માગતા હો તો, સોમવાર પહેલાં એ મળી જવી જોઈએ.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૪૯૨૩

૧. ૧૮ મે, ૧૯૨૮ને દિવસે ગાંધીજી મુંબઈમાં હતા.
૨. આ યાદી અહીં આપી નથી.

Gandhi Heritage Portal

## ૩૮૮. મહંમદ અલીને તાર

[મે ૧૯, ૧૯૨૮ કે તે પછી][1]

તમારો તાર મળતાં આનંદ થયો. મહારાજાસાહેબ ખાદીની પ્રગતિ બાબત બાંયધરી આપશે એમ આશા રાખું છું.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૫૯૯

## ૩૮૯. પ્રાથમિક કેળવણી

૨

જે કેળવણીનો વિચાર આપણે ગયા અંકમાં કરી ગયા, તે કેમ આપી શકાય અથવા તે આપવા સારુ શિક્ષકો ક્યાંથી કાઢવા એ મોટો પ્રશ્ન છે. કેળવણીને અંગે એ જ ખરો પ્રશ્ન છે. સરકારી ટ્રેઈનિંગ કૉલેજે એ પ્રશ્નનો ઉકેલ નથી કર્યો. જેને તેઓ 'ત્રણ આર,' એટલે લેખન, વાંચન ને ગણિત કહે છે તેનો પણ ઉકેલ નથી કર્યો. આ ત્રણે વસ્તુઓ એટલી ઓછી મળે છે કે તેમનો ઉપયોગ શીખનારને કે પ્રજાને થોડો જ મળે છે.

એટલે આ કાર્ય રાષ્ટ્રીય વિદ્યાપીઠને કરવાનું રહ્યું છે. રાષ્ટ્રીય વિદ્યાપીઠનો ધર્મ અને અધિકાર જ કેળવણી ક્ષેત્રમાં રાષ્ટ્રને પોષનારી નવી યુક્તિઓ શોધવાનો છે. અને તે યુક્તિઓ મારી અલ્પ મતિ પ્રમાણે યુરોપમાંથી બહુ ઓછા પ્રમાણમાં મળશે; હિંદુસ્તાનમાં ચાલતા વાયુમાંથી તેથીયે ઓછા પ્રમાણમાં મળશે. પ્રત્યેક દેશની કેળવણી તેના સ્વરાજની રક્ષાને અંગે હોય છે.

એટલે આપણે આપણી કેળવણીના નવા પ્રયોગો જ કરવાના રહ્યા છે. તે કરવામાં યુરોપના અનુભવનું આપણે ભલે જ્ઞાન પામીએ; પણ ત્યાંનું બધું સાચું જ હોય એમ માનીને નહીં. અથવા ત્યાંની પરિસ્થિતિમાં જે ત્યાંને સારુ સાચું હોય તે અહીં પણ હોય એમ અનુમાનીને નહીં. તેથી એક વસ્તુ તો એ નીપજે છે કે સરકારી શાળામાં જે જેવી રીતે ચાલે છે તેના પ્રત્યે આપણે શંકાની નજરે જોવાનું છે. સરકારી કેળવણી સ્વરાજની ને આપણી સભ્યતાની ઘાતક હોવાથી સરકારી પદ્ધતિથી ઘણી બાબતોમાં આપણે ઊલટા ચાલીએ તો આપણને સીધો માર્ગ મળવાનો સંભવ છે. દૃષ્ટાંત લઈએ :

ત્યાં માધ્યમ અંગ્રેજી છે તો આપણે સમજીએ કે રાષ્ટ્રીય કેળવણીમાં માધ્યમ અંગ્રેજી ન જ હોય.

૧. આ તાર ઔરંગાબાદના ઉદ્યોગો માટેના ઇન્સ્પેક્ટર શ્રી મહંમદ અલીએ ૧૯ મેને દિવસે કરેલા તારના જવાબમાં થયો હતો. તે આ પ્રમાણે હતો : "ખાદી પ્રદર્શનનું કાંતણ નિદર્શન આપના આશીર્વાદથી સફળ થયું છે. મહારાજા બહાદુરે આપના સૂતરને ચુંબન કર્યું છે અને તેઓ સાદર સલામો મોકલે છે અને કાંતવાનું વચન આપે છે. આપના આશીર્વાદની જરૂર છે."

Gandhi Heritage Portal

ત્યાં મોટાં ખરચાળ મકાનો બાંધીને કેળવણી અપાય છે. આપણે સમજીએ કે તે અયોગ્ય છે. આપણી શાળાઓનાં મકાનો સાદાં ને ગરીબ હોય.

ત્યાં અક્ષરજ્ઞાન અને સાહિત્ય ઉપર જ ભાર મૂકવામાં આવે છે, ને હિંદના ઉદ્યોગો પ્રત્યે ઉદાસીનતા વર્તે છે. આપણે જોઈએ છીએ કે તે અયોગ્ય છે.

ત્યાં ધર્મના — એટલે સાંપ્રદાયિક નહીં પણ સર્વસાધારણ ધર્મના — શિક્ષણનો ત્યાગ કરવામાં આવે છે. આપણે જાણીએ કે એવા ત્યાગમાં કેળવણીનો લોપ થાય છે.

સરકારી શાળામાં ઈતિહાસ શીખવવામાં આવે છે તે ખોટો નહીં તો કેવળ અંગ્રેજી દૃષ્ટિએ લખાયેલો હોય છે. તે જ વસ્તુઓનું નિરૂપણ જર્મન, ફ્રેંચ અને અમેરિકન ઈતિહાસકારો જુદી રીતે કરે છે. આધુનિક બિનાઓનું નિરૂપણ સરકારી લેખક એક રીતે ને પ્રજા બીજી રીતે કરે છે, જેમ કે પંજાબના હત્યાકાંડનું.

સરકારી શાળાનું અર્થશાસ્ત્ર અંગ્રેજી પદ્ધતિનું સમર્થન કરે છે, જ્યારે આપણે તેને જુદી રીતે જ જોઈએ છીએ.

સરકારી શાળા શહેરી સભ્યતાની હિમાયત કરે છે. રાષ્ટ્રીય સભ્યતાનો પ્રાણ ગામડાં હોય.

સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષકવર્ગને ચારિત્રની દરકાર રાખ્યા વિના, ઓછામાં ઓછું જ્ઞાન ને ઓછામાં ઓછો પગાર આપવામાં આવે છે; જ્યારે રાષ્ટ્રીય પ્રાથમિક શાળાના શિક્ષકો ચારિત્રવાન, જ્ઞાની અને ત્યાગી હોવાથી (લાચાર હોવાથી નહીં) ઓછામાં ઓછા પગારવાળા હોવા જોઈએ.

હવે આપણને કંઈક ખબર પડશે કે આપણાં શહેરી વિદ્યાલયોમાં કેવું શિક્ષણ હોવું જોઈએ.

આપણા વિદ્યાર્થીઓ ગામડાંમાં જઈને ગામડાંની સભ્યતાને સ્થિર કરનારા, તેમની હાજતો જાણનારા, તેમનામાં જ્યાં દોષો હોય તે દૂર કરનારા, તેમનાં બાળકોને શહેરી બનવાની નહીં પણ ગામડિયા રહેવાની એટલે ખેડૂત રહેવાની તાલીમ આપનારા હોવા જોઈએ. એટલે જ્યાં લગી શહેરોમાં અપાતી આપણી કેળવણીની રચના જડમૂળથી નીડરપણે સુધારવામાં ન આવે ત્યાં લગી આપણે વિદ્યાપીઠના એક મોટા ધ્યેયને પહોંચતા નથી, તેનું પાલન કરતા નથી.

એક જ દાખલો લઈએ: આપણે અમદાવાદમાં જ મહાવિદ્યાલય, નવી ગુજરાતી શાળા તથા વિનયમંદિર ચલાવીએ છીએ. તે ચલાવવાનો આપણને અધિકાર ત્યારે જ હોય જ્યારે આપણે તે વિદ્યાલયોમાં ભણતાં બાળકોને ગામડિયાં બનાવવાનો પ્રયત્ન કરીએ, તેમને ગ્રામ્યજીવનમાં રસ લેતાં — તેને ઓળખતાં કરીએ, ને છેવટે તેમનામાંથી જે વિનયમંદિર અથવા મહાવિદ્યાલય છોડનારાં થાય તે ગામોમાં પથરાઈ ગામડિયાઓની સેવા કરતાં થઈ જાય.

આમ કેમ બને તેનો વિચાર હવે પછી.

[મૂળ ગુજરાતી]

नवजीवन, २०-५-१९२८

Gandhi Heritage Portal

## ૩૯૦. મણિબહેન પટેલને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મૌનવાર, મે ૨૧, ૧૯૨૮

ચિ. મણિ,

શારદાબહેન ઉપરની તમારી નોંધ ચિ. કાંતિ (પારેખ)ના કાગળ ઉપર કરેલી વાંચી. જરા ખેદ થયો. હું તો નિત્ય સ્મરણ કરું છું. જે કોઈ ત્યાંથી આવે તેને પૂછું છું. મીરાંબહેનને તો બહુયે કહ્યું છે. તે બધું કંઈ લખ્યું જાય? પણ હું આશા છોડી નથી બેઠો. બધું ઠેકાણે જ આવશે એમ માની બેસી રહ્યો છું. લખવાનું શૂર ચડે ત્યારે લખવું. ત્યાંના (બારડોલીમાંના મહેસૂલ સત્યાગ્રહ વખતના) તમારા કામથી વલ્લભભાઈને સંતોષ છે, એમ હું મુંબઈમાં તેમને મોઢેથી સમજ્યો. એટલો સંતોષ થયો. મારે સારુ એટલું બસ નથી. મારે તો ગાંભીર્ય, શાંતિ, સંતોષ, વિવેક, મર્યાદા, નિશ્ચય, સૂક્ષ્મ સત્યપરાયણતા, તીવ્રતા, અભ્યાસ, ધ્યાન ઇત્યાદિ જોઈએ. નહીં તો કુમારિકા અને સેવિકાને શોભે એવું જીવન ન થાય.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

बापुना पत्रो : ४ – मणिबहेन पटेलने पा. ६५-६

## ૩૯૧. ઝાકિર હુસેનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૨૩, ૧૯૨૮

વહાલા ભાઈ,

તમારો પત્ર મળ્યો છે. તેની સંપૂર્ણ નિખાલસતાને કારણે મારે મન તે મહામૂલો છે.

વ્યક્તિગત રીતે તો મેં ઉગ્ર અસહકારની જાહેરાત પસંદ કરી હોત; પરંતુ તમે વધુ નરમ જાહેરાત કરી તેથી હું તમને એ સંસ્થા છોડવાની સલાહ આપવા તૈયાર નથી. આખરે જ્યારે કસોટીનો સમય આવે છે ત્યારે કાર્યનું જેટલું મહત્ત્વ હોય છે તેટલું જાહેરાતનું હોતું નથી. સંસ્થાનું ભાવિ છેવટે ટ્રસ્ટીઓ ઉપર નહીં, પરંતુ જે અધ્યાપકો તેને સર્વસ્વ અર્પણ કરે છે તેમના ઉપર અવલંબે છે.

તમારી આર્થિક મુશ્કેલી હું સમજું છું. હું લાચાર છું. મેં આ બાબત ડૉ. અનસારી સાથે મુંબઈમાં ચર્ચા હતી અને તેમણે મને કહ્યું હતું કે તેઓ મુંબઈથી થોડા પૈસા મોકલવાની આશા રાખતા હતા. બધું વ્યવસ્થિત થાય તે પહેલાં હું જમનાલાલજીને ઍડ્વાન્સની વધુ રકમ આપવા કહી શક્યો નથી.

Gandhi Heritage Portal

બહુ મોટું મંડળ મને બિલકુલ ગમતું નથી.

ડૉ. અનસારીએ ઈદ પછી તરત જ સાબરમતી આવવા વચન આપ્યું છે. જો તે આવશે તો હું આ બાબત એમની સાથે ફરીથી ચર્ચીશ.

તમારો સહૃદયી

ડૉ. ઝાકિર હુસેન
જામિયા મિલિયા
કારોલ બાગ
દિલ્હી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૯૨૧

## ૩૯૨. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ

મદ્રાસના સાહસિક પુસ્તક પ્રકાશક શ્રીયુત એસ. ગણેસને દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહ[1] ઉપરના મારા ઈતિહાસનો — જો તેને ઈતિહાસ કહી શકાય તો — અંગ્રેજીમાં અનુવાદ પ્રગટ કર્યો છે, શ્રી વાલજી ગોવિંદજી દેસાઈએ તેનું ચીવટપૂર્વક ભાષાંતર કર્યું છે. આ ગ્રંથ બહુ સારી રીતે છપાયેલો છે, તેને ખાદીનું પૂઠું છે અને તેમાં કુલ ૫૧૧ પૃષ્ઠો છે. તેના પ્રકાશકે એ ગ્રંથ સ્વ. મગનલાલ ગાંધીને અર્પણ કર્યો છે. એ યોગ્ય જ છે. આ પુસ્તકમાં ૫૦ પ્રકરણો છે અને તે દક્ષિણ આફ્રિકાના મારા નિવાસનો લગભગ આખો ગાળો આવરી લે છે. જે અસંખ્ય વાચકો મારા "સત્યના પ્રયોગો" ધ્યાનપૂર્વક વાંચે છે તેઓ સત્યના સૂક્ષ્મ અર્થોનું મને જે રીતનું દર્શન થયું છે તેને, તેમ જ તે અદ્ભુત અને અનુપમ બળને, જેને નિષ્ક્રિય પ્રતિકારથી જુદું પાડવા માટે મેં, ખરું કહીએ તો મગનલાલે, સત્યાગ્રહ નામ આપ્યું છે અને જેને મેં ઘણી વાર પ્રેમબળ, આત્મબળ તેમ જ સત્યબળ તરીકે ઘટાવ્યું છે તેને, બરાબર સમજવા માગતા હોય તો આ ગ્રંથ વાંચ્યા વગર તેમને ચાલી શકે નહીં. કેવળ નબળાના હથિયાર તરીકે જ સત્યાગ્રહની કલ્પના કરવામાં આવી નથી. માણસ સંભવત: કલ્પી શકે કે જેની તે ઝંખના કરી શકે એવું એ પ્રચંડમાં પ્રચંડ બળ છે અને તે સંપૂર્ણપણે પશુબળનું સ્થાન લઈ શકે એમ છે. જેઓ એ સમજવા માગતા હોય કે અનેક પ્રકારની મુશ્કેલીઓ વચ્ચે સત્યાગ્રહનો પ્રયોગ દક્ષિણ આફ્રિકામાં શી રીતે સફળ થયો તેમની પાસે આ પુસ્તક હોવું જોઈએ. તે એસ. ગણેસન, પ્રકાશક, ટ્રિપ્લિકેન, મદ્રાસ—એ સરનામેથી રૂ. ૪–૮–૦ની કિંમતે મળી શકશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २४–५–१९२८

૧. જુઓ પુ. ૨૯.

Gandhi Heritage Portal

## ૩૯૩. ઍન્ડ્રૂઝની અંજલિ

મગનલાલ ગાંધીના વ્યક્તિગત સંપર્કમાં આવનાર દીનબંધુ ઍન્ડ્રૂઝે તેમની સ્મૃતિમાં અંજલિ મોકલી છે. તેમાંથી અંગત ઉલ્લેખો છોડી દઈને નીચેનું લખાણ[1] હું પ્રસિદ્ધ કરું છું:

यंग इन्डिया, २४–५–१९२८

## ૩૯૪. પુણ્યનો સોદો

ગોવામાં ઈસ્પિતાલો ચલાવવાને માટે લૉટરીઓ નીકળે છે તે વિશે એક પત્ર લખનાર મારું ધ્યાન ખેંચે છે. એ જણાવે છે કે બ્રિટિશ હિંદુસ્તાનના લોકો વિના પરિશ્રમે એકાએક ધનવાન થઈ જવાની મિથ્યા આશામાં, અને ધનવાન ન થવાય તો પુણ્ય તો મળે જ એ વિશ્વાસમાં, લાખો રૂપિયા ગુમાવે છે. એ કાગળ લખનારે એક જાહેરખબરની કાપલી મોકલી છે તેમાંનો થોડો ભાગ ઉતારુ છું:

> બીમારની સામે જુઓ. જે ગરીબને દાન દે છે તે પ્રભુના ઉપર ઋણ ચડાવે છે. ત્યારે આ લૉટરીમાં એક રૂપિયો નાખીને ગરીબને શા સારુ મદદ નથી કરતા? દાન દેવાની એ સુંદર રીત છે.

વળી એ જાહેરખબરમાં એક ધોળા વાળવાળા વયોવૃદ્ધ પાદરીની છબી છે.

આવી લૉટરીમાંથી મળેલાં નાણાંમાંથી બાંધેલી ઈસ્પિતાલો કેવી ચાલે છે તે બહુ જાણવા જેવું થઈ પડે છે. દરમ્યાન મનુષ્યની લોભવૃત્તિને ઉત્તેજી, અને હજારો રૂપિયાનાં લલચાવનારાં ઈનામો ન મળે તો પુણ્ય તો મળશે એવું વચન આપી, નાણાં એકઠાં કરી ધર્માદા સંસ્થાઓ બાંધવાની નીતિ તપાસી જોવાની જરૂર છે. (લાખો ટિકિટ ખરીદનારને ઈનામો નથી મળતાં એ તો જાહેર વાત છે.)

આજે જ્યાં ત્યાં સૌને વિનાપરિશ્રમે અને વિનાવિલંબે તાલેવાન થઈને બેસવાની લહે લાગી છે. ઘોડદોડની શરતમાં કે લૉટરીની ટિકિટમાં એક રૂપિયો નાખનાર દરેક જણની આશાનો ડુંગર ઈનામ મેળવનારા જૂજ નસીબદાર (!)ના જેટલો જ હક ધરાવનારાં હજારો સ્ત્રીપુરુષોની નિરાશા ઉપર રચાયેલો હોય છે. પણ જ્યારે બહુ આબરૂદાર ગણાતાઓમાં સટોડિયાપણાનો રોગ વ્યાપી રહ્યો છે ત્યારે કેવળ લૉટરીની પ્રથાને જ શા સારુ નિંદવી? શૅરબજારમાં પણ સટોડિયાપણાનો રોગ એટલો જ છે. અરે, એ રોગથી મુક્ત કોણ છે? શૅરબજારના ભાવોની રૂખ જોઈને એક જ દિવસમાં તાલેવાન થઈ બેસનાર દરેક જણ જાણે છે કે તેના એકાએક ધનવાન થવામાં અનેક ગરીબ વિધવાઓનું સત્યાનાશ રહેલું છે. હા; પેલી વિધવાઓનાં સગાંઓએ તો આપણે કલ્પેલા પેલા હોશિયાર સટોડિયાના જેવી આશા રાખીને જ મેલા શૅર ખરીદ્યા હશે.

આશ્ચર્ય થશે કે રૂ, ચોખા અને શણના વેપારમાં પણ સટ્ટા થાય છે. લૉટરીની પ્રથા એ આ સટોડિયાપણાની માત્ર કાચી નકલ છે. લૉટરીમાં પૈસા નાંખવા એ ગેરઆબરૂ ભરેલું ગણવું એ તો બરોબર છે જ, પણ લૉટરી અને શૅરબજારમાં ચાલતા સટ્ટાના મૂળમાં લોભવૃત્તિ રહેલી છે એ જાણી, તે લોભવૃત્તિમાં એટલે રોગના મૂળમાં છેદ મૂકવો એ જ બહેતર છે. લૉટરી

૧. અહીં આપ્યું નથી.

Gandhi Heritage Portal

વગેરે તો રોગનાં ચિહ્નો છે. એટલે ભૂંડામાં ભૂંડું ચિહ્ન જોઈ શક્યા છીએ તો તેનું મૂળ પકડી તેનો નાશ કરી શકીએ તો કેવું સારું!

પણ એ આશા તો ફળે ત્યારે ખરી! આ રોગ બધે જ વ્યાપેલો છે એમ હું કહું છું તેથી રખે આ લૉટરી ચલાવનારા કોઈ લૉટરીનો બચાવ કરતા!

અને ખાસ કરીને આ લૉટરી ધર્માદા સંસ્થાને માટે કાઢવામાં આવેલી કહેવાય છે એટલે આ ચેતવણીની સવિશેષ જરૂર છે. લાયકાત વિના તાલેવાન થવાની ઇચ્છા રાખવી એ ભૂંડું છે, પણ સટ્ટાની સાથે ધર્મદાનને જોડવું એ તો પાપ છે. અયોગ્ય લૉટરીમાં પૈસા નાખનારા અયોગ્ય મનોરથ સંતોષવાની આશા ભલે રાખે, પણ મફતનું પુણ્ય મેળવવાનો તો વિચાર ન જ કરે. એક્કી વખતે પૈસો અને પરમેશ્વર બંનેની સેવા ન થાય. અને ગોવાની ઇસ્પિતાલોના ખ્રિસ્તી ચાલકો માનવસ્વભાવની અધમ વૃત્તિઓનો લાભ ઉઠાવી શા સારુ ધર્મને ધૂળમાં રોળતા હશે? શું તેઓ ધારે છે કે લાખો લોકોના આત્માને રોગી બનાવીને ઇસ્પિતાલ ચલાવવાનો પ્રયત્ન કરી તેઓ ઈશ્વરને ખુશ કરે છે? આ તો એકને દાન દેવાને બીજાને લૂંટવા જેવું થયું. ઇસ્પિતાલ કાઢી થોડાનાં શરીર સાજાં કરવામાં તેમને શો લાભ, જો એ જ ઇસ્પિતાલ કાઢતાં બીજા હજારગણા લોકોના આત્મા હણાતા હોય?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २४–५–१९२८

ભાષાંતર : नवजीवन, २७–५–१९२८

## ૩૯૫. મ્યુનિસિપાલિટીની શાળામાં કાંતણ

જળગાંવના ખાદીબોર્ડના મંત્રીએ ત્યાંની શહેર સુધરાઈ સંચાલિત શાળાઓમાં તકલી અને રેંટિયા દ્વારા કાંતણ વર્ગો ચાલે છે, તેનો સારી રીતે તૈયાર કરેલો કોઠા સહિતનો અહેવાલ મને મોકલ્યો છે. આ અહેવાલ તા. ૧૪ જૂન ૧૯૨૭થી ૧૫ ફેબ્રુઆરી ૧૯૨૮નો ગાળો આવરી લે છે. ૧૪૯ છોકરીઓ અને ૧૨૬ છોકરાઓ તકલી અથવા રેંટિયા પર કાંતતાં હતાં. કાંતણનો સમય દરરોજ ઓછામાં ઓછી ૨૫થી ૫૦ મિનિટનો અપાતો હતો. એકંદરે તેઓએ આ સમય દરમિયાન ૪,૪૮,૦૦૦ વાર સૂતર કાંત્યું. તકલી ઉપર વધારેમાં વધારે ઝડપ કલાકના ૧૨૫ વાર અને રેંટિયા ઉપર ૩૨૫ વારની હતી. આ પ્રશંસનીય પરિણામ ગણાય. જળગાંવની સુધરાઈની શાળાઓમાં જે થઈ શક્યું તે બધી સુધરાઈની શાળાઓ માટે શક્ય છે. એમ જરૂર બતાવી શકાય કે જો રાષ્ટ્ર સંકલ્પ કરે તો તેને જેટલું સૂતર જોઈએ તે શાળાએ જતાં બાળકો મારફતે મેળવી શકાય એમ છે. અને એ હકીકત, જે વિદ્યાર્થી જીવનને કેટલાક ખોટી રીતે બેજવાબદારીનો ને મોજમજાનો સમય ગણે છે તે કાળ દરમ્યાન, તેમને સ્વમાન અને સ્વાવલંબનના પાઠ શીખવશે. હું જોઉં છું કે કેવળ રેંટિયા પર કાંતનારા વિદ્યાર્થીઓ જ પોતાનું રૂ જાતે પીંજી લે છે. એનો અર્થ એ થયો કે એ સિવાયના બીજા વિદ્યાર્થીઓ પીંજવાનું કાર્ય જાતે કરતા નથી. એ વાત વધુ ને વધુ સ્વીકારાઈ રહી છે કે સારા કાંતણની ખૂબી કેવળ સારા જ નહીં પણ બિલકુલ દોષરહિત પીંજણમાં રહેલી છે. દરેક જણ પોતાનું રૂ જાતે પીંજી લે તો જ આ સિદ્ધ થઈ શકે. જો નિષ્ઠાપૂર્વક શીખવામાં આવે તો તે સહેલાઈથી શીખી શકાય એમ છે.

Gandhi Heritage Portal

બીજું એ સૂચન કરવાનું હું સાહસ કરું છું કે કાંતેલા સૂતરની ખાદી વણાવી લેવામાં જરાયે વખત ગુમાવવો જોઈએ નહીં. અને તે માટે કાં તો એકાદ હોંશિયાર છોકરાને તાલીમ આપવી જોઈએ કે કોઈ શિક્ષકે વણાટની કળા શીખી લેવી જાઈએ. એમ ન બની શકે એમ હોય તો સ્થાનિક વણકરને એવું સૂતર વણવાને પ્રોત્સાહન આપવું જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २४–५–१९२८

# ૩૯૬. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૨૪, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

તમારો પત્ર મળ્યો છે. શ્રી સેનગુપ્તાને લખેલા મારા પત્રની નકલ આ સાથે છે.[1]

તમારો

બિડાણ–૧

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૬૪૦

# ૩૯૭. જે. એમ. સેનગુપ્તાને પત્ર

મે ૨૪, ૧૯૨૮

પ્રિય ભાઈ,

મહાસભાના કલકત્તાના આગામી અધિવેશન પ્રસંગે તમે એક ભવ્ય પ્રદર્શન યોજવાના છો એમ મેં સાંભળ્યું છે. પરંતુ મને એમ કહેવામાં આવ્યું છે કે તે કેવળ તદ્દન શુદ્ધ સ્વદેશી જ નહીં પરંતુ પરદેશી અને બીજી બધા પ્રકારની ચીજોનું હશે. આ સાચું હોઈ શકે ખરું? હું તો એમ જ માનું કે તમે ખાદીને કેન્દ્રમાં રાખશો અને તેની આસપાસ જે પૂરેપૂરી શુદ્ધ સ્વદેશી હોય તેવી ચીજોને જ પ્રદર્શનમાં મૂકશો અને પરદેશી ચીજો અને કાપડ તો ઠીક પણ દેશમાં ઉત્પન્ન થતું મિલનું કાપડ પણ તેમાંથી બાકાત રાખશો. અમદાવાદના અધિવેશનથી કૉંગ્રેસ પ્રદર્શનોનો ઈતિહાસ આવો રહ્યો છે. ગયા વરસે મદ્રાસમાં પહેલી વાર આ પ્રણાલિકાનો ભંગ કરવામાં આવ્યો એ દુઃખદ છે. મને આશા છે કે કલકત્તા આ ભૂલનું પુનરાવર્તન નહીં કરે.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

શ્રીયુત સેનગુપ્તા
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૬૦૬

1. જુઓ આ પછીનો પત્ર.

Gandhi Heritage Portal

## ૩૯૮. મહમદ હબીબુલ્લાહને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૨૪, ૧૯૨૮

ભાઈશ્રી,

મારી ખાનગી જાણ માટે બીડેલ શ્રીયુત શાસ્ત્રીના કેબલની[1] નકલ સાથેના તમારા પત્ર બદલ હું તમારો આભાર માનું છું.

તમારો સહૃદયી

સર મહમદ હબીબુલ્લાહ
વાઇસરૉયની કાઉન્સિલના સભ્ય
સિમલા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૧૯૮૭

## ૩૯૯. ટી. પ્રકાશમને પત્ર

મે ૨૪, ૧૯૨૮

પ્રિય ભાઈ પ્રકાશમ્,

તમારો પત્ર મળ્યો છે. શ્રી બૅંકરે મને યાદ કરાવ્યું છે કે જ્યારે હું માંદગી પછી જૂહુમાં વિશ્રાંતિ લેતો હતો, ત્યારે તમને તે પૈસા મારા કહેવાથી અપાયા હતા. અલબત્ત, તે તમને ખાદીકાર્ય માટે આપ્યા હતા, પરંતુ તમે એમ સૂચવવા તો માગતા નથી ને કે તે ખાદીકાર્ય માટે આપ્યા હતા એટલે તમે એને માટે વ્યક્તિગત રીતે જવાબદાર નથી? હકીકતમાં એ પૈસા તમારી વ્યક્તિગત બાંયધરી પર ઍડ્વાન્સ તરીકે આપવામાં આવ્યા હતા. આ અર્થઘટનની યોગ્યતા બાબતમાં તમને શંકા હોય તો પંચની નિમણૂક સ્વીકારશો? અખિલ હિંદ ચરખા સંઘની

૧. શાસ્ત્રીનો કેપટાઉનથી આવેલો કેબલ આ પ્રમાણે હતો : "તા. ૨૪ એપ્રિલ ૧૯૨૮, ક્રમાંક ૨૦૨ મુજબના મારા તારના અનુસંધાનમાં ઉમેરવાનું કે ટ્રાન્સવાલની મુસાફરી રદ કરવાની મને ફરજ પડી છે. અને હું છૂટછાટ બાબતની યોજનાની ચર્ચા કરવા આંતરિક બાબતોના મંત્રીને મળવા કેપટાઉન આવ્યો છું. ગાંધીજી અને પૅટ્રિક ડંકનની સંમતિ પ્રમાણેની ૧૯૧૪ની સમજૂતી અનુસાર દલીલ કરી છે. એપ્રિલ ૨૭, ક્રમાંક ૨૧૪ના મારા તારમાં જણાવ્યા મુજબના તાજા ચુકાદા બાજુએ રાખીને આ યોજનાનો અમલ કરવા ગૃહ ખાતું ઉત્સુક છે. ટ્રાન્સવાલના હિંદીઓમાં, ખાસ કરીને ગુજરાતીઓમાં બહુ જ ખળભળાટ થયો છે. પરંતુ ૧૯૧૪ની સમજૂતી અખત્યાર કરવાથી તે શમી જશે એમ લાગે છે. મંત્રીશ્રીએ વિચારણા કરવાનું વચન આપ્યું છે પણ મને તે બાબતમાં શક છે.
આની નકલ ખાનગી રીતે પત્ર સાથે બીડીને ગાંધીને મોકલશો."

Gandhi Heritage Portal

સમિતિએ આ બાબતમાં પોતાની ફરજ બજાવવાની રહે છે, એટલે તમે તેની અને મારી[1] મુશ્કેલી સમજી શકશો.

તમારો સહૃદયી

શ્રીયુત ટી. પ્રકાશમ્
"સ્વરાજ્ય"
બ્રૉડવે, મદ્રાસ જી. ટી.

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૬૦૭

## ૪૦૦. એક પત્ર[2]

મે ૨૪, ૧૯૨૮

ભાઈશ્રી,

શ્રી રામનાથન્ તરફથી હવે તમને ખબર મળ્યા હશે અને હું વિશ્વાસ રાખું છું કે જમા કરાવેલી જામીનગીરીની રકમ રોકવાનાં કારણોની બાબતમાં તમને સંતોષ ન થયો હોય તો પંચનો ફેંસલો તમે સ્વીકારશો.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૬૦૮

## ૪૦૧. એસ. રામનાથનને પત્ર

મે ૨૪, ૧૯૨૮

પ્રિય ભાઈ રામનાથન્,

. . . વિશેનો તમારો પત્ર મળ્યો છે. વાત તદ્દન સાચી છે. મેં . . . ને સાથે બીડેલી નકલ[3] પ્રમાણે લખ્યું છે.

સંબંધ ધરાવતા કાગળો આ સાથે મોકલું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૬૦૯

૧. આ પત્રની નકલ અખિલ હિંદ ચરખા સંઘના મંત્રીને મોકલવામાં આવી હતી.
૨. જેમને પત્ર લખાયો છે તેમનું નામ આપ્યું નથી.
૩. જુઓ આ પહેલાંનો પત્ર.

Gandhi Heritage Portal

## ૪૦૨. મેહરસિંહ રેતને પત્ર

આશ્રમ,
સાબરમતી,
મે ૨૪, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મને મળ્યો છે. મને ભય છે કે જ્યાં સુધી આપણે સ્વરાજ્ય મેળવ્યું નથી ત્યાં સુધી તમે ભોગવી રહ્યા છો[1] તે વિટંબણાઓ શાંતિથી સહન કર્યે જ છૂટકો.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૮૦૮

## ૪૦૩. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૨૪, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

રામવિનોદ બહુ જ પરેશાન કરી રહ્યા છે. તેમણે હજી સંઘ પ્રત્યેનું ઋણ ચૂકવ્યું નથી. તમે તેમને સમજાવી શકો તેમ છો?

કૃષ્ણદાસ શું કરે છે?

તમારી તબિયત કેમ રહે છે?

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૧૫૯૨

૧. મેહરસિંહ રેતને અમેરિકામાંથી દેશનિકાલ કરવામાં આવ્યા હતા. તેમનાં અમેરિકન પત્નીએ "એક હિંદુને પરણવાથી" પોતાના નાગરિક તરીકેના હક ખોયા હતા.

Gandhi Heritage Portal

# ૪૦૪. એફ. એચ. બ્રાઉનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૨૫, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળતાં મને આનંદ થયો. દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધિમંડળ સાથે હું ત્યાં આવ્યો હતો તે વખતની લંડનની આપણી મુલાકાતો મને બરાબર યાદ છે.

સત્યના પ્રયોગો અથવા આત્મકથાની અંગ્રેજી આવૃત્તિ બાબતની મંજૂરી આપવા વિશે લખવાનું કે તે પરવાનગી ગયે વર્ષે ન્યૂયૉર્કની મૅકમિલન કંપનીને આપવામાં આવી છે.

આ પુસ્તકનો બીજો ખંડ હમણાં પ્રસિદ્ધ કરવામાં નહીં આવે. તે થોડો સમય લેશે. કારણ હિંદના અનુભવ વિશેનાં પ્રકરણો કેવી રીતે લખાશે તે હું કહી શકતો નથી. એ વિશે મેં કોઈ ચોક્કસ યોજના પણ ઘડી કાઢી નથી, તેથી તેમાં કેટલાં વધારે પ્રકરણો મારે લખવાં પડશે તે હું કહી શકું એમ નથી. અને તેટલા જ કારણસર બીજા ખંડનું પ્રકાશન હાલ તુરત માટે મુલતવી રાખ્યું છે.

તમારા આશ્વાસન માટે આભાર.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

એફ. એચ. બ્રાઉન એસ્ક્વાયર
દિલકુશા
ફૉરેસ્ટ હિલ, લંડન, દ. પૂ. ૨૩

[મૂળ અંગ્રેજી]

નકલ પરથી: એસ. એન. ૧૪૩૧૭ તથા સી. ડબલ્યુ. ૪૪૪૦; મિ. એફ. એચ. બ્રાઉનના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૪૦૫. જનકધારીપ્રસાદને પત્ર

આશ્રમ,
સાબરમતી,
મે ૨૫, ૧૯૨૮

પ્રિય જનકધારીબાબુ,

તમારો પત્ર મને મળ્યો છે. જો આપણે ઈશ્વરની નજીકમાં નજીક રહેવા ઇચ્છતા હોઈએ તો ઈશ્વર અને આપણી વચ્ચે કોઈ પણ હોવું ન જોઈએ. પતિ અને પત્ની વચ્ચેનો પ્રેમ અવરોધરૂપ છે, કારણ કે આપણે સમજીએ છીએ તે પ્રમાણે તે પ્રેમ અનિવાર્યપણે એકાંતિક અને વ્યક્તિગત હોય છે.

૨. ઈશ્વર વિશેની શ્રદ્ધા દલીલથી સાબિત કરી શકાતી નથી. એ મસ્તિષ્કમાંથી નહીં પણ હૃદયમાંથી પ્રગટે છે. અને હૃદયની વસ્તુઓ સ્વયંભૂ અને સાહજિક હોય છે, ખુદ આપણી નબળાઈઓ અને મર્યાદાઓએ જ એ સંપૂર્ણ અને અસીમ પરમાત્મામાં શ્રદ્ધા પ્રેરવી જોઈએ. અને આપણામાં એ શ્રદ્ધા હોય તો આપણે અવશ્ય વિટંબણાઓ, દુ:ખો અને તેવી બીજી ઘણી બાબતોથી મુક્ત રહી શકીએ.

૩. તમે એમ શા માટે કહો છો કે તમે માસિક રૂપિયા ૫૦ લો છો, એટલે લોકોની સેવા નથી કરતા? જે કોઈ ચરખા સંઘને સેવા આપે છે તે બેશક, રાષ્ટ્રની જ સેવા કરે છે. આ ગરીબ દેશમાં પેટ પૂરતું પણ મેળવ્યા સિવાય કામ કરવાની અપેક્ષા રાખવી એ મૂર્ખાઈ જ ગણાય. તમે ધીકતી કમાણીવાળા વકીલ નથી તેથી બીજા લોકોને તમારે માટે માન કે પ્રેમ નથી એ કંઈ દુ:ખી થવાનું કારણ નથી. પણ જો તમે સંપત્તિ અને જાહેર પ્રતિષ્ઠા વિના સુખી થઈ શકતા હો તો એ એક અભિનંદનનું સારું કારણ છે.

બાબુ વિન્દેશ્વરીપ્રસાદે તમારું શરણું શા માટે શોધવું જોઈએ? જો તેમને પોતાના મનમાં ખાતરી હોય કે તેમની ધીકતી વકીલાત છોડી દેવી એ વાજબી થશે તો દેશનાં લાખો ભાઈ-બહેનોની માફક જેમ તેમ ભૂખ સંતોષાય તેટલું કમાઈને તેમણે આનંદ માનવો જોઈએ. છતાં તેમણે વકીલાત છોડી છે, તેને માટે પસ્તાવો થતો હોય તો તેમણે તે ફરી શરૂ કરવી જોઈએ.

તમારાં બાળકો વિશે લખવાનું કે તેઓ પ્રામાણિક શ્રમજીવી બને એ રીતે તેમને ઉછેરવાં એ જ તમે તેમને આપી શકો એવી સાચી કેળવણી છે. એ શિક્ષણથી એમને અને દેશને ફાયદો થશે. અને તમારાં બાળકો તમને ભારરૂપ થવાને બદલે બંનેને આશીર્વાદરૂપ નીવડશે.

હું આશા રાખું છું કે તમારાં પત્નીની તબિયત હવે પૂરેપૂરી સુધરી ગઈ હશે. હું તમને એટલું કહી દઉં કે આશ્રમના બંધારણમાં ધરખમ ફેરફારો થઈ રહ્યા છે, અને હાલ પૂરતું ઓછામાં ઓછું એક વર્ષને માટે કોઈ નવા આવનારને લેવાની ઇચ્છા નથી. તેથી જો તમારાં પત્નીને હવે પછીના એક કે બે માસમાં અહીં આવવાની ઇચ્છા હોય તો તમે તેમને મોકલવાનો વિચાર કરો એ પહેલાં મને જણાવશો એવી વિનંતી છે.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૫૧

Gandhi Heritage Portal

## ૪૦૬. એચ. એસ. એલ. પોલાકને પત્ર

આશ્રમ,
સાબરમતી,
મે ૨૫, ૧૯૨૮

તમારા પત્રો મળ્યા છે. તમને સુમાહિતગાર રાખવા અને મગનલાલના મૃત્યુ વિશે બધી હકીકત લખવા મેં મહાદેવને કહ્યું હતું. લાંબો પત્ર લખાવવાનો મારી પાસે સમય નથી. આ તમને એટલું કહેવા માટે જ લખું છું કે તમારા કેબલ અને પત્રોની હું કેટલી બધી કદર કરું છું. મેં મારું રહેવાનું હવે મગનલાલના ઓરડામાં રાખ્યું છે.

મહાદેવે તેનું કારણ તમને જણાવ્યું જ હોવું જોઈએ. મગનલાલ કલકત્તા તેમને સોંપાયેલી ફરજ ઉપર ગયા હતા. ત્યાંથી તે ગયાજી ગયા. ત્યાંથી તે રાધાને મળવા એક એવી જગ્યાએ ગયા જ્યાં રાધા એક કુટુંબમાંથી પડદાનો કુરિવાજ કાઢી નાખવા ગઈ હતી. રસ્તામાં તેમને શરદી લાગુ પડી અને તેમને ન્યુમોનિયા થયો. અને જે પ્રેમાળ મિત્રો તેમને માટે માનવથી થઈ શકે તે બધું કરી છૂટયા હતા, તેમની વચ્ચે રહી નવ દિવસની માંદગી પછી તેમણે શાંતિથી ચિરવિદાય લીધી.

એચ. એસ. એલ. પોલાક, એસ્ક્વાયર
૪૨, ૪૭ અને ૪૮ ડેન્સ ઇન હાઉસ
૨૬૫, સ્ટ્રેન્ડ, લંડન, ડબલ્યુ. સી. ૨

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૪૩૧૬

## ૪૦૭. કિશોરલાલ મશરૂવાળાને પત્ર

શુક્રવાર, જેઠ સુદ ૬, ૧૯૮૪ [મે ૨૫, ૧૯૨૮]

ચિ. કિશોરલાલ,

તમારા બંને કાગળ ધ્યાનપૂર્વક વાંચ્યા છે.

મેં જેવી રીતે જે કહ્યું છે તેવી રીતે તે તમારી આગળ મુકાયું નથી લાગતું.

જે ફેરફારો મેં સૂચવ્યા છે તેમાં નવું થોડું છે. આશ્રમવાસીની જે વ્યાખ્યા આપણે ઘડી તેમાં મેં ફેરફાર નથી કર્યો. જે આદર્શ આપણી પાસે હમેશાં રહ્યો છે તેને અનુસરવાનો ભારે પ્રયત્ન કરવો એ જ આમાંથી પ્રાપ્ત થાય છે.

બળાત્કાર તો કોઈની ઉપર નથી કર્યો, નથી કરવા ઇચ્છયું. આજે બે ભાઈઓ પોતાનું નોખું રસોડું રાખવાનો આગ્રહ કરે છે તેને દબાવવાની મેં ના પાડી છે. એટલે હું તો ક્યાંયે દબાણ નથી જોતો. આગ્રહ (મીઠો) છે. દરેક વસ્તુ સ્પષ્ટ સમજાવતો રહું છું.

જેઓ આશ્રમમાં આવ્યા તેઓએ આશ્રમમાં થતા નૈતિક વિકાસને કે ફેરફારને વશ વર્તવું જોઈએ એ મતનો હું છું. જેઓ આવ્યા છે તે એમ તો ન જ કહી શકે કે “અમે તો આટલા જ


Gandhi Heritage Portal

નિયમોને તાબે રહીએ ને નવા નિયમ થાય તો ને તેનો અમલ અમારે વિશે થાય તો તે વચનભંગ ગણાય.'' આવી સ્થિતિમાં એક પણ સંસ્થા ન નભી શકે. નિશ્ચય સ્થૂલ વસ્તુઓ વિશે હોય એટલે કે પગાર, મુદત ઇત્યાદિનો. આપણે ત્યાં તો સામાન્ય રીતે નૈતિક બંધન ઉપરાંત બીજો અંકુશ જ નથી.

આ બધું છતાં બ્રહ્મચર્યની બધાની પાસે ખૂબ ચર્ચા કરાવ્યા પછી જ, બધાએ તેના પાલનની આવશ્યકતાનો સ્વીકાર કર્યા પછી જ, તે નિયમનો અમલ કરવાનું ઠરાવ્યું. તે નિયમ વાંચી સંભળાવતી વેળા મેં જરૂર કહ્યું કે જેઓ તે નિયમનું પાલન ન કરી શકે અથવા ન કરવા માગતા હોય તે જઈ શકે.

હાલ સંયુક્ત રસોડું ઠીક ચાલી રહ્યું છે.

હવે તમને વધારે ત્રાસ નહીં આપું. આટલું પણ અનિચ્છાએ લખ્યું છે. ખરું તો એ છે કે તમારી માંદગીમાં ને દૂર બેઠા તમારે અહીંના ફેરફારો વિશે વિચાર કરવાનો કલેશ જ ન ઉઠાવવો જોઈએ. તેમ કરવામાં દોષ પણ હોય.

હવે તબિયત કેમ રહે છે? હવે શાંતાક્રુઝમાં રહેવાપણું તો છે જ નહીં. અહીં આવો તો અવાય એવું તો શરીર છે જ. ઉપચારો તો અહીં પણ થાય. હવા તો ત્યાંના કરતાં સારી છે જ. પણ આવવાનો વિચાર કરો તો ફરી ન જવાનો વિચાર કરીને આવો એમ ઇચ્છું છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : એસ. એન. ૧૧૮૦૨

## ૪૦૮. હરિલાલ દેસાઈને તાર

[મે ૨૫, ૧૯૨૮ પછી][1]

આપનો પત્ર પહોંચ્યો. પંચ નિમાય તે પહેલાં વધારાનું મહેસૂલ આપવું અશક્ય છે. જૂનું મહેસૂલ ભરી દેવામાં આવશે — પણ તે પણ સ્વતંત્ર, ખુલ્લી તપાસ જાહેર થાય તેમાં પુરાવો રજૂ કરવાની અને સરકારી અમલદારોની ઊલટતપાસ કરવાની લોકોના પ્રતિનિધિઓને છૂટ હોય, ખાલસા કરેલી જમીન પાછી આપવામાં આવે અને સત્યાગ્રહી કેદીઓને છોડી દેવામાં આવે ત્યાર પછી લોકો પંચનો નિર્ણય સ્વીકારશે. જવાબ બારડોલી આપો.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૨૭૦૫

ભાષાંતર : बारडोली सत्याग्रहनो इतिहास

૧. આ તાર તા. ૨૫ મેના શ્રી હરિલાલ દેસાઈના પત્રના ઉત્તરમાં વલ્લભભાઈએ કર્યો હતો. તેનો મુસદ્દો ગાંધીજીએ ઘડી કાઢ્યો હતો.

Gandhi Heritage Portal

# ૪૦૯. મહાદેવ દેસાઈને પત્ર

મે ૨૬, ૧૯૨૮

ચિ. મહાદેવ,

દરેક વખતે મને ઠીક પ્રસાદી મોકલો છો. જે વાત મારા સ્વપ્નામાંયે નહોતી તે તમે બધાએ કેમ કલ્પી? મારે તો કોઈની ઉપર મુદ્દલ પરમ દિવસે ટકોર નહોતી કરવી. મેં તો માત્ર ૮૦ માણસોને ઉદ્દેશીને જ વાત કાઢી. જેઓ સંયુક્ત રસોડામાં ન આવી શકે તેની ઉપર મનમાંયે આક્ષેપ કે નિંદા નથી ને નહોતી પછી તે સભામાં કહેવાનું તો રહ્યું જ શું? એટલે મારા મનમાં હિંસા નહોતી જ એટલું કહેવું બસ થવું જોઈએ. મેં નિદ્રા તો માત્ર તે એક જ રાત્રીએ ખોયેલી. તે દિવસે મને વિરોધનું દુઃખ તો જરાયે નહોતું, પણ બધાએ પામરતા બતાવી એ દુઃખ થયું. નરહરિની નિખાલસતા તો બહુ જ ગમી, પણ તેની ને બધાની અક્કલનું હરણ થયું તે ન ગમ્યું. મેં હરણ કર્યું હોય તો હું કેવો નકામો? એવી સ્થિતિમાં મારો શો ધર્મ હતો એ વિચારતાં ને શોધતાં જાગી ગયો ને તુરત નિશ્ચિત થયો. જાણો છો કે છેલ્લા નવ દિવસમાં હું બે રતલ વધ્યો? એ કેટલી નિશ્ચિતતા હશે?

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: એસ. એન. ૧૧૪૪૮

# ૪૧૦. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૨૬, ૧૯૨૮

પરમ પ્રિય ચાર્લી,

તમારા પત્રો નિયમિત રીતે મને મળતા રહ્યા છે. મહાદેવને મેં તમને પણ લખવા કહ્યું છે. આશા છે એમણે એ પ્રમાણે કર્યું હશે. વલ્લભભાઈને મદદ કરવા અઠવાડિયામાં બે દિવસ તેમને બારડોલી જવું પડે છે. તેથી તે આજે મારી પાસે નથી.

હું હમેશાં તમારો વિચાર કરું છું. પરંતુ તમને પત્ર લખવાનો સમય મેળવી શકતો નથી. અને મને તેથી અસ્વસ્થતા પણ થતી નથી, કારણ હું જાણું છું કે તમે કદી મારા તરફથી પત્રની અપેક્ષા રાખતા નથી.

મારું સમગ્ર હૃદય ગુરુદેવ તરફ ખેંચાય છે.[1] હું આશા રાખું છું કે તે દરિયાઈ સફર માટે તદ્દન સાજા અને સ્વસ્થ થઈ જશે અને યુરોપમાં સંપૂર્ણ આરામ કરીને નવી શક્તિ મેળવી

૧. ટાગોર લંડન જતાં રસ્તામાં માંદા પડ્યા હતા. તેઓ ત્યાં ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં હિબ્બર્ટ વ્યાખ્યાનમાળા આપવા જતા હતા.

Gandhi Heritage Portal

તેઓ સ્વદેશ પાછા ફરશે. અને હું એ પણ આશા રાખું છું કે અનાયાસે સાંપડેલી આ સાહજિક તકને લીધે તમે પણ તમારાં થાકેલાં અંગને અને એથીયે વધારે થાકેલા તમારા મગજને આરામ આપી શકશો. પણ તમે તેમ કરી શકશો કે કેમ તે બાબતમાં મને શંકા છે.

આશ્રમનું પુનર્નિર્માણ કરવામાં અને તેના આદર્શો સાથે તેને વધારે સુસંગત કરવામાં હું મારું ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છું. તેથી અમે મોટા પાયા પર એક સામાન્ય રસોડું ચાલુ કર્યું છે. લગભગ ૮૦ જણાં સાથે ભોજન માટે બેસે છે. ત્યાં તેઓ વધુ સેવા માટે પોતાની જાતને અર્પણ કરવાનો પ્રયત્ન કરે છે. સમયના અભાવે હું તમને વધુ લખી શકતો નથી.

મહાદેવે તમને જણાવ્યું છે ખરું કે હું હવે મગનલાલના નાનકડા ખંડમાં રહું છું? તેથી મને આનંદ રહે છે અને તેમના આત્મા સાથે હું વધારે સારી રીતે એકતા સાધી શકું છું.

સસ્નેહ,

મોહન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૩૯૨

## ૪૧૧. સૅમ્યુઅલ આર. પેરીને પત્ર

[મે ૨૬, ૧૯૨૮ પછી]

પ્રિય ભાઈ,

ગયા મે મહિનાની ૨૬મી તારીખના તમારા પત્ર બદલ હું તમારો આભાર માનું છું. ડઝ સિવિલિઝેશન નીડ રિલિજિયન?[1] એ પુસ્તક મને મળ્યું હોવાનું યાદ નથી. દૂર પશ્ચિમમાં મારા આટલા બધા મિત્રો અને હમદર્દીઓ છે, તે જાણીને મને આનંદ થાય છે.

તમારો સહૃદયી

સૅમ્યુઅલ આર. પેરી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી એસ. એન. ૧૪૦૪૩

૧. રેનૉલ્ડ નેબુકરનું.

Gandhi Heritage Portal

# ૪૧૨. પ્રાથમિક કેળવણી

૩

વિનયમંદિર અને મહાવિદ્યાલયમાં કેળવણીનો ક્રમ આપણે સારી રીતે ફેરવીએ, અને શિક્ષકો મેં મૂકેલી દૃષ્ટિને પચાવી શકેલા હોય, તો જ પ્રાથમિક કેળવણી એટલે ગ્રામ્ય કેળવણી વિશેનો પ્રશ્ન ઊકલે.

આજે આપણે સંખ્યાના કે લોકલાજના કે ખોટી પ્રતિષ્ઠાના લોભે કેટલાક ફેરફારો કરતાં અચકાઈએ છીએ. જો અચકાતા ન હોઈએ તો આ વિદ્યામંદિરોમાંથી ગામડાંની સેવા કરનારનો સુંદર વર્ગ પેદા થાય ને શહેરોનાં પાપનું કંઈક પ્રાયશ્ચિત્ત થાય.

આ મંદિરોમાં વિદ્યાર્થીઓ પ્રથમ શ્રેણીના પીંજનાર, કાંતનાર અને વણનાર થાય, પ્રથમ શ્રેણીના કપાસની ખેતી જાણનારા થાય, તેમને ગામડાંને ઉપયોગી સુતારકામ આવડતું હોય એટલે તેમને સરસ રેંટિયો બનાવતાં આવડતો હોય, ગાડાં, હળ વગેરે બનાવવાનું નહીં તો તેનું સમારકામ આવડતું હોય, તેઓ ગામડાંજોગું સીવણકામ જાણતા હોય, તેમના મોતીના દાણા જેવા અક્ષરો હોય, તેઓ સામાન્ય લેખનકળા જાણતા હોય, તેમને દેશી આંક મોઢે હોય, તેઓ રામાયણ, મહાભારત વગેરે પ્રાચીન સાહિત્ય અને તેના આધ્યાત્મિક તથા આધુનિક અર્થોથી માહિતગાર હોય, ગામડિયા રમતો જાણતા હોય, આરોગ્યના નિયમો જાણતા હોય, તેમને ઘરવૈદું સારી રીતે આવડતું હોય એટલે કે તેઓ સામાન્ય રોગોની પરીક્ષા કરનારા ને તેમના ઉપચારો જાણનારા હોય, તેઓ ગામના ઉકરડા, તળાવ, કૂવા વગેરે સાફ કરવાની કળા જાણનારા હોય વગેરે વગેરે. મતલબમાં તેઓ ગામડાંની દરેક પ્રકારે સેવા કરવાને તૈયાર થઈ શકે એવી સ્થિતિમાં મુકાય એવું આ મંદિરોમાં શિક્ષણ હોય, અને આવું શિક્ષણ આપતાં જે ખર્ચ થાય તે આપણે પ્રાથમિક કેળવણીને અંગે જ કર્યું ગણાય. આવું કરીએ ને કરી શકીએ ત્યારે જ આપણે ગામડામાં ખરો પ્રવેશ કરી શકીએ.

એવો પ્રશ્ન ઊઠે કે આવો ફેરફાર કરીએ ને આવો આદર્શ ચોખ્ખી રીતે જાહેર કરીએ એટલે આપણાં વિદ્યામંદિરો ખાલી થઈ જાય. આમ જ બને તો હું સત્યને અર્થે આ આપત્તિને વધાવી લેવા તૈયાર થાઉં. પણ જ્યાં લગી વિદ્યાપીઠનું ગ્રામ્ય કેળવણી વિશેનું ધ્યેય કાયમ છે, ત્યાં સુધી આમ ન કરવું એ અસત્ય અને દ્રોહ ગણાય.

પણ મારી માન્યતા અને મારો અનુભવ એવાં છે કે જો આપણે આપણા ઉદ્દેશો પ્રત્યે એકનિષ્ઠ રહીએ, તો પ્રજા અંતે તેને ઓળખે છે ને તેને ઉત્તેજન આપે જ છે. કહેવાતી કે મનાતી નિષ્ફળતાનાં કારણો શોધતાં આપણને માલૂમ પડશે કે ધ્યેયને માનનારા બેવફા, કાચા કે મોળા હતા. સંશયાત્માનો તો સદાય નાશ જ હોય, અને તેના નાશને ન જોતાં લોકો તેના આદર્શની ઊણપ કે નિષ્ફળતા જુએ છે.

આપણાં વિદ્યામંદિરોમાં જો શ્રદ્ધાવાન અને ત્યાગી શિક્ષકો હોય તો તે ઊભરાઈ જાય એવો મારો દૃઢ અભિપ્રાય છે. લોકો સાચી વસ્તુને ઓળખી શકે છે. ઘણી વાર આમ થવામાં વિલંબ થતો જોવામાં આવે છે. પણ તે કેવળ ભ્રમણા હોય છે. સાચે માર્ગે ઓછામાં ઓછો વિલંબ થાય એ નિરપવાદ નિયમ છે.

Gandhi Heritage Portal

લોકોની ઊણપોને, તેમની ભોગવૃત્તિને પોષનારી સંસ્થા એક ક્ષણમાં ભરાઈ જાય તેમાં શું? તેથી કંઈ તેની સફળતા સિદ્ધ થતી નથી.

મારી દૃષ્ટિના સ્વીકારનું એક પરિણામ આવવાનો પૂરો સંભવ છે. જે વિદ્યાર્થીઓ સરકારી શાળાના શિક્ષણ જેવું શિક્ષણ પામવાની આશાએ આવ્યા હોય, જે કેવળ શહેરી જીવન ગાળવાની યોગ્યતા મેળવવાની ઉમેદ રાખી આવ્યા હોય, તેઓ નિરાશ થાય ને આપણાં મંદિરો છોડે. પણ એમ થાય તે ઇષ્ટ છે. આપણે અને તેઓ, બંને ખોટી સ્થિતિમાંથી બચી જઈએ એટલે એકબીજાની શુદ્ધ સેવા કરીએ.

જે વિચારથી આ લેખમાળાનો મેં આરંભ કર્યો, તે વિચારને જરા વધારે લંબાવી હું આ માળા બંધ કરવા ધારું છું. અને પછી મારી પાસે આ વિષયના કેટલાક પ્રશ્નો પડ્યા છે તેની ચર્ચા કરવાની આશા રાખું છું.

પ્રાથમિક કેળવણીના પહેલા વર્ષમાં અક્ષરજ્ઞાન મુદ્દલ ન આપવાનો વિચાર ખરો હોય, તો તેનું કેટલુંક શુભ પરિણામ વિનયમંદિરો ને મહાવિદ્યાલયોમાં પણ આવવું જોઈએ.

આજકાલ પુસ્તકિયા જ્ઞાનનો પ્રચાર બહુ વધી ગયો છે. નિત્ય નવાં પુસ્તકો પ્રગટ થયાં જ કરે છે. જેની ભાષા જરાક પણ ખેડાયેલી છે, જેણે જરાક પણ વિચારો કર્યા છે તેઓ પોતાના વિચારો પ્રગટ કરવા અધીરા બને છે, ને તે વિચારો પ્રગટ કરવામાં દેશસેવા થાય છે એમ માને છે. પરિણામે વિદ્યાર્થીઓનાં મગજ ઉપર ને તેમના વાલીઓનાં ખીસાં ઉપર અસહ્ય બોજો પડે છે. વિદ્યાર્થીઓની બુદ્ધિ બહેર મારી જાય છે. તેમનાં મગજ અનેક પ્રકારની હકીકતોનું સંગ્રહસ્થાન બની જાય છે તેથી તેમાં મૌલિક વિચારને સારુ સ્થાન નથી રહેતું. અને હકીકતો પણ પોતપોતાના સ્થાનમાં ગોઠવાઈ જવાને બદલે, એક એદીના ઘરમાં જેમ આમતેમ વગર ગોઠવાયેલો સામાન પડ્યો હોય છે તેમ આ બિચારા વિદ્યાર્થીઓનાં મગજમાં હકીકતો ખડકાયેલી પડી રહી છે. આનો ઉપયોગ નથી તેઓ કરી શકતા, નથી પ્રજાને મળતો.

તેથી મારા અભિપ્રાય પ્રમાણે તો, આજે જે ઘણાં પુસ્તકો પ્રગટ થાય છે તે હું વિદ્યાર્થીઓની પાસે ન જ મૂકું. લખીવાંચી જાણનાર વિદ્યાર્થીઓ પણ ઘણું શિક્ષણ તો શિક્ષકને મોંએથી જ પામે. તેઓ ઓછામાં ઓછાં પુસ્તકો વાંચે, પણ જે વાંચે તે વિચારે ને વિચારતાં જે વસ્તુ સ્વીકારવા જેવી લાગે તેનો તેઓ અમલ કરતા થાય. આમ કરતાં વિદ્યાર્થીનું જીવન રસમય, વિચારમય, વિવેકમય, નિશ્ચલ, પવિત્ર અને તેજસ્વી થાય. આવો વિદ્યાભ્યાસ ગરીબ પ્રજાને શોભે. આવો વિદ્યાભ્યાસ વિદ્યાર્થી અને પ્રજાને લાભદાયી નીવડે.

એટલે વિદ્યાપીઠની પાસે રહેલા ગૂઢ પ્રશ્નના ઉકેલનો આધાર મોજૂદ શિક્ષકોની વિદ્યાપીઠમાં ધ્યેય પચાવવાની ને તે પ્રમાણે ચાલવાનો ઉગ્ર ઉદ્યમ કરવાની શક્તિ ઉપર રહ્યો છે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, २७-५-१९२८

Gandhi Heritage Portal

## ૪૧૩. કર્નાડ સદાશિવ રાવને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૨૭, ૧૯૨૮

પ્રિય ભાઈ સદાશિવ રાવ,

હું આશા રાખું છું કે મલેરિયા પછીની અસરમાંથી તમે હવે તદ્દન મુક્ત થઈ ગયા હશો. લગભગ આખાયે વર્ષ દરમિયાન આશ્રમમાં જ રહેવાની હું આશા રાખું છું. પરંતુ અણધાર્યા સંજોગો ઉપસ્થિત થાય, તો મારે આશ્રમ ક્યારે છોડવો પડે તે કહી શકાય નહીં. તેથી તમે તમારી દીકરીઓને અહીં લાવવા ઇચ્છતા હો, તો તે પહેલાં મારી અવરજવરની ચોક્કસ માહિતી મેળવી લેશો.

તમારો સહૃદયી

શ્રીયુત સદાશિવ રાવ
કોડાઇબેઈલ
મૅંગલોર

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૨૨૯

## ૪૧૪. વાય. અંજપ્પાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૨૭, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મને મળ્યો છે. તમને હમણાં તો હું એક જ સૂચના આપી શકું એમ છું અને તે એ કે તમારે તમારી કંપનીના હિસાબ અને ખર્ચનો અહેવાલ તેમ જ જે બધી જાતની ખાદી તમે ઉત્પાદન કરો છો તેના નમૂના તથા બીજી એવી માહિતી જે તમે ત્યાંથી મોકલી શકો એમ હો તે મોકલવાં જોઈએ. જેથી અખિલ હિંદ ચરખા સંઘના નિષ્ણાતો તમારી પેઢીની હાલત તપાસી શકે.

તમારો સહૃદયી

શ્રીયુત વાય. અંજપ્પા
યાદગીર ઍન્ડ કંપનીને ત્યાં
ટૉબેકો બઝાર
સિકંદરાબાદ (દખ્ખણ)

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૨૩૦

Gandhi Heritage Portal

## ૪૧૫. સત્યાનંદ બોઝને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૨૭, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમે કરો છો એ સૂચન નવું નથી. તે અનેક દૃષ્ટિબિંદુઓથી ચર્ચાઈ ગયું છે. પરંતુ વ્યક્તિગત રીતે મને લાગે છે કે આપણે નેતૃત્વ લેવાનો હજી સમય પાક્યો નથી. તે દરમિયાન આ દિશામાં કવિવર રવીન્દ્રનાથ ટાગોર દ્વારા સારું કામ થઈ રહ્યું છે. સમગ્ર એશિયાની જાગૃતિમાં ફાળો આપવાની દૃષ્ટિએ તેમનું કાર્ય ઘણું જ કીમતી ગણાય. મને લાગે છે કે આપણા જેવા નાના માણસોએ તો આપણી આંતરિક શક્તિનો વિકાસ કરીને જ પોતાની સ્થિતિ સધ્ધર કરવી જોઈએ.

તમારો સહૃદયી

શ્રીયુત સત્યાનંદ બોઝ
૭૮, ધર્મતલ્લા સ્ટ્રીટ
કલકત્તા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૨૩૧

## ૪૧૬. ચ. રાજગોપાલાચારીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૨૭, ૧૯૨૮

પ્રિય ભાઈ સી. આર.,

પેન્સિલથી લખેલી તમારી “નહીં વેચાયેલો જથ્થો” નોંધ વાંચી. ખાદી વિશેના વિચારો તદ્દન પ્રસ્તાવના રૂપ છે. હિંદુમુસ્લિમ એકતાના વિચારો છેક જ કસમયના છે, અને તેનો વિરોધ કદાચ ન થાય તોપણ તે વિશે ગેરસમજૂતી જરૂર ઊભી થાય. તેથી હમણાં તમારે એ નોંધ તાળાકૂંચીમાં જ રાખવી જોઈએ.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૨૩૨

Gandhi Heritage Portal

# ૪૧૭. સી. રંગનાથ રાવને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૨૭, ૧૯૨૮

પ્રિય ભાઈ,

હું બેંગલોર હતો ત્યારે સરકારી વર્કશૉપમાં તૈયાર કરેલો એક રેંટિયો તમે મને મોકલ્યો હતો. મારી સ્મૃતિ બરાબર હોય તો તમે સારી ત્રાકો પણ તૈયાર કરતા હતા. તમારા યંત્ર-ખાતાના ફોરમૅન દ્વારા નક્કી કરીને તમે મને એ બાબતની જાણ કરી શકશો કે એવું કોઈ યંત્ર છે ખરું જે બિલકુલ ખામી વગરની ત્રાકો બનાવી શકે અને વાંકી કે થરડાયેલી ત્રાકોને તદ્દન સીધી કરી શકે? આશ્રમમાં અમે તે કામ યંત્ર વિના જ કરીએ છીએ. એ કામ ઘણો શ્રમ માગી લે છે. અને આ પ્રક્રિયા ઉપર બહુ જ થોડા લોકો પ્રભુત્વ મેળવી શકે છે. એક જ દિવસમાં ઘણી ત્રાકો સીધી કરવાની હોય તો સીધી કરનારની આંખને પણ ખૂબ પરિશ્રમ પડે છે. આ માટે તમે જે કંઈ માહિતી મને આપી શકશો અથવા મેળવી આપી શકશો તે મારે મન બહુ કીમતી હશે.

તમારા ખાતામાં ચરખો કેવી પ્રગતિ કરી રહ્યો છે એ જાણવા હું આતુર છું.

તમારો સહૃદયી

સી. રંગનાથ રાવસાહેબ એસ્ક્વાયર
ઉદ્યોગ નિયામક
સરકારી વર્કશૉપ, બેંગલોર

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : ૧૩૨૩૩

Gandhi Heritage Portal

## ૪૧૮. ગંગાપ્રસાદને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૨૭, ૧૯૨૮

ભાઈશ્રી,

મને તમારો પત્ર મળ્યો છે. હું તમારું પુસ્તક અવશ્ય પૂરેપૂરું વાંચી ગયો છું. અને હું એમ કહી શકું છું કે તમે તેના ઉપર ખૂબ જ મહેનત ઉઠાવી હોવા છતાં તેના મૂળ આધારની સાબિતી આપી શક્યા નથી. પરંતુ આ બાબતમાં આપણા ઘણાખરા લેખકો દોષિત છે. આપણે અગાઉથી ધારી રાખેલા સિદ્ધાંત કે વિચારોનું સમર્થન કરનારી સાબિતીઓથી આપણે સહેલાઈથી સંતોષ માની લઈએ છીએ.

તમારો સહૃદયી

શ્રીયુત ગંગાપ્રસાદ
તેહરી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૨૩૪

## ૪૧૯. ભોજરાજ ખુશીરામને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૨૭, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મને મળ્યો છે. જો તમારું હૃદય ખરેખર નિર્મળ હોય અને તમારા પિતા માટે અને જે છોકરીને તમે પરણ્યા છો તેને માટે તમને સાચો પ્રેમ હોય તો તમે એ પવિત્રતા અને પ્રેમના બળે જ બધો વિરોધ સહી શકશો અને તે છોકરીને પણ ફેરવી શકશો. પરંતુ એની પાછળનું કારણ તે છોકરી તમને ગમતી નથી એટલું જ હોય, અને સૂચવેલું બ્રહ્મચર્ય માત્ર એક સગવડની જ બાબત હોય, તો તમારી પત્નીને તમારી સાથે લેવાની તમારી સ્પષ્ટ ફરજ છે.

તમારો સહૃદયી

શ્રીયુત ભોજરાજ ખુશીરામ
મચ્છી બજાર
રોહરી (સિંધ)

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૨૩૫

Gandhi Heritage Portal

## ૪૨૦. મણિબહેન પટેલને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૨૮, ૧૯૨૮

ચિ. મણિ,

મેં તને મૂરખ ગણી છે તે વગર વિચારે નહીં એમ તું સિદ્ધ કરી રહી છે. મીરાંબહેન કહે તે મારી પાસે કોઈ દહાડો વેદવાક્ય નથી થયું. તે બાઈ નિર્મળ છે. . . . અહીં તું હોત તો તને જ કહેત. તું ન હતી તેથી લક્ષ્મીદાસભાઈને કહી. પણ કો'ક દહાડો તો મૂરખ મટીને ડાહી થઈશ એવી આશાએ રહું છું.

બાપુના આશીર્વાદ

ચિ. મણિબહેન પટેલ
સ્વરાજ્ય આશ્રમ
બારડોલી
સુરત થઈને

[મૂળ ગુજરાતી]

બાપુના પત્રો–૪: મણિબહેન પટેલને, પા. ૬૬–૭

## ૪૨૧. હરિલાલ દેસાઈને લખેલા પત્રનો મુસદ્દો[1]

[મે ૨૮, ૧૯૨૮]

પ્રિય હરિલાલ,

અમદાવાદથી[2] મારી અનુમતિથી[3] આપને એક લાંબો તાર[4] મોકલ્યો છે, એની નકલ સાથે જોડું છું.

મારી અને આપની કામ કરવાની અને સેવા કરવાની રીતો ભિન્ન છે એટલે મને જે 'ઓછામાં ઓછી શરત' સંતોષકારક લાગે તે આપને વધારાપડતી માગણી લાગે. જો વધારો પહેલો ભરી દેવાનો હોય તો પંચ નીમવાની જરૂર જ શી છે? લોકોનો પક્ષ ખોટો ઠરે અને વધારો લોકો ન આપે તો તે ભરાવવાની સરકારની પાસે પૂરતી સત્તા છે.

મહેરબાની કરીને એટલું પણ જોજો કે આ પંચે કરવાના કામની શરત પણ પહેલેથી નક્કી થવી જોઈએ. ગમે તે શરતો ન ચાલે.

૧. આ મુસદ્દો ગાંધીજીના હસ્તાક્ષરમાં છે. પોતાના ધ સ્ટોરી ઑફ બારડોલીમાં (ગુજરાતીમાં બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ) મહાદેવભાઈ દેસાઈ એ વલ્લભભાઈ પટેલે મોકલ્યાનું જણાવે છે. ગુજરાતી ભાષાંતર બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસમાંથી મૂળ મુસદ્દા પ્રમાણે જરૂરી ફેરફાર કરીને લીધું છે.

૨. મહાદેવભાઈના અંગ્રેજી-ગુજરાતી પુસ્તકમાં અહીં નવસારીથી છે.

૩. 'મારી અનુમતિથી' એ શબ્દો મહાદેવભાઈના અંગ્રેજી-ગુજરાતી પાઠમાં નથી.

૪. જુઓ "હરિલાલ દેસાઈને તાર", ૨૫-૫-૧૯૨૮ પછી.

Gandhi Heritage Portal

લોકોનો કોઈ પણ સ્વાભિમાની પ્રતિનિધિ એટલો આગ્રહ રાખ્યા વિના તો ન જ રહી શકે કે કેદીઓને છોડવામાં આવે અને જમીન પાછી આપવામાં આવે — ખાસ કરીને જ્યારે કેદીઓને ગેરકાયદેસર રાજા થઈ હોય અને જમીન ગેરકાયદેસર ખાલસા થઈ હોય.

છેવટે આપને એટલું જણાવું કે જો આપનાથી હિંમતભર્યું પગલું ન લેવાય એમ હોય, અને લોકોનું બળ મને જેટલું લાગે છે તેટલું આપને ન લાગતું હોય તો આપે કશું ન કરવું — એમાં જ આપની સાચી સેવા રહેલી હોય. આબરૂભરી સમાધાનીનાં દ્વાર હું બંધ કરવા નથી ઇચ્છતો, પણ આબરૂભરી સમાધાની વિના અથવા લોકોને આકરામાં આકરી તાવણીમાંથી પસાર કર્યા વિના[1] લડત બંધ કરવાની મને કશી ઉતાવળ નથી. અપમાનભરી સમાધાની કરતાં બહાદુરીભરી[2] હાર બહેતર છે.

હવે આપ સમજશો કે મહાબળેશ્વર કે પૂના દોડી આવવાને હું કેમ ઉત્કંઠિત નથી. એટલે મારી હાજરી વિના ન જ ચાલે એમ આપને લાગતું હોય તે સિવાય મને બોલાવવાની તસ્દી ન લેશો.[3]

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૨૭૧૦

ભાષાંતર : बारडोली सत्याग्रहनो इतिहास

## ૪૨૨. દક્ષિણ આફ્રિકાની ઇન્ડિયન કૉંગ્રેસને કેબલ[4]

[મે ૨૯, ૧૯૨૮ કે તે પછી]

એસ. એ. આઈ. સી. (સાઉથ આફ્રિકન ઇન્ડિયન કૉંગ્રેસ)

જોહાનિસબર્ગ

સમાધાનનો પત્રવ્યવહારમાં ઉલ્લેખ કર્યો છે. શાસ્ત્રીજી પાસે સંપૂર્ણ કેસ મૂકવાની આગ્રહપૂર્વકની ભલામણ કરું છું. ત્યાર પછી તેમનું માર્ગદર્શન સ્વીકારો.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૧૯૮૯

૧. ધ સ્ટોરી ઑફ બારડોલીમાં અહીં fulfillingને બદલે facing શબ્દ છે.

૨. ધ સ્ટોરી ઑફ બારડોલીમાં અહીં braveને બદલે glorious શબ્દ છે.

૩. પત્ર પૂરો થાય છે ત્યાં મહાદેવભાઈના અંગ્રેજી-ગુજરાતી પુસ્તકમાં : લિ. સ્નેહાધીન, વલ્લભભાઈ એ પ્રમાણેના શબ્દો છે.

૪. નીચે આપેલા મે ૨૮ના બીજે દિવસે મળેલા કેબલના જવાબમાં આ કેબલ કરવામાં આવ્યો હતો : "ગેરકાયદે પ્રવેશ કરનારાઓ વિશેનો શાસ્ત્રીને તમે કરેલો કેબલ સ્પષ્ટ નથી. ૧૯૧૪ સુધીમાં અપ્રામાણિકપણે મેળવેલાં રજિસ્ટ્રેશન સર્ટિફિકેટો ધરાવતા હોય તેવા, ટ્રાન્સવાલમાં પ્રવેશ કરનારા બધા લોકોને માટે તમે સંરક્ષણ મેળવ્યું હતું? ૧૯૧૪માં સમાધાન થયું તે પહેલાંના અપ્રામાણિક દસ્તાવેજો જેઓ ધરાવતા હોય, તેઓએ આ છૂટછાટો મેળવવા આગળ આવવું જોઈએ એમ કહેવામાં દક્ષિણ આફ્રિકાની સરકાર ૧૯૧૪માં થયેલા સમાધાનનો ભંગ કરી રહી છે, એમ અહીંની હિંદી કૉંગ્રેસ જાહેર કરે, તો તે ન્યાયી ગણાય? કૃપા કરીને તાત્કાલિક જવાબ આપો." (એસ. એન. ૧૧૯૮૯).

Gandhi Heritage Portal

## ૪૨૩. શંકરનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૩૦, ૧૯૨૮

પ્રિય ભાઈ શંકરન્,

તમારી વાત તદ્દન સાચી છે. આપણે બારડોલીના લોકો માટે પરદેશી કે મિલના કાપડનાં પાર્સલ ન જ લેવાં જોઈએ. વળી તેઓને તેની જરૂર પણ નથી. તેઓ ભૂખે મરતાં નથી. આ ખર્ચને તેમને ખવડાવવા કે કપડાં આપવા સાથે કંઈ સંબંધ નથી. જે ખર્ચ કર્યો છે, તે સ્વયં-સેવકોની વધારે મોટી સંખ્યાને નભાવવા તેમ જ વ્યાપક પ્રચાર કરવા માટે જ કર્યો છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૩૯૬

## ૪૨૪. ચ. રાજગોપાલાચારીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૩૦, ૧૯૨૮

પ્રિય ભાઈ સી. આર.,

અભય આશ્રમ બાબતની તમારી પ્રશંસા ન પ્રસિદ્ધ કરવાનું કારણ મેં તમારી સાથે ચર્ચ્યું નથી. ગ્રામજીવીઓ વિશે, હું ધારું છું કે મેં મારાં કારણો તમને આપ્યાં હતાં. અભય આશ્રમ વિશેની તમારી પ્રશંસા યોગ્ય હતી. પરંતુ તેમને લાભ થવાને બદલે, આ પ્રશંસાથી અનેક પ્રકારની ઈર્ષાઓ ઊભી થાય એમ હતું; અને કોઈ પણ પ્રકારની ઈર્ષા ઊભી ન કરવી એ જ વધારે સારું છે, એમ મને લાગ્યું હતું.[1]

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૩૯૭

૧. કોમિલ્લાના અભય આશ્રમના કાર્યકરોએ ૧૯૨૭ના અંત ભાગમાં થયેલાં હુલ્લડ વખતે જે પ્રયત્નો કર્યા હતા તેની એક લેખ દ્વારા રાજગોપાલાચારીએ પ્રશંસા કરી હતી. "ચ. રાજગોપાલાચારીને પત્ર", ૨૭-૫-૧૯૨૮ પણ જુઓ.

Gandhi Heritage Portal

## ૪૨૫. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૩૦, ૧૯૨૮

પ્રિય ભાઈ સતીશબાબુ,

તમારો રસપ્રદ પત્ર મને મળ્યો છે. દૂધનો ખોરાક તમને જરૂર ઘણો ફાયદો કરશે. કટિસ્નાન પણ તમને અવશ્ય લાભકારક થશે. નિખિલ કટિસ્નાન સહન ન કરી શકે, તો તેના પેડુ ઉપર છ ઇંચ લાંબો અને ત્રણ ઇંચ પહોળો માટીનો પાટો રાખી જુઓ. નિખિલને થોડો વખત ખાંડ વગરના દૂધ ઉપર અને કેવળ બાષ્પજળ (ડિસ્ટિલ્ડ વૉટર) ઉપર રાખવો, અને જો આંતરડાં બરાબર કામ ન કરતાં હોય તો દર ચોવીસ કલાકે નિયમિત ઍનિમા આપવાનું રાખવું. એ બધાંથી એને સારું રહેશે. તે સહજ રીતે લઈ શકે તેટલું જ દૂધ આપવું, વધારે નહીં. કદાચ ખરાબ કહી શકાય એવા એક કેસ ઉપર તેનો હું અહીં સારી એવી સફળતાથી પ્રયોગ કરી રહ્યો છું. આ સારવાર માટે તમને ઠીક લાગે તો તમે તમારા કોઈ દાક્તરી મિત્રની સલાહ લેશો.

મને આશા છે કે શ્રી બિરલા સાથે તમે સફળ થશો. તમે તેમના કામકાજમાં મદદ કરો છો તે બદલ તમને મદદ કરવા કરતાં તો તેઓ તમારા ખાદી પ્રચારના સંગીન કામને ખાતર તમને મદદ કરે એ જોવા હું આતુર છું. તમે એમના કામકાજમાં મદદ કરો એ તો બેશક સારું જ છે. અને તમે આપી શકો એટલી બધી મદદ તેમને મળવી જોઈએ. પરંતુ ખાદીએ જો સફળ થવું હોય તો તે પોતાના ગુણના અને ખાદી કામ કરતી સંસ્થાઓની વહેવારુ કુશળતાના જોર પર જ તેમ કરી શકે.

શ્રી બિરલાના એક પત્રમાંથી મેં તમને ઉતારો મોકલ્યો હતો અથવા લખ્યું હતું? એમાં તેમણે તમારા ખાદીપ્રેમ અને ભારે આત્મભોગની પ્રશંસા તો કરી છે. પણ તેમને ખાદી-પ્રતિષ્ઠાનની સદ્ધરતા વિશે અથવા તો તમે આપેલી માહિતી પ્રમાણેના ખાદીપ્રચાર વિશે કશી પ્રતીતિ થઈ નથી. લગભગ એક વર્ષ પહેલાંની આ વાત છે. તમારા કાગળના નીચે આપેલા વાક્યમાં તમે જે કહો છો કે જો "તેમને પ્રતીતિ થાય કે હું જે કાર્ય અહીં કરી રહ્યો છું તે તેમના સંપૂર્ણ ટેકાને પાત્ર છે, તો મને અવશ્ય આશા છે કે તેઓ અત્યારે તેમાં જે હજારો વાપરે છે તેને બદલે લાખો વાપરશે", તેના પર ભાર મૂકવા માટે જ હું આ લખું છું. તેઓ એ પ્રકારના માણસ છે. જો તેમને ખાતરી થાય તો તેઓ અપાર સહાય કરવા પૂરેપૂરા સમર્થ છે.

સસ્નેહ,

બાપુ

શ્રીયુત સતીશચંદ્ર દાસગુપ્તા
ખાદી પ્રતિષ્ઠાન
સોદપુર

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૧૫૯૩

Gandhi Heritage Portal

## ૪૨૬. વસુમતીબહેન પંડિતને પત્ર

સાબરમતી,
બુધવાર [મે ૩૦, ૧૯૨૮][1]

ચિ. વસુમતી,

તમારા કાગળ મળ્યા છે. ધીમે ધીમે ગંદકી વિશે મુખ્ય અધ્યાપિકાની પાસે વાત કરજો ને ગંદકી કાઢવાના ઉપાયો યોજજો. અહીં ઠીક ચાલી રહ્યું છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: સી. ડબલ્યુ. ૪૭૫; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

## ૪૨૭. બારડોલી તાવણીમાં

ઉતાવળે વિચાર કરનાર એમ ધારે કે બારડોલીમાં સરકારની તાવણી થઈ રહી છે. પણ એ વિચાર બરોબર નથી. સરકારની તો કેટલીયે વખત તાવણી થઈ ચૂકી અને તે તાવણીમાં તે ઊતરી શકી નથી. જ્યારે જ્યારે એના મર્મ ઉપર પ્રહાર આવે છે ત્યારે તે 'ત્રાસનીતિ' કે નાદિર-શાહીનું ધોરણ ગ્રહણ કરે છે. એની એંટ કે એનું મહેસૂલ જોખમમાં હોય છે તો તેને ટકાવી રાખવાને માટે ગમે તે કાળાંધોળાં કરતાં તે પાછું ફરીને જોતી નથી. નાદિરશાહીનો આશ્રય લેતાં તે અચકાતી નથી, અને પછી તેનો બેશરમ જૂઠાણામાંથી બચાવ કરે છે. આજકાલ ગામડાંમાં રાતદિવસ લોકોને ઘેર પઠાણોનો પહેરો મૂકી ગામોને ઘેરો ઘાલવામાં આવે છે એવી ખબર મળી છે તેથી આશ્ચર્ય કે ક્રોધ થવાની જરૂર નથી. બારડોલી ઉપર આજે વધારાની પોલીસ સરકારે નથી નાખી અને માર્શલ લૉ જાહેર નથી કર્યો એ જ આશ્ચર્યની વાત છે. વધારાની પોલીસ અને માર્શલ લૉનો શો અર્થ છે તે વસ્તુ આપણને અજાણી ન હોવી જોઈએ. એ તો સ્પષ્ટ છે કે નાદિરશાહીનો જે છેલ્લો દાખલો સાંભળવામાં આવ્યો તેથી સરકાર લોકોને ઉશ્કેરી કાંઈક પણ તોફાન કરાવવા માગે છે, પછી ભલે ને તે જરાક સરખું હોય તેની પરવા નહીં. એટલું છમકલું પણ થાય તો તેને વધારાની પોલીસ અને માર્શલ લૉ બેસાડવામાં અડચણ ન આવે.

આ છેલ્લી તાવણીમાંથી બારડોલીના લોકો પાર ઊતરશે ખરા? આખા હિંદુસ્તાનને તેમણે અત્યાર સુધીમાં ચકિત તો કરી મૂક્યું છે. મહાસતાવણી છતાં વીરની ધીરજ તેમણે બતાવી છે. એથી પણ વધારે એટલે ભયંકરમાં ભયંકર સતાવણી જેટલી થઈ શકે તેટલી કરવામાં આવે તોપણ તેઓ શાંતિ જાળવી રાખશે? જો એટલું તેઓ કરશે તો તેમને બધુંય મળી રહ્યું હશે. જેને આબરૂ જ વહાલામાં વહાલી વસ્તુ છે તેને કેદ, ખાલસા, દેશનિકાલ, ફાંસી એ બધું સાધારણ થઈ જવું જોઈએ. જો ત્રાસ અસહ્ય થઈ પડે તો લોકોએ જેને પોતાની જમીન માની છે તેનો

૧. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

ત્યાગ કરી તેમણે હિજરત કરવી જોઈએ. જે ઘરો કે લત્તામાં પ્લેગના ઉંદર પડયા હોય કે કેસ થયા હોય છે તેનો ત્યાગ કરવો એ ડહાપણ છે. જુલમ એ એક જાતનો પ્લેગ છે, અને એ જુલમ આપણને ક્રોધ કરાવે અથવા નબળા પાડે એવો સંભવ હોય તો જુલમનું સ્થાન છોડીને ભાગવું એ ડહાપણ છે. જુલમને વશ થવાને બદલે જુલમના સ્થાનનાં અન્નજળ છોડી ચાલી નીકળ્યાના દાખલા ઇતિહાસમાં ઘણાય છે.

પણ આપણે આશા રાખીએ કે આ અંતિમ પગલું લેવાની જરૂર ન પડે. કેટલાક શુભેચ્છક મિત્રો આ બાબતમાં વચ્ચે પડી રહ્યા છે એવા ગપગોળા સાંભળવામાં આવે છે. આમ વચ્ચે પડવાનો તેમનો હક છે, કદાચ ફરજ પણ હોય. પણ એ મિત્રોએ લડતનું મહત્ત્વ સમજીને બધું કરવું જોઈએ, લડત નજીવી છે અથવા લોકો નબળા પડયા છે એમ માની તેમની દયાની ખાતર તેમણે વચ્ચે નથી પડવાનું. બારડોલીના લોકોની લડત શુદ્ધ ન્યાયની છે. તેમને મહેરબાની નથી જોઈતી. શુદ્ધ ન્યાય જ જોઈએ છે. તેઓ પોતે કહે છે તે સાચું જ માની લેવાનું કોઈને કહેતા નથી. તેઓ તો એક સ્વતંત્ર, ખુલ્લી, અદાલતની તપાસની માગણી કરે છે, અને એ અદાલત જે ઠરાવ આપે તે સ્વીકારવાનું તેઓ કબૂલ કરે છે. એ અદાલત નીમવાનો ઇનકાર કરવો એ ન્યાય આપવાનો ઇનકાર કરવા બરોબર છે, અને સરકાર એમ જ કરતી આવી છે. લોકોની પાસે એ ન્યાય લેવાનું એક જ સાધન કષ્ટ સહન કરવાનું છે. એટલે પછી ઓછું કષ્ટ પડે કે વધારે કષ્ટ પડે એથી કાંઈ ફેર પડતો નથી. કષ્ટસહન એ જ જેનો ન્યાય મેળવવાનો એક ઉપાય છે તે શી રીતે એમ કહી શકે કે આટલું કષ્ટ બસ થયું, હવે એ સહન થાય? એટલે જેઓ આ લડત બંધ કરાવવાને માટે વચમાં પડે તેમણે લડતના ગર્ભમાં રહેલી બધી વસ્તુનો વિચાર કરવો જોઈએ—એ લડત ગંભીર વિચાર વિના બંધ ન કરી શકાય કે એમાં સમાધાન ન કરી શકાય. એ વિચાર કર્યા વિના તેઓ વચ્ચે પડશે તો તેઓ સત્યાગ્રહીઓને અને તેમની લડતને નુકસાન પહોંચાડશે.

પ્રજાનું સત્યાગ્રહીઓ પ્રત્યે સ્પષ્ટ કર્તવ્ય ઉપસ્થિત થાય છે. વલ્લભભાઈએ નાણાંને માટે માગણી કરી છે તેનો જવાબ મળી રહ્યો છે. જ્યાં સુધી જાહેર માગણી કરવાની જરૂર નહોતી ત્યાં સુધી તેમણે તે માગણી નહોતી કરી એ ધ્યાનમાં રાખવું જોઈએ. કેદ થવા લાગી છે, બીજા ત્રાસ ગુજરવા લાગ્યા છે, એટલે એ માગણીનો હવે જવાબ દીધે જ છૂટકો છે. એ જવાબ સત્વર અને ઉદાર મળશે, એ વિશે મને શંકા નથી. એટલી જ જરૂર લોકમત કેળવવાની છે. લોકોએ લડતની હકીકતનો કાળજીથી અભ્યાસ કરવો જોઈએ, અને આખા દેશમાં જ્યાં ત્યાં જાહેર સભાઓ કરવી જોઈએ. શ્રી જયરામદાસે જે સૂચના કરી છે તે હું વધાવી લઉં છું. એ સૂચના એવી છે કે ૧૨મી જૂન અથવા બીજે કોઈ પણ યોગ્ય દિવસે સર્વ પક્ષોની ભેળી સભા કરી બારડોલીની પરિસ્થિતિ વિશે ઠરાવો કરી, ત્યાંના સત્યાગ્રહીઓ માટે નાણાં એકઠાં કરવાં જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૩૧–૫–૧૯૨૮

ભાષાંતર: नवजीवन, ૩–૬–૧૯૨૮

Gandhi Heritage Portal

# ૪૨૮. દક્ષિણમાં અસ્પૃશ્યતા

છેક દક્ષિણમાં એટલે કેરળમાં, અસ્પૃશ્યતાનો રિવાજ એના ખરાબમાં ખરાબ અને અણઘડમાં અણઘડ સ્વરૂપે જોવામાં આવે છે, તોપણ દક્ષિણના સુધારકો આ દૂષણ દૂર કરવાનો ઝાઝો, કંઈ નહીં તો પૂરતો, પ્રયત્ન કરતા નથી. તેઓ આ હિલચાલને, જરૂર પ્રમાણે અને તેમની શક્તિ પ્રમાણે પૈસા વડે ટેકો આપવા પણ તૈયાર નથી. તેથી કાલીકટના સ્થાનિક લોકો વચ્ચે મેં જ્યારે અસ્પૃશ્યતાનિવારણ માટે ભંડોળ એકઠું કરવાનો આરંભ કર્યો, ત્યારે એ વાત જાણીને મને આનંદ થયો કે મુંબઈમાં વસતા દક્ષિણ હિંદના લોકોએ તેમની કૉલોનીમાં, કાલીકટમાં થયું હતું તેના કરતાં વધારે મોટું ભંડોળ એકત્રિત કરવાનો અને જ્યારે હું મુંબઈમાં થઈને પસાર થાઉં ત્યારે તે અર્પણ કરવાનો ઈરાદો દર્શાવ્યો. તેઓના આ વચનના અનુસંધાનમાં મારી તાજેતરની મુલાકાત દરમિયાન એક પ્રતિનિધિમંડળ મને મુંબઈમાં મળ્યું અને મને ખાતરી આપી કે તેઓ એ વચન ભૂલી ગયા નહોતા. પરંતુ તે ભંડોળ એકઠું કરવા માટે તેઓ અનુકૂળ સમયની રાહ જોઈ રહ્યા હતા. તેમાંના એક હમણાં લખે છે:

> ઘણાયે યુવાનો પોતાના નાનકડા પગારને ઘોડદોડની શરતમાં તેમ જ શહેરનાં બીજાં ખર્ચાળ પ્રલોભનોમાં વેડફી રહ્યા છે; અને આપણે જો તેમના આ વલણમાંથી તેમને વાળી શકીએ તો તેમના પોતાના કલ્યાણ માટે તેમ જ મુંબઈ શહેરના હિત માટે તેમની પાસેથી ઘણી આશા રાખી શકાય.

હું આશા રાખું છું કે આ સુધારણાની હિલચાલ દક્ષિણ હિંદના યુવાનોમાં ઊંડાં મૂળિયાં ઘાલશે. અનુકૂળ સમય માટે રાહ ન જોવાની હું તેમને સલાહ આપું છું. કારણ સત્કાર્ય, ભિક્ષા કે દાનને માટે કોઈ પણ સમય અનુકૂળ જ ગણાવો જોઈએ. વળી "અસ્પૃશ્ય", "અનુપગમ્ય" કે "અદર્શનીય" લોકો માટે ઉપાડેલા કાર્ય કરતાં બીજું કોઈ પણ કાર્ય વધારે અગત્યનું ગણાવું ન જોઈએ. મુંબઈમાં વસતા દક્ષિણ હિંદના યુવકો કેવળ ધૂમ્રપાન, ઘોડદોડની શરત, ચા ઇત્યાદિ જેવા એમના કેટલાક ખર્ચાળ શોખો છોડી દે, તો એમાંથી જે ભંડોળ થશે તે બહુ જ મોટું હશે. દરેક ધર્મમાં પોતાની ઊપજનો અમુક ભાગ ધર્માદાકાર્ય માટે જુદો મૂકવાનો આદેશ હોય છે. કમનસીબે, મોટે ભાગે આજના યુવાનોએ ધર્મને તિલાંજલિ આપી છે. પરંતુ પોતાની કમાણીનો અમુક ભાગ નિયમિત રૂપે ધાર્મિક હેતુઓ માટે જુદો મૂકવાનો રિવાજ જો ફરી ચાલુ કરવામાં આવે તો અસ્પૃશ્યોના ઉદ્ધારની પ્રવૃત્તિ જેવી બીજી પ્રવૃત્તિઓને કદી "અનુકૂળ સમય"ની રાહ જોવાની જરૂર ન પડે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૩૧-૫-૧૯૨૮



Gandhi Heritage Portal

# ૪૨૯. શચીન્દ્રનાથ મિત્રને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૩૧, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મને મળ્યો છે. મારા અભિપ્રાય પ્રમાણે, તમારા પ્રશ્નનો ઉત્તર મેં કરેલા સૂચન દ્વારા, જો તે સ્વીકારી શકાય એવું હોય તો, મેં આપી દીધો છે; કારણ કે વિદ્યાર્થીઓ ભણતા હોય ત્યારે તેઓ જાતે કાંતીને તેમ જ પોતાના ઉપયોગ અને પોશાક માટે ખાદી સ્વીકારીને જેટલું કરી શકે તેના કરતાં બીજું વધારે કે સારું ન કરી શકે. અને જો તેઓ આટલું પણ ન કરી શકે, તો દેશને નક્કર લાભ થાય એવું બીજું કાંઈ પણ તેઓ કરે એવો સંભવ નથી.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૬૧૨

# ૪૩૦. જી. એન. કાનિટકરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૩૧, ૧૯૨૮

ભાઈશ્રી કાનિટકર,

તમારો પત્ર મને મળ્યો હતો. મને એ વાતનું આશ્ચર્ય થયું છે કે જમનાલાલજી સાથે મસલત કર્યા વગર તમે સભાની તારીખ નક્કી કરી અને તેઓ એ સભામાં હાજરી આપે એવું તમે ઇચ્છો છો. બેશક, તેઓ પોતે આ સભાના પ્રમુખ હોઈ સભાની તારીખ અને એજન્ડા બાબત સૌ પ્રથમ તેમની સલાહ લઈને પછી જ તમારે તમારો પરિપત્ર કાઢવો જોઈતો હતો. જમનાલાલ હવે તમને બીજી કોઈ તારીખ રાખવા તાર કરી રહ્યા છે અને તે વખતે તેઓ અવશ્ય હાજરી આપશે.

દવાખાના બાબતમાં જણાવવાનું કે મેં તમને માત્ર એટલું જ કહ્યું હતું કે જો સંઘની કાઉન્સિલ શરતો વગેરે મંજૂર રાખે તો રાષ્ટ્રીય શિક્ષણમંડળને મકાન ભાડાપટે આપવામાં કશો બાધ ન હોવો જોઈએ. અને સ્વાવલંબન પાઠશાળાની મિલકત તેમ જ ચરખા સંઘ સંબંધી બધા હકો જો બિનશરતી ફેરવી આપવામાં આવે તો જ આમ બની શકે.

તમારો સહૃદયી

શ્રીયુત જી. એન. કાનિટકર
૩૪૧, સદાશિવ પેઠ
પૂના સિટી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૬૧૩

Gandhi Heritage Portal

# ૪૩૧. અ. ટે. ગિદવાણીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
મે ૩૧, ૧૯૨૮

પ્રિય ભાઈ ગિદવાણી,

તમારા તરફથી ક્યારે જવાબ આવે તેની હું રાહ જોતો હતો. એટલે જ્યારે ગિરધારીએ તમારો કાગળ આપ્યો ત્યારે આનંદ થયો.

કેટલીક વ્યક્તિગત બાબતો, જેને તમે નાની કે ક્ષુદ્ર ગણો છો, તે મારે મન બારડોલી જેટલી રસપ્રદ છે; કારણ કે મારા સહકાર્યકરો વિશે બધીય બાબતો જાણવી મને ખૂબ ગમે છે. બધુંયે બાજુએ મૂકી દઈને, બારડોલી ધસી જવાની તમારી ઉત્કંઠા હું સમજી શકું છું, પરંતુ હજી એ માટેનો સમય આવ્યો નથી. જ્યારે એવો સમય આવશે, ત્યારે તમે જોશો કે મેં તમને બિલકુલ ખચકાયા સિવાય બોલાવી લીધા હશે. અને હું એ પણ જાણું છું કે એક સારા સૈનિક તરીકે તમે તરત હા પાડશો. હાલ તુરત તો વલ્લભભાઈ પાસે પૂરતા કાર્યકરો છે.

તમારી તબિયત પહેલાં કરતાં સારી રહે છે એ જાણીને મને આનંદ થયો છે અને જાણું છું કે ગંગાબહેને પોતાની બધી ઉદાસીનતા ખંખેરી નાખી છે. પરંતુ તેમને એટલું કહેજો કે તેમણે ગુજરાતી ભૂલી જવાનું નથી; અને જો હજી ભૂલવા ન માંડયું હોય, તો તેમણે તમારા કામમાં તમને મદદ કરવી જોઈએ. તેઓ કન્યાશાળાઓમાં જઈ તેમને વ્યવસ્થિત કરીને તેમ જ તકલી વગેરે શીખવીને ઘણું કરી શકે એમ છે.

કોમી મુશ્કેલીઓ આપણે ત્યાં બધે હમેશાં રહેવાની, છતાં મને આશા છે કે તે તમે પહોંચી ન વળી શકો એટલી વિકટ નહીં હોય.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૪૪૭૧

Gandhi Heritage Portal

## ૪૩૨. અમદાવાદ ઇમ્પીરિયલ બૅન્ક ઑફ ઇન્ડિયાના મૅનેજરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૧, ૧૯૨૮

મૅનેજર
ઇમ્પીરિયલ બૅન્ક ઑફ ઇન્ડિયા
અમદાવાદ
ભાઈશ્રી,

સહી કરીને આ સાથે બીડેલી રસીદ મુજબ આ પત્ર લાવનારને કૃપા કરીને રૂ. ૬૫–૧–૮ની રકમ આપવા વિનંતી છે.

તમારો સહૃદયી

બિડાણ: ૧ રસીદ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૪૦૦

## ૪૩૩. મથુરાદાસ ત્રિકમજીને પત્ર

જૂન ૧, ૧૯૨૮

મારા કાગળની આશા રાખ્યા વિના મને લખાય તો ખરું જ.

[મૂળ ગુજરાતી]
બાપુની પ્રસાદી, પા. ૯૦

Gandhi Heritage Portal

## ૪૩૪. વિઠ્ઠલભાઈ ઝ. પટેલને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
બી. બી. સી. આઈ. રેલવે,
જૂન ૧, ૧૯૨૮

ભાઈશ્રી ૫ વિઠ્ઠલભાઈ,

તમારો કાગળ મળ્યો છે. મને તો તમારો કાગળ હજુ નથી મળ્યો પણ મેં છાપાંમાં વાંચ્યો છે. તેની અસર બહુ સરસ થશે. હરિલાલ દેસાઈનું શું કહીએ, શું કરીએ? વલ્લભભાઈએ લખેલ કાગળની નકલ મોકલવાનું મહાદેવને બારડોલી લખું છું. આપણે તો આપણું કર્યે જઈએ. તમે તો તમારો ભાગ ખૂબ ભજવી રહ્યા છો. કર્તાહર્તા તો ઈશ્વર જ છે ના!

**મોહનદાસના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
પત્રની માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૪૪૩૬

## ૪૩૫. કેવળરામને પત્ર

શનિવાર, સવારે ૪ વાગ્યા પહેલાં, જૂન ૨, ૧૯૨૮

ભાઈશ્રી ૫ કેવળરામ,

તમારો કાગળ મળ્યો છે. મારે જવાબ તો વહેલો દેવો હતો પણ વખતને અભાવે આજ લગી રહી ગયો. તમારી તબિયત હવે તો સારી થઈ ગઈ હશે. તે સાવ સારી કરવા સારુ તમારે ખૂબ પ્રયત્ન કરવો જોઈએ.

તમારો સ્વભાવ જાણતાં મને તો ધાસ્તી છે કે આશ્રમમાં થઈ ગયેલા અને થઈ રહેલા ફેરફારો તમે સહન નહીં કરી શકો.

બધા જવાબદારને સારુ સ્ત્રીપુરુષ બંનેને બ્રહ્મચર્ય આવશ્યક છે.

બધા ધીમે ધીમે સંયુક્ત રસોડામાં આવતા જાય છે. હાલ તેમાં ૯૦ જમે છે.

મજૂરોને ધીમે ધીમે ઓછા કરવામાં આવે છે. તેથી બધાને સારુ અંગમહેનત વધી છે.

ભેંસના દૂધઘીના ત્યાગની ચર્ચા ચાલી રહી છે અને આશ્રમમાં જ ઉત્પન્ન થતા ગાયના દૂધ પર રહેવાનો આગ્રહ રાખવાની વાત ચાલે છે.

તમારે જો તમે પાછા આવો તો વણાટકામને સારુ તૈયાર થવું જ રહ્યું છે.

નિયમાવલી[1] લગભગ તૈયાર થઈ ગઈ છે. તૈયાર થઈ ગયે તમને નકલ મોકલીશ.

૧. જુઓ "સત્યાગ્રહાશ્રમ", ૧૪-૬-૧૯૨૮.

Gandhi Heritage Portal

બ્રહ્મચર્યના નિયમને લીધે ભાઈ હરિહર અને તારાનાથ ગયા છે.

તમે બંને ખૂબ ઊંડાં ઊતરી વિચાર કરજો ને વિચાર કર્યા બાદ આશ્રમમાં રહેવાનો નિશ્ચય કરી શકો ને નિયમોનું પૂરું પાલન કરી શકો તો મને બહુ હર્ષ થાય.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૧૮૦૩

## ૪૩૯. બારડોલી માહાત્મ્ય

બારડોલી સત્યાગ્રહનું તેજ દિનપ્રતિદિન વધતું જાય છે. હમણાં જ શ્રી વિઠ્ઠલભાઈ પટેલનો પત્ર મારે હાથ આવ્યો છે તે જોઈને કોનું હૃદય નહીં ઊછળે? એ પત્રનો તરજુમો આ જ અંકમાં છાપ્યો છે. પણ જે આશાએ તે પત્ર શ્રી વિઠ્ઠલભાઈએ લખ્યો છે તે આશા સફળ કરવી બારડોલીના સત્યાગ્રહીઓના જ હાથમાં છે. સરકારી નોંધ પણ શ્રી વિઠ્ઠલભાઈના પત્રની સાથે બહાર પડી છે. તે નોંધનો ભાવાર્થ એ છે કે સત્યાગ્રહી અસત્યાગ્રહી છે ને ભીરુ છે, ભીરુ હોવાથી છાનેમાને મહેસૂલ ભરી આવે છે. આવી બીજી વાતો પણ તે નોંધમાં છે, જે સત્યાગ્રહીઓએ વિચારવા યોગ્ય છે. સરકારની આશાનો કિલ્લો લોકોની નબળાઈઓ ઉપર બંધાયેલો હોય છે, જ્યારે સત્યાગ્રહીની અને વિઠ્ઠલભાઈ જેવા હિતેચ્છુઓની આશાનો હિમાલય તેમની વીરતા ને દૃઢતા ઉપર રચાયેલો છે. કિલ્લો મનુષ્યકૃત હોય છે તેથી તે પડે છે. હિમાલય ઈશ્વરની પ્રસાદી હોઈ અચલ રહે છે, ને એ પડે ત્યારે પ્રલય થાય. ખરું જ છે કે મનુષ્ય પોતે જ પોતાની બેડી ઘડે છે ને પોતે જ તેને તોડી શકે છે. એ વસ્તુ સિદ્ધ કરવાને સારુ બારડોલીનો યજ્ઞ ચાલી રહ્યો છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૩-૬-૧૯૨૮

Gandhi Heritage Portal

# ૪૩૭. કેળવણી વિશે પ્રશ્નો – ૧

પ્રાથમિક કેળવણીના ત્રણ લેખો લખ્યા પછી નીચેના પ્રશ્નોના ઉત્તર આપવા એ સહેલું થઈ પડયું છે.

૧. આપે એક વાર લખ્યું હતું કે અંગ્રેજીનો ભાર હળવો કરીએ તો વિદ્યાર્થીઓના જીવનમાં અમુક વર્ષો બચાવ્યા બરાબર થાય છે. રાષ્ટ્રીય શિક્ષણ એટલે રાષ્ટ્રવ્યાપી શિક્ષણ એવો જો અર્થ કરીએ તો એનો બોજો સમાજ ઉપર કેટલો હોય એમ આપ માનો છો? કેટલો એટલે કેટલાં વરસનો?

'અંગ્રેજીનો ભાર હળવો કરવો' એ વાકયનો અર્થ પ્રથમ તો સમજાવું. મારો મુદ્દો એ નથી કે અંગ્રેજીનું જ્ઞાન વિદ્યાર્થી મુદ્દલ ન પામે. પણ જેમ એક ફ્રેંચમૅન અંગ્રેજી જાણતો હોય તેમ આપણે પર ભાષા તરીકે અંગ્રેજીને ભલે સેવીએ. પણ એટલે જ અંશે અંગ્રેજી જાણીએ તો આપણને અંગ્રેજીમાં વિચાર કરવાનો, શુદ્ધ ઉચ્ચારથી શુદ્ધ અંગ્રેજી બોલવાનો ને શુદ્ધ અંગ્રેજી લખવાનો બોજો ઊંચકવો ન પડે. આ બોજાથી દરેક વિદ્યાર્થીનાં ઓછામાં ઓછાં પાંચ વર્ષો નકામાં જાય છે એવી મારી માન્યતા છે. એટલું જ નહીં પણ તે પાંચ વર્ષોના ઘસારાથી તેની વિચારશક્તિ હણાય છે, તેનું શરીર નિર્બળ થાય છે ને તે શાહી ચૂસનારા બ્લૉટિંગ પેપરની જેમ ઉપરટપકિયું અનુકરણ કરતો થઈ જાય છે. જો પાંચ વર્ષો કોઈ પોતાની ભાષાની મારફતે જોઈતું જ્ઞાન મેળવવામાં આપે તો તે કેટલું મેળવે? કેટલું બચાવે? સારામાં સારા વિચારો પોતાની ભાષા મારફત ઝટ જાણી લે, ને પર ભાષાના અઘરા ઉચ્ચાર શીખવાના ભારે બોજામાંથી તે બચી જાય.

૨. એક છેડે બાળકેળવણી અને બીજે છેડે મહાવિદ્યાલયની કેળવણી બંને ખૂબ ખર્ચાળ છે. રાષ્ટ્રીય શિક્ષણમાં એ બેનો અંતર્ભાવ થઈ શકે ખરો? અથવા એટલી જ સંગીન કેળવણી ઓછે ખરચે આપવાની કંઈ યોજના આપની પાસે છે ખરી?

બાળકેળવણી કેમ સસ્તી, લગભગ સ્વાશ્રયી બની શકે એ બતાવવાનો મેં પેલા ત્રણ લેખોમાં પ્રયત્ન કર્યો છે. જો મહાવિદ્યાલયની કેળવણીને પ્રાથમિક કેળવણીને મદદ આપનારી આપણે બનાવીએ તો તે કેળવણી પણ સસ્તી થઈ જાય ને રાષ્ટ્રને પોષનારું આવશ્યક જ્ઞાન વિદ્યાર્થીઓ સારી રીતે પામે. 'એટલી જ સંગીન કેળવણી'નો અર્થ જો સરકારી કેળવણી જેવી એમ હોય તો પ્રશ્ન અપ્રસ્તુત છે, કેમ કે સરકારી કેળવણીને હું સંગીન ગણતો જ નથી. રાષ્ટ્રીય મહાવિદ્યાલયની કે પ્રાથમિક શાળાની કેળવણી સરકારી શાળાઓની કેળવણી કરતાં ભિન્ન ને ઘણી વાર નવી અને મૌલિક હોય. તેથી તે સ્વતંત્ર રીતે સંગીન છે.

૩. જૂની પરંપરાના હિમાયતીઓ વિદ્યાર્થીઓમાં ગુરુભક્તિ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરે છે; અને ગુરુની પ્રસન્નતાથી જ વિદ્યા પ્રાપ્ત થઈ શકે છે, અન્યથા નહીં, એમ સમજાવવાનો પ્રયત્ન કરે છે. ગુરુની ભક્તિ, સેવા, શુશ્રૂષા ન કરીએ તો ગુરુ ચિત્તશાઠ્ય કરી વિદ્યા ચોરે છે; એવી હરામી એ ન કરે એટલા માટે એની ખુશામત કરવી જોઈએ — એ જ ગુરુભક્તિની મીમાંસા છે કે શું?

Gandhi Heritage Portal

હું ગુરુભક્તિને માનનારો છું. પણ પ્રત્યેક શિક્ષક તે ગુરુ નહીં હોય. ગુરુશિષ્યનો સંબંધ આધ્યાત્મિક અને સ્વયંસ્ફુરિત હોય; તે કૃત્રિમ હોય નહીં, તે બહારના દબાણથી ઉત્પન્ન થાય નહીં. આવા ગુરુ આજ પણ હિંદુસ્તાનમાં હયાત છે. (અહીં હું મોક્ષદાયી ગુરુનો ઉલ્લેખ નથી કરતો એ ચેતવણી આપવાની આવશ્યકતા ન હોવી જોઈએ.) એવા ગુરુની ખુશામત સંભવે જ નહીં. એવા ગુરુ પ્રત્યેનો આદર સ્વાભાવિક જ હોય, ગુરુનો પ્રેમ પણ તેવો જ હોય. તેથી એક આપવા ને બીજો લેવાને હમેશાં તૈયાર જ રહે છે. બાકી સામાન્ય જ્ઞાન તો આપણે દરેકની પાસેથી લઈએ. એક સુતાર, જેની સાથે મારે કશો સંબંધ ન હોય તેની પાસેથી તેના દુર્ગુણો જાણતાં છતાં હું ઘણું લઈ શકું છું; તેની પાસેથી તો હું જેમ દુકાનદારને ત્યાંથી સોદો ખરીદું તેમ સુતારી જ્ઞાન ખરીદી લઉં છું. હા, અહીં પણ અમુક પ્રકારની શ્રદ્ધા આવશ્યક છે. જે સુતારની પાસેથી હું સુતારીનું જ્ઞાન મેળવવા માગું તેના સુતારી જ્ઞાન વિશે જો મને શ્રદ્ધા ન હોય તો હું તે જ્ઞાન નહીં પામી શકું. ગુરુભક્તિ નોખો જ વિષય છે. ચારિત્ર ઘડવું એ જે કેળવણીનો વિષય છે ત્યાં ગુરુશિષ્યનો સંબંધ અત્યાવશ્યક છે, ને ત્યાં જો શુદ્ધ ગુરુભક્તિ ન હોય તો ચારિત્ર ઘડાય નહીં.

[મૂળ ગુજરાતી]
નવજીવન, ૩–૬–૧૯૨૮

## ૪૩૮. વલ્લભભાઈ પટેલને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૩, ૧૯૨૮

ભાઈશ્રી ૫ વલ્લભભાઈ,

આ સાથે ગવર્નરને જવાબ લખવાનો મુસદ્દો બીડું છું. ઠીક જામી રહી છે. ઘણું જીવજો. મારી જરૂર પડે ત્યારે લખજો કે તાર કરજો. તમને પકડે એવી વાતો આવ્યા જ કરે છે. પકડાશો તો કંઈક આરામ મળશે. ને ન પકડાઓ તો થાક ખાવાના તો આપણને સમ જ છે.

બાપુ

વલ્લભભાઈ પટેલ
સ્વરાજ્ય આશ્રમ
બારડોલી

[મૂળ ગુજરાતી]
બાપુના પત્રો – ૨ : સરદાર વલ્લભભાઈને, પા. ૧૩

Gandhi Heritage Portal

## ૪૩૯. વસુમતીબહેન પંડિતને પત્ર

સાબરમતી,
મૌનવાર [જૂન ૪, ૧૯૨૮][1]

ચિ. વસુમતી,

તમારા કાગળો નિયમસર મળ્યા કરે છે. મારાની પહોંચ તો સ્વીકારવી. હું નિયમિત તો નથી જ લખી શકતો. આ સવારના ચાર વાગ્યે લખી રહ્યો છું. હમણાં ઘંટ શરૂ થયો છે.

અક્ષર હજુ સુધારવાને અવકાશ છે. તમારો એક કાગળ બહેનોને વંચાવ્યો છે. બનતાં સુધી નવ વાગ્યા પહેલાં સૂઈ જવું ને ૪ વાગ્યે ઊઠવું. કસરત થાય છે કે? માંકડની દવા કરવી. બધું સાફ રાખવાનું સૂચવાય તો સૂચવવું. ગુજરાતી છોકરીઓ કેટલી છે? હવે રસોડામાં ૯૦ જણ જમે છે. હજુ વધતું જાય છે. પણ આ બધું તો બીજા લખતા હશે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: સી. ડબલ્યુ. ૪૭૬; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

## ૪૪૦. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર

સાબરમતી,
જૂન ૪, ૧૯૨૮

પરમ પ્રિય મિત્ર અને બંધુ,

તમારે ત્યાં જે જે બનાવો બને છે, તે વિશે ટપાલ દ્વારા તમે મને નિયમિત વાકેફગાર રાખતા રહો છો. એ બનાવો મને બહુ જ મદદરૂપ થાય છે.

બંને ચુકાદાઓ વિશે હું આ અઠવાડિયે *યંગ ઇન્ડિયા*માં એક સાવચેતીભર્યો લેખ[2] લખું છું. બનશે તો તેની નકલ હું તમને આગળથી મોકલીશ.

પ્રાગજીએ મને એક લાંબો પત્ર લખ્યો છે. તે સારો માણસ છે. તમારા કેબલગ્રામ[3] ઉપરથી મેં તાત્કાલિક પગલાં લીધાં છે અને ત્યાંના આપણા બધા મિત્રોને કેબલથી જણાવ્યું છે કે તેમણે સૌએ તમારા માર્ગદર્શન ઉપર આધાર રાખવો.

હું આશા રાખું છું કે તમારી તબિયત સારી રહેતી હશે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૮૮૧૫

૧. ટપાલની છાપ પરથી.
૨. જુઓ "દક્ષિણ આફ્રિકાના હિંદીઓ", ૭-૬-૧૯૨૮.
૩. જુઓ, "દક્ષિણ આફ્રિકાની ઇન્ડિયન કોંગ્રેસને કેબલ", ૨૯-૫-૧૯૨૮ કે તે પછી.

Gandhi Heritage Portal

## ૪૪૧. બારડોલી દિન

સાબરમતી,
જૂન ૫, ૧૯૨૮[1]

હું અવશ્ય આશા રાખું છું કે આવતો ૧૨મી જૂનનો દિવસ સાચા દિલથી અને દેશને શોભે એવી રીતે હિંદુસ્તાનભરમાં 'બારડોલી દિન' તરીકે પાળવામાં આવશે. એ પાળવાની શ્રેષ્ઠ રીત એ છે કે તે દિવસે શકય હોય ત્યાં બધું કામ મુલતવી રાખવું અને બારડોલી સત્યાગ્રહમાં સહન કરનારા સત્યાગ્રહીઓ માટે તેમ જ શ્રીયુત વલ્લભભાઈ પટેલ અને તેમના સહકાર્યકરોને લડત ચાલુ રાખવામાં સહાય કરવા માટે સાર્વજનિક સભાઓ ભરી તેમાં વધુ ફાળો એકઠો કરવો, અને સત્યાગ્રહીઓની માગણીને ટેકો આપતા અને સરકારના દમનનાં પગલાંને વખોડી કાઢતા ઠરાવ પસાર કરવા. હું એમ નથી માનતો કે સ્વયંસેવકો માટે હાકલ કરવામાં આવે, કારણ કે શ્રીયુત વલ્લભભાઈ પટેલ પાસે પૂરતી સંખ્યામાં સ્વયંસેવકો નોંધાઈ ચૂકયા છે. એ બાબતમાં દેશના દરેક ભાગમાંથી દરખાસ્તો આવી રહી છે. અને જો વધારે સ્વયંસેવકોની જરૂર પડશે તો મને શંકા નથી કે દેશભરમાં સૈનિકો તૈયાર જ છે. મહારાષ્ટ્ર, સિંધ અને બીજે સ્થળેથી મિત્રોએ મને કયારના સંદેશાઓ મોકલ્યા છે કે વલ્લભભાઈ ખાતરી રાખે કે તેમને લગભગ અસંખ્ય સ્વયંસેવકો મળી રહેશે. આ ભાપામાં કદાચ વધુ પડતો આશાવાદ હોય, પરંતુ અતિશયોક્તિ બાદ કરતાં, એ બાબતમાં શંકા નથી કે સાદ પડતાં પૂરતી સંખ્યામાં સ્ત્રી-પુરુષો આગળ આવશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૭-૬-૧૯૨૮

## ૪૪૨. શાંતિકુમાર મોરારજીને પત્ર

મંગળવાર [જૂન ૫, ૧૯૨૮][2]

ચિ. શાંતિકુમાર,

આ સાથે સુમંતનો કાગળ છે. હવે શું કરવું એ સૂઝતું નથી. એના આરોપોનો જવાબ આપવાની જરૂર જોઉં છું. તમે ઇચ્છો તો તેને અહીં બોલાવું. પણ સારું તો એ છે કે જો તેણે વિવેક ન છોડયો હોય તો તમે જ તેના કાગળ ઉપરથી વાતો કરો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: સી. ડબલ્યુ. ૪૭૦૫; શ્રી શાંતિકુમાર મોરારજીના સૌજન્યથી

૧. આ તારીખ बॉम्बे क्रॉनिकल, ૯-૬-૨૮ના અંક, જેમાં આ લેખનો ટૂંકો હેવાલ આપ્યો છે, પરથી લીધી છે.

૨. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

## ૪૪૩. વિઠ્ઠલભાઈ ઝ. પટેલને પત્ર

આશ્રમ,
બુધવાર, જેઠ વદ ૩ [જૂન ૬, ૧૯૨૮][1]

ભાઈશ્રી ૫ વિઠ્ઠલભાઈ,

સ્વામીનો કાગળ મને મળી ગયો છે. મને લાગે છે કે જે કમિટી નિમાય તે કમિટીનો ઠરાવ ખેડૂતોની વિરુદ્ધ જાય તો તેઓને જે નાણાં ભરવાં પડે તે આજથી બૅંકમાં મુકાવવાની શરત આપણાથી કબૂલ ન જ કરાય. તેમાં ખેડૂતોનો તેમ જ વલ્લભભાઈનો અવિશ્વાસ રહેલો જોઉં છું. અત્યારે તો ખેડૂતો મહેસૂલનો વધારો ગેરવાજબી છે એમ કહી લડી રહ્યા છે. પણ જે કમિટીના ઠરાવથી બંધાવાનું તેઓ કબૂલ કરે તેવો ઠરાવ તેઓની વિરુદ્ધ જાય તોપણ તેઓ પૈસા ન ભરે અથવા વલ્લભભાઈ તેઓને મદદ ન કરે એવું માનવાનું સરકાર પાસે કશું કારણ નથી. તેથી સ્વમાનને ખાતર પણ આપણે પૈસા બૅંકમાં મૂકવાની શરત કબૂલ ન કરી શકીએ. લોકોની બધી કબૂલાત જાહેરમાં થશે. વલ્લભભાઈની કબૂલાત પણ જાહેરમાં જ થશે. વધારા વિનાની મહેસૂલ એટલે લગભગ પાંચ લાખ તો લોકો ભરી જ દેશે. બાકીના પૈસા વસૂલ કરવા એ તો સરકારને રમત વાત હોવી જોઈએ. વધારાના પૈસા કોઈ પણ રીતે પહેલાં વસૂલ કરવાની વાતમાં મને બદદાનતની ગંધ આવે છે. નામની જ કમિટી નીમશે તો આપણને સંતોષ થવાનો જ નથી. કમિટી નિષ્પક્ષપાત હોવી જ જોઈએ. અને તે ખુલ્લી હોવી જ જોઈએ. આટલું બધું જોમ લોકોએ બતાવ્યા પછી આપણને મોળા થવાનો જરાયે અધિકાર નથી. છેવટે લોકો પડી જવાના હશે તો પડશે. આપણે તો તેના પડવામાં હાથ ન જ નાંખીએ.

તમારે મહાબળેશ્વર ક્યારે અને કોના આમંત્રણથી જવું એ તો મારા કરતાં તમે વધારે વિચારી શકશો. હવે તો સ્વામીના કાગળમાંનો કાંઈ પણ ભાગ રહી જતો હોય એમ લાગતું નથી.

બાપુ

[મૂળ ગુજરાતી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

૧. મૂળમાં અહીં જેઠ વદ ૪ છે તે ભૂલ છે. જેઠ વદ ૩ જોઈએ. તે દિવસે બુધવાર હતો અને છઠ્ઠી જૂન પણ હતી.

Gandhi Heritage Portal

# ૪૪૪. બેચર પરમારને પત્ર

આશ્રમ,
બુધવાર, જેઠ વદ ૩ [જૂન ૬, ૧૯૨૮][1]

ભાઈશ્રી ૫ બેચર,

તમારો કાગળ મળ્યો. તેનો એક જવાબ તો એ છે કે જે ધંધા નીતિ વિરુદ્ધ હોય એ હમેશાં ત્યાજ્ય છે. બીજો એ કે વર્ણ માત્ર ચાર છે. અને તેમાં અનીતિ નથી પણ તે તે વર્ણમાં રહેતા છતાં માતાપિતાએ જ્યાં અનીતિ ગ્રહણ કરી હોય ત્યાં તેને છોડી તે જ વર્ણમાં બીજું કામ થઈ શકે.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી: જી. એન. ૫૫૭૨

# ૪૪૫. વસુમતીબહેન પંડિતને પત્ર

આશ્રમ,
બુધવાર, જેઠ વદ ૩ [જૂન ૬, ૧૯૨૮][2]

ચિ. વસુમતી,

તમારા કાગળો મળ્યા કરે છે. મારા[3] હવે તો મળી ગયા હશે. ગંગાબહેન અને મણિબહેન મુંબઈ ગયાં છે. સંયુક્ત રસોડામાં હાલ ૯૦થી વધારે જણ જમે છે. લીલાબહેન પણ ૧૫ દિવસને સારુ આવ્યાં છે. ભાઈ ચીમનલાલ પણ એમાં જ જમે છે. કામ તો સરસ ચાલે છે. બાલકૃષ્ણ હાલ અહીં છે. છગનલાલ ને પ્રભુદાસ કાલે આવી ગયા. ભેંસનું દૂધ અને મુખ્યત્વે ભેંસનું જ ઘી આવે છે તેથી ઘીનો ત્યાગ આશ્રમમાં થવાની વાત ચાલી રહી છે. ત્યાં જાજરૂની અગવડ છે તે દૂર કરવાના સહેલા રસ્તાઓ શોધીને બતાવવા જોઈએ. છેવટે માટીનો ઉપયોગ તો થવો જ જોઈએ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી: સી. ડબલ્યુ. ૫૭૮; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

૧. વર્ણવ્યવસ્થાના ઉલ્લેખ પરથી લાગે છે કે આ પત્ર પણ ૧૯૨૮માં લખાયો હતો. એ વર્ષે જેઠ વદ ૩ બુધવારને દિવસે હતી. જુઓ "બેચર પરમારને પત્ર", ૨૩-૬-૧૯૨૮ તથા આગળના પત્ર પરની પાદટીપ.

૨. ટપાલની છાપ પરથી.

૩. જુઓ "વસુમતીબહેન પંડિતને પત્ર", ૪-૬-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૪૪૬. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

જૂન ૬, ૧૯૨૮

ભાઈશ્રી ઘનશ્યામદાસજી,

તમારો પત્ર મને મળ્યો છે. હું પણ માનું છું કે આસનો ફાયદો કરે છે. પરંતુ મેં જોયું છે કે કયાં આસનો કરવાં તે બાબતમાં ખાસ જ્ઞાનની જરૂર રહે છે.

અત્યારે તો લાગે છે કે ઑગસ્ટ દરમિયાન તો હું આશ્રમમાં જ હોઈશ. જરૂર આવો.

તમારો

**મોહનદાસ**

શ્રીયુત ઘનશ્યામદાસ બિરલા
બિરલા પાર્ક
બાલી ગંજ
કલકત્તા

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૬૧૫૯; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

## ૪૪૭. ચીમનલાલ વોરાને પત્ર

જેઠ વદ ૩, [જૂન ૬, ૧૯૨૮][1]

ભાઈ ચીમનલાલજી,

તમારો પત્ર મળ્યો. પાંચ ચીજો એટલે ફક્ત પાંચ જ. દવા તરીકે પણ જો બે ચીજો લઉં, તો બે ગણાવી જોઈએ. મીઠાને હું જુદી ચીજ ગણતો નથી. મારો અત્યારનો ખોરાક બકરીનું દૂધ, શાકભાજી, ઘઉં, લીંબુ અને બદામનો છે. હળદર જુદી ચીજ ગણાય છે. ક્વિનાઈન સાથે પણ કશુંક લેવામાં આવે તો બે ચીજો થઈ જશે. વગેરે, વગેરે.

મને એવો વિશ્વાસ છે કે મનુષ્યપ્રયત્નને સ્થાન છે ત્યાં સુધી માણસ અમુક હદે પોતાનું જીવન લંબાવી કે ટૂંકાવી શકે છે. આખરે બધું કરવાવાળો તો ઈશ્વર જ છે પરંતુ તે ગમે તેને પોતાનું નિમિત્ત બનાવી લે છે.

તમારો સહૃદયી

**મોહનદાસ ગાંધી**

શ્રીયુત ચીમનલાલ ગુલાબચંદ વોરા
શ્રીમાળી મહોલ્લો, રતલામ

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી : જી. એન. ૬૩૦૦

૧. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

# ૪૪૮. બંને બાજુએ

બારડોલી સત્યાગ્રહ ઉપરનું મુંબઈ સરકારનું જાહેર નિવેદન એ મુંબઈ ઈલાકાના ઉત્તર વિભાગના કમિશનરના પત્રને અનુરૂપ છે. એ પત્રની મેં દુઃખપૂર્વક થોડા જ દિવસ[1] પહેલાં ન છૂટકે ટીકા કરી હતી. આ સરકારી જાહેરાત એ અપમાનના પુનરાવર્તનથી શરૂ થાય છે કે શ્રી વલ્લભભાઈ અને તેમના સાથીદારો બહારના માણસો છે. છતાં આ જાહેરાતમાં તેમને બહારના માણસો કહેવાને બદલે 'બારડોલીમાં ન રહેતા' કહ્યા છે. એ પછી તે જાહેરાત બેશરમ ભરેલી રીતે એ હકીકતનો ઉલ્લેખ કરે છે કે જ્યારે જપ્તીનો પ્રયત્ન નિષ્ફળ ગયો ત્યારે "સરકારે ભેંસો તેમ જ જંગમ મિલકત પર વ્યવસ્થિત રીતે ટાંચ લાવવાનો" ઉપાય અજમાવ્યો. ભેંસોની જપ્તીનો અર્થ શો થાય તે શ્રીયુત વલ્લભભાઈના પ્રકાશન વિભાગે જણાવી દીધું છે. આ જાહેરાત ત્યાર પછી વિજેતાની અદાથી એ હકીકતનો ઉલ્લેખ કરે છે કે "ચાળીસ પઠાણોને, મામલતદાર તથા મહાલકારીને જપ્તી કરવાના કાર્યમાં તથા જપ્ત કરેલી ભેંસો સાચવવામાં મદદ કરવા રોકવામાં આવ્યા હતા." આ કાર્ય માટે પઠાણોને રોકવા એનો શો અર્થ થાય છે તે વલ્લભભાઈના પ્રકાશન ખાતાએ ફરી આપણને સમજાવ્યું છે. તેઓને શા માટે રોક્યા હશે, તેનું કારણ એ પ્રકાશન ખાતાની મદદ વગર પણ આપણે કળી શકીએ છીએ. સરકાર હોય કે પછી ખાનગી વ્યક્તિઓ હોય, તેઓ પઠાણ મિત્રોની સેવા શા માટે લે છે તે લોકો બરાબર જાણે છે. રખેને પઠાણને રોકવાના સર્વસ્વીકૃત અર્થનું લોકો આરોપણ કરે, એટલા માટે તે જાહેરાત વધુમાં જણાવે છે કે "આ પઠાણો સામે બિનપાયાદાર આક્ષેપો કરવામાં આવ્યા છે; પરંતુ સરકારને ખાતરી થઈ છે કે તેમની વર્તણૂક બધી રીતે નમૂનેદાર હતી." આ ખુલાસાને કોણ હસી નહીં કાઢે? સરકાર દલીલ કરે છે તે પ્રમાણે નાતબહાર કરવાની કહેવાતી ધમકી જેમને જેમને મળી છે એવા વેઠિયાઓ ખપમાં આવતા નથી એટલે તેમને પઠાણોનો આશ્રય લેવો પડ્યો છે એ વાત જો બરાબર હોય તો એટલું પૂછી શકાય કે બીજી જગ્યા પરના વેઠિયાઓને કે બીજા નરમ રીતભાતવાળા માણસોને છોડીને સરકારે પઠાણોને જ રોકવાનું કેમ પસંદ કર્યું? વળી સરકાર એ વિચારને માની ન શકાય એવો ગણીને હસી કાઢે છે કે "સરકારના જવાબદાર અધિકારીની દેખરેખ નીચે કામ કરતા પાંચ પઠાણની એક, એવી પાંચ ટોળીઓ ૯૦,૦૦૦ માણસની વસ્તીને ડરાવી શકે કે કોઈ પણ જાતનો જુલમ કરી શકે." આ બાબતમાં ફરી એટલું જ કહેવું જરૂરી છે કે એક જ સત્તાધીશ પઠાણ એક આખા ગામમાં કેવો ઉત્પાત મચાવી શકે તેનો હિંદના લોકોને અનુભવ છે. પઠાણ કે તેમના જેવા બીજા માણસો, માણસોના મોટા સમૂહને ડરાવી શકે છે તે વાત પ્રજા માટે ખરેખર હીણપતભરી ગણાય; પરંતુ કમનસીબે ભયગ્રસ્ત અને ભય-ત્રસ્ત ભારત માટે એ લગભગ રોજિંદી હકીકત છે. બારડોલીની પ્રજા જો વ્યક્તિ અને સત્તાનો ભય છોડી દેશે અને પઠાણોને મિત્રો બનાવી દેશે તો બીજું કંઈ પણ પરિણામ ન આવે તોપણ બારડોલીની આ લડતને હું સારી રીતે લડાયેલી તો ગણીશ જ.

જંગમ મિલકતની બાબતમાં લેવામાં આવેલાં સખત પગલાંનાં ગુણગાન ગાઈને જ આ જાહેરાત નથી અટકતી. જમીનને ખાલસા કરવાની વાતનો પણ તે નિર્દેશ કરે છે. સરકારને

૧. જુઓ. "આંખમાં ધૂળ", ૧૭-૫-૧૯૨૮.

Gandhi Heritage Portal

એ વાત કબૂલ કરતાં શરમ પણ નથી આવતી કે "આ જાહેરાતની તારીખ સુધીમાં તો આવી ૧૪૦૦ એકર જમીન જપ્તીની નોટિસ અનુસાર વેચી નાખવામાં આવી છે; અને જો વેળાસર તેનું ચડેલું મહેસૂલ ભરપાઈ કરવામાં નહીં આવે તો વધારાની લગભગ ૫૦૦૦ એકર જમીન વેચી નાખવામાં આવશે." અને આ જાહેરાત જરૂર વિના ઉમેરે છે કે "એક વાર વેચાઈ ગયેલી આવી જમીન કદી પાછી આપવામાં આવશે નહીં." બીજાં કેટલાંક ટીકાપાત્ર વિધાનો આ સરકારી જાહેરાતમાં છે પણ એ હું ટાળું છું.

જેઓ ચાલુ માસની ૧૯મી અથવા તે પહેલાં પોતાનું મહેસૂલ ભરી દેશે તેમને માટે આ જાહેરાત કેટલીક અપમાનજનક સવલતોની જાહેરાત કરે છે. સ્વમાનશીલ સ્ત્રીપુરુષોને છાજે એવો એકમાત્ર જવાબ આપવાનું કામ બારડોલીના લોકોનું છે. જ્યારે તેઓ આ લડતમાં ઊતર્યા ત્યારે પ્રતિકારની શી કિંમત આપવી પડશે તેની તેમને માહિતી હતી. શરૂઆતના તબક્કામાં બહાદુરી બતાવીને તેમણે જેમ જવાબ આપ્યો, તેમ લડત જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે પણ તેઓ પોતાનો ભાગ બરાબર ભજવશે એ બાબતમાં મને કશો સંદેહ નથી.

આ જાહેરાત સામેના તરી આવે એવા વિરોધ રૂપે શ્રીયુત વિઠ્ઠલભાઈ પટેલે લખેલો એક પત્ર મને મળ્યો છે. એમાં તેમણે જાહેર કર્યું છે કે આ લડત ચાલુ રહેશે ત્યાં સુધી તેઓ દર મહિને રૂપિયા ૧,૦૦૦નું ઉદાર દાન મોકલતા રહેશે. ધારાસભાના પ્રમુખ તરીકેની તેમની તેજસ્વી કારકિર્દી દરમિયાન પહેલેથી છેલ્લે સુધી શ્રી વિઠ્ઠલભાઈ પટેલે લોકોના હકોનું સમર્થન કર્યું છે. હોદ્દો સ્વીકાર્યા છતાં એમણે ક્યારેય એમનો પિત્તો ગુમાવ્યો નથી કે દેશના સ્વમાનનો ભંગ થવા દીધો નથી. એક પ્રમુખ તરીકે સંપૂર્ણ તટસ્થતાથી વર્તતા હોવા છતાં જ્યારે પણ તેમના હોદ્દાએ તક આપી છે ત્યારે લોકોના પ્રતિનિધિ તરીકે વર્તતાં એ અચકાયા નથી કે ભય પામ્યા નથી. પરદેશી શાસકોએ એવી ગુલામી પરંપરા ઊભી કરી છે કે જેઓ સરકારનો પગાર ખાય છે તેઓ, લોકો જ્યારે સરકાર સામે લડતા હોય ત્યારે કોઈ પણ સંજોગોમાં લોકો તરફ સહાનુભૂતિ બતાવવાથી દૂર રહે અને તે એટલે સુધી કે સરકાર પોતે જ પોતે બહાર પાડેલા કાયદાની વિરુદ્ધ આચરણ કરતી હોય તોપણ. શ્રી વિઠ્ઠલભાઈ પટેલે આ રોગિષ્ઠ અને ગુલામી પરંપરામાં ગાબડું પાડ્યું છે. અને તેઓ એમ કરી શક્યા છે એનું કારણ એ છે કે તેઓએ આ પદ માન ખાતર નહીં, એમને મળતા પગાર ખાતર નહીં, પણ તેઓ એમના પત્રમાં કહે છે તે પ્રમાણે, જેમણે તેમને આ પદ પર ચૂંટી કાઢ્યા છે તેમના વતી એક ટ્રસ્ટી તરીકે સ્વીકાર્યું છે. એ યાદ રાખવાની જરૂર છે કે ધારાસભાનો પ્રમુખ કંઈ ધારાધોરણ પ્રમાણેનો તાજનો બંધારણીય નોકર નથી. તે પ્રજાનો પ્રતિનિધિ છે અને રાજકીય વાદવિવાદમાં અને એવી બીજી બાબતોમાં સક્રિય ભાગ લીધા સિવાય લોકો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાનો તેને સંપૂર્ણ અધિકાર છે. પ્રમુખ તરીકે ચૂંટાયા હોઈ, શ્રીયુત વિઠ્ઠલભાઈ પક્ષીય વ્યક્તિ મટી જાય છે, પરંતુ જે બધા પક્ષોએ ભેગા મળીને તેમની ચર્ચાવિચારણા દરમ્યાન પ્રમુખ તરીકે કામ કરવા તેમને ચૂંટ્યા તે સૌના પ્રતિનિધિ તે મટી જતા નથી, મટી જઈ શકે નહીં; તેથી સમસ્ત પ્રજા વતી તેમણે જે મરદાનગીભર્યું પગલું લીધું છે તે માટે હું તેમને મુબારકબાદી આપું છું. વિદેશી રાજ્યકર્તાઓએ સ્થાપેલી ધારાસભામાં જવાનું જો કોઈ પણ રીતે વાજબી ગણી શકાય એમ હોય તો એમાં જઈ પદગ્રહણ કરનારાઓને એમણે ઉદાત્તપણે અને નિર્ભયપણે કેમ વર્તવું એ બતાવ્યું છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ७–६–१९२८

Gandhi Heritage Portal

# ૪૪૯. રોકડા વિરુદ્ધ ઉધાર

અખિલ હિંદ ચરખા સંઘના મંત્રી નીચે પ્રમાણે લખે છે :

સંઘની પ્રાંતીય શાખાઓનું ઉધાર વેચાણ એકંદરે રૂ. ૧,૫૪,૪૮૮–૧૩–૮૩⁄૪નું થયું છે એટલે આ શાખાઓમાં રોકાયેલી સમગ્ર મૂડીના ૧૫ ટકા જેટલું છે; અને આ સામાન્ય રીતે ઉધાર વેચાણ બંધ કરવાના કાઉન્સિલના આદેશ છતાં થયું છે. મોટે ભાગે આપણા કાર્યકર્તાઓના મનમાં રહેલા ભયને લીધે જ એમ થયું છે. તેઓને ભય છે કે જો ઉધાર વેચાણ તદ્દન બંધ કરી દેવામાં આવશે તો ખાદીનું વેચાણ નીચું જશે. આ ભય અસ્થાને છે. તામિલનાડુના ખાદી ભંડારે ઉધાર વેચાણો તદ્દન બંધ કર્યાં છે અને છતાં સમગ્ર હિંદના ખાદી ભંડારોમાં તે એક એવો ભંડાર છે જેણે ખાદીનું સૌથી વધુ વેચાણ કર્યું છે. એટલે જ તમે જુદી જુદી શાખાઓ તેમ જ જાહેર જનતાને જણાવી શકો છો કે ભૂતકાળનો અનુભવ એવો છે કે ખાદીના વેપારમાં ઉધાર વેચાણથી ખોટ જાય છે તેનું કારણ ગ્રાહકો પૈસા ચૂકવવામાં નિષ્ફળ જાય છે તેની સાથે સાથે એ પણ છે કે એવા ઉધાર વેપારથી શાખાઓની મૂડી, જે કંઈ ખાસ વધારે હોતી નથી, પુરાઈ રહે છે.

ઉપરના પત્રમાં જે ચેતવણી સમાયેલી છે, તેની સાથે હું સંપૂર્ણપણે સંમત થાઉં છું. જ્યાં સુધી આ રાષ્ટ્રીય ઉદ્યોગ એના બચપણમાં છે, અને તેના ઉછેર માટે તેને જાહેર જનતાની કાળજીભરી સારવાર અને રક્ષણની જરૂર છે, ત્યાં સુધી ખાદી ભંડારોએ ઉધાર વેચાણ બંધ કરવું જોઈએ. આપણે કેવળ દેશપ્રેમી જનતાના ટેકા પર જ મદાર બાંધવો જોઈએ અને જો આપણે રોકડેથી વેચાણ ન કરી શકીએ તો રોકડા પૈસા આપવાની લોકોની નામરજીનો આપણે એવો અર્થ કરી શકીએ કે જનતા ખાદીને પોતાના રક્ષણનો લાભ આપવા માગતી નથી. પણ મારા અનેક વિસ્તૃત પ્રવાસો દરમ્યાન બધે મારા અનુભવે બતાવી આપ્યું છે કે લોકોને ખાદીની જરૂર હોય ત્યારે તેઓ તેને માટે ખુશીથી રોકડા પૈસા આપે છે અને બીજી વસ્તુઓ ઉધાર ખરીદે છે. લોકો પોતાને જોઈતી ખાદી માટે રોકડા પૈસા આપે એટલા ઓછામાં ઓછા રક્ષણનો તો ખાદીને હક છે. એટલે ખાદીનાં વેચાણ કેન્દ્રોના વ્યવસ્થાપકોએ ઉધાર નહીં આપવાથી પોતે ગ્રાહકો ગુમાવી બેસશે એવો ભય રાખવાની જરૂર નથી. ખાદીનું વેચાણ રોકડેથી થાય તે માટે પોતાની આસપાસના પ્રદેશોમાં ખાદીની તરફેણમાં પ્રચાર કરવાની તેમની શક્તિ પર તેમણે આધાર રાખવો જોઈએ. અને મુખ્ય મથકની ઉધાર નહીં વેચવાની સૂચનાની વિરુદ્ધ જઈને તો કોઈ પણ સંજોગોમાં ઉધાર વેચવાનો તેમને અધિકાર નથી. ઉધાર આપ્યા વગર ખાદી ભંડારો સફળતાપૂર્વક ચલાવવાનો તેમને પોતાનામાં વિશ્વાસ ન હોય તો શિસ્ત એ માગી લે છે કે તેઓએ એ પ્રમાણે મુખ્ય મથકને જણાવવું જોઈએ અને પોતાને જવાબદારીમાંથી મુક્ત કરવાની માગણી કરવી જોઈએ. ખાદીને વહેલામાં વહેલી તકે વેપારી સ્વરૂપ આપવા માટે એકંદરે સારામાં સારો રસ્તો કયો છે એ મુખ્ય મથક જાણે છે એવો તેના પર વિશ્વાસ રાખવો જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ७–६–१९२८

Gandhi Heritage Portal

# ૪૫૦. દક્ષિણ આફ્રિકાના હિંદીઓ

દક્ષિણ આફ્રિકાની સુપ્રીમ કોર્ટની ટ્રાન્સવાલ વિભાગની શાખાએ હમણાં બે બહુ જ અગત્યના કેસોનો ચુકાદો આપ્યો છે. એક કેસમાં એસ. બી. મેઢ વિરુદ્ધ ઇમિગ્રન્ટ્સ અપીલ બૉર્ડ હતું. આ કેસને પોતાનું આગવું મહત્ત્વ હોવા છતાં તે કેવળ સુશિક્ષિત હિંદીઓ તરીકે સ્મટ્સ-ગાંધી સમાધાન પ્રમાણે મુક્તિપત્રો મેળવનાર હિંદીઓના થોડા ખાસ કેસોને જ સ્પર્શે છે. દક્ષિણ આફ્રિકાની સંઘ સરકાર તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે તે મુક્તિપત્રો સંપૂર્ણ ન હતાં. એ વિશે વધારે વિગતમાં જવાની મને જરૂર જણાતી નથી. ઉપલી કોર્ટમાં અપીલ કરનારાઓ તરફથી રજૂ કરવામાં આવેલી દૃષ્ટિ પ્રમાણે આ મુક્તિપત્રો સંપૂર્ણ હતાં એમ આ કોર્ટને હવે લાગ્યું છે.

બીજો કેસ દયા પુરુષોત્તમ વિરુદ્ધ ઇમિગ્રન્ટ્સ અપીલ બોર્ડનો હતો. આ કેસના ચુકાદાનાં પરિણામો ભારતીય વસાહતીનાં હિત ઉપર દૂરગામી અસર પાડે છે. આ કેસનો ચુકાદો એમ નક્કી કરે છે કે ૧૯૨૭ના ૩૭મા ઍક્ટની કલમ ૫ની અસર અગાઉના કિસ્સાઓમાં લાગુ પડતી નથી; એટલે અપ્રામાણિક રીતે મેળવેલાં મુક્તિપત્રો ઈમિગ્રેશન બોર્ડ અથવા ઈમિગ્રેશન અધિકારીની મરજી પ્રમાણે રદ થવાને પાત્ર ગણાય નહીં. જો આ ચુકાદો ઊભો રહે તો અપ્રામાણિકપણે મેળવેલાં મુક્તિપત્રો ધરાવનારા આ કલમથી સલામત રહે છે. હિંદી વસાહતીઓ માટે આ એક મોટી જીત છે. હું કોઈ પણ જાતની અપ્રામાણિકતાને રક્ષણ મળે એ જોવા ઇચ્છતો નથી. પણ આ વસાહતીઓનો કેસ સાધારણ અર્થમાં જેને છેતરપિંડી કહીએ તેવી છેતરપિંડીનો નથી. ઘણા કિસ્સાઓમાં, ઓછામાં ઓછું ૧૯૧૪ સુધી, એશિયાટિક ઑફિસનું ખાતું એક ભ્રષ્ટ ખાતું હતું અને સાચા પ્રવેશ કરનારાઓ માટે કોઈ આડાઅવળા માર્ગોએ એશિયાટિક ઑફિસના અધિકારીઓની લોભવૃત્તિને સંતોષ્યા વગર પ્રવેશ મેળવવાનું લગભગ અશક્ય હતું. જ્યાં સરકારના પોતાના જ અધિકારીઓ ખાનગી રીતે આ છેતરપિંડીમાં ભાગીદાર હોય, ત્યાં ન છૂટકે તેનો ભોગ બનનારી વ્યક્તિઓને સજા કરવાની વાત સરકારને બિલકુલ છાજતી નથી.

દક્ષિણ આફ્રિકાના વસાહતીઓ દ્વારા મને મળેલા કેબલ-સંદેશાઓ કહે છે કે સરકાર આ બે ચુકાદા વિરુદ્ધ અપીલ કરી રહી છે. દક્ષિણ આફ્રિકાની સંઘ સરકારને હું એમ સૂચવવાની ધૃષ્ટતા કરું છું કે આ બે અપીલના ચુકાદાઓ હિંદીઓને જે લાભ આપે છે તે ઝૂંટવી લેવાનો પ્રયત્ન તે ન કરે. તેમના સમાધાનકારી વલણ અને સમજણની નવી ભાવના સાથે એ વધારે સુસંગત થશે. પહેલા કેસનો ચુકાદો માત્ર ગણ્યાગાંઠ્યા માણસોના હકને રક્ષણ આપે છે; અને તેમની બાબતમાં છેતરપિંડીનો કોઈ પ્રશ્ન જ નથી. પરંતુ બીજા કેસનો ચુકાદો સારી સંખ્યામાં ત્યાં રહેલા હિંદીઓના હકનું રક્ષણ કરે છે. પોતાની ગણતરી કરતાં થોડાક વધારે હિંદીઓને દક્ષિણ આફ્રિકામાં સમાવી લેવામાં સરકાર ઉપર કોઈ મોટી આપત્તિ આવી પડવાની નથી. દક્ષિણ આફ્રિકાની સરકારે ભૂલવું ન જોઈએ કે ખાસ કરીને ગરીબ હિંદીઓ માટે અદાલતમાં અપીલ કરવા જવું ખૂબ જ ખર્ચાળ હોય છે. એટલે એક વ્યવસ્થિત રીતે સ્થપાયેલી શક્તિશાળી સરકાર માટે અપીલમાં સફળ થયેલા નાગરિકોને ઉપલી કોર્ટમાં ઘસડી જઈને તેમને થકવીને નમાવવા કે તેથીયે ખરાબ હાલતમાં મૂકવા એ ભાગ્યે જ શોભાભર્યું ગણાય. રાક્ષસનું બળ ધરાવવું સારું હોઈ શકે, પણ તેને વહેંતિયાઓ સામે વાપરવું બેશક ખરાબ છે.



Gandhi Heritage Portal

વસાહતીઓ આ બે કેસમાં મળેલી સફળતા ઉપર બહુ મદાર બાંધીને ન બેસે એ જ વધારે સારું છે. શ્રીયુત શાસ્ત્રીમાં તેમને એક મહાન સલાહકાર અને મિત્ર મળ્યા છે. હમેશની જેમ તેઓ પોતાનો કેસ ભલે એમની આગળ આગ્રહપૂર્વક રજૂ કરે, પરંતુ એક વાર તેમ કર્યા પછી તેમની સલાહને જ અનુસરે. દક્ષિણ આફ્રિકાની સંઘ સરકાર પર તેઓ જે કંઈ પ્રભાવ ધરાવે છે તેનો તેઓ તેમના લાભમાં ઉપયોગ કરશે. હું તેઓના કેબલ-ગ્રામ જરૂર આવકારું છું અને તેઓએ મારામાં જે વિશ્વાસ મૂક્યો છે તેની કદર કરું છું; પણ આટલે બધે દૂરથી અને ૧૯૨૦થી બદલાયેલા સંજોગોમાં તેમને મદદ કરવાની મારી શક્તિ એટલી બધી મર્યાદિત છે કે હું તેમને ખાસ મદદ કરી શકું એમ નથી. એટલે તેમની શક્તિનો આધાર તેમની એકતા, વિવેક અને તે વ્યક્તિ પર — જે ત્યાં કેવળ ભારત સરકારના એજન્ટ જનરલ જ નથી પણ તેમના સાચા અને સમર્થ મિત્ર તેમ જ માર્ગદર્શક છે — વિશ્વાસ રાખવામાં રહેલો છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ७–६–१९२८

## ૪૫૧. સર કૃષ્ણપ્રસાદને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૭, ૧૯૨૮

પ્રિય ભાઈ,

બાબુ રૂપનારાયણના મુખેથી, તમે ખાદી-હિલચાલમાં ખૂબ રસ લઈ રહ્યા છો, તથા તમે જાતે કાંતવાનું શરૂ પણ કરી દીધું છે તે સાંભળીને મને આનંદ થયો છે. મૈસૂર રાજ્યમાં જે રીતે હિલચાલ ચાલી રહી છે તે તરફ તમારું ધ્યાન ખેંચું છું. મને એ બાબતમાં શંકા નથી કે યોગ્ય રીતે ઉપાડવામાં આવશે તો તે હિલચાલ નિઝામના રાજ્યમાં ગરીબ ખેડૂતોને આશીર્વાદરૂપ નીવડશે.

બાબુ રૂપનારાયણ મને કહે છે કે તમારા અને તમારા મોટા પુત્રે કાંતેલા સૂતરના નમૂનાની મારે આશા રાખવી. હું એ નમૂનાની ઇંતેજારીપૂર્વક રાહ જોઈ રહ્યો છું; અને એ મળ્યા પછી, જો તમે મને રજા આપશો તો જે મ્યુઝિયમમાં પ્રસિદ્ધ પુરુષોએ કાંતેલા સૂતરના નમૂના રાખ્યા છે, તેમાં તે હું રાખીશ.

તમારો સહૃદયી

નેક નામદાર મહારાજા સર કૃષ્ણપ્રસાદ
યામિનસ-સુલતાનાથ
સિટી પૅલેસ
હૈદરાબાદ (દખ્ખણ)

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૬૧૪

Gandhi Heritage Portal

# ૪૫૨. સર લેસ્લી વિલ્સનને લખેલા પત્રનો મુસદ્દો

[જૂન ૭, ૧૯૨૮][1]

ચાલુ મહિનાની ચોથી તારીખના મારા પત્રનો જવાબ આપે તાબડતોબ આપ્યો, તે બદલ આપનો આભાર માનું છું.

આપના પત્ર ઉપરથી સ્પષ્ટ થાય છે કે આપણે એકબીજાથી વિરુદ્ધ દિશામાં કામ કરી રહ્યા છીએ. જાહેર જીવનમાં મહત્ત્વનું સ્થાન ધરાવતો હોવાને કારણે, હું, એવો જ અગત્યનો જાહેર હોદ્દો ધરાવતી વ્યક્તિને, જેને હું કાયદાનો કે અમલદારી કર્તવ્યનો ગંભીર ભંગ લેખું, તે તરફ તેમનું ધ્યાન દોરતો મૈત્રીભર્યો પત્ર કેમ ન લખી શકું તે મને સમજાતું નથી. હું ધરાવું છું તે દરજ્જો મને હું જે નિવેદન કરું તેની સાબિતીઓમાં ઊતરતાં રોકે છે એ હકીકતનો અર્થ એ નથી કે એવાં નિવેદનો કરવાનો મને અધિકાર નથી અથવા આવાં નિવેદનો હું એક અધિકારી મિત્ર પાસે ખાનગીમાં ન કરું.

ચાલુ માસની ચોથી તારીખનો મારો પત્ર આપ ફરીથી વાંચશો તો જણાશે કે એમાં મેં કરેલાં નિવેદનોના પુરાવા મારી પાસે નથી એવું કહ્યું નથી; એથી ઊલટું જે માહિતી મળી છે તે ક્યાંથી મળી છે તે પણ જણાવ્યું છે. જો આપ સાચે જ એ નિવેદનો સાબિત થાય એમ ઇચ્છતા હો તો શું હવે આપની એ ફરજ નથી કે તેને માટેનો એકમાત્ર માર્ગ, એટલે કે તપાસ સમિતિ નીમવાનો માર્ગ, આપ અપનાવો? એ સિવાય આપ મેં કરેલાં આ નિવેદનો સાચાં છે કે ખોટાં તેની ખાતરી કેવી રીતે કરી શકશો?

આપના પત્રના ત્રીજા ફકરા બાબતમાં કહેવાનું કે આપની વાત ન માનવાનો મારે માટે પ્રશ્ન જ નથી. તે લખતી વખતે આપે તપાસ કરી નથી એ બતાવવા માટે મેં કેવળ આપનો પોતાનો કાગળ ટાંક્યો છે. સ્પષ્ટ રીતે જ આપ એમ માનતા જણાઓ છો કે કમિશનરનો પત્ર વાંધો લેવા જેવો નથી. જ્યારે હું સૂચવવાની હિંમત કરું છું કે તે ખૂબ જ અપમાનજનક છે અને તે બધા કાયદાઓને નેવે ન મૂકી દેતો હોય, તોપણ તે બધા નીતિનિયમો અને સભ્યતાને તો બાજુ પર મૂકી જ દે છે અને તેમાં અધિકારી તરીકેની જવાબદારીનો સદંતર અભાવ છે. અને ગયા મહિનાના તારીખ ૧૭મીના આપના પત્રનો છેલ્લો પૅરેગ્રાફ, જે સ્પષ્ટ છે, તે બતાવે છે કે મેં કરેલા આક્ષેપો વિશે આપે મને પત્ર લખ્યો ત્યારે કશી તપાસ કરી નહોતી.

આપના પત્રના ચોથા ફકરા બાબતમાં મને આપને ખાતરી આપવા દો કે મારો પત્ર કોઈ રીતે ઉતાવળથી લખેલ ન હતો. એ મારી જવાબદારીના પૂરા ભાન સાથે કરેલું ઇરાદાપૂર્વકનું નિવેદન હતું.

છેવટમાં, હું આપને નીચેના પ્રશ્નો પૂછવાની રજા લઉં છું :

ઉત્તર વિભાગના કમિશનરસાહેબનો પત્ર, જેના તરફ મેં આપનું ધ્યાન ખેંચ્યું છે, તે ઉપર આપ ધ્યાન આપવા માગો છો ખરા?

૧. આ મુસદ્દો પછીના પત્ર સાથે જોડેલો હતો.

Gandhi Heritage Portal

મેં આપનું ધ્યાન ખેંચ્યું છે તે આક્ષેપો બાબતમાં આપ તપાસ કરવા માગો છો ખરા?

જે નિવેદનોમાં હું માનું છું અને જેને માટે તપાસસમિતિ યોજાય તો પૂરતા પુરાવાઓ આપી શકાય એમ છે તે નીચે પ્રમાણે છે :

(૧) જપ્તીના ઘણાયે કિસ્સાઓમાં પંચનામાં કરવામાં આવ્યાં નથી, જપ્તી કરેલા માલની પહોંચ અપાઈ નથી, અને જે મિલકત જપ્ત કરી છે તેનો હિસાબ આપવામાં આવ્યો નથી.
(૨) માલિકની ખાતરી કર્યા વિના જ ભેંસો જપ્ત કરવામાં આવી છે.
(૩) દીવાની કાયદાના નિયમો અનુસાર જે મિલકત જપ્ત ન થઈ શકે તેને પણ જપ્ત કરવામાં આવી છે.
(૪) જપ્તી રાતના સમય દરમિયાન થઈ છે.
(૫) વાડો ભાંગીને, અને બારણાંઓને તેમનાં મિજાગરાંઓથી જુદાં કરીને ઘર ભાંગવામાં આવ્યાં છે; વગેરે.
(૬) દુધાળાં ઢોરને રિબાવવામાં આવ્યાં છે અને તેમને નજીવી રકમમાં વેચી નાખવામાં આવ્યાં છે. રૂપિયા ૧,૨૦૦ની કિંમતની ભેંસો રૂપિયા ૨૧૬માં વેચવામાં આવી છે.
(૭) એક પઠાણ ચોરી કરતાં પકડાયો છે.
(૮) પઠાણોએ સ્ત્રીઓની સતામણી કરી છે અને તેમની સમક્ષ બીભત્સ ચેષ્ટાઓ કરી છે.
(૯) પઠાણોએ બીજી અનેક રીતે લોકોની લાગણીઓ દૂભવી છે.
(૧૦) કલેક્ટર અથવા ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા મનસ્વી જાહેરનામાં કાઢવામાં આવ્યાં છે.
(૧૧) સત્યાગ્રહીઓનો મુકદ્દમો ચલાવવાની કાર્યવાહી બિલકુલ નિયમ વિરુદ્ધની હતી. ફરિયાદના જે અનેક કિસ્સાઓ મને મોકલવામાં આવ્યા છે, તેમાંથી થોડા મેં અહીં મૂક્યા છે.

મારે એ કહેવાની ભાગ્યે જ જરૂર છે કે મારા પત્રો કેવળ મિત્રભાવે લખાયા હોઈ તે ખાનગી રાખવાના છે. છતાં આપને એમ લાગે કે આપણી વચ્ચેનો પત્રવ્યવહાર જાહેર કરવો જોઈએ, તો એ બાબતમાં પણ મારા પક્ષે કશો વાંધો નથી.

હિઝ એક્સેલન્સી સર લેસ્લી વિલ્સન
ગવર્નર ઑફ બૉમ્બે

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૧૪૪૭

Gandhi Heritage Portal

## ૪૫૩. વિઠ્ઠલભાઈ ઝ. પટેલને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૭, ૧૯૨૮

ભાઈશ્રી વિઠ્ઠલભાઈ,

ગવર્નરને જવાબ મોકલવાનો મુસદ્દો આ સાથે છે તેમાં કંઈ ફેરફાર કરવો હોય તો જરૂર કરજો. સ્વામીએ તૈયાર કરેલું બધું મોકલવાની જરૂર નથી જોતો. તેમાંથી કેટલીક વાતો લીધી છે. બહુએ ઇચ્છું છું કે બધો પત્રવ્યવહાર બહાર પડે, પણ તે કઈ રીતે થાય? દરેક કાગળથી ગવર્નર પોતાની મેળે જ બંધાતો જતો જોવામાં આવે છે.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

પત્રની માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૪૪૪૧

## ૪૫૪. મહાદેવ દેસાઈને પત્ર

[જૂન ૭, ૧૯૨૮ પછી][1]

ચિ. મહાદેવ,

તમારો તાર મળ્યો છે. મને ઠીક લાગ્યું એટલું મેં લઈ લીધું છે. નમનતાનો અભાવ એ કારણ ઓછામાં ઓછું હોય. મને એ લેખની શૈલી જ મુદ્દલ નથી ગમી. તમે આવશો ત્યારે હું તેનું પૃથક્કરણ કરી બતાવીશ. જે દોષને સારુ સ્વામીનો લેખ રદ કર્યો હતો તે જ લગભગ આ લેખમાં છે. પણ તમારા તે લેખને વિશે કંઈ જુદી ધારણા ને આશા હોય તો તે હું નથી જાણતો. એટલે જો મારી અનુમાનમાં કંઈ ભૂલ થઈ હશે તો એટલું આપણે સોસવું રહ્યું.

રામેશ્વર બિરલાના કાગળ જોઈ વલ્લભભાઈ રાજી થશે.

ગવર્નરનો કાગળ વિઠ્ઠલભાઈ ઉપરનો આ સાથે છે. તેના જવાબનો મુસદ્દો પણ મોકલું છું.

બાપુના આશીર્વાદ

[તા. ક.]

તમારા કાગળો કેટલાક છે તે ફાડવા જેવા મેં ફાડયા છે. બધા અહીં જ જોશો.

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: એસ. એન. ૧૧૪૪૭

૧. ગવર્નરને લખેલા પત્રના મુસદ્દાના ઉલ્લેખ પરથી એ સ્પષ્ટ છે કે આ પત્ર ૭ જૂન પછી લખાયો હશે.

Gandhi Heritage Portal

## ૪૫૫. જે. બી. પેનિંગ્ટનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૮, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મને મળ્યો છે. હું જાણું છું કે આપણી વચ્ચે ગમે તેટલો મતભેદ હોય, તો-પણ, જ્યારે પણ હું ઇંગ્લંડ આવી શકીશ, ત્યારે તમારા તરફથી હૃદયપૂર્વકનો આવકાર મળવાની મને ખાતરી છે.

જો સર જૉન સાઈમન મને મળવા માગતા હોય, તો તેમના એ પ્રયત્નોને મારે અવગણવા ન જોઈએ એમ એક મિત્રે મને ખાસ લખ્યું હતું; અને એમ પણ કહ્યું હતું કે તેઓ સરળ દિલના, પ્રામાણિક અંગ્રેજ ગૃહસ્થ છે; જે કદાપિ શિષ્ટાચાર માટે આગ્રહ રાખતા નથી અને સંભવ છે કે મને ખોળી કાઢે. તેમણે એમ કર્યું હોત તો મેં ખુશીથી આશ્રમમાં તેમનું સ્વાગત કર્યું હોત. કમિશનમાં હું રસ ધરાવતો ન હતો અને આજે પણ ધરાવતો નથી. અને તેથી એમની મુલાકાત માગવાની મને અંદરથી ઇચ્છા થતી નથી. પશ્ચિમ હિંદની ભૂગોળ તમે જાણો છો. અમદાવાદ એક દૂરના ખૂણામાં આવેલું શહેર છે, અને તેથી સર જૉન સાઈમન જેવા કામગરા માણસો પોતાનો ચાલુ ચીલો છોડીને, તેમના કામમાં ઉપયોગી ન થાય એવી મારા જેવી વ્યક્તિને મળવા આવે એવી આશા હું ન રાખી શકું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: ૧૪૩૨૫

## ૪૫૬. સ્વેન્સ્કા ક્રિકાન્સને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૮, ૧૯૨૮

મેસર્સ સ્વેન્સ્કા ક્રિકાન્સ
ડાયાકોનિસ્ટીરેલ્સીસ બૉકફર્લૅગ
સ્ટૉકહોમ ૭

સુજ્ઞ ભાઈ,

૮ ફેબ્રુઆરીના તમારા કાગળના સંબંધમાં જણાવવાનું કે મારા પુસ્તક સત્યના પ્રયોગો અથવા આત્મકથાના પ્રથમ ખંડનો ટૂંકાવ્યા વગર સ્વીડિશમાં અનુવાદ કરવાની અને તે પ્રસિદ્ધ કરવાની તમને છૂટ છે.

તમારા તરફથી જે કંઈ રકમ મળશે તેનો ઉપયોગ મારી કેટલીક જાહેર પ્રવૃત્તિઓને આગળ વધારવા માટે કરવામાં આવશે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૫૦૩૪

Gandhi Heritage Portal

## ૪૫૭. ટી. દ. મંઝિયર્લીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૮, ૧૯૨૮

બહેનશ્રી,

તમારો પત્ર અને સામયિકો મને મળ્યાં છે, જે બદલ હું તમારો આભાર માનું છું.

હું તમારા શબ્દોમાં વિશ્વાસ રાખું છું અને લેખ તરીકે તમે ગણો તો આ એક બહુ જ "ટૂંકો લેખ" તમને મોકલું છું.

"કોઈ વ્યક્તિ તે શ્રદ્ધા માટેનાં કારણો મારી પાસે માગે તો હું તે આપી શકું એમ નહીં હોવા છતાં, હિંદુ-મુસલમાનની એકતાની શક્યતા વિશેની મારી શ્રદ્ધા અફર છે."

તમારો સહૃદયી

માદામ ટી. દ. મંઝિયર્લી
૨૧ રુ દ શેમિન વર્ત
કુર્બેવૉઇ
સીન

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૩૨૪

## ૪૫૮. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૮, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

તમારો પત્ર મને મળ્યો છે. આપણો માર્ગ સ્પષ્ટ છે. જો મહાસભાના અધિવેશન પ્રસંગેનું પ્રદર્શન મદ્રાસના પ્રદર્શનની આબેહૂબ પ્રતિકૃતિ જ થવાની હોય, તો કૉંગ્રેસના[1] આ અધિવેશનમાં ખાદી પ્રદર્શન જ ન હોવું જોઈએ. શ્રી સેનગુપ્તા તરફથી હજી મને કોઈ ખબર મળ્યા નથી.

નિખિલ બાબત ડૉક્ટરોએ આપેલા અહેવાલ જાણવા હું ખૂબ જ આતુર છું. તેણે કટિસ્નાનના ઉપચાર, સંપૂર્ણ આરામ અને દૂધનો ખોરાક ચાલુ રાખવાં જ જોઈએ.

૧. મદ્રાસ પ્રદર્શન ઉપરના ગાંધીજીના વિચારો માટે જુઓ પુસ્તક ૩૫, પા. ૩૯૬-૮.

Gandhi Heritage Portal

સર ડેનિયલ હૅમિલ્ટનના પત્રમાંથી હું આ સાથે એક ઉતારો મોકલું છું. સુંદરબનની[1] કોઈ જાગીર વિશે તમે કંઈ જાણો છો? અને જો તમે જાણતા હો તો ત્યાંના લોકોની સ્થિતિ શી છે અને તે જાગીર ઉપર કેટલા જણ રહે છે તે મને જણાવશો?

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૮૯૧૬

## ૪૫૯. મિસિસ રશેલ એમ. રટરને પત્ર[2]

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૮, ૧૯૨૮

બહેનશ્રી,

તમારા પત્ર માટે હું તમારો આભાર માનું છું. તમે મિસ મેયો માટે જે કહો છો તે પૂરેપૂરું સાચું છે. એવા લોકો પણ છે જે કંઈ કહેતાં કે કરતાં અટકતા નથી, પછી તે ગમે એટલું અસત્ય કેમ ન હોય.

તમારા કાગળમાં મિસ મેયોને લગતો જે ભાગ[3] છે તે હું યંગ ઇન્ડિયામાં ઉતારવાની છૂટ લઈ રહ્યો છું. હું તમારા નામનો ઉપયોગ કરતો નથી.

મિ ઍન્ડ્રૂઝ હમણાં કોલંબોમાં છે, અને કવિવરની સારવાર કરી રહ્યા છે. યુરોપ જતાં એકાએક માંદગીને લઈને તેમને ત્યાં ઊતરવું પડયું છે.

તમારો સહૃદયી

મિસિસ રશેલ એમ. રટર
ઈરીસન લેન
વિનકૅનટન
સમરસેટ, ઇંગ્લંડ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૪૩૨૩

૧. એમના ૧૬ મે ૧૯૨૮ના પત્રમાં સર ડેનિયલે લખ્યું હતું: "સુંદરબનની બંગાળની મારી જાગીરમાં હું હસ્ત ઉદ્યોગને તેમ જ અક્ષરજ્ઞાનને ફરજિયાત કરવા માગું છું. ત્યાં બાળકોને કાંતણ, વણાટકામ, સુથારીકામ, અને સુધરેલી ખેતી શીખવવામાં આવે એમ ઇચ્છું છું."

૨. ૧૯૨૪માં માંદગી પછી ગાંધીજી જ્યારે જૂહુમાં વિશ્રાંતિ લેતા હતા ત્યારે આ અંગ્રેજ પાદરીએ તેમની મુલાકાત લીધી હતી.

૩. ૨૮–૬–૧૯૨૮ના યંગ ઇન્ડિયામાં 'એક ધૃષ્ટતા' એ શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થયો હતો.

Gandhi Heritage Portal

## ૪૬૦. રામેશ્વરદાસ પોદ્દારને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જૂન ૮, ૧૯૨૮

ભાઈ રામેશ્વરદાસ,

તમારો કાગળ મને જમનાલાલજીએ આપ્યો હતો. તમને હું શું લખું! તમે ધીરજ ન છોડતાં સ્વસ્થ રહો અને શક્તિ ઉપરાંત કંઈ પણ કરવાનો મનોરથ ન કરો. ત્યાં શંકરરાવ દેવ જેવા સાધુ પુરુષો રહે છે તેમને પૂછી પૂછીને વર્તો અથવા વર્ધામાં રહો તો જાજૂજી કહે તે કરો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૧૯૫

## ૪૬૧. વસુમતીબહેન પંડિતને પત્ર

જૂન ૯, ૧૯૨૮

ચિ. વસુમતી,

તમારા કાગળ મળ્યા કરે છે. જો પાયખાનાનો બીજો કશો બંદોબસ્ત ન થાય ને પિચકારી લેવામાં મુશ્કેલી આવે તો પેટી રાખવી ને તેને હાથેથી સાફ કરવી. પેટી વિલાયતી લેવાને બદલે ત્યાં કરાવી લેવાથી સોંઘી પડે. દહેરાદૂનમાં પેટી વાપરવાનો રિવાજ ઘણાં ઘરમાં છે. પ્રેમપૂર્વક જે સુધારા કરાવી શકાય તે કરાવવા.

ચિ. કમળાએ તમારી પેટી ઉઘાડી નથી. તમારી પેટી ગંગાબહેને જ કંઈ કામસર ઉઘાડી હતી. ત્યારે તેણે તેમાં થાળી હોય તો જોવાનું પ્રભાવતીને કહ્યું. પેટી ઉઘાડવાનું કામ પ્રભાવતીને ગંગાબહેને સોંપ્યું હતું. આમાં હું ક્યાંય દુ:ખ માનવાનું કારણ જોતો નથી. કમળાએ તો પેટીને તપાસી જ નથી. આમ તેનું કહેવું છે. તેણે પ્રભાવતીને પૂછીને વધારે ખાતરી કરવાનું મને કહ્યું છે તે હું કરવા ધારું છું. પણ કમળાએ કંઈ છુપાવ્યું છે એવું મને નથી લાગતું. તમારા સંતોષને સારુ પ્રભાવતીને પણ પૂછીશ.

અહીંનું કામ ઠામ પડતું જાય છે. અત્યારે સવારના ત્રણ વાગ્યા છે.

બાપુના આશીર્વાદ

[તા. ક.]

હિંદી ખૂબ સુધારી લેવું.

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: સી. ડબલ્યુ. ૪૭૭; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૪૬૨. તૈયબઅલીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જૂન ૯, ૧૯૨૮

ભાઈશ્રી પ તૈયબઅલી,

તમારો કાગળ મને મળ્યો હતો. તમારી ટેકને વળગવાને સારુ તમે નોકરી છોડી ને તેને સારુ તમને ધન્યવાદ આપું છું.

નવજીવનમાં ખાદી વિશે તો વખતોવખત લખાય પણ એક એક કોમને અવલંબીને કંઈ લખવું એ યોગ્ય નથી લાગતું.

સગાંઓની નિંદા સહન કરજો. હવે તમે શો ધંધો શોધી લીધો છે?

મોહનદાસ ગાંધીના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૭૭૫૮; શ્રી લાલચંદ જયચંદ વોરાના સૌજન્યથી

## ૪૬૩. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર

આશ્રમ,
જૂન ૯, ૧૯૨૮

પ્રિય બહેન,

તમારો પત્ર મળ્યો છે. નિખિલ સોદપુર આવી ગયો એથી એક રીતે હું ખુશી છું. મારો કંઈક વિશ્વાસ છે કે દૂધ, કટિસ્નાન, તાજી હવા અને સંપૂર્ણ આરામથી તેને સારું થઈ જશે. ગમે તે સ્થિતિ હોય, બિલકુલ ચિંતા કરશો નહીં. ઈશ્વરે જે આપ્યું છે તે ઠીક પડે ત્યારે ઇચ્છા મુજબ આપણી પાસેથી લઈ શકે છે. તારિણી કેમ છે? જે બીજા દરદી છે તેને જો ક્ષયનો વ્યાધિ હોય અને તેની પાસે એટલા પૈસા હોય તો તેને પહાડ પર મોકલી આપવો જોઈએ.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી : જી. એન. ૧૬૫૭

Gandhi Heritage Portal

# ૪૬૪. કેદારનાથ બૅનરજીને પત્ર

[જૂન ૯, ૧૯૨૮ પછી][1]

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો.

મને એ બાબતમાં શંકા નથી કે થોડો વખત તમારા પિતાને દુઃખ થાય, તોપણ તેમને છોડીને એવા સ્થળે જવું જોઈએ જ્યાં તમે તમારા સંબંધીઓને મદદ કરી શકો એટલી સારી આજીવિકા મેળવી શકો.

તમારો સહૃદયી

કેદારનાથ બૅનરજી
નયા ગંજ
કાનપુર

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૪૦૫૬

# ૪૬૫. કેળવણી વિશે પ્રશ્નો–૨

૪. સાચું જોતાં આજના જમાનામાં શિક્ષકનું કામ ટપાલી અને મુકાદમ જેવું છે. કેળવણીકારોએ લખેલાં પાઠ્યપુસ્તકો વિદ્યાર્થીઓના હાથ સુધી પહોંચાડવાં અને વિદ્યાર્થીઓ એનો ઉપયોગ કરે છે કે નહીં એની દેખરેખ રાખવી એટલું જ એમનું કામ. એના ઉપરાંત શિક્ષક પાસેથી આપ કઈ આવડતની અપેક્ષા રાખો છો?

અઘરાં વાક્યોનો અર્થ સ્પષ્ટ કરી જાણે અને લાંબાં પ્રકરણોના સાર આપી જાણે તે શિક્ષક, એવી વ્યાખ્યા કરવા સુધી કેળવણીશાસ્ત્ર ખીલવવામાં આવ્યું છે. એ આદર્શને હવે આપણે કેમ ન સ્વીકારીએ?

પાઠ્યપુસ્તકો ગમે તેટલાં સરસ કરવામાં આવ્યાં હોય તે છતાં ખરા શિક્ષકની જરૂર તો મને લાગ્યા જ કરે છે. સાચો શિક્ષક સાર આપીને કે અઘરાં વાક્યોનો અર્થ સ્પષ્ટ કરીને કદી સંતોષ નહીં માને. એ તો વખતોવખત પાઠ્યપુસ્તકોની બહાર જઈને પોતાનો શીખવવાનો વિષય વિદ્યાર્થીની સામે એક ચિત્રકારની જેમ જીવંત રૂપમાં ખડો કરી શકશે. સારામાં સારું પાઠ્યપુસ્તક સારામાં સારા ફોટોગ્રાફની સાથે સરખાવી શકાય; પણ ઊતરતી પંક્તિનું છતાં ચિત્રકારે આલેખેલું સાચું ચિત્ર જેમ ફોટોગ્રાફના કરતાં હમેશાં ચડી જશે અને હમેશાં વિશેષ હશે, તેમ સાચા શિક્ષકનું જાણવું. સાચો શિક્ષક પોતાના વિષયમાં વિદ્યાર્થીને પ્રવેશ કરાવે છે, તેમાં રસ પેદા કરાવે છે, અને તે વિષય સ્વતંત્ર સમજવાને સારુ તેને લાયક બનાવે છે. મારી દૃષ્ટિએ તો અઘરાં વાક્યો

૧. કેદારનાથ બૅનરજીના ૯ જૂન, ૧૯૨૮ના પત્રના ઉત્તરરૂપે આ પત્ર છે.

Gandhi Heritage Portal

સ્પષ્ટ કરનાર અને સાર આપનારને શિક્ષક ગણવાની પ્રથા આદર્શ બની જ ન શકે. આપણો પ્રયત્ન તો પરોપકાર દૃષ્ટિ રાખી તૈયાર થાય એવા શિક્ષકોને ઉત્પન્ન કરવાનો હોવો જોઈએ. આવા શિક્ષકો આજ પણ છૂટાછવાયા નથી જોવામાં આવતા એવું નથી.

૫. ભરૂચ કેળવણી પરિષદ વખતે આપે કહેલું કે પ્રાથમિક કેળવણી મફત ભલે હોય પણ ફરજિયાત ન હોય; સારી વસ્તુ પણ દબાયેલી પ્રજા પર ફરજરૂપ ન હોવી જોઈએ. આજે દેશનું કેળવણીતંત્ર આપણા હાથમાં આવે તો ખાદી અને બીજા રાષ્ટ્રીય ઉદ્યોગો જેમાં પ્રધાન હોય એવી આપની કેળવણી આપ ફરજિયાત કરો કે નહીં?

મેં કલ્પેલી છે એવી કેળવણી પણ ફરજિયાત કરવાની હિંમત મારામાં હું હજુયે જોતો નથી. આપણા દેશમાં કેટલાંયે વર્ષો લગી એની મુદ્દલ જરૂર નથી એમ હું માનું છું. કેમ કે પ્રાથમિક કેળવણી ફરજિયાત કરવા યોગ્ય હોય તોપણ તે કરી શકાય તેના પહેલાં ભરવાનાં ઘણાં પગથિયાં હજુ બાકી છે. મારી માન્યતા તો એ છે કે આ દેશને ભાવે એવી પ્રજાને પોષનારી કેળવણી મેળવવાનું સાધન પ્રજાની પાસે મૂકીએ એટલે પ્રજા તેને વિનાપ્રયાસે વધાવી લેશે.

૬. શિક્ષકોને ધાર્મિક કેળવણી પોતાની દૃષ્ટિ અનુસાર ગમે તેમ આપવાનો હક છે એમ આપ માનો છો?

એક તંત્રમાં રહેલા શિક્ષકોને પોતાની દૃષ્ટિ પ્રમાણે ધાર્મિક કેળવણી આપવાનો અધિકાર ન જ હોય.

જેમ બીજા વિષયોની તેમ જ ધાર્મિક કેળવણીની પણ તંત્રના સંચાલકોએ જે રૂપરેખા ઘડી હોય તેને અવલંબીને જ એ કેળવણી અપાય. એ રૂપરેખા પ્રમાણે કેળવણી આપવાની ઢબ પ્રત્યેક શિક્ષકની પોતાની જ હોય, પણ ધર્મને વિશે તંત્રે જે આદર્શો ઘડયા હોય તે પ્રમાણે જ અપાય. આટલું ખરું કે જેમ બીજા વિષયોની કેળવણી અમુક પુસ્તકો વાંચનાર આપી શકે છે તેમ ધાર્મિક કેળવણીનું નથી. ધાર્મિક કેળવણી પુસ્તક દ્વારા અપાતી જ નથી. એ કેળવણી આપવાની રીત બીજી કેળવણીના કરતાં જુદી જ છે. જ્યારે બીજી કેળવણી બુદ્ધિ દ્વારા અપાય છે, ત્યારે ધાર્મિક કેળવણી હૃદય દ્વારા જ આપી શકાય. તેથી શિક્ષક જ્યાં લગી ધર્મમય ન હોય ત્યાં સુધી તે ધર્મની કેળવણી ન આપે. પણ આમ ધાર્મિક કેળવણી આપવાનું વાહન જુદું છે, તે છતાં તે કેળવણી આપવાને વિશે અમુક સમજણ હોવાની આવશ્યકતા છે જ. એટલે કે જ્યાં અહિંસાને પરમધર્મ માનવામાં આવ્યો હોય ત્યાં હિંસાને ઉત્તેજન મળે એવું શિક્ષણ ન આપી શકાય. અથવા જ્યાં બધા ધર્મો પ્રત્યે પ્રેમ, ઉદારતા અને સહિષ્ણુતા રાખવાનો આદર્શ સ્વીકારવામાં આવ્યો હોય, ત્યાં ધર્મોના વિરોધનું શિક્ષણ ન આપી શકાય. ટૂંકામાં, જ્યાં ધાર્મિક કેળવણી આપવાની આવશ્યકતાનો સ્વીકાર કરવામાં આવ્યો હોય ત્યાં તેને વિશે અરાજકતાને સ્થાન ન જ હોય.

[મૂળ ગુજરાતી]

नवजीवन, १०-६-१९२८

Gandhi Heritage Portal

# ૪૬૬. બારડોલી યજ્ઞ

બારડોલીમાં ચાલી રહેલ સત્યાગ્રહ એક જાતનો યજ્ઞ જ છે. પારમાર્થિક કાર્યમાત્ર યજ્ઞ કહેવાય. બારડોલીના ખેડૂતો વ્યક્તિગત સ્વાર્થને સારુ નહીં પણ સામાજિક લાભને સારુ, સ્વમાનને સારુ લડી રહ્યા છે તેથી તે યજ્ઞ છે. તેમાં આહુતિઓ રોજ અપાઈ રહી છે. છેલ્લી આહુતિના ખબર હમણાં જ આવ્યા છે. તે આ છે:

> લગભગ ચાળીસ પટેલોએ અને આઠ તલાટીઓએ સરકારી નીતિની અરાજકતાનો વિરોધ દર્શાવવાના હેતુથી રાજીનામાં આપ્યાં છે. આમાંના કોઈ તો દશથી વીસ વર્ષના જૂના નોકરો છે. પટેલો પોતાના રાજીનામામાં કહે છે:
>
> "ખાલસા નોટિસોના, ઢોરને રિબાવવાના, અને બે માસ થયા જે ભયમાં ને અંધાધૂંધીમાં લોકોને રહેવું પડ્યું છે તેના અમે સાક્ષી છીએ. સરકાર ન્યાય કરશે એવી અમે આશા રાખી હતી. પણ તેને બદલે તેના છેલ્લા જાહેરનામામાં સરકારે વધારે દબાણ ચલાવવાની ધમકી આપી છે, ને પઠાણોને નમૂનેદાર વર્તણૂકનું પ્રમાણપત્ર આપ્યું છે. આવી રાજનીતિના પરિણામે લોકો ઉપર કેવાં દુઃખો પડશે તેનો વિચાર કરતાં જ અમે ધ્રૂજી જઈએ છીએ. તેથી આવો જુલમ સાંખી બેસી રહેવા કરતાં અમે અમારું રાજીનામું આપવું બહેતર ગણીએ છીએ."
>
> બીજાં રાજીનામાં અપાવાનો સંભવ છે.

સરકારના મજકૂર જાહેરનામાનો આ સરસ જવાબ ગણાય. પટેલોને અને તલાટીઓને આમ વીરતા બતાવવા સારુ ધન્યવાદ આપું છું. હું આશા રાખું છું કે આ નિશ્ચયમાંથી તેઓ હઠશે નહીં, ને તેને સારુ કદી પશ્ચાત્તાપ નહીં કરે.

સરકારી નોકરીનો મોહ તૂટવાની બહુ જરૂર છે. જેના હાથપગ સાજા છે ને જે ઉદ્યમી છે, તેને પ્રામાણિક રોટી મેળવવામાં ક્યાંયે મુશ્કેલી નથી આવતી. સરકારી નોકરી કરનારને લોકોને લૂંટવાની જે તક મળે છે, તેને સારી તક ગણવાને બદલે દોષ સમજીને તેનાથી દૂર રહેતાં શીખીએ તો સરકારના હાથપગ ઢીલા થઈ જાય. આપણા જ લોકો સરકારના હાથપગ છે. તે ખસી જાય એટલે તેનો દારૂગોળો ને તેનાં હવાઈ જહાજ નિરર્થક થઈ પડે.

સરકારી જાહેરનામામાં અસત્ય, અવિનય ને પ્રજાપક્ષનો તિરસ્કાર ભર્યાં છે. તેમાં સરકારે જે લાલચ બતાવી છે તેમાં તો બારડોલીના કોઈ ખેડૂત નહીં ફસાય એવી મારી ઉમેદ છે.

સરકારે સામ, દામ, દંડ ને ભેદનો પૂરો ઉપયોગ કર્યો છે ને હજુ કરી રહેલ છે. આમાં દંડ ઓછામાં ઓછી દોષિત વસ્તુ છે. દંડને આપણે ઓળખી શકીએ છીએ. તેને સહન કરી લઈએ એટલે આપણે તેના ભયમાંથી ઊગર્યા.

સામ દામ ને ભેદ એ સૂક્ષ્મ વસ્તુઓ છે. તેમાં પ્રલોભનો છે, એટલે જેમ માછલું કાંટા પર રહેલી આટાની ગોળીને ચાટવા જતાં તેમાં ભરાઈ જાય છે તેમ આ ઝેરી ત્રિવેણીમાં ભોળા અથવા ભીરુ લોકો ફસાઈ જાય છે. ઓગણીસમી જૂન પહેલાં મહેસૂલ ભરનારને સગવડની જ લાલચ આપવામાં આવી છે તે દામનીતિ છે. આ લાંચની મધલાળને વળગવા જઈ પોતાની પ્રતિજ્ઞા એક પણ ખેડૂત નહીં તોડે એવી આશા રાખવાનો પ્રજાને હક છે. આખા ભારતવર્ષની

Gandhi Heritage Portal

ઉપર બારડોલીએ નીડરતાની ને સહનશીલતાની છાપ પાડી તે છાપ કદી ભૂંસાવા ન દે. ભેદનીતિ દામનીતિથી પણ ભૂંડી છે.

અનેક જાતની અફવાઓ ચાલી રહી છે. કોઈ કહે છે, સરકાર સમાધાની ઇચ્છે છે; કોઈ કહે છે, લોકો નબળા પડ્યા છે; કોઈ કહે છે લોકો છાને મહેસૂલ ભરવા લાગ્યા છે; કોઈ કહે છે, બહિષ્કારનો ભય ન હોય તો લોકો પૈસા ભરવા તૈયાર થઈ રહ્યા છે; કોઈ કહે છે, બહારથી આવેલા શ્રી વલ્લભભાઈ અને તેમના સાથીઓના ડરને લીધે લોકો પૈસા નથી ભરતા, તેઓ બિચારા મહેસૂલ ભરી દઈ શાંતિથી બેસી જવા માગે છે.

આ બધી ભેદનીતિ છે. આવું કરવા કોઈ ખાસ પ્રેરે છે એમ કહેવાનો પણ મારો આશય નથી. પણ જે રાજનીતિમાં ઉપરની ચાર નીતિને સ્થાન અપાયું છે ત્યાં તે તેની મેળે કામ કર્યા જ કરે છે. સહુ નોકરવર્ગ સમજે છે કે સરકારની નીતિને અનુકૂળ થવામાં જ પોતાના પગારનો ને હોદ્દાનો વધારો છુપાયેલો છે. ભીષ્મ, દ્રોણાદિને પણ ધર્મરાજાની આગળ પોતાનું પેટ બતાવવું પડ્યું હતું.

એટલે જેમ લડાઈ જામતી જશે તેમ તેમ ભેદનીતિમાં વધારો થતો જશે. આ મોહજાળથી બધા સત્યાગ્રહીઓ દૂર ભાગે. એક પણ અફવા માને નહીં. જે સાંભળવામાં આવે તે સરદારની પાસે રજૂ કરી પોતે તેને ભૂલી જાય. સત્યાગ્રહીને સમાધાની એક જ હોય. તેની પ્રતિજ્ઞાનું પાલન થાય એટલે તેનું કામ પત્યું. તે વધારે ન માગે ને ઘટાડાથી સંતોષ ન માને. તેણે પોતાની પ્રતિજ્ઞાની વેદિ ઉપર વહાલામાં વહાલી વસ્તુ હોમવાનો નિશ્ચય કર્યો હોય. આવાને અફવાઓની સાથે શો સંબંધ હોય? વળી પોતાના માનીતા સરદારને પરાયા બનાવવાની જે ઉદ્ધતાઈ કરે તેનાં વચનોથી ભરમાવું શું કે લલચાવું શું? સમાધાની થવાની હશે ત્યારે સરદાર ચેતવશે.

છાને ભરનારની વાતોથી પણ ભોળવાઈ જવાની જરૂર નથી. દરેક કોમમાં કેટલાક નબળા તો હોય જ. મારો અનુભવ એવો છે કે છાને વશ થનારા હોય છે થોડા જ, પણ તેમને ઘણા કરી બતાવવામાં આવે છે. એટલે છાને ભરવાની વાતને ન માનવી એ સત્યાગ્રહીને શોભે. પોતાનામાં જે શક્તિ છે તે બીજામાં પણ હોય એમ તે માને. પણ છેવટે છાને વશ થનાર નીકળી પડે તોયે પોતે નિરાશ ન થાય. ધર્મ તો જે રાખે તેનો હોય.

'હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને.'

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૦–૬–૧૯૨૮

Gandhi Heritage Portal

## ૪૬૭. બારડોલી દિવસ

તા. ૧૨મી જૂનનો દિવસ બારડોલીના સત્યાગ્રહીઓના પ્રત્યે દિલસોજી બતાવવા સારુ અને તેમને બીજી રીતે મદદ કરવાને સારુ નિયત થયેલો છે. એ દિવસ આપણે કઈ રીતે પાળીએ? સત્યાગ્રહની બધી લડાઈ આત્મશુદ્ધિની જ હોય. સત્યાગ્રહી પોતાના સત્યનો વિજય પોતાની શુદ્ધિ દ્વારા, પોતાની તપશ્ચર્યા દ્વારા સાધવાનો પ્રયત્ન કરે છે અને તે પ્રયત્નને વિશે વિશ્વાસ રાખે છે. તેથી ૧૨મી જૂને આપણાથી જેટલે અંશે શુદ્ધ થઈ શકાય તેટલે અંશે આપણે શુદ્ધ થઈએ, અને સત્યનો વિજય થાય તેટલા સારુ ગમે તે દુઃખો પડે તે સહન કરવાની શક્તિ ઈશ્વરની પાસે માગીએ. આ પ્રથમ પંક્તિની મદદ ગણાય. અને બારડોલી ગુજરાતમાં છે તેથી બારડોલીના પ્રત્યે બીજા પ્રાંતોના કરતાં ગુજરાતની કંઈક વિશેષ ફરજ છે, એમ સમજીને ગુજરાત ૧૨મી જૂનને દિવસે આત્મશુદ્ધિ યજ્ઞ આચરે. બની શકે તો દરેક ઠેકાણે તે દિવસે લોકો કેવળ સ્વેચ્છાએ પોતાનો સામાન્ય — એટલે આજીવિકાનો — ધંધો બંધ કરે, અને તે દિવસે બારડોલીની લડતને મદદ કરવાને સારુ ફાળો ઉઘરાવે. સાંજના ઠેકઠેકાણે જંગી સભાઓ ભરાય, અને તેમાં લડતના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવનારા અને સરકારની અરાજકતા પ્રત્યે અણગમો બતાવનારા ઠરાવો પસાર થાય. અને તે તે સભાઓમાં આખા દિવસમાં જેમની પાસેથી ઉઘરાવવાનું રહી ગયું હોય અને જેઓ સભામાં આવ્યા હોય તેમની પાસેથી ઉઘરાણું કરાય.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૦–૬–૧૯૨૮

## ૪૬૮. "પ્રભુ મોટા કે ગુરુ?"

ઉપરના મથાળા નીચે એક ગૃહસ્થે આ લેખ મોકલ્યો છે:[1]

મારવાડી ભક્ત વિશે જે લખેલું છે તે હું જાણતો નથી. सिद्धांत रहस्य[2] નામના પુસ્તકમાંથી ત્રણ શ્લોકોની મતલબ લખનારે મોકલી છે. તે શ્લોકો પણ મેં જોયા નથી. પણ મજકૂર લેખમાં જે લખ્યું છે તેવી માન્યતા હિંદુ ધર્મમાં રહેલી છે તેને વિશે શંકા નથી. પ્રાતઃકાળમાં હું પોતે નીચેનો શ્લોક હમેશાં ગાઉં છું:

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वरः ।
गुरुःसाक्षात् परब्रह्म तस्मै श्रीगुरवे नमः ।।

૧. આ લેખ અહીં આપ્યો નથી. માણસ જીવતો હોય ત્યાં સુધી તેને સારો ન કહી શકાય, અને કોઈ પણ જીવતા માણસને કોઈએ પૂજવો જોઈએ નહીં (જુઓ "ભક્તિને નામે ભોગ", ૬–૫–૧૯૨૮), એમ ગાંધીજી માનતા. પત્રલેખક ગાંધીજીની આ વાત સાથે સંમત થાય છે પણ સાથે સાથે જણાવે છે કે હિંદુ પરંપરા પ્રમાણે ગુરુની કૃપાથી જ પરમાત્માનાં દર્શન થઈ શકે. અને તેથી ગુરુને પૂજવા જોઈએ. કલકત્તાના એક મારવાડી ભક્તનો તે દાખલો આપે છે. મુંબઈના લોકોએ એમનું વાજતેગાજતે સ્વાગત કર્યું હતું.

૨. વલ્લભાચાર્યની કૃતિ.

Gandhi Heritage Portal

અને ગુરુના માહાત્મ્ય વિશે હિંદુ ધર્મમાં રહેલી માન્યતાને સારુ સબળ કારણો છે એમ હું માનું છું. તેથી જ ગુરુ શબ્દનો શુદ્ધ અર્થ હું શોધી રહ્યો છું, અને વખતોવખત કહું છું કે હું નિત્ય ગુરુની શોધમાં છું. જે ગુરુમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરનો લય થાય અને જે સાક્ષાત્-પરબ્રહ્મ સમ હોય તે દેહધારી વિકારી, રોગી મનુષ્ય ન હોય, પણ તેનામાં તો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરની બધી શક્તિ હોય; એટલે કે તે મુખ્યત્વે આપણી કલ્પનામાં જ હોય. અને તે ગુરુ ઈષ્ટદેવ કેવળ સત્યની મૂર્તિ પરમાત્મા જ હોય. તેથી ગુરુની શોધ એ પરમાત્માની શોધ બરોબર થઈ. આમ વિચાર કરતાં જે જે વસ્તુઓ લખનારે ટાંકી છે તેનો અર્થ સરળ થઈ જાય છે. જે ગોવિંદને બતાવી શકે તે અવશ્ય ગુરુ થવાને લાયક છે, અને તે ગોવિંદના કરતાં ભલે મોટો ગણાય. ગોવિંદના કરેલા જીવો અનેક દુ:ખો ભોગવતા આપણે જોઈએ છીએ, પણ જે કોઈ આપણને એ ફંદમાંથી છોડાવી શકે તે સુખેથી ગોવિંદના કરતાં મોટું પદ લે. તે જ આશય 'રામ સે અધિક રામ કા દાસા'માં રહેલ છે. આ બધાં મહાવચનોનો આશય એટલો બધો સ્પષ્ટ છે કે જો આપણે તેને સરળ હૃદયથી તપાસીએ તો મુદ્દલ પ્રપંચમાં ન ફસાઈએ, અને અનર્થમાં ન પડીએ. દરેક મહાવચનમાં અનિવાર્ય શરત જોડેલી જ હોય છે. જે આપણને રાગદ્વેષાદિથી રહિત કરે, જે આપણને પ્રેમધર્મ શીખવે, જે આપણને ભયમુક્ત કરે, સાદાઈ શીખવે, ગરીબમાં ગરીબની સાથે ઐક્ય સાધવાની બુદ્ધિ આપે એટલું જ નહીં પણ ઐક્ય અનુભવવાનું હૃદયબળ આપે, તે આપણે સારુ અવશ્ય ઈશ્વરથી મોટો છે. એનો અર્થ એમ નથી થયો કે એવો ઈશ્વરનો દાસ એ સ્વતંત્રપણે ઈશ્વર કરતાં મોટો છે. સમુદ્રમાં આપણે પડીએ તો ડૂબી જઈએ, પણ એ જ સમુદ્રમાં દોડી જતી ગંગાના પાણીનો એક લોટો તેના મૂળની પાસેથી જ્યારે આપણે અત્યંત તરસ્યા હોઈએ તે વખતે પી જઈએ તો એ ગંગાજળ આપણને સારુ સમુદ્રના કરતાંયે અધિક છે. પણ એ જ ગંગાજળ જે ઠેકાણે ગંગા સમુદ્રમાં મળે છે ત્યાંથી લેવા જઈએ તો તે ઝેર સમાન થઈ પડે છે. એમ જ ગુરુને વિશે સમજવું જોઈએ. જેનામાં દંભ છે, દર્પ છે, જે સેવાનો ભૂખ્યો છે, તેને ગુરુ માની બેસવું એ તો અનેક પ્રકારનાં ગંદાં પાણીઓને સમુદ્ર તરફ ઘસડી જતી ગંગા નદીના ઝેરી પાણીના જેવું સમજવું જોઈએ.

અત્યારે તો ધર્મના નામે આપણે અધર્મ આચરીએ છીએ, સત્યને નામે પાખંડ પોષીએ છીએ, અને જ્ઞાની હોવાનો ડોળ કરીને અનેક પ્રકારની પૂજા ચોરી લઈ પોતે અધોગતિ પામીએ છીએ અને બીજાને સાથે ઘસડીએ છીએ. એવે સમયે કોઈને પણ ગુરુ કરવાની ચોખ્ખી ના પાડવાનો જ ધર્મ પ્રાપ્ત થાય છે. સાચો ગુરુ ન મળે તેથી માટીનું પૂતળું બેસાડીને તેને ગુરુ બનાવવામાં બેવડું પાપ છે. પણ સાચો ગુરુ ન મળે ત્યાં લગી દૃઢતાપૂર્વક 'નેતિ' 'નેતિ' કહેવામાં પુણ્ય છે, એટલું જ નહીં પણ તેથી કોઈક દહાડો સાચો ગુરુ મળવાનો પ્રસંગ પણ આવે.

ચાલતા પ્રવાહની સામે થવામાં ઘણી મુસીબતો રહેલી છે એના મને ઘણાયે કડવામીઠા અનુભવો થયેલા છે, અને હજુ થયા કરે છે. પણ તેમાંથી હું એક વસ્તુ શીખ્યો છું કે જે વસ્તુમાં અનીતિ રહેલી છે, જેનું ખંડન થવું ન જોઈએ, તેનો વિરોધ આપણે એકાકી હોઈએ તોપણ કરવો જ ઘટે છે; અને તે વિરોધ કરતાં તે સાચો હશે તો તે સફળ થવાનો જ છે એવો વિશ્વાસ સદૈવ રાખવો ઘટે છે.

Gandhi Heritage Portal

જે ભક્ત સ્તુતિનો કે પૂજાનો ભૂખ્યો છે, જેને માન ન મળે તો રિસાઈ જાય છે તે ભક્ત નથી. ભક્તની ખરી સેવા પોતે ભક્ત બનવામાં છે. તેથી આજકાલ ચાલતી મનુષ્ય પૂજાનો જ્યાં બની શકે ત્યાં હું વિરોધ જ કરું છું અને સહુને વિરોધ કરવા પ્રેરું છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૦–૬–૧૯૨૮

## ૪૬૯. સંયમને શાની જરૂર હોય?

એક વિવાહ કરવાને ઉમેદવાર થઈ રહેલ ભાઈ લખે છે:[1]

જે સંયમને બીજાની સંમતિની જરૂર હોય તે સંયમ ન ટકી શકે એવો મારો અનુભવ છે. સંયમને જરૂર કેવળ અંતર્નાદની જ હોય છે. સંયમનું જોર હૃદયબળ ઉપર રહેલું છે. અને જે સંયમ જ્ઞાનમય અને પ્રેમમય હોય છે, તેની છાપ આસપાસના વાતાવરણ ઉપર પડ્યા વિના રહેતી જ નથી. છેવટે વિરોધ કરનાર પણ અનુકૂળ થાય છે. આવું પતિપત્નીને વિશે પણ છે. પત્ની તૈયાર ન હોય ત્યાં સુધી જો પતિએ રોકાવાપણું હોય, અને જ્યાં સુધી પતિ તૈયાર ન હોય ત્યાં સુધી પત્નીએ રોકાવાપણું હોય, તો ઘણે ભાગે બંને ભોગપાશમાંથી છૂટી જ નહીં શકે. ઘણા દાખલાઓમાં જ્યાં સંયમને સારુ એકબીજાના ઉપર આધાર રખાય છે ત્યાં છેવટે તે ભાંગી પડે છે તેનું કારણ જ આ મોળાશ છે. વધારે ઊંડે ઊતરીને આપણે તપાસીએ તો માલૂમ પડશે કે જ્યારે એક બીજાની કે બીજીની સંમતિની રાહ જુએ છે, ત્યારે ત્યાં સંયમની ખરી તૈયારી નથી અથવા તેને સારુ ખરેખરી ધગશ નથી. તેથી જ નિષ્કુળાનંદે લખ્યું છે કે "ત્યાગ ન ટકે રે વૈરાગ વિના." વૈરાગને જો રાગના સાથની જરૂર હોઈ શકે તો સંયમ પાળવા ઇચ્છનારને ન ઇચ્છનારની સંમતિની જરૂર હોય.

મજકૂર પત્ર લખનારને સારુ તો માર્ગ સીધો છે. એ હજુ અવિવાહિત છે, અને જો બ્રહ્મચર્યનું પાલન કરવાનો તેમનો ખરેખરો નિશ્ચય હોય તો એ વિવાહમાં ઊતરે જ કેમ? માતપિતા, બીજાં સગાંસાંઈ તો પોતાના અનુભવથી અવશ્ય એમ જ કહેશે કે એક યુવકે બ્રહ્મચર્યની વાત કરવી એ સમુદ્રમંથન કર્યા જેવું છે; અને એમ કહીને ધમકી આપીને, ક્રોધ કરીને અને દંડ દઈને પણ બ્રહ્મચર્યની શુભેચ્છામાંથી ડગાવવાનો પ્રયત્ન કરે. પણ જેને સારુ બ્રહ્મચર્યનો ભંગ એ જ મોટામાં મોટો દંડ હોય, અને જે સામ્રાજ્ય મળવાની લાલચે પણ બ્રહ્મચર્યનો ભંગ કરવાને તૈયાર ન હોય, તે કોઈની પણ ધમકીને વશ થઈને કેમ પરણે? જેનો આગ્રહ એવો તીવ્ર નથી, અને જેણે બ્રહ્મચર્ય આદિ સંયમની કિંમત એવી મોટી આંકી નથી, તેને સારુ જે લખાણમાંથી મારું વાકય ટાંક્યું છે તે લખાણ નહોતું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૦–૬–૧૯૨૮

૧. આ પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખક પૂછે કે બ્રહ્મચર્ય પાળવા ઇચ્છતી પત્નીએ પહેલાં એના પતિની સંમતિ લેવાની જરૂર ખરી?



Gandhi Heritage Portal

## ૪૭૦. ના. ર. મલકાનીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૦, ૧૯૨૮

પ્રિય ભાઈ મલકાની,

તમારો પત્ર મને મળ્યો છે. હમણાં કોઈ લાંબા પત્રની અપેક્ષા મારી પાસેથી રાખશો નહીં.

મથુરાદાસનું કામ તમે વર્ણવ્યું હતું તેવું જ સંગીન હતું એ જાણીને હું ખુશી થયો. તેમની એ દિશાની શક્તિ માટે મને બિલકુલ શંકા નહોતી. તે એક બહુ જ સારા કાર્યકર છે.

હું એથી પણ ખુશી થયો છું કે તમને એક કરતાં વધારે દિશાઓમાં ખાદીની શક્તિ જોવા મળી છે. પણ અલબત્ત તમારું પ્રથમ કાર્ય પૂરરાહતના કાર્યને સંપૂર્ણ રીતે વ્યવસ્થિત કરવાનું છે. અહીંથી કાર્યકર્તાઓની મદદ જોઈતી હોય, તો મને કહેતાં તમે અચકાતા નહીં. એવું બને કે તમે માગો તેટલા કાર્યકરો કદાચ હું ન આપી શકું. તોયે ન આપી શકું, તે કહેવાનો તો મને વિકલ્પ આપશો જ.

હિંદુ મુસલમાનના પ્રશ્ન તરફ હમણાં જોશો નહીં. નિષ્ણાતો ભલે તેની પાછળ પોતાની શક્તિ અર્પણ કરે.

તમારો સહૃદયી

શ્રી નારાયણદાસ મલકાની
મધ્યસ્થ પૂરરાહત સમિતિ
હૈદરાબાદ (સિંધ)

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૪૧૦

Gandhi Heritage Portal

## ૪૭૧. જનકધારીપ્રસાદને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૦, ૧૯૨૮

પ્રિય જનકધારીબાબુ,

તમારો પત્ર મળ્યો છે. 'શ્રમ'[૧] શબ્દ અત્યારે જે સેવા તમે કરી રહ્યા છો તેવી સેવાઓને આવરી લે છે. પરંતુ તે કલાત્મક, સાહિત્યવિષયક કે બીજી આનંદલક્ષી પ્રવૃત્તિને આવરી લઈ શકતો નથી.

હું સમજી શકયો છું કે વિન્ધ્યેશ્વરીબાબુના મોટા દીકરા સંબંધમાં તમે ઉલ્લેખ કર્યો હતો. આ ભૂલ માટે હું દિલગીર છું.

અલબત્ત, તમારાં પત્ની[૨]ને કશી મુશ્કેલી પડે એમ મને લાગતું નથી.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૫૨

## ૪૭૨. આર્થર મૂરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૦, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારા તારનો જવાબ ન વાળવા માટે મારે તમારી ક્ષમા માગવી જોઈએ. દરમિયાનમાં તમારો પત્ર[૩] મારી સમક્ષ આવી પડયો છે. તમારો તાર મળ્યો ત્યારથી જ હું સ્ટેટ્સ્મૅનમાંથી

૧. પત્રલેખકે પૂછ્યું હતું કે, "પ્રામાણિક શ્રમ" એટલે શું? તમે તે શારીરિક શ્રમ કરનારાઓ માટે વાપરો છો કે વિશાળ અર્થમાં ઉપયોગ કરો છો? શું તેમાં કલા, સાહિત્ય કે બીજી આનંદલક્ષી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે?

૨. જનકધારીબાબુએ લખ્યું હતું કે "મારાં પત્નીને આશ્રમમાં મોકલતાં પહેલાં હું આપને જરૂર જણાવીશ."

૩. મૂરે લખ્યું હતું: "આ ઉનાળા દરમિયાન આપણે મિત્રાચારી ભરેલી ચર્ચા દ્વારા આપણા વિચારોને સમૂહગત રીતે સ્પષ્ટ કરી શકીએ, તેમ જ ભવિષ્યના બંધારણની પદ્ધતિ વિશે એક મત ઉપર આવી શકીએ અથવા તે તરફ જવાનો માર્ગ શોધી શકીએ એવું ન બની શકે? મારો વિચાર એવો છે કે સ્ટૅચ્યુટરી કમિશનનો ખ્યાલ રાખ્યા વિના જ ચર્ચા યોજવી જોઈએ, જેથી આ કમિશન સાથે સહકાર કરનારાઓ તેમ જ સહકાર ન કરનારાઓને બંનેને આપણે એમાં સાંકળી શકીએ."

Gandhi Heritage Portal

કાપલીઓ કઢાવીને મારા મેજ ઉપર રાખું છું. પહેલા બે લેખો મેં રસપૂર્વક વાંચ્યા છે. હજી બાકીનાને પહોંચી વળ્યો નથી. વસ્તુસ્થિતિ એવી છે કે મારા પોતાના કાર્યક્ષેત્ર બહારની અન્ય બાબતો ઉપર ધ્યાન આપવાનો મને ભાગ્યે જ સમય મળે છે.

તમે ઉપાડેલી ચર્ચામાં ઉપયોગી થઈ શકું એ રીતે ભાગ લઈ શકું એમ હશે તો તેમાં ભાગ લેવાનું હું ચૂકીશ નહીં. પરંતુ મારે તમને કહી દેવું જોઈએ કે સ્ટૅચ્યુટરી કમિશનમાં કે ભાવિ બંધારણ ઘડવામાં મને ઝાઝો રસ નથી. સ્વરાજ મેળવવાનાં સાધનો ઉપર હું મારું ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છું. સ્ટૅચ્યુટરી કમિશન કે બંધારણની રચના મારા સ્વરાજ સાધનાના એક ભાગ તરીકે મને જરા પણ અપીલ કરતાં નથી.

તમારો સહૃદયી

આર્થર મૂર
તંત્રી
ધ સ્ટેટ્સમૅન
૬ ચૌરિંઘી
કલકત્તા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૪૧૧

## ૪૭૩. સદાનંદને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૦, ૧૯૨૮

પ્રિય ભાઈ સદાનંદ,

ઍંગ્લો અમેરિકન ન્યૂસ પેપર સર્વિસ માટે મેં લખ્યો હોવાનું કહેવાતા લેખની નકલ સાથેનો તમારો પત્ર મને મળ્યો છે.

આ નકલમાં નિર્દેશ કરેલા વિષય પર મેં આ સમાચાર સંસ્થાને કે અન્ય કોઈ સંસ્થાને કોઈ લખાણ મોકલ્યું નથી. પરંતુ તમે મોકલેલી નકલ વાંચી જતાં મને એમ લાગ્યું છે કે તે મારી લંકાની મુલાકાત[1] દરમિયાન કોલંબોમાં આપેલા એક ભાષણનો બેદરકારીથી લેવાયેલો છાપાંનો અહેવાલ છે. આ ભાષણનો સારો કહી શકાય તેવો અહેવાલ મહાદેવે પ્રસિદ્ધ કરેલી લંકાની યાત્રાની પુસ્તિકા[2]માં આપેલો છે. તમે તે પ્રસિદ્ધ ન કર્યો અને ખાતરી કરવા તેની નકલ મને મોકલી તેથી હું રાજી થયો છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૪૧૩

૧. ગાંધીજીએ ૧૯૨૭ના નવેમ્બરમાં સિલોનની મુલાકાત લીધી હતી; જુઓ પુસ્તક ૩૫.
૨. विथ गांधीजी इन सिलोन.

Gandhi Heritage Portal

## ૪૭૪. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૦, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

પબનાના સમાધાનનો તમે ઘટાવેલો અર્થ જો સાચો હોય તો તે કેવી ભારે કરુણતા કહેવાય? અને છતાંય મારે મૂંગા રહેવું જોઈએ. મેં તો ધાર્યું હતું કે આપણે જેલના ભયને ફગાવી દીધો છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે હજી તેમ થયું નથી. નિખિલને કેમ છે? હેમપ્રભાદેવીએ મને સાપ્તાહિક પત્ર લખવો જ જોઈએ. ડૉ. રાયને લખ્યું હતું તે વાત મેં તમને [કહેલી[1]] કે નહીં?

સસ્નેહ,

તમારો
બાપુ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: જી. એન. ૧૫૯૪

## ૪૭૫. વિદ્યાર્થીઓ પ્રત્યે

જૂન ૧૧, ૧૯૨૮

અત્યારે તમે વિદ્યાર્થીઓ કદાચ ઊંચા મનવાળા હશો. તમારી ત્રિશંકુ જેવી સ્થિતિ ટળી જાય એ કારણસર તમે મને અહીં રહેવાનું આમંત્રણ આપેલું, અથવા ગમે તે કારણસર હોય. પણ એ દશા હલકી કરવા કે ટાળવાના ઇરાદાથી મેં એ આમંત્રણ વધાવી લીધું. પણ એ આમંત્રણ આપનારમાંના બધા અથવા મોટો ભાગ કાયર નીવડ્યા. મને બોલાવ્યા છતાં પાછો હાંકી કાઢ્યો. પાછો બોલાવતાં જે શરતો દાખલ કરી તે મારા જેવો માની ન કબૂલ કરે એવી હતી. એમ કરીને આપણે નિકટ આવવાનો જે સુઅવસર હતો તે તમે જવા દીધો. પણ આપણે વિખૂટા નથી. વિદ્યાપીઠના આદર્શો મારફતે તમારી ને મારી વચ્ચે ગાંઠ બંધાયેલી છે. એ આદર્શો તમને પચાવવાનો મારો ઇરાદો હતો, તે તે વેળા પાર ન પડ્યો.

આ રજામાં તમે આ ધ્યેયો વાંચ્યાં હશે. તેનું મનન કર્યું હોય તો તમને કેટલીયે વસ્તુ સમજાઈ ગઈ હોવી જોઈએ. રજાનો એ રીતે ઉપયોગ નહીં કર્યો હોય તો જેવા તે વખતે હતા તેવા ને તેવા જ અહીં આવ્યા હશો. મેં તો મહાવિદ્યાલયમાં ઘણી વેળા કહ્યું છે કે તમારે સંખ્યાના બળ પર મુદ્દલ ઝૂઝવાનું નથી. સંખ્યાબળ હોય તો તે આપણને અપ્રિય છે એમ હું

૧. અહીં પત્રમાં ડાઘ છે.

Gandhi Heritage Portal

નથી કહેવા માગતો. પણ તે ન હોય તો નિરાશ ન થઈએ; બધું ગયું, હાથમાંથી બાજી ગઈ એમ ન માનીએ. આપણે ઓછા હોઈએ કે વત્તા, આપણું ખરું બળ સિદ્ધાંતોના સ્વીકારમાં અને તેનું મનુષ્યની શક્તિ અનુસાર પાલન કરવામાં રહેલું છે. એવા વિદ્યાર્થીઓ ઓછામાં ઓછા હોય તોપણ જે કામ વિદ્યાપીઠ મારફત સાધવાનું છે તે એટલે કે મુક્તિ — અંતિમ મુક્તિ નહીં, પણ સ્વરાજરૂપી મુક્તિ — જરૂર સધાય; જે સ્વરાજને ખાતર વિદ્યાપીઠની સ્થાપના થયેલી છે તે સ્વરાજ જરૂર મળે. આપણે જો ખોટા હઈશું તો સ્વરાજ નથી મળવાનું. હમણાં જે ફેરફાર થઈ ગયા અને હવે પછી થયેલા તમે જોશો તે તો બીતે બીતે કરવા પડ્યા, કે રખેને તમારા પર ભાર પડી જાય. એ કેવી દયામણી સ્થિતિ! એમાં નથી તમને શોભા, નથી અમને. હોવું તો એમ જોઈએ કે આ સિદ્ધાંતોનો અમલ કરવામાં તમે જરાયે કચાશ નહીં રાખો, જરાયે ચૂકશો નહીં, એવું તમારી તરફથી અધ્યાપકો અને સંચાલકોને અભયદાન હોવું જોઈએ. એ અભયદાન નથી, એની યાચના કરવાને હું આવેલો છું. સત્રના આરંભથી જ તમે અધ્યાપકવર્ગને નિશ્ચિંત કરો તો કામ શોભી નીકળવાનું છે. તમારા કામમાં અસત્યનો જરાય સ્પર્શ ન હોવો જોઈએ. તમે મનને, અધ્યાપકોને, વડીલોને અને ભારતવર્ષને ન છેતરો ત્યારે જ વિદ્યાપીઠને શોભાવશો. અધ્યાપકોની પાસેથી દરેકે દરેક વાતનો ખુલાસો માગી શકો છો. તેમનો ધર્મ છે કે તમારી ગૂંચો તેઓ ઉકેલે. એમ ન કરતાં તમે જેમતેમ બેસી રહેશો, તો વિદ્યાપીઠનું તંત્ર બેસૂરું ચાલશે. વિદ્યાપીઠનું કામ એવી સારી રીતે ચાલે કે તે સંગીત જેવું લાગે. તંબૂરાના સંગીત પાછળ જે સંગીત રહેલું છે તે સ્થૂળ છે. જે સુજીવન સંગીતરૂપ છે તે જ ખરું સંગીત જાણે છે. આ જીવનસંગીત બાળક પણ જાણે, જો માબાપે એને સીધે રસ્તે ચડાવ્યું હોય તો. બાળકની પાસે માત્ર રડવાની જ વાચા છે તે પણ જો સૂરમાં હોય તો શોભી નીકળે છે. બાળકમાં જેવું માધુર્ય હોય છે તેવું જ વિદ્યાર્થીઓમાં હોવું જોઈએ. એ સ્થિતિ લાવવી સહેલી છે, જો તમે સત્યાચરણી હો તો. વિદ્યાર્થીઓ જો સત્યાચરણી હોય તો તેમની મારફતે હિંદુસ્તાનનું સ્વરાજ લઈ શકાશે. સત્ય અને અહિંસાને માર્ગે જ સ્વરાજ લેવાનું છે એ વસ્તુ વિદ્યાપીઠના સિદ્ધાંતમાં જ રહેલી છે તેથી એને સિદ્ધ કરવાપણું નથી રહેતું. એને વિશે જેને શંકા હોય તેને અહીં સ્થાન નથી. અથવા એવી શંકા હોય તો પહેલી તકે તેનું નિવારણ કરાવી લેવું જોઈએ.

સરકારી શાળા અને આપણી શાળા વચ્ચેનો ભેદ સમજવા જેવો છે. આપણા કેટલાક વિદ્યાર્થીઓ જેલ ગયા, અને બીજા જશે. એ વિદ્યાપીઠનું ભૂષણ છે. સરકારી શાળાના વિદ્યાર્થીઓની મગદૂર છે ખરી કે તે વલ્લભભાઈને મદદ કરી શકે? અથવા તો મદદ કર્યા પછી શિક્ષકને છેતર્યા વિના કૉલેજમાં રહી શકે? પછી તેમને ગમે તેવું જ્ઞાન મળે તોયે તે શા કામનું? સત્ત્વ હરી લીધા પછી આપેલું જ્ઞાન શા કામનું? બોદા રૂપિયાની શી કિંમત? એને વાપરીને છેતરનાર માણસ તો સજાને પાત્ર થાય. સરકારી નિશાળના વિદ્યાર્થીઓની સ્થિતિ આ ખોટા રૂપિયા જેવી છે. આપણી શાળામાં સત્ત્વ તો રહેલું છે જ; એટલું જ નહીં પણ એમાં વધારો થવાનો છે.

બીજો પણ એક ભેદ ધ્યાનમાં રાખવો જોઈએ. હું અનેક વેળા બતાવી ગયો છું કે સરકારી કૉલેજના શિક્ષણ જોડે તમારા શિક્ષણની સરખામણી નહીં થઈ શકે. એ જંજાળમાં ઊતરશો તો માર્યા જશો. એને આપણે પહોંચી નથી શકવાના. અંગ્રેજી ત્યાં જે રીતે શીખવાય છે તે રીતે આપણે નથી શીખવવું. પણ સાહિત્યનું જે સૂક્ષ્મ જ્ઞાન છે તે આપણે ગુજરાતી ભાષા મારફતે આપવું છે. ગુજરાતી ભાષાનો વિસ્તાર થાય, તે શોભે, તેમાં ઊંડામાં ઊંડા વિચાર પ્રદર્શિત થઈ

Gandhi Heritage Portal

શકે એવું કરવું છે. ગુજરાતી બોલતાં વચ્ચે અંગ્રેજી શબ્દો કે વાકયો વાપરવાં પડે એ કફોડી, અત્યંત શરમ ભરેલી સ્થિતિ છે. જગતના બીજા કોઈ દેશની એવી સ્થિતિ નથી. અંગ્રેજી સાહિત્યનું જેટલું જ્ઞાન આવશ્યક હશે તે આગળ ઉપર આપીશું. અત્યારે તો જે જ્ઞાન લઈશું તે ગુજરાતી મારફતે જ લઈશું. વિજ્ઞાન પણ આપણી ભાષા મારફતે શીખીશું. પારિભાષિક શબ્દો નવા નહીં યોજી શકીએ તો અંગ્રેજી શબ્દો લઈશું, પણ તેની વ્યાખ્યા તો ગુજરાતીમાં જ આપીશું. તેથી આપણી ભાષા જોરદાર થશે, જે અલંકારો આપણે વાપરવા હશે તે આપણી જીભે અને કલમે ઊતરશે. અત્યારની બેહૂદી દશામાંથી જેટલા વહેલા નીકળી શકાય તેટલા નીકળી જવું જોઈએ. આ વિશે મેં નવજીવનમાં લખેલું છે તે વેદવાક્ય સમજજો. અંગ્રેજી દ્વારા જ્ઞાન અપાય છે તેથી પ્રજાને કેટલું સહન કરવું પડે છે! આપણે ધર્મ ચૂકયા છીએ, કર્મ ચૂકયા છીએ, એનો આ એક દાખલો છે.

બીજો દાખલો અર્થશાસ્ત્રનો. ત્યાં જે અર્થશાસ્ત્ર શીખવાય છે તે ખોટું છે. તમે જિજ્ઞાસુ હશો તો જોશો કે જર્મન, અમેરિકન કે ફ્રેંચ ભાષામાં જે અર્થશાસ્ત્ર શીખવવામાં આવે છે તે દરેક જુદું જુદું હોય છે. મારી પાસે એક હંગેરીનો માણસ આવેલો તે વાત કરતો હતો તે પરથી મને લાગ્યું કે ત્યાંનું અર્થશાસ્ત્ર જુદું જ હોવું જોઈએ. દરેક દેશની સ્થિતિને અવલંબીને તેનું અર્થશાસ્ત્ર રચાય છે. એક દેશનું અર્થશાસ્ત્ર આખા જગતને સારુ સાચું છે એમ માનવું અયોગ્ય છે. આજે શીખવાતું અર્થશાસ્ત્ર તો હિંદુસ્તાનને પાયમાલ કરે છે. આપણને હિંદુસ્તાનના અર્થશાસ્ત્રની ખબર જ નથી; આપણે તો તે શોધવાનું છે.

તેવું જ ઇતિહાસનું છે. અધ્યાપકોએ હિંદુસ્તાનનો ઇતિહાસ શું હોઈ શકે તે વિચારવું જોઈએ. કોઈ ફ્રેંચ માણસ હિંદુસ્તાનનો ઇતિહાસ લખે તો જુદો લખે, અંગ્રેજ જુદો લખે. હિંદુસ્તાનનો માણસ મૂળ લેખો શોધી, હિંદુસ્તાનનું વાતાવરણ નિહાળીને લખે તો જરૂર જુદું લખે. ફ્રેંચ-અંગ્રેજની લડાઈનાં અંગ્રેજોએ કરેલાં વર્ણનોને તમે વેદવાક્ય માનો છો? જેણે લખ્યાં હશે તેણે બરાબર લખ્યાં હશે, તોપણ તે પોતાના દૃષ્ટિબિંદુથી લખેલાં છે. તે એવી જ જાતના પ્રસંગો વર્ણવે કે જેમાં અંગ્રેજોની જ જીત થઈ હોય. આપણે પણ એવું જ કરીએ. ફ્રેંચો પણ એમ જ કરે. આપણે તો હિંદુસ્તાનનો જુદો જ ઇતિહાસ લખીએ. મહાભારતનો અર્થ પણ અંગ્રેજ વિદ્વાન એક રીતે કરે, હિંદી વિદ્વાન જુદી રીતે કરે, અને જો તે હૃદયમાં ઉતારીને કરે તો એથીયે જુદી રીતે કરે. વિન્સન્ટ સ્મિથની સરસ શૈલી અને વિદ્વત્તા હોય એટલે એનું લખેલું સારું લાગે, પણ એ બરોબર નથી. અંગ્રેજ વિદ્વાનો જ બતાવે છે કે એમાં ઘણું ખોટું છે, ઘણું રહી ગયું છે. વિલિયમ વિલ્સન હંટરનું પણ એમ જ. અહીંયાં પુસ્તકોમાંથી ઇતિહાસ નહીં શીખવાય. અધ્યાપકે હિંદુસ્તાનનો બહોળો અભ્યાસ કર્યો હશે, નિરીક્ષણ કર્યું હશે, તે હિંદુસ્તાનનો ભક્ત હશે તો ઇતિહાસ એક રીતે શીખવશે. અને જો તેણે અંગ્રેજી ઇતિહાસોથી મગજ ભરી મૂકયું હશે તો નથી તમારો શુક્રવાર વળવાનો, અને એનો તો નથી જ વળ્યો; એને તો શનિની દશા બેઠેલી છે.

આપણે ત્યાં દરેક વસ્તુ સરકારી શાળાથી ઊલટી જ રીતે શીખવાશે. ગણિતશાસ્ત્રના દાખલા તે પણ આપણો શિક્ષક જુદી રીતે ઘટાવે. ગ્રેગ જે હિંદી બાળકોને શીખવે છે તેમને માટે તે નવું ગણિતશાસ્ત્ર રચી રહ્યા છે. આપણો શિક્ષક માન્ચેસ્ટરથી લીવરપુલનું અંતર ન શીખવે. તે અહીંના જ વાતાવરણ પરથી દાખલા ઉપજાવે, જેથી ગણિતશાસ્ત્રમાંથી આપણાં ઇતિહાસ અને ભૂગોળ પણ શિખાય. ગણિતશાસ્ત્ર, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, ભૂગોળ બધું આપણે નવું રચવાનું છે.

Gandhi Heritage Portal

એમાં તમે વિદ્યાર્થીઓ મદદ ન કરો તો અધ્યાપકો શું કરે? અને અધ્યાપકો જ જો કાચા હશે તો સિદ્ધાંતો પડી ભાંગવાના છે, એ દેખીતું છે.

તમારો વિશ્વાસ, ધીરજ, ઉદ્યમ નહીં ખોતા. અધ્યાપકો પર અને સિદ્ધાંતો પર તમારો વિશ્વાસ હશે તો તમે નહીં ડરો. સંખ્યા ઓછી હશે તોયે નહીં ડરો, અને વિદ્યાપીઠને શોભાવશો. અધ્યાપકોને પૂરેપૂરું આપવાને ફરજ પાડશો. તમે અભ્યાસી હશો તો મેં કહ્યું છે તેમાંથી પણ અધ્યાપકોને પ્રશ્નો પૂછીને કનડી શકશો. પૂરેપૂરો રસ લઈને કામ કરશો તો રસના ઘૂંટડા લેવાના તો અહીંયાં જ છે; તમારાં શરીર તેજસ્વી થશે, મન તેજસ્વી થશે અને આત્મા પણ તેજસ્વી થશે.

અહીં તમે આવો છો તે આત્માને તેજસ્વી કરવા. તેથી જે ઉદ્યોગનું શિક્ષણ રાખેલું છે તેમાં રસ લઈને કામ કરશો તો ઉદ્યોગની બુદ્ધિ નહીં હોય તો તે જાગશે. પણ જો જડ જેવા થઈને રંધો ફેરવશો તો તેમ નહીં થઈ શકે. રસ લેશો તો તમે જોશો કે એનું પણ શાસ્ત્ર છે. ચેતન-રૂપ થઈને ઉદ્યોગ કરશો તો જોશો કે એમાં રસ ઘણો છે, એનું પણ શાસ્ત્ર છે એ સિદ્ધ કરી શકશો. મારે વણકર થવું છે, સુતાર થવું છે, ને હિંદને સ્વરાજ અપાવવું છે; નોકરી નથી કરવી, મહેતા નથી થવું, એવો નિશ્ચય કરજો. મજૂરી કરીને, ખાદી વણીને, ખાદીસેવક થઈને આજીવિકા મેળવીશું એવો નિશ્ચય રાખજો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૭–૬–૧૯૨૮

## ૪૭૬. પ્રેમલીલાબહેન ઠાકરસીને પત્ર

જૂન ૧૧, ૧૯૨૮

વહાલાં બહેન,

તમારા તરફથી રૂપિયા ૧૦૦ તો બે દિવસ પૂર્વે મળ્યા. કાગળ આજ જ મળ્યો છે. તમારું નામ પ્રગટ ન થાય તેવું હજુ થઈ શકશે તો કરીશ. હજુ છપાયું નહીં હોય તો થઈ જ શકશે.

મારી તબિયત ઠીક રહે છે.

પાછાં ક્યારે આવશો?

**મોહનદાસના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: સી. ડબલ્યુ. ૪૮૧૨; શ્રીમતી પ્રેમલીલાબહેન ઠાકરસીના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૪૭૭. એસ. મુરાતોરીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૩, ૧૯૨૮,

ભાઈશ્રી,

તમારા ૧૫ મેના પત્રના સંબંધમાં જણાવવાનું કે સત્યના પ્રયોગો અથવા આત્મકથાના પહેલા પુસ્તકનું ઇટાલિયન ભાષામાં સંપૂર્ણ ભાષાંતર તમે પ્રગટ કરો તેનો મને કશો વાંધો નથી.

એ બાબતમાં હું કશી ખાસ શરતો કરતો નથી, પરંતુ એ માટે તમે જે કંઈ આપવા ધારો તે મારી જાહેર પ્રવૃત્તિના વિકાસ માટે ઉપયોગમાં લેવામાં આવશે.

તમારો સહૃદયી

એસ. મુરાતોરી, એસ્ક્વાયર
ઇટાલિયન કૉન્સ્યૂલેટની ઑફિસ
બૅલાર્ડ એસ્ટેટ
મુંબઈ

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૪૭૪૭

## ૪૭૮. સત્યાગ્રહાશ્રમ

સત્યાગ્રહાશ્રમની સ્થાપનાને ૧૩ વર્ષ થઈ ગયાં. આશ્રમમાં નૈતિક ભરતીઓટ થયાં જ કર્યાં છે. આશ્રમને વિશે લોકોનો રાગ વધતો ગયો છે. વધવાને સારુ કાંઈ પણ કારણ હોય તો તે આશ્રમમાં રહેલા સત્યના આગ્રહને લઈને છે. આશ્રમને વિશે નવજીવનમાં કાંઈ પણ લખવાની ઇચ્છા ઓછી જ રહે છે. તેમાં જે કાંઈ હોય તેની પરીક્ષા કેવળ તેના કામથી જ થાઓ એવી ઇચ્છા હમેશાં રહેલી છે. છ વર્ષ થયાં આશ્રમની નિયમાવલિ ખૂટી ગયેલી છે અને તેટલાં વર્ષ સુધી તે નિયમાવલિ ફરી છપાવવામાં જ નથી આવી. તેમાં સમયનો અભાવ એ પણ એક કારણ હતું. નિયમાવલિ ફરી ઘડી કાઢવાનો બોજો મારી ઉપર જ હતો. એ કામ કઠિન હોવાથી જાણ્યેઅજાણ્યે પણ મન તેને ટાળી રહ્યું હતું. સાથીઓએ હમેશાં તેની ઉઘરાણી મારી પાસે કર્યા જ કરેલી. હવે એ નિયમાવલિ ઘડાઈને તૈયાર થઈ ગઈ છે. એ નીચે છાપવામાં આવી છે. જોકે પ્રથમ મુસદ્દો મારો હતો પણ જે રૂપમાં તે પ્રગટ થઈ છે તેમાં ઘણા સાથીઓનો ભાગ છે. જ્યાં સુધી તેમાં કાંઈ ફેરફાર ન થાય ત્યાં સુધી એ પાસ થયેલી નિયમાવલિ તરીકે કાર્યવાહક મંડળે ગણવાનો ઠરાવ કર્યો છે. પણ આ નિયમાવલિ એક કાચા ખરડા તરીકે અત્યારે તો છાપવામાં આવી છે. આશ્રમનું હિત ચાહનારા અને આશ્રમને નૈતિક દૃષ્ટિએ આગળ વધતું જોવાને ઇચ્છનારા ઘણા છે. નિયમાવલિ વિશે તેમનો પણ અભિપ્રાય જાણવાનો આ છાપવાને

Gandhi Heritage Portal

અંગે ઉદ્દેશ રહ્યો છે. તેથી આશ્રમની સાથે સંબંધ રાખનારા, સંબંધ નહીં રાખનારા, મિત્રો અને ટીકાકારો બધાને સુધારાવધારાની સૂચના મોકલવાની હું વિનંતી કરું છું. આશ્રમનો પ્રયોગ શાસ્ત્રીય પદ્ધતિથી ચાલે છે એમ મારી માન્યતા છે. એટલે કે જે નિયમો ઘડી કાઢવામાં આવ્યા છે તે નિયમો આશ્રમનું આજનું જીવન સૂચવનારા છે. તેનો અર્થ એવો નથી કે તેમાં આપેલાં વ્રતોનું સર્વાંશે પાલન કરનાર આશ્રમવાસીમાંથી એક પણ છે. પણ તેનો અર્થ એવો અવશ્ય છે કે પ્રત્યેક આશ્રમવાસી એ નિયમોનું પાલન કરવા સતત પ્રયત્ન કર્યા કરે છે, અને ૧૩ વર્ષના અનુભવ પછી તેનું પાલન આવશ્યક લાગ્યું છે, અને તે થોડેઘણે અંશે થઈ પણ શક્યું છે.

### સ્થાપના

કોચરબ (અમદાવાદ)માં વૈશાખ સુદ ૧૧, સં. ૧૯૭૧, તા. ૨૫મી મે, ૧૯૧૫, હાલ સાબરમતી.

### ઉદ્દેશ

જગતહિતની અવિરોધી એવી દેશસેવા કરવાની કેળવણી લેવી અને એવી દેશસેવા કરવાનો સતત પ્રયત્ન કરવો એ આશ્રમનો ઉદ્દેશ છે.

### નિયમ

આ ઉદ્દેશની પૂર્તિને સારુ નીચેના નિયમોનું પાલન આવશ્યક છે:

**૧. સત્ય**

સામાન્ય વહેવારમાં અસત્ય ન બોલવું કે ન આચરવું એટલો જ સત્યનો અર્થ નથી. પણ સત્ય એ જ પરમેશ્વર છે ને તે સિવાય બીજું કશું નથી. એ સત્યની શોધ અને પૂજાને અંગે જ બીજા બધા નિયમોની આવશ્યકતા રહે છે અને તેમાંથી જ તેની ઉત્પત્તિ છે. આ સત્યના ઉપાસક પોતે કલ્પેલા દેશહિતને સારુ પણ અસત્ય નહીં બોલે, નહીં આચરે. સત્યને અર્થે તે પ્રહ્‌લાદની જેમ માતાપિતાદિ વડીલોની આજ્ઞાનો પણ વિનયપૂર્વક ભંગ કરવામાં ધર્મ સમજે.

**૨. અહિંસા**

પ્રાણીઓનો વધ ન કરવો એટલું જ આ વ્રતના પાલનને સારુ બસ નથી. અહિંસા એટલે સૂક્ષ્મ જંતુઓથી માંડીને મનુષ્ય સુધી બધા જીવો પ્રત્યે સમભાવ. એ વ્રતનો પાલક ઘોર અન્યાય કરનાર પ્રત્યે પણ ક્રોધ ન કરે, પણ તેના ઉપર પ્રેમભાવ રાખે, તેનું હિત ઇચ્છે ને કરે, પણ પ્રેમ કરતો છતાં અન્યાયીના અન્યાયને વશ ન થાય, અન્યાયનો વિરોધ કરે ને તેમ કરતાં તે જે કષ્ટ આપે તે ધીરજપૂર્વક અને અન્યાયનો દ્વેષ કર્યા વિના સહન કરે.

**૩. બ્રહ્મચર્ય**

બ્રહ્મચર્યના પાલન વિના ઉપરનાં વ્રતોનું પાલન અશક્ય છે. બ્રહ્મચારી કોઈ સ્ત્રી કે પુરુષ ઉપર કુદૃષ્ટિ ન કરે એટલું જ બસ નથી, પણ મનથીયે વિષયોનું ચિંતન કે સેવન નહીં કરે. અને વિવાહિત હોય તો પોતાની સ્ત્રી કે પોતાના પતિની સાથે પણ વિષયભોગ નહીં કરે, પણ તેને મિત્ર સમજી તેની સાથે નિર્મળ સંબંધ રાખશે. પોતાની કે બીજી સ્ત્રીનો કે પોતાના પતિનો કે બીજા પુરુષનો વિકારમય સ્પર્શ અથવા તેની સાથે વિકારમય ભાષણ કે બીજી વિકાર-મય ચેષ્ટા તે પણ સ્થૂળ બ્રહ્મચર્યનો ભંગ છે.

Gandhi Heritage Portal

૪. અસ્વાદ

મનુષ્ય જ્યાં લગી જીભના રસોને જીતે નહીં ત્યાં લગી બ્રહ્મચર્યનું પાલન અતિકઠિન છે એવો અનુભવ હોવાથી અસ્વાદને નોખું વ્રત ગણવામાં આવ્યું છે. ભોજન કેવળ શરીરયાત્રાને જ અર્થે હોય; ભોગને અર્થે કદી નહીં. તેથી તે ઔષધિ સમજી સંયમપૂર્વક લેવાની જરૂર છે. આ વ્રતનું પાલન કરનાર વિકાર ઉત્પન્ન કરે એવા મસાલા વગેરેનો ત્યાગ કરે. માંસાહાર, મદ્ય-પાન, તમાકુ, ભાંગ ઇત્યાદિનો આશ્રમમાં નિષેધ છે. આ વ્રતમાં સ્વાદને અર્થે ઉજાણીનો કે ભોજનના આગ્રહનો નિષેધ છે.

૫. અસ્તેય

બીજાની વસ્તુ તેની રજા વિના ન લેવી એટલું જ આ વ્રતના પાલનને સારુ બસ નથી. જે વસ્તુ જે ઉપયોગને સારુ આપણને મળી હોય તેનાથી તેનો બીજો ઉપયોગ કરવો કે જે મુદતને સારુ મળી હોય તેના કરતાં વધારે મુદત લગી ઉપયોગ કરવો તે પણ ચોરી છે. આ વ્રતના મૂળમાં સૂક્ષ્મ સત્ય તો એ રહ્યું છે કે પરમાત્મા પ્રાણીઓને સારુ નિત્યની આવશ્યક વસ્તુ જ નિત્ય ઉત્પન્ન કરે છે અને આપે છે. તેનાથી વધારે મુદ્દલ ઉત્પન્ન કરતો નથી. તેથી પોતાની ઓછામાં ઓછી આવશ્યકતા ઉપરાંત જે કંઈ પણ મનુષ્ય લે છે તે ચોરી કરે છે.

૬. અપરિગ્રહ

અપરિગ્રહ અસ્તેયના પેટામાં જ રહેલું છે. અનાવશ્યક વસ્તુ જેમ લેવાય નહીં તેમ તેનો સંગ્રહ પણ ન થાય. તેથી જે ખોરાક કે રાચરચીલાની જરૂર નથી તેનો સંગ્રહ તે આ વ્રતનો ભંગ છે. જેને ખુરશી વિના ચાલે તે ખુરશી ન રાખે. અપરિગ્રહી પોતાનું જીવન નિત્ય સાદું કરતો જાય.

૭. જાતમહેનત

અસ્તેય અને અપરિગ્રહના પાલનને સારુ જાતમહેનતનો નિયમ આવશ્યક છે. વળી મનુષ્ય-માત્ર શરીરનિર્વાહ શારીરિક મહેનતથી કરે તો જ તે સમાજના ને પોતાના દ્રોહમાંથી બચી શકે. જેનું અંગ ચાલી શકે છે ને જેને સમજણ આવી છે તેવાં સ્ત્રીપુરુષે પોતાનું બધું નિત્યકામ જે પોતે આટોપવા યોગ્ય હોય તે આટોપી લેવું જોઈએ, અને બીજાની સેવા વિનાકારણ ન લેવી જોઈએ. પણ બાળકોની, બીજા અપંગ લોકોની અને વૃદ્ધ સ્ત્રીપુરુષોની સેવા પ્રાપ્ત થાય ત્યારે તે કરવાનો સામાજિક જવાબદારી સમજનાર પ્રત્યેક મનુષ્યનો ધર્મ છે.

આ આદર્શને અવલંબીને આશ્રમમાં મજૂરો અનિવાર્ય હોય ત્યાં જ રાખવામાં આવે છે, ને તેની સાથે શેઠચાકરનો વહેવાર નથી રાખવામાં આવતો.

૮. સ્વદેશી

મનુષ્ય સર્વશક્તિમાન પ્રાણી નથી. તેથી તે પોતાના પડોશીની સેવા કરવામાં જગતની સેવા કરે છે. આ ભાવનાનું નામ સ્વદેશી છે. પોતાની નજીકનાની સેવા છોડીને દૂરનાની સેવા કરવા કે લેવા ધાય છે તે સ્વદેશીનો ભંગ કરે છે. આ ભાવનાના પોષણથી સંસાર સુવ્યવસ્થિત રહી શકે. તેના ભંગમાં અવ્યવસ્થા રહેલી છે. આ નિયમને આધારે બનતા લગી આપણે આપણી પડોશની દુકાન સાથે વ્યવહાર રાખીએ; દેશમાં જે વસ્તુ થતી હોય કે સહેજે થઈ શકતી હોય

Gandhi Heritage Portal

તે વસ્તુ આપણે પરદેશથી ન લાવીએ. સ્વદેશીમાં સ્વાર્થને સ્થાન નથી. પોતે કુટુંબના, કુટુંબ શહેરના, શહેર દેશના, ને દેશ જગતના કલ્યાણાર્થે હોમાય.

**૯. અભય**

સત્ય, અહિંસા ઈત્યાદિ વ્રતોનું પાલન નિર્ભયતા વિના અસંભવિત છે. અને હાલ સર્વત્ર ભય વ્યાપી રહ્યો છે ત્યાં નિર્ભયતાનું ચિંતન ને તેની કેળવણી અત્યંત આવશ્યક હોવાથી તેને વ્રતોમાં સ્થાન અપાયું છે. જે સત્યપરાયણ રહેવા માગે તે ન નાતજાતથી ડરે, ન સરકારથી ડરે, ન ચોરીથી ડરે, ન ગરીબાઈથી ડરે, ન મોતથી ડરે.

**૧૦. અસ્પૃશ્યતાનિવારણ**

હિંદુ ધર્મમાં અસ્પૃશ્યતાની રૂઢિએ જડ ઘાલી છે. તેમાં ધર્મ નથી પણ અધર્મ છે, એવી માન્યતા હોવાને લીધે અસ્પૃશ્યતાનિવારણને નિયમમાં સ્થાન આપ્યું છે. અસ્પૃશ્ય ગણાતાને સારુ બીજી જાતિઓના જેટલું જ આશ્રમમાં સ્થાન છે.

આશ્રમ જાતિભેદને માનતું નથી. જાતિભેદથી હિંદુ ધર્મને નુકસાન થયું છે એવી માન્યતા છે. તેમાં રહેલી ઊંચનીચની અને આભડછેટની ભાવના અહિંસા ધર્મની ઘાતક છે. આશ્રમ વર્ણાશ્રમ-ધર્મને માને છે. તેમાંની વર્ણવ્યવસ્થા કેવળ ધંધાને આધીન છે એમ જણાય છે તેથી વર્ણ-નીતિનું પાલન કરનાર માબાપના ધંધાના અવિરોધી હોય એવા ધંધામાંથી આજીવિકા પેદા કરી બાકીનો સમય શુદ્ધ જ્ઞાન લેવામાં અને વધારવામાં વાપરે. સ્મૃતિઓમાં રહેલી આશ્રમવ્યવસ્થા જગતનું હિત કરનારી છે, પણ વર્ણાશ્રમધર્મ માન્ય હોવા છતાં આશ્રમનું જીવન ગીતામાન્ય વ્યાપક ને ભાવનાપ્રધાન સંન્યાસના આદર્શને આગળ રાખી રચાયેલું હોવાથી આશ્રમમાં વર્ણભેદને અવકાશ નથી.

**૧૧. સહિષ્ણુતા**

આશ્રમની એવી માન્યતા છે કે જગતમાં પ્રચલિત પ્રખ્યાત ધર્મો સત્યને વ્યક્ત કરનારા છે. પણ તે બધા અપૂર્ણ મનુષ્ય દ્વારા વ્યક્ત થયેલા હોઈ બધામાં અપૂર્ણતાનું અથવા અસત્યનું મિશ્રણ થયું છે. તેથી જેવું આપણને આપણા ધર્મ વિશે માન હોય તેટલું જ માન આપણે બીજાના ધર્મ પ્રત્યે રાખવું ઘટે. આવી સહિષ્ણુતા હોય ત્યાં એકબીજાના ધર્મનો વિરોધ નથી સંભવતો. પણ બધા ધર્મોમાં રહેલા દોષો દૂર થાય એવી જ પ્રાર્થના ને એવી જ ભાવના નિત્ય પોષાવી ઘટે છે.

## પ્રવૃત્તિઓ

ઉપર જણાવેલા નિયમોનું પાલન કરતાં અને તેના પાલન અર્થે નીચેની પ્રવૃત્તિઓ આશ્રમમાં ચાલે છે :

**૧. ઉપાસના**

આશ્રમની સામાજિક પ્રવૃત્તિઓનો આરંભ સવારના ૪-૧૫ વાગ્યે સામાજિક ઉપાસનાથી થાય છે, ને સાંજે સાત વાગ્યે આરંભાતી ઉપાસનાથી ૭-૩૦ વાગતા સુધીમાં બંધ થાય છે. આ ઉપાસના બધાં આશ્રમવાસીઓને સારુ અનિવાર્ય છે. ઉપાસનાનો હેતુ ચિત્તશુદ્ધિ કરવાનો ને ઈશ્વરને સર્વાર્પણ કરવાનો છે.

Gandhi Heritage Portal

### ૨. શૌચ સુધારણા

આ પ્રવૃત્તિ અત્યંત આવશ્યક અને પવિત્ર હોવા છતાં તે અપવિત્ર ગણાતી હોવાથી તેમ તેના પ્રત્યે સમાજને અત્યંત અણગમો છે તેથી અને સામાન્ય રીતે સાફ કરવાની ક્રિયામાં આરોગ્ય અને સફાઈની દૃષ્ટિએ ઘણા સુધારાને અવકાશ હોવાથી આમાં મજૂરો મારફતે કામ ન લેવાનો ખાસ આગ્રહ રાખવામાં આવે છે. જાજરૂ ઇત્યાદિની સફાઈનું કામ આશ્રમના જ જણ વારાફરતી કરે છે. નવા આવનારને પ્રથમ એ જ કામની તાલીમ આપવાનો સામાન્ય નિયમ છે. મળને હમેશાં નવ ઇંચનો ખાડો ખોદી તેમાં દાટી એ ખાડામાંથી નીકળેલી ને બીજી સૂકી માટીથી ઢાંકી દેવામાં આવે છે ને તેનું ખાતર બને છે. નિયમ કરેલી જગ્યાએ જ પેશાબ તથા પાયખાને જવાય છે. રસ્તામાં ન થૂંકવા દેવાની કે બીજી રીતે આશ્રમના રસ્તા ન બગાડવા દેવાની સંભાળ રાખવામાં આવે છે.

### ૩. કાંતવાનો યજ્ઞ

ભારતવર્ષનું મહાદુ:ખ તેના કરોડોનો ભૂખમરો છે. અને તે ભૂખમરાનું મુખ્ય કારણ તેઓના મુખ્ય સહાયક ધંધા સૂતર કંતામણનો ઇરાદાપૂર્વક વિદેશી સત્તાએ કરેલો નાશ છે. તેથી તે ક્રિયાનો પુનરુદ્ધાર કરવાના હેતુથી તેને કેન્દ્ર બનાવવામાં આવી છે અને તે રાષ્ટ્રયજ્ઞ તરીકે આશ્રમવાસીને સારુ ફરજિયાત છે. તેને અંગે આશ્રમમાં નીચેની પ્રવૃત્તિઓ ચાલે છે :

૧. જુદી જુદી જાતના કપાસની ખેતી.
૨. રેંટિયા, ત્રાક, પીંજણ ઇત્યાદિ બનાવવાને અંગે સુતાર-લુહાર ખાતું.
૩. કપાસ પીલવાનું.
૪. પીંજવાનું.
૫. દોરી, દોરડાં, પાટી, ખાદી વણવાનું.
૬. રંગવાનું તથા છાપવાનું.

### ૪. ખેતી

આશ્રમના નિર્વાહને અંગે ને તેને યથાસંભવ સ્વાશ્રયી બનાવવાને સારુ તેમાં કપાસ ઉપરાંત શાકભાજી, ફળઝાડ વગેરેની ખેતી કરવામાં આવે છે.

### ૫. દુગ્ધાલય

આશ્રમની દૂધની હાજત પૂરી પાડવાને નિમિત્તે દુગ્ધાલય રાખ્યું છે ને તેને નમૂનેદાર બનાવવાનો પ્રયત્ન ચાલે છે. ગત વર્ષથી અખિલ ભારત ગોરક્ષા મંડળની મદદ વડે, પણ આશ્રમની પોતાની સ્વતંત્ર પ્રવૃત્તિ તરીકે ચાલે છે. તેમાં ૨૭ ગાય, ૧૦ બળદ, ૪૭ વાછરડા, વાછરડી ને ૪ ખૂંટ છે. રોજ ૫ મણ દૂધ નીકળે છે.

### ૬. ચર્માલય

દુગ્ધાલયની પ્રવૃત્તિને અંગે ચર્માલય સ્થાપવામાં આવ્યું છે. આમાં માત્ર મૂએલાં ઢોરનાં જ ચામડાં લેવામાં આવે છે, અને તે કેળવવામાં આવે છે. સાથે જ મોચીકામ ચાલે છે.

આ દેશમાં ઢોર-ઉછેરની જોઈતી સુધારણા ન થાય તો ગાયની દૂધ દેવાની શક્તિમાં વધારો ન થાય, અને મૂએલાં ઢોરનાં ચામડાંનો આ દેશમાં જ સદુપયોગ ન થાય તો આ ગોરક્ષાનો

Gandhi Heritage Portal

દાવો કરનાર અહિંસાપ્રધાન દેશમાં ઢોર વણમોતે મરશે અને મનુષ્યને પણ મારશે — એવી આ (નં. ૫, ૬) પ્રવૃત્તિની પાછળ માન્યતા રહેલી છે.

**૭. રાષ્ટ્રીય કેળવણી**

આશ્રમમાં રાષ્ટ્રને પોષનારી કેળવણી આપવાનો પ્રયત્ન ચાલે છે. તેમાં નીચેના સિદ્ધાંતોનો અમલ કરવાનો પ્રયત્ન ચાલે છે. શારીરિક, બૌદ્ધિક અને આત્મિક વિકાસને સાથે જ ચલાવવા ખાતર ઔદ્યોગિક વાતાવરણ ઊભું કરવામાં આવે છે. અક્ષરજ્ઞાન ઉપર જોઈતું જ વજન મૂકવામાં આવે છે. અને ચારિત્ર દૃઢ કરવાને સારુ, તેની આવશ્યકતા ઉપર દરેક ઝીણામાં ઝીણા કાર્યમાંયે ભાર દેવામાં આવે છે.

અંત્યજ બાળકને છૂટથી લેવામાં આવે છે.

સ્ત્રીઓની સ્થિતિ સુધારવાના હેતુથી તેમના ઉપર ખાસ ધ્યાન દેવામાં આવે છે, ને પુરુષોના જેટલું જ તેમનું સ્વાતંત્ર્ય જાળવવામાં આવે છે.

વિદ્યાપીઠના નીચેના સિદ્ધાંતોનો આશ્રમ સ્વીકાર કરે છે:

૧. વિદ્યાપીઠનું મુખ્ય કામ સ્વરાજપ્રાપ્તિને સારુ ચાલતી પ્રવૃત્તિઓને અર્થે કેળવણી દ્વારા ચારિત્ર્યવાન, શક્તિસંપન્ન, સંસ્કારી અને કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓ તૈયાર કરવાનું છે.

૨. વિદ્યાપીઠ તરફથી ચાલતી તથા તેણે માન્ય કરેલી પ્રત્યેક સંસ્થા સંપૂર્ણતાએ અસહકારી હશે, અને તેથી સરકારનો કોઈ પણ પ્રકારનો આશ્રય નહીં લઈ શકે.

૩. વિદ્યાપીઠ સ્વરાજ અને સ્વરાજપ્રાપ્તિના સાધન અહિંસામય અસહકારને અંગે ઉત્પન્ન થઈ છે, તેથી શિક્ષકો અને સંચાલકો સ્વરાજપ્રાપ્તિ માટે અહિંસા અને સત્યને અવિરોધી એવાં જ સાધનો સ્વીકારનારા અને તેને અમલમાં મૂકવા પ્રયત્નશીલ હશે.

૪. વિદ્યાપીઠના તથા તેણે માન્ય કરેલી સંસ્થાઓના શિક્ષકો અને સંચાલકો અસ્પૃશ્યતાને કલંકરૂપ માનનારા અને તેનું નિવારણ કરવા પ્રયત્નશીલ હશે, અને કોઈ પણ બાળક કે બાળાને અસ્પૃશ્ય હોવાને કારણે બહાર રાખવામાં કે તેને દાખલ કર્યા પછી તેની તરફ નોખી વર્તણૂક રાખવામાં નહીં આવે.

૫. વિદ્યાપીઠને અંગે કામ કરનારો શિક્ષકવર્ગ, સંચાલકો તથા માન્ય કરેલી સંસ્થાઓ વગેરે રેંટિયાની પ્રવૃત્તિમાં માનનારા અને અનિવાર્ય કારણ સિવાય નિયમિત રીતે કાંતનારા અને નિરંતર ખાદી પહેરનારા હશે.

૬. વિદ્યાપીઠની નીચે ચાલતી સંસ્થાઓમાં બધા પ્રચલિત ધર્મોને વિશે સંપૂર્ણ આદર હશે, અને વિદ્યાર્થીઓના આત્મવિકાસને અર્થે ધર્મનું જ્ઞાન અહિંસા અને સત્યને દૃષ્ટિમાં રાખીને આપવામાં આવશે.

૭. વિદ્યાપીઠમાં સ્વભાષાને પ્રધાનપદ દેવામાં આવશે અને બધું શિક્ષણ સ્વભાષા દ્વારા આપવામાં આવશે.

**સમજૂતી :** બીજી ભાષાઓ શીખતાં તે જ ભાષા વાપરવામાં બાધ નહીં ગણાય.

૮. વિદ્યાપીઠમાં રાષ્ટ્રભાષા હિંદી-હિંદુસ્તાનીને આવશ્યક સ્થાન હશે.

નોંધ : હિંદી-હિંદુસ્તાની એ ભાષા કે જે ઉત્તરના સામાન્ય હિંદુ-મુસલમાન બોલે છે અને દેવનાગરી અથવા ફારસી લિપિમાં લખે છે.

૯. વિદ્યાપીઠમાં ઔદ્યોગિક શિક્ષણને બૌદ્ધિક શિક્ષણના જેટલું જ મહત્ત્વ આપવામાં આવશે, અને રાષ્ટ્રના પોષક જે જે ઉદ્યોગો છે તેને સ્થાન આપવામાં આવશે, બીજાને નહીં.

Gandhi Heritage Portal

૧૦. ભારતવર્ષનો ઉત્કર્ષ શહેરો ઉપર નહીં પણ ગામડાં ઉપર અવલંબે છે, તેથી વિદ્યાપીઠના શિક્ષકોનો મોટો ઉપયોગ ગામડાંમાં રાષ્ટ્રપોષક કેળવણીનો પ્રચાર કરવામાં થશે.

૧૧. કેળવણીનો ક્રમ ઘડવામાં ગ્રામવાસીઓની હાજતોને પ્રધાનપદ આપવામાં આવશે.

૧૨. પ્રજાના શારીરિક વિકાસને અર્થે વ્યાયામ અને અંગમહેનતની તાલીમ વિદ્યાપીઠમાં આવશ્યક ગણાશે.

આ શાળામાં આજ લગી ૧૫ વિદ્યાર્થીઓ તથા ૨ વિદ્યાર્થિનીઓ તૈયાર થયાં છે.

**નોંધ :** આશ્રમના બધા વિભાગમાં મહત્ત્વના ફેરફાર ચાલી રહેલા હોવાથી હાલ એક વરસ માટે (૧૯૨૯ના ૧૦મી જૂન સુધી) વિદ્યાર્થીને ન લેવાનો કાર્યવાહક મંડળે આગ્રહ રાખ્યો છે.

## ૮. ખાદી સેવકશાળા

અખિલ ભારત ચરખાસંઘની વતી ખાદીસેવક તૈયાર કરવાને સારુ નોખી ઉદ્યોગશાળા ચાલે છે, જેમાં હાલ જુદા જુદા પ્રાંતના ૩૩ વિદ્યાર્થીઓ છે. આજ લગી તેમાં ૨૦૫ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે. શાળાનો અભ્યાસક્રમ નીચે પ્રમાણે છે :

### ખાદી વિદ્યાલય અભ્યાસક્રમ

**કાંતવું (૨૧ અઠવાડિયાં)**

૧. ફક્ત હાથની આંગળીઓથી કાંતવું.

૨. સૂતરના વળના મુદ્દાઓ જાણવા.

૩. સૂતરમાં જુદા જુદા આંકમાં જોઈતી મજબૂતી.

**સમાનતા અને ઝડપ :**

| સમય | આંક | વાર | મજબૂતી | સમાનતા | રૂની જાત |
|---|---|---|---|---|---|
| ૧ કલાક | ૬ | ૨૫૦ | ૫૦ | ૮૦ | હલકી જાત |
| ૧ ,, | ૯ | ૨૫૦ | ૫૦ | ૮૦ | હલકી જાત |
| ૧ ,, | ૧૨ | ૩૦૦ | ૬૦ | ૯૦ | મધ્ય જાત |
| ૧ ,, | ૧૬ | ૩૦૦ | ૭૦ | ૯૦ | સારી જાત |
| ૧ ,, | ૨૦ | ૩૦૦ | ૭૦ | ૯૦ | સારી જાત |

**કાંતવાનો ક્રમ :**

૧ અઠવાડિયું શરૂઆતમાં કાંતતાં શીખવામાં

| | | |
|---|---|---|
| ૪ અઠવાડિયાં | ૬ આંકનું | ૫ રતલ |
| ૩ ,, | ૯ ,, | ૨ા ,, |
| ૪ ,, | ૧૨ ,, | ૪ા ,, |
| ૪ ,, | ૧૬ ,, | ૨ાા ,, |
| ૪ ,, | ૨૦ ,, | ૨ાા ,, |

૧ અઠવાડિયું સામાન્ય

૨૧ અઠવાડિયાં કુલ

Gandhi Heritage Portal

૪. ત્રાકની પરીક્ષા કરવી અને સુધારવી
૫. તકલી ઉપર કાંતવું.
૬. સામાન્ય રીતે સૂતરનો આંક ઓળખવો.
૭. ગણતરી કરીને સૂતરનો આંક કાઢવો.
૮. સૂતર સારી રીતે ઉતારતાં આવડવું.
૯. રેંટિયાના દરેક ભાગને ઓળખવો અને માપ જાણવું.
૧૦. પોતાના કાંતેલા સૂતરમાંથી માળ બનાવવી.
૧૧. રૂની પરીક્ષા કરવાના મુદ્દાઓ જાણવા.
૧૨. વણાટશાસ્ત્ર અને તકલી શિક્ષકનો અભ્યાસ કરવો.
૧૩. પોતાના પ્રાંતના રેંટિયા પર કાંતવું.

**પીંજવું (૭ અઠવાડિયાં)**

(क) પીંજણ તૈયાર કરવી.
(ख) પીંજણમાં ગાદી બેસાડવી.
(ग) સાદડી બનાવવી.
(घ) જુદી જુદી જાતની તાંત પારખવી.

**પીંજવાનો ક્રમ :**

| | | | |
|---|---|---|---|
| ૨ | અઠવાડિયાં | મોટી પીંજણ | ૧૮ શેર રૂ. |
| ૩ | ,, | મધ્યમ પીંજણ | ૨૨ા શેર રૂ. |
| ૨ | ,, | બારડોલી-કામઠી પીંજણ | ૮ શેર રૂ. |
| ૭ | અઠવાડિયાં કુલ | | |

સામાન્ય હાથપીંજણ વાપરવી.
(ङ) પીંજવાનું તથા પૂણી તૈયાર કરવાનું માપ
૮ કલાક મોટી પીંજણ ૩ રતલ
૮ કલાક મધ્યમ પીંજણ ૨ રતલ
,, ,, બારડોલી અને કામઠી પીંજણ ૧ા રતલ

**કપાસ લોઢવો (૨ અઠવાડિયાં)**

ક્રમ : ૧૦૦ રતલ કપાસ ઝૂડીને લોઢવો.
ઝડપ : ૮ કલાકમાં ૩૨ રતલ કપાસ લોઢવાનો.

**વણાટ :**

| | |
|---|---|
| ૧. સાંધ કરવી | સમય ૨ દિવસ |
| ૨. તાણા માટે દોરા ઠરડીને અને વાણા માટે કોકડી અથવા ડોટા ભરી | |
| (अ) ૨૦ વાર નાડી કરવી | ૧૦ દિવસ |
| (ब) ૭૫ વાર બિસ્તરા પાટી | ૧૫ ,, |

Gandhi Heritage Portal

(क) શેતરંજીમાં :

| | |
|---|---|
| ૨૪"–૨૪"નાં ત્રણ સાદાં આસન<br>૨૪"–૨૪"નાં ત્રણ નકશી આસન<br>૨વાર–૩૦" પનાની ૨ હાથસાળની શેતરંજી | ૪૫ ,, |

**ખાડાસાળ**

૩. સૂતર પલાળી, સૂકવી, ડોકડાં ભરી, તાણો કરી, પવાયત કરી, સાંધ કરી, નીચે પ્રમાણે ખાદી વણવી.

| | આંક | જાત | વાર | પનો | ૧"માં ફણીનાં ઘર | | | સમય દિવસ |
|---|---|---|---|---|---|---|---|---|
| (क) | ૬ | જાડી | ૨૦ | ૩૦" | ૫ ઘરવાળી | સૂતર | બેતારું કરી | ૨૦ |
| (ख) | ૬ | ઘટ | ૧૦ | ,, | ૮,૯ | ,, | ,, | ૨૦ |
| (ग) | ૯ | ,, | ,, | ,, | ૧૨ | ,, | ,, | ૧૦ |
| (घ) | ૬ | ,, | ,, | ,, | ૧૮,૧૯ | ,, | એકતારી | ૧૨ |
| (ङ) | ૯ | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ૧૨ |
| (च) | ૧૨ | ,, | ,, | ,, | ૨૧ | ,, | ,, | ૧૪ |
| (छ) | ૧૬ | ,, | ,, | ,, | ૨૪ | ,, | ,, | ૧૫ |

**ફટકાસાળ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (ज) | ૧૨ | સાદી | ,, | ૪૨" | ૧૭ | ,, | ,, | ૭૨ |
| (झ) | ૧૬ | ,, | ,, | ૪૫" | ૨૦ | ,, | ,, | |
| (ञ) | ૨૦ | ,, | ,, | ૫૦" | ૨૨ | ,, | ,, | |

**નકશી કાપડનો વણાટ**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (ट) | ૧–૬ જીન | ૧૦ | ૩૦" | ૧૬ | ,, | ૮ |
| (ठ) | ,, હનીકોંબ | ,, | ,, | ૧૨ | ,, | ૮ |
| (ड) | ,, ટ્વીલ | ,, | ,, | ૧૬ | ,, | ૮ |

૪. રાચ માટે ૪ રતલ સૂતર ઠરડવું. શરૂઆતની બધી ક્રિયાઓ કરી રાચ બાંધવાં અને ફણી સુધારવી ૨૩

**રંગકામ**

ડૉ. પી. સી. રાય અને શ્રી. બંસીધર જૈનનાં પુસ્તકો અનુસાર રંગવું અને છાપવું. છાપવામાં અને રંગવામાં વિલાયતી મુખ્ય રંગોનો ઉપયોગ કરી જાણવો. ૨૪

**સુતારી શિક્ષણ**

૧. ત્રણ જાતનાં એરણ બનાવવાં અને હથિયાર ઘસતાં જાણવું. ૩૦

૨. તકલી પેટી અને રેંટિયાનાં મોઢિયાં બનાવવાં. ૩૦

૩. મધ્યમ પીંજણ, બારડોલી પીંજણ, કામઠી પીંજણ, ત્રાક અને તકલી બનાવવી. ૩૦

નોંધ : ઉપરના ક્રમ ઉપરાંત સાથે સાથે (अ) હિંદી, નામાંના વર્ગો, (ब) ખાદી નિબંધ, ખાદી પત્રિકા, વ્યાખ્યાનો અને (क) ચરખા સંઘ કાર્યવાહક મંડળના સભ્યો તેમ જ નેતાઓનાં વ્યાખ્યાનો.



Gandhi Heritage Portal

આશ્રમમાં વિદ્યાર્થીદીઠ માસિક ભોજનખર્ચ લગભગ ૧૨ રૂપિયા આવે છે.

**કાર્યવાહક મંડળ**

આશ્રમવ્યવસ્થા ૧૯૮૨ના અષાડ સુદ ૧૪ શનિવાર તા. ૨૪-૭-'૨૬થી કાર્યવાહક મંડળને હસ્તક ચાલે છે. મંડળમાં હાલ નીચે પ્રમાણે સભ્યો છે :

શ્રી. મહાદેવ હરિભાઈ દેસાઈ (પ્રમુખ)
શ્રી. ઇમામ અબ્દુલ કાદર બાવાઝીર (ઉપપ્રમુખ)

**સભ્યો**

શ્રી વિનોબા ભાવે
,, છગનલાલ ખુશાલચંદ ગાંધી
,, નરહરિ દ્વારકાદાસ પરીખ
,, લક્ષ્મીદાસ પુરુષોત્તમ આસર
,, રમણીકલાલ મગનલાલ મોદી
,, ચિમનલાલ નરસિંહદાસ શાહ
,, છગનલાલ નથુભાઈ જોશી (મંત્રી)
,, નારણદાસ ખુશાલચંદ ગાંધી
,, સુરેન્દ્રજી

મજકૂર મંડળમાંથી કોઈનું મૃત્યુ થાય અથવા બીજી રીતે તેમાં જગ્યા ખાલી થાય તો તે પૂરવાનો મંડળને અધિકાર છે.

કાર્યવાહકની ચૂંટણી કાર્યવાહક મંડળ ઓછામાં ઓછી ત્રણચતુર્થાંશ બહુમતીથી કરે.

મજકૂર મંડળને બીજા બે કાર્યવાહક વધારે ચૂંટવાનો અધિકાર છે.

મજકૂર મંડળમાં ઓછામાં ઓછા ત્રણ કાર્યવાહકો હોવા જોઈએ.

આશ્રમની કુલ વ્યવસ્થાનો અધિકાર કાર્યવાહક મંડળને છે.

[નોંધ : ગાંધીજી અને કાકાસાહેબ કાલેલકર સ્વેચ્છાએ જ કાર્યવાહક મંડળમાં નથી.]

**આશ્રમવાસી**

આશ્રમવાસી એ કે જે આશ્રમના ઉદ્દેશ અને નિયમોને માને અને આશ્રમમાં કે આશ્રમની સંમતિથી આશ્રમ બહાર રહી નિયમોનું પાલન કરવાનો સતત પ્રયત્ન કરે ને કાર્યવાહક મંડળ અથવા તેણે નીમેલા વ્યવસ્થાપક જે પ્રવૃત્તિમાં તેને રોકે તેમાં એકનિષ્ઠાથી પરોવાઈ રહે.

**કાર્યવાહક**

જે આશ્રમવાસીએ ઓછામાં ઓછાં પાંચ વર્ષ આશ્રમમાં ગાળ્યાં હોય અને જેણે આશ્રમમાં કે આશ્રમ તરફથી ચાલતી કોઈ પણ પ્રવૃત્તિમાં આજન્મ રહેવાની પ્રતિજ્ઞા કરી હોય તેવા એકવીસ કે તે ઉપરના વર્ષનાં સ્ત્રી કે પુરુષ કાર્યવાહક મંડળનાં સભ્ય થઈ શકે છે.

**અગત્યના ઠરાવો**

કાર્યવાહક મંડળે નીચે પ્રમાણે અગત્યના ઠરાવ પસાર કર્યા છે :

૧. આશ્રમમાં જવાબદારીનું દરેક કાર્ય કરનાર તથા આશ્રમમાં કાયમ અથવા થોડા વખત માટે આવી વસનાર સૌને માટે બ્રહ્મચર્યનું પાલન આવશ્યક રહેશે.

Gandhi Heritage Portal

૨. આશ્રમમાં દાખલ થવા ઇચ્છનારે એક વર્ષ સુધી પોતાને સ્થાને રહીને આશ્રમના નિયમોનું પાલન કરેલું હોવું જોઈએ.

અપવાદ : ખાસ સંજોગોમાં પ્રમુખને આ બાબતમાં અપવાદ કરવાની સત્તા રહેશે.

૩. આશ્રમમાં નવાં રસોડાં વધે એ ઇષ્ટ નથી તેથી આશ્રમમાં નવાં દાખલ થનાર—કુટુંબી હોય કે એકાકી—તેમની જમવાની વ્યવસ્થા આશ્રમમાં ચાલતા સંયુક્ત રસોડામાં જ થશે.

**મહેમાનોને વિનંતી**

આશ્રમ જોવા આવનાર અને રહેવા આવનારની સંખ્યા બહુ વધી પડી છે.

જોવા આવનારને આશ્રમની પ્રવૃત્તિઓ બતાવવાની બનતી તજવીજ રાખવામાં આવે છે.

અમુક મુદતને સારુ રહેવા આવનારને વિનંતી કરવાની કે તેઓ મંત્રીને લખી રજા મંગાવ્યા વિના ન આવે. આવનારને નીચેના નિયમોનું પાલન કરવાની વિનંતી છે :

૧. ઉપાસના સમયે બનતા લગી હાજરી ભરવી.

૨. ખાવાપીવાના સમય દિનચર્યામાં બતાવ્યા છે તે સાચવવા.

૩. આશ્રમની પાસે વાસણ અને બિછાનાનો ભંડોળ ઓછો જ છે, તેથી દરેક આવનારે પોતાનું બિછાનું, મચ્છરદાનીની હાજત હોય તો તે, ટુવાલ, થાળી, વાટકો અને લોટો સાથે રાખવાં ઘટે છે.

૪. પશ્ચિમ તરફના ગૃહસ્થોને સારુ ખાસ સગવડ રાખવામાં નથી આવી. પણ જેમને જમીન ઉપર બેસી ખાવાનું અનુકૂળ ન આવે તેમને સારુ ઊંચી બેઠકની સગવડ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે, અને તેમને સારુ પશ્ચિમ ઢબનાં પાયખાનાંની સગવડ હમેશાં કરી દેવામાં આવે છે.

**શાખા**

આશ્રમને એક જ શાખા છે અને તે વર્ધામાં શ્રી વિનોબા હસ્તક છે. ત્યાં લગભગ ઉપરના જ નિયમો પાળવામાં આવે છે. પણ તેનું તંત્ર અને ખર્ચ મૂળ આશ્રમથી સ્વતંત્ર છે.

**વાર્ષિક ખર્ચ**

સાબરમતી આશ્રમનું માસિક ખર્ચ સરેરાશ રૂ. ૩,૦૦૦ છે, ને તે મિત્રવર્ગ તરફથી મળે છે.

**આશ્રમની મિલકત**

જમીન એકર ૧૩૨ ગુંઠા ૩૮, રૂ. ૨૬,૭૭૨–૫–૬, મકાન રૂ. ૨,૯૫,૧૨૧–૧૫–૬

તે નીચેના વાલીઓને નામે છે :

**વાલીઓ**

૧. શ્રી. જમનાલાલજી બજાજ
૨. ,, રેવાશંકર જગજીવન ઝવેરી
૩. ,, મહાદેવ હરિભાઈ દેસાઈ
૪. ,, ઈમામસાહેબ અબ્દુલ કાદર બાવાઝીર
૫. ,, છગનલાલ ખુશાલચંદ ગાંધી

આશ્રમમાં હાલ નીચે પ્રમાણે વસ્તી છે :

Gandhi Heritage Portal

| પુરુષ | સ્ત્રી | બાળકો |
|---|---|---|
| ૫૫ આશ્રમમાં કામ કરનારા | ૪૯ આશ્રમની બહેનો | ૩૫ કુમારો |
| ૪૩ ચરખાસંઘના વિદ્યાર્થી તથા શિક્ષકો | ૧૦ મજૂર | ૩૬ બાળા |
| ૫ વણકર | ૭ વણકર | ૭ ધાવણાં |
| ૩૦ ખેતી કામ કરતા મજૂરો | | |
| ૧૩૩ | ૬૬ | ૭૮ |

કુલ ૨૭૭

**દિનચર્યા**

| | | | |
|---|---|---|---|
| ૪–૦૦ | ઊઠવાનો ઘંટ | ૧૦–૪૫થી ૧૧–૧૫ | ભોજન |
| ૪–૧૫થી ૪–૪૫ | સવારની ઉપાસના | ૧૧–૧૫થી ૧૨–૦૦ | આરામ |
| ૫–૦૦થી ૬–૦૦ | શૌચ, સ્નાન, વ્યાયામ, સ્વાધ્યાય | ૧૨–૦૦થી ૪–૩૦ | ઉદ્યોગ |
| | | ૪–૩૦થી ૫–૩૦ | આરામ ઈત્યાદિ |
| ૬–૦૦થી ૬–૩૦ | ઉપાહાર | ૫–૩૦થી ૬–૦૦ | ભોજન |
| ૬–૩૦થી ૭–૦૦ | સ્ત્રીવર્ગ | ૬–૦૦થી ૭–૦૦ | વ્યાયામ ઈત્યાદિ |
| ૭થી ૧૦–૩૦ | ઉદ્યોગ, શિક્ષણ, સફાઈ | ૭–૦૦થી ૭–૩૦ | સાંજની ઉપાસના |
| | | ૭–૩૦થી ૯–૦૦ | સ્વાધ્યાય, શયનનો ઘંટ |

વિશિષ્ટ કારણોને લીધે આમાં ફેરફાર થઈ શકશે.

[મૂળ ગુજરાતી]

**નવજીવન**, ૧૦–૬–૧૯૨૮

## ૪૭૯. બારડોલીનું બલિદાન

બારડોલી મુંબઈ સરકારની અરાજકતા અને સ્વેચ્છાએ સ્વીકારેલાં દુ:ખો વેઠી રહ્યું છે. મહાદેવ દેસાઈની બારડોલી વિશેની નોંધમાંથી આ બંનેનાં દૃષ્ટાંત મળી શકશે. મુંબઈ સરકાર કીડીને મારવા માટે દસ્તાનો ઉપયોગ કરી રહી છે. રૂપિયા ૧,૦૦,૦૦૦ જેવી તેમને મન નાની જ ગણાય એવી, મહેસૂલની વધારાની રકમ મેળવવા ખાતર આ સરકારના કર્મચારીઓ સામ, દામ, દંડ અને ભેદનો આશ્રય લઈ રહ્યા છે. આ સખત વચનો છે; પરંતુ સરકારનાં કૃત્યો ધ્યાન પર લેતાં તે એટલાં સખત લાગતાં નથી. એનું બળ તો બધા જોઈ શકે એ રીતે સપાટી ઉપર જ છે. સત્તાની એક પ્રકૃતિ છે કે એની પાસે બળ ન હોય ત્યારે પણ તે તેનો દેખાવ તો કરે જ છે. અત્યારના સંજોગોમાં તેની પાસે જરૂર કરતાં પણ વધારે બળ છે. આ રીત ઓછામાં ઓછી જોખમકારક છે. કારણ કે ખુલ્લી છે, પરંતુ બીજી ત્રણ રીત અદૃશ્ય છે એટલે નુકસાનકારક છે. ઉત્તર વિભાગના કમિશનરનો ઉદ્ધત પત્ર અને સરકારી ઉડાઉ જાહેરાત, જેમાં કેટલીક ખોટી વાતો ઘુસાડવામાં આવે છે અને સાચી વાતો દાબી દેવામાં આવી છે, એવાં બંને રીતનાં જૂઠાણાંનાં ઉદાહરણો છે. આ પ્રકરણને અંતે આપણે સામ અને દામના દાખલા વિશે જાણીશું. આપણને ખ્યાલ

Gandhi Heritage Portal

છે જ કે પંજાબના માર્શલ-લૉ વખતે જેમણે પોતાની માણસાઈને લાંછન લગાડયું હતું તેમને ઈલકાબો મળ્યા હતા અને તેમને બઢતીઓ આપવામાં આવી હતી. બારડોલી કે જે અત્યારે નાનું પંજાબ જ છે ત્યાં એ ઘટનાઓની પુનરાવૃત્તિ જ થશે. જ્યારે સરકારને કોઈ પાસેથી કાંઈક વાંધાભરેલું કામ કઢાવવું હોય છે ત્યારે જે સૂક્ષ્મ પ્રકારની ખુશામતના પ્રયોગો તે કરે છે તેનો નિર્દેશ હું અહીં કરતો નથી. ઘણીખરી સરકારો આ ચાર પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. પરંતુ આમાં ખૂબ જ દુ:ખ થાય એવી વાત એ છે કે કેવળ નિર્દોષ અને નમ્ર પ્રજાને કચડી નાખવાને મુંબઈ સરકારે આ બધાં બળોને એકી સાથે છૂટાં મૂકી દીધાં છે. એ લોકો કાનૂનભંગ કરનારાઓ છે એમ કહેવું એ તેમની અધમ પ્રકારની નાલેશી જ છે. પોતે સ્વીકારતો નથી એવી જવાબદારી જેમ માણસ કાયદેસર રીતે નકારી શકે છે, તેમ સરકારે અન્યાયી રીતે કાઢેલું લેણું જો ખેડૂતોને ગેરકાયદેસર લાગતું હોય તો તેનો કાયદેસર ઇનકાર તે શા માટે ન કરી શકે? અને સરકારને જો એમ લાગતું હોય કે તેનું વધારાનું લેણું વાજબી છે તો તે તેવા કિસ્સામાં અન્ય વ્યક્તિઓ કરે છે તેમ દીવાની રાહે પગલાં શા માટે લેતી નથી?

પણ બારડોલીના લોકો ઉપર મનસ્વીપણે જે આ કષ્ટસહન લાદવામાં આવ્યું છે તેને લીધે તેની ઉન્નતિ જ થઈ છે. કારણ કે એને માટે એમણે તૈયારી કરી જ રાખી હતી. જે પ્રતિષ્ઠા જાળવવા માટે સરકાર આ પત્રમાં દર અઠવાડિયે વર્ણવવામાં આવતા બેબાકળા પ્રયત્નો કરી રહી છે એ જ પ્રતિષ્ઠાને ભોળાભલા ખેડૂતોએ લીધેલ બહાદુરીભર્યા વલણે જમીનદોસ્ત કરી છે.

પરંતુ આસુરી અને ઉદ્ધત સત્તાએ ઝીંકેલી આ યાતનાઓ કરતાં પણ લોકો પોતે જે યાતનાઓ પોતાના પર લાદી રહ્યા છે તે વધારે પાવનકારી છે. બારડોલી અને વાલોડના ૬૩ પટેલોએ અને ૧૧ તલાટીઓએ જે રાજીનામાં મૂકી દીધાં છે તેનો હું અત્રે ઉલ્લેખ કરું છું. જે જગ્યાઓનો ઉપયોગ આ લોકોએ સામાન્ય પગારમાં ગેરકાયદેસરનો વધારો મેળવવા માટે વારંવાર કર્યો હતો તેને એકદમ છોડી દેવી એ કંઈ નાનીસૂની વાત નથી. મોટા સરકારી અધિકારીઓ કરતાં પણ નાની કક્ષાના આવા સેવકો માટે પોતાની નોકરી આવી રીતે છોડી દેવાનું વધારે મુશ્કેલ છે. પરંતુ કષ્ટસહન તેમ જ બહાદુરી એ નમ્ર અને ગરીબ માણસોની વિશિષ્ટ શોભા છે. આ પટેલો અને તલાટીઓને હું મારાં આદરપૂર્ણ અભિનંદન પાઠવું છું. તેઓ અવશ્ય જાણે કે તેમના બલિદાનથી તેમણે સમસ્ત હિંદુસ્તાનનાં આદર ને સન્માન મેળવ્યાં છે. આવા પ્રકારના બલિદાનથી જ છેવટે આપણે સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવા શક્તિમાન થઈશું. સરકારી તંત્રમાં હોદ્દો મેળવવાની આપણી ઇચ્છાના આપણે ગુલામ છીએ અને આપણી નબળાઈ સરકાર જાણે છે એટલે તેનો ઉપયોગ તે પોતાના રાજ્યના પાયા મજબૂત બનાવવામાં કરી રહી છે. પરંતુ જો આપણે એટલી શ્રદ્ધા રાખીશું કે જેણે દાંત આપ્યા છે તે ચાવણું પણ આપશે; આપણે તેની ઇચ્છાને અનુસરવાને પ્રયત્ન કરીશું, એટલે કે હાથ-પગ વડે પ્રામાણિક શ્રમ કરીશું, તો આપણે કદી ભૂખે મરીશું નહીં. એટલું જ નહીં પણ સત્તાની સામે ઘૂંટણિયાં તાણીશું નહીં.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १४–६–१९२८

Gandhi Heritage Portal

## ૪૮૦. બારડોલીનો કેસ શું છે?

બારડોલીના કેસના ટૂંકસાર માટે જુદાં જુદાં સ્થળેથી થયેલી પૂછપરછના જવાબમાં તેનો આ સારાંશ અતિવ્યસ્ત વાચક માટે તૈયાર કર્યો છે.[1] આ આખાયે કેસની ચર્ચા આ પૃષ્ઠોમાં વિગતવાર કરવામાં આવી છે, તોપણ જેઓ સત્યાગ્રહીઓ માટે કામ કરવા માગતા હોય, પરંતુ આ કેસથી માહિતગાર ન હોય અથવા જેમને એ માટે સાપ્તાહિકોની જૂની ફાઈલો જોવા સમય ન હોય, તેમને તે ઉપયોગી થશે. આ કેસનો સારાંશ એ કારણે જરૂરી છે કે બારડોલીના લોકોના બહાદુરીભર્યા કષ્ટસહને જાગ્રત કરેલો લોકોનો રસ એકધારો વધી રહ્યો છે.

[મૂળ અંગ્રેજી]

**यंग इन्डिया, १४–६–१९२८**

## ૪૮૧. અખિલ હિંદ ચરખા સંઘનું સભ્યપદ

અખિલ હિંદ ચરખા સંઘના ટેક્નિકલ ખાતાના નિયામક મને નીચેનો તુલનાત્મક કોઠો[2] મોકલે છે:

તુલનાત્મક કોઠો બોધક અભ્યાસ પૂરો પાડે છે. જ્યારે ખાદીની વ્યાપારવિષયક બાજુ તેની ગુણવત્તા, જથ્થો અને કિંમતમાં ધીમો પણ એકધારો વધારો સૂચવે છે, અને જ્યારે પગારદાર કાંતનારાઓની સંખ્યા વધતી જાય છે ત્યારે બીજી બાજુથી બિહાર અને અજમેર બાદ કરતાં યજ્ઞાર્થે કરેલું કાંતણ ઘટતું જાય છે. આ બતાવે છે કે કાં તો આપણામાં આમજનતાની સ્થિતિ સુધારવાની અને મધ્યમવર્ગને આમજનતાના આરોગ્યપ્રદ સંપર્કમાં લાવવાની કાંતણની શક્તિમાં ઊંડી શ્રદ્ધાનો અભાવ છે અથવા તો આવી શ્રદ્ધા હોવા છતાં મધ્યમવર્ગના લોકો તેમની પાસેથી અપેક્ષા રાખ્યા પ્રમાણે આ સ્વલ્પ છતાં સતત કરવાનો કાંતણયજ્ઞ કરવામાં વધુ પડતા આળસુ અને બેદરકાર બનતા જાય છે. વિચિત્ર વાત તો એ છે કે ગુજરાત જેવા પ્રદેશની કેટલીયે રાષ્ટ્રીય સંસ્થાઓ પણ એમને ફાળે આવતી સંખ્યામાં સ્વેચ્છાએ કાંતનારાઓ પૂરા પાડી શકતી નથી અને ખાદીસેવામાં જોડાયેલા કાર્યકરો પણ જો વળતર ન મળે તો કાંતવાની તસ્દી લેવા રાજી નથી. એટલે રાષ્ટ્રની જરૂરિયાતના પ્રમાણમાં ખાદી પ્રગતિ કરતી નથી એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે? ખાદીસેવકો અને ખાદી પ્રેમીઓ આની નોંધ લે.

[મૂળ અંગ્રેજી]

**यंग इन्डिया, १४–६–१९२८**

૧. મહાદેવ દેસાઈના આ લેખ માટે જુઓ પરિશિષ્ટ ૩.

૨. આ કોઠો અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

# ૪૮૨. રામદેવને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૫, ૧૯૨૮

પ્રિય રામદેવજી,

બાને દહેરાદૂન જવા હું સમજાવી શકીશ એવી આશામાં ને આશામાં મેં તમારા પત્રનો જવાબ આપવાનું મોડું કર્યું છે, પરંતુ હું તેને સમજાવી શક્યો નથી. તેની આજુબાજુની પ્રવૃત્તિ વિશેનો બધો જ રસ તેણે ગુમાવી દીધો લાગે છે. મને ભય છે કે આશ્રમમાં જે ઘણા મહત્ત્વના ફેરફારો હમણાં કરવામાં આવ્યા છે તે પણ એના મનને કોરી ખાય છે. તેની પોતાની તબિયત પણ આજકાલ બહુ સારી રહેતી નથી. ધીમે ધીમે તેને માનસિક અને શારીરિક થાક જણાઈ રહ્યો છે. આવી એની સ્થિતિ હોવા છતાં મેં ઘણો પ્રયાસ કર્યો પણ નિષ્ફળ ગયો. તમને નિરાશ કરવા પડે છે તેથી હું દિલગીર છું. પરંતુ હું કેવો અસહાય છું તે તમે સમજી શકશો. આખરે એ પોતાનો નિર્ણય કરવાને સ્વતંત્ર છે અને એવું સ્વાતંત્ર્ય એને હમેશાં આપવામાં આવ્યું છે.

તમારી તબિયત હવે તદ્દન સારી થઈ ગઈ એ જાણીને મને આનંદ થયો.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૪૧૬

# ૪૮૩. રિચાર્ડ બી. ગ્રેગને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૫, ૧૯૨૮

પ્રિય ભાઈ ગોવિંદ,

તમારો પત્ર મળ્યો છે. તમારી દલીલ વિશ્વાસ બેસે એવી છે. અને તમારો 'આત્માનો અવાજ' જ્યારે કહે છે કે ખુદ આપણા સમાન ધ્યેયને પાર પાડવા માટે હાલમાં તમારી હિંદુસ્તાન કરતાં અમેરિકામાં વધારે જરૂર છે ત્યારે મારે કશું કહેવાનું હોય નહીં. અમેરિકામાં તમને સંપૂર્ણ સફળતા મળે એમ હું ઇચ્છું છું. અને તમારા નિર્ણયને હું સ્વીકારતો હોવાથી કંઈ પણ વધારે કહેવાની મને જરૂર લાગતી નથી.

આશ્રમમાં હું ડિસેમ્બર સિવાય વર્ષમાં ગમે ત્યારે હોઈશ એવી મને આશા છે. ઑક્ટોબરમાં કદાચ હું બ્રહ્મદેશ જાઉં એવી શક્યતા છે. પરંતુ તેમ થશે તોપણ તે માસના અંતમાં જ જવાનું થશે. જો તે નક્કી થશે તો તમને તે વિશે વેળાસર જાણ કરવામાં આવશે. કોઈ પણ હિસાબે તમારે મને મળ્યા સિવાય જવાનું નથી.

Gandhi Heritage Portal

તમારી વિજ્ઞાનની બાળપોથીની હું આતુરતાથી રાહ જોઈ રહ્યો છું.

હું ઇચ્છું છું કે આશ્રમમાં અત્યારે જે ભારે ફેરફારો થઈ રહ્યા છે તેનું વર્ણન કરવાનો મારી પાસે સમય હોય. સમય છે એવું લાગતાં હું તે ફેરફારો વિશે તમને જરૂર જણાવીશ. અથવા તમે અહીં આવશો ત્યારે તમે જાતે જ એ ફેરફારો પૂરેપૂરા અમલમાં મુકાયેલા જોઈ શકશો.

હું આશા રાખું છું કે તમે હવે સાજાસમા હશો.

રિચાર્ડ બી. ગ્રેગ

કોટગઢ, સિમલા હિલ્સ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૪૧૭

## ૪૮૪. વસુમતીબહેન પંડિતને પત્ર

શુક્રવાર [જૂન ૧૫, ૧૯૨૮][1]

ચિ. વસુમતી,

તમારો કાગળ મળ્યો છે. મેં ગુરુકુળની સ્થિતિ વિશે પંડિત અભયજી[2]ને કાગળ લખ્યો. ત્યાં કોઈક પણ પુરુષ હોય તો જ સુધારા થાય એમ લાગે છે. અહીં લૂંટ થઈ ગઈ. સુરેન્દ્રને માર પડચો. થોડો શંકરભાઈને પણ. કોઠારમાંથી રૂ. ૨૦૦ની ચોરી થઈ. આશ્રમમાં ઘણાયે સુધારા થઈ રહ્યા છે. વધારે લખવાનો સમય નથી. સુરેન્દ્રની તબિયત સરસ છે. મહાદેવ કૂવા ઉપરથી પડી જતાં ઠીક ચોટ લાગી છે.

બાપુના આશીર્વાદ

શ્રી વસુમતીબહેન

કન્યાગુરુકુલ

દહેરાદૂન

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૪૭૮; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

૧. ટપાલની છાપ પરથી.

૨. અભયદેવ શર્મા.

Gandhi Heritage Portal

## ૪૮૫. એસ. રામનાથનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૬, ૧૯૨૮

પ્રિય ભાઈ રામનાથન્,

તમારો હૃદયસ્પર્શી પત્ર મને મળ્યો છે. તમે મને જેટલા વહાલા છો તેથી પણ વધારે વહાલ કરવું શકય હોય તો આ પત્રની સચ્ચાઈથી તમે મને વધુ વહાલા થઈ પડયા છો.

તમારા પત્રમાં જે કેટલાક વિચારો તમે દર્શાવ્યા છે તેની સાથે હું સંમત થતો નથી. પરંતુ તે હવે અપ્રસ્તુત છે. તમે જે કહો છો તેમાં તમે સંપૂર્ણપણે માનો છો એ જ મહત્ત્વનું છે. મારા પક્ષે મને લાગે છે કે અમારે તમને સમજાવવાનો પ્રયત્ન ન કરવો જોઈએ, પણ બધી શુભેચ્છાઓ સાથે તમને અમારાથી છૂટા પડવા દેવા જોઈએ. પણ હું તમારો પત્ર રાજગોપાલાચારીને મોક્લું છું અને તેમની સાથે ચર્ચા[1] કરું છું. મને આશા છે કે તમે વાંધો નહીં લો.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૬૨૦

## ૪૮૬. રામચંદ્રનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૬, ૧૯૨૮

પ્રિય ભાઈ રામચંદ્રન્,

તિરુપુરથી તમારો પત્ર મળ્યો. તેથી મને આનંદ થયો.

હા, તમારે ઝીણામાં ઝીણી વસ્તુથી માંડીને બધામાં પારંગત થવું જોઈએ, કારણ કે ખાદી એટલે ઝીણામાં ઝીણા તાંતણાની સંભાળ, પછી એ કાંતવાનું હોય, વણવાનું હોય કે પીંજવાનું હોય; દરેકમાં નાજુકમાં નાજુક તંતુથી જ શરૂઆત કરવાની હોય છે અને આ ઝીણવટની વાત ખાદીના હિસાબ-કિતાબ બાબતમાં પણ એટલી જ સાચી છે.

તમારે મને નિયમિત રીતે લખવું જોઈએ, અને તમે મને કેટલી વાર લખશો, અઠવાડિયે એક વાર કે પખવાડિયે એક વાર, એ મને જણાવશો તો મને ગમશે; જેથી દક્ષિણ આફ્રિકાની ટપાલની જેમ નિયત મુદતે તમારા પત્રની રાહ જોઉં.

૧. જુઓ "ચ. રાજગોપાલાચારીને પત્ર", ૧૭-૬-૧૯૨૮.

Gandhi Heritage Portal

તમારે આશ્રમનું બંધારણ[1] સંભાળપૂર્વક વાંચવું જોઈએ. અને તે બાબતમાં તમારાં જે સૂચનો હોય તે મને મોકલવાં જોઈએ. તમે જાણો છો તેમ આશ્રમનું બંધારણ આ સપ્તાહના યંગ ઇન્ડિયાના અંકમાં પ્રસિદ્ધ થયું છે.

આશ્રમના કૂવામાંથી મહાદેવ પાણી લાવતા હતા ત્યારે તેમને સખત ઈજા થઈ છે. તેઓ લપસી ગયા અને ચત્તાપાટ પડ્યા. તેમને હવે સારું છે.

આશ્રમમાં ઘણા અગત્યના ફેરફારો અમલમાં આવ્યા છે, જેમાંનો એક ફેરફાર એ છે કે જેને આપણે સામાન્ય રીતે મજૂર કહીએ છીએ એવા મજૂરો હવે ભાગ્યે જ રહ્યા છે. ગોશાળા અને ખેતરો તેમ જ બીજાં બધાં સ્થળે આશ્રમવાસીઓએ જાતે જ કામ કરવાનું હોય છે. સંયુક્ત રસોડામાં સંખ્યા ૯૪ સુધી પહોંચી છે. આપણે ત્યાં બે ગંભીર ચોરીઓ પણ થઈ ગઈ. ૫૦ લૂંટારાઓ આવ્યા અને ચર્માલયને ઘેરી વળ્યા. તેમાં તેમણે દરેક પુરુષ કાર્યકરને કંઈક મળવાની આશાથી સારી રીતે માર માર્યો. પણ ત્યાંથી કશું મળે એમ નહોતું. બિચારા સુરેન્દ્રને સારો એવો માર પડ્યો. પરંતુ તે હવે બરાબર સાજા થઈ ગયા છે.

શ્રીયુત રામચંદ્રન્
અખિલ હિંદ ચરખા સંઘ, તિરુપુર

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૬૨૧

## ૪૮૭. રજાઓમાં ખાદીસેવા

મુંબઈ રાષ્ટ્રીય શાળાના તકલી મંડળના સંચાલકોએ આચાર્ય શ્રી ગોકુલભાઈની સાક્ષીવાળો નીચેનો લેખ મોકલ્યો છે તે કંઈ પણ કાપકૂપ કર્યા વિના હું આપું છું. દરેક શાળાના અધ્યાપકોનું તે તરફ ધ્યાન ખેંચું છું. રજાનો આવો સારો ઉપયોગ કરવાને સારુ હું તકલી મંડળને ધન્યવાદ આપું છું. તકલી મંડળમાં રાષ્ટ્રીય શાળામાં ભણતા બધા વિદ્યાર્થીઓએ દાખલ થવું ઘટે છે. તેમાં હજી વધારે રસ રેડવાથી ઘણું વધારે કામ થઈ શકે તેમ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૭-૬-૧૯૨૮

૧. જુઓ "સત્યાગ્રહાશ્રમ", ૧૪-૬-૧૯૨૮.

Gandhi Heritage Portal

# ૪૮૮. મારી નોંધ

## લૂંટારુ પત્રકાર

કેટલાંક વર્તમાનપત્રોના માલિકો અને તંત્રીઓ કેવળ લૂંટારાનો જ ધંધો કરતા જણાય છે. ગમે તે બહાનાં શોધી, નિર્દોષ માણસોની ખોટી ટીકાઓ કરી, તેમને ધમકી આપી, તેમની પાસેથી પૈસા લૂંટવાનો ધંધો કરે છે. કેટલાક પૈસા લઈને કાળાનું ધોળું સાબિત કરી આપવાનો પ્રયત્ન કરે છે. અને આમ ભોળી જનતાને ભમાવે છે. આવો એક દાખલો મને એક મિત્રે કલકત્તાથી મોકલ્યો છે. ત્યાં ચાલતું એક વર્તમાનપત્ર ગોવિંદ ભવનને વિશે જાહેર થયેલ અનીતિનો લાભ લઈ ઘણાં કુટુંબોને નિંદી રહેલ છે, ને મારવાડી કોમના સાદા માણસોને રંજાડી રહેલ છે. નહીં બનેલી એવી અશ્લીલ વાતો શોધી કેટલાંક કુટુંબીઓને તેની સાથે જોડી દે છે. આ ગંદું વર્તમાનપત્ર મોકલનાર મિત્ર ઇચ્છે છે કે મારે આવાં વર્તમાનપત્રોને વિશે કંઈક લખવું કે જેથી એવાં વર્તમાનપત્રો પોતાની વર્તણૂક સુધારે. મારા લખાણની એવી આશા તો હું રાખતો નથી તેથી આ લેખ તેમને ઉદ્દેશીને નથી, પણ જે કુટુંબોની ખોટી નિંદા કરીને જેને લૂંટવાનો ધંધો આવાં વર્તમાનપત્રો કરે છે તેને ઉદ્દેશીને છે.

અંગ્રેજીમાં કહેવત છે કે "જ્યાં ભોળા માણસો વસે છે ત્યાં લુચ્ચા કમાઈ ખાય છે." આ કહેવત અનુભવપૂર્વક ઘડાયેલી છે. જેમની ગમે તેટલી નિંદા કરતાં છતાં જેઓ ગભરાતાં નથી તેમની નિંદા છેવટે થાકીને નિંદક છોડી દે છે. આપણામાં ખોટી શરમ અને ખોટી લોકલજ્જા બહુ પેસી ગયાં છે. તેથી ગમે તે માણસ આપણને ડરાવી શકે છે અને લૂંટી શકે છે. કોઈ આપણી ખોટી ટીકા કરે, આપણી ઉપર જૂઠો આરોપ મૂકે, તો કેમ જાણે આપણે તે ટીકા અને આરોપના પાત્ર હોઈએ નહીં તેમ ડરી જઈએ છીએ. જ્યારે યોગ્ય વર્તણૂક તો એ છે કે આપણી ગમે તેવી ટીકા થતી હોય છતાં જો તે ખરી ન હોય તો આપણે મુદ્દલ દબાઈએ નહીં, અને એવી ટીકાને સારુ બેફિકર રહીએ.

## સત્યાદિ વ્રતો વિશે

આશ્રમ નિયમાવલિમાં જે નિયમોનું પાલન આવશ્યક માનવામાં આવ્યું છે, તેને વિશે એક આશ્રમવાસીએ વધારા સૂચવેલા તે રહસ્યવાળા અને તે તે વ્રતોમાં પાલન કરવામાં મદદ દેનારા હોવાથી તેનો સાર નીચે આપું છું.

પ્રત્યેક વ્રતને છેડે હિંદુશાસ્ત્રમાંથી આધાર આપવામાં આવ્યો છે. એ આધારો નિયમાવલિમાંથી ઇરાદાપૂર્વક મૂકી દેવામાં આવ્યા છે. કેમ કે વ્રતોના ગર્ભમાં રહેલા સિદ્ધાંતો હિંદુ ધર્મનો ઇજારો નથી, પણ સર્વ ધર્મમાં સામાન્ય છે એમ આશ્રમની માન્યતા છે. પણ જે આધારો ટંકાયા છે તે સુંદર છે તેથી વાંચનારની જાણ ખાતર આપ્યા છે.

**સત્ય**

'મિત ભાષણ એ સત્યનું કવચ હોવાને લીધે તેનો સમાવેશ આમાં થાય છે.' સત્યમેવ जयते नानृतम् । સત્યનો જ જય છે, અસત્યનો નહીં જ.

Gandhi Heritage Portal

**અહિંસા**

'અહિંસા એ સર્વ ધર્મની મર્યાદા છે.' न पापे प्रति पापः स्यात् । પાપનો જવાબ પાપથી ન હોય.

**બ્રહ્મચર્ય વ્રત**

'સર્વ ઇન્દ્રિયોનો સંપૂર્ણ સંયમ આ વ્રતમાં ગૃહીત છે.' यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति । પ્રભુને પામવાની ઇચ્છા રાખનારા બ્રહ્મચર્યનું પાલન કરે છે.

**અસ્તેય**

तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्क्ते स्तेन एव सः । ઈશ્વરે આપેલું ઈશ્વરને અર્પણ કર્યા વિના જેઓ ભોગવે છે તે ચોર છે.

**અપરિગ્રહ**

तेन त्यक्तेन भुञ्जीथाः । પરિગ્રહનો ત્યાગ કરીને વિચરજે.

**અભય વ્રત**

'ભીતિ અને નીતિ એ પરસ્પર વિરુદ્ધ કલ્પના છે. અભયવૃત્તિ એ દૈવી સંપત્તિનો પાયો છે.' अभयं सर्व भूतेभ्यः બધાને અભયદાન આપે તે જ નિર્ભય બને.

**અસ્વાદ**

આહારનું સ્વાદપૂર્વક સેવન કરવું એ હિંસા છે. आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः स्मृतिर्लम्भे सर्वग्रन्थीनां विप्रमोक्षः । આહાર શુદ્ધિથી અંતઃકરણશુદ્ધિ થાય છે, અંતઃકરણની શુદ્ધિથી આત્મસ્મરણ દૃઢ થાય, સ્મરણપ્રાપ્તિથી બધી ગ્રંથિઓનો નાશ થાય છે.

**સ્વદેશી**

અહિંસા એ જેમ ધર્મની મર્યાદા છે તેમ સ્વદેશી એ વ્યવહારની મર્યાદા છે.

स्वधर्मे निधनं श्रेयः । સ્વધર્મમાં મોત પણ શ્રેયસ્કર છે.

**જાતમહેનત**

शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् । કેવળ શારીરિક કર્મ નિષ્કામભાવે કરવાથી પાપ થતું નથી.

**અસ્પૃશ્યતાનિવારણ**

नमः पूर्वजाय च अपरजाय च । ઊંચનીચ બધાને નમસ્કાર.

**સહિષ્ણુતા**

सहनं सर्वधर्माणाम् तितिक्षा सा शुभा मता । બધા ધર્મને સહન કરવામાં જ તિતિક્ષા છે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, १७–६–१९२८

Gandhi Heritage Portal

# ૪૮૯. ગવર્નર અને બારડોલી

શ્રી મુનશીની સાથેનો ના. ગવર્નરસાહેબનો પત્રવ્યવહાર ચાલુ રાજ્યતંત્રનો આબેહૂબ ચિતાર આપે છે. એક તરફથી શ્રી મુનશી લોકમત તરફ ન ઢળે તે હેતુથી તેમને રીઝવવા સારુ લાંબી દલીલના કાગળો સરકાર લખે છે, ને બીજી તરફથી તે કાગળોમાં સિદ્ધ થઈ શકે તેવાં અસત્યો ચીતરે છે ને લોકોને ખોટા પાડવાનો પ્રયત્ન કરે છે. જે વસ્તુ લોકો તરફથી અનેક વાર સ્પષ્ટ રીતે બતાવવામાં આવે છે તેનો ઇનકાર હજુ પણ કર્યા કરે છે, કેમ જાણે અસત્યને વખતોવખત બોલ્યા કરવાથી તે સત્ય બની જતું હોય નહીં!

આખા કાગળમાં એક જ વાત તરી આવે છે. સરકાર પોતાની મહેસૂલનીતિ બદલવા તૈયાર નથી. એ મહેસૂલનીતિ બદલાય તો દુનિયામાં સહુથી વધારે ખરચાળ રાજ્ય ચાલતું બંધ થાય, અથવા તેનું ખર્ચ લોકોના ગજા પ્રમાણે ચાલે.

ગવર્નરસાહેબ કહે છે કે રાજ્ય અને પ્રજાની વચ્ચે સ્વતંત્ર તપાસ થાય જ નહીં. આમ કહીને તેઓ સાહેબ લોકોની આંખમાં ધૂળ નાંખે છે. સ્વતંત્ર તપાસ પણ સરકારી તપાસ હશે. ન્યાયખાતું અમલી ખાતાથી સ્વતંત્ર હોય છતાં તે પણ સરકારી ખાતું છે. કમિટીની નિમણૂક લોકો કરે એમ કોઈએ માગ્યું નથી. પણ તટસ્થ માણસો નિમાઈ જેમ અદાલતોમાં તપાસ ચાલે છે તેમ બારડોલીની મહેસૂલના કેસની તપાસ થાય એમ લોકોની માગણી છે. આમાં સરકારને રાજ્યની લગામ છોડી દેવાની વાત નથી, પણ જોહુકમી, નાદિરશાહી છોડી દેવાની વાત અવશ્ય છે. અને જો લોકોને સ્વરાજ મળવું છે ને તેમણે તે મેળવવું છે તો આ નાદિરશાહીનો સર્વથા નાશ થવો જ છે.

આ દૃષ્ટિએ બારડોલીની લડતે હવે વ્યાપક સ્વરૂપ પકડયું છે, અથવા આપણાં સદ્ભાગ્યે સરકારે તેને વ્યાપક સ્વરૂપ આપ્યું છે.

સત્યાગ્રહનું શસ્ત્ર ગેરકાયદેસર છે એવી શ્રી મુનશીની દલીલ અથવા કબૂલાત દુ:ખકર છે. તે હવે તો અંકાઈ ગયેલું શસ્ત્ર ગણાય. દક્ષિણ આફ્રિકામાં જ્યારે તેનો ઉપયોગ થયો ત્યારે લૉર્ડ હાર્ડિંગે તેનો બચાવ કર્યો હતો. ચંપારણમાં બિહારની સરકારે તેનો સ્વીકાર કરી કમિટી નીમી હતી. બોરસદમાં શ્રી વલ્લભભાઈએ તે જ શસ્ત્રનો ઉપયોગ કર્યો, ને હાલના જ ગવર્નર સાહેબે તેને માન આપી લોકોને દાદ આપી હતી. હવે તે શસ્ત્ર કેમ કાયદા વિરુદ્ધ ગણવું તે ન સમજાય તેવું છે.

પણ સત્યાગ્રહ કાયદા વિરુદ્ધ હોય કે ન હોય એ અત્યારે પ્રસ્તુત સવાલ નથી. લોકોની માગણી વાજબી હોય, તો લોકોની માગણી કરવાની રીત ગમે તેવી હોય છતાં તેની યોગ્યતા ઓછી નથી થઈ શકતી.

આ પ્રશ્નનો ઉકેલ લાવવાનું કામ માત્ર બારડોલીના સત્યાગ્રહીઓના હાથમાં જ છે. તેમનો ત્યાગ અને તેમની હિંમત સાચાં હશે તો તેનો ઉકેલ એક જ રીતે થવાનો છે. લોકો મહેસૂલ નહીં ભરે તો સરકારે કાં તો તે છોડવી પડશે અથવા કમિટી નીમવી પડશે. લોકોનું માન તેમના પોતાના જ હાથમાં છે, એ વાત આ પત્રવ્યવહારમાંથી નીતરી આવે છે.

Gandhi Heritage Portal

બારમી તારીખે સ્થળે સ્થળે બારડોલીના લોકોની સ્તુતિ થઈ છે. બારડોલી બહારથી પ્રજા હાલ તુરત એક જ કામ કરી શકે છે, તે પૈસાની મદદ તથા સહાનુભૂતિનું પ્રદર્શન. આર્થિક મદદ છૂટથી બધી જગ્યાએથી આવી રહી છે. આજ લગીમાં એક લાખ આવી ગયા છે. આખું હિંદુસ્તાન બારડોલીની માગણીને એકમતે વધાવે છે. પણ જોહુકમી સરકાર તો બળને જ નમે. પશુબળનો લોકોએ સમજપૂર્વક ત્યાગ કર્યો છે. સત્યાગ્રહરૂપી આત્મબળનો ઉપયોગ બારડોલી કરી રહેલ છે. તેની આગળ સરકારબળ તુચ્છ છે. બારડોલી પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરશે?

સરકારી કાગળમાં અને તેના ખબરખાતાની નોંધમાંથી એક ગંધ આવે છે તે પારખી લેવાની જરૂર છે. ના. ગવર્નરના કાગળમાં પઠાણોને ખેંચવાનું કારણ લોકમતને માન આપવાનું બતાવ્યું છે, જ્યારે સરકારી ખબરખાતું કહે છે કે હવે વરસાદની મોસમ શરૂ થઈ એટલે પઠાણોની જરૂર થોડી જ રહેવાનો સંભવ છે. આ બે જાતનાં કારણોનું કારણ ગવર્નરસાહેબ જાણે. પણ આપણે તો ખબરખાતાના કારણનો ભેદ સમજી લઈએ. વરસાદની મોસમમાં જપ્તી વગેરે કરવાને બદલે, એટલે ઉઘાડી દમનનીતિ આચરવાને બદલે સામનીતિનો ઉપયોગ કરશે એવો સંભવ ને ભય છે. લોકોને બોલાવીને, છૂપા જાસૂસો મોકલીને, પ્રલોભનો આપી તેમાં ધમકીઓ ભેળવી તેમને ફોડવાના ઉપાયો લેવાવાનો સંભવ છે. આ મૂઢ મારથી લોકો ચેતશે એવી આશા રાખું છું.

[મૂળ ગુજરાતી]

नवजीवन, १७-६-१९२८

## ૪૯૦. કેળવણી વિશે પ્રશ્નો – ૩

પ્ર. ૭. જેમ દરેક વિદ્યાર્થીને ત્રણ-ચાર ભાષાનું જ્ઞાન આવશ્યક ગણાય છે તેમ બધા પ્રચલિત ધર્મોના સિદ્ધાંતો, વિધિઓ, આગ્રહો અને વહેમોની માહિતી આપવાની જરૂર છે એમ આપને નથી લાગતું?

જો દરેક ધર્મ, જે ધર્મ છે અને અધર્મ નથી, તેના પ્રત્યે વિદ્યાર્થીઓ પાસે આપણે માન, ઉદારતા અને પ્રેમ ઉત્પન્ન કરાવવા ચાહતા હોઈએ તો તેના સિદ્ધાંતોની માહિતી અવશ્ય આપવી જોઈએ. વહેમો અને વિધિઓ જાણવાની આવશ્યકતા મને બહુ નથી લાગતી. હિંદુસ્તાન જેવા મુલકમાં તો પોતાનાં આંખ અને કાન ખુલ્લાં રાખીને ચાલનાર વહેમો અને વિધિઓ જોઈ જ શકે છે. આપણે ગુણગ્રાહી થવા ઇચ્છતા હોઈએ તો પ્રત્યેક ધર્મના વિધિ-વહેમો જાણવાનો આગ્રહ જ ન રાખીએ. આપણા પોતાના ધર્મમાં વિધિઓ અને વહેમો પડયાં હોય તે સૂક્ષ્મપણે જાણી તેમાં જે સુધારાઓ આવશ્યક હોય એ કરાવવાનો આગ્રહ વિદ્યાર્થીઓની પાસે રખાવતાં જ એમનો વખત ઠીક લેવાઈ જવાનો સંભવ છે.

૮. આપ વર્ણવ્યવસ્થામાં માનો છો, તો વર્ણ પરત્વે કેળવણી ભિન્ન હોવી જોઈએ એટલું આપ સ્વીકારો છો કે નહીં?

મને લાગતું નથી કે પ્રત્યેક વર્ણને સારુ નોખી કેળવણી હોવી જોઈએ; પ્રત્યેક વર્ણમાં ઘણી સમાનતા રહેલી છે, અને આપણી કેળવણી સામાન્ય હોવી જોઈએ, અને હાલ છે. કેળવણીનો

Gandhi Heritage Portal

એક ઉદ્દેશ વિદ્યાર્થીને મનુષ્ય બનાવવાનો છે, અને જે મનુષ્ય બનશે તે મનુષ્યને લગતા અને તેને શોભતા કાયદાઓ સહેજે જાણી લેશે. વર્ણની મારી કલ્પનામાં તો એ રહ્યું છે કે તે ધંધા ઉપર રચાયેલ હોવાથી અને ચાર વર્ણો પૈકી પ્રત્યેકને પોતપોતાના ધંધા મારફતે આજીવિકા મેળવવી છે એટલે, તે તે વર્ણની વિશેષતા તો વંશપરંપરા ઊતરેલી હોવી જોઈએ. વળી વર્ણધર્મનો હું એવો અર્થ કરતો નથી કે એકમાં બીજા ત્રણના ગુણ કદી હોય જ નહીં. બ્રાહ્મણ શૂદ્રની જેમ પરિચર્યા કરી પેટ નહીં ભરે, પણ તેને જો પરિચર્યા કરતાં ન આવડે અથવા કરતાં શરમાય તો તે બ્રાહ્મણ જ નથી. નિ:સ્વાર્થ સેવા વિના શુદ્ધ જ્ઞાન સંભવે જ નહીં. અને શૂદ્ર જોકે વેદાદિ શીખવીને ભિક્ષાપાત્રમાં મળેલા અન્ન ઉપર નિર્વાહ નહીં કરે, છતાં સુવ્યવસ્થિત સમાજમાં તે પણ વેદાદિનું જ્ઞાન તો પામ્યો જ હશે.

૯. શું એ વાત સાચી છે કે આપ કહો છો કે ઉદ્યોગની કેળવણીમાં જ બધી કેળવણી આવી જાય છે, બૌદ્ધિક કેળવણી એ તો માત્ર કેળવણીના શણગારરૂપ જ છે? એમ હોય તો મહાવિદ્યાલયની કેળવણીને આપ શા માટે વધાવી લો છો?

આ વાત જેટલી સાચી છે તેટલી જ ખોટી છે. જ્યાં બૌદ્ધિક કેળવણીની મૂર્તિપૂજા કરવામાં આવે ત્યાં હું અવશ્ય કહું કે ઉદ્યોગની કેળવણીમાં બધું આવી જાય. કેળવણીની મારી વ્યાખ્યામાં બુદ્ધિ અને ઉદ્યોગ એવા વચ્ચે સિમેન્ટથી ચણાયેલી ઈંટની દીવાલવાળા બે વાડા નથી, પણ ઉદ્યોગની કેળવણીમાં બુદ્ધિની કેળવણી એટલે બુદ્ધિનો વિકાસ પૂરેપૂરો રહ્યો છે. ઉદ્યોગની કેળવણી વિના બુદ્ધિનો ખરો વિકાસ સંભવે નહીં, એમ કહેવાની પણ હું ધૃષ્ટતા કરું ખરો. કડિયાને આજીવિકા મેળવવા પૂરતું જે જ્ઞાન હોય છે તે મારી દૃષ્ટિએ કેળવણી નથી. કેળવણીમાં તો એ ઉદ્યોગનું સમાજમાં શું સ્થાન છે, ઈંટ શું છે, ઘરની શી આવશ્યકતા છે, ઘર કેવાં હોવાં જોઈએ, ઘરને સભ્યતા સાથે કેવો નિકટ સંબંધ છે, એ બધું કડિયાની કેળવણીનો વિષય છે. બૌદ્ધિક કેળવણી એટલે હકીકતોનું સામાન્ય જ્ઞાન એવો આપણે ખોટો અર્થ ઘણી વાર માની લઈએ છીએ. એવું સામાન્ય જ્ઞાન ન મેળવતાં છતાં બુદ્ધિનો સંપૂર્ણ વિકાસ સંભવિત છે. જે કેળવણીકાર વિદ્યાર્થીઓનાં મગજને અગણિત હકીકતો ભરી મૂકવાનું કબાટ બનાવી મૂકે છે, તે પોતે કેળવણીનો પહેલો પાઠ જ નથી શીખ્યો. હવે સમજાઈ ગયું હશે કે પ્રશ્નમાં પુછાયેલી વાત કેમ સાચી તેટલી જ ખોટી છે. ઉદ્યોગની અને બૌદ્ધિક કેળવણીની મારી સમજ સ્વીકારો તો વાત ખોટી છે. તે બંને કેળવણીને નોખી ગણી, તેને વિશે જે ભ્રમ રહેલો છે તે ભ્રમવાળી કેળવણી ધ્યાનમાં રાખીને પ્રશ્ન ઘડાયો હોય તો વાત સાચી છે. અને હવે સમજાઈ જવું જોઈએ કે મહાવિદ્યાલયની કેળવણીને હું કેમ અને કઈ શરતે વધાવું છું. મારી કલ્પનાના મહાવિદ્યાલયમાં કડિયા, સુતાર, વણકર એ સાચા બુદ્ધિશાળી સમાજસેવક હશે, માત્ર આજીવિકા કમાવા પૂરતું જ્ઞાન મેળવેલા કડિયા, સુતાર, વણકર નહીં હોય. મહાવિદ્યાલયના વણકરમાંથી કબીરની, મોચીમાંથી ભોજા ભગતની, સોનીમાંથી અખાની, ખેડૂતમાંથી ગુરુગોવિંદની આશા રાખું છું. આ ચારેને હું બૌદ્ધિક કેળવણી પામેલા ગણું છું.

૧૦. ઔદ્યોગિક કેળવણી એ જ જો કેળવણીનું સર્વસ્વ હોય તો સુતાર, લુહાર, વણકરની સમિતિને વિદ્યાપીઠ કેમ સોંપી નથી દેતા? પછી તેઓ ભલે બૌદ્ધિક કેળવણીના અધ્યાપકોને ઉસ્તાદ નોકર તરીકે રોકે.

Gandhi Heritage Portal

આ પ્રશ્નનો જવાબ નવમાના ઉત્તરમાં સમાઈ ગયો છે, છતાં મારો અર્થ વધુ સ્પષ્ટ કરવા સારુ તે ઉતાર્યો છે. જો મારી પાસે કબીર જેવા વણકરાદિ હોય તો હું અવશ્ય તેમના હાથમાં વિદ્યાપીઠની લગામ સોંપું, અને તેમની નીચે 'બૌદ્ધિક કેળવણીના અધ્યાપકો' ઉસ્તાદ નોકર તરીકે કામ કરવામાં લજ્જા નહીં પણ માન સમજે. આપણે ઉદ્યોગોને કેળવણીનો વિષય માન્યો નથી તેથી જ આજે ઉદ્યોગ કરનારાનું સ્થાન હલકું ગણાયું છે, અને ઉદ્યોગ કરનારાઓની મદદ સમાજસેવાને સારુ જોઈતા અથવા કંઈ જ પ્રમાણમાં મળી શકતી નથી.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૭–૬–૧૯૨૮

## ૪૯૧. રામાનંદ ચૅટરજીને પત્ર

જૂન ૧૭, ૧૯૨૮

પ્રિય રામાનંદબાબુ,

તમારા રજિસ્ટર્ડ બુકપૅકેટ[૧] તથા પત્રની પહોંચ ન લખી શકવાનું એકમાત્ર બહાનું એ છે કે હું કામથી ખૂબ જ ઘેરાઈ ગયો છું અને ઘણા પત્રલેખકોને જવાબ આપવાના પણ ચડી ગયા છે. મહાદેવ દેસાઈ સામાન્ય રીતે થોડા પત્રવ્યવહાર પર ધ્યાન આપે છે, પણ તેમનેય હમણાં હમણાં બારડોલી અને અમદાવાદ વચ્ચે આંટાફેરા કરવાનું રહે છે, અને તેથી તેઓ એ તરફ નજર પણ નાખી શકતા નથી. અને હું કામમાં દટાયેલો રહ્યો છું તે દરમિયાન પણ મને માણસોની ખેંચ પડવાનાં બીજાં કારણો ઊભાં થયાં છે.

પહેલી તકે વાંચી શકું એવી આશાથી હું તમે મોકલેલી હસ્તપ્રત મારી સામે જ રાખું છું. પરંતુ એ તક ક્યારે મળશે એ કહેવાને હું શક્તિમાન નથી.

તમારો સહૃદયી

શ્રીયુત રામાનંદ ચૅટરજી
પ્રવાસી પ્રેસ
૯૧, અપર સર્ક્યુલર રોડ
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૪૧૯

૧. इन्डिया इन बॉन्डेज : हर राइट टु फ्रीडम એ પુસ્તકની હસ્તપ્રત, જેના લેખક ડૉ. જે. ટી. સન્ડરલૅન્ડ હતા, અને જે તેમણે ગાંધીજીને એમનો અભિપ્રાય વ્યક્ત કરવા મોકલી હતી.

Gandhi Heritage Portal

12560

# ૪૯૨. સુરેન્દ્રનાથ બિશ્વાસને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૭, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મને મળ્યો છે.[1] તમારી સાથે મારું હૃદય છે, ભેજું નહીં. તમે જાણો છો તે પ્રમાણે હું એવા કાર્યકરો રાખવાની વિરુદ્ધ છું કે જેઓ પોતાને મળતું હોય તેના કરતાં વધારે ખર્ચ કરતા હોય, તેમ જ દેવું કરતા હોય અને પછી મુશ્કેલી અનુભવતા હોય. એને હું એક ખરાબ આદત ગણું છું. હું તમને કઈ રીતે મદદ કરી શકું? અથવા મને તો તમારે માટે એ સલાહ બહેતર લાગે છે કે તમારે કોર્ટમાં જઈને નાદારી નોંધાવવી જોઈએ અથવા તો તમારા માગનારાઓ પાસે જવું જોઈએ અને તમારી પાસે જે કંઈ હોય તે તેમને હવાલે કરી દેવું જોઈએ. અને ત્યાર પછી સીધાસાદા શ્રમજીવી તરીકે જીવવાનું શરૂ કરી દેવું જોઈએ. હિંદુસ્તાનની જો આપણે સાચી સેવા કરવી હશે તો આપણા જેવા કેળવાયેલા માણસો માટે હું બીજો કોઈ રસ્તો જોતો નથી.

તમારો સહૃદયી

શ્રીયુત સુરેન્દ્રનાથ બિશ્વાસ
પી ૧૪ એ, ન્યૂ પાર્ક સ્ટ્રીટ
કલકત્તા

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૪૨૧

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.

૧. શ્રી બિશ્વાસે તેમના પત્રમાં લખ્યું હતું કે ૧૯૨૫માં ફરીદપુરમાં બંગાળ પ્રાંતીય પરિષદ ભરાઈ હતી, તેના સ્વાગત સમિતિના અધ્યક્ષ તરીકે તેમણે કેટલુંક દેવું કર્યું હતું. અંગત રીતે પણ તેમણે અમુક દેવું કર્યું હતું. કેટલાયે દાવાઓ તેમને માથે લટકતા હતા, અને થોડા સમય માટે તેમને કેદ પણ કરવામાં આવ્યા હતા. ગાંધીજીને અપીલ કરતાં તેમણે લખ્યું: "તમે મને એક પરિચયપત્ર લખી આપો એવી હું તમને પ્રાર્થના ન કરી શકું? તમે એટલું જ લખી આપો કે, તમે આ પરિષદમાં હાજરી આપી હતી, અને તમે એમ સાંભળ્યું હતું કે સ્વાગત સમિતિએ ખર્ચને પહોંચી વળવા કરજ કર્યું હતું; હું તે સમિતિનો અધ્યક્ષ હતો; તમે મને ઓળખો છો અને એ સમિતિના અધ્યક્ષ તરીકે દેવું ચૂકવી આપવા માટે મારે જાહેર જનતા પાસેથી ઉદાર મદદની જરૂર છે."



12 MAR 1975
Gandhi Heritage Portal

## ૪૯૩. ફ્લૉરેન્સ કે. ક્રેબ્સને[1] પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૭, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મને મળ્યો છે. તમે જ્યારે પણ આશ્રમે આવી શકશો ત્યારે તમને મળતાં મને આનંદ થશે. આ વર્ષમાં હું આશ્રમ છોડીને બહાર નીકળું એવો સંભવ નથી. અને તમે તદ્દન સાદા શાકાહારી ખોરાકથી તેમ જ પ્રમાણમાં સાદા જીવનથી ચલાવી શકો એમ હો તો જ્યારે તમે આવો ત્યારે અલબત્ત આશ્રમમાં રહેજો.

તમારો સહૃદયી

ફ્લૉરેન્સ કે. ક્રેબ્સ
પોસ્ટ માસ્તરને ત્યાં
શ્રીનગર
કાશ્મીર

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૪૨૨

## ૪૯૪. એન. સી. બારદોલાઈને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૭, ૧૯૨૮

પ્રિય ભાઈ,

શ્રી બૅંકરે મને તમારો પત્ર આપ્યો છે. તે વાંચીને મને દુ:ખ થયું છે. રાજેન્દ્રબાબુના કહેવાથી તમને ચોક્કસ હેતુ માટે લોન આપી હતી. અને તમારે શિસ્તને સરમુખત્યારી તરીકે ગણવાની ભૂલ શા માટે કરવી જોઈએ? કાર્યકરોને લોન આપતા મુખ્ય મથકના હસ્તક્ષેપ વગર જો દરેક જણ કામ કરવા ઇચ્છે તો સંસ્થા સફળ રીતે ચલાવી શકાય ખરી? નફા માટે કામ કરતી કેવળ વેપારી પેઢી અને તેના કામદારો વચ્ચેના સંબંધોનું નિયમન કરતી નિયમાવલિ કરતાં કોઈ સ્વયંસેવકોની સંસ્થા અને તેના સ્વયંસેવકો વચ્ચેના સંબંધનું નિયમન કરતી નિયમાવલી વધારે ઊંચા પ્રકારની હોવી જોઈએ એ તો નક્કી.

૧. એક અમેરિકન પ્રવાસી, જેમણે પૂર્વના ધર્મોનો અભ્યાસ કર્યો હતો અને જેઓ સામયિકોમાં લેખ લખતા હતા.

Gandhi Heritage Portal

પરંતુ તમારા છેલ્લા વાક્યથી તો હું છક જ થઈ ગયો. જે શરતોએ તમને લોન આપવામાં આવી હતી, તે બરાબર જાણીને તમે જવાબદારીપૂર્વક લોન તો લીધી, અને હવે એમ કહો છો કે એ પૈસા ભરપાઈ કરવાની જવાબદારી તમારી નથી. અને તમને મદદ કરવા માટે અખિલ હિંદ ચરખા સંઘના કાર્યકરની હાજરી તમને શા માટે જરૂરી લાગવી જોઈએ? હું એટલું જ કહી શકું કે આ લોન કાયદેસરનું કરજ તો છે જ; પણ તેથીયે વિશેષ તે એક પ્રકારનું નૈતિક કરજ છે. અને તે તમારે આબરૂભેર અદા કરવું જોઈએ.[1]

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

શ્રીયુત એન. સી. બારદોલાઈ
શાંતિભવન
ગૌહત્તી (આસામ)

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૬૨૩

## ૪૯૫. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૭, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ,

તમારો પત્ર મને મળ્યો છે. હું નિખિલ વિશે ચિંતા કરતો નથી. વ્યક્તિગત રીતે તો તેના આવી રહેલા મૃત્યુને હું શાંતિથી સ્વીકારી રહ્યો છું. મને જે ચિંતા થાય છે તે એ છે કે એથી હેમપ્રભાદેવીને કેવો આંચકો લાગશે? એ બાબતમાં તેઓ મને હિંમતથી લખી તો રહ્યાં છે. પરંતુ જ્યારે સાચેસાચ બનાવ બનશે ત્યારે તેમની અને તમારી ઉપર પણ કેવી વીતશે તે હું જાણું છું. પરંતુ મગનલાલના મૃત્યુના ઘામાંથી હું તવાઈને બહાર આવ્યો હોવાથી હું તમને બંનેને શોકગ્રસ્ત થવા કરતાં વજ્રનું હૃદય કરવાનું કહેવાની હિંમત કરી રહ્યો છું. જે આપે છે તેને લઈ લેવાનો અધિકાર હોવો જ જોઈએ. અને આખરે આમાં લઈ લેવાપણું નથી. 'મૃત્યુ એ કેવળ નિદ્રા છે, એક વિસ્મૃતિ છે.' મગનલાલ દેહધારી હતા તેના કરતાં અત્યારે મારે મન એ વધારે જીવતા છે. જે ફેરફાર કરવાનું એમણે ઇચ્છયું હોત પણ કદાચ તેને અમલમાં ન મુકાવી શકયા હોત તે દરેક ફેરફાર હવે સાથીઓ દ્વારા ઉમંગભેર આશ્રમમાં આકાર પામી રહ્યો છે.

આ વિશે તમને વિગતવાર લખવાનો સમય મારી પાસે હોત તો કેવું સારું!

કૉંગ્રેસના પ્રદર્શનની સાથોસાથ આપણું જુદું પ્રદર્શન રાખવાથી તેમાં સક્રિય વિરોધની ગંધ આવશે. હું ધારું છું કે તે આપણે ન કરવું જોઈએ. જો આ પ્રદર્શનમાં મિલનું કાપડ સ્વીકારવામાં

૧. આ પત્રની એક નકલ અખિલ હિંદ ચરખા સંઘના મંત્રીને મોકલવામાં આવી હતી.

Gandhi Heritage Portal

આવે, તો આપણે તેનાથી દૂર રહેવું જ જોઈએ. એ વિશે હું તદ્દન સ્પષ્ટ છું. પરંતુ કૉંગ્રેસ પ્રદર્શનના વિરોધમાં તેની સામે ખાદીનું જુદું પ્રદર્શન ભરવાના ઔચિત્ય કે ફાયદા વિશે મારા મનમાં હું જરાયે સ્પષ્ટ નથી, કેમ કે એ વિરોધનું પગલું જ લેખાશે. એટલે આ બાબતમાં તમે ગંભીરપણે વિચાર કરો એવું ઇચ્છું છું.

કલકત્તા કૉર્પોરેશન તરફથી મળેલો ઑર્ડર એક સારો દૈવયોગ છે.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૮૯૧૭

## ૪૯૬. જવાહરલાલ નેહરુને પત્ર

જૂન ૧૭, ૧૯૨૮

પ્રિય ભાઈ જવાહર,

તમારા બે પત્રો મને મળ્યા છે. કમલા અને ઇન્દુ વિશેના સમાચાર અસ્વસ્થ કરે એવા છે. એ બાબતમાં હું તમારી પાસેથી વધારે ચોક્કસ માહિતીની આશા રાખી રહ્યો છું. હું બંને માટે, અને કંઈ નહીં તો કમલા માટે તો જરૂર, ગરીબ માણસનો ઇલાજ સૂચવવા લલચાઉં છું. અને તે છે—ક્યૂનીનું કટિસ્નાન અને ઘર્ષણસ્નાન તથા સૂર્યસ્નાન સાથે પથ્ય આહારના પ્રયોગો. પરંતુ હું જાણું છું કે આ અમલમાં મૂકી શકાય એવું નથી અને તેથી તેણે સામાન્ય સારવાર લેવી પડશે.

સમિતિ આખરે સર્વસંમત બંધારણનો સંપૂર્ણ મુસદ્દો ઘડી કાઢશે એવી હું આશા રાખું છું.

[1]મહાદેવ આશ્રમના કૂવાના થાળા પરથી પડી ગયા છે અને તેમને ભારે ચોટ આવી છે. પથારીવશ છે પણ પહેલાં કરતાં સારું છે.

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૪૨૦

૧. મૂળ કાગળ પ્રમાણે ઉમેરેલો આ પૅરા અંગ્રેજી ગ્રંથમાં પુરવણીમાં આપવામાં આવ્યો છે.

Gandhi Heritage Portal

## ૪૯૭. વિજયરાઘવાચારિયરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૭, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો સ્નેહભર્યો પત્ર તથા કૃપાપૂર્ણ ચેક મળ્યો. મને ખબર છે કે વલ્લભભાઈ તેની ખૂબ જ કદર કરશે.

સર્વપક્ષ પરિષદની સમિતિ જો સંપૂર્ણ બંધારણ નહીં ઘડી કાઢે તો એ એક કરુણ ઘટના હશે એ બાબતમાં હું તમારી સાથે સંમત થાઉં છું. હું જાણું છું કે મોતીલાલજી તે વિશે ખૂબ જ ઉત્સુક છે; અને હું આશા રાખી રહ્યો છું કે આપણને આ સમિતિ પાસેથી બંધારણ મળશે જ.

તમારી મુલાકાતના અહેવાલવાળું કટિંગ મને હિન્દુ પત્રની ઑફિસમાંથી મળ્યું છે. તે મેં ખૂબ જ રસપૂર્વક વાંચ્યું છે. પરંતુ શ્રી દાસ વિશે કરેલી ટીકા બાબતમાં હું તમારી સાથે સંમત થતો નથી. ગમે તેમ પણ મારી અસંમતિનાં કારણોની ચર્ચા કરવાનું હવે મને બિનજરૂરી લાગે છે. તમારી આખી મુલાકાત દરમિયાન તમારો મારા પ્રત્યે અસ્ખલિત રહેલો સ્નેહ જેને મેં હમેશાં મૂલ્યવાન ગણ્યો છે, મારા માટે નવો નથી.

તમને જરૂરી માહિતી મોકલવા હું यंग इन्डियाના વ્યવસ્થાપકને જણાવું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૪૨૪

## ૪૯૮. ચ. રાજગોપાલાચારીને પત્ર

જૂન ૧૭, ૧૯૨૮

આ સાથે રામચંદ્રનનો પત્ર બીડયો છે, જે તમને વાંચવો ગમશે અને જેની તમે કદર પણ કરશો.

નવજીવનને ટ્રસ્ટમાં ફેરવી નાખવામાં આવ્યું છે. એક ટ્રસ્ટી તરીકે મેં તમારું નામ મૂકયું છે. મને આશા છે કે એમાં તમને કશો વાંધો નહીં હોય.

તેના ટ્રસ્ટીઓ નીચે મુજબ છે :

શ્રીયુત દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર
,, શંકરલાલ ઘેલાભાઈ બૅન્કર
,, જમનાલાલજી બજાજ
,, મહાદેવ હરિભાઈ દેસાઈ
,, વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ
,, છગનલાલ ખુશાલચંદ ગાંધી
,, ચક્રવર્તી રાજગોપાલાચારી
,, મોહનલાલ મગનલાલ ભટ્ટ

Gandhi Heritage Portal

આશ્રમમાં ઘણા ફેરફારો કરવામાં આવ્યા છે. બે વખત ખાતર પણ પડયાં છે તેમાં એક ગંભીર પ્રકારનું છે. સુબૈયાને મેં તમને તેનું વર્ણન આપવા કહ્યું છે.

આ સાથે રામનાથનનો પત્ર અને મારો જવાબ છે.[1]

બિડાણ : ૩ (૫ પાન)

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૩૬૨૨

## ૪૯૯. વસુમતીબહેન પંડિતને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૭, ૧૯૨૮

ચિ. વસુમતી,

સહસ્રધારા જોવાનું મળ્યું એ બહુ સારું થયું. શબ્દ 'સહસ્ત્ર' નથી પણ 'સહસ્ર' છે. ભેંસના ઘી-દૂધનો ત્યાગ માત્ર આશ્રમને જ વિશે છે. આશ્રમની બહાર જઈએ ત્યારે તે લાગુ નથી પડતો. જોકે જેને ગાયભેંસનો ભેદ ખૂબ સમજાયો હોય તે તો ગમે ત્યાં હોય તોયે ત્યાગ કરે. આશ્રમમાં ગાયનું દૂધ તો હાલ પૂરતું મળી રહે છે. ગાયનું ઘી એક જગ્યાએથી મળવાનો બંદોબસ્ત થઈ ગયો છે.

આ કાગળ ચાર વાગ્યા પહેલાં સવારે લખાવ્યો હતો. દિવસના બીજો મળ્યો. કમળાને માફીનો ભાગ વંચાવ્યો. કામને નથી પહોંચાતું તેથી આજકાલ વહેલો ત્રણ વાગ્યે ઊઠું છું. ચિ. કુસુમ પણ તે જ ટાણે ઊઠવાની હઠ લે છે એટલે સામે નથી થતો.

બાપુના આશીર્વાદ

શ્રી વસુમતીબહેન
કન્યા ગુરુકુલ
દહેરાદૂન

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: એસ. એન. ૯૨૩૩૧, સી. ડબલ્યુ. ૪૮૦; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

૧. જુઓ "રામનાથનને પત્ર", ૧૯-૬-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૫૦૦. વિઠ્ઠલભાઈ ઝ. પટેલને પત્ર

જૂન ૧૭, ૧૯૨૮

ભાઈશ્રી વિઠ્ઠલભાઈ,

વલ્લભભાઈ, સ્વામી, જમનાલાલજી આવી ગયા. મુસદ્દો આ સાથે મોકલું છું. મને લાગે છે કે એથી વધારે વિગતમાં આપણને ઊતરવાની કશી જરૂર નથી. હમણાં તો એને કરવું હોય તે ભલે કરે. જો સત્યાગ્રહી સાચા જ હશે તો જીત જ છે; છેવટે નબળા નીવડશે તો જાગ્યા ત્યારથી સવાર સમજવું.

નબળા મિત્રો પણ દુશ્મનની ગરજ સારે છે એ કહેવત અત્યારે સિદ્ધ થઈ રહી છે.

તમારા કામથી તો અત્યારે સહુ રાજીરાજી થઈ રહ્યાં છે. ઘણું જીવજો ને ઘણું કરજો.

**મોહનદાસના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
પત્રની માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૪૪૪૫

## ૫૦૧. પ્રભાશંકર પટ્ટણીને પત્ર

જૂન ૧૮, ૧૯૨૮

સુજ્ઞ ભાઈશ્રી,

તમારા સુખેથી પહોંચ્યાના ખબર વાંચ્યા હતા. આ તો ભિક્ષા પત્ર છે. મારી પાસે કેટલાંક દૂબળાં ઢોર છે ને વસૂકી ગયેલી ગાય તથા કેટલાક વાછડા. આ બધાંને આશ્રમમાં પાળવાં એ ખર્ચાળ વાત છે. જો તમારી સીમોમાં તેને રખાય તો ઓછે ખર્ચે પતે. ખર્ચ ઇચ્છો તો આપું. જો આ બની શકે એવું લાગે તો ભાઈ જોશીને અહીં મોકલજો. તે ત્યાં છે તેથી જ આ વાત સૂઝી છે. તે આવીને જોઈ જાય ને પછી તમને રિપોર્ટ આપે ને યોગ્ય લાગે તો આશ્રમનાં ઢોરોને આશ્રય આપશો. આ પ્રયોગ ગૌરક્ષા મંડળને અર્થે ચલાવું છું. લેડી રમાબાઈને રેંટિયો યાદ છે કે?

**મોહનદાસના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી: જી. એન. ૫૯૦૮ તથા સી. ડબલ્યુ. ૩૨૨૨; શ્રી મહેશ પટ્ટણીના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૫૦૨. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

આશ્રમ,
જૂન ૧૮, ૧૯૨૮

ભાઈ ઘનશ્યામદાસજી,

ઑસ્ટ્રિયાના મિત્રો[1] તરફથી મળેલા બે પત્રો આ સાથે હું બીડું છું. બંને ઘણા જ સારા માણસો છે. તેમને હિંદુસ્તાનમાં બોલાવવાનું અને હિંદુસ્તાનનો પરિચય કરાવવાનું જરૂરી સમજું છું. આવી વાતોમાં હું તમારા દાનનો ઉપયોગ કરવા માગતો નથી. ભાઈ જુગલકિશોરજી આવી બાબતોમાં રસ લે છે. જો તમને ઠીક લાગે તો તેમને આ બધા પત્રો મોકલશો. એમને માટે ૨૦૦ પાઉન્ડ મોકલવા જોઈએ. જો તેઓ આ દાન આપવા ચાહતા હોય તો રકમ તરત જ મોકલવી પડશે.

તમારી તબિયત સારી હશે. આશ્રમના નિયમો[2] ધ્યાનથી વાંચશો અને કંઈ સૂચનો મોકલવાં વાજબી લાગે તો જરૂર મોકલશો.

તમારો
**મોહનદાસ**

[મૂળ હિંદી]
મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૧૬૦; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

## ૫૦૩. મણિલાલ અને સુશીલાબહેન ગાંધીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૯, ૧૯૨૮

ચિ. મણિલાલ તથા સુશીલા,

તમારા કાગળો તો આવ્યા જ કરે છે. પણ તેથી સંતોષ થાય છે એમ ન કહું. દરેક વખતે તમે બંને જણ ઉતાવળમાં હો છો; એ કેટલું બધું કામ હશે એ હું કલ્પી શકતો નથી, પણ નહીં મામા કરતાં કહેણો મામો સારો એ કહેવતને વશ થઈને અમે બંને સંતોષ વાળીએ છીએ. સુશીલાની કંઈક વધારે આશા રાખી હતી, પણ તેને મણિલાલનું વાન નથી આવ્યું તો સાન તો આવી જ છે. પણ શું તમારે એકબીજાના દોષો જ ગ્રહણ કરવા, ગુણો નહીં કે? આ મહા-આળસ કાઢશો તો મને ગમશે અને તમારું ભલું થશે. આફ્રિકાથી ને બીજા કાગળો આવે છે તેમાં તમારા કાગળોમાં હોય છે તેના કરતાં હમેશાં વધારે ખબર હોય છે. ગયા કાગળમાં આશ્રમનાં લેણાં વિશે મેં યાદ દીધું છે તેનો ઉત્તર મને મળવો જ જોઈએ. એ લેણું બેડ બુક ડેટ્સમાં

૧. મિ. અને મિસિસ સ્ટૅન્ડેનેથ.
૨. જુઓ "સત્યાગ્રહાશ્રમ", ૧૪-૬-૧૯૨૮.

Gandhi Heritage Portal

લખાય એ તમારે સહન કરવું હોય તો સુખેથી કરજો, પણ મારાથી સહ્યું જાય તેમ નથી. આશ્રમમાં હાલ મહત્ત્વના ફેરફાર થઈ રહ્યા છે. એનું વર્ણન આપવાનો હમણાં સમય નથી. હાલ ઘણા કાગળો સવારના ચાર વાગ્યાની પ્રાર્થના પહેલાં ઊઠીને લખાવું છું ત્યારે જ કંઈક પહોંચી શકાય છે. આ લખાવતાં ચાર વાગ્યાનો ઘંટ વાગ્યો છે એટલે હવે પૂરું કરું છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી: જી. એન. ૪૭૩૯

# ૫૦૪. પ્યારેલાલ નય્યરને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૯, ૧૯૨૮

પ્રિય ભાઈ પ્યારેલાલ,

આ કાગળ હું બોલીને લખાવી રહ્યો છું કારણ અત્યારે હું કાંતું છું અને તમને ગુજરાતીમાં લખવા માટે જોઈતી થોડી ક્ષણો બચાવવા માગું છું.

તમારો લેખ ખૂબ જ સરસ છે એમ તમને કહેવા માટે એકદમ લખવા હું ખૂબ જ આતુર છું. તમારો લેખ ઉતાવળમાં વાંચ્યો હોવા છતાં મેં તે પૂરેપૂરો વાંચ્યો છે. એમાં કંઈ ખટકે એવું મને લાગ્યું નથી. વળી એમાં "બહારનાઓ" માટે સરકારની દૃષ્ટિએ નહીં પણ આપણી દૃષ્ટિએ જોઈએ એ જ વાત છે. મને વિશ્વાસ છે કે બીજો કોઈ એ લેખ લખી શક્યો ન હોત, કારણ બીજા કોઈને તમારા જેટલી ઊંડી સૂઝ નથી. તમે બતાવ્યું છે કે સંઘર્ષ શા કારણે ઉપસ્થિત થયો અને એક વિશાળ સંગઠન કઈ રીતે અસ્તિત્વમાં આવ્યું. સમસ્ત ભારતનાં અખબારો એ લેખ ઉદ્ધૃત કરે એટલી જ હું આશા રાખું છું. તમારામાં જો માત્ર આત્મવિશ્વાસ હોય તો તમારામાં કેટલી શક્તિ છે તે આ લેખ બતાવે છે. અને **यंग इन्डिया**માં પ્રસિદ્ધ થયેલો તમારો લેખ વાંચ્યા પછી તો મને એ વાતમાં કોઈ શંકા રહી જ નથી. તમને અને મહાદેવને **यंग इन्डिया**નું કામ સોંપ્યા પછી તો નિરાંતે એ હું ભૂલી જઈ શકું, અને કદાચ એક લીટી સરખી પણ એમાં કદી ન લખું. છતાં એ માટે મને આશા રાખવા દો અને રાહ જોવા દો.

હવે મહાદેવ તદ્દન સારા થઈ ગયા છે. એકબે દિવસમાં તો તે હરતાફરતા અને કામ કરતા થઈ જશે. અત્યારે પણ તે કરે જ છે. કારણ શું હતું તે તમે જાણો છો. કૂવે પાણી ખેંચતાં એ પડી ગયા હતા. આશ્રમમાં આપણી પાસે ઘણા થોડા મજૂરો છે. તમે જાણો છો કે આપણે ત્યાં એક લૂંટ થઈ હતી અને એક ઘરફોડ ચોરી થઈ હતી. લૂંટારુઓ લગભગ પચાસ જેટલા હશે. ચર્માલયના કાર્યકર્તાઓ સાથે સુરેન્દ્ર અને શંકરભાઈને પણ સારો એવો માર પડ્યો હતો. માર ખાનારાઓમાં આ બે જણ પણ હતા એ જાણીને મને ખૂબ આનંદ થયો. લૂંટ થયા પછી બે દિવસ બાદ કોઠારમાં ઘરફોડ ચોરી થઈ; છતાં મને નથી લાગતું કે એ બે પરસ્પર સંકળાયેલાં હોય.

Gandhi Heritage Portal

બીજા ઘણા ચકિત કરી નાખે એવા ફેરફાર થયા છે. સંયુક્ત રસોડું લગભગ ૧૦૦ જેટલી સંખ્યાએ પહોંચ્યું છે. અને હું રહેતો હતો તે જગ્યાએ બહેનો માટેના ક્વાર્ટર્સ રાખ્યાં છે. મારી ઑફિસ મગનલાલના રૂમમાં છે. રસોડું છાત્રાલયના રસોડામાં લઈ જવામાં આવ્યું છે. બીજાઓ સાથે હું મારું ભોજન ત્યાં લઉં છું. જો તમે કોઈને કંઈ કહેવા જ માગતા હો તો બીજી વાતો તમે ઇમામસાહેબ પાસેથી જાણી લેશો.

આશા રાખું છું કે તમારું શરીર તદ્દન સારું હશે. દેવદાસ આલમોડા પાછો આવ્યો છે.

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૪૨૭

## ૫૦૫. મોતીલાલ નેહરુને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૯, ૧૯૨૮

પ્રિય મોતીલાલજી,

સેનગુપ્તા મને લખે છે કે આવતી મહાસભાના પ્રમુખપદ માટે ગુજરાત પ્રાંતીય કૉંગ્રેસ સમિતિ તમને મત આપે એ બાબતમાં મારે યોગ્ય હિલચાલ કરવી જોઈએ. અલબત્ત, આ વિચાર મને ગમે છે, પણ એ બાબતની હું કાંઈ પણ હિલચાલ કરું તે પહેલાં તમારો પોતાનો અભિપ્રાય શો છે તે મારે જાણવું જોઈએ. કદાચ જવાહર એ ગાદી સંભાળે એવો સમય હજી પાકયો નથી. વળી જે સમિતિનું તમે સંચાલન કરી રહ્યા છો, તે કંઈક નક્કર કામ આગળ વધારે કરે તો તમારે માટે આ ગાદી સંભાળવાનું વધારે ઉપયોગી બને. સેનગુપ્તા તમારા નામના વિકલ્પે માલવિયાજીનું નામ સૂચવે છે. સેનગુપ્તા[1]ને આ બાબતમાં કંઈ લખતાં પહેલાં તમારા પત્રની રાહ જોઈશ.

કમલાની તબિયતના સમાચાર સાંભળી બહુ જ ચિંતા થઈ. જવાહરે મને ખરાબ સમાચાર આપ્યા અને તે જણાવે છે કે ડૉક્ટરોના કહેવા પ્રમાણે ઇન્દુની તબિયતનું પણ ધ્યાન રાખવાની જરૂર છે. ડૉક્ટરોથી હું કદી ગભરાતો નથી. પણ મને તો એમ માનવું ગમે કે કમલાને કશું થયું નથી અને ઇન્દુને પણ કોઈ રોગ નથી.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૬૨૪

૧. જુઓ "જે. એમ. સેનગુપ્તાને પત્ર", ૨૧-૬-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૫૦૬. કે. એસ. સુબ્રહ્મણ્યમને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જૂન ૧૯, ૧૯૨૮

ભાઈ સુબ્રહ્મણ્યમ્,

સુબૈયાની જરૂરિયાતોનો મેં વિચાર કર્યો છે. અને મને લાગે છે કે તેને રૂપિયા ૧૦૦ પૂરા અને જો તેને ભાડાના મકાનમાં રહેવાનું હોય તો રૂપિયા ૨૦ વધારાના મળવા જોઈએ. છેક પહેલી મેથી આ ગોઠવણ તેને લાગુ પાડવી જોઈએ. તેથી તેના વધારાના રૂપિયા ૧૫ તેને આપી દેવા જ જોઈએ, અને તે રકમમાંથી અડધી રકમ ચરખા સંઘ આપે અને બાકીની અડધી યંગ ઇન્ડિયાની ઑફિસ આપે. હું મોહનલાલને તે મુજબ લખું છું. આ બાબતમાં તમને જમનાલાલજી અને શ્રી બૅંકરની મંજૂરી જોઈશે. એ મેળવી લઈને પૈસા ચૂકવશો. આ બાબતમાં હવે મારે વધુ ચિંતા કરવાની કે બૅંકરને લખવાની અથવા તો જમનાલાલજીને પૂછવાની જરૂર નહીં પડે.

બાપુના આશીર્વાદ

શ્રીયુત એસ. કે. સુબ્રહ્મણ્યમ્
અખિલ હિંદ ચરખા સંઘ, મિરજાપુર
અમદાવાદ

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૪૨૮

## ૫૦૭. શંકરનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૦, ૧૯૨૮

પ્રિય ભાઈ શંકરન્,

તમારો પત્ર મને મળ્યો છે. નામની યાદી હમેશાં મારી પાસે જ રહે છે. અને નવજીવનમાં જે સ્વીકૃતિઓ પ્રગટ કરવામાં આવી હતી, તે મારી પાસેથી યાદી મેળવ્યા વિના જ પ્રસિદ્ધ કરી હતી. સ્વીકૃતિઓ નવજીવનમાં પ્રસિદ્ધ થાય છે, એ મેં તમારા પત્રો દ્વારા જ જાણ્યું. યંગ ઇન્ડિયાની બાબતમાં કહું તો એ વિશે હું જાતે જ ધ્યાન આપતો હતો અને તેથી ગઈ કાલે મેં ભૂલ સુધારી લીધી છે. અને આખું લિસ્ટ છાપવા કહ્યું છે, જે તમે આ સપ્તાહમાં યંગ ઇન્ડિયામાં જોશો. એ બધું જ તમારો પત્ર આવતાં પહેલાં થઈ ગયું હતું. છતાં નવ-જીવનમાં બધાં નામો બરાબર આવે એ જોવાની હું આશા રાખું છું. હું આશા રાખું છું એવું એટલા માટે કહું છું કે મારે અત્યારે કામની ધમાલ એટલી બધી છે કે કદાચ હું ભૂલી પણ જાઉં.

Gandhi Heritage Portal

મહાદેવ થોડા દિવસ પહેલાં કૂવામાંથી પાણી ખેંચતાં લપસી પડ્યા હતા, અને જરા ભારે ચોટ આવી હતી. પાંચ દિવસ સુધી એમને પથારીમાં રહેવું પડ્યું. એમને હવે સારું છે અને બેત્રણ દિવસમાં તે તદ્દન સાજા થઈ જશે.

હવે તમારા પ્રશ્નો વિશે : જે હેતુ માટે દાન આપવામાં આવ્યું હોય, તે હેતુ પાર પડ્યો હોય તોપણ વધેલી રકમ દાન સ્વીકારનારની મરજી પ્રમાણે વાપરી શકાય નહીં; પછી ભલેને દાન લેનાર એ રકમ સિદ્ધ થયેલા હેતુ કરતાં પણ ઊંચા હેતુ માટે વાપરવા માગતો હોય. કારણ કે દાન લેનારને જે ઉમદા લાગે તે દાતાની દૃષ્ટિએ કદાચ ખરાબ પણ હોય. હમણાં જ મારી પાસે એવા જ પ્રકારનો એક તાજો દાખલો આવ્યો છે; જેનો મારે ગઈ કાલે જ નિકાલ કરવો પડ્યો. જમનાલાલજીને એક સદ્‌ગૃહસ્થે રાષ્ટ્રીય શાળાઓ માટે ઉપયોગમાં લેવા ૧૦,૦૦૦ રૂપિયા આપ્યા. એ રકમ હજી વપરાયા વિનાની પડી છે. જમનાલાલજીની ઇચ્છા તેને રાષ્ટ્રીય કેળવણીના કાર્ય માટે વાપરવાની છે, પરંતુ એવી રાષ્ટ્રીય કેળવણી કે જેમાં અસ્પૃશ્યોનો પણ સમાવેશ થાય. તમારી, જમનાલાલજીની અને મારી દૃષ્ટિ પ્રમાણે તો આ એક ખરેખર ઉચ્ચતર હેતુ છે. છતાં મેં એવી સલાહ આપી છે કે પૈસા વગરવપરાયેલા પડ્યા છે એ ગણતરીએ રજા સિવાય તે વાપરી શકાય નહીં. અને કહેવાતા અસ્પૃશ્યોને દાખલ કરવાનું પગલું બાધક હોઈ દાતા એવી રજા ન જ આપે. જો જમનાલાલજી દાતાએ જેનો કદી વિચાર સરખો કર્યો નથી એવા હેતુ માટે એ પૈસા વાપરે તો તેઓ ખોટા ઠરે અને અસ્તેયના વ્રતના ભંગનો દોષ એમને લાગે.

તમારા બીજા પ્રશ્નના જવાબમાં તો હું તમારો પોતાનો જ દાખલો લઉં. તમારી નોકરીને લાત મારીને તમે પ્રમાણમાં ગરીબ અવસ્થા સ્વીકારી છે. અલબત્ત, એમ કરવાથી તમે વધુ સમૃદ્ધ બન્યા છો અને તમારી અંગત હાજતો જો તમે હજુ પણ ઓછી કરો તો વળી તમે છો તેનાથીયે સમૃદ્ધ બનો. માણસ પોતાની જાતને માટે થોડું રાખે અને થોડું સમાજને આપે તેના કરતાં તો તે સમગ્રપણે પોતાની જાતને અર્પણ કરી દે એ વધારે સારું છે. અને માણસ જ્યારે પોતાની જરૂરિયાતો શૂન્યવત્ કરી નાખે છે ત્યારે એ પોતાની સમગ્ર જાતને અર્પણ કરી દેતો હોય છે.

મને આશા છે કે હવે બધું સમજાઈ ગયું છે. મારી તબિયત સારી રહે છે.

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૪૨૯

Gandhi Heritage Portal

## ૫૦૮. જ્યારે ગુનેગાર ન્યાયાધીશ બને છે

સરકારના માહિતી ખાતાના નિયામકે, મહાદેવ દેસાઈએ યંગ ઇન્ડિયા[1]નાં પૃષ્ઠોમાં, પઠાણોની વર્તણૂક વિશે જે ચોક્કસ વિધાનો કર્યાં છે, તેનો રદિયો આપવાનો એક વિલક્ષણ પ્રયત્ન કર્યો છે. કૂવે પાણી ખેંચતાં લપસી પડવાથી મહાદેવ દેસાઈને ભારે ચોટ આવી છે. એટલે તેઓ અત્યારે પથારીવશ છે અને તેથી પોતાની સાપ્તાહિક નોંધ લખવાને અને તેમાં એ રદિયાનો જવાબ આપવાને અશક્ત છે. પણ નિયામકશ્રીના રદિયાનો જવાબ આપવા કોઈ નિષ્ણાતની જરૂર નથી. તેમાં કરેલી કબૂલાતો તેમના પોતાના ઉદ્દેશને, જે સરકારનો પણ ઉદ્દેશ છે, નુકસાનકર્તા છે, તેમ જ તેમના રદિયા જ્યાં તદ્દન નકામા નથી ત્યાં પણ અપ્રતીતિકર તો છે જ.

પરંતુ નિયામકશ્રીની જાહેરાતને ચકાસું તે પહેલાં એક મુદ્દો મને સ્પષ્ટ કરવા દો. માહિતી ખાતાના નિયામક દ્વારા આવી સરકારી જાહેરાતો બહાર પડાવવા પાછળ સરકારનો ઇરાદો શું છે? પોતે સ્થાપેલી કાયદાની કોર્ટોનું સ્થાન લઈ લઈને શું સરકાર પોતે જ પોતાના અધિકારીઓ સામેના કેસમાં ન્યાયાધીશ બનવા માગે છે? હું વિનાસંકોચ કબૂલ કરું છું કે લોકોને લાગેવળગે છે ત્યાં સુધી સત્યાગ્રહ પ્રચાર-કાર્યાલય તરફથી કરવામાં આવેલા આક્ષેપો એકપક્ષી છે અને તે હજી સાબિત કરવાના છે. પણ આ પ્રચાર-કાર્યાલય માટે એ સિવાય બીજો કોઈ પણ માર્ગ ખુલ્લો નથી. સત્યાગ્રહીઓને કોર્ટમાં જવાનો સંકોચ ન હોય તોપણ તેઓ બારડોલીની કોર્ટે ચડશે નહીં. તેઓ જાણે છે કે ત્યાં ન્યાય મળવાની વાત તો બાજુએ રહી પણ તેમને સાંભળવામાંયે નહીં આવે. કારણ કે તેમની ફરિયાદ કોઈ ખાનગી વ્યક્તિ સામે નથી પણ સરકારી અધિકારીઓ સામે છે. અને તે પણ એવા શાસન દરમ્યાન કે જે મોટે ભાગે લશ્કરી હકૂમત જેવું છે. તેથી સરકારે લીધેલાં દમનનાં અસાધારણ પગલાં વિશે જાહેર જનતાને જાણ કરવા સિવાય આ સત્યાગ્રહીઓ પાસે બીજો કોઈ માર્ગ ખુલ્લો નથી. તેમ છતાં નિયામકશ્રીએ જે પ્રતિઆક્ષેપો કર્યા છે તેનો શો અર્થ હોઈ શકે? તેમના ઇનકારોની શું કિંમત હોઈ શકે? સત્યાગ્રહીઓ જે વિષમ સ્થિતિમાં છે તેવી સ્થિતિ તેમની નથી. સરકાર પાસે બધી સત્તા છે. સત્યાગ્રહ કાર્યાલય દ્વારા થતા આક્ષેપો જો જૂઠા હોય, તો સરકાર પાસે તેનો પોતાનો ઇલાજ છે જ. સરકારને એ વાતનો ભાગ્યે જ ખ્યાલ છે કે તેણે બધી પ્રતિષ્ઠા ગુમાવી દીધી છે; અને તેના વતી થયેલાં જે નિવેદનો સાચાં હોય છે તે પણ જૂઠાં હોવાની લોકો શંકા કરે છે. જો સરકાર પાસે એ આક્ષેપો ખોટા છે એમ બતાવતી સાબિતી હોય તો ભલે તે ખુલ્લી નિષ્પક્ષપાત તપાસ માટે એક સમિતિની નિમણૂક કરે. અને તેમ થશે તો સત્યાગ્રહ કાર્યાલય પોતે કરેલા દરેક વિધાનને સાબિત કરવાની જવાબદારી પોતાને શિરે લેશે. અને એ પ્રમાણે સિદ્ધ નહીં કરી શકે તો ક્ષમા માગશે અને બીજી રીતે સહન કરવા તૈયાર રહેશે. પરંતુ નામદાર ગવર્નરસાહેબ જાહેર પુરુષોને જે લાંબા અને વિગતપૂર્ણ પત્રો પાઠવી રહ્યા છે, તે જોતાં આવી કોઈ સમિતિ નિમાય એવી આશા રહેતી નથી. તેથી જ શ્રીયુત મુનશીએ પોતાના હોદ્દાનું રાજીનામું આપતા આકરા પત્રમાં ગવર્નરસાહેબ સમક્ષ જે નિર્ધારનો ઇશારો રજૂ કર્યો

૧. યંગ ઇન્ડિયા, મે-જૂન, ૧૯૨૮ના અંકોમાં.

Gandhi Heritage Portal

છે તેને હું વધાવું છું. તેમના હોદ્દાત્યાગ માટે શ્રીયુત મુનશીને હું મારા તરફથી અભિનંદન આપું છું અને એથીયે વિશેષ અભિનંદન તો તેમના હિંમતભર્યા પત્ર માટે આપું છું. તપાસ સમિતિ ઊભી કરવાનો પોતાનો નિર્ધાર તેઓ પાર પાડશે એવી મને આશા છે. એ સમિતિમાં તેઓ સારામાં સારા માણસો લે, અને હું તો કદાચ એ પણ સૂચવવાની ધૃષ્ટતા કરું કે સરકારના દાખલાનું અનુકરણ કરીને જુદી જુદી કોમોમાંથી પસંદ કરેલા માણસોને તેમાં સ્થાન આપે. એ સમિતિમાં તેઓ એક પારસી, એક મુસલમાન અને શક્ય હોય તો એક અંગ્રેજ અથવા હિંદી ખ્રિસ્તીને લે અને આ પોતે ઊભી કરેલી સમિતિ માટે યોગ્ય કાર્યક્ષેત્ર નક્કી કરે, જેની મર્યાદામાં રહીને સમિતિ કામ કરે. અને જો સમિતિ થોડી વધારે તકલીફ ઉઠાવવા તૈયાર હોય તો હું સૂચવીશ કે સમિતિ પોતાની તપાસ સરકારનાં દમનનાં પગલાં પૂરતી જ મર્યાદિત ન રાખે પણ મહેસૂલ વધારાને લગતા સત્યાગ્રહીના કેસો પણ તેમાં આવરી લે. હુ તો એવી પણ આશા રાખું કે સમિતિ સરકારને તેનો કેસ રજૂ કરવા સાક્ષીઓ મોકલી આપવા આમંત્રણ આપે. મોટે ભાગે તો સરકાર આવી સમિતિ આગળ પોતાના સાક્ષીઓ રજૂ કરવાની મહેરબાની નહીં કરે. જો સરકાર તેમ નહીં કરે તો લોકોને તેનો તિરસ્કાર કરવા માટેનું એક વધુ કારણ તે પૂરું પાડશે.

હવે નિયામકશ્રીની જાહેરાતો સંબંધમાં જોઈએ. ગવર્નરસાહેબ કહે છે કે "કોઈ પણ જાતની ગેરસમજૂતી નિવારવાના આશયથી જ" પઠાણોને પાછા ખેંચી લેવામાં આવ્યા છે. નિયામકશ્રી જણાવે છે કે ચોમાસું બેસવાની તૈયારીમાં હોવાથી તેમની સેવાઓની વધુ જરૂર નહીં પડે એ કારણે પઠાણોને પાછા ખેંચી લેવામાં આવી રહ્યા છે. આ બંને નિવેદનોમાંથી કયું નિવેદન જનતાએ માનવું? જો પાસે આવતા ચોમાસાને કારણે પઠાણોની જરૂર ન હોય તો પછી પઠાણોને પણ ટપી જાય એવી, ખાસ અધિકારી સાથેની અને ખાસ મૅજિસ્ટ્રેટ નીચે કામ કરતી, સશસ્ત્ર પોલીસની શી જરૂર છે? પઠાણોને પાછા ખેંચી લેવા પાછળ બારડોલીના લોકોને હજુ વધુ ઘેરવાનો અને ડરાવીને તેમને નમાવવાનો દુષ્ટ હેતુ છે એવી લોકો શંકા કરે તો તેમાં તેમનો વાંક કાઢી શકાય નહીં.

બીજી એક જાહેરાત થોડા દિવસ પર ચોરી કરતાં મુદ્દામાલ સાથે એક પઠાણ પકડાયો હતો એ વાતનો ઇનકાર કરે છે. કેમ જાણે નિયામકશ્રીની સમક્ષ ફરિયાદી અને આરોપી બંને હાજર હોય અને પોતે ચોક્કસ નિર્ણય પર આવ્યા હોય એમ આ ઇનકાર કોઈ ન્યાયાધીશની ભાષામાં વ્યક્ત કરવામાં આવ્યો છે. બારડોલી સ્ટેશનના એક ચોકિયાત પઠાણ જેણે આ માણસને લોહી-વાળા હાથ, તેમ જ છરા અને ચોરેલા મીઠા સાથે પકડ્યો હતો, તેણે રેલવે યુનિયનના પ્રમુખ તરીકે શ્રીયુત વલ્લભભાઈને આપેલું નિવેદન મારી આગળ પડેલું છે. તેમાં તે લખે છે કે પોલીસ અધિકારીઓ પુરાવાને નબળો પાડી રહ્યા છે અને ફરિયાદ પાછી ખેંચવા એના પર દબાણ લાવી રહ્યા છે. પણ નિયામકશ્રી કોઈ ધર્માધિકારીની અદાથી એવા નિર્ણય પર આવે છે કે "પોલીસને આ કિસ્સો જૂઠો ગણાવાલાયક જણાયો છે" એમાં નવાઈ પામવા જેવું કશું નથી, કારણ કે રેલવેનો પઠાણ પોલીસના હાથનું રમકડું બનવા તૈયાર નથી. "નાયબ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ચોક્કસપણે કહી શકે એમ છે કે અસહકારીઓએ લીધેલા ફોટા એ કહેવાતી ચોરી થઈ તે દરમ્યાન લેવાયા નથી" એ નિવેદન પણ એટલું જ મહત્ત્વનું છે. પણ આરોપી પઠાણ રેલવે પ્લૅટફૉર્મ પર હતો અને તેણે એક મૂઠી ભરીને, હકીકતમાં તો બે બંડલ ભરીને, મીઠું જરૂર લીધું હતું એવી કબૂલાત સરકારી આબરૂને પૂરતો ધક્કો લગાડે છે. જ્યારે

Gandhi Heritage Portal

ગુનો કરતાં પકડાયેલાને બચાવી લેવાના હોય છે ત્યારે ભ્રષ્ટાચારી પોલીસ નજરે જોયેલી હકીકતોને પણ હળવી કરી નાખે છે એ કોણ નથી જાણતું? આ દાખલામાં કહેવામાં આવ્યું છે કે મીઠું નકામું હતું અને પઠાણે તેને જમીન પરથી લીધું હતું. અને પઠાણ પાસે છરો હતો એવું સ્વીકારવાથી મુશ્કેલી ઊભી થાય એમ હોવાથી તેની પાસે છરો હોવાનો ઇનકાર કરવામાં આવ્યો છે. દક્ષિણ આફ્રિકામાં પઠાણોના પરિચયમાં આવવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું હતું. અહીં પણ ઘણા પઠાણોને ઓળખવાનું એવું જ સદ્‌ભાગ્ય મને મળ્યું છે. જો તેમને બગાડવામાં ન આવે તો પઠાણોની બહાદુરી માટે સવાલ નથી. પણ છરા વગરનો કોઈ પઠાણ હોય એવું મને યાદ આવતું નથી. પણ કહેવાતા અસહકારીઓને પોતાના આક્ષેપોની સચ્ચાઈ બાબત પૂરેપૂરો વિશ્વાસ નથી. તેઓ એક નિષ્પક્ષ તપાસની માગણી કરે છે. પણ માહિતી નિયામક એમ કરતા નથી. પોતાનાં નિવેદનો પાછળ ન્યાયાધીશના ચુકાદાનું બળ હોવાનો એ દાવો કરે છે.

નિયામકશ્રી માટે બીજો ઇનકાર પણ પહેલાના જેટલો જ મૂંઝવણભર્યો છે. પઠાણે કલ્યાણજીને ધમકી આપી એ વાતની ના પાડવામાં નથી આવતી, પણ પઠાણે એમને છરો મારવાની ધમકી આપી એ વાતની ના પાડવામાં આવે છે. કહેવાય છે કે પઠાણને કોઈ પોતાનો ફોટો પાડી લે તે સામે વાંધો હતો એટલે તેણે આ ધમકી આપેલી. નિયામકશ્રી નાહક એમ ઉમેરે છે કે અસહકારીઓ સારી પેઠે જાણે છે કે પઠાણ તેનો કોઈ ફોટો પાડે તે સામે વાંધો લે છે. હું પણ અસહકારીઓમાંનો એક છું. પણ કોઈ પણ પઠાણે આવો વાંધો લીધાનું મારી જાણમાં નથી. જેમનો ફોટો પાડવામાં આવ્યો હોય એવા ઘણા પઠાણોને હું જાણું છું, તેમ ફોટો પડાવવા આતુર હોય એવા થોડા પઠાણોનો પણ મને પરિચય છે. વલ્લભભાઈ પાસેથી મને જાણવા મળ્યું છે કે કૅમેરાનો ઉપયોગ તેમને બદનામ કરવા માટે થઈ રહ્યો છે એવું તેઓ જાણતા નહોતા ત્યાં સુધી એના એ જ પઠાણો ફોટો પડાવવા માટે આતુર હતા. વધુમાં વલ્લભભાઈ મને ખાતરી આપે છે કે તેમને જોઈતી તક મળી જાય તો ફોટા સામેનો વાંધો ક્યાં અને કેવી રીતે ઉપજાવી કાઢવામાં આવ્યો છે તે પોતે બતાવી આપી શકશે. અને આપણે બધા જાણીએ છીએ કે પઠાણોના બાદશાહ નામદાર અમાનુલ્લા ફોટોગ્રાફરોના ત્રાસને આનંદથી વેઠી લે છે. પણ પોતાના સમર્થનમાં નિયામકશ્રીએ જે શબ્દજાળ ગૂંથી છે તેમાંથી એક વાત સ્પષ્ટ તરી આવે છે કે કલ્યાણજીને ધમકી આપવામાં આવી હતી. સાથે સાથે હું એ પણ ચોખવટ કરું કે સત્યાગ્રહીઓ અત્યારે બારડોલીમાં અસહકાર કરી રહ્યા નથી. ઊલટું તેઓ તો મહેસૂલની આકારણી બાબત સાચી વસ્તુ શોધી કાઢવા માટે સરકાર સાથે સહકાર કરવા માગે છે. અસહકારીઓ તરીકે તેઓ સમિતિની માગણી કરી શકતા નહોતા. સરકારની સત્તાનો સ્વીકાર કરવાની તેઓ સ્પષ્ટ ના પાડી શક્યા હોત. પણ તેઓએ એમ કર્યું નથી. તેમનો સત્યાગ્રહ તો કેવળ આજની સરકાર પાસેથી ન્યાય મેળવવા પૂરતો જ છે.

ત્રીજો ઇનકાર પઠાણે એક સ્ત્રીને તેના ઘરમાંથી બહાર ખેંચી કાઢ્યા બાબત છે. પઠાણ ખુલ્લા પ્રવેશદ્વારમાં ઊભો હતો એ વાત કબૂલ કરવામાં આવે છે. પણ એક ખાનગી ઘરના ખુલ્લા પ્રવેશદ્વારમાં તે કેમ ઊભો હતો તે જણાવવામાં આવ્યું નથી. પોતાના ઘરમાં દાખલ થવા પ્રયત્ન કરતા એક પઠાણે તેને ખેંચી કાઢી હતી અને ધક્કો માર્યો હતો એવું એક સ્ત્રીએ આગળ આવીને કહ્યાનું પણ કબૂલ કરવામાં આવે છે. અને પછી જનતાને એવી મહત્ત્વની માહિતી આપવામાં આવે છે કે તેના પર જૂઠાણાનો આરોપ મૂકનાર શ્રી બેન્જામિનની થોડા દિવસ પછી એ સ્ત્રીએ એમ કહીને માફી માગી હતી કે "ત્યારે હું બીજું કરું પણ શું?"

Gandhi Heritage Portal

શ્રી બેન્જામિનના નિવેદનને મહત્ત્વ આપતાં પહેલાં એ સ્ત્રીની ઊલટતપાસ લેવાની ચોક્કસ જરૂર છે.

ચોથો ઇનકાર પઠાણના અસભ્ય વર્તન વિશે છે. અહીં પણ પઠાણની નગ્નાવસ્થાની હકીકતનો ઇનકાર તો નથી કરવામાં આવતો પણ એવો બચાવ કરવામાં આવ્યો છે કે પઠાણના આ અસભ્ય દેખાવ પાછળ અસભ્ય ઇરાદો નહોતો. આશય ખરાબ નહોતો એવું અનુમાન એ વાતને આધારે તારવવામાં આવે છે કે સાધારણ રીતે ગામડાંના લોકો કુદરતી હાજત માટે ગમે તે જગ્યાએ બેસે છે. પરંતુ બુદ્ધિશાળી જનતા આવા ઇનકાર પરથી સાચાજૂઠાનો ખ્યાલ સહેલાઈથી બાંધી શકે છે.

એના જેવો જ બીજો ઇનકાર એક પઠાણે બે છોકરીઓ સામે લૂગડાં ઉતારી નાખ્યાં હતાં તે બાબત વિશેનો છે.

છઠ્ઠો ઇનકાર એક સ્ત્રી ઉપર એક પઠાણે કરેલા નિર્લજ્જ હુમલા વિશેનો છે. તેમાં હુમલાની હકીકતનો અચકાતાં અચકાતાં સ્વીકાર પણ કરવામાં આવ્યો છે; પરંતુ હુમલો કરનાર માણસ પઠાણ જ હતો એ મતલબના ખુદ રહેમતે કરેલા નિવેદનની જાણે કશી કિંમત જ ન હોય એમ નિયામકશ્રી ભોળાભાવે કહે છે : "રહેમત જણાવે છે તેમ કોઈએ વર્તન કર્યું હોય એ શક્ય છે, પરંતુ તે માણસ પઠાણ જ હતો એવો કશો પુરાવો સાંપડતો નથી." હુમલો કરનાર સરકારે રોકેલો પઠાણ હતો એ મતલબનું રહેમતને બચાવનાર ગાડાવાળાએ કરેલું નિવેદન પણ સત્યાગ્રહ કાર્યાલય પાસે છે.

અહીં સરકારી જાહેરાતમાંથી કેવળ થોડા નમૂનાઓ જ આપ્યા છે અને જે જાહેરાતમાં યંગ ઇન્ડિયાનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનું મેં ઝીણવટથી પરીક્ષણ કર્યું છે કારણ કે આ પત્ર માટે ભૂલને પાત્ર મનુષ્યને માટે શક્ય હોય તેટલી પૂરેપૂરી નિષ્પક્ષતા અને સત્યના આગ્રહનો મારો દાવો છે. યંગ ઇન્ડિયામાં લખનારાઓએ કંઈ નહીં તો તેમની ટૂંકી સહી તો આપવાની જ હોય છે. શ્રીયુત મહાદેવ દેસાઈ પોતે જ એક ધારાશાસ્ત્રી છે. પત્રકારત્વનો એમને દસથીયે વધારે વર્ષનો અનુભવ હોવાથી એ ઠીક ઠીક ઘડાયેલા પત્રકાર છે એવો દાવો એમને માટે કરી શકાય. એટલે તેમનામાં બીજી કેટલીક યોગ્યતાઓની સાથે સાથે સાચાજૂઠાનો ભેદ પારખવાની યોગ્યતા હોય જ. પ્રત્યક્ષ માહિતી માટે તેઓ અવારનવાર બારડોલી જાય છે. એમ માની શકાય કે એમની પોતાની પ્રતિષ્ઠા હોડમાં છે. આથી એ જ્યારે પથારીવશ હતા ત્યારે જેનો રદિયો આપવામાં આવ્યો છે તે તેમની નોંધો તેમ જ નિયામકશ્રીએ એ નોંધોનો આપેલો રદિયો જોઈ જવાની મને ફરજ પડી. અને મને તરત જ સમજાઈ ગયું કે મહાદેવ દેસાઈએ શરમાવા જેવું કશું નથી તેમ જ નિયામકશ્રીના રદિયામાં એવું કશું નથી જે મહાદેવે બારડોલીમાં પોતે જોયેલી હકીકતોનો જે ક્યાસ કાઢ્યો છે તેને નબળો પાડે.

પઠાણોએ ભેંસોને ઢોરમાર માર્યો હતો અને એક કિસ્સામાં તો બિચારી ભેંસનો મારી મારીને જીવ લેવામાં આવ્યો હતો. નિયામકશ્રી આ બાબતમાં ચૂપ છે કેમ કે એમને માટે એમ કરવામાં લાભ છે. તલાટી અને પટેલોએ દબાણના માર્યા રાજીનામાં આપ્યાં છે એવું નિયામકશ્રીની એક જાહેરાતમાં જોરશોરથી જણાવવામાં આવ્યું હોવા છતાં, પટેલો અને તલાટીઓએ એમના પર મૂકવામાં આવેલા આ ખોટા આળનો ભારપૂર્વક ઇનકાર કર્યો છે એ વાત નિયામકશ્રી જાણે છે ખરા?

Gandhi Heritage Portal

સરકારી જાહેરાતો તેમ જ ગવર્નરના કાગળો એ વાત પર ખૂબ ભાર મૂકે છે કે પઠાણોને બારડોલીમાં લાવવા માટે સરકારનો વાંક કાઢી શકાય નહીં, કેમ કે બારડોલીના વાણિયાઓ પણ પોતાના ચોકીદાર તરીકે પઠાણોને રાખે છે. ગવર્નર કે નિયામકશ્રી એ વાત જાણતા લાગતા નથી કે ગુજરામાં કોઈને પણ પઠાણોને ચોકીદાર તરીકે રાખવાનો વિચાર ગમતો નથી. ગુજરાતના લોકો પઠાણો માટે ખરાબ લાગણી ધરાવે છે એવું કશું નથી, પણ પઠાણોને રોકવા પાછળ દુષ્ટ હેતુ રહેતો હોય છે અને જેઓ પઠાણોને રોકે છે તેઓ કંઈ પઠાણોમાંના સારામાં સારાને વીણી કાઢવાની દરકાર કરતા નથી. ઊલટું તેઓ તો વધારેમાં વધારે તોફાન મચાવી શકે તેવાઓને હાથ કરવાની ખાસ કાળજી રાખે છે. અને જો આ સ્વાર્થી વાણિયાઓ અને બીજાઓ સુધરશે નહીં તો તેમણે અને ગુજરાતના બાકીના લોકોએ આવી વાંધાજનક વ્યક્તિઓને હાથ કરવા માટે અને તેમનો પોતાના સ્વાર્થ માટે દુરુપયોગ કરવા માટે બહુ ભારે કિંમત ચૂકવવી પડશે. પછી ભલેને એવી રીતે રોકેલા માણસો પઠાણો હોય કે બીજા. પણ જે પ્રથા મૂળે ખરાબ અને સામાન્યપણે લોકોને અણગમતી છે એવું બધા જાણે છે તેનું જ્યારે સરકાર અનુકરણ કરે છે ત્યારે તે ભૂલ પર ભૂલ કરી રહી છે અને તે માટે તે વધુ ઠપકાપાત્ર બને તો તેને નવાઈ ન લાગવી જોઈએ. પઠાણોને બારડોલી મોકલવાનો સરકારનો હેતુ, તેમને ભાડે રાખવા પાછળના ખાનગી વ્યક્તિઓના હેતુથી જુદો હોઈ શકે નહીં. વળી કેટલાક પઠાણો બહારના નથી એ હકીકત પરથી ગવર્નર કે નિયામકશ્રી લોકો પાસે કયું અનુમાન બંધાવવા માગે છે? બંનેમાં અવશ્ય એટલું જાણવાની બુદ્ધિ હોવી જોઈએ કે બારડોલીમાં પઠાણો સામે જે વાંધો લેવામાં આવ્યો છે તે પઠાણજાતિ સામેનો નથી. ત્યાં 'પઠાણ' શબ્દ પાછળ જુદો જ ભાવ છે. બારડોલીમાં એ શબ્દનો અર્થ 'ખરાબ વ્યક્તિ' અથવા 'મવાલી' કરવામાં આવે છે. બારડોલીના લોકો ગમે ત્યાંથી આવતા બધાય સારા પઠાણોનો સત્કાર કરવા તૈયાર છે. અને આખરે તો પેલા ચોરી કરનાર પઠાણ વિરુદ્ધ વલ્લભભાઈ પાસે નિવેદન કરનાર પણ રેલવેનો એક પઠાણ જ હતો. એટલે બારડોલીના લોકોની નફરત પઠાણ જાતિ પ્રત્યે નહીં પરંતુ જે લોકોને સરકારે કામ કરવા રોકયા છે તેમના ચારિત્ર્ય પ્રત્યે છે. તેથી સરકારે હથિયારધારી પોલીસ મૂકીને પઠાણોને પાછા બોલાવી લીધા છે એથી પરિસ્થિતિમાં કશો ફરક પડતો નથી. સરકારને વિશે એવું ન કહેવાઓ કે બારડોલીના લોકોએ પઠાણરૂપી ચાબુક સામે રોષ ઠાલવ્યો તો તેમને સ્પેશિયલ મૅજિસ્ટ્રેટની મદદ સાથેના હથિયારધારી પોલીસરૂપી વીંછી મળ્યા.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, २१-६-१९२८



Gandhi Heritage Portal

## ૫૦૯. બારડોલીનો ગોટાળો

બારડોલીના મામલામાં જેમ સરકાર પોતાનો વધુ ને વધુ બચાવ કરતી જાય છે તેમ તે વધુ ને વધુ આરોપી બનતી જાય છે. નામદાર ગવર્નરે મુનશીને લખેલા લાંબા કાગળો પરિસ્થિતિને ઊલટી ગૂંચવે છે અને બંધારણવાદી હોવાનો દાવો કરનાર શ્રી મુનશીની દૃષ્ટિએ પણ તેની સ્થિતિ સુધરતી નથી.

ગવર્નરના કાગળો મૂળ સવાલને બિલકુલ ઉડાવી દે છે. તેઓ નામદાર દાવો કરે છે કે બીજી તપાસ ક્યારની થઈ ગઈ છે અને તેમના પત્રલેખકને ખાતરી આપે છે કે "સરકારનો એક પણ સભ્ય એવો નથી કે જેને સરકારનાં પગલાંની યોગ્યતા બાબત, ખરી રીતે તો મારે કહેવું જોઈએ કે સરકારનાં પગલાંની 'ઉદારતા' બાબત, પૂરેપૂરો સંતોષ ન થયો હોય."

આ વાત કૂંડાળામાં ગોળ ગોળ ફરવા જેવી છે. પત્રવ્યવહારમાં નિર્દેશ કરવામાં આવ્યો છે એવી પચાસ તપાસો સરકાર યોજે તોપણ તેની પરિસ્થિતિમાં તેનાથી કશો સુધારો થશે નહીં, એથી ઊલટું, આવી તપાસો, જ્યારે બારડોલીના લોકો રોટલા માટે માગણી કરે છે, ત્યારે દરેક વખતે પથરો આપવાનો સરકારનો વિકૃત નિશ્ચય પુરવાર કરશે. જેમાં તેઓને ઉપકારક અને અસરકારક પ્રતિનિધિત્વ ન મળે તેમ જ જે ખુલ્લી અને સ્વતંત્ર ન હોય તેવી કોઈ છાની-છપની તપાસ એમને જોઈતી નથી. તેઓ એવી દલીલ કરે છે કે સરકાર જેને 'ન્યાયી' અને 'ઉદાર' પણ ગણે છે, તેને તેઓ અન્યાયી અને ત્રાસજનક માને છે. તેમનો દાવો છે અને આ કૉલમોમાં તેનાં કારણો આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે શ્રી જયકર અને મિ. ઍન્ડરસનના અહેવાલોની કશી જ કિંમત નથી, તે ખોટાં નિવેદનોથી ભરેલા છે; અને તેમાં ગણતરીની[1] પણ અનેક ભૂલો છે. તેથી જ તેઓ પોતાનો દાવો નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસ સમિતિ સમક્ષ સાબિત કરી આપવા તૈયાર છે.

સરકાર અભિમાનપૂર્વક અને માથું પાકી જાય એવું પુનરાવર્તન કરીને લોકોને જણાવે છે કે, શ્રી જયકરની આકારણી, જે ૩૦ ટકા વધારો સૂચવે છે તે, અથવા તો મિ. ઍન્ડરસનની આકારણી જે ૨૯ ટકા વધારો સૂચવે છે (જે ખરેખર ત્રીસ ટકા ઉપર 'ઉદાર' ઘટાડો કહી શકાય) એ બેમાંથી એકેયનો તે સ્વીકાર કરતી નથી; પરંતુ તેણે એ વધારાને ૨૦ ટકા સુધી ઘટાડ્યો છે અને હવે ગવર્નરસાહેબ દ્વારા આપણને જણાવવામાં આવે છે કે આ ઘટાડો માત્ર ન્યાયી નહીં, ઉદાર પણ છે. લોકોને ઉદારતા નહીં, પણ સીધોસાદો ન્યાય જોઈએ છે, અને તેઓ રજૂઆત કરવા માગે છે કે આ ૨૦ ટકા વધારો પણ કારણ વિનાનો છે અને ખેડૂતોની હાલત સાથે સુસંગત નથી. નામદાર ગવર્નરસાહેબ બીજી બાજુ એવો વાંધો ઉઠાવે છે કે જો સમિતિ નીમવામાં આવી હોત તો તેનો એવો નિર્ણય આવત કે મહેસૂલ આકારણીનો વધારો ઊંચો હોવો જોઈએ. જો સરકાર સાચે જ એમ માનતી હોય તો પછી જેનો નિર્ણય સ્વીકારવાની લોકોએ બાંયધરી આપી છે તેવી યોગ્ય સમિતિ નીમવાની વાજબી વિનંતીનો સ્વીકાર તે કેમ કરતી નથી?

૧. જુઓ "બારડોલીનો કેસ શું છે?", ૧૪-૬-૧૯૨૮.

Gandhi Heritage Portal

સરકારના અધિકારીઓએ કરેલાં વિધાનો તેમ જ નિર્ણયોને પ્રજા સાશંક દૃષ્ટિથી જોતી હોય, ત્યારે ઘણુંખરું તો ખોટા અને બનાવટી દસ્તાવેજો ઉપરથી પોતાના નિર્ણયો બાંધતા બીજા અધિકારીઓના અહેવાલો લોકોના માથે મારવા એ તો નરી ક્રૂરતા જ છે, નર્યું અપમાન જ છે. ગવર્નરસાહેબ જો તેઓ કહે છે તેમ સાચે જ ન્યાય આપવા માગતા હોય તો પછી બારડોલીના જે લોકો માટેની ચિંતા અને સહાનુભૂતિનો તેઓ પોતાના પત્રમાં અનેક વાર ખુલ્લો એકરાર કરે છે તેમનાં કષ્ટોથી પવિત્ર થયેલી તેમની આ માનપૂર્વકની માગણી તેઓ સ્વીકારી લે.

પણ ગવર્નર કહે છે કે આ "બહારના માણસો" જેમને ગુજરાતના કમિશનરે ગાળો દઈ દઈને પ્રસિદ્ધ કર્યા છે તેઓ, તેમના સહાનુભૂતિના પૂરા વહેણની આડે આવે છે. "જે ખેડૂતોને સારી રીતે ઓળખવાનો" અને "તેવા ખેડૂતો જો તેમને મહેસૂલ ભરવા દેવામાં આવે, તો તેમનામાંના કેટલાક કરી રહ્યા છે તેમ, અવશ્ય પોતાની મહેસૂલની નવી આકારણી આપવા તત્પર થાય" એમ ગવર્નરસાહેબ દાવો કરે છે, તેવા ખેડૂતોના માર્ગમાં જો તેઓ આડા આવતા હોય, તો પછી એક ઝાટકે એવા વાંધાજનક ગેરકાયદેસર પ્રવેશ કરનારા લોકોને ગવર્નરસાહેબ શા માટે કાઢી મૂકતા નથી? આજ સુધી તો પોતાના માર્ગમાં આડે આવનાર "દાદાઓ"ને દૂર કરવાના ઉપાય સરકાર હમેશ શોધી શકી છે. તો પછી, તે (ઉત્તર વિભાગના કમિશનર સાહેબની સુસંસ્કૃત ભાષામાં) "બારડોલીના ગરીબ અને નિર્દોષ ખેડૂતો ઉપર તાગડધિન્ના કરતા, ખેડા જિલ્લામાંથી આવેલા, આ ચળવળિયાના ટોળાને શા માટે છૂટું રાખે છે; અને ગરીબ બિચારા ખેડૂતોને આ ચળવળિયાઓનો અને હવે જેની જગ્યા બારડોલીમાં મૂકેલી વ્યવસ્થિત પોલીસ લેનાર છે એવા પઠાણોનો શિકાર શા માટે થવા દે છે?

ગવર્નરસાહેબ પોતાની બંધારણીય સ્થિતિને વાજબી ઠરાવવા અને શ્રીયુત વલ્લભભાઈ તથા તેમના નિષ્ઠાવાન સાથીઓને બદનામ કરવા એટલી તો ઉતાવળમાં છે કે તેઓ એક પત્રમાં કહે છે કે ચાળીસ પઠાણો હતા; જ્યારે બીજા પત્રમાં ભૂલથી કહે છે કે માત્ર પચ્ચીસ જ પઠાણો હતા. પરંતુ પઠાણો વિશે વધારે તો હું બીજા કોઈ લેખમાં કહીશ.

ચોર્યાસી તાલુકાના ખેડૂતોએ, જેમની આ જ રીતે આકારણી કરવામાં આવી છે, મહેસૂલના વધારા સામે કોઈ વાંધો નથી લીધો એમ કહી ગવર્નરસાહેબ બારડોલીની મહેસૂલ આકારણીનું ન્યાયીપણું વાજબી ઠરાવવા માગે છે. ચોર્યાસી તાલુકાનાં ગામડાં વિશે હું કશું જ જાણતો નથી. પરંતુ હું એટલું અવશ્ય જાણું છું કે હિંદુસ્તાનના લોકોએ ભૂતકાળમાં આવા ઘણા અન્યાયો બરદાસ્ત કર્યા છે. સંભવ છે કે ચોર્યાસીના લોકોમાં આ લેવીનો વિરોધ કરવા જેટલું બળ ન હોય જ્યારે બારડોલીના લોકો છેલ્લાં છ વર્ષથી તંદુરસ્ત પ્રભાવ નીચે હોઈ, પોતાની નિર્લજ્જતા અને અત્યાચાર માટે પંકાયેલી સરકાર સામે માથું ઊંચકવામાં રહેલાં કષ્ટો સહન કરવાની પોતાની શક્તિ અને જરૂરી તત્પરતા બાબત સભાન હોય.

સરકારનો ખુલ્લો પંજો અહીં દેખાઈ આવે છે. નામદાર ગવર્નરસાહેબ લખે છે:

> તમારા સૂચન મુજબ સ્વતંત્ર તપાસ સમિતિ નીમીને સરકારે તેનો શાસન કરવાનો અબાધિત અધિકાર શા માટે છોડી દેવો જોઈએ? શક્ય હોય તેટલી બધી જ રીતે હું આ બાબતનું સમાધાન કરવાને આતુર છું; પરંતુ સરકારના નામને પાત્ર હોય, એવી કોઈ પણ સરકાર, પોતે કરવાના નિર્ણયોનો અધિકાર બીજાના હાથમાં સોંપી શકે નહીં.

"શાસન કરવાનો અબાધિત અધિકાર" એટલે હિંદુસ્તાનના લોકો ભૂખે મરી જાય ત્યાં સુધી તેનું સ્વચ્છંદે લોહી ચૂસવાનો પરવાનો. કારોબારી સત્તા અને લોકો વચ્ચેના તકરારી

Gandhi Heritage Portal

મુદ્દાઓની બાંધછોડ કરવા જો સ્વતંત્ર સમિતિ નીમવામાં આવે તો આ સ્વચ્છંદતા પર જરા અંકુશ આવે. એ ધ્યાનમાં રાખવું જોઈએ કે સ્વતંત્ર સમિતિનો અર્થ સરકારથી સ્વતંત્ર સમિતિ એવો થતો નથી. એનો અર્થ એટલો જ છે કે એ સમિતિમાં સરકારે એવા માણસો નીમવા જોઈએ જેઓ અધિકારીઓના દબાણથી મુક્ત હોય અને તેમને એ તપાસ જાહેરમાં કરવાની સત્તા હોય. તેની સાથે જેને અન્યાય થયો હોય એવા લોકોને એ સમિતિમાં યોગ્ય અને અસરકારક પ્રતિનિધિત્વનો હક્ક હોય. પરંતુ આવી જાહેર તપાસ એટલે સરકારની ગૂઢ એકહથ્થુ મહેસૂલ-નીતિનો મૃત્યુઘંટ. લાકોની આવી વિનમ્ર માગણીમાં "સરકારનાં કામો પચાવી પાડવાની" સહેજ પણ વાત ક્યાં આવી? વહીવટી અધિકારીઓના પૂરેપૂરા એકહથ્થુ શાસન ઉપર કોઈ જરાસરખો પણ અંકુશ મૂકવા પ્રયત્ન કરે તો સરકાર ધૂવાંપૂવાં થઈ જાય છે અને જ્યારે બ્રિટિશ વનરાજ બ્રિટિશ હિંદમાં છંછેડાય છે ત્યારે "ગરીબ બિચારા હિંદુ"ને ઈશ્વર જ બચાવી શકે. પરંતુ અસહાયને ઈશ્વર અવશ્ય મદદ કરે જ છે અને માણસ જ્યારે પૂરેપૂરો અસહાય બની જાય ત્યારે જ તે મદદ કરે છે. હિંદુસ્તાનના લોકોને સત્યાગ્રહના રૂપમાં જાતે જ કષ્ટ સહન કરવાનું અમોઘ ગાંડીવ ભગવાને આપ્યું છે. તેના પ્રેરક પ્રભાવ નીચે હિંદુસ્તાનના લોકો તેમના યુગોજૂના આળસમાંથી ધીમે ધીમે જાગી રહ્યા છે. અને બારડોલીના ખેડૂતો હિંદને કેવળ એટલું જ બતાવી રહ્યા છે કે નબળા હોવા છતાં તેઓ પોતાને જ સાચું લાગતું હોય તેને ખાતર સહન કરવાની શક્તિ ધરાવે છે.

સત્યાગ્રહ બંધારણ વિરુદ્ધ છે એવું કહેવાના દિવસો હવે પૂરા થયા છે: સત્ય અને તેનું સાથી — આત્મબલિદાન — ગેરકાયદેસર ગણાય તો જ સત્યાગ્રહને ગેરબંધારણીય કહી શકાય. લૉર્ડ હાર્ડિંગે દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહને આશીર્વાદ આપ્યા હતા. અને ત્યાંની સર્વશક્તિમાન સંઘ સરકાર પણ સદ્‌ભાવપૂર્વક સત્યાગ્રહ સામે ઝૂકી ગઈ હતી. તે વખતના વાઇસરૉય લૉર્ડ ચેમ્સફર્ડ અને બિહારના ગવર્નર સર એડવર્ડ ગેટ બંનેએ સત્યાગ્રહની કાયદેસરતાનો તેમ જ તેના પ્રભાવનો સ્વીકાર કર્યો હતો અને સ્વતંત્ર સમિતિ નીમવામાં આવી હતી. પરિણામે સરકારની પ્રતિષ્ઠામાં વધારો થયો હતો અને એક સદીઓ પુરાણા અન્યાયનો અંત આવ્યો હતો. પાછળથી ખેડામાં પણ સત્યાગ્રહનો સ્વીકાર કરવામાં આવ્યો હતો અને સરકારના એજન્ટો તેમ જ લડત તથા લોકોના આગેવાનો વચ્ચે સમાધાન કરવામાં આવ્યું હતું. પછી ભલે તે સમાધાન ઇચ્છાએ કે અનિચ્છાએ કરવામાં આવેલું, અધકચરું ને અધૂરું હોય. મધ્ય પ્રાંતના તે વખતના ગવર્નર પણ નાગપુર ઝંડા સત્યાગ્રહના સત્યાગ્રહીઓ સાથે વિનયપૂર્વક વર્ત્યા હતા તેમ જ તેમણે કેદીઓને છોડી દીધા હતા અને સત્યાગ્રહીઓએ માગેલ હક્કનો સ્વીકાર કર્યો હતો. છેલ્લી છતાં મહત્ત્વમાં જરાયે ઓછી નહીં એવી વાત એ છે કે ખુદ સર લેસ્લી વિલ્સને, જ્યારે તેમને હજુ "જગતના સૌથી શક્તિશાળી શાસન"ના વાતાવરણનો ચેપ નહોતો લાગ્યો ત્યારે, બોરસદમાં સત્યાગ્રહના પ્રભાવનો સ્વીકાર કર્યો હતો અને બોરસદના લોકોને રાહત આપી હતી.

હું ઇચ્છું કે નામદાર ગવર્નરસાહેબ અને શ્રીયુત મુનશી બંને, છેલ્લાં ચૌદ વર્ષમાં બનેલા બનાવોની નોંધ લેશે. બારડોલીના સત્યાગ્રહને આજે એકાએક ગેરબંધારણીય જાહેર કરી શકાય નહીં. હકીકત એ છે કે સરકારની પાસે કોઈ કેસ જ નથી. તેની મહેસૂલ-નીતિને ખુલ્લી તપાસ સમિતિમાં લઈ જવા કોઈ પડકાર કરે તેમ તે ઇચ્છતી નથી. બારડોલીના લોકો જો આ છેવટની અગ્નિપરીક્ષામાં હેમખેમ પાર ઊતરશે તો તેમને કાં તો ખુલ્લી તપાસ મળશે અથવા મહેસૂલનો

Gandhi Heritage Portal

વધારો દૂર થશે. નિષ્પક્ષ તપાસ-પંચ આગળ પોતાની ફરિયાદો માટે દાદ માગવાનો તેને બેશક અધિકાર છે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, २१–६–१९२८

# ૫૧૦. નોંધ

## એક ઉમદા આત્મા ચાલ્યો ગયો[1]

यंग इन्डिया માટે હું લખી રહ્યો છું ત્યાં સખીગોપાલમાં થયેલા પંડિત ગોપબંધુ દાસના અવસાનના સમાચારનો તાર નીલકંઠબાબુ તરફથી મળે છે. ગોપબંધુ દાસ દુ:ખ અને આંસુના પ્રદેશ કહેવાતા ઓરિસ્સાના સૌથી ઉમદા પુત્રોમાંના એક હતા. ગોપબંધુબાબુએ ઓરિસ્સાને પોતાનું સર્વસ્વ આપ્યું હતું. ૧૯૧૯માં જ્યારે શ્રીયુત અમૃતલાલ ઠક્કરને દુષ્કાળપીડિતોને રાહત આપવા ઓરિસ્સા મોકલ્યા હતા ત્યારે મેં તેમને વિશે, તેમના શુદ્ધ ચારિત્ર્ય વિશે અને દૃઢતા વિશે ખૂબ સાંભળ્યું હતું. નિ:સહાયને સહાય કરવા માટે ગોપબંધુબાબુ કેવી અગવડતાઓ અને રોગનો બહાદુરીપૂર્વક સામનો કરી રહ્યા હતા તે વિશે શ્રી ઠક્કર મને વારંવાર લખતા. તેમણે અસહકારના દિવસોમાં પોતાની વકીલાત છોડી દીધી હતી અને ધારાસભાના સભ્યપદનો પણ ત્યાગ કર્યો હતો અને એમના એ નિર્ણયમાંથી કદી ચલિત થયા ન હતા. તેમની બાબતમાં સૌથી મહત્ત્વની વાત તો એ હતી કે પોતાના વહાલામાં વહાલા સર્જનના, સત્યવાદી શાળાના, અસ્તિત્વને તેમણે હોડમાં મૂક્યું હતું. તેમના કેટલાક ગાઢ મિત્રોનાં મહેણાં સહન કરી લઈને પણ, તેઓ, જેને એ મિત્રો તેમની મૂર્ખતા ગણતા હતા તેને ખંતથી વળગી રહ્યા અને શાશ્વત કીર્તિને વર્યા. વિખૂટા પડેલા ઉત્કલને તેઓ એક અને સુખી જોવા ઇચ્છતા હતા. તાજેતરમાં તેઓ લાલા લજપતરાય સોસાયટીના સભ્ય થયા હતા અને ગરીબાઈ અને પૂરથી પીડાતા ઓરિસ્સાને આર્થિક રાહત આપવા માટે તેઓ ખાદીને અસરકારક વાહન બનાવવા માગતા હતા. શ્રીયુત ગોપબંધુ દાસના અવસાનથી દેશ વધારે ગરીબ બન્યો છે. તેઓ સદેહે આપણી વચ્ચે હવે નથી. છતાં તેમનો આત્મા સદાયે આપણી વચ્ચે હાજર છે. એ ઉમદા આત્મા ઓરિસ્સાના કાર્યકરોનું માર્ગદર્શન કરો. તેમનું અવસાન ઓરિસ્સાના કાર્યકરો, કે જેમની સંખ્યા રાષ્ટ્રની આવશ્યકતા જોતાં ઘણી ઓછી છે તેમનામાં, અધિક કાર્યપરાયણતાની, અધિક પ્રયત્નશીલતાની, અધિક આત્મ-સમર્પણની અને અધિક ઐક્યની ભાવના પ્રેરો. તેમનાં આપ્તજનોને અને સદ્ગત દેશભક્તના અનેક અનુયાયીઓને મારી તરફથી દિલાસો પાઠવું છું.

## યુવાનોને માટે શરમજનક

એક પત્રલેખક મને એક છાપાની કાપલી મોકલે છે. તેમાં એવું દર્શાવવામાં આવ્યું છે કે સિંધના હૈદરાબાદમાં હમણાં વરરાજાઓ માટેની માગણીઓ એટલી ચિંતાજનક હદે વધી ગઈ છે કે ઇમ્પીરિયલ ટેલિગ્રાફ એન્જિનિયરિંગ સર્વિસના એક કર્મચારીએ સગપણ વખતે રૂપિયા

૧. આ જ વિષય પર ૧–૭–૧૯૧૮ના નવજીવનમાં "એક સાચો સેવક" એ મથાળા હેઠળ ગાંધીજીએ એક સ્વતંત્ર લેખ લખ્યો છે. તે માટે જુઓ પુસ્તક ૩૭, લેખ ૬.

Gandhi Heritage Portal

૨૦,૦૦૦ રોકડા દહેજમાં પડાવ્યા અને લગ્ન વખતે અને તે પછી ખાસ પ્રસંગોએ, એથીયે વધારે રકમ આપવાનાં વચનો લીધાં.

દહેજને લગ્નની શરત તરીકે રજૂ કરનાર યુવક તેની કેળવણી અને દેશને બટ્ટો લગાડે છે અને સ્ત્રીજાતિનું અપમાન કરે છે. આપણા દેશમાં ઘણી યુવક પ્રવૃત્તિ ચાલે છે. હું ઇચ્છું છું કે એ પ્રવૃત્તિ આ પ્રકારના સવાલો હાથ ધરશે. આ જાતનાં મંડળો અંદરથી નક્કર સુધારો કરનારી પ્રતિનિધિસંસ્થાઓ બનવાને બદલે ઘણી વાર આત્મશ્લાઘા કરનારી મંડળીઓ બની બેસે છે. આવાં મંડળોનું કામ ક્યારેક જાહેર પ્રવૃત્તિઓને મદદ કરવાની દૃષ્ટિએ સારું હોવા છતાં એ યાદ રાખવું જોઈએ કે લોકો તેમના કામની જે કદર કરે છે તેમાં જ આ દેશના યુવાનોના કામનો બદલો રહેલો છે. જો આ કામની પાછળ આંતરિક સુધારણાનું બળ ન હોય તો સંભવ છે કે તે યુવાનોમાં ખોટી આત્મસંતોષની ભાવના પેદા કરીને એમને ભ્રષ્ટ કરે. દહેજ જેવી પાપી પ્રથાની સામે મજબૂત લોકમત કેળવવો જોઈએ અને એવા અધમ ધનથી પોતાની આંગળીઓ ખરડનાર યુવકોનો સમાજમાંથી બહિષ્કાર કરવો જોઈએ. કન્યાઓનાં માબાપે અંગ્રેજી ડિગ્રીથી અંજાઈ જવું ન જોઈએ અને પોતાની પુત્રીઓને માટે નિષ્ઠાવાન, સ્ત્રીદાક્ષિણ્યની ભાવનાવાળા વર મેળવવા માટે તેમની નાનકડી જ્ઞાતિ કે પ્રાંતની બહાર જતાં અચકાવું ન જોઈએ.

## એક અંજલિ

મગનલાલ ગાંધીના મૃત્યુ વિશે શ્રી એચ. એસ. એલ. પોલાક, મહાદેવ દેસાઈને લખેલ એક પત્રમાં આ પ્રમાણે કહે છે:

> મગનલાલના એકાએક જવાથી આશ્રમ ઉપર આવી પડેલી આપત્તિનું તમે જે મૂલ્યાંકન કર્યું છે તે હું સંપૂર્ણ રીતે સમજી શકું છું. મને જાણે એમ થાય છે કે મેં મારો સગો ભાઈ ગુમાવ્યો છે. મારા કરતાં અલબત્ત તમે એ બાબત વધારે સારી રીતે જાણો છો કે તેઓ આશ્રમના જીવન અને આદર્શો માટે કેટલા મોટા પ્રમાણમાં ઉપયોગી હતા. અને આશ્રમના આદર્શ તેમ જ વહેવારુ સ્વરૂપનું એમનામાં કેટલું બધું દર્શન થતું હતું. આવા પ્રિય, આનંદી, હસમુખા બંધુ, જેમની સાથે આશ્રમવાસના મારા છેલ્લા દિવસે મેં ગાઢ અને પ્રેમાળ આલિંગનની આપ-લે કરી હતી, તેઓ આપણી વચ્ચેથી આટલા જલદી ચાલ્યા જાય, તે માન્યામાં આવતું નથી. તેઓ જૂના જમાનાના કોઈ બહાદુર સૈનિકની જેમ બહાદુરીથી રણક્ષેત્ર ઉપર ખપી ગયા છે.
>
> મગનલાલ અને હું તમે જાણો છો તેમ ફિનિક્સ આશ્રમમાં નિકટતાથી અને એક-રાગથી કામ કરતા હતા. ખુશમિજાજ અને એકરાગિતા એમના ચારિત્ર્યના ચાવીરૂપ ગુણો હતા, અને તેમનામાં એક એવી લવચીક હિંમત હતી કે જે પ્રત્યેક નવી કસોટીની માગને પહોંચી વળવા તત્પર બનતી હતી. છેલ્લાં કેટલાંક વર્ષોથી તો હું પ્રસંગોપાત્ત હિંદમાં આવતો ત્યારે જ તેમને મળવાનું થતું. પરંતુ આ ટૂંકા સમય દરમ્યાન પણ એક જૂની અને પ્રેમાળ મૈત્રીને તાજી કરવાથી મને હમેશાં તાજગી અને પ્રેરણા મળતાં.
>
> આપણા સૌને માટે, તેઓ એક ઉદાત્ત અને ઉજ્જવળ દૃષ્ટાંત મૂકી ગયા છે. અને મને અંતરથી ખાસ પ્રતીતિ થાય છે કે તેઓ એક દેહધારી તરીકે આપણી વચ્ચે ભલે ન વિચરતા હોય, તોપણ તેમનો આત્મા, જે સ્વરૂપ આપણને બહુ વહાલું અને પરિચિત હતું

Gandhi Heritage Portal

તેમાં રહી વિચરતો હોત તે કરતાં પણ કદાચ વધારે વાસ્તવિક રીતે આપણી વચ્ચે ગતિશીલ રહેશે.

આશ્રમમાં આપણામાંનાં ઘણાં ઉપરના છેલ્લા કથનનું સત્ય અનુભવી રહ્યાં છીએ.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, २१-६-१९२८

## ૫૧૧. જે. એમ. સેનગુપ્તાને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૧, ૧૯૨૮

પ્રિય ભાઈ સેનગુપ્તા,

આવતી મહાસભાના પ્રમુખ બાબતનો તમારો પત્ર મને મળ્યો છે. મને તમારું સૂચન ગમે છે, પરંતુ આ બાબતનો છેવટનો નિર્ણય કરતાં પહેલાં હું પંડિતજીનું પોતાનું મન જાણવા માગું છું. એટલે જ મેં તેમને એ બાબતમાં[૧] લખ્યું છે, અને તેમનો જવાબ આવતાં જ હું તમને એ બાબતમાં વધારે અને ચોક્કસ રીતે લખી જણાવીશ.

પ્રદર્શન વિશેનો તમારો પત્ર મને મળ્યો હતો. તેથી મને સંતોષ થયો નથી. પરંતુ દેખીતી રીતે જ આ બાબતમાં આપણે બંનેએ જુદા પડવામાં સંમત થવું પડશે. તમે જાણો છો તેમ હું સ્વદેશી વિશે ઘણા દૃઢ વિચારો ધરાવું છું. પરંતુ એ વિચારો બંગાળને રુચતા ન હોય, તો બંગાળના વિચારો બદલાય અથવા હું હિંમત હારું ત્યાં સુધી રાહ જોવી રહી. તેમ છતાં હું તમારી સાથે કશી દલીલ કરીશ નહીં. ત્યાં જે કાંઈ બનાવો બનશે એને ધ્યાનપૂર્વક નિહાળીશ. તમે મને જે લખ્યું છે અને જે માહિતી મને આપવામાં આવી હતી તે વચ્ચે હું કશો તફાવત જોઈ શકતો નથી. છેવટે મને એટલું જ કહેવા દો કે યંત્રનો હું યંત્ર તરીકે વિરોધ કરતો નથી. પરંતુ જેનો હેતુ લોકોને બદલામાં પૂરતું અને સંતોષકારક કામ આપ્યા સિવાય તેમને દૂર કરવાનો છે એવા યંત્રનો હું વિરોધ કરું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૩૬૨૬

૧. જુઓ "મોતીલાલ નેહરુને પત્ર", ૧૯-૬-૧૯૨૮.

Gandhi Heritage Portal

## ૫૧૨. ઇથિલ ઍન્ગસને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૨, ૧૯૨૮

પ્રિય મિત્ર,

તમારો પત્ર મળ્યો. એ બદલ હું તમારો આભાર માનું છું. આવતે વર્ષે યુરોપ જવામાં જો હું સફળ થઈશ અને જો જરાયે શક્ય હશે તો તમારું આતિથ્ય હું જરૂર સ્વીકારીશ. મને એ વિશે શંકા જ નથી કે યુરોપના બીજા ભાગોમાં છે તેમ ઇંગ્લંડમાં પણ મારા અનેક મિત્રો છે.

દક્ષિણનાં શ્રીયુત રાજગોપાલાચારી તેમના આશ્રમમાં એકધારી પ્રગતિ કરી રહ્યા છે. હું તમારો પત્ર તેમને મોકલવાની છૂટ લઉં છું અને તેઓ તે રસપૂર્વક વાંચશે એની મને ખાતરી છે.

તમારો અને રેવરંડ જાન ટૉડ ફેરિયરનો હું આભાર માનું છું. મિત્રો મને જે અનેક પુસ્તકો મોકલે છે તે વાંચવાનું મને ઘણું મન હોવા છતાં તે વાંચવાનો સમય મેળવવાનું મુશ્કેલ છે, પરંતુ તમે મોકલેલાં કેટલાંક પુસ્તકો ઉપર હું નજર ફેરવી ગયો છું. ખોરાકની શુદ્ધિ વિશેની તમારી દલીલ મારા ઉપર સ્વાભાવિક રીતે જ પ્રબળ અસર કરી જાય છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૪૩૩૪

## ૫૧૩. રામલાલ બાલારામ બાજપાઈને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૨, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મને મળ્યો છે. તમે મોકલેલો મિસ મેયોનો લેખ હું ધ્યાનથી વાંચી ગયો છું. આ બદનક્ષીનો જવાબ દેવાની મને ઇચ્છા નથી. મિસ મેયોએ બનાવી કાઢેલી વાતો માની લે એવા જો કોઈ લોકો હોય, તો મારો રદિયો એવા લોકોને કશો સંતોષ આપી શકશે નહીં.

મારી તબિયત વિશે તમે ભાવભરી પૂછપરછ કરી, તે બદલ હું તમારો આભાર માનું છું. મારી તબિયત ઠીક ઠીક ચાલે છે.

તમારો સહૃદયી

શ્રીયુત રામલાલ બાલારામ બાજપાઈ
૨૦૯, સુલિવન પ્લેસ
બ્રૂકિલન, ન્યૂ યૉર્ક, યુ. એસ. એ.

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: ૧૪૩૩૭

Gandhi Heritage Portal

## ૫૧૪. કે. શ્રીનિવાસનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૨, ૧૯૨૮

પ્રિય ભાઈ શ્રીનિવાસન્,

તમારો પત્ર અને રૂપિયા ૧૧નો ચેક મને મળ્યા છે. તમારે માટે તમે મેળવેલા પૈસાની તમને જરૂર ન હોય તો તમે ઠપકાને પાત્ર બનો છો.

તમે તમારું વચન પાળી રહ્યા છો એ જાણીને મને ઘણો આનંદ થાય છે. હું ઇચ્છું છું કે તમારા મિત્રો સામે રેંટિયો કાંતતાં તમે શરમાશો નહીં. જો તેને તમે સારી વસ્તુ માનતા હો તો ભલે તેઓ તમને કાંતતા જુએ.

તમારો સહૃદયી

શ્રીયુત કે. શ્રીનિવાસન્
મારકોની વાયરલેસ કૉલેજ
ચેમ્સફર્ડ
ઈસેક્સ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૪૩૩૮

## ૫૧૫. દેવી વેસ્ટને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૨, ૧૯૨૮

તમારો પત્ર મને મળ્યો. સુંદર ફોટોગ્રાફ[1] પણ મળ્યો છે. હું એટલા માટે સુંદર કહું છું કે તે જીવંત લાગે છે.

મગનલાલ વિશે તમે જે લખો છો તે તદ્દન સાચું છે.

હું ઇચ્છું છું કે આશ્રમમાં અમે જે કેટલાક ફેરફારો કર્યા છે, તે વિશે લખવાનો મારી પાસે સમય હોય. પ્રભુદાસ તબિયત સુધારવા માટે પહાડ પર ગયા હતા ત્યાંથી હવે ઊતરી આવ્યા છે. કૃષ્ણદાસ અહીં છે. અને એ જ પ્રમાણે છગનલાલ અને તેમનાં પત્ની પણ અહીં જ છે. હાલ પૂરતાં તેમનાં માબાપ પણ અહીં જ છે. દેવદાસ હજી પહાડી પ્રદેશમાં જ છે. મારી તબિયત ઘણી સારી રહે છે. આવતે વર્ષે આપણે મળીએ એવી શકયતા છે. જો બધું ઠીક ચાલશે તો આવતે વર્ષે યુરોપની મુલાકાતે આવીશ.

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૪૩૩૯

૧. જેમને પત્ર લખાયો છે તેમનો ફોટો.

Gandhi Heritage Portal

# ૫૧૬. હૉરેસ ઍલેક્ઝાન્ડરને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૨, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમને ઠીક ઠીક લાંબો પત્ર લખવાની મારી ઇચ્છા હતી. એટલે મેં તમારા પત્રનો જવાબ આપવાનું ખૂબ મોડું કર્યું છે, પરંતુ હવે હું જોઈ શકું છું કે પ્રયત્ન કરવા છતાં પણ બહુ જ નજીકના ભવિષ્યમાં તો હું તમને એકદમ વિગતવાર જવાબ આપવાનો સમય કાઢી શકું એમ નથી.

મૂક પ્રાર્થના અને સામુદાયિક મૌન વિશે તમે જે કહો છો તે હું સમજી શકું છું અને એક સિદ્ધાંત તરીકે તેની હું કદર કરું છું.[1] જ્યારે હું દક્ષિણ આફ્રિકામાં હતો ત્યારે આવી કેટલીયે સભાઓમાં મેં હાજરી આપી હતી. પરંતુ તેની કામગીરીથી બહુ પ્રભાવિત થયો ન હતો. હિંદુસ્તાનમાં તો તે સાવ નિષ્ફળ જ જાય. આખરે તો, ઈશ્વરપૂજાના અનેક માર્ગો છે. જો જૂના માર્ગો કામ આપતા હોય તો નવા શોધવાની જરૂર નથી. આશ્રમમાં અમે જે કંઈ કરી શકીએ છીએ તેનાથી મને પોતાને સંતોષ નથી. એકાએક કે કૃત્રિમ રીતે હું ભક્તિભાવ પેદા ન કરી શકું. પ્રાર્થના દરમ્યાન આશ્રમવાસીઓમાંથી થોડામાં સાચે જ એવો ભક્તિભાવ હોય તો વખત જતાં એની અસર બીજા ઉપર થવાની જ. પ્રાર્થનાસભામાં યોગ્ય ભક્તિભાવથી આવતા કેટલાક એકાગ્ર આત્માઓ આશ્રમમાં છે એમ માનતો હોવાને કારણે જ મુશ્કેલીઓ અને કેટલીક વાર તો તીવ્ર નિરાશાઓ છતાં પણ આશ્રમમાં સામુદાયિક પ્રાર્થના ચાલુ રાખવાનો આગ્રહ હું રાખી રહ્યો છું. કદાચ હું પક્ષપાત કરતો હોઉં પણ મારો પોતાનો અનુભવ છે કે અમારી પ્રાર્થનાસભાઓ એકદમ ધીમે પણ નિશ્ચિતપણે ગૌરવમાં અને બળમાં આગળ વધી રહી છે, પરંતુ મને એ વાતનું દુઃખદ ભાન છે કે અમે જે મેળવવા માગીએ છીએ તેનાથી અમે ઘણા ઘણા દૂર છીએ. તેમ છતાં તમારાં સૂચનો હું ધ્યાનમાં રાખીશ. મિત્રો સાથે મેં એ સૂચનોની ચર્ચા પણ કરી લીધી છે.

આરોગ્ય અને સુખાકારીની જાળવણીના વિષયમાં મેં તમારી પાસેથી સૂચનો મંગાવ્યાં છે. તે વિશે તમે બહુ ભાર દીધો જણાતો નથી. મારા પોતાના નમ્ર અભિપ્રાય પ્રમાણે આપણે જીવનને બિનજરૂરી રીતે ધર્મ વગેરે જુદાં જુદાં અકબંધ ખાનાંઓમાં વહેંચી નાખીએ છીએ. એટલે જો માણસનામાં સાચો ધર્મ હોય તો તે જીવનની નાનામાં નાની વિગતોમાં દેખાવો જોઈએ. અમારા જેવા સમાજમાં મારે મન આરોગ્ય અને સુખાકારીને લગતી બાબતો સર્વ-સામાન્ય આધ્યાત્મિક પ્રયાસ પર આધારિત હોય છે. આરોગ્ય ને સુખાકારીના રક્ષણને લગતા સામાજિક અને રાજકીય જીવનમાં જરા સરખી પણ અનિયમિતતા આધ્યાત્મિક દારિદ્ર્યની નિશાની ગણાવી જોઈએ. બેદરકારીની અને પોતાની ફરજ પ્રત્યેની ઉપેક્ષાની એ નિશાની છે.

૧. હૉરેસ ઍલેક્ઝાન્ડર થોડા સમય પહેલાં આશ્રમની મુલાકાતે આવ્યા હતા. આશ્રમના ચોગાનમાં, ક્વેકર સંપ્રદાયના લોકો કરે છે તેમ, સામૂહિક મૌન પાળવા એમણે સૂચવ્યું હતું.

Gandhi Heritage Portal

ગમે તેમ પણ આશ્રમજીવનનું મંડાણ આ જીવનની એકતાના મૂળભૂત વિચાર પર કરવામાં આવ્યું છે.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

હૉરેસ ઍલેક્ઝાન્ડર, એસ્કવાયર
વૂડબ્રૂક
સેલ્વી ઓક
બર્મિંગહામ

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : જી. એન. ૧૪૦૫

## ૫૧૭. ચ. રાજગોપાલાચારીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૨, ૧૯૨૮

૧. सत्याग्रह इन साउथ आफ्रिका, २. गांधीजी इन सिलोन, ૩. सेवन मन्थ्स विथ गांधीजी,[1] ४. इकॉनॉमिक्स ऑफ खद्दर એ ચાર પ્રકાશનો સામે સલામતીના રૂપમાં ગણેસનને રૂપિયા ૮,૫૦૦ સુધીની લોન આપીને મદદ કરવાનો મેં નિર્ણય કર્યો છે. પરંતુ તમે તેમને મદદ કરો અને દોરવણી આપો એમ હું ઇચ્છું છું. તેમણે તો હારીને પ્રકાશનના વ્યવસાયમાંથી તદ્દન નિવૃત્ત થવાનું વલણ લીધું છે. મને લાગ્યું કે એમાં નામર્દાઈ છે અને મેં તેમને બધી મુશ્કેલીઓનો સામનો કરવાની અને તોફાન સામે ટકી રહેવાની સલાહ આપી છે. મેં તેમને તમારું માર્ગદર્શન લેવા જણાવ્યું છે. વળી મેં તેમને એ પણ સૂચવ્યું છે કે તેમને કદાચ નટેસનની મદદ મળે, પણ એ બધું હું તમારા ઉપર છોડું છું. જો તમે એમ ધારતા હો કે તેમણે તે પ્રમાણે કરવું જોઈએ તો તમે નટેસનને, જેને તમે સારી રીતે ઓળખો છો, તેમનો પરિચય કરાવશો.

પુસ્તકોનો સંગ્રહ હરિહર શર્મા પાસે રહેશે. આ મુદ્દા ઉપર તમારે બીજી કંઈ સલાહ આપવાની હોય, તો તમે મને જણાવશો.

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૩૪૩૩

૧. કૃષ્ણદાસે લખેલ આ પુસ્તકનું નામ છે : सेवन मन्थ्स विथ महात्मा गांधी.

Gandhi Heritage Portal

## ૫૧૮. એસ્થર મેનનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૨, ૧૯૨૮

તારા બંને પત્રો મને મળ્યા છે. મગનલાલના અવસાને મારી બધી યોજનાઓને ઊંધી વાળી દીધી છે, એટલું જ નહીં, પરંતુ એણે આશ્રમમાં ક્રાંતિકારક કહી શકાય એવા ફેરફાર કરવા મને ઉત્તેજન આપ્યું છે. તેથી મારે તને લાંબો પ્રેમપત્ર ન જ લખવો જોઈએ.

બધું ઠીક ચાલતું રહે અને યુરોપના મિત્રો હજી પણ હું ત્યાં આવું તેમ ઇચ્છે, તો આવતે વર્ષે ત્યાં આવવા તૈયાર રહેવાની હું આશા રાખું છું.

હિંદુસ્તાનમાં તું માંદી પડે એ સમજી શકાય એવી વાત છે, પરંતુ ત્યાં તારે શા માટે માંદા પડવું જોઈએ? તું પાછી ફરે ત્યારે તારામાં તારી પહેલાંની તાજગી અને જોમ હોય એમ હું ઇચ્છું છું.

તમે બંને ક્યાં સુધી વિખૂટાં રહેવા ઇચ્છો છો? મેનન ક્યાં અભ્યાસ કરે છે?

શ્રીમતી એસ્થર મેનન
હૅવ, એસનેઈસ
ડેનમાર્ક

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૩૩૬

## ૫૧૯. બેન એમ. ચેરિંગ્ટનને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૨, ૧૯૨૮

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો છે. તમને મદદ કરવાની મારી શક્તિ વિશે તમે વધારે પડતો ખ્યાલ ધરાવો છો. તેમ છતાં, મારી શક્તિ પ્રમાણે હું તમારા પ્રશ્નોનો જવાબ આપવા પ્રયત્ન કરું છું.

તમારો સહૃદયી

બેન એમ. ચેરિંગ્ટન, એસ્કવાયર
એક્ઝિક્યુટિવ સેક્રેટરી
યુનિવર્સિટી ઑફ ડેનવર
ડેનવર, કોલોરેડો, યુ.એસ.એ.

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૪૩૩૫

Gandhi Heritage Portal

[બિડાણ][1]

પશ્ચિમની દાન પર ચાલતી સંસ્થાઓના ઇતિહાસનો અભ્યાસ કરવાનો મને કદી પ્રસંગ આવ્યો નથી. મારું એ બાબતનું જ્ઞાન એટલું ઉપરછલ્લું છે કે તે જરાયે કામ લાગે તેમ નથી.

મારા પોતાના મંતવ્ય પ્રમાણે આજના જમાનાની ખાસ આવશ્યકતા એ છે કે હૃદયની વસ્તુઓને એટલે કે નૈતિક સુધારણાને જીવનમાં તેનું સાચું સ્થાન આપવું. મારા મત પ્રમાણે સામાજિક શાસ્ત્રને નૈતિક દૃષ્ટિથી જોવાનો પ્રયત્ન કરવો જોઈએ. એની સાથે ચેડાં કરવાથી કશો પણ અર્થ સરશે નહીં. એટલે તમારી સંસ્થા[2] જો પોતાના ધ્યેયને વફાદાર રહેવા માગતી હોય તો તેનો ઉપયોગ જે પ્રથા નીચે અમેરિકામાં સંપત્તિનો અસાધારણ સંચય કરવાનું શક્ય બન્યું છે તે પ્રથાને નાબૂદ કરવામાં થવો જોઈએ. પછી તમને જણાશે કે મારું સૂચન સ્વીકારવાથી તમારી સંસ્થાને મોટે ભાગે આર્થિક સહાયતા પર આધાર રાખવો નહીં પડે.

પહેલા પ્રશ્નનો મારો ઉત્તર જોતાં તમારા બીજા પ્રશ્નનો ઉત્તર આપવાની ભાગ્યે જ જરૂર હોય. પણ પહેલા પ્રશ્નને બાજુએ રાખીને હું કહીશ કે પરંપરાગત શૈક્ષણિક ખાતાંઓ રાખવાને બદલે ઔદ્યોગિક, જાતિને લગતા કે આંતરરાષ્ટ્રીય સંબંધોની આસપાસ તમારી સંસ્થાનું સંગઠન કરવું એ હમેશાં વધારે પસંદ કરવા જેવું છે. પ્રથમ પ્રશ્નના મારા જવાબમાં રહેલો મત જો સ્વીકારવામાં આવે તો તમારે સંશોધનનું મૌલિક કાર્ય કરવું પડશે.

ઉપરની વાતનો વિચાર કરતાં આ પ્રશ્નનો જવાબ બિનજરૂરી છે. બધી પ્રજાઓ, જાતિઓ અને વર્ગોને પ્રતિનિધિત્વ અપાય એ ખરેખર ડહાપણભર્યું ગણાશે. તમે યુવાનોની દેખભાળ કરશો તો નાગરિકો આપોઆપ સાચે રસ્તે આવી જશે.

અત્યારની પરિસ્થિતિને જો તમે મારી માફક ખરેખર અસહ્ય માનતા હો તો મારી સૂચના એ છે કે થોડા પ્રોફેસરોને અને વિદ્યાર્થીઓને પૂરી દેવામાં આવે અને એવો આગ્રહ રાખવામાં આવે કે તેમણે સૌએ સાથે મળીને આ અસહ્ય સ્થિતિમાંથી માર્ગ કાઢવાનો છે.

આ પ્રશ્નનો ઉત્તર આપવા હું અશક્ત છું.

વિચાર સારો છે. તમે જે સભ્યો મોકલો તેના બદલામાં કે બીજી રીતે યોગ્ય પ્રકારના અતિથિ સભ્યો મેળવવાનો સૌથી અસરકારક રસ્તો કદાચ એ છે કે તમે જે દેશોમાંથી એવા સભ્યો મેળવવા ચાહતા હો ત્યાં એક પ્રતિનિધિ મોકલવો જેથી તે લાગતાવળગતા દેશ કે દેશોની જીવંત સંસ્થાઓના પ્રત્યક્ષ પરિચયમાં આવે.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૪૨૬૨

૧. ગાંધીજીએ જે પ્રશ્નોના આ ઉત્તરો આપ્યા છે તે પ્રશ્નો મળતા નથી.

૨. સંસ્થાને (Foundation)ને બદલે મૂળમાં કાર્ય (Function) શબ્દ છે.

Gandhi Heritage Portal

## ૫૨૦. વસુમતીબહેન પંડિતને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૩, ૧૯૨૮

ચિ. વસુમતી,

તમારો કાગળ મળ્યો છે. આ લખાવું છું ને ચારની પહેલી ટકોરી થઈ છે. જયદેવજીએ નીતિદોષ કર્યો છે તેથી મેં ત્રણ દિવસના ઉપવાસનું પ્રાયશ્ચિત્ત લીધું છે. આજે બીજો છે. સોમવારે સવારે પારાણું થશે. મને થોડી નબળાઈ ઉપરાંત કંઈ જ જણાતું નથી. એટલે મુદ્દલ ચિંતા કરવાનું કારણ નથી. ત્યાંની હવા માફક આવી ગઈ છે? કન્યા ગુરુકુળની સુવ્યવસ્થા ખાતર ગુરુકુળ કાંગડી સાથે પત્રવ્યવહાર ચાલી રહ્યો છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી: સી. ડબલ્યુ. ૪૭૯; શ્રીમતી વસુમતીબહેન પંડિતના સૌજન્યથી

## ૫૨૧. શાંતિકુમાર મોરારજીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૩, ૧૯૨૮

ચિ. શાંતિકુમાર,

આ કાગળ તમને સવારના ચાર વાગે લખાવી રહ્યો છું. એ ઉપરથી મારી ભીડની કલ્પના કરી લેજો. મહાદેવને લાગેલી ચોટથી હજુ તે ખાટલાવશ છે. સુમંત બાબતનાં કાગળિયાં ટેબલ ઉપર જ રાખી મૂક્યાં છે. પણ તે વાંચી શક્યો નથી. વાંચવાનો તો છું જ. તમારા ઉપર મારો એટલો બધો વિશ્વાસ છે કે જે બાબતનો તમને સંતોષ થયો છે તે બાબતમાં મને થઈ જશે એમ હું માનું છું. ભાઈ સુમંતના કાગળની છાપ મારી ઉપર સારી નથી પડી. કેમ કે તેમાં મેં ક્રોધ અને આવેશ જોયાં છે. પણ કાગળ વાંચીને મને જેવું લાગશે તેવું લખીશ. હું આ વિષયમાં તુરત ભાઈ સુમંતની મારફતે કે બીજી રીતે કંઈ નહીં કરી શકું એમ માનું છું. એટલે મેં બીજાં કામ પડતાં મૂકીને તમે મોકલેલાં કાગળિયાંનો નિકાલ કરવાનો આગ્રહ નથી રાખ્યો. પૂના જવાનું હમણાં તો થાય એમ જોતો નથી. જાઉં તો તમારી ઝૂંપડીમાં રહેવાની ઇચ્છા તો થાય જ. પણ પ્રેમલીલાબહેને પોતાની ઝૂંપડીમાં રહેવાનું ક્યારનુંય વચન લઈ લીધું છે. અપવાદ મેં એવો રાખ્યો છે કે કામને પ્રસંગે મારે બીજે ક્યાંય ન તણાવું પડે તો હું તેમને ત્યાં રહીશ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી: સી. ડબલ્યુ. ૪૭૮૭; શ્રી શાંતિકુમાર મોરારજીના સૌજન્યથી

Gandhi Heritage Portal

# ૫૨૨. બહેચર પરમારને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૩, ૧૯૨૮

ભાઈશ્રી ૫ બહેચર,

સુથારના છોકરા વેપાર કરે તો યોગ્ય ન ગણાય. શૂદ્રવર્ણમાં કેવળ મજૂરનો જ સમાવેશ થાય. મારી દૃષ્ટિએ સુથાર, વાળંદ ઇત્યાદિ વૈશ્ય ગણાય. ચોથા પ્રશ્નનો જવાબ આપવાનું કામ અત્યારે મુશ્કેલ છે કેમ કે વર્ણનો સંકર થયો છે. પણ સામાન્ય રીતે એમ કહી શકાય કે જે નીતિના વિરોધી [ન હોય તે] ધંધાને તથા જે પેઢી દર પેઢી ચાલતા આવ્યા હોય તેને સૌ વળગી રહે. સત્યાગ્રહાશ્રમમાં દાખલ થવાને જે લાયક ગણાય તેને ખાવાપીવાનું આશ્રમમાંથી જ મળી રહે છે. જો તેની પાસે કંઈ સાધન ન હોય તો આશ્રમમાં હાલમાં એટલા બધા ફેરફાર થયા છે અને થઈ રહ્યા છે કે ખાસ સંજોગો ઉત્પન્ન થયા વિના નવા કોઈને એક વર્ષ સુધી ન દાખલ કરવાનો આગ્રહ કાર્યવાહક મંડળે રાખ્યો છે. તમને નિયમો પસંદ હોય તો તમારે પ્રથમ તો એક વર્ષ સુધી બહાર રહીને પાલન કરવા જોઈએ એવું તમે નિયમાવલિમાં જોશો ને વર્ષને અંતે તમે દાખલ થવા ઇચ્છો તો તમારે આજથી આશ્રમ જીવનને જાણતા ને પાળતા થવું જોઈએ. જો આશ્રમમાં કોઈ પણ કાળે રહેવાનો તમારો ઇરાદો હોય તો તમારે પ્રથમ તો આશ્રમમાં બે ત્રણ દિવસ રહી જવું જોઈએ.

**મોહનદાસ ગાંધીના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૫૫૭૧

# ૫૨૩. કેળવણી વિશે પ્રશ્નો – ૪

૧૧. વિદ્યાપીઠનાં ધ્યેયોમાં લખ્યું છે કે ભારતવર્ષનો ઉત્કર્ષ ગામડાં પર આધાર રાખે છે, શહેરો પર નહીં. એમ હોય તો અમારા શહેરના છોકરાઓને શા માટે વટલાવો છો? ગામડાંના વિદ્યાર્થીઓને ભલે ગામડિયા કેળવણી આપો. શહેરના છોકરાઓ શહેરી જીવન ગાળવા માગે છે. એમને એમને લાયક કેળવણી કેમ ન આપો? અને વિદ્યાપીઠ માટે નાણાં તો શહેરોમાંથી મળે છે ને! વિદ્યાપીઠનો કોઈ આદર્શ ગામડાંમાં લઈ જાઓ અને ગામડાંમાંથી જ નાણાં અથવા અનાજ કપાસ ઉઘરાવો તો અમારે કંઈ કહેવું નથી.

સદ્‌ભાગ્યે આવો પ્રશ્ન ઘણા શહેરીઓને અથવા શહેરમાં વસતા ઘણા વિદ્યાર્થીઓને ઊઠતો નથી. ગામડાંના વિદ્યાર્થીઓને તેમના ખર્ચે ગામડિયા કેળવણી આપો એવી વાત શહેરી મંડળ જે પ્રાયશ્ચિત્ત કરવા તૈયાર થયું હોય તે કેમ કરે? વિદ્યાપીઠની ઉત્પત્તિ શહેરીઓનું ધ્યાન ગામડાંઓ તરફ વળ્યું તેમાંથી થઈ. શહેરીઓ જ પોતાની આંખ ઊઘડ્યા પછી વિદ્યાપીઠ ચલાવવા લાગ્યા. જો તે મુખ્યત્વે ગ્રામસેવાર્થે ચાલે તો ચલાવવાના પૈસા ગામડિયા લોક શું કામ આપે? ગામડાંમાં ચાલવાની કેળવણીનું તંત્ર પણ અત્યારે તો શહેરીઓએ જ ચલાવવાનું છે. જે આરોપ

Gandhi Heritage Portal

શહેરીઓ સરકારની સામે મૂકે છે તે જ ગામડાંના લોકો આપણી સામે મૂકી શકે છે: "તમે શહેરીઓએ અમને લૂંટ્યા છે, હજુ લૂંટી રહ્યા છો. અમને લૂંટતા મટી જાઓ એટલે તમારો પાડ. ગઈ ગુજરી અમે વીસરી જઈશું." આપણામાંના કેટલાક શહેરીઓ આ વસ્તુસ્થિતિ સમજી ગયા એટલે આપણે ચેત્યા. ગામડિયા પ્રત્યે આપણે કરેલો ભારે અન્યાય આપણે સમજ્યા અને પ્રાયશ્ચિત્ત કરવાનો નિશ્ચય કર્યો. તેમાંનો પહેલો ભાગ તો એ કે જેના બળથી અને જેની મદદથી ગામડાંનું સત્ત્વ હરણ કરવાનું કામ સંભવી શક્યું અને હાલ થઈ શકે છે તે સરકારનો અસહકાર કરવો. અને બીજો એ કે અસહકારનો ગૂઢાર્થ જેમ જેમ સમજતા ગયા તેમ તેમ આપણે સહકારનાં પરિણામોથી બચવાનું શીખતા ગયા. જો આપણે અસહકાર કર્યા પછી હાથ જોડીને બેસી રહ્યા હોત તો અસહકારનો અર્થ સમજ્યા જ નથી એમ કહેવાત. કોઈ આપણા ઘરમાંથી લૂંટ કરી જતું હોય ત્યારે તેને મદદ ન કરવી એટલેથી જ બસ નથી થતું, પણ તેની લૂંટની વચ્ચે પડવું પડે છે અને લૂંટના પરિણામનો ત્યાગ પણ કરવો પડે છે. ત્યારે જ લૂંટારાની સાથે ખરો અસહકાર સધાયો ગણાય. એ અસહકાર કાં તો અહિંસક અથવા હિંસક, અશાંત અથવા શાંત પશુબળવાળો અથવા આત્મબળવાળો હોઈ શકે. આપણે અહિંસક, શાંત, આત્મબળવાળો પસંદ કર્યો છે, અને તેથી જોઈ શક્યા છીએ કે આપણે કેટલાક શહેરીઓ ગામડાંમાંથી જે દ્રવ્ય ચૂસી લાવીને જીવીએ છીએ અને મહાલીએ છીએ તેને સારુ પ્રાયશ્ચિત્તરૂપે ગામડાંઓની કંઈક સેવા કરવી, તેમને કંઈક વળતર વાળવું. આ વિચારશ્રેણીથી જ વિદ્યાપીઠની ઉત્પત્તિ થઈ અને આપણામાંના કેટલાક જાગ્રત છીએ, સત્યના પૂજારી છીએ તેથી દિવસે દિવસે અસહકારનો ભેદ સમજતા જઈએ છીએ અને તેટલે અંશે વિદ્યાપીઠનું સ્વરૂપ શુદ્ધ કરતા જઈએ છીએ. હવે સમજી શકાશે કે શહેરીઓએ દીધેલાં નાણાંનો મુખ્ય ભાગ ગામડિયાઓને કેળવણી દેવામાં જ વપરાવો જોઈએ. અને તે કેળવણી વિદ્યાપીઠે તૈયાર કરેલા શહેરી સ્નાતકોની મારફતે જ હમણાં તો દઈ શકાય.

મારી માન્યતા તો ત્યાં લગી છે કે વિદ્યાપીઠને મળેલા દ્રવ્યનો બીજો કંઈ ઉપયોગ કરીએ તો લોકોને આપેલા વિશ્વાસનો ઘાત થાય. દ્રવ્ય દેનારાઓએ દ્રવ્ય એવી માન્યતાથી આપેલું છે કે તેનો ઉપયોગ ચાલુ પ્રથાથી જુદા પ્રકારની અને હું વર્ણવી રહ્યો છું તેવી કેળવણી આપવામાં થશે.

૧૨. વિદ્યાપીઠે આઠ વરસ થયાં અસ્પૃશ્યતાનિવારણનો આગ્રહ રાખ્યો છે એને પરિણામે કેટલા અંત્યજો વિનીત કે સ્નાતક થયા છે?

મને આ પ્રશ્ન વિચિત્ર અને અજ્ઞાનમૂલક લાગે છે, કેમ કે અસ્પૃશ્યતાનિવારણનો અર્થ એ કદી નથી અને ન હોવો જોઈએ કે આપણે અસ્પૃશ્ય ગણાતા એવા યુવકોને વિનીત અથવા સ્નાતક બનાવીએ. તેમનામાંથી કેટલાક કાળાંતરે વિનીત અને સ્નાતક થાય એ સંભવે છે, એ યોગ્ય છે. એવાને મદદ કરવાને વિદ્યાપીઠ હમેશાં તત્પર રહે એ પણ યોગ્ય છે. પણ અંત્યજ સ્નાતકો બનાવવા એ અસ્પૃશ્યતાનિવારણનો કોઈ પણ રીતે હિસ્સો નથી. વિદ્યાપીઠે લાખો નહીં તો હજારો રૂપિયા જતા કરીને, પોતાની હસ્તીને જ જોખમમાં મૂકીને, એને બીજી રીતે લાયક એવા કેટલાક ગૃહસ્થોની વિદ્યાપીઠનું તંત્ર ચલાવવાની સહાય જતી કરીને, અસ્પૃશ્યતા-નિવારણનો તેનો આગ્રહ અને પક્ષપાત સિદ્ધ કર્યા છે.

૧૩. અબ્રહ્મચર્યથી રાષ્ટ્રમાં શારીરિક અને માનસિક દુર્બળતા આવી ગઈ છે, અને સતત ઉદ્યોગ તથા પરાક્રમ મોળાં પડ્યાં છે, એમ આપણે સ્પષ્ટ જોઈએ છીએ. છતાં આપે વિદ્યા-પીઠનાં ધ્યેયોની છેલ્લી કલમમાં 'બ્રહ્મચર્ય' શબ્દ કેમ આવવા ન દીધો?

Gandhi Heritage Portal

આ પ્રશ્ન ઠીક પુછાયો છે. અબ્રહ્મચર્યથી જ રાષ્ટ્રમાં શારીરિક અને માનસિક દુર્બળતા આવી ગઈ છે અને સતત ઉદ્યોગ તથા પરાક્રમ મોળાં પડયાં છે, એમ સિદ્ધ થઈ શકે એમ નથી. બ્રહ્મચર્યથી જ શારીરિક દુર્બળતાનો નાશ થઈ જ જાય એ પણ સિદ્ધ થઈ શકે એમ નથી. તેથી વ્યાયામની સાથે બ્રહ્મચર્યને જોડી દઈ એ અલૌકિક વસ્તુને ગમે તેવી સરસ છતાં પ્રમાણમાં ક્ષણિક વસ્તુની સાથે જોડીને કેમ હલકી કરીએ, કેમ વટાવીએ? પશ્ચિમના લોકો બ્રહ્મચારી નથી એમ છતાં તેઓ શરીરે અથવા મને દુર્બળ નથી. તેમનો સતત ઉદ્યોગ અને તેમનાં પરાક્રમ એ અનુકરણ કરવા યોગ્ય હોય છે. ગુરખા, પઠાણ, શીખ, ડોગરા અને અંગ્રેજી સિપાહીઓ જેમના શરીરનો બાંધો ઘણો મજબૂત છે તેમનામાંના કોઈ બ્રહ્મચારી નથી એમ કહી શકાય. તેઓ વ્યાયામમાં આપણી વ્યાયામશાળાના વિદ્યાર્થીઓને હઠાવી દેશે. આવાં અનેક દૃષ્ટાંતો આપીને આપણે સિદ્ધ કરી શકીએ છીએ કે શરીરબળ, એક પ્રકારનું માનસિક બળ, સતત ઉદ્યોગ અને પરાક્રમ આ ચારે વસ્તુ બ્રહ્મચર્ય વિના ન જ પ્રાપ્ત થાય એવું નથી. મારી કલ્પનાનું બ્રહ્મચર્ય, બ્રહ્મને મેળવી આપનારું બ્રહ્મચર્ય, ઉપરની વસ્તુઓથી પર છે. એ પોતે જ સાધન અને સાધ્ય છે, તેથી તેના પાલનના અર્થે હું શરીરને હોમવા તૈયાર થાઉં. જેને શરીરનો મોહ છે તે અવિચ્છિન્ન બ્રહ્મચર્ય ભાગ્યે જ પાળી શકશે. અહીં ભીષ્માદિના બ્રહ્મચર્યનાં દૃષ્ટાંતો લેવાં એ ભુલવણીમાં પડવા જેવું થાય. મહાભારત-રામાયણાદિમાં વર્ણવેલી વસ્તુના અક્ષરને વળગી રહેતાં આપણે અસત્યને માર્ગે દોરવાઈ જઈ ઊંધે માથે ખીણમાં પડી જવાના છીએ. તેના મર્મને સમજી તેનું પાલન કરવાથી અને તેને અનુભવમાં ઉતારવાથી આપણે અવશ્ય ઊંચે ચડવાના છીએ.

શરીર નાખી દેવાની વસ્તુ નથી, એ સંગ્રહ કરવા લાયક છે. એ જો રાવણને રહેવાનું સ્થાન બન્યું છે તો રામનું અયોધ્યા પણ બન્યું છે. એ કુરુક્ષેત્ર છે તો ધર્મક્ષેત્ર પણ છે. તેથી આપણે તેને અવગણવું નથી. તેને આરોગ્યવાન, બળવાન, રાખવાની આવશ્યકતા છે. તેથી તેને કસરતની પૂરી આવશ્યકતા છે એમ કહેવામાં વ્યાયામની કયાં ઓછી સ્તુતિ આવે છે, અને એમ કહેવામાં સત્ય જળવાય છે અને આટલું પ્રલોભન વ્યાયામને વિદ્યાર્થીપ્રિય કરવાને સારુ બસ છે અને બસ થયું છે. એથી ઊલટું વ્યાયામ અને બ્રહ્મચર્યની વચ્ચે અનિવાર્ય સંબંધ સાધવા જતાં અતિશયતાના દોષમાં આપણે પડીએ એટલું જ નહીં, પણ બ્રહ્મચર્યનું પાલન કરનારો વિદ્યાર્થી વ્યાયામમાં પાછો હઠે ત્યારે તે ભૂલમાં પડીને પોતાનો વિચારદોષ સુધારવાને બદલે બ્રહ્મચર્યને નિંદી તેનો ત્યાગ કરવાનો પૂરેપૂરો ભય છે.

બ્રહ્મચર્યને શરીરબળની ઓથની જરૂર નથી. બ્રહ્મચર્યની આવશ્યકતા બીજી અને ઘણી વધારે સારી રીતે સિદ્ધ કરી શકાય તેમ છે. પશ્ચિમની પાસે શારીરિક બળ, માનસિક બળ, ઈત્યાદિ સંપત્તિ ભલે હોય પણ તેની પાસે આત્મબળ કયાં છે? જે ઘડીઘડીમાં વિકારને વશ થઈ શકે છે એવું આપણે જોઈએ છીએ, જે પોતાનો વિરોધ મુદ્દલ સહન કરી શકતો નથી, જેનાં મનોબળ, ઉદ્યોગ અને પરાક્રમ ઈતર પ્રજાને લૂંટવામાં અને તેમનો નાશ કરવામાં વપરાય છે તેની તે સંપત્તિનો દ્વેષ શો? તેનું અનુકરણ શું? કેમ કે તેનું બધું બળ અબ્રહ્મચર્યની સાથે સંબંધ રાખનારું છે, તેથી તે જગતની શુદ્ધ ઉન્નતિનું ઘાતક નીવડયું છે, અને તેથી મેં તેને રાક્ષસી મનાવ્યું છે. અહીં હું પશ્ચિમની અવગણના કરવા નથી ઈચ્છતો. પશ્ચિમમાં ઘણા લોકો નીતિને, સત્યને પૂજનારા પડયા છે. ઘણા બ્રહ્મચારી પણ પડયા છે. તેઓ હું વર્ણવી રહ્યો છું એ પશ્ચિમના દુ:ખદ વેગને સમજે છે. એટલે પશ્ચિમની સમગ્ર પ્રવૃત્તિનું અત્યારનું પરિણામ પશ્ચિમના લોકોના પ્રત્યે માન



Gandhi Heritage Portal

અને પ્રેમ રાખ્યા છતાં પણ આપણે જાણીને વર્ણવી શકીએ છીએ. પશ્ચિમની સભ્યતા જો બ્રહ્મચર્યના આદર્શ ઉપર રચાઈ હોત તો આજે જગતની સ્થિતિ જુદા જ પ્રકારની અને દયાજનક હોવાને બદલે સુંદર હોત. આમ જગતની અંદર અબ્રહ્મચર્યનાં દુ:સહ પરિણામોને ઓળખીને આપણે બ્રહ્મચર્યનો આદર્શ સ્વતંત્ર રીતે પ્રજાની પાસે મૂકવો ઘટે છે. બ્રહ્મચર્ય વિના આત્માનો સંપૂર્ણ વિકાસ અસંભવિત છે. બ્રહ્મચર્ય વિના મનુષ્ય લગામ વિનાના હૃષ્ટપુષ્ટ પણ જંગલી ઘોડાની જેમ ભલે વર્તે, પણ સભ્ય નહીં બને. બ્રહ્મચર્ય વિના સાત્ત્વિક સતત ઉદ્યોગ અને સાત્ત્વિક પરાક્રમ અસંભવિત છે. બ્રહ્મચર્ય વિના મન ભલે બળવાન જેવું લાગતું હોય પણ તે હજારો પ્રકારના વિકારો ને પ્રલોભનોનું ગુલામ થઈને વર્તશે અને બ્રહ્મચર્ય વિનાનું ઘડાયેલું શરીર ભલે પુષ્ટ બની શકે પણ તે વૈદક દૃષ્ટિએ સંપૂર્ણ રીતે આરોગ્યવાન કદી નહીં બની શકે. શરીરમાં મેદ વધારવો, સ્નાયુઓ મજબૂત કરવા આવશ્યક નથી. જે શરીર સુકલકડી છતાં ટાઢ, તડકો, વરસાદ ઇત્યાદિ સહન કરી શકે છે, અને જે સંપૂર્ણતાએ રોગરહિત થઈ રહી શકે છે, એવું આરોગ્યવાન શરીર બ્રહ્મચર્ય વિના અસંભવિત છે, એવો મારો થોડા કાળનો નહીં પણ ઘણા કાળનો અનુભવ છે. એકેએક મનોવિકાર મનુષ્યશક્તિનું, તેના આત્માનું કેવી રીતે હનન કરે છે તેનાં અસંખ્ય દૃષ્ટાંતો હું મારા જીવનમાંથી અને સાથીઓના જીવનમાંથી આપી શકું એમ છું. તેથી હું તો એમ કહું છું કે શરીર પડે, ક્ષીણ થાય તોપણ આત્માર્થીને બ્રહ્મચર્યની રક્ષા કરવી ઘટે છે.

આપણા વિદ્યાર્થીઓના શરીરની અને મનની દુર્બળતાનાં કારણો નોખાં જ છે. તેમાં બાળ-વિવાહ, આપણે પોતે બાળવિવાહની પ્રસાદી, કુટુંબજાળના બોજા, ગરીબીને લીધે સાત્ત્વિક ખોરાકની અપૂર્ણતા કે અભાવ વગેરે કારણો છે. બાળવિવાહને અબ્રહ્મચર્યમાં ગણી કાઢવાની ભૂલમાં વાંચનાર ન પડે. વિદ્યાર્થીઓમાં બચપણથી જે કુટેવો ઘર કરી ગઈ છે તે કુટેવો કાઢવાને સારુ મહાપ્રયત્નની આવશ્યકતા છે. સમાજના ઘાતક રિવાજો સુધારવા જોઈએ, કેળવણીનો કૃત્રિમ બોજો હળવો થવો જોઈએ. પણ આ વિષય નોખો જ છે એટલે અહીં નહીં ચર્ચું. એટલું જ કહી દઉં કે કેવળ વ્યાયામથી આપણા વિદ્યાર્થીઓનાં શરીરો ઘડાય તેમ નથી. બધી દિશામાં સામટો પ્રયત્ન થાય ત્યારે જ આપણે મનગમતાં પરિણામો નિપજાવી શકીએ.

[મૂળ ગુજરાતી]

नवजीवन, २४–६–१९२८

## ૫૨૪. વિનાશકાળે

બારડોલીને વિશે સરકાર જે નીતિ ચલાવી રહેલ છે તે કેમ જાણે તેનો વિનાશકાળ સૂચવતી ન હોય! શ્રી મુનશી ઉપરના ગવર્નરસાહેબના પત્રો દુઃખ, દયા અને હાસ્યજનક છે. કોઈ પણ મોટો હોદ્દો ભોગવનાર માણસ ગોળગોળ, લાંબાલાંબા પોતાના બચાવના કાગળો લખે ત્યારે આવા મનુષ્ય આમ કેમ કરે છે એ વિચારે દુઃખ થાય, પછી તેની ઉપર દયા છૂટે ને છેવટે તેની ઉપર દયાનો ઉપયોગ તો થઈ ન શકે એટલે હસવું આવે.

ના. ગવર્નરે કાગળો લખવામાં ને દલીલો કરવામાં તેમના પૂર્વગામીઓને હઠાવ્યા છે, અને જેમ જેમ દલીલો કરતા ગયા છે તેમ તેમ તે સાહેબ ફસાયા છે. અથવા એમ કહીએ કે કાગળ ઘડી આપનારા તેમના પાસવાનોએ તેમને ઉત્તરોત્તર ફસાવ્યા છે. તેઓ સાહેબ મહેસૂલના વધારાનો બચાવ કરે છે તેના કરતાં લોકે માગેલી કમિટી નીમે એટલે લોકનો અને તેમના હિમાયતીઓનો ભ્રમ ભાંગે. જે વસ્તુ પોતાની પાસે હોવાનો જે માણસ દાવો કરે તે જ વસ્તુ તે બતાવવાની શક્તિ ધરાવતો છતાં બતાવવાનો ઇનકાર કરે, ને વસ્તુ પોતાની પાસે હોવાનો આગ્રહપૂર્વક દાવો કર્યા કરે તે માણસને જેમ સહુ ઢોંગી કહી હસી કાઢે એમ ગવર્નરસાહેબને વિશે થઈ રહ્યું છે.

ગવર્નરસાહેબનું સમર્થન કરનારા તેમના ખબરખાતાના ઉપરીએ વળી આડો આંક વાળ્યો છે. મહાદેવ દેસાઈએ પઠાણોની ગેરવર્તણૂકનું જે વર્ણન આપ્યું હતું તેનો વિગતવાર રદિયો આ ઉપરી સાહેબે આપવાનો પ્રયત્ન કર્યો છે. પ્રજાની ઉપર જુલમ થાય ત્યારે પ્રજા તેનો પોકાર કરે એ સનાતન રિવાજ છે. પણ રાજા તે પોકારની તટસ્થ, સ્વતંત્ર તપાસ કરવાને બદલે ગુનેગારને પોતાની હજૂરમાં બોલાવી, તેનો એકતરફી જવાબ સાંભળીને તહોમતદારને હાંકી મૂકી પોતાને કૃતાર્થ માને એ આ રાજ્યનો અર્વાચીન રિવાજ જોવામાં આવે છે. લોકોની ફરિયાદ ખરી છે કે ખોટી તે તપાસવાને સારુ લોકો સ્વતંત્ર પંચ માગે છે તે સરકાર કેમ આપે? ગુનેગાર અમલદારો એવાં પંચ કેમ આપવા દે?

સરકાર કહે છે કે બારડોલીના કેટલાક વાણિયા પઠાણોને ચોકીદાર ઇત્યાદિ તરીકે રાખે છે તેની સામે કોઈ કાંઈ કહેતું નથી, તો સરકાર રાખે તેમાં શો દોષ? કેમ જાણે એક ગુનો બીજાને ઢાંકી શકતો હોય નહીં? વળી વાણિયા કે બીજા કોઈ પઠાણોને રાખે તે લોકોને નથી ખૂંચતું એમ સરકારે શી રીતે જાણ્યું? હકીકત તો એવી છે કે ગુજરાતમાં પઠાણોને ચોકી ઇત્યાદિના કામને સારુ રાખવાની આદત વધતી જાય છે, તેથી પ્રજા ત્રાસે છે. આની સજા અંતે રાખનારને અને બીજાઓને ભોગવ્યે જ છૂટકો છે. સરકારનું એમ કહેવું છે કે પઠાણ માત્ર કંઈ પરદેશી નથી, એ તો છેક ભોળપણ બતાવે છે. લોકોને પઠાણ શબ્દ ખૂંચતો નથી, લોકોને પઠાણજાતિનો કશો વિરોધ હોય નહીં; લોકોને પરદેશી સામે પરદેશી હોવા સારુ વાંધો હોય નહીં. પઠાણોમાં ઘણા બહાદુર અને ખાનદાન છે તેમને તેઓ હમેશાં વધાવશે. અહીં તો પઠાણોનો અર્થ મવાલી છે, મારા છે. દુર્ભાગ્યે પઠાણોમાં આવાં દુષ્કર્મો કરનારા પડ્યા છે. તેઓ પોતાના પહાડો પરથી પૈસાની ધશોમાં હિંદુસ્તાનમાં ઊતરી આવે છે. હિંદુસ્તાનના લોકો અને તેમાંય ગુજરાતના નિઃશસ્ત્ર અને ભીરુ, શાંતિપ્રિય લોક આવા પઠાણોથી ડરે છે. સારા, બહાદુર ને ખાનદાન પઠાણ દરવાન કે પહેરેગીરની નોકરીની શોધમાં હિંદુસ્તાનમાં આવે નહીં. વાણિયા વગેરે જ્યારે પઠાણ

Gandhi Heritage Portal

નોકરને શોધે છે ત્યારે તેમની ત્રાસ ઉપજાવવાની શક્તિને સારુ શોધે છે ને રાખે છે. ગુજરાતી ગુજરાતીનો મુકાબલો કરી શકે તેથી તેને રોકવાથી બીકણ વાણિયા આદિ કદી સંતોષ ન પામે, પોતાને સુરક્ષિત ન માને. આમાં રહેલું નુકસાન તેઓની ટૂંકી નજર જોઈ શકતી નથી. પણ બ્રિટિશ સરકાર જેવી બળવાન સરકાર ભીરુ લોકનું અનુકરણ કરી પઠાણોને પ્રજા ઉપર ઉતારે એનો શો અર્થ? વિનાશકાળે વિપરીત બુદ્ધિનો આ નમૂનો તો નહીં હોય? આવું આ સરકારે પણ પૂર્વે કર્યાનું સ્મરણ નથી.

ગવર્નરસાહેબના કાગળો અને ખબરખાતાના ઉપરીની નોંધો ઉપર કળશ તો કલેક્ટર સાહેબનાં 'ખેડૂતોને શુભ વચને' ચડાવ્યો છે. આ 'શુભ વચન'ની પત્રિકા ખેડૂતોને 'કાબેલ રહેવા' ને 'ન ફસાવા' સૂચવે છે. તેમાં પહેલેથી છેલ્લે સુધી હું તો અસત્ય જ ભાળું છું ને દુ:ખ પામું છું. કલેક્ટરસાહેબ સત્યાગ્રહને દુરાગ્રહ તરીકે મનાવે છે. વલ્લભભાઈ વગેરે નેતાઓને સારુ આ અમલદારે નવો પ્રયોગ રચ્યો છે. 'જેમને ગુમાવવાની બિલકુલ ખેતીની જમીન નથી તેવા' આ વલ્લભભાઈ અને તેમના સાથીઓને વર્ણવવામાં આવ્યા છે. કલેક્ટરસાહેબ પોતાના હોદ્દાના ગુમાનમાં જોઈ શકતા નથી કે આ નેતાઓને જમીનના કરતાં હજારગણી વહાલી પોતાની આબરૂ છે, ને પોતાની આબરૂ કરતાંયે વહાલું ખેડૂતોનું હિત છે. કલેક્ટરસાહેબે નેતાઓને ખોટા ઠરાવવાનો પ્રયત્ન કરી, તેમના મુખમાં તેઓ નહીં બોલેલાં વચનો મૂકી, તેમની બને તેટલી અવગણના કરી, બારડોલી, વાલોડના ખેડૂતોને ઝટ મહેસૂલ ભરી પોતે લીધેલી ને અનેક વાર સમર્થન કરેલી પ્રતિજ્ઞાનો ભંગ કરવાની અશુભ શિખામણ આપી છે. બારડોલી, વાલોડના ખેડૂતોની પાસે આવી અનીતિમય, લોકોને ઉતારનારી શિખામણનો ઓછામાં ઓછો જવાબ એ છે કે તેઓએ તેમની માગણીનો સ્વીકાર ન થાય ત્યાં લગી મહેસૂલ કદી ન ભરવું. જમીન, ઘરબાર, ઢોરઢાંખર અનેક વેળા આવે છે ને જાય છે, પણ આપેલું વચન એક વાર તૂટ્યા પછી સાંધી શકાતું નથી, જેમ થૂંક્યું ગળાતું નથી.

સરકારની વિપરીત બુદ્ધિનું ખરું પ્રદર્શન આપણને શ્રી મુનશી સાથેના ગવર્નરસાહેબના પત્રવ્યવહારમાં થયું છે. તેને પરિણામે શ્રી મુનશી બારડોલી ગયા, લોકોની સ્થિતિનું પ્રત્યક્ષ દર્શન કર્યું અને ના. ગવર્નરને પ્રભાવશાળી અને મુદ્દાસર કાગળ લખ્યો તેને સારુ તેમને ધન્યવાદ ઘટે છે. સરકાર જો તપાસસમિતિ ન નીમે તો પોતે એક સમિતિ બનાવી તપાસ કરવાનો ઇરાદો જાહેર કર્યો છે એ સરસ પગલું છે. એ સમિતિમાં બધી મુખ્ય કોમના આગેવાનોનો સાથ મેળવી તરત તપાસ કરે તો સત્યાગ્રહીઓને પોતાનો કેસ પ્રજા આગળ રજૂ કરવાની એક સરસ તક મળશે. આ સમિતિ દમનનીતિની તપાસથી સંતુષ્ટ ન રહેતાં મહેસૂલ બાબતની લોકોની ફરિયાદ પણ તપાસે એ ઇષ્ટ છે. આવી સમિતિની તપાસ આ પ્રશ્નના ઉકેલમાં બહુ મદદગાર થશે એમાં મુદ્દલ શક નથી.

[મૂળ ગુજરાતી]

**નવજીવન, ૨૪–૬–૧૯૨૮**

Gandhi Heritage Portal

## ૫૨૫. ઢોરઉછેર

આશ્રમમાં દુગ્ધાલય અને તેને અંગે ઢોરઉછેરના પ્રયોગો ચાલી રહ્યા છે, એ વાંચનાર જાણે છે. એ પ્રયોગોનું પૂરું વર્ણન આપવાનો અવસર હજી આવ્યો નથી. પણ આ પ્રયોગોનો એક હેતુ સારા આખલા તૈયાર કરવાનો પણ છે. આવા બે આખલા હાલ આશ્રમમાં તૈયાર છે. જેમને ગોસેવા વહાલી છે અથવા જેઓ પોતાની ગાયની ઓલાદ સુધારવા ઇચ્છે છે તેમને આખલા જોવાની ને આખલા જોઈતા હોય તો તેમની કિંમત વગેરે રાંત્રીને મળી જાણી લેવાની સલાહ આપું છું.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ૨૪–૬–૧૯૨૮

## ૫૨૬. 'શબ્દકોશ'

એક આશ્રમવાસી જેમણે આશ્રમનિયમાવલિ વાંચી છે તે વ્રતોની નીચે પ્રમાણે ટીકા કરે છે, ને પછી પોતે જેને શબ્દકોશનું નામ આપે છે તે મથાળા નીચે પોતે ઘડેલી વ્યાખ્યા આપે છે:

> આશ્રમનાં વ્રતોની વ્યાખ્યા સંપૂર્ણ છતાં તે ઝટ સમજાતાં નથી. શું કરવાનું છે એ સ્વચ્છ નથી દેખાતું, એટલે આમાં મેં મારી સમજણ છે તે પ્રમાણે અર્થ લખ્યા છે, કહો વ્રતોનો શબ્દકોશ કર્યો છે.
>
> સત્ય – ગમે તે ભોગે કૃત્રિમતાનો ત્યાગ કરવો, પોતાના મૂળ સ્વભાવનું શોધન કરવું.
>
> અહિંસા – શું મનુષ્ય કે શું પશુ કોઈને તરછોડવાં નહીં. જ્યારે જ્યારે ઘર્ષણોથી ક્લેશ પેદા થાય ત્યારે ત્યારે ક્લેશમાં બીજાને ભાગ લેવરાવવાનો પ્રયત્ન ન કરતાં પોતે જ બધો ક્લેશ પડાવી લેવો.
>
> બ્રહ્મચર્ય – સ્થૂળ અને સૂક્ષ્મ બધા આવેગો ઊભરાવા જાય કે તેને ટાઢાબોળ કરી દેવા. સદૈવ પ્રસન્ન રહેવું. પાવક ચીજમાં ચોવીસે કલાક એકાગ્ર થવું. અસ્વાદ – કકડતી ભૂખે ખાવા બેસવું અને અર્ધે પેટે ઊઠી જવું. જે ખોરાક તૈયાર કરવામાં ઘણાની મહેનત ગઈ છે અને જે ખાતાં લાલચ વધે છે તેને ન અડવું.
>
> અસ્તેય – પોતાની હાજત ઓછામાં ઓછી કરતાં જવું. ગઈ કાલ કરતાં આજની જરૂરિયાત ઘટવી જ જોઈએ.
>
> અપરિગ્રહ – દર દિવાળી કે હોળીએ પચીસથી વધારાના જેટલા રૂપિયા હોય તે પોતા પાસેથી કાઢી નાંખવા! એક વરસથી વધારાની ખર્ચી કોઈની પાસે ન જ રહે [એક વરસની ખર્ચી શા સારુ? **મો. ક. ગાંધી**]
>
> જાતમહેનત – હાડકાં ન ચોરવાં.
>
> સ્વદેશી – પડોશીઓને બેવફા ન થવું.
>
> અભય – यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः

Gandhi Heritage Portal

અસ્પૃશ્યતાનિવારણ – પામર, હીનદીન લાગતો ને ગણાતો માણસ પણ મારાથી વધુ હીનદીન અને પામર નથી એવી તીવ્ર ભાવના.

સહિષ્ણુતા – હું નથી દેખતો એ હોય જ નહીં એવા અભિમાનનો ત્યાગ.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૪–૬–૧૯૨૮

## ૫૨૭. સદાનંદને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૪, ૧૯૨૮

પ્રિય ભાઈ સદાનંદ,

બિડાણ સહિતનો તમારો પત્ર મને મળ્યો છે.

આસામના બગીચાઓના માલિકોને મળવાનું સૌભાગ્ય મને મળ્યું જ હતું, પણ તેમના બગીચાના મજૂરોની સ્થિતિ મને સંતોષકારક લાગી હતી એવું તેમને કહ્યાનું મને જરા પણ સ્મરણ નથી. એથી ઊલટું, મને યાદ છે કે મેં એમને એમ કહ્યું હતું કે મારી ઊડતી મુલાકાત હોવાને લીધે હું આસામના બગીચાના મજૂરોની ખાસ સ્થિતિ વિશે મારો ચોક્કસ અભિપ્રાય આપી શકીશ નહીં, અને મેં મજૂરોની યોગ્ય સ્થિતિ વિશેનો મારો માપદંડ પણ એમને બતાવ્યો હતો.

મ કદી એવું કબૂલ કર્યું નથી ચ્યથવા એવું કબૂલ કરવાનો મને ક્યારેય પ્રસંગ પણ આવ્યો નથી કે મજૂરો વચ્ચેની રાજદ્વારી ચળવળથી મારે દૂર રહેવું. કારણ કે મજૂરોમાં જઈ, રાજકીય ચળવળ ન કરવાનો મારો હમેશનો એક નિયમ છે. ચંપારણમાં અને ત્યાર પછી હિંદના જુદા જુદા ભાગોમાં મેં કર્યું છે તેમ મજૂરોની બાબતમાં તેમની ખાસ ફરિયાદો પૂરતી જ હું મારી જાતને મર્યાદિત રાખું છું.

આ પત્રનો યોગ્ય લાગે તે ઉપયોગ કરવા તમને છૂટ આપું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૩૪૩૦

Gandhi Heritage Portal

## ૫૨૮. લિલી મુથુકૃષ્ણાને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૪, ૧૯૨૮

પ્રિય બહેન,

મુથુકૃષ્ણાનાં પત્ની અને બાળકોનાં સરનામાં[1] આ સાથે બીડયાં છે. તેમના બનેવી શ્રીયુત પિલ્લેએ આ સરનામાં આપ્યાં છે. તેઓ ડર્બનની મૅજિસ્ટ્રેટ કોર્ટમાં હિંદી દુભાષિયા છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૪૩૫

## ૫૨૯. નીલકંઠને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૪, ૧૯૨૮

પ્રિય નીલકંઠબાબુ,

શુક્રવારે છગનલાલને અહીંથી મોકલી દેવાની બધી તૈયારીઓ થઈ ચૂકી હતી, પરંતુ તે જ દિવસે અણધાર્યા સંજોગોને લઈને તેમને તમારી પાસે મોકલી શકાયા નથી. હું હમણાં તેમને રોકી રહ્યો છું પણ આશા રાખું છું કે તે અનિશ્ચિત સમય માટે નહીં હોય.

મૂંઝાયેલા કાર્યકરોને હૈયાધારણ આપવા શ્રીયુત અમૃતલાલ ઠક્કર બહુ થોડા સમય માટે તમારી સાથે રહેશે એવી આશા છે. પરંતુ છગનલાલને હું ન મોકલી શકું તો તેમનું સ્થાન લઈ શકે એવા કોઈ માણસની તપાસમાં હું છું. દરમિયાન ચોમાસામાં તમને ખરેખર કોઈની જરૂર પડશે કે કેમ તે મને જણાવશો? તમે એ ઋતુ દરમિયાન વધારે ચરખાકામ કરી શકો? તમને કોઈની તાત્કાલિક જરૂર છે કે નહીં અને તમને છગનલાલ ગાંધીની અવેજીમાં બીજું કોઈ મોકલું તો ચાલશે કે કેમ તેનો જવાબ તારથી આપશો તો મને સંતોષ થશે.

હું આશા રાખું છું કે તમે બધા હવે આઘાતમાંથી બહાર આવ્યા હશો અને ગોપબંધુબાબુનું કાર્ય અધિક ઉત્સાહથી ચલાવી રહ્યા હશો.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૪૩૬

૧. આ સરનામાં મળ્યાં નથી.

Gandhi Heritage Portal

# ૫૩૦. કે. નટરાજનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૪, ૧૯૨૮

પ્રિય ભાઈ નટરાજન્,

**ઇન્ડિયન ડેલી મેલ**ના તમારા . . . તારીખના ટૂંકા તંત્રીલેખ બાબતમાં હું ફક્ત એટલું જ કહેવા ઇચ્છું છું કે જ્યારે બારડોલી ફંડ માટે તમે મમતાપૂર્વક રકમ અર્પણ કરી, ત્યારે તમારી અને મારી વચ્ચે થયેલી વાતચીતની છાપ તમારા ઉપર ગમે તે પડી હોય, તોપણ તે દ્વારા હું કદી એમ સૂચવવા માગતો નહોતો કે બારડોલીના સહન કરનારાઓ માટે જ હું ફંડ એકઠું કરતો હતો: હા, એટલું ખરું કે એ લોકોની મારા મનમાં ગણતરી જરૂર હતી. પરંતુ શ્રીયુત વલ્લભભાઈ કહે છે કે બારડોલીમાં હજી સુધીમાં નામ આપવા યોગ્ય કોઈ સહન કરનારાઓ છે જ નહીં. કારણ કે બારડોલીના ખેડૂતો એટલા સ્વાભિમાની છે કે જ્યાં સુધી મદદ વિના ચલાવી શકાય એમ હોય ત્યાં સુધી તેઓ તે લેવા તૈયાર નથી. અલબત્ત, જેઓ મિ. સ્માર્ટની ભાષામાં "બારડોલીના ગરીબ ખેડૂતોના પૈસા ઉપર તાગડધિન્ના કરનારા ચળવળિયાઓની ટોળીના સભ્યો"થી વિશેષ કશું નહોતા તે કાર્યકર્તાઓને લડતના શરૂઆતના ગાળામાં એ ખેડૂતોએ જ નભાવ્યા હતા. જ્યારે લડત તીવ્ર બની, જપ્તીઓ રોજનું દૃશ્ય બની ગઈ અને જ્યારે ખેડૂતોની સાચી સંપત્તિ અને ખેતીના મુખ્ય આધાર સમી ભેંસોને જપ્તી ઑફિસરોને ભાવતો શિકાર બનાવવામાં આવી, ત્યારે બારડોલી અને વાલોડ તાલુકાના લોકોને માટે પહેલાંની માફક રોજ વધતો જતો ખર્ચ સહન કરવાનું મુશ્કેલ બન્યું. તેથી જ શ્રીયુત વલ્લભભાઈએ આર્થિક મદદ માટે જાહેર અપીલ બહાર પાડી; જેનો આપણા દેશબાંધવોએ આટલો જલદી અને આટલો ઉદાર પ્રત્યુત્તર આપ્યો. શ્રીયુત વલ્લભભાઈ એ જોવા આતુર છે કે જેઓ આ લડતમાં આપણી સાથે સહાનુભૂતિ ધરાવતા નથી, તેઓની પાસેથી કશો ફાળો ન લેવો જોઈએ અને તેઓ ઇચ્છે છે કે આ દાનનો ઉપયોગ લડતમાં સહન કરનારાઓને મદદ કરવા પૂરતો જ કરવો જોઈએ. એમનું કહેવું એમ છે કે આ દાનનો મોટો ભાગ પ્રચાર કાર્યાલયના કામ માટે અને જે અસંખ્ય સ્વયંસેવકો જેમને કશો પગાર મળતો નથી અને જેઓ એવો પગાર માગતા નથી પણ જેમને ખવડાવવા પડે છે તેમને નિભાવવા પાછળ ખર્ચાવાનો હોય તો એવા દાનનો સ્વીકાર કરવો એ ખોટું છે. તેથી મારે તમને સંકોચપૂર્વક જણાવવું પડે છે કે તમે જણાવેલી મર્યાદા દૂર કરીને આ લડતને તેની ગુણવત્તા પર ટેકો આપી શકો એમ ન હો તો કદાચ હું તમારું દાન ન સ્વીકારું. હું એટલું ઉમેરું કે તમારો લેખ વાંચ્યા પછી જેમણે મને હાથોહાથ રકમ આપી હતી એવા મુખ્ય દાતાઓમાંના ઘણાખરાને હું મળ્યો છું. અને તેઓ મને કહે છે કે તેમના પર એવી કોઈ છાપ પડી નહોતી કે તેમનાં દાનના ઉપયોગ પર તમે માનતા લાગો છો તેવી કોઈ મર્યાદા હોય. વળી, મારી છાપને ટેકો આપતાં તેમણે જણાવ્યું કે આ દાનની રકમો, ઉપર કહ્યા પ્રમાણેના

Gandhi Heritage Portal

હેતુસર જ વાપરવાની હતી અને તેઓ લડત પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિ ધરાવતા હોવાથી જ તેમણે એ રકમ આપી હતી.

તમારો સહૃદયી

શ્રીયુત કે. નટરાજન્
તંત્રી
ઇન્ડિયન ડેલી મેલ
મુંબઈ

[મૂળ અંગ્રેજી]
માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૪૪૪૬

## ૫૩૧. વિઠ્ઠલભાઈ ઝ. પટેલને પત્ર

જૂન ૨૫, ૧૯૨૮

ભાઈશ્રી વિઠ્ઠલભાઈ,

તમારા કાગળ મળ્યા છે. તમારા કાગળો એક દિવસ મોડા મળે છે એ જાણજો. નાનો શનિવારે અને મોટો કાલે રવિવારે પહોંચવો જોઈતો હતો પણ બંને મોડા મળ્યા. ટપાલ ઑફિસમાં તે કોડવાનો રિવાજ નથી, પણ આમ હોય તો તે જાણવું જરૂરનું છે ખરું કે ત્યાંથી જ મોડા પોસ્ટ થાય છે?

મોટા કાગળમાં તમે લખો છો તે બધું મને ગમે છે. સરદારનો મોભો યોગ્ય રીતે રખાતો હોય તો રાખીએ પણ લોકહિતને ખોઈને તો નહીં જ. તમે માનો છો તેમ જ હું માનું છું કે હવે સરકારને સમાધાની કર્યે જ છૂટકો છે. સ્ટેટ્સમૅનનો લેખ તમે જોયો! સરકારના કેસની નબળાઈ તે કબૂલ કરે છે.

તમે સ્પીકર રહ્યા છતાં જે કરો છો તે જ હાલ બસ છે. એ પદ છોડવાનો હજુ તો વખત નથી જોતો.

તમારા કાગળ મોડા આવવાનું કારણ જડયું છે. તમે ઠેકાણું અમદાવાદ કરો છો, જોઈએ સાબરમતી.

**મોહનદાસ**ના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]
પત્રની માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૪૪૪૭

Gandhi Heritage Portal

## ૫૩૨. રામનાથને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૭, ૧૯૨૮

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. કમનસીબે એ સાચું છે. પરંતુ ખાદીના ધાગા તૈયાર કરી શકીએ એવે તબક્કે હજી આપણે પહોંચી શકયા નથી. એને થોડો સમય લાગશે.

તમારો સહૃદયી

શ્રીયુત રામનાથ
ઓવરસિયર
પો. ઑ. શેખવાહન
ભાવલપુર રાજ્ય

[મૂળ અંગ્રેજી]
**માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૩૪૩૨**

## ૫૩૩. ગોવર્ધનભાઈ આઈ. પટેલને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૭, ૧૯૨૮

પ્રિય ગોવર્ધનભાઈ,

તમારો પત્ર મળ્યો.[1] એમાં તમારી અને મારી વચ્ચે તથા શેઠ મંગળદાસ અને મારી વચ્ચેની વાતચીતનો સાર રજૂ થયેલો છે. હવે હું મારો પોતાનો અભિપ્રાય આ ભાષામાં રજૂ કરીશ:

મજૂર સંઘ દ્વારા ચલાવવામાં આવતી શાળાઓના કામકાજની તેમ જ ખર્ચની ચકાસણી અને તપાસણી કરવાની સત્તા હોય એવી સમિતિ નીમવાની દાતાઓને છૂટ છે અને મજૂર

૧. શ્રી. પટેલે બીજી બાબતો ઉપરાંત આ પ્રમાણે લખ્યું હતું: "હું અને શેઠ મંગળદાસ આપની સાથે વ્યક્તિગત ચર્ચા કર્યા પછી એમ સમજ્યા છીએ કે સંયુક્ત સંચાલન વિશે આપને સૈદ્ધાંતિક રીતે અમુક વાંધો છે... અને સાથોસાથ હું સમજું છું તે પ્રમાણે આપ અમને અમારી પોતાની સમિતિ નીમવાનું કહો છો, જેને નિરીક્ષણ સમિતિ કહી શકાય અને જેને મજૂર શાળાઓના કાર્યની તથા ખર્ચની ચકાસણી અને તપાસણી કરવાની સત્તાઓ હોય. વખતોવખત તે સમિતિ દ્વારા જે શરતો મૂકવામાં આવશે અને સૂચનો કરવામાં આવશે તેને મજૂર સંઘ દ્વારા અમલમાં મૂકવામાં આવશે; પરંતુ મજૂર સંઘ તે પ્રમાણે ન કરે તો મજૂર શાળાઓની ગ્રાન્ટ આપોઆપ બંધ થઈ જશે."

Gandhi Heritage Portal

સંઘ દ્વારા તેમને એવી સમિતિ નીમવાનું આમંત્રણ છે. આવી સમિતિનો અહેવાલ મળી જતાં દાતાઓને શાળાઓ સંબંધમાં શરતો મૂકવાનો અગર સૂચનો કરવાનો હક રહેશે. અને, જો મજૂર સંઘ આ શરતો અને સૂચનો અમલમાં ન મૂકે તો તેઓ શાળાની ગ્રાંટ સ્થગિત કરી શકશે. પરંતુ તેમાં શરત એટલી કે આવી કોઈ પણ ગ્રાંટ સ્થગિત કરતાં પહેલાં મજૂર સંઘને ચોખવટ ખાતર શરતો અને સૂચનો વિશે એટલે કે તેઓ એ અમલમાં મૂકવા શા માટે તૈયાર નથી એ બાબતમાં જે કંઈ કહેવાનું હોય તે સમિતિએ સાંભળવાનું રહેશે.

તમારો સહૃદયી

શ્રીયુત ગોવર્ધનભાઈ આઈ. પટેલ
સભ્ય, અમદાવાદ મિલ્સ
ટિળક સ્વરાજ ફંડ સમિતિ
લાલાવસાનો મહોલ્લો
સાંકડી શેરી
અમદાવાદ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી એસ. એન. ૧૩૪૩૯

## ૫૩૪. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૭, ૧૯૨૮

પ્રિય સતીશબાબુ

તમારો પત્ર મને મળ્યો છે. ગાંધી વિચાર વિરોધી વૃત્તિ રોકવાની તમારી ચિંતા હું સમજું છું. પણ તેનો સામનો પણ તમારે ગાંધી વિચાર અનુસાર જ કરવો પડશે. એટલે કે વિરોધી બળને, તેનો કશો સામનો કર્યા વગર જ ખર્ચાઈ જવા દેવું પડશે. હું શું કહેવા માગું છું તે તમને પત્રવ્યવહાર દ્વારા સમજાવી શકીશ નહીં. મને ખાતરી છે કે તમારું કામ તમારી શક્તિને પ્રતિકાર પાછળ ખર્ચી કાઢવાનું નથી, પણ એ શક્તિને તમારા રચનાત્મક કાર્યને સંગીન બનાવવામાં કામે લગાડવાનું છે. તમે જે મુદ્દો ઊભો કર્યો છે એ કંઈ નવો નથી. બેલગામમાં હું પ્રમુખ હતો ત્યારે પણ તે એકાએક ઉપસ્થિત થયો હતો. મેં અસહકારીઓને કહ્યું હતું કે શ્યામબાબુ અને બીજા કેટલાક મિત્રોનો વિરોધ છતાં તેમણે પ્રતિકાર ન કરવો જોઈએ. ત્યાર પછી એવું કંઈ મારા જોવામાં આવ્યું નથી કે જેથી મને મારો વિચાર ફેરવવાની જરૂર પડે. પરંતુ આપણે આ બાબતની ચર્ચા રૂબરૂમાં કરવી જોઈએ. સમય પાકી ગયો છે એમ મને લાગશે ત્યારે અવશ્ય હું એ વિશે લખીશ.

Gandhi Heritage Portal

ક્ષિતીશબાબુનો પત્ર મને ખૂબ જ ગમે છે. તેની અંદર એક પણ નકામો શબ્દ નથી. અપ્રતિકારની જે વાત મેં સૂચવી છે તેમાં આ પ્રકારના લોકશિક્ષણનો સમાવેશ થતો નથી.

પ્યાર.

બાપુ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : જી. એન. ૮૯૧૮

## ૫૩૫. રિચાર્ડ બી. ગ્રેગને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
જૂન ૨૭, ૧૯૨૮

પ્રિય ભાઈ ગોવિંદ,

તમારો પત્ર મળ્યો. બંધારણ[1] બાબતના તમારા સૂચનના સંબંધમાં હું તમારો પત્ર નારણદાસને મોકલું છું. અને તેની નકલ શંકરલાલને પણ રવાના કરું છું.

મહાદેવ હજી પથારીવશ છે. અને કેટલોક સમય તેણે એમ જ રહેવું પડશે. ચોટ લાગેલા ભાગમાં એને સણકા મારે છે.

કમમાં કમ હું ઑકટોબર પહેલાં આશ્રમ છોડું એવો સંભવ નથી. એ પછી કદાચ છોડું ખરો.

તમારો સહૃદયી

[તા. ક.]

તમારા મહાન પુસ્તકની[2] સૂચિની ખોટ મને સાલે છે. તમારી પાસે તે તૈયાર કરવાનો સમય છે કે નહીં તે હું કહી શકતો નથી. હું જાણું છું કે આ કામ મારે તમારી ઉપર લાદવું ન જોઈએ. મહાદેવ અને વરદાચારી ગજા બહારનું કામ કરી રહ્યા છે. તેમના સિવાય બીજા કોને મારે સૂચિનું કામ સોંપવું એ મને સમજાતું નથી. હું પુસ્તક તરફ જોઉં છું ત્યારે દર વખતે મને સૂચિની ખોટ સાલે છે.

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૩૪૩૪

૧. આશ્રમનું બંધારણ.
૨. इकोनोमिक्स ओफ खद्दर ।

Gandhi Heritage Portal

## ૫૩૬. એક સુધારો

આત્મકથાનાં પ્રકરણો[1]માં મિસ શ્લેશિનનો મેં નિર્દેશ કર્યો છે. તે કહે છે કે મારા જણાવ્યા મુજબ પોતે કન્યાશાળાનાં આચાર્યા નથી, પરંતુ એક હાઈસ્કૂલનાં શિક્ષિકા છે. આ ભૂલથી તેમને દુઃખ થયું છે, તેને માટે હું દિલગીર છું. હું તત્કાલ કહી શકું છું કે આ ભૂલ માટે તે બિલકુલ જવાબદાર નથી.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, २८–६–१९२८

## ૫૩૭. પડદાનો અંત

બિહારના ખૂબ જ વગદાર લોકોની અને તે પ્રાંતની લગભગ એટલી જ સંખ્યાની સ્ત્રીઓની સહીવાળી એક તર્કબદ્ધ અપીલ બિહારમાં હમણાં જ બહાર પાડવામાં આવી છે. એ અપીલમાં પડદાનો પૂરેપૂરો અંત લાવવાની સલાહ આપવામાં આવી છે. પચાસ કરતાં પણ વધારે બહેનોએ આ અપીલમાં સહી કરી છે, એ બતાવે છે કે જો કામ પુરજોશથી ચાલુ રાખવામાં આવે તો, બિહારમાં પડદો એક ભૂતકાળની બિના બની રહેશે. એ એક નોંધપાત્ર હકીકત છે કે જે બહેનોએ આ અપીલ પર સહીઓ કરી છે તેઓ અંગ્રેજી ઢબ પ્રમાણે જીવન જીવનારી બહેનો નથી, પરંતુ રૂઢિચુસ્ત હિંદુ બહેનો છે. તેમાં સ્પષ્ટ જણાવ્યું છે :

> અમે ઇચ્છીએ છીએ કે આપણા પ્રાંતની બહેનો કર્ણાટક, મહારાષ્ટ્ર અને મદ્રાસની એમની બીજી બહેનોની માફક હરવા ફરવાને અને સમાજજીવનની બધી બાબતોમાં તેમનો યોગ્ય ભાગ લેવાને સ્વતંત્ર હોવી જોઈએ. પરંતુ તેમની આ સ્વતંત્રતા અનિવાર્યપણે ભારતીય પ્રણાલીને અનુરૂપ હોવી જોઈએ અને તેમણે અંગ્રેજીકરણના બધા પ્રયત્નોથી દૂર રહેવું જોઈએ. કારણ કે જેમ અમે માનીએ છીએ કે તેમના પર લાદવામાં આવેલા એકાંતવાસમાંથી પૂરેપૂરા અંગ્રેજીકરણ તરફ જવું એ ઓલામાંથી ચૂલામાં પડવા જેવું થશે તેમ અમને એમ પણ લાગે છે કે જો આપણી બહેનોનો વિકાસ ભારતીય આદર્શો પ્રમાણે થાય એમ આપણે ઇચ્છતા હોઈએ તો પડદાએ જવું જ જોઈએ. આપણી બહેનો આપણા સામાજિક જીવનમાં શોભા અને સૌંદર્ય લાવે અને તેનું નૈતિક ધોરણ ઊંચું લાવે એમ જો આપણે ઇચ્છતા હોઈએ, તેઓ આપણાં ઘરોનાં ઉત્તમ વ્યવસ્થાપક બને, તેમના પતિઓની સહાયક સહચારિણી બને અને સમાજના ઉપયોગી સભ્ય બને એમ જો આપણે માગતા હોઈએ તો હાલની પડદાની પ્રથા જવી જ જોઈએ. હકીકતમાં પડદાને ચીરી નાખ્યા સિવાય તેમના કલ્યાણ માટે કોઈ પણ ગંભીર પગલું ભરી શકાય નહીં, અને અમારી એ દૃઢ માન્યતા છે કે કૃત્રિમ રીતે કેદ કરવામાં આવેલી આપણી અડધી વસ્તીની શક્તિ એક વખત છૂટી કરવામાં આવે તો તે એવું બળ પેદા કરશે કે જેને યોગ્ય દિશામાં વાળવામાં આવે તો તે આપણા પ્રાંતને માટે અવશ્ય શુભકારી નીવડશે.

૧. ભાગ ૪, પ્રકરણ ૧૨.

Gandhi Heritage Portal

બિહારમાં પડદાની પ્રથાની જે અનિષ્ટ અસર થઈ રહી છે તે હું જાણું છું. આ હિલચાલ જરાયે વહેલી શરૂ કરવામાં આવી નથી.

આ હિલચાલનો જન્મ કંઈક વિચિત્ર રીતે થયો છે. ખાદીકાર્યકર બાબુ રામનંદન મિશ્રા તેમનાં પત્નીને પડદાના રિવાજના જુલમમાંથી છોડાવવા માગતા હતા. તેમના ઘરનાં માણસો તેમની પત્નીને આશ્રમમાં આવવા દેતાં ન હતાં, એટલે આશ્રમમાંથી બે બહેનોને તેઓ તેમનાં પત્નીની સાથે રહેવા લઈ આવ્યા. તેમાંનાં એક રાધાબહેન, મગનલાલ ગાંધીનાં પુત્રી, તેમનાં શિક્ષક બનવાનાં હતાં. તેમની સાથે સદ્‌ગત દલબહાદુર ગિરિનાં પુત્રી દુર્ગાદેવી પણ હતાં. આ બાળવધૂનાં માતાપિતાઓ આશ્રમની બહેનો જુવાન શ્રીમતી મિશ્રા પાસે પડદાનો ત્યાગ કરાવે તે પ્રત્યે રોષ વ્યક્ત કર્યો. આ બહેનોએ બધી મુશ્કેલીઓનો હિંમતપૂર્વક સામનો કર્યો. તે દરમિયાન મગનલાલ ગાંધી પોતાની પુત્રીને મળવા અને બધી મુશ્કેલીઓની સામે તે ટકી રહે અને પોતાના પ્રયત્નને વળગી રહે તે માટે તેને હિંમત આપવા ત્યાં ગયા. તેઓ જે ગામડામાં રાધાબહેન કામ કરતાં હતાં ત્યાં માંદા પડયા અને પટણામાં અવસાન પામ્યા. એટલે બિહારના મિત્રોએ પડદા સામેની લડતને પોતાની પ્રતિષ્ઠાનો સવાલ બનાવ્યો. રાધાબહેન પોતાને સોંપવામાં આવેલી બહેનને આશ્રમમાં લઈ આવ્યાં. તે આશ્રમમાં આવવાથી વધારે ખળભળાટ મચી ગયો અને આ બહેનના પતિને, જે લડત માટે કયારનાયે તૈયાર થઈને બેઠા હતા, વધુ ઉત્સાહ સાથે લડતમાં ઝંપલાવવાની ફરજ પડી. આમ આ લડત વ્યક્તિગત રંગે રંગાયેલી હોવાથી તે જોરથી ચાલશે એવી ખાતરી થાય છે. લડતને મોખરે બિહારના અનુભવી યોદ્ધા, અનેક લડતોના નાયક, બાબુ બ્રજકિશોરપ્રસાદ છે. તેમની આગેવાની નીચેની કોઈ લડત પડી ભાંગી હોય એવું મને યાદ નથી.

બિહારની અડધોઅડધ વસ્તી સમાજસેવા કરે તે સામે પ્રતિબંધ મૂકતી તથા ઘણા કિસ્સાઓમાં તેને સ્વતંત્રતા આપવાનો અને પ્રકાશ તેમ જ તાજી હવા લેવા દેવાનો પણ ઇનકાર કરતી પડદાની પ્રથા સામે ઉગ્ર આંદોલન ઉપાડવા માટે અપીલમાં આવતા જુલાઈ માસની ૮મી તારીખ નક્કી કરવામાં આવી છે. આપણી કેટલીક સામાજિક બદીઓ સ્વતંત્રતા તરફની આપણી કૂચમાં આડે આવે છે એ આપણે જેટલું વહેલું સમજીશું તેટલી જ વધુ પ્રગતિ આપણે આપણા પ્રિય ધ્યેયની દિશામાં કરીશું. સ્વરાજ મળતાં સુધી સામાજિક સુધારો મોકૂફ રાખવો એનો અર્થ તો એ થાય કે સ્વરાજ એટલે શું એ જ આપણે સમજતા નથી. જો આપણે આપણી ધર્મ-પત્નીઓને પાંગળી બની જવા દઈશું તો ખચીત આપણે આપણું રક્ષણ કરવાને કે બીજી પ્રજાઓ સાથે તંદુરસ્ત હરીફાઈમાં ઊતરવાને માટે અસમર્થ બની જઈશું.

એટલે ખરા દિલથી પડદા વિરુદ્ધ લડત ઉપાડવા માટે હું બિહારના નેતાઓને અભિનંદન આપું છું. સામાન્ય રીતે બધા સુધારાઓની, અને ખાસ કરીને આવા સુધારાની, સફળતા કામ કરનારાઓની પવિત્રતા પર આધાર રાખે છે. આ અપીલ પર સહીઓ કરનાર બહેનો પર ઘણો આધાર રહેશે. પડદો છોડવા છતાં જો તેઓ ભારતીય નારીની પરંપરાગત શીલની ભાવના જાળવી રાખે અને ભારે મુશ્કેલીઓની સામે હિંમત અને દૃઢતા બતાવે તો તેઓ તેમના પ્રયત્નોને જલદી સફળ થતા જોશે. પડદા સામેની આ લડત જો યોગ્ય રીતે ચલાવવામાં આવે તો તે બિહારનાં સ્ત્રીપુરુષ બંનેને માટે સાચા પ્રકારના સાર્વજનિક શિક્ષણની ગરજ સારે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया २८-६-१९२८

Gandhi Heritage Portal

## ૫૩૮. પાર્વતીબહેનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જૂન ૩૦, ૧૯૨૮

ચિ. પાર્વતી,

દક્ષિણ આફ્રિકાથી તાર મળ્યો છે કે પ્રાગજી કેસ જીતી ગયા છે. તમારી તબિયત સારી રહેતી હશે. કોઈ વખત કાગળ લખજો. સુખદુ:ખમાં ભાગ ન લઈ શકું એમ છતાં સાંભળવાની ઇચ્છા થાય ખરી.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]
પત્રની છબી પરથી : જી. એન. ૫૦૩૨

## ૫૩૯. મથુરાદાસ ત્રિકમજીને પત્ર

આશ્રમ,
જૂન ૩૦, ૧૯૨૮

બારડોલી વિશે સરકારે હવે સમાધાન કર્યે છૂટકો છે એમ મને ભાસે છે. . . .[૧] મને મળી ગયા હતા. તેમણે વચન તો આપ્યું હતું કે આપણી માગણીને મોળું કરનારું તેઓ કંઈ પગલું નહીં ભરે. હવે શું ચાલી રહ્યું છે તે ખબર નથી. પણ સત્યાગ્રહમાં મૂળ તપાસવાનું છે તે તો લોકોની હિંમત, દૃઢતા અને શાંતિ જ છે ના?

[મૂળ ગુજરાતી]
બાપુની પ્રસાદી, પા. ૯૩

૧. મૂળમાં નામ આપ્યું નથી.

Gandhi Heritage Portal

## ૫૪૦. તારાબહેન જસવાણીને પત્ર

જૂન ૩૦, ૧૯૨૮

ચિ. તારાબહેન,

રંગૂન પહોંચ્યા પછી મુદ્દલ કાગળ નથી. તમને પેટી રેંટિયો મોકલવાનું દિવાળીએ લખ્યું છે તે મોકલવાનું કહી દીધું છે. ત્યાં એક રેંટિયો તો હોવો જોઈએ. તબિયત સારી રહે છે કે? ખૂબ જતન કરવાની આવશ્યકતા છે. હાલ અહીં ઘણા ફેરફારો થયા છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૮૭૮૨

Gandhi Heritage Portal

# પરિશિષ્ટ ૧

## પરદેશમાં પ્રચાર

**લેખક : ચ. રાજગોપાલાચારી**

અસહકારની હિલચાલ પહેલાં, હિંદુસ્તાનની રાજકીય હિલચાલ મોટે ભાગે ગ્રેટબ્રિટનમાં પ્રચાર કરવામાં સીમિત થઈ જતી હતી. પ્રમાણમાં સારો એવો પૈસો એની પાછળ ખર્ચવામાં આવતો હતો અને તે યોગ્ય રીતે ખર્ચાય છે એમ મનાતું. જ્યારે ગાંધીજીએ આપણા રાષ્ટ્રીય પ્રશ્નોમાં દોરવણી આપવાનું સ્વીકાર્યું ત્યારે દૃષ્ટિબિંદુ તદ્દન પલટાઈ ગયું. રાષ્ટ્રીય તાકાતનાં આવશ્યક અંગોની સમજ એ તેમના કાર્યક્રમનું સૌ પ્રથમ પરિણામ હતું. અને એ વખતની આપણી સમગ્ર રાજકીય વિચારધારા એ વડે પ્રભાવિત થઈ. રાષ્ટ્રીય માગણીઓનો અહિંસક રીતે સ્વીકાર કરવા માટે જરૂરી પરિબળોને નિયંત્રણ કરતા કુદરતી નિયમો આપણે સમજ્યા. આના સ્વાભાવિક પરિણામરૂપે લગભગ પૂર્ણ આત્મનિર્ભરતાની ભાવના આપણામાં જાગી. ગ્રેટબ્રિટન સહિત બીજા દેશોમાં અનુકૂળ લોકમત ઊભો કરવાનું સાચું મૂલ્યાંકન કરવામાં આવ્યું અને એને માટે થતા ખાસ પ્રયત્નો લગભગ છોડી દેવામાં આવ્યા; અને જ્યારે જ્યારે એ પ્રયત્નો થતા ત્યારે તેનો જોરશોરથી વિરોધ કરવામાં આવ્યો. પરિણામે હિંદમાં કાર્ય એટલું તીવ્ર બન્યું અને તેનાં પરિણામો એટલાં બધાં સ્પષ્ટ આવ્યાં કે આખી પરિસ્થિતિ જ પલટાઈ ગઈ. અને હિંદીઓ પોતાનો રાજકીય પ્રચાર કરવા ગ્રેટબ્રિટન અને બીજા દેશોમાં જાય તેને બદલે હિંદ પોતે જ અનેક પરદેશી મુલાકાતીઓને આકર્ષવા લાગ્યું અને ખુદ બ્રિટિશ સરકારને પરદેશોમાં વળતો પ્રચાર કરવાની ફરજ પડી. ખુદ હિંદુસ્તાનમાં પણ સરકાર આત્મવિશ્વાસ ગુમાવી બેઠી અને આ રાષ્ટ્રીય ઊથલપાથલની અસરોનો સામનો કરવા માટે અથવા કંઈ નહીં તો થોડો સમય એને રોકી રાખવા માટે એને લોકોમાં તેનો પોતાનો પ્રચાર વ્યવસ્થિત કરવાની ફરજ પડી.

આક્રમક અસહકાર બંધ થતાંની સાથે હિંદની વિચારધારા પૂર્વસ્થિતિએ આવીને ઊભી રહી. પરદેશમાં પ્રચાર કરવાની માગણીનો અવાજ ધીમે ધીમે પણ મક્કમ રીતે ફરીથી વધવા લાગ્યો. દેશની આંતરિક પરિસ્થિતિ એટલે કે સંગઠિત રાષ્ટ્રીય કાર્યક્રમ સામેની મુશ્કેલીઓને પરિણામે લોકો સ્વાભાવિક રીતે જ વિદેશોમાં કામ કરવાના વધુ સહેલા માર્ગ તરફ વાળ્યા. જેઓ હજુયે અસહકારની નીતિને વળગી રહ્યા છે અને મુક્તિ અંદરથી જ આવી શકે એમ માને છે તેઓ માટે પૂર્વ અને પશ્ચિમ તરફ વળેલી રાષ્ટ્રની સ્તબ્ધદૃષ્ટિ અને શક્તિ વધતી જતી નિર્બળતાનું લક્ષણ અને ચિંતાનું કારણ છે. આડે માર્ગે ફંટાવાના આ વધતા જતા વલણને પરિણામે રાજકીય દૂરંદેશીપણું ધૂંધળું બનશે અને રચનાત્મક પ્રવૃત્તિ ઉપર પૂર્વગ્રહભરી અસર થશે. પરિણામે દેશ સમગ્રનું આપણું ધ્યાન બીજી દિશામાં વળી જશે એટલું જ નહીં પણ દેશના કેટલાક શ્રેષ્ઠ કાર્યકર્તાઓ પોતે આ વધારે ગમતા પરંતુ વ્યર્થ કામમાં તણાઈ જશે.

અસહકારના સમય પહેલાં પરદેશી પ્રચાર ઘણુંખરુ બ્રિટનમાં જ કરવામાં આવતો હતો. પરંતુ આ આઠ વર્ષના સતત પ્રયત્નો બાદ તેનું કોઈ સ્થાયી પરિણામ આવ્યું હોય, તો તે એ છે કે આપણે બ્રિટનમાં શ્રદ્ધા ગુમાવી દીધી છે. બ્રિટનના મજૂર પક્ષમાં જે રહીસહી શ્રદ્ધા ચોંટી રહી હતી તે પણ ચાલી ગઈ છે. એટલે અત્યારે વળી પાછી પરદેશી પ્રચારની જે વાતો ચાલી છે, તે ઇંગ્લંડમાં પ્રચાર કરવા માટે નહીં પણ બીજાં વિદેશી રાષ્ટ્રો સાથે સંપર્ક અને મૈત્રી સાધવા માટે છે. આપણને એમ કહેવામાં આવ્યું છે કે રશિયાના અને જર્મનીના લોકો સાથે ગાઢ સંબંધો કેળવવા વધારે ઇચ્છનીય છે. આપણને એમ પણ કહેવામાં આવે છે કે યુરોપની લૅટિન પ્રજાઓ આપણને પ્રચાર માટેનું એક અનુકૂળ ક્ષેત્ર પૂરું પાડે છે. ફ્રાન્સ, ઇટાલી, સ્પેન અને પોર્ટુગલનો ઉલ્લેખ કરવામાં આવે છે. મહત્ત્વનો તટસ્થ દેશ હોવાથી સ્કૅન્ડિનેવિયાને પણ ભૂલવામાં આવ્યું નથી. વળી આપણને કહેવામાં આવે છે કે અત્યારની



Gandhi Heritage Portal

ઘડીએ હિંદને તેના જેવા શાહીવાદના શોષણ નીચે પીડાતા દેશો સાથે જોડી દેવાની જરૂર છે. આપણને એમ ખાતરી આપવામાં આવે છે કે હિંદની આશા એશિયાના દેશોનું એક સમવાયતંત્ર રચીને, પશ્ચિમના આધિપત્ય સામે બળવો પોકારવામાં રહેલી છે. પરદેશી પ્રચાર બાબતના આ બદલાયેલા વલણનો પડઘો સ્વાભાવિક રીતે કોંગ્રેસની મહાસમિતિની કાર્યવાહીમાં પડ્યો હતો. એ વાતાવરણમાં પરદેશી બાબતો અગ્રસ્થાને હતી. અને આંતરરાષ્ટ્રીય મૈત્રી માટેનો પાયો નાંખવાની ગણતરીએ ઘણા પ્રસ્તાવો સ્વીકારવામાં આવ્યા હતા.

આપણે જો વધારે સારી પરિસ્થિતિમાં હોઈએ અને બીજા દેશો સાથે સંબંધ બાંધવાની ના પાડીએ તો ખચીત આપણું માનસ સંકુચિત ગણાય અને આપણામાં સભ્યતા અને માનવતાની ખામી છે એવું સિદ્ધ થાય. પરંતુ અનુકૂળ સંજોગોમાં જે સભ્યતા, સંસ્કૃતિ અને વિશાળ દૃષ્ટિ ગણાય તે અત્યારના સંજોગોમાં કેવળ અસહાયતામાં ખપે અને તેથી અંતે કશો લાભ ન થાય. વ્યક્તિગત મૈત્રીની જેમ, પરદેશો સાથેની મૈત્રી પણ જો તે કેવળ એકપક્ષીય લાભની અપેક્ષાથી ન સધાઈ હોય તો જ વિકસે છે અને લાભકારક બને છે. જો આપણે બીજાઓ સાથે માનપૂર્વકની મૈત્રી ચાહતા હોઈએ તો જેમ આપણે બીજા પાસેથી કંઈ લેવાની આશા રાખીએ છીએ, તેમ આપણી પાસે તેમને આપવાનું પણ કંઈક હોવું જોઈએ. હકીકતમાં સાચે જ આપણે બીજાને મદદ કરવા શક્તિમાન ન હોઈએ અને તેમની પાસેથી કેવળ કંઈ ને કંઈ માગ્યા જ કરીએ તો તેથી એકબીજાને માટે આદર પેદા થાય નહીં; કે તંદુરસ્ત મૈત્રી પણ વિકસી શકે નહીં. જો આપણામાં બીજાને ખરેખર મદદ કરવાની શક્તિ હોય, તો તે આપણા રાષ્ટ્રીય નિર્ધાર પાર પાડવાના ભગીરથ પ્રયત્ન દ્વારા જ કરી શકીએ. જો એ પ્રયત્ન સાચી દિશામાં વાળવામાં આવે તો ઘર આંગણે ઘણાં સ્પષ્ટ પરિણામો લાવી શકે અને લાવે જ. જે પ્રજાઓની મૈત્રી આપણે ચાહતા હોઈએ તેને આપણી સાથેના ઘનિષ્ઠ સંપર્કથી કંઈક શીખવાનું મળવું જોઈએ અથવા કંઈક લાભ થવો જોઈએ. પ્રેરણાની દૃષ્ટિએ મહત્ત્વની કોઈ હિલચાલ, અથવા બીજાને માટે અનુકરણ કે અભ્યાસ કરવા લાયક કોઈ ક્રાંતિકારી પુરુષાર્થ, કે કોઈ મહાન રચનાત્મક પ્રવૃત્તિ આપણી વચ્ચે ચાલુ હોય તો જ, ભલે સમાન નહીં તોયે સન્માનપૂર્ણ શરતોએ, આપણે મૈત્રી ચાહીએ છીએ એમ કહી શકાય. પણ આપણી પ્રાચીન સંસ્કૃતિની મૂડી ઉપર અથવા ગાંધીવાદી ચળવળના ઇતિહાસ ઉપર આપણે કાયમને માટે તો જીવી ન જ શકીએ.

કેવળ ગુલામોની મૈત્રીની સાંકળ વડે સાચો અથવા ઉપયોગી સંબંધ સ્થાપી ન શકાય. આપણે રશિયા, ચીન કે તુર્કસ્તાન તરફ શા માટે વળીએ છીએ? કેવળ આ દેશોનો મહાન ઇતિહાસ આપણા આકર્ષણનું કારણ નથી. જો એ જ માત્ર આગળ કરવામાં આવે તો આપણને તેમાં ભાગ્યે જ રસ પડે. પરંતુ આપણે માનીએ છીએ કે આ દેશોમાં આજે જે મહાન હિલચાલો ચાલી રહી છે તે આપણને ઉપયોગી અભ્યાસ માટેની કે જોતાં મુગ્ધ કરે એવી સામગ્રી પૂરી પાડે છે. તે કારણે આપણામાંના કેટલાક લોકો એ દેશોમાં જાય છે. તેવી જ રીતે આવાં રાષ્ટ્રો જોડે આપણે જો આંતરરાષ્ટ્રીય મૈત્રી સાધવા માગતા હોઈએ તો આપણી પાસે તેમને આપી શકીએ એવી કંઈક મૂલ્યવાન વસ્તુ હોવી જોઈએ; નહીં તો આપણે કેવળ ભિક્ષુક જ ગણાઈએ અને એથી વધારે સારા વર્તાવની આશા ન રાખી શકીએ.

પરંતુ કોઈ એમ કહી શકે કે આપણે વિશ્વના રાજકીય પ્રવાહોની અવગણના કરીએ છીએ. યુદ્ધો તોળાઈ રહ્યાં છે. જગતનાં રાષ્ટ્રો એકબીજાની યોજનાઓને ઊંધી પાડવા હંમેશ તાકતાં હોય છે અને હિંદ આ શેતરંજનું એક મહત્ત્વનું મહોરું છે. આપણા અંદરના રાજકારણમાં આપણે જેટલા અસહાય હોઈશું તેટલા અસહાય આપણે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નથી. આ વાતને સ્પષ્ટ કરવાની અને સાફ સાફ જણાવી દેવાની જરૂર છે. શું આપણે લડાઈ ઇચ્છીએ છીએ અને જેઓ ઇંગ્લંડ સામે લડવા માગે છે, તેમની સાથે આપણે મૈત્રી કરવા માગીએ છીએ? કે પછી બીજા દેશો આપણે ખાતર યુદ્ધે ચડે એમ આપણે ઇચ્છીએ છીએ? જો જગતના બીજા દેશો યુદ્ધે ચડે, તો તેઓ દારૂગોળા અને જહાજોથી લડશે. એક પ્રજા તરીકે આપણે આવા યુદ્ધમાં કદી ઉપયોગી થઈ પડે એવો ભાગ લઈ શકીશું ખરા? શું આપણે એવી ધારણા રાખીએ છીએ કે પોતાના સમાન શત્રુની સામે એકબીજાને મદદ કરીને બળવો પોકારવા માટે ભવિષ્યમાં કોઈ સમયે હિંદ અને પૂર્વના બીજા ગુલામ દેશો કોઈ સંધિ કરે? શું ભારત એવી આશા રાખે છે કે વિશ્વયુદ્ધ દરમિયાન કોઈ એવી આકસ્મિક પરિસ્થિતિ ઊભી થાય તો પોતે ઇંગ્લંડ સામે યુદ્ધે ચડેલ કોઈ સત્તાને સક્રિય મદદ આપશે? એક જ દલીલમાં કહીએ તો શું આ રીતે આપણે માટે

Gandhi Heritage Portal

કદી કંઈ મેળવી લેવાની તક છે ખરી? નિઃશસ્ત્ર એવા આપણે માટે એ જરા પણ વહેવારુ રાજનીતિ છે ખરી?

કદાચ એમ કહેવામાં આવે કે આપણે હથિયારની જરૂર નથી; આપણે કેવળ પૅસિવ રિઝિસ્ટન્સ દ્વારા ઘણું ઘણું કરી શકીએ એમ છીએ. શાંતિના કે યુદ્ધના સમયમાં બ્રિટિશ સરકાર સાથે અસહકાર એ જ આપણું એકમાત્ર હથિયાર છે. અહીં ફરી પાછા આપણે આપણી મૂળ સ્થિતિ ઉપર આવીએ છીએ. બ્રિટન સામેની હિંદની લડત જો આમ અહિંસક સાધનો દ્વારા જ લડવાની હોય તો તે દેશના પોતાના જ બળ ઉપર આધાર રાખે છે. અને તેને કદી આંતરરાષ્ટ્રીય બાબત બનાવી ન શકાય. અહિંસક લડતમાં બહારથી મહત્ત્વની મદદ મેળવવી શક્ય હોય, તોપણ તેમ કરવું સહેલું તો નથી જ. એ લડત તો પૂર્ણ સ્વાવલંબનના પાયા ઉપર જ યોજાવી, સંગઠિત થવી અને લડાવી જોઈએ.

બીજા દેશો પાસેથી આપણે ભૌતિક નહીં પણ નૈતિક મદદ મેળવી શકીએ. દેશમાં કે વિદેશમાં પ્રચાર કરીને આપણે એ ન મેળવી શકીએ; પણ જેટલા પ્રમાણમાં નક્કર રચનાત્મક કાર્ય કરીશું અને આપણી આંતરિક તાકાત વધારીશું તેટલા પ્રમાણમાં આપણે તે સહાય મેળવી શકીશું.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૧–૩–૧૯૨૮

# પરિશિષ્ટ ૨

## વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીનો કેબલ

મૅરિત્સબર્ગ,
એપ્રિલ ૨૪, ૧૯૨૮

ગાંધી
સાબરમતી

ખાનગી. સાઉથ આફ્રિકન ઇન્ડિયન કૉંગ્રેસના આપના ઉપરના જોહાનિસબર્ગથી આવેલા કેબલથી આપ નાહક ગભરાઈ ગયા. નાતાલ કૉંગ્રેસના નેતાઓ એને મંજૂરી આપતા નથી. તેમની ઇચ્છા સ્પષ્ટ પ્રશ્ન પૂછવાની હતી કે જે લોકો તે વખતે છળકપટથી પ્રાપ્ત કરેલાં પ્રમાણપત્રો પણ ધરાવતા હોય તેમને આ કાયદો સ્પર્શવો ન જોઈએ એ વાત આપના અને સ્મટ્સ વચ્ચેના કરારનો એક ભાગ હતી ખરી? જો તેમ હોય તો હું સમજી શકતો નથી કે અહીંની સરકારે ૧૯૧૫માં છૂટછાટવાળી યોજના શા માટે પ્રસિદ્ધ કરી અને ૧૯૧૦ની ઑગસ્ટની પહેલી તારીખ પહેલાં છળકપટથી દાખલ થયેલા લોકોને, રક્ષણાત્મક પ્રમાણપત્રો આપવાની દરખાસ્ત કરી તે યોજના ૧૯૧૬ સુધી શા માટે ખુલ્લી રાખી? એવું લાગે છે કે બધું વ્યવસ્થિત કરી લેવા માટે પોલાકે ખરા દિલથી આ દરખાસ્તનો પૂરો લાભ લેવા સલાહ આપી હતી; પરંતુ થોડાએ જ તે પ્રમાણે કર્યું. ખાતું ઇચ્છે છે કે જેમને આ છૂટછાટ મળી ચૂકી છે તેમણે એને માટે અરજી કરવાની જરૂર નથી. પરંતુ ટ્રાન્સવાલ કૉંગ્રેસના નેતાઓ માગણી કરે છે કે ૧૯૧૪ના કરાર પ્રમાણે છળકપટથી મળેલાં સર્ટિફિકેટોને આંચ આવવી જોઈએ નહીં, પછી ૧૯૧૫ની જાહેરાત પ્રમાણે ભલે એ સર્ટિફિકેટ ધરાવનારાઓને માફી મળી હોય કે ન મળી હોય. જો આ વાત તમારી સમજૂતીમાં આવી જતી હોય, તો કૃપા કરીને તે બાબતનો કેબલ તરત મોકલો. મલાન, શિમટ, વેન અને પ્રિંગના મારા અંગત પરિચય પરથી મને પૂરેપૂરી ખાતરી થઈ છે કે અત્યારે તેમની દાનત સાફ છે. તેઓ જાણી જોઈને અગાઉનાં વચનોનો ભંગ નહીં કરે. કુટુંબોને દાખલ કરવાની બાબતમાં પરિસ્થિતિ એવી છે કે ૧૯૧૪ પહેલાં કુટુંબ વગર આવેલા લોકોની સંખ્યા હજી પણ બહુ જ જૂજ હોવી જોઈએ. વળી એ દલીલ માટે પણ કોઈ સારું કારણ નથી કે ૧૯૧૪ પછી છળકપટથી પ્રવેશનારાઓ કુટુંબ વગર રહે છે તો ૧૯૧૪ પહેલાં જનારાઓને એ અપાત્રતામાંથી શા માટે બાકાત રાખવામાં આવ્યા છે? ખાતું પૂછે છે કે ટ્રાન્સવાલમાં છળકપટથી પ્રવેશેલા લોકો પ્રત્યે બતાવવામાં આવે છે તેનાથી પણ

Gandhi Heritage Portal

વધારે ખરાબ વર્તાવ નાતાલ અને કેપમાં દાખલ થયેલા લોકો સાથે શા માટે કરાવો જોઈએ? તેઓને એમ પણ ભય રહે છે કે આ પ્રાંતોમાં રજિસ્ટ્રેશન સર્ટિફિકેટો ન હોવાથી, કોઈ પણ માણસ સહેલાઈથી દલીલ કરી શકે કે તેણે ૧૯૧૪ પહેલાં પ્રવેશ કર્યો છે. કોઈ પણ માણસ ઉપર કલમ ૫ લગાડતાં પહેલાં એક વાત યાદ રાખવાની જરૂર છે કે એણે છળ કર્યું છે એ સાબિત કરવાનો બોજો સરકાર ઉપર રહે છે અને રક્ષણાત્મક પ્રમાણપત્રોના બદલામાં રજિસ્ટ્રેશનનાં તથા બીજાં સર્ટિફિકેટો આપી દેવાનાં છે તે સાચું નથી. ખાસ જોગવાઈ દ્વારા લાગતાવળગતા આ પક્ષોને આ દસ્તાવેજો પોતાની પાસે જ રાખવાનો અધિકાર આપવામાં આવ્યો છે. એ વાત સાચી છે કે આ રક્ષણાત્મક સર્ટિફિકેટો હંગામી પરમિટ માન્ય રાખતા ૧૯૧૩ના વસાહતી ધારાની કલમ ૨૫ના નિયમનને પાત્ર રહેશે. કાયદાના અધિકારીઓએ ખાતાંઓને સલાહ આપી છે કે ૨૫મી કલમ અનુસાર આપેલી કાયમી પરમિટ બાબતમાં પ્રધાનશ્રી કોઈ પણ જાતની શરતો કે બંધનો લાદી શકે નહીં, પણ જો તે પરમિટો હંગામી હોય તો જ તેઓ એ પ્રમાણે કરી શકે. રક્ષણાત્મક પ્રમાણપત્રો માટેની જે દરખાસ્ત થઈ છે, તેમાં એક એવું વચન પણ આપવામાં આવ્યું છે કે પ્રધાનશ્રી એ સર્ટિફિકેટો કદી પણ રદ કરી શકશે નહીં, સિવાય કે તેને ધારણ કરનાર વ્યક્તિને તે દેશનિકાલ થવાને પાત્ર ગણાય એવા ગુના માટે સજા થઈ હોય. ખાતાંઓ તેથી એવી દલીલ કરે છે કે આ જોગવાઈથી આ પ્રમાણપત્રો વાસ્તવમાં કાયમી બની જાય છે. આ પ્રમાણપત્રોનું સ્વરૂપ કેવું હોવું જોઈએ તે વિશે હજી ચર્ચાવિચારણા ચાલે છે; અને કાયદાવિષયક અભિપ્રાય તેના અત્યારના સ્વરૂપની વિરુદ્ધમાં પડશે, તો તે સંજોગોમાં ખાતા તરફથી સંતોષ મેળવી શકવાની મને આશા છે. એક લાંબી યાદી ટપાલમાં રવાના કરી છે. આપ તે વાંચો નહીં, ત્યાં સુધી કૃપા કરી કશો પણ નિર્ણય કરવાનું મુલતવી રાખશો. અત્યારની છૂટછાટની યોજનાથી પૅસિવ રિઝિસ્ટન્સની લડતનાં પરિણામો કેવી રીતે નકામાં થઈ જાય છે, તે હું સમજી શકતો નથી. આ કેબલની નકલ કૃપા કરીને સર મહમદ હબીબુલ્લાહને મોકલશો. તેની સાથે સાઉથ આફ્રિકન ઇન્ડિયન કૉંગ્રેસનો આપના ઉપરનો કેબલ, તથા આપની અને મારી વચ્ચેના કેબલની નકલ પણ મોકલશો.

**શાસ્ત્રી**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૧૯૭૪

# પરિશિષ્ટ ૩

## બારડોલીનો પ્રશ્ન શું છે?

### લેખક : મહાદેવ દેસાઈ

તાજેતરનાં વર્ષોમાં જમીન મહેસૂલની ફરી આકારણી કરવાના વિષયમાં લોકમતની અને લેજિસ્લેટિવ કાઉન્સિલના ઠરાવની ઇરાદાપૂર્વક અવહેલના કરવામાં આવી છે. "જમીન મહેસૂલની ફરી આકારણીની પ્રક્રિયા ચોક્કસ કાયદો ઘડીને વધારે નિયંત્રિત થવી જોઈએ" એવી જૉઇન્ટ પાર્લમેન્ટરી કમિટીની સલાહ અનુસાર મુંબઈની લેજિસ્લેટિવ કાઉન્સિલે ૧૯૨૪ના માર્ચમાં ભારે બહુમતીથી એવો ઠરાવ પસાર કર્યો હતો કે કાયદા અનુસાર મહેસૂલની આકારણી નિયંત્રિત કરવાની વિચારણા માટે એક સમિતિ નીમવી, અને એ સમિતિની વિચારણાને લક્ષમાં લઈ "એ જાતનો ધારો અમલમાં આવે નહીં, ત્યાં સુધી જમીન મહેસૂલની નવી આકારણી કરવી નહીં કે તેમાં કોઈ પણ જાતનો નવો વધારો સૂચવવો નહીં." આ ઠરાવના પહેલા ભાગને સરકારે જમીન મહેસૂલ આકારણી કમિટીની નિમણૂક કરીને અમલમાં મૂક્યો, પરંતુ તેના બીજા ભાગની અવગણના કરી. અને આવો પ્રસ્તાવ પસાર થયો હોવા છતાં તેની વિરુદ્ધ જઈને સરકારે એક પછી એક તાલુકામાં મહેસૂલની નવી આકારણીનું કાર્ય શરૂ કરી દીધું. દરમ્યાન જમીન મહેસૂલ કમિટી મળી અને પોતાનો અહેવાલ પ્રગટ કર્યો અને મુંબઈની લેજિસ્લેટિવ કાઉન્સિલે ૧૯૨૭ના માર્ચ માસમાં એક ઠરાવ ભારે બહુમતીથી પસાર કર્યો. આ ઠરાવમાં ગવર્નર અને તેમની કાઉન્સિલને

Gandhi Heritage Portal

એવી ભલામણ કરવામાં આવી કે જમીન મહેસૂલ આકારણી કમિટીના અહેવાલને લક્ષમાં લઈ જરૂરી ધારો અમલમાં મૂકી ૧૯૨૪ના માર્ચ મહિનામાં પસાર થયેલા ઠરાવનો તરત અમલ કરવો અને "આવો ધારો પસાર ન થાય ત્યાં સુધી જમીન મહેસૂલની ૧૯૨૪ના માર્ચની ૧૫મી પછી થયેલી નવી આકારણીની રકમ તેઓ વસૂલ ન કરે એવા હુકમો લાગતાવળગતા મહેસૂલી અધિકારીઓ ઉપર કાઢવા." જમીન મહેસૂલ આકારણી કમિટીએ સૂચવેલો ધારો અત્યારે લેજિસ્લેટિવ કાઉન્સિલ સમક્ષ પડેલો છે. તેમ છતાં નવી આકારણી કરવાનું કામ તો સરકારે ચાલુ રાખ્યું જ છે. તેની પાછળ સરકારનો લગભગ એવો ઇરાદો છે કે આ ધારો પસાર થાય તે પહેલાં જ તેના ઉદ્દેશને તોડી પાડવો. બારડોલી એવા ઘણા તાલુકાઓમાંનો એક તાલુકો છે કે જ્યાં આ ઠરાવ અનુસાર મહેસૂલમાં કોઈ નવી આકારણી ન થઈ શકે કે કરના દરમાં કોઈ નવો વધારો ન થઈ શકે. બારડોલીના કેસના ગુણદોષ તરફ લક્ષ ન આપીએ તોપણ ફરી આકારણી કરવા બાબતમાં બારડોલીના લોકોનો પ્રાથમિક મૂળભૂત વાંધો આ જ હતો.

હવે હું આ કિસ્સાના ગુણદોષની સંક્ષેપમાં ચર્ચા કરીશ. શ્રી જયકરે બારડોલીની નવી આકારણી તૈયાર કરી. અને ૧૯૨૫ના નવેમ્બરમાં પોતાની ભલામણો રજૂ કરી. તેમણે ૩૦ ટકાના વધારા માટે ભલામણ કરી, જે આધાર પર શ્રી જયકરે પોતાની ભલામણો કરી હતી તે આધાર સાથે જમાબંધી ખાતાના કમિશનર મિ. ઍન્ડરસન સંમત ન થયા. તેમણે નવું ધોરણ સ્વીકાર્યું અને ૨૯ ટકાના વધારાની ભલામણ કરી. પરંતુ સરકારે બંનેમાંથી કોઈની ભલામણ સ્વીકારી નહીં અને પોતે જ ૨૨ ટકાનો વધારો જાહેર કર્યો. આ તાલુકાની મૂળ આકારણીની આખી રકમ ૫,૧૪,૭૬૨ રૂપિયા હતી, તે નવી આકારણી મુજબ ૬,૨૦,૦૦૦ રૂપિયાથી થોડી વધારે થઈ.

બારડોલીના ખેડૂતોનો વાંધો એ હતો કે આ તાલુકામાં મહેસૂલની આકારણી પૂરેપૂરી થઈ ચૂકી છે. એટલે તેમાં વધારો કરવાનું કોઈ કારણ નથી. આ તાલુકાના ખેડૂતોનું તેમણે ધારણ કરેલી જમીનના જથા પ્રમાણે નીચે પ્રમાણે વર્ગીકરણ કરી શકાય :

| | | |
|---|---|---|
| ૧ થી ૫ | એકર | ૧૦,૩૭૯ |
| ૬ થી ૨૫ | એકર | ૫,૯૩૬ |
| ૨૬ થી ૧૦૦ | એકર | ૮૨૯ |
| ૧૦૧ થી ૫૦૦ | એકર | ૪૦ |

આ ઉપરથી ચોક્કસ અનુમાન કરી શકાય કે જે જમીનદારો પાસે ૨૫ કરતાં વધારે એકર જમીન નથી તેઓ પોતાની જમીન જાતે જ ખેડે છે. અને તેના કરતાં જેઓ વધારે જમીન ધરાવે છે તેઓ ખેડૂતોને ગણોતે આપે છે. એનો અર્થ એવો થાય કે હકીકતમાં ૧૬,૩૧૫ જમીનદારો તેમણે ધારણ કરેલી કુલ ૧,૨૭,૦૪૫ એકર જમીન ખેડતા હોવા જોઈએ. એટલે કે દરેક જમીનદાર સરેરાશ ૮ એકર જેટલી જમીન ખેડતો હોવો જોઈએ. જેનો ઉપભોગ બહુ ઓછા, અર્થાત્ ૮૬૯ મોટા જમીનદારો કરે છે એવી આર્થિક રીતે પરવડતી કે નહીં પરવડતી ગણોતને આધારે મહેસૂલ નક્કી કરવું એ ન્યાયસંગત નથી. ૧૬,૩૧૫ ખેડૂતો ધરાવે છે તે જમીનની કિંમત લક્ષમાં લઈને તથા જમીન મહેસૂલ ધારાની ૧૦૭મી કલમ અનુસાર તેમાંથી તેમને થતા નફાનો ખ્યાલ રાખીને જ જમીન મહેસૂલની આકારણી કરવી જોઈએ. બારડોલીના ખેડૂતોનું કહેવું એમ છે કે જમાબંધી અધિકારીએ સ્વીકારેલા એકરદીઠ સરેરાશ ઉત્પાદનને તથા કિંમતના ઘણા જ ઊંચા ધોરણને સાચાં માની લઈએ (જોકે રિપોર્ટ પછી એ કિંમત ઘણી ઘટી ગઈ છે) તોપણ જે ખેડૂત (સરેરાશ) ૮ એકર જમીન ખેડે છે તે એટલો નફો કરતો નથી કે સરકારને આજના મહેસૂલના દરમાં કંઈક વધારો કરવાનો હક મળે. તેમનું આ કથન સાબિત કરવા તેઓ તૈયાર છે. અને તેઓ એ વાતને વળગી રહે છે કે ૫૦ ટકા નફો મેળવવાનું ધોરણ સ્વીકારવામાં આવે તોપણ કોઈ પણ જાતનો મહેસૂલ વધારો થઈ શકે નહીં. અને જો ૨૫ ટકા નફો મેળવવાનું ધોરણ સ્વીકારવામાં આવે તો ચાલુ દરમાં સારો સરખો ઘટાડો કરવો જરૂરી ગણાશે.

આમ પોતાની દલીલો માટે તેઓ પોતાના તાલુકાની વાસ્તવિક પરિસ્થિતિ ઉપર આધાર રાખે છે. સાથે સાથે ઉપયોગિતા અને ચોકસાઈની દૃષ્ટિએ સરકારના અહેવાલની સખત ટીકા કરી, તેની ખામીઓ બતાવીને પણ તેઓ પોતાની દલીલોને સાબિત કરવા માગે છે. એવી જ રીતે તેઓ ભારપૂર્વક જણાવે છે

Gandhi Heritage Portal

કે જમાબંધી અધિકારી શ્રી જયકરે જેને સાચી તપાસ કહી શકાય એવી કોઈ તપાસ કરી નથી. તેઓએ થોડાં ગામોની મુલાકાત લીધી છે. ગામડાંના લોકોને મહેસૂલ વધારાના પ્રશ્નને લગતી કોઈ રજૂઆત કરવાનો મોકો આપ્યો નથી. અને ઉપરચોટિયા મોજણી કરી છે. કોઈ પણ જાતની ચોકસાઈ કર્યા વિના ખૂબ જ મહત્ત્વના આંકડાઓ તેમણે ઑફિસમાં જ તૈયાર કર્યા છે. કુલ ઉત્પાદનની કિંમતમાં થયેલા વધારાને આધારે જ તેમણે ૩૦ ટકાનો વધારો સૂચવ્યો છે. શ્રી જયકરની તપાસને જો તપાસ કહી શકાતી હોય તોપણ એ તપાસનું છીછરાપણું એને નકામી બનાવી દેવાને પૂરતું થઈ પડે એમ છે. પરંતુ શ્રી જયકરની તપાસના મૂલ્ય વિશે મિ. ઍન્ડરસને એક બીજી અને ઘણી જ અગત્યની ભૂમિકા ઉપર ગંભીર શંકા ઉઠાવી છે. અને લોકોના પ્રતિનિધિઓએ પણ એ તરફ ધ્યાન દોર્યું હતું. જ્યાં શ્રી જયકરે કુલ ઉત્પાદનના આધારે ભલામણ કરી છે તે તેમના અહેવાલના અગત્યના ભાગનો, "અપ્રસ્તુત" તેમ જ "પોતાની દરખાસ્તો માટે કશું વાજબી કારણ નહીં આપતો હોવાથી અને પોતાની ભલામણોની જ વિરુદ્ધ દલીલો સૂચવતો હોવાને કારણે ખરેખર નુકસાનકારક" ગણીને, ઍન્ડરસને અસ્વીકાર કર્યો છે. આ સંજોગોમાં મિ. ઍન્ડરસનની દેખીતી ફરજ તો સરકારને ફેરતપાસ સૂચવવાની હતી. પરંતુ મિ. ઍન્ડરસન પોતાની મર્યાદા બહાર ચાલ્યા ગયા અને ગણોતના આંકડાને ધોરણે પોતાની ભલામણ કરવા આગળ વધ્યા. આ ધોરણના વાજબીપણા વિશે અનેક ઉચ્ચ કક્ષાના સરકારી અમલદારોએ ગંભીર રીતે પડકાર કર્યો છે અને આ દાખલામાં ગણોતના ખુદ આંકડા ચોકસાઈ કર્યા વિનાના હોવાનો ગંભીર રીતે પડકાર થયો છે. જો શ્રી જયકરે કોઈ જાતતપાસ કર્યા વગર જમાબંધીના નિયમોની મજાક ઉડાવી છે એમ ગણીએ તો મિ. ઍન્ડરસને તો એથી પણ એક કદમ આગળ જઈને જમાબંધીના નિયમોનું ઉલ્લંઘન જ કર્યું છે. આ નિયમો તો એમ કહે છે કે ગણોતનો મુદ્દો તો જે મુદ્દા વિચારવાના છે તેમાંનો એક મુદ્દો જ છે. અને એ લક્ષમાં લેવાયો હોય તોપણ, "તેને ચોક્કસ નિર્ણય કરવામાં આધારભૂત માની શકાય નહીં, સિવાય કે ગણોતના દાખલા સંખ્યામાં ઘણા હોય અને એ આધારભૂત છે કે નહીં તેની કાળજીપૂર્વક ચકાસણી થઈ હોય." (૧) કેવળ ગણોતના આંકડા ઉપર જ આધાર રાખીને અને (૨) એ ઉપયોગી છે કે નહીં તે માટેની બે આવશ્યક શરતોનું પાલન થઈ ગયું છે એમ માની લઈને મિ. ઍન્ડરસને ભારે ભૂલ કરી છે.

એક સ્થળે મિ. ઍન્ડરસન શ્રી જયકર ઉપર આક્ષેપ મૂકે છે કે "ગણોતે આપેલી અને માલિકોએ જાતે ખેડેલી જમીનનું ક્ષેત્રફળ દર્શાવતા આંકડા ભેગા કરવાનો કોઈ પ્રયાસ" તેમણે કર્યો નથી. અને છતાં તેઓ પરિશિષ્ટ 'એચ'નો આધાર લઈને એવા ખોટા અનુમાન પર આવે છે કે "કુલ જમીનનો ઓછામાં ઓછો અડધો ભાગ એવા જમીનદારોના હાથમાં છે કે જેઓ તેને ખેડતા નથી." આ ભૂલ થવાનું કારણ એ છે કે તેઓએ છેલ્લાં સાત વર્ષના — ૪૨,૯૨૩ એકરના જે આંકડા છે તેને ઉતાવળમાં એક વર્ષના આંકડા તરીકે માની લીધા છે. અને તેમણે બિનખેડૂતો પાસેની જમીનનો શ્રી જયકરે જાતે કાઢેલો આંકડો લક્ષમાં જ લીધો નથી. આ ૨૩,૯૯૫ એકરનો આંકડો, સમગ્ર ક્ષેત્રફળના ૧૮ ટકા જેટલો છે. તે સ્થળ પર જઈને જાતતપાસ કરીને કાઢ્યો ન હોવાથી તેનો અંદાજ તદ્દન ખરો તો ન જ કહી શકાય, પણ તે વધારે ખરો હોય એવો લાગે છે.

આ બધાં કારણોને લીધે શ્રી જયકર અને મિ. ઍન્ડરસનના અહેવાલોનું કશું મૂલ્ય રહેતું નથી. અને સરકારે જે ૨૨ ટકાનો દર નક્કી કર્યો છે તે તાજી કે ચોક્કસ હકીકત ઉપરથી કાઢ્યો ન હોવાથી છેક જ મનસ્વી છે.

તેથી કાં તો

૧. મહેસૂલનો વધારો રદ કરવામાં આવે કે

૨. આખા કેસની તપાસ કરવાને એક સ્વતંત્ર તપાસ સમિતિ નીમવામાં આવે, તે સિવાય બારડોલીના સત્યાગ્રહીઓએ કોઈ પણ પ્રકારની મહેસૂલ આકારણીની રકમ ન ભરવાના શપથ લીધા છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १४-६-१९२८

Gandhi Heritage Portal

# આધારરૂપ સાહિત્ય

**ગાંધી સ્મારક સંગ્રહાલય, નવી દિલ્હી :** ગાંધી સાહિત્ય તથા તે સંબંધી દસ્તાવેજોનું કેન્દ્રસ્થ સંગ્રહસ્થાન તથા પુસ્તકાલય, જુઓ પૃ. ૧; પા. ૨૭૧.

**નવજીવન** (૧૯૧૯–૩૧) : ગાંધીજીના તંત્રીપદે અમદાવાદથી પ્રસિદ્ધ થતું ગુજરાતી સાપ્તાહિક (જે કોઈ કોઈ વાર અઠવાડિયામાં બે વાર પણ નીકળતું) તે નવજીવન અને સત્ય (૧૯૧૫-૧૯) નામના ગુજરાતી માસિકનું રૂપાંતર હતું અને તેનો પહેલો અંક ૧૯૧૯ના સપ્ટેમ્બરની ૭મીએ પ્રસિદ્ધ થયો હતો, ૧૯૨૧ના ઑગસ્ટની ૧૯મીથી એની હિંદી આવૃત્તિ પણ પ્રગટ થવા લાગી હતી.

**पांचमा पुत्रने बापुना आशीर्वाद** (ગુજરાતી) : સંપાદક કાકા કાલેલકર, નવજીવન પ્રકાશન મંદિર (૧૯૫૭).

**प्रजाबंधु :** અમદાવાદથી પ્રસિદ્ધ થતું ગુજરાતી સાપ્તાહિક.

**बापु, मैंने क्या देखा क्या समझा** (હિન્દી) : સંપાદક : રામનારાયણ ચૌધરી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૮

**बापुना पत्रो–४ :** मणिबहेन पटेलने (ગુજરાતી) : સંપાદક : મણિબહેન પટેલ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૭.

**बापुना पत्रो–२ :** सरदार वल्लभभाईने (ગુજરાતી) સંપાદક : મણિબહેન પટેલ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૭.

**बापुनी प्रसादी** (ગુજરાતી) : મથુરાદાસ ત્રિકમજી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૪૮.

**बारडोली सत्याग्रहनो इतिहास :** મહાદેવ દેસાઈ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૨૮.

**बॉम्बे क्रॉनिकल :** મુંબઈથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**मजूरसंदेश :** અમદાવાદના મજૂર-મહાજન સંઘનું મુખપત્ર.

**મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરી :** સ્વરાજ્ય આશ્રમ, બારડોલીમાં રાખેલી.

**यंग इन्डिया** (૧૯૧૮–૩૧) : મુંબઈમાં શ્રી જમનાદાસ દ્વારકાદાસે શરૂ કરેલું સાપ્તાહિક; ૧૯૧૯ના મેની ૭મીથી એ અર્ધસાપ્તાહિક બન્યું; એના ઉપર ગાંધીજીની દેખરેખ રહેલી. ઑક્ટોબર ૧૯૧૯થી એ અમદાવાદથી ગાંધીજીના તંત્રીપદેથી સાપ્તાહિક તરીકે પ્રસિદ્ધ થવા લાગ્યું.

**સાબરમતી સંગ્રહાલય :** પુસ્તકાલય તથા લેખોનો સંગ્રહ, જેમાં ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સમયના તથા ૧૯૩૩ સુધીના ભારતીય સમયના કાગળો રાખવામાં આવ્યા છે. જુઓ પૃ. ૧, પા. ૨૭૧.

**हिन्दु :** મદ્રાસથી પ્રગટ થતું અંગ્રેજી અખબાર; ૧૮૭૮માં સાપ્તાહિક તરીકે શરૂ થયું, ૧૮૮૩માં સપ્તાહમાં ત્રણ વાર પ્રગટ થવા લાગ્યું અને ૧૮૮૯માં દૈનિક બન્યું.

Gandhi Heritage Portal

12580

## તારીખવાર વૃત્તાંત

### (ફેબ્રુઆરી–જૂન, ૧૯૨૮)

**ફેબ્રુઆરી ૧ :** પ્રાર્થનાસભામાં ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સમક્ષ બોલ્યા.

**ફેબ્રુઆરી ૩ :** સર જૉન સાઇમનની આગેવાની નીચે બંધારણની પૂર્વભૂમિકા શોધવા એક કમિશન મુંબઈના કિનારે ઊતર્યું. એના વિરોધમાં દેખાવો થયા અને સભાઓ ભરવામાં આવી.

બહિષ્કારની સફળતા માટે ગાંધીજીએ અમદાવાદ અને મુંબઈને સંદેશા મોકલ્યા.

**ફેબ્રુઆરી ૫ :** ગાંધીજી કાંતતાં કાંતતાં મૂર્છા પામ્યા; દાક્તરોએ સંપૂર્ણ આરામ લેવાની સલાહ આપી.

**ફેબ્રુઆરી ૭ :** ગૂજરાત વિદ્યાપીઠમાં જે. બી. કૃપાલાનીને વિદાય આપવા મળેલી સભાને સંદેશો મોકલ્યો.

**ફેબ્રુઆરી ૧૨ પહેલાં :** બારડોલી તાલુકાના પ્રતિનિધિઓ અને વલ્લભભાઈ સાથે બારડોલી સત્યાગ્રહ અંગે વાતો કરી.

**માર્ચ ૧૭ :** ડૉ. એમ. એ. અનસારીએ ગાંધીજીને તપાસ્યા.

**માર્ચ ૨૦ :** ઍલિસ શૅલકને મુલાકાત આપી. ઍસોસિયેટેડ પ્રેસને આપેલી મુલાકાતમાં કહ્યું કે યુરોપની તેમની મુલાકાત અનિશ્ચિત હતી.

**માર્ચ ૨૭ :** અમદાવાદમા સફાઈ કામદારોની સભામાં બોલ્યા.

**માર્ચ ૩૧ :** અમદાવાદ મજૂર-મહાજન સંઘ સંચાલિત શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સમક્ષ ભાષણ.

**એપ્રિલ ૪ :** ન્યૂ ઇન્ડિયાને સંદેશો મોકલ્યો.

હનુમાન જયંતીને દિવસે આશ્રમની પ્રાર્થનાસભામાં બોલ્યા.

**એપ્રિલ ૭ :** ઇન્ટરનૅશનલ ફેલોશિપનાં ન્યૂસશીટને સંદેશો મોકલ્યો.

**એપ્રિલ ૧૩ પહેલાં :** ખાદી વિદ્યાલયના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ.

**એપ્રિલ ૧૮ :** સિલોનની વિદ્યાર્થી પરિષદને સંદેશો પાઠવ્યો.

**એપ્રિલ ૨૨ :** રોમાં રોલાંનો છેવટનો સંદેશો મળતાં યુરોપ ન જવાનો આખરી નિર્ણય કર્યો.

**એપ્રિલ ૨૩ :** મગનલાલ ગાંધીનો પટણામાં દેહાંત.

**મે ૧ :** અમદાવાદમાં 'ધોડિયાં ઘર'ના ઉદ્‌ઘાટન પ્રસંગે બોલ્યા.

**મે ૭ :** સુભાષચન્દ્ર બોઝ સાથે સાબરમતી આશ્રમમાં ચર્ચા કરી.

**જૂન ૧૧ :** ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સમક્ષ બોલ્યા.

**જૂન ૧૨ :** 'બારડોલી દિન' પાળવામાં આવ્યો.

**જૂન ૧૪ :** યંગ ઇન્ડિયામાં સત્યાગ્રહ આશ્રમના બંધારણનો મુસદ્દો પ્રસિદ્ધ થયો.

ગ્રંથાલય, અમદાવાદ-૧૪.
Gandhi Heritage Portal

# સૂચિ


**અ**ખિલ હિંદ ગોરક્ષા સંઘ ૭૩; ૦અને સત્યાગ્રહ આશ્રમમાં દુગ્ધાલય અને ચર્માલય ૩૯૭

અખિલ હિંદ ચરખા સંઘ ૬૪, ૧૨૮, ૧૫૩, ૧૫૯, ૨૦૫ પા.ટી., ૨૨૦, ૨૨૭, ૨૨૯, ૨૫૨, ૨૬૨, ૨૮૬ પા. ટી, ૨૯૩, ૩૨૧, ૩૨૨, ૩૩૨, ૩૩૬, ૩૪૩, ૩૫૪, ૩૯૯, ૪૧૯; –ના કાર્યમાં પ્રગતિ ૧૦૬; –ની સભ્યસંખ્યામાં ઘટાડો ૧૦૫, ૪૦૬; –નું ઉધાર વેચાણ ૩૬૮; –નો તરુણ-વર્ગ ૧૦૬; –નો વાર્ષિક હેવાલ ૧૮૫, ૧૮૬

અખિલ હિંદ દેશબંધુ સ્મારક ફંડ ૯૮, ૧૫૩, ૧૮૫

અખો ૪૧૫

અજમલ જામિયા ફંડ ૯, ૧૮, ૧૯, ૧૦૨, ૩૨૪

અજમલખાન સ્મારક ૩૪, ૧૨૧

અજમલખાન, હકીમ ૯, ૧૧, ૧૮, ૩૪, ૧૨૦ પા. ટી.

અનસારી ડૉ. એમ. એ. ૧૯, ૮૫, ૯૧, ૧૧૯, ૧૨૦, ૧૨૧, ૨૦૦, ૨૦૬, ૨૦૭, ૨૨૭, ૨૪૩, ૨૯૭ પા. ટી., ૩૨૮

અનસારી, બેગમ ૨૦૧

અનસૂયાબહેન જુઓ સારાભાઈ, અનસૂયાબહેન

અનાથાશ્રમો –ને મિજબાની માટે દાન ના આપવું જોઈએ ૩૧૨

અનિલ ૧૦૨

અનિષ્ટ ૮૩

અપરિગ્રહ ૪૧૨, ૪૫૩

અભય ૪૧૨, ૪૫૩

અમાનુલ્લા ૪૩૧

અર્વિન, લૉર્ડ ૧૨૦, ૨૭૧, ૩૧૬

અલગ મતદાર મંડળો અને ૦અનામત બેઠકો ૭૪, ૭૫

અલી, પ્યારે ૧૭

અલી, મહંમદ ૩૨૨, ૩૨૫

અવતારો –માં શ્રદ્ધાનો પાયો ૧૬૩

અસહકાર ૪, ૫, ૭, ૭૮, ૯૮, ૧૧૩, ૨૦૦; ૦૧૯૨૦નો ૬૯; ૦અને સહકાર ૧૦૦; ૦અહિંસક ૩, ૩૯૮; ૦આંદોલન ૨૭૭

અસહકારીઓ ૪૩; ૦અહિંસક ૪૨; ૦સામે દમનકારી પગલાં, બારડોલીના ૪૨૯–૩૩

અસ્તેય ૪૧૨, ૪૫૩; ૦દાનમાં ૪૨૮

અસ્પૃશ્યતા ૨, ૧૨, ૩૫, ૯૯, ૧૮૩, ૨૧૮ પા. ટી., ૨૩૧, ૨૩૨, ૨૬૨, ૨૮૭, ૩૦૯, ૩૯૮, ૪૧૨, ૪૫૪; ૦અને ગૂજરાત વિદ્યાપીઠ ૪૪૮; ૦અને સત્યાગ્રહ આશ્રમ ૩૯૬; ૦અને સ્વરાજ ૨૯૨; ૦અને હિંદુ ધર્મ ૬, ૩૦, ૨૩૨; ૦દક્ષિણમાં ૨૮૨; –ની સામેની લડત માટે ફંડ ૩૫૪, ૩૫૫

અસ્પૃશ્યો ૧૫, ૪૬, ૫૪, ૫૭, ૭૧, ૭૫, ૯૩, ૯૮, ૧૫૧, ૧૭૦, ૧૮૩, ૨૧૮, ૩૯૬, ૪૨૮; ૦અને ગૂજરાત વિદ્યાપીઠ ૪૪૮; ૦અને જનોઈ જુઓ બાધાત રાજ્ય; –ની સેવા ૨૩૦

અહમદ, એચ. એમ. ૧૭૪

અહિંસા ૬, ૯, ૪૨, ૪૪, ૭૦, ૭૧, ૮૪, ૧૦૭, ૧૩૧, ૧૩૨, ૧૫૪, ૨૧૬, ૨૮૮, ૩૮૦, ૩૯૧, ૩૯૪, ૩૯૮, ૪૧૨, ૪૫૩; ૦અને ધર્મ ૪૧૨; ૦અને યુદ્ધ ૮૩, ૮૪; ૦અને વિદેશી કાપડનો બહિષ્કાર ૧૦૪; ૦અને સ્વરાજ ૧૨૩, ૧૨૪; –ના પાલનમાં દેહરૂપી દીવાલ ૧૬૩; –ની શક્તિ ૭૧

અંગ્રેજી –નું શિક્ષણ ૩૫૯; –માં શિક્ષણ ૧૫૪; ૦શિક્ષણના માધ્યમ તરીકે ૩૨૫, ૩૯૧

અંજપ્પા, વાય. ૩૪૩

**આ**ચાર્ય, કે. એસ. ૧૪૧

આત્મકથા ૨૬ પા. ટી., ૯૯ પા. ટી., ૧૦૦ પા. ટી., ૧૮૨ પા. ટી., ૨૮૪ પા. ટી., ૩૦૮, ૩૨૮, ૩૩૫, ૩૭૪, ૩૯૩

આત્મબલિદાન ૦અને સત્ય ૪૪૩

આત્મબળ ૦અને સંયમ ૩૮૫

આત્મશુદ્ધિ ૨૭૬; ૦અને સત્યાગ્રહ ૩૮૩

આત્મસંયમ ૧૬૩, ૧૮૨; ૦અંતરાત્માની સંમતિ ૩૮૫

આત્મા ૦અને સ્વચ્છ ખોરાક ૪૧૨

આદિ કારણ ૨૦૮

આધ્યાત્મિકતા ૦અને મિશનરીઓ ૧૩૩

આનંદ, સ્વામી ૩૬૩, ૩૭૩, ૪૨૩

આફ્રિકનો ૦અને હિંદીઓ ૧૮૯

આમસભા ૪૨

આયર્લૅન્ડ, ડબ્લ્યુ. એફ. ૧૩૩, ૧૫૭

આયંગર, કે. નરસિંહ ૬૧

આયાત ૦અને સ્વાવલંબન ૧૨૫

आरोग्यनी चावी १२७


Gandhi Heritage Portal

આર્ય પ્રતિનિધિ સભા ૩૨૦
આર્યસમાજ ૧૩૦, ૧૮૪, ૩૨૦
આસર, લક્ષ્મીદાસ પુરુષોત્તમ ૩૪૭, ૪૦૨
આંતરરાષ્ટ્રીય બંધુત્વ ૧૩૩, ૧૭૯, ૨૦૨

इन्डियन ओपीनियन ૩૯, ૨૬૧
इन्डियन डेली मेल ૪૫૬
इन्डिया इन बॉन्डेज: हर राइट टु फ्रीडम ૪૧૬
ઇન્દુ ૪૨૦, ૪૨૬
ઇસ્માઈલ, મિરઝા ૩૨૨

ઈશ્વર ૧૪, ૧૮, ૨૯, ૩૪, ૩૮, ૪૫, ૫૮, ૬૮, ૭૪, ૯૮, ૧૦૨, ૧૧૪, ૧૩૬, ૧૫૭, ૧૬૨–૪, ૧૮૩, ૧૯૮, ૨૦૦, ૨૦૮, ૨૦૯, ૨૨૧, ૨૨૨, ૨૩૪, ૨૫૧, ૨૫૩–૪, ૨૫૭, ૨૬૩, ૨૬૬, ૨૭૪, ૨૮૦, ૨૮૩, ૨૮૬, ૨૮૯, ૨૯૪, ૨૯૬, ૩૦૪–૫, ૩૧૨, ૩૨૯, ૩૩૦, ૩૫૭–૮, ૩૬૫, ૩૭૮, ૩૮૪, ૩૯૬, ૪૩૬; ૦અને ગુરુ ૩૮૪; ૦અને પ્રથમ મુકદ્દમામાં દલીલો ૨૦૮; ૦અને સત્ય ૨૭૬, ૩૯૪–૫; ૦એ જ રામ ૧૬૨–૪; ૦દલિતોની સેવા એ જ ઈશ્વરની સેવા ૨૯૫; –ના અવતાર ૧૬૨–૬૩; –નું સેવા મારફત દર્શન ૧૮૧; –નો દેહ અને દૃષ્ટિ ૧૬૩; ૦પામવાના હજારો રસ્તા ૧૩૩; –માં સ્વયંપ્રેરિત શ્રદ્ધા ૩૩૬
ઈસ્બ્રૂકર, જૂલિયા ૨૪૯

ઉત્તમભિખ્ખુ ૧૭૨
उत्तररामचरित् ૧૬૨
ઉદ્યોગો –ની બ્રિટિશ અમલમાં પડતી ૨૩૮–૪૧; ૦પર રાજ્ય દ્વારા અંકુશ ૧૨૫; ૦હિંદી અને ઈસ્ટ ઇન્ડિયા કંપનીના ૨૪૦–૧
ઉન્ની, મિસિસ એલ. સી. ૧૩
ઉપવાસ ૩૧૨; –નું શારીરિક અને નૈતિક મૂલ્ય ૧૫૬–૭; ૦બીમારી નિવારણ માટે ૧૧, ૧૪

ઊર્મિલાદેવી ૪૭, ૧૫૮

ઍરિક ૫૮
ઍલેક્ઝાન્ડર હૉરેસ ૪૪૨
ઍશિયનો ૦માટેની કચેરી ૩૬૯
ઍન્ડર્સન ૪૩૪
ઍન્ડ્રૂઝ, સી. ઍફ. ૧૩, ૫૯, ૧૦૦, ૧૧૫, ૧૩૪, ૧૪૭, ૧૫૦ પા. ટી., ૧૭૫, ૧૮૯, ૨૧૩, ૨૫૧, ૨૭૦, ૩૨૩, ૩૨૯, ૩૩૯, ૩૭૬
ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયા ૧૨૬

ઍંગસ, ઈથેલ ૪૪૦

ઍથન, આર. આર. ૨૧૨

ઑક્સફર્ડ યુનિવર્સિટી ૩૩૯ પા. ટી.

કણીકરજી ૧૩
કન્યા ગુરુકુળ ૪૪૬
કબીર ૪૧૫
કમળા ૩૭૭, ૪૨૨
કરમચંદાણી, પી. વી. ૩૧૫
કરંદીકર, દાદાસાહેબ ૪૩
કર્મ –નો સિદ્ધાંત ૨૦૮
કર્વે, પ્રોફેસર ૧૯૧
કર્વે જ્યુબિલી સમિતિના પ્રમુખ ૧૯૧
કલા ૦નૈતિક કાર્યોનું ગુપ્ત સૌંદર્ય નિહાળવામાં ૩૦૩
કલ્યાણજી ૨૨–૩, ૧૬૦, ૪૩૧
કસ્તૂરભાઈ લાલભાઈ ૨૦૬, ૨૮૭
કાઠિયાવાડ રાજકીય પરિષદ ૯૭ પા. ટી., ૨૨૯
કાનિટકર, જી. એન. ૩૫૪
કાન્તિ ૩૨૭
કાપડિયા ૧૯૩
કારીગરો –નાં હિતો ૨૫૦
કાર્ટરાઈટ ૮૬
કાર્લાઈલ ૮૬
કાલિદાસ ૧૬૨
કાલેલકર, દત્તાત્રેય બાલકૃષ્ણ ૫, ૧૭૮, ૪૦૨, ૪૨૧
કાવ્ય ૦જીવનમાં ૧૬૪
કાંતણ ૧૩, ૨૩, ૪૫, ૭૩, ૨૨૩, ૩૦૩, ૩૦૬, ૩૯૯; ૦અને ગૂજરાત વિદ્યાપીઠ ૬; ૦અને વિદ્યાર્થીઓ ૩૫૪; ૦ગામડાંની નવરચના માટે ૧૦૫; ૦મ્યુનિસિપલ શાળાઓમાં ૩૩૦, ૩૩૧; ૦સત્યાગ્રહ આશ્રમમાં ૩૯૭
કિચલુ, ડૉ. પી. એસ. ૧૩૯, ૨૩૬
કુટુંબનિયોજન જુઓ સંતતિનિયમન
કુરુક્ષેત્ર ૦જેવું શરીર ૪૪૯
કુરેશી, શ્વેબ ૧૭૪
કુલકર્ણી, ગોપાલરાવ ૫
કુવલયાનંદ ૯, ૪૬૫
કુસુમ ૪૨૨
કૃપાલાની જે. બી. ૧૨, ૫૬, ૭૩, ૮૫, ૧૦૧, ૧૨૮, ૨૦૫
કૃષ્ણદાસ ૫૬, ૧૦૧, ૨૦૫, ૩૩૪, ૪૪૧, ૪૪૩ પા. ટી.
કૃષ્ણપ્રસાદ (સર) ૩૭૦


Gandhi Heritage Portal

કૃષ્ણ, ભગવાન ૩૦૩; ૦અને રામ ૬૯૩
કૃષ્ણૈયા, યુ. રાજગોપાલ ૨૩૪
કેપટાઉન કરાર ૧૬
કેપી, માર્સેલ ૧૧૮–૯
કેમ્પબેલ, મેરી જે. ૩૦૪
કેલનબેક ૫૭
કેલપ્પન ૩૧
કેલી, ઍલિસ મૅકે ૩૭
કેવળરામ ૩૫૭
કોઠારી, મણિલાલ ૫, ૬૪, ૯૩, ૧૫૩, ૨૫૦
કોહુ, હેન્સ ૨૩૮
કોળીઓ ૦અને જનોઈ ૧૩૦, ૧૮૪, ૧૯૬, ૩૨૦
ક્યૂની –નું કબ્રિસ્તાન ૪૯, ૪૨૦
ક્યૂને ૩૦૨
ક્રેબ્સ, ફ્લૉરેન્સ કે. ૪૧૮
ક્વેકર ૪૪૨
ક્ષિતીશબાબુ ૪૬૬

ખંભાતા, નલ ૧૧૪, ૧૯૩, ૩૦૨
ખંભાતા, બહેરામજી ૧૧૪, ૧૯૩, ૧૯૪, ૩૦૨
ખાદી ૬, ૭, ૧૦, ૨૮, ૩૪, ૩૫, ૪૧, ૫૪, ૫૫, ૬૦–૧, ૮૦, ૮૨, ૯૨, ૧૦૫, ૧૨૯, ૧૪૧, ૧૪૬, ૧૪૮, ૧૫૨–૪, ૧૬૭, ૧૭૦–૧, ૧૮૫, ૧૮૮, ૧૯૦–૨, ૨૦૭, ૨૦૯–૧૦, ૨૨૨–૪, ૨૨૮–૯, ૨૩૮, ૨૪૨–૩, ૨૪૭, ૨૫૩, ૩૮૬, ૩૯૮, ૪૩૮; ૦અને અસ્પૃશ્યો ૨૮૨–૩; ૦અને મિલનાં વસ્ત્રો ૨૯૯, ૩૦૦; ૦અને મિલમાલિકો ૧૦૩–૪, ૧૩૧, ૧૬૭, ૧૮૮–૯, ૨૧૬–૮, ૨૨૮; ૦અને યુવાનો ૧૦૬; ૦અને વિદેશી વસ્ત્રોનો બહિષ્કાર ૨૦૭; ૦અને વિદ્યાર્થીઓ ૧૯૯, ૩૦૬, ૩૫૪; ૦અને સ્ત્રીઓ ૧૯૧; ૦ગુજરાતમાં ૭૬; –ના નાનામાં નાના તારની કાળજી ૪૦૯; –ની અધૂરી પ્રગતિ ૪૦૬; –નું ઉધાર વેચાણ ૩૬૮; –નું વિશાળ ક્ષેત્ર ૨૨૧; –નો ટૅકનિકલ શાળામાં અભ્યાસક્રમ ૩૯૯, ૪૦૦–૨; ૦પંજાબમાં ૧૮; ૦બંગાળમાં ૧૨૩; ૦માટે પ્રચાર ૧૭૦; –માં આમજનતાના ઉદ્ધારની શક્તિ ૩૦૦; ૦મીરતમાં ૭૩; ૦ વિષે રિચાર્ડ બી. ગ્રેગ ૨૬૩–૬; ૦હૈદ્રાબાદમાં ૩૨૨
ખાદીકાર્ય ૩૩૨
ખાદી વિદ્યાલય ૦અમદાવાદ ૨૨૧
ખાદી સેવક મંડળ ૨૧
ખાદીસેવા ૪૦૬; ૦અને સ્વૈચ્છિક શિસ્ત ૨૯૦
ખાદી હિલચાલ ૩૦૯, ૩૭૦
ખાન, હકીમ અજમલ જુઓ અજમલખાન
ખેડા સત્યાગ્રહ ૩૫–૬

ગણેસન, એસ. ૧૩૬, ૨૦૩, ૨૧૩, ૨૪૫, ૨૭૦, ૩૦૫, ૩૨૮, ૪૪૩
ગંગાપ્રસાદ ૩૪૬
ગંગાબહેન ૧૦૯, ૨૫૦, ૩૫૫, ૩૬૪, ૩૭૭
ગંગારામ ૧૮૪, ૧૯૬, ૩૨૦
ગામડાં વિરુદ્ધ શહેરો ૩૧૪, ૩૨૬
ગાયતોંડે, વાય. આર. ૧૯૬
ગાંધી, કસ્તૂરબા ૫૮, ૯૩, ૯૯, ૧૪૨ પા. ટી., ૪૦૭
ગાંધી, કાન્તિ ૩૨૭
ગાંધી, કુમી ૯૭
ગાંધી, કેશુ ૨૫૭, ૨૬૩
ગાંધી, ખુશાલચંદ ૨૫૫
ગાંધી, છગનલાલ ૧૩, ૩૯, ૧૭૧, ૨૫૩, ૨૫૫, ૩૬૪, ૪૦૨, ૪૦૩, ૪૨૧, ૪૪૧, ૪૫૫
ગાંધી, જમનાદાસ ૧૯૦, ૨૫૫, ૨૯૦
ગાંધી, જયસુખલાલ ૧૬, ૧૭૮, ૨૫૬, ૨૮૪
ગાંધી, દેવદાસ ૩૯, ૪૮, ૫૭, ૫૯, ૯૭, ૧૨૦, ૨૧૦, ૨૫૪, ૨૬૦, ૪૨૬, ૪૪૧
ગાંધી, નારણદાસ ૨૫૫, ૪૦૨
ગાંધી, નિર્મલા (નીમુ) ૫૭, ૨૦૯, ૨૧૦
ગાંધી, પ્રભુદાસ ૨૫૩, ૩૬૪, ૪૪૧
ગાંધી, મગનલાલ ૨૫૩–૫, ૨૫૭–૮, ૨૬૦, ૨૭૦–૧, ૨૭૪, ૨૮૪, ૨૮૯ પા. ટી., ૨૯૧, ૨૯૬–૭, ૩૦૫, ૩૦૯, ૩૧૬, ૩૨૧, ૩૨૮–૯, ૩૩૭, ૩૪૦, ૪૧૯, ૪૨૬, ૪૩૮, ૪૪૧, ૪૬૨; –ના વિશે મૃત્યુનોંધ ૨૬૧–૩; –નું સ્મારક ૩૨૧–૨૨; ૦સત્યાગ્રહ આશ્રમના પ્રાણ તરીકે ૨૭૯–૮૦
ગાંધી, મણિલાલ ૫૫, ૫૭, ૫૯, ૨૦૧, ૨૧૦, ૨૫૩, ૨૯૬, ૪૨૪
ગાંધી, મોહનદાસ કરમચંદ –ની પોતાના મૃત્યુ અંગે ધારણા ૪૫–૬; –ની બ્રહ્મદેશની સૂચિત મુલાકાત ૧૭૩; –ની યુરોપ યાત્રા રદ ૨૫૧; ૦યુરોપ યાત્રા અંગે ૧૧૪, ૧૪૧, ૧૪૭, ૧૬૧, ૧૭૭, ૧૮૯, ૧૯૨, ૧૯૭, ૨૦૦, ૨૦૧, ૨૦૭, ૨૨૪–૫, ૨૩૩, ૨૩૭, ૨૩૮, ૨૪૩, ૨૪૬–૭, ૨૪૯
ગાંધી, રાધા ૧૨૧, ૧૪૭, ૨૫૩–૫, ૨૫૭ પા. ટી., ૨૬૦, ૨૬૩, ૩૩૭, ૪૬૧
ગાંધી, રામદાસ ૩૯, ૪૮, ૫૭, ૫૯, ૨૦૯–૧૦, ૨૫૩, ૨૫૬
ગાંધી, રામી ૯૭, ૧૪૭, ૧૭૮

Gandhi Heritage Portal

ગાંધી, રુખી ૧૨૧
ગાંધી, સંતોક ૨૫૭
ગાંધી, સુશીલા ૫૭, ૨૦૯, ૨૧૦, ૨૫૩, ૨૯૬, ૪૨૪
ગાંધી–સ્મટ્સ કરાર ૨૩૫, ૨૬૯; ૦અને શિક્ષિત હિંદીઓ ૩૬૯–૭૦
ગાંધી, હરિલાલ ૫૮
ગિદવાણી, અ. ટે. ૭૯, ૮૫, ૧૦૯, ૩૫૫
ગિરધર ૧૬૨
ગિરધારી ૩૫૫
ગિરધારીલાલ ૨૫, ૨૪૭
ગિરિ, દલબહાદુર ૪૬૨
ગિરિપ્રવચન ૪૦
ગિરિરાજ ૧૬૧
ગુપ્તા, બાબુ શિવપ્રસાદ ૨૦૬
ગુરુ અને ઈશ્વર ૩૮૪; –ની ભક્તિ અને ચારિત્ર્ય ઘડતર ૩૫૯–૬૦
ગુરુકુળ કાંગડી ૪૪૬
ગુરુ ગોવિન્દ ૪૧૫
ગુજરાત વિદ્યાપીઠ ૦અને ગ્રામ કેળવણી ૩૧૪; ૦અને ગ્રામસેવા ૪૪૭–૮; –નાં ધ્યેયો ૩૯૮–૯; –ની પુનર્રચના ૪–૮; –માં અભ્યાસક્રમ ૩૯૦–૯૨
ગેટ, સર. એડવર્ડ ૪૩૬
ગેબ્રિયલ, બ્રાયન ૫૭
ગોએન્કા, જયદયાલ ૨૯૪
ગોકુલભાઈ ૪૧૦
ગોખલે, બબન ૧૧૦ પા. ટી.
ગોડમુન્ને, આલ્બર્ટ ૨૧૧
ગ્રામનવરચના ૦અને કાંતણ ૧૦૫
ગ્રામસેવા ૦અને રાષ્ટ્રીય શિક્ષણનો અભ્યાસક્રમ ૩૪૧–૨; –નું કામ શહેરીઓએ ગામડાંના શોષણની ક્ષતિપૂર્તિરૂપે પ્રાયશ્ચિત્ત તરીકે કરવું જોઈએ ૪૪૮
ગ્રેગ, રિચાર્ડ બી. ૨૩, ૧૩૬, ૨૪૫, ૨૫૨, ૨૭૧, ૨૯૩, ૩૦૫, ૩૧૦, ૩૯૫, ૪૦૭, ૪૬૦; ૦ચરખા અને ખાદી વિશે ૨૧૪–૬

ઘોષ, પ્રફુલ્લચંદ્ર ૪૧

ચટ્ટોપાધ્યાય, હરીન્દ્રનાથ ૮૧
ચતુર્વેદી, બનારસીદાસ ૨૭૨
ચમૂપતિ, પંડિત ૩૨૦
ચરખાશાસ્ત્ર ૩૯૯–૪૦૦
ચરખાસંઘ જુઓ અખિલ હિંદ ચરખાસંઘ
ચરખો ૪૭, ૭૩, ૯૩, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૪, ૧૭૮, ૧૯૮, ૨૧૦, ૨૧૭, ૨૨૫, ૨૬૮, ૨૭૬, ૩૨૧–૨, ૩૪૧, ૩૪૫, ૪૦૦, ૪૨૩; ૦અને મિલમાલિકો ૨૧૯–૨૦; ૦અને હાથવણાટ ૪૫; ૦વિદેશી વસ્ત્રોના બહિષ્કારમાં સમર્થ ૧૫૨; ૦વિશે રિચાર્ડ બી. ગ્રેગ ૨૧૪–૬
ચંદુલાલ, ડૉ. ૩૧૮
ચારિત્ર્ય ઘડતર અને ગુરુભક્તિ ૩૫૯–૬૦
ચાંદીવાલા, બ્રજકૃષ્ણ ૨૯૭
ચૅટરજી, રામાનંદ ૪૧૬
ચૅમ્સફર્ડ, લૉર્ડ ૪૩૬
ચૅરિંગ્ટન એન. એમ. ૪૪૪

છોટેલાલ ૨૯૮

જનકધારીપ્રસાદ ૩૩૬, ૩૮૭
જયકર, એમ. આર. ૧૧૦, ૪૩૪
જયદેવજી ૪૪૬
જયરામદાસ દોલતરામ ૨૮૪, ૩૫૨
જરથુષ્ટ્ર ૩૦૩
જર્મની –ની જકાત દીવાલો ૧૨૫
જલિયાંવાલા બાગ ૧૫૦, ૧૬૯
જસવાણી, તારાબહેન ૨૮૪, ૪૬૪
જસવાણી, દિવાળી ૨૮૪, ૪૬૪
જાજૂજી ૩૭૭
જાતમહેનત ૪૧૨, ૪૫૩
જામિયા મિલિયા ઇસ્લામિયા ૧૭, ૧૦૨, ૧૧૯, ૧૨૧, ૨૦૧, ૨૧૦, ૨૨૮
જામિયા સંસ્થાપક સમિતિ ૧૨૦ પા. ટી.
જીવણલાલ ૧૭૫
જુગલકિશોર, આચાર્ય ૭૯, ૮૫, ૨૭૩
જેકી જુઓ ડૉક્ટર જયકુંવર
જેઠાલાલ ૧૬૦
જેરાજાણી, વિઠ્ઠલદાસ ૭૬, ૧૫૨, ૧૭૦, ૨૨૮, ૨૪૭
જૈન, પદ્મરાજ ૬૭
જૈની, રામજીદાસ ૧૭૬
જૉન ઑફ આર્ક ૨૬
જોશી, છગનલાલ ૨૭૭–૮, ૪૦૨, ૪૨૩
જોશી, વી. એમ. ૧૯૧
જોસેફ ૨૦૨, ૨૦૩
જોસેફ, શ્રીમતી ૨૦૩
જ્યોતિષ ૦સંશયાત્મક મૂલ્યોનું વિજ્ઞાન ૪૫

ઝવેરી, કૃષ્ણલાલ ૩૦૬
ઝવેરી, રેવાશંકર ૧૦, ૩૬, ૫૧, ૬૮, ૬૯, ૮૧, ૯૧, ૩૦૬, ૪૦

Gandhi Heritage Portal

ઝીણા, એમ. એ. ૬૬ પા. ટી.
ઝોહરા ૨૦૧

ટકર, બી. ડબ્લ્યુ ૪૮, ૧૦૦
ટકર, હેન્રી સેંટ જ્યૉર્જ ૨૪૦
ટાગોર, રવીન્દ્રનાથ ૧૭૬, ૨૧૩, ૨૫૨, ૨૭૦, ૩૩૯, ૩૪૪, ૩૭૬; –ના દક્ષિણ આફ્રિકાના હિંદીઓનો આફ્રિકનોથી છૂટા રહેવાના આંદોલન પરના વિચારો ૧૮૯
ટિળક સ્વરાજ ફંડ ૧૬૪–૫
ટૉલ્સ્ટૉય ૩૨, ૭૨, ૨૪૪
ટૉલ્સ્ટૉય ગ્રંથ ૩૨, ૭૨
ટૉલ્સ્ટૉય શતાબ્દી ૨૪૫ પા. ટી.
ટૉલ્સ્ટૉય સોસાયટી ૭૨
ટ્રસ્ટીશિપ ૨૮૮

ઠક્કર, અમૃતલાલ વિ. ૨, ૧૧૬, ૧૬૦, ૧૭૯, ૪૩૭, ૪૫૫
ઠક્કર, એસ. વી. ૧૦૫
ડાકરસી પ્રેમલીલાબહેન ૯૧, ૩૯૨, ૪૪૬

તકલી ૮૫, ૧૩૪
તકલી શિક્ષક ૧૨૭, ૪૦૦
તપની ઉજવણી ૩૧૨
તારાનાથ ૩૫૮
તારિણી ૯૨, ૩૭૮
તુલસીદાસ ૯૭
તુલસીદાસ (કવિ) ૧૦૨, ૧૬૨, ૧૬૪
તૈયબઅલી ૩૭૮
તૈયબજી, અબ્બાસ ૬૪, ૨૮૯, ૩૧૭
તૈયબજી, રૈહાનાબહેન ૧૧૫, ૨૦૦
તૈયબજી, સૌહેલા ૨૦૦
ત્રિભુવનદાસ, ડૉ. ૩૧૮

થુરાઇરત્નમ્, આઈ. પી. ૧૯૯
થૉરો ૧૦૩

દક્ષિણ આફ્રિકન હિંદી કૉંગ્રેસ ૧૬, ૨૧૯, ૨૩૫ પા. ટી., ૩૪૮
દક્ષિણ આફ્રિકા –માં છૂટ મેળવેલા હિંદી પ્રવાસીઓ ૩૬૯–૭૦; –માં શાસ્ત્રીનું કાર્ય ૫૫, ૫૯; –માં હિંદીઓની સમસ્યા ૧૬, ૧૮૯
દવાઓ લેવાનું ટાળવું જોઈએ ૧૧, ૧૯૨
દારૂનિષેધ ૭૬; –ની સરકારી નીતિનો અમલ ૩૦૪

ધર્મ અને રાષ્ટ્રીય શિક્ષણ ૩૨૬; જીવનની નાની નાની બાબતોમાં પણ પાળવો જોઈએ ૪૪૨; –ના નામે લૂંટ અને વ્યભિચાર ૨૯૪–૫; –નું પૂર્ણ અને અપૂર્ણ રૂપ ૧૩૩
ધર્મરાજ જુઓ યુધિષ્ઠિર
ધાર્મિક જ્ઞાન અને શિક્ષણ ૩૮૦

નટરાજન્, કે. ૪૫૬
નટેસન ૧૭૬, ૪૯૯
નય્યર, પ્યારેલાલ ૧૧૧, ૨૦૮, ૨૯૮, ૪૨૫
નવજીવન ૬૧, ૩૫, ૪૭, ૧૩૫, ૧૯૭, ૨૯૪, ૩૯૮, ૩૯૧, ૪૨૭; –ના ટ્રસ્ટીઓ ૪૨૧
નાડકર્ણી, એસ. ડી. ૩૦ પા. ટી., ૮૫
નાયડુ, ડૉ. એમ. ઈ. ૧૩૯
નાયડુ, પદ્મજા ૨૩૩
નાયડુ, સરોજિનીદેવી ૨૩૩
નાયર, કે. માધવન ૨૩૫
નારાયણ ૨૦૫
નારાયણની સ્મૃતિ દુઃખ મટાડનાર –શોક દૂર કરનાર ૭૪; જુઓ ઈશ્વર, રામ વગેરે
નિખિલ ૪૯, ૭૪, ૯૨, ૨૪૮, ૨૮૧, ૩૧૧, ૩૫૦, ૩૭૫, ૩૭૮, ૩૮૯, ૪૧૯
નિયામક આદર્શો તથા સિદ્ધાંતોનું ચુસ્તપણે પાલન કરે ૬, ૭
નિરંજન સિંહ ૩૦૮
નિષ્ક્રિય પ્રતિકાર શબ્દ અયોગ્ય ૪૮–૯
નિષ્કુળાનંદ ૩૮૫
નીલ, હેન્રી ૪૦
નીલકંઠબાબુ ૪૩૭, ૪૫૫
નુડસન, એલિઝાબેથ ૫૮, ૨૫૦
નેપોલિયન ૮૬
નેહરુ, કમલા ૫૬, ૧૧૮, ૧૭૩, ૪૨૦, ૪૨૬
નેહરુ, જવાહરલાલ ૨૦, ૫૬, ૬૬, ૭૪–૫, ૮૧, ૧૧૮–૧૯, ૧૨૮, ૧૭૩, ૧૯૨, ૨૦૬, ૨૩૬, ૨૪૩, ૨૫૮, ૨૯૭ પા. ટી., ૩૦૮, ૪૨૦, ૪૨૬
નેહરુ, મોતીલાલ ૨૦, ૬૬, ૭૪, ૧૪૧, ૨૧૯, ૨૨૭–૮, ૨૪૨, ૨૯૭, ૩૦૮, ૪૨૦, ૪૨૬, ૪૪૫
ન્યૂ ઇન્ડિયા –ને સંદેશો ૧૮૧
ન્યૂયૉર્ક ટાઇમ્સ ૧૬
ન્યૂસ શીટ ૨૦૨

પટેલ, ગોવર્ધનભાઈ આઈ. ૪૫૮
પટેલ, મણિબહેન વલ્લભભાઈ ૫, ૨૩૨, ૩૨૭, ૩૪૭, ૩૬૪

Gandhi Heritage Portal

પટેલ, વલ્લભભાઈ ૫, ૮ પા. ટી., ૨૨–૩, ૩૦, ૩૫–૬, ૪૭, ૭૭–૮, ૮૭–૯, ૯૭, ૧૪૨ પા. ટી., ૧૪૩, ૧૬૯, ૨૬૨, ૨૭૯, ૨૮૯, ૨૯૬, ૩૦૭, ૩૧૩, ૩૧૭, ૩૧૯, ૩૨૭, ૩૩૯, ૩૪૭ પા. ટી., ૩૫૨, ૩૫૫, ૩૫૭, ૩૬૦, ૩૬૨–૩, ૩૬૬, ૩૭૩, ૩૮૧, ૩૯૧, ૪૧૯, ૪૨૧–૩, ૪૩૦, ૪૩૧, ૪૩૫, ૪૫૬–૭

પટેલ, વિઠ્ઠલભાઈ ૩૫૭–૮, ૩૬૩, ૩૬૭, ૩૭૩, ૪૨૩, ૪૫૭

પટ્ટણી, પ્રભાશંકર ૪૨૩

પડદા પ્રથા ૦બિહારમાં ૪૬૧–૨

પરમાર, બહેચર ૩૬૪, ૪૪૭

પરિષદ જુઓ કાઠિયાવાડ રાજકીય પરિષદ

પરીખ, નરહરિ ૫, ૨૩, ૧૬૦, ૩૩૯, ૪૦૨

પરેરા, એચ. એમ. ૧૩૮

પશ્ચિમ ૦અને શોષણ ૩

પંડિત, પ્રતાપ એસ. ૧૪૦

પંડિત, વસુમતી ૩૫૧, ૩૬૧, ૩૬૪, ૩૭૭, ૪૦૮, ૪૨૨, ૪૪૬

પંડિત, સુખલાલજી ૫

પાઠ્યપુસ્તકો ૦અને પ્રાથમિક શિક્ષણ ૧૬૫, ૩૧૪–૫, ૩૪૨, ૩૭૯, ૩૮૦

પારનેરકર ૫૧

પારસીઓ ૪૬, ૧૭૦

પારેખ, કુંવરજી ખેતશી ૨૫૬, ૨૮૦

પારેખ, દેવચંદ ૬૭, ૨૨૦, ૨૨૯, ૨૪૪, ૩૦૬, ૩૧૨

પારેખ, મૂલચંદ ૯૯

પાર્વતી ૪૬૫

પાંડિયન, બી. રાજારામ ૬૫

પિગોટ, એમ. ૧૪૦

પિચમુથુ, ડૉ. એરુલમણિ ૧૪૯

પિટર્સન, એની મેરી ૩૦૫

પિટીટ, જે. બી. ૨૭૨

પિલ્લાઈ, પી. ટી. ૨૯૨

પુણતાંબેકર, એસ. વી. ૧૩ પા. ટી.

પુરુષોત્તમદાસ ઠાકુરદાસ ૨, ૧૧૦, ૧૬૦, ૨૧૯, ૨૨૭

પૂજારી ૧૩૮, ૩૨૨

પૂવિયા, રોહિણીબહેન ૩૭

પૂંજાભાઈ ૧૨૮, ૨૯૩

પેનિંગ્ટન, જે. બી. ૧૯૭, ૩૭૪

પેરી, સૅમ્યુઅલ આર. ૩૪૦

પોદ્દાર, રામેશ્વરદાસ ૯, ૩૮, ૩૭૭

પૉલ, એ. એ. ૨૦, ૧૩૯, ૨૦૨, ૨૦૩

પોલાક, એચ. એસ. એલ. ૫૯, ૩૩૭, ૪૩૮

પ્રકાશમ્ ૨૫૨, ૩૩૨

પ્રજાબંધુ ૧૮૧ પા. ટી.

પ્રતાપ ૬૨

પ્રતિજ્ઞા –ના પાલન અંગે ૩૫, ૩૬

પ્રથમ વિશ્વયુદ્ધ ૧૬, ૨૬, ૧૦૦, ૩૧૩; –માં ગાંધીજીનો ત્યાગ ૮૩, ૮૪, ૧૦૯, ૧૧૦

પ્રભાવતી ૩૭૭

પ્રાર્થના ૧, ૪૧; ૦મન વચન અને કાયાથી ૨૯૫; ૦સામૂહિક ૩૦૨–૩, ૪૪૨

પ્રિવી કાઉન્સિલ ૧૪૦

ફડકે, મામા ૫

ફેરિયર, રેવ. જૉન ટૉડ ૪૪૦

ફૉર્ડ ૨૪૧

ફ્રાન્સિસ, ઈ. બી. ૧૮

બજાજ, જમનાલાલ ૧૦, ૧૭, ૭૬, ૧૦૩, ૧૧૨, ૧૧૯, ૧૨૧, ૧૫૩, ૨૦૭, ૨૨૭, ૨૬૦, ૨૬૧, ૨૭૪, ૩૧૧, ૩૨૨, ૩૨૭, ૩૫૪, ૩૭૭, ૪૦૩, ૪૨૧, ૪૨૩, ૪૨૭

બરમા (બ્રહ્મદેશ) –ની ગાંધીજીની સૂચિત મુલાકાત ૧૭૨

બરમીઝ ટેક્સ્ટાઈલ ૩૦૧

બર્ક ૮૬

બર્કનહેડ, લૉર્ડ ૫૬

બસુ, કૅપ્ટન ૯૫

બહિષ્કાર ૪૯, ૧૪૧, ૧૫૩, ૧૭૧; ૦અને ખાદી ૨૦૬, ૨૦૭; ૦અને મિલમાલિકો ૧૦૪, ૧૨૧, ૧૩૫–૨, ૧૫૧–૨, ૧૬૭, ૧૭૩, ૧૭૭, ૧૮૭–૯, ૨૧૬–૯, ૨૪૩, ૨૭૪; ૦અને વિદ્યાર્થીઓ ૬૫, ૧૫૩; ૦અને સુભાષચંદ્ર બોઝ ૧૬૩; ૦અંગે ભ્રમણા ૧૭૦; ૦બંગાળમાં ૯૨; ૦બ્રિટિશ માલનો ૬૦, ૧૨૪, ૧૫૧; ૦ભારતીય મિલકાપડનો ૨૪૨–૩; ૦વિદેશી કાપડનો ૯, ૧૫, ૧૯, ૨૮, ૪૬, ૭૫, ૧૪૮, ૧૭૦, ૧૮૭, ૨૦૬–૦૭, ૨૨૮, ૨૯૯–૩૦૧; ૦સાઇમન કમિશનનો ૮, ૧૫; ૦હિંસક અને અહિંસક ૧૧૩

બંધારણીય પંચ જુઓ સાઇમન કમિશન

બાધાત રાજ્ય –માં કોળીઓને જનોઈ પહેરવાનો અધિકાર ૧૨૯–૩૦, ૧૮૪, ૧૮૬, ૩૨૦

બાજપાઈ રામલાલ બાલારામ ૪૪૦

બાબુ ૧૦


Gandhi Heritage Portal

બારડોલાઈ, એન. સી. ૪૧૮
બારડોલાઈ, કે. ૩૬૨, ૩૮૩
બારડોલી સત્યાગ્રહ ૨૩ પા. ટી., ૭૭–૯, ૮૭–૯, ૧૧૩, ૩૧૩, ૩૫૮; ૦અને પટેલ-તલાટીઓનાં રાજીનામાં ૪૦૫; ૦અને મહેસૂલ અંગે ખુલ્લી અને સ્વતંત્ર તપાસની માગ ૪૩૩–૬; ૦અને સ્વાતંત્ર્ય સંગ્રામ ૩૫–૩૬; –ની વિરુદ્ધ ડાયરશાહી ૧૬૯; –ની વિરુદ્ધ ડાયરશાહી અને સરકારી દમનનીતિ ૧૫૦; –ની વિરુદ્ધ સરકારની ચાર નીતિ ૩૮૧–૩; ૦પર સરકારી આરોપોનો જવાબ ૩૧૭–૯; –માં તપાસ પંચ નીમવાનો ગવર્નરનો ઇન્કાર ૪૧૩–૪; –માં પઠાણોનું વર્તન ૪૨૯–૩૩
બાલકૃષ્ણ ૩૬૪
બાલસુબ્રહ્મણ્યમ્, કે. ૬૦
બાવાઝીર અબદુલ કાદર ૫, ૩૧૭, ૪૦૨, ૪૦૩, ૪૨૬
બિરલા, ઘનશ્યામદાસ ૧૧, ૧૪, ૧૬૧, ૨૨૮, ૨૫૭, ૨૭૪, ૩૧૧, ૩૫૦, ૩૬૫, ૪૨૪
બિરલા, જુગલકિશોર ૪૨૪
બિરલા, રામેશ્વર ૩૭૩
બિંગ, હેરલ્ડ એફ. ૨૨
બુદ્ધ ૧૫૬, ૩૦૩
બુદ્ધિ ૦અને શાસ્ત્રો ૮૫
બૅનરજી, કેદારનાથ ૩૭૯
બૅનરજી, સુરેશચંદ્ર ૧૧૭
બેન્જામિન ૪૩૨
બૅન્ટિક, લૉર્ડ વિલિયમ ૧૫૪
બેલી, રેવ. એ. એ. ૩૮ પા. ટી.
બેલી, નોરા એસ. ૩૮
બેસંટ, ડૉ. ઍની. ૨૩૩, ૨૮૬ પા. ટી.
બૅંકર, શંકરલાલ ૫, ૧૧૮, ૧૪૨, ૧૫૩, ૨૦૬, ૨૮૮, ૩૨૨, ૪૧૮, ૪૨૧, ૪૨૭, ૪૬૦
બોઅર વિગ્રહ ૧૬
બોઝ (જલોપચાર નિષ્ણાત) ૪૯
બોઝ, સર જગદીશચંદ્ર ૨૨૨
બોઝ, સત્યાનંદ ૩૪૪
બોઝ, સુભાષચંદ્ર ૧૬૬
બૉમ્બે ક્રૉનિકલ ૩૬૨ પા. ટી.
બોલ્ટ્સ વિલિયમ –નો વણકરોના અંગૂઠા કાપવા અંગેનો પુરાવો ૨૩૮–૪૧
બૌદ્ધિક અને વ્યાવસાયિક શિક્ષણ ૪૧૫–૬
બ્યેરમ, મિસિસ. ઈ. ૩૦૨
બ્રજકિશોરપ્રસાદ ૨૬૧, ૪૬૨
બ્રજકૃષ્ણ ૧૦૯
બ્રહ્મ ૮૬, ૩૮૪
બ્રહ્મચર્ય ૧૬૩, ૧૮૨, ૨૫૬, ૨૬૧, ૩૩૮, ૩૫૯, ૩૮૫, ૩૯૪, ૪૦૨, ૪૧૨, ૪૪૮, ૪૪૯, ૪૫૩; ૦અને અસ્વાદ ૩૯૫; ૦અને જીવનસાથી ૨૯૫; ૦આધ્યાત્મિક તાકાતના સ્રોત તરીકે ૪૪૯; –ના પ્રકારો ૧૮૨
બ્રાઉન, એફ. એચ. ૩૩૫
બ્રાઉન, મિસિસ જોસેફ એ. ૧૨૭
બ્રાઉન, મિ. રનહૅમ ૨૦
બ્રિટિશ અમલ –થી થયેલું નુકસાન ૧૨૨–૪; –ના કરતાં અરાજકતા સારી ૬૯, ૭૨; –ની 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ ૩૧૯; –માં સ્થિતિ ૪૦, ૪૩–૪૪
બ્રૉકવે, આર. નોરા ૮૧
બ્રૉકવે, એ. ફેનર ૨૦, ૨૧, ૮૧
બ્રૉકવે, શ્રીમતી લીલા ૨૦, ૨૧
બ્લેયર, મિસિસ ૨૨૪

ભક્તિબા ૩૧૮
ભગવદ્ગીતા ૪૮, ૫૦, ૧૦૨ પા. ટી., ૧૦૬ પા. ટી. ૧૦૭, ૧૮૨ પા. ટી., ૨૧૦, ૨૪૮ પા. ટી. ૨૮૪; ૦આધ્યાત્મિક શબ્દકોશ તરીકે ૧૯૪; –નો સંદેશ ૭૪
ભગવાનજી ૩૦૬, ૩૧૨
ભટ્ટ, ગોકુળભાઈ ૫
ભટ્ટ, નૃસિંહપ્રસાદ ૫
ભટ્ટ, મોહનલાલ મગનલાલ ૪૨૧
ભરતગૂંથણ ૨૭૪
ભવભૂતિ ૧૬૨
ભારત સેવક સમાજ ૨ પા. ટી.
ભાર્ગવ, ગૌરીશંકર ૪૮
ભાવે, વિનોબા જુઓ વિનોબા
ભાસ્કરન્, વી. એસ. ૮૦, ૧૧૧
ભાસ્કરે કુમારી, વાય. ૫૦
ભીષ્મ ૭૮, ૩૮૨; –નું બ્રહ્મચર્ય ૪૪૯
ભોજરાજ, ખુશીરામ ૩૪૬
ભોજાભગત ૪૧૫
ભોંસલે, એન. ડી. ૧૧૦

મજમુદાર, પરીક્ષિતલાલ ૫, ૧૬૦
મઝુમદાર ૫૦
મથુરાદાસ, ત્રિકમજી ૧૧૧, ૧૧૨, ૧૭૮, ૨૮૪, ૩૫૬
મથુરાપ્રસાદ ૨૫૩

Gandhi Heritage Portal

મદ્યનિષેધી વિશ્વમહિલા સંમેલન ૩૦૪
મધર ઇન્ડિયા ૨, ૩૭, ૩૨૩
મનરો, ટૉમસ ૨૪૦
મનસુખલાલ ૨૨૦, ૨૨૯, ૩૦૬
મનુસ્મૃતિ ૨૯૨
મન્નાડી, નાયર એ. એસ. ૯૫
મરીચિ ૨૫૨
મલકાની, એન. આર. ૨, ૧૨, ૩૦ ૧૧૩, ૧૧૬, ૧૬૦, ૧૭૮, ૧૯૯, ૨૮૪, ૩૮૬
મલકાની, શ્રીમતી એન. આર. ૧૭૯
મશરૂવાળા, કિશોરલાલ ૫, ૨૧૦, ૩૩૭
મહંમદ, પેગંબર ૧૫૭, ૩૦૩
મહાભારત ૪૪, ૨૮૭, ૩૪૧, ૩૯૧, ૪૪૯; ૦એ ઇતિહાસ નથી.
મહેતા, કલ્યાણજી ૨૭૬
મહેતા, છગનલાલ ૧૦
મહેતા, ડૉ. પ્રાણજીવન ૧૦ પા. ટી., ૬૩, ૬૮ પા. ટી.
મહેતા, બાલુભાઈ ૧૦૫
મહેતા, રાયચંદ રાવજીભાઈ ૨૯૩
મહેતા, ડૉ. સુમંત ૩૧૭–૮
મહેન્દ્ર પ્રતાપ, રાજા ૮૫
મહેર, તુલસી ૫૮, ૨૫૭
મહેશ્વર ૩૮૪
મંગળદાસ, શેઠ ૨૦૬, ૪૫૮
મંઝિયરલી, ટી. દ. ૧૨૭, ૩૭૫
માધવન્, ટી. કે. ૧૪૫
માધવ સ્મૃત્તિ ૮૯
માનવ શક્તિ –નો ભારતમાં અખૂટ ખજાનો ૧૦૪
માલવિયા, મદનમોહન ૧૧, ૬૭, ૪૨૬
મિત્ર, સચીન્દ્રનાથ ૩૦૬, ૩૫૪
મિલનાં વસ્ત્રો –ને કૉંગ્રેસ અધિવેશનમાં બાકાત રાખવાં જોઈએ ૩૩૧, ૪૧૯–૨૦; –નો બહિષ્કાર ૨૪૨–૩
મિલમાલિકો ૦અને નકલી ખાદીનું ઉત્પાદન ૧૮૯, ૩૦૧; ૦અને બહિષ્કાર જુઓ બહિષ્કાર અને ખાદી ૧૦૩, ૧૦૪, ૧૩૧, ૧૬૭, ૧૮૬–૯, ૩૦૦, ૩૦૧
મિશનરીઓ ૦અને અસ્પૃશ્યો ૧૮૩; ૦અને ગુલાબનું દૃષ્ટાંત ૧૩૩
મિશ્રા, રામનંદન ૪૬૨
મિશ્રા, શ્રીમતી રામનંદન ૪૬૨
મીરાંબહેન ૧૦, ૨૫, ૨૭, ૩૩, ૪૧ પા. ટી., ૨૬૭, ૨૯૬, ૨૯૮, ૩૦૭, ૩૨૭, ૩૪૭
મીરાંબાઈ ૧૦૨
મુક્તિ જુઓ સ્વરાજ
મુખરજી, સર આશુતોષ ૨૮૬ પા. ટી.
મુખરજી, ધનગોપાલ ૩૭
મુથુ, ડૉ. સી. ૯, ૨૯, ૩૬, ૫૧, ૬૩, ૬૮, ૧૯૨, ૪૬૫
મુથુકૃષ્ણા ૪૫૫
મુથુકૃષ્ણા, લીલી ૪૫૫
મુન્શી ૪૧૩, ૪૨૯, ૪૩૦, ૪૩૪, ૪૩૬, ૪૫૧, ૪૫૨
મુસ્લિમ ૩૦, ૩૪, ૩૫, ૪૧ પા. ટી., ૪૩, ૪૬, ૭૫, ૧૩૯, ૧૫૧, ૧૫૨, ૧૭૦, ૩૧૯
મુસ્લિમ લીગ ૬૬ પા. ટી.
મૂર, આર્થર ૩૮૭
મૂરાતોરી, એસ. ૩૯૩
મૂલચંદભાઈ ૨૨૯
મૅકડોનલ્ડ, મિ. રામસે ૧૫૦
મૅકમિલન કંપની ૨૪૮, ૩૩૫
મૅકોલે ૧૫૪; ૦અને અંગ્રેજી શિક્ષણ
મેઘનાદ ૧૮૨
મૅટોફ, પિટ ૨૪૫
મેઠ ૬૨
મૅથ્યુ, પી. કે. ૧૩૪
મેનન ૩૩, ૪૪૪
મેનન, એસ્થર ૩૩, ૪૪૪
મેયો, મિસ ૧૯૭, ૩૭૬, ૪૪૦; –ની મધર ઇન્ડિયા પુસ્તક અંગે વધુ ચર્ચા ૨–૪; –ને ઍન્ડ્રૂઝનો જવાબ ૩૨૩
મેસેજ ઑફ ઇકોનૉમ્સ ૨૪૫ પા. ટી.
મેળ જાતિઓ અને રાષ્ટ્રો વચ્ચે ૧૧૮
મોક્ષ ૦અને અહિંસા ૧૦૭
મોડ, એલ્મર ૩૨, ૭૨
મોદી, રમણીકલાલ મગનલાલ ૪૦૨
મૉન્ટેક ૮૯
મૉન્સ, મોં. એલ. લી. ૪૧
મોરારજી, શાન્તિકુમાર ૧૫૯, ૧૬૭
મોર્સેલો, ચાર્લી યુ. ૧૯૮
મોહનલાલ ૪૨૭

યહૂદીઓ ૪૬
યંગ ઇન્ડિયા ૨, ૧૧–૧૩, ૨૭, ૩૨–૩, ૩૮–૯, ૪૭, ૪૯, ૬૩, ૬૭, ૧૦૩, ૧૩૪, ૧૩૮, ૧૪૯, ૧૫૭, ૧૬૭, ૧૭૭, ૧૮૪, ૧૯૨, ૧૯૭, ૨૦૩, ૨૧૩, ૨૨૮, ૨૩૭, ૨૪૫, ૨૫૯, ૨૬૧, ૨૬૪, ૨૭૫, ૨૮૪, ૨૯૪, ૩૦૫, ૩૦૭, ૩૨૩, ૩૨૪, ૩૬૧, ૩૭૯, ૪૧૦, ૪૨૧, ૪૨૫, ૪૨૭, ૪૨૯, ૪૩૨, ૪૩૭

Gandhi Heritage Portal

યંત્રો ૦અને બેરોજગારી ૪૩૯
યુધિષ્ઠિર ૭૮, ૩૮૨
યુદ્ધ ૦અને ખ્રિસ્તી ધર્મ ૩૦; –માં ભાગ ૮૩–૪, ૧૦૬–૭
યુનિટી ૨૪૪ પા. ટી., ૨૪૮
યુવકો ૦અને સેવાકાર્ય ૧૨૬
યોગવાસિષ્ઠ ૮૬

રટર, મિસિસ રશેલ એમ. ૩૭૬
રણછોડલાલ અમૃતલાલ ૨૪૯
રતિ ૧૭૬
રમઝાન ૧૫૭
રમણભાઈ નીલકંઠ –ની ગુજરાતની સેવા ૮૭, ૯૭–૮
રવિશંકર, મહારાજ ૨૮૩, ૩૧૪
રશિયન ક્રાન્તિ ૭૨
રહેમત ૪૩૨
રાજકારણ ૦અને સમાજસેવા ૯૭–૮
રાજકિશોરી ૨૫૩–૪
રાજગોપાલાચારી, ચક્રવર્તી ૩૧, ૬૯ પા. ટી., ૮૦, ૧૧૧, ૧૧૫, ૧૩૮ પા. ટી., ૧૩૯, ૧૪૪, ૧૫૩, ૨૧૨, ૨૬૦, ૩૪૪, ૩૪૯, ૪૦૯, ૪૨૧, ૪૪૦, ૪૪૩
રાજચંદ્ર જુઓ મહેતા, રાયચંદ રાવજીભાઈ
રાજેન્દ્રપ્રસાદ ૮૯, ૨૩૪, ૪૨૫
રાજ્ય ૦વડે ઉદ્યોગ પર અંકુશ ૧૨૫
રાધાકૃષ્ણન્, એસ. ૧૯૭
રામ (ભગવાન) ૧૦૨, ૧૬૨–૪, ૧૮૧–૩, ૨૯૪–૫, ૩૮૩; ૦ઈશ્વરના સ્વરૂપ તરીકે ૧૬૨–૪; –નું નિવાસસ્થાન શરીર ૪૪૯
રામચંદ્રન્ ૫૨, ૧૪૮, ૪૦૯
રામચંદ્રન્ જી. ૧૯૮
રામદેવ ૪૦૭
રામનંદન ૨૫૩
રામનાથ ૪૫૮
રામનાથન્, એસ. ૮૦, ૨૨૬–૭, ૨૮૫, ૨૮૬ પા. ટી., ૩૩૩, ૪૦૯, ૪૨૨
રામનામ ૩૮, ૭૪, ૧૦૨, ૨૫૪, ૨૯૪; ૦અને દલિતોની સેવા ૨૯૫; –નું મહત્ત્વ ૧૬૨–૩
રામવિનોદ ૩૩૪
રામાયણ ૭૪, ૧૬૨, ૧૬૫, ૩૪૧, ૪૪૯
રામેશ્વરદાસ ૧૭
રાય, ડૉ. ૪૯, ૭૩, ૨ ૩૮૯
રાવ, એન. રામ ૧૩૮
રાવ, કર્નાડ સદાશિવ ૨૧૨, ૨૫૮, ૩૪૫
રાવ, ટી. નાગેશ ૨૨૫
રાવ, ટી. બી. કેશવ ૩૦૭
રાવ, બી. શિવા ૧૮૦
રાવ, સી. બાલાજી ૪૫, ૨૧૯, ૩૦૧
રાવ, સી. રંગનાથ ૩૪૫
રાવણ ૧૬૨, ૧૬૯, ૪૪૯
રાષ્ટ્રીય કેળવણી ૦સત્યાગ્રહ આશ્રમમાં ૩૯૮–૯
રાષ્ટ્રીય શિક્ષણ મંડળ ૩૫૪
રાષ્ટ્રીય સપ્તાહ મંડળ ૧૭૦–૧, ૧૭૨ પા. ટી. ૧૭૮, ૨૨૪, ૨૩૨
રાષ્ટ્રીય સંસ્થાઓ ૦સ્વૈચ્છિક શિસ્ત ૨૯૦–૧
રિચ, એલ. ડબ્લ્યુ. ૫૮, ૬૨
રિચ, મિસિસ એલ. ડબ્લ્યુ. ૫૮
રૂપનારાયણ ૩૭૦
રેત, મહેરસિંહ ૩૩૪
રેનૉલ્ડ નેબુકર ૩૪ પા. ટી.
રેવાશંકર અનુપચંદ ૨૨૦
રોનો, ફ્રાન્ઝ ૧૨૬
રોમાં રોલાં ૨૫, ૨૬ પા. ટી., ૧૧૫, ૧૩૯, ૧૪૧ પા. ટી., ૧૪૮, ૧૬૧, ૧૭૩, ૧૭૫, ૧૯૨, ૨૦૦, ૨૨૦, ૨૨૫, ૨૩૮, ૨૪૩, ૨૫૧, ૨૫૯, ૨૬૭
રોય, ડૉ. બિધાનચંદ્ર ૯૫, ૧૧૯, ૨૮૬
રોલેટ ઍક્ટ ૨૭

લક્ષ્મી ૩૧
લક્ષ્મીદાસ ૧૭૮
લગ્ન –નો સાચો અર્થ ૨૬૪–૬૬; ૦વૃદ્ધનું ૫૨, ૫૩, ૧૩૫–૩૬
લજપતરાય જુઓ લાલાજી
લાઇફ ઑફ લેટર્સ ૧૫૪
લાલજી, શેઠ ૨૦૬
લાલાજી ૧૧, ૪૪, ૨૦૬, ૨૦૭, ૨૮૨, ૩૦૯, ૪૩૭
લિબર્ટી ૨, ૩
લીઓનિડેસ ૨૬
લીડર ૧૪
લીલાબહેન ૩૬૪
લીવર ભાઈઓ ૨૮૭–૮
લૅન્સબરી ૧૫૦
લેસ્ટર, મ્યુરિયલ ૮૯, ૧૬૧, ૨૨૫
લૉટરી ૦અને ધર્માદા સંસ્થાઓ ૩૩૦–૧

વકીલો ૦અને ડૉક્ટરો દ્વારા લેવાતી ફી ૮૨
વઝે, એસ. એ. ૨૦૪

Gandhi Heritage Portal

વરદાચારી, એન. એસ. ૧૩ પા. ટી., ૪૯૦
વર્ણાશ્રમ ધર્મ ૨૦૦; ૦અને સત્યાગ્રહ આશ્રમ ૩૯૬; ૦વ્યવસાયના પાયા ૫૨ ૪૧૪–૫
વર્ણો ૧૩૦
વર્લ્ડ ફેડરેશન ઑફ યુથ ફૉર પીસ ૧૨૬ પા. ટી.
વર્લ્ડ્ઝ યુથ પીસ મૂવમેન્ટ ૩૧
વલ્લભાચાર્ય ૩૮૩ પા. ટી.
વંદે માતરમ્ ૮૫
વાયુ-પુત્ર હનુમાન ૧૮૧
વાયોલેટ ૩૩, ૧૧૦
વાલિ -નો રામાયણમાં વધ ૧૬૨
વાલ્મીકિ ૧૬૨–૩
વિજયરાઘવાચારિયર, સી. ૨૮૨, ૪૨૧
વિથ ગાંધીજી ઇન સિલોન ૩૮૮ પા. ટી.
વિદેશી વસ્ત્રો જુઓ બહિષ્કાર
વિદ્યાર્થી પરિષદ ૦સિલોન ૨૩૮
વિદ્યાર્થીઓ ૦અને કાંતણ ૩૫૪; ૦અને ધર્મનું જ્ઞાન ૪૧૫; ૦અને રાષ્ટ્રીય ચળવળો; –ની માનસિક અને શારીરિક દુર્બળતાનાં કારણો ૪૫૦
વિનોબા ૪૦૨, ૪૦૩
વિલ્સન, એચ. એચ. ૨૪૦
વિલ્સન, સર. લેસ્લી ૩૭૧, ૪૩૬
વિશ્વાસ, સુરેન્દ્રનાથ ૪૧૭
વિષ્ણુ ૭૪, ૩૮૪
વિંધ્યેશ્વરીપ્રસાદ ૩૩૬, ૩૮૭
વીરુમલ બેગરાજ ૨૯૧
વેઈન ૨૧૦, ૨૫૩
વેદાલંકાર, ધર્મવીર ૩૨૦
વેદો ૫૦, ૮૬, ૪૧૫
વેન, એચ. એન. ૧૪૭
વેરિજિન, પીટર પી. ૨૪૫ પા. ટી.
વેલૉક, વિલફ્રેડ ૫૫
વેલ્ટજુગેન્ડલીગા ૧૨૬ પા. ટી.
વેસ્ટ, દેવી ૩૯, ૪૪૧
વેંકટપૈય્યા ૧૮
વોરા, ચિમનલાલ ૩૬૫
વૉરિયર, એમ. આર. માધવ ૨૧૬
વ્યાવસાયિક શિક્ષણ ૦અને બૌદ્ધિક શિક્ષણ ૪૧૫–૬

**શ**રીર ૦માટે બ્રહ્મચર્ય જરૂરી ૪૪૯–૫૦; –માં રામ અને રાવણનું સ્થાન ૪૪૯
શર્મન, શ્રીમતી ૧૨૭
શર્મા, અભયદેવ ૪૦૮
શર્મા, હરિહર ૪૪૩
શંકર ૧૧૧
શંકરન્ ૨૦૮, ૨૪૭, ૩૦૯, ૪૨૯
શંકરનાથ, લાલા ૩૨૦
શંકરભાઈ ૪૦૮, ૪૨૫
શંકરરાવ ૩૭૭
શાન્તિદેવી ૨૭૩
શારદાબહેન ૩૨૭
શાસ્ત્રી, વી. એસ. શ્રીનિવાસ ૧૬, ૬૨, ૧૮૬, ૨૩૫, ૨૫૮, ૨૬૮–૭૦, ૨૭૨, ૨૮૬ પા. ટી., ૩૩૨, ૩૪૮, ૩૬૧, ૩૭૦; –નું દક્ષિણ આફ્રિકામાં કાર્ય ૫૫, ૫૯
શાસ્ત્રો ૦અને બુદ્ધિ ૮૫, જુઓ વેદો
શાહ, ચિમનલાલ નરસિંહદાસ ૪૦૨
શાહ, ફૂલચંદ કે. ૬૭, ૨૨૯, ૩૧૮
શાંતિવાદીઓ ૦અને યુદ્ધ ૮૪
શાંતિસંઘ, જેરુસલેમ ૨૩૮ પા. ટી.
શિક્ષકો ૦અને પ્રાથમિક શિક્ષણ ૩૧૪–૫; ૦એ પુસ્તકોના ઉપયોગ વિના શીખવવું જોઈએ ૧૯૫; –નું શિક્ષણમાં કર્તવ્ય ૩૭૯–૮૦
શિવલાલભાઈ ૨૫૫
શિવાનંદ ૩૧૮
શીખો ૪૬, ૧૩૯
શેતાન ૨૬
શેલેક, ઍલિસ ૧૨૨, ૨૦૪
શૉ, બર્નાર્ડ ૭૨
શ્યામબાબુ ૪૫૯
શ્લેશિન, મિસ સૉન્જા ૪૬૧
શ્રદ્ધાનંદ સ્વામી ૧૩, ૨૧૩, ૨૫૨
શ્રાદ્ધ ૦અને જ્ઞાતિભોજન ૫૩, ૫૪
શ્રાવકો ૩૧૨
શ્રીનાથસિંહજી ૨૫૬
શ્રી નિવાસન્ કે. ૪૪૧

**સ**ત્ય ૬, ૭, ૯, ૨૫, ૬૨, ૭૧, ૭૮, ૧૩૨, ૧૬૬, ૧૫૬, ૨૬૧, ૨૯૫, ૩૯૦, ૩૯૬, ૩૯૮, ૪૧૧, ૪૩૨, ૪૫૩; ૦અને અસત્ય ૩૭; ૦અને આત્મ-બલિદાન ૪૩૬; ૦અને ઈશ્વર ૨૭૯; ૦અને ઢોંગ ૩૮૪; ૦અને નીડરતા ૩૬૬; ૦અને યુદ્ધ ૮૩; –ની પ્રાપ્તીમાં દેહરૂપી દીવાલનો અંતરાય ૧૬૪
સત્યવાદી શાળા ૪૩૭
સત્યાગ્રહ ૨૩, ૧૨૯, ૧૪૫, ૧૯૫, ૨૧૮, ૩૨૦; ૦અને આત્મશુદ્ધિ ૩૮૩; ૦અને સ્વમાન ૩૬; ૦એ

Gandhi Heritage Portal

માન્ય અને કાનૂની શસ્ત્ર ૪૧૩, ૪૩૬; ૦કષ્ટ-સહનનું અમોઘ (ગાંડીવ) શસ્ત્ર ૪૩૬; –ની વ્યાપકતા ૫૩; ૦નોકરશાહીના ઉદ્ધત વર્તન સામે ૨૭૮; ૦પશુબળ સામે ૩૧૩; ૦બારડોલીમાં જુઓ બારડોલી સત્યાગ્રહ; ૦બારમા સામે ૫૩–૪
સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી ૦એ ગાંધીજીનું સર્વોત્તમ સર્જન ૧, ૨૫૧; –ના સભ્યપદની યોગ્યતા ૪૦૩–૩; –નાં ધ્યેયો ૨૨૨; –ની સ્થાપનાનું કારણ ૨૮૭; –માં ખાદી અંગેની ઉદ્યોગશાળા ૩૯૯, ૪૦૧; –માં દૈનિક કાર્યક્રમ ૪૦૪; –માં પ્રાર્થના ૩૦૨–૩
सत्याग्रह इन साउथ आफ्रिका ૨૭૦, ૪૪૩
સત્યાગ્રહીઓ ૭૮, ૧૫૦, ૪૨૩; ૦અને બહિષ્કારનું શસ્ત્ર ૫૬૩; –નું દમન ૧૬૯, ૪૨૯, ૪૩૩; ૦પ્રત્યે જનતાનું કર્તવ્ય ૩૫૨; ૦બારડોલીના ૩૫૮
સત્યાનંદ ૧૭૭
સદાનંદ ૩૯૮, ૪૫૪
સદાશિવમ્ ૧૭૫
સનાઢ્ય તોતારામ ૨૭૨
સનાતની હિંદુ ૩૦
સન્ડરલૅન્ડ, ડૉ. જે. ટી. ૪૧૬ પા. ટી.
સફાઈ –નો પાયો આધ્યાત્મિક પ્રયત્ન ૪૪૨
સમાચારપત્રો ૦વડે કરાતી લૂંટ ૪૧૧
સમાજસેવકો –ની યોગ્યતા ૩૨૭
સમાજસેવા ૦અને રાજકારણ ૯૭–૮
સરકાર, નીલરતન ૧૦૮
સર્વપક્ષ પરિષદ, બનારસ ૮ પા. ટી., ૫૬ પા. ટી., ૬૫ પા. ટી., ૭૫; ૦અને અલગ મતદાર મંડળો ૭૫
સહિષ્ણુતા ૩૯૬, ૪૫૪
સંતતિ નિયમન ૨૬૫, ૨૬૬; ૦કૃત્રિમ રીતે એ અનૈતિક કૃત્ય ૨૬૬
સાઇમન (સર) જૉન ૫૭, ૭૧, ૩૭૪
સાઇમન કમિશન ૩૩, ૪૩, ૫૬, ૯૦, ૯૬, ૧૫૦ પા. ટી., ૩૭૪, ૩૮૮; –નો બહિષ્કાર ૮, ૧૪, ૧૫, ૧૯
સાદાઈ –નો આદર્શ ૧૩૭
સારાભાઈ, અનસૂયાબહેન ૧૪૨ પા. ટી., ૨૮૮–૯; –ના દ્વારા સેવાકાર્ય ૨૩૧–૨
સારાભાઈ, અંબાલાલ ૧૨ પા. ટી., ૧૭૬, ૨૦૬, ૨૧૩, ૨૫૨
સાવરકર, વિનાયકરાવ ૬૨ પા. ટી.
सिद्धान्त रहस्य ૩૮૩
સિંગ, એમ. એમ. ૧૯૪
સિંહા, લૉર્ડ ૧૫; –ના વિશે મૃત્યુનોંધ ૮૭, ૯૭, ૯૮
સીતા ૩૭
સીતા ૦રામાયણની ૨૬૨
સુબૈયા ૪૨૨, ૪૨૭
સુબ્રહ્મણ્યમ્, કે. એસ. ૪૨૭
સુમતિ ૩૧૬
સુમંત ૩૬૨, ૪૪૬
સુરેન્દ્રનાથ ૨૯૬, ૪૦૨, ૪૧૦, ૪૧૫, ૪૨૫
સૂરજભાનુ ૬૪, ૯૩
સૂર્યદેવ ૨૧૫
સેન, ભુપેન્દ્રનારાયણ ૯૪
સેનગુપ્તા જે. એમ. ૩૩૬, ૩૭૫
सेन्ट्रल क्रिश्चियन एड्वोकेट ૨૯૩ પા. ટી.
सेल्फ रिस्ट्रेन्ट व. सेल्फ इन्डल्जन्स ૨૪૬
सेवन मन्थ्स विथ महात्मा गांधी ૪૪૩
સૉન્ડર્સ, એ. જે. ૮૦
સોરાબજી રુસ્તમજી ૨૫૩
સ્કડર, મિસ ઈડા. એસ. ૯૩
સ્ટાર ડબલ્યુ. બી. ૮૨
સ્ટાર્ટ, લૉરા ઈ. ૩૦૧
સ્ટેટ્સમૅન ૩૮૭, ૪૫૭
સ્ટૅન્ડેનૅથ ફ્રાન્સિસ્કા ૧૯૪, ૨૭૫, ૪૨૪ પા. ટી.
સ્ટૅન્ડેનૅથ ફ્રેડરિક ૧૯૪, ૨૭૫, ૪૨૪ પા. ટી.
સ્ટૉપ્સ, ડૉ મેરી ૨૦૩
स्टोरी ऑफ बारडोली ૩૪૭ પા.ટી.
સ્ત્રીઓ ૦અને ખાદી ૧૯૧
સ્મટ્સ ગાંધી કરાર જુઓ ગાંધી સ્મટ્સ કરાર
સ્માર્ટ ૪૫૬
સ્મિથ, વિન્સેન્ટ ૩૯૧
સ્મૃતિ ૦અને વર્ણાશ્રમધર્મ ૩૯૬
સ્લેડ, મેડલીન જુઓ મીરાંબહેન
સ્વતંત્રતા જુઓ સ્વરાજ
સ્વદેશી ૧૫૧–૩, ૩૯૫, ૪૧૨, ૪૮૯, ૪૫૩
સ્વદેશી લીગ ૧૯૨, ૨૦૬
સ્વદેશી સંઘ ૧૯૨
સ્વમાન ૦અને સત્યાગ્રહ ૩૬
સ્વરાજ ૬, ૩૪–૫, ૪૩–૬, ૬૯, ૧૦૦, ૧૦૭, ૧૫૩, ૧૭૦–૧, ૧૮૧, ૨૯૮, ૩૨૫, ૩૩૪, ૩૮૮, ૩૯૦, ૩૯૮, ૪૧૩; ૦અને અસ્પૃશ્યતા ૨૯૪; ૦અને બારડોલીની ચળવળ ૩૫; ૦અને

Gandhi Heritage Portal

12567

શિસ્તબદ્ધ અને શાંતિપૂર્ણ પ્રતિકાર ૮૯; ૦અને હિંદુમુસ્લિમ એકતા ૧૩૯; ૦તરફ ગતિમાં સામાજિક દૂષણોનો અવરોધ ૪૬૨; –ને માટે માનસિક પરિવર્તન જરૂરી ૪૬; –નો અર્થ ૧૨૪
સ્વરાજ આંદોલન ૦અને ગૂજરાત વિદ્યાપીઠ ૬
સ્વરાજવાદીઓ ૩૫
સ્વરાજ્ય ૪૩
સ્વાવલંબન ૦અને આયાત ૧૨૪–૫
સ્વાવલંબન પાઠશાળા ૩૫૪
સ્વેન્સકા ફિરકાન્સ ૩૭૪
સ્વૈચ્છિક કષ્ટસહન ૩૧૭
સ્વૈચ્છિક દારિદ્રય –નો અર્થ ૨૭૭–૮

હકીમજી જુઓ અજમલખાન, હકીમ
હનુમાન –ની પૂજા ૧૮૧–૨
હન્ટર, વિલિયમ વિલ્સન ૩૯૪
હબીબુલ્લાહ, સર મહંમદ ૫૫, ૨૬૯, ૩૩૨
હરચંદરાય વિશનદાસ ૪૩
હરિહર ૩૫૮
હરેન્દ્રનાથ, રાય ૧૬૮
હરોળીકર ૪૩–૪૪
હંટર કમિટી ૧૫૦, ૧૬૯
હાથકાંતણ જુઓ કાંતણ ૦અને હાથવણાટ ૧૩ પા.ટી; ૧૨૭
હાથસાળ વિરુદ્ધ રેંટિયો ૪૫
હાર્કર, મિસિસ ૨૪
હાર્ડિંગ, લૉર્ડ ૪૧૩, ૪૩૬
હાવર્ડ, જૅન ૯૬
હિગિનબૉટમ, સૅમ ૧૪૯
હિગિનબૉટમ, મિસિસ સૅમ ૨૧૦
હિન્દુ ૪૨૧
હિબ્બર્ટ ૩૩૯ પા. ટી.
હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસ ૧૯, ૨૧, ૪૨, ૪૬, ૪૯, ૭૫, ૨૧૮ પા. ટી., ૨૪૨, ૨૫૮, ૩૩૧, ૪૩૯; ૦અને અખિલ હિંદ ચરખા સંઘ ૭; ૦અને ખાદી વિશે ઠરાવ ૨૯૯, ૩૦૦; –ની અખિલ હિંદ સમિતિ ૮; –ની કારોબારી ૯૮, ૨૯૮; –નું ૧૯૧૫નું અધિવેશન ૯૮
હિંદી–હિન્દુસ્તાની –નું શિક્ષણ ગૂજરાત વિદ્યાપીઠમાં ૨૯૮
હિંદુઓ ૩૪–૫, ૪૧ પા. ટી., ૪૩, ૪૬, ૯૯, ૧૩૦, ૧૩૯, ૧૪૨, ૧૫૧–૨, ૧૫૪, ૧૭૦, ૧૮૩, ૨૩૦, ૩૧૯, ૩૯૮; ૦અને અલગ મતદાર મંડળો અંગે કૉંગ્રેસનો ઠરાવ ૭૪; ૦અને અસ્પૃશ્યો ૩૦, ૨૩૨
હિંદુ ધર્મ ૯૯, ૩૮૪, ૩૯૬, ૩૯૮, ૪૧૧; ૦અને અવતાર ૧૬૩; ૦અને અસ્પૃશ્યતા ૩૦, ૨૩૧–૨
હિંદુ મહાસભા ૧૮૪
હિંદુમુસ્લિમ ઐક્ય ૧૭, ૩૪, ૩૫, ૭૫, ૨૩૭, ૩૪૪, ૩૭૫; ૦અને સ્વરાજ ૧૩૯, ૨૯૨
હિંદુમુસ્લિમ ભેદ ૭૧, ૩૮૬
હિંસા ૦કાયરતાની તુલનામાં ચડિયાતી ૭૦–૭૨
હુસેન, ડૉ. ઝાકીર ૧૦૨, ૧૧૯, ૧૨૦, ૩૨૭
હુંગ–ચિંગ–કુ ૧૬–૭
હેઈઝ રોલૅન્ડ ૮૧
હૅમિલ્ટન, સર. ડૅનિયલ એમ. ૯૦, ૨૩૭, ૩૭૬
હૉજ, રેવરંડ ૯૦
હૉમ્સ, જૉન હેન્સ ૯૬, ૨૪૪, ૨૪૮
હૉરેશ્યસ ૨૬

ગાંધી સ્મારક સંગ્રહ
સંગ્રહાલય
અમદાવાદ–૧૩.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

22 AUG 1975

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.

Gandhi Heritage Portal

૧૯૨૮ના એપ્રિલની ૨૩મીએ થયેલું મગનલાલ ગાંધીનું અવસાન ગાંધીજીને માટે એક ભારે અંગત ખોટ હતી. તેમ છતાં ઈશ્વર પરની તેમની શ્રદ્ધાએ તેમને આ દુ:ખ પાર કરવામાં મદદ કરી અને તેમને “વધારે મહાન સેવા માટે, વધારે મહાન સમર્પણ માટે” પ્રોત્સાહન આપ્યું. તેથી તેમણે પોતાનું સમગ્ર ધ્યાન આશ્રમને નવું સ્વરૂપ આપવા પર, અને “તેના આદર્શો સાથે તેને વધારે સુસંગત કરવા” પર કેન્દ્રિત કર્યું.

ગાંધીજીની યુરોપની શકય મુલાકાત, જે છેવટે ફળીભૂત થઈ નહીં, તેને વિશે પુસ્તકમાં અવારનવાર ઉલ્લેખો આવે છે. આ મુલાકાતનો મુખ્ય હેતુ શાંતિના ધ્યેયને ખાતર રોમાં રોલાં અને યુરોપના બીજા કાર્યકરોને મળવાનો હતો.

એક લેખમાળા દ્વારા ગાંધીજીએ આજની શિક્ષણપ્રથાની પોકળતા ખુલ્લી પાડી અને ગ્રામજીવન પર આધારિત ગ્રામલક્ષી કેળવણી બાબતના પોતાના વિચારો રજૂ કર્યા.

Gandhi Heritage Portal

27 AUG 1975

રૂ. ૧૬/૫૦

Gandhi Heritage Portal